जैन साईट JAINSITE .com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.

Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

પુસ્તક ૬-૭-૮

जैन साईट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

सद्गत न्यायाम्भोनिधि जैनाचार्य श्री श्री १००८ श्री मुद्विजयानन्द सुरि ( आत्मारामजी ) महाराजके प्रशिष्य रत्न श्री १००८ मुनि बल्लभ विजयजी महाराज।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી સિદ્ધર્ષિગણિ વિરચિતા

# ઉપમિતિ ભવપ્રપંચા કથા

## અવતરણ.

વિભાગ ત્રીજો,          પ્રસ્તાવ ૬-૭-૮.


અનુવાદક અને યોજક,

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,

બી, એ; એલ્ એલ્, બી.

સોલિસિટર અને નોટેરિ પબ્લિક.

હાઇકોર્ટ, મુંબઇ.



JAINSITE.com

जैनसाईट

જૈનમ્ જયતિ શાસનમ્

આ શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

તા. ક.



પ્રસિદ્ધકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,

ભાવનગર.

---

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦.

---

વીરાત્ ૨૪૫૨.     વિક્રમ ૧૯૮૨.     ઈ. સ. ૧૯૨૬.



www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

भो भव्याः! इदं संसारिजीवचरितमनुभवागमसिद्धमवबुध्यध्वं, अवबोधानुरूपं चाचरत, विरहयत कषायान्, स्थगयताश्रवद्वाराणि, निराकुरुतेन्द्रियगणं, दलयत सकलं मनोमलजालं, पोषयत सद्भूतगुणगणं, मुञ्चत भवप्रपञ्चं, यात तूर्णं शिवालयं येन यूयमपि सुमतयो भव्यपुरुषा भवथ। अथ नास्ति भवतां तादृशी लघुकर्मता ततो यथा सुललिता भूयो भूयः प्रचोदिता सप्रणयं मुहुर्मुहुर्निर्भर्त्सिता बहुविधमुपालब्धा पुनः पुनः स्मारिता सती गुरुकर्मिकापि प्रतिबुद्धा तथा बुध्यध्वं; केवलं तथा प्रतिबोध्यमाना अगृहितसंकेता भविष्यथ यूयं गततालुशोषका गुरूणाम् तथापि गुरुभिः प्रतिबोधनीया एव युष्माभिरपि प्रतिबोद्धव्यमेव। यथा स्वदुश्चरितपश्चात्तापेन सद्भूतगुणपक्षपातसारो निखिलकर्ममलविलयकारी सदागमबहुमानस्तस्याः सुललितायाः प्रतिबोधकारणं संपन्नः तथा भवद्भिरपि तथैव स विधेयो येन संपद्यते भवतामपि विशिष्टस्तत्त्वाववोधः

श्रीसिद्धर्षिगणि.

અષ્ટમ પ્રસ્તાવ. (જુઓ અવતરણ પૃ. ૨૦૭૭).

જૈન સાઈટ JAINSITE.com જૈનશાસનમ્

આ ગ્રંથ શ્રી મુંબઈમાં નં. ૨૬-૨૮ કોલભાટ લેન નિર્ણયસાગર પ્રેસમાં રામચંદ્ર યેશૂ શેડગેએ મુદ્રિત કર્યો અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભા (ભાવનગર)ના પ્રમુખ શેઠ કુંવરજી આણંદજીએ પ્રસિદ્ધ કર્યો.

## અનેક ગુણગણાલંકૃત શ્રીમન્મુનિમહારાજ આચાર્યવર વિજય વલ્લભસૂરીશ્વરજીની પવિત્ર સેવામાં

પૂજ્યપાદ આચાર્ય વિજયાનંદ સૂરીશ્વર મહારાજ અપર નામ શ્રીઆત્મારામજી મહારાજની પાટને દીપાવનાર, પંજાબ જેવા દૂરના પ્રદેશમાં સદ્ગત આચાર્યશ્રીએ પ્રગટાવેલી ધર્મજ્યોતિને સવિશેષ પ્રકાશિત કરનાર, દેશ કાળના અવિચળ સિદ્ધાન્તને લક્ષ્યમાં રાખી સ્થાને સ્થાને શ્રાવક ક્ષેત્રનો ઉદ્યોત કરવાના પ્રબળ નિમિત્તભૂત ઉચ્ચ આદર્શવાળી સંસ્થાઓને સ્થાપવાનો ઉપદેશ કરનાર આપશ્રીનો શાસનનો પ્રભાવ કરવાનો સ્વભાવ સુપ્રસિદ્ધ છે. આપની શુદ્ધ ઉપદેશ ધારા, શાંત વૃત્તિ, કલહથી દૂર રહેવાની શાસક વૃત્તિ, અસ્ખલિત ચારિત્રપ્રેમ, બાળકાળથી બ્રહ્મચર્ય આદિ અનેક ગુણો પંચેંદિય સંવરણોના પાઠની યાદ કરાવે છે. આપના અનેક પુસ્તકો સાહિત્યરસિક અને કવિ તરીકે આપને યોગ્ય સ્થાન આપે છે અને પ્રબળ પુરૂષાર્થ, દૃઢ ભાવના અને અનવરત વિચારશ્રેણી શાં પરિણામો નીપજાવે છે તેનાં જ્વલંત દૃષ્ટાંતો પૂરાં પાડે છે. આપશ્રીના સંસ્મરણીય પવિત્ર નામ સાથે આ અદ્વિતીય ગ્રંથના છેલ્લા વિભાગનું મારૂં સાદું ભાષા અવતરણ જોડી મારી જાતને કૃતકૃત્ય માનું છું. હૃદયથી અપાયેલ આ અર્પણ આપ સ્વીકારશોજી.

સેવક,

વીલેપારલે વસંતવિહાર. દ્વિ. ચૈત્ર શુક્લ પંચમી, ૧૯૮૨.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**
ની વંદણા.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આનંદઘન.

આશાવરી.

આશા ઓરનકી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે. આશા.

ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસીઆ, ઉતરે ન કબહુ ખુમારી. આશા.૧

આશા દાસીકે જે જાએ, તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આશા. ૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઇ પીએ કસ, જાગે અનુભવ લાલી. આશા. ૩

અગમ પીઆલા પીઓ મતવાલા, ચીન્હે અધ્યાતમ વાસા;
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા. આશા. ૪

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના.

કવિત્વ દૃષ્ટિએ બીજા ભાગનું ( ખાસ કરીને ચોથા પ્રસ્તાવનું ) સ્થાન મુખ્ય છે પણ આખા ગ્રંથનું રહસ્ય તો આ ત્રીજા અને છેલ્લા વિભાગમાં જ પ્રાપ્ત થાય છે, તેથી આ વિભાગનું મૂલ્ય સર્વથી વિશેષ જ રહેશે. આ વિભાગમાં અનેક ભેદ ભ્રમ ખૂલી જાય છે, ગ્રંથનું રહસ્ય સમજાય છે, ગ્રંથનો ઉદ્દેશ સમજાય છે અને ગ્રંથકર્તાની વિશાળતા દૃષ્ટિગોચર થાય છે. આ વિભાગ પુખ્ત ભાષામાં, પ્રખર પદ્ધતિએ અને સાત્ત્વિક દૃષ્ટિએ લખાયો છે. એમાં ગ્રંથકર્ત્તાની વિશિષ્ટતા છેવટે દૃષ્ટિગોચર થશે અને જે ઘુંચવણ આખો ગ્રંથ વાંચતાં થઈ હશે તે આખરે એકદમ દૂર થશે, સંસારનું ચિત્રપટ ખડું થશે, એના પ્રપંચો દૃષ્ટિગોચર—માનસગોચર થશે અને એની ભૂલભૂલામણીમાં પોતાનું સ્થાન શું છે તે વિચારવાથી શોધવાના માર્ગો મળશે અને અસાધારણ બુદ્ધિવૈભવવાળાને એનાં ગલીઓ અને રાજ્યમાર્ગો, એના ખાડા અને ટેકરા, એના સીધા માર્ગો અને આડા અવળા માર્ગો દેખાશે અને પોતાનો માર્ગ કયો હતો, ક્યાં જવું છે અને કયે માર્ગે પોતે ચાલે છે તેનું સહજ ભાન થશે. આ તૃતીય વિભાગ આખા ગ્રંથનો મુગટમણિ છે અને શિરોધાર્ય હોઈ વંદનને યોગ્ય છે અને આઠમા પ્રસ્તાવના બીજા અને ત્રીજા વિભાગો વાંચતાં અનેક વખત પોતાના હૃદયપર હાથ મૂકાવે તેવો છે, આશ્ચર્યમાં ગરકાવ કરે તેવો છે, મગજને નચાવે તેવો છે અને સહૃદયને વિચારમાં નાખે તેવો છે.

છઠ્ઠા પ્રસ્તાવમાં મૈથુન અને લોભ નામના મનોવિકારોની મુખ્યતા છે. લોભ સર્વ ગુણોનો નાશ કરનાર અતિ અધમ મનોવિકાર છે એ આપણે સંસારીજીવ જે અહીં **ધનશેખર**ના નામથી ઓળખાય છે તેના ચરિત્રપરથી જોઇએ છીએ. બકુલશેઠે એને જયપુરમાં દીકરી આપી અને વ્યાપારમાં કરોડો મેળવ્યા પણ એને તૃપ્તિ ન થઈ. હરિકુમારે એને પોતાનો ગણ્યો પણ ધન અને સ્ત્રીના મોહથી એણે એને દરિયામાં નાખ્યો પણ પુણ્યના પરિબળથી હરિકુમાર રાજ્યારૂઢ થયો. ધનનો મોહ કેવો છે અને એની પાછળ વલખાં મારનારના કેવા હાલ થાય છે અને તે કેટલું દૂર થતું જાય છે તે બહુ વિચારવા યોગ્ય છે. ઉત્તમસૂરિ આ પ્રસ્તાવમાં ષટ્પુરુષનું ચરિત્ર કહે છે. એ છ એ ચરિત્રો બહુ મનન કરવા યોગ્ય છે. નિકૃષ્ટ, અધમ, વિમધ્યમ, મધ્યમ, ઉત્તમ અને વરિષ્ઠની યોજના બહુ યોગ્ય રીતે કરવામાં આવી છે.

જૈન સાઈટ JAINSITE.com જનમ જયતિ શાસનમ્

વાંચનાર પોતાનો વર્ગ શોધી શકે એવી સુંદર ઘટના અત્રે છે. એવી રીતના છ પુરૂષોની વ્યાખ્યા શ્રી ઉમાસ્વાતિવાચકેંદ્રે કરી છે તેનો સાર તથા શ્રી ક્ષેમંકર ગણિએ ષડ્પુરૂષ ચરિત્ર લખ્યું છે તેનો સાર નોટમાં વિસ્તારથી આપ્યો છે તે પણ મનન કરવા યોગ્ય છે. એ છ એ પુરૂષોને રાજ્ય મળે છે ત્યારે મહામોહના દરબારમાં અને ચારિત્રરાજની સભામાં જે વિચારણા થાય છે તે ખાસ વિચારવા યોગ્ય છે અને છેવટે પ્રકરણ ૧૬ માં એ પ્રત્યેક રાજ્યપર હરિકુમાર અને ઉત્તમસૂરિ વચ્ચે જે પર્યાલોચના થાય છે તે પણ સમજવા યોગ્ય છે. વિદ્યાચાતુર્યને અંગે હરિકુમારનો વિનોદ (પ્રક. ૩) બહુ આનંદ આપે તેવો અને વિદ્વાનને શોભે તેવો છે.

ઉપરાંત આયુર્વેદનો વિષય છઠ્ઠા પ્રસ્તાવના ચોથા પ્રકરણમાં આપ્યો છે તે આખા વૈદકશાસ્ત્રના રહસ્ય-સાર જેવો છે. પાંચમામાં નિમિત્તશાસ્ત્રને અંગે આઠ આયો નાખવાની વાત છે તે અષ્ટાંગ નિમિત્તનો એક ભાગ છે અને એ વિભાગનું રહસ્ય સૂચવનાર છે. આ પ્રસ્તાવમાં ચક્ષુરિંદ્રિયની વાત બહુ ટુંકામાં પતાવી છે. સ્પર્શન અને રસનાને અંગે ત્રીજા અને ચોથા પ્રસ્તાવનો મોટો ભાગ રોકયો છે ત્યારે અહીં આ વાત અધમ રાજ્યને અંગે બારમા પ્રકરણમાં સંક્ષેપમાં બતાવી છે તેનો હેતુ એ છે કે હવે વાંચનાર ઇંદ્રિયકાર્ય અને તેના પ્રેરક કારણોને ઓળખી ગયો છે અને તેથી તે સંબંધી પિષ્ટપોષણ કરવું અયુક્ત ગણાય. છઠ્ઠા પ્રસ્તાવનો મુખ્ય સંદેશ ષડ્પુરૂષ ચરિત્ર અને તેમાં પણ ઉત્તમ અને વરિષ્ઠ રાજ્ય પ્રસંગ છે એમ મારૂં માનવું છે. બીજે દરજ્જે ધનશેખરની ધનની ઇચ્છા અને મૈથુનલાલસા એટલી જ ધ્યાન ખેંચે તેવી છે. * * *

સાતમા પ્રસ્તાવમાં સંસારીજીવ રાજપુત્ર **ઘનવાહન** થાય છે. ચારે કષાય-ક્રોધ, માન, માયા અને લોભની વાત તો અગાઉના પ્રસ્તાવોમાં પૂરી થઈ ગઈ છે એટલે મહાપરિગ્રહની સાથે મહામોહ જોડાણ કરી તે કેવો ભવપ્રપંચ કરે છે તે અહીં બતાવ્યું છે. પરિગ્રહગ્રહ કેવો આકરો છે તેનો આ પ્રસ્તાવમાં ખરો ખ્યાલ થાય છે; પણ અહીંથી ચરિત્રની દિશા બદલાય છે. અકલંકના સહવાસથી ઘનવાહન-સંસારીજીવ કાંઈક માર્ગસન્મુખ થાય છે, સદાગમનો પરિચય કરે છે, તેને ઓળખે છે અને જો કે હજુ મહામોહની અસર તળે છે તો પણ કાંઈક ચીકાશ ઓછી કરે છે. આવી રીતે સહજ સમજણવાળી સ્થિતિ પ્રાપ્ત થયા છતાં અને ભવપ્રપંચનો ખ્યાલ કાંઈક આવવા છતાં સમજુને પણ મહાપરિગ્રહ કેટલો રખડાવે છે, કેવો ફસાવે છે, કેમ સપાટામાં લે છે તે અહીં બહુ વિચારવા યોગ્ય છે. રસ્તે આવી આવીને વળી પાછા કેવી રીતે પરિગ્રહની જાળમાં અવાય છે, મહાત્મા સાધુઓને છેતરવા કેવા ગોટા વાળવા પડે છે એ સર્વ અત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારવા યોગ્ય છે અને એટલા કારણથી રખડપાટાનું એક આખું પ્રકરણ (પ્રક. ૧૬) અહીં આપવામાં આવ્યું છે. સમજુની જવાબદારી કેટલી વધારે છે તેનો અહીં સ્પષ્ટ ખ્યાલ આવે તેવું છે અને નિરર્થક ધમાલ કરી ધનના એકઠા કરેલા ઢગલાઓની આખરે શી સ્થિતિ થાય છે અને તે જ ધન તેના એકઠા કરનારને કેવી કફોડી સ્થિતિમાં મૂકે છે તે બહુ વિચારવા યોગ્ય છે.

સાતમા પ્રસ્તાવમાં ૭ મુનિઓના વૈરાગ્યપ્રસંગોની વાતો કરી અને દરેક પ્રસંગનો ઉપનય બતાવ્યો છે એ આ પ્રસ્તાવનો મુખ્ય સંદેશ છે. એ ૭ એ પ્રસંગ બહુ મનન કરવા યોગ્ય છે, ચિત્તને ડોલાવે તેવી રીતે લખાયલા છે અને સમજણપૂર્વક વિચારે તેને સમસ્ત જીવનકલહનો મુંઝવણ ભરેલો લાગતો પ્રશ્ન કાંઇક નીકાલની સન્મુખ લાવે તેવા આકારમાં રજુ થયેલા છે. ખાસ કરીને એના ઉપનયો વાંચતાં બહુ બોધ આનંદ અને શાંતિ થાય તેવી એની સુંદર ઘટના છે. વિદ્યા કન્યા પરણવાની ક્યારે યોગ્યતા થાય, નિરીહતા કોણ અને કેવી છે તે સામાન્ય રીતે સુંદર પ્રસંગો છે. નિમિત્તશાસ્ત્રના આઠ અંગો પૈકી અહીં જ્યોતિષશાસ્ત્રનો વિષય પ્રથમ પ્રકરણમાં આપી તે બાબતમાં રસ લેનારને આનંદ કરાવ્યો છે. એમાં ચાર વ્યાપારી કથાનક આખા પ્રસ્તાવમાં મુખને સ્થાને છે અને વાનરબચ્ચાની અદ્ભુત ઘટના મુગટમણિનું સ્થાન ભોગવે છે. એ વાનરબચ્ચાને ઓળખી કાઢવું અને તેને ગોખમાંથી બહાર નીકળી ઝાડોપર દોડાદોડ કરવા ન દેવું અને એને ઉંદર બિલાડા વીંછી આદિ ઉપદ્રવ કરનારાઓના સપાટામાંથી બચાવવું એ આ જીવનનો મહાન્ પ્રશ્ન છે અને એના સાચા નિકાલમાં જીવનનું સાફલ્ય છે. એ આઠમું પ્રકરણ બહુ મનન કરી સમજાશે તો નવમા પ્રકરણમાં બેવડા ચક્કરની વાતો છે તે ખ્યાલમાં આવશે અને ત્યારે જ એવી રીતે સંભાળથી જાળવેલા વાનરબચ્ચાને ગાઢ આનંદમાં ગરકાવ કરી શુકલાને સંયોગે એને છોડી દઈ શૈલેશી માર્ગે ચઢવામાં આનંદ આવશે. પાળીપોષીને ઉછેરેલા અને સાચવેલા બચ્ચાને છોડી દેતા જરા પણ ક્ષોભ ન થાય એ સ્થિતિ અનુભવમાં આવે ત્યારે ખરી, પણ માનસ દૃષ્ટિએ વેદવા યોગ્ય છે. એ આખા પ્રગતિ માર્ગના દાદરનું ચિત્ર પૃ. ૧૭૩૭ માં આપ્યું છે તે જરા બહુ સારી રીતે વિચારી જવું અને તેને વારંવાર મનન કરી સમજવું.

શ્રવણેંદ્રિય-શ્રુતિની વાત આ પ્રસ્તાવમાં છઠ્ઠાની પેઠે ટુંકામાં પ્રકરણ ૧૨ મામાં પતાવી છે તેનું કારણ ઉપર જણાવ્યું છે તે જ સમજવું. અહીં મહામોહના પ્રત્યેક સેનાનીઓને બોલાવી તેની અસર સંસારીજીવપર કરાવે છે અને તે માટે પંદરમું પ્રકરણ રોક્યું છે. સદાગમની ઓળખાણ થયા પછી પણ મહાપરિગ્રહ બીજા સૈનિકોની મદદથી કેવા હાલહવાલ કરી શકે છે તે અત્ર વિચારવા લાયક વાત પ્રાપ્ત થાય છે. દેવગતિમાં જન્મનું સારૂં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણન કર્યું છે (પૃ. ૧૮૩૧-૩૨). આ પ્રસ્તાવની આખરે **સમ્યગ્દર્શન** સેનાપતિ સાથે સંસારીજીવને ઓળખાણ થાય છે અને ઘણા રખડપાટા પછી એ પ્રગતિને માર્ગે ચઢે છે. પ્રગતિને માર્ગે આવ્યા પછી પણ એના પર મહામોહનાં આક્રમણો થયાં જ કરે છે છતાં એના માર્ગની સરળતા થતી જાય છે તેમ અત્ર જણાય છે. * * * *

આઠમો પ્રસ્તાવ ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે. પ્રથમ વિભાગમાં સંસારીજીવ ગુણધારણ નામે પ્રસિદ્ધ થાય છે. એનો મિત્ર કુલંધર બહુ વિચક્ષણ જ્ઞાની અને તત્ત્વજિજ્ઞાસુ છે. વિદ્યાધરકન્યા **મદનમંજરી** સાથેનો લગ્નપ્રસંગ બહુ ચિત્તાકર્ષક છે. એની ભવ્ય કલ્પના બહુ રસોત્પાદક છે. આકાશમાં વિદ્યાધરો અને કનકોદરની વીરહાક અને પછી અદ્ભુત નગરપ્રવેશના પ્રસંગો બહુ સુંદર રીતે ચીતરાયા છે અને એક વાર વાંચ્યા પછી વીસરી નહિ શકાય તેવા છે. આ **મદનમંજરી** પૂર્વપરિચિત પાત્ર છે તે ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. એની ઘટના આગળ થશે. લગ્નની રાત્રે કુલંધરને સ્વપ્ન આવે છે કે ગુણધારણનું સર્વ ઈષ્ટ કાર્ય કરનાર પાંચ પુરૂષો છે. આ સ્વપ્નનો અંદરનો ભાવાર્થ સમજવા સર્વને જિજ્ઞાસા થાય છે ત્યાં કંદમુનિ નામના સાધુ આવી પહોંચે છે. ગુણધારણ તેની પાસે જાય છે ત્યાં ચારિત્રરાજ મંત્રી સાથે સલાહ કરીને ગૃહીધર્મને તેની પાસે મોકલે છે અને સદાગમ સમ્યગ્દર્શનનો પરિચય વધારવા સાથે આ નવા આવનાર ગૃહીધર્મ સાથે ગુણધારણ મૈત્રી કરે છે. નિર્મળાચાર્ય કેવળી સ્વપ્નનો વિચાર સમજાવી કાર્યસાધક કારણોપર જે વિસ્તારથી વિવેચન અત્ર કરે છે (પ્રક. ૬) તે બહુ મનન કરવા યોગ્ય છે. આઠમા પ્રસ્તાવના પ્રથમ વિભાગનો મુખ્ય સંદેશ અત્ર રજુ થાય છે. એમાં કર્મ કાળ સ્વભાવ અને ભવિતવ્યતા તથા ખાસ કરીને પુણ્યોદયનું કાર્ય શું છે, પાપોદય અને પુણ્યોદય કેવી રીતે આવે જાય છે અને જીવને પોતાને જોયા કરવાનું છે કે એના શક્તિ-વીર્ય (પુરૂષાર્થ)ને કાંઈ અવકાશ છે એ વાત બહુ યુક્તિથી ન્યાયની કોટિઓ લગાવીને ઘટાવી છે અને સુસ્થિત મહારાજની અવિચળ આજ્ઞાઓ (પૃ. ૧૯૧૪) બતાવીને અને ચોક્કસ નિયમોનું સામ્રાજ્ય બતાવીને આખા સૃષ્ટિકર્તૃત્વના પ્રશ્નનો આડકતરી રીતે સચ્ચોટ ભાષામાં નીકાલ કર્યો છે. આખા ગ્રંથનો સંદેશ આ સૂત્ર સમજવામાં છે. ચિત્તવૃત્તિને નિર્મળ રાખવી, મોહરાયની સેનાને દુશ્મન ગણવી અને ચારિત્રરાજની સેનાને ભાઈ જેવી ગણવી એ આખા ગ્રંથનો સંદેશ છે. ટુંકામાં કહીએ તો 'સ્વપરનું વિવેચન અને પરિણતિની નિર્મળતા' એ સમસ્ત જૈન ગ્રંથોનું રહસ્ય છે, એ અવિચળ સૂત્ર ત્રિકાળઅબાધિત છે અને એને સમજી વ્યવહારમાં મૂકવામાં આખા જીવનની ફતેહનો આધાર છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ અત્ર સુંદર રીતે બતાવવામાં આવ્યું છે. નિર્વૃતિના ઇચ્છકે દશ કન્યા પરણવી જોઇએ; એ દશેનો પરિચય નિર્મળસૂરિ કરાવે છે. પછી એક રાત્રે બહુ સુંદર વખતે વિદ્યા કન્યા સાથે લગ્ન થાય છે. તે પ્રસંગે ચિત્તવૃત્તિ અટવીને નાકે ચારિત્રરાજ અને મોહરાજના સૈન્યને ભયંકર લડાઈ થાય છે અને આખરે મોહરાય પાછો હઠે છે. ભાવનાના આશ્ચર્યકારક વીર્યની પ્રતીતિ કરનારે આ પ્રસંગ પછી નવ કન્યા સાથે ગુણધારણના લગ્ન થાય છે. પછી તો મંડપ ભાંગી જાય છે અને ગુણધારણ અનેક કન્યાઓ પરણે છે. છેવટે એ દીક્ષા લે છે અને વારાફરતી દેવગતિમાં જઈ ઉત્તરોત્તર આગળ વધતો જાય છે.

ઉપરના પ્રસંગમાં લગ્ન વખતે માતૃકાગૃહસ્થાપન, વેદી અને સિંહાસનની સંમાર્જના બહુ સુંદર રીતે થાય છે અને દ્રવ્ય લિંગ કેટલું કાર્ય બજાવે છે એનો ખ્યાલ કરવા યોગ્ય હકીકતો અત્ર આવે છે.

આટલો પ્રગત થયેલ આત્મા સિંહાચાર્ય બની બહુ અભ્યાસ કરે છે ત્યાં એને જ્ઞાનનું અજીર્ણ થાય છે. લોકોએ એને મલકાવ્યો અને એ માન ગજેંદ્રપર ચઢ્યો એટલે મોહરાજાએ પોતાનો મંડપ ઊભો કરી દીધો. શૈલરાજ, જ્ઞાનસંવરણ અને મિથ્યાદર્શનની એકી સાથે ચઢાઈ થઈ અને ભણેલ વિદ્વાન ભૂલ્યો, અભિમાને ચઢ્યો અને ભણેલું ભૂલી પ્રમત્તતા નદીમાં ડૂબકી ખાવા લાગ્યો. આ વિભાગ બહુ વિચારવા યોગ્ય છે, જ્ઞાનીને પણ થથરાવી નાખે તેવો છે અને અંતરના પડદા ઉઘાડા કરે તેવો છે. પછી તો એ સંસારના પ્રવાહમાં તણાયો, ખૂબ રખડ્યો અને ઊંચે નીચે જઈ પારાવાર ઉદધિમાં રઝળ્યો.

આવી રીતે આઠમા પ્રસ્તાવનો પ્રથમ વિભાગ પૂરો થાય છે. બીજા પ્રસ્તાવમાં ચોરે સદાગમ સમક્ષ જે કથા માંડી હતી અને જે અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળા સાંભળતા હતા અને ભવ્યપુરૂષ જેમાં રસ લઈ રહ્યો હતો તે પૂરી થઈ. આઠમા પ્રસ્તાવના અગીઆરમાં પ્રકરણને છેડે આ રીતે કથા પૂરી થાય છે અને હવે જે બીજો વિભાગ શરૂ થાય છે તેમાં અત્યાર સુધી થયેલ ઘુંચવણોનો નીકાલ થાય છે. ત્યાં માલૂમ પડે છે કે કથા કહેનાર સંસારીજીવ તે અનુસુંદર ચક્રવર્તી છે, સદાગમ તે સમંતભદ્ર નામનો રાજપુત્ર છે અને તેની બહેન મહાભદ્રા સાધ્વી તે પ્રજ્ઞાવિશાળા છે. મદનમંજરીનો જીવ રાજપુત્રી સુલલિતા હતી અને ભોળી હોવાથી તેનું નામ અગૃહીતસંકેતા રાખ્યું હતું. વળી ભવ્યપુરૂષ સુમતિ પણ રાજપુત્ર હતો અને મહાભદ્રા પાસે અભ્યાસ કરતો હતો. એ સમંતભદ્ર તે સદાગમ અને પુંડરીક તે ભવ્ય પુરૂષ-સુમતિ હતો. આ આખા મેળાપનો આનંદ અને ઇતિહાસ અપૂર્વ છે અને અત્યાર સુધીની બધી ઘુંચનો અત્ર નીકાલ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતો જાણી આનંદ થાય છે. ચક્રવર્તી અનુસુંદર ચોરનો આકાર શા હેતુથી ધારણ કરે છે તે પણ અહીં સ્પષ્ટ થાય છે. અહીં અંતરંગ ચોરીનું અદ્ભુત વર્ણન આવે છે અને પ્રત્યેક જીવને એ ચોરીમાં પોતાનું કયું સ્થાન છે તે વિચારવા યોગ્ય પ્રસંગ પૂરો પાડે છે. દોડાદોડ કરનાર ક્યાં દોડે છે તે અત્ર જરૂર વિચારવા યોગ્ય છે. આવી રીતે બીજા વિભાગમાં સર્વ વાતનો મેળ મળે છે.

આ પ્રમાણે મુખ્ય પાત્રોને એકઠા કરીને આઠમા પ્રસ્તાવના ત્રીજા વિભાગમાં પ્રત્યેકની પ્રગતિ બતાવે છે. એમાં સંસારમોહમાં આસક્ત હોવા છતાં અનુસુંદર ચક્રવર્તી જ્યારે પ્રગતિ કરે છે ત્યારે તેનું ઉત્થાન કેટલું મજબૂત થાય છે તે ખાસ જોવા જેવું છે. કર્મમાં શૂરા હોય તે ધર્મમાં શૂરવીર કેવી રીતે થઈ શકે છે તેનો આ દાખલો બહુ મજાનું ચિત્ર રજુ કરે છે. રસ્તા ઉપર આવ્યા પછી આવા જીવો સુસાધ્ય વિભાગમાં આવે છે. એની સાથે સુલલિતાનો મહાભારત પ્રયાસ વિચારતાં કષ્ટસાધ્ય જીવોની દશા બહુ ધ્યાન ખેંચે છે. પ્રથમ તો એને કેમે કરીને બોધ થઈ શકતો નથી, એને પોતાને ખેદ થાય છતાં પણ એ જલ્દી વાત સમજી શકતી નથી, ત્યારે બાજુમાં બેસી માત્ર વાત સાંભળનાર ભવ્યપુરૂષ-રાજકુમાર પુંડરીક ત્યાગમાર્ગે આવી જાય છે. સુલલિતાને વારંવાર બોધ આપવો પડે છે, એની આત્મ વિડંબનાઓનું એને સ્મરણ આપવું પડે છે, એની પાસે કથામાં આવેલાં દૃષ્ટાન્તો ફરીવાર રજુ કરવાં પડે છે અને છતાં એ જાગૃત થઈ શકતી નથી; જ્યારે ભવ્યપુરૂષને માર્ગે ચઢતો એ જુએ છે ત્યારે વળી એને ખેદ થાય છે અને આખરે જાતિસ્મરણ થાય છે ત્યારે જ એના પડદા ખૂલે છે. ત્યાગ પછી પણ એને મહા તપ કરવાં પડે છે અને બહુ પ્રયાસે એનો સંસારથી નિસ્તાર થાય છે. આ આખો વિભાગ જીવોની કર્મની વિચિત્રતા અને પ્રગતિમાર્ગની ભિન્નતા બતાવવાનું કાર્ય બહુ અંશે પૂરૂં પાડે છે. એમાં શોક કોના મરણને અંગે કરવો ઘટે એની ચર્ચા બહુ સુંદર રીતે કરવામાં આવી છે.

આ પ્રસ્તાવમાં એક બહુ સુંદર વાર્તા ગ્રંથકર્ત્તાએ કહી નાખી છે. આખા આગમનો સાર એમણે ધ્યાન યોગમાં સુંદર રીતે ઘટાવ્યો છે અને જૈનમતની વ્યાપકતા સિદ્ધ કરવામાં એમણે અસાધારણ બુદ્ધિવૈભવ બતાવ્યો છે. વૈદ્ય કથાનક, સંહિતાઓ અને શાળાઓના દૃષ્ટાંતનો પ્રસંગ સાધી એમણે જૈનમતની વિશાળતા બતાવવામાં બહુ વિશાળ દૃષ્ટિ વાપરી છે. એમની રચનાત્મક પદ્ધતિ ખાસ અનુકરણીય છે. એમણે અન્ય શાળાઓને સુવૈદ્યના અંશો તરીકે બતાવી છે પણ એમની નિંદા કરી નથી. પ્રાચીન તત્ત્વવેત્તાઓ અને ખાસ કરીને શ્રીહરિભદ્રસૂરિના વિશાળ જ્ઞાનના અનુભવીઓ અન્યને નરમ પાડ્યા વગર પોતાની વિશાળતા અને મુખ્યતા કેવી સચોટ રીતે કરી શકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને પ્રતિપાદક શૈલીનો કેવો શુદ્ધ ઉપયોગ કરે છે તે નવીન લેખકોએ વિચારવા અને અનુકરણ કરવા યોગ્ય છે. સામામાં જે સત્યાંશ હોય તેનો સ્વીકાર કરવામાં સંકોચ ન કરે તે પોતાની હકીકત સુંદર રીતે રજુ કરી સરળ રીતે મુદ્દો રજુ કરી શકે છે અને તે દ્વારા પોતાનું અગ્રસ્થાન સ્થાપન કરે છે એ વાત વીસરાઈ જવાથી ઘણી વખત ગેરસમજુતીઓ ઊભી થઈ છે અને કેટલીકવાર તો એવું પણ જોવામાં આવે છે કે એવા પ્રકારની ભાષા-સૌષ્ઠવતાના અભાવે સાચો કેસ માર્યો જાય છે. કડવી ભાષાથી ધર્મ તરફ અન્યને વાળી શકાતા નથી એ ઉપદેશકનું કાર્ય કરનારનો સાદો અનુભવ છે. સહાનુભુતિથી પ્રેમથી દલીલથી વિવેકથી ગૌરવપૂર્વક અન્યને નરમ પાડ્યા વગર જે વાત પ્રતિપાદન કરવામાં આવે તે સામાને ગળે ઉતરી જાય છે એ દરરોજના અનુભવનો વિષય છે. આ બાબતપર ઉપોદ્‌ઘાતમાં વધારે વિવેચન થશે. દેવ ધર્મ અને મોક્ષની એકવાક્યતા આ ઉપયોગી વિભાગમાં બહુ સુંદર રીતે બતાવી છે અને છેવટે સર્વ મુખ્ય પાત્રોનો મોક્ષ અને નાના પાત્રોની પ્રગતિ બતાવી છે.

આઠમા પ્રસ્તાવના ચોથા વિભાગમાં ટુંકાણમાં ગ્રંથરહસ્ય આપ્યું છે અને છેવટે પ્રશસ્તિ લખી ગ્રંથનો સંવત આદિ બતાવ્યા છે. આ પ્રશસ્તિપર ઘણી વિચારણા કરવાની છે તે ઉપોદ્‌ઘાતમાં થશે. * * *

આઠમો પ્રસ્તાવ વાંચતાં બહુ આનંદ થાય છે. એમાં જ્યારે બીજો વિભાગ શરૂ થાય છે અને આપણા પૂર્વપરિચિત પાત્રો અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળાને બરાબર ઓળખીએ છીએ ત્યારે એની સાથેની લગભગ ગ્રંથની શરૂઆતથી થયેલ ઓળખાણને લઇને બહુ રસ પડે છે અને ખાસ કરીને ચોર-કથનકાર એક ચક્રવર્તી છે એમ જણાય છે ત્યારે સવિસ્મય આનંદલહરી આવે છે. આ પુસ્તકમાં ષડ્‌પુરૂષ ચરિત્ર અને છ સાધુઓનાં દીક્ષાનાં પ્રસંગો બહુજ આકર્ષક છે અને એનો ઉપનય વાંચતાં હૃદયમાં એક પ્રકારની શાંતિ થાય છે, અનેક ઘુંચોનો ઉકેલ થતો દેખાય છે અને સંસારનું ચિત્ર એના ખરા સ્વરૂપમાં રજુ થાય છે. આઠમા પ્રસ્તાવમાં ગ્રંથકર્ત્તાએ હદ કરી નાખી છે અને ખાસ કરીને જૈન ધર્મની વિશાળતા બતાવતાં એમણે જે દલીલોનો ઉપયોગ કર્યો છે તે આ સહિષ્ણુતાના સમયમાં ખાસ આહ્લાદ કરાવે તેવો છે અને જૈન લેખકો આટલી વિશાળતા બતાવી શકતા હતા એ વાતનો ખ્યાલ આપે તેમ છે. આ સંબંધમાં ઉપોદ્‌ઘાતમાં ઘણું કહેવાનું થશે તેથી અત્ર માત્ર વિહંગમદૃષ્ટિ નાખી આ વાતની વિચારણા મુલતવી રાખીએ તો પ્રાસંગિક ગણાશે.

ઉપોદ્‌ઘાત પ્રથમ પ્રસ્તાવ સાથે હોય તો વધારે યોગ્ય ગણાય તેથી હવે પછી ગ્રંથની નવીન શૈલીએ યોજના થશે ત્યારે આગામી આવૃત્તિમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવો સુધારો થશે, છતાં જુની આવૃત્તિઓ ખરીદનારને અન્યાય ન થાય તેવી યોજના કરવામાં આવશે. ઉપોદ્‌ઘાત આ ત્રીજા ભાગમાં વિસ્તારથી લખવાનું કારણ મારી સગવડને લઇને જ થયું છે. એ ઉલ્લેખ લખવા માટેનાં સાધનો એકઠાં કરવામાં, તેનું પ્રથક્કરણ કરવામાં અને તેને યોજવામાં જે સમય અને ફુરસદ જોઇએ તે મળતાં તે લખી શકયોછું પણ એની અસલ યોજના પ્રથમ વિભાગ સાથે હતી. વળી પુસ્તકનું કદ દરેક વિભાગનું વધી ગયું છે. મારી અસલ યોજના પ્રમાણે ડીમી આઠ પેજી ગ્રંથમાં પાંચસો પાના લગભગ હોય તે કદ વધારે અનુકૂળ પડે છે તેને બદલે લગભગ દરેક વિભાગમાં ૮૦૦ પૃષ્ટ થયા છે, પણ પ્રસ્તાવ પૂરો કરવો જ જોઇએ એટલે આ સિવાય બીજી યોજના બેઠી નથી. હવે પછી નવીન આવૃત્તિઓ થશે તેમાં આઠે પ્રસ્તાવને આઠ પુસ્તકમાં વહેંચી નાખવાની સગવડ પણ થશે અને ચાલુ પદ્ધતિએ ત્રણ વિભાગમાં પણ રહેશે એવી યોજના કરવા પ્રકાશકને હું વિજ્ઞપ્તિ કરીશ.

આ વિભાગમાં પ્રકરણ, શિર્ષક, બાજુની નોટો, નીચેની નોટો અને પેરીગ્રાફોની યોજના મારી પોતાની છે. એમાં સુધારો સૂચવાશે તો આગળ ઉપર તે પર વિચાર થઈ શકશે. મેં કેટલેક પ્રસંગે પરસ્પર વાતચીતના આકાર (dialogue form)માં ઘણી છૂટ લીધી છે. અવતરણ પણ ઘણી છૂટ લઈને કર્યું છે પણ મૂળ ગ્રંથને જરા પણ ક્ષતિ ન આવે એની બની શકતી સાવધાની રાખી છે, છતાં તેમાં ધૃષ્ટતા કે સ્ખલના થઈ હોય તો ક્ષમા યાચું છું. આખા સંસ્કૃત સાહિત્યમાં આ ગ્રંથને ઘણું ઉત્તમ સ્થાન છે તે જળવાઈ રહે, તેનું અદ્વિતીય પદ કાયમ રહે તે માટે બનતી સંભાળ રાખી છે છતાં તેમાં પણ વધારે પડતી છૂટ લીધી હોય તો તે મારો દોષ છે અને તે માટે ક્ષમા યાચના કરૂં છું.

આ ગ્રંથની વિશિષ્ટતા અચુક પણે સ્વીકારાઈ છે તેથી મને ઘણો આનંદ થયો છે. એના સંબંધમાં મારાપર જે પત્રો આવ્યાં છે તેથી એની ઉપયોગિતાનો સાદર સ્વીકાર થતો જોઈ મને ઘણી પ્રેરણાઓ થઈ છે. બાકી તો જે ગ્રંથના કર્ત્તા પોતાના ગ્રંથને લાકડાની પેટીમાં મૂકવા યોગ્ય ગણે (પ્ર. ૧. પૃ. ૨૧૪) અને પોતાની રચનાને સુવર્ણ કે રત્ન પાત્રને યોગ્ય ન ગણે ત્યાં સાદી ભાષામાં અવતરણ કરનાર તો પોતાના અલ્પ પ્રયાસ માટે શું કહી શકે તે સમજુ વાચનારે વિચારી લેવું. એમાં મુદ્દાની વાત એ છે કે ઉત્તમ ભોજન પીરસનાર પોતે ભુખ્યો હોય છતાં તે સુંદર ભોજન મીજબાનને પીરસી તેની ભુખને જરૂર શાંત કરે છે. માત્ર ભોજ્ય પદાર્થ દોષ રહિત હોવો જોઇએ અને વાચ્ય ભાવ યોગ્ય આકારમાં રજુ થવો જોઈએ—આ દૃષ્ટાંત શ્રી સિદ્ધર્ષિગણિએ સદર પૃષ્ટપર મૂકયું છે તે તેમને લાગુ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડતું હોય કે નહિ તે તો હું કહી શકું નહિ, લેખ પરથી તેમના હૃદયને ઓળખી શકાતું હોય તો હું તો એને વિવેકના પણ હૃદયથી બોલાયલા ઉચ્ચગ્રાહશાળી લઘુતાના શબ્દો જ ગણું, પણ મારે માટે તો એ વાત આબાદ લાગુ પડે છે. મને આ પુસ્તક લખતાં આહ્લાદ ઘણો થયો છે, બાકી ન્હાને મ્હોઢે મોટી વાતો કરી હોય તો તે મોટી વાત કરનાર ગ્રંથકર્ત્તા છે એ ચોક્કસ છે અને ભાષાદોષ, પ્રતિપાદન શૈલીની સચોટતાનો અભાવ અને વસ્તુનિર્દેશમાં ખામી હોય તો તેની જવાબદારી મારી છે અને તે સ્વીકારતાં સાથે એટલું પણ જણાવી દઉં છું કે ભાષા અવતરણમાં કેટલીક અગવડો તો અનિવાર્ય છે તે અનુભવથી સમજાય તેવું છે. આ પ્રસંગપર ઉપોદ્ઘાતમાં પણ કાંઈક કહેવાનું છે. અહીં તો મારી મંદતા કે ધૃષ્ટતા માટે ક્ષમાયાચનાનો પ્રસંગ છે અને તેને હાથ ધરતાં મુક્તકંઠે ગ્રંથકર્ત્તાની પ્રશંસા કરૂં છું અને મારી સ્ખલના માટે અંતરંગથી ક્ષમા ચાહું છું.

મારી સ્ખલનાઓ મારા ધ્યાનપર લાવવામાં આવે તો તેનો તુરત ઉપયોગ કરવા હું તૈયાર રહુંછું. એક ગ્રંથ છપાઈ બહાર પડે તેની સાથે જ બીજી આવૃત્તિ માટે કોપી તૈયાર રાખું છું એટલે ગ્રંથના વખાણ કરવાને બદલે કોઈ સૂચના કરશે તો તેથી મને વધારે આહ્લાદ થશે. એવા પત્રોનો જવાબ હું આપું છું અને મારી થયેલી સ્ખલના સુધારવા ઉદ્યુક્ત રહું છું. વાચક વર્ગ આ વિજ્ઞપ્તિ પર સવિશેષ ધ્યાન આપશે તો મારા ઉપર અને વાચક વર્ગ ઉપર ઉપકાર થશે. હું પ્રશંસાનાં પત્રો કરતાં સૂચના અને સ્ખલનાનિર્દેશનાં પત્રોની કિમત વધારે ગણું છું. ગ્રંથમાં જ્યાં જ્યાં સુંદર ભાવ વિચારપ્રૌઢતા કે વસ્તુનિર્દેશમાં પ્રભાવ જણાય ત્યાં તેનું સર્વ માન શ્રીસિદ્ધર્ષિ ગણિને ઘટે છે એ વાત કદિ લક્ષ્ય બહાર જવા દેવી નહિ એટલી મારી વિજ્ઞપ્તિ છે. ભાષાંતર–અવતરણમાં મેં ઘણી છૂટો લીધી છે તેનો નિર્દેશ પણ ઉપોદ્ઘાતમાં થવાનો છે અને તે ઉપોદ્ઘાત આ ગ્રંથ સાથે જ છે એટલે અહીં તે સંબંધી વિશેષ વિવેચન કરવાનું નથી.

આ ત્રણે પ્રસ્તાવની મૂળ પ્રેસ કોપી મારા કાકાશ્રી કુંવરજી આણંદજીએ પ્રથમ જોઈ ભાષાદોષ અને શૈલીદોષ તપાસી લીધા. ત્યાર પછી આચાર્ય વિજય મેઘસૂરિજીએ મૂળ ગ્રંથ સામે રાખી આખું પુસ્તક જોઈ આપ્યું તેથી તેઓનો આભાર માનુંછું. સુધારવા માટે કેટલીક વાર લેખકના કરતાં પણ વધારે શક્તિની જરૂર પડે છે. નકામા સુધારા થાય તો પ્રેસ કોપી બગડી જાય છે અને આવશ્યક સુધારા રહી જાય તો પ્રયાસ વ્યર્થ જાય છે. મારા સદર બન્ને પરીક્ષકો સદર હકીકતથી વાકેફ હતા અને તેઓના સુધારાઓ તેથી અપવાદ વગર મને માન્ય થઈ પડ્યા છે અને કેટલીક શૈલી અને સંપ્રદાયની વાતો તો તેમના વગર જરૂર સ્ખલનભયજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેત તેથી તેઓનો મારા ઉપર સીધો અને વાચક વર્ગ ઉપર આડકતરો ઉપકાર થયેલ છે તે આ પ્રસંગે વ્યક્ત કરવાની મારી ફરજ સમજું છું.

આ મહાન્ પુસ્તકને જાહેર પ્રજાના હાથમાં મૂકવાનું કાર્ય દશ વર્ષે પૂરૂં થાય છે અને નામ માત્રથી હૃદયમાં ઉમળકા લાવે તેવા પાત્રો સાથેનો મારો લેખક તરીકેનો સંબંધ પૂરો થાય છે તેથી આનંદ અને ગ્લાનિ બન્ને થાય છે. આનંદ કાર્ય પૂરૂં થતાં થાય તે સમજાય તેવો અને સ્વાભાવિક છે. ગ્લાનિ એવા સુંદર પાત્રોના વિચાર અને વર્તનનો પરિચય છોડતાં કેવી રીતે થાય તે સમજાવવું મુશ્કેલ છે. એક સામાયક કાળમાં આ 'પુસ્તકનો કોઈ ભાગ લખતો કે વાંચતો કે પ્રુફ સુધારતો કે પ્રેસ કોપી છેવટની જોઈ જતો ત્યાર પછી કેટલાક વખત સુધી એક જાતનો જે નિર્ભર અવર્ણનીય આત્મસંતોષ અને અંતર આનંદ રહેતો હતો તેનું ચિત્રઆલેખન મુશ્કેલ છે. સહૃદય વાચક તેનો કોઈ કોઈ વાર અનુભવ કરી શકશે. એ પાત્રોને છોડતાં ખેદ થાય તેવું છે. અંતરવૃત્તિ એનો ચિરપરિચય રહે એવી વર્તે છે. નિમિત્તકારણ મજબૂત છે એ શંકા વગરની વાત છે. મારા એ આનંદના ભોક્તા અનેક જનો થાઓ એ અંતર અભિલાષા છે.

બાકી અનેક વાતો ઉપોદ્ઘાતમાં કરી નાખીશ. થયેલ સ્ખલનાઓ માટે અંતરથી ક્ષમા યાચી, મળી આવતી સ્ખલનાઓ મને જણાવવાની પ્રાર્થના સાથે આ અતિ અદ્ભુત સંકીર્ણ મહા કથા જેને પ્રભાવક ચરિત્રકાર "ઉત્તમાંગ વિધૂનનીમ્"નું વિશેષણ આપે છે એટલે જે મસ્તકને ડોલાવે તેવી છે તે જાહેર પ્રજાને આપતાં બહુ આનંદ થાય છે.

વસંતવિહાર. વીલેપારલે.
સંવત ૧૯૮૨ ફાલ્ગુન વદ ૧૩. } **મો. ગિ. કાપડીયા.**

## પ્રકાશક તરફથી.

ત્રીજા વિભાગની માગણી ઘણી થવાથી ઉપોદ્ઘાત સિવાય આ વિભાગ બહાર પાડ્યો છે, કારણ કે લેખકને હાલમાં આંગ્લભૂમિમાં જવાનું થવાથી ઉપોદ્ઘાત સંપૂર્ણ તૈયાર થતાં વખત લાગે તેમ છે. આ વિભાગના ગ્રાહકોનું લીસ્ટ રાખવામાં આવશે. તેમને પુસ્તક બંધામણીના ૦-૬-૦ આપવાથી ઉપોદ્ઘાતનું જૂદું પુસ્તક મળી શકશે એવો પ્રબંધ કર્યો છે.

ભાવનગર, સં. ૧૯૮૨
અક્ષય તૃતિયા. } **શ્રી જૈ. ધ. પ્ર. સભા.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## તૃતીય વિભાગ.

### કથાસાર.

### પ્રસ્તાવ ૬ ઠ્ઠો.

( મૈથુન. લોભ. ચક્ષુ. )

**પ્રકરણ ૧ લું. ધનશેખર-સાગર મૈત્રી:** આનંદપુર નામના નગરમાં કેસરિરાજા અને જયસુંદરી રાણી હતા. એ રાજાને પ્રિય હરિશેખર નામનો વણિક્વ્યાપારી મહાદાનશીળ હતો. તેને બંધુમતી નામની પતિભક્ત સ્ત્રી હતી. વામદેવ (સંસારીજીવ) ગોળી પ્રભાવે તે સ્થાને જન્મ્યો. તેની સાથે સાગર નામના મિત્રનો પણ જન્મ થયો. જન્મનો ઉત્સવ સારો થયો. તેનું ધનશેખર નામ પાડવામાં આવ્યું. સાગર સાથે એને દોસ્તી જામી, તેના પ્રતાપે તે ધનને જ સર્વ વાતનો સાર માનવા લાગ્યો અને પિતાની રજા મેળવી એક પાઈ પણ લીધા વગર ધનની શોધમાં ચાલી નીકળ્યો. પૃષ્ઠ. ૧૪૬૫-૧૪૭૩.

**પ્રકરણ ૨ જું. ધનની શોધમાં:** ફરતો ફરતો ધનશેખર (સંસારીજીવ) જયપુરનગરે આવી પહોંચ્યો. બહારના ઉદ્યાનમાં ધનના વિચાર કરતો હતો ત્યાં એક કેશુડાના વૃક્ષને જોયું. ધાતુવાદ યાદ કરી ગયો. નિર્ણય કરી ખોદતાં તેને હજાર સોનામહોર મળી. જયપુરમાં ગયો. બકુલ શેઠ મળ્યા. ઘરે લઇ ગયા. ભોગિની શેઠાણી પણ રાજી થયા. પોતાની કમલિની નામની દીકરી પરણાવી અને ઘરે રહેવા કહ્યું પણ લોભી ધનશેખરે સ્વતંત્ર વ્યાપાર આદર્યો, ઘર જૂદું માંડયું અને ગમે તેવા અધમ પાપના વ્યાપાર કરી માત્ર ધનાર્જનમાં મશગુલ રહી આખરે કરોડ સોનૈયા મેળવ્યા. હવે તેને કરોડ રત્નો મેળવવા ઇચ્છા થઇ અને તે માટે તો તેને રત્નદ્વીપેજ જવું રહ્યું. શેઠ અને ધનના રસીઆ વચ્ચે અહીં સુંદર સંવાદ થાય છે. આખરે સસરાની રજા મેળવી રત્નદ્વીપે સથવારા સાથે ધનશેખર એકલો ગયો. બીજા સાથેના વ્યાપારીઓ તો પાછા આવ્યા પણ સાગરનો મિત્ર થઇ પડેલો ધનશેખર તો રત્નદ્વીપે જ રહ્યો અને રત્ન ખરીદવાનો વ્યાપાર આદરી બેઠો.

પૃષ્ઠ. ૧૪૭૩-૧૪૮૬.

**પ્રકરણ ૩ જું. હરિકુમાર વિનોદ:** રત્નદ્વીપમાં ધનશેખર વ્યવસાય કર્યે જતો હતો. એક દિવસ એક ડોસી તેની પાસે આવી અને કહેવા લાગી—"આ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નંદપુરમાં કેસરિરાજાને જયસુંદરી અને કમળસુંદરી નામે બે રાણી હતી. રાજાને ભય હતો કે છોકરો થશે તો રાજ પડાવી લેશે તેથી જન્મતાં જ છોકરાઓને તે મારી નાખતો. કમળસુંદરીને આ વાતની ખબર પડી ગઇ હતી. ફરી ગર્ભ રહેતાં તે દાસી વસુમતીને સાથે લઇ ત્યાંથી નાસી, જંગલમાં એણે પુત્રને જન્મ આપ્યો. સુકોમળ નાજુક રાણી પીડા સહન ન કરી શકી અને એણે પ્રાણ છોડ્યાં. વસુમતી દાસીએ છોકરાને લીધો, સથવારો મળતાં તેને લઇ અહીં રત્નદ્વીપે આવી. અહીંનાં નીલકંઠ રાજા કમળસુંદરીના ભાઈ થતા હતા. છોકરો ઉછર્યો. તેનું નામ હરિકુમાર પાડ્યું. એ હરિકુમાર અહીં છે. હું પોતે વસુમતી દાસી છું. તમે આનંદપુરના છો તો હરિ તમને મળવા ઇચ્છે છે, તો પધારો."

ધનશેખર હરિકુમારને મળ્યો. બન્ને વચ્ચે મૈત્રી થઈ. પરદેશમાં સ્વદેશીનો મેળાપ હમેશા આહ્લાદક હોય છે. મૈત્રીમાં બન્ને સ્નેહીઓ આનંદ કરવા લાગ્યા અને પરસ્પર પ્રેમ જામવા લાગ્યો, વધવા લાગ્યો.

એક દિવસ એક તાપસીએ કુમારહરિને એક ચિત્રપટ બતાવ્યું. કુમારને તે પર મોહ થયો. પછી એને અંદર વિકાર થયો છે એટલું જોઈ તાપસી ત્યાંથી વિદાઈ થઇ ગઇ.

કુમારના મિત્રો મન્મથ, પદ્મકેસર, લલિત, વિલાસ, વિભ્રમ અને કપોલ ત્યાં આવી પહોંચ્યા. વાર્તાલાપ માંડ્યો, વિનોદ કર્યો, ગુઢચતુર્થપાદ પ્રશ્નોત્તરો વિગેરે વિદ્વત્તા ભરેલા વાર્તાલાપો ચાલ્યા, બહુ આનંદ પ્રસંગ જામ્યો પણ કુમારના મનમાં તો ચિત્રકન્યા રમી રહી હતી, તેમાં વળી પારેવાના જોડલાંને જોતાં સ્મૃતિ જાગૃત થઈ ગઇ. એને છુપાવવાના નિરર્થક પ્રયત્ન કુમારે કર્યા પણ વિચક્ષણ મિત્રો તેનું રહસ્ય સમજી ગયા. આખરે કુમાર શાંતિ મેળવવા સારૂ બાજુના ચંદન લતાગૃહમાં ગયો. પૃષ્ઠ. ૧૪૮૯–૧૫૦૭.

**પ્રકરણ ૪ થું. મન્મથ વ્યાકુળતા–આયુર્વેદઃ** મંડપમાં ગયા પછી વળી શંખનો અવાજ સાંભળતાં કુમારની વ્યથા વધી પડી. અહીં આયુર્વેદ પર મિત્રોએ ચર્ચા કરી. કુમારને વિનોદ થાય તે સારૂ તેઓએ મશ્કરી પણ કરી અને છેવટે તાપસીને શોધી બોલાવવા સારૂ ધનશેખરને મોકલવાનો નિર્ણય થયો. ધનશેખર પોતાને સોંપેલા કામે લાગી ગયો. પૃષ્ઠ. ૧૫૦૭-૧૫૧૭.

**પ્રકરણ ૫ મું. નિમિત્તશાસ્ત્ર–હરિમંજરી સંબંધઃ** ધનશેખરને રસ્તામાંજ બંધુલા તાપસી મળી. હકીકત પૂછતાં સમજાયું કે તે જ સવારે એ નગરના રાજા નીલકંઠની રાણી શિખરણી પાસે ભીક્ષા લેવા ગઇ ત્યારે આખા પરિવારને ચિંતાતુર જોયો. કારણ પૂછતાં સમજાયું કે રાજપુત્રી મયૂરમંજરી સવારથી ચિંતામાં પડી ગઇ હતી અને તેથી માતાને ઘણો ઉદ્વેગ થતો હતો. આયતું નિમિત્તશાસ્ત્ર. એ જોઇ તાપસીએ કહ્યું-પુત્રી હરિ નામના પુરૂષની ચિંતા કરે છે અને તેમાં તેને લાભ થશે. રાણીને આ વાત બરાબર લાગી કારણ કે સવારે જ હરિકુમારને બહાર જતાં પુત્રીએ જોયો હતો, પણ કુમારે તેને જોઇ નહોતી. બંધુલાને જ એ કામ પાર પાડવા રાણીએ કહ્યું. તેણે કુમારીનું ચિત્રપટ લીધું અને લઇને તે કુમાર હરિને બતાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી અને તેમ કરીને હરિકુમારમાં મંજરી માટે પ્રેમ ઉત્પન્ન કરી આવી. આટલી વાત બંધુલાએ ધનશેખરને કરી. પુરાવામાં મંજરીએ ચિત્રેલ વિદ્યાધર મિથુન અને વિરહી રાજહંસિકાના બે ભાવવાહી ચિત્રો બતાવ્યાં અને તેની નીચેના શ્લોકો વંચાવ્યા. એ ચિત્રો લઇ તાપસી અને ધનશેખર બગિચામાં ગયા. ચિત્રપટ જોયા પછી હરિકુમારને ખાતરી થઇ. કુમાર મંદિરે ગયો. નીલકંઠ રાજાએ મોટા ઉત્સવથી દીકરી મંજરીના લગ્ન હરિકુમાર સાથે કર્યાં. પૃષ્ઠ. ૧૫૧૭-૧૫૨૭.

**પ્રકરણ ૬ ઠું. મૈથુન યૌવન મૈત્રીઃ** ધનશેખરને **સાગર** સાથે મૈત્રી તો હતી જ અને તેની અસરથી તેને લાગતું હતું કે હરિકુમારની મૈત્રીથી તેને ધન મેળવવામાં અંતરાય થતો હતો. હવે તો રત્નદ્વીપનાં સર્વ રત્નો મેળવવાની તેને ઇચ્છા થઇ. તે વખતે વળી કાળપરિણતિ દેવીએ **યૌવન** અને **મૈથુન**ને મોકલ્યા. તેઓ બન્ને ધનશેખરના મિત્રો થયા. **યૌવ**નને દેહમાં સ્થાન આપ્યું અને **મૈ**થુનને સ્વાંત (મન)માં સ્થાન આપ્યું. એ બન્નેની અસર તો **ધન**૦ ઉપર થવા લાગી પણ **સાગર** લોભને પ્રેરતો એટલે તુચ્છ અધમ સ્ત્રીઓમાં **ધ**ને ગમન કરવા માંડ્યું, મર્યાદા મૂકી અને પરિણામે એવી સ્ત્રીઓના સગાસંબંધી સાથે એને ઘણી મુશીબતો થઇ. છતાં મૈથુન અને યૌવન પર એનો સ્નેહ વધતો ગયો. પૃષ્ઠ. ૧૫૨૭-૧૫૩૪.

**પ્રકરણ ૭ મું. ભરદરિયેથી રાજ્યસિંહાસનેઃ ધન**શેખર વિલાસ અને લોભમાં રક્ત રહ્યો. હરિકુમારની ખ્યાતિ વધતી ચાલી. મામા સસરાને એના ઉપર દ્વેષ થયો. રાજ્ય ઉચાપત કરી લેશે એવો ખોટો ખ્યાલ થયો. સુબુદ્ધિ મંત્રીને હરિનો ઘાટ ઘડવાની રાજાએ વાત કરી. હરિની મહાનુભાવતાના અનુભવી દમનક નામના નોકરને મોકલી કુમારને સમાચાર કહેવરાવી દેશ છોડી જવાની સલાહ આપી. વીરકુમારને બીક ન લાગી પણ વૃદ્ધ મંત્રીની સલાહ સ્વીકારી. મિત્ર ધનશેખરને સાથે આવવા કહ્યું. લોભી ધનશેખરને સ્વાર્થનો નાશ લાગ્યો પણ અંતે હા કહી. ગુપ્ત તૈયારી કરી રત્નોથી વહાણ ભરી બન્ને ચાલી નીકળ્યા. મયૂરમંજરીને સાથે લીધી. ધનશેખર હરિ સાથે વહાણમાં બેઠો. સાગર અને મૈથુનની પ્રેરણાથી ભરદરિયે ધનશેખરની દાનત બગડી. એનાં રત્નો અને સુંદરીને હાથ કરવા એણે હરિકુમારને દરિયામાં ધક્કેલી દીધો. હરિનું પુણ્ય જાગતું હતું સમુદ્રદેવ જાતે આવી એને વહાણમાં સ્થાપન કરી ગયા. આવા અતિ અધમ કૃત્યથી **ધન**નો **પુણ્યોદય** મિત્ર નાસી ગયો. સમુદ્રદેવે એને આકાશમાં ઉછાળ્યો પણ સૌજન્યશીલ હરિએ એને બચાવવા વિનતિ કરી, પણ દેવે એને ફેંક્યો. હરિકુમાર આનંદનગરે પહોંચ્યો અને મૃત પિતાના રાજ્યસિંહાસને બેઠો. હરિકુમારે ધનશેખરનાં રત્નો એના પિતાને સોંપ્યાં.

પૃષ્ઠ. ૧૫૩૫-૧૫૪૪.

**પ્રકરણ ૮ મું. ધનશેખરની નિષ્ફળતાઃ ધન**શેખર ડૂબી ન ગયો. સાત રાત દિવસ દરિયામાં હેરાન થઈ કાંઠે આવ્યો. **પુણ્યોદય** નાસી ગયો હતો એટલે જે જે પ્રવૃત્તિ કરે એમાં એને નિષ્ફળતા મળવા લાગી. એણે ખેતી, નોકરી, વ્યાપારાદિ અનેક કામો કર્યાં પણ કાંઇ ફાવ્યો નહિ અને લજ્જાથી એ બાપને ઘેર ગયો નહિ. **સાગર** મિત્રની પ્રેરણાથી નવા નવા ધંધા કરે પણ એમાં એનું કાંઇ વળ્યું નહિ. એની ભારે રખડપટ્ટી થઇ. પૃષ્ઠ. ૧૫૪૫-૧૫૫૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૯ મું. ઉત્તમસૂરિ.** આનંદ નગરના રાજા બની હરિકુમાર મયૂરમંજરી સાથે આનંદ કરતા હતા તેવામાં **ઉત્તમસૂરિ** નામના એક જ્ઞાની ગુરૂ ત્યાં પધાર્યા. રાજા વંદન કરવા ગયો. દેશના સાંભળી ધનશેખરે પોતાને દરિયામાં કેમ ફેંકયો અને તેનું શું થયું એવા સવાલ પૂછ્યા. ઉત્તમસૂરિએ કહ્યું કે એના જવાબદાર સાગર અને મૈથુન નામના ધનના બે મિત્રો છે અને તે બન્ને અત્યારે પણ ધનશેખરને રખડાવે છે. એ બંને છૂટા કેમ થાય તેનો ઉપાય પૂછતાં સૂરિએ શુભ્રચિત્તના રાજા **સદાશયની વરેણ્યતા** રાણીથી થયેલી **બ્રહ્મરતિના** લગ્ન કરવાથી મૈથુન પર વિજય થાય અને તેજ રાજાની બીજી **મુક્તતા** નામની દીકરીના લગ્નથી સાગરથી છૂટા પડાય એમ જણાવ્યું; પણ વધારામાં કહ્યું કે રાજા **કર્મપરિણામ** અને મહારાણી **કાલપરિણતિ** અનુકૂળ થાય ત્યારે એ લગ્ન બની આવે. રાજાની જિજ્ઞાસા વધી, પ્રાણી જાતે સારો હોય છતાં અન્યના દોષોથી પણ દુષ્ટ થાય એ કેમ બને? અને અંતરંગ લોકોનું પરિબળ કેવું છે? એની વાત પૂછી એટલે ઉત્તમસૂરિએ **ષડ્પુરૂષ** કથાનક કહેવા માંડયું તે પંદરમા પ્રકરણ સુધી ચાલે છે.

પૃષ્ઠ. ૧૫૫૧–૧૫૫૭.

**પ્રકરણ ૧૦ મું. ષડ્પુરૂષ કથાનક.** કર્મપરિણામ રાજા અને કાળપરિણતિ દેવી પાસે **સિદ્ધાન્ત** નામનો મહાપુરૂષ છે, તેને **અપ્રબુદ્ધ** નામે શિષ્ય છે. ગુરૂએ શિષ્યને કહ્યું કે સુખદુઃખનું કારણ રાજ્ય છે, તે રાજ્ય અંતરંગમાં છે અને અનેકરૂપી છે. એ રાજ્યનું વર્ણન કરતાં ગુરૂએ કહ્યું–એનો રાજા **સંસારીજીવ** છે, એ રાજાને કોશ લશ્કર ભૂમિ વિગેરે સર્વ છે. એનો પ્રતિનાયક ચારિત્રધર્મ છે, ચિત્તવૃત્તિ એની ભૂમિકા છે, સમ્યગ્દર્શન સેનાપતિ છે, સદ્બોધ મંત્રી છે, યતિધર્મ ગૃહિધર્મ એ પ્રતિનાયકના છોકરા છે, સંતોષ એનો તંત્રપાળ છે અને શુભાશય વિગેરે લડવૈયા છે. એ રાજ્યમાં ચોર લુંટારા પણ ઘણા છેઃ ઘાતીકર્મરૂપ ધાડ પાડનારા છે, ઇંદ્રિય નામના ચોરો છે, કષાય નામના ફાંસીઆ છે, પરીષહ નામના ઉપદ્રવો કરનારા છે, ઉપસર્ગ નામના ચોરો છે અને ચિત્તવૃત્તિનું રાજ્ય પચાવી બેઠા છે. એ ચોરોનો નાયક **મહામોહ** છે. આખું નાટક કર્મપ૦ રાજા અને કાળપ૦ દેવી જોયા કરે છે. તેઓને સંસારીજીવની શક્તિની માહિતી છે અને એના ચારિત્રબળનો પૂરો ખ્યાલ છે. મહામોહ રાજા પોતાનું પૂર સામ્રાજ્ય ચલાવે છે અને સંસારીજીવને એનું રાજ્ય પણ ભૂલાવી દે છે. વળી કોઈ વાર તેને રાજ્ય યાદ આવે ત્યારે મહામોહ સાથે લડાઇ થાય છે અને હારજીત થાય છે. રાજ્ય સુખ અને દુઃખ બન્નેનું કારણ થાય છે. સંસારીજીવને પોતાની અઢળક મિલ્કતનું ભાન નથી અને તેથી તે જોર વાપરી શકતો નથી. કર્મપરિણામને એવા અનંત પુત્રો છે અને તેથી રાજ્ય બહુરૂપી વર્તે છે. જૂદા જૂદા પુત્રો કેવી રીતે રાજ્ય કરે છે તે માટે છ પુત્રોની વાત બતાવું. એમને દરેકને એક એક વર્ષ રાજ્ય આપ્યું તે તેમણે કેવી રીતે ભોગવ્યું તેનું વર્ણન હવે કરૂં છું. એથી રાજ્યની અનેકરૂપતા પણ જણાઈ આવશે. પૃષ્ઠ. ૧૫૫૭–૧૫૬૭.

**પ્રકરણ ૧૧ મું. (૧) નિકૃષ્ટ રાજ્યઃ** પ્રથમ એક વર્ષ રાજ્ય **નિકૃષ્ટને** આપવામાં આવ્યું. **મહામોહે** પોતાની રાજસભામાં વિચાર કર્યો. મંત્રી **વિષયાભિલાષે** કહ્યું કે ચિંતા કરવા જેવું કાંઇ નથી, કારણ કે રાજા પોતાને વશ છે. એ મહાપાપી છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્માદિ પુરૂષાર્થથી દૂર છે અને દોષનો ધર છે. એના આત્માની સર્વ શક્તિઓ શૂન્ય થઈ ગઈ છે અને એને પોતાના બળનું પણ ભાન નથી. આ સલાહથી મોહરાયને ત્યાં વધામણાં થયાં અને ગામે ગામ આનંદ મહોત્સવ થયો. ચારિત્રરાજે સદ્બોધ સાથે વિચારણા કરી તો માલૂમ પડયું કે નવો રાજા તદ્દન મોહવશ છે. પરિણામે ચારિત્રરાજનાં નગરોમાં દિલગિરી ફેલાણી. પછી ચારિત્રરાજ અને મોહરાજની લડાઇ થઈ, તેમાં ચારિત્રરાજના લશ્કરનો ઘાણ નીકળી ગયો. રાજા નિકૃષ્ટ ઘણો અધમ નીવડ્યો અને પિતાએ એને વર્ષની આખરે કહ્યું કે 'દીકરા! તને રાજ્ય કરતાં આવડયું નહિ!' એ આખરે પાપીપંજરમાં ગયો, વિતર્ક નામના માણસે નિકૃષ્ટ રાજ્યનો આ પ્રમાણે રિપોર્ટ કર્યો. પૃષ્ઠ. ૧૫૬૮–૧૫૭૬.

**પ્રકરણ ૧૨ મું. (૨) અધમરાજ્ય–યોગિની દૃષ્ટિદેવી:** બીજે વર્ષે અધમને રાજ્ય એક વર્ષ માટે મળ્યું. નવો રાજા આવતાં મોહરાયની સભામાં પૂર્વવત્ વિચારણા ચાલી. મંત્રીએ જણાવ્યું કે એ નવો રાજા આ ભવના ભોગમાં આસક્ત છે, ધર્મ અને મોક્ષનો દ્વેષી છે, અર્થ કામમાં આસક્ત છે અને રાજ્યસત્તાથી અજાણ્યો છે. રાજ્યમાં તેને પ્રવેશ ન થવા દેવા પ્રયત્ન રાખવાની જરૂર જણાણી. એ કાર્ય એમણે દૃષ્ટિ દેવીને સોંપ્યું. એ દેવી વિષયાભિલાષ મંત્રીની દીકરી થતી હતી અને કામ કરવાને યોગ્ય હતી. ચારિત્રરાજની સભામાં આ નવા રાજ્યથી શોક થયો. દૃષ્ટિ દેવીએ કામ આદરી દીધું. એથી અધમ સ્ત્રીદર્શનમાં આનંદ પામવા લાગ્યો અને રાજ્યની બહાર રહ્યો. એને પોતાની સંપત્તિ શી છે તે જણાણી નહિ. છેવટે એ ચંડાળણીપર આસક્ત થયો અને અતિ તુચ્છકાર પામ્યો. પિતાએ એને કહ્યું કે 'દિકરા! તને રાજ્ય કરતાં આવડયું નહિ.'

પૃષ્ઠ. ૧૫૭૭–૧૫૮૬.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રકરણ ૧૩ મું. (૩) (૪). વિમધ્યમ–મધ્યમ રાજ્ય. (૩) વિમધ્યમ રાજ્ય.** ત્રીજે વર્ષે **વિમધ્યમને** એક વર્ષ માટે રાજ્ય મળ્યું. એ ચારિત્રરાજની અપેક્ષા રાખનારો પણ મોહરાય તરફ પક્ષપાતી નીકળ્યો. એને આ ભવની વાત પસંદ હતી, પરભવની વાત ગમતી નહિ. પૈસામાં એને મોજ આવતી, પણ વચ્ચે ધર્મ પણ ગમતો. એના રાજ્યમાં વિષયાભિલાષને સાવધાન રહેવાની જરૂર લાગી. આ વખતે પણ એણે દૃષ્ટિદેવીને આગળ કરી અને નવા રાજાને બહાર ધકેલી દીધો. પિતા કર્મપરિણામ એના રાજ્યથી જરા પ્રસન્ન થયા.

**(૪) મધ્યમ રાજ્ય.** એ મોક્ષને ખરો પુરૂષાર્થ માનનાર નવો રાજા એક વર્ષ માટે થયો. એ વસ્તુસ્વરૂપ બરાબર સમજતો હતો અને ચારિત્રરાજના સૈન્યને એ ઓળખી ગયો હતો. એના રાજ્યકાળમાં ચારિત્રરાજે મોહરાયના રાજ્યની અરધી ભૂમિ પોતાને સ્વાધીન કરી પેલા ચોરો રાજાને આધીન થયા અને પોતાનો દોર પડતો મૂકયો. મધ્યમરાજે દેશવિરતિધર જ્ઞાનીને યોગ્ય અનુષ્ઠાનો કર્યાં અને એના રાજ્યથી પિતા રાજી થયા. પૃષ્ઠ. ૧૫૮૬–૧૫૯૩.

**પ્રકરણ ૧૪ મું. (૫) ઉત્તમરાજ્ય.** પાંચમે વર્ષે ઉત્તમ કુમારને રાજ્ય એક વર્ષમાટે મળ્યું. સદ્બોધ મંત્રીએ રાજાના અનેક ગુણો જણાવ્યા. એ પોતાના આખા લશ્કરને ઓળખનાર હતો, ચોરને અને તેનાં સ્થાનોને પીછાણનાર હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એના ગજ્યથી મોહરાયની સભામાં ભારે તરખાટ થયો. એણે ગુરૂને રાજમાં પ્રવેશ કરવાનો માર્ગ પૂછ્યો. ગુરૂએ વિગતવાર તેના ઉપાયો બતાવ્યા. તે સર્વ ઉપાયો અસલ આકારમાં વાંચવા યોગ્ય છે. ત્યાર પછી આખો અંતરંગ રાજ્ય માર્ગ બતાવ્યો તે પણ અસલ આકારમાં સમજવા યોગ્ય છે. છેવટે નિર્વૃતિ નગરીનો આનંદ અને પ્રયાણની ભૂમિકાઓ બતાવી તે પણ સમજવા યોગ્ય છે. ઉત્તમ કુમારે દૃષ્ટિદેવીપર જીત મેળવી અને ઉપાયોનો અમલ કરી યોગમાર્ગે આગળ વધી છેવટે નિર્વૃતિ નગરીએ ગયો. પૃષ્ઠ. ૧૫૯૪-૧૬૧૨.

**પ્રકરણ ૧૫ મું. (૬) વરિષ્ઠ રાજ્ય.** છઠ્ઠે વર્ષે વરિષ્ટને રાજ્ય મળ્યું. મોહરાયને એથી દિલગિરી થઇ. એ તો સ્વયંજ્ઞાની હતો. એણે ગણધરદ્વારા સિદ્ધાન્તની સ્થાપના કરી. એની બાહ્ય સંપત્તિ ઘણી જબરી થઇ, એનાં સમવસરણ અષ્ટપ્રાતિહાર્ય વિગેરે અભિનવ હતાં અને એના અતિશયો સાનંદાશ્ચર્ય પમાડે તેવા હતા. એનું રાજ્ય સર્વથી વધારે ફતેહમંદ થયું. પૃષ્ઠ. ૧૬૧૩-૧૬૨૮.

**પ્રકરણ ૧૬ મું. હરિ અને ધનશેખરઃ** ઉપર છ પ્રકારના પુરૂષોપર પર્યાલોચના અને અનેક પ્રકારના પ્રશ્નોત્તરોથી નિર્ણય. ઉત્તમસૂરિ એ રીતે પાંચમા રાજા જેવા હતા અને હરિકુમાર ત્રીજા પ્રકારનો હતો એ પણ વાત ઉપરથી જણાઈ ગયું. હરિકુમારને પ્રગતિ કરવા ભાવના થઇ. દીક્ષા લેવાથી માર્ગપ્રાપ્તિ થશે એમ જાણતાં એણે પુત્ર શાર્દૂલને ગાદીએ બેસાડ્યો અને પોતે દીક્ષા લીધી. તેની પાલના કરતાં પૃથ્વીતળપર વિહાર કરવા લાગ્યા.

ધનશેખર તો સાગર મૈથુનની અસરતળે વધારે ઊંડે ઉતરતો ગયો. રખડતાં એક બીલીના ઝાડ નીચે આવ્યો, ખોદતાં રત્નનો ઘડો નીકળ્યો, ઉઘાડતાં મોટો રાક્ષસ નીકળ્યો અને એણે તેને મારી નાખ્યો. મરીને ધનશેખર પાપિષ્ટનિવાસના સાતમા પાડામાં ગયો. રખડતા ફરતાં તેને દેવી ભવિતવ્યતાએ સાહ્લાદપુરે મોકલ્યો. પૃષ્ઠ. ૧૬૨૯-૧૬૩૮.

ઉપસંહાર વિગેરે. પૃષ્ઠ. ૧૬૩૮-૧૬૩૯.

# પ્રસ્તાવ સાતમો.

( મહામોહ. પરિગ્રહ. શ્રવણેંદ્રિય. )

**પ્રકરણ ૧ લું. ધનવાહન અને અકલંકઃ** સંસારીજીવ સાહ્લાદનગરે જીમૂતરાજા અને લીલાદેવીના પુત્ર તરીકે અવતર્યો. નામ ધનવાહન રાખ્યું. એના જન્મ વખતે ગ્રહો બહુ ઉચ્ચ હતા. જ્યોતિષશાસ્ત્ર. રાજાના ભાઇ નીરદને અકલંક નામનો પુત્ર થયો. એ બહુ સારો હતો, સદ્ગુણી હતો, ધર્મરત હતો, ધર્મે જૈન હતો અને કુશળકર્મતત્પર હતો. ધનવાહનને અને તેને સારી મૈત્રી થઇ, બન્ને સાથે ઉછર્યાં. બન્ને એક દિવસ બુધનંદન નામના ક્રીડા ઉદ્યાનમાં ફરવા ગયા ત્યાં મહાશાંત મુનિઓને તપ જપ ધ્યાન કરતાં જોયાં. જૂદા જૂદા સાધુને મળી વૈરાગ્યનું કારણ બન્ને રાજકુમારો પૂછવા ગયા પૃષ્ઠ. ૧૬૪૫-૧૬૫૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૨ જું. લોકોદરમાં આગ. પ્રથમ** મુનિનું વૈરાગ્યકારણ પ્રથમ **મુનિને** પૂછતાં તેમણે જણાવ્યું—પોતે **લોકોદર** ગામમાં રહેતા હતા. એક રાત્રે જબરી આગ લાગી. દોડાદોડ થઇ રહી, રડારડ અને અવાજો થવા લાગ્યા અને આખું ગામ નિરાધાર થતું દેખાયું. ત્યાં એક મંત્રવાદી આવ્યો, મંડળ કર્યું અને તેના મંડળમાં લોકોને બચાવ કરવા બોલાવ્યા. જેઓ ત્યાં ગયા તે બચ્યા. મશ્કરી કરનારા રખડી પડ્યા. હું તે મંત્રવાદીના મંડળમાં ગયો તેથી બચ્યો. આ મારા વૈરાગ્યનું કારણ થયું. પછી એ વાર્તાના ઉપમેયની વિગતવાર હકીકત અકલંકે કહી સંભળાવી. પૃષ્ઠ. ૧૬૫૭-૧૬૬૪.

**પ્રકરણ ૩ જું. દારૂનું પીઠું (મદિરાશાળા). બીજા** મુનિનો વૈરાગ્ય પ્રસંગ. બીજા મુનિને વૈરાગ્યકારણ પૂછતાં બોલ્યા—દારૂડીઆની ટોળી દારૂ પીવા મળી હતી તેને જોતાં પોતાને વૈરાગ્ય થયો કેમકે બ્રાહ્મણે તેવી સ્થિતિમાં તેને પ્રતિબોધ કર્યો. એ પીઠાનું પછી અદ્ભુત વર્ણન કર્યું, પીનારાઓના હાલહવાલ બતાવ્યા, તેર પ્રકારના લોકો તેમાં આવતા હતા તેનાં ચિત્રો રજુ કર્યા. મદિરાશાળાના દેખાવો પર ખૂબ વિસ્તાર કર્યો અને બ્રાહ્મણની લાગણી અને નરમાશની ગણતરી કરી દીધી. આ આખી વાર્તાનો સાર ઘણા વિસ્તારથી ત્યાર પછી અકલંકે ધનવાહનને કહી સંભળાવ્યો. પૃષ્ઠ. ૧૬૬૫-૧૬૮૦.

**પ્રકરણ ૪ થું. અરઘટ્ટઘટ્ટીયંત્ર (રેંટ). ત્રીજા** મુનિનો વૈરાગ્યપ્રસંગ. ત્રીજી મુનિને વૈરાગ્યનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે રેંટ જોવાથી તેમને વૈરાગ્ય થયો. એનું નામ **ભવ** હતું, રાગદ્વેષાદિ ચાર એના સાથી હતા, એનો ઉપરી મહામોહ હતો, કષાયનામના સોળ બળદો એને ખેંચતા હતા, એમાં હાસ્યાદિ કામ કરનારા હતા, દુષ્ટયોગ અને પ્રમાદ નામના એને તુંબા હતા, વિલાસ ઉલ્લાસ અને ચાળા નામના આરાઓ હતા, અસંયત જીવ નામનો મોટો કુવો હતો, અવિરતિ જળથી એ ભરેલો હતો, જીવલોક નામની ઘટમાળ હતી, ઘટીયંત્રને મરણ નામનો નોકર ચલાવતો હતો, અજ્ઞાન મલીન આત્મા નામનો પરનાળ હતો, મિથ્યાભિમાન નામની ત્યાં કુંડી હતી, સંક્લિષ્ટચિત્તતા નામનો ખાળ હતો, ભોગ લોલુપતા નામની નીક હતી, જન્મવિસ્તાર નામનું ખેતર હતું, અપરાપર જન્મ નામના ક્યારા હતા, કર્મપ્રકૃતિ નામના તેમાં બી હતાં, જીવપરિણતિ નામનો એનો વાવનારો હતો. આવા રેંટને જોઇ પોતાને વૈરાગ્ય થયો. ચકિત ધનવાહનને આ મહાન ઉપમેયનો ઉપનય સમજાવ્યો. પૃષ્ઠ. ૧૬૮૧-૧૬૮૬.

**પ્રકરણ ૫ મું. પાંચ કુટુંબીઓનું ભોજનઃ ચોથા** મુનિનો વૈરાગ્ય-પ્રસંગ. ચોથા મુનિને દીક્ષા લેવાનું કારણ પૂછતાં વાત કરી કે એક મઠમાં પોતે ચટ્ટ (સાધુ બાવા) હતા ત્યાં ભક્ત કુટુંબ આવી ચઢ્યું. એનું તંત્ર ચલાવનાર પાંચ મનુષ્યો હતા. એ કુટુંબ અમને ઘણું હીત કરનાર લાગ્યું. એણે અમને જમણ આપ્યું જેનો લાભ લેતાં અમને સનેપાત થયો, જીભ કાંટાવાળી થઇ ગઇ, ગળું રૂંધાઇ ગયું અને અમારી ભારે અવદશા થઇ. ત્યાં એક વૈદ્ય આવ્યા તેણે અમને ભોજનનો દોષ સમજાવ્યો. પછી ભોજનદોષને શોધનારી દીક્ષા અમને આપી. આ સુંદર વાર્તાનો ભાવાર્થ અકલંકે વિસ્તારથી સમજાવ્યો. પૃષ્ઠ. ૧૬૮૭-૧૬૯૯.

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

**પ્રકરણ ૬ ઠું. ચાર વ્યાપારી કથાનક. પાંચમા** મુનિનો વૈરાગ્યપ્રસંગ. પાંચમા મુનિને દીક્ષા લેવાનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે મને ચાર વ્યાપારીની એક કથા ગુરૂમહારાજે કહી તેથી વૈરાગ્ય થયો. એ કથા વિસ્તારથી કહેવાનું તેમને જણાવ્યું એટલે પાંચમા મુનિરાજે કહ્યું. વસંતપુર બંદરે ઘણા વેપારીઓ રહેતા હતા. ચાર સાર્થપુત્રો નામે **ચારૂ, યોગ્ય, હિતજ્ઞ** અને **મૂઢ** દરિયો ખેડી વેપાર કરવા અને રત્નો લેવા રત્નદ્વીપે ગયા અને છૂટા પડી ગયા. ચારૂએ તો પોતાનું કુલ ધ્યાન રત્ન એકઠાં કરવામાંજ વાપર્યું અને ઘણાં રત્નોથી પોતાનું વહાણ ભરી દીધું. **યોગ્યે** વેપાર તો કર્યો પણ સુંદર દેખાવ, વાડી ઉદ્યાનમાં ફરવું વિગેરે એને પસંદ હતું તેથી એણે થોડાંજ રત્નો એકઠાં કર્યાં અને તે પણ ઓછી કિંમતનાં હતાં. **હિતજ્ઞને** મોજશોખ બહુ પસંદ હતો અને રત્નની પરીક્ષા બીલકુલ આવડતી ન હોતી તેથી તેણે કોડાં શંખલાં અને કાચના ટુકડા એકઠાં કર્યાં અને ધૂતારાઓએ એને છેતર્યો. **મૂઢને** પરીક્ષા ન હોતી અને બીજાની સમજાવટથી સમજે તેવો ન હોતો. એણે પોતાનો બધો વખત મોજ શોખમાં ગાળ્યો અને માત્ર પથ્થરો જ એકઠા કર્યા. ચારૂનું વહાણ રત્નથી ભરાયું એટલે એ દેશમાં જવા સારૂ મિત્રોને મળવા ગયો. એણે યોગ્યને સમજાવી ઠેકાણે આણ્યો અને એનો મોજશોખ દૂર કરાવ્યો. હિતજ્ઞને રત્નની પરીક્ષા શીખવી અને એનો મોજશોખ પણ મુકાવ્યો. એના આગ્રહથી પોતે રહેવા કબૂલ કર્યું મૂઢ પાસે જઇને એણે રત્નની પરીક્ષાની વાત કરી પણ એ તો જરાએ વાત સમજ્યો જ નહિ, ઉલટો દેશ જવાની ઉતાવળ કરવા માટે ચારૂને ઠપકો આપવા લાગ્યો અને રત્નદ્વીપની મોજમજા ભોગવવાનું કહેવા લાગ્યો ચારૂએ જોયું કે મૂઢ સમજે તેમ જ નથી એટલે એણે આખરે એ પ્રયાસ મૂકી દીધો. ચારૂ, યોગ્ય અને હિતજ્ઞ-ત્રણેએ વહાણ રત્નોથી ભર્યાં, સ્વદેશ ગયા, ત્યાં અપાર લક્ષ્મી મેળવી આનંદથી રહ્યા. મૂઢ રાજાના કોપમાં આવ્યો, ક્રોધી રાજાએ એને અગાધ સમુદ્રમાં ફેંક્યો. ધનવાહનની પાસે આ વાર્તાનો ભાવાર્થ અકલંકે કહી સંભળાવ્યો. ચારૂ એ અતિસુંદર જીવ, યોગ્ય સુંદર, હિતજ્ઞ સામાન્ય અને મૂઢ અધમ જીવ છે એમ ખુલાસો થયો. પૃષ્ઠ. ૧૭૦૦-૧૭૧૪.

**પ્રકરણ ૭ મું. ચાર વ્યાપારી કથાનક (ચાલુ).** અકલંકે સદર કથાનો ભાવાર્થ વધારે વિસ્તારથી ધનવાહન પાસે કહી સંભળાવ્યો. રત્નદ્વીપને મનુષ્યભવ સાથે અને સમુદ્રને સંસારના વિસ્તાર સાથે સરખાવ્યો. પછી વાર્તાનો પ્રત્યેક વિભાગ લઈ તેની ઘટના અતિ સુંદર રીતે અકલંકે કરી બતાવી તે આખી ખાસ વિચારવા યોગ્ય છે. એ રસિક વિભાગ માટે જુઓ પૃષ્ઠ. ૧૭૧૪-૧૭૩૪.

**પ્રકરણ ૮ મું. સંસાર બજાર.** ( **છઠ્ઠા** મુનિના વૈરાગ્યનું કારણ ). છઠ્ઠા મુનિને દીક્ષા લેવાનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે આદિ અંત વગરનો એક સંસ્કૃતિ માર્ગ ( સંસાર બજાર ) જોઇને એમને વૈરાગ્ય થયો. એ સંસારબજારનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું કે એ બજારમાં લેવડદેવડની ધમાલ ખૂબ ચાલતી હતી, એનો મુખ્ય મહામોહ હતો અને કર્મ નામના લેણદારો હતા. ગુરૂએ જ્યારે જ્ઞાનાંજન આંજ્યું ત્યારે અંદરખાનેથી લોકો બહુ દુઃખી જણાયા. એ દુકાનોને છેડે એક મઠ ( શિવાલય ) જણાયો તેમાં જ ખરા સુખી જીવોને માત્ર જોયા. ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવાની ઈચ્છા થતાં ગુરૂએ દીક્ષા આપી અને પછી સદર મઠ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો. મુનિએ જાણ્યું કે એને રહેવાનો કાયા નામનો ઓરડો હતો. એમાં પંચાક્ષ નામના પાંચ ગોખો હતા અને ક્ષયોપશમ નામની બારી હતી અને સામે કાર્મણ શરીર નામનો ચંબર હતો. એમાં એક ચિત્ત નામનું ચપળ વાનરબચ્ચું હતું. દીક્ષા લેતી વખતે એ સાથે રહ્યું પણ એને બહુ સંભાળવાનું ગુરૂમહારાજે કહ્યું.

એનું ખાસ કારણ પૂછતાં ગુરૂએ કહ્યું કે એ વાનરબચ્ચું ઘરના મધ્યભાગમાં રહે છે ત્યાં એને ઉપદ્રવ કરનારા ઘણા છે: એને કષાય ઉંદરો, નોકષાય વીંછીઓ, સંજ્ઞા બિલાડીઓ, રાગદ્વેષ ઊંદરો, મહામોહ બિલાડો, પરીષહ ઉપસર્ગ ડાંસ મચ્છરો, દુષ્ટાભિસન્ધિવિતર્ક માંકડો, ચિંતા ગરોળી, પ્રમાદ કાકિડા, અવિરતિ કચરો, મિથ્યાદર્શન અંધકાર ભારે ઉપદ્રવ કરે છે અને તેથી કોઇવાર તે રૌદ્રધ્યાન નામના અંગારાથી ભરપૂર ખાડામાં પડે છે અને આર્તધ્યાન ગુફામાં કોઈવાર પેસી હેરાન થાય છે. એ ખાડા કે ગુફામાંથી એને બચાવવાનો ઉપાય એ છે કે એ વાનરબચ્ચાને પેલાં પાંચ ગોખની પાસે વિષય નામના પાંચ ઝેરી ઝાડ જેનાં ફળો દેખાવમાં સારાં છે પણ પરિણામે બહુ ખરાબ છે તેની પાસે એને જવા ન દેવું. કારણ કે ત્યાં ફરતાં એને કર્મપરમાણુનિચય નામની પરાગ શરીરે વળગે છે અને ભોગસ્નેહ વરસાદથી એને શરદી ચઢે છે. એ ઝેરી રજથી વાનરનું શરીર ધૂડમય થઈ જાય છે, બળીને કાળું થઈ જાય છે અને વળી તેની ઉપર હુમલાઓ-ઉપદ્રવો થયા કરે છે. સ્વવીર્ય નામના હાથમાં અપ્રમાદ નામનો દંડો લઇને પેલા ગોખ પાસે જતાં વાંદરાને બહાર આવતાં અટકાવવું, ન માને તો ધમકાવવું એ રીતે એ બહાર નીકળતું અટકશે એટલે એના સર્વ ઉપદ્રવો ઓછા થઇ મટી જશે. એ વાનર બચ્ચાના રક્ષણથી શિવાલય મઠમાં પેસી શકાશે. અત્યારે એ વાનરબચ્ચું ચક્રમાં પડી ગયું છે અને તેથી એને ઘણા ઉપદ્રવો થાય છે એ વાત ગુરૂએ કહી તેના પર મેં વિચાર કર્યો. આવી રીતે એને પ્રથમ ચક્રમાંથી બચાવવાનો પોતે નિશ્ચય કર્યો, અને ચિત્તને સમજાવ્યું કે પોતાને તાબે હોય એટલું જ સુખ છે અને પારકાના આધારપર રહેલું તે દુઃખ છે. ચિત્તને સમજાવવાનો મહા પ્રયોગ અત્ર બતાવ્યો.    પૃષ્ઠ. ૧૭૩૪-૧૭૪૭.

**પ્રકરણ ૯ મું. સંસારબજાર** (ચાલુ)-છઠ્ઠા મુનિની ઉપરની વાત સાંભળીને પ્રશ્ન રૂપે **અકલંકે** બીજા ચક્રની વાત પર જિજ્ઞાસા પ્રશ્ન કર્યો. મનપર્યાપ્તિ **દ્રવ્યમન** અને તે આત્મા સાથે જોડાય તે **ભાવમન**. ભાવમન કાર્મણ શરીરમાં રહે છે અને પોતે જ જીવ છે. રાગદ્વેષથી એને વિપર્યાસ થાય છે, તેથી મિથ્યાજ્ઞાન થાય છે, એથી ખોટી પ્રવૃત્તિ થાય છે, એથી ખોટાં કર્મ બંધાય છે અને એથી રખડપાટો થાય છે. આ બીજું ચક્ર થયું. ગુરૂએ જવાબ આપતાં કહ્યું કે એ સાચી વાત છે. વિપર્યાસ છોડી દેવા એ ખરો વિવેક છે અને એથી છેવટે ચક્રભ્રમણ બંધ થાય છે. જ્ઞાનક્રિયાના સહકારથી સંસાર ઘટે છે માટે સમજીને સમ્યગ્ પ્રવૃત્તિ કરવી એથી છેવટે સાધ્ય પ્રાપ્ત થાય છે.

એ વાનરને શિવાલય મઠમાં કેમ લઇ જવાય તેવો અકલંકે પ્રશ્ન કર્યો તેના જવાબમાં મુનિએ કહ્યું કે ગર્ભગૃહ (ક્ષયોપશમ)માં છ સ્ત્રીઓ રહે છે. તેમનાં નામો **કૃષ્ણ, નીલ, કપોત, તૈજસી, પદ્મ** અને **શુકલ** છે, અનુક્રમે ઓછી ઓછી

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ક્રૂર છે, પ્રથમની સર્વથી વધારે ક્રૂર છે, એ પ્રાણીને કચરો એકઠો કરાવે છે અને બજારમાં રખડાવે છે. પ્રથમની ત્રણ ખરાબ છે, છેલ્લી ત્રણ પ્રમાણમાં સારી છે. એ સ્ત્રીઓએ પરિણામ નામનો દાદર બનાવ્યો છે અને તેને અધ્યવસાય સ્થાન રૂપ પોતાનાં રંગનાં અસંખ્ય પગથીઆં બનાવ્યાં છે. વાનરબચ્ચું પ્રથમની ત્રણ સ્ત્રીના દાદરપર ફરતું હોય છે ત્યાં સુધી ઉછળીને પેલા ગોખ તરફ દોડે છે, આંબાપર ફલાંગ મારે છે અને જમીનપર પડી રજવાળું થાય છે અને છેવટે દુઃખ ઉપદ્રવો ભોગવે છે. તેથી પેલા દાદરના ઉપરના પગથીઆપર એ વાનરબચ્ચાને લઈ જવું એટલે એ જેમ ઉંચે ચઢતું જશે એમ એના સંતાપો ઘટતા જશે. વળી એ ત્રણ સ્રીના ઉપરનાં પગથીઆમાં ધર્મધ્યાન નામનો પવન વાય છે એથી એને ઘણી શાંતિ થશે. ઉપર ચઢતાં એને અનુકૂળ અનેક વાનરોનું યૂથ મળશે અને તે સર્વ તેને હિત કરનાર થાય છે. છઠ્ઠી સ્ત્રી એને શુકલધ્યાન નામનું વિલેપન કરશે એટલે અરધે રસ્તે એ ગાઢ આનંદમાં ગરકાવ થશે. પછી એ ઉપર ચઢી શકશે નહિ. તારે તેને ત્યાં છોડી દેવું અને ઝપટ મારી ઉપર ચઢી જવું. પછી તને નિરંતરનો આનંદ થશે. અકલંકે આ વાત બહુ ધ્યાનપૂર્વક સાંભળી અને તેને તેમાં ખૂબ રસ પડયો. પૃષ્ઠ. ૧૭૪૭–૧૭૬૦.

**પ્રકરણ ૧૦ મું. સદાગમ સાન્નિધ્ય. અકલંક દીક્ષા.** અકલંકે ઘનવાહનને કહ્યું કે આ મુનિ (છઠ્ઠા)ના કહેવાનો ભાવાર્થ એ છે કે સંસારસમુદ્રના પારનું કારણ મન છે, સંસારનું કારણ પણ મન જ છે. એનાં અધ્યવસાયસ્થાનો એને વિચિત્ર યોનિઓમાં મોકલે છે. એ ચિત્ત ખરૂં અંતરધન છે અને એનું સારી રીતે રક્ષણ કરવાની જરૂર છે. પરમ સુખ પ્રાપ્ત કરવાની ચાવીઓ બતાવતાં એ ચિત્તવૃત્તિની સ્થિરતા પર જ છે એમ કહ્યું. એનાં પર મનન કરવા યોગ્ય દશ શ્લોકો.

जैना साईट
JAINSITE.com
जैन ज्ञान प्रसार

**સંસારીજીવે** પોતાની વાર્તા આગળ ચલાવતાં **અગૃહીતસંકેતાને** કહ્યું કે અગાઉ (પાંચમા પ્રસ્તાવના પ્રકરણ ૧૯ માં) **વિચારે ચારિત્રરાજ** અને **મોહરાયનું** યુદ્ધ જોયું હતું, **ચારિત્રરાજની** હાર જોઇ હતી અને ચોતરફથી ઘેરાયલા ચારિત્રરાજને છોડી એ **બુધ** પિતા પાસે આવ્યો હતો તે તને યાદ હશે. એ વાર્તા આગળ ચલાવતાં જીવે કહ્યું કે **અકલંક** ઉપરની વાત મને (**ઘનવાહનને**) કરતો હતો તે વખતે **ચારિત્રરાજને** તેના **સદ્‌બોધ** મંત્રીએ જણાવ્યું કે **સંસારીજીવની** ચિત્તવૃત્તિ અત્યારે ઉજ્જવળ દેખાય છે તો કોઈ માણસને મોકલવો જોઇએ. છેવટે ચર્ચા કરીને સદાગમને ત્યાં મોકલવા નિર્ણય કર્યો, કારણ કે એ **દર્શનની** ઇચ્છા તેનામાં ઉત્પન્ન કરશે એમ ગણતરી થઇ, વધારે વાત એ પણ થઇ કે **સમ્યગ્‌દર્શનને** હજુ મોકલવાનો અવસર નથી અને એને મોકલવાની વાત મુલતવી રહી. **સદાગમને ઘનવાહન** પાસે મોકલ્યો. **સદાગમ** ઘનવાહન પાસે આવ્યો એટલે **જ્ઞાનસંવરણ** રાજા વધારે ઊંડા ઉતરી ગયા, પાછા હઠી ગયા.

એ વખતે **અકલંક** અને **ઘનવાહન** (**કોવિદાચાર્ય**) ગુરૂમહારાજ પાસે ગયા. ત્યાં ઘનવાહને સદાગમને ઓળખ્યા અને તેનું બળ જાણ્યું. મિત્રને રાજી કરવા ઘનવાહને સદાગમ સાથે સંબંધ જોડયો પણ તે ઉપર ઉપરનો હતો. અકલંકે દીક્ષા લીધી અને અન્યત્ર વિહાર કર્યો. પૃષ્ઠ. ૧૭૬૧–૧૭૭૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૧૧ મું. મહામોહ અને મહાપરિગ્રહ.** જ્ઞાનસંવરણ રાજાને પાછા હઠવાની વાત મોહરાજાની છાવણીમાં જણાતાં તેઓ સર્વ ચોંકયા અને મૂળથી શત્રુને ઉખેડવા તૈયાર થયા. પણ આ વખતે મોહરાયે પોતે જ જવાનો વિચાર કર્યો અને સેનાનીઓને જરૂર પડયે આવવા ભલામણ કરી. પુત્ર રાગકેસરિના દીકરા સાગરના મિત્ર પરિગ્રહને પોતાની સાથે લીધો. બન્ને ( મહામોહ અને પરિગ્રહ ) ધનવાહન પાસે આવ્યા.

તે વખતે પિતા જીમૂતરાજ મરણ પામ્યા. ધનવાહન ગાદીએ આવ્યો. સદાગમે એને વિષયપર-સાંસારિક પરપદાર્થોપર મૂર્છા ન કરવા સલાહ આપી. મહામોહે ખાવું પીવું આનંદ કરવો વિગેરે સલાહ આપી અને પરિગ્રહે ધન એકઠું કરવાની સલાહ આપી. આવી વિરોધી સલાહથી ધનવાહન ગભરાયો, એટલે દૂર રહેલો જ્ઞાનસંવરણ રાજા નજીક આવ્યો અને મોહ પરિગ્રહની સલાહ સ્વીકારાવી. પછી ગુરૂદેવપૂજા ધનવાહને મૂકી દીધી, સદાગમ પાસે જવાનું બંધ કર્યું અને ધનનો સંગ્રહ કરવા માંડ્યો. કોવિદાચાર્ય સાથે અકલંક મુનિ ત્યાં આવી ચઢ્યા, મન વગર માત્ર દાક્ષિણ્યથી ધનવાહન વાંદવા ગયો. પ્રસંગ જોઈ અકલંકે સદાગમનું માહાત્મ્ય અને દુર્જનસંગતિનાં પરિણામ જણાવવાં કોવિદાચાર્યને વિનતિ કરી. ગુરૂએ વિજ્ઞપ્તિ સ્વીકારી. પૃષ્ઠ. ૧૭૭૧-૧૭૭૭

**પ્રકરણ ૧૨ મું. શ્રુતિ. કોવિદ અને બાલિશ.** કોવિદાચાર્યે વાર્તા કરી. એક ક્ષમાતળ નામનું નગર છે. ત્યાં સ્વમળનિચય નામનો રાજા છે. તેને તદનુભૂતિ નામની રાણી છે. એ રાણીને કોવિદ અને બાલિશ નામના બે પુત્ર થયા. કોવિદને પૂર્વ સંસ્કારથી સદાગમ સાથે પરિચય હતો તેથી તેને હિત કરનાર વડિલ તરીકે સ્વીકારી રહ્યો. બાલિશને એણે સદાગમની વાત કરી પણ એણે માની નહિ. કર્મપરિણામે એમની પાસે શ્રુતિ કન્યા મોકલી આપી. એ પસંદગીથી વરનારી હતી. એને સંગ નામનો ચાલાક નોકર હતો. એ કોવિદ અને બાલિશ બન્નેને વરી. એ ભાઇઓને નિજદેહ નામનો પર્વત કબજામાં હતો. એના ઉપર મૂર્ધન નામનું શિખર હતું. એની બે બાજુએ શ્રવણ નામના બે ઓરડા હતા ત્યાં શ્રુતિ રહી. બાલિશ તો શ્રુતિમાં લુબ્ધ થઇ ગયો અને સંગ કહે તે સર્વ કરવા લાગ્યો. શ્રુતિને પ્રિય સંગિત મધુર ધ્વનિ એને રાજી કરવા એ સાંભળવા લાગ્યો અને શ્રુતિને રાજી રાખવા લાગ્યો. સદાગમે શ્રુતિનું ઓળખાણ બરાબર કોવિદને કરાવ્યું. એ રાગકેશરિની દીકરી છે પણ પ્રપંચથી એને કર્મપરિણામની દીકરી તરીકે જાહેર કરી છે. એ વિશ્વાસ કરવા યોગ્ય કન્યા નથી એમ જાણ્યું એટલે કોવિદે પરણેલી હોઇ એને તજી નહિ પણ એ ચેતતો રહ્યો અને સંગ દાસીપુત્રની તો સોબત જ એણે કરી નહિ.

તુંગશિખર નામના પર્વત ઉપર એક વખત બન્ને ભાઇઓ ચઢ્યા. એની એક ગુફામાં બે ગંધર્વ જોડલાં ગાનમાં સ્પર્ધા કરી રહ્યા હતાં. બાલિશ શ્રુતિને રાજી રાખવા ત્યાં ચૂપચાપ ઊભો રહ્યો. ગાનના રસમાં ગુફામાં પડી ગયો, પકડાઇ ગયો. એને ગાંધર્વોએ ખૂબ માર્યો, વેદના ભોગવી તે પરિણામ પામ્યો. કોવિદે શ્રુતિમાં આસક્તિ કરી નહિ તેથી તે સુખી થયો, ધર્મઘોષ પાસે દીક્ષા લીધી અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય બન્યો. એ કોવિદ હું પોતે છું. વાર્તા કહી આચાર્યે સદાગમનું **માહાત્મ્ય** કહ્યું અને તેની **સાથે** સંબંધ વધારવા ભલામણ કરી. ધનવાહને ઉપર ઉપરથી **સદા**ગમનું સાન્નિધ્ય સ્વીકાર્યું પણ અંદરથી એને રસ જામ્યો હતો. **અકલંકે આચાર્ય** સાથે અન્યત્ર વિહાર કર્યો. પૃષ્ઠ. ૧૭૭૭-૧૭૮૫

**પ્રકરણ ૧૩ મું. શોક અને દ્રવ્યાચાર.** અકલંક દૂર ગયા એટલે પાછા **મહામોહ** અને મહાપરિગ્રહ જાગૃત થઇ ગયા અને તેમણે **ધનવાહનને સપાટામાં** લીધો તેથી એ સ્ત્રીમાં રમવા લાગ્યો અને પૈસા સંગ્રહવા લાગ્યો. આખરે **સર્વ પાપોમાં** એ એક્કો થયો. હવે **પુણ્યોદય** મિત્ર એનાથી રીસાવા લાગ્યો. **મદનસુંદરી શૂળના** વ્યાધિથી મરણ પામી એટલે **શોક**ના તાબામાં ધનવાહન પડ્યો. વળી **અકલંક** મુનિ દયા કરી આવ્યા અને યોગ્ય ઉપદેશ આપી **ધનવાહનને** શોકમુક્ત **કર્યો.** પછી એમણે મોહ પરિગ્રહનો પરિચય ઓછો કરવા ઉપદેશ કર્યો અને વાનરબચ્ચાને સંભાળવા કહ્યું. ધનવાહનને એથી જરા શુદ્ધિ આવી. **શોક દૂર ખસ્યો** અને **મહામોહને** જણાયું કે તેનું કાંઇ ચાલતું નથી. ધનવાહન રસ્તે આવ્યો અને તેણે દ્રવ્યધર્મો તરફ રૂચિ બતાવી. પૃષ્ઠ. ૧૭૮૬-૧૭૯૧

**પ્રકરણ ૧૪ મું. મહાપરિગ્રહ.** આવી રીતે પોતાના પક્ષની જરા પડતી જોઇને પરિગ્રહનો મિત્ર **સાગર** મદદે જવા તૈયાર થયો. સાગર સાથે બહુલિકા (માયા) અને કૃપણતા પણ ગયા. એને આવતાં જોઇ **મહામોહ પરિગ્રહ** રાજી થયા. આ સર્વ એકઠા થયા એટલે ધનવાહન પલટાયો. એને ધર્મમાર્ગે ધન **ખરચવામાં** કલ્પિત સુખની ઇચ્છા લાગી. બહુલિકાની અસરથી ધનવાહને **પટાવી સમજાવી અકલંક** મુનિને વિહાર કરાવી દીધો. હવે સાગરની મદદથી પરિગ્રહનો પગ મજબૂત થયો અને સર્વ દ્રવ્યસ્તવો પણ અટકી ગયાં. આ સર્વ સ્થિતિ સાંભળીને દયાસમુદ્ર **અકલંક** મુનિ મારી પાસે આવવા **તૈયાર થયા.** ગુરૂની **રજા** માગી. ગુરૂએ નિરર્થક કાર્યમાં પ્રવૃત્તિ ન કરવા કહ્યું અને **ધનવાહન** તદ્દન ઊઠી ગયો છે તેથી પ્રયાસ નકામો છે એમ જણાવ્યું. એ અનર્થ કરનારની જાળમાંથી ધનવાહન ક્યારે છૂટશે એમ પૂછતાં ગુરૂએ કહ્યું કે-જ્યારે **સમ્યગ્દર્શન** એને **વિદ્યા** કન્યા આપશે અને વળી બીજી **નિરીહતા** કન્યા છે તે **પણ પર**ણાવશે ત્યારે એનો છૂટકારો થશે. એનો લગ્નકાળ કર્મપરિણામ **રાજાની મરજી** ઉપર છે. આ સર્વ વાત સાંભળી **અકલંકમુનિ** અભ્યાસમાં લાગી ગયા.

પૃષ્ઠ. ૧૭૯૧-૧૮૦૦

**પ્રકરણ ૧૫ મું. મહામોહનું મહાન આક્રમણ.** અકલંક ચિંતા વગરના થયા અને બીજી બાજુએ **મહામોહે** આકરી બાજી માંડી. એણે પોતાના પ્રત્યેક લશ્કરીનો ઉપયોગ કર્યો અને દરેકે આવી **ધનવાહનપર** અસર કરી. એ રીતે **મહામૂઢતા, મિથ્યાદર્શન,** કુદૃષ્ટિ, રાગકેસરિ, મૂઢતા, દ્વેષગજેંદ્ર, **અવિવેકિતા, વિષયાભિલાષ, ભોગતૃષ્ણા, હાસ,** રતિ, **અરતિ, ભય, શોક, જુગુપ્સા,** કષાય, **સાતે** (જ્ઞાનસંવરણાદિ) રાજાઓ, દુષ્ટાભિસન્ધિ વિગેરે વારાફરતા **સર્વ આવી ગયા અને** દરેકે પોતાની અસર **ધનવાહનપર** કરી. મકરધ્વજે એના **પર** ખાસ બાધા પીડા કરી અને **ધનવાહન** પરિણામે નીચતાની છેલ્લા પાટીએ ઉતરી ગયો.

JAINSITE.com જૈનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એણે ગમે તે સ્ત્રીને પકડી ભાગવવા માંડી, નીચ કે ઉચ્ચ કાંઇ જોયા નહિ અને હલકા વર્ણની સ્ત્રીને પણ અંતઃપુરમાં દાખલ કરી. આખરે લોકોએ એને પદભ્રષ્ઠ કર્યો. એના નાના ભાઇ **નીરદવાહનને** ગાદીએ બેસાડયો અને એને કેદમાં પૂર્યો, કોઇ એની મદદે આવ્યું નહિ અને આખરે બંદીખાનામાં મહા વેદના ભોગવી એ મરણ પામ્યો અને **પા**પિષ્ઠનિવાસના સાતમે પાડાએ ગયો. પૃષ્ઠ. ૧૮૦૧-૧૮૧૫

**પ્રકરણ ૧૬ મું. રખડપાટો.** ત્યાં ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવી ધનવાહન માછલો થયો, વાઘ થયો, બિલાડો થયો અને અનેક ઠેકાણે રખડયો. પછી એ **સા**કેતપુર નગરે **નંદ** વાણીઆને ત્યાં **અમૃતોદર** થયો. **સુદર્શન** ગુરુના યોગથી **સદાગમને** મળ્યો અને દ્રવ્ય શ્રાવકભાવ એણે ધારણ કર્યો. ત્યાંથી એ ભુવનપતિમાં દેવ થયો. ત્યાંથી **માનવાવાસમાં બંધુદત્ત** વાણીઆને ઘરે **બન્ધુ** નામે થયો. **સુંદર** ગુરુના યોગે દ્રવ્ય સાધુ થયો. પછી વ્યંતરાદિમાં ખૂબ રખડયો. સદાગમનો સંગ હોય ત્યારે દ્રવ્ય ક્રિયા કરે, દૂર થાય ત્યારે **મો**હરાજના પ્રપંચમાં પડી જાય. આખરે **સદાગમના** સહવાસથી એની ચિત્તવૃત્તિ અટવી સાફ થઇ એટલે **સમ્યગ્દર્શન** સેનાપતિ આવ્યો અને અવસરે વિદ્યા કન્યાને મોકલવાનો સંકેત મંત્રી અને રાજા સાથે કરતો આવ્યો. પૃષ્ઠ. ૧૮૧૬-૧૮૨૫

**પ્રકરણ ૧૭ મું. પ્રગતિને માર્ગે.** માનવાવાસમાં **જનમંદિર** નગરે **આનંદને** ત્યાં ધનવાહન **વિરોચન** પુત્ર તરીકે થયો. ધર્મઘોષ સૂરિનો એને યોગ થયો. એની દેશના સાંભળી. એમાં મુખ્ય વાત કુશળ કર્મો કરવાની જાણી. એને ત્યાં સદાગમનો યોગ થયો, ભવપ્રપંચની સહજ ઓળખાણ થઈ અને અંતર મિત્ર શત્રુઓનું સહજ ઓળખાણ થયું. તે વખતે ત્યાં **સમ્યગ્દર્શન** ઉપર જણાવ્યું તેમ આવી પહોંચ્યા. પછી સંસારીજીવને તત્ત્વશ્રદ્ધા થઈ પણ તે ઓઘમાત્ર હતી, કારણ કે એની યોગ્યતા તે વખતે એટલી જ હતી. ત્યાં ગૃહિધર્મ સાથે મિત્રતા થઈ અને એ દોસ્તીને પરિણામે સંસારીજીવ સૌધર્મ દેવલોકે ગયો. દેવતા જન્મ લે ત્યારે કેવું વાતાવરણ હોય છે તેનું અહીં અદ્ભુત વર્ણન છે. દેવતાના વિલાસો ભોગવી **સંસારીજીવ** આભીર થયો. એનું નામ **કલંદ** હતું. ત્યાંથી એ જ્યોતિષ્કમાં દેવ થયો. પછી વળી દેડકો થયો. ત્યાંથી કાંપિલ્યપુરે વાસવ રાજપુત્ર થયો. શાંતિસૂરિના પરિચયથી ધર્મ પામ્યો. બીજે દેવલોકે ગયો. કાંચનપુરમાં ફરી સદાગમને મળવાનું થયું. સમ્યગ્દર્શન સાથે ગૃહિધર્મ આવે ત્યારે એને ઊંચા ચઢવાનું થતું અને તે વખતે **પુણ્યોદય** બાજુમાં રહેતો અને તે દૂર થાય ત્યારે **જ્ઞાનસંવરણાદિનું** જોર થતું. એ પછી **સો**પારકપુરે **વિભૂષણ** નામે વણિકપુત્ર થયો. ત્યાં એને ફરીવાર **સમ્યગ્દર્શન સદાગમ** મળ્યા અને એણે સાધુનો વેશ લીધો. પણ એ મોટા સ્થાને આવતાં એણે અન્યની નિંદા કરવા માંડી અને છેવટે તીર્થંકરોની પણ નિંદા કરી. એનો તેથી ભારે પાત થયો અને એ રખડયો. અહીં પ્રજ્ઞાવિશાળાએ ઉપયોગી ખુલાસા કર્યાં છે.

પછી ભદ્દિલપુરે સ્ફટિકરાજને ત્યાં એ **વિશદ** નામનો પુત્ર થયો. **સુપ્રબુદ્ધ** મુનિને યોગે **ગૃહિધર્મ** મિત્ર મળ્યો. સુખ ભોગવી ત્રીજે દેવલોકે ગયો. એ બારે દેવલોકે મનુષ્યાદિ ગતિમાં જઈ જઈ આવ્યો. ઉપસંહાર. પૃષ્ઠ. ૧૮૨૬-૧૮૪૫

---

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવ આઠમો.

કથાસાર. ( સર્વ સંમિલન. )

## વિભાગ ૧ લો. સંસારીજીવ ચરિત્ર (પ્રક. ૧-૧૧)

**પ્રકરણ ૧ લું. ગુણધારણ કુમાર. સપ્રમોદ** નગરમાં **મધુવારણ** રાજાને ઘેર **સુમાલિની** રાણીને પેટે **સંસારીજીવ** જન્મ લે છે. તેનું **ગુણધારણ** નામ પાડવામાં આવે છે. જન્મ અવસરે મોટો મહોત્સવ થયો. રાજાના ભાયાત **વિશાલાક્ષ**ને **કુલંધર** નામનો સદ્ગુણી પુત્ર હતો તેને ગુણધારણ સાથે મૈત્રી થઈ. યૌવનવય થતાં બન્ને મિત્રો **આહ્લાદ**મંદિર બગિચામાં એકવાર ફરવા ગયા. ત્યાં એક સ્ત્રી સાથે એક અતિ સુંદર સ્ત્રીને ગુણધારણે જોઈ અને જોતાં જ એ વીંધાઈ ગયો, પણ કુલંધરની હાજરીથી શરમાયો. ઘરે તો ગયો પણ આખી રાત્રી એ પ્રમદાની યાદિ કરતાં ગાળી. પ્રભાતે બન્ને મિત્રો ફરી બગિચામાં આવ્યા અને મિત્રને સાચી વાત કરી. બન્નેએ શોધ કરવા માંડી. આખરે બે સ્ત્રીઓ મળી. તેમાંની એક ગઇ કાલવાળી પ્રમદા સાથેની હતી અને બીજી અજાણી બાઈ હતી. નવીન સ્ત્રીએ બન્ને મિત્રોને બેસાડ્યા અને વાત કરવા માંડી. પૃષ્ઠ. ૧૮૫૪-૧૮૬૦

**પ્રકરણ ૨ જું. મદનમંજરી.** નવીન પ્રૌઢ સ્ત્રીએ વાતો માંડી-**વૈતાઢ્ય** પર્વતમાં **ગંધસમૃદ્ધ** નગરે વિદ્યાધરનો ચક્રવર્તી કનકોદર રાજા છે તેની પોતે **કામલતા** રાણી છે. બહુ ચિંતા પછી એ છોકરા વગરના રાજા રાણીને દીકરી થઇ. એનું નામ **મદનમંજરી.** એ યૌવન પામી પણ એને પતિ ગમે નહિ. પિતાએ વિદ્યાધરોનો સ્વયંવર રચ્યો. ત્યાં અનેક વિદ્યાધરો આવ્યો. માતાએ પુત્રીને સર્વેનો પરિચય કરાવ્યો પણ **મદન**મંજરીને કોઇ ગમ્યો નહિ. એ તો વધારે દીલગીર થઈ. સ્વયંવર ભાંગી પડ્યો અને વિદ્યાધરો દ્વેષી થઈ ચાલ્યા ગયા. મદનાની સખી **લવલિકા**એ એનો અંતરભાવ જાણવાની જણાવવાની કબૂલાત આપી. કનકોદર રાજાને બહુ ચિંતા અને ખેદ થયા. રાત્રે ચાર પુરૂષો રાજાના સ્વપ્નમાં આવ્યા અને રાજાને આશ્વાસન આપતાં કહ્યું કે એમણે **મદના** માટે વર શોધી રાખ્યો છે અને તે તેને મળશે અને તેટલા સારૂ જ તેને વિદ્યાધરોપર તેઓએ જ દ્વેષી બનાવી છે. રાજાને નિરાંત થઈ. હવે દાસી **લવલિકા** મદનમંજરી પાસે ગઇ. વરની શોધ માટે પૃથ્વીપર પર્યટણ કરવાનો નિર્ણય થયો. રાજા રાણીએ તેમાં સંમતિ આપી. કેટલેક દિવસે **લવલિકા** એકલી પાછી આવી. દીકરીના સમાચાર કહી **આહ્લાદ**મંદિરમાં બે રાજકુંવરોનો મેળાપ અને ત્યાર પછી થયેલી મદનાની વિષાદગ્રસ્ત સ્થિતિ માબાપને એણે કહી અને બોલી કે એમાંના એક પર કુંવરી રાજી હોય એમ તેને જણાયું. **મદના** ત્યાંથી ચાલવા અશક્ત હતી તેથી તેને બગિચામાં મૂકી પોતે સમાચાર કહેવા આવી હતી. આ વાત થતાં કનકોદર રાજા કાંઇ તૈયારી કરવા ગયા અને પોતે ( માતા ) દીકરી પાસે દાસી સાથે આવ્યા. એણે આવીને વિષાદગ્રસ્ત સ્થિતિમાં પુત્રીને જોઈ અને આખી રાત્રી મુશ્કેલીએ પસાર કરી. સવારે દાસીએ બન્ને કુમારોને શોધી કાઢ્યા. આટલી વાત કરી માતા **કામલતા**એ **ગુણધારણ**ને પોતાની કન્યા સ્વીકારવા **કુલંધર** મારફતે માગણી કરી. પૃષ્ઠ. ૧૮૬૧-૧૮૭૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૩ જું. લગ્ન અને આનંદ.** માતાની માગણીની બાબતમાં કુલંધરે સંમતિ બતાવી. સર્વે ઉઠ્યા. મદનમંજરી પાસે આવ્યા. ગુણધારણને જોતાં મદના આશ્ચર્યે આનંદમાં ગરકાવ થઇ ગઇ. તે વખતે કનકોદર વિદ્યાધરપતિ ત્યાં આવી પહોંચ્યા. ગુણધારણને જોતાં એને પણ આનંદ થયો. ત્યાં વળી ચટુલ નામનો દૂત આવી કનકોદરના કાનમાં કાંઇ વાત કરી ચાલ્યો ગયો. સંક્ષિપ્ત વિધિએ એ બગિચામાં તુરત જ વિવાહ (લગ્ન) કરવામાં આવ્યા. ગુણધારણ અને મદનમંજરી પરણી રહ્યા અને સર્વે અરસ્પરસ આનંદ બતાવતા હતા ત્યાં તો નાસીપાસ થયેલા વિદ્યાધરોનું ટોળું આકાશમાં લડવા આવ્યું. બુદ્ધિશાળી કનકોદરે વીરહાક પાડી, ખારથી બળતા વિદ્યાધર સાથે લડવા એનું લશ્કર આકાશમાં ચઢયું. ગુણધારણને ખેદ થયો. પોતાની ખાતર લોહીની નદી વહેશે એ વાતથી એને દિલગિરી થઇ. ત્યાં તો બન્ને લશ્કરને કોઇએ સ્થીર કરી દીધા, થંભાવી દીધા. ઉપરના લશ્કરે ગુણધારણનું રૂપ જોઇ લીધું, પોતાની ભૂલ સમજી લીધી, ક્ષમા માગી અને બન્ને લશ્કર છૂટી ગયા. ખબર પડવાથી ગુણધારણના પિતા પણ ત્યાં આવી પહોંચ્યા સર્વેને આનંદ થયો. નગર પ્રવેશ થયો. જયકુંજર હાથીપર મધુવારણ અને ગુણધારણ બેઠા, પછવાડે કુલંધર, આકાશમાં વિદ્યાધરો અને હાથણીપર માતાજી વિગેરે સ્ત્રીમંડળ. વિદ્યાધરોનો સારો સત્કાર કરવામાં આવ્યો અને તે રાત્રે ગુણધારણ અને મદનમંજરીએ મહા સુખ ભોગવ્યું. પૃષ્ઠ. ૧૮૭૪-૧૮૮૪

**પ્રકરણ ૪ થું. કંદમુનિ. રાજ્યપ્રાપ્તિ. ગૃહસ્થધર્મ.** બીજે દિવસે પ્રભાતે ગુણધારણને કુલંધરે જણાવ્યું કે આગલી રાત્રે તેણે સ્વપ્નમાં પાંચ મનુષ્ય જોયા. તેઓના કહેવા પ્રમાણે ગુણધારણને સર્વે સારી બાબતો તેઓ કરતા હતા. ગુણધારણ એ વાત સમજી ન શક્યો. તેના સાસરા કનકોદરને સ્વપ્નમાં ચાર મનુષ્યો આવ્યા હતા તે કોણ અને આ પાંચ કોણ? એ વાતની પણ એને શંકા થઈ. કોઇ જ્ઞાનીનો યોગ થાય ત્યારે પૂછવા તેણે નિર્ણય કરી રાખ્યો. કનકોદર રાજાના સપક્ષી અને વિપક્ષી સર્વે વિદ્યાધરોનો યોગ્ય સત્કાર કરી સર્વેને વિદાય કર્યા. ગુણધારણે ત્યાર પછી મદના સાથે વિલાસ અને કુલંધર સાથે મૈત્રીનો સારો આનંદ ભોગવ્યો.

આહ્લાદમંદિરમાં પત્ની અને મિત્ર સાથે ફરતાં કંદમુનિ નામના સાધુનો એકવાર યોગ થયો. ગુણધારણે દેશના સાંભળી. અંતરમાં સદાગમ સમ્યગ્દર્શન ખડા થયા અને ગુણધારણે તેની સાથે મૈત્રી માંડી. તે વખતે ચિત્તવૃત્તિમાં મોહરાજાના સૈન્યમાં ખળભળાટ થયો અને ચારિત્રધર્મરાજે મંત્રી સાથે સલાહ કરી ગૃહિધર્મને તેની પત્ની સદ્ગુણરક્તતા સાથે મોકલ્યો. વિચારને પરિણામે નિર્ણય થયો કે હજુ વિદ્યાસાથે લગ્ન કરવાનો વખત આવ્યો નથી. કંદમુનિ દેશના દેતા હતા ત્યાં સદર ગૃહિધર્મ આવી પહોંચ્યો અને તેને ગુણધારણે સારો આદર આપ્યો. દેશના સાંભળી ગૃહિધર્મ આદરી ગુણધારણે સ્વપ્નાંતર્ગત મનુષ્યોનો ખુલાસો પૂછ્યો જેના જવાબમાં કંદમુનિએ એ બાબત નિર્મળ કેવળી નામના ગુરૂને પૂછવા જણાવ્યું. કંદમુનિએ અન્યત્ર વિહાર કર્યો. મધુવારણ રાજા ક્રમે આરાધના કરી કાળધર્મ પામ્યા. ગુણધારણને રાજ્ય મળ્યું. એણે આસક્તિ વગર રાજ્ય પાળ્યું અને ગૃહિધર્મની સેવના કરી. પૃષ્ઠ. ૧૮૮૪-૧૮૯૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૫ મું. નિર્મળાચાર્ય-સ્વપ્નવિચાર.** એક દિવસ કલ્યાણ નામના સેવકે ગુણધારણ રાજાને જણાવ્યું કે આહ્લાદમંદિર ઉદ્યાનમાં નિર્મળાચાર્ય કેવળી પધાર્યા છે. રાજાને સમાચારથી ઘણો આનંદ થયો. રાજા વંદન કરવા ગયા ત્યારે સૂરિમહારાજ દેશના આપતા હતા. 'સંસારમાં ખરું સુખ નથી, ખરું સુખ શાશ્વત અમૂર્ત દશામાં છે તે તો માત્ર સિદ્ધ જીવોને છે. સંસારમાં તો નિઃસ્પૃહ દશાવાળા ત્યાગીઓને સુખ છે'–આ દેશનાનો સાર હતો. કંદમુનિના સવાલથી રાજાને સ્વપ્નને અંગે જે સંશય થયો હતો તેનો ખુલાસો કેવળી મહારાજે કરવા માંડ્યો. કનકોદરે સ્વપ્નમાં ચાર મનુષ્યો અને કુલંધરે પાંચ જોયા હતા અને તે રાજાનું હિત કરનાર હતા તે કોણ હતા તેનો ખુલાસો કેવળીએ કરવા માંડ્યો. પ્રથમ તો અસંવ્યવહાર નગરથી માંડીને અત્યાર સુધીનો સંસારીજીવનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી કહ્યું કે અંતરંગ રાજ્યમાં તેને અંગે ઘણી ખટપટો થઇ છે. હિત કરનાર ચારિત્રરાજને ધકેલી એના અંતરંગ રાજ્યના ધણીધોરી મહામોહ વિગેરે થઈ બેઠા છે. કનકોદરને સ્વપ્નમાં ચાર મનુષ્યો આવ્યા તે કર્મપરિણામ, કાળપરિણતિ, સ્વભાવ અને ભવિતવ્યતા હતા. કુલંધરના સ્વપ્નમાં પાંચ આવ્યા તેમાં સદર ચાર ઉપરાંત પાંચમો પુણ્યોદય હતો. ગુણધારણરાજાને જે સુખ થાય છે તે કરી આપનાર એ પાંચ મનુષ્યો હતા. આટલો ખુલાસો કરી કેવળી મૌન રહ્યા. પૃષ્ઠ. ૧૮૯૫-૧૯૦૪

**પ્રકરણ ૬ ઠું. કાર્યસાધક કારણસમાજ.** ખુલાસા ઉપર પ્રશ્નપરંપરા ચાલી અને કેવળીએ ખુલાસા આપ્યા. અગાઉના ભવોમાં પુણ્યોદયે કેવું કામ કર્યું હતું તેની વિગત સમજાવી, પણ જણાવ્યું કે સંસારીજીવે કદિ પુણ્યોદયને ઓળખ્યો નહિ અને હિંસાવૈશ્વાનરાદિને ઉપકાર કરનાર જાણ્યા. પુણ્યોદય સાથે છતાં વચ્ચે વચ્ચે દુઃખો કેમ થયાં તેના જવાબમાં કેવળીએ કહ્યું કે ચિત્તવૃત્તિમાં ચારિત્રરાજ અને મોહરાજનાં બે લશ્કરો સાથે જ રહેતાં આવ્યાં છે. કર્મપરિણામ મોટા રાજા છે. એને મોહરાય તરફ પક્ષપાત છે પણ જીવનું વીર્ય કેટલું છે તે જોયા કરે છે અને જે લશ્કરનું જોર થાય ત્યાં ઢળી પડે છે. એ રાજાને પુણ્યોદય અને પાપોદય નામના બે સેનાપતિઓ છે. એ પાપોદય દુઃખ આપે છે અને આત્મવિગોપન કરાવે છે. એ પાપોદય સ્વતંત્ર નથી. સદાગમ જીવની પાસે આવ્યો ત્યારથી એનું જોર નરમ પડ્યું છે, પણ જ્યારે જ્યારે તેને દૂર કરવામાં આવતો ત્યારે વળી ઉપાધિ વધતી હતી. પછી સમ્યગ્દર્શન આવ્યા ત્યારે પાપોદયનું લશ્કર વધારે દૂર ગયું. એમ સુંદર અસુંદર વસ્તુના મેળાપ વારંવાર થયા. મધુવારણને ત્યાં આવ્યો ત્યારે પાપોદય વધારે દૂર ગયો અને પુણ્યોદય નજીક આવ્યો. એ રીતે પેલા ચાર પુરૂષો સર્વ સુંદર અસુંદરનો યોગ કરાવતા રહ્યા છે. ત્યારે જીવનું પોતાનું એમાં કાંઈ ચાલે કે એ તો ઊભો ઊભો જોયા જ કરે? એવો સવાલ થતા કેવળીએ જણાવ્યું કે સર્વનો નાયક તો સંસારીજીવ જ છે અને સુખ દુઃખનું કારણ તેની યોગ્યતા જ છે અને પેલા ચારે તો સહકારી કારણ છે, સંસારપ્રપંચ ગોઠવનાર એની યોગ્યતા જ છે અને છેવટે તેથી એના ઉપર જ છેવટનો આધાર છે. એ સર્વનું પરમ કારણ નિર્વૃતિ નગરીના સુસ્થિતરાજ મહારાજા છે. એ રાજા અનેક છતાં એક છે, રાગદ્વેષ રહિત છે અને છતાં આજ્ઞા દ્વારા કારણ-

જૈન સાઇટ JAINSITE.com

ભૂત બને છે. તેઓની આજ્ઞા છે કે **ચિત્તવૃત્તિને અંધકાર વગરની અને ચોકખી રાખવી, મહામોહરાજાના લશ્કરને શત્રુ તરીકે ઓળખવું અને તેને હણવું, ચારિત્રરાજના લશ્કરને હિત કરનાર ગણવું અને પોષવું.** આજ્ઞાનો ભંગ ન થવો જોઇએ. ભંગ પ્રમાણે દુઃખ થાય છે અને તે સદર મનુષ્યો દ્વારા થાય છે. આ આખો કાર્યસાધક કારણસમાજ છે. આવી રીતે સ્વપ્ન સંબંધી રાજાના સંશયનો નિર્ણય થયો. પૃષ્ઠ. ૧૯૦૮-૧૯૧૬

**પ્રકરણ ૭ મું. સંપૂર્ણ સુખ અને દશ કન્યાઓ.** ગુણધારણે પ્રસંગનો લાભ બરાબર લીધો.. પોતાને નાનાં નાનાં સુખો થયાં તે સર્વ પુણ્યોદયથી થયાં છે તે વાત પણ તેણે જાણી લીધી. તેણે જાણ્યું કે પુણ્યોદય પોતાનાં શુભ ફળો બીજાની મારફત અપાવે છે. પાપોદય પણ તેમ જ કરે છે. કારણોની વિચારણાની ટુંકી વ્યાખ્યા ગુણધારણે સ્પષ્ટતા ખાતર કરી બતાવી (જુઓ પૃ. ૧૯૧૮ બ્લાક ટાઇપ). પછી એ સુખને થોડું સુખ કેવળીએ કહ્યું તો ખરૂં મોટું સુખ કયાં મળે? તેવો સવાલ ગુણધારણે પૂછતાં કેવળીએ જણાવ્યું કે એ સુખ તો અનુભવથી જ મળે તેમ છે અને તે તો દશ કન્યા સાથે લગ્ન થાય ત્યારે મળે. એ દશ કન્યાની ઓળખાણ ગુરૂમહારાજે કરાવી. **ચિત્તસૌંદર્યનગરે શુભપરિણામ** રાજાની **નિષ્પ્રકંપતા** અને **ચારૂતા** નામની રાણીઓથી અનુક્રમે (૧) **ક્ષાન્તિ** અને (૨) **દયા** નામની કન્યાઓ છે; **શુભ્રમાનસનગરે શુભાભિસન્ધિ** રાજાની **વરતા** અને **વર્યતા** નામની રાણીઓથી અનુક્રમે (૩) **મૃદુતા** અને (૪) **સત્યતા** નામની કન્યાઓ છે; **વિશદમાનસનગરે શુદ્ધાભિસન્ધિ** રાજાની **શુદ્ધતા** અને **પાપભીરૂતા** નામની રાણીઓથી (૫) **ઋજુતા** અને (૬) **અચોરતા** નામની કન્યાઓ છે; **શુભ્રચિત્તપુર** નગરે **સદાશય** રાજાની **વરેણ્યતા** રાણીથી (૭) **બ્રહ્મરતિ** અને (૮) **મુક્તતા** નામની કન્યાઓ છે; **સમ્યગ્દર્શન** સેનાપતિએ પોતાના વીર્યથી (૯) **માનસીવિદ્યા** નામની કન્યા ઉત્પન્ન કરી છે અને મહારાજા **ચારિત્રરાજે** વિરતિ મહાદેવીથી (૧૦) **નિરીહતા** નામની કન્યા ઉત્પન્ન કરી છે, **કર્મપરિણામ મહારાજા** દેવી કાળપરિણતિને પૂછીને પુણ્યોદયને આગળ કરી એ દશે કન્યાના માબાપને અનુકૂળ કરી એ કન્યાઓને છ માસ પછી પરણાવશે પણ એ કન્યાઓને યોગ્ય થવા માટે સદ્ગુણોનું સેવન કરવું જોઇએ. એ ગુણો કયા કયા છે તેનું વિસ્તારથી વર્ણન પણ કેવળીએ કરી બતાવ્યું. એ દશ કન્યાને પરણ્યા પછી કેવો આનંદ થશે તે પણ વર્ણવી બતાવ્યું. દીક્ષા લેવાની ભાવના ગુણધારણને તે જ વખતે થઇ આવી, પણ કેવળી ભગવાને ઉતાવળ ન કરવા કહ્યું. ગુણધારણે ગુણોનું અનુશીલન કરવાનું આદરી દીધું. સદ્બોધ મંત્રીની સલાહ પ્રમાણે કરવાનું સ્વીકારી આનંદમગ્ન હૃદયે તે નગરમાં પાછો ફર્યો. પૃષ્ઠ. ૧૯૧૬-૧૯૩૩

**પ્રકરણ ૮ મું. ભીષણ આંતર યુદ્ધ-વિદ્યા સાથે લગ્ન.** ભગવાનની સેવામાં ગુણધારણના કેટલાક દિવસો પસાર થયા. એક રાત્રે ભાવના ભાવતાં ભાવતાં ગુણધારણને સહજ નિદ્રા આવી ગઇ ત્યાં સદ્બોધ મંત્રી વિદ્યા કન્યા સાથે હાજર થયા અને ગુણધારણ સાથે એ કન્યાના તે જ રાત્રે લગ્ન કર્યાં. પ્રભાતે ગુણધારણ નિર્મળાચાર્ય પાસે ગયો, વાત કરી. ભગવાને જણાવ્યું કે રાત્રે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદ્બોધ મંત્રી વિદ્યાને લઇને આવ્યા હતા. તે સમાચારથી મોહરાજાની સભામાં ભારે ખળભળાટ થઇ ગયો હતો. **વિષયાભિલાષે** વાતની મહત્તા બતાવી. **જ્ઞાન**-સંવરણ રાજા ભારે જુસ્સામાં આવી ગયા અને લડવા નીકળી પડ્યા. બન્ને લશ્કર વચ્ચે મોટું યુદ્ધ થયું. **કર્મપરિણામ** રાજા જે હમણા હમણા ચારિત્રરાજનો પક્ષ કરતા થયા હતા તે સંશયારૂઢ થયા અને કાંઇક તટસ્થભાવે રહ્યા. ત્યાં તો ગુણ-ધારણ ભાવનારૂઢ થયો એટલે પાપોદયનું સૈન્ય નરમ પડ્યું, પાછું હઠયું અને તે જ રાત્રે **વિદ્યાસાથે ગુણધારણના** લગ્ન થયા વધારામાં ભગવાને જણાવ્યું કે એ શત્રુઓ અત્યારે જરા દૂર જઈ બેઠા છે પણ એનાથી સાવધ રહેવાની બહુ જરૂર છે, કારણ કે તક મળતાં એ જરૂર જોર કરે તેવા છે. ગુણધારણે એ વાત માન્ય કરી. કેવળીએ અન્યત્ર વિહાર કર્યો. પૃષ્ઠ. ૧૯૩૩-૧૯૪૦

**પ્રકરણ ૯ મું. નવ કન્યા સાથે લગ્ન. ઉત્થાન. પ્રગતિ.** કેવળીના ગયા પછી ગુણધારણે ઉપદિષ્ટ અનુષ્ઠાનો કરવાં માંડયાં. સદ્બોધે **ધર્મ** અને **શુક્લ** નામના સમાધિ પુરૂષો સાથે ગુણધારણને પરિચય કરાવ્યો અને **પીતા પદ્મા** અને **શુક્લા** નામની ત્રણ સ્ત્રીઓ સાથે ઓળખાણ કરાવી અને બન્ને સાથે પ્રેમ કરવાના લાભો જણાવ્યા. વિદ્યાદિ પૂર્વસ્નેહીઓના અનુશીલનમાં પાંચ માસ પસાર થયા એટલે **કર્મપરિણામ** રાજા વધારે અનુકૂળ થયા અને પ્રત્યેકને નગરે જઇ **શુભપરિણામ શુભાભિસન્ધિ શુદ્ધાભિસન્ધિ** અને **સદાશય** રાજાઓને મળી તેમની કન્યાઓ મને આપે એમ ગોઠવી આવ્યા. પછી તેઓને જૈનનગરે પધાર-વાનું કહેણ મોકલ્યું અને તેઓ આવ્યા ત્યારે માન આપ્યું અને લગ્નનો દિવસ મુકરર કર્યો.

આ સર્વ વાતથી **મોહરાજાના** સૈન્યમાં મોટો ખળભળાટ થયો. **વિષયાભિ**-લાષ મંત્રીએ કહ્યું કે નવ કન્યા સાથે લગ્ન સંસારીજીવના થશે તો બહુ ભુંડું થશે; પણ બીજો ઉપાય ન હોવાથી હાલ છુપાઇ રહેલું અને લાગ આવ્યે ઘેરો ઘાલવો. ભવિતવ્યતાએ પણ એમ જ કરવાની સલાહ આપી અને વખતે આવ્યે ખબર આપવાનું વચન આપ્યું. તેઓ **ચિત્તવૃત્તિમાં** ગુપ્ત રીતે ભરાઇ ગયા. એની અસ-રથી દીક્ષા આકરી લાગી પણ **સદ્બોધે** સપાટો લગાવ્યો અને કર્મપરિણામે પોતાનું બળ બતાવવા સૂચવન કર્યું. સદ્બોધ સાથે પછી ગુણધારણ ચિત્તસમા-ધાન મંડપમાં ગયો અને ચારિત્રરાજનું જબરૂં લશ્કર બતાવ્યું. આ બધી તૈયારી જોઇ મોહરાજા ભયભીત થઇ ગયો. આખરે મોહરાજને રહેવાનાં સ્થાનો ભાંગી નાખ્યાં. દુશ્મનોમાંના કેટલાક ભાગી ગયા અને બીજા અટવીમાં છુપાઇ ગયા. છેવટે મોટા પાયા ઉપર લગ્ન સમારંભ થયો. આઠ ( પ્રવચન ) માતાઓનું સ્થા-પન કરવામાં આવ્યું. બીજે દિવસે નિઃસ્પૃહતા વેદીને સાફ કરી, સ્નાન વિલેપન વિગેરે કરવામાં આવ્યા, સદ્બોધ મંત્રી ગોર થયા, કર્મ નામનાં લાકડાંને સળગાવ્યાં, હોમ કર્યો, સદાગમ જોશી થયા, નવ કન્યા ( **વિદ્યા** સિવાયની-વિદ્યા આગલા પ્રકરણમાં પરણી હતી તેથી ) સાથે લગ્ન થયા. બીજી પણ ધૃતિ, શ્રદ્ધા, મેધા, વિવિદિષા, સુખા, મૈત્રી, પ્રમુદિતા, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ, કરૂણા વિગેરે અનેક કન્યાઓ સાથે લગ્ન થયા અને તેમની સાથે ગુણધારણે ખૂબ આનંદ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં **નિર્મળાચાર્ય** પણ આવી પહોંચ્યા. પછી ગુણધારણે તેમની પાસે દીક્ષા લીધી. તે વખતે યોગ્ય મહોત્સવ થયો. સૂત્ર ભણ્યા. ઘણો કાળ સાધુ દશામાં ગાળી અંતે સંલેખના કરી પ્રથમ ગ્રૈવેયકે ગુણધારણ દેવ થયો. ત્યાંથી સિદ્ધપુરે **ગંગાધર** થયો. દીક્ષા લઈ ચારિત્ર પાળી બીજે ગ્રૈવેયકે ગયો. અનુક્રમે મનુષ્ય થઈ પાંચે ગ્રૈવેયકે જઈ આવ્યો. પૃષ્ઠ. ૧૯૪૦-૧૯૫૫.

**પ્રકરણ ૧૦ મું-ગૌરવોથી અધઃપાત.** ધાતકીખંડના ભરતના શંખનગરમાં સંસારીજીવ **સિંહ** નામે થયો. બાળવયમાં દીક્ષા લીધી. દ્વાદશાંગી અને ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. સદાગમની કૃપાથી બહુ વિદ્વાન થયો. નાનપણમાં આચાર્ય પદે એની સ્થાપના થઇ. એની ખ્યાતિ ઘણી વધી પડી એટલે **ભવિતવ્યતાને** એના ઉપર દ્વેષ થયો. એણે **મોહરાજાના** લશ્કરમાંથી **પાપોદય** વિગેરેને બોલાવ્યા. **પાપોદયને** મોખરે મૂક્યો, **જ્ઞાનસંવરણ** રાજાને અને **મિથ્યાદર્શનને** સંસારીજીવ નજીક મૂક્યા, શૈલરાજ અને ગૌરવને પડખે ચઢવા કહ્યું અને પછવાડેથી આર્ત્તાશય અને રૌદ્રાભિસન્ધિને ઘેરો ઘાલવા ગોઠવણ કરી. બધી રીતની વ્યૂહરચના કરી દીધી. અહીં **સિંહાચાર્ય** અભિમાને ચઢ્યા, પોતે ઘણા જબરા છે એમ ભાન થયું, જાણતા છતાં ભૂલ્યો, સમજ્યો છતાં ન સમજ્યો અને જ્ઞાનસંવરણને વશ પડી આખરે સદાચાર પૂર્વ ભૂલ્યો. પછી પ્રમાદે પડ્યો, ગૌરવોમાં ફસાયો અને અનુષ્ઠાનોમાં શિથિળ થયો. એટલે પછી આર્ત રૌદ્ર થવા માંડ્યા અને કૃષ્ણાદિ ત્રણે બાળાઓએ પણ તેના ઉપર સામ્રાજ્ય સ્થાપન કર્યું. ચિત્તવિક્ષેપ મંડપ ફરીવાર બંધાઈ ગયો, વિપર્યાસ સિંહાસન ગોઠવાઇ ગયું અને ચારિત્રરાજના પરિવારને છુપાઇ જવાનો વખત આવ્યો. આવી રીતે **સિંહાચાર્યનો** અધઃપાત થતો ચાલ્યો.

પૃષ્ઠ. ૧૯૫૬-૧૯૬૩.

જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રકરણ ૧૧ મું-રખડપાટો.** ગૌરવ, આર્તાશય અને કૃષ્ણાદિ ત્રણ સ્ત્રીઓનાં સામટાં કાર્યથી શિથિળતા વધી. અંતે **આયુષ્યરાજ** અને **ભવિતવ્યતા** મળી ગયા અને સિંહાચાર્યને એકાક્ષનિવાસ નગરે મોકલવા યોગ્ય બનાવ્યો. પછી એ પુદ્ગળાનંદી થયો. સાચો માર્ગ વીસરી ગયા. આખરે **એકાક્ષનિવાસ** નગરે ગયો. ત્યાં ખૂબ રખડ્યો. પછી **પંચાક્ષપશુસંસ્થાને** ફર્યો. વળી વિબુધાલયમાં ગયો અને ચારે તરફ ખૂબ રખડ્યો એમ કરતાં માનવાવાસે આવ્યો. ત્યાં અનેક અજ્ઞાન તપ કર્યાં. વળી વિબુધાલયમાં ગયો. એમ ખૂબ રખડ્યો, ભટક્યો, હેરાન થયો, દ્રવ્ય દીક્ષા લીધી. એ સર્વ ભ્રમણનું કારણ **સિંહના** ભવમાં કરેલી શિથિળતાઓ હતી અને તેનું અંતિમ કારણ તો જીવ પોતે જ હતો. આવી રીતે સંસારીજીવે બીજા **પ્રસ્તાવના** સાતમા પ્રકરણથી કહેવા માંડેલું ચરિત્ર પૂર્ણ કર્યું.

પૃષ્ઠ. ૧૯૬૪-૧૯૭૧.

## સંસારીજીવ કથા સંપૂર્ણ.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# પ્રસ્તાવ ૮–વિભાગ બીજો.

## સર્વ સંમિલન. ચોરાકાર ધારણ કારણ ( પ્રકરણ ૧૨-૧૫ ).

**પ્રકરણ ૧૨ મું-અનુસુંદર.** અગૃહીતસંકેતા આખી વાર્તા બરાબર સાંભળી રહી હતી. વાર્તા પૂરી થતાં તે બોલી કે રખડપાટાનું કારણ આજ્ઞાવિરાધન પણ છે એમ તેને જણાય છે. સંસારીજીવે એ વાત માન્ય રાખી. પછી સંસારીજીવે વાર્તા આગળ ચલાવી. ચોરાકાર ધારણ કરવાનું કારણ કહેવા માંડ્યું. છેલ્લા ગ્રૈવેયકથી ભવિતવ્યતા સંસારીજીવને મનુજગતિના મહાવિદેહ પાડામાં આવેલા સુકચ્છ વિજયમાં આવેલી ક્ષેમપુરીમાં લઇ આવી. યુગંધર રાજાની રાણી નલિનીએ ચૌદ સ્વપ્ન જોયાં. જન્મ થતાં વધામણીઓ દેવાઈ. એનું અનુસુંદર નામ પડ્યું. યોગ્ય અભ્યાસ એણે કર્યો. આખા સુકચ્છવિજયને સાધી અનુસુંદર ચક્રવર્તી થયો. એણે ૮૪ લાખ પૂર્વ રાજ્ય ભોગવ્યું. એ અનુસુંદર ચક્રી ફરતા ફરતા એક વખત શંખપુર નામના પોતાના તાબાના નગરમાં આવી પહોંચ્યા અને પોતે લટાર મારતાં લશ્કરને પછવાડે રાખી ચિત્તરમ ઉદ્યાનમાં આવી પહોંચ્યા. પૃષ્ઠ. ૧૯૭૨-૧૯૭૮.

**પ્રકરણ ૧૩ મું-સુલલિતા અને મહાભદ્રા.** હવે કેટલાક ખુલાસા પણ સંસારીજીવ પોતે જ કરે છે. અગાઉ જે ગુણધારણના ભવ વખતે કંદમુનિ હતા તે પણ સંસારમાં રખડ્યા. એકવાર એણે માયાકપટ કર્યું એટલે ભવિતવ્યતા એને એ જ વિજયના હરિપુર શહેરમાં લઇ આવી. ત્યાં ભીમરથ રાજા અને સુભદ્રા રાણીને સમંતભદ્ર નામનો પુત્ર હતો અને તેના ઉપર કંદમુનિના જીવને મૂકી પુત્રી અવતાર તે જ રાજાને ઘરે આપ્યો અને તેનું નામ મહાભદ્રા પાડવામાં આવ્યું. સમંતભદ્ર રાજકુમારે સુઘોષ મુનિ પાસે દીક્ષા લીધી. એને યોગ્ય જાણી ગુરૂએ આચાર્યપદ આપ્યું અને એ સમંતભદ્રાચાર્યના નામથી દુનિયામાં પ્રસિદ્ધ થયા. હવે ભીમરાથ રાજાએ મહાભદ્રાને ગંધપુરના દિવાકર સાથે પરણાવી પણ એ તુરતમાં વિધવા થઇ. એણે સમંતભદ્ર પાસે દીક્ષા લીધી અને યોગ્ય કાળે એને પ્રવર્તિની પદ પ્રાપ્ત થયું. આ મહાભદ્રાની વાત થઇ.

મહાભદ્રા સાધ્વી ફરતાં ફરતાં રત્નપુર ( એ જ વિજયમાં ) નગરે પહોંચ્યા. ત્યાં મગધસેનરાજા અને સુમંગળારાણીને ઘરે ગુણધારણની પત્ની મદનમંજરી હતી તે પુત્રી પણે અવતરી એનું સુલલિતા નામે પડયું. એને યૌવન વયે પુરૂષપર દ્વેષ થયો. મહાભદ્રા સાધ્વીએ દેશના આપી. એ મુગ્ધા ભોળી સુલલિતા કારણ સમજી શકી નહિ પણ એને મહાભદ્રા તરફ ઘણો પ્રેમ થયો. એણે ભગવતીની સેવા કરવા રહેવા ઇચ્છા જણાવી. રાજા રાણીએ પુત્રીમોહથી અનિચ્છાએ રજા આપી પણ શરત કરી કે તેમની રજા વગર તેનાથી દીક્ષા ન લઇ શકાય. એ વાત માન્ય થઇ. એ સાધ્વી સાથે ઘણો કાળ ફરી પણ જ્ઞાનાવરણીયનો આકરો ઉદય હોવાથી ભણેલું ભૂલી જાય અને એને પાઠ ચઢે નહિ એવી એની દશા થઇ. મહાભદ્રા સાધ્વી એક વખત ફરતાં ફરતાં શંખપુરનગરે આવી પહોંચ્યા. સુલલિતા તેની સાથે હતી પણ ગૃહસ્થ વેશમાં હતી. આ સાધ્વી અને સ્ત્રીસમુદાય એ નગરના નંદશેઠને ઘેર શાળામાં ઉતર્યા હતા. આ સુલલિતાની વાત થઇ. પૃષ્ઠ. ૧૯૭૯-૧૯૮૨.

જૈનસાઈટ JAINSITE.com જૈનામ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૧૪ મું—પુંડરીક અને સમંતભદ્ર.** એ **શંખપુર** જ્યાં સર્વ એકઠા થયા હતા તેનો રાજા **શ્રીગર્ભ** હતો. એની રાણી **કમલિની** તે **મહાભદ્રા**ની માસી થાય. એ રાજારાણીને પુત્ર ન થાય. ઘણી માનતા માન્યા પછી ભવિતવ્યતાએ ગુણધારણના મિત્ર કુલંધરને ત્યાં મોકલ્યો. રાણીને સ્વપ્ન આવ્યું. પુત્રની આગાહી થઇ. આખરે પુત્ર જન્મ્યો. સમંતભદ્રને કેવળજ્ઞાન થયું હતું એમણે આ પુત્રને આગમના ધારણ કરનાર તરીકે જણાવ્યો. એ નવા પુત્રનું નામ **પુંડરીક** પાડવામાં આવ્યું.

ભોળી **સુલલિતા** ફરતી ફરતી **સમંતભદ્ર** કેવળી પાસે આવી ત્યારે કેવળી પેલા પુંડરીકના વખાણ કરી રહ્યા હતા અને બોલતા હતા કે અત્યારે એ બાળકને કર્મપરિણામ અને કાળપરિણતિએ ઉત્પન્ન કર્યો છે. **સુલલિતા**ને સંદેહ થયો કે કર્મપરિણામ એ બાળકનો પિતા કેમ હોઇ શકે? અને આચાર્ય ભવિષ્યત્ ગુણોની વાત કેમ કરી શકે? મહાભદ્રાએ કર્મપરિણામને સર્વના પિતા તરીકે જણાવ્યો અને તે વાતનું રહસ્ય સમજાવ્યું. લોકોમાં વાત કરનારને **સદાગમ** તરીકે ઓળખાવ્યા અને પુંડરીકના જન્મથી સદાગમને આનંદ થવાનું કારણ સમજાવ્યું.

પછી **મહાભદ્રા**એ **સુલલિતા**ને **સદાગમ** મહાત્મા સાથે પરિચય કરાવ્યો. નવા બાળકને સાવધાન રહી તપાસવાની ભલામણ મહાભદ્રાને કરી કેવળી સમંતભદ્ર અન્યત્ર ગયા. આ બાજુ પુંડરીક વધતો ગયો. એને મહાભદ્રાપર ઘણો પ્રેમ હતો. એકદા સમંતભદ્ર ફરીવાર શંખપુરના ચિત્તરમ ઉદ્યાનમાં પધાર્યા. પુંડરીકે દૂરથી આચાર્ય કેવળીને જોયા એટલે આનંદ થયો અને એ કોણ છે એમ સાધ્વી **મહાભદ્રા**ને એણે પૂછ્યું. સાધ્વીએ લાભનું કારણ જાણી એ **સદાગમ** છે એમ કહ્યું. એ વખતે પુંડરીકને કેવળીમહારાજને રાજીખુશીથી સોંપી આપ્યો અને ભગવાનની પાસે પુંડરીકે આગમનો અભ્યાસ કર્યો. પૃષ્ઠ. ૧૯૯૩-૧૯૯૯.

**પ્રકરણ ૧૫ મું—ચક્રવર્તી-ચોર.** સંસારીજીવ કહે છે કે એક વખતે એ જ **ચિત્તરમ** ઉદ્યાનમાં **સમંતભદ્ર** ઉપદેશ આપતા હતા, સામે **મહાભદ્રા** બેઠા હતા, બાજુમાં **સુલલિતા** બેઠી હતી, જરા દૂર **પુંડરિક** ગુરૂવક્તવ્ય સાંભળતો હતો, ત્યાં ચક્રવર્તીની સેનાનો અવાજ રસ્તા ઉપરથી આવ્યો. આવો મોટો અવાજ શેનો હશે એવો સવાલ ભોળી **સુલલિતા**એ **મહાભદ્રા** પ્રવર્તિનીને પૂછ્યો. પ્રવર્તિનીએ કેવળી તરફ જોયું એટલે ઉપદેશની બરાબર તક જોઈ કેવળી બોલ્યા '**મનુજગતિ**માં **મહાવિદેહ** બજાર છે. તેમાં **સંસારીજીવ** નામનો ચોર આજ મુદ્દામાલ સાથે પકડાયો. એને **દુષ્ટાશય** વિગેરે સિપાઇઓ **કર્મપરિણામ** રાજા પાસે લઈ ગયા. રાજાએ એને ફાંસીની સજા કરી. એને અત્યારે **પાપીપંજર**માં ફાંસીએ લઈ જાય છે. વધસ્થાનકે લઇ જાય ત્યારે થતો આ શોરબકોર છે.' આવો વિચિત્ર ખુલાસો સાંભળી **સુલલિતા** આશ્ચર્યમાં પડી. આચાર્યે એને **અગૃહીતસંકેતા**ના નામથી બોલાવી. વિચક્ષણ **મહાભદ્રા** આશય સમજી ગઈ અને જાણ્યું કે ચોરને પોતાના દર્શનથી છૂટવાનું બનશે. એટલે **મહાભદ્રા** ચક્રવર્તી પાસે આવી. ચક્રવર્તીએ ચોરનો આકાર ધારણ કર્યો. આચાર્ય પાસે આવ્યો એટલે સિપાઇઓ બહાર રહી ગયા. આચાર્યે એને અભય આપ્યું. ત્યાં આવ્યા પછી ચોરાકાર ધારણ કરનાર ચક્રવર્તીએ પોતાનું આખું ચરિત્ર કહી સંભળાવ્યું. આવી રીતે વાતની પીઠિકા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવાબમાં ખુલાસો કરતાં ચોરે કહ્યું કે પોતે જ ચક્રવર્તી અનુસુંદર છે, મહાભદ્રા તે પ્રજ્ઞાવિશાળા છે, સુલલિતા તે અગૃહીતસંકેતા છે અને સદાગમ તે આચાર્યકેવળી સમંતભદ્ર છે અને પુંડરીક તે ભવ્યપુરૂષ યા સુમતિ છે. પછી પોતે અંતરંગ ચોરી કેવી રીતે કરી હતી તેની વિગત અનુસુંદરે સમજાવી. જણાવ્યું કે અનુસુંદર તરીકે એનો જન્મ થયો ત્યારથી અંદરના શત્રુઓ ભારે જોરમાં આવી ગયા હતા, પોતે પાપમાં રક્ત થઈ ગયો હતો, વિષયાસક્ત અને હિંસા મોહમાં ચકચૂર થઈ ગયો હતો. આથી ચિત્તવિક્ષેપ મંડપ આખો બરાબર બંધાઈ ગયો હતો. પાપ વધતાં એ હેરાન થયો અને પાપીપંજરમાં જવા યોગ્ય થયો. ચક્રવર્તીની બાહ્ય સ્વારી એ એને વધસ્થાનકે લઈ જનારી સ્વારી જ હતી. એવા સ્વરૂપે પોતે ચિત્તરમ ઉદ્યાન નજીક આવ્યો. આચાર્યે વાત કરી તે સાંભળી, મહાભદ્રા તેની પાસે ગઇ, એણે વાત કરી એટલે પોતાને નરકગામી સમજી એ તુરત ચેતી ગયો. મહાભદ્રાને જાતિસ્મરણ જ્ઞાન થયું, ટુંકમાં એણે ચક્રવર્તીને બધી વાત કરી દીધી, ચક્રીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું અને પોતે પુંડરીકને વસ્તુજ્ઞાન આપવા ચોરસ્વરૂપ ધારણ કર્યું હતું-આ પ્રમાણે અનુસુંદરે ખુલાસો કર્યો.

આ સર્વ વાર્તા અનુસુંદરે ત્રણ પહોરમાં પૂરી કરી અને પોતે મૌન રહ્યા, આ આખી વાર્તા અગૃહીતસંકેતા ( સુલલિતા ), પ્રજ્ઞાવિશાળા ( મહાભદ્રા ), ભવ્ય પુરૂષ-સુમતિ ( પુંડરીક ) સાંભળે તેમ સદાગમ ( સમંતભદ્ર ) સમક્ષ સંસારીજીવે ( અનુસુંદરે ) ફરી સંભળાવી. પૃષ્ઠ. ૧૯૮૯-૨૦૦૪.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

## પ્રસ્તાવ ૮-વિભાગ ૩ જો.

મુખ્ય પાત્રોની સંપૂર્ણ પ્રગતિ ( પ્ર. ૧૬-૨૨ ).

**પ્રકરણ ૧૬ મું-અનુસુંદર (ચક્રવર્તી-ચોર)નું ઉત્થાન.** સુલલિતા વાર્તાનું રહસ્ય તો સમજી નહિ પણ એને સંસારીજીવના આખા ચરિત્રમાં રસ ખૂબ પડ્યો. પુંડરીક જે ચૂપ હતો તેણે ચક્રીને પૂછ્યું કે અત્યારે ચિત્તવૃત્તિમાં શું વર્તે છે એટલે ત્યાં ચારિત્રરાજનો વિજય અને ચોતરફ મોહરાયની હાર કેમ થતી જાય છે એ એણે બતાવ્યું, અને પોતાના દીક્ષા લેવાના ભાવ ચક્રીએ વ્યક્ત કર્યાં. એ વાત જણાવતાં ચક્રવર્તીએ પોતાનું ચોર રૂપ ફેરવવા માંડ્યું અને અસલ સ્વરૂપે આવી ગયા. તે વખતે એના સેનાપતિ વિગેરે આવી પહોંચ્યા, પણ ચક્રીને તો હવે એ સર્વ ત્યાજ્ય થઇ પડ્યું. એણે એ જ વખતે પોતાના પુત્ર પુરંદરને રાજા તરીકે જાહેર કર્યો. તે વખતને યોગ્ય ધર્મ ક્રિયા કરવામાં આવી. શંખપુરના શ્રીગર્ભ રાજા ત્યાં તે વખતે અંતઃપુર અને પરિવાર સહિત આવી પહોંચ્યા. પૃષ્ઠ. ૨૦૦૪-૨૦૦૮.

**પ્રકરણ ૧૭ મું-સુલલિતાને પ્રતિબોધ.** અનુસુંદર ચક્રવર્તી મોટી રાજ્ય ઋદ્ધિ છોડી દીક્ષા લેવા તૈયાર થયા એથી સુલલિતાને બહુ નવાઇ લાગી. અનુસુંદર ચક્રવર્તીએ તેને ઉદ્દેશીને તેના પૂરતો ભવપ્રપંચ ફરીવાર કહી સંભળાવ્યો; અસંવ્યવહાર નગરથી માંડીને એને કેટલી વિડંબનાઓ થઇ હતી તે ફરી યાદ કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા અને છતાં એ સમજી નહિ તેથી તેને અગૃહીતસંકેતા કહી. વળી અધમ બાલિશની નીચતા યાદ આપી, મનીષીનાં વચનો સ્મરણમાં આણ્યાં અને વિમળ અકલંકની વાતો તાજી કરી. છેવટે કહ્યું કે હું પોતે જ મદનમંજરી. નિર્મળાચાર્યે કહેલો આખો સંસારપ્રપંચ યાદ આપ્યો. સંસારનાટકનાં વિવિધ રૂપો સંભાર્યાં અને પછી વૈરાગ્ય ન થાય તો ભારે નવાઇની વાત એમ પણ બોલી ગયા. છેવટે બરાબર વિચાર કરવા અને મોહમાં ન પડવા એને આગ્રહ કર્યો.

પુંડરીક આ સર્વ વાત સાંભળી રહ્યો હતો. એને મૂર્છા આવી ગઇ. પછી એણે જણાવ્યું કે કુલંધર પોતે જ હતો એ વાત હવે તેના સ્મરણમાં આવી ગઇ છે ભવપ્રપંચ વિચારતાં એની વૃત્તિ પણ દીક્ષા લેવાની થઇ છે અને તે માટે તેણે પિતામાતાની રજા માગી. માતા રડવા લાગી, પણ પિતાએ તેને ઠેકાણે આણી અને શ્રીગર્ભ રાજા અને કમલિની રાણી પણ દીક્ષા લેવા તૈયાર થયા.

આમ બાજુમાં બેસી વાત સાંભળનાર પુંડરીક વૈરાગ્યરંગે રંગાણો અને પોતે તો એવીને એવી જ રહી એ વિચારથી સુલલિતાને શોક થયો. એ આટલી પછાત કેમ છે એનો ખુલાસો કરતાં અનુસુંદરે જણાવ્યું કે મદનમંજરીના ભવમાં દીક્ષા લીધા પછી તે પ્રમાદમાં પડી ગઇ હતી, કાંઇક ઉંઘ ઉપર રાગ થયો હતો અને અભ્યાસ ઉપર અરૂચિ થઇ હતી. આ કારણે જાણ્યા છતાં પણ અસર ન થઇ એટલે સદાગમનું શરણ લેવા તેને કહ્યું. સદાગમ તરફના ભક્તિભાવથી એનામાં સંવેગ અગ્નિ જાગ્યો, કર્મનું જાળું તૂટ્યું અને સર્વ ભાવો એણે નજરે જોયા. અહીં સદાગમની ભક્તિનાં શુભ ફળો ઉપર અનુસુંદરે વિવેચન કર્યું અને ગુરૂની નિમિત્તકારણતા બતાવી. સુલલિતાને દીક્ષા લેવાના ભાવ થયા પણ માબાપની રજા વગર દીક્ષા ન લેવાનો નિર્ણય અગાઉ કર્યો હતો તે જણાવ્યો. પૃષ્ઠ. ૨૦૦૮-૨૦૨૨.

**પ્રકરણ ૧૮ મું-સાતની દીક્ષા. અનુસુંદરની પ્રગતિ.** આ વાત ચાલતી હતી ત્યાં સુલલિતાના પિતા મગધસેન અને માતા સુમંગળા આવી પહોંચ્યા. દીકરી સુલલિતાને બન્નેએ સમાચાર પુછયા અને ચક્રી અનુસુંદરને નમન કર્યું. દીકરીએ દીક્ષા લેવાની રજા માગી. રાજા રાણીના ભાવ પણ વધ્યા. પોતે પણ દીક્ષા લેવા ઉજમાળ થયા. મગધસેન રાજાએ રત્નપુરનું રાજ્ય પુરંદર ( અનુસુંદરના પુત્ર )ને આપ્યું. અનુસુંદર ચક્રી, શ્રીગર્ભ, કમલિની અને પુંડરીક તથા મગધસેન સુમંગળા અને સુલલિતા એ સાતેએ તે વખતે દીક્ષા લીધી. તે જ રાત્રે અનુસુંદર ધ્યાનારૂઢ થયા અને કાળ કરી સર્વાર્થસિદ્ધે દેવ થયા. તેમના મૃત દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

પોતાના ઉપકારી અનુસુંદરના દેહવિલયથી સુલલિતાને ઘણો ખેદ થયો. સમંતભદ્રસૂરિએ એનો શોક દૂર કર્યો અને મરણ ભય ન રાખવા પર તાત્ત્વિક વિવેચન કર્યું. વળી કહ્યું કે દેવ તરીકેનું આયુષ્ય પુરૂં કરી અનુસુંદર અમૃતસાર થઇ ધર્મારાધન કરશે, દીક્ષા લઇ એ ક્ષાંતિ આદિને બહાર પાડશે, ધૃતિ વિગેરેને બરાબર પરણશે, છેવટે ક્ષપકશ્રેણી માંડી ઘાતીકર્મનો ક્ષય કરી સમુદ્ઘાત કરી શૈલેશીકરણ કરી અઘાતી કર્મોને કાપી મોક્ષ જશે, અનંત જ્ઞાનદર્શનમય થશે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહરાયના કુટુંબથી તદ્દન મુક્ત થશે, ભવિતવ્યતાને છોડી દેશે અને નિરંતર આનંદમાં મગ્ન થશે. પૃષ્ઠ. ૨૦૨૩–૨૦૩૩.

**પ્રકરણ ૧૯ મું–આગમનો સાર.** સંવેગ રંગમાં રંગાયલી સુલલિતાએ ત્યાર પછી આકરાં તપો આદર્યાં. કનકાવળિ, મુક્તાવળિ, સિંહવિક્રિડિત તપો, ભદ્રા વિગેરે પડિમાઓ, વર્ધમાન આયંબિલ તપ અને બીજાં અનેક તપ કરી એણે કર્મોને બાળ્યાં.

પુંડરીક ગીતાર્થ થયા. સમંતભદ્રને એણે એક વખત દ્વાદશાંગી આગમનો સાર શો છે તે પૂછ્યું. આચાર્યે કહ્યું કે સારમાં ધ્યાનયોગ છે, તેને માટે મનઃપ્રસાદ સાધવો જોઇએ અને તે માટે અહિંસાદિ અનુષ્ઠાનો ઠરાવેલાં છે. એટલે અનુષ્ઠાનો એ ધ્યાનનાં અંગ છે

વળી પુંડરીકે કહ્યું કે 'અગાઉ હું ઘણાને મોક્ષને આપે તેવા તત્ત્વસંબંધી પૃચ્છા કરતો હતો તેના જવાબમાં તો કોઈ બુદ્ધિનો લેપ ન કરવાનું કહેતા, કોઈ મહેશ્વર સ્મરણની વાત કરતા, કોઇ વિષ્ણુસ્મરણની ભલામણ કરતા, કોઇ નાડિને સાધન કહેતા, કોઈ બિંદુની ઘટના કહેતા વિગેરે વિગેરે અનેક સાધનો બતાવતાં, તો મહાત્મા! આપે ધ્યાનયોગને દ્વાદશાંગીના સાર તરીકે ગણાવ્યો અને બીજા પણ તેને મળતીજ વાતો કરે છે. ત્યારે પછી એમાં વાંધો શો? તફાવત ક્યાં પડ્યો?' આચાર્યે કહ્યું એના ખુલાસા માટે એક વાર્તા કહું તે સાંભળ. પૃષ્ઠ. ૨૦૩૪–૨૦૪૨.

**પ્રકરણ ૨૦ મું–વૈદ્ય કથાનક–ઉપનય.** આચાર્યે વાર્તા કહી. એક નગરમાં એક સાચો વૈદ્ય હતો. એને દિવ્ય જ્ઞાન હતું. એણે સંહિતાઓ બનાવી હતી. નિષ્પુણ્યક લોકો એની વાત માનતા નહિ. એ વૈદ્ય વ્યાખ્યાન આપતો. એને ઉપશ્રુતિ દ્વારા સાંભળી કેટલાક શ્રોતાઓ નવી સંહિતા બનાવવા લાગ્યા. કેટલાંક વચનો તેમણે સાચાં વૈદ્યનાં લીધાં અને કેટલાંક પોતાનાં ઘુસાડ્યાં. આથી પેલા ઊંટ વૈદ્યો પણ મહાવૈદ્ય તરીકે ઓળખાવા લાગ્યા. છેવટે સાચા ખોટામાં ઘણી ઘુંચ ઊભી થઇ. ઊંટ વૈદ્યો કોઇ વાર કોઇને સારા કરતાં તે તેટલા પૂરતું સાચા વૈદ્યની દવાનું અનુકરણ હતું. કેટલાક તો પોતાની બુદ્ધિ ઉપર જ ચાલ્યા અને સાચા વૈદ્યની દવા લીધી જ નહિ. આવા ઘણા ફાંટાઓ ચાલ્યા. સંપૂર્ણ રોગનાશ તો સાચા વૈદ્યની શાળામાં જ રહ્યો, કારણ કે એને નિદાનનું પાકું ભાન હતું.

**ઉપનય.** સાચા વૈદ્ય તે સર્વજ્ઞ પરમાત્મા. બીજી શાળાઓ તે સાંખ્યાદિ આસ્તિક શાળાઓ. રોગીઓ તે કર્મ રોગથી પીડાતા સંસારી જીવો. ચિકિત્સા કર્મરોગની. જૈન દર્શનની વ્યાપકતા એની ચોખવટમાં છે.

(સમંતભદ્રાચાર્ય કહે છે) આગલા પ્રકરણના સવાલના જવાબમાં કહેવાનું કે સર્વ તીર્થોમાં અંશ સત્ય છે, કારણકે એ સર્વ સર્વજ્ઞ દર્શનનાં ઝરણાં છે. માત્ર વાત કરનારા ધ્યાન કરે તે કહેવા માત્ર છે. મળશુદ્ધિ આરંભાદિથી મૂકાયે જ થાય છે. ઉપાધિરહિત હોય તે ધ્યાનયોગદ્વારા મોક્ષને સાધે છે. સાચા વૈદ્યને સંમત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દવા હોય તે ભલે ઉંટ વૈદ્યે આપેલી હોય તો પણ લાભ જરૂર કરે છે. જે અનુષ્ઠાનો રાગદ્વેષ મોહ વ્યાધિનો નાશ કરનાર છે તે ગમે તે તીર્થને નામે આવે પણ લાભ કરનારાં છે અને ચિત્તને મલીન કરનાર અનુષ્ઠાન અસંમત છે. વિકાસક્રમમાં બાહ્ય વેશને ખાસ સ્થાન નથી. ખરાબ વિચારકલ્લોલથી પાપબંધન થાય છે. પાપ અને પુણ્યથી મધ્યસ્થ રહેવાની જરૂર છે. ઉદાસીનતાથી કર્મનિર્જરા થાય છે. ચિત્તના સંકલ્પજાળાનો નિરોધ કરવાની જરૂર છે. માધ્યસ્થથી મોક્ષસાધન બને છે. ભિન્ન રૂચિ પ્રમાણે સાધનધર્મમાં ફેર પડે તેમાં વાંધો નથી. જૈન યોગમાં વિશેષતા આ પ્રકારે છે તે લક્ષ્યમાં રાખવું-આ પ્રમાણે સમંતભદ્રે વાત કરી.

પૃષ્ઠ. ૨૦૪૩-૨૦૫૩.

**પ્રકરણ ૨૧ મું-વ્યાપક જૈન દર્શન.** જિજ્ઞાસુ પુંડરીકે વળી સવાલ કર્યો. સર્વ પોતપોતાના દર્શનને વ્યાપક કહે છે તો આપ જૈનદર્શનને કયા મુદ્દાથી વ્યાપક કહોછો? આચાર્યે જવાબમાં કહ્યું-એનાં ઘણાં કારણો છે. એનાં દેવ વીતરાગ ગતદ્વેષ અને મોહપર સામ્રાજ્ય મેળવનાર છે. એને દેવનાં નામનો મોહ નથી. દશ ગુણથી યુક્ત ધર્મ પણ એક જ છે. અને તે સ્વર્ગ અને મોક્ષને આપનાર છે. એનો મોક્ષમાર્ગ પણ એક જ છે અને તે નિરતિશય નિરંતર આનંદ આપનાર છે. આ પ્રમાણે અન્ય તીર્થીઓ પોતાના મતને વ્યાપક કહે તો ઝગડો નથી, કારણ કે એમાં ભેદબુદ્ધિને સ્થાન જ નથી જ્યાં આત્માનું અસ્તિત્વ સ્વીકારાતું હોય, આત્મા કર્મમળથી લિપ્ત હોય ત્યાં સંસાર છે, કર્મરહિત થયે એનો મોક્ષ છે-એ વાત સ્વીકારે તે વ્યાપક દર્શન છે, પછી એનું નામ ગમે તે અપાય તેમાં વાંધો નથી. મોહનો વિનાશ કરવાનો ઉદ્દેશ સર્વથી મુખ્ય હોવો જોઇએ. આ સર્વ ખુલાસા પુંડરીક મુનિએ સાંભળ્યા. પૃષ્ઠ. ૨૦૫૪-૨૦૬૩.

**પ્રકરણ ૨૨ મું-અનુસુંદર પુંડરીક મહાભદ્રા સુલલિતાનો મોક્ષ.** જૈન દર્શનની વિશાળતા જાણ્યા પછી પુંડરીકને અભ્યાસ કરવા તીવ્ર ઇચ્છા થઇ. સમંતભદ્રાચાર્યે આગમની કુંચીઓ પુંડરીક મુનિને બતાવી. પછી પુંડરીક મુનિને યોગ્ય વિધિપૂર્વક આચાર્યપદે સ્થાપ્યા અને તેમના સંબંધમાં આઠ દિવસનો મહોત્સવ થયો. સમંતભદ્રનો મોક્ષ થયો. પુંડરીક આચાર્યે દાનાદિ ધર્મ પાળી અનેક ઉપકાર કર્યા. ધનેશ્વર નામના શિષ્યની આચાર્યપદે સ્થાપના કરી, તે પ્રસંગે બહુ સુંદર અનુજ્ઞા કરી અને શિષ્યવર્ગને તેમની આજ્ઞા માનવા યોગ્ય ઉપદેશ આપ્યો. પુંડરીક પ્રણિધાન. પુંડરીકે બહુ સુંદર પ્રણિધાન કર્યું જે ખાસ મનન કરવા યોગ્ય છે. છેવટે પાદપોપગમ અણશણ કર્યું, અનેક ઉપસર્ગો સહન કર્યા અને શુક્લ ધ્યાન આદરી ક્ષપક શ્રેણિએ ચઢતાં કેવળજ્ઞાન ઉત્પન્ન કરી છેવટે સમુદ્ઘાત કરી યોગનો નિરોધ કરી શૈલેશીકરણ આદરી પરમ પદ પ્રાપ્ત કર્યું. મહાભદ્રાનો મોક્ષ થયો. આખરે સુલલિતાનો પણ મોક્ષ થયો. શ્રીગર્ભ વિગેરે રાજા અને અન્ય ભાવિકોની સારી ગતિ થઇ. પૃષ્ઠ. ૨૦૬૩-૨૦૭૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકરણ ૨૩ મું-તેટલા માટે.** આ ચરિત્ર ગ્રંથકર્તા કહે છે કે મેં કહ્યું અને તમે સાંભળ્યું. તમારે એ તરફ બેદરકારી કરવા જેવું એ નથી. **સુમતિ** એ લઘુકર્મી જીવનું દૃષ્ટાંત છે. **મહાભદ્રા** એ વિશાળ બુદ્ધિવાળા પુરૂષોનું દૃષ્ટાંત છે અને સુલલિતા એ કષ્ટસાધ્ય જીવનું દૃષ્ટાંત છે. કલ્યાણમિત્રનો યોગ સંપત્તિ અપાવનાર છે. **સંસારીજીવનું** ચરિત્ર ઘણાખરા જીવોને બંધબેસતું આવે તેવું છે. સંસારનો આખો વિસ્તાર નાટક જેવો છે. એનું સત્ય સ્વરૂપ સમજી બરાબર વિચારવા યોગ્ય છે. આ જીવ સંસારમાં રખડતો બંધ થઇ પરમાત્મા કેવી રીતે થાય તે આખો વિસ્તાર ખાસ સમજવા યોગ્ય છે. ભવ્ય પ્રાણીઓનું કર્તવ્ય આ ચરિત્ર વાંચીને શું છે તે પર ઉલ્લેખ. આખા ગ્રન્થનો સંક્ષિપ્ત ભાવાર્થ એ છે કે શમસુખ મેળવવા યોગ્ય છે તે મેળવવું, દુષ્ટ કર્મોથી ચેતતા રહેવું અને સદાગમનો પરિચય કરવો. ભવ્યત્વમાં ઓછાવધતાપણું જરૂર હોય છે પણ જીવનનું કર્તવ્ય મલવિશોધનમાં છે તે યાદ રાખવું. પ્રસ્તાવનો ઉપસંહાર. પૃષ્ઠ. ૨૦૭૩-૨૦૮૨.

**ગ્રન્થકર્ત્તાની પ્રશસ્તિ.** શિષ્ય પરંપરા. ગ્રંથકર્ત્તાનો સમય. શ્રી હરિભદ્રસૂરિમહારાજ અને સિદ્ધર્ષિ-વિગેરે ઉપયોગી હકીકત. પૃષ્ઠ. ૨૦૮૩-૨૦૮૭.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः संपदः,
सर्वेपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं स्वप्नेन्द्रजालोपमं,
तत्किं वस्तु भवे भवेदिह मुदामालम्बनं यत्सताम् ॥

જગતમાં પ્રાણીઓનું આયુષ્ય પવનથી ચંચળ થયેલા જળના તરંગ જેવું, સંપત્તિ વિપત્તિ સાથે મળેલી, ઇંદ્રિયના સઘળા વિષયો સંધ્યાના રંગ જેવા ચપળ અને મિત્ર સ્ત્રી સ્વજનાદિકના સંગમનું સુખ સ્વપ્ન કે ઇંદ્રજાળ જેવું અસ્થિર જણાય છે. તો પછી આ સંસારમાં એવી કઈ વસ્તુ છે કે જે સજ્જન પુરૂષોને આનંદના સાધનરૂપ થાય?

વિનયવિજય ઉપાધ્યાય. શાંત સુધારસ.

धन्यास्ते वीतरागाः क्षपकपथगतिक्षीणकर्मोपरागा-
स्त्रैलोक्ये गंधनागाः सहजसमुदितज्ञानजाग्रद्विरागाः ।
अध्यारुह्यात्मशुद्ध्या सकलशशिकलानिर्मलध्यानधारा-
मारान्मुक्तेः प्रपन्नाः कृतसुकृतशतोपार्जितार्हन्त्यलक्ष्मीम् ॥

ક્ષપકશ્રેણી વડે જેમણે કર્મશત્રુઓને ક્ષીણ કરી નાખ્યા છે, સહજ સદોદિત જ્ઞાન વડે જાગૃત વૈરાગ્યવંત હોવાથી ત્રણ લોકમાં ગંધહસ્તી સમાન શ્રીવીતરાગ પરમાત્મા કે જેઓ આત્મશુદ્ધિથી સંપૂર્ણ ચંદ્રકળાની જેવા નિર્મળ ધ્યાન ધારાની ઉપર આરૂઢ થઇને પૂર્વકૃત સેંકડો સુકૃત વડે ઉપાર્જન કરેલી તીર્થંકર પદવીને પામી મોક્ષની સમીપ જઈ રહ્યા છે તેમને ધન્ય છે!

સદર. પ્રમોદ ભાવના.

अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किं,
धर्मोद्योगं कारयेयुः प्रसह्य ।
दद्युः शुद्धं किं तु धर्मोपदेशं,
यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति ॥

પ્રબળ શક્તિવાળા અરિહંત ભગવાન પણ શું બળાત્કારે ધર્મ ઉદ્યમ કરાવે છે? તેઓ તો શુદ્ધ નિર્દોષ ધર્મનો ઉપદેશ આપે છે. તે પ્રમાણે જે ભવ્ય જનો વર્તે છે તે સંસાર સમુદ્ર તરી જાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુક્રમણિકા.

## પ્રસ્તાવ છઠ્ઠો.


| પ્રકરણ | સંજ્ઞા. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | ધનશેખર-સાગર મૈત્રી. ... | ૧૪૬૫ |
| ૨ | ધનની શોધમાં. ... ... | ૧૪૭૩ |
| ૩ | હરિકુમાર વિનોદ. ... ... | ૧૪૮૬ |
| ૪ | મન્મથ વ્યાકુળતા-આયુર્વેદ. | ૧૫૦૭ |
| ૫ | નિમિત્તશાસ્ત્ર-હરિમંજરી સંબંધ. ... ... ... | ૧૫૧૭ |
| ૬ | મૈથુન યૌવન મૈત્રી. ... | ૧૫૨૭ |
| ૭ | ભરદરિયેથી રાજ્યસિંહાસને. | ૧૫૩૫ |
| ૮ | ધનશેખરની નિષ્ફળતા. ... | ૧૫૪૫ |
| ૯ | ઉત્તમસૂરિ. ... ... ... | ૧૫૫૧ |
| ૧૦ | ષટ્પુરૂષ કથાનક. ... ... | ૧૫૫૭ |
| ૧૧ | (૧) નિકૃષ્ટ રાજ્ય. ... ... | ૧૫૬૮ |
| ૧૨ | (૨) અધમરાજ્ય-યોગિની દૃષ્ટિદેવી. ... ... ... | ૧૫૭૭ |
| ૧૩ | (૩) (૪) વિમધ્યમ મધ્યમ રાજ્ય. ... ... ... | ૧૫૮૬ |
| ૧૪ | (૫) ઉત્તમ રાજ્ય. ... ... | ૧૫૯૪ |
| ૧૫ | (૬) વરિષ્ઠ રાજ્ય. ... ... | ૧૬૧૩ |
| ૧૬ | હરિ અને ધનશેખર. ... | ૧૬૨૯ |


## પ્રસ્તાવ સાતમો.


| | | |
|---|---|---|
| ૧ | ધનવાહન અને અકલંક. ... | ૧૬૪૫ |
| ૨ | લોકોદરમાં આગ (પ્રથમ મુનિવૈરાગ્યપ્રસંગ). ... | ૧૬૫૭ |
| ૩ | દારૂનું પીઠું. (દ્વિતીય ,, ,,) | ૧૬૬૫ |
| ૪ | અરઘટ્ટ ઘટ્ટીયંત્ર. (તૃતીય ,,) | ૧૬૮૧ |
| ૫ | પાંચ કુટુંબીઓને ભોજન. (ચતુર્થ ,, ,,) ... | ૧૬૮૭ |
| ૬ | ચાર વ્યાપારી કથાનક (પંચમ ,, ,,) ... | ૧૭૦૦ |
| ૭ | સદર ચાલુ. ... ... ... | ૧૭૧૪ |
| ૮ | સંસારબજાર. (ષષ્ઠ ,, ,,) | ૧૭૩૪ |
| ૯ | સદર ચાલુ. ... ... ... | ૧૭૪૯ |
| ૧૦ | સદાગમસાન્નિધ્ય. અકલંકદીક્ષા. | ૧૭૬૧ |
| ૧૧ | મહામોહ અને મહાપરિગ્રહ. | ૧૭૭૧ |
| ૧૨ | શ્રુતિ. કોવિદ અને બાલિશ. | ૧૭૭૭ |
| ૧૩ | શોક અને દ્રવ્યાચાર. ... | ૧૭૮૬ |
| ૧૪ | મહાપરિગ્રહ.... ... ... | ૧૭૯૧ |
| ૧૫ | મહામોહનું મહાન્ આક્રમણ. | ૧૮૦૧ |
| ૧૬ | રખડપાટો. ... ... ... | ૧૮૧૬ |
| ૧૭ | પ્રગતિને માર્ગે. ... ... | ૧૮૨૬ |
| | ઉપસંહાર. ખુલાસાઓ ... | ૧૮૪૦ |


JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રસ્તાવ આઠમો.

| પ્રકરણ. | સંજ્ઞા. | પૃષ્ઠ. |
|---|---|---|
| | **(૧) ચરિત્ર.** | |
| ૧ | ગુણધારણ કુમાર. ... ... | ૧૮૫૪ |
| ૨ | મદનમંજરી. ... ... ... | ૧૮૬૧ |
| ૩ | લગ્ન અને આનંદ. ... ... | ૧૮૭૪ |
| ૪ | કંદમુનિ રાજ્યપ્રાપ્તિ-ગૃહિધર્મ. | ૧૮૮૪ |
| ૫ | નિર્મળાચાર્ય-સ્વપ્રવિચાર ... | ૧૮૯૫ |
| ૬ | કાર્યસાધક કારણસમાજ. | ૧૯૦૪ |
| ૭ | સંપૂર્ણ સુખ અને દશ કન્યાઓ. | ૧૯૧૬ |
| ૮ | ભીષણ આંતર યુદ્ધ-વિદ્યા સાથે લગ્ન ... ... ... ... | ૧૯૩૩ |
| ૯ | નવ કન્યા સાથે લગ્ન. ઉત્થાન પ્રગતિ. ... ... ... | ૧૯૪૦ |
| ૧૦ | ગૌરવોથી અધઃપાત. ... | ૧૯૫૬ |
| ૧૧ | રખડપાટો. ... ... ... | ૧૯૬૪ |
| | **(૨) સંમિલન.** | |
| ૧૨ | અનુસુંદર. ... ... ... | ૧૯૭૨ |
| ૧૩ | સુલલિતા અને મહાભદ્રા. | ૧૯૭૯ |
| ૧૪ | પુંડરીક અને સમંતભદ્ર. ... | ૧૯૮૩ |
| ૧૫ | ચક્રવર્તી-ચોર. ... ... | ૧૯૮૯ |
| | **(૩) મુખ્ય પાત્ર પ્રગતિ.** | |
| ૧૬ | અનુસુંદર ( ચક્રવર્તી-ચોર ) ઉત્થાન. ... ... ... | ૨૦૦૫ |
| ૧૭ | સુલલિતાને પ્રતિબોધ. ... | ૨૦૦૯ |
| ૧૮ | સાતની દીક્ષા. અનુસુંદરની પ્રગતિ. ... ... ... | ૨૦૨૩ |
| ૧૯ | આગમનો સાર. ... ... | ૨૦૩૪ |
| ૨૦ | વૈદ્ય કથાનક-ઉપનય. ... | ૨૦૪૩ |
| ૨૧ | વ્યાપક જૈન દર્શન. ... | ૨૦૫૪ |
| ૨૨ | અનુસુંદર પુંડરીક મહાભદ્રા સુલલિતાનો મોક્ષ. ... | ૨૦૬૩ |
| | **(૪) રહસ્ય-પ્રશસ્તિ.** | |
| ૨૩ | તેટલા માટે.... ... ... | ૨૦૭૩ |
| | ઉપસંહાર. ... ... ... | ૨૦૮૧ |
| | પ્રશસ્તિ. ... ... ... | ૨૦૮૩ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અબ મેં સાચો સાહિબ પાયો, યાંકી સેવા કરત હું યાકો;
મુજ મન પ્રેમ સોહાયો. અબમેં સાચો સાહિબ પાયો. ૧

વાકું ઓરન હોવે અપનો, જો દીજે ઘર માયો;
સંપત્તિ અપની ક્ષીણમેં દેવે, વય તો દીલમેં ધ્યાયો. અબમેં. ૨

ઓરનકી જન કરતહે ચાકરી, દૂર દેશ પાઉ ઘાસે;
અંતરજામી ધ્યાને દીસે, વય તો અપને પાસે. અબમેં. ૩

ઓર કબહું કોઈ કારણ કોપ્યો, બહોત ઉપાય ન તુસે;
ચિદાનંદમેં મગન રહતું હેં, વે તો કબહુ ન રૂસે. અબમેં. ૪

ઓરનકી ચિંતા ચિત્તે ન મિટે, સબ દિન ધંધે જાવે;
થીરતા સુખ પુરણ ગુણ ખેલે, વય તો અપને ભાવે. અબમેં. ૫

પરાધીન હે ભોગ ઓરકો, યાતે હોત વિજોગી;
સદા સિદ્ધ સમસુખ વિલાસી, વયતો નિજગુણ ભોગી. અબમેં. ૬

જ્યું જાનો ત્યું જગ જન જાણો, મેં તો સેવક ઉનકો.
પક્ષપાત તો પરશું હોવે, રાગ ધરત હું ગુનકો. અબમેં. ૭

ભાવ એકહી સબ જ્ઞાનીકો, મુરખ ભેદ ન ભાવે;
અપનો સાહિબ જો પિછાને, સો જસલીલા પાવે. અબમેં. ૮

શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## છઠ્ઠો પ્રસ્તાવ.

---

### અવતરણ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# છઠ્ઠા પ્રસ્તાવના પાત્રો વિગેરે.

| સ્થળાદિ. | અગત્યના પાત્રો. | | સામાન્ય પાત્રો. | |
|---|---|---|---|---|
| આનંદપુર. (બહિરંગ) | કેસરિ. | આનંદપુરનો રાજા. | | |
| | જયસુંદરી. | કેસરિરાજાની રાણી. | કમલસુંદરી. | હરિકુમારની માતા. કેસરિરાજાની મૃત રાણી. |
| | હરિશેખર. | આનંદપુર વાસ્તવ્ય. વણિક. કથાનાયકનો પિતા. | | |
| | બંધુમતી. | હરિશેખરની પત્ની. કથાનાયકની માતા. | | |
| | ધનશેખર. | કથાનાયક. સંસારીજીવ. હરિશેખરનો પુત્ર. | | |
| (અંતરંગ) | પુણ્યોદય. | ધનશેખરનો અંતરંગ મિત્ર. (પુણ્ય). | | |
| | સાગર. | ધનશેખરનો બીજો અંતર મિત્ર. (લોભ). | | |
| જયપુર. (બહિરંગ) | બકુલ. | જયપુર નગરનો શેઠ. | | |
| | ભોગિની. | બકુલશેઠની પત્ની. | | |
| | કમલિની. | બકુલશેઠની પુત્રી. કથાનાયક ધનશેખરની પત્ની. | | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| રત્નદ્વીપ. (બહિ.) | હરિકુમાર. | આનંદપુરના કેસરિરાજાનો પુત્ર. કમલસુંદરીથી જંગલમાં જન્મેલ. |
| | નીલકંઠ. | રત્નદ્વીપનો રાજા. હરિકુમારનો મામો. |
| | શિખરણી. | નીલકંઠરાજાની રાણી. |
| | મયુરમંજરી. | નીલકંઠરાજાની પુત્રી. હરિકુમારની પત્ની. |
| (અંતરંગ) | યૌવન. | દેવી કાલપરિણતિના અનુચરો. |
| (અંતરંગ) | મૈથુન. | વનશેખરના મિત્રો. |
| શુભ્રચિત્તનગર. (અંતરંગ) | સદાશય. | શુભ્રચિત્તનો રાજા. |
| | વરેણ્યતા. | સદાશયની રાણી. |
| | બ્રહ્મરતિ. | સદાશયની દીકરી. મૈથુનની વૈરિણી. |
| | મુક્તતા. | સદાશયની દીકરી. સાગરની વૈરિણી. |
| મનુજગતિ. (અંતરંગ) | કર્મપરિણામ. | મનુષ્યગતિનો રાજા (બીજો પ્રસ્તાવ) નિર્બીજ પણ જગતપિતા. |
| | કાલપરિણતિ. | કર્મપરિણામની રાણી ( ,, ) |

| | |
|---|---|
| ધરણ. | સાર્થવાહ. વસુમતીને હરિકુમાર સાથે રત્નદ્વીપે લાવનાર. |
| વસુમતી. | કમળસુંદરીની વિશ્વાસુ દાસી. હરિકુમારની ધાત્રી. |
| બંધુલા. | હરિકુમારનો સંબંધ જોડી આપનાર. પટ બતાવનાર. તાપસી. |
| મન્મથ. | હરિકુમારના અંતરંગ મિત્રો. |
| લલિત. | ″ |
| પદ્મશેખર. | ″ |
| વિલાસ. | ″ |
| વિભ્રમ. | ″ |
| કપોલ. | ″ |
| સુબુદ્ધિ. | નીલકંઠરાજાનો મંત્રી. |
| દમનક. | સુબુદ્ધિમંત્રીનો દાસ. હરિકુમારને ચેતાવનાર. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| સિદ્ધાન્ત. | પરમ પુરૂષ. |
| અપ્રબુદ્ધ. | સિદ્ધાન્તનો શિષ્ય. |

કર્મપરિણામના છ પુત્રો.

| | |
|---|---|
| નિકૃષ્ટ. | ચારે પુરૂષાર્થહીન. અધમાધમ પુત્ર |
| અધમ. | અર્થકામાસક્ત. અધમ પુત્ર. |
| વિમધ્યમ. | સંસાર અને ધર્મ સાચવનાર. |
| મધ્યમ. | મોક્ષાર્થી. સમજુ પણ છોડનાર નહિ. |
| ઉત્તમ. | મોહને હણનારો. સ્વરાજ્યાસન. |
| વરિષ્ટ. | સ્વયંજ્ઞાની. તીર્થંકર. શાસન પ્રવર્તક. |

| | |
|---|---|
| વિતર્ક. | અપ્રબુદ્ધ શિષ્ય. ખાસ નોકર |

મહામોહ.
વિષયાભિલાષ.
ચારિત્રરાજ.
સદ્બોધમંત્રી.

ચતુર્થ પ્રસ્તાવના જાણીતા પાત્રો.

(અંતરંગ)

| | |
|---|---|
| ઔદાસિન્ય. | રાજ્યમાર્ગ. ચિત્તવૃત્તિથી નિર્વૃતિ સુધી સીધો માર્ગ. |
| અધ્યવસાય. | ચિત્તવૃત્તિ અટવીમાં આવેલ મહાહ્રદ. |
| ધારણા. | સદર અટવીમાં મહાનદી. |
| ધર્મધ્યાન. | સીધી નાની કેડી. |
| સબીજયોગ. | કેડીમાંથી મોટો રસ્તો. |
| શુક્લધ્યાન. | સીધી નાની કેડી. |
| શૈલેશી. | મહામાર્ગ. અંતીમ. |
| નિર્વૃતિ. | ઔદાસિન્ય માર્ગને અંતે આવેલી મહાનગરી. |
| સમતા. | યોગનલિકા. |

| | |
|---|---|
| દૃષ્ટિ. | વિષયાભિલાષ મંત્રીની દીકરી. |
| અભ્યાસ. | હરિકુમારનો ખાસ અનુચર. |
| વૈરાગ્ય. | ચારિત્રરાજે મોકલેલ અનુચર. |

| | |
|---|---|
| મૈત્રી. | યોગિની. દેવી. |
| મુદિતા. | ,, |
| કરૂણા. | ,, |
| ઉપેક્ષા. | ,, |

| | |
|---|---|
| શાર્દૂલ. | હરિકુમારનો મિત્ર. |

ॐ परमात्मने नमः

# શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## વિભાગ ૩ જો.

## પ્રસ્તાવ છઠ્ઠો.

### અવતરણ.

મૈથુન, લોભ, ચક્ષુરિંદ્રિય.

### પ્રકરણ ૧ લું.

### ધનશેખર—સાગર મૈત્રી.

આ મનુષ્યલોકમાં એક આનંદ નામનું બહિરંગ પ્રદેશમાં મોટું નગર હતું; તે હમેશાં આનંદનું સ્થાન હતું; દોષો તો તેનાથી દૂર જ ગયેલા હતા. તે આનંદ નામને સાર્થક કરનારા નગરમાં રહેનારા મનુષ્યો અનેક પ્રકારના વિલાસ, ઉલ્લાસ અને લાવણ્ય (ખુબસુરતી)ની લીલાથી દેવતાઓ સાથે સ્પર્ધા કરનારા હતા અને માત્ર તેઓની આંખમાં પલકારા થતા હતા તેથી જ તેઓ દેવોથી જૂદા પડી શકતા હતા,[1] બાકી આનંદ વિલાસ અને સર્વ બાહ્ય નજરે જાણે તેઓ દેવનું સુખ ભોગવતા હોય તેવા જ જણાતા હતા. તે

---

૧ દેવતાની આંખો પલકારા મારતી નથી, મનુષ્યની મારે છે. બાહ્ય નજરે દેવતાથી મનુષ્ય આંખના પલકારાથી જૂદા પડે છે.

JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરની સ્ત્રીઓ પોતાની તરફ પુરૂષોનું આકર્ષણ કરી રહી હતી અને છતાં પોતે આંખનો પલકારો[1] પણ મારતી ન હોવાથી દેવીઓનો આકાર ધારણ રહી હતી. લોકોનો પોશાક ચિત્રવિચિત્ર પ્રકારનાં કિરણોવાળાં રત્નોનાં આભૂષણોના હાલવાથી એવો સુંદર લાગતો હતો કે જાણે તે ઇંદ્રધનુષ્યના દંડના એક ભાગથી શોભતું આકાશજ[2] હોય નહિ એમ લાગતું. મતલબ કે નગરના લોકો સુખી હતા, સ્ત્રીઓ અત્યંત રૂપાળી હતી અને તેમની સુખી સ્થિતિ તેમના સારભૂત રત્ન વિગેરે દ્રવ્યો ઉપરથી પણ સ્પષ્ટ જણાઇ આવતી હતી.

### આનંદનગરે હરિશેખરશેઠ.
### ગુણવાન્ બંધુમતી ભાર્યા.
### ધનશેખરનો જન્મ-યૌવન.

એ આનંદનગરમાં કેસરિ નામનો મહારાજા રાજ્ય કરતો હતો; શત્રુઓનાં જબરજસ્ત હાથીઓનાં કુંભસ્થળો ભેદી નાખવાનાં અનેક ઉત્સાહપૂર્વકનાં સાહસો તેણે કરેલાં હતાં અને દુનિયાનો મોટો ભાગ જીતીને તેણે પોતાના હાથ નીચે આણી દીધેલો હતો. આ રાજાની પ્રખ્યાતિ લોકમાં બહુ સારી થયેલી હતી. એ કેસરિ રાજાને કમળ-પત્ર જેવાં નેત્રોવાળી અતિ સુંદર રૂપાળી અને પતિપરાયણ એક **જયસુંદરી** નામની મહારાણી હતી. અનેક સુંદરીઓના સમૂહ વચ્ચે એ રાજરમણીએ રૂપ હાવભાવ અને વાત્સલ્યાદિ બાહ્ય અંતર ગુણોમાં જયપતાકા મેળવી હતી અને સર્વ બાબતમાં પોતે સર્વ સુંદરીઓથી શ્રેષ્ઠ છે એમ સ્પષ્ટ રીતે સિદ્ધ કરી બતાવ્યું હતું.

એ નગરમાં એક **હરિશેખર** નામનો વણિક વસતો હતો. તે ધનવાન્ હતો, આખા નગરનો આધાર હતો અને રાજા કેસરિનો પણ ઘણો માનીતો અને વલ્લભ હતો. પોતાના દાનગુણથી લોકરૂપ અનાજમાં એ હરિશેખર વરસાદના જેવું કામ કરતો હતો, મતલબ વરસાદ જેમ વરસીને દાણાને ઘણા વધારી મૂકે છે તેમ તે અર્થી-ઓને દાનથી નવાજી દેતો હતો અને પોતાના મિત્રરૂપ કમળવનમાં તેણે સૂર્ય જેવું કામ કર્યું હતું એટલે સૂર્ય જેમ કમળવનને નવપલ્લવ

---

૧ પલકારો એટલે (૧) નિમેષ અને (૨) કટાક્ષ. એ બે શ્લેષમાં અર્થ સમજવો.

૨ **અંબર** શબ્દ અહીં મૂળમાં વાપર્યો છે તે શ્લેષ છે; (૧) આકાશ અને (૨) પોશાક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે તેમ એ હરિશેખરે મિત્રમંડળને પોતાના ઉત્તમ ગુણોથી આનંદ-યુક્ત કરી દીધું હતું, મતલબ કે એ શેઠ જેવા ધનવાન્ તેવા જ ગુણવાન્ પણ હતા.

એ હરિશેખરને અત્યંત વહાલી **બંધુમતી** નામની સ્ત્રી હતી; આર્યકુળમાં ઉત્પન્ન થયેલી એ લલના લાવણ્યરૂપ અમૃતનો તો જાણે કુંડ જ હતી, જાતે પરમ પવિત્ર હતી અને હરિશેખરના હૃદયમાં વસેલી પ્રેમમૂર્તિ હતી. એ બંધુમતી જાણે રૂપનું પણ રૂપ હોય નહિ તેવી લાગતી હતી, લક્ષ્મીદેવીનું જાણે દર્શન કરાવતી હોય તેવી જણાતી હતી, ઉત્તમ શીલવ્રત અને ચારિત્રનું તો જાણે આવાસ જ હોય તેવી પવિત્ર હતી અને પતિભક્તિનું સાક્ષાત્ મંદિર હોય તેવી માલૂમ પડતી હતી.

અહો અગૃહીતસંકેતા![1] મને હવે મારી સ્ત્રી ભવિતવ્યતાએ એક નવીન ગોળી આપી તે લઇને હું આ બંધુમતીની કુખમાં દાખલ થયો. મારી તે માતાની કુક્ષીરૂપ યંત્રમાં અનેક પ્રકારે પીલાયાં પછી આખરે જ્યારે મારો ત્યાં રહેવાનો સમય પૂરો થયો ત્યારે જેમ નારકીમાંથી નારકીના જીવો બહાર નીકળે તેમ હું મારી માતાની કુખમાંથી બહાર નીકળ્યો અને હું બહાર આવ્યો ત્યારે મારી સાથે મારા બે મિત્રો પણ આવ્યા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

મને બહાર આવેલો જોઇ પુત્રજન્મથી બંધુમતી ઘણી રાજી થઇ, હરિશેખરને પણ આનંદ થયો અને તેઓએ પુત્રજન્મનો મહોત્સવ કર્યો, લોકોને અને સંબંધીઓને જમાડ્યા અને વધામણીઓ આપી. મારા જન્મને બાર દિવસ થયા એટલે અત્યંત મોટા મહોત્સવપૂર્વક મારા માતપિતાએ **ધનશેખર** એવું મારૂં નામ પાડ્યું. મારી સાથે તે જ વખતે બે મિત્રોનો પણ જન્મ થયો એમ ઉપર જણાવ્યું તે **સાગર** અને **પુણ્યોદય** નામના મારા દોસ્તદારો સમજવા. એ બન્ને મિત્રો અંતરંગ રાજ્યના રહેનારા હોવાથી મારા પિતાને એમની હયાતીની કે જન્મની ખબર ન પડી પણ તેઓ મારી સાથે રહેવા લાગ્યા અને મારી જ સાથે વધવા લાગ્યા. એવી રીતે મારા મિત્રોની સાથે વધતા વધતા હું કામદેવના મંદિર સમાન યુવાવસ્થા પામ્યો,

---

૧ આ વાર્તા **સંસારીજીવ સદાગમ** સમક્ષ કહે છે અને **અગૃહીત-સંકેતા** સાંભળે છે. આ **સંસારીજીવનું** ચરિત્ર છે. આ વખતે તે **ધનશેખર** તરીકે પ્રસિદ્ધ થવાનો છે અને તેને **સાગર** (લોભ) અને **મૈથુન** (પર રમણી રમણ) સાથે પ્રેમ થવાનો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મતલબ બાળપણુ વટાવીને હું હવે યુવાન બન્યો. પછી કોઇ કળાચાર્યને મને સોંપવામાં આવ્યો તેની પાસે એક ધર્મકળા મૂકીને બીજી સર્વ કળાઓ હું શીખી ગયો.

## સાગરના કલ્લોલો.

આવી રીતે હું મોટો થતો જતો હતો તે વખતે મારી સાથે મારો મિત્ર સાગર[1] પણ વધ્યો જતો હતો. હવે સાગર મારા મનમાં પોતાની શક્તિથી અનેક પ્રકારના કલ્લોલો દરેક ક્ષણે ઉત્પન્ન કરતો હતો, દરીઆમાં દરેક ક્ષણે મોજાં આવે છે તેમ મારા મનમાં સાગર મિત્રની સલાહથી વારંવાર કલ્લોલો થઇ આવતા હતા. એ સાગર મિત્રની શક્તિથી કેવા કેવા કલ્લોલો થઇ આવતા હતા તેના થોડા દાખલાઓ બતાવું છું.

કલ્લોલના નમુના.

"આ દુનિયામાં ધન જ ખરેખરૂં સારભૂત છે, ધન જ ખરેખરૂં "સુખ આપનાર છે, ધનના જ લોકો વખાણ કરે "છે, ધનના ગુણ અધિકાધિક ગવાય છે; લોકો "ધનને જ વાંદે છે, પૂજે છે, નમે છે; ધન જ "ખરેખર સાચું તત્ત્વ છે, ધન જ ખરેખરો પરમાત્મા છે અને "ધનમાં જ સર્વ આપતો પ્રતિષ્ઠા પામે છે, આવી વસે છે. દુનિયામાં "અવલોકન કરીને જોશો તો બરાબર માલૂમ પડશે કે આ દુનિયામાં "જે પ્રાણી પૈસા વગરનો છે તે વાસ્તવિક નજરે જોતાં તરખલાને "તોલે છે, રાખ (રક્ષા) જેવો છે, શરીરના મેલ જેવો છે, ધૂળ "જેવો છે અથવા વધારે વાસ્તવિક રીતે બોલીએ તો તેની તેટલી "પણ કિમત નથી, તે વસ્તુતઃ કાંઇ નથી. [2]આ દુનિયામાં દેવતાઓ "થાય છે તે પણ ધનથી જ થાય છે, દેવતાના સ્વામી ઇંદ્ર થાય છે "તે પણ ધનથી જ થાય છે અને આ રાજાઓ દેખાય છે તે પણ "ધનનો જ ચમત્કાર છે, એ દેવ ઇંદ્ર કે રાજાઓ બીજાથી મોટા "દેખાય છે તેનું કારણ ધન જ છે, બીજું કાંઇ કારણ છે જ નહિ.

---

૧ **સાગર** એટલે લોભ. એને સાગર એટલા માટે કહેવામાં આવે છે કે જેમ સમુદ્રનો છેડો આવતો નથી તેમ લોભનો છેડો નથી, આજે ધારેલું કાલે મળે એટલે એથી ઇચ્છા વધારે થાય છે. લોભને શાસ્ત્રકારે અનેક જગ્યાએ 'સાગર' અને 'આકાશ' સાથે સરખાવેલ છે. જુઓ ઉપાધ્યાયજીની લોભ પાપસ્થાનકની સઝાય.

૨ ધનવાનોને અથવા ધનના અર્થને આવા જ વિચારો આવે છે. જરા અવલોકન કરવાથી તે સ્પષ્ટ જણાઇ આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આ દુનિયામાં મનુષ્યપણું અથવા પુરૂષપણું એકસરખું હોવા છતાં
"એક દાતાર દેખાય છે અને બીજો દાન લેનાર અથવા માગનાર
"દેખાય છે, એક શેઠ દેખાય છે અને બીજો નોકર દેખાય છે-એ
"સર્વ ચમત્કાર ધનનો છે, એ પૈસાનો પ્રકાર છે, માયાનું એ નાટક
"છે. આ બધી વાતનું રહસ્ય એ છે કે માણસે ગમે તેટલા પ્રયત્ન
"કરીને આ ભવમાં પૈસા એકઠા કરવા, પોતાના કરવા અને તેનો
"બરાબર સ્વીકાર કરવો અને જો તેમ કરવામાં ન આવે અથવા
"તેમાં ગફલતી કરવામાં આવે તો તેનો મનુષ્યજન્મ નિષ્ફળ છે અને
"ફેરો નકામો છે એમ સમજવું.

આ પ્રમાણે હકીકત હોવાથી પોતાના વડીલો પાસેથી ગમે તેટલા પૈસા આવેલા કે મળેલા હોય અને ઘરમાં મારા પોતાના ઘણા પૈસા હોય તો પણ મારે અધિક ધન મેળવવું જ જોઇએ. અરે ! જ્યાંસુધી ઝગઝગાયમાન તેજ કરતી રત્નની રાશિઓ અને હીરામાણેકના ઢગલાઓ હું મારા ઘરમાં મારે પોતાને હાથે આણેલાં જોઉં નહિ ત્યાંસુધી મારા જીવને ચેન કેમ પડે? મને બરાબર નિરાંત કેમ થાય? અને મારા મનને શાંતિ ક્યાંથી થઇ શકે? માટે હવે તો કોઇ દૂર પરદેશમાં જઇ સર્વ પ્રકારનો પ્રયાસ કરવો, ભલે તે પ્રશંસનીય હોય કે નિંદનીય હોય, પણ કોઇ પણ પ્રકારે પૈસા પેદા કરીને મારે મારૂં પોતાનું ઘર ભરી દેવું.

જૈનમ્ જયતિ શાસનમ્

આવા આવા અનેક પ્રકારના સાગરના તરંગોથી વ્યાકુળ થઇને હે અગૃહીતસંકેતા! હું મારા પિતાજીની પાસે ગયો. સાગરમિત્ર મારા મનમાં ધન ગમે તે પ્રકારે એકઠું કરવાના વિચારોને અંગે અંદર રહીને વધારે વધારે પ્રેરણા કર્યા જ કરતો હતો.

**ધનપ્રાપ્તિ માટે પરદેશ જવા નિર્ણય.**
**તદ્વિષયે પિતા અભિપ્રાય નિર્દેશ.**
**ધનશેખરનો આગ્રહ અને અનુજ્ઞા.**

આગળ વાર્તા ચલાવતાં ધનશેખર (સંસારીજીવ) અગૃહીતસંકેતાને કહે છે કે સાગરમિત્રની અસરતળે હું પિતાજી પાસે ગયો ત્યારે તેમની અને મારી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

**ધનશેખર**—"પિતાજી! મારે ધન પેદા કરવા માટે પરદેશ જવાની ઘણી ઇચ્છા છે, ત્યાં જઇને મારી શક્તિ ફોરવું, મારૂં પુરૂષાર્થ બતાવું, એવો મારો વિચાર છે; તો આપશ્રી મને તેમ કરવા માટે રજા આપો."



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હરિશેખર—“દીકરા ! આપણે તો વડિલો પાસેથી એટલું બધું ધન મેળવવા ભાગ્યશાળી થયા છીએ અને તને તો એટલું ધન મળે છે કે અત્યારે જોઇએ તેવા તું વિલાસ કર, ઉપભોગો કર, દાન આપ અને પૈસા ખરચ તે સર્વેને પહોંચી શકે તેટલી આપણી કુળક્રમાગત પુંજી છે. તારે જોઇએ તેટલા પૈસા તેમાંથી ખરચ, આપી દે કે એકઠા કર તેમાં તને કોઇ ના પાડનાર નથી. માટે ભાઇ ! ઘરે રહીને તારે જોઇએ તેટલો ખરચ કર, કે તારી મરજીમાં આવે તે પ્રમાણે ધનની વ્યવસ્થા કર, પણ તું પરદેશ જવાની વાત કર નહિ. તારા વગર હું એક ક્ષણ પણ રહી શકું તેમ નથી.”

ધનશેખર—“પિતાજી ! જે લક્ષ્મી પૂર્વપુરૂષોએ પેદા કરી હોય તેનો ઉપભોગ કરતાં તો માણસે ખાસ શરમાવું જોઇએ. મને નવાઇ તો એ જ લાગે છે કે એમ કરતાં શરમ કેમ નહિ આવતી હોય !! જેમ બાળકો નાનપણમાં માતાનાં સ્તનનું પાન કરે તે પ્રમાણે એવી વડિલોપાર્જિત મિલ્કત તો માત્ર મૂર્ખ માણસો જ વાપરે. બાકી જ્યારે માણસ યોગ્ય વયનો (ઉમર લાયક) થાય ત્યારે એ વડિલોપાર્જિત મિલ્કતનો ભોગ કરવો તે તો ઘણું જ શરમાવા જેવું છે, નીચું જોવા લાયક છે, અત્યંત તિરસ્કારને પાત્ર છે, અને પિતાજી ! એ કુળક્રમાગત પુંજીને ભોગવવા જ માંડી હોય તો કેટલો વખત ચાલી શકે? સમુદ્રમાંથી તમે ટીપું ટીપું પાણી કાઢ્યાં કરો અને નવું પાણી વધારો નહિ તો મોટો દરિયો પણ આખરે ખૂટી જાય, નવીન પેદાશ કર્યા વગર તો કુબેરભંડારીના ભંડાર પણ ખૂટી જાય, તો પછી આપણી પુંજી તે શા બિસાતમાં છે? માટે પિતાજી ! મને પૈસા પેદા કરવાની જે પ્રબળ ઇચ્છા થઇ છે અને તે સંબંધી મારા મનમાં જે ઉત્સાહ જાગ્રત થયો છે તેને આપ ભાંગી ન નાખવો અને મહેરબાની કરીને મારા વિરહથી થતી પીડાને આપે સહન કરી લેવી. આપને હું મારા મનમાં જે વાત છે તે સ્પષ્ટ રીતે કહી દઉં છું. વાત એ છે કે દૂર દેશાંતરમાં જઇને મારી પોતાની ભુજાઓ વડે મોટી લક્ષ્મી પેદા ન કરૂં અને તે વડે રત્નના ઢગલાઓ ન વસાવું ત્યાંસુધી મારા જીવને જંપ વળે તેમ નથી, મારા મનને ચેન પડે તેમ નથી, મારા ચિત્તને નિરાંત વળે તેમ નથી. આ પ્રમાણે મારે તો ગમે તેમ કરીને પરદેશ જવું જ છે અને એ વાત મારા મનમાં ચોક્કસ થયેલી છે, તો પછી મારા જવાની બાબતમાં આપ અડચણ શા માટે નાખો છો? મારે તો ગમે તેમ કરીને જવું જ છે.”

સ્વોપાર્જિતનો મહિમા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિતાએ જોયું કે છોકરાને પરદેશ જવાનો આગ્રહ ખરેખરો થયો છે, ના પાડવાથી કોઇ રીતે અટકે તેમ નથી અને વધારે તાણવા જતાં (વાત) તૂટી જાય તેમ છે તેથી વિચાર કરીને બોલ્યા, પણ બોલતાં બોલતાં સ્નેહથી તેમનું હૃદય પીગળી ગયું અને આંખ ઉપર તેની અસર સ્પષ્ટ દેખાઇ આવી.

ડોસા ઢુંચ-વાઇ ગયા.

હરિશેખર (જવાબ આપતાં)—“ દીકરા! તારા મનમાં એવો જ નિશ્ચય છે અને તે નિશ્ચય ફરી શકે તેમ નથી તો તારો વિચાર હોય તેમ કર અને તારા મનોરથ પૂરા કર. માત્ર તું મારી આટલી વાત ધ્યાનમાં રાખજે—“મેં તને ઘણા સુખમાં ઉછેર્યો છે, તું પ્રકૃતિથી ‘ઘણો સીધી લાઇનનો માણુસ છે, દેશાંતર દૂર છે, રસ્તાઓ આડા-“અવળા અને આકરા છે, લોકો વાંકાં હૃદયવાળા “હોય છે, સ્ત્રીઓ છેતરવાની કળામાં ઘણી કુશળ “હોય છે, નીચ અને દુર્જનો ઘણા હોય છે, સજ્જન-“સારા માણસો ભાગ્યે જ મળી આવે છે, ધૂતારા લોકો અનેક “પ્રકારના પ્રયોગો કરવામાં ઘણા ચતુર હોય છે, વેપાર કરનારા “(વાણીઆઓ) ઘણા કપટી હોય છે, કરીયાણા વિગેરે દ્રવ્યોનું “રક્ષણ કરવામાં ઘણી મુસ્કેલીઓ નડે છે, નવી જુવાની અનેક “પ્રકારના વિકારોને કરનારી હોય છે, અનેક કાર્યો આદરવામાં આવે “તેનાં પરિણામો દુઃખે જાણી શકાય તેવાં હોય છે, પાપ અથવા “યમ હમેશાં અનર્થ કરવાની બાબત ઘણી પસંદ કરનાર હોય છે, “ચોર અને લુચ્ચા લોકો વગર અપરાધે ગુસ્સો કરનારા અને હેરાન “કરનારા હોય છે; તેથી જ્યારે જેવો પ્રસંગ આવે ત્યારે તે વખતને “અનુસરીને તારે કોઇ વખત તદ્દન પંડિત થઇ જવું અને કોઇ વખત “તદ્દન મૂર્ખ બની જવું, કોઇ વખત દાક્ષિણતાવાળા બની જવું “અને કોઇ વખત તદ્દન કઠોર બની જવું, કોઇ વખત તદ્દન દયાળુ “બની જવું અને કોઇ વખત એકદમ નિર્દય બની જવું, કોઇ વખત “મોટા લડવૈયા બહાદુર બની જવું અને કોઇ વખત તદ્દન બીકણ “બાયલા બની જવું, કોઇ વખત એકદમ દાનેશ્વરી બની જવું અને “કોઇ વખત એકદમ કૃપણ થઇ જવું, કોઇ વખત બગવૃત્તિ ધારણ “કરી મૌન થઇ જવું અને કોઇ વખત ચતુર (હુશિયાર વક્તા) બની “જવું અને હમેશાં ક્ષીરસમુદ્ર જેવા ઊંડા, ગંભીર અને શાંત બુદ્ધિ-“ધનવાળા થઇ જવું અને એટલા ઊંડા રહેવું કે કોઇ માણસ એ

વ્યવહારૂ શિખામણ.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" સમુદ્રનો મધ્ય ભાગ કદી પામી શકે નહિ. પરદેશમાં તારે આ " પ્રમાણે વર્તવું એટલી મારી તને ખાસ ભલામણ છે."

ધનશેખર—"પિતાજી! આપે ઘણી કૃપા કરી! અને મને બહુ સારી વ્યવહારૂ શિખામણ આપી! આપ હવે મારી બુદ્ધિનો મહિમા બરાબર જોજો. પિતાજી! હું અહીંથી એક રૂપીઓ પણ લઇ જનાર નથી, આપની પુંજી-માંથી એક ફુટી બદામ પણ મારી સાથે લઇ જનાર નથી, માત્ર મારૂં સત્ત્વ[1] (પરાક્રમ) જ મારી સાથે લઇ જઇશ, તેને જ મારૂં ધન ગણીશ અને તે ધનના જોરથી અનેક પ્રકારનાં ધન એકઠાં કરીને જો હું પાછો ઘરે આવું તો મારૂં નામ આપે ધનશેખર પાડ્યું છે તે સાચું અને યોગ્ય ગણાશે અને તેમ કરૂં તો જ હું આપનો ખરો પુત્ર છું એમ આપ માનજો. જો તેમ ન કરૂં અને પૈસા ન મેળવું તો હું ઘરે આવનારો જ નથી, આપે એમ સમજી લેવું કે આપનો પુત્ર પરદેશમાં મરી ગયો છે અને મારૂં સ્નાન કરી લેવું. કારણ કે પિતાજી! મારો એવો દૃઢ નિશ્ચય છે કે સથવારો, વેપાર કરવાની ચીજો અને સહાય કરનારા માણસોની સામગ્રીથી પૈસા પેદા કરવાનું કાર્ય તો સ્ત્રીઓ પણ કરી શકે છે. ધનનાં સાધનો વડે ધન મેળવવું તેમાં વિશેષતા શી છે? એવા સારા સંયોગોમાં યુવાન માણસ પૈસા મેળવી શકે તેમાં નવાઇ શી છે? મારે તો એટલું વધારે બતાવી આપવું છે કે કોઇ પણ પ્રકારની ખાસ સામગ્રિ લીધા વગર અને ઘરેથી હાથે અને પગે બહાર નીકળેલો માણસ પણ પિતાનું ઘર પોતાના પેદા કરેલાં રત્નના ભંડારોથી ભરી શકે છે."

પરાક્રમ આતુરતા.

આ પ્રમાણે બોલીને મારા પિતાજીને પગે હું પડ્યો. તે વખતે પુત્રસ્નેહથી આંખોમાંથી આસું પાડતી મારી માતા બંધુમતી પાસે ઊભી હતી અને સર્વ વાર્તા સાંભળતી હતી તેને પણ હું પગે પડ્યો અને તે જ વખતે એકદમ પહેરેલે કપડે બહાર નીકળી ગયો, માબાપ રડતાં રહ્યાં અને મારા બન્ને મિત્રો (પુણ્યોદય અને સાગર)ને અંદર સાથે લઇને હું તો ચાલી નીકળ્યો. હું બહાર નીકળવા લાગ્યો તે વખતે કાંઇક ધીરજ ધારણ કરીને અત્યંત રડતી મારી માતા બંધુમતીને મારા પિતાએ નીચે પ્રમાણે કહ્યું "વહાલી! તું રડ નહિ, આ તો વાસ્તવિક રીતે ઘણા આનંદની વાત છે. જે સ્ત્રી તદ્દન આળસુ, નસીબ ઉપર આધાર

માતાને આશ્વાસન.

[1] Manliness એ સત્ત્વ માટે બરાબર શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખનાર, બાયલા જેવા અને શક્તિ વગરના માયકાંકલા પુત્રને જન્મ આપે, જે સ્ત્રીના પુત્રમાં કાંઇ સાહસ ન હોય, કાંઇ હોંસ ન હોય, કાંઇ શક્તિ ન હોય, તે સ્ત્રી રૂદન કરે તે તો યોગ્ય કહેવાય; તેં તો એવા દીકરાને જન્મ આપ્યો છે કે જે ઘણો બહાદુર છે, કુળના ભૂષણ જેવો છે અને મોટા સાહસ કરવામાં ઘણો ઉત્સાહી છે, માટે તારે રડવાનું કાંઇ પણ કારણ નથી. આપણો છોકરો વેપારધંધે લાગી જાય તે તો આપણને ઘણું સારૂં છે, આપણો જ તે ગુણ છે, વાણીઆનું તે લક્ષણ છે અને ડાહ્યો દીકરો પરદેશ ફરે તે તો આપણામાં જાણીતી વાત છે, માટે હવે તું દીલગીરી છોડી દે.”

# પ્રકરણ ૨ જું.

## ધનની શોધમાં.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ઉપર પ્રમાણે માતાપિતાની સાથે વાત કરી માત્ર કપડાં પહેરેલાં હતાં તે લઇને એક પાઇ પણ સાથે લીધા વગર અગૃહિતસંકેતા! હું (ધનશેખર) મારા પિતાની પાસેથી આનંદનગરથી નીકળી પડ્યો. મારા મનમાં સ્વપરાક્રમથી ધન મેળવવાની તીવ્ર ઇચ્છા હતી અને વડિલના ધનની સહાય વગર મારે ધન મેળવવાનો આગ્રહ હતો. એ વિચારથી હું આગળ વધ્યો.

**જયપુર નગરને પાદરે.**
**ધનપ્રાપ્તિના મનોરથો.**
**ધાતુ વાદનું સ્વરૂપ.**

ત્યાંથી ધનની શોધમાં હું દક્ષિણદિશાએ દરીઆકાંઠે જવા સારૂ આગળ ચાલ્યો. સમુદ્રના કિનારા પર આગળ જતાં એક જયપુર નામનું બંદર આવતું હતું ત્યાં આવી પહોંચ્યો. એ નગરની બહાર એક મોટું ઉદ્યાન હતું તેના બગીચામાં બેઠા બેઠા મને વિચારો આવવા લાગ્યા કે—

અહો! મારે હવે ગમે તેમ કરીને ઢગલે ઢગલા ધન તો એકઠું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવું જ જોઇએ! ત્યારે શું દેદીપ્યમાન ચપળ મોજાંઓની માળાથી વ્યાકુળ સમુદ્રને ઉલ્લંઘીને ધનની ખાણ જેવા રત્નદ્વીપમાં હું જઉં? અથવા તો રણક્ષેત્રમાં મોટા મોટા બહાદુર ધનવાનોને મારી હઠાવી જોરથી તેઓની લક્ષ્મી પડાવી લઉં? એવી રીતે તેઓની લક્ષ્મી પડાવી લેવી તે કાંઇ કોઇ રીતે ખોટું નથી. તેઓને તેમના ધન ઉપર હક્ક શો છે? અથવા તો ધન મેળવવાનું એક બીજું પણ સાધન છે: [1]ચંડિકાદેવીની આરાધના કરીને તેને લોહીથી ભરેલી મારી પ્રચંડ ભુજાઓમાંથી રૂધિર અને માંસ આપી તૃપ્ત કરવી; આવી રીતે તે દેવીની આરાધના કરી તેને રાજી કરી તેની પાસે ધનની માગણી કરૂં? અથવા તો બીજા બધા કામધંધા છોડી દઇને [2]રોહણાચળ પર્વતને જ પાતાળ સુધી ખોદી કાઢું કે જેથી એના મૂળમાંથી મને ખૂબ ધન મળે? અથવા તો પર્વતની ગુફામાં જઇને ત્યાંથી [3]રસકૂપિકાનો રસ લઇ આવું કે જેની મદદથી મારી મરજી આવે તેટલું સોનું હું ત્યાર પછી અન્ય ધાતુઓમાંથી બનાવી શકું?"

કેશુડાંનું વૃક્ષ અને ધાતુવાદ.

મારા મિત્ર સાગરની અસરતળે એવા એવા ધનપ્રાપ્તિના અનેક મનોરથો મેં તે જગ્યાપર બેસીને કર્યા. આવા આવા અસ્તવ્યસ્ત અનેક વિચારો હું બગીચામાં બેઠોબેઠો કરતો હતો તે વખતે મારી નજર મારી સામે આવેલા એક કેશુડાના ઝાડ પર પડી. વળી એક આશ્ચર્ય મારા જોવામાં આવ્યું કે કેશુડામાંથી એક પાતળો અંકુરો વૃક્ષની શાખામાંથી નીકળીને હેઠ જમીન સુધી ગયો હતો. આવી સ્થિતિમાં કેશુડાંના ઝાડ અને તેના પ્રારોહને જોતાં થોડા વખત પહેલાં જ હું ધાતુવાદ[4] (Metallurgy or mineralogy) શીખ્યો હતો તે મને યાદ આવી

---

૧ જૂની માન્યતા છે કે **ચંડિકા** દેવીને લોહીનો ભોગ આપવાથી તે તૃપ્ત થઇ ઇચ્છા પૂરી કરે છે.

૨ **રોહણાચળ** પર્વતના મૂળમાં ઘણું ધન ભર્યું છે એવી એક જૂની માન્યતા છે. આ પર્વતનું સ્થાન હાલ કોઇને જડતું નથી!

૩ **રસકૂપિકા:** પુરાણી માન્યતા. રસની એક નાની કુઇ હોય છે, તેમાંથી એક ટીપું રસ સેંકડો ખાંડી લોઢા ઉપર નાખતાં સર્વનું સોનું થઇ જાય છે. આવી રસકૂપિકા પર્વતના કોટરમાં હોય છે એમ ધાતુવાદવાળા માનતા હતા. તે મેળવવાને માટે તપ જપ કરવા પડતા હતા.

૪ **ધાતુવાદ:** મૂળમાં ખન્યવાદ શબ્દ છે. એને માટે 'ભુસ્તરવિદ્યા' શબ્દ પણ યોગ્ય ગણાય. મતલબ બહારની નિશાનીઓથી જમીનની અંદર શું છે તેનો નિર્ણય કરવાની વિદ્યા. હાલ આર્યાવર્તમાં આ વિદ્યા લદ્દન ભૂલાઇ ગઇ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો. મારા મનમાં એમ થયું કે એ ઝાડતળે ધન હોવું જ જોઇએ, કારણ કે ધાતુવાદના પુસ્તકોમાં જણાવવામાં આવ્યું છે કે—

**ધાતુવાદ.**

"જે સ્થળે ક્ષીરવૃક્ષ[1] ઊગે તે સ્થાન ધન વગરનું કદિ હોતું નથી, ત્યાં થોડું અથવા વધારે ધન જરૂર હોય છે, તે જ પ્રમાણે બીલીનું ઝાડ હોય અથવા પલાશ (કિંશુક-કેશુડાં)નું ઝાડ હોય ત્યાં પણ થોડું ઘણું ધન જરૂર હોય છે. જો એ વૃક્ષનો પ્રારોહ સ્થૂળ હોય તો ધન ઘણું હોય છે અને જો પાતળો હોય તો થોડું હોય છે; જો રાત્રીના વખતમાં તે વધારે પ્રકાશ કરતો હોય તો ત્યાં ધન ઘણું છે એમ સમજવું અને જો તે રાત્રે માત્ર ગરમ જ લાગતો હોય તો થોડું ધન છે એમ જાણવું. એ કેશુડાં કે બીલીનાં ઝાડને વીંધવામાં આવે અને તેમાંથી જો રાતા રંગનો રસ ફૂટે તો તે જમીનમાં રત્નો છે એમ સમજવું, જો સફેત રંગનો રસ નીકળે તો તે જગ્યામાં રૂપું દટાયલું છે એમ સમજવું અને જો પીળા રંગનો રસ નીકળે તો તે સ્થાનમાં સોનું છુપાયલું છે એમ સમજવું. એ કેશુડાંનો પ્રારોહ ઉપરથી જેટલો ઊંચો જણાતો હોય તેટલો જ નીચે પણ હોય તો તે સ્થાનક પર મોટું નિધાન છુપાયલું છે એમ જાણવું. જો એ કેશુડાંના વૃક્ષનો પ્રારોહ ઉપરથી પાતળો હોય અને નીચેથી વિસ્તારવાળો હોય તો તે સ્થાનપર ભંડાર છુપાયલો છે એમ સમજવું, પણ જો તેથી ઉલટું જોવામાં આવે એટલે કે તે પ્રારોહ ઉપરથી જાડો હોય અને નીચે પાતળો હોય તો ત્યાં કાંઇ ધન નથી એમ સમજવું."

**હજાર મહોર પ્રાપ્તિ.**

આ પ્રમાણે ધાતુવાદ હું શીખ્યો હતો તે મને યાદ આવ્યો. મારી સામે તે વખતે કેશુડાંનું ઝાડ ઊગેલું હતું તેને મેં બરાબર ધારી ધારીને જોઇ લીધું. એ કેશુડાંનો પ્રારોહ પાતળો થતો જતો હતો તે ઉપરથી મને વિચાર થયો કે આ સ્થાનકે ઘણું ધન હોવું જોઇએ. પછી મારો નખ મારીને એ કેશુડાંના ઝાડને વીંધ્યું એટલે તેમાંથી પીળા રંગનું દૂધ નીકળ્યું એટલે મારા મનમાં એમ થયું કે એ સ્થાન પર જરૂર સોનું હોવું જોઇએ. તે જ વખતે મારા સાગરમિત્રે મને પ્રેરણા કરી એટલે એ ઝાડની નીચેનો ભાગ ખોદી નાખવાને અને અંદર રહેલા સોનાને હાથ કરવાને હું તૈયાર થઇ ગયો. તે વખતે "**નમો ધરણેંદ્રાય,**

---

૧ **ક્ષીરવૃક્ષઃ** જે વૃક્ષના થડ વિગેરેમાં છેદ કરવાથી દૂધ જેવો રસ નીકળે છે તે વૃક્ષોઃ ઉબરો, વડ, પીપળો, મહુડો વિગેરે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

**नमो धनदाय, नमो क्षेत्रपालाय**[1]" એવા મંત્રનો ઉચ્ચાર કરતાં એ વૃક્ષની નીચેના ભાગને મેં ખોદવા માંડ્યો. ખોદતાં ખોદતાં તુરત જ તાંબાનું એક વાસણ દિનાર ( સોનામહોર )થી ભરપૂર મારા હાથમાં આવ્યું. મારો સાગરમિત્ર એ જોઇને ઘણો રાજી થયો. મેં પણ તે દિનારને ગણી જોઇ તો તે એક હજાર થઇ. વાસ્તવિક હકીકત તો એ હતી કે મારી સાથે મારો મિત્ર પુણ્યોદય હતો તેણે મને તે મેળવી આપી હતી, પણ મારો તે વખતે પક્ષપાત સાગર મિત્ર ઉપર વધારે હતો તેથી હું તો મહામોહને વશ પડીને એમ જ માનતો હતો કે એ પૈસા મને સાગરભાઇએ મેળવી આપ્યા છે. આટલી પુંજી મારી પાસે થઇ એટલે મારા મનમાં કાંઇક સંતોષ થયો.

### જયપુરમાં પ્રવેશ.
### કમલિની સાથે લગ્ન.
### ધનપ્રાપ્તિની પિપાસા.

હવે તે એક હજાર દિનાર ગુપ્ત રીતે શરીર પર બાંધી લઇને હું તે જયપુર નગરમાં દાખલ થયો. પ્રથમ સીધો બજારમાં ગયો. ત્યાં એક બકુલ નામના શેઠ પોતાની દુકાન પર બેઠા હતા. તેણે મને જોયો તે જ વખતે મારા પુણ્યોદય મિત્રે તેને કાંઇક અંદરથી પ્રેરણા કરી એટલે શેઠ જાતે મને મળવા આવ્યા, મારી સાથે વાતચીત કરી, રાજી થયા અને મને પોતાને ઘેર આવવા અને રહેવા આમંત્રણ કર્યું. ગમે તે કારણથી તેમનો મારા ઉપર પ્રારંભમાં જ ઘણો સ્નેહ દેખાવા લાગ્યો અને જાણે મને જોઇને તેમના સ્નેહના તંતુઓ ઝળઝળાયમાન થયા હોય એમ દેખાવા લાગ્યું. તેઓએ મને આપેલું આમંત્રણ મેં સ્વીકાર્યું. તેઓ તુરત જ ઉઠીને અતિ આદરપૂર્વક મને પોતાને ઘરે લઇ ગયા. ઘરે જતાં જ તેમણે પોતાની વહાલી સ્ત્રી **ભોગિનીને** બોલાવી અને મારો પૂર્ણ આદરસત્કાર કરવા તેને ભલામણ કરી. ત્યાર પછી માણસોએ મને અંઘોળ ( સ્નાન ) કરાવ્યું અને ઘણાં કોમળ રેશમી વસ્ત્ર પહેરવા અને ઓઢવા આપ્યાં. વસ્ત્રો પહેરીને હું બહાર આવ્યો એટલે એક સુંદર આસન પર બેસારી મને ઘણું સુંદર ભોજન જમાડ્યું. વધારે આનંદની વાત તો એ હતી કે એ આખો વખત શેઠ પોતે હાજર જ રહ્યા, ભોજન પણ સાથે જ લીધું અને મારી

બકુલ શેઠથી સન્માન.

१ 'नमो धनपालाय' इति पाठान्तरं क्षेत्रपालायस्थाने.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ પ્રકારની તજવીજ રાખવામાં ઉત્સાહ બતાવ્યો. જમીને ઉઠ્યા પછી મને પાનસોપારી આપ્યા.

દૂધમાં સાકર ભળી ગઈ.

ત્યાર પછી વિનોદવાર્ત્તા ચાલી. શેઠ મારી પાસે નિરાંતે બેઠા અને હું કયા ગામનો છું, મારૂં કુળ અને મારી જ્ઞાતિ કયાં છે અને મારૂં નામ શું છે એ સંબંધી મને સવાલ પૂછ્યા. સવાલ પૂછવાની તેમની નમ્રતા એવા પ્રકારની હતી કે કોઇને પણ એ રીતભાત જોઇ આનંદ થાય. મેં પણ તેના સાચેસાચા જવાબ આપ્યા. શેઠે તે વખતે વિચાર કર્યો કે અહો! આ તો કુળમાં, શીળ (વર્તન)માં, વયમાં અને રૂપમાં બધી રીતે યોગ્ય છે, પોતાની જ જાતનો છે અને સુંદર રૂપવાળો છે તેથી પોતાની દીકરી **કમલિની** નામની હતી તેનો પતિ થવાને સર્વ રીતે યોગ્ય છે એમ શેઠને લાગ્યું. શેઠની એ કમલિની દીકરી એકની એક હતી, રૂપમાં કામદેવની પત્ની રતીથી પણ ચઢે તેવી સુંદર હતી અને સર્વ શુભ લક્ષણે અને ગુણે પૂર્ણ હતી. એને પોતાની નજીક બોલાવી. બન્નેનો અરસ્પરસ રાગ જોઇ તેના પિતાએ શુભ દિવસે મારા તેની સાથે લગ્ન કર્યાં અને ત્યાર પછી બકુલ શેઠ પોતે બોલ્યા "વત્સ ધનશેખર! આ ઘર તારૂં પોતાનું જ છે એમ સમજ. કોઇ પણ પ્રકારની આકુળતા રાખ્યા વગર તું અહીં રહે અને મારી દીકરી સાથે આનંદ કર. તું કોઇ પણ પ્રકારની ચિંતા કરીશ નહિ. આ મારૂં ધન છે તે સર્વનો તું તારી મરજી આવે તે પ્રમાણે ઉપયોગ કરજે."

પણ સાગર ઉછળ્યા કર્યો.

મેં જવાબ આપતાં બકુલશેઠને કહ્યું. "વડીલશ્રી! જ્યાંસુધી પોતાનાં હાથથી રત્નના ઢગલા મેળવ્યા નથી ત્યાંસુધી ભોગલીલા કરવી, એ એક પ્રકારની વિડંબના જ છે, મારે હિસાબે તેવો આનંદ તિરસ્કારને પાત્ર છે, તેવી લીલા ધિક્કારને યોગ્ય છે, તેવા ભોગો મારે ભોગવવા યોગ્ય નથી. માટે મુરબ્બી! આપે હવે મને તેવો હુકમ ન કરવો. મારાથી ઘરે રહી શકાય તેમ નથી. મને તો આપ કોઇ સારો સથવારો શોધી આપો તો તેની સાથે હું રત્નદ્વીપે જઉં અને ત્યાંથી મહેનત કરીને રત્નના ઢગલા પેદા કરી લાવું."

બકુલશેઠે કહ્યું કે—"ભાઇ! આવો મોટો દરીઓ ઉલ્લંઘી બહુ દૂર જવાની તારે જરૂર નથી, મારા પૈસા લે અને તેનાવડે તારી મરજી આવે તેવો વેપાર કરીને અહીં રહીને પૈસા પેદા કર. તારા મનમાં પૈસા પેદા કરવાની હોંસ છે તો ભલે તેમ કર."

૩

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠની આવી અતિ ઉદાર માગણીની મેં જરાએ કિંમત ન કરી કે શેઠનો આભાર સરખો પણ ન માન્યો. માત્ર ઉત્તરમાં હું એટલું જ બોલ્યો કે–"સુજ્ઞશ્રી! જો આપનો એવો જ આગ્રહ છે કે મારે બહારગામ હાલ જવું નહિ તો ભલે, મારી પાસે થોડી પુંજી છે, તો અહીં રહી તે પુંજી વડે તમારાથી જૂદો વેપાર કરીશ, ઘર પણ જૂદું જ લઇને રહીશ અને દુકાન પણ સુવાંગ જૂદી જ રાખીશ." બકુલશેઠે મારી એ માગણી કબૂલ રાખી, તે વાતનો સ્વીકાર કર્યો અને ગમે તેમ કરી દીકરી નજરસન્મુખ રહે તેવો ઘાટ ઉતાર્યો.

જૂદી ગાંઠ.

## સાગરની અસરતળે ધનશેખર.
## કર્માદાનના નીચ વ્યાપારો.
## નિરંતર વધતી જતી ધનેચ્છા.

ત્યાર પછી મેં વેપાર કરવા માંડ્યો. મારો સાગરમિત્ર અંદર રહીને મને વારંવાર દરેક ક્ષણે પ્રેરણા કર્યા કરતો હતો તેથી દરેક ક્ષણે મારા મનમાં નવા નવા તર્ક વિતર્ક થયા કરતા હતા, ધન મેળવવા માટે મારા મનમાં નવા નવા તરંગો આવતા હતા, જૂદા જૂદા ધન વધારવાના રસ્તાઓ તરફ મન દોડી જતું હતું, મારી ધર્મબુદ્ધિ તેથી ગળી જતી હતી, ગમે તેમ કરીને ધન મેળવવું એ જ વિચાર રહેતો હતો, મારી દયાળુતા અંદરથી ખસી જતી હતી, સરળતા અને નમ્રતા નાશ પામી જતી હતી, ધન જ આ જગતમાં સાર છે, પ્રધાન છે, રહસ્ય છે એવી બુદ્ધિ થતી હતી, સામાનું મન રાખવાની જે સ્વાભાવિક દાક્ષિણ્યતા હોય છે તે મારામાં ઘટતી જતી હતી અને સંતોષ પણ અદૃશ્ય થતો જતો હતો. જાણે ગમે તે વેપાર કરી ગમે તેમ કરી ધન એકઠું કરૂં, ધનના ઢગલા કરૂં, ધનની તીજોરીઓ ભરૂં, એવા વિચારો આવ્યા કરતા હતા. પછી તો મેં અનાજ લેવા માંડ્યું,[1] અનાજના

ગમે તે પ્રકારે ધન ધન ધન.

---

૧ જૈન ધર્મ અહિંસાના મૂળ પાયા ઉપર રચાયલો છે તેથી જ્યાંસુધી બને ત્યાંસુધી જે વ્યાપારમાં હિંસા થતી હોય તેવો વ્યાપાર શ્રાવકે ન કરવો એવો શાસ્ત્રકારનો આદેશ છે. એવા ન કરવા યોગ્ય વ્યાપારને **કર્માદાન** કહેવામાં આવે છે. એમાં પાંચ કર્મ છે, પાંચ વાણિજ્ય છે અને પાંચ સામાન્ય છે. એ પંદરનો સામાન્ય હેવાલ ગૃહિધર્મના વર્ણન પ્રસંગે **પ્રસ્તાવ–૪. પ્ર. ૩૫ પૃ. ૧૦૯૩** માં આપ્યો છે તેથી અત્ર તેનું પુનરાવર્તન કરતા નથી. તે જ હકીકત **પ્ર. ૪. પ્ર. ૧૧** ની **મહાઆરંભ**ની નોટમાં પણ વિસ્તારથી બતાવેલ છે તે જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટા મોટા કોઠારો કરી તેમાં તેનો સંગ્રહ કરવા માંડ્યો; કપાસ અને તેલને ભાંડશાળા (ગોડાઉન)માં ભરવા લાગ્યો; લાખનો વેપાર કરવા માંડ્યો; ગળીનો વેપાર કરવા માંડ્યો; જીવથી વ્યાપ્ત તલો વિગેરે પીલાવવાનો ધંધો કરવા લાગ્યો; અંગારા પડાવવા લાગ્યો; આખા ને આખા વનને કપાવવા લાગ્યો, ગમે તેવું સાચું જૂઠું બોલવા લાગ્યો, સરળ પ્રકૃતિના મનુષ્યોને લેવડદેવડમાં લુંટવા લાગ્યો, મારા ઉપર વિશ્વાસ રાખનારને છેતરવા લાગ્યો, લેવા દેવા માટે તોળવા અને માપવાના કાટલામાં તફાવત રાખવા લાગ્યો અને ધંધામાં અને ધનચિંતામાં એવો મશગુલ થઇ ગયો કે પાણી પીવાની ગમે તેટલી તરસ લાગી હોય તો પાણી પણ પીઉં નહિ, ભુખ લાગી હોય છતાં જમું પણ નહિ અને ધનની લોલુપતામાં રાત્રે ઉંઘું પણ નહિ. ધનની લોલુપતા મારી એટલી બધી વધી ગઇ કે મારી અત્યંત સુંદર, સરળ, પતિભક્તિવાળી, પદ્મની કમલિનીને હું મળું પણ નહિ, તેની સાથે વાત પણ કરૂં નહિ, તેની પાસે બેસું નહિ, તેને કોઇ પ્રકારના આનંદવિલાસ કરાવું નહિ અને તેના સુંદર દિવ્ય વદનકમળ ઉપર ભ્રમરની જેમ અધરરસનું પાન પણ કરૂં નહિ.

લોભ સમુદ્રે તણાતો ગયો.

અહો અગૃહીતસંકેતા! આવી રીતે અનેક પ્રકારના કષ્ટો મેં સહન કર્યા, દુઃખ વેઠ્યાં અને ચિંતા કરી ત્યારે મારી પાસે જે એક હજાર સોનામહોરો હતી તેમાં મેં બીજા પાંચસોનો વધારો કર્યો એટલે મારી પુંજી પંદરસો સોનામહોરની થઇ. જેવી મારી પુંજી પંદરસો સોનામહોરની થઇ કે મારી ઇચ્છા બે હજાર સોનામહોર મેળવવાની થઇ. અનેક નીચ વ્યાપાર કરતાં મને તેટલી સોનામહોરો પણ મળી એટલે વળી મારી ઇચ્છા દશ હજાર સોનામહોર મેળવવાની થઇ.[1] વળી વધારે

૧ ધનની સ્થિતિ આવી જ છે, લોભનો પાર નથી, છેડો નથી, આકાશની જેમ તે વધતો જ જાય છે. ઇચ્છાને તેટલા માટે આકાશ સાથે સરખાવી છે, આકાશનો છેડો આવે તો ઇચ્છાનો પાર આવે. આજે જેટલા મેળવવાની ઇચ્છા થઇ હોય તેટલા મળી જાય એટલે વળી તેથી ઘણા વધારે મેળવવાની ઇચ્છા થાય છે અને આ પ્રમાણે નિરંતર પ્રાણી આગળ વધતો જાય છે, પણ કદિ ધન શાથી મળે છે તેનો વિચાર કરતો નથી, મળે તો પોતાની શાબાશી માને છે, પુરૂષાર્થમાં વખાણ કરે છે, ન મળે તો નસીબને ઠપકો આપે છે, પણ એની આશાનો અને લોભનો છેડો કદિ આવતો નથી. વધતી જતી આશા પર ઉપાધ્યાયશ્રી યશોવિજયનું પૃ. ૭૯ માં ટાંકેલું સ્વાધ્યાય વાંચવા વિચારવા યોગ્ય છે. (પ્રથમ પ્રસ્તાવ.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેપાર કરતાં અને પાપો સેવતાં મને દશ હજાર સોનામહોરો પણ મળી ગઇ એટલે તુરત જ મારી ઇચ્છા લાખ સોનામહોરો મેળવવાની થઇ આવી. મારો સાગરમિત્ર અંદર રહી વારંવાર પ્રેરણા કર્યા જ કરતો હતો અને ગમે તેમ કરી લાખ મહોર પૂરી કરવા મને સલાહ આપતો હતો. પછી અનેક જૂદા જૂદા પ્રકારના ઉપાયો કરતાં મને લાખ મહોર પણ આખરે મળી ગઇ એટલે વળી દશ લાખ સોનામહોર મેળવવા મને તેણે પ્રેરણા કરી. વળી મેં અનેક વેપાર કર્યા, ત્રાસ વેઠ્યા, ઉજાગરા કર્યા, હિસાબો કર્યા, સરવૈયાં કાઢ્યાં અને મહા પ્રયાસે દશ લાખ સોનામહોરો પણ મેળવી.

દશ લાખે કરોડેચ્છા.

દશ લાખ સોનામહોર મને મળી એટલે વળી મારા સાગરમિત્રે મને એક કરોડ સોનામહોર મેળવવા પ્રેરણા કરી અને વારંવાર સૂચના કરી કરીને કરોડ સોનૈયા મેળવવા અંદરથી ઉત્સાહ આપ્યો. મેં અગાઉ કર્યા હતા તે સર્વ વ્યાપારો વધારે જોસથી અને ઉત્સાહથી કરવા માંડ્યા પણ દશ લાખ અને કરોડ વચ્ચેનો આંતરો ઘણો મોટો હોવાથી મારી તે ઇચ્છા કોઇ રીતે પૂરી થઇ શકી નહિ; તેથી તે રકમ મેળવવા માટે મેં વધારે વધારે ઉપાયોની યોજના કરવા માંડી: પરદેશમાં જઇ વેપાર કરનારા અનેક ગાડાંઓના સાથ મેં યોજ્યા; ઊંટનું મોટું ધણ ( ટોળું ) પરદેશ વસ્તુઓ ભરીને વેપાર કરવા મોકલ્યું; વેપાર ખેડવા સારૂ મોટાં મોટાં વહાણના સમૂહો પરદેશ મોકલ્યા; ગધેડાઓ (ભાર ઉચકવા સારૂ )નું મોટું લશ્કર મેં એકઠું કર્યું અને તેમના ઉપર માલ લાદીને પરદેશનો મોટો વ્યાપાર શરૂ કર્યો; ચામડાના વેપારીઓ સાથે વેપારની ગોઠવણ કરી[1]; રાજાઓને મળીને તેમની પાસેથી તેમના અમુક અમુક દેશોમાં વેપાર કરવાને અને તેના પરની લાગત (જગાત વિગેરે ) વસુલ કરવાને વાસ્તે તેની પાસેથી હક્કો ( ઇજારાઓ ) મેળવ્યા; [2]આખલા ( બળદ )નું મોટી સંખ્યામાં પોષણ કર્યું; પૈસા પેદા કરી આપવા માટે નાયકાઓનું મોટું ટોળું એકઠું કર્યું (તે મારે માટે તેનું

---

૧ હાથીના વ્યાપારી અને હાથી વડે વ્યાપાર કરનારા એ અર્થ પણ થાય છે. અહીં વર્ણવેલાં લગભગ સર્વે કર્માદાનના વ્યાપારો છે, મહાપાપથી ભરપૂર છે, ખાસ વર્જ્યે છે. જુઓ અ. ૫. પ્ર. ૩૭ માં સાતમા વ્રતપર વિવેચન.

૨ આખલાને પોષી મોટા કરવા અને પછી તેને મોટી કિંમતે વેચવા. આખલાને ( બળદને ) ગોઢલા ( નપુંસક ) બનાવીને વેચવા. એથી એનું વીર્ય અસ્ખલિત રહે છે અને કામ વધારે કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીળ વેચીને ધન પેદા કરે તેટલા સારૂ ); અત્યંત અધમ વર્તન જણાય તેવા ધંધા કરવા માંડ્યા; રસના દારૂ તાડી વિગેરેના અનેક પ્રકારના ધંધા માંડ્યા; સુંદર હાથીઓના દાંત કપાવીને તેનો વેપાર કરવા માંડ્યો; અનેક પ્રકારની ખેતીઓ કરાવવા માંડી; શેરડી પીલીને તેમાંથી રસ કઢાવી ગોળ અને ખાંડ તૈયાર કરાવી તેનો વેપાર કરવા માંડ્યો–ટુંકામાં કહું તો આ લોકમાં થતા વેપારધંધામાંથી મેં એક પણ વેપારધંધો કે વ્યવસાય બાકી રહેવા દીધો નહિ, ધનની ઇચ્છાથી મારા સાગરમિત્રની ઇચ્છા તૃપ્ત કરવા માટે મેં સર્વ પ્રકારના ધંધા કર્યા, ધન પ્રાપ્ત કરવાનાં જે જે સાધનો કલ્પી શકાય તે સર્વ મેં કર્યા, અને તેમ કરવામાં મેં ન રાખી પાપની બીક, કે ન કરી મને થતા ક્લેશની દરકાર, ન કરી કોઇ પ્રકારના સુખની ઇચ્છા કે ન કર્યો જરા પણ સંતોષ–માત્ર મારા સાગરમિત્રને સંતોષ આપવા ખાતર મેં તેની આજ્ઞા મુજબ મારાથી જે બને તે સર્વ ધંધાધાપા કર્યા અને રાતદિવસ ધનની ચિંતા વિચારણા અને ઘટના કરી. અહો અગૃહીતસંકેતા! મહા પાપ કરીને ઘણો સમય જતાં મેં આખરે એક કરોડ સોનૈયા મેળવવાની ઇચ્છા હતી તે પણ પૂરી કરી. આ સર્વ પ્રતાપ મારી અંદર સાથે રહેલ પુણ્યોદયનો હતો, પણ મને તે વાતની ખબર નહોતી અને હું તે જાણવાની દરકાર પણ કરતો નહોતો.

કરોડ થયે રત્નકોટીચ્છા.

આવી રીતે કરોડ સોનૈયા મળ્યા એટલેથી પણ મારો સાગરમિત્ર સંતોષ પામ્યો નહિ, ધરાયો નહિ, રાજી થયો નહિ. એની સાહસ કરવાની વૃત્તિ મને વારંવાર ઉત્સાહ આપ્યા કરતી હતી, અંદરથી પ્રેરણા કરતી હતી અને જ્યારે જ્યારે તેને પ્રસંગ મળે ત્યારે ત્યારે તે મારા ઉપર પોતાનો સીધો કાબુ ચલાવતો હતો અને મને પ્રેરણા કર્યા કરતો હતો, મને સળવળાટ કરતો હતો અને મને ધક્કા મારી આગળ વધારતો જતો હતો. તે મને સમજાવતો કે–“ભાઇ! જો તેં મારી સલાહ અને સૂચના પ્રમાણે કાર્ય કર્યું તો મારા પ્રતાપથી તને કરોડ સોનૈયા પણ મળ્યા, હવે જો તું બરાબર ઉત્સાહ રાખીશ તો કરોડ રત્ન પ્રાપ્ત કરવાં એ પણ તારે માટે દુર્લભ નથી, અશક્ય નથી, મુશ્કેલ નથી; પરંતુ રત્ન અહીં નહિ મળે, તેને માટે તો તારે સમુદ્ર ઓળંગીને રત્નદ્વીપે જવું પડશે, પણ જો તું ઉત્સાહ રાખીશ તો મારા પ્રતાપથી તને તે પણ મળશે. આવી રીતે પ્રેરણા કરીને તે સાગરમિત્રે મને સમુદ્ર ઓળંગી રત્નદ્વીપે જવાની પ્રેરણા કરી અને વારંવારની પ્રેરણાથી તે વાત મારા મન ઉપર એટલી બધી ઠસાવી દીધી કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કદાચ કોઇ દૈવ આવીને મને તેમાંથી નિવૃત્ત થવા પ્રેરણા કરે કે ફરમાવે તો પણ હું તે નિર્ણયમાંથી પાછો હઠું નહીં.

**રત્નકોટિની મોટી આશાએ ખેંચાણો.**
**બકુલશેઠે લોભનું તત્ત્વજ્ઞાન કહ્યું.**
**પણ ધનશેખર સમજ્યો નહિ અને વધ્યો.**

ધનસંબંધી વ્યવહારૂ વિચાર.

ઉપર પ્રમાણે રત્નદ્વીપે જવાનો મારા મનમાં નિશ્ચય થયો એટલે મેં તે વાત મારા સસરા બકુલશેઠને કહી. શેઠ મહા વિચક્ષણ વ્યાપારી હતા. તેમણે દીર્ઘ દૃષ્ટિ વાપરી મને જવાબ આપ્યો " વત્સ ! જેમ જેમ આ પુરૂષને " ધનનો વધારે વધારે લાભ મળતો જાય છે તેમ તેમ વધારે વધારે " મેળવવાના તેના મનોરથો વધતા જાય છે. શાસ્ત્રવચન પ્રસિદ્ધ છે કે " **जहा लाहो तहा लोहो, लाहाल्लोहो पवड्ढई ।** ' જેમ લાભ થતો જાય તેમ " લોભ થતો જાય છે, લાભથી લોભ વધે છે. ' તને કદાચ કરોડ રત્ન " મળશે તોપણ તેથી વધારે મેળવવાના તારા મનોરથ પૂરા થશે નહિ. " મહા અગ્નિ સખ્ત જોરમાં બળતો હોય તેમાં નવાં લાકડાં નાખવાથી તે " બુઝાતો નથી, પણ ઉલટો વૃદ્ધિ પામે છે, વધારે જોસથી સળગે " છે, પોતાનો પ્રતાપ આકરો કરતો જાય છે. ભાઇ ! તેં ઘણા પૈસા " મેળવ્યા છે, હવે તો સંતોષ રાખવો તે જ વધારે સારૂં છે. આ " મેળવેલા પૈસા છે તેની યોગ્ય વ્યવસ્થા કરી તેને ઠેકાણે પાડવા અને " તેને જાળવવા એ જ વધારે સલાહકાર છે. વળી તેં અત્યાર સુધી " કાંઇ આરામ પણ લીધો નથી તેથી હવે સર્વ પ્રકારની વ્યાકુળતા " છોડી દઇને નિરાંતે બેસ અને જરા સ્થિર થા. "

ધનેચ્છુના વિચારો.

મારા સસરાના આવા વિચાર સાંભળી મેં તેમને જવાબ આપ્યો. " મુરબ્બીજી ! આપ એ પ્રમાણે બોલો નહિ. જ્યાંસુધી " આ પ્રાણી પોતાનો પુરૂષાર્થ કરતો નથી, પોતાની " શક્તિ ફોરવતો નથી, કાર્યનો આરંભ કરી દેતો " નથી, ત્યાંસુધી લક્ષ્મી તેના તરફ પોતાની પીઠ રાખે છે, તેને મચક " આપતી નથી, તેને વરતી નથી; પણ એક વાર પ્રાણી કર્મનો " આરંભ કરી દે છે એટલે લક્ષ્મી તેના તરફ પ્રેમથી જુએ છે, આનં- " દથી જુએ છે, હોંસથી જુએ છે. લક્ષ્મી કોઇ પ્રાણીને વરેલી હોય, " તેને ભેટીને વળગી રહેલી હોય છતાં જો તે માણસ સાહસ છોડી " દે છે તો જેવી રીતે પોતાના પ્રેમાતુર પ્રણયીની આશંકાથી કુલટા સ્ત્રી " ધન વગરના પુરૂષને છોડી દે છે તેમ તેવા માણસને છોડીને લક્ષ્મી " ચાલી જાય છે ( પોતાનો જાર પુરૂષ આવી પહોંચવાનો છે એવી ભ્રાંતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"થતાં કુલટા દુર્ભાગી પતિને તજી દે છે તે પ્રમાણે). પોતાનું સર્વ "કામકાજ બંધ કરીને જે બીજે ઠેકાણે પોતાનું ચિત્ત પરોવે છે, જે "ધનોપાર્જનનું કામ બંધ પાડી દે છે, તેના તરફ એ કુળવાન સ્ત્રીની "પેઠે લજ્જાપૂર્વક જુએ છે, તેની સાથે તે પ્રેમગોષ્ટિ કરતી નથી, "પણ તેનું ચિત્ત આમ તેમ અસ્થિર રહે છે (મતલબ તેની સાથે "તે ખરો પ્રેમપ્રસંગ જમાવતી નથી). ગમે તેવા ખરાબ સંયો-"ગોમાં કે સ્થિતિમાં આવી પડ્યો હોય છતાં પણ જે પ્રાણી ધન "મેળવવાનો ઉત્સાહ છોડતો નથી તેની છાતી ઉપર પોતાની મેળે "વગર પ્રેરણાએ લક્ષ્મી આવી પડે છે, તેને જાતે વરે છે અને તેના "ઉપર ફીદા થઇ જાય છે. જે ધીરજવાળો પ્રાણી પોતાની બુદ્ધિ-"ડહાપણ વાપરીને લક્ષ્મીને પરાક્રમથી અથવા યુક્તિકળાથી બાંધી "રાખે છે તેના તરફ લક્ષ્મી પ્રોષિતભર્તૃકા સ્ત્રીની પેઠે રાહ જુએ છે. "(જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તેને 'પ્રોષિતભર્તૃકા' કહેવામાં "આવે છે. એવી કુળવાન્ સ્ત્રીઓ વિદેશમાં રહેલા પતિના આગમ-"નની રાહ જોતી તે દિશા સન્મુખ વારંવાર દૃષ્ટિ દે છે તેમ લક્ષ્મી "પણ આવા પુરૂષોની સન્મુખ જ દૃષ્ટિ રાખે છે.) જે પ્રાણીને જરા "થોડી લક્ષ્મી મળે ત્યાં તો તે સંતોષ પામી જાય છે તેના તરફ એ "લક્ષ્મીદેવી હલકી નજરથી જુએ છે, તેવા પ્રાણીને તે તુચ્છ પ્રકૃ-"તિનો માને છે અને પોતે જરા પણ તેને ત્યાં વૃદ્ધિ પામતી નથી. "જે પ્રાણી પોતાના તેવા પ્રકારના ગુણોથી લક્ષ્મીદેવીને રીઝવતો નથી "તેનો એ દેવી સાથે પ્રેમસંબંધ સિદ્ધ થયો હોય તો પણ તે લાંબો "વખત ચાલતો નથી. આ પ્રમાણે હોવાથી સમજુ માણસે પૈસા "એકઠા કરવાની બાબતમાં કદિ પણ સંતોષ ન કરવો. માટે વડી-"લશ્રી! મને રત્નદ્વીપે જવાની આજ્ઞા જરૂર આપો."

બકુલશેઠે આ લાંબા સંભાષણનો મને ટુંકામાં જ જવાબ આપ્યો કે—"**પ્રાણી પાતાળમાં જાય કે, મેરૂપર્વતના શિખર ઉપર ચઢે, રત્નદ્વીપે જાય કે ઘરે રહે, ગમે તેટલો ઉદ્યમ કરે કે ઉદ્યમ વગર બેસી રહે-પણ તેણે પૂર્વે જેવી વાવણી કરી હોય તે પ્રમાણે જ તેને ફળ પ્રાપ્ત થાય છે;** છતાં તમારો પરદેશ જવાનો આટલો બધો આગ્રહ છે તો જાઓ, મારી રજા છે,[૧] તમને ગમે ત્યાં જાઓ."

જવાબ આપતાં મેં એ બાબત સસરાજીનો આભાર માન્યો.

---

૧ શેઠની દલીલ રૂચે તેવી નથી, પણ આગળ કથા વાંચતાં તેનું સત્ય સમજાશે. યોગ્ય ઉદ્યમની મના નથી, પણ **ધનશેખર**ની વાત તો માત્ર ઉદ્યમપ્રધાન છે. કથા આગળ વાંચતાં આ બાબતનો સ્વતઃ નિર્ણય થઇ જશે. શેઠે જોયું કે **ધનશેખર** વાર્યો રહે તેમ નથી તેથી વગર મને તેમણે રજા આપી એ તેમની દીર્ઘ દૃષ્ટિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### રત્નદ્વીપે ગમન.
### રત્નસંચય સંગ્રહ.
### વિશેષેચ્છાથી સ્થિતિ.

હવે રત્નદ્વીપે જવાની મારી તૈયારીઓ ચાલી. અનેક પ્રકારનાં કરિયાણાં મેં એકઠાં કર્યાં, વહાણો તૈયાર કર્યાં, તેમાં ખલાસી માલમ વિગેરેની ગોઠવણ કરી, જવાના દિવસની ગણતરી કરવા માંડી,[1] લગ્નશુદ્ધિ (રાશિનો ઉદય) વિચારવા માંડી, નિમિત્તોની તપાસ કરવા માંડી,[2] અવશ્રુતિઓ કરવામાં આવી, ઇષ્ટ દેવતાનું સ્મરણ કરવામાં આવ્યું, સમુદ્રદેવની પૂજા કરવામાં આવી, મોટા સફેત સઢો સજ્જ કરાવવામાં આવ્યા, વહાણમાં મોટા મોટા કુવાઓ[3] ઊભા કરવામાં આવ્યા, મુસાફરીમાં જોઇતાં ઇંધણ છાણાં રાખી લેવામાં આવ્યાં, પીવાના પાણીનાં વાસણો ભરી લેવામાં આવ્યાં, વહાણમાં બીજો જે કાંઇ સરસામાન જોઇએ તે તમામ ચઢાવી દેવામાં આવ્યો, [4]લડાઇને લગતી સર્વ સામગ્રીઓ પણ વહાણોપર તૈયાર કરી દેવામાં આવી, દરિયારસ્તે વ્યાપાર કરનારા અને તે જ દ્વીપે જઇને વેપાર કરનારા વેપારીઓને મેળવી લેવામાં આવ્યા.

તૈયારી.

આવી રીતે સર્વ સામગ્રિ તૈયાર થઇ ગઇ એટલે બીજા મહા ધનવાન્ વેપારીઓની સાથે હું રત્નદ્વીપે જવાને તૈયાર થઇ ગયો અને મારી સ્ત્રીને તેના બાપને ઘરે મૂકી દીધી. જ્યારે જવાનો નિર્ણય કરેલો દિવસ આવ્યો ત્યારે સર્વ પ્રકારના મંગળ કરીને બરાબર વખતે હું વહાણ ઉપર ચઢ્યો. મારા બન્ને મિત્રો (સાગર અને પુણ્યોદય) પણ મારી સાથે વહાણ ઉપર ચઢ્યા.

સફરે.

---

૧ તૈયારીમાં ભાઈ ધનશેખર એવા પડી ગયા કે એણે સ્ત્રીની રજા પણ લીધી નહિ, એની પાસે ગયો પણ નહિ, કદાચ એ યાદ પણ આવી નહિ હોય એમ લાગે છે. હવે પછીની વાર્તામાં કમલિની સંબંધી કાંઈ હકીકત આવતી નથી તે વિચારવા લાયક છે.

૨ **અવશ્રુતિ:** અમુક દિવસે અમુક દિશાએ જવું ન જવું વિગેરેના નિર્ણયને અવશ્રુતિ કહે છે. જ્યોતિષ.

૩ **કુવો:** વહાણનો મધ્ય સ્તંભ. કોઇ વહાણ બે ચાર પાંચથી પણ વધારે કુવાનું હોય છે.

૪ ચાંચીઆ વિગેરે સાથે લડવા વહાણમાં લડાઇની સામગ્રિ પણ રાખવી પડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારાં નાંગર ઉપાડવાંનો વખત થયો એટલે સરણાઇનો નાદ થવા લાગ્યો, શંખો વગાડવામાં આવ્યા, મંગળપાઠનો ઉચ્ચાર ચારે તરફથી થવા લાગ્યો, ચપળ બાળકો અથવા બ્રહ્મચારીઓ હર્ષથી ગર્જારવ કરવા લાગ્યા, વડીલવર્ગ આશિષ્ દેતો દેતો નગરને માર્ગે પાછો ચાલવા માંડ્યો, છોડી દીધેલી ભાર્યા તદ્દન રાંક જેવી હતાશ બની ગઇ, મિત્રમંડળ કાંઇક રાજી થયું અને કાંઇક ખેદ પામી ગયું અને સજ્જન લોકો અનેક પ્રકારના મનોરથો મનમાં ને મનમાં કરવા લાગ્યા.

વિદાય.

એવી રીતે અર્થી માણસોના મનોરથ પૂરા કરીને, અવસરને યોગ્ય ઉત્સવ કરીને જ્યારે પવન અનુકૂળ થયો ત્યારે અમે સર્વે વહાણમાં દાખલ થયા. પછી વહાણો ઉપર સઢ ચઢાવવામાં આવ્યા, નાંગરો ઉપડ્યાં, વહાણો શ્રેણિબંધ ચાલ્યા,[1] સુકાનીઓ બરાબર ધ્યાન રાખી નિરીક્ષણ કરવા લાગ્યા, એવી રીતે અમારાં વહાણો રસ્તે પડ્યાં, પવન પણ ઘણો અનુકૂળ થઇ ગયો. સખ્ત પવનના જોરથી સમુદ્રમાં થતાં મોજાંઓ સાથે ઘસડાઇ આવતાં મોટાં માછલાંઓનાં પુચ્છોની છટાના આઘાતથી થતાં મોટા અવાજથી જળતંતુઓ ભય પામી દૂર નાસતા જાય છે, મોજાંઓના અથડાવાથી ફીણના ગોટા ઉડે છે અને અનેક કાચબાઓ નાશ પામે છે-એવા માર્ગે અમારાં મોટાં વહાણો ચાલ્યાં, મોટા વિસ્તારવાળા મહા સમુદ્રમાં આગળ વધ્યાં અને વચ્ચે અનેક નાના મોટા બનાવો બનતા આખરે અમે સર્વે બહુ થોડા વખતમાં રત્નદ્વીપે આવી પહોંચ્યા, અમને સર્વને બહુ જ આનંદ થયો, અમે સર્વે બહુ પ્રસન્ન થયા, સફર સલામતીથી પૂરી થવા માટે અમે અમારી જાતને ધન્ય માનવા લાગ્યા.

પહોંચ્યા.

પછી વ્યાપારીઓ વહાણમાંથી ઉતર્યા, જે જે બતાવવા લાયક ચીજો હતી તે સાથે લીધી, ત્યાંના રાજાની મુલાકાત લીધી, નજરાણું ધર્યું, રાજાએ અમારી તરફ પ્રેમ બતાવ્યો, દાણ ચુકાવવામાં આવ્યું, વેચવાની વસ્તુઓની ગણતરી કરવામાં આવી, [2]વેપારીઓને સામસામી હાથા આપવામાં આવ્યા, સર્વેએ પોતપોતાની રૂચિ પ્રમાણે માલનું વેચાણ કર્યું,[3]

રોકાયો.

---

૧ अवलयकाः અથવા अवलपकाः શબ્દનો અર્થ મને બેઠો નથી.

૨ સોદા કરવાની આ વ્યાપારીની જાણીતી રીત છે.

૩ પરદેશના વ્યાપારમાં અહીંની ચીજો ત્યાં વેચી ત્યાંથી ચીજો લાવવાની જ હોય છે; એ સિવાય બીજી રીતે exchange પતે નહિ. સોનું રૂપું લાવે તેના કરતાં ત્યાંની વસ્તુઓ લાવે તો બેવડો લાભ મળે છે. અહીંની વસ્તુના વેચાણનો લાભ અને ત્યાંની સસ્તી વસ્તુ અહીં વેચાય તેનો લાભ-એમ બેવડો લાભ મળે છે. દેશ પરદેશની વસ્તુનો વ્યાપાર આ ધોરણે જ થતો.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પાછી બીજી વસ્તુઓ તેના બદલામાં ખરીદ કરી, બક્ષીસો આપી, બીજા મારી સાથેના વેપારીઓ તો પોતાના દેશ તરફ જવાને તૈયાર થયા અને ચાલ્યા......પણ મને તો મારા મિત્ર સાગરે કહ્યું કે— "ભાઇ ધનશેખર ! જે દેશમાં લીંબડાનાં પાંદડાંનાં બદલામાં રત્નો મળે છે તેવા દેશને છોડીને તું ઉતાવળ કરીને શા માટે પાછો ફરે છે? એવી તારે શી ઉતાવળ છે ?" મારા મિત્રની આવી સલાહને લઇને હું તો ત્યાં દુકાન માંડીને બેઠો અને રત્ન ખરીદવાનો વેપાર શરૂ કર્યો.

# પ્રકરણ ૩ જું.

## હરિકુમાર-વિનોદ.

મારી સાથે આવેલા સર્વ વ્યાપારીઓ વિદાય થઇ ગયા, વ્યાપાર કરી પાછા ગયા પણ સાગરમિત્રની પ્રેરણાથી બને તેટલાં રત્નના ઢગલા કરવા માટે હું રત્નદ્વીપે રહ્યો અને વેપાર શરૂ કર્યો. મારો આખો વખત સાગરની પ્રેરણાથી દ્રવ્ય મેળવવાના ઉપાયો વિચારવામાં અને ગોઠવવામાં જતો હતો. ત્યાર પછી એક હકીકત બની તે (ધનશેખર-સંસારીજીવ અગૃહીતસંકેતાને કહે છે કે) સાંભળઃ—

### હરિકુમારનો પૂર્વ વૃત્તાંત.

**માતામરણ, હરિજન્મ.**
**સાર્થવાહ સહાય.**
**મામાને ઘરે.**
**પરિચય.**

એવી રીતે ધનચિંતામાં અને વ્યાપારમાં હું મારો સમય ગાળતો હતો તે દરમ્યાન એક દિવસ એક ઘરડી ડોશી[1] મારી પાસે આવી અને મને કહેવા લાગી "દીકરા ! મારે તારી સાથે કાંઇ વાત કરવી છે." મેં તેને વાત કરવાનું કહેતાં તેણીએ વાત ચલાવીઃ—

૧ આ ડોશીનું નામ **બન્ધુમતી** છે તે આગળ જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભાઇ! તને ખબર છે કે [1]આનંદપુરમાં કેસરિ રાજા રાજ્ય કરે છે. તે રાજાને બે રાણી હતીઃ એક **જયસુંદરી** અને બીજી **કમળસુંદરી.** જયસુંદરી હજુ જીવે છે એ હકીકત તું જાણે છે. કમળસુંદરી સંબંધી હકીકત તને કહું છું. એ કેસરિ રાજાને રાજ્ય ઉપર અત્યંત રાગ હોવાથી પોતાને છોકરો થશે તે પોતાને મારી નાખી રાજ્ય પચાવી પડશે એવી આશંકાથી જેવો છોકરો જન્મે છે કે તરત જ તેને મારી નાખે છે; આવી રીતે તેણે તુરતના જન્મેલા કેટલાએ છોકરાને સ્વધામ પહોંચાડી દીધા છે. આ હકીકત કમળસુંદરીના જાણવામાં આવી ગઇ. એકદા તેને ફરીવાર ગર્ભ રહ્યો. ગર્ભમાં રહેલા બાળકપર માતાનો સ્વાભાવિક સ્નેહ હોય છે તે પ્રમાણે કમળસુંદરીએ પુત્રમોહથી વિચાર કરીને એક રાત્રે રાજમંદિરેથી નાસી છૂટવાનો રસ્તો પકડ્યો. નાસતી વખત પોતાની સાથે દાસી તરીકે મને લઇ લીધી. અંધકારમય રાત્રીએ અમે બન્ને રાજગૃહમાંથી નાઠા. આગળ વધતાં એક મોટી ભયંકર અટવી આવી. કમળસુંદરી જાતે સુકોમળ અને કદિ ચાલેલ ન હોવાથી તેને ઘણું દુઃખ પડ્યું. પ્હો ફાટવાનો વખત થવા આવ્યો. તે વખતે એ મારી શેઠાણીનું નિતંબબિંબ વિકસ્વર થવા લાગ્યું, ડુંટીમાં વેણુ આવવા માંડી, પેટમાં દારૂણ શૂળો આવવા લાગી, પગ ચાલતાં અટકી પડ્યા, શરીર આખું જાણે દબાઇ જતું હોય તેમ ભાંગવા માંડ્યું, હૃદયમાં ધબકારા થવા માંડ્યા, આંખો મીંચાઇ ગઇ અને બગાસાં (અવાચી) ઉપર બગાસાં આવવા માંડ્યાં. એટલે તે મહારાણી બોલી 'સખિ વસુમતી! હવે હું એક ડગલું પણ આગળ ભરી શકું તેમ નથી, મારા શરીરમાં ઘણી સખ્ત પીડા થાય છે અને મારૂં આખું શરીર મહા વ્યથા ભોગવે છે.' મેં તે વખતે વિચાર કર્યો કે અરે આ તે શું હશે? તે જ વખતે મારા ધ્યાનમાં આવી ગયું કે અહો! રાણીને બાળક અવતરવાનો સમય નજીક આવ્યો જણાય છે. પછી મેં રાણીને ધીરજ આપી અને સુવાવડના સમયને યોગ્ય તે સ્થાનમાં બનતી સગવડ કરી. ત્યાં તો વેદનાથી વ્યાકુળ થઇને મારી સ્વામિની એક મોટી રાડ પાડીને જમીનપર પડી ગઇ, પછાડી ખાઇને મોટેથી હાયવોયના અવાજ કરવા લાગી, એટલામાં તેને પુત્રનો પ્રસવ થયો અને ત્યાર પછી તુરત જ બીજી ક્ષણે એ સુકોમળ સુંદરીનાં પ્રાણ ઉડી ગયાં.

---

૧ **ધનશેખર** પણ **આનંદપુર**નો જ છે. કેસરિ રાજા અને **જયસુંદરી**ના નામ આ પ્રસ્તાવની શરૂઆતમાં આવી ગયાં છે. જુઓ પૃ. ૧૪૪૬. **કમળ**સુંદરી એ રાજાની મરી ગયેલી રાણી છે એ હકીકત આગળ વાંચતાં સ્પષ્ટ થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આવો ભયંકર બનાવ નજરે જોઇને મારા ઉપર જાણે વજ્રનો ઘા પડ્યો હોય, જાણે અત્યંત ભયભીત થઇ ગઇ હોઉં, જાણે ઠેકાણા વગરની થઇ ગઇ હોઉં, જાણે મારૂં સર્વસ્વ નાશ પામી ગયું હોય, જાણે મને મૂર્છા આવી ગઇ હોય, જાણે હું મરી ગઇ હોઉં, જાણે મને કોઇ ગ્રહ લાગ્યો હોય, તેમ હું મંદ ભાગ્યવાળી તદ્દન હૃદયશૂન્ય બની ગઇ, મને શું કરવું તેની કાંઇ સુજ જ પડી નહિ. માત્ર મોટેથી વિલાપ કરવા લાગી-' અહો દેવી ! તું બોલ બોલ, મારી સાથે વાત કર. પ્રિય સખી ! તું મારી સાથે કેમ બોલતી નથી ? જો વહાલી દેવી ! મારી સ્વામિની ! તેં સુંદર પુત્રને જન્મ આપ્યો છે. તે છોકરાને, હે સુંદર આંખોવાળી દેવી ! જરા આંખો ઉઘાડીને જો. જે પુત્રની ખાતર સુંદર રાજ્યનો ત્યાગ કર્યો, વહાલા પ્રેમી પતિનો ત્યાગ કર્યો અને મહા દુઃખો વેઠ્યાં તે છોકરાની સામી જરા નજર તો કર. અહાહા ! દૈવ ( નસીબ ) પણ કોઇ વિચિત્ર પ્રકારની હૃદયને કાપી નાખે તેવી ઘટના કરે છે; જે દૈવે આવો સુંદર સુપુત્ર સંપડાવ્યો તે જ દૈવે દેવીને જમીનપર પછાડી અને આખરે તેને નામશેષ કરી લીધી. અરે બાળક ! તારૂં રક્ષણ કરવાને તૈયાર થયેલી અને તેની ખાતર પોતાના સર્વ સુખ સગવડનો ભોગ આપવા તૈયાર થયેલી તારી પ્રેમાળ માતાનો તારો જન્મ થતાંની સાથે જ તારે ઘાત કરવો તે કોઇ રીતે તને ઉચિત નથી. અરે ભાઇ ! પતિને તજીને એ બાપડી પુત્રનું સુખ મેળવશે એવી આશાએ તે બહાર નીકળી આવી હતી અને અરે દીકરા ! તેં તો બિચારીને આવું સુખ આપ્યું ! !

કમળસુંદરીના મરણથી શોક.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

"આવા આવા વિલાપ કરતાં રાત્રી પૂરી થઇ. સૂર્યનો ઉદય થયો. નસીબયોગે તે વખતે તે રસ્તે કોઇ સાર્થ નીકળી પડ્યો. એ સાર્થના ઉપરી સાર્થવાહે[1] મને રડતી અને વિલાપ કરતી જોઇ એટલે તેણે મને ધીરજ આપી. સાર્થવાહે મને બધી હકીકત પૂછી એટલે મેં તેને ટુંકામાં સર્વ હકીકત જણાવી. સાર્થવાહ હવે કઇ બાજુએ જનાર છે તે મેં તેને પૂછ્યું, જેના જવાબમાં તેણે જણાવ્યું કે સમુદ્ર કિનારે જઇને વહાણો લઇને તે રત્નદ્વીપે જનાર છે. મેં તેનો જવાબ સાંભળીને મારા મનમાં વિચાર કર્યો કે મારા સાંભળવા પ્રમાણે રત્નદ્વીપમાં નીલકંઠ રાજા રાજ્ય કરે છે તે કમળસુંદરીનો સગો ભાઇ થાય છે, માટે આ છોકરો થયો તે નીલકંઠ રાજાનો ભાણેજ થયો; તો આ છોકરાને

મામાને ઘરે નામ સ્થાપન.

૧ આ સાર્થવાહનું નામ **ધરણ** છે તે આગળ જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની પાસે જ લઇ જઇ, મામાને ભાણેજ સોંપી આવું, જેથી તે બરાબર ઉછરશે અને તેનું બરાબર રક્ષણ થશે. આ સથવારો તે રીતે જોતાં ઠીક મળી ગયો. પછી તે ધરણ સાર્થવાહની સંમતિ મેળવી તેની સાથે હું રત્નદ્વીપે આવી. એ પુત્ર ઉપર મને ઘણો સ્નેહ થવાથી મારાં સ્તનોમાં દૂધ ભરાઇ આવ્યું.[1] મને ધાવીને જ એ પુત્ર વધવા માંડ્યો. રત્નદ્વીપે આવ્યા પછી એ પુત્રને મેં મહારાજા **નીલકંઠ**ને બતાવ્યો અને કમળસુંદરી સંબંધી સર્વ હકીકત તેને કહી સંભળાવી. **નીલકંઠ** રાજાને શોક અને હર્ષ સાથે થયાં. તેણે છોકરાનું **હરિ** નામ પાડ્યું. અનુક્રમે તે ભાણેજ તરીકે વધવા માંડ્યો અને **નીલકંઠ** રાજાને તે પોતાના જીવતરથી પણ વધારે વહાલો થઇ પડ્યો. ત્યાર પછી તેને કળાવિજ્ઞાનની કેળવણી આપવામાં આવી. અત્યારે તે કુમાર યૌવનવયને પામ્યો છે અને દેવકુમાર જેવો સુંદર આકાર ધારણ કરી અત્યારે મામાના રાજ્યમાં મોજ માણે છે. મેં તેને અગાઉની સર્વ હકીકત જણાવી છે. તેને હમણા સમાચાર મળ્યા કે તમે પોતે આનંદપુર નગરના રહેવાસી છો અને આનંદપુરથી અહીં આવ્યા છો. તેથી કુમાર પોતાના દેશના જાણીને તમને મળવા ઇચ્છે છે. માટે દીકરા! તમે તેની પાસે ચાલો."

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

### પરદેશમાં સ્વદેશીનો મેળાપ.
### ઓળખાણ, આનંદ, મૈત્રી.
### સ્નેહીના દિવસો પસાર.

**હરિ**કુમારની માતાની દાસી અને કુમારની ધાવમાતાનાં આવાં વચન સાંભળી મેં તેની સાથે જવાનું કબૂલ કર્યું. પછી તુરત જ હું **હરિ**કુમાર સમીપે ગયો. ત્યાં જઇને હું જોઉં છું તો **હરિ**કુમાર પોતાના[2] મિત્રોનાં ટોળાંની વચ્ચે બેઠો છે. મેં જઇને તુરત જ **હરિ**કુમારને પ્રણામ કર્યા. વસુમતી દાસીએ મારૂં ઓળખાણ કુમાર સાથે કરાવ્યું. મને મળવાથી અને જોવાથી કુમાર પોતાના મનમાં ઘણો રાજી થયો, પ્રીતિથી પોતાની આંખો વધારે વિકસ્વર કરવા લાગ્યો અને ઘણી હોંસથી હૃદય સાથે ભેટીને પોતાના અર્ધ આસન ઉપર તેણે મને બેસાડ્યો.

---

૧ આ વાત તદ્દન બનવા જોગ છે. સ્ત્રીને અપત્યસ્નેહથી દૂધ સ્તનમાં ભરાય છે અને પારકા છોકરા ઉપર તેમ થાય તે પણ ક્વચિત્ બની આવે છે.

૨ આ મિત્રોનાં નામો આવતા પ્રકરણ ઉપરથી નીચે પ્રમાણે જણાય છેઃ **મન્મથ, લલિત, પદ્મકેસર, વિલાસ, વિભ્રમ** અને **કપોલ**. એ સર્વ કામદેવના સેનાનીઓ છે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

પછી તે કુમાર બોલવા લાગ્યો "ભદ્ર! મને અગાઉ માજી (વસુમતી દાસી)એ કહ્યું હતું કે હરિશેખર મારા પિતાના ખાસ મિત્ર છે અને લોકોના કહેવા ઉપરથી જણાય છે કે તું હરિશેખરનો પુત્ર છે, તો ભાઇ! તું તો મારો ખરેખરો ભાઇ થયો, મારૂં શરીર જ થઇ ગયો અને મારૂં જીવતર પણ તું થઇ ગયો! ભાઇ! તું અહીં આવ્યો તે તો બહુ સારૂં થયું!"

રાજકુમાર હરિનો આટલો બધો આદર જોઇ મારા મન ઉપર ઘણી અસર થઇ.[1] મેં પછી તેને કહ્યું "દેવ! માજીએ મને સર્વ હકીકત કહી છે. આ સેવકનો આપ આટલો બધો આદર કરો, સત્કાર કરો, તે કોઇ પણ રીતે યોગ્ય નથી. જેવી રીતે મારા પિતાજી આપના પિતાશ્રી કેસરિ મહારાજાના સેવક છે તેવી રીતે હું પણ આપનો સેવક આપની સેવામાં હાજર છું, એ બાબતમાં જરા પણ સંશય કરવા જેવું નથી." મારો આવો જવાબ સાંભળીને કુમાર બહુ રાજી થયો અને પોતાના મિત્રના સમાગમથી મહા આનંદ મહોત્સવ કરાવવા લાગ્યો. મિત્ર મળ્યો તે અત્યંત ઉજ્જવળ પ્રસંગ હોય છે તેથી કુમાર ભોજનસામગ્રિ વિગેરેની ધામધુમ કરવા મંડી ગયો. ત્યાર પછી તેણે મારી સાથે એક મિત્ર તરીકે જ વર્તન કરવા માંડ્યું, સંબંધ પણ મિત્ર તરીકે જ રાખવા માંડ્યો અને તેવી રીતે તેની સાથે આનંદ કરતાં કરતાં દિવસો પસાર થવા માંડ્યા.

### તાપસીએ બતાવેલ ચિત્રપટ.
### હરિકુમાર પર તેની અસર.
### પટપ્રશંસા અને હૃદયશૂન્યતા.

ત્યાર પછી એક વખત કામદેવને જાગ્રત કરનાર, ઉદ્યાનોને આભૂષણરૂપ અને પ્રાણીઓના આનંદમાં વધારો કરનાર વસંતઋતુ આવી. તે વખતે હરિકુમાર પોતાના મિત્રમંડળને સાથે લઇને મારી સોબતમાં ઉદ્યાનની શોભા અને નવીનતા જોતો જોતો બહાર ફરવા લાગ્યો. એક તો યૌવન વય અને સાથે થનગનાટ કરાવે તેવો નટવર વસંત સમય એટલે પછી વાત જ શી કરવી. એવી સ્થિતિમાં ફરતાં ફરતાં આંબાનાં વૃક્ષોની ઘટાવાળા મોટા વનમાં અમે આવી પહોંચ્યા. ચારે તરફ સુંદર કોકિલાઓ કલરવ કરી રહી છે, આખી સૃષ્ટિ હસી રહી છે, પક્ષીઓ કલ્લોલ કરી રહ્યા છે, વૃક્ષની ઘટાઓ મંદ પવનથી ઝુમી

---

૧ પરદેશમાં સ્વદેશી કોઇ પણ મળે તો બહુ જ લાગણી થઇ આવે છે તે જાણીતા અનુભવની બાબત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહી છે, આંબાપરના મહોરોના ઝુમખાઓ લીલી અને સફેત છાયાનું અભિનવ દશ્ય બતાવી રહ્યા છે–એવા રમણીય અને આનંદદાયી આંબાના વનમાં અમે સર્વ બેઠા.

તે વખતે દૂરથી એક તાપસી અમને આશિર્વાદ દેતી દેતી ત્યાં આવી પહોંચી. વૃદ્ધાવસ્થાને લીધે તેનું શરીર તદ્દન જીર્ણ થયેલું દેખાતું હતું અને સ્વાભાવિક રીતે જ તે ભયંકર આકૃતિવાળી હતી. કુમારે તેને જોઇને તુરત જ પ્રણામ કર્યા, તેની સાથે સહજ ભાષણ કર્યું અને તેને રાજી કરી. પછી તે તાપસીએ પોતાની પાસેથી એક ચિત્રપટ કુમારને બતાવ્યું. એ ચિત્રપટ (છબિ)માં કોઇ કન્યાની છબી ચીતરેલી હતી. એ ચિત્રપટ તેણે કુમારના હાથમાં આપ્યું અને પછી એ મહા કાબેલ તાપસી પોતામાં સહજ વિકાર અને કાંઇક ઉત્કંઠા બતાવીને કુમારના મુખપર એ ચિત્ર જોતાં શી અસર થાય છે તે આડી આંખે નિહાળી નિહાળીને એકીટસે જોવા લાગી.[1] એ ચિત્ર જોતાં કુમારના મનપર સજ્જડ ચોટ લાગી છે, તેની આંખમાં વિકારભાવ આવ્યો છે અને તેનું મન ચિત્ર તરફ ખાસ આકર્ષાયું છે એટલું અવલોકીને 'હું જઉં છું' એટલું બોલી ત્યાંથી તે જલ્દી ચાલી ગઇ.

કુમારને તો એ છબી જોતાં જ કામદેવનાં બાણ વાગ્યાં હોય તેમ વિકારથી તે બેભાન જેવો બની ગયો. તેની એવા પ્રકારની અવસ્થા સર્વ મિત્રોના જોવામાં આવી ગઇ; કારણ કે ઘડિકમાં તે હોંકારો[2] દે, ઘડિકમાં માથું ધૂણાવે, ઘડિકમાં જાણે ઉંઘમાંથી જાગવા પ્રયત્ન કરતો હોય તેમ ચીપટી વગાડે, ઘડિકમાં મનમાં ન સમજાય તેવી રીતે જેમ તેમ બોલે, ઘડિકમાં ઊંડા ગરમ નિસાસા મૂકે, ઘડિકમાં હાથ હલાવે, ઘડિકમાં વળી છબિમાં ચિત્રેલી કન્યાને વારંવાર જોયા કરે, કોઇ વખત હસવા જેવું મુખ કરીને આંખોને ઉઘાડે, ખૂબ ઉઘાડે અને ઘડિકમાં આંખનો એક પલકારો માર્યા વગર મંદ મંદ રીતે સ્નેહાળ નજરે આમ તેમ જુએ.

### મન્મથાદિ મિત્રોનો વાર્તાલાપ.

હરિકુમારની એવી અવસ્થા થયા પછી હરિકુમારની પાસે તેના મિત્રો ટોળું વળીને બેઠા હતા તેની અને કુમારની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

---

૧ અહીં બેં. રો. એ સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૮૭૬ થાય છે.

૨ કોઇ વાત કરે તેને લક્ષ્ય છે એમ બતાવવા 'હં હં' એમ જવાબ આપવો તેને હોંકારો કહેવામાં આવે છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

[1]મન્મથ ( રમણીય સ્મિત મુખે )–" અરે ભાઇ ! આ અંદરખાનેથી અનેક પ્રકારના જૂદા જૂદા રસોનો અનુભવ કરાતો પણ બહારથી ઇંદ્રિયો કે હાથના ચાળા વગરનો આંતરનાચ[2] શો ચાલી રહ્યો છે ? "

આવો એકદમ સીધો સવાલ સાંભળીને હરિકુમારે [3]આકારસંવરણ કર્યું અને પછી મુખેથી મન્મથને કહેવા લાગ્યો " અહો ! આ ચિતારાની કુશળતા જોઇને હું તો બહુ રાજી થઇ ગયો છું. મિત્ર ! તું જો તો ખરો: આ ચિત્રમાં દરેકે દરેક રેખા બરાબર સ્પષ્ટ ચોખી અને ભૂલ વગરની જણાય છે, એમાં જે ઘરેણાં પહેરાવવામાં આવ્યાં છે તે એક બીજાની સાથે બરાબર સંબંધમાં આવી રહ્યાં છે (મેળ ખાય છે), એમાં રંગ અને છાયા બરાબર યોગ્ય અનુક્રમથી લીધાં છે, અને ભાવ બરાબર સ્ફુટ રીતે દેખાઇ આવે તેનું એ ચિત્રનું કામ આબેહુબ કરવામાં આવ્યું છે. ચિત્રમાં બરાબર ભાવ લઇ આવવો તે કામ ઘણું જ મુશ્કેલ છે અને ઘણા હુશિયાર પરીક્ષકો ચિત્રમાં એ જ હકીકત ધ્યાન આપીને જુએ છે, કારણ કે ચિત્રમાં પરીક્ષા કરવા લાયક તેમને એ જ હકીકત જણાય છે. એ ભાવ આ ચિત્રમાં બહુ સ્પષ્ટ રીતે સારી રીતે અને યોગ્ય રીતે બહાર પડતો જણાઇ આવે છે. એ પ્રમાણે કહેવાનું કારણ એ છે કે આ ચિત્રમાં ચિત્રેલી કન્યા જાણે બાળવય પસાર કરી યુવાવસ્થાના બારણા ઉપર ઊભી હોય, કામદેવ તેના ઉપર પોતાનું કાર્ય બજાવી રહ્યો હોય એ ભાવ તેનો એવી સુંદર રીતે સ્પષ્ટ જણાઇ આવે છે કે વગર કહે એક નાનો બાળક હોય તે પણ એ ભાવ જોઇ શકે, તો પછી વિદ્વાનોને તો તેમ થાય તેમાં કાંઇ નવાઇ જ નથી. જો એ ચિત્રમાંહેની કન્યાનો સ્તનનો અગ્ર ભાગ ભેદ પામ્યો છે તે જાણે લાવણ્યને જ બહાર કાઢી રહ્યો હોય એમ લાગે છે ! વળી અંગોપાંગની રચનાથી એ પોતાનાં જોસદાર યૌવનને સ્પષ્ટ રીતે બરાબર બતાવી રહી છે; ઊંચી ચઢાવેલી ભ્રમરની રચના-

ચિત્ર પરીક્ષા.
An appreciation.

---

૧ **મન્મથ**: એટલે કામદેવ અથવા કામચિંતા. આ વાર્તાલાપ મનમાં જ ચાલે છે એમ જાણવું.

૨ **આંતરનાચ**: નાચ હોય તો માથું ડોલે વિગેરે ઇંદ્રિય વ્યાપાર ચાલે, અને હાથના લ્હેકા લેવાય, આ તો અંદરથી જબરો નાચ ચાલે છે, અનેક રસ અનુભવાય છે અને બહારથી ચાળાચસકા દેખાતા નથી–એ આંતરનાચ છે.

૩ શરીર ઉપરનાં મનને જણાવનારાં ચિહ્નોને છુપાવી દેવાં–સંતાડવાં એને **આકારસંવરણ** કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓથી અને લીલામાં અર્ધ ઉઘડેલી આંખો બતાવીને તે કન્યા વચનથી જ જાણે મંદ નિવેદન કરતી હોય એમ જણાય છે, એના ગાલ ઉપર અસાધારણ સ્ફુરણા અને હસતું રમણીય વદનકમળ બતાવીને એ ચપળ ચક્ષુવાળી મદનને પોતાની સાથે લઇને ફરતી હોય તેમ બતાવે છે–આવી સુંદર કન્યાનું ચિત્ર બરાબર ભાવ સાથે યોગ્ય આકર્ષક રીતે કોઇક ચિતારાએ ચિતરીને મારા હૃદયમાં ચમત્કાર કરી દીધો છે. મારા મનમાં તો એમ જ થયું છે કે દુનિયામાં આટલો બધો સ્પષ્ટ ભાવ બતાવી શકે એટલી કુશળતા બીજા કોઇ પણ ચિતારામાં નથી, કારણ કે આટલી કુશળતા મેં દુનિયામાં બીજી કોઇ જગ્યોએ જોઇ પણ નથી."

**મન્મથ** (પદ્મકેસર તરફ જોઇને)–કેમ ભાઇ પદ્મકેસર! આ બરાબર કહે છે? એ કહે છે એ સાચી વાત છે કે?"

[1]**પદ્મકેસર**—"મિત્ર! એ વાત તો બરોબર છે, પરંતુ પ્રાણીઓની વૃત્તિઓ વિચિત્ર પ્રકારની હોય છે. મારા મનમાં તો એમ થાય છે કે પેલા ચિતારા કરતાં પણ ચિત્રમાં ચિતરેલી કન્યા વધારે કાબેલ છે."

[2]**લલિત**—"એણે વળી એવું શું કામ કર્યું છે? શું તેં એમાં કાંઇ ચિત્ર (આશ્ચર્યકારી) જોયું?"

**પદ્મકેસર**—"હા, સારી રીતે જોયું."

[3]**વિલાસ**—"ત્યારે મિત્ર પદ્મકેસર! તું અમારી પાસે તેનું વર્ણન તો કર. એ ચિત્રેલી કન્યાએ તે વળી શું કર્યું છે?"

**પદ્મકેસર**—"જો ભાઇ! આ કુમારનું મન જે કામદેવથી આતુર થઇ ગયેલી બીજી ગમે તે સ્ત્રીથી પહોંચી શકાય તેવું નથી, જે મનનું ઉલ્લંઘન આકાશમાં ચાલનારી વિદ્યાધરીઓ પણ કરી શકે તેમ નથી, જે મનને [4]કિન્નરીઓ પણ હરી શકતી નથી, દેવાંગનાઓ પણ જે મનને સાધી શકતી નથી, જે ગાંધર્વ જાતની સ્ત્રીઓનો વિષય પણ

---

૧ **પદ્મકેસરઃ** કમળનું કેસર–કામોદ્દીપક વસ્તુ છે.

૨ **લલિતઃ** એક જાતની શૃંગારની ચેષ્ટા છે.

૩ **વિલાસઃ** સ્ત્રીની એક પ્રકારની કામચેષ્ટા. આ સર્વ શૃંગાર બતાવનાર પાત્રો છે.

૪ **કિન્નરીઃ** ગાવામાં ઘણી કુશળ એક જાતિની દેવીઓ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કદિ થઇ શકતું નથી, જે મનમાં સર્વદા સત્ત્વગુણ પ્રધાનપણે વર્તતો હોય છે, જે મન રાજસી અને તામસી વિકારોને તિરસ્કારથી નિરંતર હસી કાઢે છે એવું મહા વીર્યવાળું કુમારનું મન આ કન્યાએ ચિત્રમાં રહ્યા રહ્યા પણ અવગાહન કર્યું તે ખરેખરૂં ચિત્ર (આશ્ચર્યકારી-નવાઇ જેવું) કામ કર્યું છે. આ હકીકત મેં એકલાએ જ જોઇ છે એમ નથી પણ તમે સર્વેએ બરાબર સ્પષ્ટપણે જોઇ છે."[1]

**વિભ્રમ**—"ભાઇ! એ તો આશ્ચર્ય થયું કહેવાય, પણ એમાં ચિત્ર કેવી રીતે?"

**પદ્મકેસર**—"અરે મૂર્ખ શિરોમણિ! 'ચિત્ર' એટલે આશ્ચર્ય! ચિત્ર શબ્દનો એ પણ અર્થ થાય છે. આ ચિત્ર (છબિ) ખરેખર ચિત્ર (આશ્ચર્ય ઉપજાવનાર) જ છે."

**કપોલ**—"એ ચિત્રમાં રહેલી કન્યાએ કુમારના મનમાં અવગાહન કર્યું છે એ હકીકત તમે કેવી રીતે જાણી? તમને એ હકીકતની કેવી રીતે ખબર પડી?"

**પદ્મકેસર**—"અરે મૂર્ખના સરદાર! તું એટલું પણ જોઇ શકતો નથી? જો; અંદરથી મન બહુ જ ક્ષોભ પામ્યું ન હોય ત્યાં સુધી આવા પ્રકારના હોંકારાદિ પણ ચોકખા સ્પષ્ટ હોતા નથી, તેમ જ અનેક પ્રકારના તરંગો પણ તેમાં ઉત્પન્ન થતા નથી. તને મારા કહેવામાં વિશ્વાસ ન હોય તો તું કુમારને પોતાને જ એ હકીકત પૂછી જો એટલે વાત ચોકખી થઇ જશે અને તારા મનનો બરાબર ખુલાસો થશે."

**હરિકુમાર**—"મિત્ર પદ્મકેસર! આવી નકામી પ્રસંગ વિનાની વાતચીત હવે બંધ કરો, કોઇ મજાના વિદ્વત્તા ભરેલા સવાલ જવાબો (પ્રશ્નોત્તરો) ચલાવો કે જેથી કાંઇ આનંદ થાય."

હસતાં હસતાં પદ્મકેસરે જવાબ આપ્યો "જેવી કુમારની આજ્ઞા!" પછી મિત્રો વચ્ચે નીચે પ્રમાણે વિદ્વદ્‌ગોષ્ઠિ ચાલી.

* *

**વિષયાસક્તની માનસિક સ્થિતિ.**
**છતાં ચાલાક હોવાથી ચેતી ગયો.**
**વિનોદ. પ્રશ્નોત્તર. આંતર રસ.**

---

૧ આ વાર્તાલાપમાં ચિત્ર શબ્દ ઉપર ભાર છે તે સમજી લેવો.

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]હરિવિલાસ.

(૧)

પદ્મકેસરે સવાલ કર્યો:—

**पश्यन् विस्फारिताक्षोऽपि, वाचमाकर्णयन्नपि ।**
**कस्य को याति नो तृप्तिं, किं च संसारकारणम् ॥ १ ॥**

**ભાવાર્થ**—"બહુ ખુલ્લી આંખો ઉઘાડીને જોતો હોય અને વાણી સાંભળતો હોય છતાં કોને અને કોની શાંતિ થતી જ નથી, કોને સંતોષ વળતો જ નથી? અને સંસારનું કારણ કયું છે?" આનો ઉત્તર આપો.

[1]હરિકુમારે સવાલ તો સાંભળ્યો પણ તેનું મન તો ચિત્રમાં આળેખેલી કન્યાએ હરણ કરી લીધુ હતું તેથી તેણે માત્ર ઠંડો હોંકારો આપ્યો. પદ્મકેસરને મનમાં વિચાર થયો કે પોતાનો સવાલ હરિકુમારના ધ્યાનમાં બરાબર આવ્યો નથી માટે ફરીવાર વધારે સ્પષ્ટ રીતે એ શ્લોક તેનાં લક્ષ્યમાં આવે તેમ બોલું. એ વિચારથી પદ્મકેસર સવાલવાળો ઉપરનો શ્લોક ફરીવાર બોલી ગયો પણ તેના જવાબમાં હરિકુમારે તો શૂન્ય હોંકારો જ આપ્યો. આથી પદ્મકેસરને બરાબર ખાત્રી થઇ કે ચિત્રમાં આળેખેલી કન્યાએ કુમારને તદ્દન શૂન્ય હૃદયનો બનાવી દીધો છે એટલે એ જરા હસી પડ્યો. બીજા મિત્રોએ પણ અરસ્પરસ મશ્કરી કરતાં હાસ્ય કર્યું અને તેઓ હસતાં હસતાં એક બીજાનાં મુખ તરફ જોવા લાગ્યા, એ જોઇને હરિકુમારનું મન જરા ઠેકાણે આવી ગયું. તેને લાગ્યું કે આ તો મિત્રો પણ તેને પારખી ગયા તે ઠીક ન થયું એટલે તેના મનમાં અભિમાન જાગ્રત થયું. એથી પોતાના મનમાં જે કન્યાસંબંધી સંકલ્પવિકલ્પ થતા હતા તે તેણે દાબી દીધા અને બરાબર ધ્યાન રાખીને સાંભળવા લાગ્યો. તેના મનમાં કાંઇક વિચાર પણ આવ્યો. પછી તે બોલ્યો 'અરે મિત્ર! તું હસ નહિ, ખાલી મશ્કરી કરવાની ટેવ છોડી દે, તારો સવાલ ફરીવાર બોલી જા.' એટલે ઉપરનો શ્લોક સવાલના આકારમાં પદ્મકેસર ફરીવાર બોલી ગયો. આ વખતે કુમારનું સવાલ ઉપર લક્ષ્ય હતું એટલે જેવો સવાલ પૂરો થયો કે તેના મનમાં ઉત્તર આવી ગયો અને તેણે જવાબ આપ્યો. '**ममत्वं**'

---

૧ અહીં હરિકુમારની જેવી દશા થઇ છે, જેમ તે અર્ધ ઉત્તર આપે છે અને પાછો વિચારમાં પડી જાય છે તેવી સ્થિતિ જ્યારે પ્રાણી વિષયમાં આસક્ત થાય છે ત્યારે જરૂર થાય છે. અવલોકન કરવાથી તે જણાય તેવી વાત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

{ [1]આપણે અહીં કુમારનો ટુંકો જવાબ સમજી લઇએ. અહીં સવાલ બે હતા અને ઉત્તર એક આપવાનો હતો. પ્રશ્ન એ હતો કે આંખો ઉઘાડીને જોયા કરે અને વાણી સાંભળે છતાં કોને કઇ બાબતમાં શાંતિ ન થાય? જવાબમાં મમત્વ, મારાપણું એ મોહરાજાનો જગતને અંધ કરનારો મંત્ર છે; આખી દુનિયાને નચાવનાર થનગનાટ કરાવનાર રખડાવનાર ફસાવનાર એ મંત્ર પ્રાણીને તદ્દન વિચિત્ર બનાવી દે છે, એને આંખે દેખતાં છતાં અને કાને સાંભળતાં છતાં મમત્વની વસ્તુના સંબંધમાં તૃપ્તિ વળતી જ નથી, તે કદિ ધરાતો જ નથી, તેને કદિ શાંતિ વળતી જ નથી–એવી તેની સ્થિતિ થાય છે. ગમે તેટલું જુએ અને સાંભળે પણ હજુ જાણે વધારે સાંભળું અને જોયા કરૂં એવી તેના મનની સ્થિતિ થાય છે તે સર્વનું કારણ મમત્વ–અભિમાન–મારાપણું છે. ત્યાર પછી સંસારનું કારણ શું એમ પૂછ્યું છે તેનો જવાબ પણ એ જ છે. સંસારભ્રમણ, ભવપરિપાટિ, ચક્રપર્યટણનું કારણ 'મમત્વ' જ છે. મોહરાજાનું સ્થાન અને તેના કાવાદાવા આ ગ્રંથ વાંચનારના લક્ષ્યમાં એટલાં બધાં આવી ગયાં છે કે તેપર વધારે વિવેચન કરવાની જરૂર નથી. આવી રીતે બે પંક્તિના સવાલનો જવાબ કુમારે ત્રણ અક્ષરમાં આપ્યો. }

* * *

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

(૨)

પદ્મકેસર આવો ટુંકો પણ મુદ્દાસરનો જવાબ સાંભળી ઘણો વિસ્મય પામ્યો. પછી તેણે વળી બીજો સવાલ પૂછ્યો.

> कस्मा बिभ्यन्नीरुर्न भवति सङ्ग्रामलम्पटमनस्कः ।
> वाताकम्पितवृक्षा, निदाघकाले च कीदृक्षाः ॥

ભાવાર્થ—'લડાઇ લડવામાં જેનું મન લાગેલું હોય છે તે કોનાથી જરા પણ બીધા વગર કામ લે છે? અને ઉન્હાળામાં પવનથી કંપી રહેલાં ઝાડો કેવાં લાગે છે?'

---

૧ મારી નોટમાં આ પ્રથમ પ્રશ્નની સામે (૧) 'બે પ્રશ્ન,' બીજા પ્રશ્નની સામે (૨) 'સ્ત્રી પ્રશ્ન,' ત્રીજા પ્રશ્નની સામે (૩) 'માનસિક પ્રશ્ન' એવી નોટ કોઇ શાસ્ત્રીએ કરાવી છે તેનો હેતુ મને યાદ નથી. (૪) સામે 'શબ્દાલંકાર' છે અને (૫) સામે 'ગૂઢ ચતુર્થપાદ' છે તે સમજાય તેવી નોટો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હરિકુમારે એ પ્રશ્ન ફરીવાર બોલી જવા પદ્મકેસરને કહ્યું, પદ્મકેસર પણ એ પ્રશ્ન ફરીવાર બોલી ગયો. જરા વિચાર કરીને કુમારે જવાબ આપ્યો.–'**दलनायाः**' પદ્મકેસરે તે જવાબ કબૂલ રાખ્યો.

{ આપણે અહીં સદરહુ સવાલ અને તેનો ઉત્તર જરા વિચારી જઇએ. ઉપરના (૧) પ્રથમ સવાલ પેઠે અહીં સવાલ બે હતા અને જવાબ એક આપવાનો હતો તેથી જવાબ આપવામાં વિચાર કરવાની જરૂર હતી. (૧)પ્રથમ સવાલ એ હતો કે જે પ્રાણીનું મન સંગ્રામમાં જવા તત્પર થઇ રહ્યું હોય તે કોનાથી અતિશય બીકણ થતો નથી? બિભ્ય-દ્ભીરૂ એટલે અતિશય-ઘણો બીકણ. જવાબમાં કહે છે કે એવો પ્રાણી 'દલનાયાઃ' એટલે સેના-લશ્કર ('દલના' એટલે 'સેના')થી ડરતો નથી; જેને લડવા જવું છે અને લડવાની હોંસ થઇ છે અને તે બાબતનો જેને શોખ થયો હોય છે તે લશ્કરથી ડરતો નથી. (૨) ઉન્હાળામાં સખ્ત પવન આવી વૃક્ષોને કંપાવી દે ત્યારે તે કેવા થાય છે? એ બીજા સવાલના જવાબમાં પણ તે જ ઉત્તર આપે છે. દલનાયાઃ– **दलानाम् न आयः (प्राप्तिः) येषु ते** એટલે 'દલ' એટલે પાંદડાં તેનો 'આય' એટલે લાભ જેમાં ન થાય તેવા એટલે ઉન્હાળામાં વૃક્ષોને પાંદડાંનો લાભ થતો નથી. આવી રીતે ચાર અક્ષરના ટુંકા જવાબમાં ઉપરના બન્ને પ્રશ્નોનો જવાબ આપી દીધો. }

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

* * *

## (૩)

ત્યાર પછી અર્હંત દર્શન (જૈન મત) તરફ અભિરૂચિવાળા **વિલાસ** નામના મિત્રે કહ્યું 'કુમાર! મેં પણ એક સવાલ મનમાં નીરધારી રાખ્યો છે!' કુમારે તેને સવાલ જણાવવાનું કહેતાં તે બોલ્યો:—

**कीदृग्राजकुलं विषीदति विभो ! नश्यन्ति के पावके,**
**बोध्यं काननमच्युताश्च बहवः काले भविष्यन्त्यलम् ।**
**कीदृक्षाश्च जिनेश्वरा वद विभो ! कस्यै तथा रोचते,**
**गन्धः कीदृशि मानवे जिनवरे भक्तिर्न सम्पद्यते ॥**

ભાવાર્થ—'કેવા પ્રકારનું રાજકુળ (રાજ્ય) આખરે નાશ પામે છે, બેસી જાય છે? અને હે પ્રભુ! અગ્નિમાં કોણ નાશ પામે છે? જાણવા લાયક જાગ્રત કરે તેવું ઉદ્યાન કયું? પોતાના સ્થાનથી ભ્રષ્ટ ન થાય એવા કોણ? વખત જતાં જે બહુ પૂરેપૂરા થાય તે કોણ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનેશ્વરો કેવા હોય છે? અને હે પ્રભુ! કોને તે તથાપ્રકારે ગમે છે? કેવા પ્રકારના માણસમાં અભિમાન (ગર્વ) હોય છે? અને કેવા પ્રકારના માણસોનાં મનમાં જિનેશ્વર ભગવાન્ ઉપર ભક્તિ જાગ્રત થતી નથી?' "

આવા નવ સવાલો એક જ શ્લોકમાં એક સાથે પૂછાતાં હરિકુમારે કહ્યું "ભાઇ! આ સવાલો એક બીજાથી ઉલટા, અટપટા અને બહુ સમાસવાળા છે! માટે ફરીવાર બોલી જા. અને વધારે સ્પષ્ટ રીતે બોલજે જેથી દરેક પ્રશ્ન બરાબર લક્ષ્યમાં રહે." કુમારની આવી માગણીથી વિલાસ ફરીવાર તે શ્લોક બોલી ગયો. વિચાર કરીને હસીને હરિકુમારે ઉત્તર આપ્યો "જો ભાઇ! તેનો ઉત્તર સાભળ.[1]

**अकुशलभावनाभावितमानसे-**

{[2]આ શ્લોકમાં નવ સવાલ કરવામાં આવ્યા છે અને તેનો જવાબ એક સાથે આપવો એવી તેમાં ગોઠવણ જણાય છે. આપણે જવાબો વિચારીએ.

૧ કેવા પ્રકારનું રાજ્યકુળ આખરે નાશ પામે છે-બેસી જાય છે?
જવાબમાં પ્રથમના ચાર અક્ષર લેવા-**અકુશલ.** પ્રવીણતા વગરનું-રાજ્યનીતિ ન સમજનાર રાજ્યકુળ આખરે નાશ પામી જાય છે, બેસી જાય છે.

૨ અગ્નિમાં કોણ નાશ પામે છે?
પ્રથમના બે અક્ષરો મૂકી દેવા. જવાબ **शलभा** પતંગીઆ. પતંગીઆ અગ્નિમાં પડી મરણ પામે છે તે જાણીતી વાત છે.

૩ જાણવા લાયક-જાગ્રત કરે તેવું ઉદ્યાન કયું?
જવાબમાં ચાર અક્ષરો મૂકી દેવા. **भावना.** ભાવનારૂપ ઉદ્યાન જાણવા લાયક છે, ઉપદેશ આપે તેવું છે. ભાવના અનેક પ્રકારની છે અને ખાસ જાણવા લાયક છે અને જાણ્યા પછી જાગ્રત કરે તેવી છે તે સ્પષ્ટ છે.

૪ પોતાના સ્થાનથી ભ્રષ્ટ ન થાય એવો કોણ?

---

૧ આનો અર્થ 'અકુશળ (નહિ સારી) ભાવના વડે જેનું મન વાધેલું છે તે' એવો થાય છે. પણ એનો પદચ્છેદ કરવાનો છે. જવાબ સંબંધી હકીકત વિગતવાર આગળ લખી છે તે વાંચો.

૨ આ અર્થ એક વિદ્વાને કહ્યો તે પ્રમાણે કર્યો છે. મેં બેસાડવા પ્રયત્ન કરેલો અર્થ ત્યાર પછી આગળ આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એના જવાબમાં પણ **भावना** એ જ શબ્દ લેવાનો છે. ભાવના પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઇ સંસારમાં જતી નથી.

૫ વખત જતા જે બહુ પૂરેપૂરા થાય તે કોણ ?

આના જવાબમાં **भावनाभाविताः** ભાવના ભાવનારાઓ થોડા વખતમાં પરિપૂર્ણ દશાએ પહોંચી આનંદમગ્ન થાય છે.

૬ જિનેશ્વર કેવા હોય છે ?

જવાબ—**कुशलभावनाभावितमानसाः** સુંદર ભાવનાથી જેનું મન ભાવિત થયેલું છે, વાધેલું છે તેવા. તીર્થંકર મહારાજો આવા જ પ્રકારના હોય તે સ્વાભાવિક છે.

૭ કોને તે ( જિનેશ્વરો ) તથાપ્રકારે ગમે છે ?

એનો જવાબ પણ ઉપર પ્રમાણે. કુશળભાવનાભાવિત મનવાળાને પ્રભુ—જિનેશ્વર ગમે છે, એમને પ્રભુ ઉપર રૂચિ થાય છે.

૮ કેવા પ્રકારના માણસનાં મનમાં અભિમાન ( ગર્વ ) હોય છે ? **अकुशलभावनाभावितमानसे** જેઓનું મન અપ્રવીણ—અયોગ્ય ભાવનાથી વાસિત થયેલું હોય તેવા માણસને અભિમાન થાય છે. સમજુને તો અભિમાન ન જ થાય એ સ્વાભાવિક છે.

૯ અને કેવા પ્રકારના માણસોનાં મનમાં જિનેશ્વર ભગવાન્ ઉપર ભક્તિ જાગ્રત થતી નથી ?

એનો જવાબ પણ ઉપર કહ્યો તે જ જાણવો. એટલે **अकुशलभावनाभावितमानसाः** એટલે જેઓ કુશળ ભાવનાઓ ભાવતા નથી તેમના મનમાં જિનેશ્વર દેવ ઉપર ભક્તિ પણ થતી નથી.

આવી રીતે એક શબ્દમાં બધા અર્થનો સમાવેશ કર્યો. }

તા. ક.—ઉપર જે અર્થ કર્યો છે તેમાં જવાબના અક્ષરો આડાઅવળા અસંબદ્ધ લેવા પડે છે, બાકી જવાબ બરાબર લાગે છે. પણ સંસ્કૃતમાં એવી રીતે પ્રક્રમભંગ કદાપિ કરવામાં આવતો નથી, તેથી મેં વિચાર કરીને નીચે પ્રમાણે અર્થ બેસાડવા પ્રયત્ન કર્યો છે તે પણ વિચારવા યોગ્ય છે. ભા. ક.

*   *   *

જૈન સાઈટ JAINSITE જૈન(શ્વેતાંબર)શાસન

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

{ અહીં શ્લોકના સાત જ પ્રશ્નો કરવામાં આવ્યા છે અને તેના પ્રત્યેકના જવાબમાં શરૂથી બે બે અક્ષરો મૂકી દેવા અને પછીના ત્રણ ત્રણ લેવા અને છેવટના પ્રશ્નના જવાબમાં આખો જવાબ લેવો. આ અર્થ કરતાં પ્રક્રમભંગ જરા પણ થતો નથી. સાત સવાલો અને જવાબો નીચે પ્રમાણે છે.[1]

૧ કેવા પ્રકારનું રાજ્યકુળ આખરે નાશ પામે છે? જવાબ (अकुशल)

૨ અગ્નિમાં કોણ નાશ પામે છે? ( પ્રથમના બે અક્ષરો મૂકી દીધા ) જવાબ शलभा (:)

૩ જાણવાલાયક, જાગ્રત કરે તેવું ઉદ્યાન કયું? (ચાર અક્ષર મૂકીને) જવાબ भावना.

૪ જાતે સ્થાનભ્રષ્ટ ન થઇ વખત જતાં બહુ થઇ જાય તે કોણ? (છ અક્ષર મૂકીને) नामावि.

---

૧ अकुशलभावनाभावितमानसे

१
२
3
४
५
६
७

અથવા

अ १
कु २
श ३
ल ४
भा ५
व ६
ना ७
भा ८
वि ९
त १०
मा ११
न १२
से १३

જવાબ તેર અક્ષરનો છે. દરેક જવાબમાં બેબે અક્ષર મૂકવા. જવાબ જુઓ.

| સવાલ. | જવાબના અક્ષરો. |
|---|---|
| ૧ | ૧-૨-૩-૪ |
| ૨ | ૩-૪-૫ |
| ૩ | ૫-૬-૭ |
| ૪ | ૭-૮-૯ |
| ૫ | ૯-૧૦-૧૧ |
| ૬ | ૧૧-૧૨-૧૩ |
| ૭ | ૧ થી ૧૩ |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ જિનેશ્વરો કેવા હોય છે? ( આઠ અક્ષર મૂકીને ) **वितमा.**

૬ તેમ જ સુગંધ કોને પસંદ આવે છે? ( દશ અક્ષર મૂકીને ) **मानसे.**

૭ કેવા પ્રકારના માણસોનાં મનમાં જિનેશ્વર ભગવાન્ ઉપર ભક્તિ જાગ્રત થતી નથી? ( આખું પદ ) **अकुशलभावना-भावितमानसे.**

આ સાતે સવાલનો જવાબ સંક્ષેપમાં વિચારી જઇએ.

૧-૨-૩. આ ત્રણે પ્રશ્નોનો જવાબ ઉપર ૧-૨-૩ માં આવી ગયો છે તે પ્રમાણે જ છે, ત્યાંથી તે અર્થ વિચારી લેવો.

૪ જાતે સ્થાનભ્રષ્ટ ન થઇ વખત જતાં બહુ થઇ જાય તે કોણ? **नाभावी.**

નાભાવીમાં 'ભાવી' એટલે ભવ્ય પ્રાણીઓ. ન અભાવી એટલે અભવ્ય નહિ એટલે ભવ્ય પ્રાણીઓ. ભવ્ય પ્રાણીઓ પોતાનાં સ્થાનથી ભ્રષ્ટ ન થતાં વખત જતાં છેવટે બહુ થઇ જાય છે, મોક્ષમાં જાય છે, અનેક સાથે મળી જાય છે; મતલબ જાતે અચ્યુત રહી છેવટે બહુ થઇ જાય છે, જ્યોતિમાં જ્યોતિ મળી જાય છે. ભવ્ય પ્રાણીની વખત જતાં એ દશા થાય છે.

૫ જિનેશ્વરો કેવા હોય છે? જવાબ. **वितमा.**

**विगतं तमः येषां ते** જેઓનો ( અજ્ઞાનરૂપ ) અંધકાર નાશ પામી ગયો છે તે. તીર્થંકરને તમસ્ ન હોય તે સમજી શકાય તેવી બાબત છે.

૬ સુગંધ કોને પસંદ આવે છે? **मानसे.**

સુગંધ લે છે નાક, પણ તેની પસંદગી તો મન જ કરે છે.

૭ પ્રથમના અર્થમાં જે નવમો અર્થ કર્યો તે જ અહીં બંધ બેસે છે.

આ અર્થમાં ક્રમ બરાબર જળવાય છે અને અર્થ બેસતો આવે છે તે પણ ખાસ વિચારવા યોગ્ય છે.}

* * *

(૪)

હરિકુમારનો જવાબ સાંભળીને વિભ્રમ ખૂબ હસ્યો.

હરિકુમાર—"ભાઇ! કેમ હસ્યો?"

૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિભ્રમ**—“ કુમાર ! તેં આ વિલાસના પ્રશ્નનો ઉત્તર આપીને તેનો ગર્વ ઉતારી દીધો એ બહુ સારૂં કર્યું ! એ સવાલ અમને એ ભાઇ-સાહેબ વારંવાર પૂછતો હતો, પણ અમને સર્વને એનો જવાબ સૂજતો નહોતો તેથી એ ભાઇ છાપરે ચઢી બેઠો હતો અને એનું અભિમાન સમાતું ન હોતું. ”

**વિલાસ**—“ અરે ! એ કુમારે મારો ગર્વ ઉતાર્યો છે એટલું જ નહિ, પણ તમારો સર્વનો ગર્વ આજે ઉતારી નાખે એમ છે. તમે કોઇએ જે કાંઇ પ્રશ્નો વિચારી રાખ્યા હોય તે બોલો, તમારૂં અભિમાન પણ એ જરૂર ઉતારી દેશે. તમારે જે સવાલ પૂછવા હોય તે બોલી જાઓ. ”

[1]**મન્મથ**—“ કુમાર ! મેં પણ બે કોયડાઓ વિચારી રાખ્યા છે. ”

કુમાર—“ ભલે ખુશીથી પૂછો, હું જવાબ વિચારીશ. ”

મન્મથ—“ મારા બે પ્રશ્નો સાંભળો.—

“ [2]दास्यसि प्रकटं तेन, गृह्णामि न करात्तव ।
भिक्षामित्युदिता काचिद्भिक्षुणा लज्जिता किल ॥

તેમજ

करोति कठिनो राजन्नरीभकटघट्टनम् ।
विधत्ते करवालस्ते निर्मूलां शत्रुसंहतिम् ॥

આ બન્ને શ્લોકમાં અલંકાર છે. સાદી રીતે વાંચતાં તેનો અર્થ નીચે પ્રમાણે થાય છે. “ તું ઉઘાડી રીતે-સ્પષ્ટ રીતે આપે છે તેથી તારા હાથથી ભિક્ષા હું નહિ લઉં-એમ કોઇ ભીખારીએ કહ્યું તેથી તે ખરેખર શરમાઇ ગઇ. ”

ભીખારી આવું વિચિત્ર કેમ બોલે ? અને તેમાં આપનાર શરમાઇ શા માટે જાય ? આ દેખીતો વિરોધ થયો.

બીજા શ્લોકમાં સીધી રીતે વાંચતાં કરોતિ શબ્દ અર્થ વગરનો રહી જાય છે. ‘ હે રાજન્ ! તારી કઠણ તરવાર શત્રુના સમૂહનો મૂળથી નાશ કરે છે અને શત્રુઓના હાથીઓના ટોળાંના ગંડસ્થળોને ભેદી નાખે

---

૧ **વિલાસ** અને **મન્મથ** એ પણ કામદેવ છે. વિલાસ એનું વ્યક્તરૂપ છે અને મન્મથ જાતે કામદેવ છે.

૨ આ બન્ને શ્લોકોમાં શબ્દાલંકાર અને વિરોધાભાસ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે." આવો અર્થ કરતાં **करोति** શબ્દ મૂકી દેવો પડે છે. અથવા તેનો અર્થ 'કરે છે' એમ કરીએ તો કઠણ તરવારથી એ કામ બનતું નથી.

* * *

**હરિકુમાર**—"(હસીને) જો ભાઇ તારા પ્રથમના શ્લોકમાં જે દેખીતો વિરોધ છે તેનો આવી રીતે ભંગ કરવો. **दास्यसि** શબ્દને છુટા પાડીને **दासी असि** એમ બે શબ્દ કરવા. એટલે તેનો અર્થ એવો થશે કે 'હે બાઇ! તું દાસી (નોકરડી–ગુલામ–અધમ સ્ત્રી) છે તેથી તારે હાથે હું ભીક્ષા લઇશ નહિ, એ પ્રમાણે ભીખારીએ કહ્યું એટલે આપનારી સ્ત્રી લજવાઇ ગઇ.' આવી રીતે શબ્દની સંધિ છૂટી પાડવાથી દેખીતો વિરોધ સમાઇ જાય છે.

"બીજા શ્લોકમાં પણ એવી જ રીતે **करोति कठिनो** શબ્દની સંધિ છૂટી પાડવી જોઇએ **ते अतिकठिनो करो–करः अति कठिनो** એવી રીતે શબ્દને છૂટા પાડવાથી અર્થ મળી જશે. 'હે રાજન્! તારો અતિ કઠણ હાથ શત્રુઓના હાથીઓનાં ગંડસ્થળોને ભેદી નાખે છે અને તારી તરવાર શત્રુની હારોની હારોનો મૂળથી નાશ કરે છે."

"આવી રીતે સંબંધ મેળવવાથી અર્થ બરાબર સ્પષ્ટ થાય છે અને તેવી રીતે મન્મથ! તારા સવાલનો જવાબ થાય છે."

**મન્મથ**—"અહો અહો! કુમાર! તારી વિદ્વત્તા તો કાંઇ અજબ પ્રકારની છે! ગમે તેવા અટપટા સવાલ ગોઠવીને પૂછીએ પણ તેના જવાબ તો તારા મ્હોમાં જ આવી પડેલા છે. ધન્ય છે તારી બુદ્ધિની કુશાગ્રતાને!"

* * *

## (૫)

[1]હવે તે વખતે મેં એક એવો શ્લોક વિચારી કાઢ્યો કે જેનું ચોથું પાદ ગૂઢ (છુપાયલું) હોય. મેં (ધનશેખરે) કુમારને જણાવ્યું કે "મેં એક ગૂઢચતુર્થપાદ વિચારી રાખ્યું છે માટે તારી મરજી હોય તો તને પૂછું. હું એ શ્લોકના ત્રણ પાદ તને જણાવીશ અને તારે તેનું ચોથું પાદ શોધી આપવું પડશે." કુમારે હા પાડવાથી મેં મારા શ્લોકનાં ત્રણ પાદ જણાવ્યાં.

---

૧ વસંતઋતુમાં વનમાં ગયા તે વખતે કુમારની થયેલી સ્થિતિ (ચિત્રપટ દર્શનથી) અત્ર **ધનશેખર** વર્ણવે છે તે લક્ષ્યમાં રાખવું. હવે **ધનશેખર** જે અત્યાર સુધી સાંભળતો જ હતો તે વિનોદચર્ચામાં ભાગ લે છે.

JAINSITE.com જૈન સાઇટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**विभूतिः सर्वसामान्या, परं शौर्यं त्रपा मदे ।**
**भूत्यै यस्य स्वतः प्रज्ञा......................**

આનો અર્થ સાધારણ રીતે એમ થાય છે કે 'સર્વના ઉપયોગમાં આવે તેવી જેની સંપત્તિ ( ધન દોલત શેઠાઇ ) છે, જેનામાં ઉત્કૃષ્ટ શૂરવીરપણું છે, જેને મદ કરવામાં શરમાળપણું છે, જેની બુદ્ધિ પોતાની મેળે જ આબાદીને માટે થાય છે................'

આવા ત્રણ પાદ કહ્યાં એટલે કુમારે વિચાર કરીને પોતાના મનમાં તેનો જવાબ ગોઠવી દીધો અને ઘણો તુષ્ટમાન થઇને બોલ્યો "અરે ભાઇ ધનશેખર ! તું તો ભારે જબરો ! તેં તો ભારે કરી ! તેં તો વળી જબરૂં ચતુર્થગૂઢપાદ ગોઠવી રાખ્યું જણાય છે !"

સર્વેએ એકી સાથે પૂછયું "કુમાર ! તું શું તેનું ચોથું પાદ મેળવી શકયો ? અરે ભાઇ ! તે અમને જણાવ તો ખરો !"

કુમારે કહ્યું "જુઓ સાંભળો ! એનું ચોથું પાદ **पात्रभूतः स भूपतिः** એમ આવે છે." આ જવાબ સાંભળીને મિત્રો ઘણા વિસ્મય પામ્યા.

{ આવી રીતે વાતચીત થઇ તેનો ભાવ સમજી લઇએ. આખો શ્લોક આ પ્રમાણે થયો.

**विभूतिः सर्वसामान्या, परं शौर्यं त्रपा मदे ।**
**भूत्यै यस्य स्वतः प्रज्ञा, पात्रभूतः स भूपतिः ॥**

'જે રાજાની સંપત્તિ અને જેની ઐશ્વર્યપ્રાપ્તિ સર્વના હિતને માટે થાય છે એટલે જેની સંપત્તિનો ઉપયોગ રાજા પોતે કરતો નથી પણ જનહિતમાં-પરહિતમાં જેનો ઉપયોગ કરે છે, જે રાજામાં મહા શૂરવીરપણું હોય છે, જેને અભિમાન કરતાં મનમાં શરમ આવે છે અને જેની બુદ્ધિ આબાદીને માટે જ થાય છે ( જેની બુદ્ધિનો સદુપયોગ જ થાય છે ) તે રાજા ખરેખરો પાત્ર છે, રાજાના નામને યોગ્ય છે, **भू** એટલે પૃથ્વીનો તે ખરેખરો પતિ છે.

આ શ્લોકમાં એક બીજો પણ શબ્દાલંકાર જોવામાં આવે છે. **भूपति** શબ્દમાં भू, प અને **ति** એ ત્રણ અક્ષરો છે. તે પ્રથમના ત્રણે પાદના પ્રથમ શબ્દોમાં અનુક્રમે આવે છે. 'भू' વિભૂતિમાં એનો પ્રથમ અક્ષર વિચારાય છે, પરં શૌર્યમાં બીજો અક્ષર 'प' વિચારાય છે અને ત્રપા ( શરમ )માં ત્રીજો અક્ષર 'ति' વિચારાય છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથા પાદના દરેક અક્ષરો પ્રથમના ત્રણ પાદમાં આવી જાય છે. આ ગોઠવણ નિરૂક્ત જેવી છે.}

* * *

(૬)

એ વખતે કપોલ નામનો મિત્ર બોલ્યો "કુમાર! મેં પણ એક ગૂઢચતુર્થપાદવાળું પદ્ય ગોઠવી રાખેલ છે તે સાંભળો." કુમાર તેને તે જણાવવાનું કહેતાં કપોલ બોલ્યો—

**न भाषणः परावर्णे, यः समो रोषवर्जितः।**
**भूतानां गोपकोऽत्रस्तः,............... ॥**

આનો અર્થ સાધારણ રીતે એમ થાય છે કે "જે પારકા અવર્ણવાદ (નિંદા)નું ભાષણ કરતો નથી, જે સમતાવાળો હોઇ ક્રોધરહિત છે અને જે જાતે નીડર હોઇ પ્રાણીઓનું રક્ષણ કરનાર (ગોપાળ-ગોવાળ અથવા વૈદ્ય જેવો) થાય છે......................"

આ સવાલ સાંભળતાં જ કુમારે જવાબમાં કહ્યું **"स नरो गोत्रभूषणः"**

કપોલે જવાબ સાંભળીને ટીકા કરી "અહો! મારા જેવાને તો આ પ્રમાણે જવાબ મેળવવામાં ઘણો વખત લાગે અને મને એ ગોઠવતાં ઘણો વખત લાગ્યો હતો છતાં કુમારને તો જવાબ આપતાં કાંઇ વખત જ લાગ્યો નહિ. અહો કુમારનો બુદ્ધિવૈભવ તો ભારે જબરો છે! એ તો સર્વત્ર અટકાવ વગર જઇ શકે છે! કુમાર ભારે બુદ્ધિશાળી છે!" સર્વેએ કબૂલ કર્યું કે કપોળે જે વિચાર બતાવ્યા તે બરાબર છે અને તદ્દન સંદેહ વગરના છે. કપોળના વિચાર સાથે સર્વેએ મળતાપણું બતાવ્યું.

* * *

{ઉપરનો બીજો શ્લોક આપણે સમજી લઇએ. આખો શ્લોક નીચે પ્રમાણે થાય છે.

**न भाषणः परावर्णे यः समो रोषवर्जितः।**
**भूतानां गोपकोऽत्रस्तः स नरो गोत्रभूषणः॥**

'જે પ્રાણી પારકી નિંદા કરવાનું ભાષણ જ કદિ કરતો નથી, પારકી નિંદા કદિ કરતો જ નથી, જે એકસરખો (મનની સ્થિતિ-સ્થાપકતાવાળો) હોઇ રોષ-ક્રોધથી રહિત છે એટલે જે કદિ ગુસ્સે થતો નથી અને જે જાતે નીડર હોઇ અન્યનું રક્ષણ કરે છે તે નર કુટુંબના-કુળના આભૂષણરૂપ છે, સફળજન્મા છે, ધન્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ શ્લોકમાં વચન મન અને કાયાથી આદર્શમનુષ્યે કેવું વર્તન કરવું જોઇએ તે બતાવ્યું છેઃ વચનથી નિંદા ન કરવી, પારકાં અવર્ણવાદ ન બોલવાં, મનને સ્થિતિસ્થાપકતામાં રાખી ક્રોધ ન કરવો, ક્રોધ મનોવિકાર છે એની સાથે માન માયા, લોભ, કષાય અથવા કામ, લોભ, મોહ, મદ, મત્સર એ રિપુઓ સમજી લેવા અને કાયાથી અન્યનું પરિપાલન કરવું. આ પ્રમાણે જે કરે તે કુળને શોભાવનાર માણસ છે, નર છે-એવાનો અવતાર સફળ છે, ફેરો ગણતરીમાં ગણવા યોગ્ય છે, એનું જીવન રસમય અને જીવવા યોગ્ય છે.

આ શ્લોકમાં પણ શબ્દાલંકાર જણાય છે. ચોથા પાદના દરેક અક્ષરો પ્રથમના ત્રણ પાદમાંથી મળી આવે છે. }

* * * *
* * *

## પુનઃ ચિત્રકન્યા સ્મરણ.

આવી રીતે જેટલો વખત પ્રશ્નોત્તરમાં હરિકુમારનું ધ્યાન રહ્યું તેટલો વખત તે ચિત્રમાં રહેલી કન્યાને કાંઇક વિસારી શક્યો, થોડીક ભૂલી ગયો, એટલો વખત એ બાબત તેને જરા જરા વિસ્મૃત થઇ.

ક્રમનસીબે તે વખતે એક પારેવો પોતાની પારેવી સાથે ગેલ કરતો જોવામાં આવ્યો, સ્ત્રીને તે ચાટે, તેની ફરતો ઉડે અને તેની સાથે ગેલ કરે-એ હકીકત જોઇને વિસારે પડેલી કન્યા પાછી કુમારની સ્મૃતિમાં આવી, ચિત્ર ઉપર ધ્યાન ગયું અને મિત્રોની વાતચીતમાંથી લક્ષ્ય ઉડી ગયું. પછી તો સખ્ત પવનના ઝપાટા લાગવાથી દીવાની જેવી દશા થાય, મોટો પથ્થર પડવાથી કુંડના જળની જેવી દશા થાય, પોતાના કુટુંબના ભરણપોષણની ચિંતાથી દરિદ્રી માણસનાં મનની જેવી સ્થિતિ થાય, અભિમાની માણસની બીજાથી પરાભવ પામીને જેવી મનઃસ્થિતિ થાય અને સંસારની બીકથી [1]અવિરતિ સમ્યગ્દષ્ટિ પ્રાણીની જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ કુમારની થઇ ગઇ, કન્યાનું ચિત્ર મન ઉપર વારંવાર આવવા લાગ્યું અને કુમાર આમતેમ ઝુલવા લાગ્યો. જેવી રીતે એક યોગી બાહ્ય વસ્તુના વ્યાક્ષેપથી મુક્ત રહી ધ્યેય વસ્તુપર ધ્યાન લગાડી દે છે તેવી રીતે કુમારને બાહ્ય બાબતોમાંથી મુક્ત થઇ ચિત્ર કન્યાના લક્ષ્ય પર આરૂઢ થયેલ અમે જોયો.

---

૧ વ્રત ન લીધેલ દેવાદિકને શુદ્ધ વસ્તુની ઓળખાણથી એક બાજુએ સંસારની બીક લાગે છે અને બીજી બાજુએ ત્યાગ વૈરાગ્ય આદરી શકાતા નથી. આ સ્થિતિ અસ્વસ્થ અવસ્થા ઉત્પન્ન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હરિકુમારની વ્યાકુળતા.

મેં તે વખતે કુમારને પૂછ્યું "કુમાર! આ શું?"

કુમારે જવાબ આપતાં કહ્યું "ભાઇ ધનશેખર! કાલે રાત્રે મારૂં માથું દુઃખતું હતું તેથી મને ઉંઘ આવી નહોતી. અત્યારે પણ તેની અસરથી મારૂં માથું જરા જરા દુઃખે છે અને મને ચક્કર આવે છે. તેથી આ મન્મથ વિગેરે મિત્રો મરજી આવે તો જાય અને મરજી આવે તો અહીં ફરે હરે. તું એકલો મારી પાસે રહે. ચાલ, આપણે આ બાજુના ચંદનલતાગૃહમાં જઇએ અને ત્યાં હું જરા શાંતિથી નિદ્રા લઉં."

કુમારની આવી ઇચ્છા જાણી મન્મથ વિગેરે સર્વે મિત્રો ત્યાંથી વિદાય થઇ ગયા અને માત્ર હું જ કુમારની સાથે રહ્યો. આવી રીતે અમારી વિનોદવાર્તાનો અહીં અંત આવ્યો.

# પ્રકરણ ૪ થું.

JAINSITE .com जैन साईट શાસનમ્

## મન્મથ વ્યાકુળતા—આયુર્વેદ.

સર્વે મિત્રો વિદાય થયા પછી હું (ધનશેખર) અને હરિકુમાર લતામંડપમાં દાખલ થયા. મંડપમાં જઇને મેં ઠંડાં સુકોમળ પાંદડાંઓ એકઠાં કરી તેની પથારી બનાવી. એ તૈયાર કરેલી પથારી ઉપર કુમાર બેઠો. પરંતુ માછલું તપેલી રેતીમાં આવીને પડેલું હોય, તે જેમ તાપથી તરફડે તે પ્રમાણે કુમાર તે ઠંડા શયનપર પણ તરફડીઆં મારવા લાગ્યો, તેને જરા પણ શાંતિ ન થઇ કે સુખ ન આવ્યું. પછી મેં એને બેસવા સારૂ કોમળ આસન (બેઠક) ગોઠવી આપ્યું. કુમાર એ આસન ઉપર બેઠો. ત્યાં પણ શૂળિ ઉપર ચોરને ચઢાવ્યો હોય ત્યાં જેમ તેને સુખ મળે નહિ તેમ હરિકુમારને એ આસન ઉપર પણ નિરાંત વળી નહિ. ત્યાર પછી તે મારે ખભે વળગ્યો અને આમ તેમ ઝુલવા લાગ્યો. એમ કરતાં પણ એના હૃદયમાં જે તાપ આવ્યો હતો તે ઓછો થયો નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શંખનાદ-મન્મથ જોર.

પછી તો કુમાર ઘડિકમાં સુવે, ઘડિકમાં બેસે, ઘડિકમાં ઊભો થાય, ઘડિકમાં અહીં તહીં ભમે, પણ જેમ નરકગતિના જીવોને નારકીમાં સુખ મળે નહિ તેમ કુમારને જરા પણ ચેન પડે નહિ, જે જે સુખશાંતિના ઉપાયો યોજવામાં આવે તેનાથી ઉલટી તેની વેદના વધતી જાય. આવી રીતે મદનઅગ્નિથી બળી જતાં એ રાજકુમારે શીતળ લતાગૃહમાં ઘણો વખત વીતાવ્યો પણ એની ગરમી ઓછી થઇ નહિ. પેલા **મન્મથ** વિગેરે મિત્રોએ કુતૂહળને લીધે કુમારની જે દશા થઇ હતી તે ગુપ્ત રીતે કુમાર ન જાણે તેમ જોયા કરી અને તેઓ અંદર અંદર કુમારની મશ્કરી ઇસારાથી કરતા રહ્યા.

હવે તે વખતે મનુષ્યોનાં શરીરમાં તાપ કરવા માટે જ કામદેવ પોકાર કરતો હોય તેવો મધ્યાહ્ન સમયનો શંખ વાગ્યો.[1] શંખ ઘણા જોરમાં લાંબા વખત સુધી વાગ્યો અને દૂરથી તેનો અવાજ કુમારના કાનપર ગયો. એ વખતે કુમારને ઘેર લઇ જવા માટે **મન્મથ** વિગેરે સર્વ મિત્રો લતાગૃહમાં આવ્યા અને સર્વે કુમારને કહેવા લાગ્યા "દેવ! હવે અત્યારે ખરો મધ્યાહ્ન થયો છે માટે આપ ઘરે પધારો. ત્યાં જઇ દેવપૂજનાદિ નિત્યકર્મ કરી દિવસનું કામ હોય તે આટોપી લો."

**હરિકુમારે** જવાબમાં કહ્યું "અરે ભાઇઓ! ધનશેખરને મારી પાસે મૂકીને તમે સર્વે ઘરે જાઓ, જ્યારે મારી વેદના ઓછી થશે એટલે હું પણ પછી ધનશેખર સાથે ઘેર આવીશ. અત્યારે તો મારા માથામાં ચાસકા આવે છે, અંદર તાપ વધતો જાય છે, તેથી આ શીતળ લતાગૃહમાં હું હજુ શાંતિ માટે વધારે વખત રહેવા માંગું છું."

કુમારને હૃદયની અંદરનો તાપ હતો, શેને લઇને તે તાપ આવ્યો હતો તે સર્વના ખ્યાલમાં બરાબર આવી ગયું અને તે સંબંધમાં તેઓની પ્રતીતિ પણ થઇ ગઇ, છતાં તે રાજકુમાર હોવાથી તેને સીધી રીતે તેઓ કહી શક્યા નહિ. જરા ડર ખાઇને તેઓ અંદર અંદર નીચે પ્રમાણે વાત કરવા લાગ્યા અને તે સર્વ કુમાર સાંભળે તેમ બોલતા હોવાથી તેઓનો આશય કુમારના સમજવામાં પણ બરાબર આવી ગયો.

### આયુર્વેદ. વૈદું.

**"અરે કપોળ! તું આયુર્વેદ (વૈદ્યવિદ્યા)માં ઘણો કાબેલ છે ત્યારે ભાઇ! આ કુમારના શરીરમાં વિકાર થયો છે તે કયાં કારણોને**

૧ કેટલીક જગ્યાએ મધ્યાહ્ન (બપોર-બાર વાગ્યાનો સમય) બતાવનાર તોપ ફોડવાનો રિવાજ છે અને કોઇ જગ્યાએ શંખ વગાડવાનો રિવાજ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઇને થયો છે (નિદાન) અને તે શાંત કરવાનો ઉપાય[1] (ચિકિત્સા) શો છે તે તું વિગતવાર અમને જણાવ."

કપોળે વિવેચનપૂર્વક જવાબ આપતાં જણાવ્યું:—

"ભાઇઓ! વૈદક શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"વાયુ, પિત્ત અને કફ આ ત્રણ શારીરિક–શરીર સંબંધી દોષો છે અને રજસ્ અને તમસ્ એ બે માનસિક દોષો છે. (શરીરમાં વ્યાધિ થાય છે તે વાત પિત્ત અને કફની વિષમતાથી થાય છે અને રજોગુણ અને તમોગુણ માનસિક વ્યાધિઓ ઉત્પન્ન કરે છે.) આ બન્ને પ્રકારના દોષો પૈકી શારીરિક દોષો છે તે દૈવ અને યુક્તિનો આશ્રય લઇને કરેલા ઔષધ ઉપચારથી શાંત થાય છે (મતલબ શરીરસંબંધી વ્યાધિ મટાડવા માટે યુક્તિ કરવી જોઇએ અને નસીબ બળવાન્ હોવું જોઇએ. યોગ્ય પુરૂષાર્થ અને અનુકૂળ દૈવ (કર્મ) હોય તો શારીરિક દોષો મટે છે અને માનસિક દોષો (રાજસી અને તામસી) જ્ઞાનથી, વિજ્ઞાનથી (સાયન્સથી), ધીરજથી, સ્મૃતિ (યાદ કરવું તે) થી, અને સમાધિથી દૂર થાય છે.[2]

"એ શારીરિક દોષો પૈકી વાત (વાયુ) રૂક્ષ (લુખો) હોય છે, ઠંડો હોય છે, છોટો હોય છે, અતિ સૂક્ષ્મ હોય છે, હાલતો ચાલતો હોય છે, સ્વચ્છ હોય છે અથવા કઠણ હોય છે. હવે એ જેવા પ્રકારનો હોય તેનાથી ઉલટા પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરવાથી તે શાંતિ પામે છે: એટલે જો વાયુ લૂખો હોય તો તે ચોપડેલ–ચીકાશદાર પદાર્થોના ઉપયોગથી નરમ પડે છે, શીત વાયુ ગરમ વસ્તુના ઉપયોગથી

---

૧ વૈદકમાં વ્યાધિ શો છે તે તેનાં કારણ અને ચિહ્નો પરથી શોધવું તેને **નિદાન** કહે છે અને નિદાન (diagnosis) થયા પછી તેની દવા કરવી તેને **ચિકિત્સા** કહે છે. વૈદકમાં આ બે ઘણા અગત્યના વિભાગો છે.

૨ આ આખો વૈદ્યકીય વિભાગ સંક્ષેપમાં વૈદ્યક શાસ્ત્રનો મોટો અભ્યાસ બતાવે છે. એક ઘણા નિષ્ણાત વૈદ્યરાજે આ વિભાગ મને સમજાવ્યો ત્યારે જણાવ્યું હતું કે વિષય બરાબર વૈદકીય પરિભાષામાં, સંક્ષેપમાં અને મુદ્દાસર લખાયલો છે. એટલી હકીકત વાંચીને તેમને ગ્રંથકર્તા માટે બહુ માન થયું હતું. આ વૈદાનો વિષય જરા વધારે સ્પષ્ટ થાય તેટલા સારૂ વધારે છૂટી રીતે તેનું અવતરણ અત્ર કરવામાં આવ્યું છે. વાગ્ભટ કહે છે કે धीधैर्यात्मादिविज्ञानं मनोदोषौषधं परम्. આ વિચાર અત્ર માનસિક દોષના ઉપચાર માટે બતાવેલ છે તેના જેવો જ લગભગ છે. બાકીનો આયુર્વેદ પણ વૈદાના સર્વોત્કૃષ્ટ ગ્રંથોને અનુરૂપ છે એમ મને સદરહુ વૈદ્યરાજે કહ્યું છે. મો. ક.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શમે છે, લઘુ વાયુ ગુરૂ દ્રવ્યના ઉપયોગથી મટે છે, ચળ વાયુ સ્થિર દ્રવ્યના ઉપયોગથી મટે છે, વિશદ દર્હી જેવો વાયુ અચોખા દ્રવ્યના ઉપયોગથી મટે છે અને કઠણુ વાયુ પોચા પદાર્થના વપરાશથી શમે છે.

"પિત્ત સ્નેહવાળું (ચિકાશદાર) હોય છે, ગરમ હોય છે, તીખું હોય છે, દ્રવતું (પાતળું liquid) હોય છે અને ખાટું હોય છે. એ પાંચ પ્રકારના રસવાળું પિત્ત તેનાથી ઉલટા પ્રકારના ગુણોથી શમે છે: ચિકાશદારને માટે ચીકાશ વગરના પદાર્થનો ઉપયોગ કરવાથી, ગરમને માટે ઠંડા પદાર્થના ઉપયોગથી, તીખાને માટે મોળા પદાર્થના ઉપયોગથી, દ્રવતાને માટે ઘટ વસ્તુઓના ઉપયોગથી અને ખાટાને માટે ખારા પદાર્થના ઉપયોગથી પિત્તનું શમન થાય છે.

"કફ ગુરૂ (ભારે) હોય છે, ઠંડો હોય છે, નરમ હોય છે, ચીકાશદાર હોય છે, મીઠો હોય છે, ગોળ જેવો ચીકાશદાર હોય છે અથવા સુંવાળો હોય છે. એ પાંચ પ્રકારથી યુક્ત કફ તેનાથી વિપરીત ગુણવાળા પદાર્થોના વપરાશથી શાંત થાય છે એટલે ભારે કફને માટે હળવા પદાર્થોનો ઉપયોગ કરવો, ઠંડા કફને માટે ગરમ પદાર્થોનો ઉપયોગ કરવો, નરમ કફને માટે સખ્ત પદાર્થોનો ઉપયોગ કરવો, ચીકાશદાર કફને માટે ચીકાશ વગરના પદાર્થનો ઉપયોગ કરવો, મીઠા કફને માટે કડવા પદાર્થનો ઉપયોગ કરવો, ગોળ જેવા કફને માટે ચીકાશ વિનાના પદાર્થોનો ઉપયોગ કરવો અને સુંવાળા કફને માટે ખરસટ પદાર્થોનો ઉપયોગ કરવો. તેમ કરવાથી વધી ગયેલ કફના દોષો શમી જાય છે.

વૈદ્યકશાસ્ત્રમાં રસ[1] છ પ્રકારના બતાવવામાં આવ્યા છે: મીઠો (ગળપણવાળો), ખાટો, ખારો, તીખો, કડવો અને તુરો. એ છ રસો પૈકી મીઠો ખાટો અને ખારો રસ કફ વધારનાર અને ઉત્પન્ન કરનાર છે, તુરો તીખો અને કડવો રસ વાયુ વધારનાર અને ઉત્પન્ન કરનાર છે અને તીખો ખાટો અને ખારો રસ પિત્તરસને ઉત્પન્ન કરનાર અને વધારનાર છે. હવે મીઠો રસ, ખાટો રસ અને ખારો રસ વાયુ ઉપર વિજય મેળવે છે એટલે વાયુનો પ્રકોપ થયો હોય ત્યારે એ રસોનો ઉપયોગ કરવાથી વાયુ શમે છે, તેવી જ રીતે તુરો રસ, મીઠો રસ અને કડવો રસ પિત્ત

---

૧ વૈદ્યકીય પરિભાષામાં 'કટુક' એટલે તીખો રસ એવો અર્થ થાય છે અને 'તિક્ત' એટલે કડવો અર્થ થાય છે અને 'કષાય'નો અર્થ તુરો થાય છે. આ પ્રમાણે અહીં અર્થ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર વિજય મેળવે છે એટલે પિત્તને શમાવે છે અને તુરો રસ, તીખો રસ અને કડવો રસ કફ પર વિજય મેળવે છે એટલે કફને શમાવે છે.

" શરીરમાં પેટની અંદર અજીર્ણ ચાર પ્રકારનાં થાય છે. બધા વ્યાધિઓનું મૂળ અજીર્ણમાં હોવાથી તેના સંબંધી ખાસ વિચાર કરવાની જરૂર છે. એ ચાર પ્રકારનાં અજીર્ણનાં નામો આ પ્રમાણે છેઃ **આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ, વિષ્ટબ્ધાજીર્ણ અને રસશેષાજીર્ણ.** એ ચાર પ્રકારના અજીર્ણની નિશાનીઓ પ્રથમ સમજી લેવા જેવી છે. આમ નામના અજીર્ણમાં જે વસ્તુ ખાધી હોય તેના જેવી જ ગંધ આવે છે, દાખલા તરીકે સાકરટેટી કે તરબૂજ કે કેરી ખાધેલ હોય અને તેના જ ઓડકાર આવ્યા કરે તો સમજવું કે આમ નામનું અજીર્ણ થયું છે; આ અજીર્ણમાં ખાધેલ વસ્તુનો રસ થતો જ નથી તેથી તેની ગંધ આવ્યા કરે છે. વિદગ્ધ નામના અજીર્ણમાં ધૂમાડાની ગંધ આવ્યા કરે છે, છારૈયા ઓડકાર જેને કહેવામાં આવે છે તે આ અજીર્ણમાં થાય છે. વિષ્ટબ્ધ નામના અજીર્ણમાં શરીર ભાંગ્યા કરે છે, આળસ આવે છે, બગાસાં આવ્યા કરે છે, શરીર માંડતું નથી અને રસશેષ નામના ચોથા પ્રકારના અજીર્ણમાં અન્ન પર દ્વેષ થાય છે, ખાવાનું ગમતું નથી અને ખોરાક તરફ જરાએ રૂચિ થતી નથી.

" સદરહુ ચાર પ્રકારનાં અજીર્ણમાંથી કયું અજીર્ણ છે તેનો નિર્ણય થઇ ગયા પછી જો 'આમ' નામનું પ્રથમ અજીર્ણ હોય તો વમન કરાવવું, ઉલટી કરાવવી અને પેટને તે દ્વારા સાફ કરાવવું; 'વિદગ્ધ' નામનું અજીર્ણ થયું હોય તો છાશ પીવી; 'વિષ્ટબ્ધ' નામનું અજીર્ણ થયું હોય તો શેક કરવો અથવા નાહ લેવો અને રસશેષ નામનું અજીર્ણ થયું હોય તો સુઇ જવું, ઉંઘી જવું. ચારે પ્રકારના અજીર્ણની એ નિશાની અને નિવારણના ઉપાયો છે. સર્વે રોગો અજીર્ણમાંથી થતાં હોવાથી તેના ઉપર ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે.

" (કપોલ કહે છે કે)—આ પ્રમાણે હોવાથી આ કુમારને (હરિકુમારને) અંદરનો તાપ (તાવ) અને અજીર્ણનો વિકાર થયો હોય એમ જણાય છે. તેનું અજીર્ણ વિદગ્ધ નામના બીજા પ્રકારનું હોય તેમ જણાય છે કારણ કે, એને વાયુ અને પિત્ત બન્ને એક સાથે ઉછળ્યા છે અને વધી પડ્યા છે. એ વાયુ અને પિત્ત બન્નેએ મળીને આને અંદરનો જ્વર (તાવ) ઉત્પન્ન કર્યો છે અને શૂળ પણ તેથીજ થયું છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भुक्ते जीर्यति जीर्णेऽन्ने जीर्णे भुक्ते च जीर्यति ।
जीर्णे जीर्यति भुक्तेऽन्ने दोषैर्नाभिभूयते ॥

---

૧ (૧) સૂચિત અર્થઃ અહીં જણાવ્યા છે તે ત્રણ સંયોગોમાં માણસ કોઇ પણ પ્રકારના દોષ-વ્યાધિથી હેરાન થતો નથી (૧) ખાધેલું અનાજ પચી જવા પછી અનાજ ખાવામાં આવે તો તે પચી જાય છે. (૨) પેટમાં અજીર્ણ થયું હોય ત્યારે અનાજ ન ખાવાથી નહિ પચેલું અનાજ પચે છે અને (૩) પચી ગયેલું અનાજ તદ્દન પચી ગયા પછી અન્ન ખાવામાં આવે તો.

આ શ્લોકનો ભાવાર્થ જરા મુશ્કેલીએ બેસે છે. મેં વૈદ્ય અને વિદ્વાનોને પૂછીને અર્થ લગાવ્યો છે. તેમ કરતાં दोषैः ना न अभिभूयते એવી રીતે એના ચોથા પદની વ્યુત્પત્તિ કરી છે. એ ઠીક લાગે છે. પણ બીજા પાદમાં બે અવગ્રહ લીધા છે તે પ્રતમાં કે છાપેલી બુકમાં નથી. અહીં ત્રણ બાબત છે. ખાધેલ અનાજ પચી ગયા પછી ખવાય તે પચે, ન પચ્યું હોય ત્યારે નવું ન ખાવામાં આવે તો આગળનું પચે અને પચી ગયેલ અનાજ તદ્દન પચી ગયા પછી ખવાય તો તે પચે. આ ત્રણે યોગ્ય બાબત છે, અનુભવથી સમજાય તેવી છે.

(૨) બીજી રીતે સીધો અર્થ કરીએ તો આ પ્રમાણે અર્થ થાય-' પ્રાણી અનેક વ્યાધિઓથી હેરાન થાય છે' પણ પછી તેની સાથે શ્લોકનો જરા પણ મેળ મેળતો નથી. આ શ્લોક વધારે વિદ્વાન પાસે વિચારવો.

(૩) એક વૈદ્યરાજે આ શ્લોકનો અર્થ સમજાવવા નીચે પ્રમાણે લખાણ કર્યું છે તે વિચારવું. ઉપરના શ્લોકનો અર્થ સમજવા માટે નીચેના શ્લોકો પ્રથમ વિચારવા.

आमं विदग्धं विष्टब्धं कफपित्तानिलैस्त्रिभिः
अजीर्णं केचिदिच्छन्ति चतुर्थं रसशेषतः ( માધવનિદાન નિ. સા. પ્રે પ્ર. ૭૦ )
त्रिभिरिति कफादिभिरेकैकशो यथा संख्येन. × × એટલે कफेन आमं, पित्तेन विदग्धं, अनिलेन ( वायुना ) विष्टब्धं ।
जीर्णेऽन्ने वर्धते वायुर्विदग्धे पित्तमेधते
भुक्तमात्रे कफश्चापि क्रमोऽयं भोजनोपरि ( યોગરત્નાકર-નિત્ય પ્રવૃત્તિ પ્રકાર નિ. સા. આવૃત્તિ. પૃ. ૩૦ શ્લોક ૧૬૭ ).

હવે ઉપર જે શ્લોક આપ્યો છે તેના પ્રથમના ત્રણ ચરણના પાંચ વિભાગ પાડવા.

| | |
|---|---|
| भुक्ते जीर्यति यदास्यात्तदा पित्तदोषप्रवृत्तिः | પિત્ત. |
| जीर्णेऽन्ने वातदोषप्रवृत्तिः | વાત. |
| जीर्णे भुक्ते च जीर्यति यदा तदा तु वातपित्तदोषद्वयस्य प्रवृत्तिः | વાત પિત્ત. |
| जीर्णे जीर्यति तु कफवातप्रवृत्तिः | કફ પિત્ત. |
| भुक्तेऽन्ने तु कफप्रवृत्तिः | કફ. |

एवं दोषैः अभिभूयते.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિભ્રમે કહ્યું. "અરે મિત્ર કપોળ ! તારા ધ્યાનમાં બરાબર વાત આવી હોય એમ લાગતું નથી. વૈદ્યની ફરજ છે કે તે માંદા માણસને જુએ તે વખતે પ્રથમ તો તેણે રોગનું મૂળ કારણ આવી રીતે શોધવું: એટલે કે તેણે પ્રથમ તો દરદીની ખાસ પ્રકૃતિ કેવા પ્રકારની છે તેનું બારિકીથી અવલોકન કરવું, એના શરીરમાં બળ કેવા પ્રકારનું અને કેટલું છે તેની વિચારણા કરવી, એના શરીરનો બાંધો કેવા પ્રકારનો છે તે બરાબર વિચારવું, એના શરીરના વિભાગોનું માપ બરાબર જોઇ લેવું, એને અનુકૂળ કઇ વસ્તુ છે અને તે પથ્ય પાળી શકે તેવું છે કે નહિ તે સમજી લેવું, એનામાં ધીરજ કેટલી છે અથવા છે કે નહિ તે લક્ષ્યમાં

---

ઉપરનો અર્થ કરવામાં વાગ્ભટ નિર્મિત અષ્ટાંગ હૃદયના નીચેના શ્લોકો કાંઇક પ્રકાશ નાખે છે.

वायु पित्तं कफश्चेति त्रयो दोषाः समासतः ॥ ६ ॥
विकृताऽविकृता देहं घ्नन्ति ते वर्तयन्ति च ।
ते व्यापिनोऽपि हृन्नाभ्योरधोमध्योर्ध्वसंश्रयाः ॥ ७ ॥
वयोऽहोरात्रिभुक्तानां तेऽन्तमध्यादिगाः क्रमात् ।
तैर्भवेद्विषमस्तिक्ष्णो मन्दश्चाग्निः समैः समः ॥ ८ ॥

એટલે વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષો છે તે જો વિકાર પામેલા હોય તો દેહનો નાશ કરે છે અને જો વિકાર પામેલા ન હોય તો દેહને વધારે છે. એ ત્રણે દોષો આખા શરીરમાં વ્યાપક છે, છતાં ખાસ કરીને નાભિની નીચે વાયુ રહે છે, નાભિ અને હૃદયની વચ્ચે પિત્ત રહે છે અને હૃદયની ઉપર કફ રહે છે. વય, દિવસ, રાત્રિ અને આહારના–જમવાના–આદિ મધ્ય અને અંતમાં અનુક્રમે કફ, પિત્ત અને વાયુ હોય છે, જેમ કે અવસ્થાની આદિમાં–બાલ્યાવસ્થામાં કફ, મધ્યાવસ્થા–જુવાનીમાં પિત્ત અને અંત્યાવસ્થામાં–ઘડપણમાં વાયુ વધારે હોય છે, તેમ જ દિવસના પ્રથમ ભાગમાં કફ, મધ્ય ભાગમાં પિત્ત અને અંતભાગમાં વાયુ વધારે હોય છે. રાત્રિના પ્રથમ ભાગમાં કફ, મધ્યરાત્રિએ પિત્ત અને અંતભાગમાં વાયુ વધારે હોય છે. આહાર ખાધા પછી તુરત પ્રથમ ભાગમાં કફ, મધ્ય ભાગમાં જ્યારે આહાર અરધોપરધો પાકે ત્યારે પિત્ત અને અંતભાગમાં જ્યારે આહાર પાકી જાય ત્યારે વાયુ વધારે હોય છે. (આ છેલ્લી હકીકત ઉપરના અર્થ માટે ઉપયોગી છે.) આ પ્રમાણે અર્થ કરવામાં નાના પ્રકારના દોષથી પ્રાણી પરાભવ પામે છે, એવો અર્થ ચોથા પદનો થયો.

(૪) ચોથા પાદનું પાઠાંતર दोषैर्नाल्पोऽतिभूयते આનો અર્થ 'થોડા વ્યાધિવાળો હોય તે બહુ દોષથી હેરાન થાય છે' એમ થાય. આ પાઠાંતર શુદ્ધ હોય તો તે ના. ૩ વાળા અર્થને ટેકો આપે છે. મારે મને ચોક્કસ નિર્ણય ન થવાથી મૂળ સાથે ઉપર એક પણ અર્થ લખ્યો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઇ લેવું, ખાવાની અને પચાવવાની તેનામાં શક્તિ કેટલી છે તે બરાબર જાણી લેવું, એનામાં કસરત કરવાની હરવા ફરવાની શક્તિ અને સગવડ છે કે નહિ તે વિચારી લેવું અને તેની ઉમ્મર કેટલી છે તે બરાબર કળી લેવું. ( એક વ્યાધિનું નિદાન કરતી વખત આ પ્રમાણે નવ બાબત વૈદ્યે લક્ષ્યમાં રાખવી જોઇએ: (૧) પ્રકૃતિ, (૨) બળ, (૩) બાંધો, (૪) પ્રમાણ, (૫) પથ્ય, (૬) ધીરજ-સત્વ, (૭) આહારશક્તિ, (૮) કસરતની સગવડ અને (૯) વય-ઉમર. )

" ઉપરાંત હુંશિયાર વૈદ્યે દોષોનાં સંચય,[1] પ્રકોપ,[2] પ્રસર,[3] સ્થાન[4] અને વ્યક્તિભેદો[5] જરૂર જાણવાં જોઇએ.

" જો વ્યાધિ અથવા દોષોને પ્રથમની સંચય સ્થિતિમાં એટલે કે જ્યારે તે એકઠા થતા હોય તે અવસ્થામાં રોકી દીધા હોય તો તે આગળ વધી શકતા નથી એટલે તેનો પ્રકોપ થતો નથી, પણ જો તેને આગળ વધવા દેવામાં આવે તો તે વધારે બળવાન્ થાય છે.

" અને ભાઇ કપોળ ! તેં તો આ દરદી ( કુમાર હરિ )ના સંબંધમાં કાંઇ પણ વિચારપૂર્વક ન જોયું ! માત્ર તેનું મુખ ઉઘાડું હોવાથી કુમારના [6]શરીરમાં વિકાર છે એમ કહી ગયો અને ઉઘાડે મુખે ભડભડ

---

૧ **સંચયઃ** અમુક દરદીને કયા રોગ થયેલ છે, કયા કયા એકઠા થયેલ છે અથવા વાત પિત્ત અને કફમાંથી કોનો અને કેટલો સંચય થયેલ છે અને કયા કેટલા પ્રમાણમાં એકઠા થયા છે તે વિચારવું તે સંચય.

૨ **પ્રકોપઃ**—વાત પિત્ત કફમાંથી કોણ વૃદ્ધિ પામી આગળ ચાલેલ છે. ત્રણે સમ-સરખા હોય ત્યારે શરીર તંદુરસ્ત હોય છે, એક અથવા બે વધે ત્યારે વ્યાધિ થાય છે, ત્રણે વધી પડે તેને સન્નિપાત કહે છે.

૩ **પ્રસરઃ** કયો વ્યાધિ વેગમાં છે અને વાત પિત્ત અને કફમાંથી કોનો વધારે વેગ છે અને કેટલો વેગ છે તે વિચારવું. એક વિદ્વાન વૈદ્ય કહે છે કે અહીં પ્રસરને બદલે પ્રશમ શબ્દ જોઇએ. વાત પિત્ત કફની શાંતિ કેવી રીતે કરવી. આ વાતને આગળ चय प्रकोप प्रशमा શબ્દ આવે છે તેથી ટેકો મળે છે.

૪ **સ્થાનઃ** વાતપિત્તકફનાં શરીરમાં સ્થાનો છે તે વૈદ્યે સમજવાં જોઇએ. તેને માટે જુઓ ઉપરની નોટના વિભાગ નાં. (૩) માં નીચેનો ભાગ.

૫ **વ્યક્તિભેદોઃ** આ વ્યાધિ છે કે બીજો છે ? વિગેરે વિવેક કરવો તે વ્યક્તિભેદો છે. તેમાં દરેકને માટે જૂદું જૂદું વિચારવું પડે છે.

૬ માત્ર બાહ્ય વિકાર ઉપરથી દવા કરવી તેને symptomatic treatment કહે છે. એવા પ્રકારની દવાથી મોટા વ્યાધિમાં ભાગ્યે જ લાભ થાય છે. નિદાન કરવામાં વિકાર ઉપરાંત ઘણાં કારણો વિચારવા જોઇએ, દરદીનો આખો ઇતિહાસ અને પૂર્વ જીવન સમજવાં જોઇએ અને વય શરીર વિગેરે ઉપર કહ્યાં તે સર્વે સંબંધો લક્ષ્યમાં લેવાં જોઇએ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી શરીર સંબંધી વિકારોનો નિર્દેશ કરી ગયો ! ( અથવા મોઢું પહોળું કરી માત્ર વિકારોનું કથન કરી ગયો. ) ”

કપોળે જવાબ આપતાં કહ્યું “ ભાઇ વિભ્રમ ! મેં કુમારની પ્રકૃતિ વિગેરે સર્વ બાબત મારા ધ્યાનમાં લઇ લીધી છે અને વ્યાધિને લગતી સંચય વિગેરે સર્વ બાબત મારા ધ્યાનમાં જ છે. જો સાંભળ:—

“ ગ્રીષ્મ ઋતુમાં ( ઉન્હાળામાં ) દિવસ, રાત્રી અને ઉમરને અંતે તથા અજીર્ણ થયું હોય તેને અંતે એટલે છેવટના ભાગમાં વાયુનું જોર હોય છે એટલે ચૈત્ર વૈશાખ માસની શરૂઆતમાં, દિવસની આખરે એટલે સાંજે અને રાત્રીની આખરે એટલે મળસ્કે અને અજીર્ણ મટી જવા આવે ત્યારે શરીરમાં વાયુનું જોર હોય છે; ગ્રીષ્મઋતુની શરૂઆતમાં દિવસની અને રાત્રીની શરૂઆતમાં તથા ઉમરની શરૂઆતમાં એટલે બાળપણમાં અને અજીર્ણની શરૂઆતમાં કફનું જોર હોય છે અને એ સર્વની મધ્યમાં એટલે ગ્રીષ્મઋતુના વચલા ભાગમાં તથા દિવસરાત્રી વય ( જુવાની ) અને અજીર્ણની વચ્ચે પિત્તનું જોર હોય છે, તેમજ શરદ્‌ઋતુમાં પણ પિત્તનું જોર વધારે હોય છે.

“ ગ્રીષ્મઋતુમાં વાયુનો સંચય થાય છે, વર્ષાઋતુમાં તેનો પ્રકોપ થાય છે અને શરદ્‌ઋતુમાં તેનો પ્રશમ ( શાંતિ ) થાય છે. વર્ષાઋતુમાં પિત્તનો સંચય થાય છે, શરદ્‌ઋતુમાં તેનો પ્રકોપ થાય છે અને હેમંતઋતુમાં તેનો પ્રશમ થાય છે. શિશિરઋતુમાં કફનો સંચય થાય છે, વસંતઋતુમાં તેનો પ્રકોપ થાય છે અને ગ્રીષ્મઋતુમાં તેનો પ્રશમ થાય છે.[1]

“ હેમંત અને શિશિરઋતુઓ લગભગ સરખી છે પણ શિશિરઋતુમાં ( વાત પિત્ત કફને ) અલ્પનું વિશેષણ આપવું. પરિણામે

---

૧ મહા ફાગણ માસમાં **વસંત**ઋતુ હોય છે, ચૈત્ર વૈશાખમાં **ગ્રીષ્મ**ઋતુ, જેઠ આષાઢમાં **વર્ષા**ઋતુ હોય છે, શ્રાવણ ભાદ્રપદ અને થોડા આસો સુધી **શરદ્**ઋતુ હોય છે, આસો કાર્તક અને થોડા માગશરમાં **હેમંત** અને ઉત્તરાયણથી **શિશિર**ઋતુ હોય છે. આ ચયપ્રકોપ બતાવનારો શ્લોક ઘણો અટપટો છે તેનો વૈદ્યે અર્થ બતાવ્યો છે તે પ્રમાણે કર્યો છે. શ્લોક નીચે પ્રમાણે છે.

ग्रीष्माद्येषु समीरस्य, पित्तस्य प्रावृडादिषु; चयप्रकोपप्रशमाः कफस्य शिशिरादिषु.

ગ્રીષ્માદ્યેષુ એટલે ગ્રીષ્મથી શરૂ કરતાં એવો અર્થ થાય છે. આ અર્થ બરાબર છે અને વૈદકશાસ્ત્ર પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિશિરઋતુમાં ઠંડી જરા વધારે હોય છે. મેઘ મારૂત અને વર્ષાકાળની ઠંડી લુખી અને આદાન કરનારી હોય છે.[1]

"આ સર્વ બાબત મારા મનમાં તો બરાબર સમજાઇ ગઇ છે, પણ એ સંબંધમાં વધારે વિચારણા કરવાથી લાભ શો? મારા વિચાર પ્રમાણે તો કુમારને બરાબર અજીર્ણનો વિકાર થયો છે."

અહાહા! આ કપોળ આયુર્વેદમાં પોતે ઘણો હુશિયાર છે એમ માને છે છતાં એનામાં કેટલી બેવકુફી છે! એવો વિચાર કરતાં કુમાર જરા હસ્યો. એનું હસવું જોઇને બધા મિત્રોએ એક સાથે પૂછયું "અરે મિત્ર! આપ શા માટે હસ્યા?"

કુમારે જવાબ આપ્યો "હું કપોળની મૂર્ખતા પર વિચાર કરતો હતો. મેં તે વિચારથી મારૂં હસવું ઘણું ડબાવ્યું પણ આખરે મારાથી હસવું રોકી શકાયું નહિ."

પદ્મકેસરે અત્ર વખતસરનું ટચકું માર્યું "કુમાર! બહુ કૃપા કરી! અમારે જે કામ સાધવું હતું તે બરાબર સિદ્ધ થઇ ગયું. કુમારશ્રીના મનમાં જે અંદરનો તાવ આવ્યો હતો તેની શાંતિ માટે અને કાંઇક વિનોદ થાય તે સારૂ અમે સર્વેએ સાથે મળીને આ ઠઠા મશ્કરીરૂપે ભાષણ શરૂ કર્યું હતું, અમે કાંઇ ગંભીર નહોતા. કહ્યું છે કે—

**चित्तोद्वेगनिरासार्थं, सुहृदां प्रोषवृद्धये ।**
**तज्ज्ञाः प्रहसनं दिव्यं, कुर्वन्त्येव विचक्षणाः ॥**

મિત્રના ચિત્તમાં થતો ઉદ્વેગ દૂર કરવા માટે અને તેની શાંતિમાં વધારો કરવા માટે સમજુ અને ડાહ્યા માણસો ઊંચા પ્રકારનો હાસ્ય-

---

૧ ( આયુર્વેદમાં છ માસને આદાનકાળ કહેવામાં આવે છે અને છ માસને વિસર્ગકાળ કહેવામાં આવે છે. ઉત્તરાયણનો કાળ વિસર્ગકાળ કહેવાય છે એટલે શિશિર વસંત અને ગ્રીષ્મમાં પૃથ્વી અને મનુષ્યનો રસ શોષાય છે, શરીર પાતળું પડે છે અને કાંઇક નબળાઇ આવે છે અને નબળાઇના વ્યાધિગ્રસ્ત દરદીઓ એ વખતે વધારે ત્રાસ પામે છે. દક્ષિણાયણમાં એટલે વર્ષા શરદ્ અને હેમંત ઋતુમાં જે સમય વર્તે છે તેને 'આદાનકાળ' કહેવામાં આવે છે, એટલે એમાં પૃથ્વી તેમ જ મનુષ્યો બળસંગ્રહ કરે છે. ઉપરના શ્લોકમાં એ હકીકત બતાવી છે કે હેમંત અને શિશિર ઋતુ સરખી છે, પણ શિશિરમાં ઠંડી વધારે હોય છે જ્યારે મેઘ મારૂત અને વર્ષાકાળની ઠંડી લુખી હોય છે અને આદાન કરનારી હોય છે, બળ આપનારી હોય છે—લુખી-ઠંડીથી જઠરાગ્નિને બહુ જોર મળે છે અને શરીરમાં તાકાત વધે છે. હેમંત આદાનકાળમાં આવે છે જ્યારે શિશિર વિસર્ગકાળમાં આવે છે. બન્નેમાં ઠંડી હોય છે પણ હેમંતની ઠંડીથી શરીરને ઘણો લાભ થાય છે જ્યારે શિશિર કાળની ઠંડીથી તેવો લાભ થતો નથી. વળી શિશિર કાળમાં વાત પિત્ત કફ અલ્પ હોય છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિનોદ કરે છે. બાકી તમને જે વિકાર થયો છે તેને મૂળમાંથી ઉખેડીને ફેંકી નાખવાનો ઉપાય કાંઇ હોય તો તે પેલી પરિવ્રાજિકા (સંન્યાસી સ્ત્રી) જ જાણે છે અને તે ઉપાયને મેળવી શકે તેવી પણ તે જ છે. બીજો કોઇ તે બાબતમાં તમને સહાય કરી શકે તેવું અમને તો લાગતું નથી. માટે કુમારે મહેરબાની કરીને તેને જલ્દી બોલાવી લેવી એ વધારે ઠીક છે અને એ સંબંધમાં હવે વધારે વખત જવા દેવામાં કોઇ પણ પ્રકારનો લાભ નથી."

કુમારે કહ્યું "ભાઇ! તું જે જાણે છે તે તારી મરજી હોય તો ભલે કર."

પદ્મકેસરે કહ્યું કે "મિત્ર! ત્યારે એ તાપસીને બોલાવવા કોને મોકલું?"

કુમારને બીજા મિત્રો ઉપર વિશ્વાસ નહોતો તેથી તેણે ધનશેખરનું (મારૂં) નામ એ તાપસીને બોલાવી લાવવા માટે સૂચવ્યું.

હું (ધનશેખર) ત્યાં હાજર જ હતો. મેં તુરત જ કુમારની સૂચના ઉપાડી લીધી અને મુખેથી બોલ્યો કે-'ઘણી કૃપા થઇ.' એમ કહીને તુરત જ તાપસીને બોલાવી લાવવા માટે હું ચાલતો થયો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૫ મું.

## નિમિત્તશાસ્ત્ર-હરિમંજરી સંબંધ.

લતામંડપમાં હરિકુમારને છોડી તેની ઇચ્છાનુસાર તાપસીને શોધી લાવવા બહાર પડેલો ધનશેખર (આપણો કથાનાયક) પોતાની વાર્તા આગળ ચલાવતાં અગૃહિતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ કહે છે:—

હું તે વખતે લતામંડપથી બહાર નીકળ્યો અને નગર તરફ ચાલ્યો. મને રસ્તામાં જ પેલી તાપસણી મળી એટલે મેં તેને પ્રણામ કર્યા અને પછી સવાલ કર્યો "ભગવતિ! આ ચિત્રપટ (છબી) સંબંધી શી હકીકત છે? એમાં આળેખેલી કન્યા કોણ છે? અને તમે કેમ એકદમ ઉતાવળે ચાલી નીકળ્યાં?"



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

## તાપસીનો ખુલાસો.
## મયૂરમંજરી દશાનિવેદન.
## કામદેવની ઉન્મત્તતા.

તાપસીએ મારા સવાલો સાંભળીને જવાબ આપ્યો, "સાંભળઃ આજે સવારના પહોરમાં પ્હો ફાટતાં જ હું ભિક્ષા લેવા નીકળી પડી. તું જાણે છે કે આ રત્નદ્વીપના મહારાજા નીલકંઠની શિખરિણી નામની મહારાણી છે. હું ભિક્ષા લેવા માટે તેના જ રાજભવનમાં સવારે દાખલ થઇ અને ત્યાં જઇને જોઉં છું તો રાણી મોટી ચિંતાથી ઘેરાઇ પડેલી દેખાઇ, એની ચિંતાથી તેનો આખો પરિવાર પણ ઉદ્વેગ પામી શોકમાં પડી ગયેલો દેખાયો, કુમારિકાઓનો આખો વર્ગ દીલગીર દેખાયો, કંચુકીઓ ( જનાનખાનાના નોકરો ) મુંઝવણમાં પડી ગયેલા દેખાયા અને વૃદ્ધ સ્ત્રીઓ આશીર્વાદ દેવામાં તત્પર થઇ ગઇ હોય[1] એવું મારા જોવામાં આવ્યું. આવો બનાવ જોઇને મારા મનમાં વિચાર થઇ પડ્યો કે અરે! આવું ચિંતા અથવા શોકનું શું કારણ થઇ પડ્યું હશે! હું હજુ એ વિચાર કરતી હતી ત્યાં તો શિખરિણી રાણી પોતે મારી તરફ ચાલી આવ્યા. મેં તેને આશીર્વાદ આપ્યો અને તેણે મને પ્રણામ કર્યા. મને એક સુંદર આસન આપવામાં આવ્યું જેના ઉપર હું બેઠી. પછી મહારાણી પોતે મને કહેવા લાગી, 'ભગવતિ! દેવિ! આપ સારી રીતે જાણો છો કે મારી દીકરી મયૂરમંજરી મને પ્રાણથી પણ વધારે વહાલી છે, એના આનંદમાં મારી શાંતિ છે, એની રમતમાં મારો વૈભવ છે, એના સુખમાં મારૂં જીવન છે. કોણ જાણે શા કારણથી એ આજ સવારે ઉઠી ત્યાર પછી મેં તેને જોઇ ત્યારે તે ચિંતાથી લેવાઇ ગઇ છે, તેના મનમાં કોઇ પ્રકારની વ્યગ્રતાથી તે મુંઝાઇ ગઇ છે, તેને ઘણી મુંઝવણ થતી હોય તેમ તે બતાવે છે, કોઇ મોટા વિકારનાં જાળાઓમાં તે પકડાઇ ગઇ હોય તેમ જણાય છે, જાણે તદ્દન શૂન્યાકાર થઇ ગઇ હોય તેવી દેખાય છે, તેને અતિ આકરો તાવ આવ્યો હોય તેમ તેના મુખ ઉપરથી જણાય છે, રાજકન્યાએ કરવાયોગ્ય સર્વે કામો તેણે છોડી દીધાં છે, અરે! વાત એટલે સુધી વધી પડી છે કે દરરોજના નિયમ પ્રમાણે તે દેવગુરૂને નમસ્કાર પણ કરતી નથી, રાત્રે પહેરેલાં કપડાં પણ બદલતી નથી, શરીરપર ઘરેણાં દરરોજ સવારે

(રાજમંદીરે તાપસી.)

(મંજરીની દશા.)

---

1 આપત્તિ પ્રસંગે વૃદ્ધો વારંવાર શાંતિના આશીર્વાદ આપ્યા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેરે છે તેને આજે હાથ પણ અડાડતી નથી, હમેશની પેઠે શરીરે વિલેપન પણ લગાડતી નથી, મુખમાં નિત્યના ધોરણ પ્રમાણે પાન પણ નાખતી નથી અને પોતે તૈયાર કરેલા નાના બગિચા ઉપર દરરોજ સવારે દેખરેખ રાખવાનો અને સમારવાનો તેનો નિયમ પણ આજ વિસરી ગઇ છે; આટલું જ નહિ પણ પોતાની સખીઓ આવે તેને સાધારણ સન્માન પણ આપતી નથી, પોતાના પાળેલાં મેનાપોપટની સંભાળ પણ લેતી નથી, રમવાનો દડો હાથમાં લઇને ઉછાળીને દરરોજ આનંદ કરે છે તે પણ આજે કરતી નથી, વિદ્યાધરનાં યુગલો ચિતર્યાં કરે છે, સારસપક્ષીનાં જોડલાંને જોયાં કરે છે અને વારંવાર માત્ર બારણા તરફ દોડે છે અને અસ્ફુટ ( ન સમજાય તેવા ) અક્ષરો બોલી પોતાના આત્માની નિંદા કરે છે, સખીઓ ઉપર વિનાકારણ ક્રોધ કરે છે અને તેને કાંઇ પૂછીએ તો જાણે કાંઇ સાંભળ્યું જ ન હોય તેમ કાંઇ જવાબ આપતી નથી. હું તમને એની સ્થિતિની શી વાત કરૂં? જાણે એ તદ્દન ગાંડી થઇ ગઇ હોય, જાણે એ તદ્દન શૂન્યાકાર થઇ ગઇ હોય ( તદ્દન ખાલી પડી ગઇ હોય ), જાણે તેનામાં ભૂત આવ્યું હોય, તેમ અત્યારે જાણે એ મયૂરમંજરી જ નથી, કોઇ બીજી જ છોકરી હોય નહિ એવી થઇ ગઇ છે ! ! આટલો બધો ફેરફાર તેનામાં આજ સવારથી થઇ ગયો છે. તેની આવી અવસ્થા જોઇને મને તો કાંઇ કાંઇ વિચાર થાય છે કે મંજરીને શું થયું હશે? ભગવતિ ! દેવી બંધુલા ! તમે [1]નિમિત્તશાસ્ત્રમાં ઘણા કુશલ છો તો એ કોનું ચિંતવન કરી રહી છે? તે મને જોઇ કહો. વળી સાથે એ પણ જુઓ કે એના મનમાં જે વસ્તુની ચિંતવના આ વખત થાય છે તે એને મળશે કે નહિ? અને મળશે તો કેટલા વખતમાં મળશે ? એ સર્વ હકીકત મને કહો.'

## નિમિત્તશાસ્ત્ર. ( શુકનશાસ્ત્ર. )

"[2]મેં તેને જવાબ આપ્યો કે 'હું બરાબર જોઇને કહું છું.' પછી ભાઇ ધનશેખર ! મેં લગ્ન કાઢવા માંડ્યું. મંગળ માટે મેં પ્રથમ સિદ્ધિ-પદ મૂક્યું, ત્યાર પછી તેની સાથે વિશેષ મંગળ માટે દેવી સરસ્વતીનું

---

૧ **નિમિત્તશાસ્ત્ર**-નિશાનીઓ જોઇ સર્વ હકીકત અને પરિણામ કહેવાનું શાસ્ત્ર. એને **શુકનશાસ્ત્ર** પણ કહે છે. નિમિત્તશાસ્ત્રના અનેક ગ્રંથો છે જેનાં નામો એ વિષયના જ્ઞાતા પાસેથી જાણી લેવા.

૨ **તાપસી** પોતાની હકીકત **ધનશેખર** સન્મુખ કહે છે આખી વાર્તા **ધન-શેખર સંસારીજીવ** તરીકે **સદાગમ** સમક્ષ કહે છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મુખકમળ આળેખ્યું. ત્યાર પછી આઠે આયોને મૂકી દીધા. તે આયોની સાથે સ્ત્રીના હૃદયની કુટિલતા બતાવનાર આડીઅવળી ત્રણ રેખાઓ દોરી. ગણીગણીને ત્યાર પછી આઠે આયોને બરાબર ગોઠવી દીધી. તેને ગણતાં જે રકમ બાકી રહી તે અનુસારે ત્રણ ત્રણ આંકડાઓ મૂકી દીધા. (આ આંકડાઓ પ્રમાણે ફળાદેશ કરવાનો હોય છે). આવી રીતે સર્વ ગણતરી કરવાનાં સાધનોની યોજના કરીને મેં દેવીને કહ્યું.

"'૧ ધ્વજ, ૨ ધૂમ્ર, ૩ સિંહ, ૪ શ્વાન, ૫ વૃષભ, ૬ ખર, ૭ હસ્તી અને ૮ વાયસ-આ આઠ નામની નિમિત્તશાસ્ત્રમાં [1]આય કહેવામાં આવેલ છે. એ આઠે આયોના આઠ પ્રકારના બળ હોય છે. **૧. કાળ.** (સમય-મુકરર કરવો તે) **૨. વાસર.** (દિવસ) **૩.** [2]**વેળા. ૪.** (અવસર-ક્યારે, કેટલો દૂર વિગેરે), **૪. મુહૂર્ત.** (ચોક્કસ સમય) **૫. દિશા.** (કઇ દિશાએ કયા ખૂણે વિગેરે) **૬. નક્ષત્રબળ. ૭. ગ્રહબળ.** (જેના સંબંધમાં નિમિત્ત જોવાનું હોય તેને નક્ષત્ર અને ગ્રહ કેવી રીતે મળે છે તેનો નિર્ણય.) અને **૮. નિસર્ગબળ** (એટલે કાર્યનું સ્વાભાવિક બળ). આવી રીતે આઠ આયોના બળ છે તે દરેકના આઠ આઠ પ્રકાર હોય છે.

"'અને દેવી શિખરિણિ! અત્રે જે આયો નાખી તેના પરિણામમાં ધ્વજા, ખર અને વાયસ આય આવી છે તેનું ફળ શું થશે તે હું તમને કહી સંભળાવું છે તે તમે લક્ષ્યમાં લો.

"'એવી રીતે ગોઠવ્યા પછી જે આયો આવે તેના સંબંધમાં નિમિત્તશાસ્ત્ર કહે છે કે-એ ત્રણમાંની પ્રથમ આયથી (પાસાથી) ચિંતા કોની થાય છે તેનો જવાબ વિચારાય છે, બીજા આયથી તેનું ફળ સારૂં અથવા ખરાબ બેસશે તે જણાય છે અને ત્રીજા આયથી તે પરિણામ કેટલા વખતમાં આવશે તે બાબતની ખબર પડે છે.

"'પ્રથમ આયમાં જો શ્વાન, ધ્વજ કે વૃષભ આવ્યો હોય તો ચિંતવન કોઇ પણ જીવસંબંધી થાય છે એમ સમજવું, જો પ્રથમ આયમાં સિંહ કે વાયસ આવ્યો હોય તો મૂળની (અસલ વસ્તુની-

---

૧ **આય:** નિમિત્તશાસ્ત્રનો આ પારિભાષિક શબ્દ છે. એનો અર્થ આ વિષય વાંચતાં સ્પષ્ટ થતો જાય છે.

૨ **વેળા**માં ચોઘડીયાં વિગેરેનો સંભવ જણાય છે. નં. ૨ માં દિવસ અને નં. ૩ માં ચોઘડિયું એટલે દિવસનો અમુક ટાઇમ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાખલા તરીકે રાજધાનીનું શહેર-પાયા વિગેરેની ) ચિંતવના ચાલે છે એમ જાણવું અને જો પ્રથમ આયમાં ધૂમ્ર હસ્તી કે ખર આય આવે તો ધાતુનું ચિંતવન થાય છે એમ જાણવું. હવે અહીં પ્રથમ ' ધ્વજા ' આય આવેલી હોવાથી મયૂરમંજરી કોઇ પણ જીવ સંબંધી વિચાર કરી રહી છે એમ જણાય છે. વળી એનો કાળ અને વેળા વિગેરે જોતાં મારા જોવામાં એમ આવે છે કે એ જીવ તે પુરૂષ છે અને તે પણ રાજપુત્ર છે અને તેનું નામ હરિ છે. હવે અહીં આય જોવામાં ધૂમ્ર ઉપર ખર આય[1] આવેલ છે તેથી અવશ્ય લાભ થશે, કારણ કે નિમિત્તશાસ્ત્રમાં એમ કહ્યું છે કે ધ્વજા ઉપર જો ખર આય આવે તો તે સ્થાન કરી આપે છે, ધૂમ્ર ઉપર જો ખર આય આવી હોય તો જરૂર લાભ આપે છે, જો સિંહ ઉપર ખર આય આવી હોય તો નાશ કરે છે. બાકીની કોઇ પણ આય ઉપર ખર આય આવી હોય તો મધ્યમ પ્રકારનું ફળ આપે છે.

" ' હવે એ લાભ કેટલા વખતમાં થશે એમ તમારો પ્રશ્ન હતો તેના સંબંધમાં જણાવવાનું કે એ લાભ મારા જોવા પ્રમાણે આજે જ થવો જોઇએ, કારણ કે ત્રીજામાં વાયસ આય આવી છે. એને માટે નિમિત્તશાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે ધ્વજા અથવા હસ્તી આય જો ત્રીજા પાદમાં આવે તો વરસ દહાડે તેનું ફળ મળે છે, વૃષભ અથવા સિંહ આય આવે તો એક મહિને તેનું ફળ બેસે છે, શ્વાન અથવા ખર આય આવે તો પખવાડિયામાં તેનું ફળ બેસે છે અને જો ધૂમ્ર અથવા વાયસ આય આવે તો એક દિવસમાં ફળ મળે છે.'

### સમાગમની સરળતા.
### શિખરિણીની ચતુરતા.
### તાપસીની કાર્યદક્ષતા.

" ભાઇ ! દેવીએ મારી વાત સાંભળી એટલે એના મનમાં જે ચિંતા થઇ હતી તે દૂર થઇ ગઇ, તેને મારી વાત ઉપર ભરોસો આવ્યો અને પોતાનો જમાઇ તદ્દન નજીકમાં જ છે, તેની સાથે પુત્રીનો સંબંધ થાય તો તે તેને ઘણું પસંદ હોવાથી તે ( દેવી શિખરિણી ) મારે પગે પડી અને બોલવા લાગી કે ' ભગવતિ ! તમે મારા ઉપર મોટી

૧ અહીં ધૂમ્ર ઉપર ખર આય આવી નથી પણ ધ્વજા ઉપર આવી છે અને તે શુકનશાસ્ત્ર પ્રમાણે લાભ આપે છે. ( મૂળ ધૂમ્ર શબ્દ છે અને પ્રતમાં પણ તેમ જ છે તેથી ઉપર પ્રમાણે અર્થ કર્યો છે. મારી સમજણ પ્રમાણે અહીં ધૂમ્ર બદલે ધ્વજા જોઇએ. )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહેરબાની કરી ! તમે જે વાત કરી તે તદ્દન બરાબર છે. મયૂરમંજરીની પ્રિય સખી લીલાવતી નામની છે તે મને હમણા જ કહેતી હતી કે આજે સવારે સૂર્યોદય થયો તે વખતે પોતાના અનેક મિત્રોના ટોળા વચ્ચે લીલાસુંદર ઉદ્યાન તરફ હરિકુમાર જતો હતો તે આપણી મંજરીના જોવામાં આવ્યો હતો. એના તરફ અનિમેષ નજરે મંજરી ઘણો વખત જોઇ રહી હતી પણ ગમે તે કારણે મંજરી કુમારની નજરે પડી નહિ. એ લીલાવતીએ વળી વધારે એ વાત પણ કરી કે મંજરીને એના સંબંધમાં બહુ હોંસ અને અભિલાષા થઇ છે પણ સ્નેહમાં શંકાઓ બહુ આવે છે તે પ્રમાણે જાણે પોતાની ધારણા પાર પડી શકશે કે નહિ એવા વિચારથી મંજરી તે વખતથી આવી અવસ્થાને પામી ગયેલી છે. હવે આપે આપની જ્ઞાનચક્ષુથી જેવું જોયું છે તે પ્રમાણે તે બન્નેનો સમાગમ તમે કરાવી આપો.'

"ભાઇ[1] ! મેં તે વખતે શિખરિણી દેવીને જવાબ આપ્યો કે 'ભલે એમ હોય તો હવે કુમારનો શો અભિપ્રાય છે તે હું બરાબર જોઇ આવું.' દેવીએ મને જવાબ આપ્યો 'તમે સર્વ જાણો છો, અમારે તે આવી બાબતમાં શું બોલવું ?' પછી ભાઇ ! મેં ચિત્રપટ પર મયૂરમંજરીની છબી બરાબર ચિતરી કાઢી. એ છબી સાથે લઇને હું લીલાસુંદર ઉદ્યાનમાં આવી. ત્યાં મેં હરિકુમારને જોયો. તેને મેં છબી આપી અને તેનો ભાવ બરાબર જોઇ લીધો. મને જણાયું કે એને પણ અભિલાષા પૂરેપૂરી છે અને તે પણ મયૂરમંજરી માટે તલપી રહ્યો છે. હવે મારા મનમાં જે ધારણા અને હોંસ હતી તે તો પૂરી થઇ ગઇ એટલે દેવી પાસે જઇ તેને ખબર આપું અને એ સંબંધમાં વધારે કરવા યોગ્ય શું બાકી રહે છે તે તેને પૂછું. આવો વિચાર કરીને હું કુમાર પાસેથી એકદમ તરત જ નીકળીને દેવી પાસે ગઇ અને તેને સર્વ હકીકત જણાવી. વળી સાથે મેં દેવીને જણાવ્યું કે 'હવે હરિકુમાર તો મારી મુઠીમાં આવી ગયો છે એ સંબંધમાં શું કરવું છે તે કહો.' આ હકીકત સાંભળી દેવી શિખરિણી બહુ રાજી થયા અને પોતાની દીકરી મંજરીને કહેવા લાગ્યા 'દીકરી ! આ ભગવતી તાપસીએ જે વાત કરી તે તારા સાંભળવામાં બરાબર આવી ? હવે તને તારા હૃદયવલ્લભ જરૂર મળશે.' મંજરીએ આ વાત સાંભળી પણ તેના મનમાં તે વાતનો ભરોસો ન આવ્યો

---

૧ આ સર્વ વાર્તા **ધનશેખર** પાસે તાપસી **બંધુલા** કહે છે. **ધનશેખર** **સંસારીજીવ** છે તે પોતાની આખી વાત **સદાગમ** સમક્ષ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કાંઇક શરમાઇ જઇને બોલી ઉઠી 'માજી! આવું ઠેકાણા વગરનું બોલી મને શા માટે છેતરો છો?' દેવી શિખરિણીને જણાયું કે હજુ એ વાતનો મંજરીને વિશ્વાસ પડ્યો જણાતો નથી એટલે પછી વધારે વખત કાઢવામાં કાંઇ સાર નથી એમ જાણી તેણે તુરત જ તે હકીકત મહારાજા નીલકંઠને જણાવી. મયૂરમંજરી સાથે હરિકુમારનો સંબંધ થાય એ વાત મહારાજા નીલકંઠને પણ બહુ પસંદ આવી. પછી આ સંબંધ ગોઠવી આપવા માટે-વિવાહ કરવા માટે મને એ રાજારાણીએ હમણા જ મોકલી છે. ભાઇ! ચિત્રપટમાં જે કન્યાની છબી ચિતરી હતી તેની આ પ્રમાણે હકીકત છે, તે આ કન્યા છે અને એ બાબતમાં મારી આ પ્રમાણે હીલચાલ છે. તેં પૂછેલા સર્વ સવાલોનો આ પ્રમાણે લંબાણ જવાબ છે."

### સુંદર ચિત્રપટ-આલેખ દર્શન.
### વિદ્યાધર મિથુન-વિરહી રાજહંસિકા.
### દ્વિપદી કવિતાથી સંદેહનિર્ણય.

ત્યાર પછી મેં (ધનશેખરે) દેવી તાપસીને પૂછ્યું "દેવી! તમે હાથમાં કાંઇ લીધેલ દેખાય છે, તે વળી શું છે?"

મારો સવાલ સાંભળી તાપસીએ જવાબ આપ્યો "ભાઇ! મંજરીએ પોતાને હાથે આળેખેલ એ બે ચિત્રો છે."

મેં વળી એક વધારે સવાલ કર્યો "એ તો ઠીક, પણ એ ચિત્રપટો તમારે સાથે લઇ જવાનું પ્રયોજન શું છે?"

તાપસીએ સ્પષ્ટ જવાબ આપતાં કહ્યું કે "એમ બનવા જોગ છે કે કદાચ કુમારને મારા વચન ઉપર વિશ્વાસ ન આવે, તો તેની શંકા દૂર કરવા માટે મંજરીનો બરાબર ભાવ સૂચવે એવાં આ ચિત્રો છે. કુમારની શંકા દૂર કરવા સારૂ તે હું સાથે લેતી આવી છું. જરૂર પડશે તો તેનો ઉપયોગ થશે."

ચિત્રપટ પ્રયોજન.

હું એકદમ બોલી ઉઠ્યો—"દેવી ભગવતીએ સર્વ ગોઠવણ બહુ સારી કરી છે! તમારી વ્યવસ્થાથી તમે કુમારને જીવતર આપ્યું છે. અત્યારે કુમારની દશા એટલી ખરાબ થઇ ગઇ છે કે તેના પ્રાણ રહેવા મુશ્કેલ છે. ચાલો, ત્યારે આપણે હવે કુમાર પાસે જઇએ અને તેની ચિંતા અને મનની પીડા ઓછી કરીએ.'

જૈન સાઈટ JAINSITE.com જૈન જ્ઞાન ભંડાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્રવર્ણન.

ત્યાર પછી હું અને દેવી તાપસી (બંધુલા) રાજકુમાર હરિ જે બગિચામાં હતો ત્યાં ગયા. તાપસીએ રાજાનો જે હુકમ આ સંબંધમાં થયો હતો તે કુમારને જણાવ્યો. તાપસીએ મને કહી હતી તે સર્વે વાત મેં પણ કુમારને બરાબર જણાવી, પરંતુ કુમારને કોઇ પણ રીતે એ વાત ઉપર ભરોસો બેઠો નહિ. તેને તો એમજ લાગ્યું કે તેની ચિંતા દૂર કરવા સારૂ આ આખો બનાવ મેં કૃત્રિમ રચ્યો છે; પછી તેના મનમાં બરાબર વિશ્વાસ ઉત્પન્ન કરવા સારૂ પોતાની સાથે બેવડાં કપડાંમાં વીંટાળી રાખેલ બે ચિત્રપટો હતા તે તાપસીએ તેને બતાવ્યા. કપડાં છોડીને તે ચિત્રો કુમારે જોવા માંડ્યાં. પ્રથમ છબીમાં કુમારે

૧. વિદ્યાધર મિથુન.

આ પ્રમાણે જોયું: એક સુંદર વિદ્યાધરનું જોડલું (દંપતિ–સ્ત્રીપુરૂષ) છે તે અતિ રમણીય અને બરાબર માપસર છે, ઉજળા રંગો તેમાં પૂરવામાં આવ્યા છે, અંદરના ભાગો બરાબર ઊંચા નીચા ગોઠવીને એવો સુંદર દેખાવ કર્યો છે અને યોગ્ય આભૂષણો એવી ઉચિત રીતે પહેરાવવામાં આવ્યા છે કે ઝીણી ઝીણી રેખાઓ સુદ્ધાં બરાબર સ્પષ્ટ દેખાઇ આવે, એ આખા જોડલાની અવયવ રચના નાના નાના બિંદુઓ[1] મૂકીને એવી તો વિલક્ષણ કરવામાં આવી છે કે એમાં નવીન પ્રેમની ઉત્સુકતા સ્પષ્ટ જણાઇ આવે, એ વિદ્યાધર દંપતિ પ્રેમથી એકબીજા સામી અત્યંત આનંદથી નજર મેળવી રહ્યા છે અને અતિ આકર્ષક પ્રેમનું સામ્રાજ્ય તેમની નજરમાં પણ જણાઇ આવે છે. એ ચિત્રપટની નીચે નીચે લખેલ કવિતા લખવામાં આવી હતી.[2]

प्रियतमरतिविनोदसंभाषणरभसविलासलालिताः ।
सततमहो भवन्ति ननु धन्यतमा जगतीह योषितः ॥
अभिमतवदनकमलरसपायनलालितलोललोचनाः ।
सुचरितफलमनर्घ्यमनुभवति शमियमम्बरचरी यथा ॥

"પોતાના હૃદયવલ્લભ પ્રિયતમ સાથે પ્રેમસુખ, વિનોદ, ભાષણ, પ્રેમોત્સાહ અને વિલાસથી લાલિત થયેલી લલનાઓ આ દુનિયામાં ખરે-

૧ જ્યારે હાથીદાંત પર ચિત્રકામ કરવું હોય છે ત્યારે બિંદુઓ (dots) મૂકીને કામ થાય છે એ કામ ઘણું મુશ્કેલ છે, પણ હુશિયાર ચિતારાઓ એવું કામ અત્યારે પણ કરે છે.

૨ આને 'દ્વિપદી ખંડ' કહે છે. એના પ્રત્યેક પાદમાં ૨૮ માત્રા હોય છે. એને પ્રાકૃત જાતનો છંદ કહ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખર વિશેષ ભાગ્યશાળી હોય છે અને આ વિદ્યાધરીની પેઠે એવી સ્ત્રીઓ મનપસંદ વદનકમળના રસનું પાન કરાવી પોતાની આંખોને તૃપ્તિ આપતી હોઇ પૂર્વે પુણ્યના ફળરૂપ અમૂલ્ય સુખ અનુભવે છે."[1] આવી રીતે પ્રથમ ચિત્રપટની હકીકત કુમારે જોઇ લીધી.

૨. વિયોગી રાજહંસી.

ત્યાર પછી બીજી છબી હાથમાં લીધી. તેમાં એક રાજહંસીને ચિતરવામાં આવી હતી: મોટો દાવાનળ જંગલમાં ઉત્પન્ન થયો હોય તે વખતે જંગલની લતા જેવી દગ્ધ થઇ ગયેલી લાગે, અત્યંત હિમ પડવાથી કમળની ડાંડલી જેવી શ્યામ લાગે, પ્રભાતમાં સૂર્યનો ઉદય થતાં ચંદ્રની લેખાની કાંતિ જેવી ચોરાઇ ગયેલી દેખાય, ભાંગેલી તૂટેલી અને ચીમળાઇ ગયેલી આંબાની માંજર જેવી લાગે, સર્વ નાશ પામી ગયેલ કૃપણ સ્ત્રી જેવી લાગે, તે પ્રમાણે સર્વ પ્રકારની કાંતિ અને તેજ વગરની, અત્યંત શોકના દબાણથી સર્વ અવયવે દુર્બળ થઇ ગયેલી અને ગળે પ્રાણ આવી રહેલી તે રાજહંસી જોવામાં આવી. એ બીજા ચિત્રની નીચે પણ નીચે પ્રમાણેની એક દ્વિપદી ખંડ રૂપે કવિતા લખવામાં આવી હતી:

**इयमिह निजकहृदयवल्लभतरंदृष्टवियुक्तहंसिका ।**
**तदनुस्मरणखेदविधुरा बत शुष्यति राजहंसिका ॥**
**रचितमनन्तमपरभवकोटिषु दुःसहतरफलं यथा ।**
**पापमसौ नितान्तमसुखानुगता भवतीदृशी जनः ॥**

"આ રાજહંસી પોતાના હૃદયમાં રહેલા વહાલાને નજરે જોયા પછી તેથી વિયોગ પામેલી હંસી જેમ તેને વારંવાર યાદ કરી કરીને વધારે વધારે ખેદ પામે તેની જેમ સુકાઇ જાય છે. જેણે બીજા કરોડો ભવોમાં જેનું ફળ ન સહન કરી શકાય તેવું અનંત પાપ કર્યું હોય છે તેને હે મનુષ્યો ! આવી અસુખ ( દુ:ખ )ની દશા જરૂર પ્રાપ્ત થાય છે."[3]

---

૧ અહીં **અન્યોક્તિ** અલંકાર છે. ભાગ્યશાળી સ્ત્રીઓ પતિ સાથે સંભાષણ વિગેરે કરીને ખરૂં સુખ અનુભવે છે. વિદ્યાધરના જોડલાં પેઠે સુખ અનુભવવા હરિકુમારને અત્ર આમંત્રણ છે. વિદ્યાધર મિથુનને અંગે જે વાત બતાવી છે તે ભવિષ્યમાં પોતે અને કુમાર ( **મંજરી** અને **હરિ** ) અનુભવે એવી હૃદયભાવના બતાવી છે.

૨ वल्लभतरदृष्टને બદલે वल्लभ रतदृष्ट પાઠ પ્રતમાં છે. આ દ્વિપદીખંડમાં અનુક્રમે ૨૩,૨૧,૨૭,૨૦ માત્રા છે. એ પ્રાકૃત છંદ જણાય છે.

૩ આ પણ અન્યોક્તિ છે. રાજહંસીની વિરહદશા બતાવી. પોતાની એવી દશા વર્ણવે છે.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ભાવગ્રાહી હરિકુમાર.

આ બન્ને ચિત્રો જોયાં પછી અને તેની નીચે લખેલી કવિતાઓ વાંચ્યા પછી હરિકુમારના મનમાં વાત બેઠી કે અહો! આ રાજકુમારીની કુશળતા ભારે જણાય છે! એ વળી રસીક ઘણી હોય તેમ પણ જણાય છે! એનામાં સારરહસ્ય ગ્રહણ કરવાની શક્તિ પણ ઘણી સારી હોય એમ એના ચાતુર્ય પરથી લાગે છે! સાથે વળી પોતાનો સાચો ભાવ અંતઃકરણથી અર્પણ કરવાની શુદ્ધ બુદ્ધિ તેની સ્પષ્ટ જણાઇ આવે છે! અને ખરેખરો તેનો મારામાં દૃઢ પ્રેમ હોય એમ પણ ચોખ્ખું જણાઇ આવે છે. આ પ્રમાણે ધારવાનું કારણ એ છે કે એણે પ્રથમ છબીમાં વિદ્યાધર દંપતીને ચીતરીને પોતાના અંતઃકરણમાં ઊંડામાં ઊંડી શી અભિલાષા છે તે બતાવી આપી છે ( એની લગ્નભાવના કેવી છે એ પ્રથમ ચિત્રથી જણાય છે ) અને બીજા ચિત્રમાં વિરહી રાજહંસીને ચિતરીને પોતાની અભિલાષાવાળી વસ્તુ ન મળવાથી પોતાનામાં કેટલી દીનતા આવી ગઇ છે તે બતાવી આપ્યું છે. ચિત્રપટમાં એણે એવો સુંદર ભાવ ઉપજાવ્યો છે કે એટલાથી જ આ હકીકત સ્પષ્ટ થઇ જાય છે અને વળી એ બન્ને ચિત્રોની નીચે કવિતા ( દ્વિપદીખંડ ) મૂકીને તેણે તે જ ભાવાર્થને પૂરેપૂરો સ્પષ્ટ કર્યો છે.

કુમારે ત્યાર પછી પોતાની પાસે રહેલા મન્મથ વિગેરે મિત્રોને છબી બતાવી. મિત્રો તો તેના મનની વાત જાણતા હતા. તેઓ એકદમ બોલી ઉઠ્યા, "અરે! કુમાર! મિત્ર! ઉઠ ઉઠ! અને જઇને એ બાપડી રાજહંસીને જરા ધીરજ આપ, એનામાં શાંતિ પૂર અને એની ધારણા સ્થિર કર. કોઇ મરતું હોય તેની ઉપેક્ષા કરવી એ ઠીક ન કહેવાય."

કુમારે જવાબમાં માત્ર એટલું જ કહ્યું કે "ભલે ચાલો, તેમ કરીએ."

## હરિમંજરી લગ્ન.

ત્યાર પછી સર્વે રાજભવને ગયા. નીલકંઠ રાજાએ ઘણા માનપૂર્વક પોતાની વહાલી મયૂરમંજરી પુત્રી હરિકુમારને આપી. હરિકુમાર અને મયૂરમંજરીનો લગ્નમહોત્સવ ત્યાર પછી શુભ દિવસે થયો. બહુ આડંબરથી લગ્ન કરવામાં આવ્યા.

**[1]मधुमत्तविघूर्णितभूरिजनो, बहुलोकयथेप्सितदत्तधनः।**
**घुसदामपिविस्मयतोषकरो, जननर्तनखादनपानपरः॥**

---

૧ ત્રોટક છંદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“ અનેક માણસો ( તે અવસરે ) સુંદર રસપાનથી મસ્ત થઇ તેમાં લદબદ થઇ ગયા; અનેક લોકોને તેમની ઇચ્છા પ્રમાણે દાનમાં ધન આપવામાં આવ્યું; એ લગ્ન એવાં સુંદર થયાં કે દેવતાઓને પણ તેથી અત્યંત વિસ્મય અને આનંદ થયો; લોકો તે વખતે નાચવામાં ને ખાવાપીવામાં બહુ આનંદથી આસક્ત થઇ ગયા. ”

ત્યાર પછી ( તે અવસરે ) દેવગુરૂની મોટા આડંબરથી પૂજાઓ રચવામાં આવી, સામન્ત લશ્કરીઓને બહુ માન આપવામાં આવ્યું, પ્રેમીવર્ગને હોંસેથી પહેરામણીઓ કરવામાં આવી, રાજલોકોને પ્રસન્ન કરવામાં આવ્યા, પ્રધાનવર્ગને સંતોષ આપવામાં આવ્યો અને એવી રીતે સર્વ ઉચિત ક્રિયા કરવામાં આવી. એવી રીતે વિવાહનો આનંદ સર્વત્ર પ્રસરી રહ્યો.

# પ્રકરણ ૬ ઠું.

जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## મૈથુન યૌવન મૈત્રી.

નીલકંઠ રાજાને મયૂરમંજરી પોતાના હૃદયથી પણ વધારે વહાલી હતી. એ સર્વાંગસુંદર પ્રેમી નિપુણ મયૂરમંજરીને પોતાની પત્ની તરીકે પ્રાપ્ત કરીને પોતાના મિત્રોથી પરવરેલો હરિકુમાર અનેક પ્રકારના યોગ્ય આનંદ કરવા લાગ્યો અને તે વખતે રત્નદ્વીપમાં તેની ઘણી વિખ્યાતિ થઇ. રાજા નીલકંઠને પુત્ર નહોતો તેથી તેના ભાયાતો અને તેનો આખો પરિવાર હરિકુમાર ઉપર ફીદા થઇ ગયો અને હરિકુમારમાં અનેક પ્રકારના ગુણો તેમને આનંદ આપતા હોવાથી તેઓ સર્વે તેના તરફ વધારે વધારે ખેંચાતા ગયા અને આખરે વાત એટલે સુધી બની આવી કે આખું અંતઃપુર, લોકો અને રાજ્યમંડળ હરિકુમારના નામપર ફીદા થવા માંડ્યું, હરિના નામથી સંતોષ પામવા લાગ્યું અને હરિ ઉપર વારી જવા લાગ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હરિકુમારનો પ્રેમ.
## પુણ્યોદયથી આનંદ.
## મિત્રોનો સંબંધ.

અને અગૃહીતસંકેતા ![1] મારા ઉપર તો તે હરિકુમાર એટલો બધો સ્નેહ રાખતો હતો કે મારાથી એક ક્ષણ વાર પણ તેનાથી દૂર રહેવાનું થાય તે તેને ગમતું નહોતું અને મારો વિયોગ લગાર માત્ર પણ તે ઇચ્છતો નહોતો. મારી સાથે પુણ્યોદય નામનો ભાગ્યશાળી અને સદ્‌ભાવપૂર્વક સાચો સ્નેહ રાખનાર મિત્ર હતો તેણે મારો તેની સાથે સંબંધ બરાબર જમાવી દીધો હતો અને તેને લઇને તેનો સદ્‌ભાવ મને મળતો હતો અને સ્નેહ પણ મળતો હતો; તેની સાથે રહેતાં ઉપમા ન આપી શકાય તેવું વિષયસુખ ભોગવવા મળતું હતું, દેવતાઓને પણ મળવા મુશ્કેલ એવા વિલાસનાં સાધનો પ્રાપ્ત થતાં હતાં, ઉત્તમોત્તમ પુરૂષો પણ જેની ઇચ્છા કરે એવી સારી સોબત મને મળતી હતી, મારા જ્ઞાન અને સમજણની શક્તિમાં પણ ઘણો વધારો થતો હતો, લોકમાં મારા યશના ડંકા બહુ જોરથી વાગતા હતા અને મારા ગૌરવમાં ખરેખરો વધારો થતો હતો.

## સાગરમિત્રની અસર.

આવી સર્વ પ્રકારની મને અનુકૂળતાઓ[2] અને સગવડો હોવા છતાં મારા સાગરમિત્રની પ્રેરણાથી મારા મનમાં અનેક નવા નવા સંકલ્પ-વિકલ્પો થયા કરતા હતા. મને વિચાર આવતો હતો કે અહો ! આ હરિકુમાર સાથે મારે દોસ્તી થઇ છે તે તો પૈસા પેદા કરવાની બાબતમાં ઘણી અડચણ કરનારી છે, મારા ગ્રહ બરાબર સારા જણાતા નથી, આ તો હાથે કરીને નકામો અનર્થ ઊભો કર્યો છે, આ હરિકુમારે તો મને વગર પૈસાનો નોકર કરી લીધો છે, હું અહીં રત્ન એકઠાં કરવા આવ્યો છું અને મારે જેટલાં તે એકઠાં કરવાની ઇચ્છા હતી તેટલાં

---

૧ **સંસારીજીવ ( ધનશેખર )** પોતાની વાર્તા **અગૃહીતસંકેતા** આગળ કહેતા બોલે છે.

૨ અનુકૂળતા પુણ્યોદયની કૃપાથી હતી પણ મનમાં ધનની આશા વધારે હતી. આવું લોકમાં થયાં જ કરે છે; પણ પુણ્યોદય દેખાતો નથી એટલે એ લાભ સર્વ પોતાની શક્તિનો છે એમ ધારવાની ગંભીર ભૂલ પ્રાણી કરે છે અને પછી જાણે અહીંથી કદિ જવું જ નથી એવી મોટા પાયાપર બાજી માંડે છે. **સાગરની પ્રેરણાઓ** ખાસ વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં આવ્યા છતાં હજુ પણ મેં પ્રાપ્ત કર્યાં નથી. આ તો લોકોમાં વાત કરે છે એવું મારે પણ થયું કે **रासभः किल संप्राप्तः, स्वर्गे सर्व सुखाकरे। यावत्तत्राऽपि संप्राप्तो, रजको दामहस्तकः॥** 'સર્વ સુખ આપનાર સ્વર્ગ ગધેડાને મળ્યું તો ખરૂં, પરંતુ ત્યાં એ હાથમાં દોરડા (દામણા) સાથે એક ધોબી તેને મળી ગયો,[1] હું તો અહીં કોઇ પણ પ્રકારની અડચણ વગર રત્નો એકઠાં કરીશ એમ ધારીને આવ્યો હતો તેમાં વળી પેલા ગધેડાની પેઠે મને વિઘ્નરૂપ આ મિત્ર અહીં મળી ગયો. હવે મારાથી એને સર્વથા છોડી શકાય તેમ તો નથી, કારણ કે એ આખરે રાજપુત્ર છે, જબરો છે અને મારા ઉપર કોપાયમાન થયો હોય તો મારૂં સર્વસ્વ હરણ કરી મને ભીખારી બનાવી મૂકે તેવો છે. માટે મારે કોઇ કોઇ વખત તેનાથી બહુ દૂર રહેવું, વળી કોઇ વાર તદ્દન તેની પાસે રહેવું, કોઇ વખત તદ્દન સામાન્ય રીતે જ તેની સાથે વર્તન કરવું અને તેવી રીતે વળી કોઇ વખત તેની પાસે જઇને તેના મનનું રંજન કરી આવવું, કારણ કે મારે તો ગમે તેમ કરીને રત્નો એકઠાં કરવાં છે, તે બાબતમાં મારી એકતા અને નિષ્ઠા છે અને મારા સ્વાર્થને વાંધો ન આવે તેવી રીતે મારે હરિકુમાર સાથે વર્તવું યોગ્ય છે.

મિત્રતાઅને સ્વાર્થાંધતા.

## ધનની સાથે ચેડાં.

ઉપર પ્રમાણે જે ધારણા મેં મારા મન સાથે કરી હતી તેને મેં બરાબર અમલમાં મૂકી. આખરે ઘણા પ્રયાસથી મેં રત્નનો એક મોટો ઢગલો એકઠો કર્યો. એ રત્ન ઉપર મને એટલી બધી મૂર્છા લાગી ગઇ, એનામાં હું એટલો બધો આસક્ત થઇ ગયો અને એ ઢગલા ઉપર મને એટલો તો મોહ વધી પડ્યો કે તેની સાથે વિવેકી માણસોને હસવું થાય તેવાં અનેક પ્રકારનાં ચેડાં કરવા લાગ્યોઃ[2] એ રત્નો ઉપર અત્યંત મૂર્છા લાવીને કોઇ કોઇ વાર આંખો ફાડી ફાડીને તેને વારંવાર જોયાં કરૂં, કોઇ વખત તેને હાથથી પંપાળું, કોઇ વખત તેને હાથમાં લઇને ઉછાળું, કોઇ વખત છાતી ઉપર દાબી રાખીને મનમાં રાજી રાજી થઇ જાઉં, કોઇ વાર એને ઊંડો ખાડો ખોદીને તેમાં ખૂબ નીચે દાટું અને પાછો જે સ્થળે દાટ્યા હોય તે યાદ રાખવા માટે ત્યાં અનેક પ્રકારની

---

૧ 'નસીબ બે ડગલાં આગળને આગળ' એ વાત અત્ર થઇ.

૨ ધનના વિચાર, ધનની વાત, ધન સાથે ધમાધમ, ધનસંબંધી ચર્ચા–એ સર્વ સંસારી પ્રાણીને બહુ ગમે છે. એનું સ્વરૂપ સ્પષ્ટ રીતે જાણવા માટે જુઓ અધ્યાત્મકલ્પદ્રુમ–પ્રસ્તાવ પાંચમો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશાનીઓ કરૂં, વળી મને એ જગ્યાએ રત્નો મૂકતાં કોઇએ જરૂર જોયા હશે એવી શંકા લાવીને પાછાં તે રત્નોને જમીનમાંથી કાઢી લઉં, વળી પાછાં તે રત્નોને બીજે સ્થાને જમીનમાં દાટું અને પાછો ત્યાં નિશાની બરાબર રાખું, ફરીવાર નિશાનીઓ તપાસું અને વળી તે સર્વ બાબતને વારંવાર જોયા કરૂં. વાત એટલે સુધી વધી પડી કે મને કોઇનો વિશ્વાસ ન આવે, પવનનો પણ વિશ્વાસ ન આવે અને એવા બેરભરોસાને પરિણામે મને રાત્રે ઉંઘ પણ ન આવે અને દિવસે પણ શરીરે ચેન ન પડે, સાગરમિત્રની અસરતળે ધન ઉપર મને આવો રાગ થયો, ધન ઉપર આવી મૂર્છા થઇ, ધનસંબંધી આવા વિચારો થયા. વળી વચ્ચે વચ્ચે કોઇ વખત જરા સમય મેળવીને હરિકુમાર પાસે જઇ આવું અને તેને રીઝવી આવું; બાકી આખો વખત ઘરે રહીને વધારે વધારે રત્નો એકઠાં કરવાની યોજના કર્યા કરૂં. રત્નમાં મારી લગની લાગી ગઇ, રત્નપર મારૂં મન ચોટી ગયું અને રત્નની વિચારણાનાં મને સ્વપ્નાં આવવા લાગ્યાં. મારા મનમાં એવો વિચાર થયો કે આ રત્નદ્વીપમાં જેટલાં રત્નો છે તેટલાં સર્વ એકઠાં કરીને પછી મારે ગામ (આનંદપુર) જઉં.[1]

### યૌવન મૈથુનનો પરસ્પર જલ્પ.
### મારી સાથે તેઓનો સંબંધ.
### અંતઃકરણનું આધિપત્ય મૈથુનને.
### ગાત્રનું સ્થાન યૌવનમિત્રને.

મિત્રોની ગોઠવણ.

ભદ્રે ! આવી રીતે હું રત્નદ્વીપમાં રહેતો હતો તે વખતે મારા સંબંધમાં એક બીજો ઘણો જાણવા જેવો બનાવ બન્યો તે હું તને કહી સંભળાવું છું તે તું ધ્યાન રાખીને સાંભળ. તારા ધ્યાનમાં હશે કે અગાઉ કર્મપરિણામ[2] મહારાજાની મહારાણી જે આ ત્રણે ભુવનમાં કાલપરિણતિના નામથી બહુ સારી રીતે પ્રસિદ્ધ થયેલી છે તેની કેટલીક હકીકત તને જણાવી હતી. હવે એ મહારાણીના બે ખાસ નોકરો છે જેઓનાં નામ અનુક્રમે યૌવન અને મૈથુન છે. તે બન્નેની વચ્ચે એક વખત નીચે પ્રમાણે વાતચીત થઇ.

---

૧ ધન મળવા માંડે છે ત્યારે પછી આખા ગામનું પાણી ઘર તરફ વાળવાની વૃત્તિ થાય છે. આ દરરોજના અનુભવનો વિષય છે.

૨ જુઓ પ્રસ્તાવ બીજો પ્રકરણ બીજું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**યૌવન**[1]—"મિત્ર મૈથુન! સંસારીજીવ હાલ આપણા સપાટામાં આવ્યો છે. તારા ધ્યાનમાં હશે કે હાલ એ ધનશેખરનું રૂપ અને નામ ધારણ કરીને રહેલો છે. મને લાગે છે કે હવે અત્યારે તારે પણ તેની પાસે જવાનો વખત છે. અત્યારે આપણો અવસર છે, માટે ચાલો, આપણે તેની પાસે જઇએ."

**મૈથુન**—"ભાઇ! જો એમ હોય તો તે ધનશેખર જ્યાં હોય ત્યાં તું મને લઇ ચાલ, અને મારો એની સાથે બરાબર સંબંધ પણ જોડી આપ. મને તારી સાથે આવવામાં બહુ ગમ્મત આવશે."

**યૌવન**—"મિત્ર! હું અગાઉ પણ એ (ધનશેખર)ની પાસે ગયો હતો તે વખતે એણે મારી ઠીક આસનાવાસના કરી હતી, મને સારૂં માન આપ્યું હતું અને મારી સેવાચાકરી પણ ઠીક કરી હતી; માટે હું તને જરૂર તેની પાસે લઇ જઇશ અને તેનો અને તારો સંબંધ કરાવી આપીશ. એ ધનશેખર એવી પ્રકૃતિનો છે કે એની સાથે સંબંધ કરવામાં મજા આવશે."

બન્ને અંતરંગ મિત્રોએ આ પ્રમાણે અંદર અંદર વાર્તા કરી અને ત્યાર પછી બન્ને મારી (ધનશેખરની) પાસે આવી પહોંચ્યા. પછી યૌવનમિત્રે મારી સાથે વાત શરૂ કરી "ભાઇ ધનશેખર! આજે હું મારી સાથે એક મિત્રને લેતો આવ્યો છું, તે બહુ સારો છે, સંબંધ કરવા લાયક છે અને યોગ્ય છે. જાણે હું જ છું એમ ગણીને તારે હવે પછી એની સાથે સંબંધ કરવો. એ મિત્ર જ્યારે હું હોઉં અને તે આવેલો હોય ત્યારે તને ઘણો આનંદ કરાવે તેવો છે, બહુ સુખ આપે તેવો છે અને લહેરમાં મસ્ત કરાવે તેવો છે અથવા તો દુઝતી અને વાછડીવાળી ગાયના આટલા બધા વખાણ કરવાની કાંઇ જરૂર પણ નથી."

યૌવનનું ઓળખાણ.

યૌવનમિત્ર જેને હું કેટલાક વખતથી બહુ સારી રીતે ઓળખતો હતો તે આટલું બોલીને ચુપ રહ્યો. વાસ્તવિક હકીકત તો એ હતી કે મહા ભયંકર અનંત દુઃખોના ખાડામાં ધકેલી દેવાના કારણભૂત એ મિત્ર હતો, પરંતુ મોહરાજાના દોષથી અને તેણે બંધાવેલા ખોટા વિચારથી તે વખતે હું

વધારે ભાર લાધો.

---

[1] **યૌવન**-જુવાની, યુવાવસ્થા. આ 'વય' સૂચવે છે. **મૈથુન**-સ્રીસંબંધ. આ 'ઇન્દ્રિયનો વિષય' સૂચવે છે. યૌવનકાળમાં મૈથુનનું જોર ખૂબ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને બરાબર ઓળખી શક્યો નહિ, સમજી શક્યો નહિ, લક્ષ્યમાં લઇ શક્યો નહિ. મારી પાસે સાગર સાથે મૈત્રી કરાવીને પણ વિધિ શાંત થઇને બેઠો નહિ, જાણે હજી મારી વિટંબણામાં કાંઇ બાકી હોય તે પૂર્ણ કરવાને વળી મૈથુન સાથે મૈત્રી કરાવી. લોકોમાં પણ કહેવત છે કે ઊંટના ઉપર ઘણો ભાર લાધો હોય અને તેના ભારથી તે દબાઇ જતો હોય અને મુખેથી ગાંગર્યા કરતો હોય ( બૂમ પાડતો હોય ) તેમ છતાં પણ તે વખતે તેની પીઠ ઉપર જે ન સમાઇ શકે તે તેને ગળે બાંધવું.[1]

સ્થાનો ગોઠવાયાં.

યૌવનની ઉપર પ્રમાણે વાત સાંભળીને હું તદ્દન મોહથી ઘેલો થઇ ગયો અને મનમાં તે બન્ને ઉપર પ્રીતિ લાવીને અંતરંગથી તે બન્નેને મારા ખાસ મિત્ર તરીકે સ્વીકાર્યાં અને તેમને જણાવી પણ દીધું કે હવે પછી તેમની સાથે હું સાચી પ્રીતિ રાખીશ. વળી મારા અંતરંગ રાજ્યમાં એક સ્વાન્ત ( હૃદય-અંતઃકરણ ) નામનો મહેલ હતો તેના અધિપતિ તરીકે એ મારા મૈથુનમિત્રની સ્થાપના કરી અને તે પ્રાસાદમાં તેને રહેવાનું જણાવ્યું. વળી એ સ્વાન્ત નામના મહેલની પાસે જ બીજો ગાત્ર ( દેહ-શરીર ) નામનો પ્રાસાદ હતો, ત્યાં મારા યૌવનમિત્રને સ્થાપ્યો અને તેનું અધિપતિપણું તેને સોંપ્યું.[2]

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## યૌવન મૈથુનની અસર.

વિલાસ અને લોભનો વિરોધ.

ત્યાર પછી એ બન્ને નવીન મિત્રો પોતપોતાનાં મહેલમાં રહેવા લાગ્યા, મારી ઉપર પોતાની અનેક પ્રકારની અસર નીપજાવવા લાગ્યા અને પોતાનું જોર જણાવવા લાગ્યા. યૌવનમિત્રે મારામાં રમતગમત, વિલાસ,

---

૧ બને તેટલો ભાર ઊંટની ઉપર લાદવામાં આવે છે, પછી વધે તો તેને ગળે લટકાવવામાં આવે છે. મતલબ ગમે તે પ્રકારે તેનાપર વધારે વધારે ભાર લાદવામાં આવે છે. અહીં વિધિને ( નસીબને ) જણાયું કે સાગર ( લોભ )ની અસરતળે હજુ પૂરતું કામ થયું નથી તેથી વળી મૈથુનસાથે દોસ્તી કરાવી. ગમે તેમ કરીને **ધનશેખર** પર મોહનો બોજો વધારવાનો ઉદ્દેશ છે.

૨ યૌવન-જુવાનીદોર સર્વ અવયવોમાં દેખાય છે, અંદરથી મૈથુન પ્રેરણા કરે છે. એકલો યૌવન ગાત્રમાં હોય તેથી કાંઇ થતું નથી, અંદરની પ્રેરણા મૈથુન કરે ત્યારે યૌવન મસ્તી કરે છે. આ બન્ને પ્રાસાદોની કલ્પના બરાબર ચુક્તા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાળા, ઠઠ્ઠામશ્કરી અને શૂરવીરતા આદિ મનને હરણ કરે તેવા અનેક ગુણો ઉત્પન્ન કર્યા. મૈથુનમિત્રે તો મારામાં એવી અસર ઉત્પન્ન કરી કે હું સેંકડો સ્ત્રીઓની સાથે ભોગવિલાસ કરૂં પણ દાવાનળમાં જેમ ગમે તેટલાં લાકડાં નાખવામાં આવે પણ તે ધરાય નહિ તેમ મને ગમે તેટલી સ્ત્રી સાથે ભોગવિલાસ કરતાં છતાં તૃપ્તિ જ થાય નહિ. ત્યાર પછી મને ગામમાં રહેતી સૌથી મુખ્ય જાણીતી ગણિકા સાથે ભોગ-વિલાસ કરવાની મૈથુને અંદરથી પ્રેરણા કરવા માંડી, પણ અંદરનો જુનો સાગરમિત્ર જે ધનનો ઘણો લંપટી હતો તે મને સમજાવે કે તેમ કરવું નહિ, કારણ કે તેમ કરવામાં પૈસાનું નુકસાન થાય અને એકઠી કરેલી પુંજી વિનાશ પામે. આવી રીતે એક બાજુ મૈથુનમિત્ર મને વિલાસ કરવાની આજ્ઞા કરે અને બીજી બાજુએ સાગરમિત્ર મને ધનના લોભથી તેમ કરતો અટકાવે-આવી રીતે મારે તો એક બાજુ નદી અને બીજી બાજુ વાઘવાળી વાત થઇ, હું ઘણી કફોડી સ્થિતિમાં આવી ગયો, હું વધારે વધારે મુંઝવણમાં પડતો ગયો. વાત એમ હતી કે મને સાગરમિત્ર ઉપર ઘણો પ્રેમ હતો, તે મને સર્વથી વધારે વહાલો હતો અને તેના તરફ મને સાધારણ રીતે વધારે ખેંચાણ હતું, પણ તે સાથે જ હું મૈથુનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને શક્તિમાન્ નહોતો. છેવટે બન્ને ઉપરના પ્રેમને લીધે મેં એક અતિ ભયંકર ઘટના કરી, કારણ કે મારી ઇચ્છા ગમે તેમ કરીને બન્નેનાં વચનને અને હુકમને માન્ય કરવાની હતી.

## સાગરનિવારણાનું પરિણામ.

બન્ને મિત્રને રાજી રાખવા ખાતર મેં એવો વિચાર કર્યો કે મૈથુન સેવવાની મારી ઇચ્છા તૃપ્ત થાય અને મારે ધન ખરચવું ન પડે તેટલા માટે જે કોઇ બાળવિધવા સ્ત્રી હોય, અથવા રાંડીરાંડ હોય, અથવા જેનો પતિ પરદેશ ગયો હોય અથવા કોઇ ભગત સ્ત્રીઓ હોય અથવા વગર મૂલે અથવા તદ્દન નામના પૈસા આપવાથી વશ થાય તેવી જે સ્ત્રીઓ હોય તેમની સાથે ભોગ ભોગવવો. સાગરમિત્રની બીકની અસરતળે અને મૈથુનનો હુકમ માનવા ખાતર આવી રીતે મેં ન કર્યો કાર્યાકાર્યનો વિચાર, કે ન કર્યો લોકલાજનો વિચાર, અને તદ્દન મૂઢ મનનો થઇને એવી સ્ત્રીઓમાં ભટકવા લાગ્યો. આવા પ્રકારની મારી વર્તનાથી આખરે મેં મર્યાદા છોડી દીધી અને લાજ વગરનો થઇને છેવટે ઢેઢડી

લોભીના વિલાસ-ની અતિ તુચ્છતા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ભંગીઆણી જેવી હલકી સ્ત્રીઓમાં પણ રખડવા લાગ્યો, મારે તો ગમે તેમ કરીને પૈસા ખરચવા નહોતા અને ભોગ ભોગવ્યા વગર રહેવું નહોતું. આવી રીતે અગ્રાહ્ય અને નીચ સ્ત્રીઓમાં ફરતાં લોકોમાં મારી બહુ અપકીર્તિ થઇ અને તે તે સ્ત્રીઓના સગાસંબંધીઓએ મને ઘણો માર માર્યો, મારૂં ઘણું અપમાન કર્યું અને લોકોમાં હું ઘણી હલકાઇ પામ્યો. હું હરિકુમારનો મિત્ર હતો અને તે વખત સુધી અંદર પુણ્યોદય મિત્ર જાગતો હતો તેથી એવી સ્ત્રીઓના સંબંધીઓએ મને મારી નાખ્યો નહિ, પૂરો કર્યો નહિ, તેમ જ મને કોઇ પ્રકારની સજા પણ કરાવી નહિ, પરંતુ એ મૈથુનમિત્રના પ્રસંગથી લોકોએ મારો ઘણો તિરસ્કાર કર્યો અને સર્વ સમજુ વિવેકી માણસોમાં હું નિંદાપાત્ર થયો. આટઆટલી હકીકત બની છતાં પણ એ મૈથુનમિત્ર મને મહા સુખ આપનાર છે, નિષ્કામ વૃત્તિથી પ્રેમ રાખનાર છે અને આનંદમાં મસ્તી કરાવનાર છે એમ જ મને તો મારા મનમાં તે વખતે લાગ્યા કરતું હતું; વળી તે વખતે મને મનમાં ચોક્કસ લાગતું હતું કે આ દુનિયામાં જેને મૈથુન મિત્ર મળ્યો નથી તે અહીં જીવે કે ન જીવે તે સરખો જ છે અથવા જીવતે તે મુવા જેવો જ છે, જેણે મૈથુનની મજા ચાખી નથી તે આ દુનિયામાં જન્મ્યો જ નથી, જેણે એ રસનું પાન કર્યું નથી તે ન જન્મ્યા જેવો જ છે. મને મૈથુન ઉપર તે વખતે કોઇ એવો જબરો પ્રેમ થયો હતો અને તેનામાં હું એટલો બધો આસક્ત થઇ ગયો હતો કે હું તેનામાં માત્ર ગુણો જ જોતો હતો અને તેનો એક પણ દોષ હું મારી નજરે જોઇ શકતો નહોતો. આવી ઉલટી બુદ્ધિથી મને એ મૈથુન ઉપર ઘણું હેત હતું અને રહ્યું. તે મને અત્યંત વહાલો છતાં તેના કરતાં પણ વધારે વહાલ તો મને સાગર ઉપર જ રહ્યું.

કામી દોષોને જોતો નથી.

તે વખતે અગૃહીતસંકેતા! હું વિચાર કરતો હતો કે હું તદ્દન ભીખારી જેવો છતાં મેં આવા સાગરમિત્રની સહાયથી આવાં દેવતાને પણ મળવા મુશ્કેલ એવાં રત્નમાણેકના ઢગલા એકઠા કર્યા છે માટે તેને ધન્ય છે. આવી રીતે સાગર અને મૈથુન મને અનેક પ્રકારની પીડાઓ કરતા હતા છતાં તેમાં આનંદ માનીને મારા જેવું કોઇ નથી એમ સમજી હું રત્નદ્વીપમાં રહ્યો.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૭ મું.

## ભરદરિયેથી રાજ્યસિંહાસને.

હરિકુમાર નિર્દોષ આનંદવિલાસ કરતો અવારનવાર મારી ( ધનશેખરની ) મૈત્રીનો લાભ લેતો રત્નપુરમાં આનંદથી પોતાનો સમય પસાર કરતો હતો. હું (ધનશેખર) સાગરની અસરતળે રત્નો એકઠાં કરતો હતો અને મૈથુનની અસરતળે સ્ત્રીઓમાં રખડતો હતો. સાગરની અસર મારાપર મજબૂત હતી, પણ વિલાસમાં આનંદ આવતો હતો. લોભથી ધન ખરચવું નહિ તેથી નીચ પ્રસંગોમાં પડી અપકીર્તિ વહોરતો હતો. મારી એ વિલાસપ્રિયતા કે લોભીષ્ટતા કુમારમાં નહોતી.

જૈન સાઈટ
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

### હરિકુમારની વિખ્યાતિ.
### મામારાજાની દ્વેષચિંતા.
### સુબુદ્ધિ સાથે વિચારણા.

લોકમત સંપત્તિ.

હરિકુમારમાં સર્વ પ્રકારની સાદાઇ અને સ્નેહવૃત્તિ હોવાથી આખો રાજ્યવર્ગ, રાજાનું અંતઃપુર અને ટુંકામાં કહીએ તો તેનું આખું રાજ્ય તેના ઉપર ફીદા ફીદા થઇ ગયું હતું, તેના ગુણથી રાજી રાજી થઇ ગયું હતું અને તેના ઉપર ઘણો જ પ્રેમ રાખતું હતું. હરિકુમાર વયમાં વધતો હતો તેમ તેના ખજાનામાં અને રાજવૈભવમાં પણ વધારો થતો હતો અથવા તેની સેના પણ વધતી જતી હતી,[1] કારણ કે લોકોના અનુરાગથી **સંપત્તિઓ પ્રાપ્ત થાય છે એ સુપ્રસિદ્ધ વાત છે.** લોકોનો પ્રેમ હોય તો સંપત્તિમાં જાહેર રીતે વધારો થતો જાય છે. એ નગરમાં ફરવા નીકળતો ત્યારે રાજપુરૂષો તેની આસપાસ પરવરેલા રહેતા હતા, પોતે

---

૧ **કોશ** અને દંડ તેના વધતા જતા હતા એમ મૂળમાં હકીકત છે. દંડનો અર્થ સૈન્ય સજા રાજચિહ્ન વિગેરે થાય છે. મતલબ તેની સત્તા વધતી જતી હતી એવો અત્ર ભાવ છે. એને દંડ કરવાની સત્તા (Magisterial power) પણ મળેલ હોય એમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથી ઉપર સ્વારી કરીને બહાર નીકળતો હતો, મિત્રના ટોળાથી પરવરેલો રહેતો હતો, તેના મસ્તક ઉપર શ્વેત છત્ર ધારણ કરવામાં આવતું હતું-આવી રીતે જ્યારે ફરવા નીકળે ત્યારે ઇંદ્ર જેમ ઇંદ્રાણી-સહિત શોભે તેમ તે પણ મયૂરમંજરી સહિત શોભતો હતો, લોકો તેની તરફ ધારીધારીને જોઇ રહેતા હતા અને તેને ખરેખરો ભાગ્ય-શાળી માનતા હતા.

રાજાની આંખ ફાટી.

હરિ ઉપર લોકોની આટલી બધી પ્રીતિ જોઇને મહારાજા નીલકંઠની આંખ ફાટી ગઇ, તેના મનમાં સાચા ખોટા આશયો હશે એમ ધારી લેવામાં આવ્યું અને આવા ખોટા વિચારથી મહારાજાનું ચિત્ત મલીન થઇ ગયું. તેને તે વખતે વિચાર થયો કે અહો હું વૃદ્ધ છું, પુત્ર વગરનો છું, મારી બાજુએ અત્યારે કોઇ નથીઅને હરિકુમારે મારા આખા રાજ્યવર્ગને અને ભાયાતોને પોતાના કરી લીધા છે, ટુંકામાં વિચારૂં તો મારૂં આખું રાજતંત્ર તે પોતાનું કરી બેઠો છે, અને ખૂદ મારા પ્રધાનો પણ તેના તરફ પ્રેમવાળા થઇ ગયા છે; આ પ્રમાણે હકીકત હોવાથી આ વધતા જતા પ્રતાપવાળો બળવાન હરિકુમાર મારૂં આખું રાજ્ય પચાવી પડશે એમાં મને જરા પણ સંદેહ લાગતો નથી. આ પ્રમાણે હકીકત હોવાથી હવે એના સંબંધમાં ગફલતીમાં રહેવું ઉચિત નથી, કારણ કે વ્યવહારકુશળ માણસો કહી ગયા છે કે **અરધું રાજ્ય હરણ કરી લે અથવા પચાવી પડે તેવો જે નોકર હોય તેને હણી નાખવામાં ન આવે તો આખરે પોતાને મરવાનો વખત આવે છે, પોતાનું ખૂન બીજા વડે ( તેનાથી ) જરૂર થાય છે.**

સમયોચિત સલાહ.

આ પ્રમાણે નીલકંઠ રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો. ત્યાર પછી તેણે પોતાના ખાસ અંગત મંત્રી સુબુદ્ધિને બોલાવી તેની સાથે વિચાર કરી તેની સલાહ થાય તે પ્રમાણે તેને ( હરિને ) મારી નાખવો એમ વિચાર કર્યો. આવો વિચાર થતાં જ રાજાએ સુબુદ્ધિમંત્રીને પોતાની પાસે એકાંતમાં બોલાવ્યો અને તેની પાસે પોતાનો જે નિર્ણય થયો હતો અને અભિપ્રાય બંધાયો હતો તે જણાવ્યો. સુબુદ્ધિમંત્રી હરિકુમારને બહુ સારી રીતે ઓળખતો હતો અને તેના પવિત્ર સદ્ગુણોથી વશ થઇ તેના ઉપર હૃદયથી પ્રીતિ રાખતો હતો, તેણે જ્યારે રાજાના આવા શબ્દો સાંભળ્યા ત્યારે જાણે તેને વજ્રનો ઝાટકો લાગ્યો હોય તેમ અંદરથી અસર થઇ; પણ રાજાનો નિર્ણય સ્પષ્ટ અને ન ફરે તેવો જોઇને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખતે તો તેણે રાજાની હામાં હા મેળવી દીધી. સુબુદ્ધિમંત્રીએ રાજાને કહ્યું "તમારા મનમાં જેમ આવ્યું છે તેમ ભલે કરો; [1]**મહાત્મા પુરૂષોની બુદ્ધિ અયોગ્ય બાબતમાં પ્રવર્તતી જ નથી.**" પછી હરિકુમારનો ઘાટ જરૂર ઘડી નાખવો એવો નિર્ણય કરીને રાજા અને સુબુદ્ધિ મંત્રી પોતપોતાને સ્થાનકે ગયા.

## સુબુદ્ધિની એકાંત વિચારણા.

ભોગતૃષ્ણાની અંધતા.

રાજાએ ઉપર પ્રમાણે વાત કરી અને પોતે તેના વિચાર સાથે અનુમોદના આપી ત્યાર પછી ઘરે આવતાં પવિત્ર બુદ્ધિવાળા વયોવૃદ્ધ અનુભવી સુબુદ્ધિમંત્રીના મનમાં વિચારો આવ્યા કે અહાહા! ભોગસુખની અત્યંત આસક્તિને ધિક્કાર છે! અને આ અજ્ઞાન ચેષ્ટાને પણ ધિક્કાર છે! રાજ્ય ઉપર લંપટપણું ખરેખર નિંદાપાત્ર છે! રાજ્યને અંગે અનેક પ્રકારના સેંકડો સાચા ખોટા વિચારો આવ્યા જ કરે છે એ વાત તદ્દન સાચી છે. આ મહારાજાને હરિકુમાર એક વખત પોતાના પ્રાણથી પણ વધારે વહાલો હતો, વધારામાં એ સર્વ ગુણનિધાન હોવા ઉપરાંત મહારાજાનો જમાઇ થાય છે, વળી તેની સગી બહેનનો એકનો એક પુત્ર છે, પોતાના આશ્રયમાં આવી રહેલો છે, તે જ હરિ અત્યારે વિનાકારણ રાજાના દ્વેષનું કારણ થઇ પડ્યો છે, રાજાથી વધ થવાને યોગ્ય થઇ પડ્યો છે, તેનો મોટો શત્રુ થઇ પડ્યો છે! અહાહા! ભોગની તૃષ્ણા અને ઇચ્છાથી જે અંધપણું ઉત્પન્ન થાય છે તે જ આવી મહા ભયંકર સ્થિતિનું કારણ છે, તે સિવાય મને તો આમાં બીજું કાંઇ પણ કારણ જણાતું નથી. અરે! આવો મહા પવિત્ર વિનયવાળો શુદ્ધ મહાપુરૂષ જે તદ્દન લોભ વગરનો છે, પાપથી બીવાવાળો છે અને વિચારશીળ છે, તે પોતાના સ્વપ્નમાં પણ મહારાજાનું રાજ્ય હરણ કરે ખરો! ખરેખર રાજ્યપરના મોહથી રાજા નીલકંઠ અત્યારે મૂઢ થઇ ગયો છે, કમઅક્કલ બની ગયો છે, એમાં જરા પણ શંકા નથી; પણ હવે ગમે તેમ કરીને એ પવિત્ર શુદ્ધાત્મા રત્ન જેવા ઉજ્જવળ હરિકુમારને બચાવી લેવો જોઇએ. એવા વિમળ હૃદયવાળા મહાપુરૂષથી પૃથ્વી પવિત્ર છે, એનો નાશ થાય તે અસહ્ય છે.

---

૧ **સુબુદ્ધિએ** રાજાને એથી જૂદી સલાહ આપી હોત તો તેને પણ હરિનો મળતીઓ ગણવામાં આવત તેથી તેણે હા પાડી. બાકી સલાહ દ્વિઅર્થી તો છે જ. કાં તો સાંભળનાર મહાત્મા નથી અથવા તેનામાં બુદ્ધિ નથી એવો અંદરનો ધ્વનિ છે પણ તે સમજનાર જ સમજી શકે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### યુક્તિથી હરિ પ્રાણરક્ષા. મિત્ર સાથે તેનું પલાયન. વહાણમાં આનંદી સફર.

સુબુદ્ધિની દક્ષતા.

ઉપર પ્રમાણે ઊંડો વિચાર રસ્તામાં જ મંત્રીએ કરી લીધો. કેટલીક બાબત તો તેના લક્ષ્યમાં રાજા સાથે વાત કરતી વખત પણ આવી ગઇ હતી. ઘરે આવીને તેણે પોતાનો એક ખાસ નોકર દમનક નામનો હતો તેને ટુંકામાં મુદ્દાસર સર્વ હકીકત સમજાવી દીધી અને શી હકીકત બની છે અને ભવિષ્યમાં શું થનાર છે તેની વિગતના સર્વ સમાચાર તેણે હરિકુમારને છૂપી રીતે કહેવરાવી દીધા અને સાથે જણાવી દીધું કે 'હે કુલભૂષણ મહાત્મા કુમાર ! તમારે મારા ઉપર મહેરબાની કરીને આ દેશ છોડીને ચાલ્યા જવું અને તેમ કરવામાં જરા પણ ઢીલ ન કરવી.'

વીરનિર્ણય અને પ્રેમ.

દમનકે આવીને સર્વ હકીકત હરિકુમારને કહી. એ સર્વ હકીકત સાંભળતાં તેના પેટમાંથી પાણી પણ હલ્યું નહિ, મરવાની કે મામાની જરાએ બીક પણ લાગી નહિ, છતાં તેના મનમાં વૃદ્ધ મંત્રી સુબુદ્ધિ માટે ઘણું માન હતું, તેથી તેના આગ્રહ અને વિનતિ ધ્યાનમાં લઇને સમુદ્ર ઓળંગી દરિયાપાર જવાનો તેણે તુરત જ નિર્ણય કરી નાખ્યો. નિર્ણય કરવાની સાથે જ તેણે મને એકાંતમાં બોલાવ્યો. મારી પાસે અત્યંત વિશ્વાસપૂર્વક સર્વ હકીકત કહી બતાવી અને મને કહ્યું 'રાજા મારા ઉપર તદ્દન ગેરવાજબી રીતે કોપ પામ્યા છે અને મંત્રીએ મને સલાહના આકારમાં કહેવરાવી દીધું છે, આથી દરિયો ઓળંગીને મારે હવે હમણા જ ભારતવર્ષમાં (હિંદુસ્થાનમાં) જવું છે. ભાઇ ! તારો વિરહ મારાથી એક ક્ષણ વાર પણ સહન થાય તેમ નથી માટે ધનશેખર ! તું પણ મારી સાથે ચાલ, તૈયાર થા.'

સ્વાર્થની દષ્ટિ.

હરિકુમારનો આવો નિર્ણય સાંભળી મેં મારા મનમાં વિચાર કર્યો કે-અરે ! આ મોટા માણસોની સાથે સંબંધ કરવાની મજા તો જુઓ ! મારે તો પ્રથમથી બને તેટલાં રત્નો એકઠાં કરવાં હતાં, તેમાં આ હરિકુમાર દરેક પ્રસગે વચ્ચે નડ્યા જ કરે છે, જ્યારથી મારે એની દોસ્તી થઇ છે ત્યારથી મારી રત્નપ્રાપ્તિમાં એ વિઘ્નભૂત જ થયો છે, પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે જ્યારે એની સાથે આટલો બધો સંબંધ થયો છે ત્યારે મારે શું કરવું? મારે તેની સાથે જવું જ પડશે, બીજો કાંઇ ઉપાય નથી કે મ્હારાથી ક્હાય તેમ નથી. ઉપર પ્રમાણે વિચાર કરીને મેં કુમારને જવાબ આપ્યો 'ભાઇ! તારી જેમ મરજી હોય તેમ કરીએ, એમાં મારે બોલવા જેવું શું છે?'

ગુપ્ત તૈયારી.

હરિકુમારને મારા જવાબથી આનંદ થયો. પછી તેણે તુરત મને કહ્યું 'ભાઇ! કોઇ મજબૂત તૈયાર વહાણ હમણા જ ઉપડવાનું હોય તેવું શોધી લાવ. મેં રત્નનો મોટો ભંડાર એકઠો કર્યો છે તે લઇને આપણે હમણા જ વહાણમાં બેસી જઇએ.' કુમારનો નિર્ણય મેં માથે ચઢાવ્યો. તુરત જ હું સમુદ્રકિનારે ગયો અને મેં ઘણા મજબૂત સર્વ સામગ્રીથી સંપન્ન બે મોટાં વહાણો શોધી કાઢ્યાં. એક વહાણમાં હરિકુમારનાં રત્નો ભરી લીધાં અને એક બીજા વહાણમાં મારાં રત્નો ઢગલાબંધ ભરી લેવામાં આવ્યાં.

ચાલી નીકળ્યા.

એ સર્વ ગુપ્ત તૈયારીઓ ચાલતી હતી ત્યાં સાંજ પડવા આવી. અંધારૂં થતાં બાકીના સંબંધીઓને ખબર ન પડે તેમ માત્ર રાણી મયૂરમંજરી અને ધાત્રી દાસી વસુમતીને લઇને હું અને હરિકુમાર સમુદ્રકિનારે આવ્યા,[1] ત્યાં આવીને વહાણના ખલાસી સર્વને બરાબર તપાસી લીધા, એટલે વખત પસાર થઇ ગયો, એટલે રમણીના લમણા જેવો પાંડુર રંગનો ચંદ્ર ઉદય પામ્યો,[2] અને તે જ વખતે સમુદ્રમાં મોટા ખળભળાટને લીધે જળના જીવોના મોટા અવાજ સાથે ભરતી શરૂ થઈ. હરિકુમાર પોતાની પત્ની સાથે તેને માટે તૈયાર રાખેલા વહાણ પર બેઠો. હું મારી સારૂ તૈયાર કરી રાખેલા વહાણમાં બેસવા જતો હતો તે વખતે હરિકુમારે મને કહ્યું 'ભાઇ ધનશેખર! તું પણ આ મારા વહાણમાં જ બેસી જા, મને તારા વગર એક ક્ષણ વાર પણ મજા આવે તેમ નથી, તારા વગર એક નિમેષ જેટલો વખત પણ હું એકલો રહી શકું તેમ નથી.'

---

૧ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૯૦૧ શરૂ થાય છે.

૨ થોડી રાત્રી ગયા પછી ચંદ્રનો ઉદય થયો તેથી ચાલવાની તીથિ વદ પક્ષની ચોથ પાંચમ સંભવે છે. ચંદ્ર ઉદય થાય એટલે ભરતી શરૂ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિત્રના આગ્રહથી હું પણ તેના જ વહાણમાં તેની સાથે બેઠો. વહાણમાં દાખલ થયા પછી યોગ્ય પ્રકારનાં મંગળો કરવામાં આવ્યાં. સુકાનીએ પોતાનું સ્થાન લીધું, સઢો ચઢાવવામાં આવ્યા, તેમાં પવન ભરાતાં અમારાં વહાણો ચાલવા માંડ્યાં. વહાણ ચાલતાં ચાલતાં આગળ વધતાં હતાં. તેવી રીતે કેટલાક દિવસો પસાર થયા અને અમે ભારત તરફ જવાનો મોટો રસ્તો પસાર કરી ગયા.

મધદરિયે.

## ભર સમુદ્રમાં સાગરમૈથુન પ્રેરણા.
## ધન અને સ્ત્રીઉપર આક્રમણનિર્ણય.
## હરિકુમારનો સમુદ્રમાં કરેલો પાત.

અહો અગૃહીતસંકેતા! આવી રીતે અમે સમુદ્રમાં આગળ વધતા હતા અને અમારી સફર આનંદપૂર્વક થતી હતી તે વખતે મને પ્રેરણા કરનાર મારા પેલા બન્ને પાપી મિત્રો–સાગર અને મૈથુન એકી વખતે મારી પાસે આવ્યા. પ્રથમ પાપી સાગરમિત્રે મારી ઉપર પોતાનો દોર ચલાવ્યો. તેણે મને જણાવ્યું કે અરે! આવું રત્નથી ભરેલું વહાણ તે કોઇ જતું કરે? એ તે કેમ જવા દેવાય! પાપી પ્રેરક સાગરની એવી આંતર પ્રેરણા ઉપર મેં મારા મનમાં વિચાર કર્યો કે–અહો મારા નસીબ તો ખરેખર ભારે જબરા છે! આ એક તો મારૂં પોતાનું વહાણ રત્નથી ભરેલું છે અને વળી તેની સાથે આ બીજું પણ રત્નથી ભરચક થયેલું વહાણ મળશે. હવે તો મારા મનના મનોરથ કાંઇક પૂરા થયા ખરા!

સાગરના ઉછાળા.

એ વખતે વળી દુરાત્મા મૈથુનમિત્રે પણ મને પ્રેરણા કરી અને મારા મનમાં ધનસંબંધી મહા પાપ ભરેલું હતું તેમાં દુષ્ટ બુદ્ધિનો વધારો કર્યો. તેણે મને જણાવ્યું કે–અરે ધનશેખર! આ મયૂરમંજરી અત્યંત વિશાળ સ્તનવાળી, વિશાળ આંખોવાળી, પાતળી કેડવાળી, મોટા નિતંબવાળી, ધીમે ધીમે હાથણીની જેમ ચાલતી અને લાવણ્યઅમૃતથી ભરેલી મહા સ્વરૂપવાળી ભામિની છે, એની જોડીની સ્ત્રી આ દુનિયામાં બીજી મળવી મુશ્કેલ છે, જ્યાં સુધી તેં એને ભોગવી નથી ત્યાં સુધી તારો જન્મ વૃથા છે, જીવતર ફોકટ છે, સંસાર નકામો છે, માટે એ અતિ આકર્ષક ચક્ષુઓવાળી લલનાને તારે સર્વથી કિમતી ગણવી અને ગમે તેમ કરીને તેને હાથ કરવી.

મૈથુનના આક્રમણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રેરણાને અંગે મેં વિચાર કર્યો કે-એક તો મારે રત્નથી ભરપૂર વહાણ હાથ કરવું છે અને વળી તે ઉપરાંત મયૂરમંજરીને મારી પોતાની કરવી છે. આ પ્રમાણે કરવાથી મારા ધનપ્રાપ્તિ અને સ્ત્રીભોગના સર્વ મનોરથો જરૂર પૂરાં થશે; પણ હવે તેમ કરવાનો ઉપાય વિચારતાં મને એમ જણાય છે કે જ્યાં સુધી હરિકુમાર જીવતો છે ત્યાં સુધી એ બન્નેમાંથી એક પણ વસ્તુ મને મળી શકે નહિ, માટે એ વસ્તુઓને હાથ કરવાનો ઉપાય એ જ છે કે ગમે તેમ કરીને વચ્ચેથી મારે હરિકુમારનો ઘાટ ઘડી નાખવો. આવા વિચારને પરિણામે યુક્તિપૂર્વક કોઇ ન જાણે તેમ હરિકુમારનો વધ કરવાનો મેં મારા મનમાં નિર્ણય કર્યો.

પાપી નિર્ણય.

ઉપર પ્રમાણે મેં મારા મનમાં ઠરાવ કર્યો તે વખતે મેં ન વિચાર્યું હરિકુમારનું મારા તરફ વળેલું ચિત્ત, ન વિચારી તેની શુદ્ધ સ્નેહરસિકતા, ન મનમાં આણ્યું મિત્રદ્રોહનું મહાપાપ કે ન ગણ્યું મારા કુળને લાગતું મોટું રાજ્યદ્રોહનું કલંક; મારા લાંબા કાળની તેની સાથેની દોસ્તીને વિસારી મૂકી, તેણે મારા ઉપર શુદ્ધ વર્તન રાખ્યું હતું તે ભૂલી ગયો અથવા તેનું સાધુ જીવન વિસારી દીધું, તેણે મારો અનેક પ્રસંગે વિવેક વિનય કર્યો હતો તે ઊંચે મૂક્યો અને સત્ય પુરૂષાર્થનો નાશ કરી હીચકારા થવાનો મેં નિર્ણય કર્યો. પ્રાણીને જ્યારે એક વસ્તુ પ્રાપ્ત કરવા મન થાય છે અને તેના તરફ આસક્તિ થાય છે ત્યારે પછી તે સર્વ વિનય વિવેક ભૂલી જાય છે, સંબંધ ચૂકી જાય છે અને માત્ર ગમે તે પ્રકારે તે વસ્તુ પ્રાપ્ત કરવી એવી અધમ વૃત્તિ તેનામાં આવી જાય છે. શુદ્ધ વિવેકનું સામ્રાજ્ય ન હોય ત્યાં આવી સ્થિતિ થાય છે. મારા સંબંધમાં પણ તે વખતે તેમ જ થયું. પછી એક રાત્રે પ્રથમ ઉઠીને હરિકુમારને વહાણના છેડા ઉપર લઇ જઇ શરીરચિંતા કરવા સારૂ મેં તેને પ્રેરણા કરી, તે વખતે હરિકુમારે મને જોયો અને એ આમ કેમ કહે છે એવો હજુ તો વિચાર કરે છે તેવામાં તો તે એવી રીતે વહાણને છેડે રહ્યો હતો કે એકાએક મોટા અવાજ સાથે તે સમુદ્રમાં પડી ગયો.[1]

હરિકુમાર સમુદ્રમાં.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

### પણ દૈવ અનુકૂળ હોય ત્યાં
### વાળ વાંકો થતો નથી.
### હરિ પુનઃ સ્થાપન.

---

૧ અહીં છાપેલી કોપીમાં એક શ્લોક રહી ગયો જણાય છે. ધનશેખરે ધક્કો મારી હરિકુમારને સમુદ્રમાં પાડી દીધો એવી હકીકત સંક્ષિપ્ત ઉપમિતિમાં છે તેનો ઉલ્લેખ મૂળમાં મળતો નથી, પણ હકીકત તેમ જ હોય એમ જણાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમુદ્રદેવની જાગતી જ્યોત.

વહાણમાંથી કાંઇ પડવાનો મોટો અવાજ થતાં જ લોકો એકદમ જાગી ગયા અને કોળાહળ કરવા મંડી ગયા. મયૂરમંજરીને ઘણો ભય લાગી ગયો અને હું તો શૂન્ય ચિત્તે મૂર્ખ જેવો થઇને ત્યાં ને ત્યાં ઊભો રહ્યો. મારૂં આવું અતિ ભયંકર કર્મ જોઇને સમુદ્રનો અધિપતિ દેવ મારા ઉપર કોપાયમાન થઇ ગયો અને ડોલરના ફુલ જેવા અથવા ચંદ્ર જેવા હરિકુમારના નિર્મળ ગુણોથી તેના ઉપર પ્રસન્ન થયો અને તરત જ તે સમુદ્રદેવ મહા ભયંકર આકૃતિ કરીને અત્યંત ધમધમાયમાન થતો વહાણની નજીક આવ્યો અને પ્રથમ તો તે જ ક્ષણે અત્યંત આદરપૂર્વક હરિકુમારને દરિયાના જળમાંથી ઉપાડીને વહાણમાં સ્થાપન કર્યો. મહા પુરૂષોને ઘણે ભાગે તો વિપત્તિ આવતી નથી, કદાચ આવે છે તો આવી રીતે વિસરાળ થઈ જાય છે અને તેઓને તો નિરંતર આનંદ જ રહે છે. તેઓની સામે ધૂળ ઉડાડનાર આખરે પાછા પડે છે, હેરાન થાય છે અને ઉભયભ્રષ્ટ થાય છે.

પુણ્યોદય પલાયન.

અહો અગૃહીતસંકેતા! તને યાદ હશે કે મારો જન્મ[1] થયો ત્યારથી મારી સાથે પુણ્યોદય મિત્રનો સહયોગ મને થયો હતો. મારૂં આવું અત્યંત અધમ વર્તન જોઇને તે મારા ઉપર કોપ પામ્યો અને અત્યાર સુધી તે મારા ઉપર બહુ હેત રાખતો હતો જોકે તે થોડા વખતથી જરા જરા પાતળો તો થતો જતો હતો. તે હવે સદરહુ મારા પાપી કાર્યથી મારા ઉપર ઘણો જ નારાજ થઇ ગયો અને મારી પાસેથી દૂર થઇ ગયો, પસાર થઇ ગયો.

**સમુદ્રદેવ ખૂબ કોપ્યા.**
**ધનશેખરને ધમધમાવ્યો.**
**હરિ સૌજન્ય પરાકાષ્ટા.**

ઉપાડી ઊંચે રાખ્યો.

જે દેવે હરિકુમારને વહાણ ઉપર પુનઃસ્થાપન કર્યો તેના ઝળહળતા તેજથી આકાશ વિજળીના ચમકારા પેઠે પ્રકાશમાન થઇ ગયું અને ચારે તરફ તેજનો અંબાર પસરવા લાગ્યો. તે દેવે અત્યંત ભયંકર રૂપ હવે કર્યું અને મારી બરાબર સામે વહાણમાં આવી મને ઉદ્દેશીને બહુ જોરથી તે બોલવા લાગ્યો. "અરે મહા પાપી! દુર્બુદ્ધિ! કુળખં-

---

૧ જુઓ પ્ર. ૬. પ્ર. ૧ (પૃ. ૧૪૬૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ! લાજવગરના ! મર્યાદા બહાર ગયેલા અધમ હીજડા ! અતિ પાપી મનપૂર્વક તું આવું મહા ઘોર કર્મ કરી રહ્યો છે છતાં તારા હજુ સેંકડો ટુકડા કેમ થઇ ગયા નથી ? ” આવા શબ્દો બોલતાં તે પોતાના હોઠને દાંતોથી દબાવી મહા ભયંકર ભવાં ચઢાવીને મારી પાસે આવ્યો, હું તેને જોઇને આખે શરીરે ધ્રૂજવા લાગ્યો અને તેવી અવસ્થામાં મને ઉપાડીને તે આકાશમાં ઊંચે ઊભો રહ્યો.

હરિકૃત વિજ્ઞપ્તિ.

આવે વખતે હરિકુમાર મારી વહારે આવ્યો, પૂર્વના સ્નેહ લક્ષ્યમાં રાખીને તેણે પોતાનું એકાંત સજ્જનત્વ બતાવ્યું અને તેના ઉપર કરેલ દેહાંત કષ્ટને વિસારી મૂક્યું. તુરત જ તે દેવને મસ્તક નમાવી પગે પડ્યો અને હાથ જોડી મારી ખાતર તેને વિનતિ કરવા માંડી “ અહો દેવ ! આ આપને પગે પડી વિજ્ઞપ્તિ કરનાર મારી ઉપર જો તમારી ખરેખરી દયા હોય તો આ મારા મિત્રને છોડી દો. અહો દેવ ! તમે તો આજે મને જમના મ્હોંમાંથી પાછો ખેંચી આણ્યો છે, તો હવે મારા ઉપર આટલી પૂરી કૃપા કરો અને આ મારા પ્રિય મિત્રને ન મારો. એના વગર મારૂં જીવતર મને અકારૂં થઇ પડે તેમ છે, એના વગર મારૂં સુખ મારૂં ધન અને મારૂં શરીર પણ નિષ્ફળ જેવું થશે, માટે આપ તેને ગમે તેમ કરીને છોડી દો.”

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

દેવનો આગ્રહ.

હરિકુમાર મારૂં સર્વ ચરિત્ર જાણતો હતો, મેં તેના ઉપર જે ભયંકર કામ કર્યું હતું તેની તેને ખબર હતી, છતાં તે મહાભાગ્યવાન્ નરશ્રેષ્ઠ મારા તરફ આવું સારૂં મન રાખતો હતો. ખરે ! **निर्विकारा हि साधवः** સાધુ પુરૂષો કોઈ પણ પ્રકારના વિકાર વગરના જ હોય છે. હરિકુમારે આવી વિચિત્ર પ્રકારની માગણી દેવની પાસે કરી ત્યારે દેવ તો ઉલટો મારા ઉપર વધારે ગુસ્સે થતો તેને કહેવા લાગ્યો ‘ અરે કુમાર ! મહાભાગ્ય ! તું તો ખરેખર ભદ્રિક છે, તું તારે જે ગામ જવું છે ત્યાં જા, આ દુષ્ટ ઘાતકીને તો તેનાં કામનાં બરાબર ફળ હું ચખાડીશ. ’

દરિયામાં ફેંક્યો.

આ પ્રમાણે સજ્જનની સજ્જનતાનો જવાબ આપી દેવે મને આકાશમાં ખૂબ હલાવ્યો અને પછી અત્યંત જોરથી મને દરિયામાં ઉછાળીને ફેંકી દીધો. મને એવા જોરથી તેણે પછાડ્યો કે તે વખતે દરિયામાં જબરો અવાજ થયો અને હું દરિયાને તળીએ ગયો. અંધકારથી તદ્દન મલીન દેખાતાં પાતાળમાં જાણે હું ખરેખરો નારકીનો જીવ હોઉં તેવી સ્થિતિ થોડી વાર અનુભવીને પાછો હું મારા પાપથી દરિયાની સપાટિ

ઉપર આવ્યો. હું ડૂબી ગયો છું અને મરી ગયો હોઇશ એમ ધારીને તે દેવ તો તરત જ પોતાના સ્થાન તરફ પાછો ફરી ગયેલો હતો.

દેવનું શિષ્ટ માહાત્મ્ય.
સમુદ્રમાંથી રાજ્યાસને.
ધન તરફ અમિ દૃષ્ટિ.

હરિકુમારને રાજ્ય.

તે વખતે સમુદ્રમાં ભરતી આવી, પવન અનુકૂળ થયો અને હરિકુમાર બન્ને વહાણુ લઇને કાંઠે આવી પહોંચ્યો, ભરતમાં ઉતર્યો. ત્યાં કાંઠા ઉપર જ તેને ખબર મળ્યા કે આનંદનગરે[1] કેસરિ રાજા (હરિના પિતા) મરણુ પામ્યા છે. લોકોની પાસેથી આવા સમાચાર જાણીને હરિકુમાર ઉતાવળથી બાપના રાજ્ય તરફ આવ્યો અને ત્યાં પહોંચીને કોઇ જાતના કલેશ કે લડાઇ વગર રાજ્યગાદી ઉપર પોતે બેસી ગયો. તે વખતે વાત એમ બની કે હરિકુમાર સાથે તેની ધાવ માતા વસુમતી દાસી આવી હતી. તેણે કમળસુંદરી ( હરિકુમારની માતા ) શા માટે નાસી ગઇ હતી, જંગલમાં તેનું શું થયું, પુત્રપ્રસવ કેવી રીતે થયો, કમળસુંદરીના ભાઇને ઘરે રત્નદ્વીપે તે વસુમતી કેવી રીતે ગઇ અને ત્યાં કુમાર કેવી રીતે ઉછર્યો તે સર્વ હકીકત[1] વિસ્તારથી ભાયાતવર્ગને તેમ જ રાજપુરૂષોને કહી સંભળાવી અને હરિકુમાર કેસરિરાજાનો પુત્ર છે એ હકીકત સારી રીતે જાહેર કરી એટલે લોકો તેના તરફ બહુ પ્રેમવાળા થયા, પોતાનો ખરો હક્કદાર રાજા મળ્યો છે એમ તેમને જણાયું તેથી હરિકુમારને રાજ્યનો સુંદર સહયોગ થયો અને આખી પ્રજા તેનામાં રંજન પામી.

આવી રીતે પોતાના પુણ્યના જોરથી હરિકુમાર ઘણી પૃથ્વીનો માલેક થયો અને આખરે મોટો મંડળાધિપતિ થયો. હરિકુમારે પોતાની સજ્જનતા ચાલુ જ રાખી, એણે મારા પિતા હરિશેખરને બોલાવીને મારૂં એક વહાણુ રત્નથી ભરેલું હતું તે તેને સોંપી દીધું. કોઇ માણસ માગણી કરે કે મારો હક્ક પણ રજુ કરે કે સાબીત કરે તેવું નહોતું છતાં પણ મહા મૂલ્યવાન્ રત્નોનો સમૂહ મારા પિતાને સોંપતાં કુમારના મનમાં જરા પણ આંચકો થયો નહિ કે દાનત બગડી નહિ. હરિકુમાર ત્યાર પછી અત્યંત સુખથી રાજ્ય કરવા લાગ્યો, મયૂરમંજરી સાથે વિલાસ કરવા લાગ્યો અને સુખે સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

---

૧ આ તેનું જ નગર છે. જુઓ પૃ. ૧૪૯૫.

૧ જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ૩ જું. પૃ. ૧૪૮૧ થી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૮ મું.

## ધનશેખરની નિષ્ફળતા.

હવે મને (ધનશેખરને) પાતાળમાં ફેંકી દીધો ત્યાંથી આખરે હું ઊંચો આવ્યો. મોટાં પર્વતના શિખર જેવાં ખારા પાણીનાં સખ્ત મોજાંઓનો આકરો માર ખાતો, અત્યંત મોટા માછલાંઓનાં પૂંછડાંઓથી ફટકાવાતો, અનેક તંતુ જેવા મોટા જળજંતુઓનાં સમૂહથી બંધાતો, ધોળા શંખોના હારબંધ સમૂહની અંદર અહીંતહીં ધકેલા ખાતો, પરવાળાના મોટા ગહન વનોમાં મુંઝાઇ જતો, અનેક પ્રકારના મગરમચ્છો જળમનુષ્યો સર્પો અને નક્રો( એક જાતના મગરમચ્છ )થી વિવિધ-પ્રકારે ભયભીત થતો અને અત્યંત કઠણ કાચબાઓની પીઠ ઉપર રહેલા કાંટાઓથી લોહીલુહાણ થતો જાણે લગભગ કંઠે પ્રાણ આવી ગયા હોય તેવી મૃતપ્રાય સ્થિતિમાં સાત રાત અને સાત દિવસ સમુદ્રમાં મહા ત્રાસ પામતો હું આખરે દરિયાને કાંઠે તણાતો તણાતો આવ્યો, કાંઠે આવ્યો ત્યારે મને ભાન પણ નહોતું, પાણીની ભરતીએ મને કાંઠે ફેંકી દીધો હતો. પવન મારા શરીર ઉપર લાગતાં અને સૂર્યની ગરમી લાગતાં આખરે મારી શરદી ઉડી અને મને કાંઇક ચેતના આવી.

### ધનશેખરની રખડપટ્ટી.

એવી રીતે મને ચેતના આવી ત્યાર પછી મને બહુ આકરી ભૂખ લાગી, પાણીની સખ્ત તરસ લાગી એટલે હું ફળ અને પાણીની શોધમાં અહીં તહીં રખડવા લાગ્યો. મારો પુણ્યોદય તદ્દન નાશ થઇ ગયેલો હોવાથી હું જે કોઇ બાબતમાં પ્રવૃત્તિ કરૂં ત્યાં મને હવે નાસીપાસી જ મળવા લાગી. અનેક ઠેકાણે રખડતાં રખડતાં મને આખરે એક મોટું વન મળી ગયું તો તે પણ પુષ્પ ફળ વગરનું અને તદ્દન શૂન્ય મળ્યું અને તે તરફ જોતાં જાણે તે મરૂભૂમિ ( મારવાડ )નો ઉજડ રણનો પ્રદેશ હોય તેવું લાગ્યું. સાત સાત દિવસના ભુખ્યા તરસ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને શરીરે ત્રાસ પામેલાની તે વખતે શી સ્થિતિ થઇ હશે તે વિચારવાનું કામ તમને જ સોંપું છું. આટલું છતાં મારે મારા પાપનું ફળ હજુ ભોગવવાનું ઘણું હોવાથી અને વળી ત્યાર પછી મારે હાથે ઘણાં પાપો થવાનાં હોવાથી મહા મુસીબતે મારાં પ્રાણ ટકે એવા સંયોગો મળી ગયા, જેવી તેવી તુચ્છ વસ્તુઓ ખાઇને મારે મારૂં ગાડું ગબડાવવું પડ્યું અને હું ત્યાંથી રખડતો રખડતો આગળ ચાલવા લાગ્યો.

અનેક ગામ શહેર અને દેશો ફરતો ફરતો હું આખરે[1] વસંત દેશમાં આવી પહોંચ્યો. એવી રીતે અનેક દેશોમાં રખડ્યો, ખાવાનું ઠેકાણું નહિ, પીવાનું ઠેકાણું નહિ અને રહેવાને મુકામ નહિ એવી ભયંકર સ્થિતિ હોવા છતાં હું મારા બાપને ઘરે અભિમાનથી ગયો નહિ. જે પિતાની ના છતાં ઉપરવટ થઇને હું ધન કમાવા નીકળી પડ્યો હતો તેને આવી નિર્ધન સ્થિતિમાં મ્હોં કેમ બતાવાય એવા અભિમાનમાં હું ભિખારીને વેશે ઘણી જગ્યોપર રખડ્યો, ભમ્યો, ફર્યો. મારો પુણ્યોદય મિત્ર નાશ પામી ગયો હતો અને માત્ર મારી સાથે પેલા સાગર અને મૈથુન મિત્ર હતા, તેમને સાથે લઇને હું અનેક જગ્યાપર નકામો ગયો અને ફાંફાં માર્યાં.

## અનેક કાર્યારંભમાં નિષ્ફળતા.

જૂદા જૂદા દેશમાં જઇને મેં નવા નવા અનેક ધંધા કરવા માંડ્યા અને ધનની ઇચ્છાથી વારંવાર નવાં નવાં છટકાંઓ માંડ્યાં, પણ પુણ્ય વગર ધન મળ્યું નહિ, ઉલટો જે કાંઇ ધંધો માંડું તેમાં રૂપીઆના આઠ આના થઇ જાય. મેં કેવા કેવા ધંધા કર્યા અને દરેકમાં શી સ્થિતિ થઇ તે નોંધી લેવા લાયક હોવાથી તને ટુંકામાં કહી જાઉં છું તે સાંભળઃ—

મેં ખેતીવાડીનો ધંધો આદર્યો એટલે તે વર્ષમાં વરસાદ જ બીલકુલ થયો નહિ અને આખા દેશમાં દુકાળ પડ્યો. ( ખેતી ).

ત્યાર પછી અત્યંત વિનયપૂર્વક નીચું મુખ રાખી મેં રાજાની નોકરી કરવા માંડી અને બહુ ચિત્ત રાખી સાચા દીલથી રાજાની સેવા કરવા માંડી, ત્યારે તદ્દન વિનાકારણ રાજા મારા ઉપર ગુસ્સે થઇ જાય તેવા પ્રસંગો બનવા લાગ્યા અને આખરે મારે તે નોકરી છોડી દેવાની ફરજ પડી. ( રાજસેવા ).

---

૧ આ કોઈ દેશ છે, પણ નથી તે **આનંદપુર** ( ધનશેખરના પિતાનું ગામ ) કે નથી તે **જયપુર** ( ધનશેખરના સાસરાનું ગામ ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે દીવાની ખાતામાં રાજ્યની નોકરી મને લાભદાયી ન નીવડી ત્યારે હું લશ્કરમાં જોડાયો તો તરત જ મોટી ભયંકર લડાઇ શરૂ થઇ ગઇ અને મારે લડવા જવું પડ્યું. આખરે લડાઇમાં મારે સ્વામીની પ્રસન્નતા ખાતર મારા શરીરપર હથિયારોના અને મારના અનેક ઘા સહન કરવા પડ્યા અને દુઃખી શરીરે મારે આખરે લશ્કરી નોકરી છોડવાનો વખત આવ્યો. **( લશ્કરી નોકરી ).**

ત્યાર પછી મેં બળદનું વાહન કર્યું એટલે બળદ ગાડી કરી એક સ્થાનેથી બીજા સ્થાનપર સામાન કે માણસોને લઇ જવા લાવવાનો અને તેમ કરી ભાડાનો ધંધો કરવા માંડ્યો તો ઢોરોમાં ખરવાનો વ્યાધિ ફાટી નીકળ્યો અને મારા સર્વ બળદો તેમાં મરી ગયા. **( ભાટકકર્મ ).**

ત્યાર પછી ગધેડાઓનો મોટો જથ્થો એકઠો કરીને તેના ઉપર માલ લાદી સોદાગરનો ધંધો મેં કરવા માંડ્યો, મારો ઇરાદો એક દેશથી બીજા દેશ સાથે વ્યવહાર ચલાવવાનો અને વેપાર કરવાનો હતો અને તેમ કરીને જ્યારે મોટો સાથ એકઠો કરી વેપાર કરવા લાગ્યો ત્યારે ચોરોએ અમારા સાથ ઉપર તૂટી પડી અમારૂં સર્વસ્વ લુટી લીધું અને વેપારને ધૂળધાણી કરી નાખ્યો. **( વેપાર ).**

JAINSITE .com जैनम् जयति शासनम्

મારી એવી અનેક બાબતોમાં નિષ્ફળતા થતી જોઇ હું ગૃહસ્થને ઘરે ચાકરીએ રહ્યો અને તેની અનેક પ્રકારની સેવા કરવા લાગ્યો, છતાં મારી ચાકરીના બદલામાં તે મારા ઉપર ગુસ્સે જ થાય અને ખાવાપીવાનું આપે નહિ તેમ પગાર પણ આપે નહિ. આખરે મારે ગૃહસ્થની ચાકરી છોડવાનો વખત આવ્યો. **( ચાકરી ).**

પછી વળી કોઈ વાણીઆની નોકરીએ વહાણ ઉપર ચડ્યો. પરદેશ સાથે વ્યાપાર કરવા સારૂ વહાણવટું કરવા માંડ્યું અને વહાણ પરદેશ ચાલ્યા, પણ મારા કર્મસંજોગે એ વહાણ દરિયામાં ડૂબી ગયું અને વહાણમાંની સર્વ વસ્તુઓ દરિયામાં ગઇ. મારા હાથમાં પાટિયું આવી જવાથી હું બચી ગયો અને વહાણવટામાં પણ મને જરાએ સફળતા મળી નહિ. **( વહાણવટું ).**

વહાણમાંથી દરિયામાં પડ્યો અને પાટીઉં હાથમાં આવતાં તરવા લાગ્યો તે તરતો તરતો રોધનદ્વીપે[1] આવી પહોંચ્યો અને ત્યાં જમી-

---

૧ સમુદ્રમાં વચ્ચે વચ્ચે બેટ હોય છે તેમાં કેટલાક **રોધનદ્વીપો** કહેવાય છે, સમુદ્રમાંથી તણાઇ આવતાને અટકાવે છે તેથી તેને રોધનદ્વીપો કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમાંથી કાંઇ મળશે એમ ધારી જમીન ખોદવા લાગ્યો પણ મારા હાથમાં તો ધૂળ જ આવી. ( ખાણ ).

ત્યાર પછી વળી કોઇ રાજાને મળીને તેની રજા લઇ મેં ધાતુવાદ ( સોનું રૂપું રસાયણથી બનાવવાનો પ્રયત્ન ) આદર્યો અને તે દ્વારા ધન કમાવાનો મેં પ્રયાસ કર્યો. પાષાણો વડે, [1]મૂળીઆઓ વડે, માટી વડે અને પારાને મારીને તે ઉપર કેટલાએ પ્રયોગો કર્યા, અને તેની પાછળ દિવસો કાઢ્યા પણ મારા હાથમાં તો સોનાને બદલે ખારો આવ્યો, કોઇ પણ પ્રકારનો લાભ થયો નહિ અને ઉલટી મહેનત માથે પડી. ( ધાતુવાદ ).

ત્યાર પછી ધન કમાવાની ઇચ્છાથી હું અનેક પ્રકારનું જુગટું રમવા લાગ્યો પણ તેમાં પણ મને જુગટીઆઓએ જીતી લીધો અને મને બાંધી માર મારીને મારાં હાડકાં ખોખરાં કર્યાં. ( જુગટું ).

મહા મુસીબતે જુગટીઆઓ પાસેથી છૂટીને હું વળી કોઇ મહાત્મા પુરૂષને મળ્યો અને તેની પાસેથી [2]રસકુપિકા કેવી રીતે પ્રાપ્ત થાય છે તે શીખી તેનું પુસ્તક લઇને રાત્રે હું રસકુપિકાવાળી ગુફામાં દાખલ થયો અને જ્યાં રસ લેવાનો પ્રયત્ન કરૂં છું ત્યાં તો પોતાનું મોટું પૂંછડું ઉછાળતો અને ભયંકર ગર્જના કરતો સિંહ આવી પહોંચ્યો, તેના ભયથી મને ઘણો ત્રાસ થયો અને મહા મુસીબતે હું ત્યાંથી નાસી છૂટ્યો, માત્ર મરી ન ગયો [3]એટલું સદ્‌ભાગ્ય! ( રસસિદ્ધિ ).

અહો અગૃહીતસંકેતા! તને હું કેટલી વાત કરૂં! તે વખતે ધન એકઠું કરવાની ઇચ્છાથી મેં અનેક પ્રકારનાં પાપકર્મો આદર્યાં, અનેક ધંધાઓ કર્યા, પણ મારી સાથે પુણ્યોદય નહોતો તેથી દરેક બાબત મને ઉલટી જ પડવા લાગી અને દરેકમાં હું લાભને બદલે કાંઇ કાંઇ મુશ્કેલીમાં જ પડવા લાગ્યો. પુણ્યોદય વગર મારા એવા હાલ થયા કે મને ઘણી સખ્ત ભૂખ લાગી હોય તો પણ મને કોઇ ભીખ પણ

---

૧ મૂળીઆનો ઉપયોગ ધાતુવાદમાં ઘણો થાય છે.

૨ **રસકૂપિકાઃ** રસનો કૂવો હોય છે, તે ઉઘડે છે અને દેવાય છે. તેના સર્વ કલ્પો તેનાં પુસ્તકમાં હોય છે. એ પુસ્તક બહુ જરૂરી છે. રસકૂપીનો રસ શરીર પર પડે તો તે ગળી જાય છે, લોઢાપર પડે તો તેનું સોનું થઈ જાય છે—આવી તેના સંબંધી માન્યતા હતી.

૩ ગુજરાતીમાં કહેવત છે કે ' નિર્ભાગી માણસ છાશ લેવા જાય તેની ભેંસ મરી જાય ' એવી વાત ધનશેખરને થઇ. ભાગ્ય વગર ગમે તેટલો ઉદ્યમ કરવામાં આવે તેનું કાંઇ ફળ થતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન આપે. આવી મારી સ્થિતિ થઇ. જ્યારે દરેક બાબતમાં મને આવી રીતે નાસીપાસી જ મળવા લાગી ત્યારે મને ઘણું જ લાગી આવ્યું અને પછી તો હવે કાંઇ કામ કરવું નહિ એવો નિર્ણય કરી સર્વ પ્રકારનાં કામોથી હું નિવૃત્ત જ થઇ ગયો અને હાથ પગ જોડીને બેસી રહ્યો.

## સાગરનો ઉપદેશ.

જ્યારે મેં કામધંધો છોડી દીધો ત્યારે વળી મારો સાગરમિત્ર પ્રગટ થઇ મને કહેવા લાગ્યો–મને ઉત્સાહ આપવા લાગ્યો “ભાઇ ધનશેખર! તને હું તારૂં હિત થાય તેવો ઉપદેશ[1] આપું છું, તે તું બરાબર ધ્યાન રાખી સાંભળ.

न विषादपरैरर्थः, प्राप्यते धनशेखर !।
अविषादः श्रियो मूलं, यतो धीराः प्रचक्षते ॥

“હે ધનશેખર! જે પ્રાણીઓ કંટાળો પામી જાય છે તેમને ધન (કદિ) મળતું નથી, તેથી સમજુ માણસો કહે છે કે કોઇ પણ બાબતથી કંટાળવું નહિ એ જ ધન એકઠું કરવાનું મૂળ છે.’

“તેટલા માટે મરદ માણસે તો હમેશાં કંટાળો તજી દઇને ભાગ્ય ગમે તેવું પ્રતિકૂળ લાગે તો પણ પુરૂષાતન વાપરીને પૈસા કમાવા યત્ન કરવો એ જ તેની ખરી મરદાનગી છે અને તેથી જ તેને લાભ મળે છે, બેસી રહેવાથી કે બીજી કોઇ રીતે સાચો લાભ મળતો નથી, માટે ગમે તેમ કરીને પુરૂષાતન તો બરાબર બતાવવું. તને કેટલી વાત કહું? પૈસા તો મેળવવા જ યોગ્ય છે; અને તે જરૂર પડે તો ખોટું પણ બોલીને, બીજાની પાસેથી ચોરી પણ કરીને, મિત્રનો દ્રોહ પણ કરીને, પોતાની સગી માતાને પણ જરૂર પડે તો મારી નાખીને, પિતાનું પણ ખૂન કરીને, સગા ભાઇનો પણ ઘાત કરી દઇને, સગી બહેનનો પણ નાશ કરીને, સગાઓનો પણ વિનાશ કરીને અને સર્વ પ્રકારનાં પાપો પણ કરીને ગમે તે પ્રકારે પુરૂષે પૈસા તો પેદા કરવા જ, કમાવા જ અને એકઠા પણ કરવા જ. ધનનો મહિમા આ દુનિયામાં કાંઇ ઓર પ્રકારનો છે! ધનવાન્ માણસે ગમે તેવાં પાપો કર્યાં હોય તો પણ ધનના મહિમાથી તે લોકોમાં પૂજાય છે, લોકો તેની સેવાચાકરી

૧ અહીં **સાગર** હિતનો ઉપદેશ આપે તે તેની નજરથી સમજવાનો છે. સર્વ પોતપોતાની ચલાવે છે અને **સાગરનું હિત આવા ઉપદેશની સફળતામાં રહેલું છે એ સ્પષ્ટ છે.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉડાવે છે, સગાસંબંધીઓ તેની ફરતા વીંટળાઇ વળે છે, ભાટચારણો તેના વખાણ કરે છે, મોટા મોટા ભણેલા અને વિદ્વાન માણસો પણ તેને બહુમાન આપે છે, અત્યંત વિશુદ્ધ ધર્મીષ્ટ માણસો કરતાં પણ તેને વધારે ધર્મી ગણવામાં આવે છે. આવી ધનની સ્થિતિ છે, માટે ભાઇ ધનશેખર ! તું સર્વ પ્રકારની દીલગીરી છોડી દે, ધીરજ ધારણ કર અને ફરીથી પણ પૂરતો ઉત્સાહ રાખીને ધન કમાવવાના કામમાં ઉદ્યમ કર. તું મારી શક્તિ બરાબર જોઇ લે અને હું તને ઉપદેશ આપું છું-સલાહ આપું છું તે પ્રમાણે કર."

### ઉપદેશ અનુસરણ.
### પ્રયત્નનો આદર.
### પણ અંતે નિષ્ફળતા.

દુરાત્મા સાગરમિત્રે આ પ્રમાણે મને પાપોપદેશ આપ્યો, વારંવાર પ્રેરણા કરી ત્યારે વળી અગૃહિતસંકેતા ! મેં પાછાં ફરીવાર અનેક પ્રકારનાં આરંભ સમારંભો કર્યાં, નવા નવા વેપાર કરવા માંડ્યા અને નવાં નવાં પાપ કરવામાં મારી બુદ્ધિ પ્રેરી અને મનને ઉશ્કેરણી થવાથી અનેક પ્રકારની દુર્બુદ્ધિને લઇને પાપકાર્યો કરવા લાગ્યો. મને એ સાગર જે હુકમ આપે તેનો વિચાર ન કરતાં તે જેમ કહે અને જે કહે તેમ તે સર્વ કામો કરવા લાગ્યો, ધંધાઓ આદરવા લાગ્યો, વ્યવસાયો કરવા લાગ્યો અને પાપોને પોતાનાં માનવા લાગ્યો. આવી રીતે અનેક પાપો કર્યાં, આરંભો માંડ્યાં અને છટકાંઓ શોધ્યાં, પણ મને એક ફૂટી દમડી પણ મળી નહિ, કારણ કે મારો પુણ્યોદય મિત્ર ક્યારનોએ મારાથી રીસાઇને દૂર ગયો હતો. આવી રીતે પ્રયત્નો નિષ્ફળ ગયા, ઉદ્યમ ધૂળધાણી મળ્યા અને આશાઓ નિરાશાઓમાં ફેરવાઇ ગઇ, અન્નને અને દાંતને વેર થવા માંડ્યું, છતાં પુણ્યોદયરહિત મિથ્યા અભિમાનમાં તણાઇને મારા સસરા [1]બકુલને ત્યાં પણ હું ગયો નહીં.

### યૌવન મિત્રનું જોર.

મારી આવી કઠણ અવસ્થા હતી અને હું અત્યંત કફોડી સ્થિતિમાંથી પસાર થતો હતો ત્યારે પણ મૈથુન નામનો મારો મિત્ર પોતાના યૌવન મિત્રની સાથે રહી મારો કેડો મૂકતો નહોતો અને મને વારંવાર અનેક પ્રકારની પ્રેરણા કર્યા કરતો હતો, મને ઉશ્કેર્યા કરતો હતો, પણ હું તો તદ્દન નિરધનીઓ થઇ ગયો હતો અને મારો પુણ્યોદય મિત્ર

૧ જયપુર નગરે. ધનશેખરનો સસરો. અભિમાનથી ધનશેખર બાપને કે સાસરાને ઘરે ગયો નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદાય થઇ ગયો હતો તેથી કોઇ સારી સ્ત્રી તો મારી સામું પણ જોતી નહોતી, અરે સારી સુંદરી તો શું પણ કાણીકુબડી સ્ત્રી પણ મારા સામી નજર પણ કરતી નહોતી. આ પ્રમાણે મૈથુનની ઇચ્છા–પ્રેરણા ચાલ્યા કરે પણ સ્ત્રીસંયોગ થાય જ નહિ તેથી મારૂં મન અંદરથી નિરંતર બળ્યા કરતું હતું, પણ પુણ્યોદય વગર મારી હોંસ કે ઇચ્છા કદિ પાર પડતી નહિ.

આવી રીતે ધનની ઇચ્છાથી અને મૈથુનની પ્રેરણાથી હું અનેક દેશમાં રખડ્યો અને અનેક પ્રકારનાં દુઃખો મેં સહન કર્યાં. સર્વ ઠેકાણે મને તદ્દન નાસીપાસી અને નિષ્ફળતા જ મળ્યાં અને મારી અભિલાષાઓ જરા પણ પૂરી થઇ નહિ.

---

# પ્રકરણ ૯ મું.

## ઉત્તમ સૂરિ.[1]

### કથાનક ઉપોદ્ઘાત.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

આનંદનગરે ઉત્તમસૂરિ.
હરિરાજાની પ્રશ્નવિચારણા.
સૂરિમહારાજથી શંકાસમાધાન.

હરિકુમાર હવે આનંદનગરના રાજા બની અનેક પ્રકારના આનંદ ભોગવે છે, મયૂરમંજરી સાથે સુખ માને છે અને રાજ્યકાર્ય કુશળતાથી કરે છે. એક વખત અનેક ગુણરત્નની ખાણ ઉત્તમસૂરિ નામના આચાર્ય મહારાજ આનંદનગરે પધાર્યા, તેમની સાથે અનેક મહાત્માઓનો મોટો સંઘ ( સમૂહ ) આવ્યો હતો અને સર્વ નગર

---

૧ આ વાર્તા ચાલે છે તે વખતે **ધનશેખર** **આનંદનગરે** આવ્યો હોય તેમ જણાતું નથી છતાં **સંસારીજીવ** તરીકે તે વાર્તા તેણે કેમ જાણી તે વાત કહેવી રહી ગઇ હોય એમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહાર મનોહર બગિચામાં ઉતર્યા હતા. **હરિકુમારને** એ મહાત્મા આચાર્યના આગમન સમાચાર મળતાં ઘણો આનંદ થયો અને મોટા આડંબરથી તેમને વંદન કરવા પોતે ચાલી નીકળ્યો. આચાર્યશ્રીને વિધિપૂર્વક વંદન કરી સર્વ સાધુઓને નમી સુખશાતા પૂછી **હરિરાજા** શુદ્ધ જમીન પર બેઠો અને તેની સાથે તેનો આખો પરિવાર પણ મહાત્માશ્રીની સુંદર વાણી સાંભળવા ઉત્સુક થઇ જમીન પર બેઠો. આચાર્ય મહારાજે સર્વને યોગ્ય, સમજી શકાય તેવી અમૃતના રસ જેવી સુંદર દેશના આપી જે સાંભળી સર્વ પ્રાણીઓને ઘણો આનંદ થયો.

સહજ જિજ્ઞાસા.

મહારાજા **હરિ** નરેન્દ્ર સદરહુ દેશના સાંભળીને પોતાના મનમાં બહુ જ આનંદ પામ્યો અને તેનું ચિત્ત ઘણું જ રંજન થઇ ગયું. તેને જણાયું કે સૂરિ મહારાજનું જ્ઞાન સૂક્ષ્મ પદાર્થોને પણ સારી રીતે દર્શાવનારૂં છે, [1]વ્યવધાનવાળા પદાર્થો પણ તેમને સ્પષ્ટ છે, ભૂતકાળમાં બની ગયેલા અને ભવિષ્યમાં બનવાના ભાવો પણ તેમના જ્ઞાનનો વિષય છે–રાજાની આ પ્રમાણેની ખાત્રી થતાં તેણે વિચાર્યું કે **ધનશેખર** પોતાનો ખાસ અંતરંગ મિત્ર હોવા છતાં શાં કારણે એણે પોતાને દરિયામાં નાંખી દીધો? **ધનશેખર** અને પોતે તો અગાઉ ખાસ ઇષ્ટ મિત્ર હતા છતાં એક ક્ષણમાં તેણે એવું કામ કેમ કર્યું? અને પેલો દેવ કોણ હતો? એ ક્યાંથી આવ્યો? અને તેને શા માટે ઉછાળીને તેણે સમુદ્રમાં અફાળીને નાંખ્યો? અને એ પોતાનો મિત્ર **ધનશેખર** જીવતો હશે કે મરી ગયો હશે? વિગેરે વિગેરે–આ પ્રસંગે એ આખો બનાવ **હરિરાજાના** ધ્યાનમાં આવી ગયો.[2]

જિજ્ઞાસાતૃપ્તિ.

રાજા હજુ તો આ સર્વ બાબત મનમાં વિચારે છે ત્યાં જ્ઞાનથી તેની સર્વ વિચારણા જાણી લઇને (પૂછ્યા વગર) આચાર્ય મહારાજ **ઉત્તમસૂરિ** તેને કહેવા લાગ્યા "રાજન્! તારા મનમાં એ પ્રશ્ન થયો છે કે એ તારો મિત્ર તારા ઉપર ઘણો પ્રેમવાળો હોવા છતાં તને શા કારણે

---

૧ **વ્યવધાનવાળા પદાર્થો:** જેની વચમાં આડો પડદો આવ્યો હોય અથવા અતિ દૂર રહેલા હોય તેવા પ્રસંગો.

૨ જ્યારે ભૂતભાવી જાણનાર ગુરૂનો યોગ થયો ત્યારે પોતાને લગતી બાબતો મનના ચિત્રપટ પર ખડી થઇ ગઇ. દેવને વિજ્ઞપ્તિ કરી છતાં **ધનને** એણે કેમ ડૂબાડ્યો? એનું શું થયું હશે? એનાં એવાં વિચિત્ર વર્તનનું કારણ શું હશે? એ સહજ પ્રશ્ન મનમાં થઈ આવ્યાં.

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે દરિયામાં નાંખી દીધો ? તેનો જવાબ સાંભળઃ—એ ધનશેખરને બે અંતરંગ મિત્રો છે તેઓનાં નામ અનુક્રમે સાગર અને મૈથુન છે. તે બન્નેનો આ સઘળો વાંક છે, એ બાપડાનો પોતાનો એમાં કાંઇ પણ દોષ નથી, વાંક નથી, ગુન્હો નથી. એ ધનશેખર પોતે જાતે તો [1]સારો છે, ભલો છે અને સુંદર છે, પરંતુ એના પેલા પાપી મિત્રો એને તદ્દન ઉલટાવી નાખે છે, ખરાબ કરે છે અને તેમની અસર એ ધનશેખરપર ઘણી થાય છે. પેલા લુચ્ચા મૈથુનમિત્રે એનામાં તારી પત્ની મયૂરમંજરી સાથે ભોગ ભોગવવાની બુદ્ધિ ઉત્પન્ન કરી અને સાગરમિત્રે તારૂં આખું રત્નથી ભરેલું વહાણ પચાવી લેવાની મતિ ઉત્પન્ન કરી. આવી રીતે એ બન્ને મિત્રોએ એના મનમાં ખોટી બુદ્ધિ ઉત્પન્ન કરી તેને લઇને ધનશેખરે તને દરિયામાં પાડી નાખ્યો. તેના આવા અતિ અધમ અને મિત્રનાં પ્રેરેલાં કૃત્યથી સમુદ્રનો અધિપતિ દેવ તેના ઉપર ઘણો ગુસ્સે થયો. તેણે તારૂં રક્ષણ કર્યું અને ધનશેખરને સમુદ્રને તળીએ ડૂબાવી દીધો. એના નસીબે એ મરી ન ગયો અને આખરે તરીને ઉપર આવ્યો. ત્યાર પછી પેલા બન્ને મિત્રો (સાગર અને મૈથુન) એને અનેક દેશોમાં રખડાવે છે, અનેક પ્રકારની હેરાનગતિઓ કરે છે અને ત્રાસ આપે છે."

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

### પાપમિત્રોના વિયોગનો ઉપાય.
### રાજપ્રશ્ન અને સૂરિ પ્રત્યુત્તર.
### બ્રહ્મરતિ અને મુક્તતા કન્યાઓ.
### લગ્નસંબંધથી પાપમિત્રોપર જય.

[2]ચાર જ્ઞાનથી યુક્ત મહાત્મા મુનિ ઉત્તમસૂરિએ આ પ્રમાણે હકીકત જણાવી ત્યારે હરિરાજાના મનમાં મારા (ધનશેખરના) દુષ્ટ ચરિત્ર સંબંધી ખુલાસો થયો અને એને મુનિમહારાજના અપૂર્વ જ્ઞાન માટે મોટું માન થયું. પોતે શુદ્ધ અને વિશાળ હૃદયવાળો હોવાથી એને મારા દુષ્ટ ચરિત્ર સંબંધી ખ્યાલ પણ ન આવ્યો પણ મને કલેશ થયો તેને લઇને ઉલટી દયા આવી અને 'અરેરે! બાપડો ધનશેખર તો મોટા

વિશાળતા.

---

૧ આ સંબંધમાં હરિરાજા ફરીવાર સવાલ પૂછશે ત્યારે વધારે ખુલાસો થશે. જુઓ પૃ. ૧૫૫૬.

૨ ચોથા મનઃપર્યવજ્ઞાનથી સામાના મનના વિચારો જાણી શકાય છે. જ્યારે પાંચમું કૈવલ્યજ્ઞાન થાય ત્યારે તો સર્વ ભાવો જાણી શકાય છે.

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

દુઃખમાં આવી પડ્યો !' એવો ઉદ્‌ગાર તેના મુખમાંથી નીકળી પડ્યો. સુંદર બુદ્ધિવાળા અને કરૂણાયુક્ત ચિત્તવાળા હરિકુમારે ત્યાર પછી મુનિરાજને પ્રેમપૂર્વક પ્રણામ કરીને પૂછ્યું “મહારાજ ! ત્યારે એ મારો મિત્ર ધનશેખર ક્યારે એ બન્ને પાપી મિત્રોથી છૂટો પડશે ? અને એમ થઇને એ તદ્દન સુખી ક્યારે થશે તે આપ મને કહો.”

બે કન્યાઓ.

હરિરાજાનો સવાલ સહેતુક હતો અને તદ્દન સ્પષ્ટ હતો. ઉત્તમસૂરિએ તુરત જ મધુર વાણીએ જવાબ આપ્યો કે “રાજન્ ! તારા સવાલનો જવાબ હું કહું છું તે તું જરા વિશાળ બુદ્ધિથી સમજી લેજે. એક [1]**શુભ્રચિત્ત** નામનું મોટું નગર છે, એ નગરમાં ત્રણ ભુવનને આનંદ આપનાર **સદાશય** નામનો રાજા છે. એ રાજાને લોકોમાં બહુ સારી રીતે પ્રસિદ્ધિ પામેલી **વરેણ્યતા** નામની મહારાણી છે. એ વરેણ્યતા રાણીથી રાજાને બે દીકરી થયેલી છે. એકનું નામ **બ્રહ્મરતિ** છે અને બીજીનું નામ **મુક્તતા** છે. એ બન્ને દીકરીઓ અત્યંત સુંદર, રૂપાળી, અનુપમ લોચનવાળી અને ગુણનો ભંડાર છે, તે બન્ને એટલી સારી છે કે તેના ગુણનું સંપૂર્ણ વર્ણન કરવાને કોઇ શક્તિમાન્ થઇ શકે નહિ.

બ્રહ્મરતિ.

“હે રાજન્ ! એ બન્નેમાં જે પ્રથમ દીકરી **બ્રહ્મરતિ** નામની છે તે એટલી પ્રતાપી છે કે તે પવિત્ર સાધ્વી જે કોઇ પ્રાણીની સામું આનંદ નજરથી જુએ છે તે પ્રાણી પણ ઘણો પવિત્ર ગણાય છે અને લોકો તેને પવિત્ર કહીને બોલાવે છે. એ બ્રહ્મરતિ સ્થૂળ આનંદથી દૂર રહેનારી છે, સર્વ પ્રકારના ગુણનો આધાર છે અને મોટા મોટા યોગીઓ પણ એને નમસ્કાર કરે છે અને એના તરફ હૃદયપૂર્વક પૂર્ણ પૂજ્યબુદ્ધિએ અને આદરની નજરે જુએ છે. વળી એ રાજતનયા અનંતવીર્ય ( શક્તિ )ને આપનારી છે અને દુનિયામાં તેની તેવા પ્રકારની પ્રસિદ્ધિ છે. પેલો ધનશેખરનો જે મિત્ર થઇને અત્યારે રહેલો છે અને દુનિયામાં મૈથુનના

---

૧ **શુભ્રચિત્ત** એટલે વિશુદ્ધ મન. તેમાં સુંદર આશયો થાય તેને રાજાનું નામ આપ્યું અને તેમાં શુદ્ધપણાને રાજાની રાણી બનાવી. બ્રહ્મચર્યમાં પ્રેમ તે તેની પ્રથમ દીકરી અને લોભનો ત્યાગ તે બીજી દીકરી. હકીકત સ્પષ્ટ છે. આની સાથે સરખાવો ત્રીજા પ્રસ્તાવમાં **ચિત્તસૌંદર્ય** નગરની યોજના ( પ્ર. ૩. પ્ર. ૨ ) ચોથામાં **શુભ્રમાનસ** નગર ( પ્ર. ૪. પ્ર. ૩૯ ) અને પાંચમામાં **વિશદમાનસ** નગર ( પ્ર. ૫. પ્ર. ૨૧ ) આંતર યોજના એક સરખી છે અને આ નગરો લગભગ સરખા છે. આશયફેરે નામ માત્ર ફરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામથી ઓળખાય છે તેની તે ખરેખરી મોટી દુશ્મન છે અને તેનો સંપૂર્ણ નાશ કરનારી છે. એ બ્રહ્મરતિને અને મૈથુનને સ્વભાવથી જ દુશ્મનાઇ છે, આથી બ્રહ્મરતિને અને તેને જરા પણ સહવાસ હોતો નથી. સર્વ ગુણાધાર યોગીવંદ્ય રાજતનયા આવી રીતે સતત આનંદ-કેલિમાં રમણ કરતી જોવામાં આવે છે.

મુક્તતા.

"અને રાજન્! એ બન્નેમાં બીજી મુક્તતા નામની દીકરી છે તે પણ સર્વ ગુણોનું મંદિર છે અને સર્વ દોષોનું એકદમ શોષણ કરાવી નાખે તેવી હોવાથી સ્વાભાવિક રીતે એને ધનશેખરના મહા પાપી ઇષ્ટ મિત્ર સાગરની સાથે મોટો વાંધો છે અને બન્નેને જરા પણ બનાવ થતો નથી, બન્નેને હમેશા ઝગડો જ હોય છે. પરિણામ એનું એ થાય છે કે જ્યાં એ શુદ્ધધર્મના પૂર્ણ અવયવવાળી મુક્તતા કન્યાને તે પાપાત્મા સાગર જુએ છે કે એ ભાઇશ્રી દૂરથી જ નાસી જાય છે.

લગ્નાનંદ.

"આ પ્રમાણે હકીકત હોવાથી જ્યારે એ બન્ને કન્યા એ તારા ધનશેખરમિત્રને મળશે ત્યારે એના પેલા બન્ને પાપી મિત્રોથી છૂટકો થશે એમાં જરા પણ શંકા જેવું નથી. પછી જ્યારે એ કન્યાઓ સાથે એના લગ્ન થશે ત્યારે અત્યંત આનંદપૂર્વક તેમની સાથે એ ધનશેખર ક્રીડા કરશે, સુખ ભોગવશે અને લહેર ઉડાવશે-એ વખતે તે અનંત આનંદ ભોગવવાને ભાગ્યશાળી થશે."

પ્રાપ્તિ ઉપાય.

હરિરાજાએ આ પ્રમાણે હકીકત સાંભળી ત્યારે કોઇ કાળે પણ ધનશેખર આનંદનું ભાજન થશે એ હકીકત જાણી તેને આનંદ થયો, પણ તે કન્યા કેવી રીતે મળશે એ હકીકત તેના લક્ષ્યમાં આવી નહિ. જાતે ખરેખરો સજ્જન હોવાથી તેના મનમાં એમ થયું કે ધનશેખર મળી જાય તો તેને એ બન્ને કન્યા પરણાવી દઉં, પણ એ કન્યા કેવી રીતે મળે તેની પોતાને ખબર નહોતી એટલે વળી હાથ જોડી મસ્તક નમાવી અત્યંત ભાવપૂર્વક નમસ્કાર કરતાં મુનિ મહારાજને તેણે પૂછ્યું "મહારાજ! આપે બન્ને કન્યાઓની વાત તો ઘણી સારી કરી, પણ ગુણસમૂહથી ભરપૂર અને પાપી મિત્રોની સાથે સર્વદા વિયોગ કરાવનાર એ બન્ને કન્યાઓ કેવી રીતે ધનશેખર મેળવી શકે? તે પણ આપ કૃપા કરીને જણાવો."

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ઉપાય દર્શન.

વિનયી રાજાનો આવો સીધો પણ મુદ્દાસરનો સવાલ સાંભળીને ઉત્તમસૂરિએ જવાબ આપ્યો "રાજન્! અંતરંગમાં રહેલ કર્મપરિણામ મહારાજા જેણે પોતાના પ્રતાપથી આખા ભુવનને વશ રાખ્યું છે તે તારા જેવા સમજુ માણસોને તો જાણીતો છે. અતિ બળવાન્ એ મહારાજા પોતાની કાળપરિણતિ મહારાણી સાથે ભવિષ્યમાં કોઇ પણ વખતે જો તારા મિત્ર ધનશેખર ઉપર પ્રસન્ન થઇ જાય તો પછી તે પોતાના હાથ-નીચેના શુભ્રચિત્ત નગરના રાજા સદાશયને કહીને તેની પાસે તેની બન્ને દીકરીઓ તારા મિત્રને અપાવી શકે. ભવિષ્યમાં કોઇ કાળે તેમ બની આવશે. મતલબ કર્મપરિણામ મહારાજાની જ્યારે પ્રસન્નતા થશે ત્યારે ભવિષ્યમાં તારા મિત્રને એ બન્ને કન્યાઓ મળશે અને જ્યારે એમ બનશે ત્યારે તારો તે મિત્ર પરમ સુખ પ્રાપ્ત કરશે, તેની મજામાં ઘણો વધારો થઇ જશે અને તે ગુણનું ભાજન થશે. રાજન્! એ કન્યા પ્રાપ્ત કરવાનો બીજો ઉપાય નથી, માટે હવે તું તે સંબંધી આકુળતા છોડી દે."

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**ધનશેખર સ્વરૂપે અને સંસર્ગે.**
**બે પ્રકારના લોકો અને તેમના દોષો.**
**વિશિષ્ટ કથા કહેવાની પ્રસ્તાવપ્રાપ્તિ.**

સૂચક પ્રશ્ન.

મુનિ મહારાજનો આવો જવાબ સાંભળીને હરિકુમારને મોટે માટે ચિંતા દૂર થઇ. ત્યાર પછી વળી તેણે એક ઘણો જ અર્થસૂચક સવાલ મુનિરાજને પૂછ્યો "મહારાજ! આપે હમણા જણાવ્યું કે એ ધનશેખરે એવું ભયંકર કર્મ કર્યું અને પાપી આચરણ ચલાવ્યું તેનું કારણ તેના પેલા પાપી મિત્રોની પ્રેરણા હતી, બાકી એ ધનશેખર સ્વરૂપે તો ઘણો સારો છે, ભદ્રક છે—તો મારા મનમાં એક એવો સવાલ થાય છે કે સાહેબ! વળી પ્રાણી જાતે નિર્મળ હોય છતાં પારકાના દોષોથી પણ દુષ્ટ થાય ખરો?"

ઉત્તરમાં કથા.

સૂરિમહારાજે જવાબ આપતાં જણાવ્યું કે "મહારાજ! જાતે નિર્મળ પ્રાણી પારકા દોષોથી પણ દુષ્ટ થાય છે. તેનું કારણ સાંભળ. લોક બે પ્રકારના છે: એક અંતરંગ અને બીજો બહિરંગ (એક અંદરનો અને બીજો બહારનો.) બહિરંગ લોકના દોષો પ્રાણીને લાગે અથવા ન પણ લાગે, બાકી અંતરંગ લોકના દોષો તો જરૂર લાગે જ છે. હવે એ અંતરંગ

લોકના દોષો કેવા હોય છે અને તે દોષો કેવી રીતે લાગે છે તે સંબંધમાં તારી પાસે એક વાર્તા કહી સંભળાવું જે ઉપરથી તારા લક્ષ્યમાં આ સર્વ બાબત આવી જશે; તું બરાબર ધ્યાન આપીને હું એક કથાનક કહું છું તે સાંભળ."

### કથા કથન વિજ્ઞપ્તિ.

કથા સાંભળતાં પોતાની શંકાનો નિર્ણય થશે અને હૃદયનો ખુલાસો થશે તેમ જ આચાર્યની વાણી સાંભળવાનો લાભ મળશે એમ જાણી રાજા બહુ ખુશી થયો અને આચાર્યશ્રીને કથાનક કહેવા વિજ્ઞપ્તિ કરી.

## પ્રકરણ ૧૦ મું.

### ષટ્પુરૂષ કથાનક.

JAINSITE .com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

[1]ઉત્તમસૂરિ મહારાજા હરિરાજા સમક્ષ કથાનક કહેવા લાગ્યા.—

### સામાન્ય અંતરંગ રાજ્ય.

રાજન્! તારા ધ્યાનમાં તો છે કે કર્મપરિણામ મહારાજા અને દેવી કાળપરિણતિને અનેક છોકરાંઓ છે. તેમને કોઇ ખરાબ માણસની નજર ન લાગી જાય તેટલા સારૂ અવિવેક વિગેરે રાજમંત્રીઓએ ઘરમાં સંતાડી રાખ્યાં છે. (દુનિયામાં તેને માટે એવી જ જાહેરાત કરી છે કે તે તદ્દન નિર્બીજ છે—વાંઝીઆ છે.)[2] હવે એ મહારાજા અને રાણી પાસે એક

૧ અહીંથી સાત પ્રકરણમાં આ અદ્ભુત ચરિત્ર કહ્યું છે. છ પુરૂષનું વર્ણન મૂળ **મહાનિશીથ** સૂત્રમાં આપેલું છે અને ત્યાર પછી લેખકોએ તેને જૂદી જૂદી રીતે ઘટાવ્યું છે. તત્ત્વાર્થભાષ્યમાં પણ તેનું વર્ણન છે. ક્ષેમંકર ગણિએ એક **ષટ્પુરૂષ ચરિત્ર** લખેલ છે તેના ભાષાંતરનો પણ આ લેખ લખતાં મેં ઉપયોગ કર્યો છે. ખાસ વાંચવા યોગ્ય ચરિત્ર છે. મો. ગિ.

૨ આ સંબંધી વિસ્તારથી હકીકત અગાઉ આવી ગઇ છે. જુઓ પ્ર. ૨. પ્ર. ૪. પૃ. ૨૭૫.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સિદ્ધાન્ત** નામનો મહાપુરૂષ છે; તે શુદ્ધ સત્ય વચન બોલનાર છે, સર્વ પ્રાણીસમૂહનું એકાંત હિત કરનાર છે, સર્વ પ્રાણીઓના ભાવો અને સ્વભાવોને બરાબર પીછાણનાર અને જાણનાર છે અને એ મહારાજા તથા મહારાણીના સર્વ અંદરના રહસ્યને, ગુપ્ત ભેદોને અને ખાનગી બાબતોના ઊંડાણોને બરાબર પૃથક્કરણ કરીને જાણનાર છે. એ સિદ્ધાન્ત[1] મહા પુરૂષને એક **અપ્રબુદ્ધ**[2] નામનો શિષ્ય છે, તેણે એક દિવસ પોતાના ગુરૂ મહારાજને સવાલ કર્યો તે પ્રસંગે તેઓ વચ્ચે નીચે પ્રમાણે ઘણી અગત્યની વાતચીત થઇ.

**સુખ દુઃખ કારણ-રાજ્ય.**
**એ રાજ્ય સર્વ પ્રાણીને હોય છે.**
**એ રાજ્ય અંતરંગમાં વ્યાપેલ છે.**

**અપ્રબુદ્ધ**—"ભગવન્! આ સંસારમાં પ્રાણીને કઇ વસ્તુ બહુ ગમે છે અને કઇ વસ્તુ બીલકુલ ગમતી નથી?"

**સિદ્ધાન્ત**—"ભદ્ર! પ્રાણીને 'સુખ' બહુ ગમે છે અને 'દુઃખ' બીલકુલ ગમતું નથી; એટલા માટે સર્વ પ્રાણીઓ સુખ મેળવવા પ્રવૃત્તિ કરે છે અને દુઃખથી દૂર નાસે છે."

**અપ્રબુદ્ધ**—"ભગવન્! ત્યારે એ સુખનું કારણ શું હશે? અને એ દુઃખનું પણ કારણ શું હશે?"

**સિદ્ધાન્ત**—"ભાઇ! સુખનું કારણ રાજ્ય છે અને દુઃખનું કારણ પણ તે જ રાજ્ય છે."

**અપ્રબુદ્ધ**—"ભગવન્! એક જ રાજ્ય સુખ અને દુઃખ બન્નેનું કારણ કેમ હોઇ શકે? એ વાતમાં દેખીતો વિરોધ લાગે છે!"

**સિદ્ધાન્ત**—"ભાઇ! એમાં જે વિરોધ લાગે છે તે માત્ર દેખીતો જ છે, વાસ્તવિક નથી. જો એ રાજ્યની સારી રીતે પરિપાલના કરી હોય તો તે સુખનું કારણ થાય છે અને જો તેની બરાબર પાલના ન કરી હોય અથવા તેની ખરાબ રીતે પાલના કરી હોય તો તે દુઃખનું કારણ થાય છે."

**અપ્રબુદ્ધ**—"ત્યારે મહારાજ! શું સુખદુઃખનું કારણ રાજ્ય જ છે, બીજું કાંઇ પણ કારણ નથી?"

---

૧ **સિદ્ધાન્તઃ** જૈન આગમનું રૂપક. એ કર્મના સર્વ રહસ્યને જાણે છે, મતલબ એ શુદ્ધ જ્ઞાન છે.

૨ **અપ્રબુદ્ધઃ** અંદર જ્ઞાન છે પણ હજુ અવરાયેલ છે. એ અવસ્થામાં ઘણા પ્રાણીઓ હોય છે. ગુરૂ અથવા આગમદ્વારા તેમની શંકાઓ દૂર થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધાન્ત—" હા ભાઇ ! સુખદુઃખનું કારણ એક રાજ્ય જ છે, બીજું કાંઇ પણ નથી."

અપ્રબુદ્ધ—"મહારાજ ! આપે આ વાત કહી તે તો ઉઘાડી રીતે વિરોધવાળી જણાય છે, કારણ કે આ દુનિયામાં બહુ જ થોડા પ્રાણીઓને રાજ્ય મળે છે અને સુખ અથવા દુઃખ અથવા બન્ને તો સર્વ જીવો અનુભવતાં હોય એમ દેખાય છે!"

સિદ્ધાન્ત—" ભાઇ ! સુખદુઃખનું કારણ રાજ્ય મેં તને કહ્યું તે બાહ્ય રાજ્ય તારે સમજવાનું નથી, રાજાનો કે રાજ્યનો બહારની ઉપર ઉપરની નજરે જે સંસારમાં વ્યવહાર થાય છે તેને અંગે મારો કહેવાનો આશય નથી, સુખદુખનાં કારણ તરીકે મેં જે રાજ્યની તને સૂચના કરી છે તે તો અંતરંગ રાજ્ય છે અને સંસારની અંદર વર્તતા સર્વ જીવોને તે રાજ્ય તો જરૂર જ હોય છે. તેથી જે જીવો એ અંદરના રાજ્યને સારી રીતે પાળે છે તેઓ સુખ અનુભવે છે અને જે જીવો એ અંદરના રાજ્યને સારી રીતે પાળતા નથી તેઓ દુઃખનો અનુભવ કરે છે અથવા તે રાજ્ય તેમના સંબંધમાં દુઃખ ઉત્પન્ન કરે છે. માટે મેં જે વાત કહી તેમાં ઉઘાડો વિરોધ છે એમ તને લાગ્યું તે વાત બરાબર નથી."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

અપ્રબુદ્ધ—" ત્યારે મહારાજ ! આપ જે અંતરંગ રાજ્ય કહો છો તે એક રૂપવાળું છે કે અનેક રૂપવાળું છે, એકસરખું છે કે જૂદા જૂદા પ્રકારનું છે?"

સિદ્ધાન્ત—" એ અંતરંગ રાજ્ય સામાન્ય રીતે એક રૂપવાળું છે એકસરખું છે અને વિશેષ પ્રકારે જોઇએ તો અનેક રૂપવાળું છે, જૂદા જૂદા પ્રકારનું છે."

અપ્રબુદ્ધ—" મહારાજ ! જો આપ કહો છો તેમ છે તો એ સામાન્ય રાજ્યનો રાજા કોણ છે? તે રાજાનો ખજાનો કયો છે? તે રાજાનું લશ્કરી બળ કયું છે? એ રાજાના તાબામાં દેશો કયા કયા છે? અને એ રાજાની પાસે બીજી કઇ રાજ્યસામગ્રી છે તે સર્વ સાંભળવા ઇચ્છા રાખું છું, તો આપ તે સર્વ કૃપા કરીને મને કહો, મારા સમજવામાં હજુ કંઇ વાત આવતી નથી."

### અંતરંગ રાજ્યના રાજા,
### કોશ, લશ્કર, ભૂમિ, દેશ,
### લુંટારા, ચોર, ધૃષ્ટતા આદિ.

**સામાન્ય રાજ્યવર્ણન.**

**સિદ્ધાન્ત**—" ભદ્ર ! તને એ હકીકત સ્પષ્ટ રીતે કહું તે સાંભળઃ–

(રાજા)…એ સામાન્ય રાજ્યનો રાજા **સંસારીજીવ** પોતે છે, સર્વ બાબતનો આધાર તેના ઉપર છે. અને આખા રાજ્યનો ભાર તેના ઉપર છે. સંસારીજીવને તેથી મહારાજા કહેવામાં આવે છે.

(કોશ)…એ સામાન્ય મહારાજ્યમાં શમ ( સમતા ), ધ્યાન, જ્ઞાન, વીર્ય વિગેરે અનેક સ્વભાવસિદ્ધ ( સ્વાભાવિક ) રત્નો છે અને એવાં શ્રેષ્ઠ ભાવરત્નોથી એ રાજ્ય પરિપૂર્ણ છે, એ તે મહારાજ્યનો મોટો ભંડાર છે.

(લશ્કર)…એ મહારાજ્યમાં ત્રણે ભુવનને આનંદ આપે તેવું અને ક્ષીરસમુદ્ર જેવું મહા નિર્મળ [1]ચતુરંગ બળવાન લશ્કર છે. એમાં ગંભીરતા, ઉદારતા, શૂરવીરતારૂપ મોટા મોટા રથો છે; એમાં સુંદર યશવિસ્તાર, સજ્જનતા, પ્રેમ વિગેરે મોટા મોટા હાથીઓ છે; એમાં બુદ્ધિનો વિસ્તાર, વાચાળપણું અને નિપુણતા વિગેરે ઘોડા છે; એમાં અચપળતા, ચિત્તની પ્રસન્નતા, પ્રશસ્ત મન હોવાપણું અને દાક્ષિણ્ય ( મરતબાપણું ) વિગેરે સુંદર પાળાઓ છે. ( ચતુરંગ લશ્કરમાં હાથી ઘોડા રથ અને પાળાઓ જે કાર્ય કરે છે તે આ મહાસૈન્યમાં ઉપર જણાવેલ લશ્કરીઓ કામ કરે છે. ગાંભીર્ય ઔદાર્ય અને શૌર્ય રથનું કામ આપે છે. જેમ રથમાં બેસીને મહારાજા અને બહાદુર હોદ્દેદારો લડવા જાય છે તેમ અત્ર ગાંભીર્યાદિ ગુણોના સંબંધમાં બને છે. જુલતા હાથીઓ લડવાનું અને કીલ્લા ભેદવાનું કાર્ય કરે છે તે કાર્ય મહાસૈન્યમાં યશ સૌજન્ય અને પ્રેમ કરે છે; તે જ પ્રમાણે ઘોડા અને પાળાઓ માટે વિચારી લેવું.) એ સંસારીજીવ નામના મહારાજનું ઘણું હિત કરનારા અને ચાર

૧ લશ્કરના ચાર અંગમાં હાથી, ઘોડા, રથ અને પાયદળ ગણવામાં આવે છે. આ રાજ્યમાં તે ચાર પ્રકારનું ( ચતુરંગ ) લશ્કર કયું છે તે સાથે જ બતાવ્યું છે, એનું વધારે વર્ણન પ્ર. ૪. પ્ર. ૩૬ માં આવેલું છે તે જુઓ ( પૃ. ૧૦૯૭ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખવાળા [1]**ચારિત્રધર્મ** નામે ત્યાં પ્રતિનાયક[2] પણ છે. આ પ્રતિનાયકનો સમ્યગ્દર્શન[3] નામનો સેનાપતિ છે અને [4]**સદ્બોધ** નામનો મંત્રી છે. વળી એ પ્રતિનાયક ચારિત્રધર્મ રાજાને [5]યતિધર્મ અને ગૃહિધર્મ નામના બે છોકરાઓ છે, સંતોષ નામનો તેનો તંત્રપાળ ( પ્રધાન ) છે અને શુભાશય વિગેરે ઘણા મોટા લડવૈયાઓ છે. સંસારીજીવે પોતાના સુંદર રાજ્યમાં આવું ચતુરંગ લશ્કર પ્રગટ કરેલું છે તે મોટા લશ્કરનું વર્ણન કરવું ઘણું મુશ્કેલ છે. કોઇ તેનું પૂર્ણપણે વર્ણન કરી શકે તેમ છે જ નહિ ! એ લશ્કર ઘણું સુંદર છે, અને ગુણસમૂહોથી ભરપૂર છે. રાજા પોતે જ્યારે તદ્દન વિમળ ( શુભ્ર-મેલ વગરનો ) થાય ત્યારે જ તેને તે જોઇ જાણી શકે છે.

(ભૂમિ)⋯એ મોટા રાજ્યની ભૂમિકા એક મહા અટવીમાં સ્થાપન કરવામાં આવી છે જે [6]**ચિત્તવૃત્તિના** નામથી ઓળખાય છે અને સર્વનો આધાર તેના ઉપર છે.

(દેશ)⋯એ ચિત્તવૃત્તિ અટવીમાં સાત્વિકમાનસપુર,[7] જૈનપુર,

---

૧ **ચારિત્રધર્મ** રાજા સંબંધી વર્ણન પ્ર. ૪. પ્ર. ૩૪ માં વિસ્તારથી આવી ગયું. દાન, શીળ, તપ અને ભાવરૂપ એનાં ચાર મુખ છે તે પણ ત્યાં વર્ણવ્યાં છે.

૨ **પ્રતિનાયક**: બીજો નાયક. કેટલીક વાર તે મુખ્ય નાયકનો સમોવડીઓ પણ હોય છે જેમ રામાયણમાં ' રાવણ ' અથવા માઘના કાવ્યમાં ' શિશુપાળ '. ઉત્તર નાયક તરીકે એ ઘણું ખરૂં કામ કરે છે.

૩ **સમ્યગ્દર્શન** સેનાપતિ માટે વિશેષ સંપૂર્ણ હકીકત માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૩૬.

૪ **સદ્બોધ** મંત્રી સંબંધી વિસ્તારથી વર્ણન સદર સ્થાને પૃ. ૧૦૯૦ માં આવી ગયું તે જુઓ. સર્વ ચોથા પ્રસ્તાવના પાત્રો છે તેથી અત્ર તેનું વધારે વર્ણન કર્યું નથી.

૫ **યતિધર્મ**નું વિસ્તારથી વર્ણન. પ્ર. ૪. પ્ર. ૩૫ માં છે. **ગૃહિધર્મ** માટે તેજ પ્રકરણમાં વર્ણન છે. અને **સંતોષ માટે** જુઓ પ્ર. ૪. પ્ર. ૩૬. પૃ. ૧૦૯૪-૯૫.

૬ **ચિત્તવૃત્તિ**-મહાઅટવીનું વર્ણન. પ્ર. ૪. પ્ર. ૯ માં આવ્યું છે તે જુઓ.

૭ **સાત્વિક માનસપુર**નું વર્ણન પ્ર. ૪. પ્ર. ૩૩ માં આવ્યું છે. **જૈનપુર**નું વર્ણન તેજ પ્રકરણમાં પૃ. ૧૦૪૯ થી શરૂ થાય છે, **વિમળમાનસ** નગરના વર્ણન માટે જુઓ પ્ર. ૫. પ્ર. ૨૧ અને **શુભ્રચિત્ત** નગરના વર્ણન માટે જુઓ ચાલુ પ્રસ્તાવ, પ્રકરણ ૯ મું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વિમળમાનસ, શુભ્રચિત્ત વિગેરે નાનાં મોટાં નગરો આવી રહેલાં છે અને તે નગરોની સાથે અનેક ગામડાંઓ અને ખાણો જોડાયલાં છે.

એ મહારાજ્યની અંદર 'ઘાતીકર્મ' નામના અનેક ધાડ પાડનારાઓ છે, 'ઇંદ્રિય' નામના ચોરો છે, એમાં 'કષાય'[1] રૂપ ફાંસીઆઓ ફર્યા કરે છે, 'નોકષાય' રૂપ લુંટારાઓ તેમાં વિચરે છે, એમાં 'પરીષહ,[2] નામના ઉપદ્રવ કરનારા ચારે તરફ હેરાનગતિ કરવા ફર્યા કરે છે, એમાં 'ઉપસર્ગ'[3] નામના મહા ભયંકર સર્પો વસે છે અને 'પ્રમાદ' નામના લંપટો તેમાં વિલાસ કરી રહ્યા છે. એ બધાઓના બે નાયક (ઉપરીઓ) છેઃ એકનું નામ કર્મપરિણામ છે અને બીજાનું નામ મહામોહ છે. એ બન્ને નાયકો ઘણી રાજઋદ્ધિવાળા છે, લડવાની હોંસવાળા છે, ઘણા અભિમાની છે, ચારે પ્રકારના પોતાના સ્વતંત્ર લશ્કરવાળા છે અને પોતાના તાબામાં કરોડો લશ્કરીઓને રાખવાવાળા છે. એ બન્ને વળી એટલી બધી ખુમારીવાળા છે કે તેઓ મનમાં પોતાને જ ખરેખરા રાજા નાયક અને હુકમ કરનાર માને છે, તેઓ અંતઃકરણથી માને છે કે એ સંસારીજીવ કોણ થાય છે? અને પેલા ચારિત્રધર્મ રાજાની મગદૂર શી છે? આ ચિત્તવૃત્તિ મહાઅટવી તો જાણે તેઓની પોતાની જ હોય અને આ રાજ્ય પણ પોતાના બાપનું જ (પોતાનું જ) હોય એમ તેઓ તો ધારી બેઠા છે. તેઓ વળી માને છે કે કોઇની તાકાત નથી કે રાજ્યના ભોગવટામાં કોઇ પણ તેઓની સામે થવાની હિંમત કરે. આ પ્રમાણે વિચાર કરીને તેઓએ (સર્વ ચોર અને લુચ્ચા લોકોએ) મળીને કર્મપરિણામને પોતાના રાજા તરીકે સ્થાપન કર્યો છે. તેઓ વળી રાજાની સ્થાપના કરીને બેસી રહ્યા નથી, તેઓએ પોતાનું કામ ઘણું વધારી દીધું છે.

રાજ્યમાં ચોરો અને તેના નાયકો.

---

૧ ક્રોધ, માન, માયા, લોભ **કષાય** છે અને તેના કારણભૂત હાસ્ય રતિ અરતિ શોક ભય દુગંછા અને ત્રણ વેદ **નોકષાય** કહેવાય છે.

૨ **પરીષહઃ** સ્વપરકૃત પીડાઓ અને સહન કરવાના સ્થાનો, એ ૨૨ છે એના વર્ણન માટે જુઓ નવતત્ત્વ ગાથા ૨૭-૨૮મી).

૩ ઉપસર્ગ-પીડાઓ-દેવકૃત, મનુષ્યકૃત, તીર્યંચકૃત અને સ્વકૃત. પરીષહ અને ઉપસર્ગમાં તફાવત એ છે કે ઉપસર્ગમાં પ્રાણાન્ત કષ્ટ થાય છે, ત્યાં સુધીની સ્થિતિ આવી જાય છે. પરીષહમાં અનુકૂળ પીડા-ઉપાધિ પણ હોય છે, જ્યારે ઉપસર્ગમાં તો સર્વ વાત પ્રતિકૂળ જ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મહામોહને માથે રાજ્યભાર.
## કર્મપરિણામની મધ્યસ્થતા.
## મહામોહનું પ્રબળ સામ્રાજ્ય.

પ્રથમ તો એ લોકોએ ભિલની પલ્લી જેવાં [1]રાજસચિત્ત તામસચિત્ત રૌદ્રચિત્ત વિગેરે નગરો વસાવી રાખ્યાં છે, વળી એ નગરોની અંદર રાજા તરીકે એ લોકોએ **મહામોહ** રાજાની સ્થાપના કરી છે, એ રાજાને આખું ચતુરંગ લશ્કર ( ચોરોનું ) સોંપવામાં આવ્યું છે, વળી સર્વ પ્રકારની રાજ્યનીતિની પોતાના ધોરણ પ્રમાણે વ્યવસ્થા કરી છે, આખા રાજ્યનો બોજો મોહરાજા ઉપર મૂકવામાં આવ્યો છે અને કર્મપરિણામ મહારાજા પોતે તો મહારાણી કાળપરિણતિ સાથે મનુજગતિ નગરીમાં નાટક થાય છે તે બેઠા બેઠા જોયા કરે છે. એ નાટક જે રાજા રાણી ( કર્મપરિણામ અને કાળપરિણતિ ) જોઇ રહ્યા છે તેનું નામ ' સંસાર ' નાટક છે અને તે દરરોજ થયા જ કરે છે. નાટક જોવાના શોખીન એ રાજા રાણીને એ નાટક જોવું બહુ ગમે છે.[2]

હવે કર્મપરિણામ રાજા પેલા સંસારીજીવમહારાજાની શક્તિ કેટલી છે તે સારી રીતે જાણે છે, સામેના હરીફ ચારિત્રધર્મરાજનું બળ કેટલું જબરૂં છે તે પણ સમજે છે, એ ચારિત્રરાજના મહામંત્રી સદ્બોધની મંત્રશક્તિ કેટલી સુંદર અને તંદુરસ્ત છે તે જાણે છે, સમ્યગ્દર્શન સેનાપતિનો લશ્કર ઉપર કાબુ કેવો મજબૂત છે તે સારી રીતે સમજી રહેલ છે, સંતોષ તંત્રપાળનો વ્યવસાય કેટલો સારો છે તે રીતે જોઇ રહેલ છે, શુભાશય વિગેરે ચારિત્રરાજના અનેક સેનાનીઓમાં લડવાનો ઉત્સાહ કેવો પ્રબળ છે તે બહુ સારી રીતે જાણે છે અને તેથી સંસારીજીવની તરફ તે તદ્દન બેદરકાર રહેતો નથી, માત્ર ભવિષ્ય જોયા કરે છે, ચારિત્રરાજ વિગેરે તરફ પણ પ્રેમનજરથી જુએ છે, તેના તરફ પણ પોતાનો એકીભાવ બતાવે છે, પ્રેમ વધારે છે અને તેમને માટે પણ સારાં સારાં પ્રયોજનો યોજી આપે છે. આ પ્રમાણે હકીકત હોવાથી ચારિત્રધર્મ રાજા અને તેનું આખું મંડળ પણ એ કર્મપરિણામ રાજાને મધ્યસ્થ ગણે છે, તટસ્થ ભાવે જુએ

---

૧ રાજસચિત્ત નગરનું વર્ણન જુઓ પ્ર. ૪. પ્ર. ૮. તામસચિત્તનું વર્ણન જુઓ સદર પ્રકરણ પૃ. ૭૯૪ થી. અને રૌદ્રચિત્તના વર્ણન માટે જુઓ પ્ર. ૩. પ્ર. ૨૧. સિદ્ધાન્ત અંતરંગ સામાન્ય રાજ્યનું વર્ણન કરી રહ્યા છે તે ચાલુ છે.

૨ નાટકનું વર્ણન પ્ર. ૨. પ્ર. ૨ માં આવે છે તે લક્ષ્યમાં રાખવું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

છે અને તેને પોતાનો સ્વામી ગણી તેની સાથે કામ લે છે અને તેની સાથે સલુકાઇથી વર્તે છે. આ કારણને લઇને સંસારીજીવના મહારાજ્યમાં પણ એ કર્મપરિણામ રાજા સલાહ લેવાને ઠેકાણે છે, વડીલ તરીકે ગણાય છે અને ચારિત્રરાજ તેને માન આપીને ચાલે છે.[1]

હવે એ ચોરોનો ઉપરી મહામોહ છે તે તો પોતાના બાહુબળના અભિમાનથી સંસારીજીવને કે ચારિત્રરાજને કે તેના આખા લશ્કરના બળને એક તરખલા જેટલાં પણ ગણતો નથી અને માત્ર પોતાના જોર ઉપર મુસ્તકીમ રહે છે, બીજાની મગદુર શી છે કે પોતાના રાજ્યમાં માથું પણ મારી શકે એમ મક્કમપણે માનનારો છે. આથી બને છે એમ કે પેલો સંસારીજીવ મહારાજા જ્યાં સુધી પોતાનું રાજ્ય છે એમ જાણતો પણ ન હોય, પોતાની પાસે મહા બળવાન્ ચતુરંગ સેના છે એ વાત તેના ધ્યાનમાં પણ ન હોય, પોતાની પાસે અખૂટ દોલતનો ખજાનો અને જમીન છે એમ તેના લક્ષ્યમાં પણ ન હોય અને પોતામાં સત્તા અને પરમેશ્વરપણું છે એમ તેના કળવામાં પણ ન હોય, ત્યાં સુધી તેવા અવસરનો લાભ લઇને પોતાની સાથેના પોતાના પક્ષના મોટા ચોરના ટોળાના નાયક તરીકે સંસારીજીવના ભોગવટાની આખી જમીન પર તે આક્રમણ કરે છે, તેને ઘેરો ઘાલે છે, સર્વ નગર ગામ અને ખાણો વિગેરે પોતાના તાબામાં લઇ લે છે, મરજીમાં આવે તેમ વિલાસ કરે છે, સંસારીજીવને તદ્દન નિર્માલ્ય બનાવી દે છે, તેના આખા બળને હતું ન હતું કરી નાખે છે અને સંસારીજીવના મહારાજ્યનો પોતે જ જાણે સ્વામી હોય, પોતે જ જાણે રાજા હોય અને આખી મિલ્કત પોતાની જ હોય તેમ સર્વને પોતે જાતે જ પચાવી પડે છે. કોઇ વખતે સંસારીજીવને પોતાનું રાજ્ય જડી આવે છે, તેને માલૂમ પડે છે કે આ તો પોતાનું રાજ્ય પારકા પચાવી પડ્યા છે, ત્યારે તેને પોતાના બળનો કાંઇક ખ્યાલ થાય છે, પોતાની દોલત તેના ઓળખવામાં આવે છે, પોતાનું સ્વરૂપ સહજ સમ-

વિગ્રહારૂઢ અવસ્થામાં હારજીત.

---

૧ કર્મ તો બન્ને પ્રકારનાં હોય છે અને જીવ જ્યાં સુધી સંસારી છે ત્યાં સુધી શુદ્ધ માર્ગપ્રયાણ માટે પણ તેને શુભ કર્મની જરૂર પડે છે. આથી **કર્મપરિણામને ચારિત્રરાજના** વહીવટમાં પણ સુંદર સ્થાન છે. **મહામોહ** પણ કર્મ વગર ચલાવી શકતો નથી તેથી ત્યાં પણ તેને સ્થાન છે, છતાં કર્મપરિણામ જાતે તો બેસી જ રહે છે. કર્મપરિણામની આ યોજના બહુ યોગ્ય, સુંદર અને બુદ્ધિને અસર કરનારી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે ત્યારે તે મહામોહ સાથે વિગ્રહ માંડે છે, લડવા માટે ઊંચો નીચો થાય છે, પોતાના બળને જગાડે છે અને પોતાની દોલતમાં વધારો કરે છે. જ્યારે એ સંસારીજીવ લડાઇ ઉપર ચઢે છે ત્યારે ઘણી વાર તે મહામોહ ઉપર વિજય મેળવે છે અને ઘણી વાર મહામોહ તેના ઉપર વિજય મેળવે છે. જેટલો એ મહામોહ ઉપર વિજય મેળવે છે તેટલા પૂરતું તેને સુખ થાય છે, જેટલા પૂરતો એના ઉપર મહામોહનો વિજય થાય છે તેટલા પૂરતું તેને દુઃખ થાય છે. બાકી

સુખ દુઃખ કારણ સ્પષ્ટ દર્શન.

જ્યારે લડવાના અભ્યાસથી ધીમે ધીમે તે ન કલ્પી શકાય તેવું અને ન તુલના થઇ શકે તેવું વીર્ય જે તેની અંદર ભરેલું છે તેને બરાબર વ્યક્ત કરે છે ત્યારે મહામોહ વિગેરે આખા શત્રુવર્ગને મૂળથી ઉખેડી નાખે છે, નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત કરે છે અને પોતાના મહારાજ્યને પ્રાપ્ત કરીને પછી ચિત્તવૃત્તિને છોડીને નિરંતરના આનંદમાં સુખે રહે છે. સ્વાભાવિક મોજ ભોગવે છે અને લહેર કરે છે. આ પ્રમાણે વાત હોવાથી તે રાજ્ય તેને સુખ અને દુઃખ બંનેનું કારણ થાય છે. જો રાજ્યની બરાબર પાલના કરવામાં આવે તો તે સંસારીજીવના સુખ માટે થાય છે અને જો તેની બરાબર પાલના કરવામાં ન આવે તો તે દુઃખ માટે થાય છે. સામાન્ય અંતરંગ રાજ્ય જે સંસારીજીવના સુખદુઃખનું કારણ છે તેની સામગ્રી-યોજના આવા પ્રકારની છે એ હકીકત તને કહી સંભળાવી.”

**અપ્રબુદ્ધ**—“ભગવન્! ત્યારે અત્યારે [1]સંસારીજીવનું સુરાજ્ય વર્તે છે કે કુરાજ્ય વર્તે છે?”

**સિદ્ધાન્ત**—“ભદ્ર! અત્યારે તો સંસારીજીવનું કુરાજ્ય વર્તે છે, એ બાપડો પોતાનું આવું મોટું રાજ્ય છે તે હકીકત પણ જાણતો નથી, પોતાના બળની તેને જરા પણ ખબર નથી, પોતાની પાસે ગુપ્ત પણ આવડી મોટી મિલ્કત, દોલત અને સમૃદ્ધિ છે તે હકીકત તેના લક્ષ્યમાં પણ નથી, અરે એને પોતાના સ્વરૂપની પણ ખબર નથી, એ બાપડો બહિરંગ પ્રદેશમાં જ હાલ તો રખડ્યા કરે છે, દુઃખના દરિયામાં ડૂબેલો રહે છે અને મૈથુન અને સાગર નામના બે મિત્રો તેને બરાબર ભમાવે છે. એ બાપડાનું ચારિત્રધર્મરાજ નીચેનું મહા

---

૧ આ **સંસારીજીવ** તે આપણો કથાનાયક **ધનશેખર** સમજવો (સંબંધ પરથી.)



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બળવાન્ લશ્કર અત્યારે તો મહામોહરાજ વિગેરેથી ઘેરાઇ ગયેલું છે, વિંટળાઇ વળેલું છે અને કાંઇ જોર ન બતાવી શકે તેવી સ્થિતિમાં પડેલું છે.”

### કર્મપરિણામના અનંત પુત્રો.
### વર્તતું અનેકરૂપી રાજ્ય.
### સુખદુઃખની વિચિત્રતા.

**અપ્રબુદ્ધ**—“ આપે જણાવ્યું તે પ્રમાણે અંતરંગ રાજ્ય સામાન્ય રીતે સુખદુઃખનું કારણ છે તે હકીકત તો મારા સાંભળવામાં ને સમજવામાં આવી. આપશ્રીએ ત્યાર પછી એમ કહ્યું હતું કે વિશેષ રીતે જોઇએ તો તે અંતરંગ રાજ્ય અનેકરૂપી છે તેની વિગત હવે સાંભળવા ઇચ્છું છું; તો અંતરંગ રાજ્ય અનેકરૂપી કેવી રીતે છે તે આપ હવે મને સમજાવો.”

**સિદ્ધાન્ત**—“ સાંભળ: તને અગાઉ કર્મપરિણામ રાજાનું વર્ણન કહેવામાં આવ્યું હતું તેને સર્વ કાર્યોમાં એ મહારાજાએ ( **સંસારી-જીવે** ) પ્રમાણભૂત માન્યો છે, તેના હુકમ પ્રમાણે સર્વ કામો થાય છે; એમ હોવાથી એ કર્મપરિણામ રાજા પોતાના પુત્રોને જૂદું જૂદું પણ તદ્દન આખું પરિપૂર્ણ રાજ્ય આપે છે અને પોતાની મરજી પ્રમાણે તેમને આખા રાજ્યના રાજા બનાવે છે. આ પ્રમાણે હોવાથી રાજાઓ અનંતા હોવાથી પાત્રભેદે રાજ્ય અનંતરૂપવાળું થાય છે. દરેક જીવ પોતાના રાજ્યનો રાજા હોવાથી અને જીવો અનંત હોવાથી આ પ્રમાણે રાજ્ય અનંતરૂપી થાય છે. કર્મપરિણામના અનંત પુત્રોમાં કોઇને તે રાજ્ય સુખનું કારણ થાય છે, કોઇને દુઃખનું કારણ થાય છે, સુખદુઃખનાં વળી અનેક પ્રકાર હોવાથી રાજ્ય અનંતરૂપી વિશેષ પ્રકારે થાય છે. તારા સમજવામાં, તે રાજ્ય અનંતરૂપી કેવી રીતે થાય છે તે, હવે આવ્યું હશે.”

### કર્મપરિણામના છ પુત્રો.
### પ્રત્યેકને એક વર્ષ રાજ્યાર્પણ.
### વિતર્ક દ્વારા વ્યવસ્થા નિરૂપણ.

**અપ્રબુદ્ધ**—“ ભગવન્ ! કર્મપરિણામ રાજાના પુત્રો જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે તે દરેકને શું થયું તે સાંભળવા ઇચ્છું છું તો કૃપા કરો.”

**સિદ્ધાન્ત**—“ ભદ્ર ! મેં તને અગાઉ કહ્યું છે કે એ કર્મપરિણામ રાજાને તો અનંત પુત્રો છે, ત્યારે એમાં કેટલા પુત્રોનું તારી પાસે વર્ણન કરું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનો એમ તો છેડો જ આવે નહિ. છતાં તને વાત સાંભળવાનું મોટું કુતૂહળ થયેલ છે તો આ બધા પુત્રોની વાતનો ખ્યાલ આપે તેવો એક સર્વગ્રાહી હકીકત કહેવાનો ઉપાય છે, તે યુક્તિએ કરીને તને તેના સર્વ પુત્રોની હકીકત કહું. ”

**અપ્રબુદ્ધ**—“ ભગવન્ ! બહુ કૃપા કરી. તેમ જ કરીને મને એ હકીકત સંભળાવો. ”

**સિદ્ધાન્ત**—“ એ કર્મપરિણામના પુત્રો છ પ્રકારના છેઃ (૧) **નિકૃષ્ટ**, (૨) **અધમ**, (૩) **વિમધ્યમ**, (૪) **મધ્યમ**, (૫) **ઉત્તમ** અને (૬) **વરિષ્ઠ.** હું એક એવી યોજના કરવા ધારૂં છું કે મહારાજા કર્મપરિણામની પાસે ખાસ માગણી કરીને તે દરેક પુત્રને એક એક વર્ષ રાજ્ય અપાવવું, મારી તે માગણી સ્વીકારી કર્મપરિણામ રાજા તેમને એક એક વર્ષ રાજ્ય આપશે. પછી કર્મપરિણામના છએ પુત્રો રાજ્ય કેવી રીતે ભોગવે છે તેનું બારિક અવલોકન કરવા માટે તારે તારો ખાસ અંતરંગ નોકર [1]વિતર્ક નામનો છે તેને મોકલવો. એ છએ પુત્રો કેવી રીતે રાજ્ય કરે છે તે જોઇને તને વિગતવાર હકીકત કહેશે એટલે કર્મપરિણામનું વિશેષ રાજ્ય કેવી રીતે અનેકરૂપી છે એ સર્વ હકીકત તને બરાબર સમજાઇ જશે. ”

જૈનમ્ જયતિ શાસનમ્

**અપ્રબુદ્ધ**—“ જેવી ભગવાનની આજ્ઞા ! ”

**સિદ્ધાન્ત**આચાર્યે ઉપર જણાવી તેવી સર્વ યોજના કરી, છએ પુત્રોને કર્મપરિણામ રાજા એક એક વર્ષ માટે રાજ્ય આપે તેવી ગોઠવણ થઇ અને **અપ્રબુદ્ધ** શિષ્યે પોતાનાં [1]**વિતર્ક** નામના નોકરને તેઓનું રાજ્ય કેમ ચાલે છે તે બારિકીથી જોવા માટે મોકલી આપ્યો.

---

૧ **વિતર્કઃ** પૃથક્કરણ કરીને જુદા ઉઠાવનાર સમજનાર અંદરની બુદ્ધિ શક્તિ. એ અવલોકન કરીને રાજ્યપ્રવૃત્તિ જોશે અને જોયેલ બાબતનો રિપોર્ટ પોતાના શેઠ **અપ્રબુદ્ધ**ને કરશે. **વિતર્ક** વગર સર્વ બાબત જોયા છતાં સમજાતી નથી, કારણ આપણે સર્વ જોઇએ છીએ પણ વિચાર કરતા નથી. **વિતર્ક**ની મદદ લેવાની જરૂર તેથી સમજાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૧ મું.

## ૧. નિકૃષ્ટ રાજ્ય.

સર્વ વ્યવસ્થા થઇ ગઇ એટલે **અપ્રબુદ્ધે** પોતાનો **વિતર્ક** નામનો નોકર મોકલ્યો. તેણે મનુષ્યજન્મ નામનાં છ વર્ષો ગાળ્યાં અને પછી અપ્રબુદ્ધની પાસે પાછો આવ્યો (મતલબ તે મનુજગતિમાં છ વર્ષ રહ્યો). આવીને તેણે પોતાના શેઠ **અપ્રબુદ્ધને** પ્રણામ કર્યા અને પોતે છ વર્ષમાં શું શું જોયું તે સંબંધી હકીકત વિસ્તારપૂર્વક કહેવા માંડી.

* * *

### વિતર્કનો રિપોર્ટ.[1]

દેવ! અહીંથી જઇને હું અંતરંગ રાજ્યભૂમિમાં દાખલ થયો. તે વખતે નગરો અને ગામોમાં મનુષ્યભાવઆવેદન નામનો એક ઢોલ વગાડવામાં આવતો હતો તે મારા સાંભળવામાં આવ્યો. તેના તરફથી મોટેથી દાંડી પીટીને આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરી જાહેર કરવામાં આવ્યું.

[2]**નિકૃષ્ટ રાજ્ય.** ઘોષણા. ઢંઢેરો.

"**પ્રથમના પ્રવાહ (આસક્તિ: ગોઠવણ) પ્રમાણે હાલ નિકૃષ્ટ રાજા થયો છે તેથી તમે કામ કરો અને ખાઓ પીઓ–**"

આવા પ્રકારનો ઢંઢેરો સાંભળીને એ રાજા કેવા પ્રકારનો હશે તેના વિચારમાં આખા રાજ્યમંડળમાં ખળભળાટ થઇ ગયો. એ મનુ-

---

૧ અહીંથી **વિતર્કની** કહેલી હકીકત શરૂ થાય છે તે પંદરમા પ્રકરણની આખર સુધી ચાલે છે. આ સર્વ વાર્તા **ઉત્તમસૂરિ હરિરાજા** પાસે કહે છે–**સંસારીજીવ** પોતે તે સર્વ વાર્તા **સદાગમ** સમક્ષ **અગૃહીતસંકેતા પ્રજ્ઞાવિશાળાની** હાજરીમાં કહે છે.

૨ **નિકૃષ્ટ:** એ સર્વથી અધમ પુરૂષ છે. **સિદ્ધર્ષિગણિના** કહેવા પ્રમાણે તે ધર્મ અર્થ કામ મોક્ષ ચારેથી રહિત છે. એની પ્રવૃત્તિ પર અન્ય ગ્રંથકારોના અભિપ્રાય પ્રકરણને છેડે વિચારશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધમ્મ પ્રદેશમાં અનેક રાજાઓ હતા તેઓ પોતપોતાનાં સ્થાનોમાં વિચાર કરવા લાગ્યા કે આ નવો રાજા કેવો હશે ? કેવો નીવડશે ? વળી એ સ્થાનોમાં રહેલા વિદ્વાન્ ડાહ્યા માણસો પણ અંદર અંદર એ રાજા કેવો હશે તે સંબંધી ચર્ચા કરવા લાગ્યા. તેમ જ આ રાજા કેવા પ્રકારનો હશે તે સંબંધી કુટુંબી લોકો પોતપોતાના ઘરમાં વિસ્તારથી વિચાર કરવા લાગ્યા.

### મહામોહની મંત્રી સાથે વિચારણા.
### મંત્રીકથિત નિકૃષ્ટ સ્વરૂપ.
### હર્ષ સ્થાને ચિંતા દૂર.

હવે પેલા સર્વ ચોરો પણ એકઠા મળ્યા અને તે મહામોહ વિગેરે અંદર અંદર વિચાર કરવા લાગ્યાઃ—

**વિષયાભિલાષ** મંત્રીએ મહામોહરાજાને ઉદ્દેશીને કહ્યું "સાહેબ ! હાલ એ નિકૃષ્ટ રાજા થયો છે તે શું કરશે અને કેવો નીવડશે એ આપણે જાણતા નથી તેથી એ સંબંધમાં આપણે સર્વ ચિંતાતુર થઇ પડેલા છીએ; પરંતુ દેવ ! એ સંબંધમાં આપણો શોક તદ્દન અકારણે છે, આપણે વગર નિમિત્તે સર્વ ગભરાઇ ગયા છીએ, એ બાબતમાં જરા પણ ગભરાટમાં પડવા જેવું નથી. આ પ્રમાણે હું કહું છું તેનું કારણ એ છે કે મહારાજા કર્મપરિણામે એ નિકૃષ્ટને એવા જ પ્રકારનો બનાવ્યો છે કે એ આપણને હેરાન કરવાને કે પીડા આપવાને કદિ શક્તિમાન્ થઇ શકે નહિ, ઉલટો એ તો હમેશા આપણને વશ રહે તેવો નિર્માણ થયેલો છે, આપણા હુકમને બરાબર તાબે થાય તેવો થયેલો છે, અને આપણે પોતે તો શું પણ આપણા નાના લશ્કરીઓનો પણ એ તો નોકર જેવો થઇ આપણા હુકમને ઉઠાવે તેવો છે. કર્મપરિણામે એને આવા પ્રકારનો બનાવ્યો છે અને એને હાલ રાજ્ય આપ્યું છે તો જાણો કે આપણે જ હાલ તો ખરેખરા રાજા છીએ. આવી રીતે દેવ! અત્યારે તો આપણું નિષ્કંટક રાજ્ય થયેલું છે તેથી આપણને પૂરેપૂરો આનંદ થવો જોઇએ, તો પછી એવે પ્રસંગે આપણે શોકમાં શા માટે પડીએ છીએ ! વિચારમાં કેમ પડી જઇએ છીએ ! ગુંચવાઇ શેના જઇએ છીએ !"

નિકૃષ્ટની પરવશતા.

**મહામોહ**—"આર્ય ! ત્યારે કર્મપરિણામે એ નિકૃષ્ટને કેવા પ્રકારનો બનાવ્યો છે તે વિસ્તારથી વિગતવાર જલ્દી કહી બતાવો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયાભિલાષ—" દેવ ! કર્મપરિણામે એને કેવો બનાવ્યો છે[1] તે આપ બરાબર સાંભળો: એ તદ્દન કદરૂપો છે, નસીબનો લાડકો (કમનસીબ) છે, મહા નિર્દય છે, પરલોકની વાતથી તદ્દન સામે પાટલે બેઠેલો છે, ધર્મ અર્થ કામ અને મોક્ષને દૂર રાખનારો છે, ગુરૂની નિંદા કરનારો મહાપાપી છે, દેવની ઉપર ખાસ દ્વેષ રાખનારો છે, એનામાં વિશુદ્ધ અધ્યવસાયની ગંધ પણ છે જ નહિ, એ આખી દુનિયાને મોટો ઉદ્વેગ કરાવનાર છે, સાક્ષાત્ ઝેરનો અંકુરો છે અને આખા દોષસમૂહનું ઘર છે. તમે જે કોઇ પ્રકારના દોષો કલ્પી શકો એ સર્વ એ નિકૃષ્ટમાં આવીને ઘર કરી રહેલા છે. વળી ગંભીરતા, ઉદારતા, પરાક્રમ, ધીરતા, શક્તિસ્ફુરણા વિગેરે ગુણો નિકૃષ્ટથી નાસીને અત્યંત દૂરને દૂર જ રહે છે, એ અધમથી પણ અધમ છે, પોતાના આત્માની સર્વે શક્તિઓને શૂન્ય કરીને રહેલો છે–એવો નિર્બળ નાયક હાલ રાજ્યગાદી ઉપર આવેલો છે, તો તે આપણને શું કરનાર છે? આપ સર્વે એના રાજ્યથી ગભરાટમાં શા માટે પડી ગયા છો? એ તો બાપડો પોતાને રાજ્ય મળ્યું છે એ વાત પણ જાણતો નથી, એનામાં સ્વતંત્ર બળ ઘણું મોટું છે એ હકીકતની એને ખબર પણ નથી, એનામાં મોટી દોલત ( સમૃદ્ધિ ) ભરેલી છે એની તેને ખબર પણ નથી અને ખરેખરી રીતે પોતે કોણ છે અને પોતાનું સ્વરૂપ શું છે તે હકીકત પણ એ બાપડો જાણતો નથી. આપણા ચોર ભાઇઓ એના રાજ્યને પચાવી પડનાર છીએ અને એના આત્મધનને લુંટનારા છીએ એ વાત પણ એ બિચારો જાણતો નથી અને ઉલટા આપણે જાણે તેના હિતસ્વીઓ હોઇએ, જાણે તેના ખાસ સગાઓ હોઇએ, તેના ખાસ બંધુઓ હોઇએ, તેમ આપણને ગણે છે અને એથી વધીને એ આપણને પોતાના સ્વામી ગણે છે, ઉપરી ગણે છે, મોટેરા ગણે છે. આ પ્રમાણે હોવાથી દેવ! આપના મનમાં જરા પણ વ્યાકુળતા હોય તો તે દૂર કરી નાખો, કાઢી નાખો, તજી દો અને આપણા રાજ્યમાં વધામણી ફેલાવો કે આપણા સર્વ માણસો અને લોકો રાજી થાય."

સ્વરૂપ અજ્ઞાન.

વિષયાભિલાષ મંત્રીશ્વરનાં આવાં વચન સાંભળીને મહામોહ રાજાને ઘણો આનંદ થયો, સભામાં હાજર થયેલ સર્વ સભ્ય જનોને પણ આનંદ થયો અને મહામોહ રાજાએ ચારે તરફ એ બાબતની વધામણી ફેલાવવાનો વિચાર જણાવ્યો. મંત્રીએ જે વિસ્તારથી હકીકત જણાવી

મોહરાજ્યે વધામણાં.

[1] એટલે એ કર્મના પરિણામે એ કેવો થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સાંભળીને ( મોહરાયના ) લોકોને પણ ઘણો આનંદ થયો અને તેઓ મોટેથી વધામણી કરવા લાગ્યા, નાચ કરવા લાગ્યા, ગાયન કરવા લાગ્યા અને ઘણા આનંદરસમાં આવી પોતાનો હર્ષ અનેક પ્રકારે બતાવવા લાગ્યા. વળી મુખેથી બોલવા પણ લાગ્યા કે-' અહો લોકો ! જે રાજાએ અનંત દોલતથી ભરપૂર રાજ્ય પ્રાપ્ત કર્યું છે તે તો તદ્દન આપણા હાથમાં છે, આપણા તાબામાં છે, આપણને વશ રહેલો છે અને પોતાના બીજા માણસોને જાણતો પણ નથી; તો ભાઇઓ ! આ તો ઘણી સારી વાત થઇ ! આ નિકૃષ્ટનું રાજ્ય તો આપણને બહુ સુખ કરનાર થયું, તો હવે બંધુઓ ! તમે અત્યંત આનંદથી ખાઓ, પીઓ, ગાઓ અને નાચો. '

વ્યક્તિગત આનંદ.

એવી રીતે મહામોહરાજનાં નગર, ગામ અને ગામડાંઓ જે સર્વ લગભગ ભિલ લોકોની પલ્લીઓ જેવાં હતાં તેમાં ચારે તરફ વધામણી પસરી, લોકોએ પોતાની દુકાનોમાં મોટી મોટી શોભાઓ કરી, સુંદર ધ્વજપતાકાઓ ફરકાવી, ઘાતીકર્મ નામના ચોરોને મનમાં થયું કે હવે આપણે બરાબર ધણી થઇ બેસશું અને આપણો કોઇ ચાલશે એ વિચારથી તેઓ ઘણા ઉલ્લાસમાં આવી ગયા, આપણે એનું બધું હરણ કરી લઇ જઇને ઘરભેગું કરશું એ વિચારથી ઇંદ્રિયચોરોને ઘણો સંતોષ થયો, કષાયલુંટારાઓને મનમાં થયું કે આપણને હવે ભારે તડાકો પડશે એ વિચારથી તેઓ ઘણા આનંદમાં આવી ગયા, પોતાને ધાડ પાડવાની તક મળશે એ વિચારથી[1] નોકષાયલુંટારાઓ ઘણા હરખમાં આવી ગયા, દુઃખમાં ડૂબાડી દેશું એ વિચારથી પરીષહ નામના દુષ્ટ લશ્કરીઓને હર્ષ થઇ આવ્યો, પોતાને વિલાસ કરવાનો અને ડંખ મારવાનો પ્રસંગ બરાબર મળશે એ વિચારથી ઉપસર્ગરૂપ ભયંકર સર્પો રાજી રાજી થઇ ગયા, મદ્યાદિ પ્રમાદો પોતાને મશ્કરી ઠેકડી કરવાની સારી તક મળશે એ વિચારથી લહેરમાં આવી ગયા. મહામોહરાજા અને તેનો આખો પરિવાર સાધારણ રીતે પણ અભિમાનથી અંધ તો રહે જ છે અને બીજા વખતમાં પણ મદમસ્ત રહે છે તો પછી જ્યારે નિષ્કૃષ્ટનું રાજ્ય થાય ત્યારે તો શું શું ન કરે અને પોતાને અવસર મળેલો સમજી શા માટે ન કરે ?

*   *   *

---

૧ નોકષાય-હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૫. પૃ. ૯૭૨ થી. આ આખા મોહરાજાના પરિવારનું વર્ણન અગાઉ આવી ગયું છે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

## ચારિત્રરાજનો સદ્બોધ સાથે મંત્ર; વિશુદ્ધ રાજ્ય સાથે રાજાનું વૈર; શુદ્ધ રાજ્યમાં ચિંતા અને ખેદ.

મહામોહના નગરોમાં અને લોકોમાં આવી રીતે સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો અને ચારે તરફ વધામણીઓ ચાલી તેનું સહજ વર્ણન કર્યું. હવે એ નિકૃષ્ટ રાજા થવાનો છે એવી ઘોષણાની અસર ચારિત્રરાજના પ્રદેશમાં કેવા પ્રકારની થઇ તે જણાવું છું. ચારિત્રરાજના રાજ્યમાં જ્યારે નિકૃષ્ટ રાજા થવાનો છે એવી ઉદ્ઘોષણા જાહેર થઇ ત્યારે એ રાજા વળી કેવો હશે! કેવો નિવડશે! તે સંબંધી સ્વાભાવિક રીતે વિચારણા ચાલી.

પ્રથમ સદ્બોધમંત્રીએ વિચાર કરીને કહ્યું "દેવ! દુરાત્મા નિકૃષ્ટ એક સરખી રીતે અત્યંત ખરાબ રૂપવાળો છે તે તો આપના જાણવામાં છે. એ દુરાત્મા પોતાના રાજ્યનું નામ પણ જાણતો નથી, અરે એટલું તો શું પણ એ આપણને સર્વને ઓળખતો પણ નથી, જરાએ ગણતો પણ નથી અને ઉલટો જાણે આપણે તેના દુશ્મન હોઇએ તેમ આપણી સાથે વર્તે છે, એને મોહરાય જે આપણો મોટો શત્રુ છે તેના તરફ એટલો બધો પક્ષપાત છે કે એ મોહનાં સાધનોને જ અને તેટલાં વધાર્યો જાય છે અને પોતાના ખરા રાજ્યની, દેશની કે લોકોની વાર્તા પણ પૂછતો નથી, ખબર પણ લેતો નથી અને સમાચાર પણ જાણતો નથી. આપણે તો અત્યારે બેવડી મુશ્કેલીમાં આવી પડ્યા છીએ: એક તો મોહરાજા અને તેટલો આપણી સામે પડીને આપણને હઠાવી હરાવી રહ્યો છે અને વળી આપણે માથે અત્યારે આવો રાજા આપણો સ્વામી થયો છે. ખરેખર દૈવ પણ દુર્બળનો જ ઘાત કરે છે! આ પ્રમાણે હકીકત હોવાથી દૈવ (કર્મના)ના દોષથી અત્યારે નિષ્કૃષ્ટનું રાજ્ય થયું છે તેમાં આપણો તો નાશનો જ વખત છે! આપણો તો ખરેખરો પ્રલયકાળ આવ્યો છે એમ મને લાગે છે! મારા મનમાં આ સંબંધમાં જરા પણ સંશય લાગતો નથી."

ચારિત્રધર્મરાજના મહામંત્રીનાં આવાં વચન સાંભળીને તેની પાસે જે નાના રાજાઓ (ચારિત્રરાજના સંબંધીઓ) ઊભા હતા અને તેમનો જે આખો પરિવાર હતો તે સર્વ નિસ્તેજ થઇ ગયા, ઝાંખા થઇ ગયા અને તેઓનાં મ્હોંઢાં ઉતરી ગયાં, તેઓનો આનંદ તે વખતથી તદ્દન નાશ થઇ ગયો. જેમ ઘરમાં કોઇ અત્યંત વહાલું પ્રેમી હોય અથવા સગાસંબંધીમાં નજીકનું સંબંધી હોય તે મરણ પામે ત્યારે જેમ અત્યંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આકરો શોક થાય અને આખો સંબંધી વર્ગ હતાશ બની જાય તથા દીનતાથી વિકળ થઇ જાય, તેમ **નિકૃષ્ટ** રાજ્યનો હેવાલ **સદ્બોધ** પાસેથી સાંભળીને **ચારિત્રધર્મ**રાજાના આખા વર્ગમાં મોટી દિલગિરિ ફેલાઇ ગઇ અને ચારે તરફ શોક વ્યાપી રહ્યો. વળી **ચારિત્રરાજ્ય**ના તાબામાં **સાત્ત્વિકપુર** વિગેરે જે અનેક નગરો અને ગામો હતાં તેમાં પણ સર્વત્ર દિલગિરી છવાઇ ગઇ, એ સર્વ લોકો તદ્દન આનંદ વગરના થઇ ગયા, હર્ષ ઉત્સવ વગરના બની ગયા, શોકથી ભરપૂર થઇ ગયા અને તદ્દન દુઃખી થઇ ગયા. **નિકૃષ્ટ**ની રાજ્યપ્રાપ્તિના સમાચારે **ચારિત્રધર્મ**રાજના આખા પ્રદેશમાં આવી ખરાબ અસર ઉત્પન્ન કરી.

ચારીત્રરાજ પ્રદેશમાં દિલગિરી.

*          *          *

## અંતરંગ રાજ્યપર મોહરાયનું સામ્રાજ્ય.

આવી રીતે એક લશ્કરમાં (મોહરાયના) ઘણો આનંદ ફેલાઇ રહ્યો અને બીજા લશ્કરમાં (ચારિત્રધર્મના) ઘણો શોક ફેલાઇ રહ્યો. આ બન્ને સૈન્યમાં એક જ બનાવે આટલો બધો આંતરો ઉત્પન્ન કર્યો એ હકીકત જોઇને મને (વિતર્કને) ઘણી નવાઇ થઇ અને જે નિકૃષ્ટ રાજામાં આવા ગુણો છે તે કયા હશે એ જાણવાની ઘણી જિજ્ઞાસા થઇ. એ કુતૂહળ પૂરૂં પાડવા એ નરેશ્વર(**નિકૃષ્ટ**)ને જોવા માટે મેં મારા મનમાં નિર્ણય કર્યો. પછી એ રાજા કેવો છે તે જાણવા માટે મેં તેના રાજ્યમાં જઇને જોવાનો ઠરાવ કર્યો અને **નિકૃષ્ટ**ની રાહ જોઇ હું ત્યાં બેઠો. [1]મેં વિચાર કર્યો કે પોતાનું રાજ્ય લેવા માટે **નિકૃષ્ટ** અહીં આવશે એટલે હું તેને જોઇ લઇશ, પરંતુ **નિકૃષ્ટ**રાજા પોતાના રાજ્યમાં પ્રવેશ કરવા સારૂ ત્યાં આવ્યો તે વખતે પેલા **મહામોહ** વિગેરે ચોરોએ તેને રાજ્યમાં દાખલ જ થવા ન દીધો. વળી તેઓએ તો ઉલટું કામ કર્યું: આખા ભૂમિમંડળને જીતી લઇ પોતાને વશ કર્યું, **ચારિત્રરાજ્ય**ના સૈન્યપર ઘેરો ઘાલી તેના ઉપર વિજય મેળવ્યો અને તેનો ઘાણ કાઢી નાખ્યો અને એ **નિકૃષ્ટ**ને પોતાને પણ રાજ્યથી બહાર ધકેલી દઇ **મહામોહ**રાજા અને તેનો આખો વર્ગ રાજ્યને પચાવી પડ્યા. આવી રીતે અંતરંગ રાજ્યના ખરા માલીકને બહાર કાઢીને તેના સ્થાનપર **મહામોહરાજા** બેસીને અને બીજાં અગત્યના સ્થાનોપર પોતાના સંબંધીઓને સ્થાપીને માલીક થઇ પડ્યો.

---

૧ **વિતર્ક** અંતરંગ પ્રદેશમાં છે. અંતરંગ રાજ્યની વાત ચાલે છે તે લક્ષ્યમાં રાખવું.



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

## નિકૃષ્ટ-બહિરંગ દેશે.

## અતિ અધમ દશાએ વર્તન.

## ચારિત્રરાજ પ્રત્યે અવગણના.

અંતરંગ રાજ્યમાં આવી હકીકત જોઇને તે લોકોનું બહિરંગ પ્રદેશમાં શું થાય છે તે જોવા સારૂ હું બાહ્ય પ્રદેશમાં આવ્યો અને સર્વ બાબત અવલોકવા લાગ્યો. ત્યાં જોઉં છું તો એ નિકૃષ્ટરાજા પોતાના રાજ્યથી ભ્રષ્ટ થયેલ અને અત્યંત દુઃખી સ્થિતિમાં આવી પડેલ જોવામાં આવ્યો. મેં એને જોયો તે વખતે તે અનેક પાપનાં કામોમાં ઘણો આસક્ત દેખાતો હતો, તેવાં કામોમાં રસ લેતો દેખાતો હતો, જાતે ઘણો ગરીબ રાંક જેવો દુઃખી જણાતો હતો, દેખાવપરથી જ અત્યંત ભયંકર ઘાતકી જણાતો હતો, લોકોથી અનેક પ્રકારની નિંદા પામતો જણાતો હતો, પોતાના સર્વ પુરૂષાર્થથી ભ્રષ્ટ થઇ પારકા ઉપર આધાર રાખનાર હીનસત્ત્વી નપુંસક જેવો દેખાતો હતો, એના આખા શરીરે ગડગુમડ તથા છેદન ભેદનના જખમો દેખાતા હતા, આખા શરીરપર મેલ લાગેલ હતો અને જાણે પાપનો ઢગલો હોય તેવો દેખાતો હતો, તેમ જ પારકા હુકમને અમલમાં મૂકનાર કોઇ નોકર કે ચાકર અથવા તો ખેપીઓ હોય તેવો પરવશ દીન દુઃખી લાચાર દયા ઉપજાવે તેવો લાગતો હતો. પોતાના રાજ્યથી ભ્રષ્ટ થયેલો તે નિકૃષ્ટ લોકોમાં પણ તદ્દન હલકાઇને પામતો હતો. એ તો જાણીતી વાત છે કે **જેનું પોતાના ઘરમાં બરાબર માન હોતું નથી અને જે ઘરમાં પરાભવ પામતો હોય છે તે બહાર પણ તેવી જ રીતે પરાભવ પામે છે:** તે કોઇ વાર ઘાસના કે લાકડાના ભારા વેચીને, કોઇ વાર હળ ખેડીને, કોઇ વાર પ્રાણીઓનાં પ્રાણ હરણ કરીને, કોઇ વાર કાગળ લઇ જનાર કાસદ (ખેપીઆ)નું કામ કરીને, અને એવાં એવાં અનેક પ્રકારનાં ન કરવા યોગ્ય હલકાં અને જીવવધનાં કામો કરીને તેમ જ સેંકડો પ્રકારના પરાભવ અને આક્રોશ સહન કરીને તે નિકૃષ્ટ જેમ તેમ કરીને પોતાનું પેટ પૂરતો હતો; લોકોમાં જે ઘણા દુઃખી હોય, અત્યંત પાપી હોય, મહાક્રૂર કર્મ કરનારા હોય અને ટુંકામાં કહીએ તો લોકોમાં જે ઢેઢ કે ડૂમ જેવા હોય તેના જેવું રૂપ તે ધારણ કરતો હતો, પરંતુ ખરેખરી ખૂબિની વાત તો એ હતી કે આ પ્રમાણે હકીકત બની, પોતે રાજ્યથી ભ્રષ્ટ થઇ ગયો, છતાં એને મહામોહ વિગેરે ચોરો ઉપર ઘણો પ્રેમ આવતો હતો અને તેને પોતાનું હિત કરનારા માનતો હતો, ચારિત્રરાજનું કે તેના આખા લશ્કરમાંથી એકનું નામ પણ તે જાણતો ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોતો. તેની આવી સ્થિતિ જોઇને 'બચ્ચા! તને રાજ્ય પાળતાં આવડ્યું નહિ' એમ કહી કર્મપરિણામ રાજા તેના ઉપર ગુસ્સે થયા. તેથી ભવચક્રમાં પાપીપંજર[1] નામનું એક અતિ ભયંકર સ્થાનક હતું ત્યાં તે બિચારા નિકૃષ્ટને લઇ જવામાં આવ્યો, ત્યાં અનંત પ્રકારની પીડાઓ તેને અનેક વાર કરવામાં આવી અને એવી રીતે નિકૃષ્ટ ઘણો હેરાન થયો એમ ત્યાર પછી મારા સાંભળવામાં આવ્યું.

## નિકૃષ્ટના રાજ્યપર વિચારણા.

વિતર્કે પોતાના સ્વામી અપ્રબુદ્ધને આ નિકૃષ્ટના રાજ્ય સંબંધી પોતાનો અભિપ્રાય જણાવતાં કહે છે—અહાહા! એક તો એ બાપડો નિકૃષ્ટ પોતાના રાજ્યમાં પ્રવેશ પણ પામી શક્યો નહિ, અંદર દાખલ જ થઇ શક્યો નહીં, પેલા ચોરોએ તેનું આખું રાજ્ય હરણ કરી લીધું અને વળી વધારામાં તેનું મહા ઉત્તમ આખું લશ્કર હતું તે ઘેરાઇ ગયું. એ સર્વને પરિણામે એ બાપડો અહીં પણ ઘણા દુઃખમાં રહ્યો, હેરાન થઇ ગયો, રાજ્યથી ભ્રષ્ટ થયો અને પોતાના રાજ્યની બહારને બહાર રહ્યો. બીજું એ નિકૃષ્ટ ત્યાં (નારકીમાં) જઇને પાછો મહા પીડા ખમે છે, ત્રાસ પામે છે અને દુઃખી થાય છે. આ સર્વ પીડા એ દુરાત્મા નિકૃષ્ટને અજ્ઞાનને લીધે થઇ છે, એ પાપી અધમાધમ જીવ પોતાના રાજ્યને જાણી, પીછાની કે સમજી શક્યો નહિ; જો એને ખબર હોત કે પોતાનું રાજ્ય રત્નોથી ભરપૂર અને અતિ સુંદર છે, જો એના સમજવામાં ચારિત્રધર્મરાજાનું સૈન્ય બરાબર આવ્યું હોત, જો એ પોતાના ખરા મિત્રોને મિત્ર તરીકે આદરી શક્યો હોત અને મહામોહરાજા અને તેનું આખું સૈન્ય પોતાનું દુશ્મન છે અને શત્રુનું કામ સારે છે એમ તેના જાણવામાં ચોક્કસ આવ્યું હોત તો તેને આટલી પીડા થાત નહિ, તે આટલાં દુઃખ ખમત નહિ અને અવ્યવસ્થિત રીતે જ્યાં ત્યાં ભટકત નહિ; કારણ કે જો તે [2]સત્ય વાત બરાબર સમજ્યો હોત તો પોતાની શક્તિનો અને નીતિનો બરાબર ઉપયોગ કરીને પેલા ચોરલોકોના લશ્કરને હઠાવી દેત અને પોતાના રાજ્ય ઉપર નિષ્કંટક રાજ્ય કરત. પણ બન્યું તે બની ગયું. મારે તો આપના હુકમ પ્રમાણે વર્તવાનું હતું; તેથી હવે અધમ કેવી રીતે

---

૧ પાપીપંજર એટલે નારકી (ચોથી ગતિ). તેના વર્ણન માટે જુઓ પ્ર. ૪ પ્ર. ૨૭ (પૃ. ૯૯૧)

૨ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મુળ પુસ્તકનું પૃ. ૯૨૬ શરૂ થાય છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

રાજ્ય કરે છે તેની તપાસ કરવા હું ગયો અને ત્યાં મને જે અનુભવ થયો તે વિગતથી આપને જણાવું છું તે આપ સાંભળવા કૃપા કરો.'

---

૧ આ **અધમાધમ** પુરૂષનું લક્ષણ બતાવતાં પૂજ્યપાદ **શ્રીઉમાસ્વાતિ** તત્વાર્થ ભાષ્યમાં કહે છે કે कर्माहितमिह चामुत्र चाधमतमो नरः समारभते. અધમાધમ પ્રાણી આ ભવ અને પરભવમાં અહિત થાય તેવાં કાર્ય કરે છે. **ક્ષેમંકર ગણિએ ષટ્પુરૂષ ચરિત્ર** લખ્યું છે તેમાં અધમાધમ પુરૂષનાં લક્ષણ બતાવતાં કહે છે કે-તેઓ ધર્મની સંજ્ઞાથી તદ્દન દૂર હોય છે, પરલોક સંબંધી વિચાર વગરના હોય છે, સારી પરિણતિથી રહિત હોય છે, પાંચ ઇંદ્રિયના સુખનો સ્વાદ નહિ જાણનારા હોય છે, ક્રૂર કર્મ કરનારા હોય છે, પાપ કરવામાં આદર કરનારા હોય છે, અધર્મના કામમાં હોંસ દેખાડનારા હોય છે, તેઓના હાથપગ ત્રૂટી ગયેલા અને બાળ ઉખડી ગયેલા હોય છે, તેઓ વસ્ત્રરહિત, આશ્રમરહિત, આધાર વગરના, ગરમી ઠંડી અને પવનથી હેરાન થતા અને ઝાડની છાલના અથવા ચામડાના વસ્ત્ર પહેરનાર, પર્વતની ગુફામાં રહેનાર, સંસારસુખના અનુભવ વગરના, સકળ લોકવ્યવહારથી રહિત અને પૃથ્વીને ભાર કરનારા હોય છે અને મનુષ્યપણું મળ્યા છતાં એકંદર જનાવર જેવા દેખાય છે. સાધારણ રીતે તેઓની જાતિના નામો બતાવતાં કહે છે કે ભિલ્લ લોકો, શિકારી લોકો, ભરવાડ, રબારી, ચાંડાળની જેવાં નીચ કામ કરનારાં તેઓ હોય છે. તેઓ ગમે તેમ કરીને મહા કષ્ટે ધન મેળવે છે અને પછી દારૂ પીએ છે, માંસ ખાય છે, ન કરવા યોગ્ય કાર્યો કરે છે. આવા પ્રાણીઓ સર્વ પ્રાણીઓથી નીચની ગણનામાં આવે છે, સર્વ પ્રાણીઓ તરફથી નિંદાને પાત્ર થાય છે, સર્વ પ્રાણીઓને ઉદ્વેગ કરાવનારા થાય છે, સર્વ પ્રકારના પુરૂષાર્થથી રહિત હોય છે, સર્વ વખત અત્યંત નિંદનીય અવસ્થા ભોગવી આખરે પરલોકમાં નરકાદિની પીડા ભોગવે છે.

આ **અધમાધમ** પુરૂષના સંબંધમાં સુપ્રસિદ્ધ મધુબિંદુનું દૃષ્ટાન્ત તેઓ આપે છે. **સિદ્ધર્ષિગણિ** અંતરંગ રાજ્યમાં તેઓની શી અવસ્થા હોય છે તે વિસ્તારથી બતાવે છે, ત્યારે **ક્ષેમંકરગણિ** તેઓની બાહ્ય રાજ્યમાં કેવી દશા હોય છે તે બતાવે છે. આટલા ઉપરથી આ સર્વથી અધમ મહા નીચ પ્રાણીઓનાં લક્ષણ સમજવામાં આવશે. **ષટ્પુરૂષચરિત્ર** સંસ્કૃત અને ગુજરાતી છપાયેલ છે તે વાંચવા અત્ર સૂચના છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૨ મું.

## (૨) અધમરાજ્ય-યોગિની દૃષ્ટિદેવી.

{પ્રથમ વર્ષમાં નિકૃષ્ટે કેવી રીતે રાજ્ય કર્યું તેનો વિસ્તારથી હેવાલ વિતર્કે કહી સંભળાવ્યો. ત્યાર પછી બીજા વર્ષમાં શું થયું તે હકીકત જણાવતાં વિતર્કે આગળ ચલાવ્યું-

ઉત્તમસૂરિ આ આખી વાર્તા **હરિરાજા** સમક્ષ કહી બતાવે છે-**સંસારીજીવ** પોતાનું આખું ચરિત્ર **સદાગમ** સમક્ષ કહે છે અને **અગ્રહીતસંકેતા** અને **પ્રજ્ઞાવિશાળા** તથા **ભવ્યપુરૂષ** સાંભળે છેઃ—}

વિતર્ક અપ્રબુદ્ધશિષ્યને કહે છે કે—બીજા વર્ષની શરૂઆતમાં પણ ઢોલ પીટાવીને ઉદ્ઘોષણા કરવામાં આવી કે'આ વર્ષે અધમ રાજા થયો છે માટે લોકોએ ખાવું પીવું અને મજા કરવી.' ગયા પ્રકરણમાં જે સર્વ હકીકત નિકૃષ્ટના રાજ્યના સંબંધમાં બની હતી તે આ વખતે પણ સર્વ બની, બન્ને સૈન્યમાં પણ એવી જ સ્થિતિ થઇ, અંદર અંદર મંત્ર વિચારણા થઇ અને મોહરાયના અને ચારિત્રરાજના સૈન્યમાં અરસપરસ રાજ્ય કેવું થશે તે સંબંધી વિચારસંમેલન થયા. હવે વિષયાભિલાષ મંત્રીએ આ અધમરાજાના ગુણો મોહરાજાની સભામાં વિસ્તારથી વર્ણવ્યા તે અત્ર કહી બતાવું છું.

**વિષયાભિલાષનું કથન.**
**અધમ રાજ્યનું સ્વરૂપ.**
**બહિષ્કૃતિ ઉપાય ચિંતવન.**

વિષયાભિલાષ મંત્રી મોહરાજાની રાજસભામાં કહેવા લાગ્યો- "જુઓ, એના પિતા કર્મપરિણામ મહારાજે આ અધમ રાજાને કેવો બનાવ્યો છે તેનું સ્વરૂપ વિસ્તારથી કહી બતાવું છુંઃ આ અધમ આ લોક ( આ ભવ )માં સંપૂર્ણ આસક્ત છે, અહીં સર્વ પ્રકારના આનંદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોગવી લેવાની ઇચ્છાવાળો છે, [1]આ ભવમાં સર્વ પ્રકારની પૂર્ણતા માનનારો છે; એ પરલોકથી તદ્દન વિમુખ છે, પરભવમાં જેવું કાંઇ છે જ નહિ તેમ માનનારો છે અને આ ભવમાં મળે તેટલો આનંદ કરવાના વિચારવાળો છે; ધર્મ અને મોક્ષરૂપ પુરૂષાર્થ તરફ તેને ઘણો દ્વેષ છે. તેની વાત પણ તેને ગમતી નથી, એ અર્થ ( ધન એકઠું કરવું ) અને કામ ( ઇંદ્રિયના વિષયો ભોગવવા ) રૂપ પુરૂષાર્થ ઉપર તલ્લીન છે. એ શબ્દ રૂપ રસ ગંધ અને સ્પર્શનો ઘણો રસીઓ છે, અત્યંત લોલુપી છે, મહા આસક્ત છે, તેમજ તપ દયા દાન શીળ ( શુભ વર્તન ) અને બ્રહ્મચર્ય વિગેરે ગુણોનું દૂષણ બોલનાર દ્વેષી છે. આ પ્રમાણે એ રાજામાં ગુણો (?) હોવાથી તે આપણને ઘણો વહાલો લાગે તેવો છે અને એનું આપણા ઉપર હેત પણ ઘણું છે; વળી એ આપણા સર્વ હુકમોને બરાબર ઉઠાવનાર છે અને વધારામાં વળી એ આપણા મહા દુશ્મન ચારિત્રધર્મ રાજાના લશ્કરનો મોટી દ્વેષીલો છે, મહા ખારીલો છે, અને તેનો પક્કો દુશ્મન છે. વળી તે અધમને હજુ સુધી પોતાના રાજ્યની કાંઇ ખબર જ નથી, પોતાનું બળ કેવું અને કેટલું છે તે પણ તે જાણતો નથી, પોતાનું ખરૂં સ્વરૂપ શું છે તેની તેને ખબર પણ નથી અને આપણે ખરેખરા ચોરનો આકાર ધારણ કરનારા છીએ તે પણ એ જાણતો નથી. આ પ્રમાણે હોવાથી અધમનું રાજ્ય છે તે વાસ્તવીક રીતે આપણું પોતાનું જ રાજ્ય છે એમ મને તો લાગે છે અને હે પ્રભુ! એ બાબતમાં મને તો જરા પણ શંકા જેવું લાગતું નથી. છતાં મને એક બાબત આપણે સર્વેએ ખાસ કરવા જેવી હોય તેમ લાગે છે અને તે એ છે કે કોઇ પણ પ્રકારે એ રાજ્યની અંદર દાખલ ન થાય તેવો આપણે પક્કો બંદોબસ્ત કરવો, કારણ કે જો એ એક વાર પોતાના રાજ્યમાં દાખલ થઇ સર્વ બાબત જોઇ જશે તો પછી તે આપણી ચેષ્ટાઓનું પણ બારિકીથી અવલોકન કરશે અને આપણને જોઇ લઇને બરાબર ઓળખી જશે. એ દુરાત્મા અધમમાં કાંઇક જરા જરા વીર્ય ( શક્તિ ) છે, માટે એને તો ગમે તેમ કરીને રાજ્યની બહાર જ રાખવો જોઇએ, એને રાજ્યમાં અંદર દાખલ થવા દેવો સારો નથી. એ રાજ્યમાં દાખલ થઇ આપણને ઓળખી જાય તો કદાચ ભારે પડી જાય."

મંત્ર વિચારણા. પ્રવેશ ન આપવો.

---

[1] નિકૃષ્ટ ધર્મ અર્થ કામ મોક્ષથી રહિત હતો, આ અધમ અર્થ અને કામમાં આસક્ત છે. નિકૃષ્ટ પરલોક પરાઙ્મુખ હતો, અધમ પણ તેવો જ છે; પણ એ આ લોકમાં વધારે આસક્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયાભિલાષ મંત્રીએ આવી રીતે વિસ્તારથી અધમનું સ્વરૂપ અને તેને અંગે કામ લેવાની રાજનીતિ જણાવી. છેવટે તેને રાજ્યમાં પ્રવેશ ન કરવા દેવાની વાત જણાવી એટલે તુરત જ મહારાજા મોહરાયે તેને પૂછ્યું "આર્ય! એ દુરાત્મા અધમ પોતાના રાજ્યમાં પ્રવેશ જ ન કરી શકે તેટલા માટે એને બહાર રાખવાનો જે ઉપાય હોય તે તમે વિગતવાર જણાવો જેથી એના ઉપર સર્વ સૈન્યનું ધ્યાન રહે."

મહામંત્રી વિષયાભિલાષ બોલ્યા "દેવ! મેં આપને હમણા જ જણાવ્યું કે એ અધમ અર્થ અને કામમાં ઘણો આસક્ત છે, માટે આપણે સર્વેએ મળીને એને અર્થ અને કામમાં ઘણો મશગુલ રાખવો અને તેમ કરીને તે બાહ્ય પ્રદેશમાં જ રહે અને પોતાના અંતરંગ રાજ્યમાં આવે જ નહિ, દાખલ થવાનો વિચાર જ કરે નહિ એમ કરવું. એ બાહ્ય પ્રદેશમાં આસક્ત રહેશે તો પોતાના રાજ્યની બહાર જ રહેશે."

તે સાંભળી મહારાજા મોહરાયે હુકમ આપ્યો કે "મંત્રીની યોજના બરાબર છે. મંત્રી કહે છે તે પ્રમાણે અધમ અર્થ કામમાં આસક્ત રહી બાહ્ય પ્રદેશમાં જ રહ્યા કરે એવી આખા સૈન્યે યોજના કરવી." મોહરાયનો આવો હુકમ સાંભળીને આખું લશ્કર પોતાના કાર્યમાં સજ્જ થઇ ગયું.

JAINSITE.com જયતુ જૈન શાસનમ્

### [1]દૃષ્ટિએ હાથમાં લીધેલ કાર્ય.
### તેનું બળ અને તેની હોંસ.
### દૃષ્ટિનું કાર્ય કરવા માટે પ્રસ્થાન.

હવે એ વિષયાભિલાષ મંત્રીની એક દૃષ્ટિ નામની દીકરી છે, તે ઘણી હુશિયાર અને પરમ યોગિની છે, જાતે સ્વરૂપવાન્, વિશાળ આંખોવાળી અને દેખાવે ભવ્ય સુંદર હોઇ ઘણી આકર્ષક છે. તે છોકરી પોતાના પિતાજીને તથા મહારાજાને કહેવા લાગી "દેવ! તમે તો અગાઉ દેવ દાનવ અને મનુષ્યોને જીતી લીધેલા છે તો અધમરાજા તે તમારી પાસે કઇ ગણતરીમાં છે કે તેને એકલાને જીતવા માટે તમે બધા તૈયાર થઇ ગયા છો. અરે મહારાજ! મને એકલીને જો આપ રજા આપો તો બહુ થોડા વખતમાં હું એને વશ કરી લાવું અને તમારા તાબામાં રહે

---

૧ અહીં દૃષ્ટિદેવીને ખાસ સ્થાન આપવાનું કારણ છે. આ પ્રસ્તાવમાં ચોથી ચક્ષુરિંદ્રિયનું વર્ણન આપવાનું છે તે કાર્ય આથી સિદ્ધ થાય છે અને અધમ જેવાને મોહરાયના સૈન્યનું એક માણસ કે છોકરી પણ બાહ્ય પ્રદેશમાં રાખી શકે એ બતાવવાનો બીજો ઉદ્દેશ જણાય છે. દૃષ્ટિદેવીની આવી કલ્પના કરવામાં ગ્રંથકર્તાએ ઘણું ચાતુર્ય બતાવ્યું છે.

એવો બનાવી દઉં, એમાં તે શી મોટી વાત છે કે આપ સર્વે આટલા બધા વિચારમાં પડી ગયા છો? હું એકલી આપની નાની દાસી એ કામ સપાટામાં કરી લાવીશ. હું આપને ખાતરીથી કહું છું કે એને થોડા વખતમાં હું એના રાજ્યથી ભ્રષ્ટ કરીશ, અને અંતરંગ રાજ્યથી તદ્દન બહાર અને દૂર જ રાખી દઇશ, એને આપના હુકમને અમલમાં મૂકનાર આપના ચાકર જેવો બનાવી દઇશ અને એ પોતાના લશ્કરથી તદ્દન અજાણ્યો જ રહે અથવા પોતાના સૈન્ય તરફ ઉલટો ગુસ્સે રહે એવો કરી મૂકીશ–એ બાબતમાં દેવ! આપ જરા પણ શંકા કરશો નહિ. આપ એ સર્વ કામ મને સોંપી દો. વળી સાહેબ! આપ સારી રીતે જાણો છો કે જ્યાં હું જાઉં છું ત્યાં મારા [1]ભાઇઓ બ્હેનો સ્પર્શન વિગેરે જે આપના પોતાના જ મનુષ્યો છે તે પણ મારી સાથે આવે છે, હું જ્યાં જાઉં છું ત્યાં તેઓ સાથે હોય જ છે; અને એ પુરૂષને ( રાજાને ) હું વશ કરીશ તેમાં ભાવથી તો આપ સર્વ પણ મારી પાસે હાજર જ હશો એમ આપે ધારવાનું છે; વળી આ સંબંધમાં હું તમને એક દાખલો પણ આપું: તમને યાદ હશે કે ગયે વર્ષે જ નિકૃષ્ટ રાજા થયો હતો તે ધન અને કામ વગરનો હતો છતાં તેને તમારી સાથે રહીને આપણે પાપિપંજર( નરક )માં મોકલી દીધો હતો; તો દેવ! આ સંબંધમાં ચોક્કસ કામ લેવા મને હુકમ આપો અને એ સંબંધમાં આપ હવે વધારે ઢીલ ન કરો. આપનો હુકમ થાય તો હું એ અધમરાજાને વશ કરી નાખું અને એના રાજ્યમાં એને દાખલ થતો જ અટકાવું. આપે સર્વેએ એ સંબંધમાં ચિંતા કરવાની કે પ્રયત્ન કરવાની બીલકુલ જરૂર નથી. આપના ટેકાથી હું એકલી એ કામ કરી આવીશ.”

યોગિની દૃષ્ટિદેવી આ પ્રમાણે બોલી રહી એટલે મહામોહ રાજાએ વિચાર કર્યો કે જે કામ એ યોગિની માથે લેવા તૈયાર થઇ છે તે કામ કરવાને તે સંપૂર્ણ યોગ્ય છે, કરી શકે તેવી છે અને મારી વિશ્વાસુ છે. આ પ્રમાણે વિચારીને દૃષ્ટિદેવીને અધમ રાજાને ઠેકાણે લઇ આવવાનું કામ સોંપવામાં આવ્યું એટલે તુરત જ તે ત્યાંથી ઉપડી અને એ અધમરાજા બાલ પ્રદેશમાં હતો ત્યાં ગઇ.

* * *

## ચારિત્રરાજ મંડળમાં શોક.

હવે ચારિત્રરાજના મંડળમાં સમાચાર આવ્યા કે અધમ રાજા થયો છે એટલે ત્યાં તો મોટો તરખાટ થઇ ગયો, એ આખા મંડળને તો

1 સ્પર્શન, રસના, ઘ્રાણ અને શ્રોત્ર, એ સર્વ પણ વિષયાભિલાષના જ છોકરાઓ અથવા માણસો છે. જુઓ પ્ર. ૪. પૃ. ૭૯૨ તથા પ્ર. ૪. પ્ર. ૧૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટો ત્રાસ થઇ ગયો અને સર્વને મોટો ખળભળાટ થઇ આવ્યો. આગલા પ્રકરણમાં જણાવ્યું હતું[1] તે પ્રમાણે નિકૃષ્ટનું રાજ્ય થતાં મંત્રવિચારણા થયા પછી આખા પ્રદેશમાં જેમ શોક વ્યાપી રહ્યો હતો તે પ્રમાણે આ વખતે પણ થયું, અધમ રાજ્યની હકીકત સાંભળીને આખા સાધુમંડળમાં દિલગિરી ફેલાઇ ગઇ અને સર્વનાં મન અત્યંત વ્યાકુળ થઇ ગયાં.

* * *

### યોગિની દૃષ્ટિ દેવીનો પ્રભાવ.
### સ્ત્રીનિરીક્ષણમાં આનંદ અવગાહન.
### મહામોહાદિનું પ્રબળ વીર્યદર્શન.

રૂપ દર્શન.

હવે પેલી યોગિની દૃષ્ટિ દેવી તે વખતે રાજાનો હુકમ મેળવીને પ્રથમ તો અંતર્ધાન થઇ ગઇ (અદૃશ્ય થઇ ગઇ) અને પછી વિભ્રમ ઉત્પન્ન કરી ગુપ્ત રીતે અધમ રાજાની આંખોમાં જઇને રહી. એ યોગિનીના પ્રતાપથી પેલો અધમ રાજા (સ્ત્રીઆદિકનાં) રૂપ જોવામાં ઘણો આસક્ત થયો અને આ દુનિયામાં સારાં સારાં રૂપો જોવાં ઉપરાંત જાણે સુખનું બીજું કોઇ કારણ જ નથી એમ માનવા લાગ્યો. સર્વ સુખની કલ્પના તેને સુંદર રૂપો જોવામાં જ થઇ, કોઇ સ્ત્રીને કટાક્ષ કરતી જોવી, કોઇ સ્ત્રી આડી આંખે નિશાનીઓ કરે તે જોવું, કોઇ સ્ત્રીના વિભ્રમો જોતાં તેના અંગોપાંગની ચેષ્ટા જોવી, કોઇ સ્ત્રીના હાવભાવ જોવા, કોઇ સ્ત્રીની લાવણ્યરસિકતા જોવી, કોઇ સ્ત્રીનું હસવું જોવું, કોઇ સ્ત્રીનો આનંદ જોવો, કોઇ સ્ત્રીની રમત ગમત જોવી અને એવી એવી સ્ત્રી સંબંધી જે કાંઇ હકીકત બને તે આંખો ફાડીને પ્રેમથી રસથી જોયા કરવી એમાં એ જોગણીના પ્રતાપથી અધમરાજને આનંદ આવવા લાગ્યો. એ મૂર્ખ બુદ્ધિવાળો રાજા સ્ત્રીની આંખોમાં નીલ કમળની કલ્પના કરવા લાગ્યો, સ્ત્રીના મુખમાં ચંદ્રની કલ્પના કરવા લાગ્યો, સ્ત્રીનાં સ્તનોમાં સુવર્ણકુંભની કલ્પના કરવા લાગ્યો અને સ્ત્રીનાં પ્રત્યેક અંગોમાં સૌંદર્ય જોવા લાગ્યો.[2] એ સ્ત્રીઓના વિલાસ જોવામાં આનંદ માનવા લાગ્યો, સ્ત્રીઓના નાચ જોવામાં સુખ માનવા લાગ્યો, સ્ત્રીઓનાં ચાળા અને

---

૧ જુઓ પૃ. ૧૫૬૮.

૨ અહીં ભર્તૃહરિનો એક શ્લોક વિચારવા જેવો છે.

स्तनौ मांसग्रन्थी कनककलशावित्युपमितौ
मुखं श्लेष्मागारं तदपि च शशांकेन तुलितम् । [ચાલુ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નખરાં જોવામાં મોજ માણવા લાગ્યો, સ્ત્રીઓના હાવભાવ જોવામાં રસ લેવા લાગ્યો અને રૂપવાળી સુંદરીઓનું નાટક જોઇને રાજી રાજી થવા લાગ્યો. સારાં ચિત્રો જોઇને તેમાં તેને કૌતુક થતું હતું, કોઇ પણ આકર્ષક ચીજ જોવામાં તેને આનંદ થતો હતો અને ખાસ કરીને સ્ત્રીઓને જોવામાં-તેની હીલચાલો અવલોકવામાં તે આનંદ માનતો હતો. વળી તેવો પ્રસંગ બનતાં તે વિચારતો હતો કે-અહો! આપણે તો હમણા નવાં નવાં રૂપોનું દર્શન થાય છે, ઘણા આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા દેખાવો જોવાના મળે છે, તેથી અહો મારે તો ઘણું સુખ છે! મને તો અહીં સ્વર્ગ મળી ગયું લાગે છે! મારાં પુણ્યનો પાર નથી! આવા વિચારને પરિણામે એ અધમ રાત્રી દિવસ રૂપ જોવાના રસમાં પડી ગયો અને પોતે કોણ છે? શું કર્યું છે? અને કરે છે? તેનો જરા પણ વિચાર કરવો કેમ વર્તે ભૂલી ગયો.

રાજ્ય બહાર રહ્યો. આવી રીતે રૂપદર્શનમાં અધમરાજ આસક્ત થઇ તે કામમાં પડ્યો હતો તે વખતે સ્પર્શન વિગેરે દૃષ્ટિદેવીના બંધુઓ પણ પોતાનું કામ કરવા લાગ્યા અને વળી મહામોહરાજા પોતે અને તેનું આખું લશ્કર પણ પોતપોતાનું બળ તેના ઉપર અજમાવવા લાગ્યા અને તે સર્વ પ્રયત્નને પરિણામે અધમરાજમાં જે કાંઇ થોડું ઘણું જ્ઞાન હતું તે પણ લગભગ નાશ પામી ગયું. તેને લઇને એ અધમરાજા પોતાના આખા રાજ્યથી તદ્દન બહાર થઇ ગયો અને માત્ર ધન અને કામ (પૈસા અને વિષય)માં આસક્ત થયો. આખો વખત સારાં સારાં રૂપ જોવાં, ધન મેળવવું અને ઇંદ્રિયોના વિષયો ભોગવવામાં તેણે સુખ અને ઇતિકર્તવ્યતા માની અને પોતાનું ખાસ રાજ્ય છે તેની તેને ખબર પણ ન પડી, પોતાનું ખાસ લશ્કર છે એ વાત એના સમજવામાં પણ ન આવી, પોતાની પાસે ઘણી મોટી દોલત પુંજી અને સંપત્તિ છે એ વાત તેના જાણવામાં પણ ન આવી અને વાત એટલે સુધી વધી પડી કે પોતે રાજા છે એ વાત પણ એના લક્ષ્યમાં ન રહી. એ તો પેલી જો-

---

स्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धि जघनं
मुहुर्निन्द्यं रूपं कविजनविशेषैर्गुरूकृतम् ॥

સ્ત્રીઓનાં જે સ્તનો વાસ્તવિક રીતે માંસની ગ્રંથીઓ છે તેને સોનાના કળશની ઉપમા આપવામાં આવે છે, શ્લેષ્મ (બળખા વિગેરે)ના ઘર જેવા મુખને ચંદ્રની સાથે સરખાવવામાં આવે છે, પડતા મુત્રથી ખરાબ થતી જાંઘોને હાથીની સુંઢ સાથે સરખાવવામાં આવે છે. અહો સ્ત્રીનું રૂપ વારંવાર નિંદવા યોગ્ય છે, છતાં માત્ર કવિઓએ એને ખાલી મહત્તા આપી દીધી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણી દૃષ્ટિદેવીને પોતાની ખરી વહાલી સગી માનવા લાગ્યો, તેને જ પોતાની સમજવા લાગ્યો અને મહામોહરાયના આખા સૈન્યને પોતાનું માનવા લાગ્યો, તે પોતાનું હિતસ્વી છે, ખરા મિત્ર જેવું છે-એમ સમજવા લાગ્યો અને તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકવા લાગ્યો.

### મોહનું અધમપર સામ્રાજ્ય.
### રાજ્યનાશ-દુષ્ટ ચિંતવન.
### ચંડાળણીપર આસક્તિઃ પાત.

પરતંત્રતામાં આ નં દ.

ઉપર પ્રમાણે હકીકત બન્યા પછી પેલા ચોરોના ટોળાએ (લશ્કરે) ધીમે ધીમે તેનું આખું રાજ્ય પચાવી પાડ્યું અને તે અધમરાજાને પોતાને તદ્દન વશ કરીને તેના પક્ષના અને તેને અનુસરનારા તાબેદાર રાજાઓ હતા તે સર્વેને મારીને હઠાવી દીધા. એ અધમરાજ આવી રીતે પોતાના ખરા રાજ્યથી તદ્દન ભ્રષ્ટ થઇ ગયો, પોતાના ભાઇઓ અને ખરા સંબંધીઓ વગરનો થઇ ગયો અને પોતાના ખરા દુશ્મનથી ઘેરાઇને હતપરાક્રમ થઇ ગયો, છતાં એવી પરાજયની સ્થિતિમાં અને પારકાને તાબે રહેવાની હાલતમાં પણ આનંદ માનવા લાગ્યો. શબ્દ વિગેરે ઇંદ્રિયના વિષયો જે પોતે જાતે દુઃખરૂપ છે, દુઃખનાં કારણ છે અને દુઃખને ઘણુ વધારી મૂકનાર છે તેને પોતાના અજ્ઞાનથી પ્રાણીઓ સુખરૂપ અને સુખનાં કારણો માને છે. એ પ્રમાણે વાસ્તવિક સુખ શું છે અને ક્યાં છે તેનો જરા પણ સાચો સ્પષ્ટ ખ્યાલ ન હોવાને લીધે તે ઇંદ્રિયસુખમાં આનંદ માનવા લાગ્યો અને તેને જ ખરૂં સુખ માનવા લાગ્યો. બાહ્યપ્રદેશમાં તે એવા પ્રકારનો થઇ રહ્યો કે એને રાજસેવક સાથે અથવા નાટકીઆ ( ભવાયા ) સાથે અથવા ભાટચારણ સાથે અથવા તો જુગારીની સાથે સરખાવી શકાય. વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો તે જાતે રાજા હોવા છતાં નાટકીઆ કે જુગારીના વેશે સંસારમાં ઓળખાવા લાગ્યો અને તે તેવો જ છે એમ સર્વત્ર જણાયું.[1] મહામોહરાયના લશ્કરની અસર તળે તે દુનિયામાં વ્યભિચારી તરીકે ઓળખાવા લાગ્યો, અત્યંત પાપી તરીકે ગવાયો, સમજુ વિવેકીને મહા દયા ઉપજાવે તેવી સ્થિતિનો જણાયો, ધર્મ ઉપર અત્યંત નાસ્તિક થયો, કુળ લોક કે સ-

---

૧ આ **અધમ** કોટિના માણસો જુગારી, નાટકીઆ, ભાટચારણ અથવા રાજસેવક ( મહા માયાવી- અમલની ધૂનવાળા પણ નોકર ) હોય છે. ચાલુ પ્રકરણને અંતે નોટ આપી છે તે જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનસિક અવનતિ.

માજની મર્યાદાને ઉલ્લંઘન કરનારો નીવડ્યો અને ધર્મના અનુષ્ઠાનોને દોષ આપનારો થઇ પડ્યો. વાત એટલે સુધી થઇ આવી કે બીજા કોઇ માણસો કે સંબંધી ધર્મ કરતા હોય તો 'આ તો ભારે મોટા ધરમની પૂંછડી થઇ ગયા છે!' એવી તેમની મશ્કરી કરવા લાગ્યો, તેમના તરફ હસવા લાગ્યો અને તેઓ બાપડા ભોગથી ઠગાઇ ગયા છે, તદ્દન ભોળીઆ છે-એમ તેમના સંબંધમાં ધારવા લાગ્યો; પોતાની જેમ જે પ્રાણીઓ અર્થ મેળવવામાં અને કામસેવનમાં તત્પર રહેતા હોય તેઓ જ ખરા સમજુ વિચક્ષણ ડાહ્યા છે એમ માનવા લાગ્યો; ખરેખરી રીતે પોતાના ઊંડા હૃદયમાં શુદ્ધ સત્ય તરીકે માનવા લાગ્યો કે-જે પ્રાણીને દરરોજ નવાં નવાં રૂપો જોવા સારૂ મળ્યાં કરતાં હોય, પોતાની સ્ત્રી જેને વશ હોય, જેની પાસે ઘણા પૈસા હોય અર્થાત્ જેની પાસે અઢળક દોલત હોય તેને અહીં જ મોક્ષ છે, તે જ ખરો સુખીઓ છે અને બાકીના બધા નકામાં ફાંફાં મારે છે, હેરાન થાય છે, ત્રાસ પામે છે. આવી રીતે તે અધમરાજ બાહ્ય દેશમાં જ રહ્યો, પોતાનું ખરૂં ધન ખોઇ બેઠો, પોતાની ખરી દોલત લુંટાઇ જાય છે તેના ચોખ્ખા ખ્યાલથી વંચિત રહ્યો, છતાં આવી અતિ ખરાબ દશામાં પણ આનંદ માનવા લાગ્યો, સુખ સમજવા લાગ્યો, રાજી થવા લાગ્યો.

જૈન સાઈટ JAINSITE .com

વિવેક ભ્રષ્ટનો અધઃપાત.

હવે એક વખત એક ચંડાળની સ્ત્રી ઘણી રૂપાળી હતી તે આ અધમના જોવામાં આવી એટલે દૃષ્ટિના દોષથી તેને એ ચંડાળણી ઉપર રાગ થયો, તેના તરફ આકર્ષણ થયું, તેના ઉપર વ્યામોહ થયો. આવી મનુષ્યથી તજાયલી-અધમ વર્તન અને ધંધાવાળી સ્ત્રીને જોતાં તેનામાં આસક્તિ થઇ, તે વખતે અધમે ન ગણી પોતાના કુળની આબરૂ, ન કલ્પના કરી લોકના અભિપ્રાયની, ન કર્યો પાપનો વિચાર, અને ન કર્યો ભવિષ્યનો વિચાર. વળી લોકોમાં એથી પોતાના આત્માની કે જાતની કેટલી હલકાઇ કહેવાશે તેનો પણ ખ્યાલ ન કર્યો, પોતે કાર્ય કરે છે કે અકાર્ય કરે છે તેનો વિવેક કે વિચાર પણ ન કર્યો અને માત્ર એ ચંડાળણીની સુંદર ચામડીમાં આસક્ત થઇ તેના સામું જોઇ જ રહ્યો, ત્યાં ને ત્યાં પોતાની નજરને ચોંટાડી દીધી અને બીજી કોઇ બાબત કે વસ્તુ તરફ નજર જ ન કરી. અધમરાજનું આવું અતિ વિપરિત લોકનિંદ્ય તુચ્છ વર્તન જોઇ સર્વે લોકો તેની ઘણી નિંદા કરવા લાગ્યા, તેનો ઉઘાડી રીતે તિરસ્કાર કરવા લાગ્યા અને તેને ફીટકાર આપવા લાગ્યા. આવી રીતે અંતરંગ રાજ્યથી

તે ભ્રષ્ટ થયો અને બાહ્ય પ્રદેશમાં જનસમૂહથી પણ નિંદા પામ્યો. આખરે સર્વ લોકોએ એકઠા મળીને એ મહા અકાર્ય કરનારના અતિ અધમ કાર્યપર વિચાર કરી તેને રાજ્યમાંથી કાઢી મૂક્યો કારણ કે માત્ર ગુણો જ સર્વત્ર પૂજાય છે. ત્યાર પછી બાહ્ય પ્રદેશમાં અતિ ભયંકર દુઃખો સહન કરીને આખરે નિકૃષ્ટ રાજાની પેઠે પાપીપંજર (નરક)માં મહા ખરાબ અવસ્થા પામ્યો. ત્યાં કર્મપરિણામ રાજાએ તેને કહ્યું કે "અલ્યા છોકરા! તેં રાજ્ય બહુ ખરાબ રીતે કર્યું, તને રાજ્ય કરતાં આવડ્યું નહિ!–" આ પ્રમાણે કહીને તેને અનેક પ્રકારની પીડાઓ કરવામાં આવી.

(વિતર્ક કહે છે કે) અપ્રબુદ્ધજી! તે વખતે મારા મનમાં વિચાર થયો કે નિકૃષ્ટની પેઠે આ [1]અધમરાજ રાજ્ય મળવા છતાં

---

૧ **અધમ**નું સ્વરૂપ બતાવતાં તત્ત્વાર્થ ભાષ્યમાં કહ્યું છે કે इह फलमेव तु अधमो। **અધમ પ્રાણી આ ભવમાં જ બધું આવી ગયું એમ સમજે છે.** એ સંબંધમાં **ક્ષેમંકર** ગણિ **ષટ્પુરુષ ચરિત્રમાં** બહુ લંબાણથી ઉલ્લેખ કરે છે. પરલોકને નહિ માનનારા, કેવળ આ લોકને માનનારા, અર્થ અને કામને જ પુરુષાર્થ માનનારા, ઇંદ્રિયસુખની અભિલાષા રાખનારા, સંસારના ભય વગરના, જન્મમરણથી થનારા દુઃખને નહિ જાણનારા, ક્રૂર કર્મના પરિણામને નહિ વિચારનારા પ્રાણીઓ આ કક્ષામાં આવે છે. ઇચ્છામુજબ ખાવું પીવું, ગમે તેમ બોલવું, નીચ કર્મ કરવાં એ તેઓની જીવનપ્રવૃત્તિ હોય છે. એવા પ્રાણીઓ લોકનિંદાની અવગણના કરનાર અને લોકલાજ કે મર્યાદા શરમ વગરના હોય છે. નટ, બજાણીઆ, જુગટીઆ, ચોર, કથક અને નાસ્તિકોનો આ વર્ગમાં સમાવેશ થાય છે. ધર્મની નિંદા કરનાર, ધર્મીઓનું હાસ્ય કરનાર, મોક્ષની નિંદા કરનાર, આત્મા હોઇ શકે નહિ એમ માનનાર, સદાચાર તરફ હસનાર, અધમ લોકો પરલોક માનતા નથી, પૂજન સેવનને ઢોંગ માને છે, બ્રહ્મચર્યાદિ વ્રતપાલનને પોતાની જાતને છેતરવા જેવું માને છે, ધર્મના ઉપદેશ કરનારા ઢોંગીઓ છે અને તેઓનું કામ ભોળા લોકોને છેતરવાનું છે એમ તેઓ માને છે, દેવગુરુની પૂજા એ ધનનો ખોટો વ્યય કરવા જેવું છે એમ માને છે અને માત્ર ધન અને કામ પોતાની જાતને અંગે અને તેટલા પૂરતા ઉપયોગી ગણે છે. પૈસાથી સર્વ સત્તા માન અને કાર્યો બને છે તેથી તેને બહુ અગત્યના ગણે છે. અહીં તેમણે એક **મોહરતિ** પ્રધાનનું દૃષ્ટાન્ત આપ્યું છે. એ તદ્દન ખોટી સલાહ આપનાર અને રાજાને કુમાર્ગે દોરનાર હતો, અને એને પોતાના ખોટા ઉપદેશને પરિણામે સંસારમાં ઘણું રખડવું પડ્યું હતું એમ તે કથામાં બતાવ્યું છે. **સિદ્ધર્ષિગણિએ દૃષ્ટિયોગિની**ની કલ્પના આ પ્રસ્તાવમાં ચક્ષુરિંદ્રિયની હકીકત લાવવા માટે કરી છે, બાકી એમનું દૃષ્ટિબિન્દુ અંતરંગ બાહ્ય રાજ્યને અંગે છે. **અધમ** માણસો અહીં વૈભવ ભોગવવાવાળા અને સ્વાત્મસંતોષી અથવા એકાંત સ્વાર્થી હોય છે એવો સર્વ ગ્રંથકારોનો અભિપ્રાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિતર્ક વિચારણા.

આવી અવસ્થા પામ્યો, પોતાનું રાજ્ય ઓળખી શક્યો નહિ, રાજ્ય ભોગવી શક્યો નહિ અને આખરે ભારે હેરાનગતિ પામ્યો તેનું મુખ્ય અથવા તો એક જ કારણ અજ્ઞાન જણાય છે. એ જો પોતાની વસ્તુ, પોતાની જાત અને પોતાના સૈન્યને ઓળખતો હોત-ઓળખી શક્યો હોત તો તેની આવી દશા થાત નહિ.

# પ્રકરણ ૧૩ મું.

## ૩. ૪. વિમધ્યમ-મધ્યમ રાજ્ય.

એ પ્રબુદ્ધ પાસે વિશેષ હકીકત જણાવતાં વિતર્ક કહે છેઃ-[1] દેવ! ત્રીજા વર્ષમાં વિમધ્યમને રાજ્ય સોંપવામાં આવ્યું. અગાઉ ઘોષણા કરીને સર્વને જણાવવામાં આવ્યું હતું તેમ વિમધ્યમનું રાજ્ય પણ જાહેર કરવામાં આવ્યું.

### ૩. વિમધ્યમરાજ્ય.

અગાઉ મહામોહની વિચારણા થઇ હતી તે પ્રમાણે આ વખતે પણ થઇ.[2] બન્ને સૈન્યમાં આ નવીન રાજ્ય સંબંધી વિચાર થયો, ચર્ચા થઇ અને નિર્ણયો થયા તે સંબંધી કાંઇક વિગત અત્રે વિચારીએ.

મહામોહ રાજાએ પોતાના વિષયાભિલાષ મંત્રીને પૂછયું "ભદ્ર! આ વળી અંતરંગ રાજ્યનો નવો રાજા થઇને આવ્યો છે તેના સંબંધી હકીકત શી છે તે તમે વર્ણવો. એ નવા રાજા કેવા છે તે વિગતવાર કહી બતાવો."

૧ ઉત્તમસૂરિ હરિરાજા સમક્ષ આનંદ નગરમાં આ ષટ્પુરુષ ચરિત્ર બોધ આપવા માટે કહે છે-આખી વાર્તા સંસારીજીવ સદાગમ સમક્ષ કહી સંભળાવે છે જે વખતે અગ્રહીતસંકેતા, પ્રજ્ઞાવિશાળા વિગેરે બેઠેલા છે.

૨ જુઓ પૃ. ૧૫૫૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિમધ્યમ માટે મંત્રીનો મત.
## ધર્મ માટે તેની સહજ લાગણી.
## ઉપાયનો નિર્ણય અને અમલ.

વિષયાભિલાષ મંત્રીએ જવાબ આપ્યો "મહારાજ! આ નવો રાજા થઇને આવ્યો છે તે આપણા તરફ પ્રેમથી જોનારો તો છે અને તેથી આપણને વહાલો તો ખરો; પણ એ ચારિત્રરાજ તરફ પણ જરા જરા જોયા કરે છે. એ નવો રાજા આપણને પોતાના ભાઇ જેવા ગણે છે તેની સાથે એ પેલા ચારિત્રરાજાના લશ્કરની પણ અપેક્ષા રાખે છે. વાત એટલી છે કે એનો આપણી તરફ પક્ષપાત વધારે છે, એને આપણે માટે લાગણી અને હેત ઘણાં છે અને ચારિત્રરાજ તરફ એનો આદર મંદ મંદ છે. એ રાજા આ લોક( આ ભવ )ના સંબંધમાં જેમ ચિત્ત લગાડ્યા કરે છે તેમ કોઇ કોઇ વખત પર લોક (પરભવ)ની વાત પણ એ જરા જરા કરે છે, પરલોક ઉપર એ જરા નજર પણ નાખ્યા કરે છે. એનું મન વિશેષે કરીને તો પૈસા પેદા કરવામાં અને પૈસાના રક્ષણ કરવામાં તથા કામભોગમાં આસક્ત છે પણ વચ્ચે વચ્ચે એ સહજ ધર્મ કાર્ય પણ કરે છે. એ પ્રકૃતિએ ભદ્રક ( સરળ ) છે, સર્વ દેવોની અને સર્વ પ્રકારના ગુરૂઓની સ્તુતિ કરનારો છે, દાન દેવાની ઇચ્છાવાળો છે, શીળ પાળવા તત્પર છે અને સાચા શાસ્ત્ર ઉપર કોઇ પણ પ્રકારનું દૂષણ લગાડનાર નથી. આ પ્રમાણે હોવાથી રાજન્! આ નવો રાજા આપણને બહુ સારો નથી, કારણ કે એ ચારિત્રધર્મના સૈન્યને પણ જરા જરા જાણે છે અને એના તરફ સહજ ઢળતો છે. દેવ! તેટલા માટે આપણે આ વર્ષે જરા વધારે સાવધાન થઇને રહેવું પડશે. ગમે તેમ કરીને એ નવા રાજાને અંતરંગ રાજ્યમાં બનતા સુધી પ્રવેશ જ ન કરવા દેવો. જો એ સંબંધમાં ગફલતી કરી એને અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરવા દેવામાં આવશે તો જેવો એ અંદર દાખલ થયો કે તુરત જ પોતાના સૈન્યને ઓળખી તેને પાળવા મંડી જશે અને પછી જરૂર આપણા લશ્કરને બાધા-પીડા કરશે, હેરાન કરશે. એ બહાર રહીને ( અંતરંગ રાજ્યમાં પ્રવેશ કર્યા વગર ) ઉપર ઉપરથી પોતાના લશ્કરની પરિપાલના સહજ કર્યા કરશે તો તેથી આપણા લશ્કરને ત્રાસ થશે નહિ, પણ એ જો અંદર દાખલ થયો તો આપણી પરિસ્થિતિ આકરી અથવા કફોડી જરૂર થઇ જશે. અગાઉ આપણે જેવી રીતે યોગિની દૃષ્ટિ સાથે રહીને અધમને બહારને બહાર રાખ્યો હતો તેમ આ નવા રાજાને પણ ગમે તેમ કરીને બહાર જ રાખવો. જરા પણ વખત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખોયા વગર મહારાજ ! આ સર્વ બાબતની ગોઠવણુ કરવા હુકમ આપી દો. વિમધ્યમ અહીં આવી અંદરના રાજ્યનો વિશેષ કબજો મેળવે તે પહેલાં એ સર્વ બાબત આપણા હિત ખાતર થઇ જવી જોઇએ. આ પ્રમાણે સાંભળીને મહામોહ મહારાજે એ જ પ્રમાણે કરવાનો તુરત જ હુકમ આપ્યો.

## વિમધ્યમ રાજ્ય વર્તન અને પરિણામ.

મોહરાજાના અનુચર ચોરોએ મોહરાયનો હુકમ મળતાં દેવી દૃષ્ટિને આગળ કરીને નવા રાજા( વિમધ્યમ )ને ધકેલીને બહાર કાઢ્યો, એનું આખું રાજ્ય તે ચોરોએ પોતાને હાથ કરી લીધું, પણ આ વખતે તેઓએ ચારિત્રરાજના લશ્કરને બહુ પીડા ન કરી અને કાંઇક કાંઇક તેની પણ અપેક્ષા રાખી. આ સર્વ બાબતનું પરિણામ એ થયું કે એ રાજા (વિમધ્યમ) પોતાના અંતરંગ રાજ્યથી તો તદ્દન બહાર-દૂર જ રહ્યો પણ વચ્ચે વચ્ચે તે જરા માનસન્માન પૂજન કરીને ચારિત્રરાજના લશ્કરને પણ સહજ પાળવા લાગ્યો.

**નવા રાજાની ગોઠવણ.** વિમધ્યમે ગોઠવણુ એવી રાખી હતી કે રાત્ર અને દિવસના વિભાગો પાડીને અમુક વખત તે ધર્મકાર્ય કરતો હતો, અમુક વખત પૈસાની લેવડદેવડમાં વખત ગાળતો હતો, અમુક વખત વિષયસેવનમાં સમય નિર્ગમન કરતો હતો. આવી રીતે દરેક કાર્યને યોગ્ય વખતે ધર્મ અર્થ અને કામમાં પ્રવૃત્તિ કરતો હતો. એને જોઇને ચારિત્રધર્મ વિગેરે રાજાઓ પણ જરા જરા સંતોષ પામેલા અને તૃપ્ત થયેલા હોવાથી અગાઉની પેઠે શોક કરતા નથી, કકળાટ કરતા નથી, રડતા નથી.

**દૃષ્ટાન્ત.** આ વખતે આ રાજા કેવું રૂપ ધારણ કરતો હતો તે તમારે જોવું હોય તો સદાચારી બ્રાહ્મણ અથવા સારા પ્રખ્યાત રાજાનું રૂપ જોઇ લેવું. તેઓ જ્યારે પોતાથી બની શકતી રીતે ધર્મ અર્થ અને કામ એમ ત્રણે વર્ગ સાધતા હોય છે ત્યારે જેવા દેખાય છે તેવો એ વિમધ્યમરાજા દેખાતો હતો.

આવી રીતે વિમધ્યમ પોતાનું રાજ્ય ચલાવી રહ્યો હતો તે વખતે લોકોમાં એ ભાગ્યશાળી અને પુણ્યશાળી તરીકે પ્રશંસા પામ્યો. લોકો કહેવા લાગ્યા કે આ રાજા નસીબદાર છે અને પુણ્ય કરનારો છે. એ વિમધ્યમનો કર્મપરિણામ નામનો પિતા હતો તે પણ પોતાના છોક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રની રાજ્યપાલનપદ્ધતિ અને ચેષ્ટા જોઇને જરા રાજી થયો. અપ્રબુદ્ધજી! મેં તે વખતે એમ સાંભળ્યું હતું કે એ પિતા ત્યાર પછી એને કોઇ વખત સુખ આપે તેવા સંયોગવાળા પશુસંસ્થાન (તિર્યંચગતિ)-માં મૂકતો હતો, કોઇવાર સુખથી ભરપૂર માનવાવાસ (મનુજગતિ)માં મૂકતો હતો, અને કોઇ વખત સુખથી ભરપૂર વિબુધાલય નગર (દેવગતિ)માં પણ મૂકતો હતો.[1]          *          *

---

૧ **વિમધ્યમ**ના રાજ્યની જે હકીકત અહીં કહી બતાવી છે તે ઉપરથી જણાયું હશે કે **સિદ્ધર્ષિગણિ**ની વ્યાખ્યા પ્રમાણે એ ત્રીજા વિભાગના પ્રાણીઓ મુખ્યત્વે તો આ સંસારમાં (ભવમાં) આસક્ત હોય છે, પણ પરભવની અપેક્ષા રાખે છે, એ ધન અને કામના અર્થી હોય છે, પરંતુ ધર્મની પણ સન્મુખ રહે છે. દુનિયાના વહેવારૂ પ્રમાણિક માણસો એ આ વિભાગનો આદર્શ છે. **તત્ત્વાર્થ** ભાષ્યમાં કહે છે કે विमध्यमस्तूभयफलार्थम् । **વિમધ્યમ પ્રાણી આ ભવ અને પરભવ એમ બન્ને પ્રકારનાં ફળની અપેક્ષા રાખે છે. ક્ષેમંકરગણિ ષટ્પુરૂષચરિત્ર**માં આ વર્ગના પ્રાણીઓનું વર્ણન કરતાં વિસ્તારથી તેનાં લક્ષણ બતાવે છેઃ તેઓ કહે છે કે–**વિમધ્યમ** પુરૂષો ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થને એક બીજા સાથે વિરોધ ન આવે તેવી રીતે એકસરખી રીતે સેવે છે, મોક્ષ પુરૂષાર્થને તો ગજનિમીલિકા (અહંકારથી ચાલતા હાથીની ઉપેક્ષા) માફક તજી દે છે, પણ તેની નિંદા કરતા નથી અને લોકોને કહે છે કે ધર્મ કરશું તો ભવાંતરમાં પુત્રપરિવાર મળશે, રાજ્યગાદી મળશે–આવી અપેક્ષાથી દાન શીલ તપ તરફ પ્રવૃત્ત થાય છે, કાંઇક પરોપકાર પણ કરે છે અને તીર્થસેવા કરે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વાણીઆ, કણબી, રાજા વિગેરે આ લોક અને પરલોકને નાશાત્મક માનનારા અને કુશાસ્ત્રને માનનારા, મોક્ષની અભિલાષાવાળા ન હોવાથી જ્ઞાન ધ્યાન તપમાં કષ્ટ માનનારા મિથ્યાદૃષ્ટિ પુરૂષો પરમાર્થે દૃષ્ટિવાળા ન હોવાથી આ **વિમધ્યમ**ના વર્ગમાં આવે છે. વળી ભવિષ્યમાં ચક્રવર્તીની કે દેવેંદ્રની ઋદ્ધિ મેળવવાની ઇચ્છાથી તપસ્યા આદિમાં પ્રવૃત્તિ કરનારા સમકિતી જીવોનો પણ આ વર્ગમાં સમાવેશ થાય છે. આ વર્ગના પુરૂષો ધર્મની અપેક્ષા રાખે છે, પરલોક વિરૂદ્ધ જાય તેવું કર્મ કરતા નથી, સ્વર્ગ નરકને માને છે અને પાપથી ડરે છે. તેઓ કહે છે કે ધર્મથી સારા કુળમાં જન્મ થાય છે, સુંદર સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, લાંબુ આયુષ્ય મળે છે, શરીરમાં બળ આવે છે, નિર્મળ યશ ફેલાય છે, વિદ્યા પ્રાપ્ત થાય છે, પૈસા મળે છે, જંગલમાં મહાભયથી બચાવ થાય છે અને ધર્મથી સ્વર્ગ તેમ જ મોક્ષ મળે છે. આ વર્ગના પ્રાણીઓ ધર્મની અપેક્ષા રાખે છે પણ સાચો માર્ગ બરાબર જાણતા નથી. ધર્મના યથાસ્થિત સ્વરૂપને ન જાણનાર આવા પ્રાણીઓ યથેચ્છ રીતે વિચરે છે તેથી ધર્મનાં ખરાં ફળને પામી શકતા નથી. ત્યાં પછી એક **શ્રીપતિ** વણિકની કથા આપી છે. એ વાણીએ ધર્મનિમિત્તે મહાયજ્ઞો કર્યા પણ અંતે જે પુત્ર અને પુત્રવધૂને પોતાની મિલકત સોંપી મરણ પામ્યો તે પુત્રાદિકે જ તેને પિંડદાન આપવાને વખતે બકરા તરીકે થયેલા તેનો જ

[ ચાલુ



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

## (૪) મધ્યમ રાજ્ય.

એવી રીતે વિમધ્યમ નામના ત્રીજા પુત્રનું રાજ્ય પૂરૂં થયા પછી ચોથે વર્ષે **મધ્યમ** નામના ચોથા પુત્રનું રાજ્ય થયું. અંતરંગ રાજ્યપર તેની નીમણુક જાહેર ઘોષણાથી અગાઉ માફક પ્રસિદ્ધ કરવામાં આવી. અગાઉની પેઠે મહામોહ અને તેના મંત્રી વચ્ચે આ રાજા સંબંધી વાતચીત અને વિચારણા થઇ, તે પ્રસંગે વિષયાભિલાષમંત્રીએ નીચે પ્રમાણે હકીકત જણાવી.

### મધ્યમરાજનાં લક્ષણો.

" મહારાજ ! આ મધ્યમ નામનો નવો રાજા આવ્યો છે તે ભાવપૂર્વક ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોમાં આખો વખત ચાલુ પ્રયાસ કરનારો છે, વળી એ ચાર પુરૂષાર્થોમાં પણ મોક્ષને જ ખરા પરમાર્થ સ્વરૂપે જાણે છે, એને પરમ સાધ્ય ગણે છે અને એ મેળવવા માટે બને તેટલો પ્રયત્ન કરવો જોઇએ એમ બરાબર સમજે છે, વળી તે એમ પણ જાણે છે કે એ મોક્ષરૂપ સાધ્ય પ્રાપ્ત કરવાનું પરમ સાધન ધર્મ પુરૂષાર્થ છે, એ હકીકતને લક્ષ્યમાં લઇને એ અર્થ અને કામ પુરૂષાર્થોમાં બહુ આસક્ત થતો નથી. વળી એ ધન અને વિષય ( અર્થ અને કામ )ના દોષો સારી રીતે વિચારી શકે તેવો છે તો પણ તેનામાં અત્યંત વિશાળ પરાક્રમની ગેરહાજરી હોવાને લીધે તે બન્નેને અંગે પ્રવૃત્તિ કર્યા કરે છે અને પોતાના પુત્ર સ્ત્રી સગાં વિગેરેને જો કે એ ખરેખરા પરમાર્થથી બંધનરૂપ સમજે છે છતાં તે બંધન છોડી શકતો નથી; વસ્તુસ્વરૂપ તે બરાબર સમજે છે, પણ તેનામાં સત્ત્વ પૂરતું ન હોવાથી બહાર પડી શકતો નથી; બાકી એની લાગણી મોક્ષ મેળવવા તરફ છે, એનું ચિંતવન હમેશા એ લક્ષ્ય તરફ રહે છે."

---

વધ કર્યો. પછી જન્માંતરમાં પોતે પાછો તેનો વધ કર્યો અને પાછો પોતાનો વધ થયો. મતલબ ધર્મનું બરાબર સ્વરૂપ ન સમજવાથી ધર્મને બ્હાને તેને મહા ત્રાસ ઉત્પન્ન થયો. દૃષ્ટિરાગવાળા સર્વ જીવોનો આ વર્ગમાં સમાવેશ થાય છે.

આ સર્વ બાબતોનું પૃથક્કરણ કરતાં જણાય છે કે **વિમધ્યમ** નામના ત્રીજા વિભાગમાં બહુધા સંસારઆસક્ત, અર્થ કામમાં તત્પર, વચ્ચે વચ્ચે ધર્મ કરનાર વહેવારૂ મનુષ્યોનો સમાવેશ થાય છે. પાપભીરૂ અને સાધારણ રીતે ઠીક ઠીક રીતે વર્તનાર શેઠીઆઓ, પ્રમાણિક નોકરો અને લોકોત્તર મિથ્યાત્વને અંગે ધર્મ કરનાર જૈન એ સર્વ આ ત્રીજા વિભાગમાં આવે છે. આંતર દૃષ્ટિએ તેઓને ધર્મ થતો જ નથી, બાહ્ય રીતે સારા દેખાય છે અને તેમનું સાધ્ય બહુ સાદું અને અપેક્ષિત હોય છે, આત્મિક ઉત્થાનને અંગે શૂન્યતા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

{વિતર્ક કહે છે કે-'વિષયાભિલાષમંત્રીએ મહામોહ વિગેરે મહારાજાઓને મધ્યમ સંબંધી હકીકત નિવેદન કરી અને એ સર્વ હકીકત મેં ત્યાં લોકોમાં વાતચીત ચાલતી હતી તે પરથી સાંભળી લીધી.' અપ્રબુદ્ધ શિષ્યે તે વખતે પ્રશ્ન કર્યો 'અહો વિતર્ક! તેં બહુ સારી વાત સાંભળી! હવે લોકોમાં તેં તે વખતે આ સંબંધમાં બીજું વધારે શું શું સાંભળ્યું તે વિગતવાર મને કહી સંભળાવ.' વિતર્કે વાત આગળ ચલાવી. }

### મોહરાયની ભૂમિપર અર્ધું આક્રમણ.
### ચારિત્રરાજના સૈન્યમાં મોટો આનંદ.
### યોગિની દૃષ્ટિદેવીની અકિંચિત્કરતા.

'આપને જે સિદ્ધાન્તગુરૂએ સર્વ વાત અગાઉ કરી હતી તે જ સિદ્ધાન્તની સાથે એ મધ્યમરાજાને ઓળખાણ હતી, સારો પરિચય પણ થયેલો હતો અને એ ગુરૂ મધ્યમરાજ સાથે સારો સંબંધ રાખતો હતો. એ સિદ્ધાન્ત ગુરૂએ એક વખત સાધારણ વાતચીતમાં ઉદ્દેશપૂર્વક એને સમજાવી દીધું હતું; તેથી પોતાના અંતરંગ રાજ્યને એ મધ્યમરાજ કાંઇક ઓળખી ગયો હતો. સિદ્ધાન્તે તેને તે વખતે જે ઉપદેશ કર્યો તેથી ચારિત્રરાજનું લશ્કર પણ તેના ઓળખવામાં જરા જરા આવી ગયું અને પોતાનું અસલ રૂપ અને ખરેખરી ઋદ્ધિ સમૃદ્ધિ કેટલાં અને કેવાં હતાં તે પણ ઘણુંખરૂં તેના જાણવામાં આવી ગયું હતું. વળી એ સિદ્ધાન્તગુરૂના કહેવાથી મહામોહ વિગેરેની શત્રુતા કેવી આકરી છે અને ચોર તરીકે તેઓનું જીવન કેવું ભયંકર છે તે પણ તેના (મધ્યમરાજના) જાણવામાં આવી ગયું હતું. આ પ્રમાણે હકીકત હોવાથી મધ્યમ રાજાએ અંદરથી પોતાનું બળ (વીર્ય) વાપરીને થોડી થોડી અંતરંગ રાજની ભૂમિ પોતાને તાબે કરી અને અડધા રસ્તા સુધીનું રાજ્ય પોતાના હાથમાં લઇ લીધું. આ પ્રમાણે હકીકત બનવાથી ચારિત્રરાજ વિગેરે જે મધ્યમરાજના પોતાના સેનાનીઓ હતા તે જરા રાજી થયા અને પેલા ચોરો અને ધાડપાડુઓને જરા પીડા થઇ આવી. આ પ્રમાણે બનવાથી મહામોહાદિ ચોરો મધ્યમરાજનું વીર્ય કેટલું છે તે જોઇ ગયા એટલે તેઓ પણ તેનામાં આસક્ત જ રહ્યા, તેના રાજ્ય ઉપર પોતાની સત્તા અને પોતાનો દોર એકલો ચલાવવાનો વિચાર માંડી વાળ્યો, પરંતુ સર્વે ચોરો તેના નોકર જેવા થઇને તેની પાસે ને પાસે રહ્યા અને પોતાના મનમાં અંદરખાનેથી

૧ સિદ્ધાન્તનો આ અપ્રબુદ્ધ શિષ્ય છે તે માટે જુઓ પૃ. ૧૫૫૭-૫૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્રૂજતા રહ્યા, બીતા રહ્યા. ચારિત્રધર્મ વિગેરે રાજાઓ પોતાના શેઠનું આટલું પણ વીર્ય જોઇને મનમાં જરા જરા મલકાતા રહ્યા અને પોતાના મોટા લશ્કર નગર અને સંબંધીઓ સાથે મળીને રાજી થયા. જે યોગિની દૃષ્ટિદેવીએ અગાઉ રાજાઓને વશ કરી લીધા હતા તે પણ મધ્યમરાજને અત્યંત બાધા પીડા નીપજાવી શકી નહિ.

ઉપર પ્રમાણે હકીકત બનવાથી મધ્યમરાજા જેણે પોતાના મંડળને થોડું થોડું જીતી લીધું હતું, તે પોતાનું રાજ્ય ચલાવવામાં સમય પસાર કરતો હતો અને પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા માટે યોગ્ય અવસરની રાહ જોતો હતો.[1]

બહિર્દેશમાં એ મધ્યમરાજના બહુ વખાણ થયા: લોકો કહેવા લાગ્યા કે આ રાજા ખરો ભાગ્યશાળી છે, પુણ્યશાળી છે, એને સાચો માર્ગ પ્રાપ્ત થયો છે, એને ધન્ય છે.

## સ્વરૂપ દર્શન.

જૈનશાસનમાં વર્તતા જે જીવોએ સાચો માર્ગ પ્રાપ્ત કર્યો હોય, જેઓનાં મન સાચી શ્રદ્ધાથી શુદ્ધ થયેલાં હોય, જેઓ જીવ અજીવ વિગેરે તત્ત્વોના જાણકાર હોય, જેઓ પોતાની શક્તિપ્રમાણે બને તેટલાં પાપોથી પાછા હઠેલા હોય (દેશવિરતિયુક્ત), જેઓ પોતાની વિશુદ્ધ પરિણતિથી આખા ભુવનને બની શકે તેટલો આનંદ-આહ્લાદ કરાવનાર હોય—આવા પ્રાણીઓ જે પ્રકારનાં અનુષ્ઠાનો કરે તે પ્રકારનાં આચરણો મધ્યમરાજાએ પોતાનું રાજ્ય ભોગવતી વખતે કર્યાં હતાં એમ સમજી લેવું. પરલોકને માટે ઉદ્યમ કરનારા આવા જે પ્રાણીઓ હોય અને જેઓ મોક્ષને ખરેખરૂં તત્ત્વ સમજી ગયા હોય તેઓ જે પ્રકારનું વર્તન કરે તેવા પ્રકારનું વર્તન કરનારો આ મધ્યમરાજા હતો.

એ મધ્યમરાજનો પિતા કર્મપરિણામ હતો તે તેના આવા પ્રકારના વર્તનથી કાંઇક રાજી થયો. એટલે જ્યારે એનો રાજ્યકાળ પૂરો

---

૧ દેશવિરતિની ભાવના હમેશા સર્વસંગત્યાગની હોય છે અને એવી ભાવના હોય તો જ દેશત્યાગ બરાબર બન્યો રહે છે અને આગળ પ્રગતિ થયા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો ત્યારે અસંખ્ય સુખોથી ભરપૂર વિબુધાલયમાં તેનો (મધ્યમને) લઇ ગયો.[1]

---

૧ ચોથા મધ્યમ વર્ગના જીવોનું પૃથક્કરણ કરતાં તત્ત્વાર્થભાષ્યમાં પૂજ્યપાદ ઉમાસ્વાતિમહારાજ કહે છે કે परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा। મધ્યમ પ્રાણી સર્વદા પરલોકમાં પોતાનું હિત થાય તેટલા માટે ધર્મક્રિયામાં પ્રવર્તે છે. અધમાધમ બન્ને બગાડે છે, અધમ આ ભવને જ જુએ છે, વિમધ્યમ બન્ને સુધારવા પ્રયત્ન કરે છે ત્યારે મધ્યમ પરલોકના હિતની અપેક્ષા રાખી સર્વ કાર્ય કરે છે.

ષટ્પુરૂષ ચરિત્રના લેખક **ક્ષેમંકરગણિ** જણાવે છે કે–મધ્યમ પુરૂષો ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થને માનનારા હોય છે, પણ એ ચારમાં મોક્ષને પરમ તત્ત્વ માને છે; છતાં એનામાં સત્ત્વની હીનતા હોય છે અને એ સ્ત્રી-પુત્રમાં બંધાયેલા રહે છે. એ પરમાર્થ બરાબર જાણે છે, સંસારની અસારતા સમજે છે, વિષયીઓને થતાં ભયંકર પરિણામો અવલોકે છે, ઇંદ્રિયોની ઉન્માર્ગગમનવૃત્તિ સમજે છે, છતાં વિષયોની મધુરતાને લીધે, ઇંદ્રિયો ચપળ હોવાને લીધે, સંસારસ્વભાવ એકદમ ન ઓળંગી શકાય તેવો હોવાને લીધે, (તેને) મોક્ષ નજીક ન હોવાને લીધે અને કર્મનો પ્રભાવ અચિંત્ય હોવાને લીધે તેવા પ્રાણી દીક્ષા ગ્રહણ કરી શકતા નથી, સર્વવિરતિ આદરી શકતા નથી અને સંસારમાં રહી બનતું ધર્મધ્યાન કરે છે. જીવ અજીવ તત્ત્વને જાણનારા સમ્યગ્દૃષ્ટિ જીવો જિનવચનના રહસ્યને જાણનારા, પોતાની શક્તિ પ્રમાણે ત્યાગ કરી વ્રત પચ્ચખાણ કરનારા **શ્રાવકો** આ વર્ગમાં આવે છે ઉપરાંત જે સ્વભાવે ભદ્રક હોય, અંતઃકરણપૂર્વક દયા કરનારા હોય, શક્તિ છતાં શાંતિ, નિરભિમાન, સરળતા, નિર્લોભ આદિ ગુણયુક્ત હોય, દાન આપનારા, શીળ પાળનારા, તપ કરનારા અને અંતરમાં શુદ્ધ ભાવ ભાવવાવાળા હોય તેવા પ્રાણીઓ આ મધ્યમ વર્ગના છે. આ સંબંધમાં જિનચંદ્ર નામના એક વણિકપુત્રનું દૃષ્ટાન્ત આપ્યું છે એ કુમાર સાહસિક અને પોતાના બળ ઉપર આધાર રાખનાર હોઇ લક્ષ્મી પ્રાપ્ત કરવા પરદેશ વહાણમાં ગયો, ત્યાં ચાર સ્ત્રીઓ પરણ્યો, સમુદ્રમાં ડૂબ્યો તો પણ દેવકૃપાથી ઋદ્ધિ અને સ્ત્રીઓને મેળવી શક્યો અને અનેક પ્રકારની ઋદ્ધિ સમૃદ્ધિ ભોગવતા છતાં ભુવનભાનુ ગુરૂની કૃપાથી દેશવિરતિ અંગીકાર કરી આનંદથી રહેવા લાગ્યો.

**સર્વ ગ્રંથકારોના મત પ્રમાણે દેશવિરતિધર શ્રાવકો અને સત્ય તત્ત્વ સમજનાર–મોક્ષાભિલાષી પણ કષ્ટસાધ્યની કોટિમાં મૂકવા યોગ્ય પ્રાણીઓનો આ ચોથા વિભાગમાં સમાવેશ થાય છે.**

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

# પ્રકરણ ૧૪ મું.

## ૫. ઉત્તમરાજ્ય.

વિતર્ક વિશેષ હકીકત જણાવતાં અપ્રબુદ્ધ શિષ્યને કહે છેઃ—

ઉપરના ત્રણ પ્રકરણમાં જણાવ્યું તેનું નિકૃષ્ટ, અધમ, વિમધ્યમ અને મધ્યમનું ચરિત્ર જોઇને અને તેઓની રાજ્યકાર્યને અંગે જૂદી જૂદી પરિસ્થિતિનું અવલોકન કરીને ત્યાર પછી હવે પાંચમો ઉત્તમ રાજા એ સંબંધમાં શું કરશે, કેવી રીતે રાજ્ય પાળશે, તેના રાજ્યમાં કેવા કેવા બનાવો બનશે અને તેનું વર્તન કેવું રહેશે તે જાણવા માટે હું ઘણો ઉત્સુક થયો, મારા મનમાં એ બાબતનું કૌતુક શરૂઆતથી જ બહુ થયું. આ પાંચમા રાજાના રાજ્યમાં વળી કાંઇક નવી ધામધુમો થશે તેથી જરૂર કાંઇ જોવા જેવું મળશે એમ ધારી હું ઘણા કુતૂહળમાં પડી ગયો.

### ૫. ઉત્તમરાજ્ય.

અન્યદા આખા રાજ્યમાં-તમામ ગામોમાં અને શહેરોમાં અગાઉ માફક ઘોષણા થઇ કે-આ વરસે **ઉત્તમ** રાજા સર્વ ઉપર રાજ્ય કરશે. આવા પ્રકારની ઘોષણા સાંભળીને સુંદર અને અસુંદર બન્ને અંતરંગ રાજાઓના આખા પરિવારમાં વિચારણા ચાલી કે આ નવો રાજા કેવો નીવડશે. ચારિત્રરાજના સૈન્યમાં અને મોહરાજાના સૈન્યમાં વળી એક નવો અનુમાન અને વિચારણાનો ખડખડાટ ચાલ્યો અને આ નવીન રાજા તેઓ પ્રત્યેકના સંબંધમાં કેવો નીવડશે તે સંબંધી મંત્ર થવા માંડ્યો.

### સદ્બોધકથિત ઉત્તમ ગુણો.

હવે સદ્બોધ મંત્રીએ આખા સૈન્યની શાંતિ જાળવી રાખવા સારૂ ચારિત્રધર્મરાજ સમક્ષ આ ઉત્તમરાજના ગુણોનું વિસ્તારથી વર્ણન કરી બતાવ્યું તે આ પ્રમાણેઃ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"અહો લોકો! તમે આ નવા રાજ્યથી જરા પણ ગભરાશો નહિ. આ નવો રાજા તો ઘણો સારો છે, એ આપણા તરફ ઘણું હેત રાખનારો છે અને આપણા આનંદમાં ઘણો વધારો કરે તેવો છે. એના સંબંધમાં એક ઘણી જાણવા જેવી હકીકત એ છે કે એ રાજા પોતાનું આ (નવીન) રાજ્ય અનેક મહામૂલ્યવાળાં રત્નોથી ભરપૂર છે એ હકીકત બહુ સારી રીતે જાણે છે. કોઇ કોઇ અગાઉના રાજાઓ પોતાનાં રાજ્યને ઓળખતા જ ન હોતા એવો આ મૂર્ખ રાજા નથી, એટલું જ નહિ પણ આપણા આખા લશ્કરના દરેક નાયક સેનાની અને ઉપરીને એ બરાબર નામથી અને ગુણથી પીછાને છે, આપણા દરેકમાં શા શા ગુણો છે અને તે ગુણોને અને પોતાનો દરેક સાથે કેટલો સંબંધ છે તે સર્વ તે બરાબર સમજે છે; વળી આપણું લશ્કર કેવું છે, કેટલું છે, આપણા સૈન્યના નાનામાં નાના સેનાનીના ગુણો કયા કયા છે, આપણા સંબંધમાં કયાં કયાં ગામો નગરો અને સ્થાનો છે, કયા કયા દેશો છે, અંતરંગ રાજ્યમાં કયા કયા ચોરો છે અને કોણ સાચી પવિત્ર દાનતના છે-એ સર્વ હકીકત તે બરાબર જાણે છેઃ વળી આ રાજ્યમાં કયા પ્રકારની પરિસ્થિતિ ઘણી ઉત્તમ પ્રકારની છે. બરાબર વસ્તુસ્થિતિ શી છે તે ઉત્તમરાજા સારી રીતે જાણે છે, સમજે છે અને વિચારે છે. વળી તમને એક વધારે અગત્યની વાત કહું. એ રાજા વસ્તુસ્થિતિ સમજે છે એટલું જ નહિ પણ સમજેલી વાતને બરાબર અમલમાં મૂકવા તે તૈયાર છે, એ આપણા સૈન્યના બળમાં વધારો કરનારો છે, આપણો યશ વધારનારો છે, આપણા તેજમાં વધારો કરાવે તેવો છે, મહામોહ વિગેરે આપણા દુશ્મનોને શત્રુ તરીકે ઓળખનારો છે, તેમને દાબી દેનારો છે, તેમને હણનારો છે-આવી રીતે એક રાજાને યોગ્ય સર્વે ગુણોથી તે અલંકૃત થયેલો હોવાને લીધે એ રાજા આપણે માટે ઘણો સારો છે, માટે તમારે જરા પણ ગભરાવાની જરૂર નથી. અત્યારે એનું રાજ્ય થયું છે તે પરમાર્થ નજરે આપણું પોતાનું જ રાજ્ય છે એમ તમે સમજો. દેવ! આ બાબતમાં જરા પણ શંકા કે સંશય કરવા જેવું નથી."

### ચારિત્રરાજ્યના વર્ગમાં આનંદ.
### મોહરાજ્યના વર્ગમાં તરખાટ.

સદ્બોધ મંત્રીનાં આવાં વચનો સાંભળીને ચારિત્રધર્મ વિગેરે રાજાઓનાં મુખકમળો ઘણાં પ્રફુલ્લિત થયાં, સર્વને ઘણો આનંદ થયો. પછી તેઓએ સંતોષથી આનંદમાં આવી જઇ ચારે તરફ લોકોને ચમત્કાર થાય તેવો હર્ષ મહોત્સવ કર્યો, વધામણીઓ આપી અને પરસ્પર

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

અભિનંદન આપ્યું, સર્વ રાજાઓ આનંદ રસમાં લીન થઇ ગયા અને ગાવા લાગ્યા કેઃ-

> इदमुत्तमराज्यमहो प्रबलं,
> दलिताखिलतस्करवृन्दबलम् ।
> अचिरेण भविष्यति तेत्सदृशं,
> प्रमदाय च साधुजनस्य भृशम् ॥

" અહો ! આ ઉત્તમરાજના પ્રબળ રાજ્યમાં ચોરોના આખા " ટોળાને દાબી નાંખવામાં આવશે, થોડા વખતમાં તે ઉત્તમ પ્રકારનું " થઇ જશે અને ખાસ કરીને સાધુ પુરૂષોને તે ઘણો આનંદ આપનાર " થશે.

**મહામોહ**ના રાજ્યમાં ઉત્તમ રાજાના રાજ્ય સંબંધી સમાચાર ફેલાયા અને મંત્રીએ તેની હકીકત સ્પષ્ટ કરી એટલે સર્વ રાજાઓ અને આખું મોહરાજાનું લશ્કર તો તદ્દન હતાશ થઇ ગયું. તેઓ મુખેથી બોલવા લાગ્યા કે ' અરે ! આ તો ઠાર મુઆ !' દેખાવમાં પણ જાણે તેઓ મરી ગયા હોય તેવા અધમુઆસરખા થઇ ગયા. તેઓ વિચારવા લાગ્યા કે હવે ક્યાં જવું ? ક્યાં નાસવું ? અરે આ જીવિતનો બચાવ કેમ કરવો ? કેવી રીતે કરવો ? આવા વિચારમાં આકુળવ્યાકુળ થઇને અનેક વિકલ્પો કરવા લાગ્યા, ઘણા મુંઝાવા લાગ્યા, બહુ દુઃખી થવા લાગ્યા.

## નિષ્કંટક રાજ્ય માર્ગ.

પિતા કર્મપરિણામ પાસેથી રાજ્ય પ્રાપ્ત કરીને ઉત્તમરાજાએ પ્રથમજ [2]સિધાન્ત ગુરૂમહારાજ પાસે હાજરી આપી અને રાજ્યની ખરેખરી ગુપ્ત હકીકત શી છે અને તેની આંતર સ્થિતિ કયા પ્રકારની છે તે સંબંધી વિગતવાર સવાલ પૂછયા તે આ પ્રમાણેઃ- " મહારાજ ! આવા પ્રવેશ કરવામાં મુશ્કેલ રાજ્યમાં મારે દાખલ કેવી રીતે થવું ? આવા મહા આકરા પ્રચંડ ચોરોને મારે કેવી રીતે મારી નાખવા ? કઇ નીતિએ રાજ્ય કરવાથી આવડું મોટું રાજ્ય મારે બરાબર વશ થાય ? મારામાં જે શક્તિ છે તેનો મારે કયે સ્થાને ઉપયોગ કરવો ? મહાત્મા !

અર્થ સૂચક પ્રશ્નાવલિ.

---

૧ મુદ્રશાં પાઠાંતર છે, તેમાં પ્રક્રમભંગ થાય છે અને એક અક્ષર છંદમાં ત્રુટે છે. આ ત્રોટક છે.

૨ મહારાજ્ય સંબંધી તાત્વિક ખુલાસો **સિદ્ધાન્ત** ( આગળ ) આપી શકે છે, તેને અત્ર રૂપક આપ્યું છે. સિદ્ધાન્તનો આખો જવાબ હૃદયમાં કોતરી રાખવા જેવો છે, આખા ગ્રંથના રહસ્ય જેવો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ સર્વ પ્રકારના ઉપાયો જાણો છો, આપ સર્વ વિધિ અને પ્રકારો સમજો છો-તો મારૂં રાજ્ય નિષ્કંટક થાય અને મને અન્ય તરફથી ત્રાસ ન થાય એનો રસ્તો બતાવો."

ઉત્તમરાજે આવો શરૂઆતમાં જ સવાલ કર્યો એટલે તેને ઉત્તર આપતાં સિદ્ધાન્તસૂરિ બોલ્યા "વત્સ! તું રાજ્યને ખરેખરો લાયક છે એમાં જરા પણ શંકા નથી; કારણ કે મોક્ષ મેળવવાની તને પ્રબળ ઇચ્છા થઇ છે અને તે ઇચ્છા પાર પાડવા સારૂ તું ધર્મ સાધવા ઉજમાળ થયેલો છે; વળી તું સંસારથી ઘણો દૂર રહેતો જાય છે અને ધનસંગ્રહ કમાણી રક્ષણ કે વ્યયની બાબતમાં તેમજ ઇંદ્રિયના વિષયભોગોમાં (અર્થ કામમાં) તું પ્રવૃત્ત થતો નથી અને તે બન્નેથી ઉલટો સામો ચાલે છે. આ સર્વ યોગ્ય પ્રાણીનાં લક્ષણો છે. વળી મોક્ષમાં જવાને માટે જે પ્રાણીઓ યોગ્ય પ્રવૃત્તિ કરતા હોય છે તેઓની જે વિશાળ આબરૂ હોય છે, અને એ રસ્તે ચાલનારને પ્રસંગોપાત્ત જે મહાન્ સુખ [1]મળી આવે છે તેમાં તે લપટાતા નથી, ફસાતા નથી, દબાઇ જતા નથી, જેથી તે તેમને બંધનભૂત થતાં નથી-એ પ્રમાણે પણ તને થતું જોવામાં આવે છે. વળી આ સંસારનો આખો પ્રપંચ તને દીવા જેવો ચોખ્ખો જણાઇ આવેલ છે, તું તેનું રહસ્ય, તેની ધીટતા અને તેનું વિષમપણું પણ સમજે છે તેથી પિતાએ જે રાજ્ય તને આપ્યું છે તે રાજ્યને તેં બરાબર જાણી લીધું છે. રાજ્યના જ્ઞાનવાળામાં જે લક્ષણો હોય તે તારામાં બરાબર દેખાય છે તેથી એ રાજ્યને માટે તારી યોગ્યતા છે એમ મારો નિર્ણય થયો છે. અહો નરોત્તમ! હવે એ રાજ્યમાં દાખલ થવાના ઉપાયો શા છે તે હું તને વિગતવાર કહું છું તે બરાબર લક્ષ્ય રાખીને સાંભળઃ—

## રાજ્યપ્રવેશ ઉપાય.

"तत्र भोः प्रविशतान्तरङ्गराज्ये नरपतिना प्रथममेव प्रष्टव्या गुरवः, सम्य-
"गनुष्ठेयस्तदुपदेशः, विधेयाहिताग्निनेवाग्नेस्तदुपचर्या, कर्तव्यं धर्मशास्त्रपारगमनं,
"विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः, जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः, अनुशीलनीया
"धर्मशास्त्रे यथोक्ताः क्रियाः, पर्युपासनीयाः सन्तः, परिवर्जनीयाः सततमसन्तः,
"रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः, भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमन-
"तिकाले परीक्ष्य वचनं, न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं, विधेयं सर्वासामस्मरण-
"मसंकल्पनमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां, कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्ग-

[1] પુણ્યના ફળ તરીકે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" त्यागः, धारणीयः संयमोपकारी महायतिवेशः, यापनीयं नवकोटिविशुद्धेनाहारो-
" पधिशय्यादिनात्मशरीरं, विहर्तव्यमनियतविहारेण, न दातव्यस्तन्द्रानिद्रालस्यवि-
" षादादीनामवकाशः, न मूर्च्छितव्यं मृदुस्पर्शेषु, न गर्धितव्यं स्वादुरसेषु, न मोहि-
" तव्यं सुरभिगन्धेषु, नाध्युपपत्तव्यं कमनीयरूपेषु, नाभिकांक्षितव्यं कलध्वानेषु,
" नोद्वेजितव्यं कर्कशशब्देभ्यः, न जुगुप्सनीयानि बीभत्सरूपाणि, न द्वेष्टव्यममनो-
" ज्ञरसेषु, न निन्दितव्या दुरभिगन्धाः, न गर्हणीयमकान्तस्पर्शेषु, प्रतिक्षणं क्षा-
" लनीयो विशुद्धभावनयात्मा, भवितव्यं सदासंतुष्टचित्तेन, समाचरणीयं विचित्रं
" तपश्चरणं, विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः, प्रणिधेयं परमेश्वरे सततम-
" न्तःकरणं, वर्तितव्यं समितिगुप्तिपरिपूतेन मार्गेण, परिसोढव्याः क्षुत्पिपासादयः
" परीषहाः, तितिक्षितव्या दिव्याद्युपसर्गाः, अभ्यसनीयं धीधृतिस्मृतिबलाधानं,
" यतितव्यमसंपन्नयोगेषु.

"[2]રાજાએ અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરતાં પ્રવેશ કરતી વખતે " પ્રથમ જ ગુરૂમહારાજને સર્વ હકીકત પૂછવી; ગુરૂ મહારાજ જે " ઉપદેશ આપે-જે માર્ગ બતાવે, તેને બરાબર જરા પણ ગોટા વાળ્યા " વગર અનુસરવો, અમલમાં મૂકવો; વેદના મંત્રનો પાઠ કરાવીને ઘરે " અગ્નિહોત્રી[3] અગ્નિને રાખે અને જે પ્રકારે અગ્નિની સારસંભાળ કરે " તે પ્રમાણે ગુરૂમહારાજની સેવા બરદાસ ઉઠાવવી; ધર્મશાસ્ત્રનાં ગ્રં-

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૧ सपत्न પાઠાંતર.

૨ અહીં અંતરંગ રાજ્યના પ્રવેશ માટે તેર બાબતો મુખ્યત્વે કરીને બતાવી છે તે નીચે પ્રમાણે છે.

(૧) ગુરૂઉપચર્યા.
(૨) શાસ્ત્રાભ્યાસ.
(૩) ક્રિયાઆચરણ.
(૪) પંચવ્રતપાલન.
(૫) સાધુતા.
(૬) ઇંદ્રિયોપર અંકુશ.
(૭) ભાવના.
(૮) સંતોષ.
(૯) તપસ્યા.
(૧૦) સ્વાધ્યાય.
(૧૧) અંતરશુદ્ધિ.
(૧૨) પરીષહઉપસર્ગસહન.
(૧૩) યોગવહન-રૂંધન.

આ તેર બાબતોપર બરાબર પ્રયત્ન કરવાથી અંતરંગ રાજ્યમાં પ્રવેશ થાય છે અથવા અંતરગ રાજ્ય પ્રવેશ માટે એ સર્વ બાબતો બહુ ઉપયોગી છે. પ્રવેશ કર્યા પછી શું કરવું તે આગળ બતાવે છે.

૩ **અગ્નિહોત્રી** ગૃહસ્થ ઘરે અગ્નિ રાખે તેની બહુ સંભાળ રાખે છે, દરરોજ પંચ યજ્ઞ કરવા પડે છે, અગ્નિ બરાબર ચાલતો રહે તેની વ્યવસ્થા કરવી પડે છે વિગેરે વિધિ મનુસ્મૃતિમાં બતાવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"થોનો બહુ સારી રીતે મનનપૂર્વક અભ્યાસ કરવો અને તેના પાર-"ગામી થવું; એ ધર્મશાસ્ત્રમાં-ગ્રંથોમાં બતાવેલી હકીકતનું રહસ્ય ઊંડા "ઉતરીને વિચારવું, એ હકીકત બરાબર સમજીને મનમાં તેને માટે "ચોક્કસ ખાત્રી કરવી અને તેના પ્રત્યે હૃદય દૃઢ કરવું; ધર્મશાસ્ત્રમાં "જે જે ક્રિયા અનુષ્ઠાનો બતાવ્યાં હોય તે તે આકારે તેનું પાલણ "કરવું; સંત મહાત્માઓની સેવાચાકરી કરવી; દુર્જન હલકા નીચ "મનુષ્યોથી હમેશાં દૂર રહેવું અને તેમનો પરિચય છોડી દેવો; ૧ [1]સર્વ "પ્રાણીઓ પોતાની જેવા જ છે, પોતાની ઉપમા અપાય તેવા છે તેમ "ગણીને જેવી રીતે પોતાનું રક્ષણ કરવામાં આવે છે તેવી રીતે તે "સર્વનો બચાવ કરવો, તેમનું રક્ષણ કરવું, તેમને પ્રાણદાન આપવું; "૨ [2]સત્ય વચન બોલવું તે પણ સર્વ પ્રાણીઓને હિત કરે તેવું હોય તે "બોલવું, આકરૂં ન હોય તેવું બોલવું, તેનો વખત ન વહી ગયો હોય "ત્યારે (યોગ્ય અવસરે) વખત વિચારીને બોલવું અને પરીક્ષા કરીને "બોલવું; ૩ પારકા ધનનો એક તલ જેટલો ભાગ પણ ધણીના આપ્યા "વગર લેવો નહિ, ૪ [3]સમગ્ર સ્ત્રીવર્ગ સાથે ભાષણ કરવું નહિ, તેમાનું "સ્મરણ કરવું નહિ, તેઓ સંબંધી કલ્પના કરવી નહિ, તેમને પ્રા-"ર્થના કરવી નહિ, તેમની સામું જોવું નહિ, તથા તેમની સાથે વાતો "કરવી નહીં; ૫ બાહ્ય[4] અને અંતરંગ સર્વ પ્રકારના સંગનો ત્યાગ કરવો; "આત્મસંયમની બાબતમાં ખાસ ઉપકાર કરનાર સાધુવેશ ધારણ

જૈન શાસન JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ અહીંથી **પાંચ વ્રત** શરૂ થાય છે તે બતાવવા તેને એક બે એવી સંખ્યા આપેલ છે.

૨ **બોલવાને અંગે** પાંચ વાત કરી: સત્ય બોલવું, હિતકારક બોલવું, સામાપર બોજાની જેમ પડે તેમ નહિ પણ શાંતિથી સમજાય તેવું બોલવું, વખતસર અને વખતને યોગ્ય બોલવું અને મનમાં વિચાર કરીને પરીક્ષા કરીને બોલવું. આ વાત બહુ વિચારવા યોગ્ય છે. એકલા નગ્ન સત્યને સત્ય કહેવામાં આવતું નથી એ જૈન પરિભાષા સમજવા યોગ્ય છે.

૩ આ **સ્ત્રીસંગ**માં શિયળની નવે વાડોનો યુક્તિ પૂર્વક સમાવેશ કર્યો છે. સ્ત્રીઓએ સર્વ બાબત ઘટતા ફેરફાર સાથે પુરૂષો માટે સમજી લેવાની છે.

૪ આ અંતરગ અને બાહ્ય **પરિગ્રહત્યાગ**ની વાત છે. **બાહ્ય** પરિગ્રહ **નવ પ્રકાર**નો કહ્યો છે: ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર, રૂપું, સોનું, અન્ય ધાતુઓ, દ્વિપદ અને ચતુષ્પદ. મતલબ જે વસ્તુઓ અને પ્રાણીઓ ઉપર માલેકી હક સ્થાપિત થાય તે બાહ્ય પરિગ્રહ. **અંતરંગ પરિગ્રહ** ચૌદ પ્રકારે છે. સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ. આ બન્ને પ્રકારના પરિગ્રહનો સંગ સર્વથા છોડવાનો અત્ર ઉપદેશ છે. એ પાંચમું વ્રત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" કરવો;[1] નવકોટિએ[2] વિશુદ્ધ આહાર ઉપધિ શય્યા વિગેરે લઇને એનાવડે " શરીરનો નિર્વાહ કરવો, ગામ, નગર વિગેરેના પ્રતિબંધ રહિત નિઃસ્પૃહ- " પણાથી વિહાર[3] કરવો; ઉંઘનું ઘેન (તંદ્રા), ઉંઘ, આળસ અથવા નાઉમેદી " કે શોકને જરા પણ અવકાશ આપવો નહિ; ૧ સારા સુકોમળ સ્પર્શ[4]- " ઉપર મૂર્છા કરવી નહિ; ૨ સ્વાદવાળા રસોમાં ગૃદ્ધિ કરવી નહિ; " ૩ સુગંધી વાસોમાં મોહી જવું નહિ; ૪ મનપસંદ રૂપોમાં આસક્ત " થવું નહિ; ૫ કાનને પસંદ પડે તેવા અવાજો ઉપર રાચી જવું નહિ; " ૫ ઉલટી રીતે જોઇએ તો કાનને પસંદ ન પડે તેવા શબ્દો રાગો કે " અવાજો સાંભળીને ઉદ્વેગમાં પડી જવું; ૪ બાહ્ય નજરે ખરાબ લાગે " તેવાં રૂપો જોઇને નિંદા ન કરવી, ઘૃણા ન કરવી; ૨ મનને પસંદ " ન આવે તેવા રસોનો દ્વેષ ન કરવો; ૩ દુર્ગંધી આવે તેવી ગંધોનો " પ્રસંગ થતા મનમાં દ્વેષ ન લાવવો; ૧ અરૂચિકર સ્પર્શના પ્રસંગો આવે " ત્યારે તેના તરફ કચવાટ કરવો નહિ; દરેક ક્ષણે દરેક પળે અત્યંત " વિશુદ્ધ ભાવનાજળે કરીને આત્માને ધોઇ સાફ રાખવો; હમેશાં " મનમાં સર્વ પ્રકારે સંતોષ રાખવો; વારંવાર અનેક પ્રકારનાં તપ " કરવાં; આખો વખત પાંચ પ્રકારનો સ્વાધ્યાય[5] કર્યા કરવો; સર્વદા " પરમાત્મામાં અંતઃકરણને સ્થાપન કરવું; પાંચ સમિતિ[6] અને ત્રણ

---

૧ આટલા ઉપરથી એમ જણાય છે કે દ્રવ્યલિંગ પણ ઘણું ઉપયોગી છે. સાધુનો વેશ પણ ઘણો ઉપકાર કરે છે, એ વેશથી જ અમુક કાર્યો તો થતાં નથી, વ્યવહારધર્મ આવી રીતે ઉપયોગી થાય છે, પછી વિચારને પરિણામે ભાવ-સાધુપણું આવી જાય છે અથવા આવવાનો સંભવ રહે છે.

૨ મુનિએ પોતાને માટે સજીવ નિર્જીવ કરવું નહીં, કરાવવું નહીં, કરનારને સારૂં જાણવું નહીં; વેચાતું લેવું નહીં, લેવરાવવું નહીં, વેચાતું લેનારને સારૂં માનવું નહીં; પકાવવું નહીં, પકાવરાવવું નહીં, પકાવનારની અનુમોદના કરવી નહીં. એ રીતે **નવ ભેદ** થાય છે. આ નવકોટિ વિશુદ્ધ આહારાદિ ગ્રહણ કરવાં એ સાધુને કર્તવ્ય છે.

૩ એક જગ્યાપર રહેવાથી અનેક પ્રકારે પ્રતિબંધ થાય છે, રાગનું કારણ વધે છે, તેથી સાધુઓએ એક જગ્યાપરથી બીજા જગ્યાપર મુસાફરી કર્યા કરવાનો હુકમ છે તેને **વિહાર** કહેવામાં આવે છે.

૪ અહીંથી સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ એ **પાંચ ઇંદ્રિયોના દમનનો** વિષય શરૂ થાય છે.

૫ **પંચસ્વાધ્યાયઃ** ૧ વાચના ( વાંચવું તે ), ૨ પૃચ્છના ( પૂછવું તે ), ૩ પરાવર્તના ( પાછળનું યાદ કરવું તે ), ૪ અનુપ્રેક્ષા ( અર્થ વિચારણા, અંદર અંદર ચર્ચા કરવી તે ), અને ૫ ધર્મકથા ( ધર્મની વાર્તા કરવી ).

૬ **પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ** માટે જુઓ પ્ર. ૩. પ્ર. ૧૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ગુપ્તિથી પવિત્ર થયેલા માર્ગે નિરંતર ચાલવું; ક્ષુધા પિપાસા વિગેરે "બાવીશ પરીષહો બરાબર સહન કરવા; પ્રસંગે દેવમનુષ્યાદિકૃત "ઉપસર્ગો થાય તે પણ બરાબર સહન કરવા; બુદ્ધિ ધીરજ અને "સ્મૃતિનું જેટલું બની શકે તેટલું વધારે બળ ધારણ કરવાનો અભ્યાસ "પાડવો; જે શુભ યોગો[1] પ્રાપ્ત થઇ શક્યા ન હોય તેને મેળવવા માટે "બની શકે તેટલો પૂરતો પ્રયત્ન કરવો."

"આ પ્રમાણે કરવાથી રાજાના રાજ્યમાં પ્રવેશ થઇ શકે છે. તારે પણ ત્યાં એ પ્રકારે પ્રવેશ કરવો.""

ઉત્તમરાજે કહ્યું "જેવી ભગવાનની આજ્ઞા !"

પછી સિદ્ધાન્ત ગુરૂમહારાજે ઉપદેશ આગળ ચલાવ્યો.

## અંતરંગ રાજ્યમાર્ગ.

અભ્યાસ વૈરાગ્ય સહાય.
અંતર પ્રવેશ પછીનાં કાર્યો.
ચિત્તવૃત્તિનાં સ્થાન દર્શન.
ઔદાસિન્ય રાજ્ય માર્ગ.
અધ્યવસાય રૂપ ઝરો.
સાફ કરનાર ચાર યોગિનિ.
ધારણા નામે મહા નદી.
ધર્મ ધ્યાન દંડોલક.
સબીજ નામનો યોગમાર્ગ.
શુક્લ ધ્યાન દંડોલક.
નિર્બીજ નામનો યોગમાર્ગ.
યોગ વૈતાળ વિનાશ.
શૈલેશી નામે મહા માર્ગ.
નિર્વૃત્તિ નામની નગરી.
સમતા નામે યોગનલિકા.

"वत्स ! यथैवं ततो भविष्यति तत्र राज्ये तव प्रवेशः, केवलं ग्रहीतव्य- "स्त्वयायमन्तरङ्गोऽभ्यासनामा स्वाङ्गिकः सहायः, तथा चारित्रधर्मसैन्यादागमि-

---

૧ યોગના ઘણા અર્થ છે. સાધુઓ યોગ્યતા પ્રાપ્ત કરવા યોગવહન કરે છે તેનો અત્ર નિર્દેશ જણાય છે. સૂત્ર વાંચન અને સંયમસ્થિરીકરણ માટે યોગની આખી પ્રનાલિકા બતાવી છે. કાળગ્રહણ વિગેરેની તેમાં ખાસ વિધિ હોય છે. અનુભવીને પૂછવાથી અથવા જોવાથી આ યોગપ્રક્રિયાનો ખ્યાલ આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" ण्यति ते वैराग्याभिधानो द्वितीयः सहचरः, ततस्ताभ्यामभ्यासवैराग्याभ्यां स-
" हितेन भवता तत्र राज्ये प्रवेष्टव्यम्; निरोद्धव्यो महामोहादिसैन्यस्य यत्नतो
" बहिःप्रचारः, निहन्तव्या यथादर्श बलान्निर्गच्छन्तस्तत्सैनिकाः, संधीरणीयं चारि-
" त्रधर्मसैन्यं, स्थिरीकर्तव्या चित्तवृत्तिराज्यभूमिः, प्रवर्तितव्या मैत्रीमुदिताकरुणो-
" पेक्षाभिधानाश्चतस्रो महादेव्यः, ततः समग्रसामग्रीकेण सता पूर्वद्वारेण प्रवेष्टव्यं
" तत्र राज्ये भवता; तस्य च वामे दिग्भागे महामोहादिसैन्याधारभूतानि सर्वा-
" ण्यपि ग्रामनगराकरपर्वतनद्यादीनि प्रतिवसन्ति; दक्षिणे तु दिग्भागे चारित्रधर्म-
" सैन्यस्य सम्बन्धीनि ग्रामादीनि विद्यन्ते; सर्वाधारा पुनस्तेषां चित्तवृत्तिर्महाटवी
" वर्तते. तस्याश्च पर्यन्ते पश्चिमे दिग्भागे विद्यते निर्वृतिर्नाम नगरी. सा हि तां म-
" हाटवीमतिलङ्घ्य व्यवस्थिता. तां च निर्वृतिनगरीं प्राप्तस्य ते परिपूर्णं भविष्यत्यस्य
" राज्यस्य फलम्, अतस्तद्गमनार्थमेव प्रस्थानं विधेयं. न कर्तव्योऽन्यत्र भवता प्र-
" तिबन्धः; गन्तव्यं च तस्यां नगर्यामनवरतप्रयाणकैश्चित्तवृत्तिमध्यभागवर्तिनात्य-
" न्तप्रगुणेन महामोहादिसैन्यास्पृष्टेन चारित्रधर्मादिसैन्यातिवल्लभेन सततमौदासी-
" न्यनामकेन महाराजमार्गेण. इतश्चादावेवास्ति तावदध्यवसायो नाम महाह्रदः,
" स यदा पङ्ककलुषो भवति तदा प्रकृत्यैव महामोहादिसैन्यं पोषयति चारित्रधर्मा-
" नीकं तु पीडयति, यदा पुनः प्रसन्नतया स्वच्छो भवति तदा सोऽध्यवसायमहा-
" ह्रदश्चारित्रधर्मसैन्यं तत्स्वभावतया बृंहयति महामोहादिबलं तु कर्शयति; अत एव
" महामोहादयस्तं स्वोपकारार्थं कलुषयन्ति चारित्रधर्मादयस्त्वात्मोपकारार्थमेव तं
" प्रसादयन्ति. भवता तु तस्याध्यवसायमहाह्रदस्य प्रसादनार्थं ताश्चतस्रोऽपि महा-
" देव्यो नियोज्याः, यतो निपुणास्तास्तस्य नितराममलताकरणे. ततः प्रसन्नीभूते
" तत्रादिमहाह्रदे पुष्टीभूतेषु चारित्रधर्मादिषु स्वाङ्गिकभूपेषु कर्शितेषु महामोहादि-
" तस्करेषु पुनरग्रतो गन्तव्यम्. ततो भविष्यति तस्मादेव महाह्रदात् प्रवृत्ता धा-
" रणा नाम महानदी. सा च स्थिरसुखयानासनोपविष्टेनोच्छ्वासरहितमतिवेगेन
" गच्छता परित्यज्य निःशेषमिन्द्रियव्याक्षेपं भवता प्राप्तव्या. तस्याश्च जनयिष्यन्ति
" ते महामोहादिशत्रवो विविधविकल्पकल्पकल्लोलकान्; ते भवतात्यन्तावहितेन
" भञ्जनीयाः. ततो द्रक्ष्यसि त्वं धर्मध्याननामानमतिप्रगुणं दण्डोलकं, तेन च ग-
" न्तव्यम्. स च गत्वा पतिष्यति सबीजयोगाभिधाने महति मार्गे. तेन च गच्छ-
" तस्ते प्रतिक्षणं प्रलयीभविष्यन्ति सर्वेऽपि महामोहादिशत्रवः, समुच्छलिष्यन्ति
" तेषां सम्बन्धीनि समस्तस्थानानि, प्रबलीभविष्यन्ति चारित्रधर्मादयः, धवलतां
" धारयिष्यति समस्तापि राज्यभूमिः, न भविष्यति च रजस्तमसोर्नामापि. ततो ल-
" प्स्यसे त्वं शुक्लध्यानाभिधानं दण्डोलकं, तेन च गच्छतो भविष्यति ते विमलके-
" वलालोकः. ततः स दण्डोलको गत्वा मिलिष्यति निर्बीजयोगाख्ये बृहति मार्गे.
" तत्र च स्थितेन त्वया विषमरिपुसमीकरणाय विधातव्यः केवलिसमुद्घाताख्यः
" प्रयत्नो, निहन्तव्याश्च योगाख्यास्त्रयो दुष्टवेतालाः, ततः परं भविष्यति शैलेशीनाम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"वर्तनी, तया गन्तव्यं; सैव तस्यां निर्वृत्तिनगर्यां भवन्तं प्रापयिष्यति सा यतोऽ-
"नारतस्तिष्ठतीति.

"एते च सर्वे समौदासीन्यनामकं महाराजमार्गममुञ्चत एव भवतः संप-
"त्स्यन्ते व्यतिकराः. अन्यच्च—तत्र गच्छता भवता ग्रहीतव्या समतानाम योगन-
"लिका, तस्यां च पातनीया निजा दृष्टिः ततस्तस्यां समतायां पतितदृष्टेस्तव भवि-
"ष्यति यथावस्थितपदार्थदर्शनं. ततः स्वयमेव विज्ञाय प्रतिक्षणं यथोचितं करि-
"ष्यसि, किं बहुनोपदिष्टेन इति.

**અભ્યાસ વૈરાગ્ય સહાય.** "ભાઇ! જો એમ છે તો પછી એ અંતરંગ રાજ્યમાં "તારો પ્રવેશ થશે. એ બાબતમાં તારે ખાસ "એક સંભાળ રાખવી અને તે એ કે તારે તે "વખતે તારા અંતરંગનો અંગભૂત મદદગાર અ"ભ્યાસ નામનો છે તેને તારી સાથે રાખી લેવો, તેને "તારા પોતાના મુદ્દામ માણસ તરીકે તારે ગ્રહણ કરવો. "વળી તે વખતે ચારિત્રધર્મના લશ્કરમાંથી વૈરાગ્ય "નામનો એક બીજો સોબતી તારી સાથે થશે. એ "સદરહુ અભ્યાસ અને વૈરાગ્ય[1] બન્નેને સાથે રાખીને "તારે અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરવો. ત્યાર પછી "મહામોહ રાજાના લશ્કરના કોઇ પણ માણસને "બહાર આવવા દેવા[2] નહિ, તેને જરા ફરકવા પણ "દેવા નહિ અને એના કોઇ પણ લશ્કરી કે સેનાની "જો બળાત્કારથી બહાર આવતા જોવામાં આવે તો "તેમને દેખતાં જ એકદમ મારી નાખવા.[3] ચારિત્ર"રાજના આખા લશ્કરને સારી રીતે ધીરજ આપવી. "ચિત્તવૃત્તિ રાજભૂમિને બને તેટલી વધારે સ્થિર "કરવી. એ રાજ્યભૂમિમાં મૈત્રી, મુદિતા, કરૂણા અને "ઉપેક્ષા[4] નામની ચારે મહાદેવીઓને એ રાજ્યભૂમિમાં

---

૧ **અભ્યાસ** મગજનો વિષય છે. અવલોકન અને ટેવથી અભ્યાસ થાય છે. **વૈરાગ્ય** હૃદયનો વિષય છે. જ્ઞાન અને ચરિત્રનો આવો સહયોગ થાય એ બહુ ઇચ્છવા જોગ છે. એકલો અભ્યાસ પાંગળો છે, એકલો વૈરાગ્ય કેટલીક વાર અંધ હોય છે. બન્ને સાથે હોય ત્યારે અંતરગ રાજ્યપર વિજય બહુ જલદી થાય છે.

૨ મોહનીય પ્રકૃતિના ઉદયનો રોધ કરવો.

૩ ઉદયને નિષ્ફળ કરી નિર્જરા કરવી.

૪ આ ચારે ભાવનાના સ્વરૂપ માટે જુઓ અધ્યાત્મકલ્પદ્રુમ વિવેચન પ્રસ્તાવ પ્રથમ અને શ્રીવિનયવિજય ઉપાધ્યાયનો શાંતસુધારસ ગ્રંથ, છેલ્લી ચાર ભાવના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" પ્રવર્તાવવી, તેમનો પ્રસાર વધારે વધારે કરાવવો,
" એ ચારે દેવીઓની રાજ્યપાલનમાં બનતી સહાય
" લેવી. આવી રીતે તારી પાસે જ્યારે સર્વ પ્રકારની
" સામગ્રીઓ તૈયાર થઇ જાય ત્યારે પૂર્વ દિશાને બા-
" રણેથી તારે અંતર રાજ્યમાં પ્રવેશ કરવો. એ અંત-
" રંગ ભૂમિમાં ડાબી બાજુએ મહામોહ રાજાના
" લશ્કરને રહેવા માટે ઉપયોગમાં આવે તેવાં સર્વ
" ગામ નગર ખાણ નદી પર્વત વિગેરે આવી રહેલાં
" છે અને જમણી બાજુએ ચારિત્રરાજના લશ્કરને
" રહેવા માટે ઉપયોગમાં આવે તેવા ગામ નગર
" ડુંગર નદીઓ આવી રહેલાં છે. એ બન્ને લશ્કરનાં
" સ્થાનોને રહેવાનો આધાર તો ઉપર જણાવેલી
" ચિત્તવૃત્તિ ભૂમિ જ છે. અગાઉ જે ચિત્તવૃત્તિ[1] મહા-
" અટવી કહેવામાં આવી હતી તેજ આ ચિત્તવૃત્તિ
" ભૂમિ છે. એ ચિત્તવૃત્તિ અટવીને છેડે આથમણી
" બાજુએ ( પશ્ચિમ દિશાએ ) નિર્વૃત્તિ નામની ન-
" ગરી આવી રહેલી છે. આખી મહાઅટવી ઓળંગી
" જઇએ એ પછી સામી બાજુએ નિર્વૃતિ નગરી આવે
" છે. જ્યારે એ અટવી ઓળંગીને સદરહુ નિર્વૃતિ
" નગરીએ તું પહોંચીશ ત્યારે તારા સર્વ મનોરથો
" પૂરા થશે, તને અંતરંગ રાજ્ય પ્રાપ્ત થવાનું ખરે-
" ખરૂં ફળ મળશે અને તને સર્વ પ્રકારે આનંદ
" આનંદ થશે. આટલા માટે એ નગરીએ પહોંચવા
" માટે તારે બની શકે તેટલો મોટો પ્રયત્ન કરવો.
" બીજી કોઇ બાબતમાં તારે કોઇ પણ પ્રકારનો
" અટકાવ કે પ્રતિબંધ ન કરવો, કોઇ બીજી બાબ-
" તમાં ઉતરી જઇ આ બાબતનો પ્રયત્ન મંદ પાડવો
" નહિ. ચિત્તવૃત્તિ અટવીના બરાબર મધ્યભાગમાં
" થઇને એક ઔદાસીન્ય નામનો રાજમાર્ગ ( જાહેર
" રસ્તો ) નીકળે છે[2] જે અત્યંત સીધો છે, જે રસ્તાને
" મહામોહ રાજાનું લશ્કર અડી પણ શકતું નથી, જે

(margin notes: ચિત્તવૃત્તિ ભૂમિનાં સ્થાનો. / ઔદાસીન્ય રાજ્ય માર્ગ.)

૧ ચિત્તવૃત્તિ અટવીના વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૯.

૨ **ઔદાસીન્યઃ** ઉદાસીનતા, અલગપણું. પરભાવપર ઉદાસીનતા થાય, તે તરફ અવગણના થાય ત્યારે જ આત્મધર્મની પ્રાપ્તિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ચારિત્રધર્મરાજના લશ્કરને અત્યંત વહાલો છે, એ "રસ્તે ચાલુ પ્રયાણ કરીને તારે નિર્વૃતિનગરીએ "ચાલ્યા જવું. હવે તે રસ્તે ચાલતાં પ્રથમ અધ્ય- "વસાય નામનું[1] સરોવર આવે છે. એ સરોવરમાં

**અધ્યવસાય સરોવર.**

"એવી વિચિત્રતા છે કે જ્યારે કચરાથી એ ખરડા- "યલું હોય છે ત્યારે સ્વાભાવિક રીતે તે મહામોહ "રાજાના લશ્કરનું પોષણ કરે છે અને ચારિત્રરાજના "લશ્કરને પીડા કરે છે, પરંતુ જ્યારે પ્રસન્નતાપૂર્વક "એ સ્વસ્થ (સ્વભાવમાં રહેનાર–મેલકચરા વગરનું) "હોય છે ત્યારે તેનો તેવો સ્વભાવ હોવાથી એ "ચારિત્રરાજના આખા લશ્કરને પુષ્ટ કરે છે, આગળ "પાડી આપે છે અને મહામોહરાજાના લશ્કરને "નિર્બળ કરે છે, દાબી દે છે. એ સરોવરના આવા "સ્વભાવને લીધે મહામોહરાજાનું આખું લશ્કર "તેને પોતાના હિત સારૂ અને તેટલો ડોળી મલિન "કરે છે અને ચારિત્રરાજનું લશ્કર પોતાના લાભ- "ખાતર તેને નિર્મળ કરે છે. તને એક ખાસ ઉપાય "એ મહાન સરોવર[2] સાફ કરવા માટે બતાવું: એ

**સાફ કરનાર ચાર યોગિની.**

"સરોવર સાફ કરવા સારૂ તારે ચાર[3] મહાદેવી- "ઓની નિમણુક કરવી અને તે કામ તેમને સોંપી દેવું, "કારણ કે મેલ સાફ કરવાના કામમાં અને સરોવરને "તદ્દન નિર્મળ કરવાના કામમાં એ ચારે જોગણીઓ "ઘણી કાબેલ છે. આવી રીતે પ્રથમ આ મહાન "અધ્યવસાય સરોવર સાફ થઇ જાય, ચારિત્રધર્મ- "રાજનું લશ્કર વધારે બળવાન્ થાય અને પરિ-

---

૧ **અધ્યવસાય:** આત્માના વિચારો. અધ્યવસાયને મનની જરૂર પડતી નથી. શુદ્ધ અને મલીન બન્ને પ્રકારના અધ્યવસાયો થાય છે અને આખો વખત ચાલ્યા કરે છે. ચિત્તવૃત્તિ અટવીમાં અધ્યવસાય કુંડ બરાબર યોગ્ય સ્થાને છે.

૨ જ્યારે મોટાં સરોવરો ગંદાં થઇ ગયાં હોય ત્યારે તેનાપર દેખરેખ રાખવા માટે જોગણીઓ નીમવામાં આવે છે, જેઓ અંદરનો કચરો કાઢી નાખે છે અને નવો કચરો અંદર ન પડે તેની વ્યવસ્થા રાખે છે.

૩ આ ચારે દેવીઓનાં નામો ઉપર આવી ગયા છે: તે મૈત્રી, મુદિતા (પ્રમોદ), કરૂણા (દયા) અને ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવનાઓ છે. એ ચારે ભાવના અધ્યવસાયની નિર્મળતા કરે છે.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

"એમ તારા અંગિત ભાયાત રાજાઓ વધારે પુષ્ટ "થાય અને મહામોહ રાજના લશ્કરીઓ દબાઇ જાય "અને બળહીન થઇ જાય એટલે વળી તારે આગળ "પ્રયાણ કરવું. આગળ ચાલતાં ઉપર જણાવેલાં "મહાન સરોવરમાંથી નીકળતી એક [1]ધારણા નામની

**ધારણા નદી.**

"મોટી નદી તારા રસ્તામાં આવશે. તારે તારી સર્વ "હીલચાલો અને આસનોને સ્થિર કરી દઇને અને "શ્વાસોશ્વાસને પણ બંધ કરી દઇને તેમજ સર્વ ઇંદ્રિ- "યોનો વ્યાક્ષેપ તજી દઇને એકદમ એ નદીએ પહોંચી "જવું. એ નદીએ જ્યારે તું પહોંચીશ ત્યારે મહામોહ "વિગેરે તારા મોટા ભયંકર દુશ્મનો એ નદીમાં સંકલ્પ "વિકલ્પ રૂપ અનેક મોજાંઓ ઉત્પન્ન કરશે, પરંતુ "તારે અત્યંત સાવધાન રહીને જેવાં એ મોજાંઓ ઊઠે "કે તુરતજ તેને ભાંગી નાખવાં. એ નદી ઓળંગીને "તું આગળ ચાલીશ ત્યારે તારા જોવામાં [2]ધર્મધ્યાન

**ધર્મધ્યાન દંડોલક.**

"નામનો દંડોલક[3] આવશે. એ નાનો ટુંકો રસ્તો છે. "એ નાના રસ્તાને માર્ગે તારે ચાલવું. એ દંડોલક "આગળ ચાલતાં સબીજયોગ નામના મોટા રસ્તા

**સબીજ યોગમાર્ગ.**

"ઉપર પડશે. એ મોટે રસ્તે ચાલતાં મહામોહવિ- "ગેરે તારા સર્વે ભયંકર શત્રુઓનો નાશ થતો જશે "અને તેઓને રહેવાનાં સર્વ સ્થાનકો પણ અસ્ત- "વ્યસ્ત થઇ ઊંચાં નીચાં થઇ જશે, પડું પડું જેવી "સ્થિતિમાં આવી જશે. વળી એ રસ્તે ચાલતાં "ચારિત્રધર્મવિગેરે અનુકૂળ મિત્રો વધારે બળવાન

---

૧ યોગમાં **ધારણા** પ્રાણાયામ પછી અને ધ્યાન પહેલાં આવે છે. એનાથી ચિત્તની સ્થિરતા થાય છે, મનની એકાગ્રતા વધે છે અને યોગનિષ્ઠતા પ્રાપ્ત થાય છે. એના વધારે વિવેચન માટે જુઓ યોગ ગ્રંથો.

૨ ધારણા પછી ધ્યાન આવે તેમાં પ્રથમ ધર્મધ્યાન અને પછી શુકલધ્યાન. એ દરેકના ચાર ચાર પાયા છે. ધર્મધ્યાન સબીજધ્યાન કહેવાય છે. શુકલધ્યાન નિર્બીજ છે. કર્મથી સર્વથા મુક્તિ શુકલધ્યાન કરાવે છે. બીજ એટલે કર્મ. યોગ- શાસ્ત્રમાં ધર્મધ્યાન અને શુકલધ્યાનનું વિસ્તારથી વર્ણન છે.

૩ **દંડોલકઃ** એને માટે મૂળમાં दण्डोलक શબ્દ છે. એનો અર્થ 'બે પર્વત- વચ્ચેની ખીણનો પ્રદેશ' પણ થાય. એ પૂલ (bridge) જેવા હોય છે. હિમાલ- યમાં બહુ સ્થાને છે. 'કેડી' શબ્દ મેં મુકયો છે તે પણ યોગ્ય જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"થશે. તારી આખી રાજ્યભૂમિ (અંતરંગ) વધારે "વધારે શ્વેત અને વિશુદ્ધ થતી જશે. તેમાં [1]રાજસપણું "અને તામસપણું અગાઉ રહેતું હતું તેનું નામ "પણ નહિ રહે. એ મોટે રસ્તે આગળ વધતાં વળી

**શુક્લધ્યાનકેડી.** "પાછો એક **શુક્લધ્યાન** નામનો દંડોલક આવશે. "એ રસ્તે ચાલતાં મેલવગર વિશુદ્ધ કેવળાલોક તને "થશે, તું સર્વ વસ્તુઓને અને ભાવોને શુદ્ધ આ- "કારમાં યથાસ્થિતપણે જોઇ શકીશ.[2] એ દંડોલકને

**નિર્બીજયોગ.** "છેડે વળી નિર્બીજયોગ નામનો મોટો રસ્તો આ- "વશે. એ રસ્તા ઉપર ચાલતાં આકરા શત્રુઓને "સરખા કરવા માટે તારે કેવળી સમુદ્‌ઘાત[3] નામનો "ભારે મોટો પ્રયત્ન કરવો અને તેમ કરીને તારે

**યોગવૈતાળનાશ** "યોગ નામના ત્રણ દુષ્ટ વૈતાળોનો નાશ કરવો.[4]

---

૧ **રાજસી** પ્રકૃતિમાં આળસ સ્વાદ વિગેરે આવે છે અને તામસી પ્રકૃતિમાં કામ ક્રોધ લોભ મદ વિગેરે છ શત્રુઓ આવે છે. સાત્ત્વિક પ્રકૃતિ સુંદર ગણાય છે. બાહ્ય ભાવ મટી આંતર ભાવ વધતાં આ સ્થિતિ થાય છે.

૨ મતલબ તને કેવળજ્ઞાન થશે.

૩ **કેવળીસમુદ્‌ઘાતઃ** અઘાતી કર્મોને સરખા કરવા માટે કેવળીઓને એ સમુદ્‌ઘાત કરવો પડે છે. એમાં ચૌદ રાજલોકના પ્રત્યેક આકાશપ્રદેશપર પોતાના આત્મપ્રદેશને મૂકી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારે કર્મોને સરખા (ચારેનો એકી વખતે ક્ષય થઇ જાય એવા પ્રકારનાં) કરવામાં આવે છે. એ કરતાં કુલ આઠ સમય થાય છે. આત્માની અદ્‌ભુત શક્તિનું એ પરિણામ છે. પ્રથમ સમયે એમાં દંડ કરી આત્માના પ્રદેશોને સમશ્રેણીએ સીધા લાકડી જેમ ગોઠવે છે. બીજે સમયે તેનો કપાટ કરે છે એટલે દંડને સમ બાજુએ ગોઠવે છે, આથી ચૌદરાજ પ્રમાણ 'સ્લેટ' થઇ જાય છે. ત્રીજે સમયે મંથાન કરે છે એટલે એની ચાર બાજુ દંડમાંથી થઇ જાય છે. ચોથે સમયે આંતરા પૂરે છે. પાંચમે સમયે આંતરા સંહરે છે. છઠે સમયે મંથાન સંહરે છે. સાતમે સમયે કપાટ સંહરે છે અને આઠમે સમયે દંડ સંહરે છે. આથી કર્મો સમસ્થિતિમાં આવી જાય છે. આ અદ્‌ભુત પ્રયોગ છે. એનો ખ્યાલ અનુભવીને પૂછવાથી બરાબર આવશે. આત્માનો અને વિશ્વનો શો સંબંધ છે તે આથી સ્પષ્ટ થશે. જુઓ નોટ (પ્ર. ૫. પ્ર. ૧૬ પૃ. ૧૨૯૦-૯૧)

૪ અહીં 'યોગ' કહ્યા છે તે મન વચન કાયાના યોગનો નિરોધ સમજવો યોગોનો સર્વથા નિરોધ થતાં ચૌદમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. જો કે એના પર અંકુશ તો અંતરંગ રાજ્યમાં પ્રગતિ થતી જાય છે તેમ થતો જ જાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શૈલેશીમાર્ગ. "ત્યાર પછી શૈલેશી[1] નામનો રસ્તો આવશે, તે "રસ્તે તારે ચાલવું. એ રસ્તે ચાલતાં ચાલતાં

નિર્વૃતિનગરી. "નિર્વૃતિનગરી આવશે. એ નગરીનું નામ નિર્વૃતિ "કહેવાય છે, કારણ કે એ સર્વદા સ્થિર છે અને ત્યાં "કોઇ પણ પ્રકારની બાધા પીડા વગર રહી શકાય છે. "ઉપરના સર્વ બનાવો કહ્યા તે જો ઉદાસીન "નામનો રાજ્યમાર્ગ ન મૂકે, એ રસ્તો છોડીને આડો-"અવળો ન ચાલે તો તારા સંબંધમાં અનુક્રમે સર્વ "બની આવશે. વળી એ રસ્તે ચાલતાં તારે સમતા "નામની [2]યોગનલિકાને બરાબર ગ્રહણ કરવી. એ

સમતા યોગનલિકા. "યોગનલિકામાં તારી નજર નાખવી. તું એવી રીતે "સમતામાં તારી નજર નાખીશ અને એ નળી વાટે "નજર કરીશ ત્યારે તું દૂરના પદાર્થો બરાબર સ્થિ-"તિએ જોઇ શકીશ. પછી તું તારી જાતે જ બધી "વસ્તુઓ સત્ય સ્વરૂપે જોઇ શકીશ અને દરેક પ્રસંગે "ઘટતું કરી શકીશ. તારા હાથમાં એ નળી આવ-"વાની છે તેથી હવે તને વધારે ઉપદેશ આપવાની "જરૂર નથી, તું પોતે જ સર્વ બાબતનો નિર્ણય "કરી શકીશ.

### નિર્વૃતિ નગરીનો આનંદ.
### પ્રયાણ માર્ગમાં વિભૂતિઓ.
### સાવધાન રહેવા ભલામણ.

"ભાઇ ! એ નિર્વૃતિનગરીમાં તો સર્વદા ઓચ્છવ મહોત્સવ ચાલ્યા જ કરે છે, જ્યારે તું ત્યાં પહોંચીશ ત્યારે અંતરંગ રાજ્યનું ખરું ફળ તને પ્રાપ્ત થશે અને ખરેખરો રાજ્યપ્રાપ્તિનો લાભ મળશે. તને તે વખતે કોઇ પણ પ્રકારની બાધા પીડા રહેશે નહિ, તારા આખા શત્રુસમૂહનો

---

૧ યોગનો રોધ થતાં આત્મા પર્વતની જેમ સ્થિર થાય છે, તેની અસ્તવ્યસ્ત સ્થિતિ તદ્દન મટી જાય છે. આ સ્થિતિને **શૈલેશી કરણ** કહેવામાં આવે છે. શૈલેશી કરણ ચૌદમા ગુણસ્થાનકે હોય છે ચૌદમા ગુણસ્થાનકનો કાળ પાંચ હ્રસ્વાક્ષર अ इ उ ऋ ऌ બોલીએ તેટલો જ છે. આ સ્થિતિ બહુ થોડો વખત—નામનો જ વખત ચાલે છે, તુરત જ સર્વ કર્મોથી મુક્તિ થાય છે.

૨ '**નલિકા**'નો અર્થ હું ભુંગળી ધારું છું. દુરબીનના અર્થમાં આ શબ્દ વપરાયો લાગે છે. દુરબીનથી દૂરની વસ્તુ મોટી અને સ્પષ્ટ દેખાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાશ થયેલો હોવાથી તું તે વખતે તદ્દન નિર્ભય થયેલો હોઇશ, અને ત્યાં તું હે ભાગ્યશાળી! હમેશા આનંદની લહેરોમાં મગ્ન રહીશ. તારી સાથે અંતરંગ રાજ્યના રાજાઓ છે તેઓને પણ ઘણી સંપત્તિઓ મળશે અને તેમાં લય પામીને તેઓ તારી સાથે આનંદ કરશે, મજા ઉડાવશે. વળી તને એક બીજી વાત કહું તે પણ બરાબર લક્ષ્યમાં રાખજે. આ રાજ્યમાં તું પ્રવેશ કરે ત્યારથી જ તારા શત્રુનો વિનાશ કરનાર બળવાન્ સેનાની વૈરાગ્યને મોખરે રાખી તારે પ્રયાણ કરવું અને **અભ્યાસ** નામના રસ્તાના નિપુણ ભોમીઆને સાથે રાખીને તે બતાવે તે માર્ગે જ આગળ ચાલવું. આ વૈરાગ્ય અને અભ્યાસની સહાયથી તારો રાજ્યમાં પ્રવેશ થશે ત્યારથી જ પગલે પગલે તારી સંપત્તિમાં વધારો થતો જશે. હવે તને વધારે શું કહેવું! ટુંકામાં કહું તો તારે **આ માર્ગ જરા પણ છોડવો નહિ, તારા અંતરંગ શત્રુઓને બરાબર હણી નાખવા, બહારની** જે કાંઈ **સંપત્તિ** કે આકર્ષણો દેખાય તેની સાથે જરા પણ **સંબંધ કરવો નહિ,** ચારિત્રધર્મવિગેરે તારા ખરા હિતેચ્છુઓ છે **તેમનું બરાબર પરિપાલન** કરવું, મારાં વચનનું તારે વારંવાર **સ્મરણ કર્યા કરવું.** હે વત્સ! એ પ્રમાણે તું કરીશ તો **બધાં સારાવાનાં થશે.** ભાઇ! હવે તું જા, તારી સિદ્ધિ થશે, તને લાભ થશે! તું સારી રીતે નિર્મળ રાજ્ય કર! તને રાજ્યનું ફળ બરાબર મળશે તો અમારી મહેનત પણ બરાબર સફળ થશે."

ઉત્તમ કુમારે જવાબમાં કહ્યું "જેવી પ્રભુની આજ્ઞા!"

### ઉત્તમકુમાર વર્તના.
### દૃષ્ટિદેવીપર જીત.
### નિર્વૃતિનગરે પ્રયાણ.

મહાત્મા સિદ્ધાન્તગુરૂએ ઉપર પ્રમાણે ઉપદેશ આપીને માર્ગ બતાવ્યો તે પ્રમાણે સર્વ ઘટના બુદ્ધિશાળી ઉત્તમ રાજાએ કરી, ઉપર જે રસ્તો બતાવ્યો હતો તે જ માર્ગે ઉત્તમરાજ અંતરંગ રાજ્યમાં દાખલ થયો અને બાકીનાં પોતાનાં સર્વ કર્તવ્યો પણ તેણે તે જ પ્રમાણે કર્યાં.

હવે **મહામોહ** વિગેરે શત્રુઓએ પોતાની શક્તિ બતાવવા માટે પેલી મહાયોગિની દૃષ્ટિદેવીની અગાઉ પ્રમાણે યોજના કરી અને તેને ખાસ ભલામણ કરી કે ગમે તેમ કરીને પેલા ઉત્તમરાજને વશ કરવો;

---

૧ **ઉત્તમ**કુમાર રાજાએ **સિદ્ધાન્ત**ગુરૂને રાજ્ય સંબંધી હકીકત પૂછવા માંડી હતી તેનો સિદ્ધાન્ત ગુરૂએ આ પ્રમાણે ઉત્તર આપ્યો. જુઓ પૃ. ૧૫૯૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ હકીકત એમ બની કે એ ઉત્તમકુમાર તો દેવી દૃષ્ટિને જરા પણ વશ થયો નહિ અને ઉલટી તેણે એ જોગણી મહામાયાને જીતી લીધી, એટલું જ નહિ પણ છેવટે એ મહામોહ વિગેરે આખા શત્રુમંડળને જીતી લીધું.

ત્યાર પછી એ ઉત્તમરાજાએ ધીમે ધીમે આખા શત્રુવર્ગનો વિનાશ કરી દીધો અને કોઇ પણ પ્રકારની અગવડ કે વાંધા વગર અત્યંત સમૃદ્ધ અને દિવસાનુદિવસ વધતા જતા પ્રતાપવાળું સુંદર રાજ્ય પ્રાપ્ત કરીને તેણે પોતાના લશ્કરને સારી રીતે પાળવા માંડ્યું, આખી પ્રજાને આનંદ કરાવવા માંડ્યો અને એવી રીતે નિર્વૃતિનો રસ્તો તેણે છોડ્યો નહિ, તે આડોઅવળો ગયો નહિ, તેથી લોકોમાં તેની પ્રસિદ્ધિ પણ ઘણી થઇ. લોકો તો ખુલ્લી રીતે વારંવાર કહેવા લાગ્યા કે–'ખરેખર, આ ઉત્તમકુમાર ધન્ય છે, મહા ભાગ્યશાળી છે, ફરજ બજાવનાર છે, મહાત્મા છે, મહા ઉત્તમ પુણ્યવાન્ પ્રાણી છે, એણે રાજ્યને આવી રીતે બહુ સારૂં પાળ્યું, એ ખરેખરો રાજા થયો, એ નસીબદાર છે, કૃતકૃત્ય છે, પ્રભાવશાળી છે !'

ત્યાર પછી તો દેવતાઓ દાનવો મનુષ્યો ઇંદ્રો અને ચક્રવર્તિઓ તેની અનેક પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા અને નિષ્કંટક મુક્તિમાર્ગે પ્રયાણ કરતાં એ બહુ સુંદર માન પૂજન પામ્યો. ત્યાર પછી એણે અનેક સુખોથી ભરપૂર અને ત્રણે ભુવનમાં પ્રસિદ્ધિ પામેલ મનોહર અંતરંગ રાજ્ય પાળવા માંડ્યું, રાજ્ય કરવા માંડ્યું અને પોતાની યાદશક્તિ ઘણી જબરી હોવાથી જે માર્ગ સિદ્ધાન્ત ગુરૂમહારાજે બતાવ્યો હતો તે રસ્તે તે આગળ વધતો ચાલ્યો અને નિર્વૃતિને નજીક નજીક કરતો માર્ગ કાપવા લાગ્યો. તેમ કરવામાં તેણે ઔદાસીન્ય માર્ગ બરાબર પકડી લીધો, વૈરાગ્ય અને અભ્યાસની સહાય લીધી અને ત્યાર પછી ઉપર જણાવેલ સરોવર રસ્તાઓ કેડીઓ અને નદીઓ ઓળંગતો પ્રગતિ કરતો આગળ વધતો ચાલ્યો. આ પ્રકરણમાં જણાવેલી સર્વ ચેષ્ટાઓ તેણે યોગ્ય પ્રકારે કરી અને આત્મવિકાસ સારી રીતે કર્યો. આખરે સર્વદા આનંદ ઉત્સવથી ભરપૂર નિર્વૃતિનગરીએ તે ઉત્તમરાજા પહોંચી ગયો અને ત્યાં જઇને અંતરંગ રાજ્યનું સુંદર ફળ મેળવવા અને ભોગવવા ભાગ્યશાળી થયો.

નિર્વૃતિનગરી.

વળી દેવ ! મારા સાંભળવામાં આવ્યું છે કે એ નિર્વૃતિનગરી એવી તો સુંદર અને આકર્ષક છે કે ત્યાં મરણ નથી, ઘડપણ નથી, પીડા નથી, શોક નથી, ઉદ્વેગ નથી, ભય નથી, ક્ષુધા નથી, તૃષા નથી અને કોઇ પણ

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારના ઉપદ્રવો નથી; ત્યાં તો તદ્દન સ્વાભાવિક, બાધા પીડા વગરનું, પોતાને સ્વાધીન, અન્ય ઉપમા વગરનું અનંત સુખ સુખ અને સુખ જ છે અને તે એવું સુંદર છે કે એનો ખ્યાલ માત્ર યોગીઓને જ અનુભવદ્વારા આવી શકે. બીજાં સુખો બહાર લેવા જવાં પડે છે, એ નગરનાં સુખો સ્વભાવે અંદરથી જ મળે છે; બીજા સુખમાં વચ્ચે કાંઇ પીડા ઉદ્વેગ થાય છે, મોક્ષનાં સુખમાં કાંઇ પીડા અડચણ અંતરાય થતાં નથી; બીજાં સુખોમાં અન્ય પાસેથી વસ્તુ ધન સમય સહાય આદિની અપેક્ષા રહે છે, નિર્વૃતિનગરીનાં સુખો પોતાની ઉપર જ આધાર રાખે છે; બીજાં સુખોનો છેડો આખરે આવે છે અને ત્યારે પાછું દુઃખ થાય છે, મોક્ષનાં સુખનો કદિ છેડો આવતો નથી; દુનિયાદારીનાં સુખોને સરખાવવા બીજી ચીજો હોય છે, મોક્ષનાં સુખ અવર્ણ્ય અતકર્ય છે અને તેની સાથે સરખાવી શકાય એવી આ દુનિયામાં કોઇ પણ ચીજ નથી. એનો અનુભવ થાય ત્યારે જ તે કલ્પી શકાય તેમ છે અને ખરો ખ્યાલ તો સંપૂર્ણ જ્ઞાની અથવા વિશિષ્ટ મહાયોગીને જ આવી શકે તેમ છે.

આવી રીતે ઉત્તમરાજાએ પોતાને મળેલ રાજ્ય પાળ્યું જેને પરિણામે એ પેલી નિર્વૃતિનગરીએ ગયો અને તદ્દન ચિંતા વગરનો થઇ ગયો. હવે એ ઉત્તમકુમારનો પિતા અને તેને રાજ્ય આપનાર કર્મપરિણામ રાજા હતો તેને પણ જીતીને તેણે તદ્દન હઠાવી દીધો. જે નગરીમાં એ ઉત્તમ રાજા ગયો તે નગરી કર્મપરિણામના અધિકારની બહાર હતી, ત્યાં એનાં રાજ્ય કે જોર જરાં પણ ચાલે તેવું નહોતું, એટલુંજ નહિ પણ એ નગરીએ ગયેલાઓ કર્મપરિણામને જરાએ ખંડણી[1] પણ મોકલતા નહોતા. આથી એ ઉત્તમરાજા તો કર્મપરિણામથી તદ્દન સ્વતંત્ર થઇ ગયો અને પોતે તો અનંત આનંદ અને વીર્ય તેમજ જ્ઞાન અને દર્શનથી પરિપૂર્ણ થઇ નિરંતરને માટે આનંદ કરતો ત્યાં રહેવા લાગ્યો. એને સર્વ પ્રકારની[2] ક્રિયાઓ કરવી પણ બંધ પડી ગઇ, માત્ર જ્ઞાનદર્શનમાં રમણ કરવું એજ તેનું અશેષ

૧ ઢૌક શબ્દ મૂળમાં છે. તેનો અર્થ નજીકજવાપણું એમ થાય છે. એ રાજ્ય એવું હતું કે ત્યાંના રાજાઓ પિતા કર્મપરિણામની પાસે પણ જતા નહોતા. આવો અર્થ પણ થઇ શકે છે.

૨ મોક્ષમાં ક્રિયા હોતી નથી, જ્ઞાનદર્શનમાં રમણ કરવું એ જ ચારિત્ર ત્યાં હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કર્તવ્ય રહ્યું. ચિત્તવૃત્તિ નગરીનું મહારાજ્ય એણે સુંદર રીતે પાળ્યું તેને પરિણામે નિર્વૃતિનગરીમાં અનંતો કાળ રહેવાનું થયું.

એવી રીતે વિધિપૂર્વક રાજ્ય પાળીને ઉત્તમરાજા નિર્વૃતિનગરીએ પહોંચ્યો.[1]

---

૧ **ઉત્તમ** પુરૂષોનું વર્ણન કરતાં શ્રીમાન્ **ઉમાસ્વાતિ** વાચક લખે છે કે मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः ઉત્તમ પુરૂષ મોક્ષને માટે જ પ્રયત્ન કરે છે. મોક્ષ પુરૂષાર્થને કર્તવ્ય માની તેને માટે જ પ્રયાસ કરનાર ઉત્તમની પંક્તિમાં આવે છે. પંડિત **ક્ષેમંકર ગણિ** વિસ્તારથી વિવેચન કરતાં આ ઉત્તમ વર્ગના પુરૂષો માટે કહે છે કે ઉત્તમ પુરૂષો ચારે પુરૂષાર્થો માને છે પણ પરમ પુરૂષાર્થ એક મોક્ષ જ છે એમ સ્વીકારી તેને માટે જ ધ્યાન આપે છે અતિ વિશાળ મોહજાળને છેદનારા, વિષયરૂપ ઘરને ભાંગી નાખનારા, જડ ઘાલી બેઠેલા અને વિવેકને આચ્છાદન કરનારા, અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરનારા, પ્રાણીહૃદયમાં શલ્યરૂપે કામ કરનાર રાગદ્વેષરૂપ મલ્લોને ગળામાં હાથ નાખી ધક્કો મારનારા, સુખનો નાશ કરનાર સ્નેહપાસને કાપી નાખનારા, આખા જગતને બાળી નાખનાર પ્રબળ ક્રોધ-અગ્નિને શાંત કરનારા, વિનયવાળી ચિત્તવૃત્તિને ભાંગી નાખવાથી તીવ્ર બનેલા માનપર્વતનો ચૂરો કરનારા, જગતને છેતરનાર માયાવેલડીઓના આખા વનને ઉખેડી મુકનારા, સમગ્ર દોષોનાં સ્થાનરૂપ લોભસમુદ્રનું ઉલ્લંઘન કરનારા, કુમાર્ગે પ્રવૃત્તિ કરનાર, દુષ્ટ ઇંદ્રિય રૂપ અશ્વને પોતાને કબજે રાખનારા, વિષયભોગની તૃષ્ણાને દૂરથી લાત મારનારા, પરીષહ રૂપ મોટા યોદ્ધાઓથી કદિ ન જીતાયલા, મહાભયંકર ઉપસર્ગો વડે જરા પણ ખંડિત નહિ થયેલા, સ્ત્રીઓના વિલાસોથી અતિ દૂર રહેનારા, નિંદિત પરિચયવાળા લોકોની સંગતિ પણ નહિ કરનારા, અસંયમથી તદ્દન દૂર રહેનારા, પરમાર્થને બરાબર જાણનારા, કુધર્મને કદિ પણ ન સેવનારા—આવા પુરૂષો ક્ષણિક સંસારી સુખોના બંધનમાં ફસાયા વગર સ્ત્રીપુત્રાદિનો સંબંધ કર્મના પરિણામ રૂપ છે એમ સમજી તેમાં રાચી માચી ન જતાં સર્વ દુઃખની નિર્જરાની કારણભૂત દીક્ષા અંગીકાર કરે છે. આ વ્યાખ્યાપ્રમાણે સાધુઓ ઉત્તમ વિભાગમાં આવે છે. ત્યાં **મહેંદ્ર** કુમારની વાર્તા આપવામાં આવી છે. એ કુમાર અનેક રૂપાળી સ્ત્રીઓ પરણ્યો, પિતા તરફથી અઢળક દ્રવ્ય અને રાજ્ય મળ્યું, છતાં વસ્તુસ્વરૂપ જ્યારે સમજવામાં આવ્યું ત્યારે સર્વ વસ્તુઓ છોડી દઇ સર્વનો ત્યાગ કરી દીક્ષા લઇ આત્મહિત સાધવાનાં કાર્યમાં લાગી ગયો.

માત્ર મોક્ષને માટે યત્ન કરનારાઓનો સમાવેશ આ પાંચમા પ્રકારના પુરૂષોમાં થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૫ મું.

## ૬. વરિષ્ઠ રાજ્ય.

હવે ત્યાર પછી એ કર્મપરિણામરાજાએ છઠ્ઠે વર્ષે પોતાના છઠ્ઠા પુત્ર વરિષ્ઠને રાજ્ય ઉપર સ્થાપન કર્યો. એના સંબંધી જે હકીકત બની તે જણાવતાં વિતર્ક અપ્રબુદ્ધ શિષ્યને કહે છે કે અગાઉના રાજ્યમાં બન્યું હતું તે પ્રમાણે આખા રાજ્યમાં પડહો વગડાવીને વરિષ્ઠકુમારનું રાજ્ય જાહેર કરવામાં આવ્યું.

### મોહને દીલગીરિ, ચારિત્રરાજને આનંદ.

તુરત જ મહામોહની મંડળી એકઠી થઇ, તેમ જ ચારિત્રરાજનો પરિવાર પણ એકઠો થયો. બંને મંડળમાં આ રાજા કેવો નીવડશે તે સંબંધી ચર્ચા ચાલી. અગાઉ માફક બન્ને મંત્રીઓએ આ રાજાનાં આચરણો જણાવ્યાં અને અંદર અંદર વાતો ચાલી. મહામોહના લશ્કરે તો આ નવા રાજાની હકીકત સાંભળી એટલે સર્વે તદ્દન આનંદ વગરના થઇ ગયા, અભિમાન વગરના થઇ ગયા અને જાણે મરી ગયા હોય તેવા થઇ ગયા. ચારિત્રરાજનું આખું લશ્કર ઘણું હર્ષમાં આવી ગયું, અને આખું સાધુમંડળ ઘણું જ રાજી થઇ ગયું અને તેમણે પોતાના આખા દેશમાં ઠેકાણે ઠેકાણે ખૂબ વધામણીઓ ફેલાવી દીધી. રાજ્યસ્થાપનમાં જે બનાવ ઉત્તમરાજાને અગાઉના પ્રકરણમાં થયેલ જણાવ્યા હતા તે સર્વ બન્યા. અત્ર તેનું પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી. એના સંબંધમાં જે ખાસ અધિક હકીકત બની તેજ અત્ર કહેવામાં આવે છે.

**રાજા પોતે જ સ્વયંજ્ઞાની.**

**સિદ્ધાન્ત સ્થાપના.**

**રાજ્યપર દોર.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ વરિષ્ઠ રાજાને સિદ્ધાન્ત[1] સાથે અગાઉ ઘણીવાર પરિચય થયો હતો અને એ જાતે બુદ્ધિશાળી હોવાથી સિદ્ધાન્તના વચનને અનુસરેલ હતો. આથી અત્યારે એમ હકીકત બની કે જ્યારે તેને હમણા રાજ્ય મળ્યું ત્યારે તેને સિદ્ધાન્તને પૂછવાનું કાંઇ બાકી રહ્યું નહિ, રાજ્ય શું છે, તેને પ્રાપ્ત કરવાનાં સાધનો કયાં કયાં છે વિગેરે કોઇ બાબતમાં તેને ઉપદેશકની જરૂર ન રહી, કારણ કે આખી રાજ્યપરિસ્થિતિ એ મહાત્મા પોતે સારી રીતે જાણતો હતો, એનાં હેતુ અને સાધનોની તેને બરાબર ખબર હતી અને એ આખો અંતરંગ રાજ્યમાર્ગ દેખી શકતો હતો. તે મહારાજા પોતાના રાજ્ય ઉપર સ્વશક્તિથી ગોઠવાઇ ગયા એટલે ત્યાર પછી અનેક બહિરંગ મહાત્માઓ તેના પાયદળ લશ્કરમાં દાખલ થયા. આવી રીતે જે મહાત્માઓ એ વરિષ્ઠના સૈન્યમાં દાખલ થયા તેમના હાથ નીચે બહિરંગ પ્રદેશમાં જૂદા જૂદા ટોળાઓ સોંપેલા હોવાથી લોકોમાં તેઓ "ગણધર" [2]નામથી પ્રસિદ્ધ થયા. જેમ સૈન્યમાં સેનાપતિના હાથ નીચે લશ્કરીઓની ટુકડીઓ હોય છે તેમ આવા મહાત્માઓના હાથ નીચે સેનાનીઓની સંખ્યા બની રહે તેવી વ્યવસ્થા થઇ ગઇ. હવે વરિષ્ઠરાજા પોતે સિદ્ધાન્ત જાણીને આવ્યા હતા તેમણે પોતાના ગણધરોને એ સિદ્ધાન્ત ઉપકાર કરવાની અપેક્ષાએ બતાવ્યો. રાજાના હુકમથી સિદ્ધાન્તને આદરપૂર્વક પ્રાપ્ત કરીને તેઓ ( ગણધરો ) તેનું શરીર સુંદર બનાવે છે ( સિદ્ધાન્તનાં શરીરને અંગો કહેવામાં આવે છે, ગણધરો બાર અંગ બનાવે છે તેનો અત્ર નિર્દેશ છે). ત્યાર પછી એ મહાત્માઓ બરાબર નિર્ણય કરીને અને

---

૧ આગમ, રહસ્ય ગ્રંથો. તેનો પરિચય તો અગાઉના ભવોમાં તીર્થંકરોને હોય છે અને તે ભવમાં તેમને શીખવા જવું પડતું નથી, તેમને જ્ઞાન અંદરથી જાતે જ ઉત્થાન પામે છે.

૨ આ તીર્થંકરની હકીકત છે. તીર્થંકર સ્વતઃ જ્ઞાની હોય છે. તેઓને સંપૂર્ણ જ્ઞાન થાય ત્યારે પ્રથમ ગણધરોની સ્થાપના કરે છે, તેમને उपनेइवा, विगमेइवा धुवेइवा "ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, સ્થિર રહે છે." આ ત્રણ પદ-ત્રીપદી આપે છે. તેનાપર અંતર્મુહૂર્તે ગણધર વિચાર કરે છે. મહા બુદ્ધિશાળી વિદ્વાન્ પ્રથમ સર્વ વસ્તુઓને ઉત્પન્ન થતી જુએ છે, પછી તેનો નાશ જુએ છે અને તેમાં સ્થિરભાવ જુએ છે. એને અંગે તેમને દ્રવ્ય ગુણ અને પર્યાયનું બરાબર જ્ઞાન થઇ જાય છે, સહભાવી અને ક્રમભાવી વસ્તુ અને આત્મગત ધર્મો દેખાય છે અને એમ વિચારણા કરતાં પોતે વસ્તુ સમજી જાય છે અને પોતાનાં આગમો બનાવે છે. દરેક ગણધરના આગમો-બાર અંગો બહુધા જૂદા જ હોય છે, ભાવ એક સરખો જ હોય છે. તીર્થંકર તેમને ત્રીપદી બતાવે છે અને તેને પરિણામે વિચાર કરતાં ગણધર સિદ્ધાન્ત ગ્રંથોની યોજના કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારી રીતે સંસ્કાર કરીને એ સિદ્ધાન્તના અંગો[1] અને ઉપાંગોની બરાબર સ્થાપના કરે છે. આ પ્રમાણે હકીકત બનવાથી જોકે એ સિદ્ધાન્ત પરમાર્થનજરે તો અજર અમર રૂપ છે, એ કદિ વૃદ્ધ થતો નથી કે નાશ પામતો નથી, છતાં લોકમાં એને વરિષ્ઠે ઉત્પન્ન કરાવ્યો એવી પ્રસિદ્ધિ થઇ. રાજ્યસાધનમાં એ સિદ્ધાન્ત કોઇ પણ પ્રકારનો વરિષ્ઠને ઉપદેશ કરનાર ન હોતો, અગાઉના રાજાઓ સિદ્ધાન્તને પૂછીને રાજ્યપ્રવેશ કરતા હતા તેમ આ વરિષ્ઠના સંબંધમાં બન્યું ન હોતું, કારણ કે પોતાના જ્ઞાનબળનાં સાધનથી જ તેણે રાજ્યસાધના બરાબર કરી લીધી હતી અને ઉલટી સિદ્ધાન્તની જાહેરાત વધારે સારી રીતે કરવાની તેમણે વ્યવસ્થા કરી હતી. એ મહાત્મા વરિષ્ઠરાજા કોઇના ઉપદેશની જરા પણ અપેક્ષા રાખે તેવો ન હતો, મહાભાગ્યશાળી હતો અને પોતાની અજબ શક્તિથી પારકાના ઉપદેશની જરા પણ જરૂર ન પડે તેવો સ્વયંજ્ઞાની હતો.

## વરિષ્ઠરાજસ્વરૂપ.

હવે પેલા કર્મપરિણામપિતાએ વરિષ્ઠરાજાને કેવો બનાવ્યો હતો તે હું તમને કહી સંભળાવું. એ સર્વ હકીકત વરિષ્ઠ સંબંધી જે વાતો ચાલતી હતી તે પરથી મારા સમજવામાં આવી છે તે હું તમને જણાવું છું. એ મહાન્ વરિષ્ઠરાજા આખો વખત પારકાનું કાર્ય કરવામાં ઘણો આતુર રહેતો, તેને એ બાબતનું મહાન વ્યસન પડી ગયું હતું, પોતાના સ્વાર્થને તો તેણે તદ્દન તિલાંજલી[2] જ આપી દીધેલી હતી, આખો વખત ઉચિત ક્રિયામાં તે તત્પર હતો, દેવ અને ગુરૂ તરફ ઘણું માન રાખનાર અને જાળવનાર હતો, કોઇ પણ પ્રકારની દીનતા વગરના ઓજસ્વી હૃદયવાળો હતો, જે કોઇ કાર્યનો આરંભ કે આદર કરે ત્યારથી તે પરિણામ સુધી સફળ થાય ત્યાં સુધીની દીર્ઘ નજરથી

---

૧ બાર **અંગ**ના વર્ણન માટે જુઓ પ્રથમ પ્રસ્તાવ નોટ પૃ. ૮૯-૯૦. **ઉપાંગોઃ** ઉવવાઇ, રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબુદ્વીપપન્નત્તિ, સુરપન્નત્તિ, ચંદપન્નત્તિ, કપ્પિયા. કપ્પવડંસિયા, પુફિયા, પુપ્ફચુલિયા, વહ્નિદશા ( છેલ્લા પાંચનું નામ નિર્યાવળી કહેવાય છે. )

૨ દુનિયામાં ફતેહમંદ ગણાતા માણસો આથી ઉલટી જ રીતે વર્તનારા હોય છે, તેઓ હમેશા સ્વાર્થી, અભિમાની, કીર્તિના લોભી, વૈર દ્વેષથી ભરેલા, ઉપર ઉપરથી સારા હોવાનો દેખાવ કરનારા અને તત્ત્વનજરે ઉપરછલ્લાં હોય છે, તેઓનાં ઊંડાં હૃદયમાં દીનતા તુચ્છતા પરાશા અને મલીનતા હોય છે. આ સર્વની સાથે વરિષ્ઠનું અંતર રાજ્ય સરખાવવા યોગ્ય છે.

જૈન સાઈટ JAINSITE.com જનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવામાં આવે તેવો સફળારંભી હતો, કરેલા ગુણોને બરાબર સમજનાર અને જાણનાર હતો, પરમ ઐશ્વર્યવાળો હતો, કોઇ ઉપર પૂર્વના પાકા વૈરથી કે હાડ દુશ્મનાઇથી તદ્દન દૂર રહેનાર હતો અને મહા ઊંડા અને ગંભીર આશયવાળો હતો. વળી એને અવજ્ઞા માત્ર પરીષહો તરફ હતી, ઉપસર્ગો ગમે તેવા થાય તેની લેશમાત્ર બીક નહોતી, ઇંદ્રિયસમૂહ પ્રત્યે ચિંતા માત્ર પણ નહોતી, મહામોહ વિગેરે શત્રુવર્ગની તેના મનમાં ગણતરી પણ નહોતી, ચારિત્રરાજ વિગેરે પોતાના લશ્કરના બળ ઉપર આત્મભાવ ( પોતાપણું ) હતો અને આખા ભુવન ઉપર ઉપકાર કરવાની બાબતમાં ઘણીજ આસક્તિ હતી.

મહારાજ વરિષ્ઠે ચોરોને હઠાવી દઇને પોતાના રાજ્યમાં પ્રવેશ કર્યો અને તેથી લોકોમાં અત્યંત આનંદ ફેલાયો તે વખતે તેને દિવ્ય રાજ્ય પરિણત થયું, તેનામાં આવી ગયું; પછી સર્વદા આનંદઉત્સવવાળું રાજ્ય ભોગવતાં એ મહારાજાને બાહ્ય સંપત્તિ કેવી થઇ તેનું વર્ણન કરી બતાવું છું તે તમે સાંભળો. જે ઇંદ્રોએ ઝગઝગાયમાન

બાહ્યસંપત્તિ.

થતાં મુગુટો, બાજુઓ, હારો અને કુંડળો પહેરેલાં છે અને જેનાં તેજથી સર્વ દિશાઓમાં પ્રકાશ થઇ રહ્યો છે તેવા મોટા પુરૂષો તો એ મહારાજાના પાળાઓ-સેનાનીઓ થઇને રહે છે; એટલુંજ નહિ પણ આ આખા ત્રણે ભુવનો તેની અંદરના દેવતાઓ મનુષ્યો અને અસુરો જાણે એ મહારાજના સેવક થઇ ગયા હોય તેમ વર્તે છે. ટુંકામાં કહીએ તો સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં જે સંપત્તિઓ છે તે સર્વ એમની થઇને રહી; પરંતુ એ મહારાજાને એ કોઇ પણ સંપત્તિ કે સેવા તરફ કે તેમાં જરા પણ સ્પૃહા નથી, તેની ઇચ્છા નથી, તે મેળવવાની લાલસા અભિલાષા કે હોંસ નથી. એ સર્વમાં તે તદ્દન નિઃસ્પૃહ છે.

### નિર્વૃતિ માર્ગ ઉપદેશ.
### સમવસરણ. પ્રાતિહાર્ય.
### અતિશયોની લક્ષ્મી.

વળી એ મહારાજા વરિષ્ઠ જે માર્ગે નિર્વૃતિનગરીએ જવા નીકળી પડ્યા છે તે માર્ગ કાંઇ તેઓ છુપાવી રાખતા નથી, ગુપ્ત રાખતા નથી, પરંતુ જાહેર રીતે સર્વ પ્રાણીઓ સમક્ષ તે માર્ગ બતાવી રહ્યા છે અને તેનો ઉપદેશ તેઓ સ્પષ્ટ રીતે જાહેરમાં સર્વને આપે છે. આવો મહાન્ સુખનો માર્ગ તેઓશ્રી બતાવી રહ્યા છે તેથી દેવ અસુર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને મનુષ્યો તેમના તરફ ભક્તિરસથી ભરપૂર થઇ જાય છે, તેના તરફ ઘણો ઊંડો પ્રેમ લાવે છે અને તેમની સેવા ચાકરી કરે છે. તેઓ શું શું કરે છે તે કાંઇક અહીં તમને જણાવીએ. એવા પ્રકારની દેશના આપવા માટે દેવો એક સુંદર સમવસરણ બનાવે છે જેની અંદર ત્રણ ગઢો બનાવવામાં આવે છે તે અનુક્રમે રૂપા સોના અને ચિત્રવિચિત્ર પ્રકારના રત્નોના બનાવેલા હોય છે.[1]

૧. આ મહારાજા વરિષ્ઠ (સર્વોત્કૃષ્ટ) છે એમ બતાવવા સારૂ [2]આઠ મહાપ્રતિહાર્યની રચના કરવામાં આવે છે તે પણ અત્ર તને જણાવી દઉંછું. ચારે તરફ ભમી રહેલા ભમરાઓના સુંદર મધુર ઝંકારના અવાજથી ભરપૂર અને મનને આનંદદાયી સુકોમળ પલ્લવવિભૂષિત અતિસુંદર અશોકવૃક્ષ (આશોપાલવનું ઝાડ) રચે છે. (આ અશોકવૃક્ષ પ્રભુથી બારગણું ઊંચું હોય છે અને તેની નીચે બેસીને ભગવાન્ દેશના આપે છે.)

૨. મનોહર ઝંકારયુક્ત ભમરાઓસહિત અનેક પ્રકારના પંચવર્ણી (રાતા, ધોળા, પીળા, લીલા અને શ્યામ) પુષ્પોની વૃષ્ટિ દેવતાઓ અસ્ખલિત કર્યા જાય છે અને તેનાથી દશે દિશાઓ સુગંધમય થઇ રહે છે. (આ પુષ્પો સમવસરણમાં પડે છે, તેમનાં બીંટ નીચાં અને મુખ ઊંચાં રહે છે. આવાં ફૂલો ચાલનારની જાનુ સુધી પહોંચે તેટલાં સમવસરણમાં હોય છે.)

૩. વરિષ્ઠ મહાત્મા સમવસરણમાં બેસી ધર્મદેશના આપે છે ત્યારે આકાશમાં દેવતાઓ આનંદદાયી સુંદર નિર્ઘોષ કરે છે (આ દિવ્ય ધ્વનિ નામનો ત્રીજો પ્રાતિહાર્ય છે. પ્રભુની વાણી અમૃતસમાન હોઇ સર્વને પ્રમોદ આપનારી હોય છે, પ્રભુ માલકોશ રાગમાં દેશના આપે છે, એ વખતે આકાશમાં દેવતાઓ વેણુવિણાવિગેરેની જેવો સૂર પૂરે છે. આથી ગંભીર આલાપમાં વધારો થાય છે અને દેશના અતિ મનમોહક અને આકર્ષક લાગે છે.)

---

૧ **સમવસરણ**ના વિસ્તારથી વર્ણન માટે જુઓ ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ લું સર્ગ ત્રીજો તથા સમવસરણ પ્રકરણ. આવા સમવસરણમાં બેસી પ્રભુ દેશના આપે છે. મોટા નગરોમાં પ્રભુ આવે ત્યારે દેવતાઓ સમવસરણ બનાવે છે.

૨ **અષ્ટ મહાપ્રાતિહાર્ય** તીર્થંકરને કેવળજ્ઞાન થયા પછી થાય છે. તેનું અહીં વર્ણન છે. એનો વિસ્તાર અનેક ગ્રંથોમાં છે. દાખલ તરીકે જુઓ શ્રીમદ્વિજયાનંદ સૂરિનો તત્ત્વનિર્ણયપ્રાસાદ-દ્વિતીય સ્તંભ પૃ. ૭૭.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. કમળની નાળોનાં સુંદર તાંતણાની જેવા સ્વચ્છ ઉજ્જ્વળ સુંદર આકારને ધારણ કરનાર ચામરો પ્રભુની બંને બાજુ વિરાજમાન થઇ રહેલા હોય છે. ( રત્નજડિત સોનાના દાંડામાં જડેલા મોટા ચામરો ભગવાનની બન્ને બાજુએ દેવતાઓ અને ઇંદ્રો વીંજે છે. )

૫. દેશના દેવા માટે સમવસરણના મધ્યમાં અશોકવૃક્ષની ચાર દિશાએ ચાર મહાન્ સિંહાસનો શોભી રહ્યાં હોય છે. એની આકૃતિ ઘણી સુંદર હોય છે, તેમાં અનેક પ્રકારનાં રત્નોની શોભા ઝળઝળાયમાન થઇ રહેલી હોય છે–આવા સિંહાસનપર બેસી ચાર મુખે પ્રભુ દેશના આપે છે. ( આ ચારે સિંહાસનો બહુ ઊંચા હોય છે, સોનાના બનાવેલાં હોય છે. ભગવાન પોતે પૂર્વાભિમુખ બેસે છે, ત્રણ બાજુએ તેમનાં રૂપો દેવો રચે છે એટલે ચતુર્મુખ દેશનાનો ગંભીર ધ્વનિ નીકળતો જણાય છે. )

૬. ભગવાનની પાછળ પ્રભામંડળ રચવામાં આવે છે તે આકાશને પ્રકાશમાન કરી રહેલ હોય છે, સૂર્યના આકારને ધારણ કરનાર હોય છે અને તેમના શરીરને ઉલ્લાસ કરાવનાર અતિ સુંદર હોય છે. ( ભગવાનની કાંતિ ઘણી હોવાને લીધે તેની સામે જોઇ શકાતું નથી, સૂર્યની કાંતિથી વધારે કાંતિ ધારણ કરનાર પણ શાંત અને શરદૃઋતુના સૂર્ય જેવું ભામંડળ–કાંતિપ્રભાનો સમૂહ સૂર્યનો આકાર બતાવે છે અને પ્રભુની પછવાડે રહે છે. એથી પ્રભુની સામે નજર થઇ શકે છે. )

૭. આખી દુનિયાને પ્રભુનું આગમન અને પરોપકારીપણું બતાવતો કાનને અતિ સુંદર લાગે તેવો દિવ્ય દુદુંભિનો અવાજ દેવતાઓ આકાશમાં રહીને કરે છે, એ અવાજ લોકોમાં ઉલ્લાસ ઉત્પન્ન કરે તેવો અને ઘણો સુંદર હોય છે. (આ દિવ્ય દુદુંભિનો અવાજ પ્રભુ પધાર્યા છે એમ જણાવનાર હોય છે અને પ્રભુ મોક્ષમાર્ગના સાર્થવાહ છે એમ સૂચવનાર હોય છે. )

૮. પ્રભુના માથા ઉપર ત્રણ છત્રો બીરાજમાન થાય છે અને તે આખી દુનિયાને બરાબર જણાવે છે કે આ વરિષ્ઠ રાજા છે અને ત્રણે ભુવનના નાયક છે. ( શરદૃઋતુના ચંદ્ર જેવાં ધોળા ત્રણ છત્રો–એક મેકની ઉપર આવી રહેલા, પ્રભુના માથા ઉપર ઊંચે અદ્ધર રહે છે અને તે પ્રભુનું પરમેશ્વરત્વ સૂચન કરે છે. )

આવી રીતે દેવતાઓ અને દાનવો પ્રાતિહાર્યની રચના કરે છે તેનાથી એ વરિષ્ઠ રાજા વધારે શોભે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. [1]વળી એ વરિષ્ઠ રાજાનું શરીર ઘણું સુગંધવાળું હોય છે, કોઇ

૧ અહીં ભગવાનના **અતિશયનું** વર્ણન ચાલે છે, તેમાં ચાર અતિશય ભગવાન જન્મે ત્યારથી હોય છે, ઓગણીશ અતિશયો દેવતાઓ કરે છે અને ઘાતી કર્મ ખપવાને લીધે અગીઆર અતિશયો તીર્થંકરપણાની ઋદ્ધિને અંગે થાય છે. આ **ચોત્રીશ** અતિશયો ઘણા અદ્ભુત અને મનોહર છે. આ હકીકતને મૂળ નજરે તપાસતાં એમ જણાય કે અરિહંતના બાર ગુણો ગણાવ્યા છે તેમાં આઠ મહાપ્રતિહાર્ય અને ચાર મૂળ અતિશયો ગણાવ્યા છે તે ચાર મૂળાતિશયો પૈકી પાછળના બે અતિશયમાં તેનો સમાવેશ થાય છે. ચાર મૂળાતિશયો નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાનાતિશય.
(૨) વચનાતિશય.
(૩) પૂજાતિશય.
(૪) અપાયાપગમાતિશય.

પ્રથમ **જ્ઞાનાતિશયથી** કૈવલ્યજ્ઞાનદર્શનથી ભૂત ભવિષ્ય વર્તમાન વસ્તુ ભાવ અને ધર્મોને ઉત્પાદ વ્યય અને ધ્રુવપણે જાણવા અને દેખવા. મતલબ તીર્થંકર મહારાજને સંપૂર્ણ જ્ઞાન હોય છે અને આ દુનિયામાં કોઇ એવો ભાવ કે ચીજ થઇ નથી છે નહિ કે થવાની નથી જે તેમનાં જાણવા દેખવામાં ન આવે.

બીજા **વચનાતિશયથી** તીર્થંકર મહારાજ દેશના આપે તે પાંત્રીશ ગુણયુક્ત હોય. તેમની વાણીમાં પાંત્રીશ ગુણો સ્પષ્ટ જણાય. તે પાંત્રીશ વાણીના ગુણો નીચે પ્રમાણે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. સ્થાનને યોગ્ય સંસ્કારી ભાષા અર્ધમાગધી સહિત બોલે. (સંસ્કારવત્વ)

૨. ઉંચા સ્વરે દેશના આપે જેથી એક યોજન પ્રમાણ સમવસરણમાં બેઠેલ સર્વ સાંભળી શકે. (ઉચ્ચત્વ)

૩. ભાષામાં ગ્રામ્ય પ્રયોગ ન આવે, તુચ્છ ભાષા ન આવે. (અગ્રામ્યત્વ)

૪. મેઘની જેવો ગંભીર સ્વર ચાલ્યો આવે, ગર્જારવ સહિત બોલે. (ગંભીરત્વ)

૫. પ્રતિઘોષ સાથે, વાજિત્રમાં બજે તેવી રીતે શબ્દે શબ્દ છૂટા પડે તેમ બોલે. (પ્રતિનાદ વિધાયિત્વ)

૬. સાંભળનારને માનસહિત ઉદ્દેશીને બોલે. (દક્ષિણત્વ)

૭. સાંભળનારને રાગ ઉત્પન્ન થાય અને તે પોતાને ઉદ્દેશીને બોલાય છે એમ લાગે તેમ બોલે. (ઉપનીતરાગત્વ) આ સાત ગુણો 'શબ્દ' આશ્રયી થયા.

૮. ઘણા પુષ્ટ અર્થવાળી ભાષા બોલે. (મહાર્થતા)

૯. પૂર્વાપર અવિરોધપણે બોલે. (અવ્યાહતત્વ)

૧૦. કહેનારની મહત્તા લાગે તેમ, આ વચન આવા મહાત્માથી જ નીકળે તેવી વાતો બોલે. (શિષ્ટત્વ)

૧૧. એવું સ્પષ્ટ બોલે કે સાંભળનારનાં મનમાં જરા પણ શંકા ન રહે. (સંશયાસંભવ)

૧૨. દૂષણ વગરનું અને ફરીવાર પૂછવું ન પડે એવું બોલે. (નિરાકૃતાન્ય ઉત્તરત્વ)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૧૩. ગમે તેવો કઠણ વિષય સાંભળનારના મગજમાં ઉતરી જાય તેમ બોલે. ( હૃદયગમતા )

૧૪. જેટલું બોલવાયોગ્ય હોય તેટલું અને માંહો માંહે અર્થ મળે તેવું બોલે. ( મિથ:સાકાંક્ષતા )

૧૫. નયપ્રમાણયુક્ત અપેક્ષાવાળું અને ષડ્દ્રવ્ય નવતત્ત્વ પુષ્ટ થાય તેવું બોલે. ( પ્રસ્તાવૌચિત્ય )

૧૬. તત્ત્વજ્ઞાનનો બોધ થાય તેવું પ્રમાણવચન બોલે. ( તત્ત્વનિષ્ટતા )

૧૭. વિષય સંબંધ પ્રયોજન અધિકારી સમજીને ઉચિત બોલે, અસંબદ્ધ ન બોલે. ( અપ્રકીર્ણ પ્રસૃતત્વ )

૧૮. પારકાની નિંદા ન થાય પોતાના વખાણ ન થઇ જાય તેમ બોલે. ( અસ્વશ્લાઘાન્યનિંદિતા )

૧૯. પ્રતિપાદન કરવાના વિષયને બરાબર લક્ષ્યમાં રાખી બોલે. (અભિજાત્ય)

૨૦. સાંભળનારને ઘી ગોળથી પણ વધારે મીઠાશ ઉપજે તેમ બોલે. (અતિ-સ્નિગ્ધ મધુરત્વ )

૨૧. યોગ્ય ગુણોની પ્રશંસા-વખાણ કરનારૂં યોગ્ય વચન બોલે. (પ્રશસ્યતા)

૨૨. પરમર્મ ઉઘાડા ન પડે તેવી રીતે બોલે. ( અમર્મવેધિતા )

૨૩. બોલનાર મહા પુરૂષ છે એવો ભાસ પડે તેવું વચન બોલે, અર્થતુચ્છતા વાળું ન બોલે. ( ઔદાર્ય )

૨૪. ધર્મ અને અર્થને બરાબર વળગી રહીને બોલે-એને યુક્ત બોલે. (ધર્માર્થ પ્રતિબદ્ધતા )

૨૫. કર્તા કર્મ ક્રિયા લિંગ કારક કાળ અને વિભક્તિ યુક્ત બોલે. ( કારકાદ્યવિપર્યાસ )

૨૬. સાંભળનારની ભ્રાન્તિ દૂર થાય, વિક્ષેપ દૂર થાય તેવું બોલે. (વિભ્રમાદિ વિમુક્તતા )

૨૭. સાંભળનારને આશ્ચર્ય ઉપજે તેવું બોલે, નવું સાંભળીએ છીએ તેમ લાગે. ( ચિત્રકૃત્વ )

૨૮. સાંભળનારને કાંઇ અદ્ભુત મહાન લાગે તેવું ધીરતા સાથે બોલે. ( અદ્ભુતત્વ )

૨૯. વચ્ચે રોકાયા વગર ચાલુ બોલે. ( અનતિવિલંબીતા )

૩૦. બોલવામાં અનેક પ્રકારની નવીનતા અને વર્ણનો આવે તેમ બોલે. ( વૈચિત્ર્ય )

૩૧. વિશેષ બુદ્ધિ ઉપજે-સ્પષ્ટ ખ્યાલ થાય તેવું બોલે ( વિશેષતા )

૩૨. પદના અર્થને અનેક વિશેષણોનો આરોપ કરીને બોલે. ( વર્ણપદવાક્ય વિવિક્તતા )

૩૩. સત્ત્વપ્રધાનપણે, જોસથી, સાહસીકપણે બોલે. ( સત્ત્વપ્રધાનતા )

૩૪. પુનરૂક્તિ દોષરહિત બોલે, અર્થ સિદ્ધ કરવાનાં અનેક નવાં નવાં પ્રમાણો આપે. ( અવ્યુચ્છિત્તિ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ પ્રકારના મેલ વગરનું હોય છે અને તેમને શરીરે જરા પણ પરસેવો તથા કોઇ પણ જાતનો રોગ થતો નથી.[1]

૨. એ રાજાના દેહમાં રહેલ માંસ અને લોહી ગાયના દૂધ જેવું અથવા મોતીના હાર જેવું સફેત હોય છે.

૩. એ રાજા આહાર અને નિહાર[2] કરે તે ચર્મચક્ષુથી જોઇ શકતા નથી. આહાર નિહાર કરે છે એમ દેખાય પણ વસ્તુ દેખાતી નથી.

૪. એ રાજાના શ્વાસોશ્વાસ કમળના જેવા સુગંધી હોય છે.

આ ચારે ગુણો એ રાજાને જન્મથી સાથે જ હોય છે.

૫. [3]પ્રભુને દેશના દેવા માટે દેવતાઓ સમવસરણ એક યોજનપ્રમાણ રચે છે છતાં તેમાં પ્રભુના અતિશયથી કરોડો મનુષ્યો અને દેવતાઓ સમાઇ શકે છે, ત્યાં જરા પણ ભીડ થતી નથી, સંકોચ થતો નથી.

૬. પ્રભુ અર્ધમાગધીમાં ઉપદેશ આપે છે પણ સાંભળનારા સર્વે તેને પોતપોતાની[4] ભાષામાં સમજે છે, મનુષ્યો પોતપોતાની દેશભાષામાં સમજે છે, તિર્યંચો પોતાની ભાષામાં સમજે છે અને દેવો દેવભાષામાં સમજે છે. એક યોજનમાં બેઠેલા સર્વે પ્રભુની વાણી બરાબર સાંભળી શકે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૩૫. સાંભળનાર થાકી ન જાય તેમ બોલે. (અખેદિત્વ)

આવી રીતે બીજા વચનાતિશયથી વાણીના પાંત્રીશ ગુણો ઉત્પન્ન થાય છે. ત્રીજા **અપાયાપગમાતિશય**થી ભગવાનને પોતાને અથવા તેમના સંબંધમાં આવનારને પીડા થતી નથી, થયેલી પીડા દૂર થાય છે. ઉપદ્રવ નિવારકપણાનો અહીં સમાવેશ તેમની થાય છે.

ચોથા **પૂજાતિશયથી** ભગવાન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેમનું નિઃસ્પૃહપણું છતાં પૂજા બહુમાન થાય છે, વૈભવ જબરો દેખાય છે અને સર્વ દિશામાં તેમની કીર્તિ ફેલાય છે.

આ ત્રીજા અને ચોથા અતિશયમાં ચોત્રીશ અતિશયનો સમાવેશ થાય છે.

૧ આ પ્રથમના **ચાર અતિશય જન્મથી** હોય છે. તીર્થંકર જે ભવમાં થાય ત્યાં જન્મથી જ આ ચારે બાબતો તેમની સાથે હોય છે.

૨ વિષ્ટા મુત્ર; વડીનીતિ લઘુનીતિ.

૩ ૫-૧૫ સુધીના **અગીઆર અતિશયો** કર્મ ખપવાથી (ઘાતી કર્મોનો ક્ષય થવાથી) કેવળજ્ઞાન થવાથી પ્રભુને થાય છે.

૪ देवादैवीं नरानारीं, शबराश्चापि शाबरीं ।
तिर्यचोऽपि हि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ॥



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૭. એ રાજાની પછવાડે પ્રભામંડળ સૂર્યથી હજારગણા તેજવાળું ચાલે છે. એનાથી પ્રભુ સામી નજર કરી શકાય છે અને તેજનો અંબાર નજરે પડે છે.[1]

૮. તાવ વિગેરે કોઇ પણ પ્રકારના રોગો ચારે બાજુ પચીશ યોજન સુધીના પ્રદેશમાં છ માસ સુધી થતા નથી. પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાંથી ચારે બાજુ પચીશ યોજનમાં છ મહિના અગાઉ રોગ થયેલા હોય તો તે પણ શાંત થઇ જાય છે.

૯. એટલી ભૂમિમાં વૈરવિરોધ ન થાય અને થયેલા હોય તો શમી જાય, દૂર થઇ જાય, છેડો આવી જાય.[2]

૧૦. પ્રભુ વિચરે તે પ્રદેશથી પચીશ યોજનમાં એકી વખતે ઘણાંનાં મરણ થાય એવા મહા ઉપદ્રવ ન થાય, કોલેરા મરકી કોગળિયું કે એવા બીજા કોઇ પણ ચેપી કે હવાના રોગો ન થાય અને થયેલા હોય તે શાંત થઇ જાય.

૧૧. સદરહુ પ્રદેશમાં કોઇ પણ ઉપદ્રવ ન થાય. અનાજને નુકસાન કરનાર પ્રચુર તીડ ઉંદર આદિ જીવોની ઉત્પત્તિ ન થાય.

૧૨. ભગવાન્ જ્યાં જ્યાં વિચરે ત્યાંથી ચારે તરફ સો યોજનમાં દુકાળ ન પડે, દુકાળનાં કારણો ઉત્પન્ન થયાં હોય તો પણ સુકાળ થઇ જાય.

૧૩. સદરહુ પ્રદેશમાં અવૃષ્ટિ ન થાય. ( વરસાદ ન આવવો તેને અવૃષ્ટિ કહે છે. )

૧૪. સદરહુ પ્રદેશમાં અતિવૃષ્ટિ ન થાય. ( જોઇએ તેથી વધારે વરસાદ આવે તો તેથી લીલો દુકાળ પડે છે, એ પણ લોકોને અને જનાવરોને ત્રાસ આપે છે. અતિવૃષ્ટિ પણ નુકસાન કરે છે ).

૧૫. પ્રભુવિહારના પ્રદેશમાં સ્વચક્ર પરચક્રનો ભય થતો નથી. સ્વચક્રનો ભય અંદર અંદરની લડાઇ ( Civil war ) કે બળવાથી થાય છે અને પરચક્રનો ભય બહારથી થતાં આક્રમણોથી થાય છે. આ બન્ને પ્રકારના ભયો પ્રભુવિહારક્ષેત્રોમાં થતા નથી.

મહામોહ વિગેરે મોટા દુશ્મનોનો નાશ થવાથી આ ૫-૧૫ સુધીના ગુણો વરિષ્ઠરાજાને ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થતાં મેં સાંભળ્યા છે.

---

૧ મૂળ ગ્રંથકારે આ અતિશય મૂકી દીધો છે.

૨ तत्र खलु अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः જ્યાં અહિંસા બરાબર જામી હોય ત્યાં તેમની આજુબાજુમાં પણ વૈરત્યાગ થાય છે, વાતાવરણ વૈર વગરનું થઇ જાય છે, સદર સૂત્રનો સાક્ષાત્કાર થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૬. [1]પ્રભુ વિચરે ત્યાં ધર્મપ્રકાશક એક ધર્મચક્ર આગળ આકાશમાં ચાલે છે.

૧૭. પ્રભુ ચાલે ત્યારે તેમની ઉપર ત્રણ છત્ર આકાશમાં ચાલે છે.

૧૮. પ્રભુ વિચરે તેની આગળ ધ્વજ (ઇંદ્રધ્વજ)-નાની ધ્વજાઓના સમૂહસહિત ચાલે છે.

૧૯. પ્રભુ વિચરે ત્યારે આકાશમાં રત્નજડિત સુંદર ચામર ચાલે છે.

૨૦. પ્રભુ વિચરે ત્યાં સ્ફટિકમય પાદપીઠસહિત સિંહાસન આકાશમાં સાથે ચાલે છે.

૨૧. ભગવાન્ વિચરે-ચાલે ત્યારે દેવતાઓ સુંદર નવ કમળોની યોજના કરે છે તે પાછળથી આગળ આવે છે અને તેના ઉપર પગ મૂકીને પ્રભુ ચાલે છે. કેવળજ્ઞાન થયા પછી ભગવાન ભૂમિતળનો સ્પર્શ કરતા નથી.

૨૨. સમવસરણની રચના દેવો કરે છે તેમાં રૂપાનો, સોનાનો અને રત્નનો ગઢ અનુક્રમે કરવામાં આવે છે. ત્રણ ગઢની અંદર વચ્ચે કરેલી વેદિકા ઉપર બેસીને પ્રભુ દેશના આપે છે.

૨૩. સમવસરણમાં પ્રભુ પૂર્વાભિમુખે બેસે છે, તે વખતે બીજા ત્રણ રૂપો ત્રણ દિશાએ દેવો કરે છે, તેથી ભગવાન્ ચતુર્મુખે દેશના આપે છે એમ દેખાય છે.

૨૪. સમવસરણના મધ્યભાગમાં તે વિશિષ્ટ પુરૂષના શરીર પ્રમાણથી બારગણું ઊંચું અને એક યોજનપ્રમાણ સમવસરણ ઉપર સંપૂર્ણ છાયા કરતું, લીલા છત્રસમાન ચૈત્યવૃક્ષ-અશોકવૃક્ષ દેવતા રચે છે.

૨૫. પ્રભુ જે જે સ્થાને વિચરે ત્યાં કાંટાઓ ઊંધા મુખવાળા થઇ જાય છે, કોઇને વાગી ન શકે તેવી રીતે ગોઠવાઇ જાય છે.

૨૬. કેશ, દાઢી, નખ, રોમ, મુછ હોય તેવાને તેવા રહે છે, જરા પણ વધતા નથી.

૨૭. પ્રભુ વિચરે તે સ્થાને સર્વ શબ્દ રૂપ રસ સ્પર્શ અને ગંધ હૃદયને પસંદ આવે તેવા થાય છે અને છએ ઋતુઓ તે સ્થાનમાં પુષ્પાદિ સામગ્રીઓથી એકી સાથે અનુકૂળ થઇ જાય છે.

૨૮. વિહારભૂમિ ઉપર સુગંધી જળનો છંટકાવ થયા કરે છે.

૨૯. વિહારભૂમિ ઉપર ફૂલો થોડાં થોડાં આખો વખત પડ્યાં કરે છે અને સમવસરણની જમીન ફૂલના સમૂહથી ભરેલી લાગે છે. પાંચ વર્ણનાં ફૂલો જાનુ સુધી ભરેલાં રહે છે.

---

૧ સોળથી ચોત્રીસ સુધીના ઓગણીસ અતિશયો દેવકૃત હોય છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

૩૦. પક્ષીઓ વરિષ્ઠરાજાની પ્રદક્ષિણા કરે છે.

૩૧. અનુકૂળ પવન વાય છે.

૩૨. પ્રભુ વિચરે ત્યારે ઝાડો નમતાં જાય છે અને જાણે પોતે ભક્તિરસથી બદબદ થતાં હોય એમ લાગે છે.

૩૩. ભગવાન પાસે કાંઇ નહિ તો પણ ઓછામાં ઓછા એક કરોડ દેવતાઓ સેવામાં હાજર રહે છે.

૩૪. દિવ્ય દુંદુભિનો અવાજ આકાશમાં થયા કરે છે.

ઉપરના અતિશયો ભક્તિથી ભરપૂર દેવતાઓ કરે છે અને પોતાનું સુંદર રાજ્ય ભોગવતા વરિષ્ઠરાજાને ઉત્પન્ન થાય છે એમ મારા જોવામાં આવ્યું છે. [1]દેવ! એ વરિષ્ઠરાજાને એવી તો અદ્ભુત સંપત્તિઓ મળી કે મારી જેવાની વાણીથી તેનું વર્ણન કરવું પણ અશક્ય છે.

---

૧ આ સિવાય ભગવાનમાં અઢાર દોષો હોતા નથી તે નીચેની ગાથાપરથી ધ્યાનમાં રાખવું.

अंतरायदानलाभ-वीर्यभोगोपभोगगाः ।
हासोरत्यरतीभीति-र्जुगुप्सा शोक एव च ॥
कामोमिथ्यात्वमज्ञान-निद्राचाविरतिस्तथा ।
रागोद्वेषश्चनो दोषा-स्तेषामष्टादशाप्यमी ॥

એ અઢાર દોષો વિસ્તારથી સમજવા માટે મનોપચંદભાઇએ બનાવેલો 'અઢાર દોષનિવારક' ગ્રંથ વાંચવો. સામાન્ય અર્થ અહીં લખ્યો છે (નામનિર્દેશમાત્ર).

૧. દાન દેવામાં અંતરાય થવો તે, દાન ન આપી શકાય તે સ્થિતિ–દાનાંતરાય.

૨. વસ્તુનો લાભ, તેની પ્રાપ્તિ ન થવી તે, અમુક કે સર્વ વસ્તુ ન મળે તે–લાભાંતરાય.

૩. પોતાનાં શક્તિ, તેજ, બળ વાપરી ન શકાય અથવા પ્રાપ્ત ન થાય તે–વીર્યાંતરાય.

૪. એકવાર ભોગમાં આવે તે ભોગ્ય વસ્તુ કહેવાય છે. એવી ભોગ્ય વસ્તુ ન મળે તે–ભોગાંતરાય.

૫. અનેકવાર ભોગમાં આવે (ઘરેણાં સ્ત્રી વિગેરે) તે ઉપભોગ્ય વસ્તુ કહેવાય છે. તે ન મળે તે–ઉપભોગાંતરાય.

૬. મશ્કરી કરવી, ઠઠ્ઠા કરવા તે–હાસ્ય.

૭. પદાર્થો ઉપર પ્રીતિ કરવી તે–રતિ.

૮. પદાર્થો ઉપર અપ્રીતિ કરવી તે–અરતિ.

૯. કોઇ પણ પ્રકારની બીક લાગવી તે–ભય.

૧૦. મલીન વસ્તુ જોઇને તેપર તિરસ્કાર–ઘૃણા આણવી તે–જુગુપ્સા.

૧૧. મનમાં દીલગીરિ થવી, મન વિકળ થવું તે–શોક.

૧૨. સ્ત્રીપુરૂષ કે બન્ને સાથે ભોગ ભોગવવાની ઇચ્છા તે–કામ. [ ચાલુ ]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ વરિષ્ઠ રાજા સર્વ પ્રાણીઓની આંખો ઠારે તેવા હતા, સર્વને આનંદ આપે તેવા હતા, મહાસુખ આપનાર નિર્વૃતિ-નગરીનો માર્ગ બતાવનાર હતા અને અનેક લોકોને એ નગરીએ પહોંચાડી દેતા હતા.

નિર્વૃત્તિ નગરીએ પ્રયાણ.

આવા પ્રકારનું અતિ સુંદર રાજ્ય કરતાં આખરે એ મહાપ્રતાપી સુંદર વરિષ્ઠરાજા પોતે પણ નિર્વૃતિનગરીએ તે જ રસ્તે[1] પહોંચી ગયા. અગાઉના પ્રકરણમાં ઉત્તમરાજાએ શત્રુઓનો ઘાત કર્યો વિગેરે સંબંધી જે વિસ્તારથી હેવાલ કહ્યો છે તે આમના સંબંધમાં પણ બરાબર તે જ પ્રમાણે સમજી લેવો.[2]

હવે જે પેલી દૃષ્ટિ દેવી હતી તેણે પોતાની શક્તિનો ઉપયોગ તો વરિષ્ટ ઉપર સારી રીતે કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે પણ તદ્દન નકામી થઇ ગઇ, કાંઇ કરી ન શકી અને આખરે તદ્દન ઠેકાણે આવી ગઇ. વરિષ્ઠરાજાએ એને તદ્દન ઉપયોગ વગરની બનાવી દીધી, વળી એ પોતાના મદદ કરનારા બંધુઓથી વિખુટી પડી ગઇ, તદ્દન શક્તિ વગરની થઇ ગઇ અને આખરે સર્વથા મૂઢ થઇને નાશ પામી ગઇ. એવી રીતે સર્વ પ્રકારે કૃતકૃત્ય થઇને એ મહારાજા તદ્દન શાંત હોઇ કોઇ પણ પ્રકારની બાધા પીડા વગર અને સંપૂર્ણ આનંદમાં મગ્ન થઇ નિ-

દૃષ્ટિદેવીનું અકિંચિત્કરત્વ.

JAINSITE.com જૈનધર્મ જ્ઞાન સાહિત્ય

---

૧૩. સમજ વગર કે ખોટા આગ્રહથી દર્શન ઉપર મોહ તે-દર્શનમોહ-મિથ્યાત્વ.

૧૪. મૂઢપણું, સમજણનો-સ્વરૂપ જ્ઞાનનો અભાવ તે-અજ્ઞાન.

૧૫. ઉંઘ આવવી તે-નિદ્રા.

૧૬. ત્યાગ કરવો તે પચ્ચખ્ખાણ. તે ન લઇ શકવા તે અપ્રત્યાખ્યાન-અવિરતિ.

૧૭. સુખનાં સાધનો મેળવવામાં ગૃદ્ધિ તે-રાગ.

૧૮. પૂર્વ દુઃખનું સ્મરણ અથવા તેનાં સાધનો ઉપર ક્રોધ તે-દ્વેષ.

આ અઢારે દોષ વરિષ્ઠરાજામાં નહોતા એમ કહેવાનો અત્ર આશય છે. આ અઢારે દોષો એટલા વિસ્તૃત છે કે એમાં આખી દુનિયાના સર્વ દોષો સમાઇ જાય છે અને જ્યારે તેનો સર્વથા ત્યાગ થઇ ગયો હોય ત્યારે પ્રાણી અસાધારણ મનુષ્યની ગણનામાં આવે છે તેમાં કાંઇ પણ નવાઇ નથી.

૧ પોતે જે માર્ગનો સર્વને ઉપદેશ આપતા હતા તે જ રસ્તે પોતે પણ ચાલીને મોક્ષે ગયા.

૨ જુઓ પૃ. ૧૬૦૯-૧૦.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

વૃત્તિ નગરીમાં બેસે છે, મોજ કરે છે અને નિજગુણોમાં રમણ કરે છે.[1]

---

૧. ઉત્તમોત્તમ પ્રાણીઓનું વર્ણન કરતાં શ્રીતત્ત્વાર્થસૂત્રના ભાષ્યકાર કહે છે કે यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति । नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ॥ "જે ભાગ્યવાન્ પ્રાણી મહા ઉત્તમ ધર્મને પ્રાપ્ત કરીને તેનો ઉપદેશ બીજાને આપે છે તે પ્રાણી **ઉત્તમોત્તમ** છે અને સર્વથી વધારે પૂજ્ય છે." **ક્ષેમંકરગણિ** ષટ્પુરૂષ ચરિત્રમાં આ ઉત્તમોત્તમ પ્રાણીને અંગે તીર્થંકર મહારાજની વાર્તા કરે છે તેમાંનો અતિ આનંદદાયી ભાગ જેની વિગત ઉપર પ્રકરણમાં આવી નથી તે અહીં ઉતારી લઇએ છીએ. તેઓશ્રી જણાવે છે કે "તીર્થંકર નામકર્મનો વિપાક ભોગવનાર, ત્રણ લોકના ઇશ્વર, ત્રણ લોકના નાથ, ત્રણ લોકમાં પૂજનીય, ત્રણે લોકમાં સ્તુતિ કરવા લાયક, ત્રણ લોકમાં ધ્યાન કરવા યોગ્ય, નિર્દોષ, સર્વ ગુણોથી સંપૂર્ણ મહાત્મા તીર્થંકરો **ઉત્તમોત્તમ** વિભાગમાં આવે છે. એવા વિશુદ્ધ મહાત્માઓ અવ્યવહારરાશિમાં હોય છે ત્યારે પણ ગુણોમાં અન્ય જીવો કરતાં વધારે હોય છે, પણ તેઓનું રત્નત્વ ઢંકાયલું રહે છે. વ્યવહારરાશિમાં આવે ત્યારે જો પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તો ચિંતામણિ રત્ન થાય છે, અપ્કાયમાં જાય તો તીર્થજળમાં ઉત્પન્ન થાય છે, અગ્નિકાયમાં જાય તો યજ્ઞ કે મંગળદીપકની અગ્નિ થાય છે, વાઉકાયમાં જાય તો વસંતકાળનો શીતળ મૃદુ સુગંધી પવન થાય છે, વનસ્પતિકાયમાં જાય તો કલ્પવૃક્ષ આંબા કે પ્રતાપી ઔષધી થાય છે અને એવી જ રીતે બે ઇંદ્રિયમાં દક્ષિણાવર્ત શંખ થાય છે, તિર્યંચ પંચેંદ્રિયમાં ઉત્તમ ગજ કે અશ્વ થાય છે અને એવી રીતે સર્વ ગતિમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરે છે. છેવટે જ્યારે તીર્થંકર થવાના હોય છે ત્યારે તેમની માતા ચ્યવનકાળે ચૌદ મોટાં સ્વપ્ન દેખે છે, તેઓ ગર્ભકાળથી ત્રણ જ્ઞાનસહિત હોય છે, ગર્ભકાળમાં દેવો તેમના પિતાનાં ઘરમાં ધનધાન્યની સમૃદ્ધિ કરે છે, તેમની માતાને ગર્ભની વેદના થતી નથી, મહા ઉત્તમ દોહદો થાય છે અને દયા અનુકંપા કરવા મન થાય છે, તેમના પિતાને ઘણો હર્ષ થાય છે, અન્યથી પરાભવ થતો નથી, આજ્ઞા વધારે સારી રીતે પ્રસરે છે, યશકીર્તિમાં વધારો થાય છે અને વિપત્તિઓ દૂર થાય છે. તેમના જન્મસમયે સર્વ ગ્રહો ઉચ્ચ હોય છે, ત્રણ લોકમાં સર્વ સ્થળે પ્રકાશ થાય છે, નારકીના જીવોને પણ થોડો વખત સુખ થાય છે, દેવતાઓ રત્ન સોના રૂપા વસ્ત્ર વિગેરેની વૃષ્ટિ કરે છે, જય જય શબ્દના ઉચ્ચારથી આકાશ અને પૃથ્વીને ગજાવી મૂકે છે, સુગંધી શીતળ પવન સર્વત્ર વાય છે અને સમુદ્ર કલ્લોલ કરી વધારે ઉછળે છે. માતાનું પ્રસુતિ કાર્ય છપ્પન દિગ્કુમારીઓ કરે છે, મેરૂપર્વત ઉપર જઇ ઇંદ્રો અને દેવો પ્રભુનો જન્માભિષેક કરે છે અને તે વખતે આખુ જગત્ આનંદમય થાય છે. તે વખતે વળી દેવ અસુર મનુષ્ય અને પશુ પક્ષીઓનું પરસ્પર વૈર નાશ પામે છે, ડાકિની શાકિની પરાભવ કરી શકતી નથી, ઉપદ્રવો ઉત્પન્ન થતા નથી, સૂર્યાદિક ગ્રહો લોકોને શાંતિ કરે છે, લોકોનાં મન પરસ્પર પ્રીતિવાળાં થાય છે, દૂધ ઘી તલ શેરડી વિગેરે પદાર્થોમાં રસની વૃદ્ધિ થાય છે, વનસ્પતિમાં ફળ અને ફૂલનો વધારો થાય છે, ઔષધિઓનો પ્રભાવ અધિક થાય છે, ખાણોમાં રત્નસુવર્ણ વધારે ઉત્પન્ન થાય છે, પુષ્પોની સુગંધીમાં મોટો વધારો થાય છે અને નિધાનો જમીનમાં ઊંડા હોય તે ઉપર આવે છે. પ્રભુના જન્મસમયે મંત્ર સાધનારની

[ ચાલુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રસિદ્ધિ–વિદ્યાસિદ્ધિ સુલભ થાય છે, લોકોનાં હૃદયમાં સદ્‌બુદ્ધિ થાય છે, મન દયાર્દ્ર થાય છે, મુખમાંથી અસત્ય વચન નીકળતાં નથી, પારકું દ્રવ્ય હરવાની મતિ થતી નથી, કુશીળ માણુસોની સોબત થતી નથી, કષાયો આછા અને ઓછા થઈ જાય છે અને પાપબુદ્ધિ અલ્પ થઇ જાય છે. તીર્થંકરના જન્મસમયે સારાં કાર્યે કરવાં મન પ્રવર્તે છે, ઇચ્છિત કાર્યની સિદ્ધિ થાય છે, અન્યના ગુણ ગ્રહણ કરવા બુદ્ધિ થાય છે, સર્વ લોકો પોતાને ઘરે મહોત્સવ કરે છે, મંગળગીત ગાય છે અને ચારે તરફ વધામણી થાય છે. તીર્થંકરના જન્મસમયે સ્વર્ગવાસી પાતાળવાસી અને ભૂમિવાસી દેવો પ્રમુદિત થાય છે, શાશ્વત ચૈત્યોમાં મહોત્સવ કરે છે, દેવ-સ્ત્રીઓ ધાત્રી (ધાવ) તરીકે કામ કરે છે, દેવીઓ નવા બાળકને અનુપમ નવીન આભરણોથી શોભાવે છે, નાના પ્રકારની ક્રીડા કરાવે છે, જમણા હાથના અંગુઠામાં અમૃતનો સંચાર કરે છે. તેઓ બાળક અવસ્થામાં ત્રણ જ્ઞાનયુક્ત હોય છે, અપરિમિત બળ અને પરાક્રમયુક્ત હોય છે, બીજાં બાળકો કરતાં ઘણી ઉત્તમ પ્રકૃતિયુક્ત હોય છે, ત્રણે લોકની રક્ષા કરવાને શક્તિમાન્ હોય છે, અભ્યાસ કર્યા વગર વિદ્વાન્ હોય છે, કળા શીખ્યા વગર સર્વ કળામાં કુશળ હોય છે, અલંકાર વગર પણ અતિ શોભતા હોય છે, ચપળતારહિત હોય છે, સ્વજન પરજનને ઉપતાપ નહિ કરનાર હોય છે અને લીલાવિલાસમાં ચંચળતા વગરના હોય છે તેમ જ સર્વ વસ્તુનું જ્ઞાન હોવાથી અલ્પ ઇચ્છાવાળા હોય છે. ૧ વ્યાધિરહિત તેમ જ મેલરહિત દેહ, ૨ દેહમાં તથા મુખમાં સુગંધી, ૩ ગાયના દૂધની ધારા જેવા સફેદ લોહી અને માંસ અને ૪ ચર્મચક્ષુથી ન જોઇ શકાય તેવો આહાર નિહારનો વ્યવહાર–આ ચારે અતિશયો પ્રભુને જન્મથી સિદ્ધ હોય છે. તીર્થંકરના અંગોમાં અનુપમ શોભા હોય છે, તેમનો બાંધો, રૂપ, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્ત્વ, બળ, શ્વાસોશ્વાસ અનુપમ હોય છે. પાંચમા બ્રહ્મકલ્પમાં રહેનારા લોકાંતિક દેવો આવી પ્રભુને કહે છે કે "ભગવાન્! હવે અવસર થયો છે, તીર્થ પ્રવર્તાવો." એ વાકયથી નિદ્રામાંથી જાગેલ રાજાની પેઠે પ્રભુ તરત સાવધાન થાય છે અને તુરત જ સાંવત્સરિક દાન દેવાનો આરંભ કરે છે. જેને જે વસ્તુનો ખપ હોય તે માગી લો એવી ઉદ્‌ઘોષણા દેવો કરે છે અને છૂટે હાથે લોકોને સોનું, રત્ન, મણિ માણેક, વસ્ત્ર, આભરણ, હાથી, ઘોડા વિગેરેનું મહાદાન આપે છે. વર્ષ સુધી આવું વિશાળ દાન આપવાથી તીર્થંકરનો કીર્તિપટહ આખા વિશ્વમાં વાગે છે. ત્યાર પછી તેઓશ્રી દીક્ષા લે છે તે વખતે દેવો આઠ દિવસનો મહોત્સવ નંદીશ્વર દ્વીપે કરે છે. તીર્થંકર પોતાને હાથે જ દીક્ષા લે છે. મોક્ષની પ્રાપ્તિ માટે બદ્ધકચ્છ, યતિ-ધર્મ પાળવા તૈયાર અને દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવપર મમતા રાખનાર તીર્થંકર પૃથ્વીપર વિહાર કરે છે અને પ્રાપ્ત થતા સર્વ પરીષહ અને ઉપસર્ગો સહન કરે છે. બાહ્ય અને અંતરનો સર્વ પરિગ્રહ ત્યાગી આવી રીતે નિર્ગ્રંથ થયેલા તીર્થંકર મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવની સ્થિરતાને પરિણામે અને ક્ષમા, માનત્યાગ, માયાત્યાગ, લોભત્યાગને લીધે જે ઔદાર્ય, ગાંભીર્ય, ધૈર્ય, મર્યાદિત આર્યત્વ, દયાળુત્વ, અનુદ્ધતત્વ, સદાચારીત્વ, મન વચન કાયાનું એકત્વ, સત્યત્વ, સર્વજનહિતેચ્છુત્વ, પ્રભુત્વ, જિતેંદ્રિયત્વ, ગુણરાગત્વ, મમતારહિતત્વ, સમાનભાવીત્વ, નિર્ભયત્વ, નિર્દોષત્વ હોય છે તેવું ત્રણ લોકમાં કોઇપણ દેવ અસુર કે મનુષ્યમાં

[ચાલુ

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

[1]વિતર્ક અપ્રબુદ્ધ શિષ્યને કહે છે કે તમે છ રાજ્યોનું અવલોકન કરી તેની વિગતવાર હકીકત આપને જણાવવા મને હુકમ આપ્યો હતો તે પ્રમાણે જઇને મેં જે જોયું અને સાંભળ્યું તે મેં આપને આ પ્રમાણે વિગતવાર જણાવ્યું છે.

* * *

---

જોવામાં આવતું નથી. વિહાર કરતાં અને તપ કરતા આખરે પ્રભુને કેવળજ્ઞાન (સંપૂર્ણ જ્ઞાન) થાય છે તે વખતે તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો બરાબર મહિમા પ્રત્યક્ષ થાય છે. તે મહિમાનું અત્ર કાંઇક દિગ્દર્શન કરીએ. તીર્થંકરો જે સ્થળે બીરાજવાના હોય છે તે સ્થળે વાયુકુમારના દેવો એક યોજનપ્રમાણ પૃથ્વી સાફ કરે છે, મેઘકુમાર દેવો સુગંધી જળ છાંટે છે, ઋતુકુમાર દેવો પાંચ વર્ણનાં ફૂલની વૃષ્ટિ કરે છે, વ્યંતર દેવો એક યોજનમાં મણિ રત્ન સુવર્ણમય પીઠ બાંધે છે, વૈમાનિક દેવો મણિના કાંગરાથી વિરાજિત તથા પતાકા તોરણ ધ્વજ પૂતળીઓથી મંડિત પ્રથમ રત્નનો ગઢ કરે છે. એ પ્રથમ ગઢની ફરતો રત્નમય કાંગરાથી શોભતો ચાર દરવાજાવાળો મધ્ય ગઢ જ્યોતિષ દેવો કરે છે. એ બીજા ગઢની ફરતો સોનાના કાંગરાથી વિભૂષિત ચાર દરવાજાયુક્ત ત્રીજો રૂપાનો ગઢ ભુવનપતિના દેવો કરે છે. એવી જ રીતે અશોક વૃક્ષ, રત્નમય પીઠ, દેવછંદ, આસન વિગેરે બીજા દેવો તીર્થંકર નામકર્મના પ્રભાવથી કરે છે. તીર્થંકર ચાલે છે ત્યારે નવ કમળની યોજના દેવો કરે છે જેના ઉપર પગ મૂકી પ્રભુ ચાલે છે. સમવસરણમાં દાખલ થતાં પ્રભુનું દર્શન ચારે બાજુથી થવા માટે તેમના ત્રણ રૂપો દેવો બનાવે છે, પ્રભુ પૂર્વ સન્મુખ બેસે છે છતાં ચારે દ્વારથી આવનારને અંદર આવતાં જ પ્રભુનું દર્શન થાય છે. કરોડો દેવોથી પરવરેલા પ્રભુ બાર પ્રકારની સભા સમક્ષ દેશના આપે છે, કૃતકૃત્ય થયેલા પ્રભુ મોક્ષમાર્ગનો પ્રકાશ કરનારી દેશના આપીને પૃથ્વીપર વિહાર કરે છે તેમાં તેમનો હેતુ પરોપકાર કરવાનો જ હોય છે. અતિશયથી વિરાજમાન, વાણીગુણયુક્ત, અઢાર દોષરહિત, અનંત શક્તિના ધણી, જગતના નાથ તીર્થંકરો ખરેખર ધ્યાન કરવા યોગ્ય હોય છે. તીર્થંકરો મિથ્યાત્વનો નાશ કરે છે અને જૈન શાસનનો ડંકો જગતમાં વગાડે છે, જાણવાયોગ્ય પદાર્થોનો વિસ્તાર કરે છે અને સંસારમાં ભ્રમણ કરાવનારા કુબોધને ભેદે છે અને ભવ્ય પ્રાણીઓનાં મનમાં પ્રતિબોધ કરે છે. છેવટે બાકીનાં ચાર અઘાતિ કર્મનો ક્ષય કરી મોક્ષે જાય છે અને ત્યાં અનંત સુખનો અનુભવ કરે છે. સર્વ દેવમનુષ્યનાં ભૂતભવિષ્યનાં સુખોનો સરવાળો કરીએ તેથી અનંતગણું સુખ મોક્ષમાં છે. ઉત્તમોત્તમ પુરૂષોનું આવું લક્ષણ શાસ્ત્રકાર બતાવે છે. તીર્થંકરો જૈન ધર્મમાં ખાસ મહત્વનો ભાગ ભજવતા હોવાથી તેમના સંબંધમાં વિસ્તારથી નોટ લખવામાં આવી છે.

૧ વાંચનારને યાદ હશે કે પ્રકરણ ૧૦ ની આખરે પૃ. ૧૫૬૬-૬૭ માં અપ્રબુદ્ધ શિષ્યે વિતર્ક નામના અનુચરને ષટ્પુત્રનાં રાજ્યનું નિરીક્ષણ કરવા મોકલ્યો હતો તેણે પાછા આવી જે રિપોર્ટ કર્યો તેનો સમાવેશ પૃ. ૧૧ થી ૧૫ સુધીમાં કર્યો. આ વાર્તા ઉત્તમસૂરિએ હરિકુમાર પાસે કહેવા માંડી છે. ઉપદેશને અંગે આ અંતરંગ રાજ્યનો પ્રપંચ બતાવવાનો પ્રસંગ હતો. ઉત્તમસૂરિ નવા પ્રકરણમાં તેજ વિષયને સ્પષ્ટ કરશે, તે પહેલાં શરૂઆતમાં અપ્રબુદ્ધની વિચારણા ચાલશે. આ પ્રમાણે હકીકત લક્ષ્યમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૬ મું.

### હરિ અને ધનશેખર.

ઉપર પ્રમાણે વિતર્કે છ પુરૂષોની વાર્તા કરી તે સાંભળીને અપ્રબુદ્ધ શિષ્ય પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.[1]

**અપ્રબુદ્ધની પર્યાલોચના.**
**સિદ્ધાન્ત પ્રસાદથી સુખદુઃખ જ્ઞાન.**
**સર્વ સંશયોનો સંપૂર્ણ નાશ.**

जैन साईट
JAINSITE.com

અહો ! [2]મહાત્મા સિદ્ધાન્તે અગાઉ મને જે વાત કરી હતી તે સર્વ આ તો બરાબર સાબીત થઇ. આટલા ઉપરથી જણાય છે કે સિદ્ધાન્ત મહાશયના કહેવામાં જરા પણ ફેરફાર કે વિરોધ નહોતો. સિદ્ધાન્તમહાત્માએ મને વાતચીત દરમ્યાન કહ્યું હતું કે એ અંતરંગ રાજ્ય સુખ અને દુઃખ બન્નેનું કારણ થાય છે, પાત્રવિશેષે જે પ્રાણી એ રાજ્ય સારી રીતે પાળે તેને તે રાજ્ય સુખનું કારણ થાય છે અને જે તેને ખરાબ રીતે પાળે તેને તે જ રાજ્ય દુઃખનું કારણ થાય છે. રાજ્ય તો એક જ છે પણ દરેક વ્યક્તિ તેને કેવી રીતે પાળે છે તેના-ઉપર તેનાં સુખદુઃખનો આધાર રહે છે. વિતર્કે મને અત્યારે જે વાર્તા કહી સંભળાવી, પોતે નજરે છ વર્ષ સુધી જે હકીકત જોઇ તેનું જે વર્ણન કર્યું, તે એ જ હકીકત બતાવે છે. સિદ્ધાન્ત જે વાત બતાવે તેથી ઉલટી હકીકત કે તેમાં ફેરફાર હોવાનો સંભવ જ કેમ હોઇ શકે? કારણ કે

---

૧ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મૂળ પુસ્તકનું પૃ. ૯૫૧ શરૂ થાય છે.

૨ અહીં પૃ. ૧૫૫૮-૫૯ માં અપ્રબુદ્ધ અને સિદ્ધાન્ત વચ્ચે જે વાતચીત થઇ છે તે જરા વાંચી જવી એટલે આ પર્યાલોચનાનો સાર બરાબર સમજાઇ જશે.

૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિતર્કે મને જે હકીકત કહી તે પરથી જણાય છે કે તે જ રાજ્ય [1]નિકૃષ્ટને અને [2]અધમને દુઃખનું કારણ થયું કારણ કે તેઓએ એ રાજ્ય ઘણી ખરાબ રીતે પાળ્યું અથવા પોતાનું રાજ્ય ઓળખી પણ શક્યા નહિ; વળી એ જ રાજ્ય [3]વિમધ્યમને અલ્પ સુખનું કારણ થયું, કારણ કે એ પણ રાજ્યની બહારના ભાગમાં જ મોટે ભાગે રહ્યો અને રાજ્યને મંદમંદ સહજ પાળ્યું; વળી તે જ રાજ્ય [3]મધ્યમરાજને લાંબા વખતના સુખનું કારણ થયું કારણ કે એણે રાજ્યની અંદર પ્રવેશ કરીને કાંઇક આદરપૂર્વક તેની પાલના કરી; વળી તે જ રાજ્યને બહુ સુંદર રીતે પાળવાથી ઉત્તમરાજ અને વરિષ્ઠને તે સર્વ પ્રકારનાં સુખો આપનાર થયું. આ છ રાજા પૈકી પ્રત્યેકનું એક એક વર્ષનું રાજ્યપાલન સમજવાથી હું તો બધી હકીકત બરાબર સમજી ગયો, જાણી ગયો, કારણ કે ડાહ્યા માણસોએ કહ્યું છે કે "જે માણસે બારીક અવલોકન કરીને એક સંવત્સર (વર્ષ) જોયો હોય અને એકવાર જેણે ઇચ્છાપૂર્વક તેની સેવના કરી હોય, તેણે આખી દુનિયાને બરાબર જોઇ લીધી છે એમ જાણવું, કારણ કે દુનિયાના ભાવો ફરી ફરીને એવી રીતે જૂદા જૂદા સંબંધે બન્યા જ કરે છે.[4]" સિદ્ધાન્ત મહાત્માની મેહરબાનીથી સુખ અને દુઃખના હેતુઓ કયા છે, કેવી રીતે રહેલા છે અને તે પ્રાણીપર કેવી રીતે કામ કરે છે તે મારા જાણવામાં આવી ગયું અને મારી અજ્ઞતા હતી તે દૂર થઇ ગઇ."

આવી રીતે એ અપ્રબુદ્ધ શિષ્ય જે પણ એક રાજા જ હતો તેને ઘણો સંતોષ થયો, તેના અંતરાત્માને ઘણો આનંદ થયો અને છ એ રાજ્યોનો વિચાર વારંવાર કરતાં, તે પર પર્યાલોચના કરતાં અને તે સંબંધી પૃથક્કરણ કરતાં તે નિશ્ચિત થયો, આનંદમાં આવી ગયો, શાંતિ પામ્યો.[5]

* * * *

* * *

---

૧ જુઓ પ્રકરણ ૧૧ મું. ચાલુ પ્રસ્તાવ.

૨ જુઓ પ્રકરણ ૧૨ મું. ચાલુ પ્રસ્તાવ.

૩ જુઓ પ્રકરણ ૧૩ મું. ચાલુ પ્રસ્તાવ.

૪ શાસ્ત્રકાર અન્યત્ર કહે છે કે જેણે એક ભાવ સર્વથા જાણ્યો તેણે સર્વ ભાવો જાણ્યા એમ સમજવું.

૫ ઉત્તમસૂરિએ હરિરાજા પાસે પૃ. ૧૫૫૬ થી જે ઉપદેશ શરૂ કર્યો હતો તે અત્ર પૂરો થાય છે. જુઓ પ્રકરણ નવમાનો છેલ્લો ભાગ. પૃ. ૧૫૫૫-૫૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### કથાનક રહસ્ય.
### સૂરિનું વિવેચન.
### હરિરાજની શંકા.

ઉત્તમસૂરિ હરિરાજાપ્રત્યે ઉપદેશ આગળ ચલાવતાં કહે છે કેઃ–

"હરિરાજ! પ્રસંગાનુસાર તને ઉપર પ્રમાણે મેં વાત કહી; હવે એના ઉપરથી તારે તો સાર કાઢવાનો છે, આખી વાર્તાનું રહસ્ય શું છે; તે પણ તને કહી સંભળાવું તે તું બરાબર લક્ષ્યમાં રાખજે.

પેલા મહામોહ વિગેરે શત્રુઓ અને પેલી દૃષ્ટિયોગિની જેવી રીતે નિકૃષ્ટ અને અધમને મહાદોષો કરનાર થઇ પડ્યા, તેમને ભયંકર ત્રાસ આપનાર અને મહા અધમ ગતિએ લઇ જનાર થઇ પડ્યા, તેવી જ રીતે બીજા પણ અંતરંગ લોકો સાચી સમજણ વગરના પ્રાણીઓને હેરાન કરનારા થાય છે, તેમને અનેક પ્રકારના ત્રાસ આપે છે અને તે સમજી પણ ન શકે તેવી સ્થિતિમાં તેમને મૂકી દે છે. વળી રખડતા ધનશેખરને તેના પાપી મિત્રોને લીધે પીડા પામતો સાંભળીને તેં સવાલ કર્યો હતો કે 'શું પ્રાણીઓ બીજાના દોષોથી દોષિત થાય છે, પીડા ખમે છે કે જે નિયમને અનુસારે અત્યારે ધનશેખર મિત્રોના દોષથી હેરાન થાય છે, પીડાય છે? તો તેના જવાબમાં હવે તારા જોવામાં આવ્યું હશે કે એવા અંતરંગ મિત્રોના દોષથી જ ધનશેખર આવા પ્રકારની ચેષ્ટા કરે છે.

ઉપર પ્રમાણે જવાબ સાંભળીને વળી હરિરાજાએ પૂછ્યું "સાહેબ! એ બાબતમાં મારા મનમાં સંશય હતો તે તો બરાબર નીકળી ગયો, પણ મારા મનમાં વળી એક વધારે સંદેહ છે તે પણ આપ દૂર કરો. આપે કર્મપરિણામ મહારાજાના છ પુત્રો બતાવ્યા તે પુત્રો જ્યારે અહીંથી વિદાય થઇ જાય ત્યારે પછી શું થાય છે? શું એ છ રાજ્યો જ થયાં અને બીજાં નહીં થાય? અથવા વારંવાર એવાં રાજ્યો થયાં જાય છે? આ બાબત આપ મને વિસ્તારથી સમજાવો."

### કર્મપરિણામનો પરિવાર.
### ઉત્તમ સૂરિ–પાંચમા પુત્ર.
### સ્વસંવેદનનું નિવેદન.

ઉત્તમસૂરિએ હરિરાજને જવાબ આપતાં કહ્યું "આ સંસારમાં નાના પ્રકારના આકાર ધારણ કરનાર ચર અને સ્થિર[2] જે કોઇ પ્રાણીઓ છે,

૧ જુઓ પૃ. ૧૫૫૬.

૨ ચર અને સ્થિર માટે જૈન પરિભાષામાં 'ત્રસ' અને 'સ્થાવર' શબ્દો વપરાય છે. એકઇંદ્રિયથી માંડીને પાંચઇંદ્રિય સુધીના સર્વ જીવો અનેક આકારો લે છે, દેહ ધારણ કરે છે તે સર્વનો આ 'ચર અને સ્થિર' શબ્દોમાં સમાવેશ થઇ જાય છે. માત્ર કર્મમુક્ત સિદ્ધ દશામાં રહેલા જીવો જ બાકી રહે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જે દેહધારી છે, ટુંકામાં જે સર્વ જીવો સંસારમાં છે તે સર્વે પરમાર્થે નજરે સત્ય વસ્તુસ્વરૂપે કર્મપરિણામરાજાના પુત્રો છે અને તે સર્વના જૂદા જૂદા આકારોનો સમાવેશ ઉપર જે છ પ્રકારના પુત્રો જણાવ્યા તેમાં થાય છે, એમાં જરા પણ સંશય રહે તેવું નથી. તેઓ જાય છે ત્યારે તે જ રાજ્ય તેમના જેવા જ બીજા છોકરાઓને કર્મપરિણામ આપે છે અને તે નવા આવનારા છોકરાઓ વળી તે રાજ્ય ભોગવે છે, એ નવા આવનારા છોકરાઓનાં નામો પણ નિકૃષ્ટ અધમ વિગેરે થાય છે અને નામપ્રમાણે તેઓને સુખદુઃખનાં સર્વ કારણો અનુક્રમે આવી મળે છે અને એ નામોનાં ગુણ પ્રમાણે તેઓ આગળ વધે છે અને તેઓનો વિકાસ કે સંકોચ એવા જ પ્રકારનો થાય છે. રાજન્! એ કર્મપરિણામરાજાના બીજા છોકરાઓ દૂર રહો, એમની વાત હાલ બાજુ ઉપર રાખો, હું પોતે જ કર્મપરિણામરાજાનો એક પુત્ર છું એમ તું જાણ. ઉપર કથાનક પ્રસંગમાં[1] ઉત્તમ નામનો પાંચમો પુત્ર આવ્યો હતો તે તારા લક્ષ્યમાં હશે, એને કર્મપરિણામરાજાએ એક વર્ષ માટે રાજ્ય આપ્યું હતું તે પણ યાદ હશે, ત્યાર પછી સિદ્ધાન્તે બતાવેલા માર્ગે એ પાંચમો પુત્ર ચાલ્યો હતો,[2] તેની સાથે અભ્યાસ અને વૈરાગ્ય નામના અનુચરો થયા હતા, એને જે રાજ્ય કરવાની પૂર્વ ક્રિયા સિદ્ધાન્તે બતાવી હતી તે સર્વ તેણે કરી હતી અને ત્યાર પછી તે અતિ સુંદર અંતરંગ રાજ્યમાં દાખલ થયો હતો, તેણે રાજ્યમાં દાખલ થઇને પોતાના આખા શત્રુવર્ગને મારી નાખ્યો હતો અને ચારિત્રરાજ અને તેના આખા લશ્કરની બરાબર પોષણા કરી હતી તે સર્વ તને યાદ હશે, તે પાંચમો ઉત્તમરાજ નામનો પુત્ર હતો તે હું જ છું એમ સમજ અને એ રાજ્ય ભોગવતો આ સહાય કરનારા સાધુઓ સાથે અહીં આવી પહોંચ્યો છું એમ તું જાણ. મેં અગાઉ એ પાંચમા ઉત્તમ રાજ્યના જે ગુણો (૧) તારી પાસે વિસ્તારથી વર્ણવ્યા હતા, તેને જે જે પ્રકારનું સુખ (૨) હતું અને થવાનું હતું એમ જણાવ્યું હતું, તેની જે જે મહાન વિભૂતિઓ (૩) તને ગણાવી હતી, એની જૂદા જૂદા પ્રકારની ચેષ્ટાઓ (૪) તને સંભળાવી હતી તે સર્વ ગુણો, તે સર્વ સુખો, તે સર્વ વિભૂતિઓ અને તે સર્વ ચેષ્ટાઓ મારા સંબંધમાં અત્યારે જ વર્તે છે, અને રાજન્! એ સંબંધમાં જરા પણ શંકા નથી. અત્યારે હું અંતરંગ રાજ્ય કરૂં છું અને ભક્તિભાવમાં નમ્ર થયેલા દેવતાઓ વારંવાર હું 'ગુણગણોથી ભરેલો છું' એવી રીતે ધન્યતાપૂર્વક

૧ જુઓ પ્રકરણ ૧૪ મું. ચાલુ પ્રસ્તાવ.

૨ જુઓ પૃ. ૧૫૯૮ થી આગળ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારી સ્તુતિ કરે છે ( આ (૧) ગુણને અંગે વાત થઇ ). ત્યાર પછી (૨) સુખના સંબંધમાં વાત કરૂં તો મને પોતાને મારા મનમાં મારા અંતરમાં એવો આત્મિક સુખનો અનુભવ થાય છે અને રાજ્ય કરતી વખતે જ મને એવો સુખનો ઉપભોગ થાય છે કે તેનું વર્ણન કરવું અશક્ય છે, તેનું ગમે તેટલું વિવેચન કરૂં તો પણ તેનો પાર આવે તેમ નથી. વળી મારી (૩) વિભૂતિ ( સંપત્તિ )ના સંબંધમાં તને વાત કરૂં તો મારે જણાવવું જોઇએ કે મારી પાસે રત્નો( આત્મિક )નાં તો મોટા મોટા ઢગલા છે અને ચારે પ્રકારના ( આંતરંગ ) લશ્કરનો જો તને ખ્યાલ આપવા ધારૂં તો તે માત્ર 'અસંખ્યાત' શબ્દથી જ અ-પાય તેમ છે, મતલબ મારૂં ચતુરંગ લશ્કર એટલું મોટું છે કે તેની સંખ્યા જ થઇ શકે તેમ નથી, તેનો પાર પમાય તેમ નથી. આ મારી વિભૂતિને અંગે વાત થઇ. મારી (૪) ચેષ્ટાઓને અંગે તને વાત કરૂં તો સંક્ષેપમાં સિદ્ધાન્તમહાત્માએ ઉત્તમરાજની વાત કરતાં તેની જે સર્વ ચેષ્ટાઓ કહી હતી તેવી સર્વ ચેષ્ટાઓ મારી છે, મારાં અનુષ્ઠાનો અને વર્તનો તે પ્રમાણે છે એમ તું સમજ. જેવી રીતે કર્મપરિ-ણામનો ઉત્તમ નામનો પુત્ર કહ્યો હતો તેવો હું થયો છું તેવી જ રીતે બીજા નિકૃષ્ટ વિગેરે તેના છોકરાઓ સંસારમાં જન્મેલા જ છે એમ તારે સમજવું. એ રાજ્ય એક પ્રકારનું છે, વળી પ્રાણીઓ અનેક દેખાય છે અને પ્રવાહમાં કોઇ પણ પ્રકારનો ખાંચો નાંખ્યા વગર એક સાથે સર્વ પ્રાણીઓ એ રાજ્યને ભોગવે છે. રાજ્યનો પ્રવાહ ચાલે છે અને પ્રત્યેક પ્રાણી એક સાથે એકી વખતે તેને ભોગવે છે. આ પ્રમાણે હકીકત છે એનું બરાબર અવલોકન કરવાથી તને તે સ્ફુટ રીતે સમજાઇ જશે. હવે તારે એ સંબંધમાં કાંઇ વધારે ખુલાસો પૂછવો હોય તો ખુશીથી મને પૂછી લે."

### હરિકુમારની સાવધાનતા.
### પંચમરાજ્યે પ્રયાણેચ્છા.
### દીક્ષા લેવાનો પ્રસિદ્ધ માર્ગ.

આચાર્ય ભગવાનના વચનમાં રહેલા ભાવાર્થને બરાબર સમજીને હરિરાજાએ વળી પાછો સવાલ કર્યો "ભગવન્! જો પરમાર્થનજરે સર્વ દેહધારી પ્રાણીઓ જેઓ આ સંસારમાં ભ્રમણ કરી રહેલા છે તે કર્મપરિણામરાજાના જ છોકરાઓ છે, જો કર્મપરિણામરાજા એ સર્વ પ્રાણીઓને તેઓની અંતરંગ ભૂમિ ચિત્તવૃત્તિ નામની છે તેનું રાજ્ય આપે છે, એ મહાભૂમિ જો કે એક જ પ્રકારની છે છતાં પાત્ર-

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

વિશેષે જેને રાજ્ય આપવામાં આવ્યું હોય તેને લઇને તે જૂદા જૂદા પ્રકારના આકાર ધારણ કરે છે અને તે જૂદા જૂદા આકારોને લઇને તે અનેક પ્રકારનાં સુખદુઃખનાં કારણભૂત થાય છે; જો એવી હકીકત હોય તો પછી અમે પોતે (હું)પણ કર્મપરિણામરાજાના પુત્ર જ છીએ એમ જણાય છે!! અને જો તેમ હોય તો અમને પણ એ રાજ્ય બરાબર લાગુ પડતું અને મળી ગયેલું હોવું જોઇએ એમ જણાય છે."

સૂરિમહારાજે જવાબ આપતાં કહ્યું "રાજન્! તેં બરાબર હકીકત કહી, તારા સમજવામાં વાત સ્પષ્ટ આવી ગઇ જણાય છે. તેં જે છેવટનો નિશ્ચય બતાવ્યો તે તદ્દન સાચો છે. એ રાજ્ય સર્વને બરાબર લાગુ પડે છે, સર્વને એ રાજ્ય મળે છે અને તને પણ રાજ્ય મળેલું જ છે. અગાઉ મેં [1]વિમધ્યમનું રાજ્ય વર્ણવ્યું હતું તે પ્રમાણે અત્યારે તું રાજ્ય પાળે છે, માત્ર એ રાજ્યને તું જોઇ શકતો નથી. એનું કારણ એ છે કે રાતદિવસ તું ધર્મ અર્થ અને કામ એ ત્રણે વર્ગોને સાધે છે પણ એ એવી રીતે સાધે છે કે એક બીજાને અરસ્પરસ વાંધો ન આવે. તને યાદ હશે કે અગાઉ વિમધ્યમ રાજ્યનું લક્ષણ[2] મેં એજ કહ્યું હતું. કેમ હવે તારા ધ્યાનમાં તે વાત બરાબર આવે છે?"

હરિરાજા—"મારે આ વિમધ્યમનું રાજ્ય નથી જોઇતું. એ રાજ્યથી સર્યું! હાલ આપ જે ઉત્તમરાજ્ય ભોગવો છો તે મને પણ આપો."

ઉત્તમસૂરિ—"રાજન્! એ વાત તો ઘણી સારી કરી, પણ એક વાત સાંભળ. એ રાજ્ય જેવી રીતે આ સાધુઓને મળ્યું છે તેવી રીતે જ મેળવી શકાય છે, એ રાજ્ય મેળવવાનો બીજો કોઇ ઉપાય નથી. તેઓને એ રાજ્યને અંગે કેવી વાત બની હતી તે તને જણાવું. જ્યારે અગાઉ તેઓના મનોહર અંતરંગ રાજ્ય સંબંધી વાત મેં તેમને કરી હતી ત્યારે તેઓ પણ એ રાજ્ય મેળવવા માટે ઘણી જ હોંસવાળા થઇ ગયા હતા અને અત્યારે જેમ તને એ રાજ્ય મેળવવાની ઘણી ઇચ્છા-અભિલાષા થઇ છે તેમ તેઓને પણ થયું હતું; તે વખતે મેં એ સર્વે લાભાકાંક્ષીઓને જણાવ્યું હતું કે ભગવાનના મતમાં દીક્ષા

---

૧ જુઓ પ્રકરણ ૧૩ નો પ્રથમ ભાગ ઉપર. પૃ. ૧૫૮૬-૮૯.

૨ જુઓ પૃ. ૧૫૮૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીધા વગર એ અંતરંગ ભૂમિનું ઉત્તમ રાજ્ય પ્રાપ્ત થઇ શકે તેમ નથી. પછી તેઓએ સર્વ પાપોને નાશ કરનારી દીક્ષા લીધી અને તેને પરિણામે તેઓએ સર્વ સુખનું સ્થાન એ ઉત્તમ મહારાજ્ય પ્રાપ્ત કર્યું. રાજન્! તને પણ એ ઉત્તમરાજ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તારે પણ આ ભાગવતી દીક્ષા લેવી."

હરિરાજા—"મહારાજ! જો એટલું જ માત્ર કરવાથી એવડું મોટું મહાસુખદાયી રાજ્ય મળી જતું હોય તો પછી એ બાબતમાં વિલંબ શો કરવો? એવી બાબતમાં તે વળી જરા પણ ઢીલ કરવી યોગ્ય ગણાય ખરી? માટે મારા ઉપર કૃપા કરીને મને ભગવાનના મતની નાની દીક્ષા આપો, એમાં જરા પણ ઢીલ ન કરો."

## હરિરાજને દીક્ષા.
## શાર્દૂલકુમારને રાજ્ય.
## પંચમ રાજ્યની પાલના.

રાજાનાં આવા વચન સાંભળીને સૂરિ મહારાજનાં નેત્રો આનંદથી વિકસ્વર થયાં. તેઓ બોલ્યા "રાજન્! તેં બહુ સુંદર વાત કરી! આ મહાન્ રાજ્ય ઘણું સુંદર છે, મહા સુખપરંપરા આપનાર છે અને દીક્ષા લેવાથી તે મળી શકે તેવું છે, એવી હકીકત જાણીને કયો સમજુ માણસ તે લીધા વગરનો રહે? થોડા માટે વધારેને ખોઇ બેસવાની વાત તે કોઇ ડાહ્યો માણસ કરે ખરો કે? વળી તું ભગવાનના મતની દીક્ષા લેવાને ખરેખરો લાયક છે એ બાબતમાં જરા પણ શંકા લાવવા જેવું નથી. વળી જે પ્રાણી એને પાત્ર (લાયક) ન હોય તેના સંબંધમાં અમે પ્રયત્ન પણ કરતા નથી. તું પાત્ર છે માટે ખુશીથી એ દીક્ષા લે અને પરિણામે અક્ષય આનંદનું પાત્ર થા."

ગુરૂમહારાજે જે વચન કહ્યાં તેને હરિરાજાએ તે જ પ્રકારે સ્વીકાર્યાં અને તુરત જ પોતાનાં મહાવિવેકી મંત્રી અને સેનાપતિ સાથે પૂરતો વિચાર કરીને રાજ્ય ઉપર પોતાના શાર્દૂલ નામના પુત્રને સ્થાપન કરી દીધો. તુરત જ મોટો મહોત્સવ શરૂ કર્યો, જિનેશ્વર ભગવાનના મંદિરમાં ઠાઠમાઠથી આઠ દિવસ સુધી મહોત્સવ (અઠ્ઠાઇ મહોત્સવ) કર્યો, દ્રવ્ય વિગેરેની અભિલાષાવાળા અર્થીવર્ગને મોટાં દાન આપ્યાં, ગુરૂમહારાજની મહા પૂજા કરી, વડીલવર્ગને માન આપ્યું, આખા નગરના સર્વ લોકોના આનંદમાં સર્વ પ્રકારે ખૂબ વધારો કર્યો અને તે વખતે કરવા યોગ્ય સર્વ ઉચિત ક્રિયાઓ કરી, જરૂરી કાર્યો

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આટોપી લીધાં અને ફરજોનો ટુંકમાં પણ મુદ્દાસર રીતે અમલ કરી લીધો. ત્યાર પછી પોતાની વહાલી સ્ત્રી મયૂરમંજરી, અનેક ઉત્તમ રાજાઓ તેમ જ બીજા પ્રધાનવર્ગ સાથે પોતે નગર બહાર નીકળ્યો, સંસાર બહાર નીકળ્યો અને વિધિપૂર્વક ઉત્તમસૂરિપાસે સર્વેએ દીક્ષા લીધી. નિરંતર આનંદ આપનાર સુંદર રાજ્ય હરિરાજાએ પ્રાપ્ત કર્યું તેના આનંદમાં લીન થઇ મહાભાગ્યશાળી તે રાજા રાજ્યમાં વધારો કરતો પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યો. * *

## લોભથી લલચાયેલ ધનશેખર.
## દ્રવ્ય લોભથી ભૂમિ ખનન.
## વૈતાળથી થયેલો વધ.

સંસારીજીવ પોતાનું ચરિત્ર આગળ ચલાવતાં અગૃહીતસંકેતાને ઉદ્દેશીને કહે છે.—

અહો અગૃહીતસંકેતા ! મારી સાથે તો પેલા મારા મિત્રો મૈથુન અને સાગર મજબૂત દોસ્તીથી વળગી રહ્યા, તેમણે મારો છેડો છોડ્યો નહિ અને હું તેમનાથી છૂટો થઇ શક્યો નહિ, પરિણામે તેમણે મારી પાસે અનેક પ્રકારનાં નાટકો કરાવ્યાં. પૈસા મેળવવાની ઇચ્છાથી અને ધન ઉપર અત્યંત લોલુપી રહેવાથી હું તો ઘણા દેશોમાં ત્યાર પછી રખડ્યો અને અનેક પ્રકારના કલેશોમાં મારી જાતને રગદોળીને આ દેશમાંથી પેલા દેશમાં અને એક નગરમાંથી બીજા નગરમાં રખડ્યા કર્યો.

એવી રીતે અનેક ગામો અને દેશોમાં ફરતાં ફરતાં એક વખત હું મહા ભયંકર જંગલમાં આવી પહોંચ્યો. મને તે વખતે ઘણો થાક લાગેલો હોવાથી એક બીલીના ઝાડ નીચે આરામ લેવા માટે હું બેઠો. મેં જરા ઉપર નજર કરી તો બીલીના ઝાડની શાખામાંથી એક અંકુરો ( વડવાઇ જેવો ) ફૂટીને જમીન સુધી ગયેલો હતો, તેના લક્ષણપ્રમાણે તે પ્રરોહની નીચે જરૂર ધન હોવું જ જોઇએ એવો મારા મનમાં નિર્ણય થયો. [1]બીલીના ઝાડનો પ્રરોહ જમીન સુધી ગયો હોય ત્યાં નિધાન દાટેલું હોય છે એમ કહેલું છે એવી મને ખબર હતી તેથી ઉપર પ્રમાણે નિર્ણય હજુ તો મારા મનમાં થાય છે ત્યાં તો અંદરથી મારા સાગરમિત્રે પ્રેરણા કરી કે “ મિત્ર ધનશેખર ! આ નિધાનને

---

૧ ખન્યવાદ સંબંધમાં આ પ્રસ્તાવના પહેલા પ્રકરણમાં વાત આવી ગઇ છે જુઓ પૃ. ૧૪૭૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ગુપ્ત દાટેલા ભંડારને ) ખોદીને બહાર કાઢ." મિત્રની પ્રેરણાથી મને થાક લાગેલો હતો છતાં આરામ પણ લીધા વગર મેં તો એકદમ જમીનને ખણવા માંડી, વધારે ઊંડું ખોદતાં એ જમીન મહા મૂલ્યવાન્ રત્નોથી ભરેલી જણાઇ, બારિકીથી તપાસ કરતા એક મોટો ઘડો અનેક મહા તેજસ્વી રત્નોથી ભરેલો દેખાયો, રત્નો એવાં તો પાણીવાળાં હતાં કે તેની પ્રભા( lustre )થી ચારે તરફ પ્રકાશ થઇ રહ્યો હતો. આવાં સુંદર રત્નોથી ભરેલો ઘડો જોતાં મારા આનંદનો કાંઇ પાર રહ્યો નહિ, મારી જીભમાં પાણી છૂટવા લાગ્યું, મારા આખા શરીરે પરસેવો થઇ ગયો, મારી આંખો હર્ષથી પ્રફુલ્લિત થઇ ગઇ અને મારા આખા શરીરે રોમાંચ ખડા થઇ ગયા. હું તો મારા સાગરમિત્રની પ્રેરણાથી તેને એકદમ લેવા ગયો ત્યાં તો ચારે દિશાઓને ફાડી નાખે એવો મોટો ભયંકર અવાજ થયો અને એ જ જમીનમાંથી કાળસ્વરૂપ અત્યંત ભયંકર મોટો વૈતાળ ઉત્પન્ન થયો, બહાર નીકળી આવ્યો. એની આંખોમાંથી અગ્નિના ભડકા બહાર નીકળતા હતા, એના મુખમાંથી 'ફેટ્ ફેટ્' ના ભયંકર અવાજ નીકળ્યા કરતા હતા, એની અત્યંત ભયંકર લાંબી દાઢો બહાર નીકળી આવેલી હતી અને એનું મુખ જમરાજથી પણ વધારે ભયંકર હતું; એ એટલો ભયંકર અને બીહામણો હતો, એના આખા શરીરનો દેખાવ એવો ભયંકર હતો કે એને જોતાં જ ગાત્ર ગળી જાય, એના સામી નજર કરતાં પ્રાણી બળું બળું થઇ જાય અને એનો સ્વર સાંભળતાં કાન ફાટી જાય. તેને જોતાં મેં મોટેથી રાડો પાડવા માંડી, પોકારો કરવા માંડ્યા, રડવા માંડ્યું, પણ તે ન ગણકારતાં તેણે મને પોતાના મોઢામાં લઇને બળાત્કારથી કડકડાટ કરતા ફાડી નાંખ્યો.

*          *          *

તે વખતે જે ગોળી મને ધનશેખર થતી વખતે ભવિતવ્યતા તરફથી આપવામાં આવી હતી[1] તે પૂરી થઇ રહી એટલે એ જ ભવિતવ્યતાના પ્રતાપથી અગાઉની માફક પાછો હું પાપિષ્ઠનિવાસ નગરીના સાતમા પાડામાં ગયો ( સાતમી નરકે ગયો ). અહો સુંદરમુખી અગૃહીતસંકેતા! એ સાતમા પાડામાં અનેક પ્રકારનાં મહાભયંકર દુઃખો અનુભવીને ત્યાંથી બહાર નીકળ્યો ત્યારે વળી એ ભવિતવ્યતાના બળથી ત્યાર પછી અનેક સ્થાને હું રખડ્યો, મેં બહુ પ્રકારનાં દુઃખો અનુભવ્યાં અને મારે માથે થવામાં કાંઇ બાકી ન રહી. મારાં તે દુઃખોનું હું તારી પાસે કેટલું વર્ણન કરું? ટુંકામાં કહું તો આ દુનિયામાં એવું કોઇ પણ

---

1 જુઓ પૃ. ૧૪૬૭.



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

દુઃખ નથી કે જે હું ભોગવ્યાં વગર રહ્યો હોઉં ! મારે માથે સર્વે પ્રકારનાં દુઃખો પડ્યાં અને મારે તે સહન કરવા પડ્યાં.

આવી રીતે અનેક પ્રકારનાં દુઃખો સહન કરતાં કરતાં મારાથી કાંઇ શુભ કર્મો થયાં તેના પ્રતાપે એક વખત મારી એ **ભવિતવ્યતા** ભાર્યાએ મને કહ્યું "નાથ ! આર્યપુત્ર ! એક **સાહ્લાદ** નામનું નગર છે, બહુ સુંદર છે, સારી રીતે પ્રખ્યાત છે અને બહિરંગ પ્રદેશમાં આવેલું છે. અગાઉ જેમ બીજા નગરોએ ગયા હતા તે પ્રમાણે ત્યાં જવા માટે પ્રયાણ કરો." મારે તો મારી એ પત્નીનો હુકમ માનવાનો જ હતો, મારૂં તેની પાસે કાંઇ ચાલતું જ નહોતું એટલે દેવીનો હુકમ માથે ચઢાવ્યો. તે વખતે દેવીએ મારી સાથે **પુણ્યોદય** નામના સહચરને પણ મોકલી આપ્યો અને એક નવી ગુટિકા ( ગોળી ) પણ બનાવીને આપી. એ સહચરને સાથે લઇને અને ગોળીને મારી પાસે રાખીને હું સાહ્લાદ નગરે જવા નીકળ્યો.

* * *

**ઉપસંહાર.**

[1]यदिदमसुलभं भो लब्धमेभिर्मनुष्यै-
र्बहुविधभवचारात्यन्तरीणैर्नरत्वम्[3] ।
तदपि नयनलोला मैथुनेच्छापरीता,
लघु धनलवलुब्धा नाशयन्त्येव मूढाः ॥

ततश्च ।

[2]विगलितास्त इमे नरभावतः, प्रबलकर्ममहाभरपूरिताः ।
सततदुःखमटन्ति पुनः पुनः, सकलकालमनन्तभवाटवीम् ॥

तदिदमत्र निवेदितमञ्जसा,
जिनवचो ननु भव्यजना ! मया ।
इदमवेत्य निराकुरुत द्रुतं,
नयनसागरमैथुनलोलताम् ॥

* * *

**ભાવાર્થ**—"અનેક પ્રકારની સંસારરખડપટ્ટીમાં મહા મુસીબતે "મળે તેવું પણ પ્રાપ્ત થઇ ગયેલું[3] આ મનુષ્યપણું મૂર્ખ પ્રાણીઓ નયન

૧ માલિની.

૨ બાકીના બન્ને દ્રુતવિલંબિત છંદ છે.

૩ भवचारात्यन्तरीणैः એનો અર્થ 'સંસારના ચારથી અત્યંત ક્ષીણ પામેલાં' એવો પણ થઇ શકે છે. રીનો અર્થ 'ટપકવું અથવા મારવું' થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"(ચક્ષુરિંદ્રિય)માં આસક્ત થઇને, મૈથુનની ઇચ્છામાં તત્પર રહીને
"અને થોડા માત્ર દ્રવ્યમાં લુબ્ધ થઇને હારી બેસે છે, ખોઇ બેસે છે,
"તેનો વિનાશ કરી નાંખે છે.

"એવી રીતે મુસીબતે પ્રાપ્ત કરેલા નરભવથી ભ્રષ્ટ થયેલા પ્રા-
'ણીઓ મહા આકરાં કર્મોનો મોટો ભાર વહોરી લઇને ઘણા લાંબા કાળ
"સુધી અનંત સંસારઅટવીમાં મહાભયંકર દુઃખો ભોગવતાં રખડે છે.

"ભવ્ય પ્રાણીઓ! મેં અહીં ટુંકામાં જિનેશ્વરમહારાજના વચનનું
"વર્ણન કરી બતાવ્યું છે. એ હકીકત સમજીને નયન (ચક્ષુરિંદ્રિય) સાગર
"(લોભ) અને મૈથુનમાં સર્વ પ્રકારની આસક્તિ-લોલતા દૂર કરજો."

इत्युपमितिभवप्रपञ्चायां कथायां लोभमैथुनचक्षुरि-
न्द्रियविपाकवर्णनः षष्ठः प्रस्तावः

* * *

* *

ઉપમિતિ ભવપ્રપંચા કથાનો
લોભ મૈથુન ચક્ષુરિંદ્રિયના વિપાકનું વર્ણન કરનાર
**છઠ્ઠો પ્રસ્તાવ સંપૂર્ણ.**

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



JAINSITE.com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## સાતમો પ્રસ્તાવ.

---

### અવતરણ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવ સાતમો.

## પાત્ર સ્થાનાદિ પરિચય.

| સ્થાનાદિ. | મુખ્ય પાત્રો. | |
|---|---|---|
| સાલ્હાદ. (બહિરંગ) | જીમૂત. | સાલ્હાદપુરનો રાજા. કથાનાયકનો પિતા. |
| | લીલાદેવી. | જીમૂતરાજાની પટરાણી. કથાનાયકની માતા. |
| | ધનવાહન. | કથાનાયક. સંસારીજીવ. |
| | મદનમંજરી. | ધનવાહનની રાણી. |
| | અકલંક. | જીમૂતરાજાના ભાઇ નીરદનો પુત્ર. ધનવાહનનો સખા. |
| બુધનંદન. (ઉદ્યાન) | પ્રથમ મુનિઃ | લોકોદરમાં આગ જોવાથી વૈરાગ્ય પામનાર. |
| | દ્વિતીય મુનિઃ | મદિરાશાળા જોઇ વૈરાગ્યભાવ પામનાર. |
| | તૃતીય મુનિઃ | રેંટ (અરઘટ્ટ ઘટ્ટી) જોઇ વૈરાગ્ય પામનાર. |
| | ચતુર્થ મુનિઃ | સન્નિપાત-ઉન્માદને જોઇ વૈરાગ્ય પામનાર. |
| | પંચમ મુનિઃ | ચાર વ્યાપારી કથાનક સાંભળી વૈરાગ્ય પામનાર. |
| | | ચારૂ. યોગ્ય. હિતજ્ઞ. મૂઢ. — વસંતપુરે રહેનાર રત્નદ્વીપે વ્યાપાર કરવા માટે ગયેલા ચાર મિત્ર વ્યાપારીઓ. |

### સામાન્ય પાત્રો.

| | |
|---|---|
| સિદ્ધાર્થ. | જોશી. |
| પ્રિયંકરી. | વધામણી આપનાર દાસી. |
| નીરદ. | જીમૂતરાજાનો નાનો ભાઇ. અકલંકનો પિતા. |
| પદ્મા. | નીરદની પત્ની. અકલંકની માતા. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| (આંતર). | છઠ્ઠા મુનિઃ | સંસુતિનગરે બજાર જોઇ વૈરાગ્ય પામનાર. |
| | કોવિદ. | મુનિસમૂહના આચાર્ય ગુરૂ. |
| | પરિગ્રહ. | રાગકેસરીનો પાંચમો પુત્ર. સાગરનો મિત્ર. |
| | સંજ્ઞા. | પરિગ્રહની ભાર્યા. |

| | |
|---|---|
| સદાગમ. | ચારિત્રરાજપ્રેરિત ઉપદેશક. |
| મહામોહ. | ચિત્તવૃત્તિનો મહારાજા. |
| જ્ઞાનસંવરણ. | આઠમાંનો એક રાજા. |
| ચારિત્રરાજ. | ચિત્તવૃત્તિમાં ઘેરાયેલ રાજા. |
| સદ્બોધ. | ચારિત્રરાજનો મંત્રી. |
| સમ્યગ્દર્શન. | સદાગમ પછી મોકલવાનો સેનાપતિ. |
| ગૃહીધર્મ. | ચારિત્રરાજનો નાનો પુત્ર. |

| | | |
|---|---|---|
| ક્ષમાતલ. | સ્વમલનિચય. | ક્ષમાતલનો રાજા. |
| | તદનુભૂતિ. | સદર રાજાની રાણી. |
| | કોવિદ. | સ્વમલરાજના પુત્રો. |
| | બાલિશ. | (કોવિદ અને કોવિદાચાર્ય એકજ છે.) |
| | શ્રુતિ. | કર્મપરિણામની કન્યા. |
| | સંગ. | દાસીપુત્ર. શ્રુતિનો અગ્રગામી અને સંયોગ જોડનાર. |

| | |
|---|---|
| ગાંધર્વમિથુન. કિન્નર. | ગાયનના હરીફ. પરીક્ષા માટે પર્વતે ગયેલા. |

| | |
|---|---|
| શોક. | મહામોહનો મનુષ્ય. ધનવાહનના શરીરમાં પેસનાર. |
| સાગર. | મહામોહનો સેવક. પરિગ્રહનો મિત્ર. |
| બહલિકા. | માયા. |

| | |
|---|---|
| મકરધ્વજ, હાસ, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા. | મહામોહના સેનાનીઓ. ચોથા પ્રસ્તાવના જાણીતા પાત્રો. |
| મોહરાયનો પરિવાર (ચોથા પ્રસ્તાવ પ્રમાણે.) | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | |
|---|---|---|---|---|
| | કૃપણતા. | સાગરની અંગભૂતા. | મિથ્યાદર્શન. | રાગકેસરી. દ્વેષગજેંદ્ર. |
| | | | કુદૃષ્ટિ. | મહામૂઢતા. |
| | | | | વિષયાભિલાષ. |
| | | | | ભોગતૃષ્ણા. |
| | | | | કષાયો. |
| | | | વિદ્યા. | ચારિત્રરાજની માનસીક કન્યા. |
| | | | નિરીહતા. | ચારિત્રરાજની વિરતિથી ઉત્પન્ન થયેલી બીજી કન્યા. પરિગ્રહનો વિલય કરનારી. |
| સાકેતપુર. (બહિરંગ) | અમૃતોદર. | નંદશેઠ ધનસુંદરી પુત્ર. સંસારીજીવ. | સુદર્શન. | ઉપદેશક. અમૃતોદરનો ઉપકારી. |
| માનવાવાસ. | બંધુ. | બંધુદત્ત પ્રિયદર્શનાનો પુત્ર. દ્રવ્યસાધુ. | સુંદર. | બંધુને ઉપદેશ કરનાર મુનિ. |
| જનમંદિરપુર. | વિરોચન. | આનંદ અને નંદિનો પુત્ર. સંસારીજીવ. | ધર્મઘોષ. | વિરોચનના ઉપદેશક ગુરૂ. |
| | | | સમ્યગ્દર્શન. | ચારિત્રરાજનો સેનાપતિ. |
| માનવાવાસ. | કલંદ. | આભીર. મદન-રેણુપુત્ર. સંસારીજીવ. | | |
| કાંપિલ્યપુર. | વાસવ. | વસુબંધુ-ધરાનો પુત્ર. રાજપુત્ર. (સંસારીજીવ). | શાંતિસૂરિ. | વાસવને બોધ કરનાર આચાર્ય. |
| સોપારક. | વિભૂષણ. | શાલિભદ્ર-કનકપ્રભાનો પુત્ર. (સંસારીજીવ). | સુધાભૂત. | વિભૂષણના ગુરૂ. આચાર્ય. |
| ભદ્દિલપુર. | વિશદ. | સ્ફટિકરાજ-વિમળાનો પુત્ર. (સંસારીજીવ). | સુપ્રબુદ્ધ. | વિશદના ઉપદેશક મુનિ. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ परमात्मने नमः

श्री

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## વિભાગ ૩ જો (ચાલુ).

## સાતમો પ્રસ્તાવ.

### અવતરણ.

લોભ. મૈથુન. ચક્ષુરિંદ્રિય.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૧ લું.

### ધનવાહન અને અકલંક.

સાહ્લાદ નગરે જીમૂત રાજા.
લીલાદેવી કુક્ષીએ ધનવાહન.
પુત્રજન્મ મહોત્સવ, નામકરણ.

ત્રણ ભુવનને અનેક પ્રકારના આશ્ચર્યમાં ગરકાવ કરનાર દુઃખોને દૂર કરનાર અને આખા જગતને આહ્લાદ (આનંદ-હર્ષ) ઉત્પન્ન કરનાર સાહ્લાદ નામનું એક અતિ વિશાળ નગર છે. ત્યાં જે નરનારીઓનાં જોડલાં અંતઃકરણના અરસ્પરસના પ્રેમથી, પોતાના રૂપથી અને શક્તિથી લીલા કરી રહ્યા છે તે કામદેવ અને તેની સ્ત્રી રતિનો ભ્રમ ઉત્પન્ન કરે છે; એ જોડલાંઓનાં-દંપતિઓનાં આનંદને જોઇ સાક્ષાત્ કામદેવ અને રતિ જ લીલા કરતા હોય એવો ભાસ થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ સાહ્લાદ નગરનો જીમૂત નામનો રાજા હતોઃ તેણે પોતાના આખા શત્રુસમૂહને મૂળમાંથી ઉચ્છેદી નાખ્યો હતો, પોતે જાતે લડવામાં મહારથી વીર હતો અને એના તેજપ્રતાપથી એનો આખો સામંતવર્ગ અત્યંત માનપૂર્વક તેને નમી રહ્યો હતો. તે રાજાની **લીલાદેવી** નામની મહારાણી હતીઃ એ કામકુશળતામાં કામદેવની સ્ત્રી રતિ જેવી હતી, રતિની જેવા સર્વ આનંદસમૂહને આપનારી હતી અને રાજાએ તેને પોતાના આખા અંતઃપુરની નાયિકા–પટ્ટરાણી બનાવી હતી.

( **સંસારીજીવ** પોતાનું ચરિત્ર આગળ ચલાવતાં **અગૃહીતસંકેતાને** ઉદ્દેશીને **પ્રજ્ઞાવિશાળા** અને **ભવ્યપુરૂષ**નાં સાંભળતાં મહાત્મા **સદાગમ** સમક્ષ કહે છેઃ- )

બ્હેન **અગૃહીતસંકેતા**! મને **ભવિતવ્યતા**એ એક નવી ગોળી આપીને આદેશ કર્યો તે અનુસાર તે ગોળી મારી પાસે રાખી એ મહારાણી **લીલાદેવી**ની કુક્ષીમાં હું દાખલ થયો. ત્યાં નારકીના જીવોને જેવી રીતે પીડા થાય છે તેવી રીતે મેં અનેક પ્રકારની પીડા સહન કરી, ચારે તરફથી દબાઇ ચંપાઇને હું અંદર રહ્યો અને એવી રીતે એ મહારાણીની કુક્ષીમાં નવ મહિનાથી સહજ વધારે વખત રહીને આખરે હું બહાર આવ્યો.

મને બહાર આવેલો જોઇને મારી મા **લીલાદેવી** બહુ રાજી થયા, તેની આંખોમાં પ્રેમ આવ્યો, આંખો આનંદથી ચપળ થઇ અને પોતે પુત્રની માતા થયા એ ખ્યાલથી તેમના મનને અત્યંત હર્ષ થયો. મારી સાથે તે જ વખતે પુણ્યોદયનો પણ જન્મ થયો પણ તે અંતરંગ (ગુપ્ત) રહેતો હોવાથી મારી માતા વિગેરે કોઇના જોવામાં આવ્યો નહિ.

મારી માતાને એક **પ્રિયંકરી** નામની દાસી હતી તેણે મારા જન્મની વધામણી **જીમૂત**રાજાને આપી. રાજાએ જ્યારે એ સમાચાર સાંભળ્યા ત્યારે તેને ઘણો આનંદ થયો અને વધામણી આપનાર દાસીપર સંતુષ્ટ થઇ ઘણું સારૂં દાન આપી તેનું દાસીપણું દૂર કર્યું. મારા જન્મના હર્ષમાં આખા નગરમાં મોટો ઓચ્છવ થયો, કેદખાનામાંથી કેદીઓને છોડી દેવામાં આવ્યા, ઠેકાણે ઠેકાણે નોબત અને ડંકાના અવાજ થઇ રહ્યા, આખા રાજ્યમાં ઘરે ઘરે આનંદ વર્તાણો, જ્યાં ત્યાં લોકો ગાયન કરવા મંડી ગયા, કોઇ લોકો મદ્યાદિનું પાન કરવા લાગી ગયા, કોઇ લોકો અન્યને દાન આપવા લાગી ગયા અને કોઇ ઉજાણીએ નીકળી પડી ખાવા પીવામાં લીન થઇ ગયા. એવી રીતે ચારે તરફ મારા જન્મનો મહોત્સવ થઇ રહ્યો અને સર્વને આનંદ આનંદ થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જ્યોતિષશાસ્ત્ર.

મારો જન્મમહોત્સવ થઇ રહ્યા પછી મારા પિતા રાજા જીમૂતે એક સિદ્ધાર્થ નામનો પ્રસિદ્ધિ પામેલો જ્યોતિષી તે નગરમાં હતો તેને બોલાવ્યો અને તેને પૂછ્યું કે "કુમારના જન્મસમયે ગ્રહો કેવા પ્રકારના પડ્યા છે તે મને બરાબર સ્પષ્ટ કરીને સમજાવો." એનાં જવાબમાં સિદ્ધાર્થ જોતિષીએ કહ્યું:—

"મહારાજ જેવો આપનો હુકમ! આપ સર્વ હકીકત બરાબર લક્ષ્ય દઇને સાંભળો.

"આ આનંદ[1] નામનો સંવત્સર ચાલે છે; [2]ઋતુ શરદ્ છે; હાલ કાર્તિક માસ[3] ચાલે છે; આજે બીજ [4]તિથિ છે તે ભદ્રા છે; આજે ગુરૂવાર છે; આજે કૃતિકા [5]નક્ષત્ર છે; આજે વૃષ

---

૧ **આનંદ સંવત્સર:** જ્યોતિષ શાસ્ત્રમાં સાઠ સંવત્સરનાં નામો આપેલાં માલૂમ પડે છે. એમાં અડતાળીશમા સંવત્સરને **આનંદ** સંવત્સર કહેવામાં આવે છે. સાઠ વર્ષ થઇ ગયા પછી પાછા ફરીવાર તેજ સંવત્સરો પુનરાવર્ત થાય છે. જન્માક્ષરમાં સંવત્સરનું નામ ખાસ આપવામાં આવે છે. શક યા સંવત્ વગર ચાલે પણ સંવત્સરના નામ વગર ન ચાલે.

૨ **શરદૃઋતુ:** જ્યોતિષીઓ વર્ષને છ ઋતુમાં વહેંચી નાખે છે જેમાં બાર રાશિઓ આવી જાય છે. મીન મેષના સૂર્યને વસંત ઋતુ, વૃષભ અને મિથુનના સૂર્યને ગ્રીષ્મ ઋતુ, કર્ક અને સિંહના સૂર્યને વર્ષાઋતુ, કન્યા અને તોલાના સૂર્યને શરદૃઋતુ, વૃશ્ચિક અને ધનરાશિના સૂર્યને હેમંતઋતુ અને મકર અને કુંભના સૂર્યને શિશિર ઋતુ કહેવામાં આવે છે. દરેક ઋતુ બે મહિનાની હોય છે.

૩ **કાર્તિકમાસ:** આખા વર્ષના બાર મહિના હોય છે તે આપણે સારી રીતે જાણીએ છીએ. જ્યોતિષી વર્ષ ચૈત્રથી શરૂ થાય છે તેમાં આઠમો માસ કાર્તિક આવે છે.

૪ **બીજ:** શુદિપક્ષમાં દરેક માસમા એકમથી પુનમ સુધી પંદર તિથિ આવે છે અને વદિપક્ષમાં એકમથી અમાસ સુધી થઇને પંદર તિથિ આવે છે. ૧, ૬, ૧૧ એ નંદા તિથિઓ અને ૨, ૭, ૧૨ એ ભદ્રા તિથિઓ છે. કુંવરનો બીજને દિવસે જન્મ હોવાથી તે ભદ્રા કહેવામાં આવી છે. તેમાં પ્રતિપદાથી માંડી અનુક્રમે નંદા, ભદ્રા, જયા, રિક્તા અને પૂર્ણા એ નામો છે. એકેક નામની ત્રણ તિથિઓ હોય છે.

૫ **નક્ષત્ર:** ચંદ્રની ગતિપ્રમાણે દેખાતા નક્ષત્રો ૨૭ હોય છે. એક અઠ્ઠાવીશમું નક્ષત્ર અભિજિત્ નામનું ગણાય છે. દરેક નક્ષત્રનો કાળ લગભગ ૬૦ ઘડિ (એક દિવસ)નો હોય છે. કૃતિકા નક્ષત્ર ત્રીજું આવે છે. એક ચાંદ્ર માસમાં બધાં નક્ષત્રો આવી જાય છે. આપણા મહિના ચંદ્રની ગતિ પ્રમાણે ગણાય છે અને વર્ષ સૂર્યની ગતિ સાથે મેળવવામાં આવે છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

[1]રાશિ છે; ધૃતિયોગ[2] છે; અત્યારે લગ્ન સૌમ્ય ઘરનું છે; સર્વે ગ્રહો[3] ઉચ્ચ સ્થાને આવીને રહેલા છે; હોરા કુંડળી[4] ઉર્ધ્વમુખ છે; પાપગ્રહો [5]સર્વે અગીઆરમે ઘરે બેઠા છે. વળી રાજન્! કુમાર આવી સુંદર [6]રાશિમાં જન્મ્યો છે તેથી જરૂર તેને સર્વે સારા પ્રકારની સંપત્તિઓ પ્રાપ્ત થશે એમાં જરા પણ સંશય નથી.”

---

૧ **રાશિ**–રાશિઓ બાર છે: મેષ,[1] વૃષભ,[2] મિથુન,[3] કર્ક,[4] સિંહ,[5] કન્યા,[6] તુલા,[7] વૃશ્ચિક,[8] ધન,[9] મકર,[10] કુંભ,[11] મીન[12]. સૂર્ય બાર માસમાં આ બારે રાશિઓમાં પસાર થાય છે. મારી માન્યતા એવી હતી કે ચંદ્ર જે રાશિનો હોય તે પ્રમાણે નામ પડે છે. આ કારણે દરેક રાશિનો સમય ૧૩૫ ઘડિનો ગણ્યો છે અને બારે રાશિને અક્ષરો આપી દીધા છે. આપણો કથાનાયક વૃષ રાશિમાં જન્મ્યો તો તે પ્રમાણે તેનું નામ વ વુ કે ઉ અક્ષરથી પડવું જોઇએ તેને બદલે મિથુન રાશિ પર (ધનવાહનનો ઘ મિથુનનો છે) પડ્યું તે નવાઇ લાગી. જન્મનક્ષત્રને અંગે નામ પડાય તો કૃતિકા નક્ષત્રના અક્ષરો અ ઇ ઉ એ છે તેમાં પણ મેળ બેસતો નથી. આ બાબતને અંગે પં. મેઘવિજયજી મને જણાવે છે કે જન્મનક્ષત્ર કે નામનક્ષત્ર એક જ હોય એવો નિયમ નથી એટલે જન્મનક્ષત્રના અક્ષર પ્રમાણે નામ પાડવું જોઇએ એવો કોઇ નિયમ નથી (જુઓ આરંભસિદ્ધિ ભાષાંતર પૃષ્ઠ ૧૩૦, ૧૪૫).

૨ **યોગ**: તિથિ અને વારથી યોગ થાય છે, તિથિ અને નક્ષત્રથી યોગ થાય છે, વાર અને નક્ષત્રથી યોગ થાય છે અને તિથિ વાર અને નક્ષત્રથી યોગ થાય છે. એમ ચાર પ્રકારે યોગ થાય છે. વળી પંચાંગોમાં સૂર્ય અને ચંદ્રના યોગ પણ ગણવામાં આવે છે. એ ૨૭ હોય છે. એનાં નામો જ્યોતિષ ગ્રંથોમાં ગણાવ્યાં છે તેમાં આઠમો યોગ ધૃતિ નામનો આવે છે. યોગોનાં નામપરથી જ જણાય છે કે કેટલાક સારાં હોય છે, કેટલાક ખરાબ હોય છે અને કેટલાક મધ્યમ પ્રકારના હોય છે.

૩ **ગ્રહસ્થાન**: જન્મકુંડળી બનાવવામાં આવે છે તેમાં ગ્રહોના સ્થાન આકૃતિ પડે છે. તેમાં ઉચ્ચ સ્થાને ગ્રહો આવે તો જન્મનાર બાળક આયુષ્ય ધન સૌભાગ્ય કીર્તિ વિગેરે સારાં ભોગવે એમ ગણતરીપરથી કહેવામાં આવે છે. ગ્રહ નવ છે: સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ. એમાં ચંદ્ર, બુધ ગુરૂ અને શુક્ર શુભ ગ્રહો છે, મંગળ, શનિ, રાહુ, કેતુ પાપગ્રહ છે અને સૂર્ય ક્રૂર ગ્રહ છે.

૪ **હોરા** એટલે લગ્ન બતાવનાર સમય. અઢી ઘડિની એક હોરા થાય છે. જન્મસમય બતાવવા માટે હોરા કુંડળી બનાવવામાં આવે છે. એમાં નિયમ એવો જણાય છે કે જન્મનું લગ્ન વીષમ (એકી) રાશિનું અને પંદર અંશોની અંદરનું હોય તો હોરા કુંડળીમાં (સૂર્યની) રાશીનું સિંહ લગ્ન બેસાડવું અને પંદરથી વધારે હોય તો ચંદ્રની રાશિ કર્ક રાશિનું લગ્ન બેસાડવું અને બીજા ભાવો એ અનુક્રમે રાશિઓ માંડતા જવી.

૫ પાપગ્રહો ઉપર જણાવ્યું તેમ મંગળ, શનિ, રાહુ અને કેતુ છે. એ જો અગિયારમા ઘરમાં આવે તો જરા પણ દુઃખ દેતા નથી અને ઉલટા સારૂં ફળ આપે છે.

૬ આ કુંડળી બતાવવામાં આવી છે તે પરથી ઉચ્ચ ગ્રહોની સ્થિતિ સમજાશે.

(અહીં કુંડળી બનાવી મૂકવાની હતી તે બની શક્યું નથી.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ કહ્યું "આર્ય! એ રાશિઓ કેવા પ્રકારની છે અને એ દરેકના ગુણદોષો કયા છે તે હું સાંભળવા ઇચ્છું છું."

સિદ્ધાર્થ જ્યોતિષીએ જવાબમાં કહ્યું:—

"દેવ સાંભળો રાશિઓ બાર છે તેનાં નામ નીચે પ્રમાણે છે:-

[1]મેષ, વૃષભ મિથુન, કર્ક, સિંહ, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન. હવે એ દરેક રાશિના ગુણ કહું છું.—

---

૧ દરેક રાશિ ૧૩૫ ઘડિની હોય છે તેની ગણતરી આ પ્રમાણે થાય છે. દરેક નક્ષત્ર અગાઉ જણાવ્યું તેમ ૬૦ ઘડિનું હોય છે તેના ચોથા ભાગને એક ચરણ કહે છે. એટલે નવચરણની એક રાશિ થાય છે. તે કેવી રીતે થાય છે તે નીચેના પત્રકમાં જણાવ્યું છે.

**મેષ**—( મેંઢાનો આકાર. વર્ણ લાલ. અશ્વની ઘડિ ૬૦, ભરણી ૬૦, કૃતિકા ૧૫).

**વૃષભ**—( ગોધાનો આકાર. વર્ણ સફેત. કૃતિકા ૪૫, રોહિણી ૬૦, મૃગશિર્ષ ૩૦).

**મિથુન**—( ગદા નામનું વાજીંત્ર જેના હાથમાં છે એવો પુરૂષ અને વીણાવાળી સ્ત્રી–એ બન્નેના જોડાવાળી આકૃતિ. વર્ણ પોપટીઓ. મૃગશિર્ષ ૩૦, આર્દ્રા ૬૦, પુનર્વસુ ૪૫ ).

**કર્ક**—( કરચલાનો આકાર-રાતો વર્ણ. પુનર્વસુ ૧૫, પુષ્ય ૬૦, આશ્લેષા ૬૦ ).

**સિંહ**—( સિંહાકાર. શ્વેતવર્ણ મઘા ૬૦, પૂર્વાફાલ્ગુની ૬૦, ઉત્તરાફાલ્ગુની ૧૫).

**કન્યા**—( ડાબા હાથમાં અગ્નિ અને જમણા હાથમાં ધાન્ય ધારણ કરીને વહાણમાં બેઠેલી કન્યા જેવી આકૃતિ. મેચક વર્ણ. ઉત્તરાફાલ્ગુની ૪૫. હસ્ત ૬૦, ચિત્રા ૩૦ ).

**તુલા**—( તાજવા લઇને તોળનાર પુરૂષની આકૃતિ. વર્ણ કાળો. ચિત્રા ૩૦, સ્વાતિ ૬૦, વિશાખા ૪૫. )

**વૃશ્ચિક**—( વીંછીનો આકાર. સુવર્ણ વર્ણ. વિશાખા ૧૫. અનુરાધા ૬૦, જ્યેષ્ઠા ૬૦ ).

**ધન**—( કેડની નીચેનો ભાગ અશ્વ જેવો એટલે ચાર પગવાળો અને શરીરની ઉપરનો ભાગ પુરૂષ જેવો અને હાથમાં ધનુષ્ય હોય એવી આકૃતિ. રંગ પીળો. મૂળ ૬૦, પૂર્વાષાઢા ૬૦, ઉત્તરાષાઢા ૧૫ ).

**મકર**—( મગરનો આકાર. તપખીરી રંગ. ઉત્તરાષાઢા ૪૫, શ્રવણ ૬૦, ધનિષ્ઠા ૩૦ ).

**કુંભ**—( ખાંધ ઉપર ઘડો લેનાર પુરૂષાકાર. નોળીઆ જેવો રંગ. ધનિષ્ઠા ૩૦, સતભિષા ૬૦, પૂર્વાભાદ્રપદ ૪૫ ).

**મીન**—( બે મચ્છોના પુંછડાં સામસામાં આવવાથી થતી આકૃતિ. માછલા જેવો રંગ. પૂર્વાભાદ્રપદ ૧૫, ઉત્તરાભાદ્રપદ ૬૦, રેવતિ ૬૦ ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેષ[1]—" જે માણસનો મેષ રાશિમાં જન્મ થયો હોય તેની આંખો ચકળવકળ થતી હોય છે, તે નિરંતર રોગ વગરનો રહે છે, ધર્મકાર્યમાં તે તુરત સારા અને સાચા નિર્ણયપર આવી જનારો હોય છે, એની જાંઘો ઘણી વિસ્તારવાળી હોય છે, એ કરેલા ગુણને જાણવાવાળો હોય છે, એ બહાદૂર હોય છે, રાજ્યમાં એને સારૂં માન મળે છે, સ્ત્રીઓનાં હૃદયને એ ઘણો આનંદ ઉપજાવનાર હોય છે, એ પાણીથી નિરંતર ડર્યા કરે છે, જોસથી કામ કરનાર થાય છે અને શરૂઆતમાં આકરો હોય છે પણ છેવટે નરમ પડી જનાર હોય છે. એવા મનુષ્યનું કોઇ કારણ પામી પ્રથમ વયમાં અઢારમે વર્ષે કુમરણ થાય છે અથવા પચીસમા વર્ષની આખરે થાય છે, પણ જો તે ઘાતમાંથી બચી જાય તો સો વર્ષ જીવે છે. એનું મરણ ચૌદશની અર્ધ રાત્રે મંગળવારે કૃતિકા નક્ષત્રમાં થાય છે.

વૃષભ[2]—" વરખ રાશિમાં જન્મેલ મનુષ્ય ભોગ ભોગવનાર થાય છે, દાતા થાય છે, પવિત્ર થાય છે, હુશિયાર થાય છે, એની આંખથી હનવટી સુધીનો ભાગ (ગંડ) સ્થૂળ હોય છે, એનું ગળું મોટું હોય છે, એનામાં તેજ ઝળહળતું દેખાય છે, એને રાગ ઘણો હોય છે, એને ગળાનો રોગ (કંઠમાળ વિગેરે ) થાય છે, એને પુત્ર સારા થાય છે, એની ગતિમાં વિલાસ ચોખ્ખો જણાઇ આવે છે, એ સત્ય બોલનાર થાય છે, એનાં ખાંધ અને ગંડસ્થળપર ચિહ્નો પડે છે. એ જો પચીશ વર્ષનો થાય તો જરૂર સો વર્ષ સુધી જીવે. એનું મરણ ચોપગા જનાવરથી થાય છે. એનું મરણ રોહિણી નક્ષત્રમાં અને બુધવારે થાય છે.

મિથુન[3]—" મિથુન રાશિમાં જન્મેલ મનુષ્ય પુષ્ટ શરીરવાળો થાય છે, તેની આંખો ચંચળ હોય છે, તેનું મન વિષય ભોગવવામાં અત્યંત આસક્ત રહે છે, તે પૈસાદાર થાય છે, તેના મનમાં દયાનો ભાવ સારો રહે છે, તેને ગળાનો રોગ રહ્યા કરે છે, લોકોમાં તે વહાલો થઇ પડે છે, ગાયન અને

---

૧ મેષના અક્ષરો अ, ल, इ છે.

૨ વૃષ અથવા વૃષભના અક્ષરો ब, व, उ.

૩ મિથુનના અક્ષરો क, छ, घ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાટકમાં તે કુશળ થાય છે, તેની વિખ્યાતિ ચારે તરફ ફેલાય છે, તેનામાં ગુણો વધારે પડતા હોય છે, તેનો વર્ણ ગોરો હોય છે, તે શરીરે લાંબો થાય છે, બોલવામાં બહુ વાચાળ હોય છે. સોળમે વર્ષે એ પ્રાણીને પાણીમાં ઘાત થવાનો ભય બહુ રહે છે, તેમાંથી જો તે બચી જાય તો તેનું મરણ એંશીમે વર્ષે પાણી અથવા અગ્નિમાં પોસ મહિનામાં થાય છે.

કર્ક[1]—"કર્ક રાશિમાં ઉત્પન્ન થયેલો માણસ કામકાજમાં ઘણો બાહોશ થાય છે, ધનવાળો થાય છે, શૂરવીર થાય છે, ધર્મિષ્ઠ થાય છે, ગુરૂ તરફ પ્રેમ રાખનાર થાય છે, એને માથાનો વ્યાધિ રહ્યા કરે છે, એ મોટો બુદ્ધિશાળી થાય છે, એનું શરીર પાતળું રહે છે, એ કૃતજ્ઞ–કરેલા ગુણનો જાણનાર થાય છે, એને મુસાફરી કરવાનો શોખ ઘણો રહે છે, એ કોપથી અંધ બની જાય છે, નાનપણમાં એને માથે વધારે દુઃખો પડે છે, એને મિત્રો સારા હોય છે, નોકરચાકરથી એ ભરપૂર રહે છે અને જરા વક્ર (વાંકી) પ્રકૃતિનો થાય છે. વિશમે વર્ષે કોઇ જગ્યાએથી પડી જવાથી એને ઘાત લાગે છે, પણ જો તેમાંથી બચી જાય તો પછી એ એંશી વર્ષ સુધી જીવે છે અને તે વખતે તેનું મરણ માગશર માસના અજવાળીઆમાં અથવા પોષ માસના અજવાળીઆમાં રાત્રે થાય છે.

સિંહ[2]—"સિંહ રાશિમાં જન્મેલ મનુષ્ય ક્ષમાવાળો થાય છે, માનવાળો થાય છે, કામકાજ કરવામાં વિશેષ રોકાયલો રહે છે, એને દારૂ અને માંસના ઉપયોગ તરફ વધારે પ્રેમ રહે છે, ચારે તરફ દેશમાં ભમવાનો એને બહુ શોખ રહે છે, એ વિનયથી નમ્ર રહે છે, એને શરદી (ઠંડી)નો બહુ ભય લાગે છે, એ જરા જરામાં ગુસ્સે થઇ જનારો હોય છે, એને પુત્રપરિવાર ઘણો મોટો થાય છે, એના માબાપને એ બહુ વહાલો થઇ પડે છે અને લોકોમાં વ્યસની તરીકે એની ખ્યાતિ થાય છે. એનું મરણ પચાસ વર્ષે થાય છે, જો તેમ ન થાય તો તે સો વર્ષનો થાય છે. ચૈત્રમાસમાં મઘા નક્ષત્રમાં શનિવારે એનું મરણ સારા પુણ્ય ક્ષેત્રમાં થાય છે.

---

૧ કર્ક રાશિના અક્ષરો ડ, હ.

૨ સિંહ રાશિના અક્ષરો મ, ટ.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

કન્યા[1]—“કન્યા રાશિમાં જન્મેલ માણુસ વિલાસી સ્ત્રીઓ( વેશ્યાઓ )નાં હૃદયને આનંદ કરાવનારો થાય છે, ધનથી પૂર્ણ રહે છે, દાનેશ્વરી થાય છે, કાર્યકુશળ થાય છે, કવિ થાય છે, ઘડપણમાં ધર્મપરાયણ થાય છે, સર્વ લોકોમાં એ વહાલો થઇ પડે છે, એને નાટક અને ગાયનનો શોખ વધારે પડતો રહે છે, મુસાફરી કરવાની એને હોંસ રહ્યા કરે છે, એને સ્ત્રી તરફનું હમેશા દુઃખ રહે છે. ત્રીસમે વર્ષે એને હથિયારથી અથવા પાણીમાં ઘાત હોય છે, તેમાંથી જો તે બચી જાય તો પછી એનું મરણ એંશીમે વર્ષે વૈશાખ માસમાં મૂળ નક્ષત્રમાં બુધવારે થાય છે.

તુલા[2]—“તુલા રાશિમાં જન્મેલ માણુસ કારણ વગર નકામો ગુસ્સે થનારો થાય છે, જાતે દુઃખી થાય છે, મ્હોઢે સાચી વાત સામાને જણાવી દેનારો થાય છે, અન્યને માફી આપી દેનારો થાય છે, એની આંખો ઘણી ચપળ રહ્યા કરે છે, એની પાસે પૈસા અસ્થિર રહે છે, લક્ષ્મી દેવી એનાપર રૂસે છે અને કોઇવાર તુસે છે, એ પોતાના ઘરમાં બહુ જોર બતાવનાર થાય છે, વ્યાપારમાં ઘણો કુશળ થાય છે, દેવની પૂજા એ સારી રીતે કરે છે, મિત્ર ઉપર એ સારો સ્નેહ રાખે છે, એ વારંવાર પ્રવાસ કરનારો થાય છે, મિત્રોમાં એ વહાલો થઇ પડે છે. વિશમે વર્ષે એને ભીંત પડીને મરવાની ઘાત હોય છે, તેમાંથી જો તે બચી જાય તો પછી એંશીમે વર્ષે જેઠ માસમાં અનુરાધા નક્ષત્રમાં મંગળવારે તેનું મરણ થાય છે.

વૃશ્ચિક[3]—“વૃશ્ચિક રાશિમાં જન્મેલ માણુસ નાની વયમાં પ્રવાસ ઘણો કરે છે, એ જાતે ક્રૂર ઘાતકી થાય છે, શૂરવીર થાય છે, એની આંખો પીળી થાય છે, એ પરસ્ત્રીમાં આસક્ત થાય છે, અભિમાની થાય છે, એનું હૃદય પોતાના માણુસો તરફ નિષ્ઠુર હોય છે, સાહસ કરવાથી એને લક્ષ્મી ઘણી પ્રાપ્ત થાય છે, એ એની માતા તરફ પણુ દુષ્ટ બુદ્ધિવાળો હોય છે, એ ધૂતારો થાય છે, ચોર થાય છે, એ અનેક

---

૧ કન્યા રાશિના અક્ષરોઃ प, ठ, ण.

૨ તુલા રાશિના અક્ષરોઃ र, त.

૩ વૃશ્ચિક રાશિના અક્ષરોઃ न, य.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામના આરંભ કરે છે પણ પાર પહોંચાડી તેનાં ફળ મેળવતો નથી. અઢારમે વર્ષે એને ચોરથી હથિયારથી અથવા સર્પથી ઘાત હોય છે. તેમાંથી તે બચી જાય તો પાછી પચીશમે વર્ષે બીજી વાર તેથી જ ઘાત હોય છે, તે પસાર થઇ જાય તો તે સિત્તેર વર્ષ જીવે છે.

ધન[1]—“ ધનુ રાશિમાં જન્મેલ માણુસ શૂરવીર થાય છે, સાચું બોલનારો થાય છે, બુદ્ધિના વૈભવથી યુક્ત થાય છે, સત્ત્વ પરાક્રમવાળો થાય છે, લોકોને આનંદ કરાવનાર થાય છે, શિલ્પ ( ઇન્જીનીઅરીંગ )નું વિજ્ઞાન ધરાવનાર થાય છે, પૈસાથી ભરપૂર થાય છે, સુંદર સ્રીવાળો થાય છે, અભિમાની થાય છે, ઉચ્ચ વર્તનશાળી થાય છે, સુંદર અક્ષર બોલનારો થાય છે, તેજસ્વી થાય છે, જાડા શરીરવાળો થાય છે, પોતાના કુળનો નાશ કરનાર થાય છે. પોતાની ઉત્પત્તિથી અઢારમે દિવસે જો એનું મરણ ન થાય તો એ સત્તોતેર (૭૭) વર્ષ સુધી જીવે છે.

મકર[2]—“ મકર રાશિમાં જન્મેલ માણુસ દુરાચારી માણુસોને વહાલો થઇ પડે છે, એ સ્રીઓને નિરંતર વશ રહેનારો થાય છે, જાતે એ પંડિત થાય છે, પરસ્રી તરફ એ આસક્ત રહે છે, ગીતને સારી રીતે જાણનારો થાય છે, એના ગુહ્ય ભાગ ઉપર નિશાની હોય છે, એને પુત્રપરિવાર બહુ મોટો થાય છે, ફૂલ( પુષ્પ)નો એને બહુ શોખ રહે છે, એ ધનવાન્ થાય છે, ત્યાગી થાય છે, સ્વરૂપવાળો થાય છે, ઠંડીથી ડરનારો અથવા શરદીના વ્યાધિવાળો થાય છે, એને ભાઇભાંડુનો પરિવાર મોટો થાય છે અને સુખને માટે એને વારંવાર ચિંતા થયા કરે એવા તેના સંયોગો થાય છે. શૂળના વ્યાધિથી વીશમે વર્ષે એનું મરણ ન થાય તો પછી એ સીત્તેરમે વર્ષે ભાદરવા મહિનામાં શનિવારે મરણ પામે છે.

કુંભ[3]—“ કુભ રાશિમાં જન્મેલ માણુસ દાતા ( દાનેશરી ) થાય છે, આળસુ થાય છે, કરેલા ગુણને હણુનાર થાય છે, હાથી અથવા ઘોડાના જેવા સ્વરવાળો થાય છે, એની કુક્ષિ દેડકાના જેવી થાય છે, એ નિર્ભય થાય છે, ધનવાન્ થાય છે,

---

૧ ધનુ અથવા ધન રાશિના અક્ષરોઃ ढ, ध, फ, भ.

૨ મકર રાશિના અક્ષરોઃ ख, ज.

૩ કુંભ રાશિના અક્ષરોઃ ग, स.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બળવાન્ થાય છે, જડ નજરવાળો થાય છે, એના હાથ ચળ હોય છે, એ માન મેળવવા માટે અને વિદ્યા પ્રાપ્ત કરવા માટે નિરંતર ઉદ્યમ કરનારો થાય છે, એ પુણ્યશાળી થાય છે, સ્નેહ વગરનો થાય છે. અઢારમે વર્ષે એને વાઘથી ઘાત હોય છે તેમાંથી તે બચી જાય તો તે ૮૪ (ચોરાશી) વર્ષ સુધી જીવે છે.

મીન[1]—"મીનરાશિમાં જન્મેલ માણસની સર્વ ચેષ્ટાઓ ઘણી ગંભીર હોય છે, તે જાતે શૂરવીર હોય છે, બોલવામાં ડહાપણ વાળો હોય છે, મનુષ્યમાં એ ઉત્તમ પદવી ભોગવનાર થાય છે, એ પોતાની જાતની મહત્તા કોપ કરવામાં, બુદ્ધિનો વિસ્તાર બતાવવામાં અને લડાઇના મેદાનમાં બતાવી શકે છે, એ કોઇ વસ્તુના ત્યાગ કે દાન કરી શકતો નથી, એ કૃપણ હોય છે, એ ભાઇભાંડુપર વાત્સલ્ય રાખનાર થાય છે, એ ગાંધર્વવિદ્યા( ગાયનકળા )ને જાણનારો થાય છે, એ બીજા માણસોની સેવા કરનારો થાય છે અને એ રસ્તે ચાલે ત્યારે ઉતાવળે પગલે ચાલનારો થાય છે.

"મેષ વિગેરે રાશિઓના ઉપર મેં જે ગુણો વર્ણવ્યા તે રાજન્! સર્વજ્ઞોએ પોતાના શિષ્યોને અગાઉ જણાવ્યા હતા તે પ્રમાણે છે, કારણ કે જ્યોતિષશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર વિગેરે જે બાહ્ય ઇંદ્રિયોથી ન સમજી શકાય તેવા શાસ્ત્રો અતિદ્રિય વિષયોથી ભરેલા છે તે સર્વે અગાઉ સર્વજ્ઞોએ બતાવેલાં છે. હવે એમાં કોઇ જગ્યોએ વાત ન મળે અને અપવાદ જણાય તો તેમાં જાણનારની બુદ્ધિનો દોષ સમજવો, કારણ કે અલ્પજ્ઞાનવાળા માણસો શાસ્ત્રોના ઝીણા ઝીણા વિભાગો જાણી શકતા નથી.

"આ પ્રમાણે હોવાથી ક્રૂર ગ્રહોની નજર પડી ન હોય અને રાશિઓ બળવાન્ હોય તો ઉપર જે ગુણો બતાવ્યા છે તે બરાબર સાચા પડે છે અને એમાં જરા પણ અન્યથા થતું નથી એમ તમે સમજજો."

આ સર્વ હકીકત સાંભળી જીમૂતરાજ બોલ્યા "આપે જે કહ્યું તે તદ્દન બરાબર છે. તમે કહ્યું તે વાતમાં જરા પણ શંકા જેવું નથી."

ત્યાર પછી તે જ્યોતિષીને સારી રીતે માન સન્માન આપવામાં આવ્યું, તેને દાનમાં સારી રકમ આપવામાં આવી અને તેની પૂજા

---

૧ મીન રાશિના અક્ષરોઃ દ, ચ, ક્ષ, થ, ઝ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી તેને વિદાય કરવામાં આવ્યો. યોગ્ય સમયે આનંદ મહોત્સવ ભોજન દાન પૂર્વક મારૂં ધનવાહન નામ પાડવામાં આવ્યું.

### અકલંક જન્મ.

હવે એ જીમૂતરાજાને નીરદ નામનો નાનો ભાઇ હતો, તેને પદ્મા નામની રાણી હતી. આ રાણીએ પણ તે જ વખતે એક છોકરાને જન્મ આપ્યો, એ છોકરાનું અકલંક નામ રાખવામાં આવ્યું.

### ધનવાહન અકલંક મૈત્રી.
### બન્ને ભાઇઓની યુવાવસ્થા.
### અકલંકના આદર્શ ગુણો.

હવે મારી અને મારા કાકાના પુત્ર અકલંકની અનેક પ્રકારે લાલનાપાલના થતી હતી. તેવી રીતે અમે બન્ને આનંદથી ઉછરવા લાગ્યા, મોટા થવા માંડ્યા. હું અને અકલંક ધૂળમાં સાથે રમ્યા, સાથે રગદોળાયા અને એ મારા કાકાનો પુત્ર છે એ ખ્યાલથી ક્રીડાઆનંદ સાથે જ કર્યા અને પરિણામે મારો અને તેનો કદિ વિરહ થયો નહિ. તદ્દન નાનપણમાં ભવિતવ્યતાએ મારી અને અકલંકની દોસ્તી યોજી આપી તેને લઇને અમારે બન્નેને અરસ્પરસ એક બીજા ઉપર ગાઢ પ્રેમ થતો ગયો અને સ્નેહ વધતો જ ગયો. ત્યાર પછી અમે બન્ને ( ધનવાહન અને અકલંક )એ એક જ ઉપાધ્યાય પાસે કળાઓનો અભ્યાસ કરવા માંડ્યો. આવી રીતે આનંદકલ્લોલ કરતાં હે સુંદરિ! મકરધ્વજ (કામદેવ)ના મંદિરરૂપ યુવાવસ્થાને અમે બન્ને પ્રાપ્ત થયા.

જૈન સાઇટ JAINSITE .com ॥ જયતિ શાસનમ્ ॥

એ અકલંક બાળપણમાં કુમારઅવસ્થામાં તેમજ યુવાવસ્થામાં બહુ ઉચ્ચ વર્તનવાળો થયો અને જાતે લઘુકર્મી અને ભાગ્યવાન્ હોવાથી તેનામાં કોઇ જાતનું વ્યસન નહોતું, કોઇ જાતનું ખરાબ વર્તન નહોતું, કોઇ પ્રકારની ખરાબ ચેષ્ટા નહોતી; એ શાંતમૂર્ત્તિ હતો, પવિત્ર આત્મા હતો, મહા વિનયી હતો, દેવનું પૂજન કરનારો હતો, પ્રિય બોલનાર હતો, ઘણો સ્થિર હતો, અત્યંત નિર્મળ મનવાળો હતો, બહુ ઓછા રાગવાળો હતો, પ્રકૃતિથી જ ( નૈસર્ગિક રીતે ) વિકાર વગરનો હતો અને જે વયમાં સાધારણ રીતે પરમાર્થ ન જાણવામાં આવે તે વખતે પણ તત્ત્વજ્ઞાની ( ફીલસુફ ) જેવો દેખાતો હતો. ત્યાર પછી એને સાધુઓ સાથે પરિચય થયો, પ્રસંગ વધ્યો અને તેમની પાસે જવા આવવાનાં કારણો વધ્યાં ત્યારે તેણે વ્યાખ્યાનો સાંભળ્યાં જેથી એ જૈન આગમમાં પણ ઘણો કુશળ થયો. આવી રીતે અકલંકનું વલણ ધર્મસન્મુખ વધારે વધારે થતું જતું હતું છતાં મારા ઉપર એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રીતિ હોવાથી તે મારી સાથે આનંદપૂર્વક દરરોજ વિલાસ કરતો હતો અને મારા સ્નેહમાં વધારો કરતો હતો.

## ક્રીડા માટે બુધનંદન ઉદ્યાનમાં.

એક દિવસ સવારે મેં અકલંકને ક્રીડા કરવા સારૂ મારી સાથે **બુધનંદન** નામના ઉદ્યાન તરફ લીધો. મારી ઇચ્છાને માન આપીને તે મારી સાથે બે પહોર સુધી રમ્યો. અમે બન્નેએ મધ્યાહ્ન સુધી સાથે ક્રીડા કરી. બરાબર ખરે બપોરે મારા મિત્ર અકલંકની મરજી ઘર તરફ જવાની થઇ ત્યારે મેં કહ્યું "ભાઇ, આ ઉદ્યાનમાં મોટું મંદિર છે ત્યાં ચાલો, આપણે જરા આરામ કરીએ, પછી થોડો વખત રહીને આપણે ઘરે જશું."

સાધુ પરિચય.

અકલંકે મારી વાત સાંભળી એટલે તુરત તે કબૂલ કરી અને અમે બન્ને એ ઉદ્યાનમાં આવેલા એક વિશાળ જિનમંદિરમાં દાખલ થયા. ત્યાં અંદર દાખલ થઇ ભગવાનની નમ્રભાવે સ્તુતિ કરી અમે બન્ને મંદિરમાંથી બહાર નીકળ્યા. તે વખતે મંદિરની બહાર અકલંકે સાધુઓને જોયા. તપાસ કરતાં જણાયું કે તે દિવસે આઠમ ( અષ્ટમી ) હોવાથી સાધુઓ નગરની વસતિ( ઉપાશ્રય )માંથી વંદન માટે અહીં આવ્યા હતા અને સર્વેને તે દિવસે ઉપવાસ હતો. વળી અમારા જાણવામાં એમ પણ આવ્યું કે સર્વ સાધુઓએ ત્યાં આવીને પ્રથમ ભુવનેશ્વર તીર્થપતિને વિધિપૂર્વક વંદન કર્યું અને ત્યાર પછી તેઓ જૂદા જૂદા બેસીને સિદ્ધાન્ત ગણવા લાગ્યા છે, સૂત્રનો પાઠ કરી રહ્યા છે અને જ્ઞાનધ્યાનમાં સમય પસાર કરે છે. એ સર્વે સાધુઓની કાંતિ ઘણી નિર્મળ હતી, સર્વે એક બીજાથી દૂર બેઠા હતા અને બહારના દ્વીપ સમુદ્રમાં રહેલા સ્થિર ચંદ્ર[1] જેવા દેખાતા હતા અને બાહ્ય દેખાવથી પણ ઘણા બુદ્ધિશાળી હોય તેમ લાગતું હતું. અત્યંત સુંદર આકારને ધારણ કરનાર અને ઇચ્છિત ફળને આપવાવાળા એ સાધુઓ તે વખતે કલ્પવૃક્ષ[2] જેવા શોભતા હતા.

અકલંક તે વખતે મને કહ્યું "ઘનવાહન ! જો, જો ! આ મુનિ-

---

૧ ચંદ્રો પણ સ્થિર અને એક બીજાથી દૂર હોઇને નિર્મળ કાંતિવાળા મનુષ્યલોકની બહાર દ્વીપસમુદ્રોમાં હોય છે. અહીં સાધુને ચંદ્રો સાથે સરખાવ્યા છે.

૨ **કલ્પવૃક્ષ**—એનો આકાર સારો હોય છે અને તે માગ્યાં ફળ આપનારા હોય છે તેમ સાધુઓના આકાર સુંદર હતા અને પરંપરાએ તે ઉત્કૃષ્ટ ફળ આપનાર હતા. અહીં સાધુને કલ્પવૃક્ષ સાથે સરખાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાત્માઓ રૂપમાં કામદેવ જેવા છે, તેજસ્વીપણામાં સૂર્ય જેવા છે, સ્થિરપણામાં મેરૂપર્વત જેવા છે, ગંભીરપણામાં સમુદ્ર જેવા છે અને લાવણ્ય( ખુબસુરતી )ની બાબતમાં મહાઋદ્ધિવાળા દેવતાઓ જેવા દેખાય છે! આવા અનેક ગુણોથી યુક્ત તેજસ્વી મહાપુરૂષો તો રાજ્ય-ભોગ ભોગવવા યોગ્ય ગણાય છતાં એવા ભાગ્યશાળી પુરૂષો આવું વિકટ ચારિત્ર શા માટે પાળતા હશે? તેઓએ આવું આકરૂં ચારિત્ર શા કારણથી આદર્યું હશે? એવું મારા મનમાં કૌતુક થાય છે, મને એવો સવાલ સ્વાભાવિક રીતે ઉઠે છે. તો ભાઇ! ચાલ, આપણે એ મહાત્મા મુનિઓ પાસે જઇએ અને તે દરેકને આવો વૈરાગ્ય આદરવાનું શું કારણ પ્રાપ્ત થયું હતું તે સંબંધી સવાલ કરીએ. એથી આપણને ઘણું નવું જાણવાનું મળી આવશે અને આરામના વખતનો સદુપયોગ થશે.”

ધનવાહને (મેં) જવાબ આપ્યો “બહુ સારૂં. ચાલો, આપણે પ્રત્યેક મુનિપાસે જઇએ અને સવાલ પુછીએ.”

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૨ જું.

## લોકોદરમાં આગ.

### { પ્રથમમુનિનો વૈરાગ્ય પ્રસંગ. }

સિદ્ધાન્તની ગણના કરતા અને જ્ઞાનધ્યાનમસ્ત મુનિઓ છૂટા છૂટા બેઠા હતા તેઓમાંના એકની પાસે અમે ગયા. પ્રથમ અમે બન્નેએ તે મુનિમહારાજને વંદન કર્યું, ત્યાર પછી અકલંકે શાંત સ્વરે તે મુનિમહારાજને કહ્યું “ભગવન્! આપને સંસારપર વૈરાગ્ય થવાનું શું કારણ બન્યું હતું? તે કહો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ભયંકર આગ. મંત્રવાદી.
### ઓલવવાના ઉલટા ઉપાયો.
### સાચા ઉપાયનો નિરાદર.

આગનું વર્ણન.

મુનિએ અકલંકના સવાલનો જવાબ આપતાં નીચે પ્રમાણે વાત કરી. "ભાઇ ! સાંભળ. લોકોદર[1] નામના ગામમાં રહેનારો હું એક ગૃહસ્થ હતો. એક રાત્રે એ નગરમાં ચારે તરફથી મોટી આગ લાગી. ચોતરફ ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા અને આગના ભડકા વધારે વધારે નીકળવા લાગ્યા; વાંસને ફૂટવાના અવાજે કડાકા અને ધડાકા ચોતરફ સંભળાવા લાગ્યા. આવા મોટા અવાજે સાંભળીને લોકો જાગી ઉઠ્યા, ચારે તરફ કોળાહળ થઇ ગયો, ધમાધમ થઇ રહી, છોકરાઓ આક્રન્દ કરવા લાગ્યા, સ્ત્રીઓ હાંફળી ફાંફળી અહીં તહીં દોડવા લાગી, આંધળા માણસો બુમરાણ કરવા લાગ્યા, પાંગળા લોકો ઉંચેથી રડવા લાગ્યા, કુતુહળી મશ્કરાઓ કિલકિલાટ કરવા લાગ્યા, ચોર લોકો ચોરી કરવા લાગ્યા, બધી વસ્તુઓ બળવા લાગી, કૃપણ લોકો વિલાપ કરવા લાગ્યા અને માતા વિનાના પુત્રની માફક આખું ગામ શરણરહિત નિરાધાર જેવું થઇ રહ્યું.

મંત્રવાદી.

"આખા ગામના લોકોને બાળીને ભસ્મ કરી નાખે એવી એ ભયંકર આગ થતાં એક સમજુ મંત્રવાદી બહાર આવ્યો. તે ઉઠીને ગામની વચ્ચે એક મોટો ચોતરો હતો ત્યાં ઊભો રહ્યો. તેણે એક બખ્તર ધારણ કર્યું અને રેખા પાડીને એક મોટું વિશાળ મંડળ ચોરાની વચ્ચે આળેખ્યું. પછી મોટા શબ્દવડે ગામના લોકોને ત્યાં બોલાવ્યા: 'અરે લોકો ! તમે આ મંડળમાં આવો, અહીં દાખલ થાઓ, જેથી તમારી સર્વ વસ્તુઓ અને તમારાં શરીરો બળશે નહીં.' તેનાં આવાં વચન સાંભળીને કેટલાક લોકો તેના મંડળમાં દાખલ થયાં.

સામાન્ય લોકો.

"બાકીના લોકો તો જાણે ગાંડા થઇ ગયા હોય, પીધેલા હોય, હૃદયશૂન્ય હોય, આત્મ( પોતાના ) વૈરી હોય, ગ્રહોથી ઘેરાઇ ગયેલા હોય, એમ પોતાનાં શરીર અને પોતાનું સર્વસ્વ એ આગમાં બળતું જોવા છતાં અ-

---

૧ **લોકોદર:** લોકનો અંદરનો ભાગ. લોક એટલે ચૌદ રાજલોક. લોકમાં સર્વ જીવ અને અજીવ પદાર્થો રહે છે. **અલોક**માં માત્ર આકાશ છે. આખી વાર્તા રૂપક ( allegorical ) છે તે આગળ સ્પષ્ટ થઇ જશે. આ વાર્તાના દરેક શબ્દનો ઉપનય આગળ આ જ પ્રકરણમાં ઉતાર્યો છે. આગળ વાંચો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યંત મૂર્ખાઇથી એ આગમાં ખડ અને લાકડાના ભારા નાખવા લાગ્યા અને ઘીના ભરેલા ઘડાઓ ઢલવીને આગને ઓલવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આવી વિચિત્ર પરિસ્થિતિ જોઇને મંડળની અંદર થોડા લોકો ગયા હતા તેઓ બોલવા લાગ્યા-'અરે ભોળા ભાઇઓ! આ તમે કરો છો તે આગ ઓલવવાનો ઉપાય નથી. જુઓ! કાં તો તમે જળ લાવીને એનાથી આ અગ્નિને શાંત કરો અથવા તો આ મહાત્મા મંત્ર-વાદીએ જે મંડળ રચ્યું છે તેમાં દાખલ થાઓ[1] અને અમારે ઘરે અગ્નિ જેમ શાંત પડી ગયો છે તેમ તમારા સંબંધમાં પણ અગ્નિને શમાવો.' પણ તે લોકોમાંના કેટલાંકે તો તે સાંભળ્યું જ નહિ, કેટલાંક તેનો તિરસ્કાર કરવા લાગ્યા, કેટલાંક તેની મશ્કરી કરવા લાગ્યા, કેટ-લાંક તો ઉલટું બોલવા લાગ્યા, કેટલાંક તે અભિપ્રાયને દાબી દેવા લાગ્યા, કેટલાંક એ અભિપ્રાયથી ઉલટી રીતે જ વર્તવા લાગ્યા, કેટલાંક એવો અભિપ્રાય આપનાર તરફ ગુસ્સે થવા લાગ્યા અને કેટલાક તો ઉલટાં તેવી સલાહ આપનારની સામા પ્રહાર કરવા માટે દોડવા લાગ્યા. આવો વિચિત્ર બનાવ જોઇને મંડળમાં રહેલા લોકો એ બહારના લોકો તરફ મૌન રહ્યા. વળી કોઇ પુણ્યશાળી લોકો ઉપરનાં વચનોનો વચ્ચે વચ્ચે આદર પણ કરતા રહ્યા.

મંડળમાં પ્રગતિ.

"કુમારો! મારી ભવિતવ્યતા તેવા પ્રકારની હોવાથી મંડળની અંદરના માણસોએ જે વચનો કહ્યાં તે મને ગમ્યાં, પસંદ આવ્યાં, હું આનંદમાં આવી ગયો અને કૂદકો મારીને મંડળમાં દાખલ થઇ ગયો. મંડળમાં ગયા પછી મેં જોયું તો ગામના બાકીના સર્વ લોકો આગથી બળતા દેખાયા, પવનના જોરથી સપાટાબંધ વધતી જતી આગના ભોગ થઇ પડતા અને મોટેથી ચીસો પાડતા તેમને હું બરાબર જોઇ શક્યો. પછી મંડ-ળની અંદરના લોકોમાંથી કેટલાકો દૂર થઇ ગયા, તેઓની સાથે હું પણ નાસી છૂટ્યો. કુમાર! આ મારૂં વૈરાગ્ય થવાનું કારણ છે."

* * *

૧ અહીં આગ ઓલવવાના બે ઉપાયો કહ્યા: (૧) મંડળમાં આવવાનો, (૨) મંડળની બહાર રહી પાણીવડે આગ ઓલવવાનો. આ બન્ને ઉપાયો વિચારવા યોગ્ય છે. મંડળ બહાર રહી પાણીથી આગ બુઝવવાનો ઉપાય મુશ્કેલ છે પણ તે મહાસત્ત્વશાળી કરી શકે છે, સાધારણ પ્રાણીને આગમાં ફસાઇ જવાનો ભય બહુ રહે છે. મંડળમાં દાખલ થનાર નિર્ભય થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિગતવાર ઉપનય.
## વિવેચન ખુલાસો.
### શબ્દાર્થઘટના.

ઉપરની વાત સાંભળીને અકલંક કુમાર ઘણો ખુશી થયો અને તે મુનિને નમીને બીજા મુનિ જે દૂર બેઠા હતા તેની પાસે જવા નીકળ્યો. હું તો આ કથાનો ભાવાર્થ કાંઇ સમજ્યો નહિ. મેં તેથી અકલંકને પૂછયું “ અરે ભાઇ ! આ મુનિએ પોતાને વૈરાગ્ય પ્રાપ્ત થવાનું કારણ શું કહ્યું ? અને તેમની વાત સાંભળીને તું ઘણો ખુશી કેમ થયો ? હું તો એક પણ બાબત બરાબર સમજ્યો નથી, માટે તું ખુલાસા સાથે સર્વ બાબત સમજાવ.”

#### લોકોદરમાં આગ.

અકલંકે જવાબમાં મને ( ઘનવાહનને ) કહ્યું “ ભાઇ ! સાંભળ:—

“ મુનિએ જે લોકોદર નામનું ગામ કહ્યું તે આ સંસાર સમ-
“ જવો. એ સંસારમાં તે વસનાર છે એમ સમજવું.
સંસારમાં આગ. “ રાત્રિની તેમાં વાત કરી તે મહામોહની અંધકાર-
“ મય દશા સમજવી. એ નગરમાં રાગદ્વેષ રૂપ
“ અગ્નિ વડે નિરંતર આગ સળગ્યા જ કરે છે. ત્યાં ધુમાડો થાય છે “ એમ કહ્યું તે તામસભાવ–કષાયની પરિણતિ સમજવી, એ આગ “ આખા નગરમાં પ્રસરી રહેલી છે. ત્યાં આગના ભડકા થાય છે “ એમ કહ્યું તે રાજસભાવ સમજવો. આ સંસારમાં જે ક્લેશ કંકાસ “ થાય છે તે વાંસ ફૂટવાનાં અવાજો સમજવા, રાગદ્વેષ રૂપ અગ્નિથી “ ગરમ થઇને લોકો જાગી ઉઠે છે–ચોંકી ઉઠે છે અને તેઓ મોટો “ કોળાહુળ કરી મૂકે છે; ચિત્તને અત્યંત તાપ કરનારા અને છોક- “ રાનો આકાર ધારણ કરનારા કષાયો[1] આક્રંદ કરવા મંડી જાય છે; “ અશુદ્ધ લેશ્યા[2] નામની સ્ત્રીઓ ત્યાં હાંફળી ફાંફળી થઇને અહીં “ તહીં દોડ્યા કરે છે; સંસારના રાગમાં આસક્ત મૂર્ખ પ્રાણીઓ આં-

---

૧ કષાયો–ચાર છેઃ ક્રોધ, માન, માયા, લોભ. એ ચારેને બાળકનું રૂપ અગાઉ ચોથા પ્રસ્તાવમાં પણ આપવામાં આવ્યું છે.

૨ કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ **અશુદ્ધ લેશ્યા**–આત્માના ક્લિષ્ટ અધ્યવસાયો છે. તે ખરાબ વિચારદ્વારા દોડાદોડ કર્યા કરે છે, એમાં સ્થિરતા કદિ આવતી જ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ઘેલા માણસની માફક બુમરાણ કરી મૂકે છે ( તેઓ રાગની ધૂનમાં "કાંઇ બોલે છે ત્યારે જાણે કશો વિચાર જ ન કરતા હોય તેવા દેખાય "છે ); વસ્તુસ્થિતિના જાણકાર હોવા છતાં ક્રિયા નહિ કરનારા પાં- "ગળાઓ ત્યાં ઊંચે સ્વરે રડતા દેખાય છે; ( અજ્ઞાનીઓ આંધળા છે "અને સમજવા છતાં વ્યવહારૂ કાર્ય ન કરનારાઓ પાંગળા છે-આ સ્પષ્ટ "હકીકત છે )[1]; મશ્કરાઓ જેવા નાસ્તિકો[2] ત્યાં હમેશાં કિલકિલાટ "કરે છે, ખાલી ધમાધમ કર્યા કરે છે, ખોટા હેત્વાભાસો મૂકી બૂમ- "રાણ કરી મૂકે છે; ઇંદ્રિયરૂપી ચોરો ત્યાં ધર્મસર્વસ્વની ચોરી કરે છે; "રાગઅગ્નિવડે આત્મઘરની સાર સાર વસ્તુઓ બળવા લાગે છે; "કેટલાક લોકો તેવે વખતે એમ બોલતા સંભળાય છે કે 'અરેરે! "શું કરીએ ? આવી ભયંકર આગ ઓલવવાને અમે શક્તિમાન્ નથી'- "કૃપણ માણસો કકળાટ કરે છે તેની બરાબર આ હકીકત સમજવી. "હે ભાઇ! એ સાધુએ આ સંસારમાં લાગેલી ભયંકર આગનું વર્ણન "કર્યું, સંસારની આગના ભડકા બતાવ્યા, લોકોની સ્થિતિ વર્ણવી, ગડ- "બડાટ અને અવ્યવસ્થાનો ચિતાર આપ્યો. લોકોનો અરસ્પરસ બચાવ "કરે તેવું કોઇ ન હોવાથી અને તેમ કરવા તેઓ સમર્થ ન હોવાથી "તે આખું ગામ શરણરહિત નિરાધાર જેવું થઇ રહ્યું છે[3] એમ "બતાવવામાં આવ્યું.

"ત્યાં તે વખતે મંત્રવાદી આવ્યા તે વિજ્ઞાનવાળા પરમેશ્વર શ્રી "સર્વજ્ઞ મહારાજ સમજવા. તેણે ઉઠીને એક તીર્થ "રૂપ મંડળ કર્યું-તેણે પોતાના તીર્થની પ્રરૂપણા- "સ્થાપના કરી અને તેની સર્વ યોજના તેણે ગામની "વચ્ચે ગોચન્દ્રક આકાર સમાન મધ્ય લોક ( તીર્ચ્છા લોક )માં સૂત્રમંત્રની "રેખાવડે કરી પોતાની જાતને બખ્તર પહેરાવી લઇને ધર્મ દેશનાવડે તેણે

સર્વજ્ઞ મંત્રવાદી.

---

૧ **આંધળા અને પાંગળા**ની આ દૃષ્ટિઓ ખાસ લક્ષ્યમાં રાખવા જેવી છે. રાગ અને અજ્ઞાનને વશ થઇ મૂર્ખ માણસો તો આંધળાની જેમ વર્તે છે અને સમજનારા પણ ફસી જાય અને શુભ વર્તન કરે નહિ ત્યારે તે પાંગળા જેવા દેખાય છે.

૨ **નાસ્તિકો**-આત્માનું અસ્તિત્વ નહિ માનનાર, પરભવ-મુક્તિ નહિ માનનાર નાસ્તિક કહેવાય છે.

૩ આ **ગડબડ** અને **ધમાલ** માટે કર્ત્તાએ अमातापुत्रकं શબ્દ વાપર્યો છે એ બહુ સુંદર છે. ત્યાં છોકરાનો કે માનો અથવા વડીલ બાળનો તફાવત કાંઇ રહ્યો નહિ એવી ગડબડ ત્યાં મચી રહી-એમ કહેવાનો આશય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"લોકોને પોતાના મંડળમાં બોલાવવા માંડ્યા[1] અને તે ધર્મદેશનાથી "તેમનું પોતાના તરફ આકર્ષણ કર્યું, ત્યારે કેટલાક ભાગ્યશાળી મહાપુરૂષો "ભગવાનનાં વચનો સાંભળીને તે મંડળમાં દાખલ થયા, પરંતુ આવા "લોકોની સંખ્યા પ્રમાણમાં બહુ ઓછી થઈ કારણ કે આ સંસારમાં "જીવોની સંખ્યા છે તેની સાથે સરખાવતાં તેઓ તો માત્ર અનંતમે "ભાગે જ હોય છે. આવા લોકો જેઓ એ મંત્રવાદીના મંડળમાં "દાખલ થયા તેઓ અગ્નિના તાપથી મૂકાયા ( મુક્ત થયા ).

સામાન્ય મૂઢતા.

"બાકીના મહા મૂઢ જીવો રાગદ્વેષ રૂપ અગ્નિવડે અત્યંત બળી "રહેલા આ સંસારને 'વિષયો' વડે શાંત કરવા "પ્રયત્ન કરે છે, તેઓ સ્ત્રીપુત્ર ઉપર આસક્તિ રાખી "પૈસા એકઠા કરે છે અને પાંચે ઇંદ્રિયોને છૂટી મૂકી "તે દ્વારા તાપ ઓછો કરવા પ્રયત્ન કરે છે-આ માણસો અગ્નિમાં "**ખડ અને લાકડાના ભારાઓ નાખીને** તે દ્વારા અગ્નિ ઓલવવાના "પ્રયત્ન કરવા જેવું કામ કરે છે, પરંતુ તેથી તો અગ્નિ ઉલટો વધી "પડે છે. વળી જે લોકો વારંવાર માયા કપટ કરે છે, લોભ કરે છે, "અભિમાન કરે છે, ક્રોધ કરે છે એ સર્વ અગ્નિ શાંત કરવા માટે "**ઘીનાં ઘડાઓ આગમાં ઠલવવા** જેવું કરે છે. એ લોકોને મંડળની "અંદર રહેલા લોકો વારંવાર વારે છે, ઘી અને ખડ કે લાકડાથી "અગ્નિ વધશે એમ સમજાવે છે, છતાં તે વાત તેઓ સમજતા નથી, "વાર્યા છતાં અટકતાં નથી અને તેઓને બતાવવામાં આવે કે એ "સંસારઅગ્નિ તો 'પ્રશમ જળ'થી જ ટાઢો થાય છે તે વાત તેઓ "સમજતા નથી અને તેથી તેઓ પ્રશમરૂપ પાણીનો ઉપયોગ પણ "કરતા નથી, તેમ જ તે સુંદર તીર્થ રૂપ મંડળમાં પ્રવેશ પણ કરતા નથી. "અરે એટલું જ નહિ પણ એવા નિવારણ કરવાનાં ઉપાય રૂપ વાક્યો "તેઓ સાંભળે ત્યારે તેને અનુસરવાને બદલે ઉલટા બોલનારની "મશ્કરી કરે છે અને વાતને નરમ પાડી દે છે; એ મહાત્મા મુનિની "પેઠે કોઇક જ જીવ બોધ પામે છે અને સાચી વાત સમજે છે. એ

---

1 **તીર્થંકર મહારાજ** સંબંધી આ કલ્પના ભવ્ય છે. મંડળ રચે ત્યારે **મંત્ર** બોલવા પડે, **રેખા** કરવી પડે અને પછી બચવાની ઇચ્છાવાળાને મંડળમાં આવવા **આમંત્રણ** થાય. સૂત્ર રૂપ મંત્રની રેખા અત્ર પાડવામાં આવે છે. વળી મંડળ **રચવા પહેલા** પોતાની જાતને બચાવવા **બખ્તર** પહેરવું પડે છે. એ તીર્થંકરો પ્રથમથી પહેરી પછી તીર્થમંડળની રચના કરે છે. **આખી યોજના યથાસ્થિત અને ભવ્ય જણાય છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"મુનિમહારાજ પેલા તીર્થમંડળની અંદર રહેલાઓના
વ્યક્તિનો વિકાસ. "વચનથી બોધ પામ્યા અને જાતે તીર્થમંડળમાં "દાખલ થયા. અંદર દાખલ થયા પછી તેણે સંસા-"રમાં રહેનારા લોકો તરફ નજર કરી તો તેણે બરાબર જોયું કે તે "સર્વ લોકો રાગદ્વેષની અગ્નિથી બળી રહ્યા છે અને ગભરાટમાં "પડી ગયા છે, પણ તેણે એ પણ જોયું કે 'અશુદ્ધ અધ્યવસાય' "નામનો પવન એ લોકોદર ગામમાં રાગદ્વેષ રૂપ અગ્નિને વધારે વધારે "જોસથી સળગાવે છે અને અત્યંત વૃદ્ધિ પામેલો તે અગ્નિ ગામડીઆ "જેવા તે અજ્ઞાનીઓ જેમ વધારે વધારે બૂમો પાડે છે તેમ તે મુનિ-"ઓના દેખતાં છતાં પણ પેલાઓને વધારે વધારે બાળતો જાય છે. "ત્યાર પછી મુનિએ કહ્યું કે '**મંડળની અંદરના લોકોમાંથી કેટલાકો** "**દૂર થઇ ગયા તેઓની સાથે હું પણ નાસી છૂટ્યો**'–એ વાક્ય "પણ વક્રોક્તિવાળું સમજવું." મેં પૂછ્યું કે 'એમાં
[1]વક્રોક્તિ. "અને આખી વાતમાં વક્રોક્તિ શી?' એટલે જવાબ "આપતાં અકલંકે આગળ ચલાવ્યું–"એ તીર્થમંડ-"ળમાં લોકો ચાર પ્રકારના હોય છે: સાધુઓ, શ્રાવકો, સાધ્વીઓ "અને શ્રાવિકાઓ. એ મંડળમાં હોય છે તે સર્વ કાંઇ દીક્ષા લેતા "નથી, માત્ર થોડા જ લે છે માટે ભાવાર્થ એમ જણાય છે કે આ "મુનિએ દીક્ષા લીધી અને એ વાત તો ઉઘાડી દેખાય છે. તો ભાઇ! "આવી રીતે આખી વાત વક્રોક્તિવડે કહીને સંસારઅગ્નિને પો-"તાના વૈરાગ્યના કારણ તરીકે આગળ કરેલ જણાય છે. આ હકીકત "ઘણો ચમત્કાર ઉત્પન્ન કરે તેવી છે અને તે વાત એ મુનિ જ્યારે "આપણી પાસે વાર્તા કરતા હતા ત્યારે જ મેં જાણી હતી અને તેથી "મને આનંદ થયો–હું **ખુશી થયો.** મેં તે વખતે વિચાર કર્યો કે "અહો! આ મુનિમહારાજ જે વાત કરે છે તે તદ્દન સાચે સાચી "છે: **સજ્જન માણસોને હમેશા સળગી રહેલો આ સંસાર ખરે-"ખરા વૈરાગ્યનું કારણ જરૂર થાય છે.** વળી એ પણ સાચી વાત "છે કે જડ મનુષ્યો અગ્નિના દાહવડે પોતાના આત્માને–પોતાની જા-"તને અહીં (સંસારમાં) બાળે છે અને તેમાંથી જે બુદ્ધિશાળી હોય

---

૧ **વક્રોક્તિ:** વાંકુ બોલવું. એ અલંકાર છે अन्यस्यान्यार्थकं वाक्यमन्यथायोजयेद्यदि; अन्यश्लेषेण काक्वा वा, सा वक्रोक्तिस्ततो द्विधा એકને કહીને બીજા અર્થમાં બીજાને સંભળાવવું અથવા શ્લેષનો ઉપયોગ કરવો એ બે રીતે વક્રોક્તિ થાય છે. અહીં **પ્રવ્રજ્યા શબ્દ વાપર્યો છે, તેનો અર્થ નીકળી જવું થાય, શ્લેષ છે તેથી તેનો બીજો અર્થ દીક્ષા લીધી એમ થાય છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" છે તે બહાર નીકળી જાય છે. વળી મને એમ પણ લાગે છે કે
" આપણને બન્નેને પ્રતિબોધ આપવાના મહાન્ હેતુથી જ એ મુનિ
" મહારાજે લોકોદરમાં આગની વાત કરી છે અને તે પોતાના વૈરા-
" ગ્યના કારણ તરીકે જણાવી છે.

" તેઓ જાણે એમ કહેતા હોય એમ મને લાગે છે કે–' અરે
" ભાઇઓ ! આ આગથી બળી રહેલા સંસારમાં તમે
રહસ્યાર્થ. " બન્ને પણ બળી રહ્યા છો અને તમારા જેવા સમ
" જુઓએ તો તીર્થમંડળમાં પ્રવેશ કરવો યોગ્ય છે,
" તમારે પણ આ તીર્થમંડળમાં આવી જવું જોઇએ. જેઓ ભાવપૂર્વક
" આ અમારા તીર્થમંડળમાં પ્રવેશ કરે છે તે ભાગ્યવાન્ પ્રાણી-
" ઓને રાગદ્વેષની અગ્નિનો દાહ કદિ પણ થતો નથી.' આ
" પ્રમાણે આ મહાત્મા મુનિ આપણને પણ જણાવી રહ્યા હોય એમ
" મને લાગે છે. ભાઇ ધનવાહન ! મુનિમહારાજનો આ ઉત્તમ વિચાર
" મને તો બહુ ગમે છે ! પણ ભાઇ ! એ વાત તને ગમે છે કે નહિ
" તે હું જાણતો નથી."

* * *

અકલંકની આવી વાત અને આવો પ્રશ્ન સાંભળી હું તો મૌન જ રહ્યો, મેં કાંઇ જવાબ આપ્યો નહિ; કારણ કે મારૂં મન હજુ સુધી પાપથી ભરેલું હતું, પાપમય હતું, સંસારને સરાણે ચઢેલું હતું.

ત્યાંથી અમે મંદિર બહાર જ્ઞાનધ્યાન કરતા બીજા મુનિ પાસે આવી પહોંચ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૩ જું.

## દારૂનું પીઠું ( મદિરાશાળા ).

### { બીજા મુનિના વૈરાગ્ય પ્રસંગ. }

પોતાની વાર્તા આગળ ચલાવતાં સંસારીજીવ જે અત્યારે ધનવાહન કુમાર હતો તે અગૃહીતસંકેતાને ઉદ્દેશીને પ્રજ્ઞાવિશાળા અને ભવ્યપુરૂષ સાંભળે તેમ સદાગમ સમક્ષ કહેવા લાગ્યો—

એવી રીતે વાતો અને ખુલાસા કરતાં અમે બીજા મુનિમહારાજ સમક્ષ આવી પહોંચ્યા. અકલંકે મુનિરાજને યોગ્ય વંદન કર્યું અને તેની સાથે મેં પણ વંદન કર્યું. પછી અકલંક અને મુનિમહારાજ વચ્ચે નીચે પ્રમાણે વાત થઇ.

અકલંક—"સાહેબ! આટલી નાની વયમાં આપને શા કારણથી દીક્ષા લેવાનું થયું તે જણાવો."

મુનિ—"ભાઇ! મેં એક મોટી દારૂડીઆઓની ટોળી[1] દારૂ પીવામાં તત્પર જોઇ તે મારા વૈરાગ્યનું કારણ બની. આખા શરીરના સર્વ અંગો દારૂના ઘેનની અસરવાળા થઇ ગયા હતા અને હું એક મોટો દારૂડીઓ થઇ ગયો હતો, ત્યાં કૃપા કરનાર મહાત્મા બ્રાહ્મણોએ મને પ્રતિબોધ કર્યો અને તે રીતે મને વૈરાગ્ય થયો."

---

૧ આને માટે **પાનગોષ્ઠિ** શબ્દ રાખવો કે કેમ તે નિર્ણય થતો નથી. જેમ ટીપાર્ટી ( ચાપાર્ટી ) થાય છે તેમ દારૂની પાર્ટી થાય છે, જેમાં ભાગ લેનારા દારૂ ઢીચે જાય છે. અફીણીઆઓ કસુંબા કાઢે તેને 'રાવણુ' કહે છે તેમ દારૂ પાર્ટીનું નામ હોવું જોઇએ. તેવો ગુજરાતી કે ફારસી શબ્દ હોય તે અત્ર ઘટે છે. એવા શબ્દને માટે તપાસ કરૂં છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકલંક—"મહાત્મા! એ દારૂનું પીઠું જેવું હોય તેવું તેનું વર્ણન કરી બતાવો, ત્યાં તમે કેવી રીતે વર્તતા હતા તે જણાવો અને મારા ઉપર કૃપા કરીને તે બ્રાહ્મણો કોણ હતા તે પણ બતાવો."

* * *

મુનિ—" સાંભળ:—

**દારૂનું પીઠું.**
**દારૂ પીનારા.**
**તેર વિભાગો.**

"એ મદિરાશાળા (દારૂનું પીઠું) અનેક બનેલા અને બનતા બનાવોથી ભરપૂર છે અને અનેક જનોથી ભરેલ છે તેથી તેનું બરાબર વર્ણન કરવાને તો કોણ સમર્થ થાય! તો પણ હે મનુષ્યોત્તમ! તારી પાસે તેનું થોડું થોડું વર્ણન કરી બતાવું છું તે બરાબર ધ્યાન રાખીને સાંભળ. તને એ મદિરાશાળાની હકીકત જાણતાં ઘણો આનંદ આવશે:—

[1]बहुभेदवरासवतुष्टजनं, वरभाजनराजि विचित्रसुरम्।
शितिनीरजरञ्जितसञ्चषकं, जनमोदनकारणसस्सरकम्॥
मदिरामदघूर्णितसर्वजनं, बहुलासविलासविकासकरम्।
लसदुद्भवबोलविगानपरं, कृततालमहारवरासिशतम्॥

अन्यच्च

[2]प्रौढमनोरमकान्तजनाढ्यं,
गाढमदोद्धुरयोषिदुपेतम्।
आदिनिवेशविहीनमनन्तं,
लोकनभोमिधभूमिनिविष्टम्॥
वादितमर्दलकोटिसकांस्यं
वैणिकनादविवर्धिततोषम्।
वंशविरावसमुद्धतवोद्रं[3],
वोद्रविघोषितगोत्रसहस्रम्॥

एवं च

---

૧ ત્રોટક છંદ.

૨ દોધક છંદ. ભ, ભ, ભ, ગ, ગ.

૩ દે. લા. વાળી છાપેલ બુકમાં वोद्र કૌંસમાં મૂકેલ છે. એવો શબ્દ પણ કોશમાં મળતો નથી. અર્થ સંબંધ પરથી બેસાડ્યો છે તેમાં સુધારાને અવકાશ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नर्तनगानविलासनपानैः, खादनदानविभूषणमानैः ।
संततभाररसैः समुपेतं, लोकचमत्कृतिकारणमेतत् ॥

પીઠું.

"એ મદિરાશાળા અનેક પ્રકારના સુંદર દારૂઓ (આસવ)થી લોકોને તુષ્ટમાન કરે છે, એમાં સુંદર વાસણોમાં ચિત્ર વિચિત્ર પ્રકારના દારૂઓ (સુરાઓ) શોભી રહ્યા છે, એનાં મદ્યપાત્રો કાળાં કમળની શોભા ધારણ કરી રહ્યાં છે, એમાં શેરડીના રસનો દારૂ અથવા તે પીવાનાં પાત્રો તેના રસીઆ લોકોને આનંદ કરાવી રહ્યાં છે; એમાં આવી રહેલા સર્વ લોકો દારૂના ઘેનમાં લચપચ થઇ રહ્યા છે, તેઓ નાચવા કૂદવાની તેમજ બીજી અનેક પ્રકારની ગમતો કરી વિકસ્વર થતા દેખાય છે, તેમાં બહારથી દીપતા તોફાની લોકો મોઢેથી હાકોટા કરે છે અને ગાયનો ગાય છે, વળી તેઓ સામસામા તાલ દે છે મોટા અવાજ કરે છે અને સેંકડો રાસો એક સાથે ચાલ્યા કરે છે.

"વળી એ મદિરાશાળા પુખ્ત વયના અને સુંદર આકૃતિવાળા અનેક પ્રાણીઓથી ભરેલી છે, તેમાં અત્યંત ગાઢ મદથી ઉદ્ધત થઇ ગયેલી અનેક સ્ત્રીઓ પણ આવી રહેલી છે, તે શાળા એટલી લાંબી છે કે એની શરૂઆત ક્યાં છે એમાં પ્રવેશ ક્યાં થાય છે અને એનો છેડો કયાં આવે છે તે જાણી શકાતું નથી, એ લોકનભસ (લોકાકાશ) નામની ભૂમિમાં આવી રહેલ છે; એમાં કરોડો મૃદંગ કાંસીઓ વાગ્યાં કરે છે, એમાં વિણાના નાદથી આનંદમાં વધારો થયા જ કરે છે, વાંસડાઓના અવાજથી બળદો અથવા લઇ જનારાઓ વધારે ઉદ્ધત બને છે અને જાનૈયાઓ સેંકડો અવાજો કરી રહ્યા છે.—આવી રીતે મદિરાશાળામાં નાચ ચાલે છે, ગાયનો ચાલે છે, વિલાસો ચાલે છે, દારૂનું પાન ચાલે છે, ખાવાનું કામ ચાલે છે, દાન દેવા લેવાનું ચાલે છે, આભૂષણો ધારણ કરવાનું કામ ચાલે છે, માનઅપમાનની ધમાલ ચાલે છે અને એવા વિચિત્ર ભાવો ઉલટા સુલટા ચાલ્યા કરે છે તેથી એ પીઠું લોકોને ચમત્કારનું કારણ હોય એમ દેખાઇ આવે છે. આવી રીતે અનેક [1]ચેષ્ટાઓને બતાવનાર, સર્વદા સેવાયેલ અને સર્વ સામગ્રીથી ભરેલા દારૂના પીઠાને મેં જોયું. લોકમાં એવું કોઇ પણ આશ્ચર્ય નથી અથવા એવું કોઇ નાટક નથી કે જે મેં આ દારૂના પીઠામાં ન જોયું હોય.

---

૧ અહીં મૂળમાં 'વિભ્રમ' શબ્દ છે. કારણ વગર ક્રોધ થાય, હાસ્ય થાય, પુષ્પ વિગેરે આભરણોની માગણી થાય, પહેરેલાં હોય તેને કાઢી નખાય, ગમે તેવું બોલવું થાય—એ સર્વને **વિભ્રમ** કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પીનારા.

"(૧[1]) ત્યાં અનંતા લોકો દારૂના ઘેનમાં પડેલા છે, તે બાપડા બોલતા નથી, ચેષ્ટા કરતા નથી કે કાંઇ વિચાર પણ કરતા નથી. વળી તે કોઇ પણ પ્રકારનો લૌકિક વ્યવહાર[2] પણ કરતા નથી અને માત્ર મરી ગયેલા હોય અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો જાણે તદ્દન મૂર્છા પામી ગયેલા હોય તેવા રૂપમાં હમેશા રહે છે.[3]

"(૨) વળી ત્યાં (એ મદિરાશાળામાં) બીજા[4] અનંતા લોકો છે તેઓ ઉપર જણાવેલા લોકો જેવો જ આકાર ધારણ કરનારા હોય છે, પરંતુ એ લોકો વચ્ચે વચ્ચે લોકનાં કાર્યો અને વ્યવહાર કાંઇ કાંઇ કર્યા કરતાં હોય છે.[5]

"(૩) વળી ત્યાં તેવા જ આકારના અને દારૂના મદમાં મસ્ત થઇને રહેનારા પૃથ્વી પાણી વિગેરે રૂપવાળા અસંખ્ય લોકો આવી રહેલા છે.[6]

"(૪) વળી અસંખ્ય લોકો એવા છે કે જેઓ ઢીચીઢીચીને આખો વખત દારૂનો સ્વાદ લીધા કરે છે, દારૂ પીધા કરે છે, પણ નથી કાંઇ સુંઘતા, નથી આડું અવળું જોતા અને નથી કાંઇ સાંભળતા. માત્ર તેઓ જમીનપર આળોટ્યા કરે છે, વચ્ચે વચ્ચે વારંવાર બૂમ પાડ્યા કરે છે અને દારૂના ઘેનમાં જીભ વડે કાંઇ સ્વાદ લીધા કરે છે.[7]

"(૫) વળી ત્યાં બીજા કેટલાક એવા પણ લોકો છે કે જેઓ કાંઇ કાંઇ ચીજોની ગંધ લીધા કરે છે, પણ આડું અવળું જોઇ શકતા નથી, કોઇનું સાંભળી શકતા નથી અને આવા લોકો પણ થોડા ઘણા નહિ પણ અસંખ્ય છે[8].

---

૧ આ એક વિગેરે સંજ્ઞાનો ભાવ નીચે પૃ. ૧૬૭૫-૭૬ માં સ્પષ્ટ કર્યો છે. ત્યાં તે સંખ્યા મૂકી તેની સાથે તે પ્રત્યેકનો ખુલાસો કર્યો છે.

૨ **લૌકિક વ્યવહાર:** લોક સંબંધી વ્યવહાર. જવું, આવવું, હરવું, ફરવું, બેસવું, ઉઠવું વિગેરે. આ દરેક વર્ગ જુદે જુદા છે તે આગળ આજ પ્રકરણમાં સ્પષ્ટ થશે. (દરેક પેરા જુદો વર્ગ બતાવે છે.)

૩ આ અવ્યવહાર રાશિના જીવો છે.

૪ અહીં **અનંત અસંખ્ય** અને **સંખ્યાતા** શબ્દ વાપર્યા છે તે જૈનના પારિભાષિક શબ્દ છે, તેના સ્વરૂપમાટે જુઓ કર્મગ્રંથ ચોથો.

૫ આ વ્યવહાર રાશિના વનસ્પતિકાય સમજવા.

૬ આ સૂક્ષ્મ બાદર પૃથ્વી અપ્ તેજ વાયુનું વર્ણન છે.

૭ આ વર્ણન બેઇંદ્રિયનું છે.

૮ આ તેઇંદ્રિયનું વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" (૬) વળી દારૂના ઘેનમાં મસ્ત થઇ ગયેલા બીજા અસંખ્ય લોકો ત્યાં એવા છે કે જેઓ આંખો ઉઘાડે તો સામે પડેલી વસ્તુને જોઇ શકે પણ તેઓ કાને કાંઇ સાંભળી શકતા નથી. તેવાઓની ચેતના ઉપર પણ દારૂની અસર સ્પષ્ટ દેખાઇ આવે છે.[1]

" (૭) વળી ત્યાં અસંખ્ય લોકો એવા છે કે જેઓની ચેતના મદિરાના ઘેનમાં તદ્દન શૂન્ય થઇ ગઇ છે, જેઓનાં મન મરી ગયાં છે અને જેઓ મન વગરના જણાઇ આવે છે.[2]

" (૮) વળી ત્યાં બીજા અસંખ્ય લોકો એવા છે કે જેઓની ચેતના વધારે સ્પષ્ટ થયેલી હોય છે, પણ જેઓમાં અત્યંત ખરાબ મદિરાની અસર બહુ વધારે રહેલી હોય છે; તેઓ બાપડા દુષ્ટ વૈરીઓથી વારંવાર છેદાય છે, ભેદાય છે, ચીરાય છે અને વળી અરસપરસ એક બીજાને છેદે છે, ભેદે છે, કાપે છે અને તેમ કરીને મહા ભયંકર વેદના પામે છે.[3]

" (૯) વળી ત્યાં બીજા અસંખ્ય લોકો એવા દેખાય છે કે જેઓનાં ચિત્ત દારૂના ઘેનમાં તદ્દન ભયભ્રાન્ત થઇ ગયાં હોય છે. તેઓ બીચારા દારૂની અસર તળે કોઇ પણ કામ કરવા જેવું નથી એમ તો સમજતા જ નથી અને વળી વધારામાં 'જનાવર'ના અવતાર અને આકારને ધારણ કરનારા થાય છે, મોઢેથી બૂમ માર્યા કરે છે, પોતાની માતાઓ સાથે પણ સંભોગ કરે છે, દારૂની અસર તળે ધર્મ કે અધર્મને ઓળખતા નથી, ગમે તેવાં કામો કર્યા કરે છે, બોલેલું વ્યક્ત સમજી ન શકાય તેમ બોલે છે. તેમાનાં કેટલાક જમીનપર આળોટ્યા કરે છે, કેટલાક દારૂની ધૂનમાં આકાશમાં ઉડ્યા કરે છે અને કેટલાક દારૂના કેફમાં ચકચૂર થઇ પાણીમાં ડૂબકી મારી પડી રહે છે.[4] એ લોકો માંહોમાંહે પણ અરસપરસ લડી મરે છે, અને અત્યંત આકરાં દુઃખો સહન કરે છે. ખરેખર, દારૂ સર્વ **આપત્તિઓનું સ્થાન છે!**

---

૧ ચઉરિંદ્રિયનું વર્ણન છે.

૨ આ અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચનું વર્ણન છે;

૩ નારકો વર્ણવ્યા.

૪ આ સર્વ અંતર ભેદો (ગર્ભજ) પંચેંદ્રિય તીર્યંચના છે. (અત્ર વર્ણન સ્થળચર ખેચર અને જળચરનું કર્યું છે.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" (૧૦) વળી એ મદિરાશાળામાં અસંખ્ય મનુષ્યો છે તેઓ બે પ્રકારના છે–એક તો તદ્દન ગાઢમત્ત થઇ ગયેલા અસંખ્ય છે અને બીજા સંખ્યાતા છે. એમાં જે મનુષ્ય તદ્દન મત્ત છે તેઓ જમીનપર આળોટે છે અને બાપડા દારૂના ઘેનમાં વમનને, થુંકને, પિત્તને, વિષ્ટાને તેમજ મૂત્રને ખાય છે અને પીએ છે. દારૂના ઘેનમાં તેઓને ખબર પણ પડતી નથી કે તેઓ શું કરે છે. વળી ભદ્ર! સંખ્યા ગણી શકાય તેવા[1] મનુષ્યો બીજા પ્રકારના છે તેઓ વળી દારૂની અસરતળે અરસપરસ લડાઇ કરે છે, મોટા મોટા કૂદકા મારે છે, નાચ કરવા લાગી જાય છે, ઊંચેથી ખડખડાટ હસે છે, ગાયન કરવા મંડી જાય છે, મોટું મોટું ઠેકાણા વગરનું ભાષણ કરવા લાગી જાય છે, નકામા રખડ્યા કરે છે, જમીનપર લેટી પડે છે, દોડાદોડ કરી મૂકે છે, વિલાસના આનંદરસમાં મેલ કચરાથી ભરેલી અને માંસ અને શ્લેષ્મ આદિ તુચ્છ વસ્તુઓથી પરિપૂર્ણ થયેલી સ્ત્રીઓના ગાલોને ચુંબન કરે છે, આંખો ચાટે છે અને સમજુ માણસને શરમ આવે તેવું અતિ વિચિત્ર વર્તન કરે છે, અનેક પ્રકારના ચાળા કરે છે, માબાપને મારવા સુધીની હદે પણ પહોંચી જાય છે, ચોરી વિગેરે અનાર્ય કાર્યો કરવા પણ લાગી જાય છે અને ગમે તેવાં ભ્રષ્ટ કાર્યો કરવા તત્પર બને છે; વળી [2]એવાં કામોને પરિણામે એ રાજપુરૂષો વડે સપડાય છે ત્યારે અનેક પ્રકારની ભયંકર વેદના સહન કરે છે અને ઘણો માર ખાય તો પણ દારૂ પીવાના કામથી જરા પણ પાછા હઠતા નથી.

" (૧૧) વળી એ દારૂના પીઠામાં અસંખ્ય પ્રાણીઓ બીજા આવી રહેલા છે જેઓને ચાર[3] ટોળામાં વહેંચી નાખવામાં આવ્યા છે. તેઓ પણ દારૂના ઘેનમાં ચકચૂર થયેલા હોય છે, આખો વખત કલબલ કલબલ કર્યા કરનારા હોય છે; તેઓની સામે વાંસ અને વીણાના સુંદર અવાજો થયા કરે છે, નાટક અને ખેલણાં ચાલ્યાં કરે છે, આનં-

---

૧ પ્રથમ ચઉદ સ્થાનકીઆ સંમૂર્છિમ મનુષ્યનું અને પછી ગર્ભજ મનુષ્યનું વર્ણન છે.

૨ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૯૭૬ શરૂ થાય છે.

૩ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ અને વૈમાનિક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દના વિલાસો ઉઠ્યા કરે છે અને મોરલીના અવાજો થયા કરે છે. સર્વ વખત તેઓ પાસે આવી ધમાલ થયા કરે છે અને તેઓ પણ નાચે છે, કૂદે છે, હસે છે, રડે છે અને પોતાની સ્ત્રીઓ સાથે પોતાની જાતને અનેક પ્રકારની વિડંબનાઓ કર્યા કરે છે. એ લોકો પણ મદિરામત્ત રહેતા હોવાથી તેની અસરતળે અંદર અંદર એક બીજાની ઇર્ષા કરે છે, શોક કરે છે, વારંવાર અભિમાનમાં ફૂલાઇ જઇ અકાર્યો કરી બેસે છે અને ચારે સમુદાયમાં રહેલા તેઓ પોતાની જાતને કાંઇક સુખી માને છે તો પણ વાસ્તવિક રીતે તેઓ પણ દુઃખી જ છે.

"(૧૨) વળી એ દારૂના પીઠામાં થોડાક (સંખ્યાતા) એવા પણ લોકો છે કે જેઓ દારૂના પીઠામાં રહેવા છતાં બીલકુલ દારૂ પીતા નથી અને મધ્યસ્થ ભાવે રહેતા હોય છે. દરરોજ વારંવાર દારૂ પીનારા લોકો આવા લોકોની મશ્કરી કરીને ટીકા કરતાં તેમને બ્રાહ્મણનું ઉપનામ આપે છે.[1]

"(૧૩) વળી એ આપાનક (મદિરાશાળા)ની બહાર બીજા અનંત લોકો એવા છે કે જેઓ જાતે મહા બુદ્ધિશાળી અને દારૂના ઘેન વગરના હોય છે. તેઓ આવા ગડબડવાળા અવ્યવસ્થિત પીઠાને જોઇને તેનાથી દૂર થઇ ગયેલા છે, બાધા પીડા વગરના થઇ ગયા છે અને નિરંતર આનંદઉત્સવમાં મગ્ન છે.[2]

"આવા આવા જૂદા જૂદા પ્રકારના અનેક વિભાગો તે દારૂના પીઠામાં અને પીઠાની બહાર જણાતા હતા તેના મેં તમને તેર વિભાગો ગણાવ્યા. હું દારૂની અસરતળે ખૂબ રાચી રહી પહેલાં તો પ્રથમના વર્ણવેલા વિભાગમાં ઘણા કાળ સુધી રહ્યો. પછી અથડાતાં પછડાતાં હું બીજા વિભાગમાં ગયો અને ત્યાં પણ દારૂના ઘેનમાં મસ્ત રહી ઘણો કાળ પડ્યો રહ્યો. વળી કોઇ વાર ધમાલ કરતો હું ત્રીજા વિભાગમાં આવ્યો અને ત્યાં પણ દારૂમાં ચકચૂર ઘણા વખત સુધી રહ્યો. વળી ત્યાર પછી ચોથા વિભાગમાં દારૂની લાલસાવાળો થઇને ગયો. ઉપર મેં તેર વિભાગો ગણાવ્યા તે સર્વ એ લોકના ભેદો છે તેનું સમાસથી મેં વર્ણન કર્યું. એમાં જે પ્રથમનો વિભાગ છે અને છેવટના બે

---

૧ મુનિઓનું વર્ણન છે.
૨ સિદ્ધનું વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિભાગો છે તે મૂકીને બાકીના દશે વિભાગોમાં હું ઘણીવાર હીંડ્યો-ચાલ્યો અને એ દશે ભેદ જે મદિરાશાળામાં જ છે તેની અસર નીચે અનંત વાર હું ગયો, રખડ્યો અને કૂટાયો.

મદ્યશાળામાં મારૂં વર્તન.

"એ મદિરાશાળાની ભૂમિ જે અતિ ખરાબ અને દુર્ગંધથી ભરેલી હતી અને જે વમન પિત્ત અપવિત્ર વસ્તુઓ મૂત્ર અને કચરાથી ભરેલી હતી તેમાં કોઇ વખત હું લોટતો હતો, કોઇ વખત ગુંઠણીએ ચાલતો હતો, કોઇ વખત ભાખોડીએ ચાલતો હતો, કોઇ વાર ઊભો થતો હતો, કોઇ વાર પડતો હતો, કોઇ વાર દારૂના ઘેનમાં મોટેથી રાડો પાડતો હતો, કોઇ વાર બૂમો પાડતો હતો, કોઇ વાર હસતો હતો, કોઇ વાર નાચતો હતો, કોઇ વાર રડતો હતો, કોઇ વાર દોડતો હતો, કોઇ વાર બીજા લોકો સાથે લડતો હતો, કોઇ વાર વધારે બળવાનો વડે માર ખાતો હતો, કોઇ વાર આખા શરીરે સેંકડો ઘા લાગવાથી પીડા પામતો હતો—આવી રીતે હે ભદ્ર! હું એ મદિરાશાળામાં વિચરતો હતો.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**બ્રાહ્મણની દૃષ્ટિ અને કરૂણા.**
**પ્રતિબોધ તરફ અરૂચિ.**
**પ્રવ્રજ્યા અને મદ્યત્યાગ.**

"હવે એક વખતે એ મદિરાશાળામાં રહેલા કોઇ બ્રાહ્મણોએ મારા તરફ નજર કરી. એ મહાશયોને મારી ઉપર કરૂણા આવી. તેઓએ વિચાર કર્યો કે—અરે આ બાપડો દારૂ પીવાના વ્યસનથી બહુ દુઃખો અનુભવે છે, તો કાંઇ ઉપાય કરીને એ બાપડાનું દારૂનું વ્યસન છોડાવીએ, જેથી જેમ આપણે સુખી થયા છીએ તેમ એ પણ સુખી થાય. આવો વિચાર કરીને એ બ્રાહ્મણોએ મને પ્રતિબોધ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓ મોટેથી પોકાર કરીને સાચી વાત મને સમજાવવા લાગ્યા પણ હું તો મદિરામસ્ત હોવાથી તેઓની વાત સાંભળું જ નહિ અને બેભાન જેવો એ મદિરાશાળાના જૂદા જૂદા વિભાગોમાં ફર્યા જ કરૂં. જ્યારે એ બ્રાહ્મણો બહુ બહુ બૂમો પાડવા લાગ્યા ત્યારે મેં તેમને જરા હોંકારો આપ્યો એટલે વળી તેઓએ મને બોલાવવા ઘણો પ્રયત્ન કર્યો; એ અવસરે દારૂનું ઘેન કાંઇક ન્યૂન થવાથી મારી ચેતના પ્રગટ થવા લાગી અને મેં તેમને જવાબ આપ્યો. તેઓએ પછી દારૂ પીવામાં કેટલા દોષો છે તે મને વિસ્તારથી કહ્યા. મને પણ એ વાતની ખાતરી થઇ, એટલે મેં દારૂનો ત્યાગ કરવાનો ઠરાવ કર્યો અને હું પણ તેઓના

જેવો બ્રાહ્મણ થયો. એ સર્વ બ્રાહ્મણોએ પણ પ્રવ્રજ્યા ( યતિવેષ ) લીધી હતી જેથી મેં પણ તેમ જ કર્યું ( પ્રવ્રજ્યા લીધી ). દારૂથી જે અજીર્ણ મને થયું હતું તે હજુ સુધી જો કે મને મટી ગયું નથી તો પણ મને પૂર્ણ આશા છે કે આ પ્રવ્રજ્યાના જોરથી મારા સર્વ અજીર્ણને હું કાપી નાખીશ. ભાઇ ! આ મારા વૈરાગ્યનું કારણ છે."

* * *

* *

[1]અગૃહીતસંકેતા ! જ્યારે સાધુ મહારાજ આ પ્રમાણે પોતાની વાર્તા કરી રહ્યા હતા તે જ વખતે અકલંકના મનમાં સાધુ શું બોલે છે તે માટે વિચાર ચાલ્યા કરતા હતા. એ સંબંધી વિચાર કરતાં કરતાં અકલંકને જાતિસ્મરણ[2] જ્ઞાન થયું. પૂર્વ ભવમાં પોતે અભ્યાસ કરેલ જ્ઞાન તેને યાદ આવ્યું તેથી મુનિમહારાજ જે વાર્તા કરી રહ્યા હતા તેની અંદરનો ભાવાર્થ તેના ધ્યાનમાં આવી ગયો. તે પોતાના મનમાં બહુ પ્રમોદ પામ્યો અને મુનિમહારાજને વંદના કરી ત્રીજા મુનિરાજની તરફ ચાલ્યો.

અકલંકને સ્વ-જાતિસ્મરણ.

અગાઉની જેમ મેં ( ધનવાહને ) અકલંકને પૂછ્યું કે " ભાઇ ! આ વાર્તાનો ભાવાર્થ હું તો કાંઇ સમજ્યો નહિ, મને તેની અંદરની વાત બરાબર સ્પષ્ટ કરીને સમજાવ ! એટલે અકલંકે તે વાતનું રહસ્ય કહેવા માંડ્યું:–

* * *

મદિરાશાળા એ સંસાર.
તેમાં આસવો–મદ્યપાત્રો.
દારૂની અસરમાં ધમાલો.

## દારૂનું પીઠું.

" ભાઇ ધનવાહન ! આ સંસાર છે તે જ દારૂનું પીઠું અથવા " મદિરાશાળા છે એમ જણાવતાં આ મુનિએ આ સંસારને તે આકા-

---

૧ બીજા મુનિએ ધનવાહન અને અકલંક સમક્ષ પોતાના વૈરાગ્યનું કારણ જણાવ્યું–આ આખી વાર્તા સંસારીજીવ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ કહે છે તે લક્ષ્યમાં રાખવું.

૨ જાતિસ્મરણ: પૂર્વભવમાં પોતે ક્યાં હતો, કોણ હતો–તેની વિગત સ્મરણમાં આવે તેને જાતિસ્મરણ જ્ઞાન કહે છે. સંજ્ઞી પંચેંદ્રિય સંબંધી સંખ્યાતા ભવ તેમાં યાદ આવે છે. એ મતિજ્ઞાનનો ભેદ છે.

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"રમાં જોઇને તેને પોતાના વૈરાગ્ય થવાના કારણ તરીકે જણાવ્યો; તે "વાત આવી રીતે છે તે તું લક્ષ્યમાં લઇને સમજઃ—

"આ સંસાર ખરેખર દારૂના પીઠા જેવો જ છે, કારણ કે એમાં "અનેક બનાવો બની ગયા છે, બને છે અને બનશે; એમાં અનંતા "જીવો દારૂડીઆનો પાઠ ભજવે છે, આઠ પ્રકારનાં કર્મો અને તેના "ઉત્તર ભેદો જૂદા જૂદા પ્રકારના દારૂનો (મદ્યોનો) ભાગ ભજવે છે; "એમાં ચાર પ્રકારના કષાયો [1]આસવોનો ભાગ ભજવે છે; એમાં "નવ નોકષાયો સરકાનો ભાગ ભજવે છે; એમાં ચાર ઘાતિ કર્મો "(જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય) સુરા (દારૂ) "નો પાઠ ભજવે છે; જૂદી જૂદી ગતિનાં આયુષ્યો તે મદિરાને આ- "ધારભૂત હોવાથી ચિત્રવિચિત્ર [2]મદ્યપાત્રો (વાસણો)નો ભાગ ભજવે "છે; પ્રાણીઓનાં શરીરો કર્મરૂપ મદ્યોનો ઉપયોગ કરનારા હોવાથી "દારૂ પીવાનાં પાત્રોનો ભાગ ભજવે છે; ઇંદ્રિયો શરીરોને વિભૂષણ "કરનારી હોવાથી અને અત્યંત આસક્તિના કારણથી કાળાં કમળની "શોભા ધારણ કરવાનો ભાગ ભજવે છે. કર્મરૂપ દારૂમાં મત્ત થયેલા "લોકો દારૂના ઘેનમાં લચપચ થઇ ગયેલા હોય છે અને નાચવા "કૂદવાની તેમજ બીજી અનેક પ્રકારની રમતો તેમ જ હાસ્ય, "ચાળાચેષ્ટા અને કલબલાટ કરે છે; તે ચાળાચેષ્ટામાં કજીઆ કંકાસો "મૃદંગનો ભાગ ભજવે છે; અંદર અંદર ઘણો કલેશ કરનારા અને "ગડમથલ કરનારા લુચ્ચા લોકો તેમાં કાંસીઓનો ભાગ ભજવે છે; "દુઃખી પ્રાણીઓના દુઃખના મંદ મંદ વિલાપો અને નિઃશ્વાસો વીણાનો "ભાગ ભજવે છે; શોકથી ભરેલા લોકોના કરૂણ અવાજો ત્યાં વાસના "અવાજેનો ભાગ ભજવે છે; આપત્તિમાં આવી પડેલા પ્રાણીઓની "ચેષ્ટાઓ મુકુન્દ[3]ના જેવા અવાજો કરવાનો પાઠ ભજવે છે; વહાલાના "વિયોગ વિગેરે પ્રસંગે લોકોની દીનતા બતાવનારી ચીસો ત્યાં ખડ- "તાળનો પાઠ ભજવે છે; અત્યંત અજ્ઞાનને તાબે થઇ મૂર્ખ લોકો "જાનૈયાનું અનુકરણ કરે છે.

દારૂ પીનારા.

"એમાં દેવતાઓ સુંદર આકૃતિવાળા લોકોનો ભાગ ભજવે છે;

---

૧ આસવ, સરકો, મદ્ય અને સુરા એ જૂદી જૂદી રીતિથી બનાવેલા દારૂના પ્રકારો છે. (Spirit, wine, alchohol વિગેરે).

૨ મદ્યપાત્ર એટલે દારૂને ભરવાનું પાત્ર (બાટલી વિ૦). દારૂ પીવાનાં પાત્ર તે ગ્લાસ વિગેરે સમજવા.

૩ એક જાતનું વાજિત્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તેઓની અપ્સરાઓ ગાઢ મદથી ઉદ્ધત થયેલી જુવાન સ્ત્રીઓનો
"ભાગ ભજવે છે. આ સંસારમદિરાશાળા એટલી લાંબી છે કે એની
"શરૂઆત ક્યાં છે, એમાં પ્રવેશ ક્યાંથી થાય છે અને એનો છેડો
"ક્યાં આવે છે તે જાણી શકાતું નથી; મતલબ કે એ અનાદિ
"અનંત છે. એ સદાકાળ લોકાકાશમાં આવી રહેલી છે. એમાં
"નાચ ચાલે છે, ગાયનો ચાલે છે, વિલાસો ચાલે છે, દારૂનું પાન
"ચાલે છે, ખાવાનું કામ ચાલે છે, દાન દેવા લેવાનું ચાલે છે,
"આભૂષણો ધારણ કરવાનું ચાલે છે, માન અપમાનની ધમાલ
"ચાલે છે અને એવા ચિત્રવિચિત્ર ભાવો ઉલટા સુલટા ચાલ્યા કરે
"છે તેથી એ જડ પ્રાણીઓને સંસારના વધારાનું કારણ બને છે અને
"વિવેકી પ્રાણીઓને સંસારપર વૈરાગ્ય થવાનું કારણ બને છે.

## તેર વિભાગો.

"એ મુનિમહારાજે એ મદિરાશાળામાં તેર પ્રકારના લોકો કહ્યા
"તે જૂદા જૂદા પ્રકારના જીવો સમજવા. તે તેર ભાગો નીચે
"પ્રમાણે છે.

૧. સૌથી શરૂઆતનો જે વિભાગ બતાવવામાં આવ્યો તે અસંવ્યવહાર વનસ્પતિ સમજવી.[1]
૨. ત્યાર પછીના વિભાગમાં અંદર અંદર સંવ્યવહાર કરનાર વનસ્પતિ સમજવી.
૩. ત્યાર પછી જે વિભાગ બતાવવામાં આવ્યો તેમાંના લોકોને પૃથ્વી પાણી અગ્નિ અને વાયુના નામથી ઓળખવામાં આવે છે.
૪. ત્યાર પછી બે ઇંદ્રિયો બતાવવામાં આવ્યા છે.
૫. ત્યાર પછી તેઇંદ્રિયોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.
૬. ત્યાર પછી ચૌરિંદ્રિયનું વર્ણન કરવામાં આવ્યું છે.
૭. ત્યાર પછી [2]અસંજ્ઞી પંચેંદ્રિયનું વિવેચન કરવામાં આવ્યું છે.
૮. ત્યાર પછી નારકીના જીવોને બતાવવામાં આવ્યા છે.
૯. ત્યાર પછી પંચેંદ્રિય તિર્યંચો દર્શાવવામાં આવ્યા છે (જળચર, સ્થળચર અને ખેચર).

---

૧ અનંત સૂક્ષ્મ નિગોદ. એનું વિવેચન બીજા પ્રસ્તાવમાં વિસ્તારથી થઇ ગયું છે.

૨ **અસંજ્ઞી** પંચેંદ્રિય તિર્યંચોનું જ આ વર્ણન છે. એના મળમુત્રમાં તો બેઇંદ્રિય તેઇંદ્રિય ઉત્પન્ન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. ત્યાર પછી સંમૂર્છિમ[1] અને ગર્ભજ બે પ્રકારના મનુષ્યો જણાવવામાં આવ્યા છે.

૧૧. ત્યાર પછી ચાર નિકાય ( ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક )ના દેવતાઓ બતાવવામાં આવ્યા છે.

૧૨. ત્યાર પછી બ્રાહ્મણની સંજ્ઞાથી જે મનુષ્યો બતાવવામાં આવ્યા છે તે ઇંદ્રિયપર સંયમ રાખનાર ત્યાગી વૈરાગી સંયત મનુષ્યો-મુનિવર્યો દર્શાવવામાં આવ્યા છે.

૧૩. ત્યાર પછી સંસારમદિરાશાળાથી તદ્દન બહાર રહેલા મુક્ત જીવોનું વર્ણન કરવામાં આવ્યું છે. ( મોક્ષમાં ગયેલા અનંત જીવો. )

" એ સર્વે વિભાગના પ્રાણીઓનું સંખ્યાપ્રમાણ કેટલું છે તથા તેમનાં લક્ષણો કેવાં છે તે પણ તે સાથે બતાવવામાં આવ્યું છે. તેઓના સંબંધમાં વિચિત્ર પ્રકારના બનાવો કેવા કેવા બને છે તે પણ સંક્ષેપમાં સાથે જ બતાવવામાં આવ્યું છે. મુનિમહારાજે પોતે કર્મમધનું પાન કરનાર પોતાની જાતને ( પોતાના આત્માને ) વર્ણવીને બતાવી દીધી, તેમાં તેઓએ બતાવ્યું કે પોતે પ્રથમ તો અસંવ્યવહાર જીવરાશિમાં અનંતકાળ સુધી રહ્યા હતા; ત્યાંથી અનંતો કાળ ગયા પછી પોતે બહુ મુસીબતે બહાર નીકળ્યા એમ પણ સાથે સમજાવી દીધું; ત્યાર પછી સંવ્યવહાર વનસ્પતિમાં પોતાને ઘણો કાળ રહેવું પડ્યું એમ મુનિરાજે જણાવ્યું; ત્યાર પછી દશે સ્થાનોમાં અવારનવાર ફરી ફરીને બહુ ભટકવું પડ્યું એમ મુનિરાજે વાત કરી. માત્ર એ અસંવ્યવહાર નગરમાં ફરીવાર ગયા નહિ અને તેમનો છેલ્લા બ્રાહ્મણના અને મુક્ત આત્માઓના વિભાગમાં કદિ પ્રવેશ થયો નહિ એમ તેમણે સમજાવ્યું. એ દશ વિભાગમાં તેમના આત્માએ કેવી કેવી તીવ્ર પીડાઓ સહન કરી તે તેમણે સ્પષ્ટ કર્યું છે.

દશ વિભાગોમાં રખડપાટો.

" તેટલા માટે હે ભાઇ! આ સંસાર દારૂના પીઠા જેવો છે અને
" આત્માને દુઃખ થવાનો હેતૂભૂત છે એમ મુનિમહારાજે આપણને
" સમજાવ્યું. વળી તેઓએ છેવટે કહ્યું કે મદિરાશાળામાં રહેલા
" બ્રાહ્મણોએ તેને જોયા અને તેમને યત્નપૂર્વક પ્રતિબોધ કર્યો તે વાતની
" પણ યોજના બરાબર થઇ ગઇ તે આવી રીતેઃ—

---

૧ ગર્ભથી ઉત્પન્ન થાય તે ગર્ભજ, ગર્ભસિવાય થયેલા, જન્મેલા તે સંમુર્છિમ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બ્રાહ્મણબોધ.**

"અનાદિ સંસારના તથાપ્રકારના સ્વભાવનો યોગ થવાથી કર્મની "વધારેમાં વધારે (ઉત્કૃષ્ટ) વિગેરે સ્થિતિ ભોગવીને પછી પ્રાણીને "મનુષ્ય વિગેરે જાતિમાં સુસાધુમહાત્માઓનો સંબંધ થઇ જાય ત્યારે "પણ ઘર્ષણઘૂર્ણન[1] ન્યાયે તેને ઘણુંખરૂં દ્રવ્ય[2] શ્રુતની પ્રાપ્તિ થાય "છે પણ કર્મમદિરાના ઘેનમાં તેને સમ્યક્ત્વની તથા જ્ઞાનની પ્રાપ્તિ "થતી નથી તથા તે સત્ક્રિયા આદરી શકતો નથી અને સારા "સાધુઓના સબંધનો લાભ લઇ શકતો નથી–આ મારૂં અત્યંત બાધ- "રાપણું[3] સમજવું. તે ઘણું ભયંકર તથા સંસાર વધારનાર હોઇને એના "બળથી આ જીવ બેભાન જેવો થઇ વારંવાર ભ્રમણ કર્યા કરે છે જેથી "એમ કરતાં જ્યારે કાળ વિગેરે સર્વ હેતુઓ[4] અનુકૂળ થાય છે ત્યારે "આ પ્રાણી અતિ આકરી કર્મની ગાંઠને શુભ ભાવ વડે છેદીને (કાપી "નાખીને) કોઇ કોઇ પ્રાણી જ માત્ર મહા મુશ્કેલીએ મેળવી શકે તેવું "અને તેથી રાધાવેધની ઉપમાને યોગ્ય સુંદર દર્શન પ્રાપ્ત કરે છે. "ઉપર કહેવામાં આવ્યું છે કે સુસાધુઓ ધર્મદેશનારૂપ પોકાર કરીને "બુમ પાડે છે ત્યારે તેના જવાબમાં પ્રાણી હોંકારો દે છે–એ આ "ધર્મદેશનાના બોધરૂપ હોંકારો સમજવો. એના (હોંકારાના) સંબં- "ધમાં બીજા 'દર્શન,' 'મુક્તિબીજ,' 'સમ્યક્ત્વ,' 'તત્ત્વવેદન,' "'દુઃખાન્તકૃત,' 'સુખારંભ' વિગેરે શબ્દો યોજવામાં આવે છે. એ "સર્વ શબ્દો એક જ વાતને (હોંકારાને) સૂચવે છે. પ્રાણી જ્યારે "'સમ્યગ્દર્શન'વાળો થાય છે ત્યારે પછી તત્ત્વશ્રદ્ધાનથી તેનો આત્મા "પવિત્ર થાય છે અને પછી તે સંસારસમુદ્રમાં રખડતો નથી. તે "પ્રાણી ત્યાર પછી સમ્યગ્શાસ્ત્રને અનુસારે જેનું જેવું રૂપ હોય તેવું "વાસ્તવિક સ્વરૂપ પોતાની બુદ્ધિચક્ષુઓથી જુએ છે; જેમ કોઇ "પ્રાણીને આંખનો રોગ થયેલો હોય તે મટી જાય ત્યારે જેમ તે "વસ્તુનું રૂપ બરાબર જુએ તેવી તેની સ્થિતિ થાય છે; તેવી રીતે યથા- "સ્થિત રૂપ જોઇને પ્રશાંત અંતરાત્માવડે પરમ સંવેગભાવને આશ્ર- "યીને વસ્તુઓની અંદર રહેલા આંતર ભાવોપર યથાયોગ્ય વિચારણા

૧ **ઘર્ષણઘૂર્ણન ન્યાયઃ** નદીમાં પથ્થર ઘસાતો અફળાતો ગોળ થઇ જાય છે, કોઇ તેને ખાસ ઘડતું નથી તે પ્રમાણે.

૨ **દ્રવ્યશ્રુતઃ** ઉપર ઉપરનું જ્ઞાન, આત્માને અસર ન કરે તેવું.

૩ **બાધરાપણું** તે અહીં દારૂ પીવાની તીવ્ર ઇચ્છા સમજવી.

૪ **મુખ્ય હેતુઓ પાંચ છેઃ** કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યોગ અને કર્મ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" કરે છે. એવા પ્રાણીની વિચારણા કેવી હોય તેના કેટલાક નમુના
" અત્ર બતાવું છું:—

વિચારણા અને સાધના.

" આ ભયંકર સંસારસમુદ્ર જન્મોથી ભરેલ છે, મરણોથી ભરેલ " છે, ઘડપણથી ભરેલ છે, વ્યાધિઓથી ભરેલ છે, " રોગોથી ભરેલ છે, શોકથી ભરેલ છે અને પ્રાણી- " ઓને અનેક પ્રકારના કલેશ કરાવનાર છે, જ્યારે " ઉપર કહેલા જન્મ મરણ વિગેરે ક્લેશોથી રહિત " ભય વગરનો અને બાધાપીડાવર્જિત મોક્ષજ માત્ર પ્રાણીને સુખ " માટે છે. અન્વય વ્યાપ્તિએ એમ જણાય છે કે હિંસા વિગેરે દુઃખાદિ " સંસારનાં કારણ છે (જ્યાં જ્યાં હિંસા કરવાપણું હોય ત્યાં ત્યાં " સંસારમાં રખડવાપણું છે એ અન્વય વ્યાપ્તિ છે) અને અહિંસાદિ " એટલે બાધાપીડારહિતપણું એ મોક્ષનું કારણ છે (જ્યાં જ્યાં " અહિંસા હોય છે ત્યાં મોક્ષ આખરે આવે છે એ વ્યાપ્તિ). આવી " રીતે બુદ્ધિચક્ષુવડે સંસારનું નિર્ગુણપણું અને મુક્તિનું ગુણરૂપપણું " જોઇને વિશુદ્ધ આત્મા આગમમાં કહેલી રીત પ્રમાણે તેને માટે પ્રયત્ન " કરે છે. જેમ એક કામી પુરૂષ પોતાની વહાલી સ્ત્રીને મેળવવા માટે " અનેક મુશ્કેલ કામો કરે છે તેમ મોક્ષ મેળવવાની દૃઢ કામનાવાળો " પ્રાણી ક્ષુદ્ર પ્રાણીઓને કરવાં મુશ્કેલ એવાં મહાન્ કાર્યો અને અનુ- " ષ્ઠાનો કરે છે. પ્રાપ્ત કરવા યોગ્ય સુંદર વસ્તુ પ્રાપ્ત કરવાના પ્રયાસમાં " જે મુશ્કેલ અનુષ્ઠાનો કરવામાં આવે છે તેનાથી મન જરા પણ પીડા " પામતું નથી કારણ કે તે વસ્તુ પ્રાપ્ત કરવાનો મનમાં પ્રતિબંધ થયેલો " હોય છે અને એકવાર એક બાબત પ્રાપ્ત કરવામાં મન લાગ્યું તો " પછી તેના પ્રયાસમાં મહેનત કે મુશ્કેલી ગણતરીમાં આવતા નથી. " આથી મુશ્કેલ અનુષ્ઠાનો પ્રાપ્ત કરવાની તીવ્ર ભાવનાવાળો પ્રાણી " જ્યારે પ્રયાસ કરે ત્યારે તેને તેમાં મુશ્કેલી લાગતી જ નથી અને " વળી જ્યારે એ બરાબર વિચાર કરે છે ત્યારે તેને હેય (તજવા યોગ્ય " વસ્તુ બાબતો કે અનુષ્ઠાનો) વસ્તુ આદરવામાં ઉલટો શ્રમ લાગે " છે.[1] એક સમજુ માણસ હોય, વ્યાધિઓથી ભરાઇ ગયેલો હોય અને " પછી જરા જરા આરોગ્ય પ્રાપ્ત કરતો જતો હોય તો તેને આકરી " કરી અથવા સખ્ત ઔષધ લેવામાં સારી રીતે પ્રીતિ થાય છે અને " તેમ કરવામાં તે બહુ હોંસથી પ્રવૃત્તિ કરે છે, તે પ્રમાણે ઉત્તમ

---

૧ સમજુઓને શાંત રહેવામાં મુશ્કેલી લાગતી નથી, ઉલટો ક્રોધ કરવો હોય તો મુશ્કેલી લાગે છે. આવી રીતે સર્વ તજવાયોગ્ય બાબત માટે સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"મનુષ્ય જ્યારે પોતાની જાતને સંસારવ્યાધિથી ભરપૂર થયેલ જુએ છે "અને પછી ઉપાયો કરવાથી શમરૂપ આરોગ્ય પોતાને થતું જુએ છે "ત્યારે તે ઉપાયો પોતાના આત્મામાટે કરવામાં તે પોતામાં જેટલી "શક્તિ હોય તેટલીનો પ્રસન્ન ચિત્તથી પૂરતો ઉપયોગ કરે છે અને મક્રમ-"પણે વધારે આરોગ્ય પ્રાપ્ત કરવાના કામમાં વધતો ચાલે છે તેમજ "તે માટે ચારિત્રને પ્રાપ્ત કરીને તેમાં ક્રમસર આગળ આગળ વધતો "જાય છે. ત્યારપછી તે સર્વજ્ઞ થઇ ભવોપગ્રાહી[1] કર્મનો છેવટે જ્ઞાનયોગના "જોરથી ક્ષય કરી શાશ્વત મોક્ષને પ્રાપ્ત કરેછે. આવી મહા 'કલ્યાણ-"પરંપરા' મહાત્મા સાધુઓની સેવનાથી ઘણું કરીને પ્રાણીને પ્રાપ્ત "થાય છે.

"એ છેલ્લી હકીકત કહી તેના સંબંધમાં સમજુ[2] ડાહ્યા માણસો "અગાઉ કહી ગયા છે કે ભક્તિપૂર્વક નિરંતર **સાધુની સેવા**, ભાવપૂર્વક "પ્રાણીઓ તરફ **મૈત્રી** અને પોતાના **ગ્રહનો** મોક્ષ (આગ્રહથી મૂકાવું તે) "એ **ધર્મ**હેતુને સાધનાર બાબતો છે.

"**સાધુસેવાનાં** ફળો આ છેઃ—એનાથી એક તો નિરંતર સાચો "અને સારો ઉપદેશ મળે છે, ધર્મનો આચાર કરનાર મહાપુરૂષોના "દર્શન થાય છે (એટલે ભાવના હૃદયસન્મુખ રહે છે) અને યોગ્ય "પાત્રનો વિનય કરવાના પ્રસંગો મળે છે. આ ફળો કાંઇ નાનાસૂનાં નથી, "એ મોટાં ફળો છે.

"**મૈત્રી** ભાવનાર પ્રાણીને શુભ ભાવ ઉત્તરોત્તર ઉત્પન્ન થાય છે "અને શુભ ભાવરૂપ જળના છંટકાવથી દ્વેષરૂપ અગ્નિ ઠંડો પડતો "જાય છે. એ દ્વેષ અગ્નિમાં લાકડાં કે ઘાસ નાખવાથી તે વધે છે "પણ મૈત્રીભાવ એ અગ્નિને બુઝવે છે.

"**ખોટા ગ્રહને** મૂકી દેવાથી સર્વ દોષોને ઉત્પન્ન કરનાર અને "સર્વ ગુણોનો ઘાત કરનાર તૃષ્ણા ચાલી જાય છે.

"આવી રીતે ગુણના સમૂહથી યુક્ત થયેલો વિશુદ્ધ આત્મા પો-"તાના આશયોમાં સ્થિર રહીને કાર્ય સાધે છે તેને તત્ત્વજ્ઞાનીઓ "**સમ્યગ ધર્મનો સાધક** એવા નામથી-સંબોધનથી બોલાવે છે.

---

૧ **ભવોપગ્રાહી કર્મઃ** વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય-આ ચાર ભવો-પગ્રાહી કર્મો કહેવાય છે.

૨ **સમજુ**, ડાહ્યા (मनीषी)-આ વિશેષણ **હરિભદ્રસૂરિ** મહારાજને માટે વાપર-વામાં આવ્યું છે, કેમ કે આ પાંચે પારિગ્રાફના શ્લોકો **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયના** છે જેના કર્તા **શ્રીહરિભદ્રસૂરિ** છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભાઇ ઘનવાહન! એ મુનિએ આપણને જે વાત કરી તેનો "ભાવ એમ સમજવો કે કરૂણાતત્પર બ્રાહ્મણોનો આકાર ધારણ "કરનારે તેને (મુનિને) બોધ આપ્યો.

"હવે આ કથાનકમાં મુનિમહારાજે બીજી જે વાત કરી તે પ્રથમ "મુનિ સંબંધી વાત કરી હતી તેનાથી તને સ્પષ્ટ થઇ

૨૫૪ ઉ- "જાય તેવી છે તેથી તેના સંબંધમાં ફરીવાર વર્ણન

પ ન વ. "કરતો નથી. જો ભાઇ! ત્યાગ (વિરતિ) વગરના સર્વે "પ્રાણીઓ કર્મરૂપ દારૂમાં આસક્ત અને લચપચ "છે એ તો ઉઘાડી વાત છે અને સંસારરૂપ મદિરાશાળામાં રહેવા છતાં "સાધુઓ તેનાથી તદ્દન દૂર છે, તેના વગરના છે, તેનાથી પરાઙ્મુખ "છે એ વાત પણ ઉઘાડી છે. એ કર્મમદ્યથી આ સાધુના જીવને "પેલા સાધુઓએ યત્નપૂર્વક નિવાર્યો, રોક્યો, ઠેકાણે આણ્યો અને "ત્યાર પછી આ સાધુઓએ દીક્ષા લીધી—એ એના વૈરાગ્યનું કારણ થયું. "દીક્ષાના જોરથી મદ્યના અજીર્ણરૂપ કર્મઅજીર્ણને જેરવી નાખીને "એ મુનિ સંસારરૂપ મદિરાશાળાની બહાર ચાલ્યા જશે, સર્વથા એ "મદિરાશાળાથી મુક્ત થઇ જશે.

"અને ભાઇ ઘનવાહન! આવી દુઃખદ અને ગંદી દારૂશાળામાં આપણા જેવાએ સમજી જાણી વિચારીને રહેવું તે જરા પણ યોગ્ય નથી, આપણને તે શોભતું નથી."

[1]અહો અગૃહીતસંકેતા! આવી રીતે અકલંકે વિસ્તારથી વિવેચન કર્યું પણ મને તેનાથી કાંઇ પણ બોધ થયો નહિ અને જેમ શૂન્ય અરણ્યમાં મુનિ મૌન ધારણ કરે તેમ હું ચૂપ રહ્યો. ત્યાર પછી અમે ત્રીજા મુનિ પાસે આવી પહોંચ્યા.

૧ સંસારીજીવ હવે બોલે છે. અહીં અકલંકનું વિવેચન પૂરૂં થાય છે. આખી વાર્તા સંસારીજીવ અગૃહી૦ પાસે કહી જાય છે તે લક્ષ્યમાં રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૪ થું.

## અરઘટ્ટઘટ્ટી યંત્ર (રેંટ).

### { તૃતીયમુનિ વૈરાગ્યપ્રસંગ. }

આ ગૃહીતાસંકેતાને ઉદ્દેશીને પ્રજ્ઞાવિશાળા અને **ભવ્યપુરૂષની** હાજરીમાં સદાગમ સમક્ષ સંસારીજીવ પોતાનું ચરિત્ર કહેતાં આગળ જણાવે છેઃ—બીજા મુનિસંબંધી હકીકતનું રહસ્ય અકલંક કહી રહ્યા પણ મારા પર તેની અસર જરા પણ થઇ નહિ; તે વાત કરતાં કરતાં બુધનંદન ઉદ્યાનમાં અમે ત્રીજા મુનિસમક્ષ આવી પહોંચ્યા. અત્યંત ભક્તિપૂર્વક સાચા દીલે મુનિને અકલંકે વંદન કર્યું, હું પણ બાજુએ ઊભો રહ્યો. પછી અત્યંત વિનયપૂર્વક અકલંકે તે મુનિને વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું.

**વૈરાગ્યકારણ—અરઘટ્ટઘટ્ટ.**
**વિસ્તારથી તેનું વિવેચન.**
**ત્યાગથી લાભ, પ્રાપ્તિ.**

મુનિરાજે જવાબમાં જણાવ્યું કે 'એક **અરઘટ્ટઘટ્ટ યંત્ર** (રેંટ) જોઇને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો.'

મુનિરાજનો આવો જવાબ સાંભળીને અકલંકે પોતાના મનમાં વિચાર કર્યો કે જેવી રીતે પ્રથમ મુનિએ મોટી આગને પોતાના વૈરાગ્યનું કારણ બતાવી હતી અને જેવી રીતે બીજા મુનિએ મદિરાશાળાને પોતાના વૈરાગ્યનું કારણ જણાવી હતી તેવી જ રીતે આ મુનિના સંબંધમાં રેંટે કામ કરેલું હોવું જોઇએ. આનંદથી અને સ્મિતથી મનમોહક લાગતા આ મહાત્માને તે સંબંધી વિશેષ પૂછવામાં આવશે તો કાંઇ નવું જાણવાજેવું જરૂર મળશે-આવો વિચાર કરીને હસમુખા વદને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે તે મુનિરાજને પૂછ્યું.–"મહાભાગ! સ્પષ્ટ રીતે રેંટ આપને વૈરાગ્યનું કારણ કેવી રીતે થયો તે વિગતવાર અમને સમજાવો."

મુનિએ જવાબમાં કહ્યું "સાંભળો!

"હે નરોત્તમ! મેં જે પાણી કાઢવાનો રેંટ જોયો તે પૂરતા જોસથી ચાલતો હતો, દીવસ અને રાત વહ્યા કરતો હતો, તે આખો સંપૂર્ણ એક જ હતો અને તેનું **ભવ** એવું નામ હતું.

"એ રેંટના ખેડનારા[1] સાથીઓ ચાર હતા તેઓનાં નામો આ પ્રમાણે છેઃ **રાગ, દ્વેષ, મનોભાવ** અને **મિથ્યાદર્શન.**

"એ સર્વ સારથીઓનો ઉપરી **મહામોહ** નામનો હતો. આખો રેંટ એ મહાપુરૂષના પ્રતાપથી ચાલતો હતો.

"એ રેંટને ખેંચવા માટે સોળ બળદો હતા, કાંઇ પણ ચારો પાણી લેતા નહોતા, છતાં બહુ બળવાન્ હોવાથી ઉદ્ધત થઇ રહેલા હતા, અત્યંત વેગવાળા અને ઘણી ઉતાવળથી કામ કરનારા હતા અને કષાય નામથી ઓળખાતા હતા.

"એ રેંટને અંગે કામ કરનારા[2] **હાસ્ય, શોક, ભય** વિગેરે નિપુણ સેવકો હતા અને વળી **જુગુપ્સા, રતિ, અરતિ** વિગેરે દાસીઓ પણ કામ કરવા તૈયાર હતી.

"એ રેંટને દુષ્ટયોગ અને **પ્રમાદ** નામના બે ઘણા મોટા તુંબા હતા અને **વિલાસ, ઉલ્લાસ** અને **ચાળા** નામના એ રેંટને આરાઓ હતા.

"ત્યાં **અસંયતજીવ** નામનો મહાભયંકર અતિ ઊંડો કૂવો હતો, એ **પાપથી** [3]**અવિરતિરૂપ જળથી** ભરેલો હતો અને એટલો ઊંડો પાતાળમાં ગયેલો હતો કે એનું તળીયું પણ જણાતું ન હોતું.

"ત્યાં **જીવલોક** નામની ઘટમાળ (પાણી કાઢવાનું યંત્ર) અત્યંત વિસ્તારવાળી હતી તે પાપથી અવિરતિરૂપ પાણીના જથ્થામાં મગ્ન થઇ

---

૧ કર્ષક શબ્દ અસલ છે. તેનો અર્થ ખેડુત અથવા ખેંચનાર છે. કાઠિયાવાડમાં એને 'સાથી' કહે છે.

૨ પ્રથમ વર્ણન ઉપર રહેલી ચીજો તથા પ્રાણીઓનું ચાલે છે. કામ કરનાર દાડીઆ તેમજ સ્ત્રીઓ કોઇ પણ રેંટ પાસે હોય જ છે તે બન્નેનો પ્રકાર અત્ર બતાવ્યો. હવે કૂવા પાસે અને અંદર તેમજ રેંટની પોતાની રચના વિગતવાર બતાવશે.

૩ સતત પાપ પ્રવૃત્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરાઇને પછી ખાલી થતી હતી અને તેમ કરીને પાણીના જથ્થાને બહાર કાઢતી હતી. એ ઘટીયંત્રને મરણ નામનો નોકર વારંવાર ચલાવ્યા કરતો હતો અને તે વખતે તેના પાટાઓ ઉતરવાની જગ્યાએથી એવા મોટા અવાજ થતા હતા કે વિવેકી માણસો એ ચાલતા રેંટને દૂરથી પણ સમજી[1] ( સાંભળી ) શકતા હતા.

"ત્યાં અજ્ઞાન મલીન આત્મા નામની જળને ગ્રહણ કરનારી પરનાળી[2] હતી. એની બાજુએ દૃઢ મિથ્યાભિમાન નામે પાણી એકઠી થવાની કુંડી હતી, તેની જ સાથે લાગેલી સંકિલષ્ટચિત્તતા નામની ખાળ ( પ્રણાલિકા ) હતી અને તે પ્રણાલિકા ભોગલોલુપતા નામની અતિ લાંબી પાણીની નીકમાં પડતી હતી. જન્મનાવિસ્તાર રૂપ ત્યાં એક મોટું ખેતર હતું અને અપર અપર જન્મ રૂપ તે ખેતરમાં અનેક ક્યારાઓ હતા.

"એ ખેતરના ક્યારાઓમાં કર્મપ્રકૃતિ જાલ નામનાં બી વાવવામાં આવતાં હતાં અને તત્જીવપરિણામ નામનો તેને વાવનારો હતો.

"જે બીજને વાવવામાં આવતાં તેને રેંટના પાણીથી સિંચન થતું હતું અને તેથી જે નિષ્પત્તિ થતી હતી તે સુખદુઃખ વિગેરે ધાન્યસમૂહને ઉત્પન્ન કરનાર થતી હતી તેથી એ સર્વનું કારણ તો રેંટ જ ગણાતો હતો. ત્યાં સતત ઉત્સાહી પાણી સીંચનાર અસદ્બોધ સર્વદા તૈયાર જ રહેતો અને તેને તે કામ ઉપર મહામોહ રાજાએ ખાસ નીમી રાખ્યો હતો.

"ભાઇ અકલંક! આવા સર્વ સામગ્રીથી ભરેલા અને હમેશા ભ્રમને ઉત્પન્ન કરનારા સંસારરેંટમાં હું ઘણો વખત સુઇ રહ્યો અને બહુ વખત સુધી ત્યાં પડી રહ્યો. જુઓ! આ સામે દૂર એક ભાગ્યશાળી મુનિમહારાજ ધ્યાનમાં તત્પર થઇ રહ્યા છે અને હાલ જે મારા ગુરૂ કહેવાય છે તેઓને મારા ઉપર દયા આવી, તેઓએ મને ત્યાં સુતેલો જોયો, તેઓને મારી સર્વ ચેતના ગાઢ મૂઢ થઇ ગયેલી જોઇ

---

૧ રેંટમાં આરાઓ સાથે પટ્ટી હોય છે જેથી રેંટ ચાલતો હોય ત્યારે અવાજ થયા જ કરે છે અને દૂરથી સંભળાય છે. અહીં પટ્ટી ઉપર અવાજ કરનાર મરણ છે તે આગળ સ્પષ્ટ થશે.

૨ ઘડીઓ જેમાં ખાલી થાય તે પરનાળી. ખાલી થાય એટલે પરનાળીમાંથી જળ કુંડીમાં આવે. ત્યાંથી એક નાળામાંથી નીચે પડી નીકમાં જાય અને નીકમાંથી ખેતરમાં જાય. રેંટ બરાબર જોવાથી આ લક્ષ્યમાં આવશે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

અને તેમણે ઘણો પ્રયત્ન કરી મને પ્રતિબોધ કર્યો, આ ભવરેંટ બરાબર કેવા પ્રકારનો છે તે ઘણા વિસ્તારથી બતાવ્યું અને ત્યાર પછી મને કહ્યું 'હે મૂઢ! આ આખા રેંટનો તું જ સ્વામી છે, એ સર્વનું ફળ ભોગવનાર તું જ પોતે છે તે વાતમાં જરા પણ સંશય નથી; પણ એ વાત તું પોતે કેમ જાણતો નથી? માટે ભાઇ! બરાબર સમજ! તું અનંત દુ:ખો ભોગવે છે અને ભૂતકાળમાં તેં ભોગવ્યાં છે તેમ જ આગામી કાળે ભોગવીશ તેનું કારણ આ ભવરેંટ જ છે, માટે તું એને તજી દે.' એ માર્ગદર્શન કરાવનાર પરોપકારી મહાત્માને મેં કહ્યું કે 'એ ભવરેંટનો ત્યાગ કેવી રીતે થાય તે આપ મને સમજાવો.' મારા એ સવાલના જવાબમાં તેઓશ્રીએ મને કહ્યું 'તું દીક્ષા લે. જે ઉત્તમ પ્રાણીઓ ભાવથી ભગવાનની દીક્ષા લે છે તેના સંબંધમાં આ ભવરેંટ હીન થઇ જાય છે, નાશ પામી જાય છે.'

"એ મારા ગુરૂના એવાં વચન સાંભળીને મેં તે વચનનો સ્વીકાર કર્યો અને દીક્ષા અંગીકાર કરી. એવી રીતે મને વૈરાગ્ય પ્રાપ્ત થવાનો પ્રસંગ થયો હતો."

અકલંકે મુનિમહારાજનાં વચન સાંભળીને કહ્યું-"ભગવન્! આપને વૈરાગ્યનું કારણ તો બહુ સારૂં પ્રાપ્ત થયું. કયા સમજુ માણસને આ સંસાર અરઘટ્ટઘટ્ટ (રેંટ) નજરમાં આવ્યો હોય-જોવામાં આવ્યો હોય તો તે સંસારપરથી વિરક્તિ માટે ન થાય?"

આ મુનિમહારાજને નમીને અકલંક અને હું બીજા મુનિમહારાજ સમક્ષ જવા ચાલ્યા.[1]

---

૧ અરઘટ્ટઘટ્ટી યંત્ર-રેંટ.

સાધારણ રીતે દરેક વૈરાગ્યપ્રસંગનો ઉપનય ઉતારવામાં આવ્યો છે, પણ આ રેંટનું ઉદાહરણ ઉપનય ઉતાર્યા વગર જ રહેવા દીધું છે. ગ્રંથકર્તાને તે કદાચ જરૂરી નહિ લાગ્યું હોય, કારણ કે હકીકત અને રૂપકો બીજા અને ત્રીજા પ્રકરણને ઘણા મળતાં આવે તેવાં છે અને રૂપકોનાં નામો કથાપ્રસંગમાં સૂચિત રીતે મૂકયાં છે. આપણે મુદ્દાની વાત જરા વિચારી લઇએ. આ વાત સમજ્યા પહેલાં રેંટયંત્ર જોવાની ખાસ જરૂર છે. જેણે એ કદિ જોયું નહિ હોય તેને આ વાતનો બરાબર ખ્યાલ આવવા સંભવ નથી.

કૂવો એ આ ત્યાગ વૈરાગ્ય વગરનો સંસારરસિયો 'જીવ' પોતે જણાય છે, તેનામાં ત્યાગના અભાવ ('અવિરતિ') રૂપ જળભરેલું છે. હવે એ કૂવા ઉપર ચાર ખેડૂતો કામ લઈ રહ્યા છે: રાગ દ્વેષ મનોભાવ અને મિથ્યાદર્શન. એ ચારેનું કામ પાણી કાઢીને ખેતરોમાં લઇ જવાનું છે. પાણી અવિરતિરૂપ છે તે આપણે ઉપર

[ ચાલુ.

જૈન સાઈટ JAINSITE જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈ ગયા. આ ચારે ખેડૂતો 'સાથી' નોકર અથવા જમીન ખેડનારા છે પણ એ જમીનનો ખરો માલેક ( Landlord ) તો મહામોહ છે, સર્વેનો ઉપરી એ છે અને ચારે ખેડૂતોને પ્રવર્તાવનાર પણ એ છે. એના હુકમ વગર કાંઈ કામ ચાલતું નથી.

હવે એ કૂવા ઉપર પાણી કાઢવા સારૂ યંત્રની યોજના કરવામાં આવી છે તે પણ બરાબર વિચારી જઇએ. ચાર ખેડૂતો માટે સોળ બળદ જોઇએ. દરેક યંત્ર સાથે ચાર ચાર બળદ પાણી ખેંચવા સારૂ રાખવાનો બનાવ સંભવિત છે. જ્યાં કૂવા ઊંડા હોય છે ત્યાં બેને બદલે ચાર બળદ જોડવામાં આવે છે. આ બળદોની ખાસીઅત એ છે કે એને ચારાપાણીનો ખપ પડતો નથી, એને આરામ લેવો પડતો નથી અને એનાં બળ વેગ ઘણાં આકરાં હોય છે. કષાય જ્યારે અવિરતિ જળ ખેંચે ત્યારે પ્રાણી આ દશામાં જ વર્તતો હોય છે.

રેંટને બે તુંબા જોઇએ. તુંબા રેંટના ચક્રના મધ્યભાગમાં આવે છે અને એને ધરી સાથે સંબંધ હોય છે. એ તુંબા તે દુષ્ટ યોગ અને પ્રમાદ. અવિરતિ જળ ખેંચવામાં મન વચન કાયાના દુષ્ટ યોગો અને પાંચ પ્રમાદો ( મદ્ય વિષય કષાય વિકથા અને નિદ્રા ) ખરેખરો ભાગ ભજવે છે અને એને ધરી સાથે સંબંધ રહે છે.

એ રેંટને વિલાસ ઉલ્લાસ ચાળા વિગેરે આરાઓ હોય છે જેના ફરતો દોર વિંટાય છે.

આખો જીવલોક રેંટના રૂપક સાથે મળતો આવે છે અને પ્રત્યેક જીવ કૂવા સાથે યોજાય છે. રેંટ ગમે તે કૂવા સાથે જોડી શકાય છે અને તેમાંથી બળદની સહાયવડે પાણી બહાર કાઢવામાં આવે છે પણ જો એ જીવના સંબંધમાં ખેડૂત અને હળપતિ સહાય કરે તો જ પાણી કાઢવાનું કામ બની શકે છે; નહિ તો પાણી કાઢવાનું બનતું નથી, યંત્ર લાગુ જ પડતું નથી.

હવે કૂવાની ઉપર આવીએ તો ત્યાં ચાર ખેડૂતો-ખેંચનારાઓ ઉપરાંત પાણી સંબંધી કામ કરનારા હાસ્ય શોક ભય વિગેરે દેખાય છે અને રતિ અરતિ જુગુપ્સા વિગેરે દાસીઓ કૂવા ઉપર રહી કામ કરે છે. માત્ર એકલા ખેડૂતો આવું મહાભારત કામ ઉપાડી શકે નહિ અને પાણીની વહેંચણી કરવા, બરાબર યોજના કરવા અને પાણી બરાબર જગ્યોએ બીજે પોંચે તે માટે કામ કરનારાની ખેતરમાં ઘણી જરૂર પડે છે અને તે સર્વ કામ આ દાસો અને દાસીઓ કરે છે.

એ ઘટ્ટયંત્ર ચાલ્યા કરે છે એમ દૂરથી આવતા મરણ નામના અવાજથી જણાયા કરે છે. તમે કોઇ રેંટ ચાલતો જોયો હોય તો જણાશે કે ઘણે દૂરથી અવાજ થયા કરતો હોવાથી રેંટ ચાલતો હોવાના ભણકારા થયા કરે છે. એવી રીતે મરણપ્રસંગે બૂમો પડ્યા જ કરતી હોય છે, નિઃસાસા રૂદન અને શોકથી સંસાર ચાલતો દેખાય છે. માત્ર આ વાતનો ખ્યાલ વિવેકી પ્રાણીઓને જ આવે છે.

પૂર્વોક્ત કૂવામાંથી અવિરતિજળ ઘડીઓમાં ભરાઇને આવે છે. 'અજ્ઞાન મલીન આત્મા' નામના પરનાળામાં ખાલી થાય છે. કૂવો અસંયત જીવ નામનો છે અને ઉપરનું પરનાળું અજ્ઞાન મલીન આત્મા નામનું છે આ વાતમાં બહુ રહસ્ય છે. અસંયત જીવમાં રહેલ અવિરતિરૂપ જળ ઉપર રહેલા ચાર ખેડૂતોદ્વારા કષાયબળદો મારફત ઘટમાળમાં ભરાઇ ભરાઇને ઉપર આવે છે અને અજ્ઞાન મલિન

[ ચાલુ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મામાં ખાલી થાય છે. આ પ્રાણીના સંબંધમાં પણ તેમ જ બને છે. જો આ ગ્રંથ જરા પણ સમજ્યા હશે। તો આ ભાવ સ્પષ્ટ થઇ જશે.

એ પાણી અજ્ઞાન મલીન આત્મારૂપ પરનાળથી મિથ્યાભિમાન નામની કુંડીમાં આવે છે અને ત્યાં એકઠું થાય છે. કૂવાની બરાબર બાજુમાં કુંડી હોય છે. અજ્ઞાન મલીન આત્મામાંથી નીકળેલું અવિરતિ જળ પ્રથમ મિથ્યાભિમાન નામની કુંડીમાં જાય છે તેનો ખરો આશય સમજાઇ જાય છે. ત્યાંથી એક 'સંક્લિષ્ટ ચિત્તતા' નામની નળી ( નાળીઆ )માં થઇને ભોગલોલુપતા નામની નીકમાં આવે છે અને પછી જન્મસંતાન નામનું મોટું ખેતર છે તેના જૂદા જૂદા ક્યારા રૂપ જૂદા જૂદા જન્મમાં તે પથરાય છે. મિથ્યાભિમાનની પોષણા અજ્ઞાન અને અવિરતિ જળથી થાય છે અને મિથ્યાભિમાનથી પ્રેરાયલા પ્રાણીના ચિત્તમાં અત્યંત સંક્લિષ્ટતા–તુચ્છ આશયો હોય છે તેને લઇને એને સાંસારિક ભોગોમાં વધારે વધારે આસક્તિ થાય છે અને તેને લઇને સંસાર વધતો જાય છે. આ આખું રૂપક અતિ વિશાળ છે, ઘણું ગહન છે, સમજવા જેવું છે અને વિચારતાં વિચારતાં નવીન સત્યો હૃદયમાં પ્રગટાવે તેવું છે. આવી રીતે અવિરતિજળથી સંસાર વધતો જાય છે અને એક જન્મમાંથી બીજા જન્મમાં પ્રાણી આંટા માર્યા કરે છે, સંસારની ચક્કીએ ચઢે છે અને હેરાન થાય છે. હવે આવી રીતે કષાયોથી ખેંચાયલું અને નોકષાયોથી પોષાયલું અવિરતિજળ મિથ્યાભિમાન દ્વારા ચિત્તને સંક્લિષ્ટ કરી ભોગલોલુપતાને લઇને સંસારસંતાનમાં પથરાય છે ત્યાં પછી તે કર્મરૂપ બીજને વવાયલાં હોય છે તેને પોષે છે. એ બીજને વાવનાર જીવનાં પોતાનાં પરિણામો આત્માના અધ્યવસાયો છે અને જેવાં પરિણામ હોય તેવાં બીજ વવાય છે અને પરિણામે સુખ દુઃખ રૂપ ( પુણ્ય પાપના ભોગવટા રૂપ ) ધાન્યની નિષ્પત્તિ થાય છે. આવી રીતે પ્રાણીને જે સુખદુઃખો થાય છે તેનો વાવનાર તે પોતે જ છે, સિંચનાર પોતે જ છે અને ભોગવનાર પણ પોતે જ છે. એમાં કષાય નોકષાય યોગ અવિરતિ અને મિથ્યાત્વ જે કર્મબંધનાં મૂળ કારણો છે તે કેવી રીતે ભાગ ભજવે છે તે બરાબર આ રૂપકથી સમજાશે.

વળી એ આખા યંત્રને પ્રેરનાર સર્વ હળોનો માલિક મહામોહ રાજા છે તે લક્ષ્યમાં રાખવું. તેની સાથે જળસીંચનના કામમાં પ્રેરણા કરવા માટે એ રાજાએ અસદ્બોધની હંમેશાને માટે નિમણુક કરી રાખી છે જે આ પ્રાણીને વસ્તુસ્વરૂપના સાચા બોધથી સર્વદા દૂર રાખે છે. આવા ભવરેંટમાં પ્રાણી ઘણા લાંબા કાળથી પડેલો છે, ફર્યા કરે છે, ખેતરોને પાણી પાય છે અને નકામો ત્રાસ પામ્યા કરે છે. એમાં અંદરથી પ્રેરણા કરનાર અને હળના માલેક મોહરાજાને એ જોતો નથી અને પાણી તેમજ ઘડીઓને બળદોને તેમજ કામ કરનારાઓને ઉપર ઉપરથી જુએ છે પણ તેમને વસ્તુતઃ ઓળખતો નથી અને અવિરતિજળ પોતાના કૂવામાંથી કાઢી સંસારક્ષેત્રને લીલુંછમ રાખે છે અને એક ક્યારામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં જાય છે. તે સિંચનથી પછી ધાન્યના ઢગલા ઉગે છે તેને ઇચ્છાએ કે અનિચ્છાએ ભોગવે છે, ખાય છે અને હેરાન થાય છે. આ વસ્તુસ્થિતિ છે અને જરા આંતર ચક્ષુથી વિચારવામાં આવે તો દેખી શકાય તેવી છે, સમજી તો તુરત શકાય તેવી છે અને સમજવા જેવી છે.

મો. ગિ. કા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૫ મું.

## પાંચ કુટુંબીઓનું ભોજન.

### { ચોથા મુનિના વૈરાગ્યપ્રસંગ. }

સંસારીજીવ પોતાનું ચરિત્ર કહેતાં આગળ ચલાવે છે— હું અને અકલંક તે વખતે થોડે દૂર બેઠેલા ચોથા સાધુ પાસે ગયા, તેમને વંદન કરીને બેઠા અને મને બોધ કરાવવાના હેતુથી અકલંકે તે મુનિને વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું એટલે મુનિરાજે પોતાની નીચે પ્રમાણે વાત કરી.

**મઠમાં વસનારા. ભક્તોનું મંડળ. ભોજનથી સન્નિપાત અને ઉન્માદ.**

"ભાઇ અકલંક! એક મોટા મઠમાં રહેનારા અમે ચટ્ટો[1] હતા અને મઠમાં આનંદ માની રહેતા હતા. ત્યાં અમારૂં ભક્ત એક કુટુંબ આવી ચઢ્યું. એ કુટુંબમાં અનેક મનુષ્યો હતા પણ એના તંત્રને ચલાવનાર મુખ્ય પાંચ મનુષ્યો હતા અને એ પાંચ મુખ્ય તંત્ર ચલાવનારાઓએ અમારી સાથે એવી રીતે કામ લીધું કે અમને એમ જ લાગે કે એ આખું કુટુંબ અમારૂં હિતસ્વી છે અને અમારાપર પ્રેમ રાખનાર છે. વાસ્તવિક રીતે એ આખું કુટુંબ અમારૂં દુશ્મન હતું પણ અમને એમજ જણાવા લાગ્યું કે જાણે એ કુટુંબ અમારૂં પ્રેમાળ હોય. હવે એ કુટુંબે આવીને વિદ્યાર્થીઓને આદરપૂર્વક જમણ આપ્યું. એ કુટુંબીઓનો આંતર સદ્ભાવ કેવો છે તે નહિ જાણનારા નવા નવા ભોજનના લોલુપી વિદ્યાર્થીઓ ભોજનનું વારંવાર ભક્ષણ કરીને પેટ ભરવા

૧ ચટ્ટોઃ પરિવ્રાજક સાધુઓ.

JAINSITE .com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યા. પેલા કુટુંબીઓએ પણ પોતાનું ભોજન મંત્રના યોગથી એવું બનાવ્યું કે તેના ઉપયોગથી કેટલાકને તુરત જ સનેપાત ચાલવા માંડ્યો અને વળી કેટલાક વિદ્યાર્થીઓને તે ભોજન પચતી વખતે ઘણું આકરૂં હોઇને ઉન્માદ ( ગાંડપણનાં ચિહ્નો ) કરનારૂં થઇ પડ્યું. ત્યાર પછી એ ભોજનથી ગળું રૂંધાઇ ગયું, જીભ કાંટા કાંટાવાળી થઇ ગઇ, (ગળાની) શ્વાસનળીમાંથી ઘોઘરો અવાજ ચાલવો માંડ્યો, તેઓ વિહ્વળ થઇ ગયા અને તેમની સંજ્ઞા તદ્દન નાશ પામી હોય તેવું જણાવા લાગ્યું. પછી તાવની પીડાથી તેઓનું આખું શરીર કોઇ વાર બળું બળું થઇ જાય, કોઇ વાર તેઓને શરદી થઇ આવે અને કોઇ વાર તેઓનું ચિત્ત ભ્રાન્ત થઇ જવાને લીધે જમીનપર લોટ્યા કરે–આવા તેમના હાલહવાલ થઇ ગયા. એ બિચારા ચટ્ટો સનેપાતના જોરમાં દરદથી કોઇ વાર નકામી પીડા પામે અને કોઇવાર અત્યંત બુરી સ્થિતિમાં આવી ઝગારા મારે. એમાં જેઓ ભોજનના ભક્ષણથી ઉન્માદને પ્રાપ્ત થયા તેઓ પાપી થઇને દેવની મુનિમહારાજની અને સંઘની નિંદા કરવાનાં કામો કર્યા કરે છે, ઉલટી સુલટી વાતો બોલે છે, દુષ્ટ ચેષ્ટાઓ કરે છે. જે બાપડાઓનું ચિત્ત હણાઇ ગયું હોય છે તેમની કઇ ચેષ્ટાઓ સારી હોઇ શકે? બીજાઓ એ ભોજનના દોષથી પશુની પેઠે અધર્મી થયા અથવા ઝેરની અસરતળે તદ્દન મૂઢ જેવા થઇ ગયા.

JAINSITE.com જૈન સાઈટ જયતિ શાસનમ્

### મહાવૈદ્યની દવાથી આરામ.
### મઠવાળાઓને જોઇને ભય.
### દીક્ષા અને ઉપદેશકર્તવ્યતા.

"અહીં સામે સ્વાધ્યાયથી પવિત્ર થયેલા મહાપુરૂષ[1] દેખાય છે તેમનામાં અતિ વિશુદ્ધ વૈદ્યશાસ્ત્રનો મોટો અતિશય છે. એક વખત એમ બન્યું કે હું મારા સોબતીઓ વચ્ચે સનેપાતની અસર તળે સબડતો હતો તેવામાં એ મહાપુરૂષે મને જોયો, એ મહાત્માને મારા ઉપર દયા આવી, તેમણે પોતાના ઔષધના પ્રયોગથી મારો સનેપાત મટાડ્યો અને તેને પરિણામે મારી ચેતના કાંઇક વધારે સ્પષ્ટ થઇ. મારામાં તે વખતે બીજા ચટ્ટોની સોબતથી ઉન્માદ (ગાંડપણ) હતો તેને પણ ઘણા યત્નપૂર્વક એ મહાત્માએ મટાડ્યો. ત્યાર પછી એ મહાત્માએ જોયું તો તેમને જણાયું કે મારૂં મન કાંઇક સ્વસ્થ થયું હતું અને હું તેમની વાત સમજી શકું તેમ હતું એટલે તેમણે આખું ચટ્ટમંડળ ઉન્માદપૂર્ણ અને સનેપાતમાં ગરકાવ હતું તે મને બતાવ્યું. એટલે મેં નજર કરી

---

૧ આ મુનિ તે ગુરૂમહારાજ સામે ધ્યાનસ્થ હતા તે સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો તેઓ અવ્યક્ત સ્વર કરતા, બોલબોલ કરતા અને ઉંઘતા તેમજ લવલવ કરતા અને દુઃખમાં ગરકાવ થયેલા દેખાયા–આવું દશ્ય જોઇને મને ઘણો ભય થઇ આવ્યો.

"મહાત્મા મુનિએ મને કહ્યું 'ભાઇ! જ્યાંસુધી ભોજન કરતો હતો ત્યાંસુધી ભોજનના દોષથી તું પણ એવો જ હતો, અને જો, તારા શરીર ઉપર હજુ પણ અજીર્ણના વિકારો થોડા થોડા દેખાય છે; માટે ભાઇ! જે બાબતનો હું ઉપદેશ કરૂં છું તે પ્રમાણે તું નહિ કરીશ તો પાછો ફરી વાર પણ એવાં જ દુઃખમાં ગરકાવ થઇ જઇશ.' મુનિમહારાજનાં આવાં વચન સાંભળીને, તેમની વાતપર ભરોસો પડેલો હોઇને અને મઠવાસનાં દુઃખના ભયથી ત્રાસ પામીને આ ભોજનના અજીર્ણનું શોધન કરે તેવી દીક્ષા મેં લીધી. હવે આ મહાત્મા મુનીશ્વર મને જે જે ક્રિયા કરવાનો ઉપદેશ આપે છે તે તે સર્વ હું કરૂં છું—આ મારા વૈરાગ્યનું કારણ છે."

* * *

અકલંકે મુનિમહારાજની આ વાત સાંભળીને પ્રીતિથી પોતાની આંખો ઉંચી કરી અને પછી તેમને વંદન કરી તે બીજા મુનિ તરફ ચાલ્યો. મેં અકલંકને પૂછ્યું 'ભાઇ! આ મુનિએ શું કહ્યું તે મારા સમજવામાં આવ્યું નહિ, માટે એમણે જે કહ્યું તે તું મને સમજાવ.'

* * *

## વિસ્તારથી ખુલાસા.

### મઠમાં વસનારા અને ભક્તોનું મંડળ.

અકલંકે ખુલાસો કરતાં જણાવ્યું:–

"ભાઇ ધનવાહન! આ મુનિમહારાજે સંસારને **ચટ્ટના મઠના આકારવાળો જોયો અને તે હકીકત તેમણે એ પ્રકારે નિવેદન કરી.** પ્રાણીઓ જૂદાં જૂદાં રૂપ ધારણ કરતા હોય છે તે સર્વ લોઢાની સળીઓ જેવા અને અનેક પ્રકારના છે અને એક બીજા સાથે સંબંધ વગરના હોવાથી તે મઠધારીઓ જેવા છે એમ જાણવું.[1] તે હકીકત આવી રીતે છે—એ જીવોના કોઇ મા નથી, કોઇ બાપ નથી, કોઇ સગા-

---

૧ મઠમાં રહેનારા પણ એવી જ સ્થિતિના હોય છે. આ મઠ તે શૃંગેરીમઠ જેવો હોય એમ લાગે છે. અથવા કાશીમાં અભ્યાસ સારૂ મોટા શાસ્ત્રીઓના મઠો હોય છે તેની સાથે આ ચટ્ટોનો મઠ સરખાવવા યોગ્ય લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધીઓ નથી અને પરમાર્થથી જોઇએ તો તેમનું કોઇ પણ નથી અને એ સર્વ જીવો પરસ્પર સંબંધ વગરના છે. એવી રીતે સંસાર-મઠમાં રહેનારા જીવરૂપ ચટ્ટોની પાસે [1]બન્ધહેતુ નામનું ભક્તકુટુંબ

---

૧ **બંધહેતુઃ** કર્મબંધના હેતુ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે જ પ્રાણી કર્મબંધ કરે છે. શાસ્ત્રકાર અનેક જગ્યોએ અને ખાસ કરીને કર્મગ્રંથમાં (જુઓ કર્મગ્રંથ ચોથો ગાથા ૫૪-૫૫) ચાર બંધહેતુ કહે છે: ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ કષાય અને ૪ યોગ. અહીં ગ્રંથકર્તા પ્રમાદને પાંચમો હેતુ કહે છે. 'પ્રમાદ' શબ્દ ઘણા અર્થમાં વપરાય છે. સાધારણ આળસ કે ધર્મધ્યાન તરફ બેદરકારીને પણ 'પ્રમાદ' કહેવામાં આવે છે અને મદ્ય વિષય કષાય વિકથા અને નિદ્રાને પણ પ્રમાદ કહેવામાં આવે છે. આ સર્વનો સમાવેશ ચાર બંધહેતુમાં થઇ જાય છે તેથી પ્રમાદની ખાસ જરૂર લાગતી નથી, છતાં **'સમયમેં ગોયમ મકરે પ્રમાદ'** એ અર્થમાં પ્રમાદ વાપર્યો હોય તો તેમાં કાંઇ વાંધા જેવું લાગતું નથી. તત્ત્વાર્થના આઠમા અધિકારમાં 'પ્રમાદ'ને બંધહેતુ ઉક્ત ચારની સાથે કહેલ છે. આ ચાર હેતુ અંતરંગ સમજવા. તેની વ્યાખ્યા નિશ્ચય દૃષ્ટિથી થયેલી છે. હવે આપણે ચાર બંધહેતુ વિચારી જઇએ. કર્મબંધનના હેતુઓ બરાબર સમજવામાં આવ્યા હોય તો ભવિષ્યમાં એનાથી ચેતતા રહેવાય તેથી એને ઓળખવાની જરૂર છે. એ ચાર હેતુઓના ઉત્તર ભેદ ૫૭ છે તે આપણે જોઇ જઇએ એટલે બંધહેતુનો ખ્યાલ સ્પષ્ટ થશે.

**૧ મિથ્યાત્વ.** પાંચ પ્રકારના છે. (ચોથો કર્મગ્રંથ. ગાથા ૫૧)

(૧) **આભિગ્રહિક**-અભ્યાસ સમજણ વગર માત્ર મોટાને માર્ગે ચાલ્યો જાય, સમજણ વગર પોતાનું સારૂં માને અને પારકી નિંદા કરે, ધર્મનો કદાગ્રહ રાખે અને પરીક્ષા કરે નહિ એ આભિગ્રહિક મિથ્યાત્વ. એના સંબંધમાં ધર્મસંગ્રહ પૃ. ૪૦ ની વાત લક્ષ્યમાં રાખવા જેવી છે. ત્યાં લખે છે કે સમકિતી હોય તે કદિ પણ પરીક્ષા કર્યા વગર કોઇ સિદ્ધાન્તનો પક્ષપાત કરે નહિ, આથી જે કોઇ વ્યક્તિ તત્ત્વપરીક્ષા પૂર્વક એક પક્ષ માનીને અન્ય પક્ષનું ખંડન કરે તો તેને આ મિથ્યાત્વનો દોષ ન લાગે. કુળાચાર માત્રથી પોતાને જૈન માનીને તત્ત્વની પરીક્ષા ન કરે તે નામમાત્ર જૈન છે પરંતુ વસ્તુતઃ 'આભિગ્રહિક મિથ્યાત્વી' છે. માષતુષ મુનિ જેવા પોતાની અશક્તિથી પરીક્ષાની બાબતમાં ગીતાર્થનો આશ્રય લે તે 'આભિગ્રહિક મિથ્યાત્વી' નથી, કારણ કે ગીતાર્થને આશ્રિત રહેવાથી મીથ્યા પક્ષપાતનો સંભવ નથી રહેતો.

(૨) **અનાભિગ્રહિક**-બધાં દર્શન સારાં છે એમ માને, એક બીજામાં સવિશેષતા શી છે અને શેને લઇને છે તે જાણે નહિ, જાણવાની દરકાર કરે નહિ કે તસ્દી લે નહિ એ અનાભિગ્રહિક. એમાં ગુણ-દોષની પરીક્ષાની ગેરહાજરી છે. [ ચાલુ.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **આભિનિવેશિક**–પોતાની વાત સ્થાપવા સૂત્રાર્થ મરડે, કુયુક્તિઓ લગાવે, પોતાને અનુકૂળ આવે એવા પાઠો આગળ કરે, બીજાની અગત્ય ઓછી કરે અને પોતાની માન્યતામાં ભૂલ જણવામાં આવ્યા છતાં ગમે તે યુક્તિ કુયુક્તિએ પોતાનો કક્કો ખરો કરવાની ઇચ્છા રાખે એ 'અભિનિવેશ.' એના સંબંધમાં ધર્મપરીક્ષા ગ્રંથમાં કહ્યું છે કે "માત્ર ઉપયોગ ન રહેવાને કારણે અથવા માર્ગદર્શકની ગળતીને લઇને કોઇની શ્રદ્ધા વિપરીત થઇ જાય છે તે 'આભિનિવેશિક મિથ્યાત્વી' નથી, કારણ કે યથાર્થ વક્તા મળતાં તેની શ્રદ્ધા તાત્વિક બની જાય છે, અર્થાત્ યથાર્થ વક્તા મળવા છતાં પણ શ્રદ્ધા વિપરીત બની રહે તે દુરભિનિવેશ છે. જો કે સિદ્ધસેન દિવાકર, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિગેરે આચાર્યોએ પોતાના પક્ષનું સમર્થન કરવામાં ઘણું કહ્યું છે તો પણ તેમને 'આભિનિવેશિક મિથ્યાત્વી' કહી ન શકાય, કારણ કે પ્રવચનપરંપરાનો આધાર લઇને શાસ્ત્રના તાત્પર્યને પોતાના પક્ષને અનુકૂળ સમજીને પોતાની હકીકતનું તેઓએ સમર્થન કર્યું છે, પક્ષપાતથી નહિ; એથી ઉલટી રીતે જમાલી ગોષ્ઠામાહિલ વિગેરેએ શાસ્ત્રના તાત્પર્યને પોતાના અભિપ્રાયથી પ્રતિકૂળ જાણવા છતાં પણ પોતાના પક્ષનું સ્થાપન કર્યું છે માટે એને આભિનિવેશિક કહેવાય છે."

(૪) **સાંશયિક**–ગુરુનો યોગ છતાં પોતાને અજ્ઞાની જાણશે એવા ભયથી સંશય પૂછે નહિ, વિના કારણ અવિશ્વાસ રાખી મનમાં શંકા રાખ્યા કરે એ સાંશયિક મિથ્યાત્વ. શંકા કરવાની કે પૂછવાની શાસ્ત્રકાર મના કરતા નથી, પણ એક શંકા ઉચ્છેદક મિથ્યાત્વના ઘરની હોય છે અને બીજી જિજ્ઞાસાથી થયેલી હોય છે. જાણવા માટે ગમે તેવા સવાલો કરવાની ખાસ છૂટ છે.

(૫) **અનાભોગ**–કોઇ દર્શનને સારું ખરાબ ન જાણે, મૂર્છા પામેલાની માફક દર્શન સંબંધી વિચાર જ ન કરે, કરવા જેટલી શક્તિ જ ન હોય, સંસારમાં પડ્યો રહે અને રખડ્યા કરે. એકેંદ્રિયાદિક જીવોને ખાસ કરીને આ મિથ્યાત્વ હોય છે.

૨ **અવિરતિ**ના બાર ભેદ છે:—

**મનથી** કર્મબંધનો હેતુ જાણવા છતાં હિંસા વિગેરે પાપોનો સંકલ્પ કરવો તે મનની અવિરતિ છે. **પાંચ ઇંદ્રિયના** વિષયોને સંસારના હેતુ જાણવા છતાં પોતપોતાના વિષયોથી ઇંદ્રિયોને નિવર્તાવવાના પરિણામ ન કરે તે પાંચ ઇંદ્રિયની અવિરતિ છે. **છકાય**–એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય (બે ત્રણ ચાર પાંચ ઇંદ્રિયવાળા જીવો) સંબંધી હિંસા સંસારહેતુ છે એમ જાણતાં છતાં હિંસા કરે; તેવી જ રીતે મન, ઇંદ્રિય અને છકાય સંબંધી

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજા મૃષાવાદ વિગેરે દોષો સેવે એ અવિરતિ સમજવી. એમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ સત્ય સ્વરૂપ જાણે પણ વિરમે નહિ અને મિથ્યાવાસમાં રહેલા તો જાણે પણ નહિ અને વિરમે પણ નહિ. આવી રીતે મન ઇંદ્રિય અને કાય સંબંધી બાર પ્રકારની અવિરતિ છે.

૩ **કષાય.** એના બંધહેતુને અંગે ૨૫ ભેદ છેઃ—

**ક્રોધ, માન, માયા** અને **લોભ**, એ દરેકના ચાર ભેદઃ **અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની** અને **સંજ્વલન.**

'અનંતાનુબંધી' ક્રોધાદિ ચાર જાવજીવ સુધી રહે, અત્યંત તેજવાળા હોય, પ્રાણીને મિથ્યાત્વમાં જ રાખે, સમ્યકત્વનો ઘાત કરે, તેને ન આવવા દે, નરકે લઇ જાય.

'અપ્રત્યાખ્યાની' ક્રોધાદિ ચાર એક વર્ષ સુધી રહે, કાંઇક ઓછા તેજવાળા હોય, પ્રાણીને અણુમાત્ર પણ વિરતિ ન આવવા દે, તિર્યંચ બનાવે.

'પ્રત્યાખ્યાની' ક્રોધાદિ ચાર ચાર માસ સુધી રહે, ઓછા તેજવાળા હોય, પ્રાણીને સર્વવિરતિ ન આવવા દે, મનુષ્યગતિએ ખેંચી જાય.

'સંજ્વલન' ક્રોધાદિ ચાર પંદર દિવસ સુધી રહે, અલ્પ તેજવાળા હોય, પ્રાણીને યથાખ્યાત ( ઉત્કૃષ્ટ ) ચારિત્ર આવવા ન દે, દેવગતિનું કારણ બને.

એ ચાર વિભાગના ક્રોધ માન માયા લોભની સરખામણી વિસ્તારથી પ્રથમ કર્મગ્રંથ (ગાથા ૧૯-૨૦)માં કરી છે તે વાંચવા યોગ્ય છે.

આવી રીતે ચાર ચાર પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભથી ૧૬ ભેદ કષાયના થયા. ત્યાર પછી કષાયના કારણ ભૂત **નવ નોકષાય** આવે છે.

**હાસ્ય**-સકારણ કે અકારણ હસવું આવે, ભાંડ વિગેરેની ચેષ્ટા જોઇ હસી જવાય તે.

**રતિ**-સકારણ કે વિનાકારણ ઇંદ્રિય અનુકૂળ વિષયો પામી તેમાં રાચે તે.

**અરતિ**-ઇંદ્રિય પ્રતિકૂળ વિષયો મળતાં ચિત્તનો ઉદ્વેગ થાય તે.

**શોક**-ઇષ્ટવિયોગપ્રસંગે અથવા વિનાકારણ દિલગીરી થાય તે.

**ભય**-અન્ય દેવ મનુષ્ય કે તિર્યંચને જોઇ કારણે કે વિનાકારણ ભય થાય તે.

**દુગંછા**-દુર્ગંધવાળા પદાર્થને જોઇને સૂગ ઉપજે તે.

**પુરૂષવેદ**-સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય તે.

**સ્ત્રીવેદ**-પુરૂષને ભોગવવાની ઇચ્છા થાય તે.

**નપુંસકવેદ**-સ્ત્રીપુરૂષ બન્નેને ભોગવવાની ઇચ્છા થાય તે.

આવી રીતે કષાયના સોળ અને નોકષાયના નવ મળી કુલ ૨૫ ભેદ થયા. [ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે છે. બંધહેતુઓ વિચિત્ર પ્રકારના હોય છે અને ઘણા હોય છે, પણ એ સર્વનો સંગ્રહ કરનાર મુખ્ય પાંચ હેતુઓ છે અને તેથી એ બંધહેતુ કુટુંબનું તંત્ર ચલાવનાર **પાંચ માણસ** કહેવામાં આવ્યા છે: કારણ કે **પ્રમાદ, યોગ, મિથ્યાત્વ,** કષાય અને **અવિરતિ** આ પાંચ જીવોને કર્મબંધના હેતુ છે એમ જાણવું. આ પ્રાણીમાં મોહરાજાનું જોર એટલું બધું હોય છે કે તેના સામર્થ્યથી એને મોહરાજા જ ખરેખરો હિત કરનાર છે એમ લાગે છે અને જો કે એ કુટુંબ એને કર્મબંધનું હેતુભૂત છે છતાં મોહરાજાની અસરથી એ પોતાને ખરેખર

---

૪. **યોગના** ૧૫ ભેદ છે.

**મનોયોગના** ચાર ભેદ.

સત્ય મનોયોગ. (સાચા વિચાર કરવા તે યથાર્થ સ્વરૂપ વિચારણા.)

અસત્ય મનોયોગ. (અશુભ ખોટા વિચાર કરવા તે. અયથાર્થ સ્વરૂપ વિચારણા.)

મિશ્ર મનોયોગ. (કાંઇક યથાર્થ કાંઇક અયથાર્થ વિચારો કરવા તે.)

અસત્યામૃષા મનોયોગ. (જેમાં સત્ય અસત્યની બાબત જ ન હોય. સાદા વિચારો, ચાલુ બાબતો, જેમકે ત્રણને બે પાંચ થાય. તેમાં શુભ અશુભનો સવાલ જ નથી.)

**વચનયોગના** ચાર ભેદ.

સત્ય વચનયોગ, અસત્ય વચનયોગ, મિશ્ર વચનયોગ અને અસત્યામૃષા વચનયોગ. ઉપર પ્રમાણે.

**કાયયોગના** સાત ભેદ.

ઔદારિક કાયયોગ. (ઔદારિક શરીરનો યોગ. આપણાં શરીરો ઔદારિક કહેવાય છે.)

ઔદારિક મિશ્ર કાયયોગ. (ઔદારિકનો અન્ય શરીર સાથે યોગ.)

વૈક્રિય કાયયોગ. (દેવતા નારકીનાં શરીરો તેમજ લબ્ધિવંત જીવનાં શરીરો.)

વૈક્રિય મિશ્ર કાયયોગ. (વૈક્રિયનો અન્ય સાથે યોગ.)

આહારક કાયયોગ. (લબ્ધિવાન્ ચૌદપૂર્વી તથા તીર્થંકરની ઋદ્ધિ દેખવા અથવા સંશય દૂર કરવા એક હાથનું શરીર કરે તે.)

આહારક મિશ્ર કાયયોગ. (એ આહારક શરીરનો અન્ય સાથે યોગ.)

કાર્મણ કાયયોગ. (કર્મ પ્રકૃતિરૂપ શરીરનો યોગ.)

એ રીતે યોગના પંદર પ્રકાર છે.

પાંચ કુટુંબીઓ કહેવામાં આવ્યા તે આ પ્રમાણે પ્રમાદ, મિથ્યાત્વ, અવિરતિ કષાય અને યોગ સમજવા. એ પાંચે કુટુંબીઓ આ પ્રાણીને ભોજન આપી ઉન્માદ કરાવે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિત કરનાર હોય એમ તે માને છે. વાસ્તવિક રીતે એ કુટુંબીઓ ( બંધહેતુઓ ) આ પ્રાણીના ખરેખરા દુશ્મન છે અને દુશ્મનનું જ કામ કરે છે છતાં આ મંદબુદ્ધિવાળા પ્રાણીઓ ( વિદ્યાર્થીઓ-મઠવાસીઓ ) તેને દુશ્મન તરીકે ઓળખતા નથી.

**ભોજનથી સન્નિપાત.**

"જેવી રીતે કુટુંબીઓએ મઠવાસીને ભોજન આપ્યું હતું તેવી રીતે આ પ્રાણીની લોલુપતા વધારે તેવું ચિત્રવિચિત્ર પ્રકારનું સુંદર ભોજન આ પ્રાણીને માટે મોહરાજાની આજ્ઞાથી તૈયાર થાય છે. એ ભોજનને મહામોહ પોતે મંત્રી આપે છે અને એની ખાસીઅત પ્રથમ તો જ્ઞાનને આવરણ કરવાની હોય છે. એ ભોજનને પેલું બંધહેતુ કુટુંબ તૈયાર કરે છે. મોહથી અત્યંત આસક્ત થયેલા જીવો મઠના ચટ્ટો સમાન હોઇ એ ભોજનને મેળવીને તેનાથી પોતાના આત્માને ઠાંસી ઠાંસીને ભરે છે અને એનું પરિણામ શું થશે તેનો તે વખતે જરા પણ વિચાર કરતા નથી, જાણતા પણ નથી. આવા કુભોજનનું જે પરિણામ થાય, તેને લઇને જે અજ્ઞાન થાય તેનું નામ 'અનભિગ્રહ મિથ્યાત્વ'[1] નામનો સનેપાત કહેવામાં આવેલ છે.

**સન્નિપાતની અસર.**

"આ પ્રાણીઓ મહા અંધકારરૂપ મિથ્યા જ્ઞાનમય ભાવ સન્નિપાતની અસર તળે હોઇને એકેંદ્રિય અવસ્થામાં લાકડાની જેમ તદ્દન ચેષ્ટા વગરના પડી રહે છે; બેઇંદ્રિય અવસ્થામાં તેમનો અવાજ વ્યક્ત થઇ શકતો ન હોવાથી ઘોઘરો અવાજ કરતા તેઓ જણાય છે; તેઇંદ્રિય અવસ્થામાં અહીં તહીં જમીનપર લોટ્યા કરે છે; ચઉરિંદ્રિય અવસ્થામાં ઝગારા મારે છે; અસંજ્ઞી પંચેંદ્રિયનો આકાર ધારણ કરીને પીડા પામવાની ચેષ્ટા કરે છે; ગર્ભજ પંચેંદ્રિયનો આકાર ધારણ કરીને જેમ તેમ ઝગારા મારે છે; [2]અપર્યાપ્ત અવસ્થામાં હોય ત્યારે

---

૧ જુઓ નોટ પૃ ૧૬૯૧ નો શરૂઆતનો વિભાગ. સર્વને સાર માનવામાં સનેપાતના સર્વ ચાળા પ્રત્યક્ષ દેખાય છે. અસરો નીચે વર્ણવી છે.

૨ **અપર્યાપ્તઃ** પર્યાપ્તિ છ છે: આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન. ઉત્પત્તિ સમયે જીવ આવીને પ્રથમ આહાર લે છે, પછી શરીર પર્યાપ્તિ બંધાય છે અને ત્યાર પછી ઇંદ્રિય વિગેરે પર્યાપ્તિઓ મેળવે છે. એમાં એકેંદ્રિયને પ્રથમની ચાર પર્યાપ્તિ હોય છે, બે ત્રણ અને ચાર ઇંદ્રિયને પ્રથમની પાંચ પર્યાપ્તિ હોય છે અને પંચેંદ્રિયને છએ પર્યાપ્તિ હોય છે. પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે ત્યાં સુધી પ્રાણી 'અપર્યાપ્તો' કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂંધાઇ ગયેલા ગળાવાળા દેખાય છે; નારકીમાં અનેક પ્રકારના દુઃખોથી ત્રાસ પામેલા હોઇને આકુળવ્યાકુળ સ્થિતિમાં તેમની જીભે જાણે કાંટા થઇ ગયા હોય તેમ દેખાય છે; નારકીમાં સખ્ત તાપવડે ત્રાસ પામે છે; તે નારકીઓમાં જ ઠંડીની સખ્ત પીડાઓથી હેરાન થાય છે; જનાવરના અવતાર પામીને કાંઇ વિચાર જ કરી શકતા નથી; મનુષ્યનો ભાવ (જન્મ) પામીને વારંવાર વધારે મોહ પામે છે; દેવ અવસ્થામાં મહામોહની નિદ્રામાં પડી જઇ વખત પૂરો કરી નાખે છે અને સર્વ અવસ્થામાં ધર્મની સંજ્ઞા વગરના થઇ જાય છે. આવી રીતે જીવના સંબંધમાં મિથ્યા અજ્ઞાનના અંધકાર રૂપ **અત્યંત ભયંકર સન્નિપાત** થઇ આવ્યો છે અને તેને ઉત્પન્ન કરનાર એવું **કર્મભોજન** કારણ રૂપ છે એમ તારે સમજવું.

## ઉન્માદની અસર.

"વળી નારકી તિર્યંચ મનુષ્ય અને દેવગતિમાં વર્તનારા ઘણાએ પ્રાણીઓને અકલ્યાણ ભોજનને પરિણામે મનમાં સર્વજ્ઞ શાસનથી વિપરીત અભિનિવેશ[1] થઇ જાય છે તેની અસર તળે તેઓ રાગદ્વેષ-મોહથી દૂષિત થયેલને પરમાત્મા ગણે છે આત્માને તેઓ [2]એકાન્ત નિત્ય માને છે, અથવા તેને ક્ષણિક[3] માને છે, અથવા તેને સર્વગત[4] માને છે, અથવા આત્માને પંચભૂતાત્મક[5] માને છે, અથવા તેને [6]શ્યામા નામના ધાન્ય અથવા ચોખા જેવડો માને છે; વળી એની અસરતળે [7]સૃષ્ટિ-

---

૧ આગ્રહ સાથે અજ્ઞાન જન્ય નિર્ણય (એક પ્રકારનું મિથ્યાત્વ). જુઓ નોટ. પૃ. ૧૬૯૧.

૨ આત્માને એકાંત નિત્ય **અદ્વૈતવાદીઓ** માને છે.

૩ આત્માને ક્ષણિક **બૌદ્ધો** માને છે.

૪ આત્માને-એકજ આત્માને સર્વગત માનવાનો સિદ્ધાન્ત **વિશિષ્ટ અદ્વૈત મતનો** છે.

૫ **લોકાયતિક-ચાર્વાક મત**વાળા આત્માને પંચભૂતસમૂહ માને છે એ પંચભૂત છૂટા પડે એટલે મરણ થાય છે અને ત્યાં સર્વ વાતનો છેડો આવી જાય છે,

૬ શ્યામાક-અડદનું નામ છે. અમુક કદનો આત્મા **દ્વૈત મત**વાદીઓ માને છે. અથવા 'સામા' નામનું અનાજ થાય છે. ઉપનિષદ્‌માં આત્મા તંદુલ જેવડો માન્યો છે. બૃહદારણ્યક ૫-૬ અને છાંદોગ્ય ઉપનિષદ્ ૧૪-૩.

૭ **સૃષ્ટિવાદ**-આ સૃષ્ટિ ઇશ્વરે બનાવી છે, તેમની ઇચ્છા પ્રમાણે ચાલે છે અને તેમની ઇચ્છાથી તેનો લય થાય છે. ઇશ્વરેચ્છા અને જગત્કર્તૃત્વનો આખો સવાલ આ સૃષ્ટિવાદમાં સમાઇ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાદ વિગેરેનો સ્વીકાર કરવામાં આવે છે અને બાકીના તત્ત્વોને પણ ઉલટાવી સુલટાવી નાખવામાં આવે છે. આનું નામ અભિગ્રહ કરેલા મિથ્યાદર્શન રૂપ કર્મભોજનની અસરથી થયેલ ઉન્માદ કહેવાય છે; કારણ કે એ ઉન્માદથી ત્રાસ પામેલા (હણાયલા) ચિત્તવાળા તેઓ સાચા શુદ્ધ માર્ગને દૂષણ આપવા વડે જાણે પ્રલાપ (બડબડાટ) કરતાં હોય તેવા દેખાય છે, આખા તપમાર્ગને ઉડાવવા વડે જાણે હસતાં હોય તેમ દેખાય છે, પોતાની મરજીમાં આવે તેવું વર્તન કરવાનો ઉપદેશ આપવા વડે જાણે નાચ કરતાં હોય એમ દેખાય છે, આત્મા નથી પરલોક નથી પુણ્ય નથી પાપ નથી એમ બોલતાં જાણે કૂદતાં હોય એમ દેખાય છે, સર્વજ્ઞમતના જાણકાર પુરૂષોથી જ્યારે તેઓ હાર પામી જાય છે ત્યારે જાણે રડતાં હોય એમ દેખાય છે અને પોતાના તર્કના ડાંડીઆવડે[1] નગારૂં વગાડતાં જાણે ગાયન કરતાં દેખાય છે.[2] આ પ્રમાણે હકીકત હોવાથી—

**इति नर्तनवल्गनगानपरा हसनप्रविलापसरोदनकाः ।**
**ननु भद्र ! भवन्ति जिनेन्द्रमताद्विपरीतदृशो ग्रहरूपधराः ॥**

"જૈનેંદ્ર મતથી વિપરીત દૃષ્ટિ રાખનાર અને ગ્રહનું રૂપ ધારણ કરનારા લોકો આવી રીતે નાચ, કૂદન અને ગાયન કરવામાં તત્પર થાય છે અને હસન બડબડાટ અને રૂદન કરનારા થાય છે.

"એ સર્વ પ્રાણીઓ કર્મરૂપ વિષની અસરથી ચેપાયલા દેખાય છે અને તેઓની ધર્મની સંજ્ઞા તદ્દન નાશ પામી ગયેલી હોય એમ જણાય છે—એમાં જરા પણ સંશય નથી.

## વૈદ્યમુનિ ગુરૂ.

"એ મુનિએ કહ્યું હતું[3] કે ત્યાર પછી આ સામે બેઠેલા મહાત્મા ગુરૂએ વૈદ્યકશાસ્ત્રમાં ઘણો પ્રયત્ન કર્યો અને અત્યંત કૃપાવાળા થઇને ભયંકર સન્નિપાતની અસરથી મને મૂકાવ્યો અને તેમ કરવા માટે

---

૧ **ડુંડોલક**—આનો અર્થ 'કામઠી' સારંગી વિગેરે વગાડવાની ધનુઃ પણ થાય છે.

૨ **ઉન્માદની નિશાની** છ બતાવી: પ્રલાપ (બડાબડાટ), હાસ્ય, નાચ, વલ્ગન, રૂદન અને ગાયન. પ્રસંગ વગર—કારણ વગર—હેતુ વગર એ સર્વ ક્રિયા થાય ત્યારે તેનું નામ **ઉન્માદ** કહેવાય છે. આ છ પ્રકારના ઉન્માદ ઉપર બતાવ્યા.

૩ શરૂઆતમાં આ વાર્તા ચોથા મુનિએ પોતાનું વૈરાગ્યકારણ કહેતાં કહી હતી, તેનો ઉપનય ઉતારતાં અકલંક સ્વરૂપદર્શન ઘનવાહન પાસે કરે છે. સંસારીજીવ પોતાનો અનુભવ સદાગમ સમક્ષ કહી બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે પોતાના ઔષધોનો મારા ઉપર પ્રયોગ કર્યો તે સર્વ વાત બરાબર બંધબેસતી આવે છે તે તું સાંભળઃ—એ મહાત્મા મુનિઓ સિદ્ધાન્તરૂપ વૈદા માટે ઘણો પ્રયત્ન કરતાં હોય છે અને પોતે જાતે નિષ્ણાત[1] હોઇ સંસારની અંદર રહેનારા સર્વ પ્રાણીઓનાં સ્વરૂપને બરાબર જાણી શકે છે. એવી રીતે જ્યારે વ્યાધિગ્રસ્તને એ વૈદરાજો તપાસે છે ત્યારે તેઓને જણાય છે કે પ્રાણીઓ કર્મભોજનથી થયેલા સનેપાતની અસરથી પીડાય છે. આવા અવલોકનને પરિણામે તેઓને પ્રાણી ઉપર બહુ જ કરૂણા આવે છે. પછી એ ભાગ્યશાળી મહાત્માઓ કેવા ઉપાયથી આ પ્રાણીઓને સંસારના ક્લેશથી મુક્ત કરી શકાય તેનો વિચાર કરે છે. આમ હોવાથી તે પ્રાણીઓ મુનિમહારાજની નિંદા કરે, તેઓ સામે ક્રોધ કરે, અથવા તેમને મારે કૂટે તો પણ તે મહાસત્ત્વોને તેથી જરા પણ ક્રોધ ઉત્પન્ન થતો નથી, તેઓ તો વિચાર કરે છે કે એ બાપડા (પ્રાણીઓ) કર્મસનેપાતથી અત્યંત પીડા પામતા દેખાય છે, મિથ્યાત્વરૂપ ઉન્માદથી તપી ગયેલા દેખાય છે, પોતાના પાપરૂપ ઝેરથી મૂર્છા પામેલા જણાય છે, સર્વદા દુઃખના ભારથી દબાઇ ગયેલા જોવાય છે, અને વિશુદ્ધ ધર્મની ચેષ્ટા નાશ પામી ગયેલા દેખાય છે, તેમ હોવાથી પરવશ પડેલા તેઓ નિંદા આક્રોશ કે મારકૂટ કરે તો તેના ઉપર કયો ડાહ્યો માણસ કોપ કરે? કૃપા કરનારા માણસો—કરૂણારસિક જીવો દુઃખ ઉપર ડામ દેતા નથી, ઘા ઉપર મીઠું મૂકતા નથી.

"વળી તેઓ વિચાર કરે છે કે એ પ્રાણીઓ કર્મથી ઘેરાયલા હોઇ બાપડા દયાને પાત્ર છે એટલું જ નહિ પણ વિવેકી વિચારવંતોને તેઓ સંસારથી ઉદ્વેગ કરાવનાર પણ થઇ પડે છે, તે આવી રીતેઃ સંસારમાં અહીં તહીં ફરનારા જીવોને વસ્તુતઃ સનેપાતના ચાળા કરનાર અને એવી રીતે ગાંડા થયેલા અથવા ઉન્માદ પામેલા જોઇને જિનેંદ્રમત દ્વારા કથિત સ્વરૂપ સમજનાર ડાહ્યા માણસને મનમાં એમ થાય છે કે અરેરે! મનુષ્યપણું પામ્યા છતાં પણ આ બાપડાની આવી સ્થિતિ થઇ એ ઘણુ ખોટું કહેવાય. એવી સનેપાત અને ઉન્માદની અસરતળે સંસારના જીવોનો સંચાર જોઇને પછી સંસારકારાગૃહ ઉપર કોને પ્રેમ આવે? અને તેમાં પણ તે સ્વરૂપ સમજ્યો હોય તેને તો એ વાતમાં આનંદ કેમ જ આવે?

---

1 નિષ્ણાતઃ અસાધારણ સંપૂર્ણતા પ્રાપ્ત કરનાર. (expert)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગુરૂની કરૂણા.

" આ પ્રમાણે હકીકત હોવાથી કરૂણાયુક્ત ચિત્તવાળા ગુરૂમહારાજે પેલા મુનિ ( ચોથા ) જે તે વખતે સનેપાતની અસરથી અનેક પ્રકારની પીડા પામતા હતા તેને બોધ પમાડ્યો. જે મહાત્મા ગુરૂમહારાજે આ એક ચટ્ટ ( મઠવાસી ) જેવા પ્રાણીને પોતાના વચનઅમૃતરૂપ ઔષધવડે સાધુ બનાવી સ્વસ્થ કર્યો, સનેપાતની અસરથી મુક્ત કર્યો, તે ખરેખર મોટા વૈદ્ય ગણાય.

## અવલોકના અને સદ્જ્ઞાન.

" ત્યાર પછી એમ કહેવામાં આવ્યું હતું કે ' મારામાં તે વખતે બીજા ચટ્ટોની સોબતથી ઉન્માદ ( ગાંડપણ ) હતો, તેને પણ ઘણા યત્નપૂર્વક એ મહાત્માએ મટાડ્યો'–એ હકીકત આવી રીતે સમજવી. એ ગુરૂમહારાજે પ્રથમ તો મોટા ખાધરાપણાનો આકાર ધારણ કરનાર [1]આભિગ્રાહિક મિથ્યાત્વનો અજ્ઞાનીઓને બોધ કરવા દ્વારા નાશ કરીને પછી અન્ય તીર્થીઓના સંબંધમાં આવીને ઉન્માદ જેવા અભિનિવેશો થયા હતા તેનો પણ ક્ષય કર્યો. પ્રથમ અજ્ઞાનદશામાં પ્રાણી હોય છે ત્યારે તે વડિલને માર્ગે ચાલ્યો જાય છે, પછી બધાં દર્શનને સારાં માને છે અને પછી પોતાની વાતને કુયુક્તિથી સાચી કરવાનો પ્રયત્ન કરે છે. આ સનેપાત અને ઉન્માદ છે. ત્યાર પછી આ પ્રાણી સમ્યગ્ભાવમાં આવે છે ત્યારે તેને તે ચટ્ટોના મઠનો આકાર ધારણ કરનાર ( આ ) સંસારનો વિસ્તાર ગુરૂમહારાજ સમજાવે છે અને આખો સંસાર કેવો છે તે તેને બતાવે છે; તે વખતે આ પ્રાણી જુએ છે કે જેમ મઠમાં ચટ્ટો રહે છે તેમ સંસારમાં પ્રાણીઓ રહે છે અને કર્મભોજનના દોષથી તેઓ સનેપાતથી પીડાય છે અને ઉન્માદની અસર તળે હેરાન થાય છે. તેઓની આવી સ્થિતિ જોઇને–તેઓને દુઃખના ભારથી ભરેલા મોટેથી રાડો પાડતા અને કેફમાં ચકચૂર થયેલા જોઇને અને તેઓને ગમે તેમ બકબકાટ કરતા જોઇને આ પ્રાણીને મહા ભય થાય છે.

" ત્યાર પછી એ મુનિએ પોતાના ગુરૂને કહ્યું 'ચાર ગતિવાળા સંસારમાં સર્વ પ્રાણીઓ આપે મને બતાવ્યા તે સર્વ તો ઘણા દુઃખી દેખાય છે અને તેમને જોઇને મને ઘણો ઉદ્વેગ થાય છે.' તેને મહાત્મા ગુરૂએ ઉત્તર આપ્યો 'ભાઇ! આ સર્વ પ્રાણીઓ દુઃખસમૂહમાં ડૂબી

---

૧ એ મિથ્યાત્વના સ્વરૂપ માટે જુઓ નોટ પૃ. ૧૬૯૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયેલા અને રક્ષણથી રહિત દેખાય છે તેવો જ ભદ્ર! તું પણ પૂર્વે હતો. અને વળી જો તારા શરીર ઉપર કર્મનું અજીર્ણ અત્યારે પણ દેખાય છે તો તેને પચાવવા માટે હું તને જે ક્રિયા બતાવું તે તું કર. અને વળી ભાઇ! તને હું જણાવું છું કે મારી એ સુંદર ક્રિયાને તું નહિ કર તો સંસારમાં ફરીવાર પણ દુઃખગ્રસ્ત થઇશ.

## જ્ઞાનનું ફળ.

"ગુરૂમહારાજે ઉપર પ્રમાણે વચન કહ્યાં તે સાંભળીને ગુરૂ પાસે એ મુનિએ જૈનેંદ્ર મતની દીક્ષા લીધી અને ગુરૂમહારાજે જે ક્રિયાનું આસેવન બતાવ્યું તે સર્વ બરાબર કર્યું. હવે અત્યારે એ કર્મભોજનથી થયેલું અજીર્ણ ઓછું કરતો રહે છે. આવી રીતે મુનિએ પોતાને વૈરાગ્ય થવાનું કારણ આપણી પાસે કહી સંભળાવ્યું.

## ટીકા અને વિવેચન.

"ભાઇ ઘનવાહન! માત્ર આ સાધુ મહારાજ જ આ સંસારમાં કર્મઅન્નથી થયેલા અજીર્ણથી પીડા પામેલા છે એમ ન સમજતો. આપણે સર્વ પણ એવી જ પીડા ભોગવીએ છીએ એમ તારે સમજવું. મનુષ્યભાવ પ્રાપ્ત કરીને આપણા જેવાએ પણ કર્મરૂપ અજીર્ણનું શોધન કરવું જોઇએ અને તેમ કરવા સારૂ આપણે દીક્ષા લેવી જોઇએ."

અગૃહીતસંકેતા! તે અવસરે મારામાં તો કર્મનો ભાર ઘણો વધારે હોવાથી અકલંકે મને જે વિચારો બતાવ્યા તે કાંઇ મને રૂચ્યા નહિ અને મેં તો તેની અવગણના જ કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૬ ઠ્ઠું.

## ચાર વ્યાપારી કથાનક.

{ પંચમ મુનિ વૈરાગ્યપ્રસંગ. }

સંસારીજીવ પોતાનું ચરિત્ર સદાગમ સમક્ષ આગળ કહે છે, અગૃહીતસંકેતાને ઉદ્દેશીને તે બોલે છે અને પ્રજ્ઞાવિશાલા તેમજ ભવ્યપુરૂષ તે સાંભળે છે. સંસારીજીવ આગળ કહે છે.—

હે અગૃહીતસંકેતા ! હું ( ઘનવાહન ) અને અકલંક મારો મિત્ર ત્યાર પછી નજીકમાં બેઠેલા પાંચમા મુનિ પાસે ગયા, તેમને વંદન કરીને અત્યંત ઉદાર બુદ્ધિવાળા મારા મિત્ર અકલંક સાથે હું તેમની સામે બેઠો. મુનિરાજે અમને સામાન્ય પ્રકારે દેશના આપી તે અમે સાંભળી અને ત્યાર પછી અકલંક અને મુનિરાજ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇઃ-

અકલંક—"બાળવયમાં આપે આવી આકરી દીક્ષા લીધી છે તે જોઇને મને સહજ કૌતુક થાય છે; આપને આવી દીક્ષા લેવાનો શો પ્રસંગ બન્યો તે આપ મને જણાવવા કૃપા કરો."

મુનિ—"ભાઇ ! આ દૂર ગુરૂમહારાજ બેઠા છે તેમણે મને એક કથા કહી તે સાંભળીને મને વૈરાગ્ય થયો અને મેં દીક્ષા લીધી."

અકલંક—"મહારાજ ! જે કથા આપને આવા અનુપમ વૈરાગ્યનું કારણ થઇ પડી તે કથા મારા ઉપર કૃપા કરીને મને જરૂર સંભળાવો. મને લાગે છે કે એ કથા ઘણી સાંભળવા જેવી હશે. આપ તેટલા માટે મારી પર મહેરબાની કરો."

મુનિ—"એમાં કાંઇ વાંધા જેવું નથી, સાંભળ. ગુરૂમહારાજે મને કથા કહી તે નીચે પ્રમાણે હતી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * *

* * * *

## ચાર વ્યાપારી કથાનક.

વસંતપુર નગરમાં ઘણા સાર્થવાહો ( મોટા વેપારીઓ ) રહેતા હતા. તેમાં ચાર સાર્થવાહપુત્રોને અંદર અંદર ઘણો સ્નેહ હતો અને પ્રીતિને પરિણામે તેઓ એક બીજાના પરમ મિત્રો થયા હતા. વેપારીના છોકરાઓ અને સમુદ્રને કાંઠે રહેનારા એટલે તેમને વેપાર કરવાની ઘણી ઇચ્છા થતી હતી, તેથી તેઓ અનેક આવર્તો જળચરો અને બીજા અનેક પ્રકારના સેંકડો ભયોથી ભરેલા સમુદ્રને ઓળંઘીને વેપાર કરવા માટે **રત્નદ્વીપે** ગયા. એ ચારે મિત્રોનાં નામો અનુક્રમે **ચારૂ, યોગ્ય, હિતજ્ઞ** અને **મૂઢ** હતાં. આ નામ બરાબર ધ્યાનમાં રાખવાની જરૂર છે, કારણ કે જેવા તેઓ નામે હતા તેવા જ તેઓ કાર્યે પણ હતા, મતલબ તેમનાં નામને સાર્થક કરે તેવી પ્રકૃતિના તેઓ હતા, તે હવે પછી કહેવાની વાર્તા ઉપરથી તમારા સમજવામાં આવી જશે. **રત્નદ્વીપ** સર્વ રત્નોની ખાણ કહેવાય છે, પરંતુ પુણ્ય વગર એ દ્વીપે જવાનું પણ બની શકતું નથી. એ દ્વીપ ઘણો સુંદર છે અને ભાગ્યવાનને જ તે પ્રાપ્ત થાય છે. છતાં ત્યાં પણ ઉપાય કર્યા વગર-મહેનત કે પ્રયત્ન કર્યા વગર રત્નના ઢગલા મળી જતા નથી. **સામે ભોજન આવી પડેલું હોય તો પણ જો પ્રાણી પોતાનો હાથ ન હલાવે તો ભોજન ખાઇ શકતો નથી.**

રત્નદ્વીપ.

### ચાર વ્યાપારી અને રત્નો.

હવે **ચારૂએ** તે રત્નદ્વીપે જઇને બીજા કોઇ પણ ધંધાને દૂર મૂકી દીધો. એણે તો શુદ્ધ મનથી રત્નો એકઠાં કરવાનો અને ગ્રહણ કરવાનો જ ધંધો માંડ્યો અને બીજી કોઇ પણ આકાંક્ષા કે ઇચ્છાને માર્ગ આપ્યો નહિ. એ **ચારૂ** જાતે ઘણો વિચક્ષણ હતો તેથી જૂદા જૂદા ઉપાયો કરીને ત્યાંના લોકોને પોતાના તરફ આકર્ષતો હતો અને દરરોજ નવાં નવાં રત્નો એકઠાં કરતો જતો હતો. એ દૃઢ નિશ્ચયવાળા નરોત્તમે થોડા વખતમાં પોતાના આખા વહાણને મહા મૂલ્યવાળાં રત્નોથી ભરી દીધું. એનું કારણ એ હતું કે એક તો એને પોતાને જ રત્નની પરીક્ષા હતી, તેથી રત્નના ગુણદોષ બરાબર જાતે જ જાણતો હતો અને બીજું તેને

**ચારૂનો ઉદ્યોગ.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્યાન વિગેરેમાં ફરવા જવાનો કે બીજી રીતે વખત નકામો ગાળવાનો જરા પણ શોખ જ નહોતો. આવી રીતે ચારૂ સુંદર જ્ઞાન (રત્નપરીક્ષા) અને સદાચાર પરાયણતાથી (ચારિત્ર) રત્નદ્વીપમાં રહીને આખો વખત પોતાનો ખરો સ્વાર્થ સાધતો રહ્યો અને તેણે રત્નદ્વીપમાં આવવાનો પોતાનો હેતુ સફળ કર્યો.

**યોગ્યનું કૌતુક.**

બીજો યોગ્ય નામનો સાર્થવાહપુત્ર જે ચારૂનો મિત્ર હતો તેણે પણ રત્ન મેળવવાની ઇચ્છાથી થોડો થોડો વેપાર રત્નદ્વીપમાં કરવા માંડ્યો પણ એમાં તફાવત એટલો હતો કે એને વાડી ઉદ્યાનમાં હરવા ફરવાનું થોડું કૌતુક થયા કરતું હતું. એને રત્નની પરીક્ષા તો હતી તેથી તે દરેક રત્નના ગુણદોષ જાણતો હતો, પરંતુ વચ્ચે વચ્ચે વાડી ઉદ્યાનમાં રમત ગમત કરવાના શોખમાં પડી જતો હતો તેથી તેની શક્તિ નરમ પડી જતી હતી. એવા શોખને પરિણામે તે દરરોજ બાગમાં ફરવા જતો હતો, વનખંડોમાં રખડવા જતો હતો, વાડીમાં લટાર મારવા જતો હતો અને સરોવર જોવા જતો હતો અને એ હકીકતને લઇને એના કેટલાક દિવસો નકામા ચાલ્યા જતા હતા. વળી કોઇ કોઇ વાર એને મનમાં ચારૂનો ભય થઇ આવતો હતો કે રખેને તે ઠપકો દેશે, ત્યારે વળી અંતઃકરણના આદર વગર રાજ્ય તરફની વેઠથી કરે તેમ વચ્ચે વચ્ચે તે રત્નો પણ થોડાં થોડાં એકઠાં કરતો જતો હતો. આવી રીતે યોગ્ય ત્યાં ઘણો વખત રહ્યો ત્યારે એણે સારાં માણેકો માત્ર થોડાં એકઠાં કર્યાં. એને કુતૂહળ જોવામાં ઘણો પ્રેમ હોવાને કારણે એ મહા મૂલ્યવાળાં રત્નો બહુ એકઠાં કરી શકયો નહિ અને જો કે રત્નદ્વીપમાં વેપાર કરવા ગયો તો પણ તે થોડું જ રળ્યો અને ઘણું રળી શકે તેવું હતું તે સમય હારી ગયો; મતલબ તેણે થોડાની ખાતર ઘણાનો ભોગ આપ્યો.

**હિતજ્ઞની અકુશળતા.**

ત્રીજો હિતજ્ઞ નામનો સાર્થવાહપુત્ર પણ ચારૂનો મિત્ર હતો. તેને તો જાતે રત્નની પરીક્ષા જ આવડતી નહોતી તેથી જ્યારે બીજા માણસો તેને ઉપદેશ આપે-પરીક્ષા કરી બતાવે ત્યારે જ તે રત્નને ઓળખતો હતો. એમ એક તો એને રત્નની પરીક્ષા હતી નહિ અને વળી એને વાડીઓમાં ફરવાનું બગિચાઓમાં રખડવાનું અને ચિત્રો જોવાનું બહુ જ મન થયા કરતું હતું અને એ શોખને લઇને એના રત્નના વેપારમાં ઘણી અડચણ પડ્યા કરતી હતી. આળસ અને શોખને લઇને એ તો રત્નનો કાંઇ જીવ જેવો વેપાર કરી શકયો નહિ. વળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે જ્યારે એ થોડો થોડો વેપાર કરવા મન કરતો ત્યારે ત્યારે ધૂતારા લોકોથી તે ઠગાઇ જતો હતો, કેમ કે જ્યારે એ શંખલા, કાચના કટકા અથવા કોડિઓ જોતો ત્યારે એનો ઉપર ઉપરનો ચકચકાટ જોઇને એને એ રત્ન ધારતો અને એવી મામુલી ચીજો ધૂતારા લોકો એની પાસે લાવી વેપારને અવસરે રત્ન તરીકે ઠસાવી દેતા અને એ બાપડો પોતાને પરીક્ષા ન હોવાથી એ વસ્તુઓ લેવાને તૈયાર થઇ જતો. આવી રીતે **હિતજ્ઞ** રત્નદ્વીપે આવ્યો તો ખરો, પણ પોતાનો સ્વાર્થ સાધવાને અશક્ત રહ્યો.

**મૂઢની મૂર્ખતા.**

ચોથો **મૂઢ** નામનો સાર્થવાહનો પુત્ર અને ચારૂનો મિત્ર જાતે તો રત્નની પરીક્ષા બીલકુલ જાણતો નહોતો પરંતુ અન્ય કોઇ એની પાસે આવીને રત્નના ગુણદોષ સમજાવે ત્યારે પણ મોહમૂઢ હોઇને તે સ્વીકારતો નહોતો. વળી એને કમળના ઉદ્યાનમાં ફરવું ગમતું હતું, મોટા વનોમાં શોભા જોવાનો શોખ હતો, બગિચામાં લટાર માર્યા કરવી પસંદ હતી, ચિત્રો જોવામાં બહુ રૂચિ હતી અને દેવમંદિરોની શોભા જોવામાં રસ પડતો હતો અને એવા એવા વેપારને નુકસાન કરે તેવાં કામોમાં જ તેનો ઘણો ખરો વખત વ્યતીત થતો હતો. એટલે તે તો રત્નોને ઓળખી શક્યો નહિ અને પરિણામે સાચાં રત્ન ઉપર તો ઉલટો દ્વેષ કરતો રહ્યો અને આખો વખત વાડીબગિચામાં ફરવા હરવામાં અને કૌતુક જોવામાં તેમજ કુતૂહળ કરવામાં પડી રહ્યો અને કોઇ કોઇ વખત ધૂતારા લોકોના હાથે શંખલા કાચના ટૂકડા કે કોડિઓ માત્ર લેતો રહ્યો.

## રત્નથી ભરેલ ચારૂનું વહાણ.
## મિત્રો સાથે તેનું વિચારણીય સંભાષણ.
## સાચા ઉપદેશની વ્યક્તિગત જૂદી જૂદી અસર.

**યોગ્યનો સંવ્યવહાર.**

હવે **ચારૂ**એ તો પોતાનું વહાણ મૂલ્યવાળાં રત્નોથી ભરી દીધું અને પોતાને નગર (સ્વસ્થાન) પાછા ફરવાની ઇચ્છા કરી. તે વખતે પોતાના મિત્રોનું શું થયું છે તેની ચિંતા કરતો તે પ્રથમ યોગ્ય પાસે આવ્યો. બન્ને વચ્ચે તે પ્રસંગે નીચે પ્રમાણે વાતચીત થઇ.

**ચારૂ**—"ભાઇ! હવે હું તો દેશમાં જઉં છું. તારે આવવું છે?"

**યોગ્ય**—"મિત્ર! મારૂં વહાણ તો હજુ ભરાણું નથી, મને તો હજુ સુધી માત્ર થોડાં રત્નો જ મળ્યાં તે મેં એકઠાં કર્યાં છે."

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ચારૂ—"ભાઇ! મારે અને તારે આટલો બધો તફાવત પડવાનું કારણ શું? તે તું મને કહે."

યોગ્ય—"મેં અત્યાર સુધી શું શું કર્યું તે તું સાંભળ." એમ કહી યોગ્યે પોતાની આખી વર્તના કહી સંભળાવી.

ચારૂ—"ભાઇ! વાડી બાગ બગિચાનો તારો શોખ જરા પણ સારો નથી અને અહીં સુધી આવીને રત્નો એકઠાં કરવાનું ન થાય અને તે દ્વારા આત્મવંચન થાય તે તારા જેવાને ઘટતું નથી. જો મિત્ર! તું જાણે છે કે રત્નો સુખનાં કારણ છે અને તે મેળવવા માટે આપણે અહીં આવ્યા છીએ, છતાં તે બાબતમાં પૂરતો આદર ન કરવો એ તો આત્મવૈરીપણું કહેવાય-એ તો આત્મઘાત કરવા તુલ્ય ગણાય. વળી તું જો. કે બાગબગિચાનો શોખ તેં ઘણા વખત સુધી કર્યો છતાં તને તેથી સંતોષ થયો નહીં, તું ધરાયો નહીં, તેથી તારો પોતાનો સ્વાર્થ ખરેખરો સધાય તેવાંજ કામ કરવાં એ વધારે ડહાપણભરેલું ગણાય; કારણ કે **સ્વાર્થનો નાશ કરવો એ તો મૂર્ખાઇ છે.** વળી વિચાર કર, કે તું અહીં રત્નદ્વીપે રત્ન ઉપાર્જન કરવાના હેતુથી જ આવ્યો હતો, છતાં જે કામ માટે તું અહીં આવ્યો હતો તે ન કરતાં બીજા કામમાં પડી ગયો તેથી તને તારા આત્માની લાજ પણ આવતી નથી? તને એમ થતું નથી કે પોતાનું મૂળ મુદ્દાનું કામ છોડીને તું બીજા કામમાં પડી ગયો છે? માટે હવે ભાઇ! મારા વચનથી તું આ મોજશોખની બાબતો તદ્દન છોડી દે અને માત્ર રત્ન ઉપાર્જન કરવાના કામમાં એક મને લાગી જા અને સઘળો વખત રત્નો એકઠાં કરતો જા. જો તું મારૂં માનીશ નહિ તો હું તો હવે દેશ તરફ જઇશ, કારણ કે મારૂં કામ તો લગભગ પૂરૂં થઇ ગયું છે, પણ હું તને કહું છું કે અત્યાર સુધી જેવી રીતે તું વર્ત્યો છે તે જ પ્રમાણે ચાલુ રાખીશ તો તારા પોતાના સ્વાર્થથી તું ભ્રષ્ટ થઇશ અને નાહક દુઃખી થઇશ."

ચારૂનાં ઉપર પ્રમાણેનાં વચનો સાંભળી યોગ્ય પોતાનાં મનમાં ઘણું લજવાયો અને એને પોતાના વર્તન માટે ઘણો ખેદ થયો. પછી તે બોલ્યો "બંધુ! તું તો ખરો ભાગ્યવાન્ છે, પરંતુ તારે હમણા કૃપા કરીને દેશ ન જવું. તું મને જેમ કહીશ તેમ હું કરીશ. તેં ઉપર કહ્યું તે પ્રમાણે સર્વ કરીશ અને તે સિવાય બીજું પણ તું જે કહીશ તે કરીશ, પણ હાલ તું દેશ ન જા નહિ."

પછી બીજાં સર્વ કામો પડતાં મૂકીને, બીજો બાહ્ય શોખ વિસારી દઇને યોગ્ય માત્ર રત્ન ઉપાર્જન કરવાનાં કામમાં લાગી ગયો. બુદ્ધિમાન્ ચારૂનાં વચનની તેના ઉપર બરાબર અસર થઇ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિતજ્ઞને ઠેકાણે આણ્યો.

ત્યાર પછી **ચારૂ** પોતાના બીજા મિત્ર **હિતજ્ઞ** પાસે આવ્યો તે વખતે બન્ને વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ તે ઘણી વિચારવા યોગ્ય છે. ચારૂ યોગ્યને ઠેકાણે લાવીને સીધો જ હિતજ્ઞ પાસે આવ્યો હતો તે વાત લક્ષ્યમાં રાખવાની છે.

**ચારૂ**—"કેમ ભાઇ **હિતજ્ઞ**! હું તો હવે (દેશ) જઉં છું. તારે કેમ છે? આવવું છે?" ચારૂનો આવો સવાલ સાંભળીને અત્યાર સુધી રત્નદ્વીપમાં પોતે જે કાંઇ એકઠું કર્યું હતું તે આંચકાપૂર્વક બીતાં બીતાં **હિતજ્ઞે** તેને બતાવ્યું. ચારૂએ જોયું તો જે વસ્તુઓ **હિતજ્ઞે** એકઠી કરી હતી તે તો માત્ર શંખલાના કટકા, કાચનાં ટૂકડા અને કોડિઓનાં સમૂહો હતા. પછી આટલો બધો વખત શું કર્યું એવા સવાલના જવાબમાં **હિતજ્ઞે** પોતાનું આખું ચેષ્ટિત વિગતવાર જણાવી દીધું. એ વાત કરતાં હિતજ્ઞ સ્નેહ બતાવ્યા કરતો હતો તેથી ચારૂને તેના ઉપર ઘણી દયા આવી અને પછી કાંઇક ઠપકાના અને કાંઇક સમજાવટના આકારમાં તેણે હિતજ્ઞને નીચે પ્રમાણે કહ્યું:-

**ચારૂ**—"ભાઇ હિતજ્ઞ! પાપી ધૂતારા લોકોએ તને ખરેખરો ઠગ્યો છે! તું તદ્દન ભોળો માણસ છે અને રત્નની જરા પણ પરીક્ષા જાણતો નથી એ વાતનો તે પાપીઓએ લાભ લીધો છે. તું અહીં રત્નદ્વીપમાં વેપારી થઇને વેપારીના વેશે રત્નો કમાવા સારૂ આવ્યો છે તો તારે હરવા ફરવાના મોજશોખમાં પડી જવું એ જરા પણ યોગ્ય નથી. સાચા વેપારીને એવો ખોટો શોખ પાલવે નહિ."

ચારૂનાં આવાં વચન સાંભળીને હિતજ્ઞે વિચાર કર્યો કે—અહો! ચારૂની વચનકુશળતા કેવી ઉમદા છે! અને તેનો મારા તરફ સ્નેહ પણ ખરેખરો છે! મારૂં હિત ક્યાં છે અને શેમાં છે અને મારૂં અહિત શા કારણથી થયું છે તે સર્વે બાબત આ મહા ભાગ્યવાન્ ચારૂ બરાબર જાણે છે તો પછી મારે હવે ખરેખરૂં કરવા જેવું શું છે તે બાબત પણ તેને જ પૂછી લઉં. પછી એણે પોતાપર પ્રેમ રાખનાર મિત્ર ચારૂને નીચે પ્રમાણે કહ્યું.

**હિતજ્ઞ**—"ભાઇ ચારૂ! હવે વાડીબગિચાના મોજશોખમાં હું જરા પણ પડીશ નહિ અને ચિત્રો જોવામાં જરા પણ કુતૂહળ રાખીશ નહિ. પણ હવે તું મારા ઉપર કૃપા કરીને રત્નોના ગુણદોષો મને બરાબર સમજાવ, જેથી મને રત્નોની પરીક્ષા કરતાં આવડે. પછી રત્નોના બરાબર યોગ્ય પરીક્ષક થઇ હું આ કાચ શંખલાં વિગેરેનો ત્યાગ કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દઉં અને સાચાં રત્નો જ ગ્રહણ કરૂં અને તેમ કરી તારા કહેવા પ્રમાણે મારા વહાણને થોડા વખતમાં સાચાં રત્નોથી ભરી દઇને હું તારી સાથે જ આ રત્નદ્વીપથી આવીશ. માટે ભાઇ! તું થોડો વખત થોભી જા."

ચારૂએ વિચાર કર્યો કે યોગ્ય જેમ સાચા ઉપદેશથી પોતાના નામને સાર્થક કરનારો થયો છે તેમ આ હિતજ્ઞ પણ પોતાના નામને ગુણવડે સાર્થક કરે તેવો જણાય છે. આ વિચારને પરિણામે તેણે (ચારૂએ) હિતજ્ઞને રત્નોના ગુણ અવગુણો બતાવ્યા, સમજાવ્યા અને હવે પછી તેણે માત્ર સાચાં રત્નો એકઠાં કરવાના કામમાં જ પડવું એ બાબત ઘણા પ્રયત્નથી તેને ગળે ઉતારી. ચારૂના સાચા ઉપદેશથી હિતજ્ઞે વાડીબગિચા ચિત્રદર્શન વિગેરે બાબતનો મોજશોખ અને કુતૂહળ તદ્દન છોડી દીધાં, થોડા વખતમાં જ તેણે પોતાની પાસેનાં કાચ, શંખલાં અને કોડિઓનો ત્યાગ કરી દીધો અને મૂલ્યવાન્ સાચાં રત્નો કમાવાનો પવિત્ર ધંધો એકચિત્તે આદરી દીધો. ત્યારથી હિતજ્ઞ તે વ્યાપારમાં ઘણો કુશળ થઇ ગયો અને જાતે જ રત્નનો પરીક્ષક થઇને તેને એકઠાં કરવાના કામમાં લાગી ગયો.

મૂઢની મૂર્ખતા.

ત્યાર પછી ચારૂ પોતાના ત્રીજા મિત્ર મૂઢ પાસે ગયો અને આદરપૂર્વક તેને જણાવ્યું કે હવે પોતે દેશ તરફ વિદાય થાય છે. ત્યાર પછી મૂઢ અને ચારૂ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ તે વિચારવા યોગ્ય છેઃ—

[1]મૂઢ—"ભાઇ ચારૂ! તું દેશમાં જઇને શું કરીશ? આ દ્વીપ તો તું આખો ચારે તરફ ફરીને જો! આ બેટ કેવો રમણીય છે! આ બેટમાં ચારે તરફ કમળનાં વનો છે, સારી મોટી હવેલીઓ છે, સુંદર બગિચાઓ છે, મોટાં મોટાં સરોવરો છે અને તે સર્વ આ બેટની શોભામાં ઘણો વધારો કરનારા છે; વળી આ બેટ ગમત અને આરામનાં સાધનોથી તેમ જ પુષ્પોથી ભરેલો છે અને ચારે તરફ વનરાજીથી ખીલી નીકળ્યો છે. તો અહીં વધારે વખત સુખભોગ ભોગવીને પછી આપણી મરજી થશે ત્યારે આગળ ઉપર આપણે સ્વસ્થાન તરફ જશું, અને ભાઇ! મેં પણ મારૂં વહાણ તો તારી જેમ ભરી લીધું છે."

ત્યાર પછી મૂઢે પોતાનું વહાણ અને તેની અંદર ભરેલી સર્વ ચીજો ચારૂને બતાવી. ચારૂએ જોયું તો તે વહાણમાં મૂઢે માત્ર કોડા, શંખલાં અને કાચના નાના મોટા ટૂકડાઓ જ ભરેલાં હતાં. સુંદર ચિત્ત-

૧ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મૂળ પુસ્તકનું પૃ. ૧૦૦૧ શરૂ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળા બુદ્ધિશાળી ચારૂએ આ હકીકત જોઇને પોતાના મનમાં વિચાર કર્યો કે અરે આ બાપડો મૂઢ ખરેખર મૂઢ (મૂર્ખ) જ હોય એમ લાગે છે. એ તો અહીં આવીને મોજશોખમાં પડી ગયો જણાય છે અને એના અજ્ઞાનનો લાભ લઇને ધૂતારા લોકોએ એને સારી રીતે ઠગ્યો જણાય છે, છતાં હજુ પણ જો એ ઠેકાણે આવે તો સારૂં; માટે એને સાચો માર્ગ શું છે તેની સમજણ તો જરા આપું. આવો વિચાર કરીને ચાર બુદ્ધિવાળા ચારૂએ તેને નીચે પ્રમાણે કહ્યું:—

ચારૂ—"ભાઇ! તારે બાગબગિચામાં ફરવાનો શોખ રાખવો કે ચિત્ર જોવામાં આનંદ માનવો એ યોગ્ય નથી. એ તો ખરેખરૂં આત્માને છેતરવાનું કામ છે અને વળી રત્નનો વ્યાપાર કરવા અહીં સુધી આવેલાને તે વેપારમાં અટચણ કરનાર છે. વળી મિત્ર! મને એમ લાગે છે કે ધૂતારા લોકોએ તને પૂરેપૂરો ઠગ્યો છે અને તેઓની ઠગાઇનો તું ખરેખરો ભોગ થઇ ગયો છે, કારણ કે જે બીલકુલ રત્ન નથી, પણ ઝગઝગતા ખોટા કાચના ટૂકડા છે તેને તેઓએ તારી પાસે રત્ન તરીકે ઠસાવી દીધા છે. ભાઇ! આ તો સર્વ કચરો (નકામી ખોટી વસ્તુઓ) છે, માટે તું જલ્દી એનો ત્યાગ કર, એમાં કાંઇ દહાડો વળવાનો નથી. અને ભાઇ! તું મુલ્યવાન્ સાચાં રત્નો ગ્રહણ કર. સાચાં રત્નોનું લક્ષણ એ છે કે—"

આવી રીતે ચારૂ સાચાં રત્નોનું લક્ષણ કહેવા જતો હતો ત્યાં તો મૂઢ એકદમ આવેશમાં આવી ગયો અને ચારૂને કહેવા મંડી ગયો "જા, જા! હું તો તારી સાથે કાંઇ આવવાનો જ નથી, તું જે કામમાં મંડી પડ્યો હો તેમાં લાગી જા. તું તો એવોને એવો જ રહ્યો! કારણ કે તું તો હજુ એવીને એવી જ વાતો કર્યા કરે છે. હું આવી રીતે છેલછોગાળો થઇને ફરૂં છું તે મારા વર્તન ઉપર તું તિરસ્કાર બતાવે છે અને વળી મને જાણે રત્નની પરીક્ષા જ ન હોય તેમ તું મારા રત્નના સંચય ઉપર પણ દોષનો આરોપ કરે છે! મારાં રત્નો કદાચ તને બહુ પ્રભા(lustre)વાળાં ન લાગતાં હોય તો ભલે, મારે તારાં રત્નોનું કાંઇ કામ નથી અને મારે તે જોતાં પણ નથી."

ઉપરની બાબતનો જવાબ દેવા માટે ચારૂ હજુ તો હોઠ ઉઘાડે છે ત્યાં તો મૂઢ પાછો બોલી ઉઠ્યો "ભાઇ! મારે તારાં રત્નો જોતાં નથી અને તારાં જેવાં રત્નો પણ જોતાં નથી, હું એના વગર ચલાવી લઇશ. મારે તારાં સલાહ શિક્ષણ કે ઉપદેશની જરા પણ જરૂર નથી માટે છાનોમાનો જલ્દી સિધાવી જા!"

ચારૂએ એ જવાબ સાંભળી પોતાના મનમાં વિચાર કર્યો કે આ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મૂઢને શિખામણ આપવાનો કે ઠેકાણે લાવવાનો કોઇ માર્ગ જણાતો નથી, કારણ કે એ મારી વાત પણ સાંભળતો નથી અને પોતાની વાતને વળગી રહેવાનો દૃઢ નિર્ણય કરી બેઠો છે.

### ત્રણે રત્નો ભર્યાં, ચોથો રખડી ગયો.

**યોગ્ય** અને **હિતજ્ઞ** તો **ચારૂના** ઉપદેશ પ્રમાણે વર્તતા રહ્યા, તેને પરિણામે તેઓએ પોતાનાં વહાણો બહુ આનંદથી થોડા વખતમાં મૂલ્યવાન્ રત્નોથી ભરી દીધાં. **ચારૂએ** તે વખતે પોતાના મનમાં દેશ જવાનો અગાઉ નિશ્ચય કર્યો હતો તેને અમલમાં મૂકયો અને **યોગ્ય** અને **હિતજ્ઞને** સાથે લઇને પોતાના સ્થાન (દેશ) તરફ બહુ આનંદથી સીધાવ્યો અને **મૂઢ** તો કોઇ રીતે રત્નોનો મેળવનાર થયો નહિ તેથી તેને છોડીને ત્રણે મિત્રો ચાલ્યા ગયા. એ ત્રણે મિત્રોએ સ્વસ્થાનમાં જઇને રત્નો વેચ્યાં જેને લઇને તેઓ અપાર લક્ષ્મી મેળવી આનંદમાં પરિપૂર્ણ થઇને સુખે રહેવા લાગ્યા.

હવે પેલો **મૂઢ** તો રત્નદ્વીપમાં રહી મોજશોખ જ કરતો રહ્યો અને એણે રત્નો ઉપાર્જન કર્યાં નહીં, જેથી નિર્ધન થઇ ગયો અને તેને પરિણામે અનેક પ્રકારનાં દુઃખો ભોગવવા લાગ્યો અને તદ્દન ભિખારી રહી ગરીબાઇના દુઃખમાં સબડવા લાગ્યો. કોઇ ત્યાંનો ક્રોધી રાજા એ જ દ્વીપમાં તેની ઉપર તેના માઠા વર્તનથી ઘણો ક્રોધે ભરાયો અને આખરે તેણે તેને રત્નદ્વીપમાંથી પણ કાઢી મૂકયો અને મહા ભયંકર જળતંતુઓથી ભરેલા અને ભયાનક આવર્તોથી ત્રાસ આપનારા તેમજ જેના મૂળ અને છેડો દેખી પણ શકાતાં નથી એવા મોટા સમુદ્રમાં ફેંકી દીધો.

* * *

પાંચમા મુનિમહારાજ અકલંકને કહે છે કે—ભાઇ અકલંક! મારા પૂજ્ય ગુરૂમહારાજે ઉપર પ્રમાણે કથા કહી તે સાંભળીને મને વૈરાગ્ય થયો. અકલંક તો મુનિરાજના કહેવાનો ભાવાર્થ બરાબર સમજી ગયો તેથી તેનું મુખ કમળ ઘણું વિકસ્વર થયું. પછી તેણે મુનિરાજને નમસ્કાર કર્યો અને પોતે બીજા મુનિ તરફ ચાલ્યો.

[1]**ઘનવાહન**—"ભાઇ! તેં તો મુનિમહારાજને તેમના વૈરાગ્યનું કારણ પૂછ્યું હતું અને મુનિરાજે આવી સંબંધ વગરની વાત શી કરી? માટે તેની અંદર કાંઇ ન સમજાય તેવો ભાવાર્થ ઊંડો ઊંડો રહ્યો હોય તો મને સમજાવ. મને તો એમાં કાંઇ સમજણ પડી નહિ."

આ સવાલના જવાબમાં અકલંકે નીચે પ્રમાણે ખુલાસા કર્યા.

---

૧ સંસારીજીવ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

* * * *

## સ્પષ્ટ ભાવાર્થ-વિવેચન.

ભાઇ **ધનવાહન**! મુનિરાજે આ વાર્તા કરી તે ઢંગધડા વગરની નથી, અસંબદ્ધ નથી. એમાં ઘણો ઊંડો ભાવ રહેલો છે તે તું બરાબર ધ્યાન રાખીને સાંભળ. "મૂળ કથામાં જે **વસંતપુર** નગર કહેવામાં "આવ્યું હતું તે અત્ર અસંવ્યવહાર જીવરાશિ[1] સમજવી. વેપાર કર- "નારાઓ તરીકે ત્યાં બરાબર નામ આપવામાં આવ્યાં છે તેને સાર્થક "કરનારા ચાર પ્રકારના જીવો[2] સમજવા. ત્યાં **સમુદ્ર**ની વાત કરવામાં "આવી હતી (જેને ઓળંગીને વાણીઆઓ રત્નદ્વીપે જાય છે) તે "અત્ર સંસારનો વિસ્તાર સમજવો: સમુદ્રમાં પાણી હોય છે તેમ "આ સંસારવિસ્તારમાં જન્મજરામરણરૂપ પાણી હોય છે, સમુદ્રનો "પાર પામવો મુશ્કેલ પડે છે તેમ સંસારવિસ્તારનો પણ મિથ્યા- "દર્શન અને અવિરતિને લઇને પાર પામવો ઘણો મુશ્કેલ છે,[3] સમુદ્રમાં "ચાર મોટા પાતાળ કળશો છે તેમ સંસારવિસ્તારના સંબંધમાં મહા "ભયંકર ચાર કષાયો રૂપ પાતાળ કળશો[4] હોય છે, સમુદ્રમાં વારંવાર "મહાન્ દુર્લંઘ્ય આવર્તો[5] થયા કરે છે અને તેથી તે ભયંકર લાગે છે "તેમ સંસારના વિસ્તારમાં મહામોહ રાજાના આવર્તો વારંવાર થયા "કરે છે અને તેથી તે ઘણો ભયંકર જણાય છે, સમુદ્રમાં અનેક મોટા "મોટા [6]જળચર જીવો ભરેલા હોય છે તેમ સંસારવિસ્તારમાં અનેક

---

૧ **અસંવ્યવહાર રાશિ.** સૂક્ષ્મ અનંત નિગોદ. એના વિવેચન અને સ્વરૂપ માટે બીજા પ્રસ્તાવનું પરિશિષ્ટ જુઓ.

૨ **સાર્થક**–જીવો જૂદા જૂદા વિકાસક્રમપર હોય છે. **ચારૂ**નો વિકાસ બહુ સારો થયેલો છે, યોગ્ય અને હિતજ્ઞનો તેથી અનુક્રમે ઓછો–જ્યારે બહુ થોડો વિકાસ પામેલો મૂઢ પાછો અપકાન્તિમાં પડી જાય છે. આથી ચારે પ્રકારના જીવો પોતાનાં નામો પ્રમાણે ગુણવાળા છે એમ કહ્યું.

૩ **પાર**–છેડો. ગંભીર. સંસારમાં અજ્ઞાન અને અત્યાગને લઇને છેડો પ્રાપ્ત થતો નથી અને તેથી તે પણ સમુદ્ર પેઠે ગંભીર જણાય છે. મિથ્યાદર્શન એ અજ્ઞાન છે અને અત્યાગ તે સાંસારિક વિષયોની આસક્તિ છે.

૪ લવણ સમુદ્રમાં ચાર પાતાળ કળશો છે. રત્નદ્વીપ લવણ સમુદ્રમાં છે. કષાયો ચાર છે તેથી આ અર્થ ઘટે છે.

૫ **આવર્તો**–પાણી કેટલીક જગ્યાએ સમુદ્રમાં ચક્રાકાર ફરતું રહે છે (whirlpool) તેમાં વહાણ આવી જાય તો ફસી પડે છે–આવાં આવર્તો સંસારમાં મોહરાજા આખો વખત કર્યા કરે છે તે મોહરાજાના વર્ણનમાં આપણે અગાઉ જોયું છે.

૬ **જળચર**–મગરમચ્છ, વ્હેલ, સુસુમાર, કાચબા, સર્પ વિગેરે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" પ્રકારના દુ:ખસમૂહો ભરેલા હોય છે, સમુદ્રમાં પવનથી ક્ષોભ
" વારંવાર થયા કરે છે તેમ સંસારવિસ્તારમાં રાગદ્વેષજનિત આકરો
" પવન વાયા કરે છે અને તેથી મોટો ક્ષોભ નિરંતર ચાલ્યા કરે છે,
" સમુદ્રમાં પાણીના મોજાં દરેક ક્ષણે ઉછળતા હોવાથી તે આખો
" વખત ચપળ રહે છે તેમ સંસારવિસ્તાર પણ સંયોગ વિયોગ રૂપી
" મોજાંઓની હારોથી ચપળ રહે છે, સમુદ્રનો કિનારો ભરતીથી આ-
" કુળ રહે છે તેમ સંસાર અનેક પ્રકારના મનોરથો[1] રૂપ ભરતીઓથી
" નિરંતર આકુળ રહે છે, સમુદ્રનો એકથી બીજો છેડો દેખી શકાતો
" નથી તેમ સંસારવિસ્તારનો આ કે પેલી બાજુનો છેડો[2] દેખાતો
" નથી. મૂળ વાર્તામાં રત્નદ્વીપે જવાની વાત આવી હતી તે અહીં
" મનુષ્યનો ભવ સમજવો. વાડીબગિચાનો શોખ તે અત્ર પાંચે ઇં-
" દ્રિયના વિષયો ભોગવવાની અભિલાષાઓ સમજવી. ત્યાં પ્રાણી કોડાં,
" શંખલાં, કોડિઓ, અને કાચના ટૂકડાઓ એકઠાં કરે છે એમ
" કહેવામાં આવ્યું હતું તે કોડા વિગેરેને સ્થાને સર્વજ્ઞ મહારાજે બતા-
" વેલા વિશુદ્ધ ધર્મથી વિપરીત રીતે વર્તનારા કુધર્મો સમજવા. એ
" રત્નદ્વીપમાં ધૂતારા લોકો હતા એમ કહેવામાં આવ્યું હતું તે સ્થાને
" અહીં કુતીર્થનો ઉપદેશ કરનારો આખો વર્ગ સમજવો. વહાણોને
" ઠેકાણે અત્ર જીવસ્વરૂપો સમજવા. સ્વસ્થાન (દેશ) જવું એટલે
" મોક્ષ નગરે જવું એમ સમજવું, કારણ કે એમાં ખરેખરો આત્મિક
" લાભ છે અને એ પ્રાણીનો પોતાનો દેશ છે. વાર્તામાં મૂઢ ઉપર
" રાજા કોપ્યો હતો એમ કહેવામાં આવ્યું હતું તે રાજા સ્વકર્મપરિ-
" ણામ ( પોતાનાં કરેલાં કર્મોનાં ફળરૂપ ) સમજવો, અને મૂઢને સમુ-
" દ્રમાં ફેંકી દેવામાં આવ્યો હતો એમ કહ્યું હતું તે અનંત ભવભ્રમણ
" સમજવું.

આ પ્રમાણે તું વિચાર કરીશ તો ભાઇ ઘનવાહન! તને આખી વાર્તાનો અંદરનો સાર બરાબર સમજાઇ જાય એમ છે, છતાં તને બરાબર વિશેષ સમજણ પડે તેટલા માટે હું વિસ્તારથી તેની હકીકત તારી પાસે સ્પષ્ટ કરું છું.

---

૧ સંયોગ વિયોગ પ્રાણીના મનને અસ્તવ્યસ્ત કરે છે તેથી તે મોજાં સાથે બરાબર સરખાવાય છે. નવું નવું મેળવવાના મનોરથો પ્રાણીને વ્યાકુળ રાખે છે તે દરરોજના અનુભવનો વિષય છે.

૨ છેડો સંસારનો જ્ઞાનીઓ દેખે છે તે પણ અમુક પ્રાણીની અપેક્ષાએ અને તે પણ તેનો બીજી તરફનો છેડો. બાકી સંસારમાં રહેલા અલ્પજ્ઞ પ્રાણીઓ તો એક છેડો દેખી શકતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૧) ચારૂના વર્તનનો ભાવાર્થ.

જેવી રીતે ચારૂ વસંતપુર નગરથી નીકળ્યો, સમુદ્રનું ઉલ્લંઘન કર્યું, રત્નદ્વીપે પહોંચ્યો, ત્યાં જઇને સાચાં અને બનાવટી રત્નોમાં તફાવત શો છે તે બરાબર સમજ્યો, વાડીબગિચામાં ફરવાનો મોજશોખ પોતે જરા પણ કર્યો નહિ, ધૂતારા લોકો કોણ કોણ છે તેને ઓળખી લીધા, ખોટાં રત્નોને બીલકુલ ગ્રહણ જ ન કર્યાં, સાચાં અને મૂલ્યવાળાં સુંદર રત્નો લેવાનો જ વેપાર કર્યો, થોડા વખતમાં કિમતી સારાં રત્નોનો સંગ્રહ કર્યો, એ દ્વીપના ઉત્તમ લોકોનાં મનને પોતા તરફ જીતી લીધાં, પોતાનું વહાણ ભરી લીધું અને તે પોતાનો ખરો સ્વાર્થ સાધનાર થયો-તેવી રીતે જે અત્યંત સુંદર (સુંદરતમ) જીવો હોય છે તેમનામાં ભવ્યતા હોવાને કારણે જેવા તેઓ અસાંવ્યવહાર જીવરાશિમાંથી બહાર નીકળે છે કે થોડા વખતમાં સંસારના મોટા વિસ્તારને તેઓ ઓળંગી જાય છે અને મનુષ્યભવ પ્રાપ્ત કરે છે. ત્યાં પણ તેઓનાં કર્મો પાતળાં હોવાથી પોતાને તજવા યોગ્ય શું છે અને આદરવા યોગ્ય શું છે તેનો તફાવત બરાબર વિવેકપૂર્વક જાણે છે. આવા પ્રાણીઓ વિચાર કરે છે કે અહો! આ મનુષ્યનો ભવ પામવો ઘણો દુર્લભ છે. એ મનુષ્યપણું ખરેખરાં સાચાં (ભાવ) રત્નોની ખાણ છે, સત્ય અનંત સુખ નિર્વાણ (મોક્ષ)નું કારણ છે. અહો ! આવો મનુષ્યનો ભવ આપણને મળી ગયો છે, આપણે હવે આવા ઉત્તમ સ્થાને પહોંચ્યા છીએ, તો હવે ઝેરથી પણ વધારે ભયંકર પરિણામ નીપજાવનાર ઇંદ્રિયના વિષયોમાં આસક્તિ રાખવી એ આપણી જેવાને જરા પણ યોગ્ય નથી. આવા અતિ સુંદર પ્રાણીઓ સર્વજ્ઞ મહારાજનો મહા માર્ગ અન્ય કોઇના ઉપદેશ વગર પોતાની જાતે જ પ્રાપ્ત કરી લે છે. એવા પ્રાણીઓ કુતીર્થીઓથી કદિ પણ છેતરાતાં નથી, ખોટો ધર્મ ગ્રહણ કરવાના કાર્યમાં પડતા નથી અને સાધુધર્મ ગ્રહણ કરવા રૂપ સાચાં રત્નોનો વેપાર જ આખો વખત કરે છે. તેમજ ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, મૂર્છાત્યાગ, બ્રહ્મચર્ય, સંતોષ, શાંતિ વિગેરે ગુણરત્નો દરેક ક્ષણે એકઠાં કરે છે; વળી તેઓ સદ્ગુરૂને, સાધુઓને, સાધર્મી ભાઇઓને પોતાની તરફ આકર્ષે છે, સદ્ગુણોવડે આત્માને પૂરે છે અને ખરેખરા પોતાનું કામ કરનારા થાય છે.[1]

**અતિસુંદર જીવવર્તન.**

[1] અત્ર સમુદ્ર સાથે સંસારવિસ્તારને સરખાવ્યો, રત્નદ્વીપને મનુષ્યભવ સાથે સરખાવ્યો, ખોટાં રત્નો અને સાચાં રત્નોમાં તીર્થી અને સર્વજ્ઞધર્મ કથિત [ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૨) યોગ્યના વ્યાપારનો ભાવાર્થ.

ત્યાર પછી બીજા મિત્ર યોગ્યે રત્નદ્વીપે જઇને રત્નના ગુણદોષની વિચારણા કરી, રત્નો ગ્રહણ કરવા માટે કાંઇક વેપાર પણ કર્યો, પરંતુ જેમ એને વાડીબગિચામાં હરવાફરવાનો શોખ થયા કર્યો અને તેને લઇને એનો ઘણો વખત નકામો ચાલ્યો ગયો, એ ત્યાં ઘણો વખત રહ્યો ત્યારે એને માત્ર બહુ થોડાં રત્નો જ મળ્યાં, તેમાં પણ એણે બહુ મુલ્યવાળાં ઉમદાં રત્નોનો સંગ્રહ એકઠો કર્યો નહિ–તેવી રીતે ભાઇ

સુંદર જીવવર્તન.

ધનવાહન! મધ્યમ સુંદર (સુંદરતર) જીવો હોય છે તેમનામાં ભવ્યતા હોવાથી તેઓ પણ ધીમે ધીમે મનુષ્યભવમાં આવે છે અને તેઓ પણ લઘુકર્મી હોવાથી ગુણ અવગુણની પરીક્ષા કરી શકે છે, અને સર્વજ્ઞદર્શન પ્રાપ્ત કરીને શ્રાવકોને યોગ્ય કાંઇક કાંઇક ગુણરત્નોની પણ પ્રાપ્તિ કરે છે, પરંતુ તેઓ લોભ ઉપર જીત મેળવી શકતા ન હોવાથી અને તેઓની ઇંદ્રિયો ચપળ હોવાથી તેઓને ધન અને ઇંદ્રિયના વિષયો તરફ વારંવાર ખેંચાણ થયા કરે છે અને તે બાબતની ઘણી આકરી લત લાગી જાય છે અને ધન વિષયમાં આસક્ત રહી બાપડા ઘણો વખત નકામો કાઢે છે અને થોડી વાર રત્નનો વ્યાપાર કરે છે તો પણ શ્રાવકયોગ્ય સાધારણ કિંમતનાં ગુણરત્નો એકઠાં કરે છે, તેઓ સાધુધર્મમાં પ્રાપ્ત કરી શકાય તેવાં મહામૂલ્યવાળાં ગુણરત્નો એકઠાં કરી શકતા નથી.[1]

## (૩) હિતજ્ઞ વ્યવહાર ભાવાર્થ.

ત્યાર પછી ત્રીજો મિત્ર હિતજ્ઞ રત્નદ્વીપે ( મનુષ્યભવે ) તો પહોંચ્યો પણ તેને બાપડાને જાતે રત્નની પરીક્ષા જ આવડી નહિ, બીજાની દોરવણી પ્રમાણે દોરવાઇ જવાની સ્થિતિ તેણે પ્રાપ્ત કરી, વાડીબગિચા અને

આચરણો બતાવ્યાં, રત્નોમાં યતિધર્મો બતાવ્યાં, વિશિષ્ટ લોકો તે સાધુ અને સુશ્રાવકો બતાવ્યાં, વહાણ એટલે આત્મા બતાવ્યો અને સ્વાર્થ એટલે પરમાર્થ સમજાવ્યો. અતિસુંદર જીવોને પોતાના વિચારથી જ જ્ઞાન થાય છે, સ્વાભાવિક રીતે જ તેઓ માર્ગપર આવે છે. આવા પ્રાણીઓને જૈન શાસ્ત્રકાર **પ્રત્યેકબુદ્ધ** અને **સ્વયંબુદ્ધ** કહે છે. ભવચક્રમાં એવા પ્રાણીઓ બહુ અલ્પ હોય છે. તે સિવાય આ વર્ગમાં પાછલા ભવમાંથી ઉચ્ચ વિકાસ લઇને આવેલા અલ્પકર્મી જીવો પણ આવે છે જેઓ બહુ સારી રીતે પોતાથી જ બોધ પામી જાય છે.

૧ ચાલુ સ્થિતિના ધર્મરક્ત પણ સંસારને નહિ છોડનારા અનેક જીવો આ વિભાગમાં આવે છે. આ વિભાગ પણ સારો છે, કારણ કે એને શુદ્ધ વિભાગમાં જતા વખત લાગતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિહારોના મોજશોખમાં આનંદ માન્યો, સાચાં ખરાં મૂલ્યવાન રત્નો ગ્રહણ કરવાનું કાર્ય ન કર્યું, પારકાને છેતરનારા ધૂતારા લોકોને ઓળખ્યા નહિ, ઉપર ઉપરથી ઝગઝગતા કાચનાં ટૂકડા, શંખલાં અને કોડાઓ એકઠાં કર્યા, એ શંખલા વિગેરે ઘણાં મૂલ્યવાન્ છે એવો મનમાં વગર સમજણે નિર્ણય કરી દીધો અને ચારૂ સાથે ઉપદેશનો પ્રસંગ પ્રાપ્ત થતાં પહેલાં (પોતાને) આત્માને છેતર્યો તે પ્રમાણે ભાઇ ધનવાહન! સુંદર (સામાન્ય) જીવોમાં ભવ્યતા હોય છે તેથી જ્યારે તેઓ મુશ્કેલીએ મનુષ્યપણું પામે છે ત્યારે પણ કાંઇક ભારેકર્મીપણાને લઇને તેઓ ધર્મને ગુણ અને દોષ ક્યાં લાગે છે, તેનાં કારણો શાં છે તેની પરીક્ષા જાતે ન કરી શકે તેવા રહે છે, બીજા પ્રાણીઓ પાસે ઉપદેશ લેવા યોગ્ય પોતે હોય એવી પરિસ્થિતિમાં પોતાની જાતને મૂકે છે, પાંચ ઇંદ્રિયના વિષયો ધન અને એવી એવી સ્થૂળ બાબતમાં મહાન્ પ્રતિબંધ કરી બેસે છે, સર્વજ્ઞ મહારાજે બતાવેલ વિશુદ્ધ ધર્મરત્નને ઉપાર્જન કરવાનું કામ જરા પણ કરતા નથી, કુતીર્થીઓની જાળ પાથરવાની અને તે દ્વારા છેતરવાની બાજી સમજી શકતા નથી, શાંતિ, દયા, ઇંદ્રિયનિગ્રહ વિગેરે અમૂલ્ય રત્નોને કિમત વગરનાં ગણે છે અને પોતાના ખરી સમજણ ન હોવાથી બહારથી ઝગઝગાયમાન થતાં બનાવટી રત્નો જેવાં કુધર્મનાં અનુષ્ઠાનો ધર્મબુદ્ધિએ કરે છે અને વળી તે ઘણાં સુંદર છે, લાભ કરનાર છે એવી બુદ્ધિ ધારણ કરે છે અને તેમ કરીને સદ્ગુરૂનો યોગ થવા પહેલાં પોતાના આત્માને ખરેખર છેતરે છે એમ ઉપર કહેવામાં આવ્યું છે.[1]

**સામાન્ય જીવવર્તન.**

## (૪) મૂઢવંચકતા–ભાવાર્થ.

મૂઢ રત્નદ્વીપમાં ગયો તો પણ જેમ તેને રત્નની પરીક્ષા કરતા આવડી જ નહિ, બીજાના ઉપદેશથી રત્નની પરીક્ષા તે શીખ્યો પણ નહિ, બગિચા વાડીમાં ફરતો રહ્યો અને ચિત્રોના કૌતુક વધારે રસથી જોતો જ રહ્યો, સાચાં રત્નો તરફ દ્વેષ જ રાખતો રહ્યો, કાચના કકડાઓ અને શંખલાંઓને રત્નની બુદ્ધિથી ગ્રહણ કરતો જ રહ્યો, એવાં કાચ શંખલાં વિગેરે મૂલ્યવાન્ સાચાં રત્નો છે એમ માનતો જ રહ્યો, ધૂતારા લોકોએ તેનું ધન ધૂતી લીધું અને તે પોતાના આત્માને બહુ જ છેતરતો

૧ અહીં ચારૂનું કામ સદ્ગુરૂ બજાવે છે. ધૂર્ત લોકને સ્થાને કુતીર્થીઓ સમજવા. રત્નો સાચાં ગુણો છે અને શંખલા વિગેરે અલ્પ લાભ કરનારાં અસદ્ગુણો છે. આત્મવંચન કેવું થાય છે તે અહીં ખાસ જોવાનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અધમ જીવવર્તન.**

રહ્યો-તેવી રીતે ભદ્ર ઘનવાહન! જેઓ અત્યંત અધમ જીવો હોય છે તેઓ કોઇ પણ પ્રકારે આ મનુષ્યનો ભવ પ્રાપ્ત કરે તો પણ જાતે અભવી અથવા દુર્ભવી હોવાથી અને અત્યંત ભારેકર્મી હોવાથી તેને પોતાને ધર્મના ગુણદોષની પરીક્ષા કરતા આવડતી નથી, બીજાઓ તેમની પાસે ખરા ગુણદોષની પરીક્ષા કરવાના માર્ગ બતાવે કે વાતો કરે તે તેઓ સાંભળતા પણ નથી, પાંચે ઇંદ્રિયોના વિષયોમાં તેમ જ ધનના સંચયમાં ને રક્ષણમાં અત્યંત લોલતા સાથે પ્રવૃત્તિ કરે છે, શાંતિ દયા વિગેરે શુદ્ધ અનુષ્ઠાનરૂપ ગુણરત્નોનો દ્વેષ કરે છે, આખો વખત સ્નાન કરવા, હોમ કરવા, યજ્ઞ કરવા વિગેરે જીવઘાત અને જીવત્રાસનાં પાપકારી અનુષ્ઠાનોમાં ધર્મબુદ્ધિ રાખે છે અને તેવાં અનુષ્ઠાનોનું આચરણ કરે છે, એવાં અનુષ્ઠાનો કરવામાં તત્ત્વબુદ્ધિ માની બેસે છે, કુતીર્થીઓ વડે તેનું ધર્મધન ચોરાય છે અને પોતાના આત્માને તે બહુ પ્રકારે છેતરે છે.[1]"

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૭ મું.

## ચાર વ્યાપારી કથાનક (ચાલુ).

પાંચમા મુનિરાજે પોતાના વૈરાગ્યપ્રસંગની જે વાર્તા ચાર વ્યાપારીની કહી તેનો ભાવાર્થ સમજાવતાં પ્રધાનપુત્ર અકલંકે આગલા પ્રકરણમાં ચાર વ્યાપારીના વર્તનનો હેતુ અને તે વાતમાં રહેલ રહસ્ય સંબંધી ખુલાસો કર્યો; હવે તે વાર્તાના બાકીના ભાગનું રહસ્ય સમજાવતાં અકલંકે જે કહ્યું તે ખાસ વિચારવા યોગ્ય છે. અકલંક આગળ કહે છે—

કૃતકૃત્ય ચારની પ્રેરણા.
યોગ્યને સન્માર્ગે લાવવો.
રત્નદ્વીપમાં કમાણીના રસ્તા.

---

૧ હકીકત આવતા પ્રકરણમાં ચાલુ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હવે જેવી રીતે પ્રથમ મિત્ર ચારૂએ[1] પોતાનું વહાણ મૂલ્યવાન રત્નોથી ભરી લીધું, પોતે જે હેતુએ આવ્યો હતો તે પાર પાડ્યો (પોતે કૃતકૃત્ય થયો), પોતાના સ્થાને જવાની ઇચ્છા કરીને યોગ્ય પાસે આવ્યો અને તેને પૂછ્યું કે 'કેમ ભાઇ! તારે કેમ છે?,' તેના જવાબમાં યોગ્યે કહ્યું 'મિત્ર! મારૂં વહાણ તો હજુ ભરાણું નથી, મને તો હજુ સુધી થોડાં રત્નો મળ્યાં તે મેં એકઠાં કર્યાં છે,' ત્યારે યોગ્યને તેમ થવાનું કારણ ચારૂએ પૂછ્યું, જેના જવાબમાં યોગ્યે વાડીબગિચામાં ફરવાનું પોતાને કૌતુક હતું જે રત્નસંચયમાં વિઘ્ન કરનાર છે એમ કહી સંભળાવ્યું તેવી રીતે ભાઇ ધનવાહન! ચારૂ જેવા મહાત્મા મુનિરાજો પોતાના આત્માને તપ, સંયમ, શાંતિ, સંતોષ, જ્ઞાન, દર્શન વિગેરે સાચાં મૂલ્યવાન્ રત્નોથી ભરીને જ્યારે પોતાનો અર્થ બરાબર સધાઇ રહે છે ત્યારે મોક્ષલક્ષણ સ્વસ્થાન (પોતાનો દેશ) તરફ જવાની ઇચ્છા કરે છે, તે વખતે યોગ્યનું રૂપ ધારણ કરનારા દેશ વિરતિધરો[2]ને મોક્ષ જવાનું આમંત્રણ જ જાણે કરતા હોય તેમ તેમને ધર્મદેશના આપે છે. તેના જવાબમાં શ્રાવકો તેમને કહે છે કે પોતાનામાં હજુ જોઇએ તેટલા-તેવા ગુણો એકઠા થયા નથી. તેવા ગુણરૂચિવાળા જીવોને સાધુઓ કહે છે કે-"આ મનુષ્યપણું એવું છે કે એમાં સદ્ગુણો એકઠા કરવાનું કામ બહુ સારી રીતે થાય છે અને તેમ કરવું તે તમારા પોતાના તાબામાં છે, તમારે આધીન છે, છતાં અમારી પેઠે તમે પણ ગુણરત્નો સંપૂર્ણ એકઠાં કરવાનું કામ કેમ કર્યું નહિ?"

આવો સવાલ સાંભળીને દેશવિરતિધર શ્રાવકો[3] ઉપદેશ આપનાર ગુરૂને જવાબ આપતાં સંપૂર્ણ ગુણો એકઠાં કરવામાં વિઘ્નભૂત થયેલ પોતાની વિષયોમાં લોલુપતા અને ધનમાં આસક્તિ કારણ તરીકે જણાવે છે. જાતે સરળ હોવાથી પોતાની સાચી સ્થિતિ જણાવી દે છે.

ત્યાર પછી ચારૂએ યોગ્યને કહ્યું[4] હતું કે ભાઇ! વાડીબગિચાનો તારો શોખ જરા પણ સારો નથી, અને અહીં સુધી આવીને રત્નો એકઠાં કરવાનું ન થાય અને ઉલટું આત્મવંચન થાય તે તારા જેવાને ઘટતું નથી. વળી મિત્ર! તું જાણે છે કે અહીંનાં રત્નો સુખનાં કારણ

---

૧ જુઓ આગલા પ્રકરણનું પૃ. ૧૭૦૧-૨.

૨ થોડો વધતો ત્યાગ કરનાર શ્રાવકો.

૩ અહીં એના ખરા અર્થમાં એ શબ્દ સમજવાનો છે. નામધારી શ્રાવકોને અત્ર સ્થાન નથી.

૪ જુઓ આગલા પ્રકરણનું પૃ. ૧૭૦૪.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

છે અને તે મેળવવાં આપણે અહીં આવ્યા છીએ, છતાં એ બાબતમાં પૂરતો આદર ન કરવો એ તો આત્મવૈરીપણું કહેવાય, આત્મઘાત કરવા તુલ્ય ગણાય. વળી તું જો કે બાગબગિચાનો શોખ તેં ઘણા વખત સુધી કર્યો તો પણ તેથી તને સંતોષ થયો નથી (તું ધરાયો નથી), તેથી તારો પોતાનો સ્વાર્થ ખરેખરો સધાય તેવાં જ કામ કરવાં એ વધારે ડહાપણ ભરેલું ગણાય. કારણ કે **સ્વાર્થનો નાશ કરવો એ ખરી મૂર્ખાઇ છે.** વળી તું વિચાર કર કે તું અહીં રત્નદ્વીપે રત્નઉપાર્જન કરવાના હેતુથી જ આવ્યો છે અને જે કામ માટે તું અહીં આવ્યો છે તે ન કરતાં બીજા કામમાં પડી ગયો છે તેથી તને તારા આત્માની લાજ પણ આવતી નથી? તને એમ થતું નથી કે પોતાનું મૂળ મુદ્દાનું કામ છોડીને તું બીજા નકામા કામમાં પડી ગયો છે? માટે હવે ભાઇ! મારા વચનથી તું હવે આ મોજશોખની બાબત છોડી દે અને મારી સહાયથી માત્ર રત્નઉપાર્જન કરવાના કામમાં એક મને લાગી જા અને આખો વખત રત્નો એકઠાં કરતો જા..." વિગેરે ચારૂનાં વચનો સાંભળીને યોગ્ય પોતાના મનમાં ઘણું લજવાયો, એને પોતાના વર્તન માટે ઘણો ખેદ થયો અને ચારૂનાં વચનો તેણે સ્વીકાર્યાં, તે જ વખતથી યોગ્યે તથાપ્રકારનાં વિધાન-અનુષ્ઠાનો કરવાં માંડ્યાં અને સાચાં મૂલ્યવાન રત્નોવડે વહાણ ભરવાથી પોતાનો ખરો સ્વાર્થ સાધનાર તે થયો—તે પ્રમાણે ભાઇ! ધનવાહન! દેશવિરતિધારી શ્રાવકો જેમણે થોડો થોડો ત્યાગ કર્યો હોય છે, પણ જેઓ ધનઇંદ્રિયમાં રક્તપણ હોય છે તેવાઓ જ્યારે શુદ્ધ ગુરૂપાસે સાચી વાર્તા કહી દે છે ત્યારે તેમને ઉપદેશ આપતાં ગુરૂમહારાજા કહે છે કે "ભદ્રો! તમે મનુષ્યભવ

ઉપદેશ.

"પ્રાપ્ત કર્યો છે, જિનમહારાજના વચનામૃતનો રસ તમે ચાખ્યો છે, "આ સંસારની અસારતા અને નિરર્થકતા તમારા જાણવામાં આવી "છે, શરીર ઊંડા મળથી ભરેલું છે એમ તમારા સમજવામાં આવ્યું "છે, જુવાની સંધ્યાકાળે વાદળાનાં થતાં સુંદર રંગોની પેઠે થોડા વખ-"તમાં ઉડી જનાર છે એમ તમારા લક્ષ્યમાં આવ્યું છે, આખું જીવન "ગરમીથી તપી ગયેલા પક્ષીના ગળા જેવું ચંચળ છે તે તમે દરરોજ "જુઓ છો, પોતાના સગાંસંબંધીઓ અને સ્નેહીઓપર જે પ્રકાશ "અને વિલાસ થોડો વખત દેખાય છે તેનો તમે જાતે જ પાછો નાશ "થતો જુઓ છો, ત્યારે તમને ધન ઉપર અને ઇંદ્રિયના વિષય ઉપર "મમત્વ બાંધવો કે તેના સેવનની ટેવ પાડવી કેમ પાલવે? એ "ખરેખરૂં તમારી જાતને (આત્માને) છેતરવાપણું ઉઘાડું દેખાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"છે! અને એમ કરવાથી તો જ્ઞાન વિગેરે ખરાં સાધનો પ્રાપ્ત કર-
"વામાં ઉલટો અંતરાય થાય છે. અને ભદ્રો! તમે સારી રીતે જાણો
"છો કે ઇંદ્રિયના વિષયો પરિણામે ઘણા ભયંકર છે, મનને ઉથલ-
"પાથલ કરનારા છે, સ્ત્રીઓ બહુ ચંચળ હૃદયની હોય છે, એ જાતે
"લાંબા વખતનાં સુખનું સ્થાન કદિ બની શકતી જ નથી, વળી એ
"આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનું કારણ અનેક પ્રકારે બને છે; વળી તમે જાણો
"છો કે **જ્ઞાન** સારી ગતિનો માર્ગ દર્શાવવામાં દીપક સમાન છે, મનમાં
"અત્યંત આનંદનું કારણ બને છે, ખરાબ યોનિઓમાં જન્મ પામવા
"રૂપ ખાડામાં પડતાં બચાવવા માટે હાથનો ટેકો આપનાર છે; તેમજ
"**દર્શન** મનને અનંત પ્રમોદ કરાવનાર છે અને વળી મહા સુખ આપનારા
"મોક્ષમાં જાતે એકદમ નિક્ષેપ કરનાર છે; અને **ચારિત્ર** હૃદયમાં
"એક પ્રકારનો હમેશનો ઉત્સવ કરનાર છે અને જીવરૂપ વસ્ત્રપર
"અનાદિકાળથી લાગેલા મેલને દૂર કરવા સારૂ પાણીનું કામ કરનાર
"છે; **તપ** અંતરંગરહિતતા વિગેરે ગુણસમૂહોને આપનાર છે અને
"નહિ લાગેલા કચરાને લાગતા અટકાવનાર છે; તેમજ **સંયમ** ભવ-
"ભ્રમણમાં થતા ભયોને દૂર કરી ભવિષ્યકાળમાં થવાના ભારે હર્ષનું
"કારણ બને છે. અરે ભદ્રલોકો! તમે આ હકીકત પણ સારી રીતે
"જાણો છો છતાં તમારી આ અવિદ્યા (અજ્ઞાન) કેટલી? તમને આ
"મોહ શો? તમારૂં આત્મવંચન (છેતરવાપણું) કેટલું? તમારૂં આત્મ-
"વૈરીપણું કેટલું? કે જેને લઇને તમે વિષયોમાં આવડી બધી આ-
"સક્તિ રાખો છો, સ્ત્રીઓમાં મોહ પામી જાઓ છો, ધન ઉપર આટલો
"બધો લોભ રાખો છો, સગાઓ ઉપર આવડો સ્નેહ રાખો છો, જુવાની
"ઉપર આટલા બધા મલકાઇ જાઓ છો, તમારૂં પોતાનું રૂપ જોઇને
"એવડા રાજી રાજી થઇ જાઓ છો, તમને અનુકૂળ સંગ-પ્રસંગો પ્રાપ્ત
"થાય તેની પાલના કરો છો, તમને તમારા હિતનો ઉપદેશ આપનાર પર
"ક્રોધ કરો છો, ગુણને દોષ આપો છો, અમારા જેવા તમને સહાય
"કરનાર સાથે હોવા છતાં સન્માર્ગથી નાસી જાઓ છો-ખસી જાઓ છો,
"સાંસારિક સુખોમાં રાજી થઇ જાઓ છો, અને વળી તમે જ્ઞાનનો અ-
"ભ્યાસ કરતા નથી, દર્શનનો આદર કરતા નથી, ચારિત્ર પાળતા નથી,
"તપ કરતા નથી, સંયમ ધારણ કરતા નથી અને આત્માને અનેક
"ગુણના ભાજનભૂત કરતા નથી!! આ તે તમારી કેટલી બધી
"ભૂલ કહેવાય! આ તમારો પ્રમાદ અને આ તમારી આત્મવંચકતા
"કેટલી બધી આકરી અને નુકસાન કરનારી કહેવાય! આ પ્રમાણે જ્યાં-
"સુધી તમે ચલાવ્યા કરો ત્યાંસુધી ભદ્રો! આ મનુષ્યભવ તમને પ્રાપ્ત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" થયો છે તે નિરર્થક થાય છે, તમે અમારા જેવાની પાસે રહો અને " અમારાં પડખાં સેવો તે નકામું થાય છે, તમને એ સર્વ બાબતનું જ્ઞાન " થવાનું અભિમાન છે તે પ્રયોજન વગરનું છે અને તમને ભગવાનના " દર્શનની પ્રાપ્તિ થઇ છે તે પણ કાંઇ લાભ કરનાર થતી નથી; એ " પ્રમાણે તો માત્ર તમારા સ્વાર્થનો તદ્દન નાશ જ થાય છે અને એ તો " માત્ર તમારૂં અજ્ઞાન જ બતાવે છે. વળી તમે વિચાર કરશો તો જ- " ણાશે કે એ વિષયોને તમે ઘણા લાંબા વખત સુધી સેવો, ધન ગમે " તેટલું મેળવો, તો પણ તેથી તમને સંતોષ થતો નથી, થવાનો નથી- " આ પ્રમાણે છે તો તમારા જેવાએ એવી રીતે બેસી રહેવું એ જરા " પણ યોગ્ય નથી. માટે હવે તમે વિષય તરફનો પ્રેમ છોડી દો, તમારા " સ્વજનો તરફ સ્નેહ મમતા છે તેને તજી દો, ધન એકઠું કરવામાં અને " ઘરબારમાં જે ખાલી મમતા છે તેનો ત્યાગ કરો, સર્વ સાંસારિક " મળરૂપ કચરો ફેંકી દો, ભગવાનના મતની ભાવદીક્ષા ગ્રહણ કરો, " સત્ય જ્ઞાન વિગેરે ગુણસમૂહોનો સંચય કરો, એવા ગુણોવડે આત્માને " ભરી દો અને અમે તમારી પાસે છીએ ત્યાં સુધીમાં ખરા સ્વાર્થસાધક " બની જાઓ. જો એમ નહિ કરો અને અમારો ઉપદેશ તમને મળતો " બંધ થઇ જશે તો પછી સદ્બુદ્ધિથી રહિત થયેલા તમે તમારા સ્વા- " ર્થથી ભ્રષ્ટ થશો." આવી રીતે અંદરખાનેથી ઠપકો આપવા સાથે ચારૂ જે ઉપદેશામૃત આપે છે તે સન્મુનિના વચનામૃત તુલ્ય સમજવું. એ ઉપ- દેશ સાંભળીને યોગ્ય જેવા દેશવિરતિધરો પોતાના વર્તન તરફ લજ્જા પામે છે, સાચા ખોટા અથવા ભળતા ઉત્તરો આપતા નથી અને મનમાં ખોટા અભિનિવેશ કરતા નથી, પરંતુ સાધુનાં વચનો પોતાના ખરા હિત માટે જ છે એમ સ્વીકારે છે અને સાધુમહારાજ કહે તે પ્રમાણેનાં વિધાનપૂર્વક તે વચનોનો આદર કરે છે, ભગવાનનાં કહેલાં મહાવ્રતોનો સ્વીકાર કરે છે અને એ રીતે આત્મવહાણને ગુણરત્નોથી ભરતા જાય છે.

**હિતજ્ઞને આમંત્રણ.**
**શુદ્ધ સ્વરૂપ આદર્શ.**
**માર્ગ અને તેના ઉપાય.**

ત્યાર પછી ચારૂ પેલા હિતજ્ઞની પાસે ગયો,[1] તેને પોતાની સાથે સ્વસ્થાન (દેશ) તરફ જવાનું આમંત્રણ કર્યું, તે વખતે હિતજ્ઞે તે વખત સુધી પોતે જે ઉપાર્જન કર્યું હતું તે સર્વ બતાવ્યું, તે જોતાં સર્વ કાચના કકડા, શંખલાં અને કોડાંજ જણાયાં, કારણ સંબંધી સવાલ કરતાં તેને

1 જુઓ પૃ. ૧૭૦૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાગબગિચાના મોજશોખો કરવા વિગેરે બાબતની પોતાની આખી વર્તના કહી બતાવી—તેવી રીતે ભાઇ ધનવાહન! પ્રાણીઓના સંબંધમાં જે હકીકત બને છે તે તું વિચારી જો. ઘણા પ્રાણીઓ મિથ્યાદષ્ટિવાળા હોય છે પણ ભવ્ય હોય છે અને જાતે ભદ્રક હોય છે તેવાઓને મહાત્મા સાધુઓ સાચો ઉપદેશ આપવા તૈયાર થાય તે ચારૂ હિતજ્ઞ પાસે ગયો તેની બરાબર સમજવું. ત્યાર પછી મહાત્મા સાધુઓ ભદ્રક મિથ્યાદષ્ટિઓને ધર્મદેશના આપીને તે દ્વારા મોક્ષગમનનું આમંત્રણ કરે છે, જેનો જવાબ આપતાં પેલા મિથ્યાદષ્ટિ (વ્યાપારી) કહે છે કે "સાહેબ! અમે પણ ધર્મ તો કરીએ છીએ: જુઓ, અમે દરરોજ સ્નાન કરીએ છીએ, અગ્નિહોત્ર ઘરમાં રાખ્યો છે તેને બળિદાન આપીએ છીએ, તેમાં તલ હોમીએ છીએ અને લાકડાં (સમિધ્) બાળીએ છીએ, ગાય ભૂમિ અને સોનાનું દાન દઇએ છીએ, વાવ કૂવા તળાવ ખોદાવીએ છીએ, કન્યાદાન આપીએ છીએ." આ સર્વ હકીકત કહે છે તે તેવા પ્રકારના પ્રાણીઓએ એકઠાં કરેલા કાચ વિગેરેના ટૂકડાઓ બરાબર સમજવું.

હિતજ્ઞે માનેલો ધર્મ વ્યવહાર.

કાચતુલ્યતા.

વળી એવા પ્રાણીઓ સુસાધુઓને જણાવે છે કે "સાહેબ! અમે સુખે રહીએ છીએ કારણ કે અમે માંસ ખાઇએ છીએ, દારૂ પીએ છીએ, બત્રીશ પ્રકારનાં ભોજન અને તેત્રીશ પ્રકારનાં શાક આરોગીએ છીએ, સુંદર સ્ત્રીઓ સાથે વિલાસ કરીએ છીએ, અતિ સુંદર ઉજળાં મૂલ્યવાળાં વસ્ત્રો પહેરીએ છીએ, [1]પંચ સુગંધીયુક્ત પાન ચાવીએ છીએ, વિચિત્ર પ્રકારની પુષ્પમાળાઓ શરીરપર ધારણ કરીએ છીએ, આખા શરીરપર વિલેપન કરીએ છીએ, ધનનો મોટો ઢગલો એકઠો કરીએ છીએ, અમારા ધ્યાનમાં આવે તેવી ચેષ્ટાઓ કર્યા કરીએ છીએ, અમારા દુશ્મનની એક જરા ગંધ પણ સહન કરતા નથી, અમારી કીર્તિને ચોતરફ ફેલાવીએ છીએ, અમે જાણે મનુષ્યભૂમિના દેવતા હોઇએ એવી અમારી કાંતિ અને વર્તના બતાવીએ છીએ અને મનુષ્ય-

કૌતુક તુલ્યતા.

---

૧ **પંચસુગંધીઃ** પાનમાં પાંચ સુગંધી નખાય છે. એવું પાન લીજતદાર કહેવાય છે.

कर्पूरकक्कोललवंगपुष्पगुवाकजातिकलपंचकेन ।
समांशभागेन च योजितेन मनोहरं पञ्चसुगन्धकं स्यात् ॥

કપૂર, બકુલની છાલ, લવીંગના પુષ્પ, તજ અને જાઇફળ એ પાંચેને પ્રમાણસર યોજવાથી પંચસુગંધી તાંબુલ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણામાં જે જે સારભૂત હોય તે તે સર્વ બાબતોનો જાતે અનુભવ લઇએ છીએ." આવા પ્રકારની વાતો કરવી તે પોતાનો વાડીબગિચામાં ફરવાનો શોખ હતો તે સર્વ બાબત હિતજ્ઞને કહી બતાવી તેની બરાબર સમજવું.

ઉપર પ્રમાણે હકીકત સાંભળીને ચારૂને પોતાના મનમાં હિતજ્ઞ તરફ ઘણી જ કૃપા ઉત્પન્ન થઇ તે દયાની પ્રેરણાથી રંગાયલા હૃદયે તેણે કહ્યું "ભદ્ર! તને પાપી ધૂતારા લોકોએ ખરેખર છેતર્યો જણાય છે અને તું પોતે ભોળો હોવાથી રત્નની પરીક્ષા જરા પણ કરી શક્યો નથી, રત્નમાં ગુણ ક્યા છે અને દોષો ( blots )–( એબો ) કઇ છે તે તું બીલકુલ સમજ્યો જ નથી અને વળી રત્નદ્વીપે તું વ્યાપાર કરી રત્ન કમાવા સારૂ આવ્યો છે તો તારે અહીં ફરવા હરવાનું કૌતુક તો જરા પણ રાખવું જ ન જોઇએ, કારણ કે પરમાર્થની નજરે એમાં તને ખરેખરી આખરે છેતરાણ જ જવાની છે." [1]આવી મતલબની તેની વાત સાંભળીને હિતજ્ઞને મનમાં નિશ્ચય થયો કે ચારૂ પોતાના ઉપર ખરેખરો પ્રેમભાવ રાખનાર છે અને રત્નની પરીક્ષા કરવામાં તેનું જ્ઞાન પાકું થઇ ગયેલું છે, ત્યાર પછી ચારૂની સલાહ પ્રમાણે પોતે ફરવા હરવા જેવા વિગેરે બાબતનું કૌતુક છોડી દેવાની ઇચ્છા જણાવી અને પોતાને રત્નની પરીક્ષા કેમ થઇ શકે તે સંબંધી સવાલો પૂછ્યા. પોતે ચારૂના વર્તનથી એટલો બધો રાજી થઇ ગયો કે તે વાતને પરિણામે તે તેનો શિષ્ય થઇ ગયો. ચારૂ પણ હિતજ્ઞના ગુણપ્રેમથી રાજી થઇ ગયો, તેને રત્નની પરીક્ષા શીખવી અને હિતજ્ઞ તે કામમાં પાવરધો થઇ ગયો, ત્યાર પછી કૃત્રિમ ખોટાં રત્નોનો ત્યાગ કરીને માત્ર સાચાં રત્નો મેળવવાના કામમાં હિતજ્ઞ એકચિત્તે લાગી ગયો–આ પ્રમાણે વાર્તા મુનિરાજે આપણને કહી હતી તેનો ભાવાર્થ તું બરાબર વિચાર.

**યોગ વંચકતા.** કરૂણાતત્પર મુનિઓ જ્યારે ભદ્રક પરિણામી મિથ્યાદૃષ્ટિ પ્રાણીઓને જુએ છે ત્યારે તેઓ તેને નીચે પ્રમાણે કહે છે "ભદ્રો! તમે ખરેખર ધર્મશીળ છો અને આત્મ-
"બુદ્ધિએ સાચો માનીને તમે ધર્મ કર્યા કરો છો,
"પરંતુ સાચો ધર્મ ક્યાં છે અને કેવો છે તે તમારા ભોળપણને લઇને
"તમે જાણી શકતા નથી. હિંસાનાં કામો કરવાથી ધર્મ કદિ થતો નથી.
"ભગવાનનો વિશુદ્ધ ધર્મ તો સર્વ પ્રાણીઓ ઉપર દયામય હોય તે જ

૧ જુઓ પૃ. ૧૭૦૫–૬. અહીં તે હકીકતનો સાર લખ્યો છે, વિગતમાટે હકીકત ત્યાંથી જોઇ લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હોઇ શકે છે અને અત્યારે તમે જે હોમ અથવા યજ્ઞો કરો છો તે "તો તેનાથી વિરૂદ્ધ છે. ધર્મની બુદ્ધિથી આવી રીતે તમારે અધર્મનું "સેવન કરવું કોઇપણ રીતે યુક્ત નથી. વળી તમે હમણા જણાવ્યું કે "તમે સુખે રહો છો કારણ કે તમે માંસ ખાઓ છો વિગેરે, તે પણ "તમારૂં અજ્ઞાન જ બતાવે છે અને ડાહ્યા સમજુ માણસો તો એવી "વાત સાંભળીને જરૂર હસવા જ મંડી જાય તેવું છે; કારણ કે જ્યાં "શરીરની બાજુમાં જ અથવા શરીરમાં જ અનેક પ્રકારની પીડાઓ "સાથે જ રહેલી હોય, અનેક પ્રકારના રોગો વળગી રહેલા હોય, ઘડ- "પણ એકદમ જલ્દીથી ચાલ્યું આવતું હોય, રાજ્ય તરફની તેમજ "બીજા અનેક પ્રકારની હેરાનગતિઓ અને ત્રાસો શરીરને અને મનને "સંતાપ આપી રહ્યા હોય, જુવાની વાંકી ચુંકી ચાલી જનાર (અથવા "ઢંગધડા વગરની) હોય, પ્રાપ્ત થયેલી સંપત્તિઓ સર્વ પ્રકારનાં દુઃ- "ખોને ઉત્પન્ન કરનાર હોય, વહાલાંઓના વિયોગો મનને બાળી નાખતાં "હોય, પોતાને ન ગમે તેવા અપ્રિયના સંયોગો મનને આકુળવ્યાકુળ "કરી દેતા હોય, દરરોજ મરણ વધારે ને વધારે નજીક જ આવ્યા "કરતું હોવાનો ભય માથે લટકી રહેલો હોય, શરીર અપવિત્ર પદા- "ર્થોને એકઠા કરી રાખવાનાં ભંડાર જેવું હોય, વિષયો માત્ર પુદ્ગળોના "પરિણામ માત્રને જ બતાવનારા હોય, આખું જગત્ અસંખ્ય દુઃખોથી "ભરેલું જ હોય, ત્યાં પ્રાણીઓને 'સુખ'ની વાત શી કરવી? એમાં "સુખનો સવાલ જ ક્યાં રહે છે? પરમાર્થે એ સર્વે એકલું દુઃખ જ છે, "પણ તમને એમાં સુખનો ખોટો ખ્યાલ બંધાઇ ગયો છે. એ જે "તમને ખોટો ભ્રમ થયો છે તે તમારાં કર્મોને લઇને જ થયો છે અને "તે અનંત સંસારમાં ભમવાનું જ કારણ છે. તેટલા માટે ભદ્રો! "આવો સુંદર મનુષ્યનો ભવ મહા મુશ્કેલીએ પામ્યા છો, તમને ધર્મ "કરવાને યોગ્ય સર્વે સામગ્રીઓ અને અનુકૂળતાઓ પણ મળી ગઇ "છે, અમારો ઉપદેશ પણ તમને ચાલુ મળ્યા કરે છે, ગુણ પ્રાપ્ત "કરવા એ પણ તમારે પોતાને સ્વાધીન છે, જ્ઞાનાદિ મોક્ષનો માર્ગ "ઉઘાડો છે, જીવ વસ્તુસ્વભાવે અનંત આનંદરૂપ છે, જીવના અસલ "સ્વરૂપની પ્રાપ્તિ થાય એ જ તેનો મોક્ષ છે અને તે પ્રાપ્તિ બોધ "(જ્ઞાન), શ્રદ્ધા (દર્શન) અને અનુષ્ઠાન (ચારિત્ર)ની ઉપર જ આ- "ધાર રાખે છે—આ સર્વ બાબતો છતાં તમે તમારા આત્માને આટલો "બધો છેતરો છો એ બીલકુલ યોગ્ય નથી."

મહાત્મા મુનિનાં આવાં સુંદર વચનો સાંભળીને હિતજ્ઞ જેવા ભદ્રક ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવો હોય છે તેઓ વિચાર કરે છે કે એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાત્મા મુનિઓ પોતાની તરફ ખરેખરો સાચો પ્રેમ રાખનારા છે, મહાત્મા મુનિઓનું જ્ઞાન ઘણું વિશાળ છે એ વાત પણ તેમના મનપર ઠસી જાય છે. ત્યાર પછી ઉપદેશને પરિણામે જે સુંદર વાસનાઓ થઇ આવેલી હોય છે તેને લઇને ધનપ્રાપ્તિ કરવાનો અને વિષયો ભોગવવાનો જે પ્રતિબંધ[1] અત્યાર સુધી તેઓને થતો હતો તે ઘટતો જાય છે, નિવર્તતો જાય છે, દૂર થતો જાય છે; અને પછી તે મુનિમહારાજને સાચો ધર્મ પૂછે છે, પોતે તેમની પાસે શિષ્યભાવ ધારણ કરે છે અને વિનય વિગેરે ગુણોએ કરીને ગુરૂમહારાજનાં મનનું રંજન કરે છે. ગુરૂમહારાજ પણ પ્રસન્ન થઇને ગૃહસ્થદશાને ઉચિત તથા સાધુપણાને ઉચિત ધર્મમાર્ગ તેને બતાવે છે અને ઘણી યતનાપૂર્વક તે પ્રાપ્ત કરવાના ઉપાયો પણ બતાવે છે. તે આ પ્રમાણેઃ—

શ્રાદ્ધ ધર્મ યોગ્યતા અને તે ઉપાર્જનનો ઉપાય.

"ભદ્રો! તમે વિશુદ્ધ ધર્મોનું સાધન તમારા આત્માને પ્રાપ્ત થાય "એવી ઇચ્છા રાખો છો તો તમારૂં પ્રથમ કર્તવ્ય "તો એ છે કે શરૂઆતમાં તમારે દયાળુતા સેવવી, "બીજાનો જરા પણ તિરસ્કાર કરવો નહિ, ક્રોધીપણું "તદ્દન છોડી દેવું, ખરાબ માણસો (દુર્જન) સાથેનો "સંબંધ સર્વથા તજી દેવો, જુઠાપણા (ખોટું બોલવાપણા)નો સર્વથા ત્યાગ કરવો, અન્યના ગુણ તરફ પ્રેમ કરવાનો "અભ્યાસ પાડવો, ચોરી કરવાની બુદ્ધિ પણ ન કરવી, મિથ્યાભિ"માનને તદ્દન તજી દેવું, પરસ્ત્રીનો કોઇ પણ પ્રકારનો અભિલાષ તદ્દન "ન કરવો, પોતાને ધન ઋદ્ધિ કે જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેનો ગર્વ "છોડી દેવો, દુઃખી પ્રાણીઓને દુઃખમાંથી છોડાવવાની ઇચ્છા ધારણ "કરવી, ગુરૂમહારાજની ભક્તિ કરવી, દેવને વંદન કરવું, સગાંસંબં"ધીઓનું યોગ્ય સન્માન કરવું, પ્રેમ રાખનાર જનોની હોંસો પૂરી "કરવી, મિત્ર વર્ગને અનુસરવું, પારકાના દોષો કે અપવાદો જરા પણ "બોલવા નહિ, પારકાના ગુણોને ગ્રહણ કરવા, પોતાના ગુણોની પ્રશંસા "કરતાં શરમાવું, પોતે જરા નાનું સરખું સારૂં કામ (સુકૃત્ય) કર્યું "હોય તો તેને પણ મનમાં વારંવાર સંભાર્યા કરવું, પારકાને માટે"પરોપકાર કરવા સારૂ બને તેટલો પ્રયત્ન કરવો, મહાપુરૂષોની સાથે "પ્રથમ [2]ભાષણ કરવું, ધર્મ કરનાર માણસોની હમેશાં અનુમોદના "કરવી, પારકાના મર્મો (ખાનગી વાતો) જરા પણ પ્રગટ કરવા નહિ,

---

૧ **પ્રતિબંધઃ** તીવ્ર પ્રેમ. આસક્તિ પૂર્વક રોકાણ.

૨ તેઓને પ્રથમ પોતે બોલાવવા, તેઓ બોલાવશે તો બોલશું એવો આગ્રહ ન રાખવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"અને હમેશા સારો વેષ પહેરવો અને આચારો પણ સારાં રાખવાં-
"આ પ્રમાણે કરવાથી **સર્વજ્ઞ મહારાજે** બતાવેલા **શુદ્ધ ધર્મનું અ-**
"**નુષ્ઠાન કરવાની યોગ્યતા** તમને પ્રાપ્ત થશે.[1]

સાધુધર્મ યોગ્યતા તદુપાર્જન માર્ગ.

"ત્યાર પછી ગૃહસ્થ (શ્રાદ્ધ-શ્રાવક) થયા હોય તેમણે અકલ્યાણ "મિત્રનો[2] સંબંધ છોડી દેવો, કલ્યાણ મિત્રોની[3] સે- "વના કરવી, પોતાને ઉચિત સ્થિતિમર્યાદાનું ઉલ્લંઘન "ન કરવું, વ્યવહારમાર્ગ (લોકમાર્ગ)ની હમેશા "અપેક્ષા રાખવી, ગુરૂમહારાજને-વડીલ પુરૂષોને યોગ્ય "માન આપવું, તેઓ જે ફરમાન કરે તે પ્રમાણે વર્તવું, દાન વિગેરે "સદ્‌ગુણોમાં વિશેષ પ્રવૃત્તિ કરવી, ભગવાન્ દેવની ઉદાર પૂજા કરવી, "સાધુમહાત્મા પુરૂષોની નિરંતર શોધ કર્યા કરવી, તેમનો સંયોગ મેળવીને "ધર્મશાસ્ત્રનું વિધિપૂર્વક શ્રવણ કરવું, મહા યત્નપૂર્વક તેની પર્યાલોચના "કરવી, તેમાં કહેલ બાબતોનો અર્થ સમજી વિધાનપૂર્વક તેનું અનુષ્ઠાન "કરવું, ધૈર્યને ધારણ કરવું, ભવિષ્યકાળનો વારંવાર વિચાર કરવો, મરણને "વારંવાર નજર સન્મુખ રાખ્યા કરવું, પરલોક સાધનમાં તત્પરતા "રાખવી, ગુરૂમહારાજની સેવના કરવી, યોગપટ્ટનું[4] દર્શન કરવું, તેના "રૂપને પોતાના મનમાં વારંવાર સ્થાપન કરવું, ધારણાને સ્થિર કરવી, "કોઇ પણ પ્રકારનો આંતર વિક્ષેપ થાય તેવો માર્ગ તજી દેવો, યોગ- "(મન વચન કાયા)શુદ્ધિ થાય તે માટે પ્રયત્ન કર્યા કરવો, ભગવાનનાં "મંદિરો તેમજ મૂર્ત્તિઓ તૈયાર કરાવવાં, તીર્થંકર મહારાજનાં વચનોને "લખાવવાં,[5] મંગળજાપ (નવકારમંત્રસ્મરણ) વારંવાર કર્યા કરવો,

---

૧ આ પ્રમાણેના ક્રમસર સદ્‌ગુણો શાસ્ત્રમાં બીજી કોઇ જગાએ લખેલાં છે કે કેમ તેની તપાસ કરતાં મને તે મળી શક્યા નથી. આ સદ્‌ગુણો ઘણા સુંદર છે અને **ધર્મયોગ્યતા** પ્રાપ્ત કરાવે તેવા છે તેમાં સંદેહ નથી. માર્ગાનુસારીના ગુણોને આધારે તેની રચના થઇ હોય એમ જણાય છે. ભા. ક.

૨ **અકલ્યાણમિત્રઃ** પ્રાણીનું અંતિમ સાધ્ય પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનાર અવગુણોનું સમુચ્ચય નામ. એમાં **મોહ** વિગેરે સર્વ આંતર રિપુઓનો સમાવેશ થાય છે.

૩ **કલ્યાણમિત્રઃ** પ્રાણીનું અંતિમ સાધ્ય પ્રાપ્ત કરવામાં સહાય આપનાર. એમાં ચારિત્રરાજ વિગેરે આંતર સ્નેહીઓનો સમાવેશ થાય છે. ખરા પ્રેમીઓનું એ સમુચ્ચય નામ છે.

૪ **યોગપટ્ટઃ** યોગી લોક યોગાભ્યાસ વખતે કેડે વસ્ત્ર બાંધે છે તે જણાય છે.

૫ **વચનોને લખાવવાં** એટલે પુસ્તકોદ્ધાર કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ચાર શરણોને[1] વારંવાર અંગીકાર કરવાં, પોતાનાં દુષ્કૃત્યો (ખરાબ "કામો)ની વારંવાર નિંદા[2] કરવી, પોતાનાં સારાં કામોની વારંવાર "અનુમોદના કરવી, મંત્ર દેવોની પૂજા કરવી, પૂર્વે પુરૂષોની સુંદર વર્તના- "ઓનાં ચરિત્ર વારંવાર સાંભળવાં, ઉદારતા રાખવી અને ઉત્તમ જ્ઞાનમાં "વારંવાર રમણ કર્યા કરવું–એ પ્રમાણે કરવાથી સાધુ મહારાજના "ધર્મો અને અનુષ્ઠાનો કરવાની તમારામાં યોગ્યતા આવશે.[3]

સિદ્ધાન્ત ગ્રહણ પાત્રતાનાં કારણો.

"ત્યાર પછી તમે બાહ્ય અને અંતર સંગનો ત્યાગ કરેલો હોવાથી "અને પારકા મળેલા આહાર ઉપર આધાર રાખ- "નાર **ભાવમુનિ** થયેલ હોવાથી તમારે [4]ગ્રહણશિક્ષા "ધારણ કરવી અને તેટલા માટે વસ્તુતત્ત્વ સમ- "જવાની બરાબર જિજ્ઞાસા મનમાં ઉત્પન્ન કરવી; "પોતાનાં અને પારકાં શાસ્ત્રોને બરાબર જાણનાર, પારકાનું હિત કર- "વાનાં કાર્યમાં સદા તત્પર, સામા માણસના હૃદયનો આશય બરાબર "સમજનાર, અને પોતાના નામને સાર્થક કરનાર ગુરૂમહારાજ સાથે "સાચો સંબંધ કેવી રીતે થાય તેની શોધ કરવી; ગુરૂમહારાજનો "વિનય[5] બરાબર કરવો, અનુષ્ઠાનોની સર્વ વિધિઓ[6] કરવા તત્પર રહેવું,

---

૧ **ચાર શરણઃ** અરિહંત શરણ, સિદ્ધ શરણ, સાધુનું શરણ, અને કેવળી- ભાષિત ધર્મનું શરણ.

૨ **નિંદાઃ** પોતે ખરાબ કામ કર્યાં હોય અથવા સમુચ્ચયે જે જે દુષ્કૃત્યો હોય તેની નિંદા કરવી, કામ કરનારની નહિ પણ ખરાબ કામોની નિંદા કરવી, તે ન કરવાં યોગ્ય છે એમ કહેલું. આ તફાવત ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. અન્યની નિંદા કરવાનો કોઇને અધિકાર નથી.

૩ આ કઇ હદની વાતો છે અને આપણે કયે સ્થાને છીએ તે ખાસ વિચા- રવા યોગ્ય છે. શ્રાવક તો નહિ પણ શ્રાવકપણું પ્રાપ્ત કરવાની યોગ્યતા ક્યારે થાય અને સાધુપણાની યોગ્યતા ક્યારે થાય તે વિચારવાથી પોતાનું સ્થાન ધર્મ- વિકાસમાં ક્યાં છે તે સમજાશે.

૪ **ગ્રહણશિક્ષાઃ** દરરોજ સૂત્ર અર્થનું ગ્રહણ કરવું તે.

૫ **વિનયઃ** પ્રવચનસારોદ્ધાર ગ્રંથના ૬૫ માં દ્વારમાં બાવન (૫૨) પ્રકાર વિનયના બતાવ્યા છે. **તીર્થંકર, સિદ્ધ, કુળ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવીર, ઉપાધ્યાય** અને **ગણી** એ તેરની આશાતના ન કરવી, તેમના તરફ ભક્તિ રાખવી, તેમનું બહુમાન કરવું અને તેમની કીર્તિને પ્રગટ કરવી એ પ્રત્યેક સાથે મેળવતાં બાવન ભેદ થાય છે. વિનયના પ્રકાર માટે જુઓ **પ્ર. ૪ પ્ર. ૩૫.**

૬ **વિધિઃ** સાધુધર્મની આહાર લેવાની, ચારિત્ર ગુણમાં સ્થિરતા કરવાની, ક્રિયાઓ કરવાની વિધિ અનેક ગ્રંથોમાં બનાવી છે તે પ્રમાણે કરવા તૈયાર રહેવું, તેમાં આનંદ રાખવો, ઉત્સાહ રાખવો વિગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"મંડલિ[1] નિષદ્યાઅક્ષ[2] વિગેરેમાં બરાબર યત્ન કરવો, નાના મોટાનો ક્રમ[3] "શાસ્ત્રમાં ફરમાવ્યો છે તે બરાબર પાળવો, સાધુને યોગ્ય ઉચિત "અશનક્રિયા[4] પાળવી, વિકથા[5] વિગેરે વિક્ષેપોનો સર્વથા ત્યાગ કરવો; "ભાવપૂર્વક સર્વ ક્રિયા વિગેરેમાં ઉપયોગ[6] રાખવો; (સૂત્ર અર્થ) "સાંભળવાનો વિધિ બરાબર શીખવો, બોધ પરિણતિ બરાબર આ- "ચરવી; સમ્યગ્જ્ઞાનમાં સ્થિરતા પ્રાપ્ત થાય તે માટે બને તેટલો "યત્ન કરવો; મનની સ્થિરતા કરવી; પોતાને જ્ઞાનરૂપ ધન મળી જાય "તેનું જરા પણ અભિમાન ન કરવું; જ્ઞાનથી જે અજાણ્યા રહ્યા હોય "(અભણ હોય) તેની હાંસી જરા પણ કરવી નહિ; વિવાદનો સર્વથા "ત્યાગ કરવો; સમજણ વગરના માણસોની બુદ્ધિનું પ્રથક્કરણ કરવાનો "પ્રયાસ માંડી વાળવો અથવા અભણ અને ભણેલા વચ્ચેનો તફાવત[7]

---

૧ **મંડલિઃ**-સૂત્ર, સૂત્રનો અર્થ, ભોજન, કાલગ્રહણ, આવશ્યક, સઝાય અને સંથારો એ સાત માંડલી કહેવાય છે, તે દરેકમાં એક એક આંબેલ કરીને પ્રવેશ કરવાનો છે. ( પ્ર. સા. દ્વાર. ૮૭ ).

૨ **નિષદ્યાઃ** આસન. **અક્ષઃ** સ્થાપનાચાર્ય.

૩ **ક્રમ**-નાના સાધુએ વડિલને વંદન કરવું, સાધુ થયાના કાળથી પોતાનો જન્મ માનવો, સાધ્વીએ સર્વ સાધુને વંદન કરવું વિગેરે જ્યેષ્ઠલઘુક્રમ પંચવસ્તુ વિગેરેમાં બતાવ્યો છે, આપણે કલ્પસૂત્રની સુબોધિકા ટીકાની ઉપોદ્ઘાતમાં તે સાંભળીએ છીએ. એ ક્રમપર આ ઉલ્લેખ છે.

૪ **અશનક્રિયાઃ** સાધુની ભોજનક્રિયા ઉપર બહુ જ ભાર મૂક્યો છે અને તેના નિયમો ઘણા આકરા છે. આહાર લેવા જવામાં જ બહુ સમજણ રાખવી પડે છે. પિંડવિશુદ્ધિમાં આહાર લેવાના ૪૨ દોષો તજવાના બતાવ્યા છે તે કરણસિત્તરીને અંગે પ્રાપ્ત થાય છે. તેનું બહુ વિસ્તારથી વિવેચન પ્રવચનસારોદ્ધાર ગ્રંથના સડસઠમાં દ્વારમાં આપેલ છે તે વાંચવાથી જણાય છે કે આ વ્યવહાર બહુ આકરો છે. ભોજન કરતી વખત પણ પાંચ દોષો સંબંધી સાવચેતી રાખવી પડે છે. સાધુજીવનના ક્રિયા માર્ગના પુસ્તકો પૈકી લગભગ પચાસ ટકાથી વધારે વિભાગ ભોજનવિધિની સાથે આગળ પાછળ સંબંધ રાખનાર છે. આ મહત્વના વિષયપર પુસ્તકો ભરાય તેટલું લખાય તેમ છે. જિજ્ઞાસુએ પંચવસ્તુ, પ્રવચન સારોદ્ધાર વિગેરે પુસ્તકો જોવાં એવી ખાસ ભલામણ છે.

૫ **વિકથાઃ** રાજકથા, દેશકથા, સ્ત્રીસંબંધી કથા અને ભોજન સંબંધી કથા. આ ચારને વિકથા કહેવામાં આવે છે. એ અનર્થ દંડ છે, નકામી વાતો કરવી તે પ્રમાદનો એક પ્રકાર છે, સંસાર વધારનાર છે અને નકામો ખેદ ઉત્પન્ન કરનાર છે.

૬ **ઉપયોગઃ** જ્ઞાન દર્શન ગુણના વ્યયને ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ વગર અન્યચિત્તે કે નિરાદરપણે અનુષ્ઠાન થાય તે નકામાં જેવાં થઇ પડે છે.

૭ **તફાવતઃ** અભણ અને ભણેલાનો તફાવત અભણ સન્મુખ પાડવાથી તેને અપમાન લાગે છે અને તે ધર્મથી વિમુખ થાય છે. આટલા સારૂ તેનો ભેદ મનમાં સમજવો, પણ પ્રગટ રીતે અપમાન લાગે તેમ તેમનો ભેદ તેમની સમક્ષ પાડવો નહિ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કદિ પાડવો નહિ; કુપાત્ર (અયોગ્ય) માણસને શાસ્ત્રનો અભ્યાસ "કરાવવો નહિ—આ પ્રમાણે કરવાથી ગુણ જાણનારાઓ જેનું બહુ-"માન કરે છે એવી યોગ્યતા તમને પ્રાપ્ત થશે, શાંતિરૂપ લક્ષ્મી "તમને આપોઆપ મળી આવશે અને ભાવસંપત્તિઓનું તમે આ-"શ્રયસ્થાન થઇ પડશો.

"ઉપર પ્રમાણે જ્યારે તમારી અંદરથી સાચી યોગ્યતા થશે ત્યારે "ગુરૂમહારાજનો તમારા ઉપર ખરો પ્રસાદ થશે, તમારાપર તેમની "કૃપા થશે; પછી તેઓ તમને સિદ્ધાન્તનો સાર બતાવશે અને તમા-"રામાં (૧) સાંભળવાની ઇચ્છા (૨) સાંભળવાનું કાર્ય (૩) શાસ્ત્રગ્રહણ "(૪) શાસ્ત્રધારણ (૫) ઉહ[1] (૬) અપોહ[2] (૭) વિચારણા (૮) તત્ત્વજ્ઞા-"નની પ્રાપ્તિ એ બુદ્ધિગુણો[3] ખીલવશે. પછી તમારે આસેવના શિક્ષા[4]

મોક્ષ ગમણ યોગ્ય ગુણો.

"ગ્રહણ કરવી, સર્વે ઉપકરણો અને કપડાઓની પ્રત્યુ-"પેક્ષણા[5] કરવી, વારંવાર પ્રમાર્જન કરવું, ભિક્ષાચર્યા[6] "કરવાની વિધિ પોતાના આત્મા સાથે એકમેક કરી "દેવી, ઇર્યાપથિકી[7] દોષનું પ્રતિક્રમણ કર્યા કરવું,

---

૧ ઊહ: જણવામાં આવેલા પદાર્થનું અવલંબન કરી તેવા પ્રકારના બીજા પદાર્થો સંબંધી વિતર્ક કરવો તે અથવા સામાન્ય જ્ઞાન.

૨ અપોહ: અનુમાનાદિકથી વિપરીત જણાતા પદાર્થોનો ત્યાગ કરવો તે અથવા વિશેષ જ્ઞાન. ઉહાપોહના યોગથી અજ્ઞાન, સંશય અને વિપરીતપણાનો ત્યાગ થવાથી સાતમો અર્થવિજ્ઞાન નામનો ભેદ પણ ગણવામાં આવે છે અને આઠમો ભેદ તત્વજ્ઞાનનો ગણવામાં આવે છે.

૩ બુદ્ધિના આઠ ગુણો: (1) curiocity. (2) hearing. (3) grasping. (4) digesting. (5) ruminating. (6) discriminating. (7) knowledge and (8) philosophy. આ ગુણો બહુ વિચારવા યોગ્ય છે.

૪ શિક્ષા બે પ્રકારે છે: ૧ ગ્રહણ શિક્ષા ૨ આસેવના શિક્ષા. ગ્રહણ શિક્ષા: દરરોજ સૂત્ર અર્થનું ગ્રહણ કરવું. આસેવના શિક્ષા: દરરોજ સ્વયોગ્ય સામાચારી અનુસાર ક્રિયામાં કદમ રાખવો તે.

૫ પ્રત્યુપેક્ષણા: પડિલેહણા. વસ્તુ લેવી મૂકવી, વસ્ત્રોને લેવાં મૂકવાં બદલવાં ત્યારે તેને તપાસીને નિર્જીવ છે એમ ખાત્રી કરવી વિગેરે. એ પડિલેહણાના વિધિ માટે જુઓ ઓઘ નિર્યુક્તિ.

૬ ભિક્ષાચર્યા: આને માટે જુઓ એષણાના ૪૨ દોષો. એ વિષયપર બીજા ભાગમાં પરિશિષ્ટ નં. ૪ આપ્યું છે તે જુઓ. પૃ. ૧૪૦૪–૨૯.

૭ ઇર્યાપથિકી: ચાલતી વખતે સાડા ત્રણ હાથ જમીન જોઇને નીચી નજરે ચાલવું જેથી કોઇ જીવ પગતળે દબાઇ ન જાય. છતાં પ્રમાદથી મરી જાય અથવા અજાણે દબાઇ જાય તે પાપને ખમાવવું તે ઇર્યાપથિકીનું પ્રતિક્રમણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આલોચના[1] લેવી, નિર્દોષ ભોજનવિધિ શીખવી, [2]ભાજન પરિકર્મ વિ-"વિપૂર્વક સાફ કરવાં, આગમને અનુસાર મળવિસર્જન વિધિ કરવી, "સ્થંડિલ ભૂમિનું[3] બરાબર નિરીક્ષણ કરવું, સર્વ પ્રકારની ઉપાધિઓથી "રહિત થઇને આવશ્યક[4] કરવું, આગમમાં કહેલ વિધિપ્રમાણે કાલ-"ગ્રહણ[5] કરવું, પાંચ પ્રકારે સ્વાધ્યાય[6] કરવો, તેમજ દરરોજની ક્રિ-"યામાં સાવધાન રહેવું, પાંચ પ્રકારના આચારો[7] બરાબર પાળવા, "ચરણ કરણની[8] બરાબર સેવા કરવી, અપ્રમાદભાવને[9] આત્મા સાથે

---

૧ **આલોચનાઃ** પ્રાયશ્ચિત. કરેલ અપરાધની સજા.

૨ **ભાજનપરિકર્મઃ** પાતરાં વિગેરે પ્રમાર્જવાં.

૩ **સ્થંડિલઃ** મળ વિગેરે વિસર્જન કરવા યોગ્ય નિર્જીવ ભૂમિ.

૪ **આવશ્યકઃ** સવાર સાંજ પ્રતિક્રમણ અથવા સામાયક વિગેરે છ આવશ્યક. એ સર્વનો પ્રતિક્રમણમાં સમાવેશ થઇ જાય છે.

૫ **કાલગ્રહણઃ** સાધુઓને યોગોદ્વહન કરવાના વિધિમાં કાલગ્રહણ લેવાનું કહ્યું છે.

૬ **સ્વાધ્યાયઃ** (૧) વાચનાઃ ગુરૂ પાસે વાંચના લેવી તે. (૨) પૃચ્છનાઃ પૂછવું તે. (૩) પરાવર્તનાઃ ભણેલ બાબતો વારંવાર યાદ કરી જવી તે. (૪) અનુપ્રેક્ષાઃ અભ્યાસના વિષયો ઉપર વિચાર કરવો. (૫) ધર્મકથાઃ ધર્મસંબંધી વાતો વિચારો કરવા, તેના રહસ્યને તારવવા. આ પાંચ પ્રકારના સ્વાધ્યાય એ અભ્યંતર તપમાં આવે છે.

૭ **પંચાચારઃ** જ્ઞાનમાં પ્રવૃત્તિ કરવી તે 'જ્ઞાનાચાર'; દર્શનમાં પ્રવૃત્તિ કરવી તે 'દર્શનાચાર'; ચારિત્રમાં પ્રવૃત્તિ કરવી તે 'ચારિત્રાચાર'-આમાં સાધુનાં સર્વ મહાવ્રતો અને શ્રાવકોનાં અણુવ્રતોનો સમાવેશ થાય છે; (૪) 'તપાચારઃ' બાહ્ય અને અભ્યંતર તપ કરવા અને (૫) 'વીર્યાચારઃ' ક્રિયા અનુષ્ઠાન વિગેરેમાં મનવચનકાયાની શક્તિને ફોરવવી.

૮ **ચરણ કરણઃ** ચરણ સિત્તરી અને કરણ સિત્તરી. દરેકના સિત્તેર સિત્તેર ભેદ છે. ચરણ સિત્તરીમાં પાંચ મહાવ્રત, દશ યતિધર્મ, સત્તર પ્રકારના સંયમ, દશ પ્રકારે વૈયાવચ્ચ, નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ, જ્ઞાનત્રિક (જ્ઞાનદર્શનચારિત્ર), બાર પ્રકારે તપ અને ક્રોધાદિ ચારનો નિગ્રહ. કરણસિત્તરીમાં ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવના, બાર પડિમા, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, પચીશ પડિલેહણા, ત્રણ ગુપ્તિ અને ચાર અભિગ્રહ. આ ચરણકરણસિત્તરીના સીત્તેર સીત્તેર ગુણોનો વિસ્તાર પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં છાસઠમા અને સડસઠમાં દ્વારમાં છે તે જોઇ લેવો. એ બહુ વિચારવા યોગ્ય છે. જુઓ અધ્યાત્મ કલ્પદ્રુમ નોટ તેરમો અધિકાર પૃ. ૩૯૬-૯૮ ત્રીજી આવૃત્તિ.)

૯ **અપ્રમાદભાવઃ** પ્રમાદઃ આળસ. મદ્ય, વિષય, કષાય, વિકથા, નિદ્રામાં વખત કાઢવો તે સર્વ પ્રમાદ છે. એમાં બેસી રહેવાને પ્રાધાન્ય નથી, પણ પરભાવરમણતા એ પ્રમાદ છે. સાધુઓએ એક સમય પણ બને ત્યાં સુધી પ્રમાદ ન કરવો એવો ઉપદેશ છે. અપ્રમાદભાવ ધારણ કરવો એટલે પરભાવમાં રમણતા ન કરવી એવો અત્ર ઉપદેશ છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

" એકમેક કરી દેવો, અતિ ઉગ્ર વિહારીપણું[1] ધારણ કરવું-આ પ્રમાણે " કરવાથી મોક્ષમાં અસ્ખલિત પહોંચાડનાર ગુણસમૂહની તમને " પ્રાપ્ત થશે."

એવી રીતે મહાત્મા મુનિમહારાજ સદ્ગુણો ઉપાર્જન કરવાના ઉપાયો તેમને બતાવે છે. તેમના એવા ઉપદેશથી અત્યાર સુધી મિથ્યાદૃષ્ટિપણામાં રહેલા પરંતુ જાતે ભદ્રક અને આગામી કાળે હિત સાધવાની યોગ્યતા ધરાવનારા (ભવ્ય) પ્રાણીઓ હુશિયાર થઇ જાય છે, ભાવરત્નની ( ખરા ધર્મની ) પરીક્ષા કરનાર બને છે અને કુધર્મોના આસેવનને છોડી દે છે, સદ્ગુણ ઉપાર્જન કરવાના કામમાં મંડી જાય છે અને પછી જાતે જ ભટ્ટારક ગુરૂપ્રત્યે કહેવા લાગે છે-" અહો ભટ્ટારક! અત્યાર સુધી આ મહાવિપત્તિઓના હેતુભૂત વિષયભોગોથી અમે તો બહુ છેતરાયા! અને અંદરખાને ધૂતારાનો આકાર ધારણ કરનાર અન્ય તીર્થીઓએ અમને ઘણા ભમાવ્યા! પરંતુ એ સર્વનું કારણ અમારો પોતાનો મોહદોષ જ હતો એમ હવે અમને માલૂમ પડે છે. હાલમાં આપે અમારા ઉપર અત્યંત પ્રેમ બતાવીને અમને સાચો માર્ગ બતાવ્યો તો નાથ! આપે કહ્યું તે સર્વ હવે અમે કરશું." એવા પ્રકારના પ્રાણીઓપર સાધુઓનાં મનોહર વાક્યની બરાબર અસર થાય છે અને તેમના ઉપદેશ પ્રમાણે ચાલવાના નિર્ણયને અનુસરવાથી આખરે તેવા ભદ્રક પ્રાણીઓ પોતાનો ખરો સ્વાર્થ સાધનારા થાય છે.

આદર અને અર્થ સાધકતા.

JAINSITE

### મૂઢને રત્નસ્વરૂપ દર્શન.
### મૂઢનો તત્સંબંધી વિચિત્ર જવાબ.
### અસાધ્ય વર્ગમાં તેની ગણના.

[2]ત્યાર પછી આગળ કથાનકમાં કહેવામાં આવ્યું હતું કે ચારૂ ત્યાર પછી પોતાના ત્રીજા મિત્ર મૂઢ પાસે ગયો અને આદરપૂર્વક તેને જણાવ્યું કે પોતે દેશ તરફ વિદાય થાય છે. ત્યારે મૂઢે તેને કહ્યું "ભાઇ ચારૂ ! તું દેશમાં જઇને શું કરીશ? આ દ્વીપ તો તું આખો ફરીને જો! આ બેટ ઘણો મજાનો છે! આ બેટમાં ચારે તરફ કમળનાં વનો છે,

---

૧ ઉગ્ર વિહારઃ સાધુઓ વધારેમાં વધારે એક સ્થાને શેષકાળે એક માસ અને વર્ષાકાળે ચાતુર્માસ રહેવું, પ્રતિબંધ ન થાય તે તેનો હેતુ છે. એક સ્થાનેથી બીજે સ્થાને જવાને 'વિહાર' કહેવામાં આવે છે. ઉગ્ર વિહાર એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પ્રતિબંધરહિત સખ્ત વિહાર કરવો.

૨ જુઓ પૃ. ૧૭૦૬-૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારી મોટી હવેલીઓ છે, સુંદર બગિચાઓ છે, મોટાં મોટાં સરોવરો છે, અને તે સર્વ આ બેટની શોભામાં ઘણો વધારો કરનારા છે; વળી આ બેટ ગમત અને આરામનાં સાધનોથી તેમજ પુષ્પોથી (ફૂલોથી) ભરેલો છે અને ચારે તરફ વનરાજીથી ખીલી નીકળેલો છે. તો અહીં વધારે વખત સુખ ભોગવીને પછી આપણી મરજી થશે ત્યારે આગળ ઉપર આપણે દેશ તરફ જશું. મને તો અહીંથી જવું ગમતું જ નથી. જો કે ભાઇ ! મેં પણ મારૂં વહાણ તો તારી જેમ ભરી લીધું છે." ઉપર પ્રમાણે કહીને મૂઢે પોતાનું વહાણ અને તેની અંદર ભરેલી સર્વ ચીજો ચારૂને બતાવી. ચારૂએ જોયું તો તે વહાણમાં મૂઢે માત્ર કોડા શંખલાં અને કાચના નાના મોટા ટૂકડાઓ જ ભરેલાં હતાં. સુંદર ચિત્તવાળા ચારૂને આ હકીકત જોઇને મૂઢ ઉપર દયા આવી અને તેણે તેને કહ્યું "ભાઇ ! તારે બાગબગિચામાં ફરવાનો શોખ રાખવો કે ચિત્રો જોવામાં આનંદ માનવો એ યોગ્ય નથી. એ તો ખરેખરૂં આત્માને છેતરવાનું કામ છે અને વળી રત્નોના વ્યાપાર કરવા અહીં સુધી આવેલાને તે વેપારમાં અટચણ કરનાર છે. ભાઇ ! તને ધૂતારાઓએ ઠગ્યો છે. કારણ કે ખોટાં રત્નોને સાચાં રત્નો તરીકે તેમણે ઠસાવી દીધાં છે. ભાઇ ! આ વહાણમાં ભરેલો તો સર્વ કચરો છે, માટે તું જલ્દી એનો ત્યાગ કર, એમાં કાંઇ દહાડો વળવાનો નથી. અને ભાઇ ! તું મૂલ્યવાન સાચાં રત્નો ગ્રહણ કર. તું સાંભળ ! સાચાં રત્નોનું લક્ષણ એ છે કે—" આવી રીતે ચારૂ સાચાં રત્નોનું લક્ષણ કહેવા જતો હતો ત્યાં તો મૂઢ એકદમ આવેશમાં આવી ગયો અને ચારૂને કહેવા મંડી ગયો "જા જા ! હું તો કાંઇ તારી સાથે આવવાનો નથી, તું જે કામમાં લાગ્યો હો તેમાં લાગી જા. તું તો એવો ને એવો જ રહ્યો. કારણ કે હજુ તું એવીને એવી જ વાતો કર્યા કરે છે. હું આવી રીતે છેલછોગાળો થઇને ફરૂં છું તેથી મારા તેવા વર્તન ઉપર તું તિરસ્કાર બતાવે છે અને જાણે મને વળી રત્નની પરીક્ષા જ ન હોય તેમ તું મારાં રત્નના સંચય ઉપર પણ દોષનો આરોપ કરે છે ! આથી તું મારો મિત્ર જ નથી; માટે મારાં રત્નો કદાચ તને બહુ પ્રભા (lustre) વાળાં ન લાગતાં હોય તો ભલે, મારે તારાં રત્નોનું કાંઇ કામ નથી અને મારે તે જોતાં પણ નથી." એ બાબતનો જવાબ દેવા ચારૂ હજુ તો હોઠ ઉપાડે છે ત્યાં તો વળી મૂઢ પાછો બોલી ઉઠયો "ભાઇ ! મારે તારાં રત્નો જોતાં નથી અને તારાં જેવાં રત્નો પણ જોતાં નથી. હું એના વગર ચલાવીશ. મારે તારાં સલાહ શિક્ષણ કે ઉપદેશની જરા પણ જરૂર નથી માટે છાનોમાનો જલ્દી સિધાવી જા." ચારૂએ એ જવાબ સાંભળી પોતાના મનમાં વિચાર કર્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે આ મૂઢને શિખામણ આપવાનો કે ઠેકાણે લાવવાનો કોઇ માર્ગ જણાતો નથી, કારણ કે એ મારી વાત પણ સાંભળતો નથી અને પોતાની વાતને વળગી રહેવાનો દૃઢ નિર્ણય કરી બેઠો છે.

ઉપર પ્રમાણેની હકીકત આગલા પ્રકરણમાં કહેવામાં આવી હતી તેવી રીતે ભાઇ ઘનવાહન! ચારૂ જેવા મહાત્મા મુનિઓ જ્યારે દુર્ભવ્ય અથવા અભવ્ય પ્રાણીને ધર્મોપદેશ દેવા તૈયારી કરે છે ત્યારે તેઓ જાણે તેની સમીપ જાય છે એમ સમજવું. ત્યાર પછી તે મહાત્મા મુનિઓ તેમને વિશુદ્ધ ધર્મની દેશના આપવા દ્વારા તેઓને મોક્ષ (દેશ) ગમન માટે આમંત્રણ કરે છે તે વખતે મૂઢ જેવા પ્રાણીઓ ગુરૂમહારાજને જવાબ આપે છે "અરે સાધુઓ! તમારા મોક્ષનો અમારે ખપ નથી! અને તમારે પણ ત્યાં જવાની વાત તો શા માટે કરવી જ જોઇએ? જુઓ તમારા મોક્ષમાં ખાવાનું કાંઇ છે નહિ! નથી કાંઇ પીવાનું! ત્યાં કાંઇ ભોગવિલાસ કરવાના નથી કે નથી કાંઇ ઐશ્વર્યમાં આળોટવાનું! ત્યાં દિવ્ય દેવાંગનાઓનો સંયોગ થવાનો નથી કે મનુષ્યની કમલાક્ષીઓનાં ત્યાં કટાક્ષો નથી! ત્યાં પ્રેમવિલાસનાં ભાષણો પણ નથી. અરે ત્યાં નથી ગાયન કે નથી નાચ, નથી હસવાનું કે નથી રમવાનું! એ તે મોક્ષ (મૂકાવું તે) કહેવાય? એ તો ખરેખર બંધન (બંધાવું તે) છે! આ અમારો સંસારવિસ્તાર જેની તમે અત્યંત નિંદા કરો છો તે અમારા દિલને ઘણો આનંદ આપે છે અને અમને તો ઘણો સુંદર લાગે છે. આ અમારા સંસારમાં ખાવાનું ખૂબ મળે છે, પીવાનું પુષ્કળ મળે છે, અહીં ધનસંપત્તિ સાંપડે છે, વિલાસમોજ ઉડાવાય છે, ઘરેણાં ગાંઠાં પહેરાય છે, ઇચ્છિત સુખ આપનાર કમલાક્ષી સ્ત્રીઓ સાથે આનંદ થાય છે, અમારી મરજીમાં આવે તેવું વર્તન કરીએ છીએ, નાચીએ છીએ, ગાઇએ છીએ, વિલેપન કરીએ છીએ અને અમને અહીં સર્વ પ્રકારનાં સુખનાં સાધનો પ્રાપ્ત થાય છે. અરે સાધુઓ! આવો મજાનો સુખસામગ્રિથી ભરેલો સંસાર મૂકીને તમારે પણ મોક્ષ જવાનો વિચાર કરવો યોગ્ય નથી, માટે હવે મોક્ષ જવાની વાતો પડતી મૂકો! આ સંસારમાં ભારે મજા છે! તેમ છતાં તમને મોક્ષમાં વધારે સુખ લાગતું હોય તો અહીંનું મળેલું સુખ હાલ તો ભોગવી લો, પછી વળી આગળ ઉપર મોક્ષે જજો.

તમારે મોક્ષ અમને ન જોઇએ.

"વળી હે સાધુઓ! તમે સદ્ધર્મ( સાચા ધર્મ )નો વાદ કરી રહ્યા છો તો તે વાત તો અમારા મનમાં પણ વસેલી જ છે, તમે ખાલી ધર્મનો ગર્વ શેનો કરી રહ્યા છો? તમે જુઓ! અમે અનેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂઢનો માનેલો ધર્મ.

પાડાઓ, બકરાઓ અને ભુંડોને મારીને તેના લોહીથી ચંડિકાનું તર્પણ કરીએ છીએ; વળી અમે ગોમેધ યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ અને નરમેધ યજ્ઞ કરીએ છીએ, અનેક બકરાઓ વડે યજ્ઞ કરીએ છીએ[1] અને એવી રીતે અનેક પ્રાણીઓનું મર્દન કરી ચારે પ્રકારના યજ્ઞો કર્યા કરીએ છીએ. બીચારા અનેક પશુ અને પ્રાણીઓ ખરાબ યોનિમાં પડેલા હોઇ દુઃખથી રીબાતા હોય છે તેમના ઉપર કૃપા કરીને તેમને અમે દુઃખથી મૂકાવીએ છીએ અને અમારી પાપઋદ્ધિવડે જીવોને દિને દિને મારીને યજ્ઞસ્થાનને અમે માંસથી ભરી મૂકીએ છીએ. પછી અમારી મરજી પ્રમાણે એ સર્વેનું દાન[2] કરી દઇએ છીએ. આવાં આવાં ધર્મો તો અમે કર્યા જ કરીએ છીએ અને તેથી અમારી ફરજ બજાવતા રહીએ છીએ, માટે અમે તમારા આ ધર્મની ચિંતા કરતા જ નથી."

મૂઢ જેવા અભવ્ય પ્રાણીઓ ગુરૂમહારાજને આવો જવાબ આપે અથવા આને મળતી દલીલો કરવા લાગે ત્યારે શાંત મુનિરાજને તેમના ઉપર વધારે દયા આવે છે અને તેને રસ્તે લાવવા તેમનાં મનમાં વિચાર આવે છે, તેને પરિણામે તેને જાગૃત કરવા મુનિઓ આ પ્રમાણે કહે છે "ભદ્રો! તમારે આવો સંસાર વધારે તેવો ખોટો ભ્રમ રાખવો ઉચિત નથી. તમે ખોટે રસ્તે દોરવાઇ ગયા છો. તમે જે ઇંદ્રિયના ભોગોની વાતો કરી તે સર્પના ભોગની[3] પેઠે પરિણામે ઘણા ભયંકર છે, એનો છેડો આખરે ઘણો કડવો આવે છે, તે પાપથી ભરપૂર છે અને મહા ભયંકર ક્લેશને વધારનાર છે. વળી તમે સ્ત્રીઓમાં રાચો માચો છો પણ ખરેખર તેઓ પ્રાયે નીચ સ્વભાવની હોય છે, અકાર્યો કરનારી હોય છે અને જાતે માયાનો કરંડિયો છે. તેઓનાં વિલાસ નાચ ગાયન અને ચાળાચસકા સર્વે વિડંબના જ છે. અને ભાઇઓ! મોક્ષ તો અનંત આનંદથી ભરપૂર છે અને તે આનંદ હમેશા બન્યો બન્યો રહે છે. જીવોની આત્મવ્યવસ્થા સર્વ ક્લેશથી રહિત છે. માટે ભાઇઓ! મનુષ્યનો ભવ પ્રાપ્ત કરીને ખાવા પીવાના વિલાસોનું કૌતુક કરવું અને

ગુરૂનો સ્વરૂપોપદેશ.

---

૧ **યજ્ઞોઃ** મુખ્ય ચાર પ્રકારના છે. જેમાં ગાય, અશ્વ, મનુષ્ય અને બકરા હોમાય તે અનુક્રમે **ગોમેધ, અશ્વમેધ, નરમેધ,** અને **અજમેધ** યજ્ઞ કહેવાય છે. એ યજ્ઞનો વિધિ મનુસ્મૃતિ વિગેરેમાં બતાવેલ છે.

૨ **દાનઃ** સત્ર-યજ્ઞસ્થાનમાં આખરે બ્રાહ્મણને દાન આપવામાં આવે છે. આ એક યજ્ઞવિધિ છે.

૩ **સર્પના ભોગઃ** શરીર તથા ફણો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે દ્વારા આત્માને છેતરવો (આત્મવંચના કરવી) એ તમાશ જોવાને યોગ્ય નથી; માટે માત્ર થોડા દિવસ સુધી ટકી શકે તેવા એ ઇંદ્રિય-ભોગોમાં આસક્ત રહી તમે મોક્ષના ધોરી માર્ગ છોડી દઇ અનંત સંસારમાં ચાલ્યા ન જાઓ. વળી ધર્મનાં અનુષ્ઠાનો કરવાની બુદ્ધિએ આ અન્ય જીવોને મારવાનું પાપ તમે કરો છો તે તો સંસારને વધારનાર છે, માટે એવા શાસ્ત્રકાર ઉપર ખોટો મોહ રાખીને તમે આ ધંધો કરો નહિ, તમે દોષોને કાપનાર અહિંસામૂળ ધર્મમાં પ્રવૃત્તિ કરો."

ઉત્તરમાં કો પ.

મુનિરાજ ઉપર પ્રમાણે સુંદર ઉપદેશથી ભરેલાં વચનો શાંત રીતે કહે તે સાંભળીને મૂઢ જેવા પ્રાણીઓ એકદમ ઉશ્કેરાઇ જાય છે અને આવેશની અસર તળે મુનિને કહે છે-"અરે સાધુઓ! તમારે અમને ઉપદેશ આપવાની અને તે દ્વારા તમારૂં ડહાપણ બતાવવાની જરૂર નથી, જેવા આવ્યા છો તેવા જ રસ્તે પડી જાઓ. અરે મૂર્ખાં! તમે ભોગોની આટલી બધી નિન્દા કરોછો અને વળી વધારામાં અમારા માનેલાં ધર્મનું પણ વાંકું બોલોછો! માટે તમે તો અમારા ખરેખરા દુશ્મન છો, તમને તો સીધા યમમંદિરે જ મોકલાવી દઇએ! અમારો આવો સુંદર વિશુદ્ધ ધર્મ છે તે તમને ગમતો નથી તો પછી અધમ પુરૂષો! અમારે તમારા ધર્મનું જરા પણ કામ નથી. તમારા પોતાનાં કોઇ માણસો હોય તેને તમારો ધર્મ સંભળાવો, અમારે તમારા ધર્મનું કાંઇ પ્રયોજન નથી."

મૂઢ પ્રાણીઓ ઉપર કહ્યો તેવો જવાબ તાડુકીને આપે છે ત્યારે વળી સાધુઓને તે બાપડા ઉપર દયા આવે છે અને વળી ફરી વાર તેને ધર્મનું લક્ષણ કહેવા પ્રયત્ન કરે છે. સાધુઓનું કર્તવ્ય વારંવાર સાચા ધર્મની હકીકત કહેવામાં સમાય છે, પણ સંસારરસીઆ જીવો ઉપર તેની અસર થતી નથી અને ઉલટા કહેનાર પર ગુસ્સો કરે છે. જ્યારે મુનિરાજ ધર્મનું લક્ષણ કહેવા ફરી વાર તૈયાર થાય છે ત્યારે તો આ ભાઇની આંખો લાલચોળ થઇ જાય છે અને ક્રોધમાં હોઠ દબાવીને લાત મારવા કે ધક્કામુક્કી અથવા પ્રહાર કરવા તે તૈયાર થઇ જાય છે અને એક બે લાતો તરફડાવી પણ કાઢે છે. મૂઢની આવી ચેષ્ટા જોઇને શાંત મુનિઓ પોતાનાં મનમાં નિશ્ચય કરે છે કે આ પ્રાણી કોઇ

સાધુનો નિર્ણય. મૂઢ અસાધ્ય.

પણ પ્રકારે ઠેકાણે આવે તેમ લાગતું નથી. આવા નિશ્ચયને પરિણામે સાધુઓ એવા તદ્દન અસાધ્ય પ્રાણીઓ તરફ ઉપેક્ષા બતાવે છે, કારણ કે એક વખતે નિર્ણય થયો કે અમુક ગાય વંધ્યા જ છે પછી તેનાથી દૂધ મેળવવાનો પ્રયત્ન કરવો એ તદ્દન નકામો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અંતિમ રહસ્ય.

પેલા યોગ્યે અને હિતજ્ઞે ચારૂનો ઉપદેશ માન્યો અને પોતાના વહાણો થોડા વખતમાં મૂલ્યવાન્ રત્નોથી ભરી દીધાં, બધાં વહાણો અને તે બન્નેને સાથે લઇને ચારૂ સ્વસ્થાને ગયો, ત્રણે જણાઓ રત્નોના વ્યાપારથી સતત આનંદના ભાજન થયા, મૂઢના ખરાબ વર્તનથી પ્રાંતે રત્નદ્વીપનો રાજા તેના ઉપર ક્રોધે ભરાયો, તેને રત્નદ્વીપમાંથી કાઢી મૂક્યો, સમુદ્રમાં ફેંકી દીધો અને તે અનંત દુઃખ સહન કરનાર થયો. આવી મતલબની વાત તને અગાઉ મૂળ કથામાં મુનિરાજ તરફથી પોતાના વૈરાગ્યનું કારણ જણાવતાં કહેવામાં આવી હતી તે તને યાદ હશે.[1]

ભાઇ ઘનવાહન! હવે એ સર્વ બાબતનો મેળ તને ટુંકામાં કહી દઉં છું તે સાંભળ. દેશવિરતિધર શ્રાવકો અને ભદ્રક પ્રકૃતિના ભવ્ય મિથ્યાદૃષ્ટિઓ જ્યારે મુનિમહારાજનો ઉપદેશ સાંભળે છે અને તે પ્રમાણે આચરણ કરે છે ત્યારે આખરે તેઓ ભગવાનના મતમાં બતાવેલાં પાંચ મહાવ્રતો આદરે છે, એને લઇને તેમનામાં જ્ઞાન વિગેરે ગુણો વધારે પ્રમાણમાં આવે છે, એવા ગુણોવડે તેમનો આત્મા ભરાય છે અને તેથી સર્વ આખરે પરમ પદે (મોક્ષે) જાય છે અને નિરંતરને માટે સતત આનંદના ભાજન બને છે, કારણ કે ત્યાં તેઓને એકઠાં કરેલાં જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નોનો જ વ્યાપાર કરવાનો હોય છે. હવે પેલો મૂઢ અને તેના જેવા પ્રાણીઓ પાપથી પૂરેપૂરા ભરાય છે એટલે પછી એના ઉપર કર્મપરિણામ રાજા બહુ ક્રોધે ભરાય છે, તેને મનુષ્યભવરૂપ રત્નદ્વીપમાંથી હાંકી કાઢે છે, સંસારસાગરમાં તેને ફેંકી દે છે અને નિરંતર તે દુઃખસમૂહનું ભાજન બને છે.

### તેટલા માટે.

આ કથાનકનો ભાવાર્થ આવી રીતે જાણી વિચારીને એ (પાંચમા) મુનિએ દીક્ષા લીધી, સંસારનો ત્યાગ કર્યો. ભાઇ ઘનવાહન! કથામાં સાચી ખોટી હકીકતની વહેંચણ બહુ યોગ્ય રીતે કરી છે. એનો વિચાર કર્મને કાપી નાખનાર છે. એ કથા સાંભળી વિચારીને કયો સમજુ માણસ મુનિપણું ન લે અને આવા રત્નદ્વીપ જેવા મનુષ્યભવને પ્રાપ્ત કરીને એવો કોણ સમજુ માણસ હોય જે પોતાનું વહાણ રત્નોથી ભરે નહિ અને શિવાલયે પહોંચી જાય નહિ! એ કથા એવી સુંદર છે કે એનો વિચાર કરતાં જરૂર પ્રાણી સંસારથી ભય પામી જાય અને સ્વ-

---

૧ જુઓ પૃ. ૧૭૦૮.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મમાં લાગી જાય. મુનિએ એ પ્રમાણે જે વાત કરી હતી તેનો ભાવાર્થ તારા સમજવામાં હવે આવ્યો હશે.

સંસારી જીવ-પર અસર.

ઉપરની હકીકત સાંભળીને સંસારીજીવ કહે છે કે મારા ઉપર પણ સહજ અસર થઇ. અગૃહીતસંકેતા ! તે વખતે મારી કર્મસ્થિતિ પણ ઘણી પાતળી પડી ગઇ, મારા મનમાં કાંઇક ભદ્રક ભાવ પણ જાગ્રત થયો અને અકલંકની વાત મને કાંઇક સુખ આપનારી લાગી, મીઠી લાગી,[1] છતાં હું ચુપચૂપ રહ્યો, હું કાંઇ બોલ્યો નહિ.[2]

# પ્રકરણ ૮ મું.

## સંસારબજાર.

### ( છઠ્ઠા મુનિનું વૈરાગ્ય કારણ. )

અકલંકે કહેલ ભાવાર્થ વિચારી તેને પરિણામે ભદ્રકભાવ પામેલો હું ( ઘનવાહન સંસારીજીવ ) મારા મિત્ર ( અકલંક ) સાથે છઠ્ઠા મુનિરાજ તરફ ચાલ્યો. મારા મિત્ર સાથે મેં પણ મુનિમહારાજને વંદન કર્યું અને મુનિરાજે અમને ધર્મલાભ[3] આપ્યો. પ્રસ્તાવના કર્યા બાદ અગાઉની માફક વૈરાગ્યનું કારણ તે મુનિરાજને પણ અકલંકે પૂછ્યું. મુનિરાજે એ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું:—

૧ અહીંથી સંસારજીવનો ઉત્થાનકાળ શરૂ થાય છે તે હવે પછીની કથામાં બરાબર લક્ષ્યમાં રાખશો. એક કથા, એક બનાવ, કેટલી અસર કરે છે તે આ પરથી જોવાનું છે. જીવનના નાના બનાવો કેટલીક વાર પ્રાણીની આખી પરિસ્થિતિને ફેરવી નાખે છે અને તેને સન્મુખ લઇ આવે છે, તેનો આખો માર્ગ ફેરવી નાખે છે. સદુપદેશની મહત્તા ઘણી છે.

૨ આ વાક્યથી જણાય છે કે હજુ માનસિક ઉત્થાન થયું છે, તેની ક્રિયા આગળ થશે.

૩ **ધર્મલાભ.** જૈનસાધુને કોઇ વંદન કરે ત્યારે જવાબમાં સાધુ તેને 'ધર્મલાભ' તેને ધર્મપ્રાપ્તિ થાઓ એટલો આશીર્વાદનો શબ્દ બોલે છે. એ જૈનનો ખાસ પારિભાષિક શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હાટમાર્ગ-દુકાનો.

" ભાઇ અકલંક! આદિ અને અંતવગરની [1]સંસ્મૃતિ નામની એક નગરી છે. તે નગરીમાં આવેલો દુકાનોનો માર્ગ (બજાર) મારા વૈરાગ્યનું કારણ થયો "

અકલંકે પોતાના મનમાં વિચાર કર્યો કે અગાઉ જેમ (ત્રીજા) મુનિએ રેંટ-અરઘટ્ટને પોતાના વૈરાગ્યના કારણ તરીકે જણાવ્યો હતો તેવો જ આ હાટનો માર્ગ હશે; છતાં એ બાબતનો નિર્ણય કરવા માટે પેલા સાધુને તેણે પૂછ્યું "મહાશય! એ બજારનો માર્ગ આપને કેવી રીતે વૈરાગ્યનું કારણ થઇ પડ્યો અને તે કેવો હતો તે આપ સ્પષ્ટ શબ્દોમાં મને સમજાવો."

## સંસારબજાર વર્ણન.

મુનિરાજે જવાબ આપતાં કહ્યું "મહાભાગ! આ સામે સ્થાનમાં સ્થિત થયેલા મુનિમહારાજ છે, તેમણે અનેક જન્મોને ઉત્પન્ન કરનાર બજાર મને બતાવ્યો: એ બજારમાં બહુ લાંબી લાંબી ભવ (જીંદગી) રૂપ શ્રેણીઓ હતી, દુકાનોમાં સુખદુઃખ નામનાં કરીઆણાં[2] મોટા પ્રમાણમાં ભરેલાં હતાં, એમાં વેપારની લેવડ દેવડની ધમાલમાં પડી ગયેલા અને કરીયાણું એકઠું કરવાના કામમાં મશગૂલ અનેક જીવરૂપ વ્યાપારીઓ પોતાના સ્વાર્થમાં તત્પર અને આકુળવ્યાકુળ થઇ રહેલા દેખાતા હતા, ત્યાં થોડા વધારે અથવા સાધારણ પુણ્ય અને પાપ રૂપ મૂલ્ય[3] આપીને પોતાને યોગ્ય વસ્તુઓ ખરીદી શકાતી હતી, અનેક અપુણીઆ ગરીબ જીવોથી એ બજાર ભરાઇ ગયેલો અને હમેશા ઉઘાડો જ રહેતો હતો, એ સંસ્રતિનગરીનો **મહામોહ** નામનો રખેવાળ (સરસુબો) હતો, કામ કોપ વિગેરે તેના હાથ નીચેના અમલદારો હતા, ત્યાં કર્મ નામના ઘોર લેણદારો જીવરૂપ દેવાદારોને અતિ આકરા અને ન છોડાવી શકાય તેવા કેદખાનામાં નખાવતા હતા,[4] લોકોને ઉદ્વેગ કરાવીને ધમાલ કરી મૂકનારા કષાય નામના મદોન્મત્ત તોફાની છોકરાઓ

---

૧ **સંસ્રુતિઃ** આમાં સ્રુ ધાતુ છે તેનો અર્થ 'વહેવું' થાય છે. સમ્ ઉપસર્ગ સાથે જોરથી વહેનાર શબ્દ થાય છે. સંસારનો પ્રવાહ ચાલ્યા જ કરે છે તેથી 'સંસાર' અર્થમાં આ શબ્દ વપરાય છે. પાણીના રેલા સાથે આ શબ્દ સરખાવવો.

૨ **કરીઆણાં:** વ્યાપારની ચીજોનું સમુચ્ચય નામ.

૩ **મૂલ્ય:** કિંમત, price.

૪ જેમ ધનવાનો ધનવડે માલ તોળી લે અથવા દાસદાસી ખરીદે અને દેવું ન આપનારને દીવાની જેલમાં નાખે, તેમ અહીં કામ ક્રોધ વિગેરે બેલીફોવડે કર્મ નામના લેણદારો દેવાના બદલામાં પ્રાણીઓને આકરી કેદમાં નાખતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગડબડ મચાવી મૂકતા હતા. એ બજાર અનેક નવાઇઓથી ભરપૂર હતો, નિરંતર આકુળવ્યાકુળ અને જાગતો રહેતો હતો અને આ દુનિયામાં એના જેવો બજાર બીજો કોઇ જોવામાં આવતો નહોતો. મેં જ્યારે એ લોકોને બહુ બારિકીથી સારી રીતે નિરીક્ષણ કરીને જોયા ત્યારે મને માલૂમ પડ્યું કે એ બજારમાં રહેલા સર્વે લોકો અંદરખાનેથી બહુ દુઃખી હતા. હવે તે વખતે આ સામે બેઠેલા મુનિરાજે (મારા ગુરૂએ) મારી ઉપર કૃપા કરીને જ્ઞાનરૂપ અંજન ( આંજણ ) મારી આંખોમાં આંજ્યું. એ અંજનના ઉપયોગથી મારી નજર બહુ નિર્મળ થઇ ગઇ અને તેના ઉપયોગથી એ દુકાનો પૂરી થાય ત્યાં એક મઠ નામનું શિવાલય દૂરથી મારા જોવામાં આવ્યું. એ શિવાલયમાં 'મુક્ત' નામના અનંત પુરૂષો મારા જોવામાં આવ્યા. તેઓ નિરંતર આનંદથી સુંદર અને કોઇ પણ પ્રકારની બાધાપીડાથી રહિત હતા એમ મારી સદ્બુદ્ધિવાળી નજરથી મારા જોવામાં આવ્યું. હું પણ પેલી દુકાનોમાં વેપાર કરતો હોઉં એમ મને જણાયું; પણ પેલા મઠ શિવાલયને જોયા પછી મને તે મઠને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છાવાળો નિર્વેદ (વૈરાગ્ય) થઇ આવ્યો. પછી આ મારા ગુરૂરાજને મેં કહ્યું કે 'હે નાથ! આપણે આ બજાર છોડીને ચાલો પેલા શિવાલયમાં રહેવા જઇએ, કારણ કે આ અત્યંત આકરા બજારમાં મને તો એક ક્ષણ વાર પણ શાંતિ વળતી નથી, મારી તો આપસાહેબની સાથે પેલા મઠમાં જવાની ઇચ્છા થાય છે.' મારી આવી ઇચ્છા સાંભળીને ગુરૂરાજે મને કહ્યું 'ભાઇ! તારે મઠમાં જવાની ઇચ્છા હોય તો તું મારી દીક્ષા ગ્રહણ કર, કારણ કે એ દીક્ષા મઠને જલ્દી પ્રાપ્ત કરાવી આપનાર છે.' જવાબમાં મેં મારા ગુરૂને કહ્યું 'મહારાજ! એમ હોય તો મને એ દીક્ષા જલ્દી આપો, એમાં જરા પણ વિલંબ કરો નહિ.' મારો આવો જવાબ સાંભળીને તેઓશ્રીએ મને આ પરમાત્માના મતની દીક્ષા આપી અને પેલા મઠને પ્રાપ્ત કરવાનાં કારણો રૂપ કર્તવ્યો મને બરાબર સમજાવ્યાં. ભાઇ! એ કર્તવ્યો બજાવતો અત્યારે હું અહીં રહ્યો છું.[૧]"

**મઠ શિવાલય.**

---

૧ **વિવેચન.** આ હાટમાર્ગ. બજારનું વર્ણન બરાબર સમજી શકાય તેવું છે. વ્યાપારીઓ તેનો અક્ષરેઅક્ષર સમજે તેવું છે. બજારમાં છોકરાઓ ગરબડ કરે તે નાના શહેરોની બજારો જોવાથી જણાઇ આવશે. સખ્ત પ્રવૃત્તિવાળા બજારના લોકો ઉપર ઉપરથી ધન પેદા કરતાં હોય પણ તેઓ પ્રવૃત્તિચક્રપર ચઢેલા હોવાથી સુખ મેળવી શકતા નથી તે મુંબઇની બજારમાં મોટા ધનસાથે કામ કરનારા તુરત સમજી શકે તેવું છે. શિવાલય મોક્ષ સ્થાન છે. ત્યાંના જીવોને એ ઉપાધિ હોતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકલંકે બજારનું અને મઠનું વર્ણન સાંભળી લીધું, પછી પૂછ્યું “ મહારાજ ! આપને આપના ગુરૂમહારાજે કર્તવ્ય કેવા પ્રકારનું બતાવ્યું કે જેના બળથી આપ મઠમાં જવાનું ધારો છો ? આપ કૃપા કરીને તે મને વિસ્તારથી કહો.”

**ગુરૂ કથિત કર્તવ્ય.**
**ચિત્તવાંદરાને ભય.**
**તદ્રક્ષણનો ઉપાય.**
**રક્ષણનું પરિણામ.**

**કાયા**–ઓરડો.
**પંચાક્ષ**–ગોખ.
**ક્ષયોપશમ**–બારી.
**કાર્મણશરીર**–ચોક.
**ચિત્તવાનર બચ્ચું**–
(મનનું રૂપક.) તેને ઉપદ્રવ કરનારા.

**કષાય**–ઉંદર.
**નોકષાય**–વીંછી.
**સંજ્ઞા**–બિલાડી.
**રાગદ્વેષ**–ઉંદર.
**મહામોહ**–બિલાડો.
**પરીષહ ઉપસર્ગ**–મચ્છર.
**દુષ્ટાભિલાષ વિતર્ક**–માંકડ.
**ખોટી ચિંતા**–ગરોળી.
**પ્રમાદ**–કાકિડો.
**અવરતિ**–જૂ.

**મિથ્યાદર્શન**–અંધકાર.
**રૌદ્રધ્યાન**–કુંડ.
**આર્તધ્યાન**–ગુફા.

**વિષય**–વિષવૃક્ષ.
**અર્થનિચય**–કચરો.
**કર્મપરમાણુનિચય**–
ફળફૂલની રેણુ.
**ભોગસ્નેહ**–મધનો વરસાદ.

**સ્વવીર્ય**–હાથ.
**અપ્રમાદ**–વજદંડ.

મુનિરાજે અકલંકને મારા સાંભળતાં ઉપરના સવાલનો જવાબ આપ્યો તે આ પ્રમાણે હતો: “ભાઇ અકલંક ! સાંભળ. મારા ગુરૂમહારાજે મને તે વખતે કહ્યું કે ‘ભાઇ ! તારી “ મિલ્કતમાં તારે રહેવાને એક સારો ઓરડો છે તેનું નામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કાયા છે અને તેમાં પંચાક્ષ નામના ગોખો છે. એ ઓર-
"ડાના ગોખને ક્ષયોપશમ નામની બારી છે તેની બરાબર
"સામે કાર્મણ શરીર નામનો ચોક અથવા અંદરનો ઓરડો છે.
"એ ચોકમાં ચિત્ત નામનું અતિ ચપળ વાંદરાનું બચ્ચું[1] છે.'"

"મેં મારા ગુરૂમહારાજને કહ્યું 'હા મહારાજ! એ સર્વ બરાબર છે.'

"એટલે ગુરૂમહારાજે આગળ ચલાવ્યું 'એ સર્વને સાથે રાખીને તારે દીક્ષા લેવી, કારણ કે તેને યોગ્ય અવસર પ્રાપ્ત થયા પહેલાં છોડી શકાય તેમ નથી.'

"મેં ગુરૂમહારાજને જવાબમાં કહ્યું 'જેવી પ્રભુની આજ્ઞા!'

"ત્યાર પછી ગુરૂમહારાજે મને દીક્ષા આપી. ગુરૂમહારાજે પછી મને કહ્યું 'ભાઇ! તારે આ વાંદરાના બચ્ચાના રૂપનું સારી રીતે રક્ષણ કરવું, એ બરાબર જાળવવા યોગ્ય છે અને તેનું સારી રીતે જતન કરવાની જરૂર છે.'

ચિત્તવાનરરૂપ તેને ભયો.

"મેં ગુરૂમહારાજને કહ્યું 'જેવો મહારાજનો હુકમ! આપ કૃપા કરીને મને જણાવશો કે એ વાંદરાના બચ્ચાંને કોનાથી ભય છે એટલે સંભાળ રાખી એ ભયોથી તેને બચાવી લઉં.' એટલે ગુરૂમહારાજે મને વિસ્તારથી તેનો જવાબ આપ્યો-'એ વાંદરાનું બચ્ચું ઘરના
"ઓરડામાં (ઘરના મધ્યભાગમાં) રહે છે ત્યાં તેને અનેક ઉપદ્રવ
"કરનારા છેઃ કારણ કે એ બાપડાને કષાય નામના ચપળ ઉંદરો
"કાપી ખાય છે, ડંખ મારવામાં ઘણા હુશિયાર નોકષાય નામના
"ભયંકર વીંછીઓ પોતાના ડંખથી એને ઊંચું નીચું કરી મૂકે છે,
"સંજ્ઞા[2] નામની ઘાતકી બિલાડીઓ એને ખાઇ જાય છે, રાગદ્વેષ

---

૧ **ચિત્ત વાનરઃ** શરીરમાં પાંચ ઇંદ્રિયો, આત્મા શરીરમાં હોય ત્યાંસુધી એ પાંચ ઇંદ્રિય અને મનદ્વારા બાહ્ય વિષયો વ્યક્ત કરે છે, છદ્મસ્થને perception ઇંદ્રિય અથવા મનદ્વારા જ થાય છે. ક્ષયોપશમ એ જ્ઞાનની તરતમતા છે. કાર્મણ શરીર કર્મનો સમૂહ આત્મા સાથે સંબંધ કરી રહે તે છે. એના ચોકમાં-મધ્યમાં અથવા અંદરના નાના ઓરડામાં ચિત્ત રહે છે.

૨ **સંજ્ઞાઃ** આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. ચાર પ્રકારની સંજ્ઞા સ્થાનાંગમાં કહી છે. પ્રથમની વેદનીય કર્મના ઉદયથી અને બાકીની મોહનીય કર્મના ઉદયથી થાય છે. અથવા એ ચાર સાથે ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ મેળવતાં ભગવતીસૂત્ર પ્રમાણે દશ સંજ્ઞા થાય છે. સર્વ જીવોને સર્વ સંજ્ઞા હોય છે. (લોકપ્રકાશ. તૃતીય સર્ગ-શ્લોક ૪૪૨-૪૬૩).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"નામના ભયંકર ઉંદર એનો લોપ કરી નાખે છે, **મહામોહ** નામનો "અતિ ભયંકર બિલાડો એને આખું ને આખું ગળી જાય છે, [1]**પરીષહ** "**ઉપસર્ગ** નામના ડાંસો અને મચ્છરો એને વારંવાર ડંખ મારીને "ગરમ ગરમ કરી મૂકે છે, **દુષ્ટાભિસંધિ**[2] અને **વિતર્ક**[3] નામના વજ્ર "જેવી આકરી સુંઢોવાળા માંકડો એનું લોહી ચૂસીને એને આકુળ- "વ્યાકુળ કર્યા કરે છે, **ખોટી ચિંતા**[4] નામની ગરોળીઓ એને વારંવાર "ત્રાસ આપ્યા કરે છે, ભયંકર આકૃતિ ધારણ કરનારા **પ્રમાદ**[5] નામના "કાકિડાઓ તેનો વારંવાર તિરસ્કાર કર્યા કરે છે. **અવિરતિ**[6] જામ્બાલ "(કચરા) નામની જૂંના જાળાઓ વડે વારંવાર ડંખ મરાય છે અને "**મિથ્યાદર્શન**[7] નામનું અતિ ભયંકર અંધારૂં તેને તદ્દન આંધળું કરી

---

૧ **પરીષહ ઉપસર્ગ:** પરીષહ–કર્મનિર્જરા અર્થે સહન કરવામાં આવે તે. તેના પ્રસિદ્ધ બાવીસ પ્રકાર છે. જુઓ નવતત્ત્વપ્રકરણ, સંવરદ્વાર. વિસ્તાર માટે પ્રવચન સારોદ્ધાર દ્વાર ૮૬ મું. દેવ, મનુષ્ય, તિર્યંચ વિગેરેથી ઉત્પન્ન કરાતાં દુઃખોને ઉપસર્ગ કહેવામાં આવે છે. વીરપરમાત્માને ચંડકોશીઆએ, સંગમદેવે, ગોશાળે કર્યા હતા તે સર્વ ઉપસર્ગો કહેવાય છે.

૨ **દુષ્ટાભિસંધિ:** દુષ્ટ પરિણામનું ચિંતવન. કોઇનો વિનાશ કરવા માટે અને કોઇને નુકસાન કરવાના વિચારો. એથી દ્વેષ થાય છે. દુષ્ટાભિસંધિનો પરિવાર ત્રીજા પ્રસ્તાવમાં વિસ્તારથી બતાવાઇ ગયો છે, જુઓ પ્ર. ૩. પ્ર. ૨૧.

૩ **વિતર્ક:** અસ્તવ્યસ્ત વિચારો આવે તેને વિતર્ક કહે છે.

૪ **ખોટી ચિંતા:** ભવિષ્યમાં શું થશે તેની ખાલી કલ્પનાઓ. ગરોળીઓ વારંવાર અવાજ કરીને તેમજ જીવોને પકડીને ત્રાસ આપે છે તે જાણીતી વાત છે. ખોટી ચિંતા મનની એવી જ સ્થિતિ કરી મૂકે છે.

૫ **પ્રમાદ:** મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા. ચિત્તને ઠેકાણે પડવા જ દેતા નથી. કાકિડો નકામી ડોક હલાવી જેમ ઘરમાં તિરસ્કાર કરે છે તેમ પ્રમાદો પણ પ્રાણીના ચિત્તને અપમાન આપ્યા જ કરે છે. અથવા પ્રવચનસારોદ્ધારના ૨૦૭ મા દ્વાર પ્રમાણે પ્રમાદો આઠ પ્રકારના છે: ૧. અજ્ઞાન: મૂઢપણું; ૨. સંદેહ: આ વાત આમ હશે કે કેમ એવી શંકા; ૩. મિથ્યાજ્ઞાન: ઉલટા પ્રકારના જ્ઞાનનો આદર; ૪. રાગ: પ્રેમ, વિચાર વગરનો આદર; ૫. દ્વેષ: અપ્રીતિ, વ્યવસ્થા વગરની; ૬. સ્મૃતિભ્રંશ: વાતો ભૂલી જવી, વિસ્મરણ થવું; ૭. ધર્મ અનાદર: ધર્મનો આદર ન કરવો; આળસ કરવું; ૮. યોગ: મન વચન કાયાને દુષ્ટપણે ધારણ કરવા.

૬ **અવિરતિ:** વાંદરાના શરીરમાં જૂં બહુ પડી જાય છે અને તેને આખો વખત હેરાન કર્યા કરે છે. કોઈ પ્રકારના વ્રત નિયમ ન લેવા એ અવિરતિ દશા કહેવાય છે. વાનર શરીરને એ દશા બહુ ત્રાસ આપનારી છે એ અત્ર વક્તવ્ય છે. એ દશામાં શરીરમાં જેમ મેલ વધારે થાય છે તેમ આત્માપર ઘણો કચરો ચઢ્યા કરે છે.

૭ **મિથ્યાદર્શન:** અજ્ઞાન. અનાદિ કાળથી ચાલ્યું આવતું અજ્ઞાન–અંધકારમાં અને મિથ્યાદર્શનમાં જરા પણ ફેર નથી. આત્મામાં તદ્દન અંધકાર રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"મૂકે છે. આવી રીતે ભદ્ર! એ ઓરડામાં રહેતાં રહેતાં એ વાંદરાના "બચ્ચાને ઘણા ઘણા ઉપદ્રવો વારંવાર થયા જ કરે છે. હવે એ **ચિત્ત** "નામના વાંદરાના બચ્ચાને વારંવાર એવા એવા અનેક ઉપદ્રવો થયા "કરે છે તેની વેદનાનો આકરો ભાર તે બાપડું ઉપાડી શકતું નથી "તેથી કોઇ વખત તે **રૌદ્રધ્યાન**[1] નામના ખેરના અંગારાથી ભરેલ "ધગધગતા જાજ્વલ્યમાન કુંડમાં પડે છે, કોઇવાર અનેક પ્રકારના "કુવિકલ્પો રૂપ કરોળીઆના જાળાથી જેનું મોઢું છુપાઇ રહેલું છે "એવી અત્યંત ભયંકર **આર્ત્તધ્યાન**[2] નામની ઊંડી ગુફામાં પેસે છે, "ત્યારે એ વાંદરાના બચ્ચાને બહુ સંભાળ રાખી સાવચેતીથી એ "બળતા કુંડમાં કે ઊંડી ગુફામાં જતું બચાવી લેવું."[3]

"મેં પૂછ્યું 'મહારાજ! એને કુંડમાં કે ગુફામાં પડતાં બચાવ- "વાના ઉપાયો શા શા છે?' એટલે ગુરૂરાજે વાત આગળ ચલાવીઃ-

વાનર રક્ષણના ઉપાયો.

"ભાઇ! પેલા કાયા નામના ઓરડામાં પાંચ ગોખો છે તેમનાં "બારણાં પાસે પાંચ **વિષય** નામના ઝેરી ઝાડો છે. "એ ઝેરી ઝાડો સ્વરૂપે ઘણા ભયંકર છે કારણ કે "એ તેને વિહ્વળ કરી દે છે, ગંધથી પણ એ વાંદ- "રાના બચ્ચાને ઘેન લાવી મૂકે છે,[4] એને જોવામાં

---

૧ **રૌદ્રધ્યાનઃ** ક્રૂર આશયથી ઉત્પન્ન થાય છે. હિંસાનંદી, મૃષાનંદી, ચૌર્યાનંદી અને સંરક્ષણાનંદી એ ચાર એના પેટા વિભાગો છે. એ મનને ઉકળાવે છે અને તેને ઉત્પન્ન થવાનાં કારણો અને તેનાં સાધ્યો બહુ ખરાબ હોય છે. ( વિશેષ વિગત માટે જુઓ જૈન દૃષ્ટિએ યોગ પૃ. ૧૩૫-૩૮ ).

૨ **આર્ત્તધ્યાનઃ** અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. અનિષ્ટસંયોગ, ઇષ્ટવિયોગ, રોગચિંતા અને ભવિષ્યની ચિંતા આ ચાર એના પ્રકાર છે. એ ધ્યાનમાં પડેલો પ્રાણી સંસારખાડામાં પડતો જ જાય છે અને તેને યોગ્ય રીતે ગુફા કહેવામાં આવેલ છે. એના વિશેષ વિગતવાર સ્વરૂપ માટે જુઓ જૈ. દ. યો. પૃ. ૧૩૧-૩૫.

૩ આ સર્વ હકીકત ગુરૂમહારાજે છઠ્ઠા મુનિને કહેલી છે અને તે સર્વ વાત છઠ્ઠા મુનિ **અકલંક** પાસે ફરીવાર કહી બતાવે છે. ગેરસમજુતી ન થાય તે સારૂ જણાવવાની જરૂર છે. હજુ છઠ્ઠા મુનિનો પોતાનો અભિપ્રાય કાંઇ આવ્યો નથી. ગુરૂ અને પોતાની વચ્ચે થયેલી વાત તે કહી બતાવે છે. **ધનવાહનને** સાંભળેલી તે સર્વ વાતને **સંસારી**જીવ તરીકે **સદાગમ** સમક્ષ **અગૃહીતસંકેતાને** ઉદ્દેશીને કહી બતાવે છે.

૪ **વિષવૃક્ષોઃ** ઝેરી ઝાડો. પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયો. એના વર્ણનમાં પ્રથમ ઘ્રાણઇંદ્રિય લે છે, પછી ચક્ષુરિંદ્રિય, શ્રોત્રેંદ્રિય, સ્પર્શનેંદ્રિય અને રસેંદ્રિય લેવામાં આવી છે. આ પાંચે ઇંદ્રિયો મનપર કેવી અસર કરે છે તેનું અત્ર આબેહૂબ વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આવે તો દર્શનમાત્રથી વાંદરાને એ ચપળ બનાવી દે છે, એના નામ-
"શ્રવણમાત્રથી એ વાંદરાના બચ્ચાને મારે છે તો પછી એને અડ-
"વામાં આવે તો અથવા એનો સ્વાદ લેવામાં આવે તો એ બચ્ચાનો
"વિનાશ કરી મૂકે એમાં શું આશ્ચર્ય જેવું છે? વાંદરાના બચ્ચાને
"જૂદી જૂદી રીતે ઉપર કહેવામાં આવેલા ત્રાસ આપીને એ એવું
"તો વ્યાકુળ બનાવી મૂકે છે કે એ ત્રાસની અસર નીચે એ બચ્ચું
"પેલા વિષવૃક્ષને આંબાનાં ઝાડો ગણવાની ભૂલ કરે છે; અને એ
"વિષવૃક્ષોપર અત્યંત રાજી થઇ તેમાં આસક્ત થાય છે. અગાઉ જણા-
"વેલા પાંચ ગોખોદ્વારા તે બહાર નીકળી આવી અત્યંત અભિલાષા-
"પૂર્વક એ વૃક્ષો તરફ દોડે છે, એનાં કેટલાંક ફળો સારાં છે એમ
"ધારી લઇને એના ઉપર તે રીઝા થઇ જાય છે, વળી એનાં કેટલાંક
"ફળો સારાં નથી એમ ધારીને તે (ફળો)ની ઉપર દ્વેષ કરે છે,[1] એના
"ઉપર અત્યંત આસક્ત થઇને એ વૃક્ષોની ડાળીઓમાં વારંવાર ભમે
"છે, એ ઝાડોની નીચે અર્થનિચય[2] નામનો પાંદડાં, ફળ, ફૂલ, રજ
"અને બીજો કચરો એકઠો થયેલો હોય છે તેના ઉપર તે આળોટે
"છે, એમાં ફરતાં ફરતાં કર્મપરમાણુનિચય[3] નામની એ વૃક્ષોનાં
"ફળો અને ફુલોની પરાગને આખા શરીરે ચોંટાડે છે અને ભોગસ્નેહ
"નામના જળબિંદુ ઝરમર ઝરમર વરસાદથી એ ભીનું થાય છે.

આંતર ભાવાર્થ.

મારા ગુરૂમહારાજે જે વાત કરી તેનો અંદરનો ભાવાર્થ મારા સમજવામાં આવી ગયો તેથી મેં વિચાર કર્યો:–આ મહારાજશ્રી કહે છે તે વિષવૃક્ષો (ઝેરી ઝાડો) તો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ સામાન્ય પ્રકારે જણાય છે, એનાં ફૂલો એ તો કાંઇક વધારે સ્ફુટ પણ દેખી ન શકાય તેવા તેનાં વિશેષ પ્રકારો[4] જણાય છે, જ્યારે એનાં ફળો એ એનાં વધારે સ્ફુટ સમજી શકાય તેવા વિશેષ આવિર્ભાવો જણાય છે, એની ડાળીઓ તે વિષયોના આધારની વસ્તુઓનાં

---

૧ આ રાગદ્વેષનું સ્વરૂપ છે. ઇંદ્રિયના કેટલાક વિષયો ગમે છે તે પર **રાગ** થાય છે, કેટલાક ખરાબ લાગે છે તે પર **દ્વેષ** થાય છે, તજે છે તે પણ ત્યાગબુદ્ધિથી નહિ પણ દ્વેષથી. જરા વિચાર કરવાથી આ વિષવૃક્ષનું આખું સ્વરૂપ સમજાઇ જાય તેવું છે.

૨ **અર્થનિચયઃ** વિષયોના સ્વરૂપો. બાહ્ય દેખાવો. નીચે ભાવાર્થ જુઓ.

૩ **કર્મપરમાણુનિચયઃ** કર્મ રજથી આખા શરીરને વ્યાપ્ત કરી નાખવું તે.

૪ **વિશેષ પ્રકારોઃ** આવિર્ભાવો. Manifestations.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનો જણાય છે, એ ડાળીઓમાં ચિત્તરૂપ વાંદરાના બચ્ચાનું હરવું ફરવું લોકોના ઉપચાર માત્રથી થાય છે, કારણ કે લોકો સાધારણ રીતે એમ બોલે છે કે મારૂં મન અમુક જગ્યોએ અત્યારે ગયું છે. આ પ્રમાણે હોવાથી મુનિરાજે જે વાત કહી તે મારા સમજવામાં બરાબર આવી ગઇ છે અને તે હવે પછી પણ સર્વ બરાબર સમજાઇ જશે-આવો વિચાર કરી મેં મારા ગુરૂમહારાજને પોતાની વાર્તા આગળ ચલાવવા વિજ્ઞપ્તિ કરી.}

" " ભદ્ર ! ઉપર જણાવ્યું તેમ ભોગસ્નેહ નામના જળથી એ વાંદ-" રાના બચ્ચાનું શરીર ભીનું થયેલું હોય છે ત્યારે તેના ઉપર કર્મ-" પરમાણુનિચય નામની રજ ઘણી ચોંટે છે[1] અને એ રજથી એ " વાંદરાના બચ્ચાનું આખું શરીર ધૂડધૂડ થઇ જાય છે; હવે એક તો " વાનરમાં સ્થિરતા હોતી નથી અને વળી પેલી ઝેરી રજ આખા " શરીરને ભેદ કરનારી હોવાથી એ વાંદરાના બચ્ચાના શરીરમાં " જખમો પડે છે, શરીર ક્ષીણતાથી ખરખર બોરડી જેવું (ઘરડું " અને શિથીળ) થઇ જાય છે, એનો મધ્ય ભાગ ચારે તરફથી વેરાઇ " જાય છે અને પેલી ઝેરી રજ આખા શરીરને અને ખાસ કરીને " મધ્યભાગને અસર કરે છે અને આખું શરીર બળવા માંડે છે; પરિ-" ણામે આખું શરીર કાળું પડી જાય છે અને તેમાં કાંઇક કાંઇક રતાશનો " ભાગ પણ જોવામાં આવે છે. ત્યાર પછી પાછું તે ઓરડામાં એ વસે " છે તે વખતે ઉપર લખેલા સર્વ ઉપદ્રવો તેને પાછા વારંવાર થયા " જ કરે છે, વધારે આકરા રૂપમાં તેના ઉપર તે ઉપદ્રવોના હુમલા " આવ્યા કરે છે અને એક અથવા બીજા હુમલાઓ અવાર નવાર " તેના ઉપર અસર કર્યા કરે છે.

સીધો ઉપાય.

" " ભદ્ર ! એ ચિત્ત નામના વાંદરબચ્ચાંને ઉપર કહ્યાં તેવા " ઉપદ્રવો અને પીડાઓ થયા જ કરે છે અને તેનું " આખું શરીર બળતું બળતું કાળું પડી જાય છે " તેમાંથી તેનું રક્ષણ કરવાનો આ સીધો ઉપાય " છે-[2]સ્વવીર્ય નામના પોતાના (આત્માના) હાથમાં

---

૧ ભીના શરીરમાં હમેશા રજ વધારે ચોંટે, તેમાં વળી સ્નેહમાં ચીકાશ છે એટલે વધારે ચોંટે. એ ભીનાશ જતાં રજ ખરવા માંડે છે તે આગળ જણાશે.

૨ સ્વવીર્યઃ પોતાની શક્તિ. આત્મા અનંત શક્તિનો ધણી છે, અંદર રહેલી. શક્તિને બહાર વ્યક્ત કરવાની છે. હાથ દ્વારા શક્તિ બતાવાય છે.

JAINSITE.com જૈન સાઇટ જનમ જયતિ શાસનમ્

" [1]અપ્રમાદ નામનો દૃઢ વજ્રદંડ (સખ્ત ન ભાંગે તેવો દાંડો) લઈને
" પેલા પાંચે ગોખલાઓ પાસે ઊભા રહેવું અને જ્યારે જ્યારે પેલું વાંદરાનું
" બચ્ચું ઝેરી ઝાડોનાં ફળો ખાવાની ઇચ્છાથી બહાર આવે ત્યારે ત્યારે
" તેની સમક્ષ પેલો દાંડો ઉગામીને તાળી પાડીને તેને બહાર આવતું
" અટકાવવું. એમ છતાં પણ એ બચ્ચું ઘણું ચપળ હોવાને લીધે
" કદાચ બહાર આવી જાય તો તેને જોરથી ધમકાવવું; ત્યાર પછી
" એને બહાર આવવાનો નિષેધ કરેલો હોવાને લીધે અને તેને આંબાનાં
" ફળો (કેરીઓ) ખાવાની અભિલાષા નિવૃત્ત થતી હોવાને લીધે તેના
" આખા શરીરે ભોગસ્નેહના વરસાદથી જે શરદી[2] થઇ આવેલી હશે
" તે સોષાઇ જશે, શરીરમાં ગરમી આવતી જશે, પછી એનું શરીર
" સૂકું પડેલું હોવાને લીધે તેના ઉપર જે રજ-ધૂડ લાગેલી હશે તે પણ
" પ્રત્યેક ક્ષણે ખરવા માંડશે, એના શરીરપર પડેલા જખમો રોકાવા
" માંડશે, એનાં શરીરની ક્ષીણતા દૂર થતી જશે, એ કાળું પડતું અટકશે,
" એના શરીરની ખોટી લાલાશ નાશ પામશે, એના શરીરપર ધોળો
" રંગ આવવા માંડશે, શરીરની સ્થિરતા પ્રાપ્ત થશે અને એનું આખું
" રૂપ જોવા લાયક થશે. આ પ્રમાણે થયા પછી તે બચ્ચું પેલા ઘરના
" ઓરડામાં રહેશે તો પણ તેને ઉપર જણાવેલા ઉપદ્રવો થશે નહિ
" અથવા પેલા ઉપદ્રવો પોતાનો પ્રભાવ તેના ઉપર જરા પણ બતાવી
" શકશે નહિ. વળી પેલા બિલાડા ઉંદર કોળ વિગેરે જે વાંદરાના બચ્ચાંને
" વારંવાર ઉપદ્રવ કર્યા કરતા હોય છે તેમનો સર્વનો તારે એ અપ્રમાદ
" નામના વજ્રદંડ વડે ચૂરેચૂરો કરી નાખવો. જ્યારે એ સર્વના ચૂરેચૂરા
" થઇ જશે ત્યારે પછી પેલા ચોકને રસ્તે એ વાનરબચ્ચું બહાર
" નીકળશે તો પણ એને કોઇના તરફનો જરા પણ ભય રહેશે નહિ.
" એ વાંદરાના બચ્ચાંને ઉપદ્રવોમાંથી બચાવવાનો આ ઉપાય છે."

### પ્રથમ ચક્ર.

" વળી મેં મારા ગુરૂ મહારાજને પૂછયું 'એ વાંદરાના બચ્ચાંનું આટલું બધું રક્ષણ કરવાથી મારૂં શું કામ થશે? મને શો લાભ મળશે? તે આપ જણાવો.' એટલે વળી ગુરૂમહારાજે આગળ ચલાવ્યું-

સંરક્ષણનું પરિણામ.

---

૧ **અપ્રમાદઃ** આળસનો ત્યાગ, આત્મગુણમાં ચાલુ ઉદ્યોગ. 'સમયમેં ગોયમ! મ કરે પ્રમાદ.' પ્રમાદ એટલે સંસાર આસક્તિ.

૨ **શરદીઃ** જ્યાં ત્યાં રખડવાથી અને જે તે ખાવાથી થાય છે, તેનો નિષેધ થતાં શરદી મટે છે, ડૉક્ટરો શરદી થાય ત્યારે આરામ લેવાનું અને ખાવાનું બંધ કરવાનું કહે છે તે ધ્યાનમાં લેવાનું છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

" " ભદ્ર ! તને પેલો શિવાલય નામનો મઠ બહુ પસંદ આવ્યો " હતો અને ત્યાં જવાની તને ઇચ્છા થઇ હતી, એ શિવાલય મઠે " પહોંચવાનો મુખ્ય ઉપાય આ વાંદરાના બચ્ચાંનું સારી રીતે રક્ષણ " કરવું એ છે. એ વાંદરાના બચ્ચાંનું સારી રીતે રક્ષણ કર્યું હોય તો " તે કોઇ પણ પ્રકારની અડચણ અગવડ વગર એકદમ શિવાલય " મઠમાં પહોંચવાનું પ્રબળ કારણભૂત બને છે; તેટલા માટે ભાઇ ! " તારી મરજી જો એ મઠમાં જવાની જરૂર થઇ હોય તો તારે આ " વાંદરાના બચ્ચાંનું સારી રીતે રક્ષણ કરવાનો મજબૂત પ્રયત્ન કરવો " જોઇએ; કારણ કે એ વાંદરાનું બચ્ચું ઘણા કાળથી ચક્રમાં પડી ગયું " છે અને એ ચક્રમાંથી[1] તેને બહાર લાવવું એ ઘણું મુશ્કેલ કામ છે. " એ ચક્કરમાં (વમળમાં) તે કેવી રીતે પડી ગયું છે તે તું સમજ: " ઉપર અનેક પ્રકારના ઉપદ્રવો બતાવવામાં આવ્યા છે તે ઉંદર " બિલાડા વિગેરેથી પીડા પામતો આ પ્રાણી મોહની અસરતળે આમ્ર " ફળો ખાવા દોડ્યો જાય છે એટલે એના શરીરપર ધૂડ સારી રીતે " મોટા પ્રમાણમાં ચોંટે છે અને વળી એ પાણીથી ભીંજાઇ જાય છે, " એટલે એના શરીરપર ઘારાં પડે છે, એટલે વળી પેલા ઉંદર બિ- " લાડા એના પર વધારે ત્રાસ કરે છે, ત્યાર પછી એ વસ્તુઓ ખાવા " માટે ઉંદર બિલાડા વિગેરે સંખ્યા અને જોરમાં વધતા જાય છે અને " તેઓ જેમ જેમ એને વધારે પીડા કરે છે તેમ તેમ શાંતિ મેળવવાના " હેતુથી બચ્ચું આંબા તરફ દોડે છે, પરિણામે વળી એના પર વધારે " રજ ચોંટે છે, એનામાં ભીંજાશ વધતી જાય છે અને પરિણામે " શરીરપર વધારે ઘારાં પડતાં જાય છે અને તેવી રીતે એ ચક્કરમાં " પડ્યા પછી એને ઉપદ્રવો વારંવાર વધતા જ જાય છે. આવા ખરાબ " વમળમાં-ચક્રમાં પડી ગયા પછી જ્યાંસુધી તું પોતે જ એનું રક્ષણ " નહીં કર ત્યાંસુધી એ બાધાપીડા વગરનું કોઇ રીતે થઇ શકે " એમ નથી. તેટલા માટે ભાઇ ! એને રક્ષણ કરવાનો જે ઉપાય મેં " ઉપર જણાવ્યો છે તે તારે નિરંતર અમલમાં મૂકવો, નિરંતર તે " પ્રમાણે ઉપાય કર્યા કરવો જેથી એ બચ્ચું બાધાપીડા વગરનું થાય.

## વિવેચન—સમજણ.

(છઠ્ઠા મુનિમહારાજ અકલંકને કહે છે કે) " મારા ગુરૂમહારાજે જે હકીકત કહી તેનો અંદરનો ભાવાર્થ હું સમજી ગયો અને તે પર વિ-

1 ચક્ર: whirlpool, circle. પાણીમાં 'વમળ' થાય છે, ચારે તરફ ગોળ ફરે છે, વહાણ તેમાં આવી જાય તો આગળ વધી શકતું નથી, ગોળ ફર્યા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર કરતાં કરતાં મેં ચિંતવના કરી કે ગુરૂમહારાજે વાર્તાદ્વારા મને જે હકીકત સમજાવી તે આ પ્રમાણે જણાય છેઃ—

"રાગ વિગેરેથી ઉપદ્રવ પામેલું ચિત્ત ઇંદ્રિયના વિષયોમાં પ્રવર્તે "છે, અને જ્યારે જ્યારે એ વિષયોમાં પ્રવર્તે છે ત્યારે ત્યારે એનો "કર્મસંચય વધતો જાય છે અને ભોગસ્નેહની તેની વાસનાઓ તેની "સાથે એકરૂપ થતી જાય છે. એ ભોગસ્નેહની વાસનાને લઇને સંસાર "સંબંધી સંસ્કારો તેને થાય છે. તે સંસ્કારો ધારાંઓની સાથે "સરખાવવા યોગ્ય છે. એ સંસ્કારોને લઇને રાગ વિગેરે ઉપદ્રવો "પોતાનું જોર વધારે પ્રમાણમાં બતાવે છે. ઊંદર બિલાડી જેવા એ "ઉપદ્રવો દરેક ક્ષણે વધતા જ જાય છે અને તેઓની અસર અને "પ્રેરણા નીચે ચિત્ત વિષયો તરફ વારંવાર દોડ્યું જાય છે. તેને લઇને[1] "એ ફરીવાર કર્મ બાંધે છે, એથી ચીકાશ વધારે વધારે થાય છે "અને ચીકાશને પરિણામે વધારે વધારે ઉપદ્રવો થાય છે. આવા "પ્રકારનું એ ચક્ર જેનું મૂળ કે છેડો દેખાઇ શકાતો નથી તેમાં એ "(ચિત્ત) પડી જાય છે અને તેમાં એને કરોડો દુઃખો થાય છે તે-"માંથી તે છૂટી શકતું નથી. એને બચાવવાના ઉપાય તરીકે ગુરૂમહા-"રાજે સ્વવીર્ય હાથમાં અપ્રમાદ નામનો સખ્ત દાંડો લેવા જણાવ્યું, "તો પછી ગુરૂમહારાજે જે અપ્રમાદ કરવા કહ્યું છે તેને હું હવે બરા-"બર અનુસરીશ, ગુરૂમહારાજના ઉપદેશને બરાબર અમલમાં મૂકીશ.

"કારણ કે આ શરીર, સંપત્તિ, ભોગો અને આ સગાસંબં-"ધીઓ બહારથી દેખાય છે તે સર્વ સ્વપ્ન છે, ઇંદ્રજાળ છે, ગંધર્વ "નગર છે. આ પ્રમાણે સદ્બુદ્ધિપૂર્વક વિચાર અને નિર્ણય કરીને તે "બાબતની ભાવના વારંવાર કર્યા કરીશ. એમ કરવાથી મારા ચિત્તનું "બંધન આ સંસારના જાળામાંથી પાછું હઠી જશે. હવે મારા એ "ચિત્તને સંસારની સાથે અનાદિ કાળથી સંબંધ હોવાને લીધે વળી "પાછું એ સંસાર તરફ ગયા તો કરશે પરંતુ તે હકીકત આત્માને "ઘણી નુકસાન કરનારી છે તેથી પ્રયત્ન કરીને ચિત્તને હું તેમ જતાં "રોકી રાખીશ અને વળી તેને શિક્ષા આપીશ કે 'ચિત્ત! તારે

**ચિત્તને શિક્ષા.**

"આવી રીતે બહાર નીકળવામાં શો લાભ છે? તું "તારા પોતાના ખરા રૂપમાં (સ્વરૂપમાં—આત્મસ્વ-"રૂપમાં) સ્થિર રહે, જેથી તું આનંદમાં લીન થઇને "રહી શકે. આ આખો સંસાર છે તે બહાર નીકળવા જેવો છે (તે "તારા બહારના ચારા જેવો છે) અને તે સંસાર આખો અનેક

---

૧ અહીં રો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૧૦૨૬ શરૂ થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" દુઃખોથી ભરેલો છે અને મોક્ષ પોતાના સ્વરૂપમાં રહેવા જેવું છે અને " તે જ માત્ર અનેક સુખોથી ભરપૂર છે. માટે સુખ પ્રાપ્ત કરવાની " ઇચ્છાથી તારે બહાર નીકળવાની જરૂર નથી; બહાર તો સંસાર છે " અને ત્યાં દુઃખ જ છે; તારે તો આત્મામાં રહેવું–સ્થાન કરવું અને " બાહ્ય ભ્રમ બિલકુલ છોડી દેવા એ જ યોગ્ય છે. સુખ તો ખરેખરૂં " આત્મઅવસ્થાનમાં જ તને મળે તેમ છે. જો, આત્મામાં અવસ્થાન " કરીશ તો તને આ જન્મમાં પણ ઘણું સુખ મળશે અને જો બહાર " નીકળીશ તો આ ભવમાં પણ તને ઘણું દુઃખ પડશે એ વાત તું " બરાબર લક્ષ્યમાં રાખજે. કારણ કે—

" सर्वं दुःखं परायत्तं सर्वमात्मवशं सुखम् ।
" बहिश्च ते पराधीनं स्वाधीनं सुखमात्मनि ॥

" જેટલે અંશે પરવશપણું હોય છે, જેને માટે પારકા ઉપર " આધાર રાખવો પડતો હોય છે તે સર્વ દુઃખ જ સમજવું અને જેટલું " પોતાના તાબામાં હોય, પોતાને કબજે હોય તે સર્વ સુખ સમજવું. " હવે બહાર જવું તે તારે પરાધીન છે અને પોતાનામાં રહેવું તે સ્વા- " ધીન છે. તેટલા માટે બહાર નીકળવામાં ( પરપ્રવેશમાં ) દુઃખ છે " અને આત્મ અવસ્થાનમાં આનંદ છે. વળી હે ચિત્ત! આત્માની " બહાર રહેલી કોઇ પણ વસ્તુ તને વહાલી લાગતી હોય તો તે સંબં- " ધમાં તને કહેવું જોઇએ કે તે સર્વ વસ્તુઓ નાશ પામે તેવી છે, " દુઃખ આપનારી છે, આત્મસ્વભાવથી જૂદી છે અને મેલ કચરાથી " ભરેલી છે. હે ચિત્ત ! એવી વસ્તુઓ સારૂં તું શામાટે નકામો કલેશ " કરે છે? અને શા માટે આત્માને મૂકીને આવી રીતે વારંવાર " રખડ્યા કરે છે? તું વિચાર કર કે આત્માની બહાર જો કોઇ સુંદર " વસ્તુ હોત તો દુઃખમાંથી તેનું નિવારણ કરવાનો રસ્તો પણ હોત; " અને હે ચિત્ત ! એવો તો કોઇ રસ્તો હોય એમ જણાતું નથી. ભોગ " રૂપ ભયંકર અંગારાઓ જ્યારે તને બાળતા હોય છે ત્યારે આનંદ- " સ્વરૂપ આત્મામાં તેનું નિવારણ ( અટકાવ ) થાય છે પણ તેમ થાય છે " ત્યારે તું ફોગટ કલેશ કરે છે; પરંતુ તેમ ન કરતાં હે ચિત્ત ! અનંત " દર્શન જ્ઞાન વીર્ય અને આનંદથી ભરેલા આત્મામાં અવસ્થાન કરીને " તું શીઘ્ર નિરાકુળ થા. આ સ્થાન (આત્મામાં અવસ્થાન) પર કાયમ " રહેવાથી ભોગ રૂપ ચીકાશ ઓછી થતી જાય છે અને તેથી ચોંટેલી " રજ અવશ્ય ખરતી જાય છે એમાં જરા પણ શંકા જેવું નથી. " ત્યાર પછી તું વિચાર કર કે તારા શરીર પર જે ભયંકર ઘારાંઓ " પડે છે તે માત્ર અત્યંત ખરાબ વાસનાથી ઉત્પન્ન થાય છે, પરંતુ

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"જ્યારે તું એ વાસનાઓની પીડાથી મુક્ત થઇશ ત્યારે પછી ભોગો "ઉપર તને પ્રેમ જ નહિ આવે. ઘારાંઓમાં એ ભોગો [1]પિંડ જેવા "થઇને રહેલા છે એમ ડાહ્યા માણસો કહે છે. આથી જરા થોડો "વખત તે આનંદ આપે છે, પરંતુ તે ભોગપિંડને ભોગવવામાં "આવે છે ત્યારે પાછી પીડા વધારી મૂકે છે. એવી રીતે એ ભોગોને "ભોગવ્યા ત્યારે થોડો વખત જરા નિરાત વળે છે પણ ખરાબ વાસ- "નાના ધ્યાનને લઇને અંતે ઘાની પીડાને એ વધારે છે. હવે જો તારા "શરીરમાંથી ખરાબ વાસનાઓ નીકળી જાય તો તારૂં શરીર કોઇ "પ્રકારની બાધાપીડારહિત અને નિરંતર આનંદયુક્ત થાય અને "એવી સ્થિતિ ઉપજે તો તને એ ભોગોની ઇચ્છા જ થશે નહિ-આ "પ્રમાણે હકીકત હોવાથી હે ચિત્ત! બહારનો સર્વ ભ્રમ છોડી દઇને "તારા પોતાના અસલ સ્વરૂપમાં આસક્ત થઇ તું બેસ અને બાધા "પીડા વગરનું થઇ જા.'

"ચિત્તને એ પ્રમાણે શિક્ષા-સમજણ યોગ્ય રીતે આપીને બરા- "બર લક્ષ્યપૂર્વક એના રક્ષણમાં હું તત્પર થઇ રહીશ. આવી રીતે ચિત્તને "શિક્ષા આપ્યા છતાં એ પાપી સ્થિર ન રહેતાં ચપળતા કરશે તો "એને બહાર દોડતાં વારંવાર ફરી ફરીને યત્ન કરીને અટકાવીશ; વળી "કષાય નોકષાય વિગેરે એને ઉપદ્રવ કરનારા છે તે સર્વનો અપ્રમાદ "રૂપ શસ્ત્રથી વધ કરી નાખીશ. જ્ઞાનના ઉપયોગથી અને શુભ [2]ધ્યા- "નના સેવવાથી અને એ રાગ વિગેરે ઉપદ્રવોના પ્રતિપક્ષીઓના "આલંબનથી તેઓ જલ્દી નાશ પામી જશે. એ રાગદ્વેષનો નાશ "થશે એટલે પરીષહ ઉપસર્ગ વિગેરે બહારના ઉપદ્રવો છે તે બાધા "પીડા કરનારા થશે નહિ-તેઓ પોતાનું જોર જરા પણ બતાવી "શકશે નહિ. એટલે પછી મારૂં ચિત્ત આત્મારામ થઇ જશે, રાગાદિ "ઉપદ્રવથી મુક્ત થઇ જશે, બહાર ભટકતું અટકી જશે એટલે મો- "ક્ષને યોગ્ય થઇ જશે. આવો મારા મનમાં વિચાર કરીને અને તે "વિચાર પ્રમાણે વર્તવાનો નિર્ણય કરીને ભાઇ અકલંક! હાલ હું "પ્રમાદનો ત્યાગ કરી સાવધાન થઇને રહું છું.

---

૧ ભોગો ભોગવતાં જરા સારા લાગે પણ વાસનાને પરિણામે આખરે જોર કરે એટલે ઉલટી વધારે પીડા થાય છે અને ઘારાં વધતાં જાય છે.

૨ ધ્યાન તે ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાન સમજવાં. આવતા પ્રકરણમાં તે વધારે સ્પષ્ટ થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૯ મું.

## સંસારબજાર (ચાલુ)[1].

### બીજું ચક્ર.

છઠ્ઠા મુનિરાજે આગલા પ્રકરણમાં વાત કરી તે સર્વ સાંભળ્યા પછી અકલંકે કહ્યું “મહારાજ! બહુ સારૂં થયું! આપે ગુરૂમહારાજનાં વચનોનો સાર બહુ સારી રીતે જાણ્યો અને યોગ્ય રીતે તેનું આચરણ પણ કરી રહ્યા છો. આપે જે વાત કરી તે સાંભળીને મને પણ બહુ પ્રમોદ થયો છે. આપે જેમ એક ચક્રની વાત કરી તેમ મારા ધારવા પ્રમાણે બીજું પણ એક ચક્ર જણાય છે. મારી એ ધારણા બરાબર છે કે નહિ તે આપશ્રી સાંભળો અને પછી મને તે બાબતનો ખુલાસો આપશો. મારા ધારવા પ્રમાણે નીચે પ્રમાણે હકીકત છે.” ગુરૂમહારાજે હકીકત નિવેદન કરવાનું કહેવાથી અકલંકે પોતાના વિચાર જણાવ્યા.

દ્રવ્યમનઃ ભાવમન.

“ “ચિત્ત—મન બે પ્રકારનું કહેવામાં આવ્યું છેઃ એક દ્રવ્યમન “અને બીજું ભાવમન. એમાં જે દ્રવ્યચિત્ત છે તે “મનપર્યાપ્તિવાળા આત્માએ ગ્રહણ કરેલા મનો- “વર્ગણાના પુદ્‌ગળ સ્વરૂપ છે. છ પર્યાપ્તિમાં છઠ્ઠી “મનપર્યાપ્તિ છે, તેનાવડે મનોવર્ગણા ગ્રહણ કરી “શકાય છે તેને **દ્રવ્યમન** કહેવામાં આવે છે. એ દ્રવ્યમનમાં જ્યારે “જીવ-આત્મા જોડાય ત્યારે તેને (આત્માને) **ભાવમન** કહેવામાં “આવે છે. આ ભાવમન કાર્મણ શરીરમાં રહે છે અને તેથી તેને જૂદું

---

૧ પ્રકરણ ૮ મું અને ૯ મું સાથે જ વાંચવાનું છે, વધારે લંબાણ થવાથી તેને બે વિભાગમાં વહેંચી નાંખ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કહેવામાં આવે છે. આ પ્રમાણે હોવાથી ભાવમન તો નિયમસર
"જીવ જ છે, પણ જીવ ચિત્તરૂપ હોય કે ન પણ હોય. દાખલા તરીકે
"કેવળીઓ ભાવચિત્ત વગરના હોય છે. કોઇને મનથી ઉત્તર દેવામાં
"તેઓ દ્રવ્યમનનો ઉપયોગ કરે છે, પરંતુ કેવળજ્ઞાન થયેલું હોવાથી
"તેમને ભાવમનની અપેક્ષા રહેતી નથી, એટલે કેવળજ્ઞાનીને દ્રવ્ય-
"મન હોય છે પણ ભાવમન હોતું નથી. જ્યારે આ પ્રાણી રાગદ્વેષ
"વિગેરેની સાથે જોડાયલો હોય છે ત્યારે મિથ્યાજ્ઞાનને પરિણામે તેને
"ઉલટા નિર્ણયો (વિપર્યાસો) થાય છે અને પરિણામે તે દુઃખ આપનારી
"વસ્તુમાં સુખ મેળવવાની બુદ્ધિથી પડે છે. રાગદ્વેષ વિગેરેથી એને
"સાચો નિર્ણય થતો નથી, વાસ્તવિક સુખ અને દુઃખ ક્યાં છે તેનો
"નિર્ણય મિથ્યાજ્ઞાન તેને થવા દેતું નથી. ખોટી પ્રવૃત્તિ થયા પછી
"એના સ્નેહના તંતુઓ કર્મનાં પરમાણુઓને ખેંચી લાવે છે, એ કર્મનાં
"પરમાણુઓથી જન્માંતરનો આરંભ કરે છે; વળી એ જન્માં-
"તરમાં પ્રાણી પાછો મિથ્યાજ્ઞાન વિપર્યાસ વિગેરેમાં પડે છે અને
"રાગાદિની સંતતિને વધારે છે. રાગાદિ સંતતિથી વિષયાકાંક્ષા થાય છે,
"વિષયાકાંક્ષાથી સ્નેહતંતુઓ જન્મે છે, સ્નેહતંતુઓથી કર્મોનું ગ્રહણ
"થાય છે અને કર્મગ્રહણથી પાછો જન્મ થાય છે; વળી ત્યાં વિપ-
"ર્યાસ થાય છે–એવી રીતે ઉપર જે ક્રમ જણાવ્યો તે ચાલ્યા જ
"કરે છે. આથી જ્યાંસુધી ખોટા નિર્ણયો (વિપર્યાસો)ની શ્રેણી ચા-
"લતી હોય છે ત્યાંસુધી સંસાર રખડપટ્ટીની શ્રેણી ચાલ્યા જ કરે
"છે. ભગવન્! મેં આપની પાસે આ બીજા ચક્રની વાત કરી સંભ-
"ળાવી એ વાત બરાબર છે કે નહિ તે આપ મને કૃપા કરીને કહો."

મુનિમહારાજે જવાબ આપતાં જણાવ્યું "તેં જે વાત કરી તે "બરાબર છે એમાં જરા પણ સંશય જેવું નથી. "તારા જેવા ખોટી વાત સમજે એ કેમ બને? "ઉપરની વાતથી મેં પણ જાણ્યું અને ગુરૂમહારાજે "પણ તેનું સમર્થન કર્યું કે એ ખોટા નિર્ણયો

વિપર્યાસ વર્જન.

"(વિપર્યાસો)નું જે ચક્ર છે તે જ નહિ પસંદ કરવા યોગ્ય ભવચક્રનું
"કારણ છે. આ પ્રમાણે હકીકત હોવાથી સાચી ખોટી બાબતનો સત્ય
"વિવેક કરનાર પ્રાણીએ વિપર્યાસ (ખોટા નિર્ણયો) ને બનતા પ્રયાસે
"તજી દેવા, એનો એક વાર નાશ થશે એટલે ચક્રની બીજી બાબતો
"આપોઆપ મૂળથી જ નાશ પામી જશે. વિપર્યાસને છોડી દેવા એ
"ખરેખરો વિવેક છે, એ ખરેખરૂં તત્ત્વજ્ઞાન છે અને એ આસ્રવ[1]

1 **આસ્રવઃ** જે દ્વારા કર્મો આવે તે પરનાળને આસ્રવ કહે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વગરનો ધર્મ છે. જે અપ્રમાદી પ્રાણી એવા ખોટા નિર્ણયો (વિપ-
"ર્યાસો) છોડી દે છે અને સાચો જાણકાર બને છે તેને પોતાના મનો-
"વિકારનું જાળું પોતાથી તદ્દન અલગ લાગે છે. એક વખત મનને
"એ જૂદું જુએ છે અને પોતાની જાતને (આત્માને) તેનાથી ભિન્ન
"જુએ છે એટલે આત્મા એને નિરંતર આનંદમય લાગે છે; પછી એને
"દુઃખ ઉપર દ્વેષ થતો નથી, સુખ મેળવવા માટે ઇચ્છા થતી નથી.[1]
"આવી રીતે મનથી તે અલગ થતાં-મન ઉપરથી તેની આસક્તિ દૂર
"થતાં ઇંદ્રિયોના વિષયો ઉપર તેને સ્નેહ થતો નથી અને એકવાર
"સ્નેહ (ચીકાશ) ગયો એટલે કર્મપરમાણુનો સંચય થતો એકદમ
"અટકી જાય છે; આવી રીતે એ નિઃસ્પૃહ થવાથી અને એને (સંસાર)
"બીજનો નાશ થયેલો હોવાથી એ મુક્ત જીવોની માફક ભવાંતરનો
"આરંભ કરતો નથી અને તેથી એનું ભવચક્ર ફરતું બંધ થાય છે.

"એ પ્રમાણે હકીકત હોવાથી ઉપર બે પ્રકારની વાત કહી "તે તારા લક્ષ્યમાં આવી ગઇ જણાય છે: એક તો "કર્મબંધન અને બીજું તેનાથી વિસ્તરતું સંસારચક્ર. "એ બન્ને કેવી રીતે પ્રવર્તે છે અને કેવી રીતે નિવર્તે છે "તે સંબંધી સત્ય હકીકત જાણે તે પછી સંસારને વધા-

ચક્રજ્ઞાનનું પરિણામ.

"રનાર શરીર ઉપર, ધન ઉપર, કે ઇંદ્રિયોના ભોગો ઉપર અથવા તો
"બીજા કોઇ પણ પદાર્થ ઉપર કદિ પણ રાગ કેમ કરે? જે પ્રાણીને
"સાંસારિક પદાર્થો ઉપર ચિત્તની આસક્તિ થાય, જેને તેમાં આનંદ
"અને સુખ લાગે તેણે હજુ સુધી બન્ને ચક્રો (સંસારચક્ર અને
"વિપર્યાસચક્ર) ખરેખરાં તત્ત્વથી જાણ્યાં નથી એમ સમજવું. એનું
"કારણ એ છે કે જ્ઞાન અને ક્રિયાનો યોગ થાય ત્યારે જ ખરેખરા
"ફળની પ્રાપ્તિ થાય છે, તે સિવાય બીજા કોઇ પ્રકારે થઇ શકતી
"નથી. સાધ્ય અર્થ શો છે તે બરાબર જાણીને (જ્ઞાન) જ્યારે તે "બાબતમાં સમ્યગ્ પ્રકારે પ્રવૃત્તિ (ક્રિયા) કર- "વામાં આવે ત્યારે તે સાધ્ય પ્રાપ્ત કરી શકાય છે. "મહામતિ મહાત્મા વસ્તુસ્વરૂપને એ જ આકારમાં

જ્ઞાનક્રિયા.[2]

---

૧ સરખાવો-માન અપમાન સહુ સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવરે; અને મુક્તિ સંસાર બેહુ સમ ગણે રે વિગેરે.

અને ખરો ખ્યાલ આપતાં આનંદઘન કહે છે કે-આપણો આતમભાવ જે, એક ચેતનાધારરે; અવર સવી સાથ સંજોગથી, એહ નિજ પરિકર સારરે.

૨ આ વિભાગ ખાસ મનન કરવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"બતાવી ગયા છે.[1] सम्यक् प्रवृत्तिः साध्यस्य प्राह्युपायो ऽभिधीयते । સાધ્ય
"પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્ પ્રકારે તેમાં પ્રવૃત્તિ કરવી તે જ છે અને
"જો એવી રીતે સાધ્યની પ્રાપ્તિ થતી ન હોય તો એ ઉપાયનું ઉપાય
"પણુંજ રહેતું નથી. જ્યાં અસાધ્યનો આરંભ છે (સાધ્યનો આરંભ
"નથી) ત્યાં સમ્યગ્ જ્ઞાન નથી અને જ્યાં સમ્યગ્ જ્ઞાન નથી ત્યાં
"સાધ્યનો આરંભ નથી. આવી રીતે સાધ્ય અને સમ્યગ્જ્ઞાનનો પર-
"સ્પર અન્યોન્યાશ્રય સંબંધ છે, તેટલા માટે આગમના જ્ઞાનવાળો
"જે ક્રિયા કરે છે તે જ ખરી ક્રિયા કહી શકાય છે અને જે યોગ્ય
"ક્રિયામાં સ્વશક્તિ અનુસાર ઉદ્યમ કરે છે તે જ આગમનો જાણકાર
"કહી શકાય છે. ચિંતામણિ રત્નનું જે પ્રાણી બરાબર સ્વરૂપ જાણતો
"હોય અને તેની પ્રાપ્તિના અનેક પ્રકારના ઉપાયો વિદ્યમાન હોય
"અને પોતે દ્રારિદ્યાવસ્થાથી પીડાતો હોય તો તે ચિંતામણિ રત્ન મેળ-
"વવાનો માર્ગ છોડી અન્ય માર્ગમાં પ્રવૃત્તિ ન જ કરે. માટે જે
"સાધ્યથી ઉલટી રીતે પ્રવૃત્તિ કરે તે ખરેખર વસ્તુનો જાણકાર જ
"ન હોવો જોઇએ, જે ભમરો માલતીના ફૂલની ગંધ જાણતો-સમ-
"જતો હોય તે ઘાસ કે દર્ભ ઉપર બેસવાની કદિ પ્રવૃત્તિ કરે જ નહિ.
"આવી રીતે સંસારનો અભાવ થતાં પ્રાણી મુક્તિ પામી જાય છે-
"આવી અનેક વાતો છે તે સઘળીથી સર્યું. માત્ર મારા કહેવાની મત-
"લબ એ છે કે તેં જે બીજા ચક્ર માટે વાત કરી તે તદ્દન બરાબર
"છે. મારા ગુરૂમહારાજે આ સર્વ વાતના પરિણામે મને કહ્યું હતું કે
"પેલા વાંદરાના બચ્ચાંનું બહુ સારી રીતે આખો વખત જતન
"કરવું અને એ કાર્ય મારા ખાસ કર્તવ્ય તરીકે તેમણે મને જણાવ્યું
"હતું."

### મઠપ્રાપ્તિના ઉપાય.
### છ લેશ્યાઓનું સ્વરૂપ.
### દાદર-તેનાં પગથીઆં.

અકલંકે મુનિરાજને પૂછ્યું "ત્યારે મહારાજ! એ વાનરને શિવાલય મઠમાં કેવી રીતે લઇ જવો-તેના ઉપાય શા શા છે તે સંબંધી આપશ્રીને ગુરૂમહારાજે જે કહ્યું હોય તે સર્વ મને જણાવો." છઠ્ઠા મુનિરાજે એ સવાલનો જવાબ આપતાં કહ્યું:—

---

૧ મહામતિઃ આ નામ શ્રી ઉમાસ્વાતિ વાચકને અપાય છે. તેઓશ્રી કહે છે કે ज्ञानक्रियाभ्याम् मोक्षः ઉપર મૂળમાં લખેલ સૂત્ર પણ તેઓશ્રીનું જ છે. સ્થળ મળી શક્યું નથી.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

"ભદ્ર! એ ઉપર તને ગર્ભગૃહ[1] બતાવવામાં આવ્યો હતો તેમાં "છ નોકર જાતની સ્ત્રીઓ વસે છે, તેઓનું સામાન્ય નામ (ઓળખ) "લેશ્યા તરીકે જાણીતું થયેલું છે અને પ્રત્યેકનાં નામ અનુક્રમે કૃષ્ણ, "નીલ, કપોત, તૈજસી, પદ્મ અને શુકલ છે. એ જ ગર્ભગૃહમાં "તેઓ ઉત્પન્ન થાય છે, તેની જ દોલતથી એ ઉછરે છે, વધે છે અને "તે સ્થાનની જ પુષ્ટિ કરનારી પણ થાય છે. એ છ સ્ત્રીઓ પૈકી પ્રથ- "મની સ્ત્રી ઘણીજ ક્રૂર છે, બીજી સ્ત્રી પ્રથમની સ્ત્રી કરતાં કાંઇક "ઓછી ક્રૂર છે, ત્રીજી તેથી પણ સહજ ઓછી ક્રૂર છે, પણ ત્રણે "સ્વરૂપે ક્રૂર છે, અનેક પ્રકારના સંકડો અનર્થોનું કારણ છે, પેલા "વાનરના બચ્ચાંની તો ખરેખરી દુશ્મન છે, એ ગર્ભગૃહમાં અનેક "પ્રકારનો અશુભ કચરો એકઠો થવામાં કારણભૂત છે, તને પણ આ "અનેક દુઃખથી ભરેલા બજારમાં ધારણ કરી રાખનાર છે અને મઠ- "ગમનનું નિવારણ કરનાર છે-તેમાં અડચણ કરનાર છે. બાકીની "ત્રણ સ્ત્રીઓ છે તે અનુક્રમે શુદ્ધ છે, વધારે શુદ્ધ છે અને અતિ "વિશુદ્ધ છે, ત્રણેનું સ્વરૂપ જ શુદ્ધ છે, અનેક પ્રકારના આહ્લાદો પ્રગટ "કરવાનું કારણ થાય છે, પેલા વાનરના બચ્ચાંની ખરેખરી મદદ "કરનારી બ્હેનો જેવી છે, પેલા ગર્ભગૃહમાં શુદ્ધિની વૃદ્ધિ થવામાં હેતુ- "ભૂત છે, અનેક પ્રકારની અસારતાની પરંપરાથી ભરપૂર આ બજા- "રમાંથી તને બહાર કાઢી લાવનાર છે અને મઠગમનના કામમાં "ઘણી અનુકૂળતા કરી આપનારી છે.[2] એ છ એ સ્ત્રીઓએ પેલા

JAINSITE.com જૈન સાહિત્ય જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ ગર્ભગૃહ ક્ષયોપશમ નામે જુઓ પૃ. ૧૭૩૮.

૨ **ચિત્ત અને લેશ્યાઃ** આ વિષય ઘણો વિચારવા યોગ્ય છે અને ટુંકામાં કહીએ તો **જૈનદૃષ્ટિએ માનસશાસ્ત્ર** (Psychology) કેવી રીતે બતાવવામાં આવ્યું છે તે સર્વ બાબતો અત્ર વિચારવા યોગ્ય જણાય છે. મન અને અધ્યવ-સાયને કેવા પ્રકારનો સંબંધ છે, આત્મા અને મનને શો સંબંધ છે, અધ્યવસાય અને વિચારમાં શો તફાવત છે અને મન અને લેશ્યાને કેવો સંબંધ છે-આ સર્વ પ્રશ્નોનો નિર્ણય આવી ટુંકી નોટમાં તો થઇ શકે નહિ પણ સહજ ખ્યાલ આ-પવા પ્રયત્ન કર્યો છે તે વિચારશો. નવીન અને પ્રાચીન અભ્યાસ શૈલી સાથે કર્યો હોય તો જ આ વિષયનો ઉલ્લેખ થઇ શકે તેમ છે તેથી આ અગત્યના વિષયપર કોઇ સુંદર લેખ અભ્યાસ કરીને વિસ્તારથી લખશે એવી પ્રાર્થના છે.

આત્મા જાતે સ્ફટિક રત્ન જેવો નિર્મળ છે, પારદર્શક છે, મેલ વગરનો છે, ઉચ્ચ-ગામી સ્વભાવવાળો છે. સ્ફટિક રત્ન જ્યારે બીજા પદાર્થના સંબંધમાં આવે ત્યારે તેના જૂદા જૂદા રંગ દેખાય છેઃ સ્ફટિકની પછવાડે પીળો પદાર્થ ધરવામાં આવે તો તે પીળો દેખાય છે, લાલ ધરવામાં આવે તો તે લાલ દેખાય છે, છતાં જાતે તો

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ગર્ભગૃહમાં ઉપર ચઢવા માટે પોતાની શક્તિના જોરથી પરિણામ
"નામનો એક દાદરો બનાવ્યો છે. વળી એ જ છ સ્ત્રીઓએ એક પછી
"એક પગથીઆં પણ એ દાદરાપર ચઢવા માટે બનાવ્યાં છે, એ પગ-

---

નિર્મળ પારદર્શક જ હોય છે અને રહે છે તે પ્રમાણે આત્મા જ્યારે મન વચન કે કાયાના સંબંધમાં આવે ત્યારે તેના જૂદા જૂદા રંગ દેખાય છે-તે આત્માના પરિણામોને **લેશ્યા** કહેવામાં આવે છે. મનમાં વિચાર આવે છે તે અમુક આકાર ધારણ કરે છે. વિચારો પૌદ્ગલિક છે, મનોવર્ગણાનાં રૂપો છે; મન માત્ર પંચેન્દ્રિયને જ હોય છે, તે સિવાયના જીવોને દ્રવ્ય મન હોતું નથી અને પંચેંદ્રિયમાં પણ અસંજ્ઞી જીવોને દ્રવ્ય મન હોતું નથી. સર્વ આત્માઓને જે જૂદા જૂદા વ્યક્ત ખ્યાલો થાય તેને **અધ્યવસાય** કહેવામાં આવે છે. અધ્યવસાયને અને મનના વિચારોને કેવા પ્રકારનો સંબંધ છે તે ખાસ વિચારવા યોગ્ય છે. આત્માને જે અધ્યવસાયો થાય છે તે સંજ્ઞી પંચેંદ્રિયને મનદ્વારા જણાય છે અને ત્યાં મનોવર્ગણાને જે આકાર મળે તે વિચાર તરીકે વ્યક્ત થાય છે. આથી સંજ્ઞી પંચેંદ્રિયના અધ્યવસાયો અને વિચારો જો કે તદ્દન જૂદા છે છતાં વ્યક્ત રૂપે તેમાં ખાસ જાણવા જેવો તફાવત પડતો નથી. આ હકીકત સ્પષ્ટ કરવા પ્રથમ જ્ઞાન કેવી રીતે થાય છે તે જરા જોઇ લઇએ. પંચેંદ્રિય જીવોને જ્ઞાન પ્રાપ્ત કરવાના-જાણવાના છ દ્વારો-બારીઓ છે: પાંચ ઇંદ્રિય અને મન. શરીર સાથે કાંઇ અથડાતાં, જીભ સાથે સ્વાદ થતાં, નાકમાં ગંધ આવતાં, ચક્ષુથી દેખાતાં, કાનથી સંભળાતાં અથવા મનમાં તર્ક થતાં 'આ કાંઇક છે' એવું જ્ઞાન થાય છે એને જૈન પરિભાષામાં 'વ્યંજનાવગ્રહ' કહે છે, નવીન ન્યાય (logic)ના perception શબ્દ સાથે એની સરખામણી થઇ શકે, જો કે perception વ્યંજનાવગ્રહથી કાંઇક જાદું છે અને 'અર્થાવગ્રહ'ની કોટિમાં કેટલેક અંશે જાય છે. આવી રીતે 'આ કાંઇક છે' એવું જ્ઞાન થયા પછી અમુક જાતિ (genus)નું એ છે એમ સહજ ખ્યાલ થાય છે એને 'અર્થાવગ્રહ' કહેવામાં આવે છે. અત્યંત અવ્યક્ત બોધને વ્યંજનાવગ્રહ કહેવામાં આવે છે. કોઈ સ્થાનકે એને 'નિરાકાર બોધ' પણ કહેવામાં આવે છે. વ્યંજનાવગ્રહને અંગે એટલું ખાસ જાણવા જેવું છે કે એમાં ચાર ઇંદ્રિય સાથે વસ્તુને સંબંધ થાય છે પણ આંખ અને મનને વસ્તુના સંબંધની જરૂર રહેતી નથી. દાખલા તરીકે સ્પર્શેંદ્રિયને વસ્તુનું જ્ઞાન જ્યારે તે વસ્તુ ઇંદ્રિય સાથે સંબંધમાં આવે ત્યારે જ થાય છે, તેવીજ રીતે રસ ઘ્રાણ અને શ્રોત્રનું સમજવું, પણ આંખને દેખવા માટે વસ્તુ સુધી જવું પડતું નથી, એ તો દૂરથી પણ દેખી શકે છે, તેવી જ રીતે મનને અમુક વસ્તુનો આકાર સ્પષ્ટ કરવા માટે તેના સંનિકર્ષમાં આવવું પડતું નથી. આવી રીતે ઘણાજ થોડા વખતમાં વસ્તુની જાતિ જણાય છે (એનો સમય માત્ર એક સમયનો છે). ત્યાર પછી વ્યવચ્છેદ રૂપે એની specie વ્યક્તિત્વ સમજાય છે. એની વ્યક્તતા શોધવી એને 'ઇહા' કહેવામાં આવે છે. એને logic માં conception કહે છે. એની વ્યક્તિતાનો નિર્ણય 'આ તે જ છે' એમ ધારવું તેને 'અવાય' કહેવામાં આવે છે અને અન્ય કાંઇ નથી પણ તે જ છે એવો નિર્ણય ધારી રાખવો

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"થીઆં ક્રમસર છે, દરેક શ્રેણીએ અસંખ્ય અસંખ્ય બનાવ્યાં છે અને
"સરવાળે પણ (કુલે પણ) અસંખ્ય છે અને અધ્યવસાયસ્થાન

---

તેને 'ધારણા' કહેવામાં આવે છે. લૉજીકમાં આ છેવટનો નિર્ણય knowledge કહેવાય છે. જ્યારે વર્તમાન ન્યાયકારો logicians જ્ઞાનપ્રાપ્તિના ત્રણ વિભાગ પાડે છેઃ conception, perception & knowledge ત્યારે જૈન માનસ શાસ્ત્રીઓએ વિશેષ પ્રથક્કરણ કરીને વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એમ પાંચ વિભાગ પાડ્યા છે. આવી રીતે સંજ્ઞી પંચેંદ્રિય પ્રાણીને ઇંદ્રિય અને મનદ્વારા જે જ્ઞાન થાય તેને વિચાર-નિર્ણય કહેવામાં આવે છે. આંતર જ્ઞાન માટે પાંચ ઇંદ્રિય-દ્વારો છે અને તે દ્વારા જ્ઞાન થાય છે. મનપર એની છાપ પડે છે. એના અન્ય વ્યવચ્છેદો થાય છે અને નિર્ણય થાય છે. મન પૌદ્ગલિક હોઇને વસ્તુના વિચારનો આકાર કરે છે અને તે આકાર દ્વારા જ્ઞાન થાય છે. આ બાહ્ય પદાર્થના જ્ઞાનને અંગે વાત થઈ. આત્માને પૂર્વઅનુભૂત અથવા કર્મવર્ગણાની અસર અનુસાર 'અધ્યવસાય' થાય છે. Instinctive knowledge સહજ જ્ઞાનનો આમાં સમાવેશ થાયછે. સ્મૃતિ અનુભવ એ સર્વનો સમાવેશ ધારણામાં થાય છે. મનના વિચારો આત્મામાં સ્થિત થાય છે અને ત્યાં રૂપ અને આકાર ધારણ કરે તેને લેશ્યા કહેવામાં આવે છે. પંચેંદ્રિય સંજ્ઞી જીવોના મનનો વ્યાપાર અને આત્માના અધ્યવસાયો વચ્ચેનો તફાવત સમજવો ઘણો મુશ્કેલ પડે છે. મન પૌદ્ગલિક છે અને ત્યાં આકાર થાય છે. પૂર્વકાળની સ્મૃતિથી અથવા ઇંદ્રિયોની મદદ વગર ઓઘ જ્ઞાન થાય તેને મારા વિચાર પ્રમાણે 'અધ્યવસાય' આત્મજ્ઞાનમાં મૂકવું જોઇએ. આત્મા જ્યારે મનયોગમાં વચનયોગમાં અથવા કાયયોગમાં પ્રવર્તે તે વખતે તેના અધ્યવસાયો જે રૂપ લે-જે પરિણામ પામે તેને લેશ્યા કહેવામાં આવે છે. જ્યાં ત્રણમાંથી કોઈ પણ યોગ હોય છે, ત્યાં લેશ્યા હોય છે, જ્યાં યોગ ન હોય ત્યાં લેશ્યા હોતી નથી.

હવે અહીં સવાલ એ ઉત્પન્ન થાય છે કે કષાય અને લેશ્યામાં તફાવત કેવા પ્રકારનો રહે છે. કોઇ પણ કર્મનો બંધ પડે તે વખતે તેની ચાર બાબત મુકરર થાય છેઃ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. પ્રકૃતિબંધ એટલે એ કર્મનો સ્વભાવ કેવો છે, સ્થિતિબંધ એટલે કેટલા વખત સુધી અને કયારે ફળ પામનાર છે, રસબંધ એટલે એ કર્મની ગાઢતા કેટલી છે, ચીકાશ કેટલી છે અને પ્રદેશબંધ એટલે એ કર્મ કેટલા પ્રદેશ-પરમાણુઓનું બનેલું છે. એક દાખલો લઇએઃ શાતા વેદનીય કર્મ બાંધ્યું તો શાતા આપવી એ પ્રકૃતિ થઇ, કેટલા વખત સુધી શાતા આપવી અને શાતા આપવાનું કામ કયારે શરૂ કરવું એ તેની સ્થિતિ, એ શાતામાં વિશેષતા અલ્પતા કેટલી રહેશે તે રસ અને તે કર્મ પોતે કેટલા પરમાણુનું બનેલું છે તે પ્રદેશ. આમાં સ્થિતિ અને રસબંધમાં સહાય 'કષાયો' કરે છે. ક્રોધ માન માયા અને લોભ જેટલા સવિશેષપણે હોય તેટલો બંધ આકરો અને લાંબા કાળ સુધી ફળ આપનારો પડે છે. લેશ્યા પ્રદેશબંધને સહાય કરે છે. કષાયો અને લેશ્યા કોઇ વાર અંદર અંદર એક બીજામાં એટલા બધા ગુંચવાઇ જાય છે કે સ-

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાય કરનાર તરીકે લેશ્યા પણ લાગે છે અને તેથી કોઇ આચાર્યો લેશ્યાને રસબંધમાં સહાય કરનાર ગણે છે પણ તે ઉપચાર માત્રથીજ સમજવાનું છે. મુખ્યતાએ રસબંધનો નિર્ણય કષાયપર જ થાય છે.

જેવી રીતે કોઇ માણસ દારૂ પીએ તો તેનું જ્ઞાન અવરાય છે, તે ઘેલો બની જાય છે, પ્રચંડ દવા ખાય તો તેની ઇંદ્રિયો બહેરી થાય છે, કલોરોફોર્મ આપવાથી જેમ જ્ઞાનેંદ્રિયો બાહ્ય જ્ઞાનના દ્વારો બંધ કરી દે છે તેવી રીતે લેશ્યા આત્માના સ્ફટિકત્વપર પડદો નાખી નવાં નવાં રૂપો આપે છે. આત્મા જાતે શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ અને પારદર્શક છે પણ લેશ્યા તેની સાથે આવે ત્યારે તેને જૂદાં જૂદાં રૂપ આપે છે, નવા નવા રંગના આકાર ધારણ કરાવે છે, તેના સ્ફટિકત્વને જૂદા રૂપમાં બતાવે છે. સ્ફટિક રત્નની પછવાડે જે રંગનું દ્રવ્ય ધરવામાં આવે તેવો રંગ દેખાય છે તે પ્રમાણે આત્માનું વ્યક્તરૂપ નવા નવા રંગ ધારણ કરે છે તે લેશ્યાના સંબંધથી થાય છે. ( યાદ રહેવું જોઇએ કે એ બાહ્ય સહાયક લેશ્યા દ્રવ્ય આત્માના સ્ફટિકત્વમાં પ્રવેશ કરતું નથી, આત્માના રંગને બદલતું નથી, પણ બહારની નજરે આત્માને અન્ય રંગે બતાવે છે). લેશ્યાના છ પ્રકાર છેઃ કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ. કૃષ્ણ લેશ્યાનો વર્ણ મેઘ કે આંજણ જેવો તદ્દન કાળો હોય છે, નીલ લેશ્યાનો વર્ણ પોપટ અથવા બપૈયાના પીંછા જેવો અથવા મોરની ડોક જેવો બ્લુ (blue) હોય છે, કાપોત લેશ્યાનો વર્ણ રીંગણાના ફૂલ જેવો રાતો (adulterated red) હોય છે, તેજો લેશ્યાનો વર્ણ પ્રભાતના સૂર્ય અથવા સંધ્યાના રંગ જેવો લાલ ( pure red ) હોય છે, પદ્મ લેશ્યાનો વર્ણ કરેણના ફૂલ જેવો અથવા સોનાના રંગ જેવો પીળો હોય છે, શુકલ લેશ્યાનો વર્ણ ગાયના દૂધ જેવો અથવા સમુદ્રના ફીણ જેવો સફેત હોય છે. પ્રથમની ત્રણ લેશ્યા અશુદ્ધ છે, બાકીની ત્રણ લેશ્યા શુદ્ધ છે, છતાં આત્માના સ્ફટિકપણાને તો આવરણ કરનારી જ છે પણ ખરાબ આકારમાં બતાવનારી નથી. આવીજ રીતે લેશ્યાના રસ ગંધ અને સ્પર્શ પણ બતાવવામાં આવ્યા છે. કૃષ્ણ લેશ્યાનો રસ કડવી તુંબડી અથવા લીંબડાના રસ જેવો છે, નીલ લેશ્યાનો રસ પીપર આદુ અથવા મરચાના રસ જેવો છે, કાપોત લેશ્યાનો રસ આમળા અથવા ફણસના રસ જેવો છે, તેજો લેશ્યાનો રસ કેરીના રસ જેવો છે, પદ્મ લેશ્યાનો રસ ધરાખ ખજૂર અથવા મહુડાના આસવ ( દારૂ ) જેવો છે અને શુકલ લેશ્યાનો રસ સાકર ગોળ ખાંડ કે શેરડીના રસ જેવો મધુર છે. પહેલી ત્રણે લેશ્યાઓ ઘણી દુર્ગંધવાળી અને મલીન છે અને તેનો સ્પર્શ ઠંડો અને લુખો છે, બાકીની ત્રણે લેશ્યાઓ સુગંધવાળી અને નિર્મળ છે અને તેનો સ્પર્શ સ્નિગ્ધ અને ગરમ છે.

લેશ્યાને અંગે પ્રાણીના કેવાં પરિણામ થાય છે તે બતાવવા શાસ્ત્રકારે જાંબુ વૃક્ષનું દૃષ્ટાન્ત આપ્યું છે. છ મિત્રો જંગલમાં ગયા, ભુખ્યા થયા, સામે જાંબુનું ઝાડ જોયું. પ્રથમ માણસે કહ્યું કે આ આખા ઝાડને ઉખેડી નાખો એટલે મહેનત

[ ચાલુ.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

" કાળા રંગનાં અસંખ્ય પગથીઆં બનાવ્યાં છે,[1] એવી રીતે બીજી સ્રી
" ( નીલલેશ્યા ) એ નીલ ( blue ) રંગનાં અસંખ્ય પગથીઆં બનાવ્યાં છે,
" ત્રીજી સ્રી ( કાપોત લેશ્યા )એ કબૂતર જેવા
" રંગનાં અસંખ્ય પગથીઆં બનાવ્યાં છે, ચોથી સ્રી
" ( તેજો લેશ્યા )એ તેજથી ઝળકતાં અસંખ્ય પગ-
" થીઆં બનાવ્યાં છે, પાંચમી સ્રી ( પદ્મ લેશ્યા )એ
" ધોળા કમળની છાયાવાળાં અસંખ્ય પગથીઆં બનાવ્યાં છે, છઠ્ઠી

પરિણામ દાદર... અધ્યવસાય પગ૦

---

વગર ફળ ખવાય, બીજાએ કહ્યું કે વૃક્ષ પાડવાનું કાંઇ કારણ નથી, ડાળીઓ પાડીએ તો ઠીક છે, ત્રીજાએ નાની નાની ડાળીઓ પાડવા કહ્યું, ચોથાએ જાંબુવાળા ગુચ્છાઓ પાડવા કહ્યું, પાંચમાં એ જાંબુને જ પાડવા કહ્યું અને છઠ્ઠાએ જમીનપર પડેલાં જાંબુ છે તે વીણી ખાઇને સંતોષ પામવા કહ્યું. આવી રીતે છ લેશ્યાવાળાના પરિણામો હોય છે.

આ સંબંધમાં ધાડ પાડવા ગયેલા છ માણસોનું બીજું દૃષ્ટાન્ત આપેલ છે તે આ પ્રમાણે:-ગામમાં પેસતાં પ્રથમે કહ્યું કે સામે માણસ કે ઢોરો આવે તેને મારવું, બીજાએ કહ્યું કે માત્ર માણસને જ મારવાં, ઢોરને શામાટે મારવા ? ત્રીજાએ કહ્યું સ્રીને ન મારવી, માત્ર પુરૂષને જ મારવા; ચોથાએ કહ્યું હથિયારવાળો પુરૂષ હોય તેને મારવો, પાંચમાએ કહ્યું કે હથિયારવાળામાં પણ સામે થતો હોય તેને જ મારવો, નાસતો હોય તેને શામાટે મારવો ? છઠ્ઠાએ કહ્યું પરદ્રવ્ય હરવું એ જ પાપ છે તો પછી વળી ખૂન કરવાનું વધારે પાપ શામાટે કરવું ? માત્ર ધન લેવું, કોઇને મારવા નહિ. આ બન્ને દાખલાઓથી પ્રત્યેક લેશ્યાવાળાની અનુક્રમે પરિણતિ કેવા પ્રકારની હોય છે તે જણાઇ આવશે. એ દરેક દૃષ્ટાન્તો અનુક્રમે કૃષ્ણથી શુક્લ લેશ્યાના છે. આગળ વધતાં પરિણામ વધારે સુંદર બનતા જાય છે તે એ દાખલાઓથી જણાઇ આવે છે.

લેશ્યા સર્વ જીવોને હોય છે, વિશેષ વિકાસ થાય તેમ તે ઉચ્ચ પ્રકારની પ્રાપ્ત થતી જાય છે, મન ન હોય તેવા જીવોને પણ લેશ્યા હોય છે, તેના સંયોગથી આત્માના જે રૂપના અધ્યવસાય વ્યક્ત થાય-જે પરિણતિ થાય તેને તે બતાવે છે, ચિત્રે છે અને સારા અથવા ખરાબ આકારને ધારણ કરાવે છે. એ કષાયોને ઉદ્દીપન કરે છે પણ જાતે કષાય રૂપ નથી, કર્મના ઉદય પ્રમાણે અધ્યવસાયને રૂપ આપે છે છતાં જાતે કર્મનો રસ નથી. અધ્યવસાયને વ્યક્ત કરનાર લેશ્યાના સ્વરૂપ માટે વિશેષ ગ્રંથો ( પન્નવણા લેશ્યાદ્વાર વિગેરે ) વાંચવા યોગ્ય છે.

૧ **પરિણામ** અને **અધ્યવસાયસ્થાન** આત્માની પરિણતિને પરિણામ કહેવામાં આવે છે. એના અધ્યવસાયસ્થાન અસંખ્ય છે. પરિણામ અને અધ્યવસાય માટે ઉપરની નોટથી ખુલાસો થઇ જાય છે. અંદરથી જે જ્ઞાન થાય અને તરંગો ઉઠે તેને અધ્યવસાય કહેવાય છે. મનદ્વારા તો બાહ્ય જ્ઞાન આકારપૂર્વક થાયછે, અધ્યવસાયને આકાર હોતો નથી અને મનના વિચાર તો માત્ર સંજ્ઞી પંચેંદ્રિયને હોય છે ત્યારે અધ્યવસાય સર્વ જીવોને હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"સ્ત્રી(શુકલ લેશ્યા)એ વિશુદ્ધ સ્ફટિક જેવા નિર્મળ રંગના સફેત અસંખ્ય
"પગથીઆં બનાવ્યાં છે. પેલું વાંદરાનું બચ્ચું જ્યાં સુધી પ્રથમની ત્રણ
"સ્ત્રીઓએ બનાવેલાં પગથીઆંઓ પર રહેતું કે ફરતું હોય છે ત્યાં
"સુધી તે ઉછળી ઉછળીને ગોખો[1] તરફ દોડે છે, ત્યાંથી [2]આંબાઓનાં
"ઝાડોપર ફલંગ મારે છે અને જમીનપર પડી આખા શરીરે રજ લગાડે
"છે અને ધૂળમાં રગદોળાય છે; ત્યાં ચીકાશનાં બિંદુઓ વડે ભેદાય છે,
"હેરાન થાય છે; ત્યાર પછી એના શરીરપર સેંકડો ઘારાંઓ પડે છે
"એટલે પછી પેલા ઉંદર બીલાડાં ભુંડ વરૂ વિગેરેથી વધારે વધારે ત્રાસ
"પામે છે; એને પરિણામે કોઇ વખત એ તદ્દન નાશ પામી ગયેલ હોય
"એવું લાગે છે, કોઇ વખત મૂર્છા પામી ગયેલ હોય એવું લાગે છે, કોઇ
"વખત ભયંકર આકાર ધારણ કરે છે અને એવી રીતે આખો વખત
"સંતપ્ત સ્થિતિ( high excitement )માં રહે છે. આ વાનરાનું બચ્ચું
"તને પણ એ સ્થિતિમાં ઘણી દુઃખપરંપરાનું કારણ બને છે. એટલા
"માટે તારે એ વાનરાના બચ્ચાંને એ ત્રણ સ્ત્રીઓએ બનાવેલાં દાદ-
"રનાં પગથીઆમાંથી છૂટું પાડવું અને ઉપરનાં સારાં પગથીઆં છે
"તે પર ચઢાવી દેવું. ચોથી સ્ત્રીએ બનાવેલાં દાદરાનાં પગથીઆં પર એ
"વાનરાનું બચ્ચું ચઢવા માંડશે ત્યારે દરેક ક્ષણે એ વાનરાના બચ્ચાંના
"સંતાપો ઓછા થતા જશે, પેલા ઉપદ્રવ કરનારા ઉંદર બિલાડી વિ-
"ગેરે ઓછા થઇ જશે અને એને આંબાનાં ફળો ખાવાની ઇચ્છા
"જરા જરા ઓછી થતી જશે. ત્યાર પછી મધના સંબંધથી થયેલી
"શરદી ઓછી થતી જશે અને શરીરપરથી રજ ખરી પડતી જશે
"એટલે એને કાંઇક સુખ થશે અને એ પોતે પણ તેજવાન્ સ્વરૂપવાન્
"થશે. ત્યાર પછી પાંચમી સ્ત્રીએ બનાવેલાં પગથીઆં ઉપર તારે એને
"ચઢાવવું. ત્યાં ચઢતાં એને સંતાપો વધારે ઓછા થતા જશે, પાતળા
"પડતા જશે, ઉપદ્રવો ઘણા ઓછા થતા જશે, અપથ્ય કે ફેરી ખાવાની
"ઇચ્છા ઓછી ઓછી થતી જશે, શરીર સૂકું પડતું જશે અને એના
"ઉપર લાગેલો ધૂળનો કચરો ઘણો ઘણો ખરતો જશે, પડતો જશે.
"ત્યાર પછી એ વાનરાના બચ્ચાંનાં શરીરે પડેલા ઘા જરા જરા
"રૂઝાતા જશે, એ મહા આનંદ પામતું જશે, ધોળાપણું ધારણ કરતું
"જશે, (એનું) શરીર તંદુરસ્તીમાં વધતું જશે અને એ જતે વિશાળ

---

૧ ઇંદ્રિયો.

૨ આંબા નથી પણ એ વિષવૃક્ષો છે. વાંદરાએ એને આંબા માન્યાં છે. જુઓ પૃ. ૧૭૪૦-૧. બાકીના સર્વ શબ્દોનો ખુલાસો પણ એ જ પૃષ્ઠપર થઇ ગયો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" થશે,[1] ત્યાર પછી તારે એ વાનરાના બચ્ચાંને છઠ્ઠી સ્ત્રી( શુક્લ " લેશ્યા )એ બનાવેલાં પગથીઆંઓ ઉપર ચઢાવવું. જ્યારે એ તે " પગથીઆંપર ચઢશે ત્યારે એની દુઃખ ભોગવવાની સ્થિતિ અત્યંત " નરમ પડી જશે, એને થતાં ઉપદ્રવો લય પામી જશે, એને કેરીઓ " ખાવાની ઇચ્છા તદ્દન નહિ જેવી થઇ જશે, ધૂળ અને કચરામાં " આળોટવાની એની ઇચ્છા તદ્દન તૂટી જશે અને મધના રસથી થ- " યેલી ભીનાશ અને શરદી તદ્દન સોશાઇ જશે. એનું શરીર વધારે " સૂકું પડી ગયેલું હોવાથી એમાંની ઘણી ધૂળ અને કચરો ખરી જશે, " પ્રાંતે તદ્દન ધૂળ અને કચરાથી શરીર સાફ થઇ જશે,[2] એને નિરં- " તર આહ્લાદ થશે અને તદ્દન નિર્મળ સ્ફટિક જેવી શુદ્ધતા તેની " જણાઇ આવશે.

[3]ધર્મધ્યાન પ વ ન.

" પાછળની ત્રણ સ્ત્રીઓએ બનાવેલાં પગથીએ ચઢતાં ચઢતાં એને " ધર્મધ્યાન રૂપ મંદ મંદ પવન લાગશે; એ પવન " સુખકારી હોવાથી મંદ મંદ ચાલે છે, સંતાપને દૂર " કરનારો હોવાથી શીતળ છે અને સાચા ગુણો " રૂપ કમળવનનાં પુષ્પોના પરાગને ધારણ કરનારો " હોવાથી[4] સુગંધી છે. એ પવનનો સંબંધ થવાથી એ બચ્ચાંને સતત " પ્રમોદ થતો જણાશે. હવે નીચે રહેલા ઉંદર બિલાડા ભુંડ કુક્કર " વીંછી કાકિડા ઢેઢગરોળી વિગેરેથી અતિ ઉદ્વેગ પામેલ હોય તેમ " પ્રથમની ત્રણે સ્ત્રીઓએ રચેલા ઘણા અંધકારમય માર્ગને પણ " છોડી દઇને પછવાડેની ત્રણે સ્ત્રીઓએ રચેલા નિર્ભય અને સર્વદા " પ્રકાશીત રહેતાં પગથીઆંને માર્ગે છૂપાઇ રહેલું એક વાનરાનું મોટું

---

૧ આ દરેકે દરેક શબ્દ લક્ષ્યમાં લેવા જેવો છે. શુદ્ધ લેશ્યા પ્રાપ્ત થતાં મન **વિશાળ** થતું જાય છે, **તંદુરસ્ત** થતું જાય છે એ ખાસ લક્ષ્યમાં રાખવું. જેઓનાં મનમાં વિશાળતા નથી તે કઇ લેશ્યામાં છે તે આ ઉપરથી સમજી શકાશે.

૨ આનું નામ **કર્મનિર્જરા** કહેવાય છે.

૩ **ધર્મધ્યાન** અને **શુકલધ્યાન**ના સામાન્ય સ્ફુટ સ્વરૂપ માટે જુઓ જૈ. દ. યોગ પૃ. ૧૪૪ થી આખર સુધી ( પ્ર. આ.).

૪ **પવન** ત્રણ ગુણવાળો હોય તો તે સારો લાગે છે: મંદ, શીતળ અને સુગંધી. જોસવાળો ગરમ અથવા દુર્ગંધી પવન સારો લાગતો નથી. આ ધર્મધ્યાન પવન સુખ કરનાર હોવાથી મંદ લાગે છે, સંતાપને દૂર કરનાર હોવાથી શીતળ લાગે છે અને ગુણોની સુવાસ આપે છે તેથી સુગંધી લાગે છે. ત્રણે વિશેષણો બરાબર યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ટોળું છે જે પેલા વાંદરાના બચ્ચાનું સંબંધી થાય છે. એ ટોળામાં 'વિ-
"શુદ્ધ ધર્મ ' નામનો એક મોટો વાંદરો તેનો આગે-
સંબંધી વાન. "વાન છે, પ્રશમ દમ સંતોષ સંયમ સદ્બોધ વિગેરે
રોનું યૂથ. "તેનો પરિવાર છે, વળી ધૃતિ, શ્રદ્ધા, સુખપ્રાપ્તિ, વિ-
"વિદિષા ( જાણવાની ઇચ્છા-જિજ્ઞાસા ), નિઃસ્પૃહતા
"વિગેરે સુંદર વાંદરીઓ તે ટોળામાં હોય છે અને ધૈર્ય, વીર્ય, ઔદાર્ય,
"ગાંભીર્ય ( ગંભીરતા), શૌંડીર્ય ( ગર્વ-pride ), જ્ઞાન, દર્શન, તપ, સત્ય,
"વૈરાગ્ય, અકિંચન્ય ( નિષ્પરિગ્રહપણું ), માર્દવ ( માન ત્યાગ, નિર્માની-
"પણું ), આર્જવ (સરળતા-માયાત્યાગ), બ્રહ્મચર્ય, શૌચ ( પવિત્રપણું )
"વિગેરે બીજા નાનાં વાંદરાઓનાં બચ્ચાં તે ટોળામાં હોય છે. જ્યારે
"એ વાંદરાનું બચ્ચું પેલી પછવાડેની ત્રણ સ્ત્રીઓએ બનાવેલાં પગથી-
"આંપર ચઢવા માંડે છે ત્યારે પેલો મહાવાનર વાંદરી અને વાંદરાના
"એ બચ્ચાંઓમાંના કોઇ કોઇ કોઇ કોઇ જગ્યાએ ક્વચિત્ પ્રગટ
"થાય છે તે સર્વ પેલા વાનરનાં ટોળામાંથી હોય છે. તારૂં જે વાંદરાના
"બચ્ચાંનું રૂપ છે તેને એ સર્વ (મહાવાનર-તેનો પરિવાર-વાંદરીઓ અને
"વાંદરાનાં બચ્ચાંઓ ) શરીરરૂપ છે, જીવનભૂત છે, સર્વસ્વ છે, અને
"ખરૂં સાચું હિત કરનાર છે; વળી એ વાંદરાનું ટોળું સ્વરૂપમાં સ્થિર
"હોય છે, સૂર્યના જેવું તેજસ્વી પ્રકાશમાન હોય છે, પોતાના દર્શનીય
"વર્ણથી જગતને આહ્લાદ કરાવનાર હોય છે, પેલા ગોખલાની બારી-
"ઓને નાકે આવી રહેલાં વિષયવૃક્ષો જેને આંબાનાં ઝાડો જેવાં સુંદર
"કલ્પવામાં આવેલાં હોય છે તેના તરફ તે ઇચ્છા અભિલાષા વગરનું
"હોય છે અને અર્થનિચય સંપત્તિરૂપ ફળ ફૂલ રજ અને કચરામાં
"આળોટવાની સ્પૃહા વગરનું હોય છે. આવું મજાનું વાંદરાનું ટોળું
"ત્યાં કોઇ કોઇ જૂદી જૂદી જગ્યાએ જૂદાં જૂદાં પગથીઆંઓ પર
"માલૂમ પડે છે. આ પોતાના ખાસ સંબંધી અને હિત કરનાર વાંદ-
"રાના ટોળાને એ પ્રકાશમાન નવીન ઉપરના માર્ગમાં મળતાં તારૂં
"વાંદરાનું બચ્ચું (રૂપ) ઘણું આનંદમાં આવી જશે અને અત્યંત હ-
"ર્ષમાં આવી ઉપર ઉપરને પગથિયે ચઢતું જશે અને છેવટે એ છઠ્ઠી
"નારી( શુક્લ લેશ્યા )એ બનાવેલા માર્ગ સુધી પહોંચી જશે. ત્યાં
"એ વાંદરાનું ટોળું શુક્લધ્યાન નામના ગોરૂચંદનના રસનું ઠંડું વિલે-
"પન એ વાનરના બચ્ચાંને આખે શરીરે કરશે.
શુક્લધ્યાન "એ છઠ્ઠી સ્ત્રીએ બનાવેલા અતિ સુંદર માર્ગપર
વિલેપન. "ચઢતાં ચઢતાં જ્યારે અર્ધે રસ્તે એ બચ્ચું આવી
"પહોંચશે ત્યારે ગાઢ આનંદમાં ગરકાવ થઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ત્યાર પછી એ ઉપરનાં પગથીઆં ઉપર ચઢવા અસમર્થ થશે. એ "વાંદરાનું બચ્ચું તારૂં જીવન હોવાથી અંતર ધન હોવાથી અને તારી "સાથે એકીભૂત હોવાથી તે જેમ જેમ ઉપર ચઢતું જાય છે તેમ "તેમ તું પોતે પણ ઉપર ચઢતો જાય છે. હવે એ બચ્ચું તો "ઉપર ચઢવા અસક્ત હોવાથી આગળ વધી શકતું નથી તેથી તેને "ત્યાં જ છોડી દઇને તારે પોતે જ આગળને પગથીએ ચઢવું.[1] છેવટે "એ પગથીઆં પણ છોડી દઇને પોતાની તાકાતથી પંચ હ્રસ્વાક્ષર "કાળ[2] કોઇ પણ જાતના ટેકા વગર આકાશમાં સ્થિર રહીને પછી "પેલો ઓરડો છોડી દઇ, ગર્ભગૃહનો ત્યાગ કરી, વાનરને મૂકી દઇ, "એક ઝપટ[3] મારીને બજારનો માર્ગ પણ છોડી દઇ, એક તડાકે ઉડીને "તારે મઠમાં પેસી જવું અને ત્યાં તારી અગાઉ ગયેલા લોકોની વચ્ચે "અનંત કાળ સુધી રહેવું અને અનંત આનંદનો અનુભવ કરવો.""

"મેં (છઠ્ઠા મુનિએ) કહ્યું કે 'જેવી ગુરૂમહારાજની આજ્ઞા!'— ભાઇ અકલંક! એ વાંદરાનું બચ્ચું એવી રીતે મઠમાં લઇ જવા સમર્થ છે એમ મારા ગુરૂમહારાજે મને તે વખતે જણાવ્યું હતું."

* * *

ગુરૂમહારાજ(છઠ્ઠા મુનિરાજ)ના ભાવાર્થથી ભરપૂર અત્યંત રહસ્યવાળાં ઉપરનાં વચનો સાંભળીને અકલંક તે મુનિરાજને વંદન કરી બોલ્યો "હે મુનિરાજ! ગુરૂએ આપને ઘણો સુંદર ઉપદેશ કર્યો અને આપે તેને અનુસરવા આરંભ કર્યો તે પણ બહુ સુંદર કર્યું! આપના જેવા પ્રભાવશાળીને તે જ યોગ્ય ગણાય."

આ પ્રમાણે છઠ્ઠા મુનિરાજને કહી નમન કરી અમે આગળ ચાલ્યા.

---

૧ તેરમા ગુણસ્થાનકે મનનો પ્રયોગ અટકી જાય છે. કેવળીને ભાવ મન નથી. શુક્લધ્યાનના પ્રથમ બે પાયામાં મન જ કામ કરે છે. એના વિશેષ વિવેચન માટે જુઓ જૈ. દ. યોગ પૃ. ૧૭૪-૧૮૨.

૨ **પંચહ્રસ્વાક્ષર**—અયોગી ગુણસ્થાનનો કાળ પાંચ હ્રસ્વ અક્ષર अइउऋऌ બોલીએ તેમાં વખત લાગે તેટલો છે. તેરમા ગુણસ્થાનકપર્યંત લેશ્યા હોય છે. ચૌદમા ગુણસ્થાનકે લેશ્યા હોતી નથી. ચૌદમું અયોગી ગુણસ્થાનક લેશ્યારહિત હોય છે.

૩ **એક ઝપટ**—જે સમયે કર્મથી મુક્ત થાય છે તે જ સમયે કમાનમાંથી બાણ છૂટે તેમ સીધી ગતિએ પ્રાણી શિવાલયમાં જાય છે. હલકી વસ્તુ ઉપર પહોંચે તેમ કર્મભારથી મુક્ત આત્મા લોકને અંતે સ્વભાવે તે જ સમયે પહોંચી જાય છે. તેટલા માટે 'એક ઝપટ' કહેવામાં આવી છે. અને મોક્ષમાં તો અનંતો કાળ રહેવાનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૦ મું.

## સદાગમ સાન્નિધ્ય. અકલંક દીક્ષા.

છેડા મુનિરાજ પાસેથી જરા આગળ ચાલીને અમે બન્ને ઊભા રહ્યા, પછી મને સમ્યગ્ બોધ ( સાચો ઉપદેશ ) કરવાની ઇચ્છાથી અકલંકે કહ્યું "ભાઇ ઘનવાહન! આ મુનિમહારાજે સ્પષ્ટ શબ્દોમાં જે વાર્તા કરી તેનો અંદરનો ભાવાર્થ તારા સમજવામાં બરાબર આવ્યો કે? જો ભાઇ સાંભળ! એ મહાત્માએ મુદ્દાની વાત આપણને કહી સંભળાવી છે.

**સંસાર સમુદ્રના પારનું કારણ મન.**
**ભવ-સંસારનું કારણ પણ મન.**
**સુખ ક્યારે મળે અને કેમ મળે?**
**ચિત્ત સાધના કરવાની ખરી ચાવી.**

**अनेन हि समाख्यातं क्लेशनिर्मुक्तमंजसा।**
**चित्तमेवात्मनो मुख्यं, संसारोत्तारकारणम् ॥**

તેઓશ્રીએ આપણને જણાવ્યું છે કે ક્લેશથી મૂકાયલું મન સંસારસમુદ્રનો શીઘ્ર પાર પામવાનું મુખ્ય કારણ છે. એ મનને ક્લેશથી મૂકાવાનો પ્રસંગ પણ લેશ્યાના પરિણામ વડે જ બની શકે છે. જ્યારે એ વિશુદ્ધ લેશ્યાદ્વારા શુદ્ધ અધ્યવસાયો તરફ જાય ત્યારે એ ક્લેશથી મૂકાય છે અને ક્લેશથી મૂકાય ત્યારે એ સંસારને પાર ઉતારવા સમર્થ બને છે. વળી એક એટલી જ અગત્યની બીજી વાત પણ તેઓશ્રીએ આપણને કહી જણાવી છે અને તે એ છે કે એ મન શિવગમનનું સુંદર કારણ છે એટલું જ નહિ પણ ભવ( સંસાર )નું પણ તે જ કારણ છે એમ મહાત્માઓ કહે છે. એનું કારણ એ છે કે ઉપર જે ઓરડાનું વર્ણન કરવામાં આવ્યું, જે ગર્ભગૃહનો વિસ્તાર બતાવ-

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વામાં આવ્યો અને જે વાંદરાનું બચ્ચું બતાવવામાં આવ્યું તે સર્વ પ્રાણીઓના[1] સંબંધમાં એકસરખાં જ છે, બધાંને એવાં ઓરડા ગર્ભગૃહો અને બચ્ચાં હોય છે. હવે પેલા દાદરામાં જે પગથીઆં અગાઉ વર્ણવવામાં આવ્યાં હતાં તે તને યાદ હશે. એ વાંદરાનું બચ્ચું એ પગથીઆં ઉપર ચઢે છે અને તે તેનું ચઢવું અનેક પ્રકારના ભવસંસારનું કારણ થાય છે. જે પગથીઆં ઉપર ચઢીને એ ઠેકડા મારે છે તેની બાજુમાં જે દુકાન હોય ત્યાં તેને (પ્રાણીને) જવાનું બને છે; એ વાનરબચ્ચું પ્રાણીને જલ્દી બાજુની દુકાનપર લઇ જાય છે."

મેં પૂછ્યું "ભાઇ અકલંક! તારી વાત સમજાણી નહિ. તું જે કહે છે તેનો અંદરનો અર્થ શો છે?"

અકલંકે જવાબ આપતાં કહ્યું "ભાઇ ઘનવાહન! સાંભળ: લેશ્યા "અને તેના અધ્યવસાય તો તારા સમજવામાં અગાઉ આવ્યાં છે. "જે લેશ્યાના અધ્યવસાયસ્થાનમાં મરણસમયે પ્રાણીનું ચિત્ત હોય "છે, તેજ લેશ્યાના અધ્યવસાયસ્થાનમાં અન્ય ભવમાં પ્રાણી ઉત્પન્ન "થાય છે.[2] ચિત્ત અસંખ્ય અધ્યવસાયોમાં વર્તતું હોય છે અને તેથી "તે ચિત્રવિચિત્ર પ્રકારની યોનિઓરૂપ સંસારનું કારણ બને છે, અનેક "અધ્યવસાયોને અનુરૂપ સ્થાનમાં લઇ જાય છે અને તેથી તે સંસારનું "પણ કારણ છે. ભાઇ ઘનવાહન! જો એ ચિત્ત દોષથી ભરેલા સ્થા"નોમાં વર્તતું હોય છે તો તે સંસારનું કારણ બને છે અને જો તે "જાતે નિર્દોષ સ્થાનમાં વર્તતું હોય છે તો તે જ મન મોક્ષનું કારણ "બને છે. [3]એ ચિત્ત તારૂં ખરેખરૂં અંતર ધન છે, એના ઉપર ધર્મ "અને અધર્મ બંને આધાર રાખે છે, એના ઉપર સુખદુઃખનો "આધાર રહે છે–માટે એ ચિત્તરૂપ સુંદર રત્નનું સારી રીતે રક્ષણ "કર. જીવમાં અને ભાવચિત્તમાં પરસ્પર કાંઇ તફાવત નથી, તેટલા "માટે જે પ્રાણી ભાવચિત્તનું રક્ષણ કરે છે, તેને બરાબર જાળવે છે "તે વાસ્તવિક રીતે પોતાના આત્માનું રક્ષણ કરે છે, આત્માને જા"ળવે છે. જ્યાં સુધી એ ચિત્ત ભોગની લાલસાએ વસ્તુઓ કે ધન

---

૧ અહીં **પ્રાણીઓ** એટલે સંજ્ઞી પંચેંદ્રિયની મુખ્યત્વે વ્યાખ્યા ચાલે છે.

૨ વ્યવહારમાં કહેવાય છે કે 'अंते या मति सा गति'–મરણ વખતે જેવી બુદ્ધિ તેવી ગતિ. આ હકીકત કેવા પ્રકારની છે તે અત્ર સ્ફુટ થાય છે.

૩ અહીંથી મૂળ શ્લોક નીચે નોટમાં આપ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" મેળવવા માટે જ્યાં જ્યાં દોડાદોડ કર્યા કરે ત્યાં સુધી તને સુખની
" ગંધ પણ કેમ આવી શકે ?

" જ્યારે એ ચિત્ત બહારનો સર્વ પ્રકારનો ભ્રમ છોડી દઇને
" તદ્દન સ્પૃહા-ઇચ્છા-આશા વગરનું થાય અને જ્યારે એ આત્મામાં
" સ્થિર થાય ત્યારે **તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૧.

" કોઇ ભક્તિ કરે કે સ્તુતિ કરે અથવા કોઇ કોપ કરે કે નિંદા
" કરે તે સર્વ ઉપર જ્યારે એકસરખી વૃત્તિ રહે-સર્વ ઉપર ચિત્તમાં
" સમ ભાવ થાય ત્યારે **તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૨.

" પોતાનાં સગાં હોય કે સંબંધી હોય અથવા દુશ્મન હોય કે
" નુકસાન કરનાર હોય તે સર્વ ઉપર ચિત્તમાં તુલ્ય ભાવ થાય-એક
" પર રાગ કે બીજા પર દ્વેષ ન થાય ત્યારે **તને પરમ સુખ પ્રાપ્ત
" થાય.** ૩.

" પાંચે ઇંદ્રિયના વિષયો સારા હોય કે ખરાબ હોય, સુખ આપ-
" નાર હોય કે દુઃખ આપનાર હોય તે સર્વના ઉપર એકાકાર વૃત્તિ
" ચિત્તમાં થાય, કોઇ વિષય ઉપર પ્રેમ કે તિરસ્કાર ન થાય ત્યારે
" **તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૪.

" એક માણસ આવીને ગોરૂચંદનનો લેપ કરી જાય અને એક
" માણસ આવીને ફરસીથી છેદ કરી જાય તે બન્ને ઉપર જરા પણ
" તફાવત વગરની સરખી વૃત્તિ રહે એવી મનની સ્થિરતા થાય ત્યારે
" **તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૫.

" સાંસારિક સર્વ પદાર્થો પાણી જેવા છે, તારૂં ચિત્તરૂપી કમળ
" એમાં લેપાય નહિ એવી એની વૃત્તિ થાય, એમાંથી ઉગેલ છતાં
" એની નજીક રહે પણ એને લાગે નહિ એવી સ્થિરતા ચિત્તમાં આવે
" **ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૬.

પ્રચંડ યુવાવસ્થાના જોરમાં ઝળઝળાયમાન થતું લાવણ્ય અને
" સુંદર ખુબસુરતીવાળી લલિત લલનાઓને જોવા છતાં મનની અં-
" દર જરા પણ વિકાર ન થાય એવું સુંદર ચિત્ત તારૂં થાય ત્યારે
" **તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૭.

" અત્યંત ( આત્મ ) સત્ત્વ ધારણ કરીને ચિત્ત જ્યારે 'અર્થ'
" અને 'કામ'સેવનાથી વિરક્ત થાય અને 'ધર્મ'માં આસક્ત થાય
" **ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થાય.** ૮.

" જ્યારે રાજસી અને તામસી પ્રકૃતિથી મન મૂકાઇ જાય અને

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" સ્થિર સમુદ્રની પેઠે ઉછાળાં કે મોજાં વગરનું બની તે તદ્દન શાંત-
" સાત્વિક થઇ જાય ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થાય. ૯.

" [1]મૈત્રી, કારૂણ્ય, માધ્યસ્થ્ય અને પ્રમોદ ભાવનાયુક્ત થઇ જ્યારે
" ચિત્તને મોક્ષ મેળવવામાં એક તાન લાગે ત્યારે તને પરમ સુખ
" પ્રાપ્ત થાય. ૧૦.

" ભાઇ ધનવાહન ! સુખ પ્રાપ્ત કરવા માટે આ દુનિયામાં પ્રા-
" ણીને ચિત્તને છોડીને બીજો એક પણ ઉપાય સિદ્ધ થયો નથી, ત્રણ
" જગતમાં સુખ પ્રાપ્ત કરવાનો એ જ સિદ્ધ ઉપાય છે."[2]

### ધનવાહનની ગાંઠ નરમ પડી.
### પૂર્વ વાર્તાનું સ્મરણ આપ્યું.

અગૃહીતસંકેતા ! અકલંકના એવાં સુંદર વચનામૃતો સાંભળીને હું જરા આહ્લાદ પામ્યો અને પછી એ મારા મિત્ર અકલંકે દષ્ટાંત રૂપ મુદ્ગરવડે મારી આકરી કર્મપદ્ધતિને કાપી નાખી-તોડી નાખી.

---

૧ આ ચાર જાણીતી ભાવનાઓ છે. મૈત્રીમાં સર્વ પ્રાણી તરફ બંધુભાવ છે, કારૂણ્યમાં દુઃખી તરફ દયા છે, માધ્યસ્થ્યમાં પાપી તરફ મધ્યસ્થભાવ છે અને પ્રમોદમાં ગુણની પુષ્ટ છે. અન્યત્ર એ પર વિસ્તારથી લેખ લખ્યો છે. જુઓ અ. કલ્પદ્રુમ પૃ. ૨૪-૪૦ ( તૃ. આ. ) અને જૈન દ. યોગ પૃષ્ઠ ૯૨-૯૪.

૨. ચિત્તસાધનાનાં આ શ્લોક વારંવાર વિચારવા લાયક છે, કંઠે કરવા યોગ્ય છે, તેથી નીચે આપ્યા છેઃ—

रक्षेदं चित्तसद्रत्नं तस्मादन्तर्धनं परम् । धर्माधर्मौ सुखं दुःखं यत्र सर्वं प्रतिष्ठितम् ॥
जीवाच भावचित्ताच नास्ति भेदः परस्परम् । आत्माऽतो रक्षितस्तेन चित्तं येनेह रक्षितम् ॥
अर्थार्थं भोगलौल्येन यावद्धावति सर्वतः । चित्तं कुतस्त्यस्ते तावत्सुखगन्धोऽपि विद्यते ?
यदेदं निःस्पृहं भूत्वा परित्यज्य बहिर्भ्रमम् । स्थिरं सम्पत्स्यते चित्तं तदा ते परमं सुखम् ॥१॥
भक्तेस्तोतरि कोपान्धे निन्दाकर्तरि चोत्थिते । यदा समं भवेच्चित्तं तदा ते परमं सुखम् ॥२॥
स्वजने स्नेहसम्बद्धे रिपुवर्गेऽपकारिणि । स्यात्तुल्यं ते यदा चित्तं तदा ते परमं सुखम् ॥३॥
शब्दादिविषयग्रामे सुन्दरेऽसुन्दरेऽपि च । एकाकारं यदा चित्तं तदा ते परमं सुखम् ॥४॥
गोशीर्षचन्दनालेपिवासीच्छेदकयोर्यदा । अभिन्नचित्तवृत्तिः स्यात्तदा ते परमं सुखम् ॥५॥
सांसारिकपदार्थेषु जलकल्पेषु ते यदा । अश्लिष्टं चित्तपद्मं स्यात्तदा ते परमं सुखम् ॥६॥
दृष्टेषूद्दामलावण्यबन्धुराङ्गेषु योषिताम् । निर्विकारं यदा चित्तं तदा ते परमं सुखम् ॥७॥
यदा सत्त्वैकसारत्वादर्थकामपराङ्मुखम् । धर्मे रतं भवेच्चित्तं तदा ते परमं सुखम् ॥८॥
रजस्तमोविनिर्मुक्तं स्तिमितोदधिसन्निभम् । निष्कल्लोलं यदा चित्तं तदा ते परमं सुखम् ॥९॥
मैत्रीकारुण्यमाध्यस्थ्यप्रमोदोद्दामभावनम् । यदा मोक्षैकतानं तत्तदा ते परमं सुखम् ॥१०॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી મોટી કર્મસ્થિતિને ઓળંગીને બાકી રહેલી નાની કર્મસ્થિતિ પાસે હું આવી પહોંચ્યો. આ નાની કર્મની સ્થિતિ જલદી તોડી શકાય તેવી છે,[1] જે તું યાદ કર.

પૂર્વકથા સ્મરણ.

{[2]વામદેવના પ્રસ્તાવમાં બુધસૂરિએ જે વાત કરી હતી તે તારા ધ્યાનમાં હશે. તું તે યાદ કરીશ તો તને આ વાર્તા બરાબર સમજાઇ જશે. (અગૃહીતસંકેતાએ એ વાર્તા જરા સ્મરણમાં લઇ આવવાનું અને તે માટે ફરીવાર યાદ આપવાનું કહેતાં સંસારીજીવે કહેવા માંડ્યું) જે તું યાદ કર. બુધસૂરિએ જે વખતે પોતાનો હેવાલ કહેવા માંડ્યો હતો, તે વખતે તેમણે જણાવ્યું હતું કે તેમનો પુત્ર વિચાર મુસાફરી કરવા અને પરદેશ દેશદેશાન્તર જોવા સારૂ ગયો હતો.[3] એ વિચાર નામનો બુધસૂરિનો પુત્ર અનેક દેશોમાં ફરીને ભવચક્રનું બારિકીથી નિરીક્ષણ કરીને માર્ગાનુસારિતાને સાથે લઇને ઘણે વખતે પાછો ફર્યો હતો, તેણે એકાંતમાં બુધસૂરિ પાસે સર્વ હકીકત નિવેદન કરી હતી. [4]તેણે તે વખતે જણાવ્યું હતું કે મહાબળવાન મોહ-

---

૧ કર્મગ્રંથિ-દરેક કર્મની મોટી સ્થિતિ હોય છે. મોહનીય કર્મની સિત્તેર કોડાકોડિ સાગરોપમની વિગેરે. એમાં આયુષ્ય સિવાય બાકીનાં સાતે કર્મની સ્થિતિ એક કોડાકોડિ સાગરોપમથી કાંઇક ન્યૂન કરે છે, એને યથાપ્રવૃત્તિકરણ કહેવામાં આવે છે એનાપર અગાઉ વિસ્તારથી નોટ લખી છે. જુઓ પૃ. ૮૬-૮૮. આનાથી આગળ ચાલે ત્યારે ગ્રંથિભેદ થાય છે તે હવે પછી જણાશે. ઉપર જણાવેલી નોટ વાંચી જવા ખાસ ભલામણ છે. એથી આ હકીકત સ્પષ્ટ જણાશે.

૨ વામદેવ બુધસૂરિઃ પાંચમા પ્રસ્તાવના પાત્રોનું લીસ્ટ જુઓ એટલે આ નામોનો પરિચય તાજો થઇ જશે.

૩ શુભવિપાક અને નિજસાધુતાનો પુત્ર બુધ. બુધ અને ધિષણાનો પુત્ર વિચાર. જુઓ પૃ. ૧૨૮૪ માં આપેલ પત્રક.

૪ વિવેક પર્વતના અપ્રમત્તશિખર ઉપર જૈનપુર બતાવે છે તે વખતે સંયમસુભટને માર પડતો જોવાય છે. પ્ર. ૫. પ્ર. ૧૯ (પૃ. ૧૩૦૦). તે જોવા મારી સાથે વિચાર જાય છે. ચારિત્રરાજ પોતાનું લશ્કર તપાસે છે અને પોતાના બળના સંબંધમાં સદ્બોધમંત્રી સાથે વિચાર ચલાવે છે (પૃ. ૧૩૦૫), દૂતને કહી સંદેશો કહેવરાવે છે. છેવટે ચારિત્રરાજ અને મોહરાયનું યુદ્ધ થાય છે (પૃ. ૧૩૧૬-૧૭) જેમાં ચારિત્રરાજ ઘેરાઇ જાય છે. આ સર્વ વાત બુધપિતાની પાસે વિચાર નામનો તેમનો પુત્ર કહી સંભળાવે છે. મોહરાય અને ચારિત્રરાજના યુદ્ધનો હેવાલ પાંચમા પ્રસ્તાવમાં પ્રકરણ ૧૯ માં છે. પૃષ્ઠ ૧૩૧૮ વાતથી આગળ વાર્તા અહીં ચાલશે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાય અને તેની સેના સાથે લડતાં ચારિત્રરાજ ( એ બન્ને ) વચ્ચે યુદ્ધ થતું તેણે જોયું હતું. વળી તેણે જણાવ્યું હતું કે મોહરાયે તે વખતે ચારિત્રરાજપર જીત મેળવી હતી અને તેને ઘેરીને અભિમાનમાં મોહરાય ઊભો હતો. છેવટે વિચારે બુધપિતાને જણાવ્યું હતું કે એવી રીતે ચારિત્રરાજને ઘેરાયલી સ્થિતિમાં જોઇને અને તેની ચોતરફ અભિમાની મોહરાયનું બળવાન લશ્કર ફરી વળેલું દેખીને તે પિતા પાસે પાછો ફર્યો હતો. (પૃ. ૧૩૧૭).

આટલી વાત સાંભળતાં સર્વ પૂર્વે સાંભળેલી વાત વિગતસાથે અગૃહીતસંકેતાને યાદ આવી ગઇ અને તેણીએ જણાવ્યું કે 'બરાબર છે! એ સર્વ વાત અગાઉ તેં ઘ્રાણ( નાસિકા )ના દોષ બતાવતી વખતે જણાવી હતી. હવે મને એ સર્વ વાર્તા બરાબર યાદ આવી ગઇ છે. હવે એ વાર્તા ત્યાંથી આગળ ચલાવ.'

સંસારીજીવે તેને આવી રીતે જાગૃત કર્યા પછી પોતાની વાર્તા આગળ ચલાવી.}

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**ચારિત્ર મોહની કથા ચાલુ.**
**સદ્‌બોધ સાથે કરેલો મંત્ર.**
**સદાગમ પ્રેષણ માટે નિર્ણય.**

અનંત કાળથી ચિત્તવૃત્તિ અટવીમાં ચારિત્રરાજનું આખું લશ્કર ચારે તરફથી ઘેરાઇ ગયું હતું તે વાત તારા લક્ષમાં આવી ગઇ. હવે અકલંકની પાસે ઊભો ઊભો હું તેની વાત સાંભળતો હતો તે વખતે જે બનાવ બન્યો તે તું બરાબર ધ્યાન રાખીને સાંભળ.[1] પોતાના આખા લશ્કરને ઘેરાઇ જવાને અંગે દીલગીરિમાં પડી ગયેલું જોઇ સદ્‌બોધમંત્રીશ્વર રાજરાજેશ્વર ચારિત્રરાયને ઉદ્દેશીને બોલ્યો "દેવ! આપણે આ બાબતમાં હવે વધારે વખત દીલગીર થવાની જરૂર નથી, કારણ કે આપણા મનોરથવૃક્ષોને પુષ્પો આવતાં દેખાય છે માટે તે હવે ફળીભૂત થશે એમ જણાય છે. હકીકત એમ છે કે આ મહા પ્રભાવશાળી સંસારીજીવ જ્યાં સુધી આપણને ઓળખતો નથી ત્યાં સુધી જ આપણને દુશ્મન તરફની સર્વ પીડાઓ છે; જેવો તે આપણું રૂપ જાણશે, આપણને ઓળખશે તેવો જ તે આપણને સંતોષ આપશે અને આપણે તે જ વખતે આપણા

---

૧ જીવનના અગત્યના બનાવો વાતો સાંભળતાં બની જાય છે, આખું પરિવર્તન થઇ જાય છે-એ ખાસ વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુ( મોહરાય )ના આખા લશ્કરનો નાશ કરવા શક્તિમાન્ થશું.

અટવીમાં ઉજ્જવળતા. આગળ વધવામાં સંભાળ.

આપણો મહાપ્રભુ એ **સંસારીજીવ** છે. અત્યારે આ ચિત્તવૃત્તિ મહા અટવી જરા જરા ઉજ્જવળ દેખાય છે, એમાં અગાઉ જે મોટું તામસ ( અંધારૂં ) વ્યાપી રહેલું હતું તે ઓછું થતું જણાય છે–એટલા ઉપરથી મને એમ લાગે છે કે આપણો એ મોટો શેઠ ( **સંસારીજીવ** ) આપણને વધારે સારી રીતે જાણે પીછાને એવી સ્થિતિમાં આવતો જાય છે. એની ચિત્તવૃત્તિમાં રહેલા અંધકારમાં આપણે એટલા બધા દબાઇ ગયા હતા કે તેણે અત્યાર સુધી આપણને જોયા જ નથી; પણ હવે એ અંધકાર ઓછો થતો જાય છે અને કાંઇક ઉજ્જવલતા થતી જાય છે, તો હવે **સંસારીજીવ** આપણું દર્શન જરૂર કરશે, આપણને બરાબર જોશે એમ લાગે છે. આ પ્રમાણે હકીકત છે તો મારો એવો મત થાય છે કે આપણા મહાન્ રાજા કર્મપરિણામને પૂછીને એ **સંસારીજીવ** પાસે આપણે કોઇ આપણા મુદ્દામ માણસને મોકલવો. આપણો ગયેલો માણસ **સંસારીજીવ** પાસે જઇને જો તેને અનુકૂળ બનાવે તો કેટલોક વખત ગયા પછી એના મનમાં આપણને જોવાની લાલસા જરૂર ઉત્પન્ન થશે.”

સદ્બોધમંત્રીશ્વરની આવી સલાહ અને ઉપર જણાવેલા વિચારો સાંભળીને ચારિત્રરાજ બોલ્યા “ભાઇ! તેં વાત ઘણી સારી કરી અને મત આપ્યો તે મને બહુ ઠીક જણાય છે. હવે આ પ્રસંગે **સંસારીજીવ** પાસે મોકલવા યોગ્ય આપણો કયો માણસ છે તે પણ તું જણાવ એટલે તે સંબંધમાં તજવીજ થાય.”

સદ્બોધમંત્રીએ જવાબ આપ્યો “દેવ! મારા વિચાર પ્રમાણે તો આ **સદાગમ** ત્યાં મોકલવા યોગ્ય છે. જ્યારે **સંસારીજીવ**ને આ સદાગમ સાથે ઘણી વાર પરિચય થશે ત્યારે તેનામાં આપણા દર્શનની[1] મજબૂત ઇચ્છા ઉત્પન્ન થશે. ત્યાર પછી મહારાજા કર્મપરિણામ આપણને તેની સાથે ઓળખાણ કરાવશે તે વખતે આપણે શત્રુનો ઘાત કરવા શક્તિમાન્ થશું.”

**સદ્બોધ મંત્રીએ જે હકીકત કહી અને સલાહ આપી તે સર્વ ચારિત્રરાજે સ્વીકારી અને સદાગમને મારી પાસે આવવા તૈયાર થવાનો**

---

૧ **દર્શનઃ** શ્લેષ છેઃ દર્શન એટલે (૧) જૈન દર્શન; અને (૨) દર્શન એટલે દેખવું તે.

JAINSITE.com જૈન સાહિત્ય જૈનમ્ અને ઇતિહાસ જાણવા
www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

હુકમ આપ્યો. વળી રાજાએ મંત્રીશ્વરને પૂછ્યું "કેમ! આ સદાગમ સાથે આપણે [1]સમ્યગ્દર્શન નામના આપણા સેનાપતિને પણ મોકલશું?" સદ્બોધમંત્રીએ વિચાર કરીને જવાબ આપ્યો "દેવ! સંસારીજીવ પાસે સમ્યગ્દર્શન સેનાપતિ જાય એ તો ઘણું ઉત્તમ છે એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી, કારણ કે સદાગમ પણ સમ્યગ્દર્શન સાથે હોય ત્યારે જ પોતાનો ખરેખરો લાભ આપી શકે છે અને તેમ થાય ત્યારે જ આપણે સર્વે પણ તેની જાણમાં આવી જઇએ છીએ, પણ હજુ તેને (સમ્યગ્દર્શનને) મોકલવાનો અવસર થયો નથી, તેથી હાલ તુરત તેને મોકલવો નહિ. સમજુ માણસો અવસર વગર કોઇ પણ કામ કરતા નથી."

શ્રી સમ્યગ્દર્શનનો હજુ અવસર નથી.

ચારિત્રરાજે વળી સવાલ કર્યો "ત્યારે મંત્રી! એને મોકલવાનો અવસર ક્યારે આવશે? તે પણ તું જણાવ."

સદ્બોધમંત્રીએ જવાબ આપ્યો "દેવ! તે સંબંધમાં મારો જે વિચાર છે તે હું આપને કહી સંભળાવું છું. આ સદાગમ હાલ સંસારીજીવ પાસે જાય, તેની પાસે રહીને તેને સારી રીતે રીઝવે, એવી રીતે કરવાથી જ્યારે એ રીઝાઇ જશે ત્યારે પછી તે વખતે સમ્યગ્દર્શનને મોકલવો; કેમ કે આ સદાગમની બાજુમાં રહીને સંસારીજીવ વારંવાર તેના પરિચયથી જ્યારે પોતામાં તાકાત (વીર્ય) લાવશે ત્યારે સમ્યગ્દર્શનને તેની પાસે રહેવાનો વખત આવી લાગશે."

મંત્રીની સદરહુ સલાહ ચારિત્રરાજે માન્ય કરી અને તે જ વખતે તેમણે મારી પાસે સદાગમને મોકલ્યો અને સદાગમ મારી પાસે આવી પહોંચ્યો.

---

૧ સદાગમ અને સમ્યગ્દર્શનઃ સદાગમ એટલે શુદ્ધ જ્ઞાન, વસ્તુ સ્વરૂપ બતાવનાર સાચા નિર્ણયો. સમ્યગ્દર્શન એટલે શુદ્ધ બોધ અને શ્રદ્ધા. જ્ઞાન વગર બોધ થતો નથી અને શ્રદ્ધા સ્થિર રહેતી નથી, ઉપર ઉપરની શ્રદ્ધા ખસી જતાં વખત લાગતો નથી. જ્ઞાન અને શ્રદ્ધાના ખરેખરાં સ્થાનો જૈન યોગમાં ક્યાં છે તે આ ફકરો વાંચતાં સમજાશે. સિદ્ધર્ષિગણિ તો સદાગમ વગર સમ્યગ્દર્શનનો અવકાશ જ નથી ત્યાં સુધી કહે છે. દર્શનપ્રાધાન્ય વર્તમાન યુગમાં આ વાત કદાચ બરાબર નહિ લાગે પણ એ વાત વિચારવા યોગ્ય છે. સદાગમ વગર દર્શનવ્યામોહ નકામો છે, કેટલીક વાર દંભ અને કેટલીક વાર આત્મવંચના કરાવનાર થાય છે અને બહુધા લાંબો વખત ટકી શકતો નથી. આ વાત ખાસ વિચારવા યોગ્ય છે. સમ્યગ્દર્શનના વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૩૬. (પૃ. ૧૦૮૮). આ વાત એકાંત નથી પણ એકંદરે લક્ષમાં રાખવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સદાગમ આગમન
## અને
## જ્ઞાનસંવરણની અંતરલીનતા.

હવે મહામોહ રાજાએ તો અગાઉથી જ પોતાના સંબંધી 'જ્ઞાનસંવરણ નામના બળવાન્ રાજાને મારી પાસે મોકલી આપ્યો હતો. એ રાજાએ આવીને ચારિત્રરાજની આખી સેનાને પડદા પાછળ નાખી દીધી હતી અને એ વારંવાર મહામોહના આખા લશ્કરનું પોષણ કર્યા કરતો હતો. આ પ્રમાણે હકીકત હોવાથી એ જ્ઞાનસંવરણ રાજાના જોરથી મહામોહ રાજાના લશ્કરને ભયનાં સર્વ કારણો નાશ પામી ગયાં હતાં અને તેના બળથી સર્વે નિશ્ચિંત થઇને આનંદમાં રહેતા હતા. તેઓએ ચારિત્રરાજની સેનાને હઠાવી દીધી હતી તેનું કારણ આ જ્ઞાનસંવરણ રાજાનું જોર જ હતું અને અત્યારે શત્રુને પાછો પાડી દઇને તેઓ મોજ કરતા હતા. હવે સદાગમને જેવો તે જ્ઞાનસંવરણ રાજાએ મારી પાસે આવતો જોયો કે તે તો અંદર છૂપાઇ જઇ ભરાઇ બેઠો અને અંતરમાં જ્યાં ત્યાં ગોઠવાઇ ગયો.[2]

## સદાગમ સામર્થ્ય કથન.
## વ્યવહારથી તેનો આદર.
## અકલંકે દીધેલી દીક્ષા.

આ પ્રમાણે આંતર રાજ્યમાં હકીકત બનતી હતી તે વખતે નજીકમાં ધ્યાનારૂઢ થયેલા સર્વ મુનિઓના ગુરૂપાસે અકલંક ગયો, તેમને પાદવંદન કર્યું અને તે વખતે હું પણ તેની સાથે ગુરૂ પાસે ગયો. એ ગુરૂમહારાજ કોવિદાચાર્યનો જ્યારે ધ્યાનયોગ પૂરો થયો ત્યારે તેમણે 'ધર્મલાભ' આપ્યો અને અકલંક સાથે તેમણે વાતચીત કરવા માંડી. અકલંકે કેટલાક સવાલો પૂછ્યા જેના ગુરૂમહારાજે ઉત્તર આપ્યા અને ગુરૂમહારાજે ધર્મદેશના પણ કરવા માંડી તે વખતે તેમની બાજુમાં મેં પેલા મહાત્મા સદાગમને જોયા.

---

૧ **જ્ઞાનસંવરણ**: જ્ઞાનાવરણી કર્મ. **મોહરાય** મોટા રાજા પાસે બીજા સાત રાજાઓ વર્ણવવામાં આવ્યા હતા. જુઓ પ્રસ્તાવ ૪. પ્ર. ૧૯ (પૃ. ૯૯૮). એમાં એક રાજા **જ્ઞાનસંવરણ** હતા. તે રાજા જ્ઞાનનો અંતરાય કરે છે, આત્માના જ્ઞાન ગુણની સામે આવરણ નાખે છે અને વસ્તુનું સત્ય જ્ઞાન થવા દેતો નથી.

૨ **સંસારીજીવ** પોતાની વાર્તા **અગૃહીતસંકેતા** પાસે કહે છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

અકલંકને મેં તે વખતે પૂછ્યું કે 'એ સદાગમ કોણ છે ?' એના જવાબમાં અકલંકે મને જણાવ્યું કે "ભાઇ ઘનવાહન ! એ મહાત્મા સદાગમ સાધુ પુરૂષોને પણ આરાધના કરવા યોગ્ય છે. એ સદાગમ મહાત્મા જે હુકમ ફરમાવે તેને વિનયપૂર્વક આ સર્વ સાધુઓ ઉપાડી લે છે અને એ સદાગમની મહત્તા શી છે તે ગુરૂમહારાજ બહુ સારી રીતે જાણે છે. એ સદાગમ ધર્મ અને અધર્મનું બરાબર વિવેચન કરનાર હોવાથી તે તને ઘણું હિત કરનાર છે, માટે યોગ્ય ઉપદેશ મેળવવા ખાતર તારે એની ઓળખાણ કરવી જરૂરી છે. મને પોતાને, આ સર્વ સાધુઓને અને ગુરૂમહારાજ( કોવિદાચાર્ય )ને જે જ્ઞાન થયેલું છે, વસ્તુસ્વરૂપ સમજાયું છે, તે સર્વ આ સદાગમમહાત્મા પાસેથી જ મળેલું છે. આ પ્રમાણે હકીકત હોવાથી આ કોવિદાચાર્ય એ હિતકારી સદાગમ સાથે તારો સંબંધ સારી રીતે જોડી આપશે. એની સાથે તારો સંબંધ જોડાશે એટલે પછી તારા પોતાના આત્માને લાભ ક્યાં છે અને નુકસાન ક્યાં છે, હિત અહિત કેમ ક્યાંથી અને શા માટે થાય છે એ સર્વ તું અનુક્રમે જાણી શકીશ, માટે તું એ સદાગમનો આશ્રય કર."

મારા મિત્રના આગ્રહથી અને કાંઇક અંતરાત્માના સંતોષથી પણ વિશેષે કરીને મારા મિત્રને રાજી કરવા મેં તે વખતે સદાગમને આદર્યો, સદાગમ સાથે સંબંધ જોડ્યો. સદાગમના કેટલાક ગુણો તે વખતે મને કોવિદસૂરિએ બતાવ્યા અને તેનું વિજ્ઞાન પણ દર્શાવ્યું, પણ મને તે ઉપર બરાબર શ્રદ્ધા થઇ નહિ. માત્ર અકલંકના આગ્રહથી અને તેને ખુશી કરવા સારૂં હું ચૈત્યવંદન કરૂં, સાધુઓને દાન આપું અને એવાં એવાં કાર્યો કરૂં, પણ મારા અંતરમાં બિલકુલ ભાવ ઉત્પન્ન થયેલા ન હતા. ભાવશૂન્ય ચિત્તે ઉપર ઉપરથી આ સર્વ કાર્યો હું તે વખતે કરવા લાગ્યો. વળી અકલંકના કહેવાથી હું 'નવકાર[1]' વિગેરેનો પાઠ પણ કરવા લાગ્યો. એ સર્વ કાર્યોમાં મારૂં મન ન હોતું, પણ અકલંકના અનુરોધથી સર્વ કરતો હતો.[2]

ત્યાર પછી માતપિતાની રજા લઇને અકલંકે તુરતમાં જ ગુરૂ કોવિદાચાર્ય પાસે દીક્ષા લીધી અને ગુરૂમહારાજ સાથે અન્ય સ્થળે વિહાર કર્યો.

૧ નવકારઃ નમસ્કાર. નમો અરિહંતાણં વિગેરે. જૈનનો પ્રથમ સંસ્કાર.
૨ આ દ્રવ્ય અનુષ્ઠાન થયાં. ભાવ અનુષ્ઠાનનો હજુ અવસર થયો નથી.

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૧ મું.

## મહામોહ અને મહાપરિગ્રહ.

સદ્બોધ મંત્રીની સલાહથી સદાગમને મારી પાસે (સંસારીજીવ પાસે-તે વખતના ઘનવાહન પાસે) મોકલવાનો ચારિત્રરાજે ઠરાવ કર્યો અને તે પ્રમાણે સદાગમ મારી પાસે આવ્યો અને મેં તેનો આશ્રય કર્યો. અકલંકના કહેવાથી ઉપર ઉપરથી મન વગર મેં કેટલાંક સારાં કાર્યો કર્યાં અને ગુણો સ્વીકાર્યા. હવે તે વખતે મહામોહરાજના સૈન્યમાં શી હકીકત બની તે તને કહી સંભળાવું.

**મહામોહરાજાની સભામાં ખળભળાટ.**
**લડાઇમાં સદાગમને જીતવાનો આગ્રહ.**
**મહામોહ અને પરિગ્રહનું પ્રયાણ.**

જ્યારે [1]રાગકેસરિના મંત્રીના જાણવામાં આવ્યું કે **જ્ઞાનસંવરણ** રાજા સદાગમના ભયમાં આવી પડ્યો છે ત્યારે તેણે મહારાજા **મહામોહને** કહ્યું "મહારાજ! અત્યાર સુધી **જ્ઞાનસંવરણ** રાજાને કોઇ પણ પ્રકારનો ત્રાસ કે ભય થતો ન હોતો તેથી આપણે સર્વે નિશ્ચિંત થઇને બેઠા હતા, પરંતુ દેવ! હાલમાં પેલો **સદાગમ** સંસારીજીવ પાસે જઇને

---

૧ **રાગકેસરિ**-મહામોહનો પુત્ર અને મંત્રી. જાતે રાજસત્તા પણ ધારણ કરે છે કારણ **મોહરાય** ઘણા ઘરડા થયા છે. એના વર્ણન માટે જુઓ **પ્ર. ૪. પ્ર. ૧૩** (પૃ. ૮૧૩). એ રાગકેસરિનો મંત્રી **વિષયાભિલાષ** છે. એના વર્ણન માટે જુઓ **પ્ર. ૪. પ્ર. ૧૭** (પૃ. ૮૮૩ થી ૮૮૬).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહ્યો છે અને એનાથી જ્ઞાનસંવરણ રાજા ત્રાસ પામી રહ્યો છે. વળી એ સદાગમ આપસાહેબનો કટ્ટો વિરોધી છે તેથી આ બાબત નજર તળે કાઢી નાખવા જેવી કે ઉપેક્ષા કરવા જેવી નથી. ડાહ્યો માણસ જે વસ્તુ નખથી છેદી શકાય તેવી હોય તેને કુહાડાથી છેદવી પડે તેવી થવા દેતો નથી, તેવી બાબતને તો મૂળમાંથી ડાંભી દે છે."[1]

વિષયાભિલાષ અમાત્યનાં આવાં વચન સાંભળીને મોહરાજાની આખી સભાને સદાગમ ઉપર ઘણો રોષ ઉભરાઇ આવ્યો અને આખા સભાસ્થાનમાં ખળભળાટ થઇ રહ્યો. બધા યોદ્ધાઓ એકદમ ભવાં ચઢાવી હોંકારા કરવા માંડ્યા, હોઠ કરડવા લાગ્યા અને જમીનપર પગ પછાડવા લાગ્યા અને મુખેથી બોલવા લાગ્યા કે 'દેવ! અમને હુકમ આપો, અમે એ પાપી સદાગમને હણી નાખીએ.' દરેક યોદ્ધો આવી રીતે એકી સાથે બોલવા લાગ્યો તેથી સભાસ્થાનમાં મોટો ગડબડાટ થઇ ગયો.

મહામોહ રાજા પોતે આ સર્વ ગડબડાટ અને પરિસ્થિતિ જોઇને બોલ્યા "મારા બહાદુર યોદ્ધાઓ! તમે સર્વ જેમ કહો છો તેમ કરો તેવા છો તેમાં જરા પણ શંકા જેવું નથી, પરંતુ એ મહાપાપી સદાગમે સંસારીજીવ પાસે ખાસ મેં મોકલેલા આપણા સંબંધી જ્ઞાનસંવરણ રાજાનું આટલું બધું અપમાન કર્યું છે તેથી એ હરામખોર દુરાત્માને મારે જાતે જ હણવો છે. વળી મારા યોદ્ધાઓ! હું તમારા સમુદાય રૂપ જ છું તેથી જો હું તેને હણું તો તેને હણવાનું માન તમને જ સર્વને ઘટે છે. આ પ્રમાણે હોવાથી એને હણવા હું જઉં તો વાસ્તવિક રીતે તમે જ ગયા છો, કારણ કે તમારો સર્વનો સમુદાય તે જ હું છું, મારામાં તમે સર્વ આવી જાઓ છો; માટે મારા વત્સો! તમે સર્વ અહીં રહો; એ સદાગમ પાપીનો નાશ કરવા હું જ જઉં છું. તમે સર્વ સ્વામી (મારી) તરફ પ્રેમ રાખનારા છો તેથી જ્યારે જ્યારે તમારામાંના કોઇનો ખપ પડે ત્યારે ત્યારે તુરત સાવધાન રહેજો અને યથાવસર જરૂર પડે ત્યારે વચ્ચે વચ્ચે તમારૂં કામ બજાવી લેજો."

---

૧ આ એક નીતિ છે. પ્રથમ બાબત નાની હોય છે ત્યારે તેને સહેજે દાબી શકાય છે. વાત વધી પડે પછી આકરૂં કામ બની જાય છે; સમજુ માણસ તેટલા માટે નુકસાન કરનારી બાબતને શરૂઆતથી દાબી દે છે. બાબત નાની હોય, શરૂઆતની હોય, ત્યારે નખે તેને છેદી કે ઉખેડી શકાય છે, તે જ વાત વધી પડે ત્યારે કુહાડાનો ખપ પડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વળી આ મારા પુત્ર રાગકેસરિના પુત્ર [1]સાગરનો મિત્ર પરિગ્રહ નામે છે તેના ઉપર મને બહુ હેત છે, તે મારો ખાસ વહાલો છે, એને અહીં મૂકી દઇને મને ત્યાં જવાનો ઉત્સાહ થતો નથી. એ પરિગ્રહ મહા બળવાન્ છે અને મને સારી રીતે સહાય આપે તેવો છે. માટે મારા મદદગાર તરીકે એ પરિગ્રહને એકલાને સાથે લઇને પેલા સદાગમનો નાશ કરવા હું જઉં છું."

મહારાજ રાજેશ્વર મહામોહનો એ સંબંધમાં અત્યંત આગ્રહ જોઇને સર્વેએ તેમનું વચન માન્ય કર્યું અને મસ્તક નમાવીને તે વચનનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી અત્યંત ઉત્સાહમાં આવીને અને પૂરતા જોસ સાથે તે મહામોહ અને પરિગ્રહ મારી પાસે આવ્યા અને મેં એ બન્નેને આવતા જોયા. સુંદરિ! અનાદિ કાળથી મારો એ સંબંધમાં અભ્યાસ પડેલો હોવાથી મારે એ મહામોહ અને પરિગ્રહ સાથે ઘણો સંબંધ થઇ ગયો અને સ્નેહ પણ તુરત જ જામી ગયો.

---

૧ **સાગરઃ** સાગરનું વર્ણન પ્રસ્તાવ છઠ્ઠામાં સારી રીતે વિસ્તારથી થઇ ગયું છે. એ લોભનું રૂપક છે. **પરિગ્રહ** એટલે ધન ધાન્ય વિગેરે વસ્તુઓ એકઠી કરવી, તેના પર માલીકી માનવી અને તેમને જાળવવી વધારવી અને તેના સંબંધમાં વિચાર-દુર્ધ્યાન કર્યા કરવાં. શાસ્ત્રકાર પરિગ્રહ નવ પ્રકારનો કહે છે: ૧ **ધન**, ૨ **ધાન્ય** ( અનાજ ), ૩ **ક્ષેત્ર** ( ખેતરો ), ૪ **વાસ્તુ** ( ઘર-સ્થાવર મિલ્કત ), ૫ **રૂપ્ય** (રૂપું), ૬ **સુવર્ણ** ( સોનું-આ બન્નેમાં સોનું રૂપું અને તેના દાગીનાઓનો સમાવેશ થાય છે), ૭ **કુપ્ય** (અન્ય ધાતુ. ઠામ વાસણોનો અત્ર સમાવેશ થાય છે), ૮ **દ્વિપદ**-બે પગવાળાં. દાસદાસીઓ. અગાઉ તેને મિલ્કતમાં ગણવામાં આવતા હતા, ૯ **ચતુષ્પદ** ( ચાર પગાળાં ગાઇ, બળદ, ભેંસ, હાથી, ઘોડા, ગધેડા વિગેરે ). મોટર, ગાડી, પરચુરણ કપડાં, ચીજો, ફરનીચર વિગેરે સર્વ વસ્તુઓનો સમાવેશ કુપ્યમાં થાય છે. 'ધન'માં ગણીને તોળીને અથવા માપીને વેચવાની સર્વ વસ્તુનો સમાવેશ કર્યો છે. તે ઉપરાંત રોકડ અને ઉઘરાણીનો પણ તેમાં જ સમાવેશ થાય છે. 'ક્ષેત્ર'માં ખેતીવાડીની સર્વ જમીન અને બગિચાનો સમાવેશ કર્યો છે અને 'વાસ્તુ'માં એ સિવાયની સર્વ સ્થાવર મિલ્કતનો સમાવેશ કર્યો છે. આમાં રૂપા સોનાનો સમાવેશ ધનમાં થઇ શકે તેમ છે છતાં તેને જૂદાં દેખાડ્યાં છે તેનું કાંઇ કારણ હોવું જોઇએ અને ધાતુનાં વાસણો સિવાયના ઘરના ફરનીચરનો સમાવેશ કુપ્યમાં કરવાનો છે. પહેરવાના કપડાનો સમાવેશ પણ કુપ્યમાં થાય છે. ધર્મસંગ્રહ પૃ. ૧૦૬ માં કહે છે કે ઘરની સર્વ ઘરવકરી 'કુપ્ય'માં આવે છે, સોના રૂપા સિવાય સર્વનો સમાવેશ એમાં થાય છે. સોના રૂપા સિવાયની ધાતુનો સામાન કાષ્ઠ વસ્ત્ર અને માટીનાં વાસણો વિગેરે સર્વ કુપ્ય છે. શેર, કરંસી નોટ, પ્રોમીસરી નોટ બોન્ડ, ડીબેંચરનો સમાવેશ ધનમાં ગણવો જોઇએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જીમૂતરાજ મરણ. ઘનવાહનને રાજ્ય, અને પરિગ્રહાસક્તિ.

હવે તે વખતે મારા પિતાશ્રી જીમૂતરાજા મરણ પામ્યા. તે વખતે મારા ભાયાતો મંત્રી અને સેનાપતિએ મને ગાદી ઉપર બેસાડ્યો, મારા સર્વ સામંત રાજાઓએ મારી આજ્ઞા સ્વીકારી, મારા શત્રુઓ મારા નોકર થઇ ગયા અને અનેક વિભૂતિઓથી ભરેલું રાજ્ય મને તે વખતે પ્રાપ્ત થયું. મને આવું સુંદર રાજ્ય પ્રાપ્ત થયું અને મારી આજ્ઞા ચારે તરફ વિસ્તરી તેનું વાસ્તવિક આંતર કારણ મારી સાથેનો પુણ્યોદય મિત્ર હતો, પરંતુ મહામોહના સ્નેહમાં મગ્ન થયેલા મેં તેને તે વખતે બરાબર ઓળખ્યો નહિ અને એ બધો પ્રતાપ પરિગ્રહમિત્રનો જાણ્યો.

## ત્રણની જૂદી જૂદી શિક્ષા. સરખાવવા યોગ્ય જીવન પ્રસંગો. માનસિક પરિવર્તન વખતે સ્થિતિઓ.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

### સદાગમની શિક્ષા.

હવે તે વખતે શરીર, વિષયો, રાજ્ય અને ચિત્રવિચિત્ર પ્રકારની વિભૂતિઓ (દોલત-સંપત્તિ) જે પૌદ્‍ગલિક (material) પદાર્થો હતા તે સર્વ ઉપર ચિત્તનું ખેંચાણ થયા કરતું હતું. સદાગમ તે વખતે મને તે સર્વ વસ્તુઓના સંબંધમાં કહેતો હતો કે "ભાઇ ઘનવાહન! એ સર્વ વસ્તુઓ-શરીર વિષય રાજ્ય અને વિભૂતિઓ-ક્ષણભંગુર છે, થોડો વખત ટકનારી છે, દુઃખથી ભરપૂર છે, મલીન છે, તારા સ્વભાવથી વિપરીત છે, બહાર સંચાર કરનારી છે-માટે હે ભાઇ! તું એના ઉપર મૂર્છા કર નહિ, કર નહિ!! તારો આત્મા જ્ઞાન દર્શન સદ્વીર્ય અને આનંદથી ભરપૂર છે, તે આનંદ સ્થિર છે, ચોખ્ખો છે, સ્વાભાવિક છે અને આંતર સંચાર કરનાર છે, માટે હે નરોત્તમ! તારે એના તરફ ખેંચાણ કરવું યોગ્ય છે, જેથી નિરંતરના આનંદનું સ્થાન નિર્વૃતિને તું પામી જા."

### મહામોહની શિક્ષા.

મહામોહ મને તે જ વખતે જણાવતો હતો કે એ મારૂં રાજ્ય, એ મારી સંપત્તિઓ, એ મારૂં શરીર અને મારા શબ્દ વિગેરે ઇન્દ્રિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યના ભોગો છે તે અને બીજી પણ એવી એવી વસ્તુઓ છે તે સર્વે સ્થિર છે, સુખથી ભરપૂર છે, સુંદર છે, નિર્મળ છે, હિત કરનારી છે અને ઉત્તમ છે. વળી મને તે ઉપદેશ આપતો હતો કે જીવ નથી, દેવ નથી, મોક્ષ નથી, પુનર્ભવ નથી, પુણ્ય નથી, પાપ નથી, આ જગત્ માત્ર પંચ ભૂત( પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ )મય છે; માટે ભાઇ ધનવાહન! જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી તારી ઇચ્છા મુજબ ખા, પી અને આનંદ કર, દિવસ અને રાત બીજી પંચાત મૂકી દઇ તું ભોગ ભોગવ અને સુંદર ભોગો ભોગવીને તારી જાતને રાજી કર, મનોહર નેત્રોવાળી લલિત લલનાઓનો સત્કાર કર, તેની સાથે યથેષ્ટ સુખ ભોગવ. પેલો મૂઢ પુરૂષ તને સમજાવે છે તેને અનુસરીશ નહિ.”

પરિગ્રહની શિક્ષા.

તેજ વખતે **પરિગ્રહ** મને કહેવા લાગ્યો “ભાઇ ધનવાહન! સોનું સંઘરી રાખ, અનાજના કોઠારો ભર, રત્નોને તીજોરીમાં રાખ, દાગિના એકઠા કર, ઘરો બંધાવ, મિલ્કતો ખરીદ કર અને ચારે તરફ માલમિલ્કત વધારી મૂક, એને માટે બને તેટલો પ્રયત્ન કર-જે **પ્રાણી મળેલા પૈસાનું સારી રીતે રક્ષણ કરે છે, નહિ મળેલા પૈસા માટે પ્રયત્ન કરે છે અને જેને કદિ સંતોષ થઇ જતો નથી, તેને જ ખરેખરૂં સાચું સુખ મળે છે.**

**જ્ઞાનસંવરણના તાબામાં.**
**મહાપરિગ્રહના હુકમમાં.**
**સદાગમની સામી દિશામાં.**

**સદાગમ મહામોહ** અને **પરિગ્રહ**નાં આવાં જૂદા જૂદા પ્રકારનાં વાક્યો સાંભળીને મારા મનમાં ગભરાટ થઇ ગયો, મારૂં મન ડોળાઇ ગયું અને શું કરવું તેની સુજ ન પડવા લાગી. હવે તે વખતે વળી એક બનાવ બન્યો તે સાંભળ. **જ્ઞાનસંવરણ** રાજા જે મારાથી દૂર ખસી ગયો હતો તેને **મહામોહ**ની હાજરીથી પાછું જોર આવ્યું અને તેથી બીક છોડી દઇને તે પાછો મારી પાસે આવ્યો અને રીતસર અંદર ગોઠવાઇ ગયો. આથી ઉપર જે ઘણું સુંદર વાક્ય સદાગમે કહ્યું તેનો અર્થ મારા સમજવામાં આવ્યો નહિ અને મારૂં મન તેથી રીઝયું નહિ; વળી તે જ વખતે મહામોહ અને મહાપરિગ્રહે જે કથન કર્યું તેનો પ્રથમથી જ અત્યંત સંસ્કાર હોવાથી મારા મન ઉપર સચોટ

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

લાગી ગયું, તેમની બાબતમાં મારૂં ચિત્ત ચોટયું અને તેમની વાત મારા હૃદયમાં ગમી ગઇ. એટલે મેં તો દેવપૂજા, ગુરૂવંદન, નમસ્કારનો પાઠ વિગેરે સર્વ ધર્મક્રિયાના માર્ગો છોડી દીધા અને હું ભોગમાં આસક્ત થઇ ગયો. આથી સાધુઓને દાન આપતો હતો તે અટકાવી દઇને તેમજ અન્ય સુક્ષેત્રોમાં લક્ષ્મીનો ઉપયોગ કરતો તે બંધ કરીને પૈસા એકઠા કરવા લાગ્યો અને વધારે વધારે પૈસા એકઠા કરવા માટે લોકો ઉપર નવા નવા ભારે કર નાખવા લાગ્યો; મારી રૈયત કરના બોજા તળે કચરાવા લાગી. સર્વ સાંસારિક બાબતોમાં બહુ ગાઢ મૂર્છા ત્યાર પછી થવા અને વધવા લાગી. મોહરાજા પોતાનું જોર બરાબર બતાવવા લાગ્યો. સદાગમ તરફ મને બીલકુલ રૂચિ જ રહી નહિ. પરિગ્રહની અસરથી મને તો બધી વાતે ઓછું જ પડવા માંડ્યું, ગમે તેટલું મળે પણ મારી ઇચ્છા પૂરી જ થાય નહિ, વધારે મળે તેમ તેથી પણ વધારે મેળવવાની ઇચ્છા થયા કરે અને એવી રીતે ઘણું ધન મળે તો પણ આગળને આગળ વધારે ધન મેળવવાની ઇચ્છા થયા જ કરે. મારી આંતર સ્થિતિ આવા પ્રકારની જોઇને સદાગમ મારાથી દૂર ચાલ્યો ગયો અને મહામોહ અને પરિગ્રહ મારા આંતર રાજ્યના માલિક થઇ ગયા, તેઓની હોંસ પૂરી થઇ તેથી તે બંને ઘણા રાજી થયા, સંતોષ પામ્યા.

## અકલંક અને આચાર્યનું આગમન.

મારો મિત્ર અકલંક દીક્ષા લઇને આચાર્ય સાથે અન્ય અન્ય દેશોમાં વિહાર કરતો એકદા આચાર્ય સાથે મારે નગરે આવી ચઢ્યો. મને કોઇ સાધુઓને વંદન કરવા જવું ગમતું નહોતું પણ અકલંક સાથે ઘણા વખતનો સ્નેહ હતો તેના દાક્ષિણ્યથી ત્યાં ગયો અને મેં અકલંકને અને સાથે તેના ગુરૂમહારાજ શ્રીકોવિદાચાર્ય તથા અન્ય સર્વ મુનિવર્યોને નમસ્કાર કર્યા. હવે હકીકત એમ બની કે કોવિદાચાર્યે જ્ઞાનબળથી મારૂં આખું ચરિત્ર-વર્તન બરાબર જાણ્યું હતું અને અકલંકના સાંભળવામાં લોકો પાસેથી પણ મારી ઘણી ખરી હકીકત આવી ગઇ હતી; તેથી અકલંકે પ્રસંગ જોઇને ગુરૂમહારાજને વિજ્ઞપ્તિ કરી "નાથ! સદાગમમાં શી મહત્તા છે, તેનું શું માહાત્મ્ય છે, તેની કેટલી શક્તિ છે તે આ ધનવાહન રાજાને જણાવો[1]; વળી દુર્જન માણ-

---

૧ કેટલીક વાર આમ સીધી રીતે ઉપદેશ અપાય છે, કેટલીક વાર આડકતરી રીતે અપાય છે. પ્રસંગ અને વ્યક્તિ ઉપર ઉપદેશની શૈલી, ભાષા, વસ્તુ અને રચનાનો આધાર રહે છે. કયે માર્ગે ઉપદેશ અસરકારક થશે તેનો નિર્ણય અનુભવી ગુરૂઓ કરી લે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોની સોબત કરવાથી શા શા ગેરલાભો થાય છે તે પણ આપસાહેબ તેને જણાવો જેથી એને ખરા માર્ગની બરાબર ખબર પડે. જો એ સદાગમની ભક્તિ કરે અને અધમ લોકોની ( મહામોહ-પરિગ્રહની ) સોબત મૂકી દે તો આ ભવ પરભવમાં એને ઘણું સુખ મળે, માટે નાથ ! આપ કૃપા કરી તેને સાચી ઓળખાણ કરાવો."

કોવિદસૂરિએ જવાબ આપ્યો "એમ કરું છું." પછી મને કહ્યું કે "રાજન્ તમે [1]ધ્યાન દઈને સાંભળો." અકલંકના આગ્રહથી હું સૂરિની નજીક બેઠો. સૂરિમહારાજે વાત ચલાવી તે હવે જણાશે.

# પ્રકરણ ૧૨ મું.

## શ્રુતિ. કોવિદ અને બાલિશ.

JAINSITE.com જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

અકલંક પાસે આવેલ છે જાણી હું ( ઘનવાહન ) કોવિદાચાર્ય પાસે વંદન કરવા આવ્યો, મને ઉદ્દેશીને સદાગમના ગુણ અને મોહ પરિગ્રહના દોષ જણાવવા અકલંકમુનિએ સૂરીશ્વરને પ્રાર્થના કરી અને નિરાદરપણે અન્યત્ર ચિત્તે સૂરિ જે કહે તે સાંભળવા હું બેઠો, પણ મને તે વાતમાં રસ હતો નહિ. સૂરિએ નીચે પ્રમાણે વાર્તા કરી.

સદાગમ ગ્રહણ.
શ્રુતિ સાથે લગ્ન.
સંગ અને સ્થાનો.

એક ક્ષમાતળ નામનું નગર છે, ત્યાં સ્વમળનિચય નામનો રાજા છે, તેની તદનુભૂતિ નામની પટરાણી છે, એ રાજા રાણીને કોવિદ અને બાલિશ નામના બે પુત્રો છે. એ બન્નેમાંના કોવિદને પૂર્વ જન્મમાં

1 આચાર્ય ધ્યાન આપવા કહે છે પણ રાજા ધ્યાન આપતો નથી. મોહની અસર મજબૂત હોય ત્યાં એમ જ બને છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સદાગમ સાથે પરિચય થયેલ હતો. જ્યારે કોવિદે એ સદાગમને ફરીવાર આ જન્મમાં જોયા ત્યારે ઇહાપોહ ( વિચાર ) કરતાં અને તે ઉપર મન લગાડતાં જાતિસ્મરણ[1] જ્ઞાન થયું, સદાગમનો પરિચય પૂર્વકાળમાં થયો હતો તે યાદ આવ્યું અને તેને જોઇને ઘણો આનંદ થયો, પછી એ પોતાનું હિત કરનાર ગુરૂ છે એ તરીકે તેણે સદાગમને ગ્રહણ કર્યો. કોવિદે સદાગમનું યથાસ્થિત સ્વરૂપ બાલિશને પણ જણાવ્યું પણ એના હૃદયમાં પાપ હોવાથી એ દુર્બુદ્ધિએ તેને સ્વીકાર્યો નહિ.

હવે કર્મપરિણામ[2] મહારાજાએ એ કોવિદ અને બાલિશ પાસે પોતાની શ્રુતિ[3] નામની કન્યાને મોકલી આપી. તે સ્વયંવર કરીને ( પસંદ કરીને ) વરનારી કન્યા હતી. એ કન્યાને વળી એક ઘણો ચાલાક અને ચતુર સંગ[4] નામનો નોકર હતો. એ સંગ સંબંધ કરાવવામાં બહુ કાબેલ હતો અને શ્રુતિની પહેલા ચાલનારો હતો. એ સંગને પણ શ્રુતિની અગાઉ ત્યાં મોકલવામાં આવ્યો હતો. શ્રુતિએ કોવિદ અને બાલિશ બન્નેને પસંદ કર્યા અને બન્નેની સાથે તે પરણી.

હવે એ કોવિદ અને બાલિશની મિલકતમાં એક નિજદેહ[5] નામનો પર્વત હતો, એ પર્વત ઉપર મૂર્ધન નામનું એક મોટું શિખર હતું, એ શિખરની બન્ને બાજુએ શ્રવણ નામના બે અતિ સુંદર ક્રિડાવાળા ઓરડા હતા. એ બન્ને ઓરડા શ્રુતિએ જોયા, તેને એ પોતાનાં નિવાસ માટે પસંદ આવ્યા, પતિની આજ્ઞા લઇને એ બન્ને ઓરડામાં શ્રુતિ રહી અને પોતાનો પડાવ ત્યાં નાખ્યો અને એ સ્થાને પોતે નિવાસ કર્યો. એવી રીતે શ્રવણમહેલમાં નિવાસ કરીને શ્રુતિ કોવિદ અને બાલિશ સાથે હરે ફરે છે.

---

૧ **જાતિસ્મરણ**: ગયા ભવની યાદિ આવવી તે. એ મતિજ્ઞાનનો પ્રકાર છે.

૨ **કર્મપરિણામ**ના સ્વરૂપ માટે જુઓ પ્રસ્તાવ બીજો પૃ. ૨૫૮ થી ૨૬૨.

૩ **શ્રુતિ**: કાન, સાંભળવાની ઇંદ્રિય. શ્રવણેંદ્રિય. એ વિષયાભિલાષ મંત્રીની દીકરી છે પણ અત્ર તેને કર્મપરિણામની કન્યા કહી છે તે આગળ સ્પષ્ટ થશે.

૪ **સંગ**: ઇંદ્રિયનો ઉપયોગ. કાન તો સર્વને હોય છે પણ તેનો વપરાશ થાય ત્યારે તે સાંભળે છે. વસ્તુ અને ઇંદ્રિયનો સંબંધ થાય, તેના પર રાગદ્વેષ થાય તે સર્વ સંગ કરાવે છે.

૫ **નિજદેહ** એટલે શરીર. **મૂર્ધા** એટલે મસ્તક. શરીર તરફ નજર કરશો તો તે પર્વત જેવું લાગશે, મૂધા-માથું તેનું શિખર જણાશે. તે શિખરની બન્ને બાજુએ **શ્રવણ** કાન છે. એ મહેલ જેવા જ દેખાશે. મોટા શિખરની બાજુએ બે મહેલો બાંધેલા છે. કલ્પના ભવ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બાલિશ અને શ્રુતિ.

હવે એ **શ્રુતિ**ને પ્રાપ્ત કરીને **બાલિશ** તો બહુ રાજી થઇ ગયો. પછી અત્યંત આનંદમાં આવીને વિચાર કરવા લાગ્યો કે અહો! મને આવી સુંદર મનોહર સ્ત્રી પ્રાપ્ત થઇ ગઇ તેથી ખરેખર હું ભાગ્યશાળી છું, નસીબદાર છું, કૃતકૃત્ય છું, પુણ્યશાળી છું. શ્રુતિ તરફ તેને સ્નેહપરાયણ જોઇને એક વખત લાગ સાધીને **સંગ** તેની પાસે ગયો ત્યારે તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

સંગનો ઉપદેશ.

**સંગ**—"અત્યંત હિતકારી મહારાજા **કર્મપરિણામે** આપની સાથે મારી શેઠાણી **શ્રુતિદેવી**નો સંબંધ કરાવ્યો તે કામ તો ઘણું યોગ્ય થયું, કારણ કે મહારાજ! રૂપ, વય, કુળ, શીળ અને લાવણ્યની સરખાઇ સાથે પતિપત્નીનો પરસ્પર પ્રેમ થવો અને એ સર્વ બાબતમાં સરખાઇ જળવાઇ રહેવી એ ઘણું મુશ્કેલ છે. તમે ખરેખર પુણ્યશાળી છો કે એ સર્વે બાબતો તમારા સંબંધમાં ઘટતી આવી ગઇ છે. હવે આ સુંદર પ્રેમબન્ધને સારી રીતે જેમ બને તેમ વધારે જમાવવાની આવશ્યકતા છે."

**બાલિશ**—"ભાઇ સંગ! તું વાત તો ઠીક કહે છે, પણ એ સ્નેહ-સંબંધ કેવી રીતે વધી શકે?"

**સંગ**—"એમને જે વસ્તુ વહાલી હોય એની વારંવાર સેવના (ઉપયોગ) કરવાથી સ્નેહ વધી શકે."

**બાલિશ**—"તો સંગ! એમને (શ્રુતિને) કઇ વસ્તુ વહાલી છે તે તું મને જણાવ."

**સંગ**—"સાહેબ! એને મધુર ધ્વનિ બહુ વહાલો છે."

**બાલિશ**—"સંગ! તેં ઘણી સારી વાત કરી; જો એમ છે તો આખો વખત જરા પણ વિસામો લીધા સિવાય એ મધુર ધ્વનિ સાંભળ્યા કરે તેવી ગોઠવણ કરીશ."

**સંગ**—"સાહેબ! બહુ કૃપા થઇ."

પેલો **સંગ** આ પ્રમાણે બોલતો હતો તે વખતે પ્રિયાને પ્રિય વસ્તુ બતાવનાર તેના ઉપર **બાલિશ**ને ઘણો પ્રેમ આવ્યો અને તેને પોતાના હૃદયમાં સ્થાન આપી ત્યાં દાખલ કરી દીધો.

ત્યાર પછી વીણા, વેણુ, મૃદંગ, કાકલી, ગીત વિગેરેના સુંદર અવાજો સુરો અને ગાયનો **શ્રુતિ**ને **બાલિશ** સંભળાવતો ગયો અને

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેનાથી શ્રુતિ રાજી થાય ત્યારે તેમાં પોતે મોજ માણુતો ગયો અને વળી વિચારવા લાગ્યો કે અહો! હું ખરેખરો સુખી છું, મને આ સંસારમાં સ્વર્ગનું સુખ મળ્યું છે, હું ખરેખરો ભાગ્યવાન્ છું કે જેથી મને નિરંતર આનંદ કરાવનાર આ શ્રુતિ પત્ની મળી ગઇ.

પરિણામ

પેલા દાસપુત્ર સંગને પોતાના હૃદયમાં રાખીને અત્યંત સ્નેહથી તેને બાલિશ વારંવાર ચાંપ્યા કરે અને સુંદર મધુર ધ્વનિથી-રાગ રાગણીથી અને વાજિત્રોના નાદથી શ્રુતિનું લાલન કર્યા કરે. [1]આખરે એ નાદમાં એટલો ડૂબી ગયો કે એણે બીજાં સર્વ કાર્યો છોડી દીધાં, ધર્મને નવ ગાઉના નમસ્કાર કર્યા અને એવી રીતે રંગીલોછબીલો થઇને વર્તન કરવા લાગ્યો, તેથી વિવેકી માણસોને એક ખરેખરૂં હાસ્યનું સ્થાન થઇ પડ્યો.

## કોવિદ અને શ્રુતિ.

હવે અહીં કોવિદે સદાગમને સવાલ કર્યો કે "મહારાજ! આ શ્રુતિ પોતે જાતે ચાલી ચલાવીને મને વરી છે તે મારી ભાર્યા મને હિત કરનારી છે કે નહિ? તે આપ મને કૃપા કરીને જણાવો."

સદાગમે કરાવેલી શ્રુતિની ઓળખાણ.

સદાગમે જવાબ આપતાં કહ્યું "ભાઇ કોવિદ! જ્યારે એ તારી ભાર્યા સંગ સાથે હોય ત્યારે તે જરા પણ હિત કરનારી નથી અને સંબંધ કરવા લાયક નથી, એનું કારણ વિસ્તારથી સાંભળ. રાગકેસરિરાજાના મંત્રીએ [2](વિષયાભિલાષે) અગાઉ આ દુનિયાને વશ કરવા સારૂ પાંચ મનુષ્યો મોકલ્યા હતા તે તને યાદ હશે. એ પાંચ મનુષ્યો પૈકી એક આ શ્રુતિ હતી તે પણ તને યાદ હશે. હવે પેલો રાગકેસરિ રાજા છે તે મહામોહનો દીકરો થાય અને કર્મપરિણામ મહારાજાનો ભત્રિજો થાય. એ રાગકેસરિ દુનિયાનો જાણીતો મોટો ભરેડી ચોર છે અને વળી કર્મપરિણામનો મંત્રી પણ છે. મહામોહનું તો પ્રધાન કાર્ય સર્વ એ જ કરે છે. હવે કર્મપરિણામ રાજા સર્વથી વધારે બળવાન્ છે, સર્વનો ઉપરી રાજા છે અને સર્વ પ્રાણીઓનું સારૂં અને ખરાબ કર-

૧ અહીં બે. રો. એ સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૧૦૫૧ શરૂ થાય છે.

૨ રાગકેસરિનો મંત્રી વિષયાભિલાષ છે. એણે જગતને વશ કરવા પંચ-ઇંદ્રિયને મોકલેલ છે તેની હકીકત માટે જુઓ પ્રસ્તાવ ત્રીજો, પ્રકરણ ચોથુ. એ હકીકત આગળ ચોથા પ્રસ્તાવમાં પણ આવે છે (જુઓ પ્ર. ૪. પ્ર. ૧૭. પૃ. ૮૮૩-૮૪).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારા તરીકે લોકોના વિશ્વાસમાં આવી પડેલો છે. આ શ્રુતિ પેલા ચોર (ઠગારા)ની દીકરી છે (રાગકેસરિની દીકરી છે) એમ જો જાણવામાં આવી જાય તો આ લોક તેને ગ્રહણ કરે નહિ, કારણ કે જાણી જોઇને ચોરની દીકરીને તે કોણ પરણે! તેથી રાગકેસરિએ ઘણો મોટો પ્રપંચ કર્યો છે. એણે પોતાનો ખાસ નોકર સંગ નામનો હતો તેને શ્રુતિની નોકરીમાં આપી દીધો અને તેને શ્રુતિ સાથે કરી દઇ અગાઉથી મોકલી દીધો અને તેને સર્વ ગુહ્ય વાત કહી રાખી. બીજો પ્રપંચ એણે એ કર્યો કે આ શ્રુતિને કર્મપરિણામની કન્યા તરીકે દુનિયામાં જાહેર કરી. આથી જો કે આ શ્રુતિકન્યાનો બાપ કર્મપરિણામ કહેવાય છે. પણ વાસ્તવિક રીતે તે રાગકેસરિની દીકરી છે. એ દુરાત્મા રાગકેસરિએ જગતને છેતરવા આ કન્યાને સંગ સાથે મોકલી આપી છે તેથી તે તને હિત કરનાર થાય એમ તો કેમ જ બને? જો કે તેં એને તારી પત્ની બનાવી છે છતાં એ પતિને છેતરનારી લુચ્ચી છે તેથી તું કદિ તેનો વિશ્વાસ કરીશ નહિ. હવે તું તેને પરણી ચૂક્યો છે તેથી એ સ્ત્રીનો અત્યારે ત્યાગ કરવાનું બની શકે તેમ નથી પણ તારે તેના સેવક સંગથી સર્વથા દૂર જ રહેવું, તારે કદિ પણ એની કપટજાળમાં લપેટાવું નહિ, એનો વિશ્વાસ કરવો નહિ. જો એ પાપી સંગ તારી પાસે નહીં આવી શકે તો શ્રુતિ તારા સંબંધમાં રહ્યા છતાં તને દોષ કરનાર થશે નહિ, નુકસાન કરનાર થઇ શકશે નહિ, બહુ અહિત કરનાર થઇ શકશે નહિ.

દાસી પુત્રથી સાવધાન.

એનું કારણ એ છે કે આ સંગના સંબંધમાં જ્યારે શ્રુતિ આવે છે ત્યારે તે અનિષ્ઠ (ન ગમે તેવા) શબ્દોનો દ્વેષ કરનારી, થઇ પડે છે અને મધુર ધ્વનિમાં લોલુપ બની જાય છે, પણ એ જાતે એવી નથી, સંગની સાથે હોય છે ત્યારે જ તે વિકાર પામી જાય છે. જ્યારે એ સંગની સાથે રહીને તેના બળથી રાગદ્વેષને તાબે થઇને તને પ્રેરણા કરે ત્યારે તને અનેક દુઃખોની પરંપરા થાય છે, પરંતુ જ્યારે સંગના સંબંધથી તે દૂર હોય છે ત્યારે ગમે તેવા શબ્દો સાંભળવા તત્પર બને તો પણ તે મધ્યસ્થ રહે છે, રાગદ્વેષ વગરની રહે છે, તેથી તે કોઇ પણ પ્રકારની બાધા પીડા કરનારી થતી નથી. તેથી આ નીચ સંગ અત્યંત ખરાબ માણસ છે, દાસીપુત્ર છે, તને અનેક પ્રકારના દુઃખો અને ત્રાસનો કારણભૂત છે, માટે સર્વથા તેની સોબત છોડવા યોગ્ય છે."

સદાગમે જે સલાહ આપી તે નમ્ર કોવિદે શાંત ચિત્તે સાંભળી,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણામ. સ્વીકારી અને શ્રુતિના દાસ સંગની સોબત સર્વથા છોડી દીધી. હવે પેલો કોવિદ ત્યાર પછી શ્રુતિ સાથે જ રહ્યો, તેની સાથેનો લગ્નસંબંધ ચાલુ રાખ્યો તો પણ શબ્દ સંબંધી એનામાં કાંઇ આતુરતા કે ઉત્સાહ આવતો નહિ, ખરાબ શબ્દોથી એને કંટાળો થતો નહિ, મધુર શબ્દો સાંભળવાની એને બહુ આતુરતા થતી નહિ, તેથી તે તેને ગમે તે પ્રકારના શબ્દો સંભળાવતો પણ અંદર તેને માટે ઉત્સાહ કે આતુરતા ન હોવાને લીધે લોકોમાં તેની પ્રશંસા થતી અને જાતે તે સુખી થયો અને સુખી રહ્યો.

આવી રીતે કોવિદ અને બાલિશ અનુક્રમે સંગના ત્યાગ અને ગ્રહણથી સુખ અને દુઃખથી ભરપૂર રહ્યા-કોવિદ સંગત્યાગથી સુખમાં રહ્યો અને બાલિશ સંગસંબંધથી દુઃખમાં ડૂબતો ગયો.

### ગંધર્વ મિથુન અને કિન્નરની હરીફાઇ.
### બાલિશની હાજરી અને દેવોને થયેલો રોષ.
### મૂર્ખ બાલિશના અંતે થયેલા હાલહવાલ.

હવે તુંગશિખર નામનો બહિરંગ પ્રદેશમાં એક મોટો પર્વત હતો તેના ઉપર એક દિવસ કોવિદ અને બાલિશ ચઢવા લાગ્યા. એ અત્યંત ઊંચા પ્રવર્ત ઉપર દેવતાઓએ બનાવેલી એક ગુફા છે, બહુ મોટી છે, અતિ વિશાળ છે અને એટલી લાંબી છે કે મનુષ્યો એનો છેડો જોઇ શકે નહિ.

એક [1]કિન્નરનું જોડલું છે અને બીજું ગંધર્વોનું જોડલું છે. તેઓને એક પ્રસંગે અંદર અંદર ગાવાની બાબતમાં હરીફાઇ થઇ. ગંધર્વો પોતે ગાવામાં હુશિયારી બતાવવા લાગ્યા અને કિન્નરો પોતાનું ગાણું ઉત્તમ છે એવો દાવો કરવા લાગ્યા. આવી હરીફાઇને અંગે તેઓએ અંદર અંદર સ્પર્ધા કરી, પરીક્ષકોની-મધ્યસ્થોની નિમણુક કરી અને એ તુંગશિખરની વિશાળ ગુફાનું એકાંત સ્થાન શોધીને ત્યાં નિર્ણય કરાવવા સારૂ દેવ ગાંધર્વ કિન્નર અને પરીક્ષકો સર્વ સાથે આવી પહોંચ્યા.

---

૧ **કિન્નરઃ** કુબેરના સેવકો, એમનું મુખ ઘોડા જેવું હોય છે અને શરીર મનુષ્ય જેવું હોય છે. ગાયનમાં બહુ કુશળ ગણાય છે.

**ગાંધર્વઃ** દેવલોકના એ ગાનારા છે, અત્યંત અદ્ભુત રાગ સાથે તેઓ ગાય છે. ગાંધર્વ દેવયોનિ છે, કિન્નર પણ દંતકથામાં આવે છે. તેઓનો સમાવેશ વ્યંતર યોનિમાં થાય છે. ભુત, પિશાચ, રાક્ષસ યક્ષ, કિન્નર, કિંપુરિસ, મહોરગ અને ગાંધર્વ એ આઠ વ્યંતરદેવયોનિમાં ગણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે બન્ને જોડલાંઓએ એક બીજાની હરીફાઇમાં ગાયન ગાવા માંડ્યાં, અત્યંત સુંદર મધુર ધ્વનિથી રાગ આલાપ લલકારવા માંડ્યા અને એકનું ગાન પૂરૂં થાય કે એથી વધારે સુંદર આલાપ સાથે બીજું જોડલું ગાન ઉપાડે એવી હરીફાઇ આદરી. એક બીજાની ઇર્ષાથી અતિ સુંદર આલાપ સાથે ગાન ચાલવા માંડ્યું અને પરીક્ષકો તે હકીકત લક્ષ્યપૂર્વક સાંભળવા લાગ્યા. તે વખતે પેલા કોવિદ અને બાલિશ પણ તે શિખરપર આવી પહોંચ્યા અને ગુફાની અંદરથી આવતાં આલાપ સંલાપ અને ગાન સાંભળી સાવધાન બની ગયા.

તે વખતે બાલિશે એક જબરી ભૂલ કરી નાખી. એ દુરાત્માએ અંદર રહેલા સંગની પ્રેરણાથી શ્રુતિને પેલી ગુફાના બારણા ઉપર ગોઠવી દીધી અને તે પણ અંદર રહેલા નોકર સંગની પ્રેરણાથી સાંભળવા તત્પર થઇ ગઇ. બાલિશે પોતે પોતાનું સર્વસ્વ શ્રુતિને અર્પણ કર્યું જ હતું અને લગભગ તે વખતે તો એ શ્રુતિમાં તદ્રુપ થઇ ગયો અને તેના રસમાં એવો તો લીન થઇ ગયો કે બીજું કાંઇ જાણે જોતો કે જાણતો જ ન હોય એવી તેની સ્થિતિ થઇ ગઇ. તે વખતે સંગે તેના ઉપર પોતાની શક્તિ ખરેખરી અજમાવી અને તેને એવો તો ભાન વિનાનો બનાવી દીધો કે એ ( બાલિશ ) પથ્થરની શિલા માફક ઝટ દઇને ગુફામાં પડ્યો. એ બાલિશના પડવા સાથે ગુફામાં મોટો ધડાકો થયો, પડવાના અવાજથી સર્વ દેવો અને ગાંધર્વો ચોંકી ગયા, તેઓના રંગમાં ભંગ પડ્યો અને સર્વ એકદમ બાલિશ ઉપર ગુસ્સે થઇ ગયા. તેઓ એકી સાથે બોલી ઉઠ્યા, 'અરે! વળી આ કોણ છે? કોણ છે. એને પકડો, પકડો!' આમ બોલતાં તેઓએ બાલિશને સખત બંધે બાંધ્યો, પછી ખૂબ ફટકાવ્યો અને અનેક પ્રકારના લાતો અને પગના પ્રહારથી ખૂબ માર્યો. સખ્ત વેદના સહન કરી તે મરણ પામ્યો.

### સદાગમનો સદુપદેશ.
### કોવિદ તેથી સાધુ થયો.
### છેવટે આચાર્ય પદે આવ્યો.

સદાગમના ઉપદેશથી કોવિદે સંગનો સર્વથા ત્યાગ કર્યો અને તેથી તે ગીત ગાયન ચાલતાં હોય ત્યારે શ્રુતિ સાથે હોય, પોતે સાંભળતો હોય તો પણ તેના ઉપર કદિ મૂર્છા પામતો નહિ, તેમાં આસક્ત થતો નહિ, તેમાં કદિ એકરૂપતા ધારણ કરતો નહિ. બાલિશને અનેક પાદપ્રહારથી હણાતો અને જમીન પર પડેલો જોઇને એ ગિરિના શિખરપરથી કોવિદ નીચે ઉતરી ગયો અને તુરત જ એક અતિ વિદ્વાન અને સારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મઘોષ નામના આચાર્ય પાસે પહોંચી ગયો. બાલિશનો બનાવ નજરે જોવાથી તેની બુદ્ધિમાં જાગૃતિ આવી ગઇ અને તે દીક્ષા લઇ સાધુ થઇ ગયો. અનુક્રમે તેને ગુરૂએ પોતાને સ્થાનકે સ્થાપન કર્યો-આચાર્ય બનાવ્યો. રાજન્ ધનવાહન! એ કોવિદ તે હું પોતે જ છું.[1]

સદાગમ મહાત્મ્ય. દુષ્ટ સંગ વર્જન.

રાજન્! મારો ભાઇ બાલિશ પેલા શત્રુમિત્ર ( હિતશત્રુ ) સંગની સોબતથી હેરાન થયો, નાશ પામ્યો અને અનેક પ્રકારનાં દુઃખોથી ત્રાસ પામ્યો. મને એ પાપી સંગના સંબંધથી મહાત્મા સદાગમે વાર્યો અને છોડાવ્યો અને તેથી કરીને બાલિશના જેવાં અત્યંત ભયંકર દુઃખો મારે સહન કરવાં ન પડ્યાં અને વાસ્તવિક રીતે તે સર્વ દુઃખોમાંથી મને તે મહાનુભાવ સદાગમે છોડાવ્યો. ત્યાર પછી સંયમ ( દીક્ષા ) લેવાથી તો મને સર્વદા આનંદ આનંદ જ રહે છે અને એ સર્વ પ્રતાપ એ ઉપકારી સદાગમનો જ છે, તેથી હાલ પણ એ સદાગમ મને હુકમો ફરમાવે છે તે સર્વનો હું બરાબર અમલ કરૂં છું. માટે ભાઇ ધનવાહન! આ સદાગમ સર્વ પ્રાણીઓને હિતકારી છે અને અંદર જે દુષ્ટ લોકો રહેલા છે તેની સાથે સોબત કરવાનું પરિણામ આખરે ઘણું ભયંકર નીવડે છે. આ પ્રમાણે હકીકત હોવાથી રાજન્! જે પ્રાણી પોતાનું ખરેખરૂં ભલું ઇચ્છતો હોય તેણે દુષ્ટ અંતરંગ લોકો સાથેનો સંબંધ તજી દઇ-સદાગમનો સંબંધ કરવો યોગ્ય છે.

* * *

## ધનવાહનનો દ્રવ્ય આચાર.

કોવિદાચાર્ય મહાત્માએ અત્યંત સુંદર વાત કરી તે મારા કાનને ન રૂચી, પણ મને અંદરખાનેથી એમ લાગવા માંડ્યું કે આ આચાર્ય મહારાજ અને પેલો અકલંક ગમે તેમ કરીને મારો મહામોહ અને પરિગ્રહ સાથેનો સંબંધ છોડાવી આ સદાગમનો આદર કરાવવા માગે છે અને તેટલા સારૂ તેઓએ આ આખો [2]તાગડો રચ્યો છે.

મારા મનમાં આવા વિચાર ચાલતા હતા અને શું કરવું તેની ચિંતામાં હું પડી ગયો હતો તે વખતે મારા અંદરના આશય સમજી

---

૧ કોવિદાચાર્ય આ પોતાની વાર્તા ધનવાહન સમક્ષ કહે છે અને ધનવાહન અશાંત મને અકલંકને રાજી રાખવા સાંભળે છે. આખી વાર્તા સંસારીજીવ અગૃહીતસંકેતા સમક્ષ કહે છે.

૨ તાગડો. સાંસારિક જીવો શુદ્ધ ઉપદેશકોને આવી રીતે જ ખોટા વગોવે છે, જ્યાં ન હોય ત્યાં હેતુઓની કલ્પના કરે છે અને પછી મુદ્દામાંથી ખસી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જનાર [1]અકલંક બોલ્યો "ભાઇ ઘનવાહન! મહાત્મા ભગવાન્ આચાર્યશ્રીનું વચન તારા સમજવામાં બરાબર આવ્યું કે નહિ?" એટલે મેં તેને તુરત જ જવાબ આપ્યો કે "હા ભાઇ! બરાબર સમજાયું." શાણા અકલંકે બરાબર તક સાધી અને તુરત જ બોલ્યો "જો સમજવામાં આવ્યું હોય તો એ પ્રમાણે કરવા માંડ."

અકલંક ઉપર મારો અત્યંત સ્નેહ હોવાને લીધે અને ભગવાન્ આચાર્ય મહારાજ કોવિદસૂરિના આજુબાજુના વાતાવરણનો અચિંત્ય પ્રભાવ હોવાને લીધે તેમજ તે વખતે હું [2]કર્મની ગાંઠના તદ્દન નજીકના સ્થાન સુધી આવી પહોંચેલો હોવાને લીધે અને જવાબ દેવાની મારામાં શક્તિ રહેલી ન હોવાને લીધે મેં અકલંકનું વચન સ્વીકાર્યું, અંગીકર્યું, સદાગમ પણ તે વખતે વળી ફરી વાર મારી વધારે નજીક આવી પહોંચ્યો, મેં તે વખતે ચૈત્યવંદન વિગેરે કરવા માંડ્યું, અગાઉ જે ધર્મનો અભ્યાસ કર્યો હતો તે પાછો તાજો કરી ગયો, ફરી વાર દાન વિગેરે આપવા શરૂ કરી દીધાં, તે વખતે મહામોહ અને પરિગ્રહ જરા દૂર થઇ ગયા. આ સર્વ બાબતો મેં અકલંકની શરમથી દ્રવ્યથી–ઉપર ઉપરથી આદરી, પણ અંદરખાનેથી મને તેના ઉપર ભાવ નહોતો, અંતરંગ રાગથી મેં તે સર્વ બાબતો આદરી નહોતી.

અકલંકને તો તે વખતે એમ લાગ્યું કે સાંસારિક પદાર્થો ઉપર મારી મૂર્છા ઓછી થઇ ગઇ છે, ધનસંચયના સંબંધમાં મને સંતોષ થઇ ગયો છે અને સદાગમ સાથે મારે પૂર્ણ સંબંધ થઇ ગયો છે. મારી આવી સ્થિતિ જોઇ અને સુધરેલો અને રસ્તાપર આવી ગયેલો જોઇ અકલંકે આચાર્યમહારાજ સાથે અન્યત્ર વિહાર કર્યો.

---

૧ આ આક્ષેપદ્વારા ઉપદેશ કરવાની પદ્ધતિ છે, કોઇવાર તે ફળીભૂત થાય છે, પણ અંદરની ખાત્રી વગર લોકલાજથી ગ્રહણ કરેલ માર્ગ બહુધા ટકતો નથી. સમાજ સમક્ષ લીધેલા નિયમો તોડનારા ઘણીવાર દેખાઇ આવે છે તે દ્રવ્યાચાર અથવા અચાનક આવેશને પરિણામે સ્વીકારેલ ધર્મમાર્ગનું સ્વાભાવિક રીતે થયેલ સ્ખલન સમજવાનું છે.

૨ ગ્રંથિભેદની નજીકનું સ્થાન. એની વિશેષ સમજ માટે જુઓ પ્રથમ પ્રસ્તાવ પૃ. ૮૬–૮૮. યથાપ્રવૃત્તિકરણપરની નોટ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૩ મું.

## શોક અને દ્રવ્યાચાર.

અકલંક મુનિએ અન્યત્ર વિહાર કર્યો એટલે એને દૂર ગયેલ જાણી વળી પાછા મહામોહ અને પરિગ્રહ જાગ્રત થયા, રાજી થયા, નજીક આવ્યા અને સદાગમ મારાથી દૂર જતા રહ્યા. પછી મેં જે દાનાદિ કાર્ય આદર્યાં હતાં તે તરફ હું શિથિળ થવા લાગ્યો, ધર્મદેશના તો તદ્દન વિસરી જ ગયો, હું તો પછી તદ્દન જનાવર જેવો થઇ ગયો અને અંકુરો ઉઠેલા હતા તે જડ જેવા થઇ ગયા, નકામા થઇ ગયા. ધીમે ધીમે હું પાછો વિષયો સેવવાની મૂર્છામાં અને ધન એકઠું કરવાના વિચારમાં તત્પર થઇ ગયો અને અનેક સ્ત્રીઓ અને સોનું એકઠું કરવા માટે મારી આખી વસતીને અનેક પ્રકારની પીડાઓ કરવા લાગ્યો, દુઃખ દેવા લાગ્યો, ત્રાસો આપવા લાગ્યો. અનેક પ્રકારના ભોગની તૃપ્તિ કરવા સારૂ મેં અંતઃપુરમાં હજારો સ્ત્રીઓને એકઠી કરી, સોનાથી સેંકડો કૂવાઓ ભરી દીધાં અને મહામોહને તાબે થઇને આખી પૃથ્વીને સોનારહિત ( અહિરણ્યી ) કરી દીધી અને ટુંકામાં કહું તો આ દુનિયામાં એવું કોઇ પણ પાપ નહિ હોય જે મેં મોહવશ થઇને કર્યું નહિ હોય. હું જે જે ઇચ્છાઓ કરતો તે સર્વ મારો આંતર મિત્ર પુણ્યોદય પૂરી પાડતો હતો, પણ મોહ અને પરિગ્રહને વશ પડીને મેં તે વાત જાણી નહિ, તેની કિમત આંકી નહિ, તેના પ્રેમનો બદલો આપ્યો નહિ અને તેથી આખરે પુણ્યોદય મારા ઉપર કાંઇક ગુસ્સે થયો.

મદનસુંદરી મરણ.
શોકનું આગમન.
અકલંકનો ઉપદેશ.

તે વખતે મારી હૃદયવલ્લભા પ્રિયા મદનસુંદરી જે મને પ્રાણથી પણ વધારે વહાલી હતી તેને શૂળનો વ્યાધિ થયો, થોડો વખત તે ના-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમાં પીલાણી અને તુરત જ મરણ પામી. મારા હૃદયપર તે વખતે મોટો આઘાત થયો.

હવે તે વખતે મહામોહનો એક મોટો રસાલદાર જેનું નામ શોક[1] હતું અને જે મહામોહનો અત્યંત વિનયી સેવક ગણાતો હતો તે પોતાના સ્વામી પાસે આવ્યો. એણે આદરપૂર્વક પોતાના સ્વામીને પ્રણામ કર્યા અને અવસર બરાબર સાધીને અત્યંત માયાપૂર્વક મને ભેટી પડ્યો.

તે વખતે દેવી મદનસુંદરીને વારંવાર ફરીફરીને યાદ કરીને હું ઊંચેથી રડવા લાગ્યો, પોક મૂકવા લાગ્યો, માથું કૂટવા લાગ્યો અને આંસું પાડવા લાગ્યો, મારા શરીરની દરકાર પણ આખરે મૂકી દીધી, રાજકાર્ય ઉપર બીલકુલ ધ્યાન આપવાનું બંધ કરી દીધું અને અત્યંત દુઃખની અસરતળે જાણે મને કોઇ ગ્રહ વળગ્યો હોય કે ચેટક લાગ્યું હોય તેના જેવો થઇ ગયો.

અકલંકમુનિને કોઇએ મદનસુંદરીના મરણસમાચારની અને મને થતા તીવ્ર શોકની હકીકત કહી જણાવી. મારી હકીકત જાણતાં મારી ઉપર કૃપા કરીને તેઓ મારે નગરે પધાર્યા. તેઓએ આવીને જોયું તો હું તો તદ્દન શોકને વશ પડી ગયેલો જણાયો અને સર્વ શુભ કૃત્યો દૂર મૂકી દીધેલાં જોયાં એટલે મારાપર દયા કરી તેઓ બોલ્યા—

"અરે ભાઇ ઘનવાહન! આ તેં શું કરવા માંડ્યું છે? આ તું શું આદરી બેઠો છે? અરે ભાઇ! તું શું મારૂં વચન તદ્દન જ વિસરી ગયો? શું તેં સદાગમને તદ્દન છોડી જ દીધો? અરે આ દુષ્ટ લોકોએ તને ખરેખર છેતર્યો? ભાઇ! તું તો બધી વાત સમજતો હતો, અંદરનો સાર જાણતો હતો, છતાં આવી બાળક જેવી ચેષ્ટા શા માટે કરે છે? અરે ભાઇ! દેવી મદનસુંદરીને વારંવાર યાદ કરાવીને પેલો શોક તારા ચિત્તને બાધા કરે છે તે હકીકત શું તું જાણતો નથી? તને એટલી ખબર પણ પડી નહિ? મારી કહેલી સર્વ વાત ભૂલી જ ગયો? જો તું વિચાર કર. સર્વ પ્રાણીઓ યમરાજાના મુખમાં જ વસે છે, છતાં એક ક્ષણ પણ જીવે છે તે જ નવાઇ જેવું છે. યમરાજાના મુખનો કોળીઓ ક્યારે થઇ જશે તે કાંઇ કહેવાય નહિ, એ તો જીવ્યા એટલું નવાઇ જેવું સમજવાનું છે. એ યમદેવ એવો ક્રૂર છે કે એ પ્રેમ જોતો નથી, બંધન જોતો નથી, વય જોતો નથી, સંબંધ જોતો નથી, એ તો મદમાં ચઢેલા મસ્ત હાથની જેમ પોતાના માર્ગમાં જે આવે તેના ચૂરેચૂરા કરી નાખે છે; જે સજ્જનરૂપ સુંદર કમળો હોય

1 એ તામસચિત્તનો અધિકારી પુરૂષ છે. પ્રસ્તાવ ૪ પ્રકરણ ૮ (પૃષ્ઠ ૭૯૫ થી).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને જે ખાસ કરીને બીજાની આંખોને અત્યંત મનોહર લાગતાં હોય છે તે સર્વ પ્રત્યે એ યમદેવ હીમના જળકણો જેવું કાર્ય કરે છે અને તેને સપાટામાં ઝાંખાં કરી નાખે છે. મનુષ્ય શરીરધારીને મોટાં મોટાં મંત્રયંત્રો મરણથી બચાવી શકતા નથી, તેના ધનના ઢગલા આડા આવી શકતા નથી, મોટા મોટા વૈદ્યોની તેને અંગે કારી ફાવતી નથી, રામબાણ ઓસડો જડીબુટ્ટીઓ કે માત્રાઓ તેનાથી રક્ષણ આપી શકતા નથી, ભાઇઓ છોડાવી શકતાં નથી અને મોટા દેવેંદ્રનો હુકમ પણ તેને અંગે ચાલી શકતો નથી. આથી મરણ નામનો ઉપદ્રવ એવા પ્રકારનો છે કે એની સામે કોઇ ઉપાય કામે લાગી શકતો નથી અને સર્વને એ માર્ગે ચોક્કસ જવાનું છે, તો પછી એ સિદ્ધ માર્ગે કોઇને જતાં જોઇને કયો સમજુ ગભરાટમાં પડી જાય ?"

આવી રીતે અકલંક મુનિ મહારાજ મારો શોક દૂર કરાવવા અને મને શોકના સંબંધથી છોડાવવા થાક્યા વગર દરરોજ ધર્મદેશના આપ્યા કરતા હતા, જૂદે જૂદે પ્રકારે જીવનમરણના સંબંધ જણાવતા હતા અને મરણસંબંધી વિશિષ્ટ તત્ત્વજ્ઞાનના રસનાં ઝરણાં મારી આગળ ખાલી કરતા હતા. પરંતુ મહામોહને તાબે થઇને હું તો શોક-મિત્રની સાથે જ ચાલ્યો જતો હતો, તેનો સંબંધ છોડતો નહોતો અને મહાત્મા અકલંકના વચનપર લક્ષ્ય આપતો નહોતો. હું વારંવાર આરડતો હતો કે "અરે બાળા! અહો પ્રિયા! અરે વહાલી! અહો સુંદરિ! હા પ્રેમી! હા પદ્મનેત્રા! અરેરે! સુંદર ભમરોવાળી! હા કાંતા! હા સુંદરભાષિણી! હા પતિવત્સલા! હા પતિપ્રેમી! હા પતિવ્રતે! હા દેવિ! અહાહા મારી મદનસુંદરિ! અરેરે!! આ પ્રમાણે રડતાં ધનવાહનને અહીં છોડી દઇને તું ક્યાં ચાલી ગઇ? અરેરે વહાલી! તું મને તારૂં દર્શન કરાવ! આ રડતાં તારા વિરહી સાથે એક વાર જરા ભાષણ કર! વહાલી! અહીં આવીને મારે શરીરે ભેટી પડ! મારી આ અત્યંત ખરાબ સ્થિતિ તારી હાજરીથી દૂર કર!"

હું તો અકલંક મહાત્માની પાસે પણ આવા આવા વાક્યો બોલ્યા કરતો, ઉદ્ગારો કાઢ્યા કરતો અને મહાત્મા મને વારંવાર ઉપદેશ આપતા તે જરા પણ જાણી શકતો નહોતો.

**અકલંકનો સદુપદેશ.**
**ઉપદેશથી સચેતનતા.**
**શોકનું દૂર ગમન.**

મહાત્મા અકલંક મુનિ આ સર્વ જોયા કરતા હતા, મોહનું સા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔચિત્ય વિચારતા હતા, જાતે મહા બુદ્ધિશાળી હતા, દયા તત્પર હતા, પરોપકાર કરવાની રૂચિવાળા હતા અને મારા ઉપર આદરવાળા હતા. મારી આવી અવસ્થા જોઇને તેઓ વળી ઉપદેશ દેવા લાગ્યા.—

" " મહારાજ ઘનવાહન! તારા જેવાએ આવું બાળચરિત્ર કરવું " યોગ્ય નથી, માટે તું આ નામરદાઇ છોડી દે, ધૈર્ય ધારણ કર, તારા " અંતઃકરણમાં સ્વસ્થતા લાવ, તારા આત્માને યાદ કર, કોઇ પણ " જાતના અપવાદ વગર તારૂં માત્ર એકાન્ત અહિત કરનાર આ મહા- " મોહને છોડી દે, શોકને મૂકી દે, પરિગ્રહનો પરિચય ઓછો કર, " સદાગમને અનુસર, તેના ઉપદેશ પ્રમાણે આચરણ કર, મારા ચિ- " ત્તને પ્રમોદ થાય તેમ કર. અરે ભાઇ! આટલી જ વારમાં પેલા " સાધુએ[1] લોકોદરમાં આગ બતાવી હતી તે ભુલી ગયો? શું [2]સંસાર- " મદિરાશાળા તદ્દન વિસરી ગયો? પેલો સંસાર રેંટ (અરઘટ્ટઘટ્ટી)[3] " તને યાદ રહ્યો નથી? અરે તું તારા મનમાં કર્મવાળા જીવોનો અને " મઠનો વૃત્તાંત અને ત્યાં બતાવેલ સન્નિપાત અને ઉન્માદ[4] યાદ કરતો " નથી? મનુષ્યજન્મ રૂપ રત્નદ્વીપ પ્રાપ્ત કરવાની દુર્લભતા[5] તને યાદ " રહેલ નથી? સંસારબજારમાં રહેનારની સ્થિતિનું[6] જરા પર્યાલોચન " કરી તું કેમ વૈરાગ્ય ધારણ કરતો નથી? અરે પેલા ચિત્તરૂપ વાંદ- " રાના બચ્ચાની[7] ચપળતા તને સ્મરણમાં રહી નથી? એ વાંદરાના " બચ્ચાનું નિરંતર રક્ષણ કરવાની જરૂર છે એ વાત તું કેમ સ્વીકા- " રતો નથી? અને એ વાત સ્વીકારતો હો તો તું શા માટે એ પ્રમાણે " વર્તન કરતો નથી? અરે ભાઇ! તું શા માટે[8] વિષયનાં ઝેરી ઝાડો " ઉપર કુદાકુદ કરે છે? અને શા માટે તું અર્થનિચય નામની પાંદડા " ફૂલ ફળની[9] રજ અને કાદવમાં આળોટે છે? તું મોક્ષમાર્ગને સારી " રીતે જાણે છે ઓળખે છે સમજે છે છતાં તારા આત્માને મહા ઘોર " નરક તરફ શા માટે ફેંકે છે! તને ત્યાં જે ઉપાય બતાવવામાં આવ્યો

---

૧ જુઓ આ ચાલુ પ્રસ્તાવ પ્રકરણ બીજું (પૃ. ૧૬૫૭).
૨ સદર પ્રકરણ ત્રીજું. (પૃ. ૧૬૬૫).
૩ સદર પ્રકરણ ચોથું (પૃ. ૧૬૮૨).
૪ સદર પ્રકરણ પાંચમું (પૃ. ૧૬૯૭).
૫ સદર પ્રકરણ ૭ અને સાત (પૃ. ૧૭૦૦–૩૪).
૬ સદર પ્રકરણ આઠ (પૃ. ૧૭૩૫).
૭ સદર પ્રકરણ નવ (પૃ. ૧૭૪૮).
૮ જુઓ પ્રકરણ ૮ પૃ. ૧૭૪૩.
૯ સદર પૃષ્ઠ ૧૭૪૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હતો તેના વડે તારા આત્માને હમેશને માટે આનંદ આપનાર શિવા-"ક્ષય નામના મઠમાં શા માટે મૂકી આપતો નથી[1]? અને મહારાજ! "સંસારમાં રહેનાર પ્રાણીઓને આફતો તો હાથની અંદર આવી રહેલી "છે, વાતવાતમાં લાગુ પડી જાય તેમ છે; તેવી જ રીતે પોતાના પ્રિય "જનોના વિરહ તદ્દન સુલભ છે, તુરતમાં બની જાય તેવા છે; મોટા "વ્યાધિઓ તો જરા પણ દૂર નથી, હાલતાં ચાલતાં લાગુ પડી જાય "તેમ છે; દુઃખો તો તદ્દન બાજુમાં જ આવી પડેલાં છે, જરા જરામાં "તદ્દન નજીક આવી વળગી પડે તેવી સ્થિતિમાં છે; અને મરણ તો "ચોક્કસ થવાનાં જ છે, જરૂર આવી પડનાર છે—આ પ્રમાણે હોવાથી "શુદ્ધ વિવેક એ જ પ્રાણીઓનું ખરેખરૂં રક્ષણ છે, એ જ ખરેખરો "આધાર છે અને બીજો કોઇ પણ સાચો ટેકો નથી."

શુદ્ધિ આવી.

બહેન અગૃહીતસંકેતા! જેમ એક મનુષ્ય બહુ આકરી નિદ્રામાં ઉંઘી ગયો હોય તેને બૂમ મારી મારીને કોઇ જાગૃત કરે, અથવા ઝેરની અસર થવાથી કોઇ પ્રાણી ઝોલાં ખાતો હોય તેને જેમ આકરા મંત્રોનો જાપ ઠેકાણે લઇ આવે, અથવા તો દારૂના ઘેનમાં કોઇ પ્રાણી મસ્ત થયો હોય તેને જેમ એકદમ બીક બતાવવાથી તે ઠેકાણે આવી જાય, અથવા તો કોઇ પ્રાણીને મૂર્છા આવી ગઇ હોય તેને જેમ શીતળ જળયુક્ત પંખો નાખીને પવનદ્વારા શુદ્ધિમાં લાવવામાં આવે અથવા તો કોઇને સનેપાતનો ચાળો થઇ આવ્યો હોય તેને હુશિયાર વૈદ્યની પદ્ધતિસર ચિકિત્સા કરવામાં આવે ત્યારે તેની ઉન્મત્તતા જેમ દૂર થાય તેવી રીતે અકલંક મુનિની ઉપર પ્રમાણેની વિશાળ સુંદર વચનપદ્ધતિથી મારામાં કાંઇક શુદ્ધિ આવી, હું જરા ઠેકાણે આવ્યો, મારી ચેતના જાગૃત થઇ.

હવે તે વખતે શોક મહામોહ પાસે ગયો, તેને નમ્યો અને પછી તે બન્ને વચ્ચે નીચે પ્રમાણે ખાનગી વાતચીત થઇઃ—

શોક—"દેવ! હવે હું તો જાઉં છું! મને અકલંક અહીં રહેવા દેતો નથી, બેસવા દેતો નથી. એ તો બરોબર મારી પછવાડે પડ્યો છે."

મહામોહ—"એ અકલંક તો બહુ આકરો છે, ઘણો વસમો માણસ છે. એ ઘનવાહનની સાથે મળી જઇને બાપડાને છેતરે છે, ઉંધે રસ્તે દોરી જાય છે. આપણું પણ હવે શું થશે તેની અત્યારે તો કાંઇ ખબર પડતી નથી, કાંઇ વાત સમજમાં આવતી નથી. માટે આ-

---

૧ સંરક્ષણના ઉપાય માટે જુઓ ચાલુ પ્રસ્તાવ પ્રકરણ ૮ મું પૃ. ૧૭૪૩-૪૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે તો ભલે તું ચાલ્યો જા. માત્ર તારે ખબરદારી રાખવી, સાવધ રહેવું, તારો અને અમારો યોગ વળી આગળ ઉપર થઈ[1] આવશે."

શોક—"જેવો મહારાજા સાહેબનો હુકમ!"

એ પ્રમાણે કહીને શોક ત્યાંથી વિદાય થયો.

દ્રવ્યાચાર.

મેં પણ અકલંક મુનિનાં વચનનો આદર કર્યો, સદાગમની તરફ પ્રેમ બતાવ્યો, થોડો થોડો મહામોહ અને પરિગ્રહ તરફ તિરસ્કાર બતાવ્યો, અગાઉ જે ભણેલો હતો તેને થોડું થોડું તાજું કર્યું, નવીન શાસ્ત્ર ભણવાને અંગે આદર કર્યો, કેટલાંક જિનમંદિરો અને પ્રતિમાઓ નવાં કરાવ્યાં, કેટલીક યાત્રાઓ કરી, સ્નાત્રમહોત્સવો કર્યાં, પાત્રોને દાન આપ્યાં.

આ પ્રમાણે કેટલીક શુભ ક્રિયાઓ મેં કરી તે જોઈને અકલંકમુનિને પોતાના મનમાં સંતોષ થયો કે હવે તેમણે મને ગુણવાન્ બનાવ્યો છે, મને ગુણભાજન કર્યો છે, રસ્તા ઉપર આણ્યો છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૧૪ મું.

## મહાપરિગ્રહ.

અકલંક મુનિના સદુપદેશથી કેટલોક બાહ્ય આચાર મેં (સંસારીજીવે ઘનવાહને) પાળ્યો અને તેને લઈને દાન યાત્રા મહોત્સવાદિ કાર્યો કર્યાં અને તે દ્વારા મુનિરાજને સંતોષ આપવાને હું શક્તિમાન્ થયો. હવે તે વખતે એક તદ્દન નવીન ઘટના બની તે ખાસ સાંભળવા યોગ્ય છે. ભદ્રે અગૃહીતસંકેતા! તું લક્ષ્ય રાખીને એ હકીકત સાંભળઃ—

(સંસારીજીવ જે અત્યારે ઘનવાહનના નામથી પ્રસિદ્ધ થયેલ છે તે તે ભવસંબંધી પોતાની જીવનચર્યા અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળા સાંભળે તેમ ભવ્યપુરૂષની હાજરીમાં સદાગમ સમક્ષ કહે છે, તે વાત લક્ષ્યમાં રાખવી. સંસારીજીવ પોતાની વાર્તા આગળ ચલાવે છે:)

૧ એમ જણાય છે કે મોહરાયે આ વચનમાં શોકદ્વારા કોઇ ગુપ્ત સંદેશો મોકલ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અગ્રગામી સાગર અને માયા.
## બ્હેન કૃપણતાનું તત્ર સહગામીત્વ.
## મહાપરિગ્રહની મદદે મોટો મોહ પરિવાર.
## યુક્તિથી મુનિ અકલંકને દૂર કરવાનું કાર્ય.

અકલંકમુનિના પરિચયથી મહામોહ અને પરિગ્રહના હાલ થયા હતા તે ઉપર જણાવ્યા. હવે એ પરિગ્રહને એક સાગર[1] નામનો મિત્ર છે. એ મહામોહનો ખાસ અંગરક્ષક છે અને જાતે બહુ સમર્થ છે. પરિગ્રહજાળ નામના પોતાના મિત્રની જે દશા થઇ તેથી પોતાનાં હૃદયમાં દુઃખી થઇને એ મારી પાસે આવવા તૈયાર થયો. એને વિચાર થયો કે પોતાના મિત્રની સહાય કરવા આ અવસરે જવાની જરૂર છે. મારી પાસે આવ્યા અગાઉ એણે રાગકેસરિને પૂછ્યું. રાગકેસરિએ એને પરિગ્રહની મદદે જવા રજા આપી. જે વખતે સાગરે જવાની રજા માગી તે વખતે ત્યાં બહુલિકા[2] હાજર હતી. તેણે તે વખતે પિતા રાગકેસરિને કહ્યું "પિતાજી! જ્યાં સાગર જાય ત્યાં મારે તો જરૂર જવું જ જોઇએ; કારણ કે આપશ્રીને એ તો ખાસ ખબર છે કે ભાઇ સાગર મારા વગર એક ક્ષણવાર પણ રહી શકતો નથી."

બહુલિકા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

બહુલિકાની એવી માગણી સાંભળી પિતા રાગકેસરિએ વિચાર કરીને જવાબ આપ્યો "દીકરી! એમ છે તો તું પણ સાથે જા. વળી એક બીજી પણ વાત છે. આ [3]કૃપણતા છે તે તો સાગરનું શરીર જ બની રહેલી છે, એનું જાણે એ જીવતર જ હોય તેવી છે. તો પછી તું સાગર સાથે જવાની છે તો પછી એ કૃપણતા પણ ભલે સાથે આવે. એથી સાગરને ઘણી ધીરજ રહેશે."

કૃપણતા.

---

૧ સાગરઃ લોભ. છઠ્ઠા પ્રસ્તાવનો ધનશેખર( સંસારજીવ )ને બહેકાવનારો વિખ્યાત પાત્ર. આ તે જ પાત્ર છે ( જુઓ પ્ર. ૬ પ્ર. ૧ અને ૨. )

૨ બહુલિકાઃ માયા. પાંચમા પ્રસ્તાવની જાણીતી સ્ત્રી પાત્ર. જુઓ પૃષ્ઠ ૧૧૪૪-૪૫.

૩ કૃપણતાઃ બખીલપણું. જ્યાં લોભ હોય ત્યાં એ સાથે જ હોય છે. કૃપણતાનું ખરૂં સ્થાન છઠ્ઠા પ્રસ્તાવમાં ઘટે, ગ્રંથકર્તાએ કોઇ કારણસર એને આ પ્રસ્તાવમાં મૂકી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે બ્હેન બહુલિકા અને કૃપણતા બેને સાથે મોકલવાની આજ્ઞા થઇ એટલે સાગર તો બહુ રાજી થઇ ગયો, પિતાને જવાબમાં માત્ર 'બહુ કૃપા કરી' એટલું જ કહ્યું અને સાગર પોતાની સાથે બહુલિકા અને કૃપણતાને લઇને મારી પાસે આવ્યો.

પરિણામો.

એ ત્રણેને મારી પાસે આવતાં જોઇને મહામોહ અને પરિગ્રહ બહુ રાજી થયા. તે જ વખતે કૃપણતા મને ભેટી પડી. એ જેવી મને ભેટી કે મારા મનમાં ઇચ્છા થઇ કે—અરે! આ મારી પાસે પૈસા છે તે તો નજરે દેખી શકાય તેવાં સુખનું કારણ છે, તેનાથી સુખ મેળવવાનાં સાધનો ખરીદ કરી શકાય છે, એકઠાં કરી શકાય છે, ભોગવી શકાય છે; એવા પૈસાનો પરલોકનાં સુખનાં સાધનો મેળવવાની ઇચ્છા વડે વ્યય કરી નાખવો એમાં તે ડહાપણ શું કહેવાય? પૈસાથી અહીંનાં સુખોનો લાભ લેવો કે પરલોકનાં સુખની કલ્પના કરી તે ખાતર તેનો વ્યય કરી નાખવો? આવી રીતે નજરે દેખાય તેવાં સુખસાધનનો ત્યાગ કરી અદૃષ્ટ અને કલ્પનામાત્રમાં રહેલાં સાધનોમાં પૈસા ઉડાડી નાખવાનો હેતુ શો? પણ આ અકલંક મુનિ તો મને દરરોજ પ્રેરણા અને ઉત્સાહ આપ્યા કરે છે અને કહ્યું છે કે 'ભાઇ ધનવાહન! જો તારે ભાવસ્તવ કરવાનો ઉત્સાહ હોય. ભવિષ્યમાં તારે તે માર્ગે પ્રગતિ કરવી હોય તો અત્યારે તું દ્રવ્યસ્તવ[1] કરવામાં સારી રીતે આદર કર, તેના ઉપર તારૂં ચિત્ત લગાડ, તે માર્ગે પ્રવૃત્ત થા. ધીમે ધીમે તું ભાવસ્તવમાં તે માર્ગે આગળ વધીશ.' આવાં આવાં ઉત્સાહનાં વચનો કહે છે તેથી તે રીતે દ્રવ્યસ્તવમાં મારા બહુ પૈસા ખરચાઇ જાય છે, વપરાઇ જાય છે, વેડફાઇ જાય છે. ત્યારે હવે મારે તે શું કરવું? આ તો ભારે મોટી મુંઝવણ થઇ પડી. આવા આવા વિચાર હું કરતો હતો તે વખતે બહુલિકાએ મને આલિંગન કર્યું, અને ભેટી પડી.

જેવી બહુલિકા મને ભેટી તેવીજ મારામાં એક અત્યંત ખરાબ

---

૧ **દ્રવ્યસ્તવ, ભાવસ્તવ:** દ્રવ્યસ્તવમાં પૂજા માત્ર યાત્રા મહોત્સવાદિનો સમાવેશ થાય છે. તે ભાવસ્તવનું નિમિત્ત છે અને નિમિત્ત પૂરતી જ તેની ઉપયુક્તતા છે. સંસારરસિયા જીવો પ્રથમ દ્રવ્યસ્તવમાં પડે છે, પછી વિચારણાને પરિણામે ભાવસ્તવમાં જોડાય છે. ભાવસ્તવમાં અંત:કરણની ઇચ્છાથી ત્યાગ, આત્મભાવમાં રમણતા, સમતા અને વિકારો પર અરૂચિનો સમાવેશ થાય છે. દ્રવ્યસ્તવમાં ધનવ્યય, દાન, દેવગુરૂપૂજન, સદાચાર, તપ, મોક્ષઅદ્વેષ વિગેરેનો સમાવેશ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધમતાની પરાકાષ્ઠા.

કુબુદ્ધિ જાગૃત થઇ આવી. મેં વિચાર કર્યો કે આ મારા પૈસા વેડફાઇ જવાનું કારણ અકલંકમુનિ છે, તો કોઇ યુક્તિ કરીને તેઓને અહીંથી (પોતાના સાહ્લાદ નગરથી) બહાર-દૂર મોકલાવી દઉં, કોઇ વચનની રચના કરીને એમને વિહાર કરાવી દઉં, તો પછી આ પૈસાનો ધુમાડો થતો અટકી જાય. આવા તુચ્છ વિચાર અને નિર્ણયને પરિણામે હું અકલંકમુનિ પાસે આવ્યો અને બોલ્યો 'સાહેબ! આપ તો ખરેખર મારા ઉપર ઉપકાર કરવા માટે અહીં પધાર્યા છો. ખરેખર, આપશ્રીએ મારા ઉપર ઘણી કૃપા કરી, આપશ્રીનો બહુ આભાર થયો. સાહેબ! હવે માસકલ્પ[1] પૂરો થયો છે; તો મહાત્મા કોવિદાચાર્ય (ગુરૂ)નું આપના સંબંધમાં મન ઊંચું થઇ જશે અને અમને ઠપકો મળશે કે વિહારનો સમય થયો છતાં અમે આપશ્રીને વધારે રોકી રાખ્યા. તો સાહેબ! હવે આપશ્રી વિહાર કરો. આપે જે જે આદેશ કર્યા છે તે તે સર્વ હવે અમે કર્યા કરશું. આપશ્રીએ એ સંબંધમાં જરા પણ ચિંતા ન કરવી." તેનાં આવાં વચન સાંભળી મુનિ અકલંકે વિહાર કર્યો અને પોતે પોતાના ગુરૂપાસે સીધાવ્યા.

### પરિગ્રહમાં આસક્તિ.
### ચોરોનો અંદર અંદર જલ્પ.
### છેવટે સદાગમ દૂરીકરણ.

અકલંકમુનિએ વિહાર કર્યો અને સાગરના ઉપદેશથી હું પરિગ્રહમાં વધારે વધારે આસક્ત થયો અને ધર્મમાર્ગે જે થોડો થોડો પૈસાનો વ્યય હું કર્યા કરતો હતો તે પણ અટકાવી દીધો. ભાવસ્તવની વાત તો બાજુએ રહી ગઇ પણ દ્રવ્યસ્તવ પણ અટકી ગયું અને પરિગ્રહની ધારણા સફળ થઇ તેમજ મહામોહની ઇચ્છા પૂરી થઇ.

ઉપર પ્રમાણે મારી સ્થિતિ થઇ અને મારામાં ફેરફાર થયો તે બરાબર જોઇને પરિગ્રહ ઘણો રાજી થયો અને પોતાની મદદે અડીને

---

૧ માસકલ્પઃ સાધુ ચોમાસામાં (વરસાદમાં) ચાર માસ અને શેષ કાળે એક માસથી વધારે સાધારણ રીતે એક સ્થાનકે રહેતા નથી. શારીરિક નબળાઇ અથવા મોટા ઉપકારના કારણે રહેવાની ગુરૂની આજ્ઞા થાય તો રહી શકાય પણ ધનવાહનની દાનત રત્ન મંગાવવાની ન હોતી, પણ અમે તે બ્હાને મુનિ વિહાર કરાવવાની હતી. ભદ્રિક સાધુને બનાવી જવાની પ્રવૃત્તિ ક્વચિત્ દૃષ્ટિગોચર થાય છે તે ખેદનો વિષય છે. જ્યાં એકાંત સરળતા જોઇએ ત્યાં પણ મોહનાં આ કમણો થાય તો પછી વિષમ સમુદ્ર તરવાના માર્ગો કેમ મળે? ક્યાંથી મળે? ક્યારે મળે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખતે આવી પહોંચનાર સાગરમિત્રને કહેવા લાગ્યો “અરે ભાઇ! મારા મિત્ર! પ્રેમી! મારા તો દહાડા અહીં ગણાઇ ચૂક્યા હતા અને મારૂં આવી બન્યું હતું. હું તો લગભગ ખલાસ થઇ જવા આવ્યો હતો, તેમાં બરાબર ટાંકણે આવીને તેં મારો બચાવ કર્યો છે. અને ભાઇ! તારાથી પણ વધારે સારી રીતે આ કૃપણતા બ્હેન પોતાના ભાઇ ઉપર (મારા ઉપર) વાત્સલ્ય રાખનારી થઇ છે, એણે તો ખરેખર મને મરતાને જીવન આપ્યું છે, મને નવી જીંદગી આપી છે, મને ખરેખર બચાવી લીધો છે. અને સાથે આ બહુલિકા બહેન પણ ભારે ઉપકાર કરનારી થઇ પડી છે, કારણ કે મારી ખરેખરી મુશ્કેલી તો પેલા મારા હાડવૈરી અકલંકે ઊભી કરી હતી, તેને એ બ્હેને ભારે યુક્તિ કરીને અહીંથી વિદાય કરી દીધો. ભાઇ! નરોત્તમ! તેં બહુ સારૂં કર્યું! વખતસર આવી પહોંચી તેં મહારાજ રાજેશ્વર (મહામોહ) તરફ ખરો ભક્તિભાવ બતાવ્યો અને મારૂં રક્ષણ કર્યું.”

આવી રીતે પરિગ્રહ પોતાના મનથી સાગર બહુલિકા અને કૃપણતાનો આભાર દર્શાવી રહ્યો હતો તે આખી વાત સાંભળીને મહારાજા મહામોહ જે પાસેજ બેઠા હતા તે પરિગ્રહને ઉદ્દેશીને બોલ્યા “વત્સ! પરિગ્રહ! તું તદ્દન સાચું જ બોલ્યો છે, તારી વાત તદ્દન વાજબી છે! આ છોકરો સાગર છે એ તો ખરેખર મારા જીવનરૂપ છે, મારા જીવનરૂપ છે, મારી સર્વ શક્તિ મેં એનામાં સ્થાપન કરી છે અને વસ્તુતઃ તે તેનામાં બરાબર જામી ગઇ છે. મારા લશ્કરમાં એ છોકરો (સાગર) મારો ખરેખરો ભક્ત છે, બદલાની અપેક્ષા રાખ્યા વગર સાચી સેવા કરનારો છે, મારો સાચો પુત્ર છે, રાજ્યને યોગ્ય છે અને તારૂં રક્ષણ કરવાને પૂરતો શક્તિમાન્ છે.”

એવી રીતે જ્યારે સાગરને મહામોહ મહારાજે પોતે જ ઉત્તેજન આપ્યું, ચઢાવ્યો, ત્યારે તે પણ મને વધારે વશ કરનારો થઇ પડ્યો અને સદાગમને સારી રીતે હેરાન કરનાર નીવડ્યો. સાગરે મારા ઉપર જેમ જેમ પોતાનો દોર વધારવા માંડ્યો તેમ તેમ હું પણ આશા તૃષ્ણા અને ઇચ્છામાં વધતો ચાલ્યો અને સદાગમને દૂર કરતો ગયો. છેવટે જે જે કૃત્યો મેં અકલંકમુનિના સદુપદેશથી ઉપર જણાવ્યું તેમ શરૂ કર્યાં હતાં તે સર્વ છોડી દીધાં અને આખરે હું અકલંકમુનિ અહીં પધાર્યા તે પહેલાં જેવો હતો તેવો જ થઇ ગયો, સર્વ દ્રવ્યસ્તવમાં તદ્દન શિથિળ થઇ ગયો અને સંસારમાં રસિયો બની મહા પરિગ્રહમાં આસક્ત થઇ ગયો.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

## નિરર્થક કાર્યમાં પ્રવૃત્તિ સમજુ હોય તે કદિ ન કરે. કોવિદાચાર્યનો જ્ઞાનાનુભવ.

અકલંકમુનિ ખરેખર દયાના સાગર હતા, કૃપારસથી ભરપૂર હતા અને મારે માટે વારંવાર ચિંતા રાખ્યા કરતા હતા. તેઓશ્રીએ મારી ઉપર જણાવેલી હકીકત સાંભળી, જ્યારે તેઓશ્રીને જણાયું કે હું તો પરિગ્રહમાં આસક્ત થઇ ગયો છું અને દ્રવ્યસ્તવ પણ મૂકી બેઠો છું ત્યારે વળી ફરીવાર મારી પાસે આવીને મને ઠેકાણે લઇ આવવા તેઓ તૈયાર થઇ ગયા. તેઓશ્રીએ ગુરૂમહારાજ કોવિદાચાર્યને પ્રણામ કર્યા, મારા સંબંધી હકીકત કહી સંભળાવી અને મને ઉપદેશ આપવાની ઇચ્છાનું પ્રયોજન જણાવી મારી પાસે આવવાની અનુજ્ઞા માગી. કોવિદાચાર્ય મહા વિચક્ષણ હતા, શાસ્ત્ર અને વ્યવહારમાં મહા કુશળ હતા અને અનુભવજ્ઞાનમાં એક્કા હતા. તેઓ અકલંકમુનિનાં હૃદયમાં રહેલો સદ્ભાવ સમજી ગયા, તેઓના શિષ્યના શુભ ઇરાદાની તેમને ખાતરી હતી અને વિશિષ્ટ જ્ઞાનાનુભવથી તે વખતે વર્તતી મારી સ્થિતિની પોતાના મગજમાં સ્પષ્ટતા હતી. શિષ્યની સદર વિજ્ઞપ્તિના પ્રત્યુત્તરમાં તેઓશ્રીએ નીચે પ્રમાણે વિચારણા બતાવી. તે વખતે તેઓની (ગુરૂ શિષ્યની) વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

કૃપારસવાળા અકલંક.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

કોવિદાચાર્ય—"વત્સ અકલંક! આ તારો પ્રયત્ન તદ્દન નકામો છે. તું ત્યાં જવાની વાત છોડી દે, એમાં કાંઇ સાર જેવું નથી, એમાં કશો લાભ નથી. એનું કારણ એ છે કે એ ધનવાહનની પાસે જ્યાં સુધી પેલા મહામોહ અને પરિગ્રહ છે ત્યાંસુધી એના ઉપર કાંઇ કામ થઇ શકે તેવું નથી અને એ પોતે પણ કર્મકુશળ થઇ શકે તેવું નથી. અત્યાર સુધી એ જ સ્થિતિ વર્તે છે અને તેથી તારો પ્રયત્ન તદ્દન ફોકટ જવાનો છે. એવા નિશ્ચયનું કારણ એ છે કે એ બન્ને (મહામોહ અને પરિગ્રહ) તો ત્યાં અડ્ડો જમાવીને પડ્યા છે અને વળી પાછા તેઓની પાસે સાગર વિગેરે એક પછી એક આવ્યા કરશે, કારણ એ બન્ને મૂળનાયક છે અને પેલા સાગર વિગેરે અનેકના આશ્રયસ્થાન છે; એટલે એ આખા લશ્કરનું જોર વધ્યા જ કરશે. મતલબ એ છે કે જ્યાં સુધી પ્રાણી એ દુરાત્માઓને વશ વર્તતો હોય છે ત્યાંસુધી એને ઉપદેશ પણ કેવો? અને ધર્મ પણ કેવો? અને એને સદાગમ સાથે મેળાપ પણ ક્યાંથી સંભવે? એવા પ્રાણીઓ તો મહામોહ અને તેના

પરિવારને વશ રહીને વધારે વધારે નીચા ઉતરતા જાય છે. એવા પ્રાણીઓને દેશના આપવી એ તો બહેરાની આગળ જાપ કરવા જેવું છે,[1] આંધળાની પાસે નાચવા જેવું છે, વંધ્ય (ઉખર[2]) ભૂમિમાં બી વાવવા જેવું છે. જો બહેરો માણસ સાંભળે, આંધળો જુએ અથવા ઉખર ભૂમિમાં અનાજ ઉગે તો જ એવા પ્રાણીને આપેલ ધર્મદેશનાને ફળ બેસે.

લાભ હાની-ની તુલના.

"અને ભાઇ! કદાચ માનીએ કે તારા બહુ પ્રયાસથી એને બહુ થોડો સહેજસાજ લાભ થાય અથવા એના સંસ્કારમાં સહજ ફેર પડે તો તેવો લાભ બહુ જ થોડો તદ્દન નજીવો તેમજ અલ્પકાલીન સમજવો અને તારા જેવાને અભ્યાસ વિગેરેનું મોટું નુકસાન થાય એ ચોક્કસ સમજવું. વળી એક બીજી પણ વાત છે: તું એને વારંવાર બોધ આપ્યા કર, જાગૃત કર્યા કર, પ્રેરણા કર્યા કર, પરંતુ જ્યાં સુધી પેલા મહામોહ અને પરિગ્રહ એની સમીપમાં પલાંઠી વાળીને પડ્યાપાથર્યા રહ્યા છે ત્યાં સુધી એ તો ભાવનિદ્રામાં ઉંઘ્યા જ કરશે, એને ગમે તેટલો જગાડીશ પણ જાગશે જ નહિ. માટે વત્સ! એની પાસે જવાથી સર્યું. સમજુ માણસો નુકસાન થાય તેવા કામમાં પડતા નથી, તેવો ધંધો કરતા નથી."

અકલંક—"ભગવન્! આપશ્રીની વાત બરાબર છે. ત્યારે સાહેબ! એ બાપડા ધનવાહનનો પેલા મહા અનર્થના કરનારા લુચ્ચાઓથી છૂટકારો ક્યારે થશે?"

## વિદ્યા અને નિરીહતા.

કોવિદાચાર્ય—"તારા જેવો પ્રાણી ચારિત્રરાજના સેનાપતિ (સમ્યગ્દર્શન)ને[3] તો સારી રીતે ઓળખે છે. એ સેનાપતિએ રાજરાજેશ્વર ચારિત્રધર્મની સાથે મળીને પોતાના વીર્યથી એક વિદ્યા[4] નામની

---

૧ 'ગાયન' વધારે યોગ્ય શબ્દ લાગત.

૨ **વંધ્ય. ઉખર:** જે જમીનમાં બીજ વાવવાથી ઉગી શકે નહિ તેવી ભૂમિ.

૩ **સમ્યગ્દર્શન:** એના વર્ણન અને પરિચય માટે જુઓ **પ્ર. ૪. પ્ર.** ૩૬.

૪ **વિદ્યા:** આની સાથે મોહરાજની ગાત્રયષ્ટિ **અવિદ્યાને** સરખાવો (**પ્ર૦ ૪. પ્ર. ૯. પૃ.** ૮૧૦ અને **પ્ર. ૪.** પ્ર. ૧૦ પૃ. ૮૩૮). **મ**હામોહનું આખું શરીર **અવિદ્યામય છે.** તેના વિરોધમાં આ **વિદ્યા** કન્યા આવી. એને ઉત્પન્ન કરનાર **કોણ છે તે લક્ષ્યમાં** રાખશો. ઉપર ઉપરનું વસ્તુજ્ઞાન (વિષય પ્રતિભાસ જ્ઞાન) એ કાંઇ વિદ્યા નથી, એને સમ્યગ્દર્શન અને ચારિત્રરાજ ઉત્પન્ન કરે ત્યારે જ એ સાચું જ્ઞાન થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્યા.

માનસિક કન્યા ઉત્પન્ન કરી છે. એ ઘણી મનોહર છે બહુ રૂપાળી છે, વિશાળ આંખોવાળી છે અને આખા જગતને આનંદ ઉપજાવનારી છે. વળી તે વસ્તુઓની અંદર રહેલા ઊંડા ભાવોને બરાબર સમજનારી છે, આખા વિશ્વના બનાવોના હાર્દને જાણનારી છે અને પ્રત્યેક અવયવે સુંદર છે. એ કન્યા પોતાની વિશિષ્ટ લીલાથી આખી દુનિયામાં વિલાસ કરે છે. એના સંબંધમાં એક વાત ઘણી જ નવાઇ ઉપજાવે તેવી એ છે કે એનું લાવણ્ય સંસારથી ઘણું આગળ વધેલું હોવાને કારણે સામાન્ય રીતે સ્રીસંબંધથી દૂર નાસી જનાર મહાત્મા મુનિઓને પણ એ કન્યા વલ્લભ છે, પ્રિય છે, ઇષ્ટ છે. એટલા માટે એ કન્યા સર્વ સંપત્તિઓનું મૂળ કહેવાય છે, સર્વ કલેશને કાપી નાખનારી કહેવાય છે અને અનંત આનંદ સમૂહને આપનારી કહેવાય છે. એકંદર સર્વ સારી વસ્તુઓ અને ભાવોનું સ્થાન બની રહેલી એ કન્યા બહુ આકર્ષક અને પ્રેમપાત્ર છે. જ્યારે ઘનવાહન એ કન્યાને પરણશે ત્યારે એનો મોહરાજના ફંદમાંથી છૂટકારો થશે. એ કન્યા મોહરાજની તદ્દન વિરૂદ્ધ છે, પોતાની શક્તિ ઉપર મદાર બાંધી ટટાર રહી શકે તેવી છે અને તેથી જ્યાં એ હોય છે ત્યાં બીજાનું ( મોહનું ) રહેવું થતું નથી, બન્ને એક સાથે એક સ્થાનકે રહી શકતા નથી. જ્યાં વિદ્યા કન્યા આવી કે મહામોહને પોબારા જ ગણવા પડે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

નિરીહતા.

"વળી એક બીજી **નિરીહતા**[1] નામની ભોળી કન્યા છે. એ ચારિત્રરાજની દીકરી થાય છે, ઘણી સુંદર છે, મનને આરામ આપે તેવી છે અને સર્વાંગસંપૂર્ણ છે. એ વિરતિ દેવીની[2] કુક્ષીથી ઉત્પન્ન થયેલી છે, તેના ભાઇઓ એના ઉપર બહુ પૂજ્યભાવ રાખે છે ચારિત્રધર્મરાજાના રાજ્યમાં તેનાં ખોટની છોડી જેટલાં લાડ પાન અને માન છે અને એ સર્વને આનંદ આપનારી છે. સમ્યગ્દર્શન સેનાપતિને એ ખાસ વહાલી છે, સદ્બોધના એના પર ચારે હાથ છે અને સ્વામિભક્ત સંતોષે એને ઉછેરીને મોટી કરેલી છે. એ બાળા સ્વભાવથી જ ઘણી સુંદર છે, એની સર્વ ઇચ્છાઓ પૂરી થઇ ગઇ છે તેથી તે વસ્ત્ર ઘરેણાં કે માળા વિગેરેથી જે શરીરશોભા થાય છે તેની કદિ ઇચ્છા પણ કરતી નથી, એને

---

૧ **નિરીહતા**: કોઇ વસ્તુની ઇચ્છા સ્પૃહા ન કરવી તે. એવી વૃત્તિ થાય એટલે પરિગ્રહનો નાશ થાય છે, એમાંથી ઝેર નીકળી જાય છે.

૨ **વિરતિ**: ચારિત્રધર્મરાજની પત્ની ( પ્ર. ૪. પ્ર. ૩૪ ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી વસ્તુઓ મેળવવા કે ભોગવવા માટે મન જ થતું નથી. એ નિરીહતા કન્યાને સોનાથી લલચાવી શકાતી નથી, જૂદા જૂદા પ્રકારના ભોગોથી એને આકર્ષી શકાતી નથી અને ચિત્રવિચિત્ર પ્રકારનાં રત્નોના ઢગલા એને ખેંચાણ કરી શકતા નથી. જ્યાં કોઇ વસ્તુ કે ચીજ, ભોગ કે ઉપભોગ તરફ વૃત્તિ જ ન રહી, પ્રેમ જ ન રહ્યો ત્યાં પછી એને આકર્ષણ કરી લેવાનું કે એને લોભલાલચમાં પાડવાનું કારણ જ ક્યાં રહ્યું? એ કન્યા સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં સર્વત્ર વંદ્ય છે, નમસ્કાર યોગ્ય છે, એ મુનિઓને વહાલી હોઇ તેઓનાં મનને હરણ કરનારી છે, એ દુઃખોનો નાશ કરનારી હોઇ તેને (દુઃખોને) દૂર ફેંકી દેનારી છે અને જાતે ઘણી નસીબદાર છે. આવી સારી સુંદર અને લાવણ્યરસથી ભરપૂર કન્યાને જ્યારે એ ઘનવાહન પરણશે ત્યારે પેલો પરિગ્રહ નાશ પામશે, [1]વિલયભાવને પામી જશે, નકામા જેવો થઇ જશે. એનું કારણ એ છે કે એ દુરાત્મા પરિગ્રહને પેલી નિરીહતા કન્યા સાથે ઘણો વિરોધ છે; એ પોતાના મનથી તે કન્યાને પોતાની દુશ્મન ગણે છે; તેથી જેવો એ દુરાત્મા પેલી કન્યાને નજરે જુએ છે કે તરત જ અત્યંત ભયભીત થઇને વિલય પામી જાય છે."

લગ્નકાળ પર વિચારણા.
કર્મપરિણામનો દાનાધિકાર.
ત્યાર પછી ગુરૂનો હેતુભાવ.
અકલંકે આદરેલ નિરપેક્ષતા.

અકલંક—"ભગવન્! એ મહામોહ અને પરિગ્રહને દળી નાખનાર એ બન્ને કન્યાઓનો યોગ ઘનવાહનને ક્યારે થશે? એમનું ઘનવાહન સાથે લગ્ન ક્યારે થશે?"

કોવિદાચાર્ય—"વત્સ! ઘણો વખત ગયા પછી એની પ્રાપ્તિ ઘનવાહનને થશે અને જે વખતે એની પ્રાપ્તિ થશે તે જ વખતે જરૂર તેઓનાં લગ્ન થશે."

અકલંક—"જો આપસાહેબની આજ્ઞા હોય તો એ બન્ને કન્યાનો યોગ હું ઘનવાહનને કરાવી આપું."

કોવિદાચાર્ય—"ભાગ્યશાળી! એ કન્યાઓ પ્રાપ્ત કરાવવાનો તારા જેવાનો અત્યારે અધિકાર નથી. એનો હેતુ એ છે કે કર્મપરિણામ નામનો જે મહારાજા છે તેનો જ એ બન્ને કન્યાઓ આપવાનો અ-

---

1 **વિલય** શબ્દ બહુ અર્થસૂચક છે. એ મરી નહિ જાય પણ જીવતે મુવા જેવો થઇ જશે એવો એમાં આંતર આશય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધિકાર છે, બીજા કોઇનો એ બાબતમાં જરા પણ અધિકાર નથી, બીજા કોઇને એ બાબતમાં વચ્ચે આવવાની સત્તા નથી. એમાં બીજા માણસોનો અધિકાર કેટલો છે તે પણ સમજી લે: જ્યારે કર્મપરિણામ રાજા ઉપર જણાવ્યું તેમ કન્યાઓ આપવા તૈયાર થાય છે, તે કાર્યમાં ઉદ્યત થાય છે, તે વખતે તારા જેવા પણ હેતુભાવને પામે છે, કારણિક બને છે.

"માટે તારો અત્યારે એ કન્યાઓને મેળવી આપવાનો અધિકાર ન હોવાથી તું ખોટે માર્ગે પ્રયાસ કર નહિ. એ કર્મપરિણામ રાજા જ એ ભાગ્યશાળી સુખ આપનાર કન્યાઓ કોઇ વખતે ઘનવાહનને અપાવશે, પણ જ્યારે એને એમ લાગશે કે ઘનવાહન એ કન્યાઓને યોગ્ય થયો છે ત્યારે એ પ્રમાણે હકીકત બની આવશે. તું તો હવે એ બાબતમાં ચિંતા છોડી દે, જે વસ્તુ તારા હાથમાં નથી તે માટે આગ્રહ દૂર કર અને તારા ભણવાગણવાના કામમાં તત્પર થઇ જા. એ પરિણામશૂન્ય નકામી પ્રવૃત્તિને તિલાંજલિ આપ."

ગુરૂમહારાજનું વચન સ્વીકારીને અકલંકમુનિ મારા સંબંધી ચિંતા મૂકી દઇ પોતાના સ્વાધ્યાય અનુષ્ઠાનાદિ કાર્યમાં લાગી ગયા અને ત્યાર પછી તેઓશ્રીએ મારે માટે ચિંતા કરી નહિ, વિચાર પણ કર્યો નહિ અને કાંઇ પ્રયાસ પણ કર્યો નહિ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૫ મું.

## મહામોહનું મહાન્ આક્રમણ.

આખી દુનિયામાં મારૂં ભલું કરવાની એકાંત ઇચ્છાવાળા મારા બાળપણાના એક ખરા સ્નેહી અને યુવાવસ્થાના સહચારી મુનિ અકલંક મારા સંબંધમાં ચિંતા વગરના થઇ ગયા અને અહીં મારી ઉપર મહામોહ અને મહા પરિગ્રહનાં આક્રમણો વધતાં ચાલ્યાં. પછી તો તેઓએ એવી બાજી માંડી કે પોતાના એક એક પરિજનને બોલાવવા માંડ્યો, પોતાના સગાં અને સૈન્યના માણસોને મારા ઉપર અસર કરવા તેડાવવા માંડ્યા અને તે પ્રત્યેકે આવી અને અનેક પ્રકારની કદર્થના કરી. એ કદર્થનાઓમાં હું વધારે વધારે ઉતરતો ગયો, એમાં મારા કેવા હાલહવાલ થયા તે આખો વૃત્તાંત બ્હેન અગૃહીતસંકેતા! સાંભળવા યોગ્ય છે તેથી બરાબર સાવધાન થઇ એ વાત સાંભળ.

### મહામોહની ભયંકર અસર.
### એના પ્રત્યેક સેનાનીનું કાર્ય.
### ધનવાહનપર પ્રત્યેકનો પ્રયોગ.

મહામોહે હવે પોતાની બાજી બરાબર માંડી, સારી રીતે વિસ્તારી અને મક્કમપણે ખેલી. એનો એક નોકર કે પરિજન મારી પાસેથી જાય, તે જતો હોય ત્યાં વળી બીજો આવે અને કેટલાક મારી બાજુએ રાહ જોઇને બેસી રહે અને પોતાના વખતની નિરીક્ષા કરે. એમણે તો ભારે બાજી માંડી, ખરેખરી રમત જ માંડી અને સારૂં મજાનું નાટક જ ભજવવાનું કામ આદર્યું. એ પ્રત્યેકની તને કેટલી વાત કરૂં, કેટલો વખત લઉં? જો! હું તારી પાસે લાંબી લાંબી વાતો કરૂં છું તેથી તું મને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાચાળ ન ગણી લેતી, મહામોહની બાજી મંડાણી તે વખતે જે હકીકત બની તે હું તને ટુંકામાં જ કહી દઉં છું તે તું સાંભળીને સમજી લેજે. એ આખી વાર્તા તને કહેવા માટે પૂર્વની કંઇક વાર્તા તને યાદ આપવાની જરૂર છે. તને યાદ હશે કે પૂર્વે વિમર્શ પ્રકર્ષ રસનાની શોધ કરવા ગયા ત્યારે તેઓએ ચિત્તવૃત્તિ અટવી જોઇ હતી, એ અટવીમાં પ્રમત્તતા નામની નદી હતી, એ નદીમાં વચ્ચે તદ્વિલસિત નામનો રેતીનો બેટ (વેકલો) હતો, એ બેટમાં વચ્ચે એક ચિત્તવિક્ષેપ નામનો મંડપ બાંધવામાં આવેલો હતો, એ મંડપમાં લગભગ મધ્ય ભાગે એક તૃષ્ણા નામની વેદિકા (પ્લાટફોર્મ) તૈયાર કરવામાં આવી હતી અને એ વેદિકા ઉપર વિપર્યાસ નામનું સિંહાસન મૂકવામાં આવ્યું હતું. એ વિપર્યાસ સિંહાસનપર મહામોહ રાજા બેઠા હતા અને અવિદ્યા નામનું તેમનું શરીર હતું. આ સર્વ વાર્તા મામા વિમર્શે પોતાના ભાણેજ પ્રકર્ષને જણાવી હતી અને અગાઉ મેં તે તને વિસ્તારથી કહી સંભળાવી હતી[1]—તે સર્વ તને યાદ છે કે નહિ?

અગૃહીતસંકેતાએ જવાબમાં જણાવ્યું કે તેને એ સર્વ વાતો બરાબર યાદ છે. પછી તેણે વાર્તા આગળ ચલાવવા સંસારીજીવને કહ્યું.

સંસારીજીવે વાર્તા આગળ ચલાવતાં કહ્યું—જો બ્હેન! એ પ્રમાણે હકીકત છે તો પછી વળી વધારે યાદ કરીશ તો તારા સ્મરણમાં આવશે કે તે વખતે મામા વિમર્શે ભાણેજ પ્રકર્ષ પાસે વેદિકા ઉપર બેઠેલા મિથ્યાદર્શન વિગેરે બીજા અનેક સેનાની વિગેરેનું વર્ણન કર્યું હતું, વળી તેની સેવા કરવાથી ખુશી રહેનારા બીજા અનેક રાજાઓ વિગેરે મંડપમાં હતાં તેનું પણ વર્ણન કર્યું હતું. એ રાજાઓ વિગેરે સર્વે પોતાનાં ભાઇભાંડું સ્ત્રી કુટુંબ પરિવાર અને નોકરચાકરને લઇને દરેકે દરેક મારી પાસે આવી પહોંચ્યા; કારણ કે એ સર્વેનો નાયક મહામોહ તે વખતે મારી પાસે આવ્યો હતો. પરિણામે વાત એ થઇ કે મહામોહ રાજાના પોતાના લશ્કરમાં તથા મદદનીશ રાજાઓને સહાય કરનારા લશ્કરમાં કોઇ પણ એવું બાકી ન રહ્યું કે જેના વડે મારી સેવના ન થઇ હોય-જેણે આવીને મારી ઉપર પોતાની અસર બતાવી ન હોય.

---

૧ એ સર્વ વર્ણન પ્રસ્તાવ ૪ પ્રકરણ ૯ માં આવી ગયું. (જુઓ પૃ. ૮૦૨–૧૧). એના વિગતવાર ખુલાસા તેજ પ્રસ્તાવના પ્રકરણ ૧૧ ની આખરે થઇ ગયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રત્યેક લશ્કરીકૃત બાધા વિગેરે.

### મહામૂઢતા.

તે વખતે મહામૂઢતાએ[1] મારા ઉપર એવી અસર કરી કે જેથી તે ભવમાં મારા જે ભાવો વર્તતા હતા, તે વખતે મારી જે પરિસ્થિતિ વર્તતી હતી, તેમાં મને બહુ આસક્ત બનાવી દીધો, ગાઢ મૂર્છિત કર્યો અને અત્યંત લદબદ કર્યો. તેવી ગાઢ આસક્તિને પરિણામે હું સન્માર્ગથી ચૂક્યો, દૂર થયો, નષ્ટ થયો.

### મિથ્યાદર્શન.

એ મહારાજાના સેનાપતિ મિથ્યાદર્શને[2] મને સદાગમથી દૂર કર્યો, છેવટે સદાગમનો ત્યાગ કરાવ્યો, ત્યાર પછી મારી બુદ્ધિમાં મોટો ભ્રમ ઉત્પન્ન કર્યો અને તેમ કરીને તેણે મને અનેક પ્રકારની બાધા પીડા કરી.

### કુદૃષ્ટિ.

એ સેનાપતિની મહારાણી કુદૃષ્ટિએ[3] મારી પાસે અનેક ભયંકર પાપો વળી ત્યાર કરાવ્યાં અને તેમાં તેણે ખૂબિ એ કરી કે એ પાપો કરતી વખતે હું તો આખો વખત એમ જ માનતો રહ્યો કે જાણે હું ખરો ધર્મ કરું છું. આવી રીતે મને સમજ ન પડે તેમ મારી પાસે અધોગતિનાં કારણો એ ભાનતીએ પ્રાપ્ત કરાવ્યાં.

JAINSITE जैन साईट .com जयतु शासनम्

### રાગકેસરિ.

મહારાજાના પાટવી રાગકેસરિએ[4] શબ્દ રૂપ રસ ગંધ અને સ્પર્શના વિષયો જે જાતે કોઈ પણ પ્રકારના સાર વગરના છે અને જેની સાધુ પુરુષો વારંવાર અનેક આકારમાં જુદી જુદી રીતે નિંદા કરી રહ્યા છે તેના ઉપર મારા મનમાં પ્રીતિ ઉપજાવવાનું કામ કર્યું અને મારામાં માનસિક નિર્લજતા દાખલ કરી.

---

૧ **મહામૂઢતા**: એ મહામોહ મહારાજાની સૌભાગ્યવતી ભાર્યા છે. (**પ્ર.** ૪ પ્ર. ૧૩).

૨ **મિથ્યાદર્શન**: મોહરાજાનો સેનાપતિ (**પ્ર.** ૪ પ્ર. ૧૨).

૩ **કુદૃષ્ટિ**: સેનાપતિ મિથ્યાદર્શનના અર્ધ આસન પર બેઠેલી તેની ભાર્યા. જુઓ સદર પૃષ્ઠ ૮૫૮.

૪ **રાગકેસરિ**: મહામોહનો મોટો પુત્ર. **દ્વેષગજેંદ્ર** નાનો પુત્ર. **મૂઢતા** એ રાગકેસરિની પત્ની છે અને **અવિવેકિતા** એ દ્વેષગજેંદ્રની પત્ની છે. (જુઓ **પ્ર.** ૪ પ્ર. ૧૩). ત્યાં એ ચારેનું વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મૂઢતા.**

વળી મૂઢતા નામની એ રાગકેસરિની ભાર્યા મારી પાસે આવી ત્યારે તો હું એને તાબે થઇ ગયો, એને વશ પડી ગયો અને તેની અસરથી આ સંસાર દુષ્ટ છે એ પણ મારા જાણવામાં ન આવી શક્યું, આ સંસારમાં કાંઇ અનિષ્ઠ છે એવું મારૂં જ્ઞાન થઇ શકે તેની આસપાસ એ બાઇએ તો પડદો પાડી દીધો.

**દ્વેષગજેન્દ્ર.**

અને વળી એ મહામોહ મહારાજાના બીજા ફટાયા કુંવર દ્વેષગજેન્દ્રે તો મારી પાસે કારણસર કે વિનાકારણ જ્યાં ત્યાં અપ્રીતિ ઉત્પન્ન કરાવી, મોટો ખટરાગ કરાવી દીધો અને ચારે તરફ સંતાપનો અગ્નિ સળગાવી દીધો અને મને તે અપ્રીતિ અને સંતાપમાં ગરકાવ કરી દીધો.

**અવિવેકિતા.**

વળી જ્યારે એ ફટાયા કુમાર દ્વેષગજેન્દ્રની પત્ની અવિવેકિતા મારી પાસે આવી ત્યારે એણે તો ભારે અજબ વાત કરી: જ્યારે જ્યારે અમુક કાર્ય કરવા યોગ્ય છે કે નહિ તેની હું વિચારણા કરવા માંડું ત્યારે ત્યારે એવી નજીવી બાબતમાં તસ્દી ન લેવાનું એ મને વારંવાર કહેવા લાગી અને હું વિચારણા કરવા લાગી જઉં તો તેથી મને વારવા લાગી, અટકાવવા લાગી; એટલે કે તે મને કરવા યોગ્ય ન કરવા યોગ્ય બાબતનો વિવેક કરવા દેતી નહિ.

**વિષયાભિલાષ.[1]**

રાગકેસરિના મંત્રીએ ત્યાર પછી ત્યાં આવીને મને શબ્દમાં રસ લેતો કર્યો, રૂપમાં આસક્ત કર્યો, રસમાં લુબ્ધ કર્યો, ગંધમાં રસીઓ કર્યો અને સ્પર્શમાં રત કર્યો અને તેમ કરીને તેણે તો મને તદ્દન પોતાને વશ કરી લીધો. એના તાબામાં પડીને હું ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થયો.

**ભોગતૃષ્ણા.[2]**

જ્યારે વિષયાભિલાષે મને ઇંદ્રિયભોગમાં આસક્ત કર્યો ત્યારે તેની પત્ની ભોગતૃષ્ણાએ પોતાના પતિને ઇષ્ટ વિષયોમાં મને વધારે ફસાવ્યો;

૧ જુઓ પ્ર. ૪. પ્ર. ૧૭.

૨ જુઓ સદર પૃ. ૮૮૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જે વિષયો મને પ્રાપ્ત થયા તેમાં બહુ ગાઢ મૂર્છાવાળો મને બનાવ્યો અને ન પ્રાપ્ત થયા હોય તેને મેળવવાની આશા-તૃષ્ણા અને આકાંક્ષા મારામાં ઉત્પન્ન કરીને મને ખૂબ હેરાન કર્યો, વિષયોની પછવાડે તગડાવ્યો અને તેની પાછળ દોડાવ્યો.

**હાસ.**

ત્યાર પછી સુંદર ગંભીરતાનો મોટો દુશ્મન **હાસ**[1] મારી પાસે આવ્યો. એણે મારી પાસે આવતાં વિનાકારણ મારી પાસે બહુ વખત હાસ્ય કરાવ્યું. મુખ ઉઘાડી ઉઘાડીને મોટેથી ઢંગધડા વગર મને હસાવ્યો.

**રતિ.**

ત્યાર પછી મકરધ્વજની પત્ની **રતિ**[2] મારી પાસે આવી અને તેણે મને તે વખતે સ્ત્રીઓનાં શરીર સાથે રમાડ્યો. એ સ્ત્રીઓનાં શરીરો મૂત્રથી આંતરડાંથી ચરબીથી માંસથી મળથી અને એવી એવી બીજી અનેક દુગછનીય વસ્તુઓથી ભરેલાં હતાં છતાં મારા વિવેકચક્ષુને એ બાઇએ તદ્દન બંધ કરી દીધાં અને એવી નિર્માલ્ય વસ્તુઓને આનંદદાયક મનાવી મને તેમાં ફસાવ્યો.

**અરતિ.**

વળી ત્યાર પછી **અરતિ**બાઇ આવ્યા. એણે વળી એક પછી એક નવાં નવાં જુદાં જુદાં કારણો શોધી કાઢીને મારા મનને અનેક પ્રકારે ઉદ્વેગ પમાડ્યો. મારા સંતાપમાં ભારે વધારો કર્યો અને ચિત્તની સ્થિરતા તદ્દન આજુએ મૂકાવી દીધી.

**ભય.**

ત્યાર પછી વળી **ભય** આવ્યો. તેણે વળી મારા મનમાં એવી જ ભીતિ ઉત્પન્ન કરી કે અરે! હું હવે જરૂર મરી જઇશ અથવા તો અરેરે! મારું આ રાજ્ય કોઇ હરણ કરી લેશે, મને ગાદીએથી ઉઠાડી મૂકશે, મારી રખડપટ્ટી થશે! આવા આવા અનેક પ્રકારના ભયો ઉત્પન્ન કરીને **ભયે** મને હેરાન કર્યો, મારી પાસે નાટક કરાવ્યું.

---

૧ **હાસ, અરતિ, શોક, ભય** અને **જુગુપ્સાના** વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૫.

૨ આ **રતિ** કામદેવની સ્ત્રી છે, નોકષાયમાંની એક છે. એના વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૪ (પૃષ્ઠ ૮૬૯).



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

શોક.

ત્યાર પછી શોક આવ્યો. કોઇ સગાસ્નેહીનાં મરણનું કારણ પ્રાપ્ત કરીને કે લડાઇ કે વ્યાપારમાં ધનના નાશ થવાનો પ્રસંગ પ્રાપ્ત કરીને શોકે મને અનેક પ્રકારની વિડંબના કરી. તે આવે ત્યારે મોહથી દુઃખ થાય, પણ સાચું જ્ઞાન થાય નહિ.

જુગુપ્સા.

ત્યાર પછી જુગુપ્સાબાઇ આવ્યા. એણે વળી પોતાના કામની જમાવટ એવી રીતે કરી કે જેમાં તેમાં મને દુગંછા આવવા લાગી. કાંઇ ગમે નહીં, ખરાબ જ લાગે, મારો આત્મા તત્ત્વમાર્ગથી તદ્દન દૂર જ રહે, અને એણે મારામાં સદસદ્વિવેકને અંગે એવી ખોટી માન્યતાઓ ઊભી કરી કે મારો આત્મા તદ્દન ઢંકાઇ ગયો, દબાઇ ગયો, છૂપાઇ ગયો અને પરિણામે હું વિવેકી માણસોને હસવાનું સ્થાન થઇ પડ્યો.

કષાયો[1].

બ્હેન ! મેં તારી પાસે અગાઉ એ વૃદ્ધ મહામોહરાજનાં પૌત્રો અને રાજકુમાર રાગકેસરિના આઠ પુત્રોનું વર્ણન કર્યું હતું અને તેની સાથે જ દ્વેષગજેંદ્રના આઠ પુત્રોનું વર્ણન કર્યું હતું તે તને બરાબર યાદ હશે. એ સોળે છોકરાઓ દાદાના ખોળામાં તોફાન કરતા તે વખતે તેં જોયા હતા. એ કષાય નામના સોળે છોકરાઓ પોતાના દાદા મહામોહને મારી સમીપ જોઇને જે ધમાલ કરવા મંડી ગયા અને જે ત્રાસો મને તેમણે આપ્યા તે જો કહેવા બેસું તો તેનો પાર આવે તેમ નથી.

જ્ઞાનસંવરણ[2].

ત્યાર પછી મહામોહ મહારાજાની પાસે જ્ઞાનસંવરણ મિત્રરાજ આવ્યા. એમણે મને લગભગ જ્ઞાનના પ્રકાશથી તદ્દન રહિત બનાવી દીધો, જ્ઞાન વગરનો જાણે ભાવથી હોઉં તેવો કરી દીધો ! મારી વિચારણા બુદ્ધિ અને તર્ક વિગેરેની આસપાસ એ રાજાએ પડદા નાખી દીધા અને મારી મતિને ઘેરી લીધી.

---

૧ એ છોકરાઓના વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૬.

૨ જ્ઞાનસંવરણથી અંતરાય સુધીના મિત્રરાજાઓનાં વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દર્શનાવરણ.

વળી ત્યાર પછી દર્શનાવરણ મિત્રરાજ મહામોહ પાસે આવ્યા અને તેમણે પોતાની મારા ઉપર અસર જમાવી. એણે મારી પાસે ઘુરઘુર અવાજ કરાવ્યા, મને ઉંઘાડી દીધો, લાકડા જેવો તદ્દન મૂઢ અને ચેષ્ટા વગરનો બનાવી દીધો અને કોઇ પણ પ્રકારના દર્શનથી મને લગભગ તદ્દન વિમુખ કર્યો, દૂર કર્યો.

## વેદનીય.

ત્યાર પછી મહારાજાને સહાય કરવા વેદનીય નામના મિત્રરાજ પધાર્યા. તેમણે કોઇ વખત મને સુખ આપીને ખૂબ આનંદમાં તરબોળ કરી દીધો અને કોઇ વાર દુઃખ આપીને સંતાપથી ગાંડોઘેલો બનાવી દીધો. મારી એક સરખી સ્થિતિ એમણે રહેવા ન દીધી પણ આનંદ અને સંતાપ વચ્ચે ઝોલાં ખવરાવ્યાં.

## આયુષ્ય.

વળી આયુષ્ય મહારાજ પોતાના મિત્રરાજાની મદદે આવ્યા. તેમણે પોતાની શક્તિના જોરથી મને બહુ લાંબા વખત સુધી ઘનવાહન તરીકે ધારણ કરી રાખ્યો, મને એ નામે એ રૂપે ચાલુ રહેવા દીધો અને તે બાબતમાં આખો વખત પોતાની શક્તિનો ઉપયોગ કર્યો.

## નામ.

વળી નામ નામના મિત્રરાજે આવી મહામોહ મહારાજને મદદ કરવા મારા શરીર ઉપર પોતાની શક્તિ અનેક રીતે બતાવી અને અનેક રીતે મારા પર સારી ખરાબ ચિત્રામણો કરી, મને આળેખી નાખ્યો અને મારાં ચિત્રવિચિત્ર રૂપો કર્યાં.

## ગોત્ર.

ગોત્રરાજે મને કોઇ વખત સારા ગોત્રવાળા તરીકે ઓળખાવ્યો, અને કોઇ વખત ખરાબ ગોત્રમાં પ્રસિદ્ધ કર્યો. જૂદી જૂદી દૃષ્ટિથી જૂદા જૂદા ગોત્રવાળા તરીકે મને તેણે જાહેર કર્યો.

## અંતરાય.

લાભ, દાન, ભોગ, ઉપભોગ અને વીર્ય બાબતમાં અનેક પ્રકારની અગવડો ઊભી કરી અંતરાય મિત્રરાજે મારા સંબંધમાં કામ લીધું અને તેમ કરીને મહારાજ મહામોહ પાસે પોતાનું નામ જાહેર કર્યું અને પોતાનું ખરૂં પોત પ્રકાશી આપ્યું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## દુષ્ટાભિસન્ધિ.[1]

અને ત્યાર પછી રૌદ્રચિત્તનો ઉપરી દુષ્ટાભિસન્ધિ મારી પાસે આવ્યો. તેણે મારામાં અનેક પ્રકારનાં આર્ત્ત રૌદ્ર ધ્યાનના પ્રસંગો ઉત્પન્ન કર્યા, મને તદ્દન પાપી બનાવી દીધો અને મારી ચેષ્ટાઓ સર્વ પાપથી ભરપૂર કરી દીધી. એ રાજાએ તો મારા અંતરંગના હાલહવાલ કરી નાખ્યા.

## વિગેરે.

તે વખતે મહામોહની પાસે બીજા પણ મહારથી, વીરરથી અને મોટા મોટા સેનાનીઓ વારાફરતી આવવા લાગ્યા અને તે દરેકે પોતપોતાની શક્તિ મારી ઉપર પૂરેપૂરી અજમાવી. મને જેટલો બને તેટલો મોહરાજા સમીપ રહેવાનાં કાર્યમાં મશગુલ કર્યો. અકલંક મને છોડી ગયા હતા, મારા સંબંધમાં તે નિરાશ અને ઉદાસીન થયા હતા એ વાતની એ લોકોને બરાબર ખબર પડી ગઇ હતી, તેની બાતમી તે લોકોએ મેળવી હતી અને તેથી તેઓ તદ્દન નિર્ભય થઇ ગયા હતા. તેથી એ મારા હાડવૈરીઓએ મને અનેક પ્રકારના ત્રાસો આપ્યા, હેરાનગતિઓ કરી અને વિડંબનાઓ નીપજાવી.

## મકરધ્વજની ખાસ બાધાઓ.

**સદાગમન દૂર ગમન.**
**મહા તુચ્છ વર્તન.**

હવે મને કદર્થના કરવા માટે એક વખત **મકરધ્વજ**[2] મહામોહ મહારાજા પાસે આવી પહોંચ્યો. એ આવ્યો તે કાંઇ એકલો ન આવ્યો પણ પોતાની સાથે પોતાની ભાર્યા રતિને લેતો આવ્યો અને વળી રાગકેસરિ મહારાજાના મંત્રી વિષયાભિલાષને તથા તેના પાંચ કુટુંબીઓ ( છોકરાઓ-ઇંદ્રિયો ) ને પણ સાથે તેડતો આવ્યો. એને જે કાર્ય સિદ્ધ કરવું હતું તેમાં એ સર્વની જરૂર હતી અને તેથી બધાને સાથે લઇને એ આવ્યો હતો અને પોતે પણ કેડ બાંધી હાથમાં [3]તીરકામઠું લઇને અને શરીરપર બખ્તર પહેરીને આવ્યો હતો. જ્યારે મકરધ્વજ આવી રીતે મોટા પાયા ઉપર તૈયારી કરીને આવી પહોંચ્યો

---

૧ **દુષ્ટાભિસન્ધિ.** એ રૌદ્રચિત્તપુરનો રાજા છે. હિંસાનો પિતા થાય. જુઓ પ્ર. ૩. પ્ર. ૨૧.

૨ એના વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૪.

૩ કામદેવના તીર એટલે પુષ્પો સમજવાં. એ રૂપક સુપ્રસિદ્ધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે તેને મળવાથી મહામોહમહારાજા બહુ તુષ્ટમાન થયા અને તે હકીકતથી મકરધ્વજને પોતાને પણ ઘણો આનંદ થયો. એ મકરધ્વજ જ્યારે મહામોહરાજને આવી મળ્યો ત્યારે મોહરાય ખરેખર મદમસ્ત થયેલા ગંધહસ્તી બની ગયો અને મને અનેક પ્રકારની બાધા પીડા કરનારો નીવડયો તે હવે તું જોઇ શકીશ.

એ મકરધ્વજે જેવી મારી ઉપર પોતાની અસર નીપજાવવા જાળ પાથરી કે હું તે વખતે શબ્દમાં લુબ્ધ થયો, રૂપ જોવામાં આસક્ત થયો, રસનો સ્વાદ કરવામાં પ્રેમી થયો, સ્પર્શ કરવામાં આતુર બન્યો અને ગંધમાં આનદ માનવા લાગ્યો. ટુંકામાં કહું તો જાણે હું એ પાંચ વિષયોમાં તદ્દન આંધળો જ બની ગયો અને તેના રસમાં વધારે વધારે ઊંડો ઉતરવા લાગ્યો. તે વખતે મારો સદ્બોધ તો ક્યાંનો ક્યાં દૂર નાસી ગયો.

એ રીતે મકરધ્વજે મારી ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરવા માંડ્યું. એને પરિણામે વિષય રૂપ અપવિત્ર પદાર્થોના કીચડમાં હું રગદોળાવા લાગ્યો. જેમ એક ડુક્કર (ભુંડ) કચરાથી અને તુચ્છ વસ્તુથી ભરેલા ખાડામાં આળોટે, આનંદ કરે કે ગેલ કરે તેમ સર્વ પ્રકારની લાજ શરમ છોડી દઇને હું રાત્રિદિવસ વિષયોમાં રમવા લાગ્યો અને મારી જાતને તેમાં તરબોળ કરી દીધી. મેં અનેક પ્રકારના ભોગો અનેક વાર ભોગવ્યા. એમાં મેં રસ આનંદ માન્યો, છતાં ઘણે વખતે પણ મને સંતોષ વળ્યો નહિ, તૃપ્તિ થઇ નહિ, નિરાંત વળી નહિ. [1]વાંદરાને ગમે તેટલું ઘી પીવરાવવામાં આવે તેથી શું તે જરા પણ જાડો થાય? મારે એવું બન્યું કે હું જેમ જેમ ભોગો ભોગવતો જઉં તેમ તેમ મારી ભોગતૃષ્ણા વધતી જાય, મને ભોગો ભોગવવાની વૃત્તિ ઇચ્છા અને હોંસ વધારે વધારે થતી જાય. [2]વડવાનળ અગ્નિમાં જેમ જેમ વધારે પાણી નાખવામાં આવે તેમ તેમ આગના વધારે વધારે મોટા ભડકા ઊઠે છે. એ વખતે ચંદ્રકિરણ જેવા અકલંકના ઉપદેશોની આસપાસ મહામોહમહારાજનાં વાદળાં ફરી વળ્યાં અને તેને પરિણામે હું એ સર્વેને વિસરી ગયો, મારી યાદશક્તિમાંથી એ દૂર થઇ ગયા અને મારૂં તે તરફ જરા પણ ધ્યાન જ રહ્યું નહિ.

---

૧ વાંદરાને ગમે તેટલું ઘી પાવામાં આવે પણ તેથી તે પુષ્ટ થતો નથી.

૨ **વડવાનળ**: દરિયાનો અગ્નિ. એ જળથી ઓલવાતો બુઝાતો નથી, એમાં જળ વધારે નાખે તેમ ગ્યાસલેટની જેમ તે વધે છે. તેમજ ભોગો ભોગવવાથી શાંત થતા નથી, ઉલટા એની ઇચ્છા વધારે છે—આ શાશ્વત નિયમ છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આવી રીતે હું અકલંકના ઉપદેશને વીસરી ગયો, વિષયમાં વધારે વધારે ઊંડો ઉતરતો ગયો અને મકરધ્વજના તાબામાં જતો ગયો એટલે સદાગમ મહાશયે જોઇ લીધું કે અત્યારે ભાઇશ્રી એના ભાવશત્રુઓના હાથમાં રમકડાં થઇ પડ્યાં છે અને એવે વખતે પોતાનો અવસર જરા પણ નથી, પોતાને માટે એ સંજોગોનાં જરા પણ સ્થાન નથી–આવી વિચારણાને પરિણામે એ પોતે દૂર જઇને બેઠા,—મારાથી આઘા ખસી ગયા.

આવા વિચિત્ર સંયોગોમાં અને અનર્થકારી ઘટનાના પ્રસંગોમાં પણ મારો અંતરંગ મિત્ર પુણ્યોદય મારી સર્વ વાંછાઓ જરૂરીઆતો અને હોંસો પૂરી પાડતો હતો, હું જે ઇચ્છું તે હાજર કરી દેતો હતો, પણ હું એટલો બધો પરાધીન થઇ ગયો હતો અને મૂઢ બની ગયો હતો કે એ મારા સાચા મિત્રની કિંમત તે વખતે હું જરા પણ આંકતો નહિ, તેને પીછાનતો પણ નહિ અને તેને યાદ પણ કરતો નહિ.

મેં તો બસ એક જ વાત ઉપર ધ્યાન આપ્યું: મારા અંતઃપુરમાં આખો વખત રહેવા લાગ્યો, સ્ત્રીઓ સાથે મનમાન્યા આનંદ કરવા લાગ્યો, વિલાસજળમાં પડવા લાગ્યો અને સ્ત્રીસંબંધમાં સુખ માનવા લાગ્યો; તે એટલે સુધી કે મારા રાજ્યનું સર્વ કાર્ય મેં છોડી દીધું, મારો રાજધર્મ વિસરી ગયો અને માત્ર વિષયસેવનાની ઝંખના ચિંતા અને વિચારણા કરવા લાગ્યો. મારા અંતઃપુરની સ્ત્રીઓ સાથે જ વિષય સેવવાથી વાત અટકી નહિ, મારી ભોગતૃષ્ણા તો આકાશની જેમ વધવા લાગી, એટલે પછી મેં મર્યાદા છોડી, હદ મૂકી અને હું આગળ વધ્યો; મારા નગરમાં સારા રૂપવાળી કોઇ પણ સ્ત્રી છે એમ મને ખબર પડે કે કોઇ જણાવે એટલે એને મેં તો પકડવા માંડી, ફસાવવા માંડી, હેરાન કરવા માંડી, એના ધણી પાસેથી બળાત્કારે ખુંચવી લેવા માંડી. એમાં એ સ્ત્રી કુળવાન્ છે કે અધમ છે, યોગ્ય છે કે અયોગ્ય છે, કે એવી બીજી કોઇ પણ બાબતનો વિચાર ન કર્યો. ગોરી ચામડી અને બહારથી રૂપાળું લાગતું શરીર જોઇ હું તેના ઉપર બળાત્કાર કરવા લાગ્યો અને નીચ આચરણ ચલાવવા લાગ્યો. એમ કરવામાં મહા પાપ થાય છે એ વાત મારા ખ્યાલમાં પણ ન આવી, મારા કુળને એવી વાત છાજતી નથી એવો મને વિચાર સરખો પણ ન આવ્યો અને મારો રાજધર્મ મને શું શીખવે છે તેનો ખ્યાલ પણ ન રહ્યો. મારા મંત્રીઓ એ બાબતમાં મને વારે કે અટકાવે તેની પણ મેં કાંઇ ગણના કરી નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આખા રાજ્યમાં અસંતોષ.
## રાજ્યભ્રષ્ટ ધનવાહન.
## નીરદવાહનને રાજ્યપ્રાપ્તિ.

પાપની હવે પરિસીમા થતી ચાલી, ઉદ્ધતાઇની પરાકાષ્ઠા થઇ, નીચતાની હદ આવી ગઇ, પણ મેં તો કોઇની વાત સાંભળી નહિ, કોઇની સલાહ માની નહિ, કોઇના કહેવા પ્રમાણે રસ્તો લીધો નહિ. આવી વિચિત્ર પરિસ્થિતિ કેટલો વખત ચાલે? મારા અતિ અધમ વર્તનને લોકો ક્યાં સુધી સાંખે? પોતાની વહુદીકરીની લાજ કોને વહાલી ન હોય? પરિણામે મારા એવા વર્તનથી મારા સર્વ લશ્કરીઓ મારાથી વિરૂદ્ધ થઇ ગયા, આખું નગર ઉદ્વેગમાં પડી ગયું અને ખૂદ મારા સંબંધીઓ પણ એવા પ્રકારના મારા અધમ વર્તન અને ચેષ્ટાથી શરમાઇ ગયા, લાજી ગયા અને મારૂં પાયદળ લશ્કર પણ મારી નિંદા કરવા લાગ્યું, કારણ કે **ગુણો સર્વ જગ્યોએ પૂજાય છે, એમાં સગપણ કે સંબંધ જરા પણ કારણભૂત થઇ શકતાં નથી.**

**નીચતાની હદ પર.** આવી રીતે પ્રજામાં બેદીલી વધતી ચાલી, લશ્કર મારી વિરૂદ્ધ થઇ ગયું, મંત્રીમંડળ મ્લાન થયું અને ખૂદ મારાં સગાંસબંધીઓ પણ મારાથી લજવાઇ ગયાં એટલે આખા રાજ્યમાં ખરી રીતે મારૂં કોઇ રહ્યું નહિ. લોકોમાં મારી આટલી બધી નિંદા થતી હતી એ હકીકતની મને ખબર પડી હતી છતાં મહામોહને વશ રહીને હું તો મારાં અધમ કાર્યોમાંથી જરા પણ પાછો હઠ્યો નહિ, મારામાં જરા પણ ફેર પડ્યો નહિ, કોઇ પ્રકારની સુધારણા થઇ નહિ. છેવટે અત્યંત નીચ કુળની હલકા વર્ણની સ્ત્રીઓને મેં મારા અંતઃપુરમાં દાખલ કરી, જે સ્ત્રીઓની પાસે જવું પણ યોગ્ય ન ગણાય તેવીને પણ મેં મારા અંતઃપુરમાં દાખલ કરી અને એવી રીતે હું મારી નીચતામાં વધતો ચાલ્યો.

**આખરે રાજ્યભ્રષ્ટ.** મારે એક **નીરદવાહન** નામનો નાનો ભાઇ હતો. એ જાતે ઘણો શરમાળ હતો, અત્યંત વિનયવાળો હતો, બહુ સુંદર પ્રકૃતિવાળો હતો, લોકોમાં સારી પ્રખ્યાતિવાળો હતો અને અતિ સુંદર પુરૂષાર્થ કરનાર મહા ઉદ્યોગી હતો. મારા અતિ અધમ વર્તનથી કંટાળી ગયેલા મારા સામંતો નગરવાસીઓ મંત્રીઓ અને સેનાપતિ સર્વ એકઠા થયા, તેમણે વિચાર કર્યો, સર્વે એકમત થયા અને પછી એકાંતમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા ઉક્ત બંધુ નીરદવાહનને મળ્યાં અને તેને જણાવ્યું કે "મુરબ્બીશ્રી! આપનો ભાઇ રાજા ઘનવાહન અતિ તુચ્છ સ્ત્રીઓમાં રખડવા લાગ્યો છે, પરસ્ત્રીમાં આસક્ત થઇ ગયો છે, એણે સર્વ માઝા કે મર્યાદા મૂકી દીધીછે, એની બુદ્ધિ બ્હેર મારી ગઇ છે, અને એણે આપના અતિ ઊંચા કુળને મહા દૂષણ લગાડ્યું છે; એ ખરેખરો કૂળખંપણ છે, અત્યારે એ શ્વાન જેવો થઇ ગયો છે, જ્યાં ત્યાં મ્હોઢું નાખે છે અને આવા મહાન્ રાજ્ય સિંહાસનને જરા પણ લાયક રહ્યો નથી; એ તો રાજ્યને ખરી રીતે ખોઇ બેઠો છે, એણે પોતાના વંશજોને હલકા પાડ્યા છે, માટે હવે એના વિનાશના સંબંધમાં વધારે વખત બેદરકાર રહેવું એ અમને કે આપણુને જરા પણ ઘટતું નથી. એ તો અત્યારે વિનાશના કાંઠા ઉપર આવી ગયો છે, તદ્દન ખલાસ થઇ જવા આવ્યો છે અને આખરે જરૂર નાશ પામવાનો છે. વાત એમ છે કે આવી એની અધમતાની અને નીચતાની હકીકત આજુબાજુના દુશ્મન રાજાઓને જણાય નહિ ત્યાંસુધીમાં આપશ્રીએ રાજા થઇ જવું યોગ્ય છે. જો આપ એમ કરવામાં આનાકાની કે આગ્રહ કરશો તો એ તમારો ભાઇ પણ નહિ રહે, રાજ્ય પણ નહિ રહે, આ સંપત્તિઓ પણ નહિ રહે, અમે પણ નહિ રહીએ, આબરૂ પણ નહિ રહે અને આ નગર પણ નહિ રહે. તમને રાજ્યની ઇચ્છા કે ઇહા નથી, તમે રાજ્યના ભોગી નથી, એ અમે જાણીએ છીએ પણ અત્યારે પ્રજા સાથેનો રાજ્યધર્મ વિચારી વખતને યોગ્ય કાર્ય કરો."

સામંત લોકો અને મંત્રીઓ આવી રીતે યુક્તિપૂર્વક બોલ્યા, ઉપરની મતલબની વાત તેઓએ કરી અને મારા વર્તનના સંબંધમાં તેઓએ અંદર અંદર પણ ઘણી વાતો કરી, ચર્ચા કરી અને એ વાતો પર વિવેચનો થયાં. મારા ભાઇ નીરદવાહને પણ તેઓની ચેષ્ટા જોઇ લીધી અને તે સંબંધી વિચાર કરવા લાગ્યો.

પુણ્યોદય હઠી ગયો.

તે વખતે મારો મિત્ર પુણ્યોદય જે મારા અતિ અધમ વર્તનથી કેટલાક વખતથી પાતળો થયા કરતો હતો, તેને પોતાના મનમાં ઘણો ઉદ્વેગ થયો, મારી નીચતા વધતી જતી જોઇ અને હું જરા પણ રસ્તે આવતો નથી એવી મારી સ્થિતિ જોઇ એ આખરે પૂરો કંટાળ્યો અને મને છોડીને ચાલ્યો ગયો. આવી રીતે પુણ્યમિત્રથી પરવાર્યો અને વળી મારૂં પાપ ઘણું વધતું ચાલ્યું, મારા ભાવશત્રુઓ (મહામોહનાં સગાંઓ નોકરો અને મિત્રો) વધારે વધારે જોરમાં આવતા ગયા અને પરિણામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મની સ્થિતિ વધારે લાંબી થઇ. આ સર્વ કારણોને લઇને લોકોએ જે વિજ્ઞપ્તિ નીરદવાહનને કરી તે ઘણી ચર્ચા થયા પછી તેને ગળે ઉતરી અને તેણે પણ એ વાતમાં પોતાની વિચારપૂર્વકની સંમતિ પ્રજાના સુખની ખાતર આપી.

### કેદખાનામાં ધનવાહન.
### દુઃખો ખમતો ધનવાહન.
### સાતમી નરકે ધનવાહન.

મારૂં કોઇ નહિ.

નીરદવાહનની સંમતિની વાત જ બાકી હતી. જેવું એણે માથું ધૂણાવ્યું કે મારૂં આવી બન્યું, મારા બાર વાગી ગયા. મારા દહાડા ગણાઇ ગયા. તે જ વખતે લોકો જાણે મારા ખરેખરા પાકા દુશ્મનો હોય તેમ મને શોધવા દોડ્યા. હું તો તે વખતે દારૂ પીતો મદિરામસ્ત થઇ ગયો હતો. લોકોએ એવી સ્થિતિમાં મને પકડ્યો, બાંધ્યો અને ખેંચ્યો. જ્યારે મને ખેંચ્યો ત્યારે મારી શી સ્થિતિ છે એનો મને જરા ખ્યાલ આવ્યો, મેં આજુબાજુ મદદ માટે નજર નાખી, પણ મારી આસપાસના માણ નોકરવર્ગ કે સગાસંબંધીમાંથી કોઇએ ' અરે રહેવા દો ' એટલા શબ્દો પણ કહ્યા નહિ, સર્વે મારાથી વિપરીત થઇને બેઠા, સર્વે મારા પ્રતિપક્ષી હોય તેવા દેખાવા લાગ્યા અને સર્વે મારાથી પરાંઙ્મુખ થઇ ગયા.

નવા રાજાના માન.

લોકો તો જાણે નરકના પરમાધામીઓ હોય તેમ મારો તિરસ્કાર કરવા લાગ્યા. તેઓએ મને સખ્ત બંધને બાંધ્યો અને પછી મારા મંત્રીઓ સગાઓ અને સેનાપતિ વિગેરે સર્વેએ સાથે મળીને મને મહાભયંકર કારાગ્રહમાં નાખ્યો. મારા ભાઇ નીરદવાહનને તેઓએ સર્વેએ સાથે મળીને ગાદીએ બેસાડ્યો અને તે વખતે તેઓએ મોટા મોટા હર્ષના અવાજ કર્યા, તેઓ સાથે મળીને હર્ષમાં ખૂબ નાચ્યા અને મનથી ખરેખરા રાજી થયા. પોતાના માજી અધમ સ્વામીના નાશથી લોકો અને લશ્કરીઓ ઘણા રાજી થયા, નવા સ્વામીના ગુણોથી ઘણા તુષ્ટમાન થયા અને તે આનંદના પ્રસંગને યોગ્ય સર્વ પ્રકારના આનંદના ઉભરા કાઢવા લાગ્યા, હર્ષનો પ્રભાવ બતાવવા લાગ્યા, પ્રેમની ઉર્મિઓ ઉછાળવા લાગ્યા, આનંદરસને રેડવા લાગ્યા અને જાણે શું શું કરી નાખીએ એમ અંતરથી બતાવવા લાગ્યા.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

જે કેદખાનામાં મને નાખવામાં આવ્યો હતો તે મુત્ર વિષ્ટા કચરો અને આંતરડા વિગેરે અતિ તુચ્છ પદાર્થોની દુર્ગંધથી ભરેલું હતું, માતાના ગર્ભ જેવું ચારે બાજુથી સંકડામણવાળું હતું અને ચીકાશથી એટલું તો ખરાબ હતું કે જ્યાં બેસીએ ત્યાંથી ખસી પડાય. એ કેદખાનામાં પડ્યા પછી મારે માથે થવામાં બાકી રહી નહિ: મને તદ્દન ભૂખનાં સાંસા પડવા માંડ્યા, મારા શરીરે બેડીઓ ઠોકવામાં આવી, મને અનેક પ્રકારના પરાભવો કરવામાં આવ્યા, મારા આગલાં દુષ્ટ વર્તનો યાદ કરીને નાના નાના છોકરાઓ પણ મને તાડના કરવા લાગ્યા. જે પ્રાણી એક વખત સુખશય્યામાં પોઢતો, સ્ત્રીઓમાં વિલાસ કરતો, સુગંધીમાં રાચતો અને બત્રીશ શાક અને તેત્રીશ ભોજન આરોગતો તેના અત્યારે આવા હાલ થયા! ભૂખ, પરાભવ, તાડના અને કારાગૃહમાં વાસ એમાં કાંઇ બાકી ન રહ્યું. આવી ભયંકર પીડાના સ્થાનમાં વળી મારા સંબંધીઓ આવી મારો તિરસ્કાર કરે, મેં તેઓ તરફ ચલાવેલાં વર્તનો માટે મ્હેણાં આપે અને મારો ફીટકાર કરે. મને આવી રીતે શારીરિક સંતાપ એક નારકીને નરકમાં થાય તેટલો એ કેદખાનામાં થયો.

શારીરિક સંતાપ.

આ તો શારીરિક સંતાપની વાત કરી. હવે મારા મનને કેટલી વ્યથા થઇ તેનું જો તારી પાસે વર્ણન કરવા બેસું તો પાર આવે તેમ નથી. એમાં તો મારાં દુઃખનો પાર રહ્યો નથી. જો સાંભળ:—

માનસિક સંતાપ.

મારા મનમાં વારંવાર એમ થતું હતું કે અરે! આવડું મોટું મારૂં રાજ્ય અને મારી આટલી બધી સંપત્તિને શું હું જીવતાં બીજો ભોગવે? અરે! શું મારા જીવતાં તેઓ મારા આવા હાલ કરે અને મારો માલ પચાવી પાડે? આવી રીતે શોકની શ્યામ છાયા મારા મન ઉપર પડતી હતી.

અરે! મારૂં શરીર સુખમાં લાલનપાલન પામેલું છે, સુખમાં ઉછરેલું છે, અને સુખમાં ટેવાયલું છે તેના શું આવા હાલહવાલ થાય? અને આવા પાળેલા પોષેલા દેહને શું આટલા બધા માણસો આવી રીતે ત્રાસ આપે? હેરાન કરે? આ તે કેવી વાત! આવી રીતે અરતિ મને માનસિક કદર્થના કર્યા કરતી હતી.

અરે આ લોકો મારાં પોતાનાં સોનાને અને રત્નોને લઇ જાય છે! ચોરી જાય છે! એ મારી મત્તા છે, તેઓનો એના ઉપર અધિકાર

JAINSITE जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. અરે હું મરી ગયો ! મરી ગયો ! આવી રીતે ધનની મૂર્છાથી હું પીડા પામતો હતો, મનમાં ત્રાસ પામ્યા કરતો હતો.

છતાં ન સમજ્યો.

એવી રીતે નારકી જેવા એ કેદખાનામાં મારાં પાપકર્મથી ઘણો વખત રહ્યો અને શારીરિક અને માનસિક વ્યથાઓ પાર વગરની ભોગવી. આટલું છતાં બ્હેન અગૃહીતસંકેતા ! તને એક મુદ્દાની વાત કહી દઉં. હું એટલો લાંબો વખત કેદખાનામાં રહ્યો અને ત્યાં મેં અનેક પીડાઓ સહી તે સર્વ વાત મહામોહ મહારાજા અને તેમાં પરિવારના દોષથી ખમી હતી છતાં મને સંસાર ઉપરથી જરા પણ રાગ ઘટ્યો નહિ, મને સંસારનો કંટાળો આવ્યો નહિ, મારી સંસારપરથી વાસના ઉડી નહિ, મેં તો કેદખાનામાં બેઠા બેઠા પણ બીજાઓ ઉપર ક્રોધ કર્યો, મનમાં અનેક પ્રકારનાં રૌદ્ર ધ્યાનો ધ્યાયાં, વૈરની વિચારણાઓ કરી, બદલા લેવાના તુચ્છ માર્ગોની કલ્પનાસૃષ્ટિઓ બાંધી.

આખરે મને મળેલી તે ભવ સંબંધી ગોળી પૂરી થઇ જવા આવી, જીર્ણ થઇ જવા આવી અને મારી ભવિતવ્યતા સ્ત્રીનો આદેશ થયો; એટલે હું પાપિષ્ઠનિવાસના સાતમે પાડે ગયો અને ત્યાં મારી સ્ત્રી ભવિતવ્યતાના પ્રભાવથી હું પાપિષ્ઠ( નારક )નું રૂપ બનાવીને રહ્યો.

* * *

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

# પ્રકરણ ૧૬ મું.

## રખડપાટો.

મારી પત્ની ભવિતવ્યતાએ મને પાપિષ્ઠવાસ નગરીના સાતમા પાડામાં મૂક્યો. એ અતિ અધમ પાડાના તુચ્છ[1] ઘરમાં મારા શરીરે અનેક કાંટાઓ ભોંકાયા, મને ભારે ત્રાસ થયો, હું બહુ હેરાનગતિ પામ્યો. ત્યાં હું તેત્રીશ સાગરોપમ[2] કાળ એક દડાની માફક ફંગોળાયો, દબડાયો, ધકેલાયો. ત્યાં હું જ્યાં ત્યાં રખડ્યો અને પારાવાર દુઃખ ખમ્યો.

* * * *

### અનેક રૂપો અને ત્રાસો.
### પંચાક્ષ પશુ સંસ્થાને.
### અને પાપિષ્ઠવાસે.

**માછલો.**

એટલો મોટો કાળ મહા દુઃખમાં મેં પસાર કર્યા પછી મારી પત્ની ભવિતવ્યતાએ મને વળી એક નવી ગોળી આપી જેના જોરથી હું પંચાક્ષપશુસંસ્થાનમાં માછલો થયો.

* * * *

**વાઘ.**

વળી પાછી ભવિતવ્યતા મને અપ્રતિષ્ઠાન નામના[1] તુચ્છ ઘરે (પાપિષ્ઠવાસનાં સાતમા પાડામાં) ફરીવાર લઇ ગઇ અને ત્યાંથી વળી

---

૧ સાતમી નારકીમાં પાંચ નરકાવાસા છે તેમાં ચાર દિશાએ ચાર અને એક મધ્યમાં છે. એ મધ્ય નરકવાસાનું નામ અપ્રતિષ્ઠાન છે. ત્યાં તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે.

૨ સાગરોપમઃ જુઓ પ્ર. ૨. પૃ. ૨ માં આવેલી કાળ સંબંધી નોટ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછો મને તે પંચાક્ષપશુસંસ્થાનમાં લઇ આવી અને ત્યાં મને વાઘનું રૂપ અપાવ્યું.

* * * *

## બિલાડો.

ત્યાર પછી ભવિતવ્યતા મને પાપિષ્ઠવાસના ચોથા પાડામાં લઇ ગઇ અને ત્યાં મારી પાસે ભયંકર યાતનાઓ સહન કરાવી અને વળી પાછી ત્યાંથી મને પંચાક્ષપશુસંસ્થાનમાં લઇ આવી અને ત્યાં મારી પાસે બિલાડાનો આકાર ધારણ કરાવ્યો.

* * * *

### નગરોમાં રખડપાટો.
### મહામોહની અસર.
### પરિગ્રહની વિડંબના.

આવી રીતે એ મારી પત્ની ભવિતવ્યતાએ મારી પાસે વારંવાર નવાં નવાં રૂપો ધારણ કરાવ્યાં અને એ પ્રત્યેક પ્રસંગે દુઃખના દરિયાનો વિસ્તાર કેટલો મોટો હોય છે તેનો તેણે મને સાક્ષાત્કાર કરાવ્યો. એક [1]અસંવ્યવહાર નગરને છોડીને બાકી લગભગ દરેક નગરમાં એ મારી પત્ની મને લઇ ગઇ, દરેક જગ્યાએ મને ફેરવ્યો અને હેરાન કર્યો. અહાહા! મોહરાજાનો આખો પરિવાર મારી આજુબાજુએ તે વખત દરમ્યાન વીંટળાઇ વળેલો હતો અને મારે મારી પત્ની શ્રીમતી ભવિતવ્યતાનો હુકમ ઉઠાવવો પડતો હતો. મારી પાસે એમણે કંઇક કંઇક નાટકો કરાવ્યાં, અનેક નાચો નચાવ્યાં, મારો રખડપાટો કરાવ્યો. અને વળી પરિગ્રહને બહાને[2] મારી ભાર્યાએ દરેક યોનિઓમાં મારી અનેક પ્રકારે બહુ આકરી વિડંબનાઓ કરી. દાખલા તરીકે એણે મારી પાસે ગરોળીનો આકાર ધારણ કરાવ્યો, સર્પનો આકાર ધારણ કરાવ્યો, ઉંદરનો આકાર ધારણ કરાવ્યો અને એ પ્રત્યેક આકારમાં જ્યારે જ્યારે મને ધનનો ભંડાર મળી જતો ત્યારે ત્યારે ભારે આનંદ થતો

---

૧ એ નગર છોડ્યા પછી ત્યાં ફરી વાર જવાનું નથી એવી પરિપાટિ છે. જુઓ પ્ર. ૨. પ્ર. ૭.

૨ મારી ભાર્યા પરિગ્રહને દૂરથી નિશાની (સંજ્ઞા) કરે એટલે પરિગ્રહ મને વિડંબના કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તે જ્યારે કોઇ લઇ જતું ત્યારે મને બહુ દુઃખ થતું હતું.[1] આવી રીતે મારી સ્ત્રીએ મને ખૂબ રખડાવ્યો, અનંત કાળ સુધી તગડાવ્યો, ભારે હેરાન કર્યો.

**ઘર્ષણ ઘૂર્ણન ન્યાય.**
**ભવિતવ્યતા પ્રસન્ન.**
**મહામોહની દુર્બળતા.**

પછી ઘર્ષણઘૂર્ણન ન્યાયે જ્યારે અથડાઇ પછડાઇને હું ઠેકાણે આવ્યો ત્યારે એ ભવિતવ્યતા બાઇ મારી ઉપર સહજ પ્રસન્ન થઇ. વળી મારી સાથે અનંત કાળ સુધી રખડી રઝળીને પેલા મહામોહ વિગેરે પણ જાણે થાકી ગયા હોય તેમ જરા દુબળા થયા, કાંઇક પાતળા થયા, જરા નરમ પડ્યા. તે વખતે મારૂં પાપ પણ પાતળું પડ્યું, કર્મની સ્થિતિ પણ ઓછી થઇ અને પેલી ગ્રંથિ[2] હતી તે કાંઇક નજીક આવી. આવી રીતે ભવિતવ્યતાની પ્રસન્નતા, કર્મની પાતળાશ અને પાપની સહજ નરમાશથી મારામાં એક મોટો ફેરફાર થયો તે હવે હું તને સહજ વિસ્તારથી કહું છું.[3] અત્યારસુધી પંચાક્ષપશુસંસ્થાનમાં અને પાપિષ્ઠનિવાસમાં રખડપટ્ટો બહુધા થતો હતો તેમાંથી હવે માનવાવાસમાં મારૂં આગમન થયું અને ત્યાંથી નવો માર્ગ દેખાયો તે આ રીતઃ—

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

**સાકેતપુર ગામે અમૃતોદર.**
**સુદર્શનથી સદાગમ લાભ.**
**શ્રાવકપણાની સુપ્રાપ્તિ.**

મનુજગતિ નગરીમાં એક ભરત નામનો પાડો ( ક્ષેત્ર ) છે, તે પાડામાં એક સાકેતપુર નામનું ઘર ( નગર ) છે ત્યાં મને મારી સ્ત્રી ભવિતવ્યતા ત્યાર પછી લઇ ગઇ. તે સાકેતપુરમાં એક નંદ નામનો

---

૧ આપણી સામાન્ય માન્યતા છે કે જેને ધન પર ઘણી મમતા હોય છે તે મરીને ઉંદર કે સર્પ થાય છે અને ધન પર ચોકી કરે છે. એમાં એને કાંઇ મળતું નથી, પણ ધનનો મોહ એવો છે કે એમાં એને રસ પડે છે અને એવી ખોટી માન્યતા ઉપર સંસારની રચના છે. એ ધન જ્યારે કોઇ ઉપાડી જાય છે કે લુંટી જાય છે ત્યારે ઉંદર માથાં પછાડે છે. આ સર્વ ઘટના જાણીતી છે.

૨ ગ્રંથિઃ કર્મની ગાંઠ. અપૂર્વકરણ વિગેરે હકીકત માટે નોટ પ્રથમ પ્રસ્તાવ પૃ. ૮૬-૮૮. ( દ્વિ. આ. )

૩ આવી રીતે જ પ્રાણીની પ્રગતિ થાય છે. એનો ક્રમ હવે આવે છે તે બરાબર લક્ષ્યમાં રાખવો. આ મધ્યમ વર્ગના કષ્ટસાધ્ય પ્રાણીઓનો વિકાસક્રમ છે તે લક્ષ્યમાં રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાણીઓ રહેતો હતો, તેની ધનસુંદરી નામની ભાર્યા હતી. મને મારી સ્ત્રી ભવિતવ્યતાએ એક નવી ગોળી આવી તેના યોગથી એની કુખમાં હું પુત્રપણે ઉત્પન્ન થયો. મારૂં અમૃતોદર નામ પાડવામાં આવ્યું અને હું સારી રીતે ઉછરતો થયો. અનુક્રમે હું કામદેવના મંદિર જેવું યૌવન પામ્યો પરંતુ મારા ભાગ્યયોગે તે વખતે હું કામદેવની સેવા કરવાને બદલે બીજે રસ્તે ચઢી ગયો.

એક દિવસ હું જંગલમાં જતો હતો ત્યાં સુદર્શન નામના એક બહુ ગુણવાન્ અને જ્ઞાની ઊંચી શૈલીના સાધુનું મને દર્શન થયું, મારૂં તેમના તરફ ધ્યાન ગયું. તેઓશ્રીને પણ મનમાં મારા ઉપર કૃપા ઉત્પન્ન થઇ અને તેમણે મને યોગ્ય દેશના આપી. ભદ્રે! અગૃહીતસંકેતા! મેં વળી ફરી વખત આ જ મહાત્મા સદાગમને તેમની પાસે જોયા. એ સાધુ મહારાજની સમીપમાં આ મહાત્મા સદાગમ પોતે જ મને ફરીવાર દેખાયા. (આ વાત કરતી વખત સંસારીજીવ સદાગમ મહાત્મા જેની પાસે પોતે વાત કરતો હતો તેના તરફ આંગળી બતાવે છે).

મુનિમહારાજની દેશનાથી મારામાં કાંઇક ભદ્રક ભાવ ઉત્પન્ન થયો અને દ્રવ્યથી મેં શ્રાવકપણાનો આકાર ધારણ કર્યો, હું ઉપર ઉપરથી દ્રવ્યશ્રાવક થયો અને નવકાર વિગેરેનો બોલનાર થયો.

આવી રીતે મારામાં દ્રવ્યશ્રાવકપણું તે વખતે પ્રાપ્ત થયું.

*　　*　　*

*　　*

## ભુવનપતિ દેવ.

ત્યાર પછી કેટલોક કાળ ગયા પછી મારી સ્ત્રી ભવિતવ્યતાએ વળી મને એક નવી ગોળી આપી, તેના પ્રભાવથી હું વિબુધાલય નગરે ગયો. એ વિબુધાલયમાં ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ અને કલ્પવાસી નામના દેવો રહે છે. એમાંના પ્રથમ ત્રણ પાડાઓના અનુક્રમે દશ આઠ અને પાંચ વિભાગો છે. બાકીના કલ્પવાસી (વિમાનવાસી) દેવોના બે પ્રકાર છેઃ [1]કેટલાક કલ્પસ્થ છે અને કેટલાક કલ્પાતીત દેવો છે. કલ્પસ્થ દેવોને રહેવાના બાર આવાસો છે અને કલ્પાતીત [2]દેવોને રહેવાના નવ અને પાંચ આવાસો છે. એ દેવો ચોથા પાડામાં

૧ અહીં એ. સો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ ૧૦૭૬ શરૂ થાય છે.

૨ કલ્પાતીત દેવોના બે પ્રકાર છેઃ ૧ ગ્રૈવેયક-નવ પ્રકારના. ૨ અનુત્તર દેવો-પાંચ પ્રકારના.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

રહે છે. હું એ ચાર પૈકીના પહેલા પાડામાં ભુવનપતિ દેવ થયો અને મારી વિબુધ (દેવ) તરીકે વિખ્યાતિ થઇ. હું એ જાતિનો કુળપુત્ર થયો.[1]

---

૧ **વિબુધાલયઃ** દેવગતિ. એના મુખ્ય ચાર ભેદ છેઃ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. એ પ્રત્યેકની ઉપયોગી સામાન્ય હકીકત નીચે પ્રમાણે છે.

(૧) **ભુવનપતિઃ** એના દશ પ્રકાર છેઃ અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર. પ્રથમ નારકીનું પૃથ્વીદળ ૧૮૦૦૦૦ યોજનનું છે તેમાં ઉપર નીચે હજાર હજાર યોજન મૂકી બાકીના ૧૭૮૦૦૦ યોજનમાં તેર પાથડા છે ને બાર આંતરા છે. તેમાંથી ઉપર નીચેના બે આંતરા મૂકી બાકીના દશ આંતરામાં એ દેવો રહે છે. એ દશ નિકાયના ઉત્તર દક્ષિણના બે બે વિભાગોના બે બે ઇંદ્રો છે. તે રીતે તેમના ૨૦ ઇંદ્ર છે.

(૨) **વ્યંતરઃ** આઠ વ્યંતર અને આઠ વાણવ્યંતર છે. આઠ વ્યંતરોઃ પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ અને ગંધર્વ. આઠ વાણવ્યંતરોઃ અણુપન્ની, પણુપન્ની, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ અને પતંગ. આ પ્રથમ પૃથ્વીમાં ઉપરના એક હજાર યોજનમાં સો સો યોજન મૂકી બાકીના ૮૦૦ યોજનમાં વ્યંતરો રહે છે. એ આઠે નિકાયમાં ઉત્તર દક્ષિણનાં જૂદાં જૂદાં સ્થાનો છે તે પ્રત્યેકના જૂદા જૂદા ઇંદ્રો છે તેથી વ્યંતરના ૧૬ ઇંદ્રો છે. ઉપરનાં ૧૦૦ યોજન મુકયાં તેમાંથી ઉપર નીચેના દશ દશ યોજન મૂકતાં વચ્ચેનાં ૮૦ યોજનમાં વાણવ્યંતરનાં સ્થાન છે અને તેમાં પણ ઉપરોક્ત રીતે ઉત્તર દક્ષિણના થઇ ૧૬ ઇંદ્રો છે. આવી રીતે વ્યંતરોના ૩૨ ઇંદ્રો છે.

(૩) જ્યોતિષી દેવોઃ ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર અને તારા. એ પાંચ ભેદ છે. પ્રત્યેક વળી ચર અને સ્થિર એમ બે પ્રકારના છે. મેરૂ નીચે સમ ભૂમિથી ઉપર સાતસે નેવું યોજન ઉપર તારાનાં વિમાનો છે, પછીના દશ યોજને સૂર્યનું વિમાન છે, પછીના એંશી યોજને ચંદ્રનું વિમાન છે, પછીના ચાર યોજને નક્ષત્રનાં વિમાનો છે, ત્યાર પછીના સોળ યોજનમાં ગ્રહોનાં વિમાનો (૪ બુધ, ૩ શુક્ર, ૩ બ્રહસ્પતિ, ૩ મંગલ, ૩ શનિ,) છે. અઢી દ્વીપરૂપ મનુષ્ય ભૂમિમાં એ વિમાનો ચર છે, ત્યાર પછીનાં ચંદ્રાદિ સ્થિર છે. સૂર્ય અને ચંદ્ર બે ઇંદ્ર છે. (વ્યક્તિગતે તે અસંખ્ય છે પણ સંખ્યામાં તે બે ગણાય છે.) ઉપર જણાવ્યું તે રીતે ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીમાં જ્યોતિષીઓનાં વિમાનો છે. આ ત્રણે પ્રકારના દેવો તીર્થંકરનાં કલ્યાણકોના મહોત્સવમાં ભાગ લે છે.

(૪) વૈમાનિક દેવોમાં તીર્થંકરનાં જન્માદિ મહોત્સવમાં ભાગ લે છે તે કલ્પસ્થ અથવા કલ્પોપપન્ન કહેવાય છે; અને એ રીતે ભાગ લેતા નથી તે કલ્પાતીત કહેવાય છે. પ્રથમ કલ્પસ્થની વાત કરીએ.

[ બાકી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે હું ભુવનપતિમાં ગયો ત્યારે વળી પાછો હું સદાગમને વીસરી ગયો અને એ પણ પોતાના અવસરની રાહ જોતાં મને છોડીને થોડો વખત મારી પાસેથી દૂર ચાલી ગયા અને રાહ જોવા લાગ્યા.

એ વખતે હું મોટી ઋદ્ધિવાળો દેવ થયો અને દોઢ પલ્યોપમ કાળ ત્યાં સુખમાં રહ્યો, આનંદમાં પડી રહ્યો અને લીલા લહેરમાં મશગૂલ થઇ ગયો.

* * *
* *

## માનવાવાસમાં બંધ નામે.
## સુંદરમુનિ અને સદાગમ.
## દ્રવ્યમુનિપણાની પ્રાપ્તિ.

જ્યારે ઉપર જણાવેલો કાળ પૂરો થયો ત્યારે મારી ભાર્યા ભવિતવ્યતાએ મને એક નવી ગોળી આપી અને મને માનવાવાસ નગરે

---

અહીંથી ઉપર સાત રાજલોક છે. તેમાં પ્રથમ ૯૦૦ યોજન સુધીમાં જ્યોતિષનાં સ્થાનો છે. મનુષ્ય લોકથી એક રાજ ઉપર જઇએ આવે ત્યારે દક્ષિણ દિશાએ સૌધર્મ દેવલોક અને ઉત્તર દિશાએ ઇશાન દેવલોકનો જોટો આવે છે. ત્યાર પછી એક રાજ ઉપર જતાં દક્ષિણે ત્રીજું સનત્કુમાર અને ઉત્તરે ચોથું માહેંદ્ર દેવલોક આવે છે અને એ બેનો જોટો છે. એક રાજ ઉપર પાંચમું બ્રહ્મ દેવલોક છઠ્ઠું લાંતક દેવલોક, સાતમું શુક્ર દેવલોક અને આઠમું સહસ્રાર દેવલોક એક એકની ઉપર છે. ત્યાર પછી કેટલાક ઊંચા જઇએ ત્યારે દક્ષિણ ઉત્તર અનુક્રમે આનત નવમું અને પ્રાણત દશમું દેવલોક જોડલે છે. ત્યાર પછી વધારે ઊંચા જઇએ ત્યારે દક્ષિણ ઉત્તર અગીઆરમું આરણ્ય અને બારમું અચ્યુત દેવલોક જોડલે છે. આ સર્વ દેવલોકમાં રહેનારા દેવો કલ્પસ્થ છે. પ્રથમના આઠે દેવલોકના એક એક ઇંદ્ર છે, નવમા દશમાનો એક અને અગિઆરમા બારમાનો એક એ પ્રમાણે બાર દેવલોકના દશ ઇંદ્ર છે. ( એ રીતે ભુવનપતિના ૨૦, વ્યંતરના ૩૨, જ્યોતિષીના ૨ અને બાર દેવલોકના ૧૦ મળી કુલ ૬૪ ઇંદ્ર થાય છે. આ સર્વ દેવો તીર્થંકરનાં જન્માદિ વખતે મહોત્સવમાં ભાગ લે છે તેથી કલ્પસ્થ કહેવાય છે. એ મહોત્સવ સંબંધી હકીકત માટે જુઓ વરિષ્ટ રાજ્યની હકીકત અને તે પર નોટ ( પ્ર. ૬. પ્ર. ૧૫ ).

બાર દેવલોક ઉપર નવ ગ્રૈવેયક આવે છે અને તેની ઉપર પાંચ અનુત્તર વિમાન છે. એમાં રહેનારા દેવો કલ્પાતીત છે.

પ્રથમના બે દેવલોકની તથા ત્રીજા ચોથાની અને પાંચમા છઠ્ઠાની નીચેની ભૂમિમાં કિલ્વિષિયા દેવો રહે છે તેના તે રીતે ત્રણ પ્રકાર છે. અને પાંચમા દેવલોકમાં નવપ્રકારના લોકાંતિક દેવો રહે છે. આ લોકાંતિક દેવો પ્રભુના દીક્ષા સમય પહેલાં તીર્થ પ્રવર્તાવવાની ભગવાનને વિજ્ઞપ્તિ કરે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોકલ્યો. ત્યાં એક બંધુદત્ત નામનો વણિક રહેતો હતો, તેની પ્રિયદર્શના નામની પત્ની હતી. તેમને ત્યાં મને મારી પત્ની લઇ ગઇ અને મારૂં બન્ધુ નામ પાડવામાં આવ્યું અને તે નામે હું દુનિયામાં પ્રસિદ્ધ થયો. અનુક્રમે હું યુવાવસ્થા પામ્યો અને વ્યવહારમાં તૈયાર થયો.

તે વખતે મને એક સુંદર નામના જૈન મુનિનો યોગ થઇ ગયો. એ મુનિની પાસે મેં સદાગમ મહાત્માને જોયા, તેઓ આ પોતે જ હતા ( આ વાત કરતાં સંસારીજીવ સદાગમને પોતાની હાથની નિશાનીથી બતાવે છે ). પેલા સુંદરમુનિએ મને સદાગમ સંબંધી થોડું થોડું જ્ઞાન શીખવ્યું, કાંઇક બતાવ્યું અને મારી આંખો ઉઘાડવા પ્રયત્ન કર્યો. એના પ્રતાપથી હું ભાવ વગરનો દ્રવ્યશ્રમણ ( જૈન સાધુ ) થયો. મને એ સાધુપણાના વિષય ઉપર અંતરંગ રૂચિ ન હોતી પણ દ્રવ્યથી હું સાધુ તરીકે પ્રસિદ્ધ થયો.

* * * *

**સદાગમ દૂર થઇ જાય ત્યારે.**

**અને**

**સદાગમ જોરમાં હોય ત્યારે.**

**વ્યંતરાદિકમાં મારૂં ગમન.**
**પુનઃ સ્મૃતિ પુનઃ વિસ્મૃતિ.**
**કર્મસ્થિતિ-શત્રુઓની રમત.**

ત્યાર પછી હું ફરીવાર વિબુધાલયમાં ગયો અને તેના બીજા વ્યંતર નામના પાડામાં મોટી ઋદ્ધિવાળો દેવ થયો. ત્યાં વળી ઋદ્ધિ સૌભાગ્યના સુખમાં પડી ગયો એટલે બંધુના ભવમાં ઉપર જણાવ્યું તેમ સદાગમ સાથે મારે સારો સંબંધ થયો હતો તે પાછો હું વીસરી ગયો, ખૂદ સદાગમને જ ભૂલી ગયો અને મેં તેને કદિ યાદ જ કર્યા નહિ.

ત્યાર પછી વળી માનવાવાસ નગરે આવ્યો ત્યારે વળી ફરી વાર મેં એ મારા ઉપકારી સદાગમને જોયા.

આવી રીતે અનંત ભવચક્રમાં રખડતાં ભમતાં મારી ભાર્યા ભવિતવ્યતાએ મારા હાલબેહાલ કર્યા, મને ચારે તરફ સારી રીતે ઘૂમાવ્યો. એ મારા ચક્રભ્રમણ દરમ્યાન મેં એ સદાગમ મહાત્માની અનંત વાર અવલોકના કરી, મેં એમને જોયા પણ અનંત વાર, પણ વળી પાછો હું તેમને તદ્દન વિસરી જતો હતો, ભૂલી જતો હતો અને તેઓનો બતાવેલો માર્ગ પણ મારા સ્મરણમાંથી ચાલ્યો જતો હતો. જ્યારે એ સદાગમ મહાત્માને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂલી જઉં ત્યારે વળી ભવચક્રમાં વધારે જોરથી ફરવા લાગી જાઉં, વળી કોઇ વાર એ સદાગમમહાત્માની અવલોકના થઇ પણ જાય. પરિણામ એ થયું કે બહેન! હું અનંત વખત શ્રાવક થયો પણ તે માત્ર દ્રવ્યથી, ઉપર ઉપરથી, બાહ્ય દૃષ્ટિએ જ થયો. કેટલીક વાર સાધુનું રૂપ કર્યું તો તે પણ દ્રવ્યથી જ કર્યું; પણ એવે એવે પ્રસંગે મેં સદાગમ મહાત્માને જોયા ખરા. વળી જ્યારે એ સદાગમ મહાત્માને વિસરી જઉં ત્યારે પાછી મારી ભાર્યા મને અનેક ઠેકાણે રખડાવે, ફેરવે અને ત્યાં જૂદા જૂદા પ્રકારની હેરાનગતિઓ કરે, ત્રાસો આપે અને વિડંબનાઓ કરે. સદાગમ હોય ત્યારે કાંઇક ઠેકાણે આવું, તેને વિસરી જઉં એટલે વળી ભવચક્રમાં જોરથી ફરવા લાગું. કેટલીક વાર તો હું સદાગમને વિસરી ગયો ત્યારે [1]કુતીર્થીઓનો યતિ (સન્યાસી વિગેરે) થયો અને તે વખતે એમને વિસરી ગયો એટલું જ નહિ પણ એને (સદાગમને) દૂષણ દેનારો થયો; એ ખોટા છે, જૂઠા છે, પ્રપંચી છે–એમ પણ બોલનારો થયો અને એવી પરિસ્થિતિ પણ આ ભવચક્રમાં મેં અનેક વાર પ્રાપ્ત કરી.

સદાગમ જોરમાં હોય તે વખતે.

અને તે જોરમાં ન હોય ત્યારે.

એ મોટા ભવચક્રમાં ફરતાં મારાં કર્મોની સ્થિતિ કોઇ વખત લાંબી થતી, કોઇ વખત ટુંકી થતી. મોહરાય વિગેરે શત્રુઓ કોઇ વાર બહુ જોરમાં આવી જતા અને કોઇ વાર સદાગમ જોરમાં આવી જતો. જ્યારે સદાગમનું જોર થાય ત્યારે પેલા શત્રુઓના ઉપર એનો અંકુશ ચાલતો અને તેઓ નરમ પડતા. એ પ્રમાણે ભવચક્રમાં પરિભ્રમણ કરતાં મારી પાસે અનંત વખત એ સદાગમ આવ્યો અને ગયો, એ પ્રમાણે આવતાં જતાં એનો મને કાંઇક અભ્યાસ[2] થયો. ત્યાર પછી મારા સંબંધમાં શી હકીકત બની તે તું સાંભળીને સમજી લે.

### વિદ્યા સંબંધી સદ્બોધનો સંકેત.
### સમ્યગ્દર્શન સેનાપતિનું પ્રસ્થાન.
### આખરે સદ્બોધની નીતિનું અનુકરણ.

સદાગમના અભ્યાસને પરિણામે મારી ચિત્તવૃત્તિ અટવી કાંઇક નિર્મળ થઇ, સાફ થઇ, એટલે એ વખતે અવસર જોઇને ચારિત્ર-

---

૧ કુતીર્થીઓના વર્ણન માટે જુઓ. પ્ર. ૪. પ્ર. ૧૨.

૨ અભ્યાસઃ—શ્લેષ છેઃ (૧) નજીક વાસ અને (૨) ભણવું તે. નજીક રહેવાથી પરિચય વધે છે તેના પર આ રૂપક છે.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજનો સેનાપતિ સમ્યગ્દર્શન તૈયાર થયો. એની ઇચ્છા મારી પાસે આવવાની હતી પણ એણે પોતાની અક્કલથી કામ કરવા જતાં આગળ સખ્ત હાર ખાધી હતી[1] અને આખરે સદ્બોધની રાજનીતિ સાચી છે એમ તેને સ્વીકારવા યોગ્ય લાગ્યું હતું તેથી કોઇ પણ પ્રકારની શરૂઆત મારા સંબંધમાં કરવા પહેલાં તેણે સદ્બોધ મંત્રીની સલાહ લેવી યોગ્ય ધારી. લશ્કરી ખાતાના માણસો જો દિવાની ખાતાની સલાહ લેતા નથી તો ઘણી વાર આપત્તિમાં આવી પડે છે એ વાતનો એને મારા સંબંધમાં અગાઉ સાક્ષાત્કાર થઇ ગયો હતો. આ સર્વ વિચારણા તેના ધ્યાનમાં હતી તેથી પ્રસ્થાન કરવા પહેલાં તે (સમ્યગ્દર્શન સેનાપતિ)[2] સદ્બોધ પાસે ગયો. તે વખતે તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

**સમ્યગ્દર્શન**—"આર્ય! તમે મને અગાઉ કહ્યું હતું કે તે વખતે તો બેસી રહેવું અને રાહ જોવી. હવે અવસર થયો છે? જો થયો હોય તો આપણા રાજાધિરાજને કહો કે ઘેરો ઘાલવા માટે-પ્રસ્થાન કરવા માટે મને હુકમ આપે. મને લાગે છે કે હવે મારો અવસર આવી પહોંચ્યો છે, મારે એ સંસારીજીવને હાથમાં લેવાનો વખત થઇ ગયો છે."

**સદ્બોધ**—"ભાઇ? તું બહુ સારૂ બોલ્યો! તેં બરાબર તાગડો સાધ્યો છે, અવસર જોઇ લીધો છે, તકને પકડી લીધી છે."

સદ્બોધે ત્યાર પછી મહારાજરાજેશ્વર ચારિત્રમહારાજને વિજ્ઞપ્તિ કરી. તેમણે મારી પાસે સમ્યગ્દર્શનને મોકલવા હુકમ આપ્યો. તે વખતે વળી સમ્યગ્દર્શને પૂછ્યું:—

**સમ્યગ્દર્શન**—"સાહેબ! આ નિર્દોષ પુત્રી [3]વિદ્યાને મારી સાથે લઇ જઉં? એ કન્યા પેલા સંસારીજીવને ભેટ કરૂં કે જેથી એને પણ સંતોષ થાય, એ રાજી થાય અને એનું આપણી તરફ વધારે ખેંચાણ થાય?"

---

૧ જુઓ પ્ર. ૫. પ્ર. ૧૯.

૨ આ સંબંધમાં પ્ર. ૫. પ્ર. ૧૯ માં સદ્બોધની રાજનીતિ વિગેરે જરૂર સ્મરણ કરવા. એણે રાહ જોવાનું તે વખતે કહ્યું હતું (પૃ. ૧૩૧૧) તે અવસર હવે આવ્યો જણાય છે.

૩ વિદ્યાનો પરિચય આ પ્રસ્તાવના પ્રકરણ ૧૪ માં થઇ ગયો છે. એ ચારિત્રરાજની કુમારી કન્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદ્બોધ[1]—સેનાપતિરાજ! અત્યારે એ વિદ્યાનો અવસર નથી, એને અત્યારે સાથે લઇ જવામાં લાભ નથી તેનું કારણ સાંભળો: એ સંસારીજીવ હજુ ભોળો છે, કાચો છે, તેથી એ તને અત્યારે સારી રીતે ઓળખી ન શકે. અત્યારે તો એ સામાન્ય રીતે જ તને અંગીકાર કરશે. જ્યાં સુધી એ સંસારીજીવ તારૂં તાત્વિક રૂપ[2] ન જુએ, રૂપ જોઇને જ્યાં સુધી તને એ બરાબર ધારણ ન કરે ત્યાં સુધી વિદ્યા કન્યા એને ન દેવાય. હકીકત એવી છે કે આપણે હજુ એના કુળ અને શીળને જાણતા નથી, આપણો હજુ તેની સાથે પાકો પરિચય નથી; અને એ મૂર્ખાઇ કરીને કદાચ દીકરી વિદ્યાનો પરાભવ કરે, એને મારે કૂટે કે એની સાથે પૂરતો સંબંધ ન રાખે તો મારા જેવાને એ હકીકતથી ઘણો સંતાપ થાય: માટે હાલ તું વિદ્યાને સાથે લીધા વગર જ તેની પાસે જા. યોગ્ય વખત થયા પછી એ તારૂં રૂપ બરાબર પરખશે. જ્યારે એ તને બરાબર પરખશે અને એના ધ્યાનમાં તારૂં સાચું રૂપ આવી જશે ત્યારે વિદ્યાને સાથે લઇને હું ત્યાં તારી પાસે આવીશ. અત્યારે સંસારીજીવને સદાગમનું સનાથપણું મળ્યું છે, મહામોહાદિથી એને જરા નરમાશ મળી છે અને સુખના સ્વાદનું જરા વેદન (ઉપભોગ) થયું છે, તેમજ વળી એ દેવ (ચારિત્રધર્મરાજ) તરફ કાંઇક સન્મુખ ભાવવાળો થયો છે, એને દેવના દર્શનની ઇચ્છા થઇ આવી છે, તેથી અત્યારે તું વિદ્યા કન્યા વગર જઇશ તો પણ ઘણો લાભ છે. માટે હાલ તો ભાઇ સમ્યગ્દર્શન! તું એકલો જ જા."

સમ્યગ્દર્શન—"જેવી પ્રભુની આજ્ઞા! અને સદ્બોધ ભાઇની સલાહ!"

આ પ્રમાણે અવસરે વિદ્યાકન્યાને લઇ આવવાનો સંકેત કરી યોગ્ય વિચારણાને પરિણામે મહારાજાના આદેશથી અને મંત્રીની સલાહથી સમ્યગ્દર્શન મારી પાસે આવવા સારૂ નીકળી પડ્યો.[3]

---

૧ લશ્કરી ખાતું પણ છેવટે સિવિલિયન (દિવાની) ખાતાના હાથ નીચે રહીને જ કામ કરે તે યોગ્ય છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે.

૨ આખું વાક્ય ઊંડા ભાવવાળું છે. વિચારશો. સંકેત સ્પષ્ટ થઇ ગયો છે, અર્થ વિચારવાથી બેસી જશે. આખું વાક્ય શ્લેષથી ભરપૂર છે. તાત્વિક રૂપ એટલે સમ્યગ્દર્શનનો વાસ્તવિક અનુભવ-દ્રવ્યથી નહિ પણ ભાવથી. આ ઉપરથી એમ જણાય છે કે પ્રથમ સમ્યગ્દર્શન થયા પછી સમ્યગ્જ્ઞાન થાય છે. એથી ઉલટો ક્રમ શક્ય છે કે નહિ એ વિચારણીય પ્રશ્ન છે.

૩ પ્રગતિના માર્ગે હવે વધતા જવાનું થાય છે. એના એક એક પગથીઆ વિચારવા યોગ્ય છે. એમાં દોડાદોડી નકામી છે અને ધમાલ હાનિકર્ત્તા છે. આખી કથાના સાધ્યનું દર્શન કરાવવાની હવે શરૂઆત થાય છે અને તેનો અંતિમ ભાગ આવતા પ્રસ્તાવના અંત સુધી ચાલે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૭ મું.

## પ્રગતિને માર્ગે.

સદાગમ મારી પાસે હોય ત્યારે મારી કેવી સ્થિતિ થતી હતી અને તેને જ્યારે હું વિસરી જતો ત્યારે મારા શા હાલ થતા હતા તેનું તારી પાસે વિવેચન કર્યું. સદ્બોધમંત્રી સાથે વિદ્યાપુત્રી સંબંધી સંકેત કરી મહારાજરાજેશ્વર ચારિત્રધર્મની રજા લઇ સદ્બોધ મંત્રીની સલાહ અનુસાર સમ્યગ્દર્શન સેનાપતિએ મારી તરફ પ્રસ્થાન કર્યું તે વાત તને જણાવી. તે વખતે મારા સંબંધમાં શો બનાવ બની રહ્યો હતો તે તું સાંભળ.

જનમંદિરનગરે વિરોચન.
ધર્મઘોષ મુનિની દેશના.
સમ્યગદર્શનનો ત્યાં મેળાપ.

માનવાવાસમાં એક જનમંદિર નામનું નગર હતું. ત્યાં આનંદ નામનો એક ગૃહસ્થ વસતો હતો. તેની નંદિની નામે પત્ની હતી. તેઓને ત્યાં હું તે વખતે પુત્ર થયો હતો. મારૂં વિરોચન નામ પાડવામાં આવ્યું હતું. યુવાવસ્થા પ્રાપ્ત કર્યા પછી હું આનંદ કરતો હતો.

એક વખત એ નગરની બહારના ભાગમાં આવેલાં એક ચિત્તનંદન નામના બગિચામાં હું ફરવા ગયો. ત્યાં મેં એક ધર્મઘોષ નામના આચાર્યને જોયા. હવે તે વખતે મારી કર્મની સ્થિતિ ઘણી પાતળી પડી ગઇ હતી અને મહામોહ વિગેરે ભાવશત્રુઓ કમજોર થઇ ગયા હતા. તેથી હું એ મુનિમહારાજને પગે પડીને જીવરહિત ભૂમિ તપાસી તે પર બેઠો.

મહાત્મા મુનિના દર્શનથી મને ભદ્રકભાવ ઉત્પન્ન થયો, હું ધર્મસન્મુખ થયો છું એમ તેઓના જાણવામાં આવી ગયું. એટલે અમૃતનાં બિંદુઓ ઝરતાં હોય ત્યારે જેવો આનંદ થાય તેવો મનને આનંદ ઉત્પન્ન કરનાર અને કાનને પવિત્ર કરનાર શબ્દો વડે તેઓશ્રીએ દેશના આરંભી:—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

<u>ધર્મદેશના.</u>

"આ દુનિયામાં મનુષ્યજન્મ પ્રાપ્ત થવો ઘણો મુશ્કેલ છે. એવો "મનુષ્યજન્મ પ્રાપ્ત થાય તો પણ ખાસ કરીને જૈનધર્મની પ્રાપ્તિ "થવી તેથી પણ વધારે મુશ્કેલ છે. બુદ્ધિશાળી માણસને એવી પ્રાપ્તિ "થાય તો પછી એણે એનાથી પરમપદ પ્રાપ્ત કરવું જોઇએ. એમ "ન કરવામાં આવે તો શું થાય છે તે પણ તમે જાણી લો. આ "સંસાર (ભવ) રૂપ મોટા અને અંત વગરના લાંબા રસ્તામાં પડ-"વાનું તેને થાય છે અને એવી મોટી મુસાફરી માટે પૂરતું ભાતું "અને સારી રીતે ભરપૂર ખોરાક ન હોવાથી આખે રસ્તે હેરાન "થવું પડે છે. ત્રાસ વેઠવા પડે છે અને પરિણામે દુઃખની પરંપરા "ભોગવવી પડે છે. વળી પ્રાણીએ જાણવું જોઇએ કે કુશળ કર્મો "કરવાં એ સંસારસમુદ્રને તરવાનું મુખ્ય સાધન છે, માટે એણે "સારાં કર્મો જ કરવાં જોઇએ, કર્મયોગી થવું જોઇએ. આવો સારો "મનુષ્યજન્મ મળ્યો છે તેને નકામો ન કરી નાખવો જોઇએ, એનો "બનતો લાભ લેવો જોઇએ, એનાથી કામ કાઢી લેવું જોઇએ[1]."

**સદાગમ પ્રાપ્તિ.**
**કર્તવ્યનો આદેશ.**
**સન્માર્ગ દર્શન.**

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એ પ્રમાણે ધર્મઘોષ મહારાજે દેશના આપી તે વખતે તે જ મુનિ પાસે આ મહાત્મા **સદાગમ** મહાશય ફરી વાર દેખાયા. તે વખતે મુનિરાજે જે વચન કહ્યાં તે સર્વ મારે ગળે ઉતર્યાં, મને તે પર પ્રેમ-રૂચિ થઇ અને મેં મુનિરાજને કહ્યું "સાહેબ! મારૂં કર્તવ્ય શું છે તે આપશ્રી ફરમાવો."

---

1 આ નીચેના મૂળ શ્લોકો મુખપાઠ કરવા જેવા છે. એનો છંદ દ્રુત-વિલંબિત છે.

मनुजजन्मजगत्यतिदुर्लभं, जिनमतं पुनरत्र विशेषतः ।
तदिदमाप्य नरेण सुमेधसा, विढपनीयमतोऽपि परं पदम् ॥
इतरथा पुनरेव निरन्तके, निपतितस्य सुभीमभवाध्वके ।
कुशलशम्बलमुत्कलमौदनं[2], ननु विनातुलदुःखपरम्परा ॥
इदमवेत्य जनेन विजानता, कुशलकर्मभवोदधितारकम् ।
इह विधेयमहो विफलं मुधा, न करणीयमिदं नरजन्मकम् ॥

---

2 खादन पाठांतर.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મઘોષ મુનિએ જવાબમાં કહ્યું:—

ભવના પ્રપંચની પીછાન.
દેવ ગુરૂધર્મનું આરાધન.
જિન વચનની સદ્દહણા.
યોગોની ઉપર અંકુશ.
રાગાદિ દોષની ઓળખાણ.
ચિતની સાચી નિષ્પ્રકંપતા.

" अवधीरणीयो भवता भवप्रपञ्चः, आराधनीयो विलीनरागद्वे-
" षमोहोऽनन्तज्ञानदर्शनवीर्यानन्दपरिपूर्णः परमात्मा, वन्दनीयास्तदु-
" पदिष्टमार्गवर्तिनो भगवन्तः सत् साधवः, प्रतिपत्तव्यानि जीवाजीव-
" पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणानि नव तत्त्वानि, सर्वथा
" पेयं जिनवचनामृतं, नेयं तदङ्गाङ्गीभावेन, अनुष्ठेयमात्महितं, उपचेयं
" कुशलानुबन्धि कुशलं, विधेयं निष्कलङ्कमन्तःकरणं, हेयं कुविकल्प-
" जल्पजालं, अवसेयं भगवद्वचनसारं, विज्ञेयं रागादिदोषवृन्दं, लेयं
" सुगुरुसदुपदेशभेषजं, देयं सततं तदाचरणे मानसं, अवगेयं दुर्जन-
" प्रणीतकुमतवचनं, निमेयं महापुरुषवर्गमध्ये स्वरूपं, स्थेयं निष्प्रक-
" म्पचित्तेनेति."

" તમારે આ ભવ (સંસાર) નાટકનો સંપૂર્ણ અનાદર કરવો;
" જેમના રાગ દ્વેષ અને મોહ નાશ પામી ગયા છે અને જેઓ અનંત
" જ્ઞાન દર્શન વીર્ય અને આનંદથી ભરપૂર છે એવા પરમાત્માની
" તમારે આરાધના કરવી; એવા પરમાત્માએ બતાવેલા માર્ગમાં વર્ત-
" નારા ખરેખરા સાધુ મહાત્માઓની તમારે વંદના પૂજા ભક્તિ કરવી;
" તમારે જીવ અજીવ પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા બંધ મોક્ષ રૂપ
" નવતત્ત્વોને ખરા તત્ત્વરૂપે કબૂલ રાખવાં, સ્વીકારવાં; સર્વથા તીર્થંકર
" મહારાજનાં વચનરૂપ અમૃતનું તમારે પાન કરવું; તેની સાથે એક-
" મેક થઇ જવું; એમાં પ્રધાનતા અને ગૌણતા અથવા ઉપકાર્ય ઉપ-
" કારક ભાવને બરાબર સમજવા; આત્માને હિત થાય તેજ કાર્ય કરવું;
" એવાં સારાં કાર્યો કરવાં કે જેનાં પરિણામે વધારે સારાં કામો થયાં જ
" કરે;[1] અંતઃકરણને તદ્દન સાફ મેલ વગરનું અને ડાઘ વગરનું

૧ આને પુણ્યાનુબંધી પુણ્ય કહેવામાં આવે છે. સમાજહિત આત્મહિત થાય તેવાં કાર્યમાં ધન કે શક્તિનો વ્યય પુણ્યાનુબંધી પુણ્યોદય સૂચવે છે. મોજ-શોખ વિષયસેવન રમતગમત વિગેરે એથી ઉલટાં છે. એમાં શક્તિ કે ધનનો વ્યય થાય તે પાપાનુબંધી પુણ્યોદય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"રાખવું; ખોટા વિચારો કે અગડંબગડં બોલવા રૂપ વચનજાળનો "સર્વથા ત્યાગ કરવો; ભગવાનના કોઇ પણ વચનનો ઊંડો સાર શો "છે તે શોધી કાઢવો; રાગ દ્વેષ મોહ વિગેરે દોષોનાં ટોળાંઓને બરા- "બર ઓળખી લેવાં; સુગુરૂના સાચા ઉપદેશ રૂપ ઔષધને ગ્રહણ "કરવું; તે ઔષધોનો ઉપયોગ કરવા ઉપર નિરંતર મનને લગાડવું; "દુર્જન માણસોએ કહેલાં-પ્રરૂપેલાં ખોટા મતનાં વચનોનો તિરસ્કાર "કરવો; મહાપુરૂષના વર્ગમાં પોતાની જાતને સરખાવવી અને તદ્દન "સ્થિર ચિત્તે રહેવું."

**સમ્યગ્દર્શન આગમન.**

આ પ્રમાણે મહા તપસ્વી ભગવાન ધર્મઘોષ મહારાજ મધુર સ્વરે બોલી રહ્યા હતા તે વખતે સમ્યગ્દર્શન સેનાપતિ ત્યાં આવી પહોંચ્યો. બહુ મુશીબતે ભેદી શકાય એવી આકરી કર્મની ગ્રંથિના ભેદ દ્વારા મેં તેને જોયો, એ ગ્રંથિ ભેદરૂપ દુરબીનથી મેં એને દૂરથી તપાસી લીધો, અવલોકી લીધો[1] એટલે એ દર્શનના પ્રભાવથી મુનિમહારાજે જે જે વચનો કહ્યાં તેના ઉપર રૂચિપૂર્વક શ્રદ્ધા થઇ અને વળી એ સેનાપતિ મારો ખરો બંધુ છે એવી બુદ્ધિથી મેં એનો આદર કર્યો, મેં એને વધાવી લીધો.

મુનિમહારાજ ધર્મઘોષને મેં જવાબમાં તે વખતે કહ્યું "નાથ! આપ જે હુકમ કરો છો-ફરમાવી રહ્યા છો તે સર્વ હું કરીશ."

આપ્રમાણે કહીને તે મુનીશ્વરને વંદના કરી હું મારે ઘરે ગયો.

**જ્ઞાન પ્રગતિ અને અધિકાર.**
**ગુરૂમહારાજની નિમિત્તતા.**
**ગુણોદ્ભવ યોગ્યતાનુસાર.**

હવે હું સમ્યગ્દર્શનયુક્ત થયો, મારી સાથે સમ્યગ્દર્શન રહેવા લાગ્યો અને તેને લઇને તત્ત્વશ્રદ્ધા[2] મને થઇ અને તેથી મારો આત્મા પવિત્ર થયો. છતાં મારે તને જણાવવું જોઇએ કે તે વખતે હું ખાસ જ્ઞાનથી રહિત હતો એટલે કે મને શ્રદ્ધા હતી પણ કોઇ વિશિષ્ટ જ્ઞાન મારામાં નહોતું; તેથી વાત એ બની કે મારામાં ઓઘ શ્રદ્ધા વધારે હતી. 'જિનેંદ્ર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે, વગર

---

૧ મતલબ તે વખતે મને ગ્રંથિભેદ થયો.

૨ તત્ત્વશ્રદ્ધાઃ તીર્થંકર મહારાજે બતાવેલા નવતત્ત્વની રૂચિ. શ્રદ્ધા અને જ્ઞાનનો સંબંધ કેવો છે તે અત્ર જણાશે. શરૂઆતમાં વિશિષ્ટ જ્ઞાન વગરની શ્રદ્ધા કેટલો લાભ કરે છે તે પણ ખાસ વિચારવા યોગ્ય છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શંકાએ તે સાચું છે અને તેમાં જરા પણ ભેદભાવ નથી—' આવી રીતે શ્રદ્ધા રાખીને હું રાજી થઇને રહેતો હતો.[1] સદાગમ જાતે પોતાનું વિજ્ઞાન મને થોડું થોડું બતાવતો હતો તેટલું જ હું જાણતો હતો, પણ વસ્તુનાં ઊંડા ભાવોનો કે રહસ્યોનો મને કાંઇ બોધ થયો ન હોતો. સદાગમના પ્રતાપથી ઉપર ઉપરની કેટલીક હકીકત હું માત્ર જાણતો હતો. મારા ગુરૂઓ ઘણા કાબેલ હતા, બોલવામાં પણ ભારે કુશળ હતા છતાં પણ તેઓ મને સૂક્ષ્મ જ્ઞાન આપી શક્યા નહિ, વધારે ઊંડો મને લઇ જઇ શક્યા નહિ; મને ઝીણવટમાં ઉતારી શક્યા નહિ, કારણ કે તેવા વિશેષ જ્ઞાન માટે મારી યોગ્યતા થઇ ન હોતી.

એનું કારણ એ છે કે શ્રદ્ધા અને જ્ઞાનનું ખરૂં કારણ તો પોતાની યોગ્યતા જ છે, ગુરૂઓ તો તેને અંગે માત્ર મદદગાર ( નિમિત્ત ) થાય છે, સાધનમાત્ર બને છે. એ વાતનો તને દાખલો પણ આપું: જો. આગળ જ્યારે હું ઘનવાહન હતો તે વખતે મારા મિત્ર અકલંકે અને કોવિદાચાર્યગુરૂએ મને ઉપદેશ આપવા માટે ઘણો પ્રયત્ન કર્યો હતો.[2] તેઓએ સેંકડો પ્રયત્નો કર્યાં છતાં મારા ઉપર તેની સહજ પણ અસર થઇ ન હોતી, મને શ્રદ્ધા પણ થઇ ન હોતી. વળી બહેન! ત્યાર પછી અનંત વખત મારે સદાગમનો સંબંધ થયો પણ તે વખતે હું શ્રદ્ધા વગરનો હતો, હું સદાગમની વાત સાચી જ માનતો નહિ અથવા મને તેના તરફ ઉપેક્ષા રહેતી હતી. આટલા ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે પ્રાણીમાં જ્યારે જેટલી યોગ્યતા હોય ત્યારે તેટલો જ તેને ગુણનો લાભ થાય છે, તેટલા જ ગુણોનો તેનામાં જન્મ થાય છે. યોગ્યતા વગર ગુણપ્રાપ્તિ કે તેની વૃદ્ધિ થઇ શકતી નથી. આ પ્રમાણે કારણ હોવાથી ધર્મઘોષસૂરિએ તો ઘણો ઉપદેશ આપ્યો, તેના પરિણામે મને માત્ર શ્રદ્ધા જ થઇ, સૂક્ષ્મ જ્ઞાન વગરની પણ સાચી શ્રદ્ધા થઇ, કારણ કે મારી તે વખતે એટલી જ યોગ્યતા હતી.[3]

---

૧ પ્રાથમિક સ્થિતિમાં ઓઘ શ્રદ્ધાની કેટલી જરૂર છે તે આ ઉપરથી સમજાશે. શ્રદ્ધાને સ્થિર રાખનાર જ્ઞાન છે પણ શ્રદ્ધા ( દર્શન ) વગરનું જ્ઞાન અજ્ઞાન છે એ સર્વમાન્ય સૂત્રોનો અહીં સાક્ષાત્કાર થશે. બહુ લક્ષ્ય રાખીને રહસ્ય વિચારશો. આ પ્રગતિના માર્ગો બહુ વિચારવા યોગ્ય છે, એનો ક્રમ બહુ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે.

૨ ચાલુ પ્રસ્તાવ, ઘનવાહનનો ભવ. જુઓ પ્રકરણ ૧૨ મું અને ૧૪ મું.

૩ એકલી ઓઘ શ્રદ્ધા થાય તે પણ ઓછી વાત નથી. સંસારીજીવની દષ્ટિ ઘણી ઊંચી છે એટલે એ તો શ્રદ્ધા સાથે 'માત્ર' શબ્દ વાપરે છે, બાકી એથી એકડો થાય છે અને સંસાર પરિમિત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગૃહિધર્મનું તત્ર આગમન.
## તેની પાલનાથી વિબુધાલય.

કર્મની સ્થિતિ ઉપર જણાવ્યું તેમ ગ્રંથિભેદ કરતી વખત ઓછી કરી હતી તેમાંથી વળી બેથી નવ પલ્યોપમની સ્થિતિ મેં ત્યાર પછી વધારે ઓછી કરી એટલે તે વખતે ચારિત્રરાજનો ફટાયો ગૃહિધર્મ[1] મારી પાસે આવ્યો. મેં તો એને માત્ર સામાન્ય નજરે ઉપર ઉપરથી ઓળખ્યો. મેં એનું વિગતવાર ઓળખાણ તે વખતે કર્યું નહિ. મેં સામાન્ય રીતે ( દેશથી ) વ્રત નિયમો લીધાં અને લીધાં તેવાં પાળ્યાં; જેટલાં પાળ્યાં તેટલાં શ્રદ્ધાથી શુદ્ધ થયેલ બુદ્ધિએ પાળ્યાં. એને પરિણામે ત્યાર પછી મને એક નવી ગોળી આપીને કલ્પવાસી વિબુધાલયમાં ( ચોથા પાડામાં ) મને લઇ જવામાં આવ્યો.

* * *

* *

## સૌધર્મ દેવલોકે.

**દેવ જન્મ વર્ણન.**
**પૂર્વભવનું સ્મરણ.**
**દેવકર્તવ્ય પાલન.**

जैन साईट JAINSITE .com

પ્રથમ દેવલોક સૌધર્મના નામથી પ્રસિદ્ધ છે. ત્યાં દેવતાનો આકાર ધારણ કરતો હું સુખશય્યામાંથી એક ક્ષણવારમાં જાગૃત થયો. દેવતાનો જન્મ કેવી રીતે થાય છે અને તે વખતે તેમનું શરીર કેવું હોય છે તે સાંભળવા જેવું છે તે બ્હેન! તું સાંભળ. પ્રથમ જે શય્યામાંથી હું જાગૃત થયો તેનું વર્ણન તારી પાસે કરૂં છું:—

શય્યા વર્ણન.

એક દિવ્ય પલંગ ઉપર સુંદર તળાઇ રચવામાં આવેલી હોય છે. એ તળાઇ અતિ કોમળ હોય છે, ગુલગુલિયા થાય તેવી સુંદર હોય છે. એ તળાઇ ઉપર તદ્દન મુલાયમ સ્પર્શવાળું અને મનને આનંદ ઉપજાવે તેવું આચ્છાદન બીછાવેલ હોય છે, મતલબ કે ચાદર ( ઓછાડ ) પણ ઘણી કોમળ હોય છે. એ શય્યાની આસપાસ અતિ સુગંધી ફૂલો અને ધૂપનો પમરાટ ફરી વળેલો હોય છે અને એની સુગંધી ચોતરફ વિસ્તરી રહેલ હોય છે. દિવ્ય વસ્ત્રોનો માથે ચંદરવો હોય છે તે આંખને બહુ સારો લાગે તેવો હોય છે.

---

૧ ગૃહિધર્મ—એ ચારિત્રરાજનો ફટાયો કુમાર થાય. જુઓ પ્ર. ૪. પ્ર. ૩૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં બે લાંબા હાથ પસારીને ઊભા રહેલા દેવોના આનંદ સ્વરથી મને આશ્ચર્ય થયું. હું જ્યારે ઉઠ્યો[1] ત્યારે મારે માથે મુગટ પહેરેલો હતો, હાથે કડાં પહેરેલાં હતા, બન્ને હાથે બાજુએ બાંધેલા હતા, ગળામાં હાર પહેરેલો હતો, કાનમાં કુંડળ પહેરેલાં હતાં, આખે શરીરે ઘરેણાં પહેરેલાં હતાં, શરીરે સુગંધી વિલેપન કરેલું હતું, મુખમાં તાંબૂલ હતું અને સદૈવ તાજી રહેતી પુષ્પની માળા ગળામાં ધારણ કરેલી હતી. આવા સુંદર સંયોગોમાં હું શય્યામાંથી બેઠો થયો તે વખતે સર્વ દિશાઓ ઝળઝળાટ થઇ રહેલી હતી, અને તેના પ્રકાશમાં મેં વધારો કર્યો હોય એમ મને લાગ્યું.

જન્મ, વિભૂષા.

તે વખતે એ શય્યાની બાજુમાં લલનાઓ ( દેવાંગનાઓ ) ઊભી રહેલી હતી. તેઓની આંખો અતિ ચપળ હતી પણ મટકું મારતી ન હોતી. દેખાવમાં તેઓ અતિ સુંદર હતી. પ્રેમભીની આંખોએ તેઓ 'જય જય નંદા, જય જય ભદ્દા' વચનો બોલી. 'હે નંદ! તારો જય થાઓ, હે ભદ્ર! તારો જય થાઓ.' એવા ભાવાર્થવાળો તેઓનો રૂપાની ઝીણી ઘુઘરી જેવો મધુર અવાજ મારા સાંભળવામાં આવ્યો. વળી તેઓ બોલી "હે ભદ્ર! તું દેવ છે, તું અમારો સ્વામી છે, અમે તારી દાસીઓ છીએ." આવા સુંદર કર્ણપ્રિય શબ્દો એ અદ્ભુત રૂપસૌંદર્યવાળી સ્ત્રીઓ બોલી રહી હતી.

લલના.

મારી આસપાસ આવી અદ્ભુત સમૃદ્ધિ જોઇને મારી આંખો વિસ્મયથી પ્રફુલ્લ થઇ ગઇ અને મને કયાં સુકૃત્યનાં પરિણામે આ ઋદ્ધિસિદ્ધિ મળી હશે તેનો હું વિચાર કરવા લાગ્યો. બ્હેન! તે વખતે જ્યારે હું અગાઉ વિરોચન હતો તે પ્રસંગે મેં જે સુંદર કાર્યો કર્યાં હતાં તે સર્વ મને યાદ આવ્યાં. મારા મનમાં તે વખતે જ્ઞાન થયું કે અગાઉ વિરોચન તરીકે રૂચિ અને સમજણ પૂર્વક ગૃહિધર્મની પાલના કરી હતી તેનો આ સર્વ લાભ મળ્યો છે. આ પ્રમાણે હું વિચાર કરતો હતો ત્યાં તો સેનાપતિ સમ્યગ્દર્શન અને મહાત્મા સદાગમ મારી પાસે આવી પહોંચ્યા એટલે મને બરાબર ખ્યાલ થયો કે આ તો સર્વ પ્રતાપ એ બે મહાત્માઓનો છે. મેં તે જ વખતે એ બન્ને મહાપુરૂષોને

પૂર્વ યાદિ.

[1] દેવતાઓ આવી રીતે શય્યામાંથી જન્મે છે. તેઓનો જન્મ ગર્ભજ પેઠે મનુષ્ય હોતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા ભાઇ તરીકે સ્વીકારી લીધા[1], વધાવી લીધા. હું આટલા વિચાર અને નિશ્ચયપૂર્વક શય્યામાંથી બેઠો થયો અને દેવતાને યોગ્ય મારાં કર્તવ્યો કરવા લાગ્યો તે નીચે પ્રમાણેઃ—

દેવ વિલાસ.

એ દેવભૂમિમાં અનેક રત્નોનાં કિરણથી લાલ રંગનાં દેખાતાં જળથી અને સંપૂર્ણ ખીલેલાં કમળોથી શોભી રહેલાં મોટાં સરોવરો હોય છે. એવાં સરોવરમાં હું હૃષ્ટપુષ્ઠ શરીર અને પયોધરવાળી લલિત લલનાઓ સાથે નાહ્યો, સરોવરમાં તેમની સાથે સારી રીતે જળક્રીડા કરી અને આનંદ કર્યો. ત્યાર પછી તરત જ લીલાપૂર્વક હું જિનમંદિરે ગયો. એ જિનમંદિર પણ ઘણું ભવ્ય હતું, તદ્દન શુદ્ધ સોનાથી તૈયાર કરવામાં આવ્યું હોય તેવું હતું. એની ફરસબંધીમાં નિર્મળ રત્નો ગોઠવવામાં આવેલાં હતાં. એવા અતિ આકર્ષક જિનભુવનમાં જઇને ત્યાં દૃઢ ભક્તિપૂર્વક તીર્થંકર મહારાજને મેં વંદન કર્યું. પછી ત્યાં રહેલ મનોહર પુસ્તક ઉઘાડ્યુંઃ એ પુસ્તકમાં નિર્મળ પાનાઓનો સંગ્રહ કરવામાં આવેલો હતો, એ આખું પુસ્તક મણિરત્નમય હતું, તીર્થંકર મહારાજનાં વચનો વડે ભરપૂર હોવાથી રમ્ય લાગતું હતું અને અંદરની હકીકત વાંચતાં રોમરાયને વિકસ્વર કરે તેવું હતું. આવું સુંદર પુસ્તક ઉઘાડીને મેં તે વાંચ્યું[2] અને ત્યાં રહીને મારે શું કરવાનું હતું-મારો કલ્પ શો હતો તે જાણી લીધું.

આવી રીતે ઇચ્છા પ્રમાણે પાંચે ઇંદ્રિયના ભોગો દેવલોકમાં ભોગવ્યા અને આશય પ્રમાણે તેમાં આનંદ માન્યો. એ સૌધર્મ દેવલોકે બે સાગરોપમથી સહજ ઓછો કાળ હું રહ્યો.

*  *  *

## કલંદ આભીર.

મારો સૌધર્મ દેવલોકે[3] કાળ પૂરો થયો એટલે વળી મારી ભાર્યા

---

૧ એટલે એ ભવમા પણ મને સમ્યગ્દર્શન થયું અને સદાગમનો અભ્યાસ ચાલુ રહ્યો.

૨ દેવનાઓનો સમય ક્રીડા નાટકપ્રેક્ષણ અને ઇંદ્રિયસુખસાધનના ભોગોપભોગમાં જાય છે. ત્યા જે રુચિમાન્ પ્રાણી હોય છે તે વિષયમાં વધારે પડતો રાગ કરતો નથી. જે અજ્ઞાનકષ્ટથી કે ઉપર ઉપરના ત્યાગથી ત્યાં પહોંચી ગયેલ હોય છે તે મિથ્યાજ્ઞાનને લઇને વિષયમાં જ રસ લે છે, આસક્ત થઈ જાય છે અને પરિણામે સંસારમાં પડે છે.

૩ દેવગતિનાં સુખોને પરિણામે કેટલીક વાર આવી મોટી હાનિ પહોંચે છે. વાસનાઓનો લાભ મળે પણ પ્રગતિ અટકી જાય છે અને પછી ધીમે ધીમે પશ્ચાદ્ગતિ પણ થતી જાય છે. વળી પાછો પ્રસંગ મળતાં આગળ કહેવાશે તેમ પ્રાણી ઉપર પણ ચઢતો જાય છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મને માનવાવાસ નગરે પાછી લઇ આવી. ત્યાં એક મદન નામનો આભીર[1] રહેતો હતો. તેની રેણુા નામની સ્ત્રી હતી. તેમને ત્યાં હું પુત્રપણે ઉત્પન્ન થયો. મારૂં કલંદ નામ રાખવામાં આવ્યું.

ત્યાં મારા વહાલા ભાઇઓ પેલા સેનાપતિ અને સદાગમ તો મને વિસરી ગયા, ત્યાં આવ્યા જ નહિ. તેને પરિણામે હું પેલા ગૃહિધર્મને તો તદ્દન વિસરી જ ગયો, મેં એને ત્યાં જોયો જ નહિ; કારણ કે પેલા સેનાપતિ સદાગમ ન હોય ત્યાં એ એકલો કદિ દેખાતો જ નથી. છતાં અગાઉ મારો થોડો વિકાસ થયો હતો, મારામાં ભદ્રક ભાવ જાગૃત થયો હતો તેથી હું પાપથી કાંઇક બ્હીતો રહ્યો અને ભદ્ર પરિણામી થયો. આવી રીતે આભીરની અવસ્થામાં માનવાવાસે કાળ પૂરો કર્યો.

* * *

* *

## વિસ્મૃતિ અને રખડપાટો.[2]

**જ્યોતિષીએ દેવ.**

ત્યાર પછી મારી ભવિતવ્યતા ભાર્યાએ મને વળી એક નવી ગોળી આપી અને જ્યોતિષ્ક દેવગતિમાં લઇ ગઇ. ત્યાં સારા સારા ભોગો ભોગવ્યા. વળી સંપતિ પણ ત્યાં ઘણી મળી. મેં મારી ઇંદ્રિયોને

जैन साईट JAINSITE

---

૧ **આભીર:** આહેર. આ આહેર ગોવાળીઆનું કામ કરે છે. તેમનું ધન ગાય ભેંસ ઘેટાં છે, તેમને ચારે અને દૂધ ઊનના પૈસા કરે. જંગલમાં નાની નાની પલ્લીઓ કરી રહે છે. તેમનાં ગામોને 'પલ્લી' અથવા 'નેહડા' કહેવામાં આવે છે.

૨ વિકાસક્રમમાં એક બાબત અગાઉ પણ લક્ષ્યમાં આણી છે તે ખાસ ધ્યાનમાં રાખવી. પ્રાણી વિકાસમાં આગળ વધે, વળી જો તેનામાં રાગ દ્વેષ મોહનું જોર વધે તો પાછો પડે. આવી રીતે અથડાતાં કુટાતાં જ્યારે એ બરાબર નિ:શંક થઇ આગળ વધે ત્યારે તે પ્રગત થાય છે. ઓઘ દૃષ્ટિમાં અનંત કાળ ગયો. પછી છેલ્લા પુદ્દગળપરાવર્તમાં તે યોગ દૃષ્ટિમાં આવે છે. એ એક પુદ્દગળપરાવર્તનો કાળ પણ ઘણો લાંબો છે, પ્રથમ પ્રસ્તાવના પરિશિષ્ટમાં વિચારાઇ ગયો છે. એ છેલ્લા પુદ્દગળપરાવર્તમાંથી અર્ધ પસાર થાય ત્યારે ગ્રંથિભેદ થાય છે. ત્યાર પછી ચડઉતર તો થયા કરે છે પણ પછી પ્રાણીની સ્થિતિ ફરે છે, એના કાર્યમાં કુણાશ, એની બોલીમાં મીઠાશ, એનાં વિચારમાં નરમાશ આવતી જાય છે. સંસારીજીવ અત્યારે આ છેલ્લી જણાવી તે દશામાં છે; પડતો જાય છે, વળી ઊઠે છે, પાછો રખડે છે, છતાં એ દરમ્યાન એની આંતર દૃષ્ટિ પ્રગત થતી જાય છે એ સૂક્ષ્મ રીતે જોવાથી જણાશે. આ છેલ્લા પુદ્દગળપરાવર્તનો કાળ છે તેમાં જે ધક્કેલા અને પ્રગતિ થાય છે તે બરાબર વિચારવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં તૃપ્ત કરી, સારી રીતે રાજી કરી. ત્યાં વળી પેલા મહામોહ પરિગ્રહ ભાઇઓ બહુવારે દેખાયા, મારી સાથે ઘણો વખત રહ્યા, સંબંધ વધાર્યો અને હું પણ તેમના તરફ વધારે પક્ષપાત રાખી રહ્યો. મેં તેમને મારા પોતાના કરી લીધા અને વળી પેલા સેનાપતિ (સમ્યગ્દર્શન) અને સદાગમને તો હું તદ્દન જ ભૂલી ગયો, તેમને યાદ પણ કર્યા નહિ.

* * *

## તિર્યંચમાં દેડકો.

જ્યોતિષ્ક દેવ તરીકે રહેવાની મારી ગોળી પૂરી થવા આવી એટલે વળી ભવિતવ્યતાએ મને એક નવી ગોળી આપી અને મને પંચાક્ષપશુસંસ્થાને લઇ જઇ ત્યાં મને દેડકો બનાવ્યો. મારી સ્ત્રીને તો રમત કરવાની ટેવ પડેલી તે એણે તો જેમ ફાવ્યું તેમ મારી સાથે મજા કર્યા કરી અને મને ચોતરફ ફેરવ્યો.

* * *

આ દેડકા તરીકેની મારી ગોળી પૂરી થઇ ત્યારે વળી બીજી નવી નવી ગોળીઓ આપી મને અનેક જગ્યાએ આમતેમ ફેરવ્યો, રખડાવ્યો અને તે રીતે ભવિતવ્યતાભાર્યાએ મજા માણી.

* * *

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## કાંપિલ્યપુરે વાસવ.

અનેક જગ્યાએ રખડાવીને મારી ભાર્યા મને માનવાવાસના કાંપિલ્યપુરમાં લઇ આવી. એ નગરનો વસુબંધ નામનો રાજા હતો. ધરા નામની પત્ની હતી. તેઓને ત્યાં હું રાજપુત્ર તરીકે પેલી ભાર્યાનાં પ્રતાપે ગયો. મારૂં ત્યાં વાસવ નામ રાખવામાં આવ્યું. રાજપુત્રનો વૈભવ હોવા છતાં હું સારાં કૃત્યો કરનારો થયો અને સર્વને ઘણો પ્રિય થઇ પડ્યો.

ત્યાં યોગ્ય ઉમરનો થતાં મને **શાંતિસૂરિ** નામના સાચા ધર્મના ઉપદેશકનો યોગ થયો. એમનો ઉપદેશ સાંભળ્યા પછી તે જ વખતે ત્યા સમ્યગ્દર્શન સેનાપતિ અને સદાગમ દેખાયા. તેઓનો વધારે પરિચય થતાં પેલા મહામોહ વિગેરે જરા નરમ પડ્યા. એ સર્વે દેખાવમાં તે મારા ખરા મિત્ર હતા પણ અંદરખાનેથી મારા શત્રુ હતા. પણ તે બાબતની મને ચોક્કસ ખબર હજી પડી ન હોતી. સદાગમના પ્રતાપે મને ત્યાં કાંઇક લાભ થયો.

* * *

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બીજે દેવલોકે.**

વાસવના ભવમાં મને સમ્યગ્દર્શન સદાગમનો સંબંધ થયો તેના જોરથી હું બીજે દેવલોકે ગયો, ત્યાં પણ એ બંનેનો મને સમાગમ થયો. હું વિબુધાલયના આનંદમાં પડી ગયો ત્યાં મેં ઘણા કાળ સુધી સુખ ભોગવ્યું, આનંદ કર્યો, લહેર કરી.

* * *

**કાંનચપુરે.**

ત્યાર પછી મનુજગતિની અંદર આવેલા કાંચનપુર નામના નગરે હું આવ્યો. ત્યાં મહામોહના દોષથી પેલા સેનાપતિ અને સદાગમને પાછો વિસરી ગયો.

શ્રમણનો વેષ. વિરતિથી રહિતપણું.
ગૃહિધર્મનો સામાન્ય સ્વીકાર અસ્વીકાર.
ભોગસંપત્તિ-પુણ્યોદય-ભોગ અને પાત.
સમ્યગ્દર્શન સદાગમની હાર અને જીત.

આવી રીતે ન ગણી શકાય તેટલી વખત (અસંખ્ય વખત) મેં એ સદાગમ મહાત્માને જોયા અને વળી અનેક વખત સદાગમ મારી પાસેથી ચાલ્યા ગયા, સેનાપતિ તો મારી પાસેથી બીલકુલ ચાલ્યા જ ગયા, હું તેમને ખોઇ બેઠો. એનો હેતુ એ કે મારે રખડવાનાં ઠેકાણાં અનેક રહ્યાં, મેં કોઇ જગ્યોએ હજુ સુધી સાચો વિરતિભાવ (ત્યાગ ભાવ) ધારણ કર્યો નહોતો, માત્ર ઉપર ઉપરની શ્રદ્ધાથી શ્રાવક થયો પણ સર્વવિરતિભાવની પ્રાપ્તિ મને થઇ નહોતી. એટલે કેટલીક વાર મારી નૈસર્ગિક સરળતાને લઇને અને કેટલીક વાર સામા માણસને રાજી રાખવા ખાતર શ્રદ્ધાને લઇને મેં શ્રાવકનો વેષ તો ધારણ કર્યો, પણ વિરતિભાવ મને આવ્યો નહિ, મેં ખરો ત્યાગ કદિ કર્યો નહિ.

[1]વળી અસંખ્ય વખત જ્યારે જ્યારે મારે સેનાપતિ સમ્યગ્દર્શનને મળવાનું થયું ત્યારે ત્યારે દરેક વખત મારે તેની સાથે સદાગમનો મેળાપ જરૂર થતો હતો અને વળી તેમના મૂળમાં સામાન્ય રૂપે હું ગૃહિધર્મ કુટાચાને પણ જોતો હતો. વળી કોઇ વાર આ ગૃહિધર્મને સેનાપતિ સાથે ન પણ જોઉં એવું એ બન્યું હશે; છતાં તને ટુંકામાં કહું તો એ સેનાપતિની સાથે ગૃહિધર્મ અને સદાગમને મેં અસંખ્ય વાર જોયા. એ દરેક વખત ગૃહિધર્મ અને સદાગમ સામાન્ય રૂપવાળા હતા તે તારે લક્ષ્યમાં રાખવું.

---

૧ આ આખી હકીકત ઘણી ઉપયોગી છે, વિકાસક્રમ બતાવનારી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે એ ત્રણે ભાઇઓ ( સમ્યગ્દર્શન, સદાગમ અને ગૃહિધર્મ ) ને બહુ વખત જોયા અને જ્યારે જ્યારે જોયા ત્યારે ત્યારે તેઓ મને સુખનાં કારણ થયા અને વળી વચ્ચે વચ્ચે મેં પાછા તેમને છોડી પણ દીધા. મેં એકલા સદાગમને તો અનંત વાર જોયો. પણ એના વગર સમ્યગ્દર્શનને તો મેં કદિ પણ જોયો નહિ.[1]

વળી એક બીજી પણ વાત આ પ્રસંગે જણાવી દઉં: જ્યારે જ્યારે સમ્યગ્દર્શન સેનાપતિ મારી બાજુમાં હોય, મારી પાસે હોય, ત્યારે ત્યારે પુણ્યોદય મારો મિત્ર થતો હતો, તે મને અનુકૂળ થતો હતો. મને માનવાવાસમાં કે વિબુધાલયમાં જે ભોગો મળતા હતા, સંપત્તિઓ પ્રાપ્ત થતી હતી, વિલાસનાં સુખસાધનો સાંપડતાં હતાં તે સર્વ એ પુણ્યોદય મિત્ર પૂરા પાડતો હતો. આ રીતે સેનાપતિની હાજરીનો એ એક લાભ હતો એટલું જ નહિ પણ એક બીજો પણ લાભ થતો હતો અને તે એ કે એ હોય ત્યારે મારી કર્મની સ્થિતિ ટુંકી થઇ જતી હતી, અંદરના શત્રુઓ ગભરાયલા અને બ્હીકથી ભરપૂર રહેતા હતા અને મહામોહ વિગેરે અંદર ચુપચુપ પડ્યા રહેતા હતા. કોઇ કોઇ વખત જ્યારે એ મારા ભાવશત્રુઓ જોરમાં આવી જતા ત્યારે પેલો પુણ્યોદય મિત્ર મને તજી જતો હતો, મારાથી દૂર નાસી જતો હતો અને તેથી મને ઘણો ત્રાસ થતો હતો. એ ( પુણ્યોદય ) જેવો મારી પાસેથી દૂર ખસતો કે મને દુઃખના ડુંગર ખડા થઇ ગયેલા દેખાતા હતા અને મારે તેને ભેટવું પડતું હતું. એ સર્વને પરિણામે ભવિતવ્યતા અનંત કાળથી મને ભમાવ્યા કરતી હતી, રખડાવ્યા કરતી હતી. એ પ્રમાણે થાય ત્યારે વળી કર્મની સ્થિતિ ભારે મોટી થઇ જતી, મન તદ્દન અધમ થઇ જતું અને તદ્દન તત્ત્વશ્રદ્ધાન વગરનું બની જતું હતું.

આ પ્રમાણે જ્યારે બનતું ત્યારે વળી પેલા મહાશત્રુઓ ભારે જોરમાં આવી જતા અને મારા ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવતા. એમ જ્યારે થતું ત્યારે પેલા ભાઇઓ ( સમ્યગ્દર્શન અને સદાગમ ) દૂર જઇને બેસતા. આ પ્રમાણે હકીકત અનેક વાર બની ગઇ.

વળી એક વધારે વાત તને ચોક્કસ કહી જણાવું: જ્યારે મિથ્યાદર્શનથી સમ્યગ્દર્શન સેનાપતિનો તિરસ્કાર થતો ત્યારે જ્ઞાનસંવરણ

૧ જ્ઞાન અને દર્શનના આ તફાવત લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. માત્ર જ્ઞાન થાય તે કામનું નથી. સમ્યગ્દર્શન વગર જ્ઞાન અનંત વાર થાય તે ઉપયોગ વગરનું છે. સમ્યગ્દર્શન જ્ઞાન વગર થતું નથી. ગૃહિધર્મ એ ચારિત્રનો વિભાગ છે. જ્ઞાન દર્શન ચારિત્રની આ કુલ વ્યવસ્થા વિચારવા યોગ્ય છે. તેમાં તેઓનું ઉપર ઉપરનું સ્વરૂપ પણ સમજવા યોગ્ય છે અને અંતરદષ્ટિનું સ્વરૂપ આદરવા યોગ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા સદાગમના ઉપર વિજય મેળવી તેને પણ દૂર મોકલી આપતો, વળી કોઇ વખત તેઓ પણ તેના ઉપર જીત મેળવતા; મતલબ કોઇ વાર સમ્યગ્દર્શન સદાગમ સાથે મળી મહામોહાદિ પર વિજય મેળવતા અને કોઇવાર મહામોહ પરિગ્રહ સાથે મળી સેનાપતિ અને સદાગમ પર વિજય મેળવતા.

આવી રીતે બન્ને પક્ષનો કોઇ વાર જય થતો અને કોઇ વાર હાર થતી. એ તો જેવો દેશ, જેવો વખત અને જેવા લશ્કરીઓ. જ્યારે જેનું પરિબળ થતું ત્યારે તેનો વિજય થતો અને સામાની હાર થતી. પણ આ બધી વાતમાં મુદ્દાની વાત એ છે કે હું જેનો પક્ષપાત કરતો, જેના તરફ પ્રેમ દેખાડતો, તેનો ઘણે ભાગે ખાસ કરીને વિજય થતો અને જેનાથી હું વિરૂદ્ધ દેખાતો અથવા થતો તેની હાર થતી.

આવી રીતે બન્ને પક્ષની જય પરાજયની-હાર જીતની બાજી અનંત કાળ સુધી ચાલી.[1]

## સોપારક પુરે વિભૂષણ.
## મહાપુરૂષોની નિંદા આશાતના.
## દુઃખસમુદ્રમાં ભયંકર પાત.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

બહેન અગૃહીતસંકેતા ! ત્યાર પછી મારી પત્ની ભવિતવ્યતા મને એક વખત માનવાવાસમાં આવેલા સોપારક નામના સુંદર નગરમાં લઇ ગઇ. ત્યાં શાલિભદ્ર નામનો એક વણિક રહેતો હતો. તેને કનકપ્રભા નામની ભાર્યા હતી. તેનો હું પુત્ર થયો. મારૂં વિભૂષણ નામ રાખવામાં આવ્યું.

---

૧ આવી રીતે જૈન આમ્નાય પ્રમાણે વિકાસ અને હાનિ થયા કરે છે. એ બન્નેનો આધાર આત્માપર છે. એ ધારે અને વીર્યશક્તિનો ઉપયોગ કરે તો એ પ્રગતિને માર્ગે આગળ વધતો જાયછે, એ નરમ પડી જાય તો શત્રુઓ જોરમાં આવી જાય છે. આવી સ્થિતિ ઘણો કાળ ચાલે છે, પણ એટલું નક્કી છે કે એક વાર સમ્યગ્દર્શન થયા પછી વધારેમાં વધારે અર્ધ પુદ્ગળપરાવર્તન કાળમાં પ્રાણી જરૂર સર્વ કર્મથી મુક્ત થઇ ભાવશત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી પોતાનું સાચું સ્વરાજ્ય મેળવે છે અને નિરાબાધપણે નિરંતરને માટે સુખી થાય છે. પ્રાણીની પોતાની પ્રગતિ કે પશ્ચાદ્ગતિનો આધાર તેના પોતાના જોર પર રહે છે. સમ્યગ્દર્શન દેશ કાળ પ્રમાણે જોર કરેછે એમ ઉપર કહ્યું તેનો એ જ ભાવાર્થ છે. તત્ત્વશ્રદ્ધાન વગરનું જ્ઞાન ઉપયોગી નથી, ચારિત્રની પ્રગતિ જ્ઞાનનું સાધ્ય છે, બાગભાવ જ્ઞાનનું ફળ છે અને તત્ત્વશ્રદ્ધાન વગરનું પુસ્તકજ્ઞાન માત્ર ખ્યાતિ માટે જ ઉપયોગી થાયછે. આથી જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણેની સાથે પ્રગતિ થાય તે જ ખરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વખત હું શુભકાનન નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં સુધાકૂપ નામના આચાર્યનો મારે યોગ થયો.[1] તેમની વાતો સાંભળી તે વખતે મારે પેલા સમ્યગ્દર્શન સેનાપતિનો અને સદાગમનો મેળાપ થયો.

તેઓશ્રીનો યોગ થતાં મને તત્ત્વશ્રદ્ધાન (તત્ત્વપર પ્રીતિ-રૂચિ) થઇ આવ્યું, છતાં ભાવપૂર્વક મને વિરતિ (ત્યાગભાવ) થઇ નહિ, ઉપર ઉપરથી (દ્રવ્યથી) ત્યાગ થયો. ગુરૂના આગ્રહથી અંતરના સાચા પ્રેમ વગર હું શ્રમણ (સાધુ) થયો. મેં સાધુનો[2] વેષ તો લીધો અને સાધુઓની વચ્ચે રહ્યો પણ મારા કર્મના દોષથી હું વિભાવમાં પડી ગયો, આડે રસ્તે ચઢી ગયો અને મારૂં સાચું કર્તવ્ય વિસરી ગયો.

વિપરીત પણું. વિભાવ-નિંદા. તેનાં પરિણામ.

જ્યારે આવી રીતે વિભાવમાં પડ્યો ત્યારે પેલા મહામોહ વિગેરે પૂરતા જોરમાં આવી ગયા અને વસ્તુતઃ પેલા સેનાપતિ અને સદાગમ મારી પાસેથી દૂર ચાલ્યા ગયા. હવે મહામોહ વિગેરેની અસર તળે હું તો પારકી નિંદા કરનારો થઇ પડ્યો. કારણ હોય કે ન હોય પણ સાધારણ રીતે જ પારકાના અવર્ણવાદ બોલવા, પારકાની નિંદા કરવી, હોય કે ન હોય તેવી બાબતોના આક્ષેપો કરવા, એ મારો ધંધો થઇ પડ્યો. મેં તો પછી તપસ્વીઓની નિંદા કરી, સુંદર ચારિત્રવાળા મહાપુરૂષોની નિંદા કરી, સારા ક્રિયારૂચિ જીવોની ટીકા કરી. આવા ઉચ્ચ કક્ષાએ સ્થિત થયેલા પુરૂષોની નિંદા કરતાં મારા મનમાં જરાએ શંકા પણ ન થઇ, મનને જરા આંચકો પણ ન આવ્યો અને તે વાત એટલે સુધી છેવટે વધી પડી કે મેં તો પછી સંઘની નિંદા કરવામાં, શ્રુત જ્ઞાનની નિંદા કરવામાં, ગણધરોની નિંદા કરવામાં અને ખૂદ તીર્થંકર મહારાજાની નિંદા કરવામાં પણ પાછું વાળીને જોયું નહિ. ગણધરો પણ જાણે અમુક વાત સમજ્યા જ ન હોતા અને ખૂદ તીર્થંકરો પણ અમુક વાતો કહી કે સમજી શક્યા નથી એવા એવા અનેક પ્રકારના આક્ષેપો પણ મેં કરી દીધા. આવી રીતે જો કે મેં યતિનો વેષ લીધો હતો[3] છતાં હું ખરેખરો પાપાત્મા બની ગયો, ગુણનો મોટો શત્રુ બની ગયો અને એ મહામોહને વશ પડીને ભયંકર મિથ્યાદૃષ્ટિ થઇ ગયો.

પાત અને રખડ પાટો.

આવા પ્રકારની પાપચેષ્ટાઓને પરિણામે હું અતિ

---

૧ આવી રીતે દેવગુરૂનો યોગ થવો તેને યોગાવંચકપણું કહે છે.

૨ દ્રવ્ય સાધુપણાનો અને ભાવ સાધુપણાનો વિચાર અત્ર કર્તવ્ય છે.

૩ વેષ લીધાથી કાંઇ વળતું નથી એ વાત લક્ષ્યમાં રાખવી. આ દ્રવ્ય સાધુપણું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આકરા દુર્ભેદ કર્મસમૂહથી ઘેરાઇ ગયો, વીંટળાઇ ગયો, ભરપૂર થઇ ગયો અને તેને પરિણામે મારી ભાર્યાએ અનંત કાળ સુધી દુઃખસમુદ્રમાં લગભગ સર્વ સ્થાનકોએ પાછો ભમાવ્યો, રખડાવ્યો, તગડાવ્યો, આ સંસારમાં રહેલી સમસ્ત દ્રવ્યરાશિ મેં અરધા પુદ્ગળપરાવર્તના કાંઇક ઓછા કાળમાં ભોગવી લીધી અને હું ખૂબ રખડ્યો, ચારે તરફ સારી રીતે[1] ભમ્યો. એ ભ્રમણમાં મારે માથે એક પણ વિપત્તિ પડવી બાકી રહી નહિ, એક પણ દુઃખ પડવું બાકી રહ્યું નહિ અને એક પણ આકરી વિડંબના-હેરાનગતિ થવી બાકી રહી નહિ.

* * * *

## ખુલાસાઓ. ઉપસંહાર.

* * *

### પ્રજ્ઞાવિશાળાની વિચારણા.

* *

મહામોહ પરિગ્રહ.
તેમનું અનર્થવિધાન.
તત્ર સ્પષ્ટ વિશેષતા.

સંસારીજીવ ઉપર પ્રમાણે વાત કરતો હતો તે વખતે અગૃહીતસંકેતાને લાગ્યું કે પોતે કાંઇક અંદરનો ભાવાર્થ પણ સમજે છે. આટલા ઉપરચોટિયા જ્ઞાનથી પણ એના મનમાં વિસ્મય ઉત્પન્ન થયો અને પોતે જાણે કાંઇક સમજી હોય તેવું તેના મુખ પર જણાવા લાગ્યું.

બુદ્ધિની ભંડાર પ્રજ્ઞાવિશાળાએ ઉપરની વાત સાંભળી ત્યારે તેના મનમાં ઊંડો સંવેગ થઇ આવ્યો અને તેણે પોતાના મનમાં નીચે પ્રમાણે વિચારણા કરીઃ—

"ખરેખર, મને એમ લાગે છે કે સંસારીજીવને જે અનેક "પાપો વળગેલાં છે તેમાં મહામોહ અને પરિગ્રહ ઘણા ભયંકર છે, "ભારે આકરા છે, સર્વથી વધારે પ્રબળ છે. તેનું કારણ એ છે કે

---

૧ દ્રવ્યથી પુદ્ગળપરાવર્ત કેવી રીતે થાય છે તેમાટે જુઓ પરિશિષ્ટ ક. પ્રથમ પ્રસ્તાવ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ક્રોધાદિ પાપીઓનો જ્યારે એને યોગ થયો હતો ત્યારે તો એને સમ્ય-
"ગ્દર્શન સેનાપતિનો મેળાપ પણ થયો નહોતો, તેની સાથે તેને
"ઓળખાણ પણ નહોતી અને જરાએ સંબંધ પણ તેની સાથે
"સંસારીજીવને ન હોતો. એ વખતે તો આ સંસારીજીવ કોઇ પણ
"પ્રકારના ગુણ વગરનો હતો અને એ તકનો લાભ લઇને એ ક્રોધાદિ
"પાપીઓ પોતાની અસર આ સંસારીજીવ ઉપર ચલાવે અને સંસા-
"રીજીવ તેમના કહેવા પ્રમાણે નાચ કરે, ચેષ્ટા કરે, તેમાં મને કાંઇ
"નવાઇ જેવું લાગતું નથી, એ વાતમાં હવે મને કાંઇ વિશેષતા લાગતી
"નથી; પણ આ મહામોહ અને પરિગ્રહે તો ભારે જબરી વાત કરી,
"ન ઉકેલી શકાઇ એવી ઘુંચ ઊભી કરી, ન સમજી શકાય તેવી
"પરિસ્થિતિ નીપજાવી: એમણે ( મહામોહ પરિગ્રહે ) તો સંસારીજીવને
"સમ્યગ્દર્શન જેવો સેનાપતિ મળ્યો તો પણ એનો દીર્ઘ કાળ સુધી
"સંસારમાં પાત કરાવ્યો અને ચારે તરફ લગભગ સર્વ સ્થાનકોમાં
"એને રખડાવ્યો ! ત્યારે મહામોહ અને પરિગ્રહ તો ગુણ પ્રાપ્ત કરેલા-
"સગુણીને પણ મહા અનર્થ કરનારા થઇ પડે છે. આટલા માટે એ
"બન્ને ( મહામોહ અને પરિગ્રહ ) ખરેખર ઘણા આકરા-ભયંકર છે.

"મને એક બીજી પણ વાત લાગે છે કે જ્યાં આ બે ( મહા-
"મોહ અને પરિગ્રહ ) હોય છે ત્યાં ક્રોધ વિગેરે પાપીઓ જરૂર
"હોય છે અને તેટલા માટે જ મહામોહને આખા સમુદા-
"યાત્મક[1] ( મોટા પરિવારના મુખ્ય ભાગ ) તરીકે વર્ણવ્યો જણાય
"છે. મહામોહને મોટો રાજા ગણાવામાં આવ્યો છે અને આખા તેના
"વર્ગને તેની નીચેનો ગણાવામાં આવ્યો છે તેનું એ જ કારણ જણાય
"છે. અને વળી પરિગ્રહ પણ એ સર્વનો મોટો આધાર છે, ટેકો છે,
"એ લોભનો મિત્ર છે, લોભ નામ પણ ધારણ કરે છે અને મહા-
"મોહના લશ્કરમાં પૂછણેગાછણે છે અને મુખ્ય સ્થાન ભોગવે છે.

"આ પ્રમાણે હોવાથી સંસારીજીવના ગુણોનો ખાસ ઘાત
"કરવાને એ બન્ને મૂળનાયકો થયા છે એમાં જરા પણ શંકા
"જેવું નથી. એ મહામોહ અને પરિગ્રહ પોતે જાતે ઘણા જબરા છે
"અને એને ક્રોધ વિગેરે સહાય કરનારા છે, તેથી તેઓ પ્રાણીના
"ગુણોનો બહુ ઘાત કરે છે અને જાતે એવા સમર્થ છે કે સેનાપતિ
"કે સદાગમની આવ જા થયા કરે તેની પણ દરકાર કરતા નથી.

---

૧ એના પ્રશ્ન ખુલાસા વિગેરેના વર્ણન માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૧૮ (પૃ. ૯૯૩-૯૯૮).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" વાત એમ છે કે છતાં ગુણનો ઘાત કરવા માટે ક્રોધ વિગેરે પણ
" પૂરતા છે, પૂરતી તાકાતવાળા છે, પણ એ મોહ અને પરિગ્રહની
" એ કાર્યમાં ખાસ વિશેષતા છે અને તેટલા માટે તેઓ માટે એ પ્ર-
" માણે કહેવામાં આવ્યું છે. એટલે કે મહામોહ વગર એ ક્રોધ
" વિગેરે કોઇ પણ કદિ હોતા જ નથી અને તે બન્ને તો સર્વને પ્રવર્તા-
" વનાર હુકમ કરનાર સેનાપતિ જેવા છે જ્યારે પેલા ક્રોધ વિગેરે તો
" પાયદળ જેવા છે, જમીનપર ચાલનાર લશ્કરીઓ જેવા છે. આ
" ખાસ હકીકતની સિદ્ધિને માટે આ પ્રાણીએ તેઓના દોષોનું
" દર્શન અનુક્રમે કરાવ્યું છે. એ બન્ને મહામોહ અને પરિગ્રહ સંસારી-
" જીવના સંબંધમાં સર્વ અનર્થને ઉત્પન્ન કરનાર છે. આ પ્રમાણે
" હકીકત હોવા છતાં અને ગુરૂમહારાજ એ સંબંધી ચેતવણીના સેંકડો
" વાક્યો વારંવાર કહે છે છતાં પણ પાપાત્મા પ્રાણી એ બન્નેનો
" ત્યાગ કરતા નથી, એને ફેંકી દેતા નથી, એનાથી દૂર થઇ જતા નથી.
" હવે આના સંબંધમાં તે શી વાત કરીએ? કેટલી વાત કરીએ?
" કોવિદાચાર્યે પેલી શ્રુતિને પણ ખરાબ તરીકે વર્ણવી છે છતાં તેમાં
" પણ મૂર્ખ માણસ વારંવાર રીઝાઇ જાય છે, તેના હાથમાં ફસી
" જાય છે અને તેનું રમકડું બની જાય છે."

આ પ્રમાણે પ્રજ્ઞાવિશાળા પોતાના ગાઢ વિચાર કરી રહી હતી તે વખતે ભવ્યપુરૂષે તેને પૂછ્યું—"કેમ માજી! શો વિચાર કરી રહ્યા છો?"

પ્રજ્ઞાવિશાળાએ જવાબ આપ્યો "ભાઇ! હાલ તું આ આખી વાર્તા સાંભળી લે. ત્યાર પછી હું પણ મારી તેને અંગે શી વિચારણા થઇ છે તે તને કહી સંભળાવીશ, જ્યાં સુધી આ વાત પૂરી ન થાય ત્યાં સુધી તું ઉતાવળ કર નહિ. એમની આત્મચેષ્ટાની વાર્તા લગભગ સમાપ્ત થવા આવી છે, માટે જ્યાં સુધી તે પૂરી ન કરે ત્યાં સુધી હાલ તું તેમાં જ ધ્યાન આપ."

રાજપુત્ર આ જવાબ સાંભળી ચૂપ રહ્યો એટલે વળી સંસારીજીવે પોતાની આત્મકથા આગળ કહેવા માંડી.

* * * *

* * *

## ભદ્રિલપુરમાં વિશદ.

બ્હેન અગૃહિતસંકેતા! ત્યાર પછી મારી પત્ની મને ભદ્રિલપુરે લઇ ગઇ. સ્ફટિકરાજ નામનો ત્યાં રાજા હતો અને વિમળા નામની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમની રાણી હતી તેનો પુત્ર વિશદ નામે હું થયો. રાજ્યવૈભવ ભોગવતાં હું મોટો થયો. નિર્દોષ આનંદ કરતાં ધીમે ધીમે હું તરૂણ અવસ્થાએ પહોંચ્યો. તે વખતે મને સુપ્રબુદ્ધમુનિનો યોગ થયો. એમના સહવાસથી હું જૈનશાસનનો બોધ પામ્યો. ત્યાં ત્યાર પછી મેં ફરી વાર સમ્યગ્દર્શન સેનાપતિ અને સદાગમને જોયા અને ગૃહિધર્મ રાજકુમાર સાથે મારે મિત્રતા થઇ. મેં ત્યાં વ્રત ( નિયમ ) પાળ્યાં, મારો આત્મા તત્ત્વશ્રદ્ધાનથી શુદ્ધ થયો અને એ સ્થિતિમાં હું લાંબો કાળ રહ્યો. માત્ર સૂક્ષ્મ પદાર્થોનું પ્રથક્કરણ કરી શકાય તેવું ઊંડું જ્ઞાન મને થયું નહિ, પણ એકંદરે એ અવસ્થામાં હું ધીમે ધીમે પ્રગત થતો ગયો. એને પરિણામે મારો નિર્દોષ પુણ્યોદય મિત્ર પ્રગટ થયો, મારી સાથે પ્રેમસંબંધ વધારતો ગયો અને મારો મેળાપ વધારે વધારે કરવા લાગ્યો.

* * *

* *

## ત્રીજે દેવલોકે.

એ મારા પુણ્યોદય મિત્રના પ્રતાપથી હું ત્રીજે દેવલોકે ગયો, તારા ધ્યાનમાં હશે કે એ વિબુધાલયનો એક વિભાગ છે. મને પસંદ આવે તેવા શબ્દ વિગેરે પાંચે ઇંદ્રિયોના ભોગનો ત્યાં મારે સંબંધ થયો. એ દેવલોકોમાં ઇંદ્રિયભોગો બહુ જ ભોગવવાના હોય છે. એવા આનંદમાં સાત સાગરોપમ જેટલો કાળ કાઢીને વળી હું માનવાવાસ પાડામાં આવ્યો, ત્યાંથી વળી વિબુધાલયમાં ગયો. એવી રીતે અનેક વાર મારૂં જવાઆવવાનું થયું.

ટુંકામાં કહું તો એ મારા ત્રણે મિત્રોની સાથે મેં બારે કલ્પો[1] અવાર નવાર જોયા. વળી વચ્ચે વચ્ચે કોઇ કોઇ વાર મારા તે મિત્રો મને છોડી પણ જતા હતા. આવી રીતે એકંદર સમ્યગ્દર્શન સદાગમ અને ગૃહિધર્મ સાથે મારો સંબંધ ધીમે ધીમે પણ મક્કમપણે વધતો ચાલ્યો. હવે ત્યાર પછી મારી સ્ત્રી ભવિતવ્યતાએ મને બારમા કલ્પમાંથી માનવાવાસમાં પ્રસ્થાન કરાવ્યું તેની હકીકત કહું છું.

* * *

* *

*

૧ દેવલોકો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપસંહાર.

[1]विमलमपि गुरूणां भाषितं भूरि भव्याः,
प्रबलकलिलहेतुर्यो महामोहराजः ॥
स्थगयति गुरुवीर्योऽनन्तसंसारकारी,
मनुजभवमवाप्तास्तस्य मा भूत वश्याः ॥

"જે મહામોહ મહારાજા મોટા ગોટાળાઓનો હેતુ છે "(એટલે જે અનેક જાતની ધુંચવણો ઊભી કરનાર છે), જે અનંત "સંસારને કરનાર છે (સંસાર જેનાથી અનંત કાળ સુધી વધી જાય "છે) અને જે મહાન્ શક્તિવાળો છે તે ગુરૂમહારાજ તદ્દન શુદ્ધ "ભાષણ કરે, વારંવાર વિવેચન કરીને સ્પષ્ટ કરે તેવી વાતને પણ "દબાવી દે છે, નિર્જીવ બનાવી દે છે, દૂર કરી નાખે છે. આવો "જબરજસ્ત એ મહામોહરાજા છે. માટે હે ભવ્ય પ્રાણીઓ! મનુજ "ગતિ પ્રાપ્ત કરીને એ મોહરાજાને વશ પડશો નહિ."

* * *

* *

[2]सकलदोषभवार्णवकारणं,
त्यजत लोभसखं च परिग्रहम् ।
इह परत्र च दुःखभराकरे,
सजत मा बत कर्णसुखे ध्वनौ ॥

[3]एतन्निवेदितमशेषवचोभिरत्र,
प्रस्तावने तदिदमात्मधिया विचिन्त्य ।
सत्यं हितं च यदि वो रुचितं कथंचि-
त्तूर्णं तदस्यकरणे घटनां कुरुध्वम् ॥

"પરિગ્રહ લોભનો સખા છે, સર્વ દોષોનું કારણ છે અને "સંસારસમુદ્રમાં પાડનાર છે, એનો ત્યાગ કરો. વળી આ ભવમાં "અને પર ભવમાં દુઃખના ભારથી ભરપૂર થયેલા ધ્વનિમાં—કાનના "માની લીધેલાં સુખોમાં આસક્તિ ન રાખો."

---

१ मालिनिवृत.
२ द्रुतविलंबित.
३ वसंततिलका.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"અનેક વચનોથી આ હકીકત ચાલુ પ્રસ્તાવમાં સ્પષ્ટ કરી છે. "તે બાબત આત્મિક દૃષ્ટિએ તમારે વિચારવી અને તેમાંની કોઇ "પણ વાત સાચી લાગતી હોય, હિત કરનારી જણાતી હોય અને "તેના ઉપર તમારી રૂચિ થતી હોય તો તે હિત કરનારી બાબતોને "અમલમાં મૂકવાની યોજના-ઘટના જલ્દી કરવી."

इत्युपमितिभवप्रपञ्चायां कथायां महामोहपरिग्रह
श्रवणेन्द्रियविपाकवर्णनो नाम सप्तमः प्रस्तावः

*  *  *
*  *

ઉપમિતિ ભવપ્રપંચા કથાનો
મહામોહ પરિગ્રહ શ્રવણેંદ્રિય વિપાકનું વર્ણન કરનાર
**સાતમો પ્રસ્તાવ સંપૂર્ણ.**



JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्
www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## આઠમો પ્રસ્તાવ.

---

### અવતરણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવ આઠમો. પાત્ર વિગેરેની સૂચિ.

| સ્થળાદિ. | મુખ્ય પાત્રો. | | સામાન્ય પાત્રો. | |
|---|---|---|---|---|
| સપ્રમોદ. (બહિરંગ) | મધુવારણ. | સપ્રમોદ નગરનો રાજા. | | |
| | સુમાલિની. | મધુવારણ રાજાની પટ્ટરાણી. | | |
| | ગુણધારણ. | સંસારીજીવ. મધુવારણ સુમાલિનીનો પુત્ર. | | |
| | કુલંધર. | ગુણધારણનો સનાતીય અને મિત્ર. | | |
| સાહ્લાદમંદિર. (વન) | | | | |
| ગંધસમૃદ્ધ. (વૈતાઢ્યપર નગર) | | | | |
| | કનકોદર. | ગંધસમૃદ્ધ નગરનો રાજા. | લવલિકા. | મદનમંજરીની સખી. નરસેન અને વસુંધિકાની દીકરી. |
| | કામલતા. | કનકોદર રાજાની રાણી. | | સ્વયંવરમાં આવેલા વિદ્યાધરો. |
| | મદનમંજરી. | કનકોદર કામલતાની પુત્રી. સંસારીજીવની-ગુણધારણની પત્ની. એ આગળ જતાં સુલલિતા અને તે જ અગૃહિતસંકેતા. | અમિતપ્રભ. | ગગનવલ્લભપુરના વિદ્યુદ્દંતનો વિદ્યાધરપુત્ર. |
| | | | ભાનુપ્રભ. | ગાંધર્વપુરના રાજા નામકેસરિનો વિદ્યાધરપુત્ર. |
| | | | રતિવિલાસ. | રથનૂપુરના રાજા રતિમિત્રનો વિદ્યાધરપુત્ર. |
| | | | ધવલિકા. | કામલતાની ખાસ દાસી. |
| | | | કાળનિવેદક. | સમય પોકારનાર. |
| | | | ચતુર. | કનકોદર વિદ્યાધરનો બાતમીદાર. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| (અંતરંગ) | પુણ્યોદય. | ગુણધારણનો અંતર મિત્ર. |
| | સદાગમ. | ગુણધારણનો અંતરંગ મિત્ર. |
| | સમ્યગ્દર્શન. | ,, ,, ,, |
| | સાતરાજેંદ્ર. | ,, ,, ,, અને વેદનીય પુત્ર. |
| | સુખાસિકા. | ગુણધારણની અંતરંગ સખી. |
| | કંદમુનિ. | છદ્મસ્થ વિદ્વાન્ સાધુ. મહાભદ્રા આગળ એ જ થનાર. પ્રજ્ઞાવિશાળા નામના પ્રસિદ્ધ પાત્રનો જીવ. |
| | નિર્મળાચાર્ય. | કેવળજ્ઞાની. ઉપદેશક. |

| | |
|---|---|
| ચારિત્રધર્મ. | ચિત્તવૃત્તિ અટવીના પરિચિત શુભ પાત્રો. (જુઓ પ્ર. ૪ ની સૂચિ.) |
| સદ્બોધમંત્રી. | |
| વિદ્યાકન્યા. | |
| ગૃહિધર્મ. | ચારિત્રરાજનો નાનો પુત્ર. |
| સદ્ગુણરક્તતા. | ગૃહિધર્મની ભાર્યા. |
| કલ્યાણ. | ગુણધારણનો દાસ. નિર્મળાચાર્ય-આગમનનિવેદક. |

## દશકન્યા પરિચય.

| | | |
|---|---|---|
| ચિત્તસૌંદર્ય. (અંતરંગ) | શુભપરિણામ. | ચિત્તસૌંદર્ય નગરનો રાજા. |
| | નિષ્પ્રકંપતા. | શુભપરિણામની રાણી. (૧) |
| | ચારૂતા. | શુભપરિણામની રાણી. (૨) |
| | ૧. ક્ષાંતિ. | શુભપરિણામ-નિષ્પ્રકંપતા પુત્રી. |
| | ૨. દયા. | શુભપરિણામ-ચારૂતા પુત્રી. |
| શુભ્રમાનસ. (અંતરંગ) | શુભાભિસન્ધિ. | શુભ્રમાનસ નગરનો રાજા. |
| | વરતા. | શુભાભિસન્ધિની રાણી. (૧) |
| | વર્યતા. | શુભાભિસન્ધિની રાણી. (૨) |
| | ૩. મૃદુતા. | શુભાભિસન્ધિ-વરતાની પુત્રી. |
| | ૪. સત્યતા. | શુભાભિસન્ધિ-વર્યતાની પુત્રી. |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| **વિશદમાનસ.** (અંતરંગ) | **શુદ્ધાભિસન્ધિ.** | વિશદમાનસ નગરનો રાજા. |
| | **શુદ્ધતા.** | શુદ્ધાભિસન્ધિની રાણી. (૧) |
| | **પાપભિરૂતા.** | શુદ્ધાભિસન્ધિની રાણી. (૨) |
| | **૫. ઋજુતા.** | શુદ્ધાભિસન્ધિ-શુદ્ધતાની પુત્રી. |
| | **૬. અચોરતા.** | શુદ્ધાભિસન્ધિ-પાપભિરૂતા પુત્રી. |
| **શુભચિત્તપુર.** (અંતરંગ) | **સદાશય.** | શુભચિત્તપુરનો રાજા. |
| | **વરેણ્યતા.** | સદાશયની રાણી. |
| | **૭. બ્રહ્મરતિ.** | સદાશય વરેણ્યતાની દીકરી. (૧) |
| | **૮. મુક્તતા.** | સદાશય વરેણ્યતાની દીકરી. (૨) |
| | **૯. વિદ્યા.** | સમ્યગ્દર્શનની પુત્રી. |
| | **૧૦. નિરીહતા.** | ચારિત્રરાજા-વિરતિદેવીની પુત્રી. |
| | **જનતારણ.** | ગુણધારણનો પુત્ર. દીક્ષાવસરે તેનો રાજ્યાભિષેક થાય છે તે. |
| **ગ્રૈવેયક.** ૧-૨-૩-૪-૫ | **ગ્રૈવેયક દેવ.** | સંસારીજીવ દેવ તરીકે. |

| | |
|---|---|
| **વિષયાભિલાષ મંત્રી.** **પાપોદય મિત્ર.** **જ્ઞાનસંવરણ.** | ચોથા પ્રસ્તાવના પરિચિત અંતરંગ અશુભ પાત્રો. |
| **ધર્મ.** **શુકલ.** | સદ્‌બોધે બતાવેલા બે અંતરંગ શ્વેત પુરૂષો. |
| **પીત. પદ્મ. શુકલા.** | સદ્‌બોધે બતાવેલ ત્રણ સુંદર નારીઓ (લેશ્યા.) પરિચારિકા. |

| | | | | |
|---|---|---|---|---|
| **સિંહપુર.** (બહિરંગ) | **ગંગાધર.** | મહેંદ્ર અને વીણાનો પુત્ર. (સંસારીજીવ) | **ઋદ્ધિગૌરવ.** | શૈલરાજનો માણસો. (અંતરંગ) |
| | **સુઘોષાચાર્ય.** | ગંગાધરના ઉપદેશક—ગુરૂ. | **રસગૌરવ.** | |
| **શંખનગર.** (બહિરંગ) | **મહાગિરિ.** | શંખનગરનો રાજા. | **શાતાગૌરવ.** | |
| | **ભદ્રા.** | મહાગિરિની ભાર્યા. | **આર્ત્તાશય.** | ગૌરવોના અનુયાયીઓ. (અંતરંગ) |
| | **સિંહ.** | સંસારીજીવ. મહાગિરિભદ્રાનો પુત્ર. | **રૌદ્રાભિસન્ધિ.** | |
| | **ધર્મબંધુ.** | સિંહના ગુરૂ. મુનિ. | **કૃષ્ણ. નીલ. કાપોત.** | પરિચારિકા. લેશ્યા. આર્ત્તાશય અને રૌદ્રાભિસન્ધિની સેવિકાઓ. |
| **પંચાક્ષપશુસંસ્થાન.** | | | **આયુષ્ય.** | એક અંતરંગ સ્વતંત્ર રાજા. |
| **વિબુધાલય.** | | | **અત્યંતઅબોધ.** | એકાક્ષનિવાસનો સુબો. } જુઓ પ્ર. ૨. |
| **માનવાવાસ.** | | | **તીવ્રમોહોદય.** | એકાક્ષનિવાસનો સેનાપતિ. } જુઓ પ્ર. ૨. |

## સર્વ સંમીલન.

| | | | | |
|---|---|---|---|---|
| **ક્ષેમપુરી.** સુકચ્છ વિજયની રાજધાની. | **સુગંધર.** | ક્ષેમપુરીનો રાજા. | **શ્રીચંકરી.** | દાસી. પુત્રજન્મની વધામણી આપનાર. |
| | **નલિની.** | સુગંધરની રાણી. | | |
| **શંખનગર.** | | | | |
| **ચિત્તરમ** ઉદ્યાન. **મનોનંદન** ચૈત્ય-ભુવન. | **અનુસુંદર.** | સંસારીજીવ. ચક્રવર્તી. ચોર. | **પુરંદર.** | અનુસુંદરનો પુત્ર અને તેના પછીનો ગાદીપતિ. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| **હરિપુર.** (બહિરંગ) | **ભીમરથ.** | હરીપુરનો રાજા. |
| | **સુભદ્રા.** | ભીમરથની રાણી. |
| | **સમન્તભદ્ર.** | ભીમરથ. સુભદ્રા પુત્ર. આચાર્ય. (સદાગમ). |
| | **મહાભદ્રા.** | ભીમરથ. સુભદ્રા પુત્રી. **પ્રજ્ઞાવિશાળા.** કંદમુનિનો જીવ. |
| **રત્નપુર.** (બહિ.) | **મગધસેન.** | રત્નપુરનો રાજા. |
| | **સુમંગળા.** | મગધસેનની રાણી. |
| | **સુલલિતા.** | મગધસેન સુમંગળાની પુત્રી. **અગૃહીતસંકેતા.** મદનમંજરીનો જીવ. |
| **સંખપુર.** (બહિ.) | **શ્રીગર્ભ.** | સંખપુરનો રાજા. અનુસુંદર (સંસારી-જીવ)નો મામો. |
| | **કમલિની.** | શ્રીગર્ભની રાણી. મહાભદ્રાની માસી. |
| | **પુંડરીક.** | શ્રીગર્ભ–કમલિની પુત્ર. **ભવ્યપુરૂષ.** **સુમતિ.** તેના ઉપદેશક માસીપુત્ર સમંતભદ્ર અને માસીપુત્રી મહાભદ્રા. **ઉપર** આચાર્ય સમંતભદ્રની પાટે. |

| | |
|---|---|
| **સુઘોષ.** | આચાર્ય. સમંતભદ્રના ગુરૂ. |
| **દીવાકર.** | ગંધપુરના રવિપ્રભ અને પદ્માવતીનો પુત્ર. મહાભદ્રાનો પતિ. |

## ચોરસંબંધી રચના.

| | |
|---|---|
| **અકુશલ.** | દ્રવ્ય. ચોરીની વસ્તુ. |
| **કર્મમલ.** | ભસ્મ. શરીરે વિલેપન. |
| **રાજસ.** | સોનાગેરૂના હાથા. |
| **તામસ.** | મસના ચાંડલા. |
| **રાગકલ્લોલ.** | કણેરની માળા. (ડોકે.) |
| **કુવિકલ્પસંતતિ.** | શરાવળાની માળા. (પેટે). |
| **પાપાતિરેક.** | ખોપરી. ઠીબ. (માથે). |
| **અકુશલ.** | ચોરેલ ધન. (ગળે). |
| **અસદાચાર.** | ગધેડો (બેસવા માટે). |
| **દુષ્ટાશય.** | ચારે તરફ રાજપુરૂષો. |
| **વિવેકી લોક.** | નિંદા કરનારા. |
| **કષાય.** | તોફાની છોકરા. |

| | | | |
|---|---|---|---|
| **સંસારીજીવ.** | અનુસુંદર ચક્રવર્તી. કથાનાયક. | **સંભોગ.** | શબ્દાદિ વિષય. નગારા. |
| **અવધિ.** | સદ્બોધ મિત્ર. | **બહિર્લોકવિલાસ.** | દુર્જનોનું અટ્ટહાસ્ય. |

| | | | |
|---|---|---|---|
| **અમૃતસાર.** | ગાંધારરાજ પદ્મિની પુત્ર. સંસારીજીવનો પ્રગત આત્મા. વિપુલાશયાચાર્ય પાસે બોધ પામી મોક્ષગામી. | **ધનેશ્વર.** | પુંડરીકની પાટે આચાર્ય. |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ૐ परमात्मने नमः

# શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## આઠમો પ્રસ્તાવ.

### અવતરણ.

પૂર્વસૂચિત મિલક.

## પ્રકરણ ૧ લું.

### ગુણધારણ કુમાર.

जैन साईट JAINSITE

આ નવાવાસમાં એક સપ્રમોદ નામનું નગર હતું, અનેક ન કલ્પી શકાય તેવા ઉત્તમ ગુણોથી વિભૂષિત હતું અને નિરંતર ચાલતા ઉત્સવોયુક્ત હતું. એ નગરનો પુરૂષવર્ગ [1]દાનજળથી અને પોતાના સુંદર ગમનથી ઐરાવણ હાથીની[2] ગતિનો ભ્રમ કરાવનાર હોઇ ઇંદ્રની જેવો બહુ શોભતો હતો. એ નગરનો સ્રીવર્ગ રૂપ લાવણ્ય અને વસ્રાભૂષણમાં દેવીઓ જેવો જ હતો, માત્ર તેઓની આંખોમાં[3] પલકારા થતા હતા તેથી જ તે દેવીઓથી જૂદો પડી જતો હતો, અન્યથા તો જાણે તે દેવીઓનો જ વર્ગ હોય તેવો જણાતો હતો. એ નગરમાં

સપ્રમોદ નગર.

---

૧ **દાનજળઃ** ઇંદ્ર વરસાદ મોકલી આનંદ કરાવે છે, તે પ્રમાણે સપ્રમોદ નગરના લોકો દાનરૂપ જળથી સર્વને આનંદ કરાવે છે.

૨ **ઐરાવણગતિઃ** ઇંદ્ર જ્યારે બહાર ફરવા નીકળે ત્યારે ઐરાવણ હાથી પર બેસે છે. સપ્રમોદ નગરના લોકો ચાલે ત્યારે હાથી જેવા લાગે છે. શરીરે મજબૂત અને ગતિમાં હાથી જેવા હોવાથી જાણે ઐરાવણ પર ચઢેલ ઇંદ્ર ચાલતો હોય તેવા દેખાય છે.

૩ **પલકારાઃ** મનુષ્યની આંખો પલકારા માર્યા કરે છે, ઉઘડે છે અને બંધ થાય છે; દેવોની આંખો પલકારા વગરની હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુરૂપ હાથીઓનાં ગંડસ્થળોને તોડી નાખનાર અને ખરેખરા પુરૂષાર્થની ખ્યાતિવાળો એક મધુવારણ નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજા પોતાના (રાજ્યના) પૈસા સર્વના છે (સર્વસાધારણ છે) એમ માનીને સર્વના ઉપયોગમાં આવે તેવી રીતે ખરચતો હતો, લોકોપયોગી કાર્યમાં તેનો વ્યય કરતો હતો. એનામાં આત્મવિશ્વાસ એટલો બધો હતો કે એની સ્ત્રી અત્યંત સ્વરૂપવાળી હતી છતાં પણ એણે જનાનખાનામાં રખવાળો રાખ્યા ન હોતા, એને રખવાળો રાખવાની જરૂર જ લાગી ન હોતી. એને રૂપ અને લાવણ્યથી ભરપૂર કમળાક્ષી **સુમાલિની** નામની ઘણા ઉત્તમ કુળમાં જન્મેલી અનેક ઉત્તમ ગુણવિભૂષિત મહારાણી હતી. એણે એક ઘણી આશ્ચર્ય ઉપજાવે તેવી વાત કરી હતીઃ એણે રાજાને પોતાના હૃદયમાં રાખ્યો હતો છતાં પોતે રાજાના હૃદયમાં રહી શકી હતી[1]. તે અનેક સુગુણોથી વિભૂષિત હતી.

## ગુણધારણ જન્મ.

પુણ્યોદયની સાથે મારી સ્ત્રી ભવિતવ્યતાની પ્રેરણાથી હું એ નિપુણ ધર્મચારિણી મહાદેવી સુમાલિનીની કુક્ષિમાં પુત્રપણે દાખલ થયો. યોગ્ય સમય પૂરો થતાં હું બહાર આવ્યો, મારૂં શરીર સર્વ અવયવે સુંદર હતું. મારી સાથે મારો પુણ્યોદય મિત્ર પણ બહાર આવ્યો. મારો જન્મ થતાં જ ચારે તરફ આનંદરસ જામી ગયો, ચારે તરફ નાદ થવા લાગ્યા, સંગીતના જલસાઓ થવા લાગ્યા અને રાજા મધુવારણનું આખું રાજ્યમંદિર હર્ષથી ઉભરાઇ જવા લાગ્યું. તે વખતે જે આનંદ થયો તેનું વર્ણન કરવું અશક્ય છે. તે વખતે જે વધામણીઓ દેવામાં આવી તેનો વિસ્તાર અવર્ણ્ય છે. મારા પિતા મધુવારણને ઘણો આનંદ થયો, સુંદર રાસો[2] અને નાચો તેમજ વિલાસો ઉભરાવા લાગ્યા, અનેક વાજિંત્રો વાગવા માંડ્યાં, લોકોને ઉજાણીઓ આપવામાં આવી, ખાવાનું પુષ્કળ વહેંચવામાં આવ્યું, ગાયનોનો તો કોઇ જગ્યાએ જરા પણ હિસાબ જ રહ્યો નહિ, લહેરી લાલાઓ દારૂના કેફમાં મસ્ત થઇ આમતેમ ભમવા લાગ્યા, સુંદર વનિતા (સ્ત્રી)-ઓ સાથે વામનો નાચવા લાગ્યા, કુબડાઓ અને મશ્કરાઓ હાસ્ય વિનોદ કરવા લાગ્યા, જેને જે જે વસ્તુની ઇચ્છા થતી તે સર્વ પૂરી

---

૧ આ અરસપરસ પ્રેમસૂચક વાક્ય છે. દેખીતો **વિરોધ** વિચાર કરવાથી **શમી જાય તેમ છે.**

**૨ રાસઃ ધ્વનિ, કોળાહળ.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાડવામાં આવી. એવી રીતે લોકોને ચમત્કાર ઉત્પન્ન કરે એવો મારો જન્મમહોત્સવ થઇ રહ્યો, સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો, વધામણીના શબ્દો ચોતરફ ગાજી રહ્યા.

ત્યાર પછી યોગ્ય સમયે અત્યંત આનંદપૂર્વક મારા પિતાએ મારૂં ગુણધારણ નામ પાડ્યું. પાંચ ધાવો[1] મને ઉછેરવા લાગી. તેમના હાથમાં સ્વર્ગમાં જેમ દેવ વૃદ્ધિ પામે તેમ સુખસાગરની વચ્ચે રહી હું ઉછરવા લાગ્યો, મોટો થવા લાગ્યો, અનેક પ્રકારનાં સુખોનો અનુભવ કરવા લાગ્યો.

## ગુણધારણ કુલંધર મૈત્રી.

મારા પિતાનો સગોત્રીય અને ભાયાત એક વિશાલાક્ષ નામનો રાજા હતો, મારા પિતાશ્રીને અને તેને અત્યંત ગાઢ મૈત્રી હતી, બન્ને એક બીજાના જીવજાન મિત્ર હતા. એ વિશાલાક્ષ રાજાને કુલંધર નામનો પુત્ર હતો. મારા પિતાનો કુલંધર કુમાર ઉપર ઘણો સ્નેહ હતો અને તેને લઇને તે અમારા સપ્રમોદ નગરમાં રહેતો હતો. એ કુલંધરને અને મારે ઘણો સ્નેહ થતો ગયો, ધીમે ધીમે દોસ્તી વધતી ચાલી અને આખરે અમે બન્ને ઘણા ગાઢ મિત્ર થયા. એ કુલંધર બહુ વિશુદ્ધ હૃદયવાળો હતો, સુંદર રૂપવાળો હતો, ભાગ્યશાળી હતો, પ્રવીણ હતો, સર્વ ગુણોથી સંપન્ન હતો અને ખરેખર કુલંધર[2] નામને દીપાવનાર હતો. એ શુદ્ધ બુદ્ધિવાળા સદ્ગુણી મિત્રની સાથે હું વધવા ઉછરવા લાગ્યો અને અમે બંને સદ્‌ભાવપૂર્વક પરસ્પર અતિ સ્નેહાળ થયા.

ત્યાર પછી અમે કળાનો એકસરખો અભ્યાસ સાથે રહીને કર્યો, સાથે ક્રીડાઓ કરી, નિર્દોષ રમતો સાથે રમ્યા અને આખરે કામદેવના મંદિરસ્વરૂપ યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા.

## આહ્લાદમંદિરમાં તારામૈત્રક.

અમારા સપ્રમોદ નગરથી થોડે દૂર એક અતિ સુંદર મેરૂપર્વતના નંદનવનસમાન આહ્લાદમંદિર નામનો બગિચો હતો. અમને બન્નેને એ બગિચો બહુ પસંદ આવી ગયો હતો, એને જોતાં અમારી આંખોમાં

૧ પાંચ ધાવોઃ (૧) દૂધ ધવરાવનાર તે ક્ષીરધાત્રી. (૨) કપડાં પહેરાવનાર તે મંડનધાત્રી. (૩) નવરાવનાર તે મજ્જનધાત્રી. (૪) રમાડનાર તે ક્રીડનધાત્રી. (૫) ખોળામાં બેસાડનાર તે ઉત્સંગધાત્રી.

૨ કુલંધરનો અસલ અર્થ વંશ ધારક, કૂળને વધારનાર-દીપાવનાર થાય છે. ઉમદા વિચારવાળા સુભગ પુણ્યવાન્ ગુણસંપન્નો કૂળને ધારણ કરી રાખે છે, દીપાવે છે-તેમાં નવાઇ જેવું જરા પણ નથી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાંતિ વળી જતી હતી, અમારા ચિત્તમાં ચમત્કાર થતો હતો અને તેથી લગભગ દરરોજ અમે ત્યાં જતા હતા.

એક દિવસ સવારે અમે એ બગિચામાં ગયા તે વખતે અમારાથી દૂર અમે બે સ્ત્રીઓને જોઇ. એ બેમાંની એક સ્ત્રી તો પોતાના રૂપ લાવણ્ય અને વિલાસથી જાણે કામદેવની સ્ત્રી રતિની હાંસી જ કરી રહી હતી. બીજી સ્ત્રી તેની સાથે હતી તે એવી સુંદર દેખાતી ન હોતી. એ બન્નેમાંની પહેલી સ્ત્રીએ પોતાની ભ્રમરની લતા રૂપ ધનુષ્યમાંથી દૃષ્ટિબાણો મારા તરફ ફેંક્યાં, અને દૃષ્ટિપથમાં આવતાં તે બાણોવડે મને આબાદ વીંધી નાખ્યો. ત્યાર પછી એક આંબાના ઝાડે લટકીને લીલામાં તેણે પોતાનાં સ્તનો ઉછાળ્યાં અને હીંચકા ખાવાનો વિલાસ કરતાં મારા મનને હરી લીધું. એનું સ્વરૂપ મેં બાહ્ય ચિહ્નોપરથી તે વખતે જરા જોઇ લીધું, એનું મન પણ ચકિત થઇ ગયું હોય, વિસ્મય પામી ગયું હોય, બ્હેહાળ થઇ ગયું હોય, વિચારમાં પડી ગયું હોય, અતિ લજ્જા પામી ગયું હોય એમ મને લાગ્યું. મનને અને આંખોને આનંદ આપનાર એ સુંદર લલનાને એવી સુંદર જોતાં અને કુદરતી રીતે સદ્ભાવને અર્પણ કરાવી દે એવા તેના હાવભાવ જોતાં મારૂં ચિત્ત ઘણું આનંદમાં આવી ગયું. તે વખતે મારા મનમાં એક ક્ષણવાર વિચાર આવી ગયો કે આ તે શું કામદેવની સ્ત્રી રતિ હશે! અથવા તો શું સાક્ષાત્ ઇંદ્રાણી હશે! અથવા તો શું વિષ્ણુ હૃદયસ્થા લક્ષ્મી શરીર ધારણ કરીને સાક્ષાત્ અહીં આવેલ હશે!! આવી રીતે વિચાર કરતો હતો તે વખતે [1]કામદેવનાં શરો વડે જરા હું વીંધાયો અને તેની અસર તળે જરા વિકારને વશ થયો ત્યાં તો સુંદરિ! મારો સુજ્ઞ મિત્ર કુલંધર જે મારી બાજુમાં ઊભો હતો તેણે આશયપૂર્વક મારી સામે જોયું, તે કાંઇક મારૂં મન સમજી ગયો હોય એમ મને લાગ્યું અને મેં પણ તેજ વખતે મારો આકાર ગોપવી દીધો અને હું વાત ઉડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. વળી મને તે વખતે વિચાર થયો કે વિવેકી માણસોએ પરસ્ત્રી સામે નજર પણ કરવી ન જોઇએ અને પરસ્ત્રી સામે સકામ નજરે જોવું એ તો આબરૂદાર માણસોને ખરેખર શરમાવા જેવું છે. અરરરર! અત્યારે નિર્મળ ચિત્તવાળા મારા મિત્ર કુલ-

(હાંસિયામાં: સૌંદર્યનું ખેંચાણ — કામવિકાર અને લજ્જા.)

---

૧ અશરીરીનાં શરો—કામદેવનાં બાણો. કામદેવને કથાઓમાં શરીર વગરનો કહ્યો છે. એનાં બાણો ફૂલ જેવાં હોય છે. જુઓ મકરધ્વજ વર્ણન પ્રસ્તાવ ૪ પ્ર. ૧૪ મું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઘરે પેલી પારકી સ્ત્રી પર નજર નાખતાં મને જોયો હશે તો એ અવસરે મારે માટે શું ધાર્યું હશે!! [1]પછી અત્યંત લજ્જાપૂર્વક તે ન જુએ તેમ તેનું (કુલંધરનું) મુખ હું વારંવાર જોવા લાગ્યો અને તેના પર કેવી અસર થઇ છે તે તપાસવા લાગ્યો. મારો મિત્ર ઘણો કાબેલ હતો, અંદરનો આશય તુરત સમજી જાય તેવો હતો અને કળામાં અત્યંત કુશળ હતો તેથી એણે પણ વાત ફેરવી અને તીવ્ર મધુર ધ્વનિપૂર્વક મને કહ્યું "કુમાર! આપણે ઘણી વાર ક્રીડા કરી, બપોર થઇ ગયેલ છે, હવે અહીં વધારે શામાટે રહેવું જોઇએ? ચાલો, આપણે હવે ઘેર જઇએ." એટલે મેં પણ તુરત જવાબ આપ્યો "હા ભાઇ! તને ગમે તે કરીએ, ચાલો." પછી અમે બન્ને ત્યાંથી તે જ વખતે ઘરે ગયા અને દિવસનાં બાકીનાં અમારાં કર્તવ્યો કર્યાં.

સમજુ મિત્રની અવસરોચિતતા.

### રાત્રીએ ગુણધારણની દશા.

રાત્રે મારા પલંગમાં હું એકલો પડ્યો એટલે પાછી પેલી મૃગનયની પ્રમદા મારી પાસે (કલ્પનામાં) આવી. જો પવિત્ર પુણ્યોદય મિત્ર મારો સહાયક રહ્યો ન હોત અને મારી એ અવસ્થામાં મને ખરેખરી મદદ કરી ન હોત તો એ પ્રમદા તો મારા ચિત્ત ઉપર વારંવાર લાગીને એક મોટા શલ્ય જેવી થઇ પડીને પછી મારા શા હાલ કરત તે કાંઇ કહી શકાય નહિ. એ સ્ત્રી તો મારા હૃદય ઉપર ઘા મારવા લાગી, પરંતુ મારી મદદમાં મારો પુણ્યોદય મિત્ર બરાબર હાજર રહ્યો તેથી તે બહુ પીડા કરનારી થઇ શકી નહિ. **નિર્દોષ પુણ્યોદય મિત્ર સાંસારિક પદાર્થો ઉપર પ્રાણીઓનાં મનને દૃઢ બંધન વગરનું બનાવી દે છે**[2] એટલું છતાં પણ એ પ્રમદાને સંભા-

જૈન સાઇટ JAINSITE.com જયમ્ જયતિ શાસનમ્

---

૧ **ગુણધારણ**—સંસારજીવની કેટલી પ્રગતિ થઇ ગઇ છે એ વિચારવા જેવું છે. અનેક દોષોનો મંદિર એ જીવ અત્યારે પરસ્ત્રી સામે નજર કરતાં મિત્ર જુએ તે જ્ઞાનથી પણ લજવાય છે એ તેની ઘણી યોગપ્રગતિ બતાવે છે. હજુ બાહ્ય દૃષ્ટિ ચાલુ છે તેનું પણ અત્ર સૂચવન થાય છે. મિત્ર જુએ તે ખોટું એટલો તેનો ખ્યાલ છે, પણ આત્મગુણદૃષ્ટિ હજુ જોઇએ તેટલી તેનામાં ખીલી નથી. મિત્ર ન હોય તો હજુ પરસ્ત્રીને એ એકલો એકલો વગર લજ્જાએ ધારી ધારીને જુએ. પ્રગતિનાં પગથિયાં વિચારવા યોગ્ય છે.

૨ પુણ્યોદય જ્યારે નિર્દોષ હોય ત્યારે સાંસારિક પદાર્થો સાથે તાદાત્મ્ય ભાવ કરાવતો નથી, પ્રેમ થાય પણ તે વગર ન જ ચાલે એવું મન થતું નથી. **ગુણધારણ**ને સ્થાને બીજો હોત તો તેને તે રાત્રે ઉંઘ આવત નહિ. આ પુણ્યાનુબંધી (નિર્દોષ) પુણ્ય સમજવું. બીજા સદોષ પાપાનુબંધી પુણ્યમાં વસ્તુ તો મળે છે, પણ મેળવતાં પહેલાં બહુ ઉપાધિ થાય છે.

રીને મને સહજ ચિંતા તો થઇ અને વિચાર થયો કે એ કમલાક્ષી કોણ હશે? કોની સ્ત્રી હશે? એવા વિચારમાં મને નિદ્રા આવી થઇ અને પ્રભાત થયું.

**પ્રભાતે ફરીવાર ઉદ્યાન તરફ.**
**મિત્રો વચ્ચે મશ્કરી અને વાતચીત.**
**કામલતા અને દાસી સાથે મેળાપ.**

સવાર થતાં મારી પાસે કુલંધર આવ્યો. મને વળી પાછી એ પ્રમદાના દર્શનની અભિલાષા થઇ આવી એટલે મારી અને કુલંધરની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

ગુણધારણ—"કેમ ભાઇ! આજે વળી ફરીવાર આપણે આ-હ્લાદમંદિર બગિચામાં જશું?"

કુલંધર (કાંઇક હસીને)—"કેમ ભાઇ! શું તારી કુચી (ચાવી) ત્યાં કાલે ભૂલી ગયો છે? શા માટે આજ ફરીવાર જવું છે?"

હું સમજી ગયો કે કુલંધર મારા મનનો ભાવ બરાબર જાણી ગયો છે, મેં વિચાર કર્યો કે હવે વાત છૂપાવવામાં સાર નથી એટલે મેં જવાબ આપ્યો:—

ગુણધારણ—"ભાઇ! હવે મશ્કરી છોડી દે. ચાલ, આપણે બગિચે જઇએ અને તે કોણ છે? કોની સ્ત્રી કે પુત્રી છે? એની તપાસ કરીએ. તું બરાબર પરીક્ષા કર કે એ યોગ્ય કન્યા છે કે કેમ છે? તારે એવો સંકલ્પ કે વિચાર પણ ન કરવો કે એ ગમે તે હશે તો પણ એને હું ગ્રહણ કરી લઇશ, મારી બનાવીશ. એમ નથી. જો એ પારકી સ્ત્રી હશે તો એનો ખ્યાલ પણ નહિ કરું, પણ જો એ કુમારી હશે તો પછી ઇંદ્ર મારી પાછળ પડશે તો પણ એને છોડીશ નહિ."

કુલંધર—"ભાઇ! જરા ઉતાવળ ન કર. ચાલ આપણે ઉદ્યાનમાં જઇએ. પછી તને જે ગમશે તે કરશું."

પછી અમે બન્ને બગિચે ગયા અને આજુબાજુ જોવા લાગ્યા. આગલે દિવસે જે ઠેકાણે એ બન્ને સ્ત્રીઓને અમે જોઇ હતી તે જગ્યા બરાબર જોવા લાગ્યા. ચારે તરફ ધારી ધારીને જોતાં એ મૃગનયની લલનાને અમે ત્યાં જોઇ નહિ. એને મળવાની-મેળવવાની તીવ્ર ઇચ્છાથી મારા મનમાં સહજ ઉદ્વેગ પણ થયો અને મનમાં થોડી થોડી પીડા પણ થવા લાગી. પછી તો અમે આખા વનમાં ફર્યા, ચોતરફ તપાસ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

કરી, સર્વત્ર શોધ ચલાવી અને તે આંબાના વૃક્ષને વારંવાર જોયું. આખરે થાકીને અમે બન્ને તે વૃક્ષની નીચે જમીનપર બેસી ગયા. તે વખતે અમે અમારી પછવાડે પાંદડાંઓમાં કોઇના ચાલવાનો ખડ ખડ અવાજ સાંભળ્યો, એ અવાજ સાંભળતાં જ મારી ડોક તે તરફ એકદમ વળી, તે વખતે એક અત્યંત સુંદર સ્ત્રીને મેં જોઇ, તેનું શરીર સારા આકર્ષક બાંધાવાળું જણાતું હતું અને તેની ઉમર મધ્યમ લાગતી હતી. તેની સાથે એક બીજી સાધારણ સ્ત્રી જોવામાં આવી. ગઇ કાલે જે બે સ્ત્રીઓને મેં જોઇ હતી તેમાંની એક-સુંદરી સાથેની રૂપાળી નહિ એવી બીજી સ્ત્રી હતી તે તે જ હતી.[1]

તે બન્ને સ્ત્રીઓ અમારી તરફ આવતી હોય તેમ જણાયું, હું અને કુલંધર ઊભા થયા અને અમારી ગરદન તેમના તરફ નમાવી. એ બેમાંની પેલી સુંદર શરીરવાળી મધ્યમ વયની સુંદરી મારી સામે જોઇ રહી અને મને જોતાં જોતાં એની આંખોમાં આનંદનાં આંસું આવી ગયાં. પછી તે મને ઉદ્દેશીને બોલી "વત્સ! મારા આયુષ્ય વડે પણ તું બહુ વધારે જીવ!" કુલંધર તરફ ફરીને બોલી "પુત્ર! તું લાંબા આયુષ્યવાળો થા!" વળી તે કુલંધર તરફ જોઇ બોલવા લાગી "તમને બન્નેને મારે એક ખાસ જરૂરી વાર્તા કહેવાની છે તેથી ભાઇ! તું રાજપુત્રને નીચે બેસાડ."

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કુલંધરે જવાબ આપ્યો. "જેવી માતાજીની આજ્ઞા!" પછી એણે પોતાના હાથે જમીનનું તળિયું સાફ કરી નાંખ્યું, જમીનપર પડેલાં પાદડાં અને તરખલાં દૂર કરી દીધાં એટલે અમે સર્વ શુદ્ધ સ્થળ પર બેઠા. પછી મને ઉદ્દેશીને એ પ્રૌઢ સુંદરી પોતાની કથા કહેવા લાગી. તેણે કહેલી રસમય કથા આનંદ આપે તેવી છે તે આપણે આવતા પ્રકરણમાં વાંચશું.

૧ જુઓ ઉપર પૃ. ૧૮૫૭. પંક્તિ. ૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨ જું.

## [1]મદનમંજરી.

### વિદ્યાધરી કથિતા વાર્તા.

વિદ્યાધરોને રહેવાનું સ્થાન વૈતાઢ્ય નામનો મોટો પર્વત છે. એ પર્વત ઉપર ગંધસમૃદ્ધ નામનું નગર છે. એ નગરનો સ્વામી અને સર્વ વિદ્યાધરોનો ચક્રવર્તી કનકોદર નામે રાજા છે. તેની હું કામલતા નામની મહાદેવી છું. રાજાને એક પણ પુત્ર થયો નહિ. દિવસો ઉપર દિવસો અને માસો તથા વર્ષો ચાલ્યાં ગયાં પણ પુત્રનું દર્શન થયું નહિ. {(કામલતા દેવી) મને (ગુણધારણને) ઉદ્દેશીને કહેવા લાગી કે} વંધ્યપણાથી રાજા દીલગીર થતો હતો તેમ મને પણ શોક થયા કરતો હતો; તેથી પુત્રપ્રાપ્તિ માટે મેં અનેક ઔષધો ખાધાં, ગ્રહશાંતિ કરાવવામાં આવી, સેંકડો માનતાઓ રાખવામાં આવી, નિમિત્તીઆઓને બોલાવીને ભવિષ્ય પૂછયું, મંત્રવાદીઓ પાસે જઇ તેમને જાપ કરવા વિજ્ઞપ્તિ કરી, મંત્રનાં જંત્રો કરી તેને હાથે બાંધ્યાં, અનેક જડી ને મૂળીઆં પીધાં, અનેક કૌતુકો[2] કર્યાં, અવશ્રુતિઓ નીકાળી,[3] હોરાતંત્રો[4] શોધવામાં આવ્યાં, પ્રશ્ન[5] પૂછવામાં આવ્યા, સુંદર સ્વપ્નોનો અર્થ[6] પૂછવામાં આવ્યો, યોગિણીઓની પ્રાર્થના કરવામાં

---

૧ વિદ્યાધરી **કામલતાએ** કહેવા માંડેલી આ વાર્તા આખા પ્રકરણમાં ચાલે છે.

૨ **કૌતુકઃ** દૃષ્ટિદોષાદિકની રક્ષા માટે કરવામાં આવતાં મષીતિલક, રક્ષા બંધનાદિક પ્રયોગ.

૩ **અવશ્રુતિઃ** આનો અર્થ મને સમજાયો નથી.

૪ **હોરાતંત્રઃ** જાતક. એક જાતનું માદળિયું.

૫ **પ્રશ્નઃ** ભવિષ્ય જાણવા માટે નિમિત્તીઆને પ્રશ્ન કરે છે. તે વખતે કોઇ વસ્તુનું નામ લે છે. ગણતરી કરી નિમિત્તીઓ જવાબ આપે છે.

૬ **સ્વપ્નવિચારઃ** અષ્ટાંગ નિમિત્તનો આ એક ભેદ છે. સ્વપ્નથી ફળાદેશ પ્રાપ્ત છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી અને ટુંકામાં કોઇએ આવીને સંતતિ થવાના જે કાંઇ પણ ઉપાય બતાવ્યા તે સર્વ કરવામાં આવ્યા. ત્યાર પછી કેટલોક કાળ ગયા પછી મારી મધ્ય અવસ્થા થતાં-ગદ્ધાપચીશી (યુવાવસ્થા) પૂર્ણ થતાં મને ગર્ભ રહ્યો. રાજા બહુ રાજી થયા.

પુત્રીજન્મ.

યોગ્ય કાળે મને પુત્રીનો પ્રસવ થયો, એના શરીરની કાંતિ એવી સુંદર હતી કે તેના તેજથી દિશાસમૂહને તે ઝળકાવી રહી હતી. રાજાને તે વાતની ખબર આપવામાં આવી. રાજાને આનંદ થયો. એણે ઘણી વધાઇઓ પણ આપી. સારે દિવસે સગાસંબંધીઓને બોલાવી તેનું **મદનમંજરી** નામ રાખવામાં આવ્યું.

યૌવન અને વર પ્રાપ્તિની ચિંતા.

મદનમંજરી સુખમાં ઉછરવા લાગી અને સર્વને અત્યંત વહાલી થઇ પડી. મહારાજા કનકોદરને એક નરસેન નામના લશ્કરી સાથે ઘણો પ્રેમ હતો, તેને વેલડીની જેવી એક અત્યંત સુંદર દીકરી હતી. એ છોકરીનું નામ લવલિકા હતું. તેને અને **મદનમંજરીને** બહુ પ્રેમ હતો. બન્ને એક બીજાની પ્રિય સખી થઇ ગઇ. મદનમંજરીએ સર્વ કળાઓનો અભ્યાસ કર્યો તેની સાથે એની બહેનપણી લવલિકા પણ સર્વ કળાઓ શીખી. અનુક્રમે મદનમંજરી યુવાવસ્થાએ પહોંચી. રૂપમાં તે ઘણી સુંદર હોવાથી અને અભ્યાસ ઘણો સારો કરેલો હોવાથી પોતાને યોગ્ય કોઇ પતિ પોતાને મળનાર નથી એવા ખ્યાલથી આખરે તે પુરૂષદ્વેષિણી થઇ; કોઇ પુરૂષ રૂપ ગુણમાં તેના ધ્યાનમાં આવે નહિ, પોતાને યોગ્ય જણાય નહિ અને પોતાને લાયક કોઇ હોવો સંભવિત જ નથી એવો લગભગ તેના મનમાં નિર્ણય થઇ ગયો. પુરૂષો તરફ તેના આવા વિચારો થઇ ગયા છે એમ લવલિકા મારફતે જ્યારે મારા જાણવામાં આવ્યું ત્યારે મને ઘણો ખેદ થયો. મેં એ હકીકત મહારાજા કનકોદરને જણાવી. એમના જાણવામાં એ વાત આવતાં

પુરૂષદ્વેષ; સ્વયંવર.

તેઓશ્રીને પણ ચિંતા થઇ અને વિચાર થયો કે આ (કન્યા)નું હવે શું થશે! વિચાર કરતાં કરતાં રાજાને એક વાતે ઘાટ બેઠો. એમણે પોતાના મનમાં નિર્ણય કરીને સ્વયંવરમંડપની રચના આદરી અને જેટલા વિદ્યાધર રાજાઓ અને રાજવારસો હતા તે સર્વને આમંત્રણ કરીને સ્વયંવરમાં બોલાવ્યા. રાજાઓ પણ એક પછી એક તાકીદે આવવા લાગ્યા. એ સર્વે રાજાઓને યોગ્ય માન સન્માન આપવામાં આવ્યાં. પછી એક મોટો મંચ ગોઠવવામાં આવ્યો. એ માચડા ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૂદે જૂદે યોગ્ય સ્થાનકે સર્વ વિદ્યાધર રાજાઓ ગોઠવાઇને બેઠા. સ્વયંવરમંડપની બરાબર વચ્ચે પોતાના આખા પરિવારને લઇને રાજા કનકોદર બેઠા. મેં દીકરી મદનમંજરીને સુંદર વસ્ત્રો પહેરાવ્યાં, સારાં આભૂષણો ધારણ કરાવ્યાં, પગે અળતો ને શરીરે ચંદનાદિ સુગંધી દ્રવ્યોની રચના કરી, સુગંધી માળાઓ પહેરાવી અને એવી રીતે શણગારીને તેની સખી લવલિકાને સાથે લઇને અમે સર્વ સ્વયંવર મંડપમાં દાખલ થયા. એ અવસરે દેવાંગનાઓના શરીરસૌંદર્યની પણ હાંસી કરે એવું મદનમંજરીનું લાવણ્ય જોઇને વિદ્યાધર રાજાઓ પ્રબળ ચિત્તતરંગોમાં ઝૂકી રહેલ હતા છતાં પણ મદનમંજરી ઉપર નિશ્ચળ દૃષ્ટિ રાખી જાણે ચિતરકામમાં ચિતરેલા જ હોય તેવા સ્તબ્ધ બની ગયા. મેં દરેક વિદ્યાધર રાજાઓનો પરિચય કરાવવા માંડ્યો, દરેક રાજાનું મેં વર્ણન કરી બતાવ્યું: એનાં દરેકનાં નામો બતાવ્યાં, એનાં ગોત્રો સૂચવ્યાં, એ પ્રત્યેકનો વૈભવ કેટલો છે તે જણાવ્યું, એમનાં નિવાસસ્થાન કેવાં અને ક્યાં છે તે જણાવ્યાં, એ દરેક રાજાનું રૂપ કેવું છે તે જણાવ્યું, એ પ્રત્યેકના ગુણો ગણાવી દીધા અને દરેકનાં ચિહ્નો[1] શાં છે તે બતાવી આપ્યું. એક એક રાજાને લેતી ગઇ અને તેની સર્વ હકીકત જણાવતી ગઇ. તે આ રીતે:-

**વિદ્યાધર પરિચય.**

દીકરી મદનમંજરિ! જો, આ વિદ્યુદંત રાજાનો પુત્ર **અમિતપ્રભ** નામનો વિદ્યાધર રાજા છે, ગગનવલ્લભ નગરનો સ્વામી છે, ઘણી મોટી ઋદ્ધિવાળો છે, દેવતાના જેવો સ્વરૂપવાન્ છે, સર્વ કળાઓમાં એણે ઘણી પ્રવિણતા મેળવી છે, એની ધજામાં સુંદર મોરનું ચિહ્ન છે અને એ વીજળીની જેમ ચમકારા મારતો બિરાજે છે.

વળી જો! આ ગાંધર્વપુર નગરનો નાયક મહારાજા નાગકેસરીનો પુત્ર **ભાનુપ્રભ** છે, મોટી શક્તિવાળો છે, મહાન્ ઋદ્ધિવાળો છે, અત્યંત મનોહર આકૃતિવાળો છે, અનેક વિદ્યાઓમાં પ્રવીણ છે, અનેક ગુણરત્નોની ખાણ છે, બહુ પ્રખ્યાત છે અને એની ધ્વજામાં ગરૂડ શોભી રહેલો છે.

વળી આ રથનૂપુર ચક્રવાળપુરના મહારાજા રતિમિત્રનો પુત્ર **રતિવિલાસ** નામનો છે, એની પાસે ઘણી દોલત અને ઋદ્ધિ છે, સુવર્ણ વર્ણસમાન એનું શરીર સુશોભિત છે, એ સર્વ વિજ્ઞાનનો સાગર છે,

[1] **ચિહ્ન:** એના બે અર્થ છે: (૧) ખાસ હકીકત-ગુણવિગેરે. (૨) ધ્વજ. રાજ્યદંડમાં દરેક રાજાઓનાં જૂદાં જૂદાં ચિહ્નો હોય છે: કોઇને ગરૂડ, કોઇને હાથી વિગેરે. અત્યારે પણ દરેક રાજ્યનાં જૂદાં જૂદાં standard હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણ તો એના ઘરના જ થઇ પડેલા છે, અને એની ધજામાં સુંદર વાંદરાનું ચિહ્ન છે.

આવી રીતે એક એક રાજપુત્રનું હું વર્ણન કરતી ગઇ તેમ તેમ મદનમંજરી વધારે વધારે દીલગીર થતી ગઇ.

### સ્વયંવર પડી ભાંગ્યો;
### મદનમંજરી અને માતાનો ખેદ.
### સખી લવલિકાની સમજાવટ.

( કામલતા ગુણધારણ પાસે આગળ વાત કરતાં કહે છેઃ—)હું જેમ જેમ વિદ્યાધરરાજાઓનાં ગુણોનું વર્ણન કરતી ગઇ તેમ તેમ એક કમનસીબ સ્ત્રી પોતાની શોક્યના ગુણોનું વર્ણન સાંભળે ત્યારે જેવી તેના મનની સ્થિતિ થાય, અથવા આપત્તિમાં આવી પડેલ સુભટ ( લશ્કરી-સેનાની ) જેમ શત્રુના બળની હકીકત સાંભળી નારાજ થાય, અથવા અભિમાની વાદી તેની સામે થનાર પ્રતિવાદીનો હાથ ઉપર આવતો ( અતિશયપણું ) જોઇને જેમ ઝાંખો પડી જાય અથવા ઇર્ષ્યાવાળો વૈદ્ય તેના ઉપર આવનાર બીજા કુશળ વૈદ્યની કુશળતા જોઇને જેમ પાછો પડી જાય, અથવા ગર્વિષ્ઠ જ્ઞાની પોતાનું માથું તોડે એવા બીજા વિજ્ઞાનીની નિપુણતા જુએ ત્યારે તેના મનની જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ મદનમંજરીની થઇ ગઇ. [1]એણે તો પોતાની નજર પણ ઊંચી ન કરી અને તદ્દન મ્લાન મુખવાળી થઇ નીચે જમીન પર જોઇ રહી. મારા મનમાં મને ઘણી નવાઇ લાગી અને અરેરે ! ! આ તે શું થઇ ગયું ! એવી ઊંડી ચિંતા મને થઇ આવી અને હું બોલી "દીકરી! મદનમંજરી ! તને આ વિદ્યાધર રાજાઓમાંથી કોઇ પસંદ આવ્યો ? તું કેમ કાંઇ બોલતી નથી ?" એટલે તુરત જ મદનમંજરીએ જવાબ આપ્યો "માતુશ્રી ! આપણે આ સ્થાનકેથી જલ્દી પાછા ચાલો, એ લોકોનાં દર્શનથી સર્યું ! મને તો આ વાત જરા પણ ગમતી નથી. તું એ લોકોનાં મોટાં મોટાં બનાવટી વર્ણનો કરે છે તે સાંભળીને મારૂં માથું દુઃખવા આવી ગયું છે."

દીકરીનો આવો જવાબ સાંભળીને હું બહુ વિષાદ પામી ગઇ, દીકરીને ગાંડપણ આવી ગયું છે એવો ખ્યાલ કરવા લાગી. મેં મહારાજા કનકોદરને હકીકત જણાવી એટલે તે પણ ચિંતાતુર થયા અને બોલ્યા. "એને રાજમહેલમાં લઇ જાઓ અને એના મનના દુઃખથી એની શરીરપ્રકૃતિ અસ્વસ્થ (ખરાબ) ન થાય તેની સંભાળ

1 અહીં બં. રો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૧૧૦૧ શરૂ થાય છે.

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખજો." મહારાજાનો આવો જવાબ સાંભળી પુત્રીને લઇને હું સ્વયંવરમંડપમાંથી બહાર નીકળી આવી અને રાજભુવનમાં તેને લઇ ચાલી.

હવે એ હકીકતથી આ મારી પાસે બેઠેલી લવલિકા બહુ દીલગીર થઇ. પછી તે બોલી "માજી! ત્યારે આ મારી સખીને પરણાવવાનો આપે શો ઉપાય ધાર્યો છે? મને તો આમાં કાંઇ સમજણ પડતી નથી." ત્યારે મેં લવલિકાને જવાબ આપ્યો "લવલિકા! અમે પણ એનો ઉપાય નિરધારી શકતા નથી. તારી સખી તો ભારે આકરી છે, એના ધ્યાનમાં તો કોઇ રાજા પણ આવતો નથી. હવે તો તું એને પૂછીને શું કરવું તેનો ઉપાય શોધી કાઢ. અમારી નજરમાં જે ઉપાય આવ્યા તે સર્વ અજમાવ્યા, હવે તો બધી દિશાઓ અમારી નજરમાં તો પૂરી થઇ ગઇ છે, અમને મંદભાગ્યને તો કોઇ માર્ગ સૂજતો નથી." આમ બોલતાં મારી આંખમાંથી બોર બોર જેવડાં આંસુઓ મોતીની માળાની જેમ ખરી પડ્યાં અને હું તો મોટેથી રડવા લાગી. એટલે વળી આ લવલિકા બોલી "બાઇ! તમે દીલગીર ન થાઓ. હું મારી સખીને પૂછીશ. એમ તો એ વિનિતાશિરોમણિ છે અને એ માબાપને સંતાપ કરે તેવી નથી, એને હું પૂછીશ તો એ હવે આ બાબતમાં શું કરવું તેની વાત મને જરૂર કરશે."—આવો જવાબ આપીને લવલિકાએ મને જરા ઠંડી પાડી.

## સ્વપ્નદર્શન અને ફળ.

હવે સ્વયંવરમંડપમાં તે વખતે ભારે ખળભળાટ થઇ ગયો. જ્યારે વિદ્યાધર રાજાઓએ મદનમંજરીને કોઇને પણ વર્યા વગર પાછી ફરતી જોઇ ત્યારે તેઓને એમ જ લાગ્યું કે જાણે કોઇ તેઓનું સર્વસ્વ હરી જાય છે; પછી તો જેમ એક માણસ પોતાનો આખો રત્નનો ખજાનો ખોઇ નાખે ત્યારે તેની જેવી સ્થિતિ થાય, અથવા જાણે કોઇએ મોઘરીનો માર માર્યો હોય ત્યારે જેવાં મ્હોઢાં થાય અથવા તો આકાશમાર્ગે ચાલતાં પોતાની વિદ્યા ગળી જાય ત્યારે જેવી વિદ્યાના જોરથી આકાશમાં ચાલનારનાં મનની સ્થિતિ થાય તેમ તેઓ સર્વ શૂન્ય થઇ ગયા, મ્લાન (કરમાયલા) મુખવાળા થઇ ગયા, ઝાંખાઝબ થઇ ગયા, ક્રોધમાં આવી ગયા, નરમ ઘેંસ જેવા થઇ ગયા અને કનકોદર રાજા સાથે એક શબ્દ પણ બોલ્યા વગર કે રજા લીધા વગર સર્વ એક દિશાએ ચાલ્યા ગયા.

વિદ્યાધરોનો કોપ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાનો શોક. આ બનાવ જોઇને રાજાને બહુ શોક થયો, અત્યંત ખેદ થયો અને તે દિવસ એને એક વર્ષ જેવો લાગ્યો. જેમ તેમ કરતાં આખરે રાત પડી. રાજ્યના નિયમ પ્રમાણે દરરોજ રાત્રીની સંધ્યા વખતે રાજસભા મળતી હતી તેમાં પણ રાજા હાજર થયા નહિ. રાજા પથારીમાં ઉંધું મુખ કરીને પડી રહ્યા, લગભગ નિદ્રા વિના જ આખી રાત પસાર થઇ, પથારીમાં આમતેમ પછાડા માર્યા, મનમાં ચિંતા ચાલુ રહી, આખરે મન ઉપર ઘણો ભાર થતાં છેક મળસ્કે રાજાને જરા ઉંઘ આવી ગઇ.

સ્વપ્ન. ઉંઘમાં રાજાને સ્વપ્નું આવ્યું. રાજા જાણે જાગતો જ હોય તેમ તેણે તે વખતે ચાર મનુષ્યોને જોયાં[1] તેમાં બે પુરૂષો હતાં અને બે સ્ત્રીઓ હતી. તેઓએ મહારાજા કનકોદરને પૂછ્યું "મહારાજ કનકોદર! ઉંઘો છો કે જાગો છો?" રાજાએ જવાબમાં કહ્યું "જાગું છું."[2] એટલે તે ચારે મનુષ્યો એક સાથે બોલ્યાં "જો એમ છે તો સાંભળો. તમે દીલગીરિ છોડી દો. અમે મદનમંજરી માટે પ્રથમથી જ વર શોધી રાખ્યો છે, તે જ તેનો વર થશે. માટે હવે તમે મદનમંજરી માટે બીજા વરની શોધ કરશો જ નહિ. વિદ્યાધર રાજાઓને દ્વેષી બનાવ્યા તે પણ અમારૂં જ કામ છે. અમે એને બીજા વરને આપવા નહિ દઇએ." આટલું બોલીને એ ચારો મનુષ્યો અદૃશ્ય થઇ ગયા.

Jainsite जैन साइट जयति शासनम्

પ્રભાત. એ વખતે પ્રભાતની નોબતનો ગડગડાટ થયો. રાજા જાગ્રત થયો. મનમાં હર્ષપૂર્વક સ્વપ્નના અર્થનો વિચાર કર્યો. તે વખતે કાળનિવેદકે જણાવ્યું:—

उद्गच्छन्नेष भो लोकाः! भास्करः कथयत्यलम् ;
मा कुरुध्वं चित्तसन्तापं, मा हर्षं मा च विक्लवम् ।
यथैवानादिसिद्धोऽयमस्माकं भो दिने दिने;
उदयादिक्रमः सर्वस्तथा वोऽपि भवे भवे ॥

"અહો લોકો! આ ઊગતો સૂર્ય સર્વને કહી જણાવે છે "કે 'તમે કોઇ ચિતના સંતાપ કરશો નહિ, હર્ષમાં આવી "જશો નહિ, અને ગભરાટ પણ કરશો નહિ. જેવી રીતે

---

૧ આ ચાર પુરૂષો કોણ છે તેનો ખુલાસો આગળ થશે. જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ પાંચમું.

૨ ગમે તેવો ઉંઘતો માણસ હમેશા આવો જ જવાબ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"અનાદિ કાળથી મારો દરરોજ ઉદય થવાનો, માથે આવ-
"વાનો અને અસ્ત થવાનો ક્રમ સિદ્ધ છે તેમ દરેક
"ભવમાં તમારો પણ તેવો જ સિદ્ધ ક્રમ છે'."

નિર્ણય.

કાળનિવેદકના આ શબ્દો સાંભળીને રાજાને વિચાર થયો કે અહો! આ કાળનિવેદક જે બોલે છે તે તદ્દન યોગ્ય છે. સ્વપ્નનો સાચો અર્થ મને બેઠો હતો એને તેણે બરાબર ટેકો આપ્યો જણાય છે. મને તેના કહેવા ઉપરથી જણાય છે કે જેમ દેવરૂપ ચાર મનુષ્યોએ મને અગાઉ જણાવ્યું કે મદનમંજરીનો વર તેઓએ અગાઉથી જોઇ રાખ્યો છે તેમ આ કાળનિવેદક પણ જણાવે છે કે સૂર્ય દરરોજ ઉદય પામે છે, પોતાનો પ્રતાપ (તાપ, ગરમી) ચારે તરફ ફેલાવે છે, અસ્ત થવા ક્રમે અદર્શનને પામે છે અને વળી ફરી બીજે દિવસ ઉદય થાય છે, તેવી રીતે મનુષ્યોને દરેક જન્મમાં સુખદુ:ખ થાય છે, લાભહાનિ થાય છે, ગમનઆગમન થાય છે, તે સર્વ અગાઉથી નિર્ણય થઇ ગયેલ જ હોય છે અને તે પ્રમાણે સર્વ એક પછી એક અન્યા જ કરે છે તેથી કોઇ બાબતમાં દીલગીરિ કરવી ન જોઇએ એમ તેણે જણાવ્યું. આ સર્વ બાબત પહેલેથી ગોઠવાઇ ગયેલી હોય એમ ચોક્કસ જણાય છે. માટે હવે આ બાબતમાં આપણે ચિંતા શામાટે કરવી જોઇએ-આવો વિચાર કરીને રાજા નિશ્ચિત થયો, એને મનમાં ખેદ થતો હતો તે દૂર થઇ ગયો અને એની વ્યાકુળતા મટી ગઇ.

## વરશોધન માટે પર્યટન.

હવે ઉપર જણાવ્યું તેમ મારી સાથે વાત થયા પછી વરશોધનનો ઉપાય વિચારવા લવલિકા મદનમંજરી પાસે ગઇ. લવલિકાએ તેને સીધો સવાલ પૂછ્યો કે તેણે આ બાબતમાં શું ધાર્યું છે એટલે દીકરી મદનમંજરીએ[1] જવાબ આપ્યો "જો મને માતા અને પિતા બન્ને રજા આપે તો હું પોતે જ આખી પૃથ્વી પર વરની શોધ માટે ફરૂં અને ફરીને મારે માટે યોગ્ય વરને પસંદ કરી તેની સાથે મારૂં પાણિગ્રહણ કરૂં." મદનમંજરીએ લવલિકાને જે જવાબ આપ્યો તે તેણે મને (કામલતાને) જણાવ્યો, મેં મહારાજા કનકોદરને તે વાત કરી, તેમણે વિચાર કર્યો કે દીકરીએ આ સારો તોડ ઉતાર્યો છે! પેલા ચાર મનુષ્યો

---

૧ મદનમંજરીની માતા કામલતા આ સર્વ વાત લવલિકાની સોબતમાં ગુણધારણકુમાર અને કુલંધરને કહી બતાવે છે. ગુણધારણ સંસારીજીવ છે અને તે પોતાનો આખો વ્યતિકર અગ્રહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ કહી બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એને માટે જે વરની વાત કરી ગયા છે તેને મેળવવાનો કદાચ આ જ ઉપાય હશે! આવા વિચારને પરિણામે એણે મદનમંજરીને વર શોધવા માટે પૃથ્વીપર્યટણ કરવાની રજા આપી. રાજાની સંમતિમાં મેં તો સંમતિ આપી જ દીધી.

પરિણામે પોતાની સહચરી (સોબતણ, સખી) તરીકે આ લવલિકાને સાથે લઇને મદનમંજરી વર શોધવા સારૂં સર્વે પુરૂષોની અવલોકના કરવા નીકળી પડી. એ હકીકત બન્યાને કેટલાક દિવસ ગયા. મારો અને રાજાનો દીકરી પર ઘણો જ પ્રેમ હતો તેથી અમે દિશાઓ જોતાં અને એની રાહ જોતાં જ રહ્યા. અમને એક એક દિવસ પસાર કરવો ઘણો લાંબો લાગતો હતો.

## લવલિકાનો સંદેશો.

એમ કરતાં એક દિવસ અત્યંત દીલગીર ચહેરે આ લવલિકા અમારી પાસે આવી પહોંચી. એક તો એ તદ્દન એકલી હતી, વળી તેના મુખપર દીલગીરિ જણાઇ આવતી હતી એટલે અમે બન્ને (હું કામલતા અને મારા પતિ કનકોદર રાજા) તો આભા જ બની ગયા અને અમારા હૃદયમાં ધ્રાસકો પડ્યો કે આ લવલિકા એકલી આવી છે અને વીલે મ્હોઢે આવી છે તો બાપડી મદનમંજરીને શું થયું હશે? સ્નેહ હમેશા શંકા કરાવે છે, સ્નેહીનું અહિત પ્રથમ નજરમાં આવે છે- એવી અમારી સ્થિતિ થઇ. લવલિકાએ અમને પ્રણામ કર્યા.

મેં લવલિકાને કહ્યું "ભદ્રે લવલિકે! દીકરી કુશળ છે?"

લવલિકા—"હા માજી! મદનમંજરી ખેમકુશળ છે."

હું (કામલતા)—"ત્યારે અત્યારે મંજરી ક્યાં છે?

લવલિકા—"માજી સાંભળોઃ—

"અમે બન્ને (હું અને મદનમંજરી) અહીંથી નીકળ્યા, ત્યાર પછી અમે અનેક ગામો જોયાં, અનેક નગરો જોયાં, અનેક બનાવોથી ભરપૂર પૃથ્વીનું અવલોકન કર્યું, ઘણી જગ્યોએ ગયા, ઘણા મનુષ્યોના પરિચયમાં આવ્યા, પૃથ્વીમંડળમાં કેવા કેવા અદ્ભુત બનાવો બને છે, કેવી જૂદા જૂદા સ્વભાવની વ્યક્તિઓ હોય છે તેનો અનુભવ કર્યો. એમ ફરતાં ફરતાં અમે સપ્રમોદ નગરે ગયા. એ નગરની બહાર એક આહ્લાદમંદિર નામનો બગિચો છે ત્યાં અમે આવી પહોંચ્યા. એ બગિચો ઉપરથી સારો લાગવાથી એને વધારે બારિકીથી જોવાનું અમને

રાજકુમાર દર્શનથી રસાન્તર અનુભવ.

બન્નેને કુતૂહળ થયું એટલે એ બગિચા ઉપર અમે થોડો વખત સ્થિર રહ્યા. ત્યાં દેવતાના આકારને ધારણ કરનારા અત્યંત સુંદર અને આકર્ષક બે રાજકુમારોને અમે ઉપરથી જોયા. એ બેમાંના એક રાજકુમારને જોતાં જ [1]અશરીરીના બાણપ્રહારથી મારી સખી (મદનમંજરી) હણાતી હોય એમ દેખાયું. એ બાણની વેદના સહન ન થવાથી મારી સખી મારી સાથે જમીન પર ઉદ્યાનમાં ઉતરી. તેઓની અમારી ઉપર નજર પડે એમ નજીકમાં આંબાના વનમાં એક આંબાના ઝાડ નજીક અમે સ્થિર રહ્યા અને મારી સખી તો આંખનું મટકું પણ માર્યા વગર એ બેમાંના એક રાજકુમારને જોઇ જ રહી. એ રાજકુમારની પણ એના ઉપર સહજ નજર પડી હોય એમ લાગ્યું. તે વખતે જાણે કોઇએ એ મારી સખીને સુખસાગરમાં ફેંકી દીધી હોય અથવા તો જાણે તેના આખા શરીરપર અમૃતનો વરસાદ વરસાવ્યો હોય તેમ તે અપૂર્વ રસ અનુભવતી જોવામાં આવી. માજી! ચોમાસામાં વાદળાંનો અવાજ સાંભળીને જેમ મયૂરિ (ઢેલ) હર્ષમાં આવી જાય છે તેમ તે વખતે મારી સખીના આખા શરીરે રોમાંચ ખડા થઇ ગયા, કદંબનાં ફળની પેઠે તેનું મુખ વિલાસથી મધુર જણાયું અને આખું શરીર રસમાં લદબદ થઇ જતું જણાયું. રસના પડવાથી જાણે નાચતી હોય, વારંવાર જાણે લજ્જા પામતી હોય, વિશાળ આંખોવાળી તે જાણે હસતી હોય એવી રીતે એ તો એકચિત્તે કુમાર ઉપર દૃષ્ટિ નાખતી જ રહી.

લવલિકાના વિચારતરંગો.

"મારી સખીને એકચિત્તે રસમાં પડી ગયેલી જોઇ હું તો વિચારમાં પડી ગઇ અને ઘણા હર્ષમાં આવી ગઇ. મને વિચાર થયો કે ખરેખર મારી સખી છે તો ઘણી કાબેલ, અને વળી એની પસંદગી ઘણી આકરી છે. પણ મને લાગે છે કે એ રાજકુંવરી પેલા સુંદર યુવાનથી રાજી થઇ છે, યુવાન પર આકર્ષાણી જણાય છે. અહાહા! શું એ યુવાનનું રૂપ છે! શું એની લવણિમતા છે! ખરેખર! એ બન્નેનો યોગ થાય તો તે કામદેવ અને રતિના સંબંધ જેવો મજાનો થાય! ખરેખર! વિધાતાએ આ જોડલું તો બરાબર ઘડ્યું છે. અંતરના પ્રેમપૂર્વકના આ મેળાપથી આપણી ઇચ્છા પૂરી થઇ એમ લાગે છે.

"હું આવા આવા વિચાર મનમાં કરતી હતી તે વખતે ક્ષણવા-

---

૧ **અશરીરી:**—કામદેવ. એનાં ફૂલનાં બાણ બહુ આકરાં હોય છે. ચોથા પ્રસ્તાવમાં તેનું વર્ણન થઇ ગયું છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રમાં પેલા યુવાન અને તેના મિત્ર એક સાથે ત્યાંથી એકદમ ઊભા થયા અને ચાલતા થયા.

"તેઓ ચાલ્યા એટલે મારી સખીની આંખો તો ચકળવકળ થઇ ગઇ અને જાણે તેનો આખો ધનનો ભંડાર ગૂમ થઇ ગયો હોય તેમ તે અત્યંત ગભરાયણમાં પડી ગઇ.[1] ત્યાર પછી મારી અને તેની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

"**લવલિકા**—'સખિ! જો તને એ વર પસંદ આવ્યો હોય તો ચાલો, આપણે માતપિતા પાસે જઇએ. મને ખાત્રી છે કે એ જરૂર સપ્રમોદપુરના રાજા મધુવારણનો પુત્ર જ હશે. બીજો આવો રૂપાળો તે કોણ હોય? તો પછી પિતાજીની આજ્ઞાપૂર્વક તમે તેમને આત્માર્પણ કરો. આ બાબતમાં હવે ઢીલ કરવાની શી જરૂર છે?'

"**મદનમંજરી**—'મને તો એની ઉપર રૂચિ થઇ ગઇ છે, પણ મારા મનમાં એક શંકા છે તેથી મને દુઃખ થયાં કરે છેઃ મને એમ લાગે છે કે એની મારા ઉપર ઘણું કરીને રૂચિ થઇ નથી લાગતી. નહિ તો એ અહીંથી તુરત ઉઠીને ચાલ્યા કેમ જાય?'

"**લવલિકા**—'નહિ રે સખિ! એમ ન બોલ. તું વિચાર તો કર. શું એણે તારા તરફ નજર નહોતી કરી? નજર કરતી વખતે એ રાજપુત્રની આંખમાં સંતોષ ન હોતો જોવામાં આવ્યો કે તું આવી વાત કેમ કરે છે? હું તો એટલે સુધી કહી શકું છું કે વસંતઋતુમાં રસાળ આમ્રમંજરી ઉપર ભ્રમરોને જેવી રૂચિ હોય છે તેવી તારી ઉપર તેની સાચી રૂચિ થઇ છે એમાં જરા પણ શંકા નથી! તું તારા મનમાંથી વહેમ દૂર કરી નાખ. તારી ઉપર તેનો પ્રેમ થયો છે અને તે ઘણી હુશિયારીથી અહીંથી દૂર ચાલ્યો ગયો છે. માટે સખિ! મેં કહ્યું તેમ તું કર. ચાલો, આપણે માતપિતા પાસે જઇએ અને બધી ઘટના કરીએ.'

"મારા આવા વચનથી રાજપુત્રી કાંઇક સ્વસ્થ થઇ, છતાં પણ તે જવાબમાં બોલી-'સખિ લવલિકા! મારામાં અહીંથી જવાની બિલકુલ તાકાત રહી નથી, મારૂં શરીર નરમ થઇ ગયું છે, હું આ બગિચો હાલ છોડી શકું તેમ નથી; માટે હાલ તો તું અહીંથી જા અને માતાપિતાને અહીં બનેલી સર્વ હકીકત જણાવ.'

---

૧ આ સર્વ વાત રાણી સમક્ષ લવલિકા કહી બતાવે છે—એ સર્વ વાત રાણી કમલતા પોતે ગુણધારણ કુમાર પાસે કહે છે—આખી વાર્તા સંસારીજીવ કહે છે. આ હકીકત લક્ષ્યમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"માજી! મને એમ લાગ્યું કે સખિએ જે નિર્ણય કર્યો છે તે તે કોઇ પણ પ્રકારે ફેરવે તેમ નથી, એટલે પછી એક મોટા વિશાળ ઝાડના કોતરમાં મેં તેને બરાબર મૂકી દીધી, ત્યાં મેં તેની સારૂ ઠંડાં પાંદડાંની શય્યા કરી આપી, એની પાસે સોગન લેવરાવ્યા કે એણે એ સ્થાનમાંથી જરા પણ દૂર કે આડુંઅવળું જવું નહિ કે બીજું કાંઇ આડુંઅવળું કરી બેસવું નહિ.[1] ત્યાર પછી અત્યંત વેગપૂર્વક તરવાર જેવાં કાળા વાદળાંઓને વીંધીને હું અહીં આવીછું. આ પ્રમાણે હકીકત છે. હવે આપને યોગ્ય લાગે તેમ કરો." * *

{ કામલતા આગળ વાત ચલાવતાં ગુણધારણ કુમારને કહે છેઃ—}

### પિતાનો નિર્ણય.
### માતાનું આગમન.
### સ્વાસ્થ્ય ઉપાય.

આટલી વાત સાંભળી એટલે મારા કાંત કનકોદર રાજાએ મને કહ્યું "ત્યારે દેવિ! તમે જલ્દી પુત્રી પાસે જાઓ અને મદનમંજરીને બરાબર શાંતિ કરી આપો. હું અધી સામગ્રિ એકઠી કરીને તમારી પછવાડે આવું છું. તમે જરા જલ્દી જઇ છોડીને ધીરજ આપો. મારે પછવાડે આવવાનું એક કારણ છે. મારા મનમાં શંકા છે કે પેલા વિદ્યાધરો સ્વયંવરમાંથી ઉઠીને ચાલ્યા ગયા છે તેઓ બહુ કોપાયમાન થઇ ગયા છે. આપણા બાતમીદાર ચટુલ નામના દૂતે એ સંબંધી કેટલીક ખાનગી બાતમી મને હમણા જ આપી છે, માટે મારે સર્વ સામગ્રિ લઇ બરાબર તૈયાર થઇને ત્યાં આવવું વધારે યોગ્ય થઇ પડશે એમ મને લાગે છે. વળી ત્યાં જતી વખતે મારે કાંઇ નજરાણું પણ લઇ જવું જોઇએ, તે લેવામાં પણ થોડો વખત લાગશે, માટે તમે તો તુરત જ ઉપડી જાઓ" મેં મહારાજાનું વચન માન્ય કર્યું અને આ લવલિકાને આગળ કરીને અને સાથે મારી દાસી ધવલિકાને લઇને હું ઉતાવળી આ ઉદ્યાનમાં આવી.

### મદનમંજરી.

**મદન મંજરીની સ્થિતિ અને ધીરજ.**

ઉદ્યાનમાં આવતાં ઠંડાં પાંદડાંની પથારીમાં બેઠેલી અને યોગિનીની પેઠે કોઇ એક જ બાબતનું ધ્યાન કરી રહેલી મારી દીકરી મદનમંજરીને મેં આ ઉદ્યાનમાં જ્યાં તેને લવલિકાએ મૂકી હતી ત્યાં જ જોઇ. એ એવા ધ્યાનમાં મશગૂલ થઇ ગઇ હતી કે એને અમારા આવવાની ખબર પણ પડી નહિ. અમે તો પછી એની બાજુમાં જઇને સર્વ બેઠા.

---

[1] **આડુંઅવળું** કરવું એટલે આત્મઘાત અથવા અત્યંત શોક કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લવલિકા**—"સખિ! કુંવરી! આ માતાજી અહીં આવ્યા છે! તું આમ કેમ બેઠી છે?"

લવલિકા જયારે આ પ્રમાણે બોલી ત્યારે દીકરીને કાંઇક ચેતના આવી, તેણે શરીર મરડ્યું, આળસ ઉડાડ્યું, ટાચકા ફોડ્યા, આંખો ચલાવી-મટકાવી અને મને જોઇ. એકદમ ઉઠીને તે મારે પગે પડી.

**કામલતા** (હું)—"દીકરી, ચીરંજીવી થા, મારા જીવનથી પણ તારૂં આયુષ્ય વધો, પતિવાળી થા, સૌભાગ્યવતી થા, તારા હૃદયવલ્લભને જલ્દી મેળવ," પછી મેં એને મારા પગેથી ઉઠાડી, એને હું ભેટી પડી, એને મારા ખોળામાં બેસાડી, એને મુખકમળે ચુંબન કર્યું, એનું માથું સુંઘ્યું[1] અને પછી હું બોલી "દીકરી મદનમંજરી! જરા ધીરી પડ અને દીલગીરિ છોડી દે. તું જો! તારી જે ઇચ્છા છે તે લગભગ સિદ્ધ થઇ જતી હોય એમ જણાય છે! તારા પિતાજી પણ હમણાજ અહીં આવે છે. આ બાબતમાં હવે થોડી ઘડિઓ જ બાકી હોય એમ જણાય છે." "મારાં એવાં નસીબ ક્યાંથી હોય?" એમ ધીરેથી બોલતી નીચું મુખ કરીને દીકરી બેસી રહી.

તે વખતે સૂર્ય અસ્ત થયો, સર્વત્ર અંધકાર ફેલાયો, આકાશમાં તારાઓનો સમૂહ ઝગમગવા લાગ્યો, ચક્રવાક ચક્રવાકીઓનાં જોડલાંનો વિયોગ થઇ ગયો, કમળો બંધ થઇ ગયાં, પક્ષીઓ પોતાના માળામાં સંતાઇ ગયાં, ઘૂવડો ચારે તરફ ઉડવા લાગ્યાં, ભૂત અને વૈતાળો રાજી થવા લાગ્યા, આકાશમાં ચંદ્ર ઉગ્યો, ચંદ્રિકા ચારે તરફ પસરી રહી. પછી દીકરીના મનમાં આનંદ થાય એવી કથાઓ કહીને તેમજ બીજી યુક્તિઓ કરીને અમે મુશ્કેલીએ આખી રાત્રી પસાર કરી.

### લવલિકાની શોધ.
### રાણીનું આગમન.
### કથાની સમાપ્તિ.

અનુક્રમે સૂર્યનો ઉદય થયો એટલે મેં લવલિકાને કહ્યું "અરે લવલિકા! જરા આકાશમાં જઇને રાજાનો (કનકોદર) રસ્તો તો જો, જો ને! એમને કેમ આટલી બધી વાર લાગી? તેઓ હજુ કેમ આવી પહોંચ્યા નહિ?"

---

૧ અત્યારે પણ પુત્રપુત્રીનું માથું પ્રેમથી સુંઘવાનો રિવાજ બંગાળામાં છે. ગુજરાત કાઠિયાવાડમાં ઓવારણાં લે છે તેને મળતો આ રિવાજ જણાય છે.

જૈન સાઈટ JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]લવલિકા આકાશમાર્ગે ઉડી, ઊંચે જઇને થોડીવાર સ્થિર રહી અને અત્યંત હર્ષના દેખાવ સાથે પાછી જમીનપર આવી. મેં લવલિકાને પૂછ્યું "અરે! આટલા બધા આનંદમાં કેમ ઉભરાઇ જાય છે? શું રાજા આવ્યા?"

લવલિકા—"નારે ભાઇ! રાજાજી તો હજુ આવ્યા નથી, પરંતુ કાલવાળા બન્ને કુમારો અહીં આવી પહોંચ્યા જણાય છે. તેઓ મારી સખીને શોધવા વાસ્તે આખા બગિચામાં ફરી વળ્યા, પરંતુ આપણે જે પ્રદેશમાં બેઠા છીએ તે ઘણો ગીચ હોવાથી તેઓની નજર અહીં ગઇ નહિ એટલે એ બન્નેમાંથી મારી સખીનો હૃદયવલ્લભ બહુ ખેદ પામ્યો. એટલે બીજાએ તેને કહ્યું 'ભાઇ ગુણધારણ! કાલે આપણે આંબાવાડીમાં જે આંબાની નીચે બેઠા હતા અને જ્યાં બેઠા બેઠા એ ચાલતા પવનથી ચલાયમાન કમળની પાંખડી જેવી ચપળ આંખવાળી અને હૃદયને ચોરનારી બાળાને તેં જોઇ હતી ત્યાં જ આપણે ચાલો, બીજી જે તે જગ્યોએ ફરવામાં શો ફાયદો છે? દૈવયોગ અનુકૂળ હશે તો ત્યાં જ એનો ભેટો થઇ જશે.' બીજા કુમારે આ પ્રમાણે કહ્યું એટલે રાજકુમારે તે વાત કબૂલ કરી. પછી બન્ને કુમારો આ આંબાવાડીમાં આવ્યા. માજી! મારા આનંદનું આ કારણ છે!!"

મદનમંજરી—"માજી! આવી આવી બનાવટી વાતો ઊભી કરીને શા સારૂ મને છેતરો છો?" મદનમંજરીએ એ સર્વ વાત ખોટી માની અને નિઃસાસાપૂર્વક એમ બોલી. તેને ખાત્રી કરી આપવા લવલિકાએ અનેક સોગન ખાધાં, પરંતુ મદનમંજરીને એ વાતનો જરા પણ વિશ્વાસ ન આવ્યો.

આવો વિચિત્ર પ્રસંગ જોઇને મેં લવલિકાને કહ્યું "અરે લવલિકા! હવે એ બાબતમાં સોગન ખાવામાં ને વારંવાર એની એ વાત કરવામાં શો સાર છે? તું મારી સાથે ચાલ, એ કુમારને મને બતાવ એટલે એને પોતાને તારી સાથે લઇને હું અહીં મદનમંજરીને બતાવી દઉં, જેથી એને સાચો આનંદ થાય." લવલિકાએ જવાબ આપ્યો "માજી! ચાલો! હું તૈયાર છું."

દાસી ધવલિકાને મદનમંજરી પાસે મૂકી હું લવલિકા સાથે નીકળી પડી, લવલિકા મને રસ્તો બતાવતી અહીં લઇ આવી. કુમાર આ પ્રમાણે હકીકત છે!! મારી દીકરી સાધારણ પ્રયાસે કોઇની પસંદગી કરે

---

૧ કામલતા પોતે જ આ સર્વ વાર્તા પ્રકરણની શરૂઆતથી ગુણધારણ કુમાર સમક્ષ કહી બતાવે છે તે લક્ષ્યમાં રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવી નથી, અત્યારે એના પ્રાણ કંઠે આવ્યા છે, માટે કૃપા કરીને આપ અહીંથી ઉઠો અને એને જુઓ, સંભાળો.

* * * *

ગુણધારણ (હું સંસારીજીવ) અને કુલંધર સમક્ષ આટલું બોલીને કામલતા દેવી (વિદ્યાધરી–મદનમંજરીની માતા) ચુપ રહી.[1]

## પ્રકરણ ૩ જું.

### લગ્ન અને આનંદ.

जैन साईट JAINSITE .com

કામલતાએ પોતાની વાત પૂરી કરી એટલે મેં (ગુણધારણ કુમારે) મિત્ર કુલંધરની સામું જોયું. કુલંધર બોલ્યો "મિત્ર! વાત મેં બધી બરાબર સાંભળી છે. ચાલો! એમાં શો વાંધો છે?" કુલંધરે આ પ્રમાણે જવાબ આપ્યો એટલે અમે સર્વ ત્યાંથી ઉઠ્યા.

**મદનમંજરી ગુણધારણ મેળાપ.**
**તે સમયનો સંકીર્ણ રસ.**
**સર્વને થયેલો પ્રમોદ.**

અમે સર્વ ચાલીને જ્યાં મદનમંજરી હતી ત્યાં આવ્યા. જેવી સ્થિતિનું કામલતાએ વર્ણન કર્યું હતું તેવી જ સ્થિતિમાં મેં મદનમંજરીને જોઇ. એનું દર્શન થતાં હું સુખરૂપ અમૃતથી ભરેલા મોટા સરો-

---

૧ આ પ્રકરણની શરૂઆતમાં **ગુણધારણ** સમક્ષ **કુલંધર** સાંભળે તેમ જે વાર્તા પુષ્ફત વિદ્યાધરીએ કહેવા માંડી હતી તે અત્ર પૂરી થઇ–આખી કથા **સંસારીજીવ** જે અત્યારે ગુણધારણ કુમાર છે તે **સદાગમ** સમક્ષ **અગૃહીતસંકેતા** અને **પ્રજ્ઞા**વિશાળા પાસે **ભવ્યપુરુષ** સાંભળે તેમ કહી દેખાડે છે. એ બીજા પ્રસ્તાવથી શરૂ થયેલ વાર્તાનો હવે છેડો નજીક આવતો જાય છે માટે સાવધાન થઇ લક્ષ્ય આપો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વરમાં ડૂબકી મારતો હોઉં તેમ મને લાગ્યું, રતિના રસથી ભરેલા મોટા દરિયામાં ઉતરી ગયો હોઉં એમ મને જણાયું, સંપૂર્ણ આનંદના ઢગલામાં જાણે ગરકાવ થઇ ગયો હોઉં એવો અનુભવ થયો, મારા સર્વ મનોરથો જાણે આજે એકદમ ફળીભૂત થઇ ગયા હોય તેમ લાગ્યું, મારી સર્વ ઇંદ્રિયો આનંદમાં આવી ગઇ હોય તેમ સર્વત્ર મહા મહોત્સવ વર્તી રહેલો મને લાગ્યો.

એ મદનમંજરીએ મને જોયો એટલે 'અરે હા! એ તો ખરેખર એ જ!' એમ ધારી હર્ષમાં આવી ગઇ, બહુ લાંબે વખતે અત્યારે દેખાયા એ વિચારથી ઉત્કંઠિત થઇ ગઇ, અરે એ તે અહીં ક્યાંથી હોય! એવા ખ્યાલથી તર્કવિતર્ક કરવા લાગી, ખરેખર, આ તો સ્વપ્નું જ હોવું જોઇએ એવા વિચારથી દીલગીર થવા લાગી, ના, ના, આ તો એ જ છે એવો નિર્ણય થવાથી તેને ભરોસો પણ થવા લાગ્યો, આટલો બધો વખત (?)[1] વિરહ રહ્યો છતાં પોતે જીવી શકી એવા ખ્યાલથી શરમાઇ ગઇ, અરે! એ હવે મને અંગીકાર કરશે કે કેમ? એ વિચારથી ઊંડા ઉદ્વેગમાં પડી ગઇ, અરે! પણ એ મારા સામું જુએ છે તો ખરા! એવા ખ્યાલથી પ્રમોદમાં આવી ગઇ—આવી રીતે અનેક પ્રકારના મિશ્ર રસોનો અનુભવ મદનમંજરીએ તે વખતે કર્યો, એના આખા શરીરપર રોમાંચથી અલંકૃત થઇ, પરસેવાનાં બિંદુઓ રૂપ મોતીઓ વડે તે વિભૂષિત થઇ, એકદમ ચાલતા શ્વાસોશ્વાસના પવનથી સુંદર લાગી અને હૃદય હરણ કરનારી મધુરી લતા હોય તેમ કંપવા લાગી. અત્યંત પ્રીતિરસમાં તરબોળ થઇ ગયેલી એ લલિત લલના પોતાના સ્નિગ્ધ ગાલો અને ચપળ આંખો પરથી ન વર્ણવી શકાય એવો અત્યંત નવીન રસ અનુભવતી મારા જોવામાં આવી.

તે વખતે કામલતા બોલી "દીકરી! કેમ હવે તને લવલિકાનાં વચન પર ભરોસો બેઠો?"

આવો સવાલ સાંભળીને સ્મિત મુખ કરી મારા હૃદયને રંજન કરતી તે જ સ્મિતરૂપ સુધાથી પોતાનાં કપોલોને ઉજ્જ્વળ કરતી બાળા મદનમંજરી નીચું જોવા લાગી. આ અવસરે સર્વને હર્ષ થયો.

**કનકોદર આગમન.**
**દૂતની ગુપ્ત વાર્તા.**
**સંક્ષિપ્ત વિધિએ લગ્ન.**

---

૧ પ્રેમીની નજરમાં આ ઘણો મોટો આંતરો—વખત ગણાય. જોયાને હજુ ચોવીશ કલાક પણ પૂરા થયા નથી તે ખ્યાલમાં રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહ્લાદ મંદિરમાં આનંદ.

તે વખતે કનકોદર રાજા (મદનમંજરીના પિતા) ત્યાં આવી પહોંચ્યા. ચો તરફ ઝગઝગાયમાન થતાં રત્નોની પ્રભાથી આકાશમાં મોટો પ્રકાશ થઇ રહ્યો. રાજા સાથેના વિદ્યાધરો જાણે મોટા ઋદ્ધિવાળા મહાન્ દેવો હોય તેવા દેખાવા લાગ્યા અને તેમની વચ્ચે કનકોદર રાજા જાણે ઇંદ્ર હોય તેવા દૂરથી આકાશમાં શોભવા લાગ્યા. એના વિમાનમાં એણે અનેક રત્નો સાથે ભરી લીધાં હતાં તેની શોભા પણ અવર્ણ્ય હતી. એમણે આકાશમાંથી સપ્રમોદપુર નગર જોયું એટલે ધીમે ધીમે તેઓ સર્વ ખેચરોને સાથે લઇને આહ્લાદમંદિર ઉદ્યાનમાં ઉતરવા લાગ્યા અને અમે અત્યંત વિસ્મયપૂર્વક તેઓને આકાશમાંથી જમીન પર ઉતરતા જોઇ રહ્યા.

પસંદગીની પસંદગી.

કનકોદર રાજા નીચે ઉતર્યા એટલે અમે સર્વ ઊભા થયા અને મસ્તક નમાવી તેને પ્રણામ કર્યા. સર્વ પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠા. કેટલાક વખત સુધી કનકોદર મહારાજા પ્રેમનજરે મારી સામું જોઇ રહ્યા. 'આ તે જ હોવો જોઇએ' એમ પોતાના મનમાં સંતુષ્ટ ચિત્તે નિર્ણય કરીને પછી એણે કામલતા સામું જોયું. ચતુર માણસો આજુબાજુની હકીકત અને આકૃતિ ઉપરથી સર્વ હકીકત અનુમાનથી સમજી જાય છે. ચતુર કામલતા રાજાના અંતરભાવ સમજી ગઇ અને ટુંકામાં એણે જરૂરી સર્વ વાત રાજાને કહી જણાવી. રાજાએ પછી પોતાનો અભિપ્રાય જણાવતાં કહ્યું "દેવિ! આ દીકરીને આપણે અત્યાર સુધી અત્યંત આકરી પસંદગી કરનારી કહેતા હતા, એ તે જાણે કોઇને પસંદ કરશે કે કુમારી રહેશે એવો આપણને સંદેહ થતો હતો, પણ એણે આવા પુરૂષરત્નને પસંદ કરીને પોતાની ઉપરનો દુષ્કરરૂચિપણાનો આરોપ તદ્દન દૂર કરી નાખ્યો છે. ખરેખર! ઇંદ્રાણી (શચી) ઇંદ્ર સિવાય બીજા કોઇની તરફ પોતાનું મન સ્થાપતી નથી." રાજાના આ અભિપ્રાયને સમર્થન કરતાં દેવી કામલતા બોલ્યા "હાજી! એ વાત તદ્દન બરાબર છે! એમાં શો સંદેહ છે!"

સમાચાર અને શીઘ્રલગ્ન.

આ પ્રમાણે આનંદચર્ચા ચાલતી હતી ત્યાં કનકોદર મહારાજા પાસે તેનો ચટુલ નામનો દૂત દોડતો આવ્યો. એણે મહારાજાના કાન પાસે જઇ કાંઇ છાનીમાની વાત કરી.[1] રાજાએ દૂતને વિસર્જન કર્યો. પછી 'આવી અગત્યની બાબતમાં ઢીલ કરવી સારી નહિ' એમ

---

૧ દૂતે શી વાત કરી તે આ જ પ્રકરણમાં આગળ જણાશે. જુઓ પૃ. ૧૮૭૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ કામલતાને જણાવ્યું, કુમાર કુલંધર જે રાજાની નજીક જ બેઠો હતો તેની સાથે સલાહ મેળવીને તે જ ઠેકાણે સંક્ષિપ્ત વિધિએ રાજાએ પોતાની કન્યાનું પાણિગ્રહણ કુમાર ગુણધારણ (મારી) સાથે કરાવ્યું.

કનકોદર રાજાએ વિવાહનો આનંદ વર્તાવ્યો. પછી પોતાની સાથે [1]વજ્ર વૈડૂર્ય ઇંદ્રનીલ મહાનીલ કર્કેતન પદ્મરાગ મરકત

દા ય જો.
સં તો ષ.

ચૂડામણિ પુષ્પરાગ ચંદ્રકાંત રૂચક મેચક વિગેરે અ-મૂલ્ય રત્નોથી ભરેલાં પોતાનાં વિમાનો આણેલ હતાં તે રજુ કર્યાં અને કુલંધરને વિજ્ઞપ્તિ કરી–"ભદ્ર રાજપુત્ર! આ વિમાનો દાયજામાં આપવા સારૂં અહીં લઇ આવ્યો છું. જેવી રીતે અમારી રાજપુત્રીને ગ્રહણ કરીને (પરણીને) કુમાર-શ્રીએ અમારા આનંદમાં વધારો કર્યો છે તે પ્રમાણે આ અમારાં વિમાનો અને તેની અંદરની વસ્તુઓ પણ કુમારશ્રી ગ્રહણ કરે એવી મારી વિનતિ છે." સમયસૂચક ચતુર કુલંધર જવાબ આપતાં બોલ્યો "આપનો હુકમ પ્રમાણ છે! શિરસાવંદ્ય છે! એમાં વિનતિ કરવાનો અવકાશ જ ક્યાં રહે છે? વડીલો જ્યારે પોતાની ઇચ્છામાં આવે તેવો હુકમ કરે ત્યારે તેઓએ રાજપુત્રની પ્રાર્થના કરવાનો કે તેની વિજ્ઞપ્તિ કરવાનો પ્રસંગ કે સવાલ જ રહેતો નથી, હોતો નથી." કનકોદર મહા-રાજા આવો સુંદર જવાબ સાંભળી ઘણા રાજી થયા. તેને મનમાં એમ થયું કે પોતે ખરેખર કૃતકૃત્ય થયા છે, પોતાનું જીવન સફળ થયું છે. દીકરી મદનમંજરી આજે ખરેખરી સંતોષ પામી છે અને નિશ્ચિત થઇ છે એવા વિચારથી મહારાણી કામલતા પણ ઘણાં રાજી થયાં અને લવલિકા વિગેરે રાજાનો આખો પરિવાર પણ હર્ષમાં આવી ગયો.

---

1 **વજ્ર**: હીરો.
**વૈડૂર્ય**: માણેક.
**ઇંદ્રનીલ**: જાતિ.
**મહાનીલ**: મણિ.
**કર્કેતન**: રત્ન (જાતિ).
**પદ્મરાગ**: માણેક.
**મરકત**: લીલો મણિ, પાનું, નીલમ.
**ચૂડામણિ**: માથામાં રહેલો મણિ.
**પુષ્પરાગ**: પોખરાજ.
**ચંદ્રકાંત**: મણિ–રાત્રે પ્રકાશે છે.
**રૂચક**: રત્નજાતિ.
**મેચક**: જાતિ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીકરી જન્મે ત્યારે શોક કરાવે છે, વધતી જાય છે-મોટી થતી જાય છે ત્યારે ચિંતા કરાવે છે, એને અન્યને આપી દેવાનો (પરણાવવાનો-કન્યાદાન કરવાનો) વખત આવે ત્યારે અનેક સંકલ્પવિકલ્પ કરાવે છે અને કમનસીબે ખરાબ સ્થિતિમાં આવી પડે-સાસરામાં દુઃખી થાય કે વિધવા થાય તો અત્યંત શોક કરાવે છે. એને જો યોગ્ય વરને આપવામાં આવે, એ વર એને પસંદ પડેલો હોય, એ વર ધર્મિષ્ટ હોય અને ધનવાન્ હોય તો એની બાબતમાં નિશ્ચિતપણું પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સ્થિતિ હોવાથી રત્નના ઢગલા સાથે દીકરી મદનમંજરી મને આપીને સર્વ સંબંધી અને પરિજન સાથે રાજા કનકોદર ઘણા હર્ષમાં આવી ગયા.

## લડવા આવેલા વિદ્યાધરો.
## પુણ્યબળથી તેમનું સ્તંભન.
## વિદ્યાધરોને થયેલો સંતોષ.

હવે તે વખતે સપ્રમોદપુર નગરની ઉપર જાણે ઘનઘટા છવાઇ રહી હોય તેવું વિદ્યાધરોનું એક મોટું લશ્કર દૂરથી આકાશમાં જોવામાં આવ્યું. એ લશ્કર પાસે અનેક ચક્રો હતાં, તરવારો હતી, ભાથાં હતાં, બર્છીઓ હતી, લોઢાનાં બાણો હતાં, શક્તિ તથા પ્રાસ નામનાં અસ્ત્રો હતાં, ધનુષ્યો હતાં, દંડો હતા, ગદાઓ હતી, શૂળો હતી, તેમજ બીજાં લડવાનાં અનેક શસ્ત્રો અને અસ્ત્રો[1] હતાં, જેને લઇને એ આખું લશ્કર ઘણું ભયાનક લાગતું હતું, આકાશમાં પ્રકાશમાન થઇ રહેલાં એમનાં શસ્ત્રોના તેજથી આખું લશ્કર વિકરાળ લાગતું હતું, લડવાની આતુરતા અને જીતવાના મદથી ઉદ્ધત જણાતું હતું અને અસંખ્ય ઉદ્ભટ ખેચરોથી અને તેમના જૂદા જૂદા અધિપતિઓથી અવનવી લીલા બતાવી રહ્યું હતું. એના સેનાનીઓ આકાશમાં મોટા સિંહનાદ કરી રહ્યા હતા, મોટા તાડુકાઓ કરતા હતા અને તેના મોટા અવાજથી આખા આકાશને ગજાવી રહ્યા હતા. એ સર્વ સેનાનીઓ આખા શરીરપર બખતર અને માથાપર ટોપ પહેરીને ક્રોધાંધ બનેલા હોઇ લડવાની સંપૂર્ણ તૈયારીઓ કરીને આવતાં હોય તેમ ઘણે દૂરથી પણ જોઇ શકાતું હતું અને તેઓની ક્રોધી મુખમુદ્રાઓ એ વાતની સાક્ષી પૂરી રહી હતી. અમે માથાં ઊંચાં કરીને જોઇએ છીએ તો લડાઇ કરવાના અભિમાનથી

1 **શસ્ત્ર અને અસ્ત્રમાં** ફેર છેઃ જે પોતાનાં હાથથી સામાના શરીરે વાગે તે 'શસ્ત્ર' કહેવાય છેઃ જેમ કે ભાલું, તરવાર વિગેરે. જેને ફેંકવું પડે તે 'અસ્ત્ર:' જેમકે તીર, ચક્ર વિગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંદર અંદર સ્પર્ધા કરતું એ આખું લશ્કર અમારી તરફ આવતું હોય એમ જણાયું. બહુ ટુંક સમયમાં તો આખું લશ્કર લગભગ અમારી બહુ નજીક માથા પર આકાશમાં આવી પહોંચ્યું.

કનકોદરનો નિર્ણય અને પાડેલી વીરહાક.

કનકોદર રાજા મહા બુદ્ધિશાળી હતા, તેણે આકાશમાં નજર કરી કે તુરત જ સર્વ હકીકત તેના ખ્યાલમાં આવી ગઇ. તેણે તુરત જ હાક મારી–"અરે મારા વિદ્યાધરો! સેનાનીઓ! તમે તૈયાર થાઓ. ચટુલ દૂત હમણાં અહીં આવીને જે વાત કરી ગયો તે વાત હવે બરાબર સ્ફુટ થઇ. ચટુલ મને બાતમી આપી ગયો હતો તેની મતલબ એ જ હતી કે મારી દીકરીના સ્વયંવર વખતે જે રાજાઓ કોપ કરીને મને મળ્યા વગર કે મારી રજા લીધા વગર મંડપમાંથી ઉઠીને ચાલતા થયા હતા તેઓને પોતાનાં મનમાં ઘણો દ્વેષ થઇ આવ્યો હતો; તેઓ સર્વ ત્યાર પછી મળી ગયા છે અને હજુ ખારથી બળ્યા કરે છે. તેઓએ પોતાના દૂતો રાખી મૂકયા હતા. તેમની મારફત તેમને ખબર પડી ગઇ કે મદનમંજરી ગુણધારણ કુમારને આપવામાં આવી છે. જેવી એ હકીકત તેઓના જાણવામાં આવી કે તેઓ સર્વ વધારે ક્રોધમાં આવી ગયા. તેઓને એવો વિચાર થયો કે અરે! અમે તો મોટા [1]વિદ્યાધર મનુષ્યો છીએ, મહા ઉત્તમ છીએ અને પેલો ગુણધારણ તો જમીન પર ચાલનારો છે, સાધારણ સ્થિતિનો મનુષ્ય છે! છતાં તેને પરણાવે છે તે આપણાથી કેમ સહન થાય? આ હકીકતને લઇને તેઓ સર્વ લડવા માટે આવી ચઢ્યા છે. તો એ સર્વ આ આહ્લાદમંદિર સુધી આવે તે પહેલાં ગરૂડ જેમ કાગડા ઉપર તૂટી પડે છે તેમ તમે તેના ઉપર ધસારો કરો, તેઓને જે મિથ્યા અભિમાન પોતાની જાત માટે થયું છે તેને જલ્દી દૂર કરો અને એ સર્વને જમીનભેગાં કરી દો. મારા ભૂમિ ઉપર રહેલ સેવકબહાદુરો! મને તમારા શૂરાતન પર પૂરતો વિશ્વાસ છે, તમે તમારી બહાદુરી બતાવી સ્વામીનું નામ રાખો."

કનકોદર રાજાના સેનાનીઓ જમીન પર હતા. સ્વામીની રણહાક સાંભળીને તેઓ સર્વ તેજમાં આવી ગયા અને એકદમ આકાશમાં ચઢવાની તૈયારી કરવા લાગ્યા. આ વખતે મારા (ગુણધારણના–સંસારીજીવના) મનમાં વિચાર આવ્યો કે–અહો અહો! મારી ખાતર

---

[1] **વિદ્યાધરઃ** એ પણ એક જાતના મનુષ્યો છે, પણ વિદ્યાના યોગથી તેઓ આકાશમાં ઉડી શકે છે. આ શક્તિને લઇને તેઓ પોતાની જાતને ઉત્તમ માને એમાં સ્થૂળ નજરે નવાઇ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં મોટી લોહીની નદીઓ વહેશે અને ખેદાનમેદાન થશે એ તો ઠીક નહિ, આ વાત કાંઇ સારી થઇ નહિ !

શાંતિ-સ્તંભન.

એ વખતે જમીનપરથી ઊંચે ઉડવાની તૈયારી કરતા વિદ્યાધરો આ બાજુએ રહ્યા હતા અને આકાશમાં સામે ચાલ્યા આવતાં લશ્કરનો ધસારો બીજી બાજુએ ચાલુ હતો તે વખતે એક અત્યંત વિચિત્ર બનાવ બન્યો તે સાંભળો. કોઇએ એ બન્ને લશ્કરને સ્થિર કરી દીધાં, હાલતાં ચાલતાં અટકાવી દીધાં, તેમની આંખોને પણ સ્થિર કરી દીધી, તેઓના સર્વ વ્યાપાર બંધ કરી દીધા અને બન્ને લશ્કરને તદ્દન થંભાવી દઇ જાણે પૂતળાં જ હોય તેવાં કરી દીધાં. એક લશ્કર આકાશમાં રહ્યું, બીજું લશ્કર જમીન પર રહ્યું, બન્ને હાલી ચાલી શકતા નથી, કોઇની આંખ પણ મટકું મારતી નથી, બન્ને લશ્કરો એક બીજાને જાણે ચિત્રમાં ચિત્રેલાં હોય તેવાં તે વખતે જોવા લાગ્યાં. આ લશ્કરવાળા સામાને જુએ તો તેઓ પણ હાલતા ચાલતા નથી અને આકાશનું લશ્કર જમીનપરના લશ્કરને જુએ તો તે પણ જાણે ચીતરાઇ ગયેલું હોય એવું દેખાવા લાગ્યું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

દર્શન. વિચાર.
નિર્ણય. નમત.

આકાશમાં રહેલું એ લશ્કર ત્યાર પછી ચારે તરફ જોવા લાગ્યું. તેઓએ મને મદનમંજરીની સાથે સુંદર આસન પર બેઠેલો જોયો. તેઓએ અમને બન્નેને જોયા. ખાસ કરીને મને જોયો એટલે તેઓને વિચાર થયો કે– અહાહા ! શું સુંદર રૂપ છે ! શી મજાની મૂર્તિ છે ! વિધાતાએ નવરાશે ઘડી કાઢી હશે ! અહાહા ! શી એની કાંતિ છે ! અરે મુખપરથી એના ગુણો પણ કેટલા સુંદર જણાય છે ! અરે આ મહાત્મા મનુષ્યનું ધૈર્ય પણ કેટલું જબરૂં ! એની સ્થિરતા પણ બહુ મહાન્ જણાય છે ! ખરેખર ! મદનમંજરી વિચાર કરી લાંબી નજર પહોંચાડીને પસંદગી કરનારી તો ખરી ! એણે જાતે તપાસ કરીને– પરીક્ષા કરીને ખરેખરો પોતાને યોગ્ય પતિ શોધી કાઢ્યો છે એમાં તો શક નહિ ! અને આ નરરત્ને જ પોતાના તેજથી અમને સર્વને સ્તંભાવી દીધા હોય એમ લાગે છે ! અહાહા ! જુઓ તો ખરા ! એ મદનમંજરી સાથે પોતાના મિત્રસહિત સ્વસ્થ બેઠેલો જણાય છે, પરંતુ બીજા કોઇ એવી સ્થિતિમાં નથી ! આવા મહાપુરૂષરત્નને મારી નાખવાની આપણે ઇચ્છા કરી એ તો ઘણું ભુંડું કર્યું અને આપણે અત્યારે થંભાઇ ગયા છીએ એ એ જ પાપનું ફળ લાગે છે. અરે ! ચાલો ! એ મહાપુરૂષ જ આપણો સ્વામી ! અને આપણે તેના સેવકો !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવો વિચાર કરતાં તેમનો અંદરનો ઇર્ષ્યાનિળ શાંત થઇ ગયો એટલે જેમણે તેઓને થંભી રાખ્યા હતા તેમણે તેઓને છૂટા કર્યાં. તુરત જ તેઓ આકાશમાંથી જમીન પર આવ્યા અને સર્વે મારે પગે પડ્યા.

## ક્ષમા અને આનંદ.

તે વખતે એ સામેથી આવતા વિદ્યાધરો કપાળ ઉપર બન્ને હાથ જોડીને બોલવા મંડ્યા 'નાથ! અમારો અપરાધ માફ કરો, હવે અમે તમારા દાસ છીએ. અમારી ભૂલ થઇ ગઇ તે ક્ષમા કરો.'

તેઓનું આવું વર્તન જોઇને કનકોદર રાજાનો મદ પણ ગળી ગયો અને તે વખતે તે અને તેનું આખું લશ્કર પણ છૂટું થઇ ગયું, થંભાય ગયું હતું તેમાંથી મુક્ત થઇ ગયું.

પછી તો સર્વ વિદ્યાધરો હાથ જોડીને અરસપરસ એક બીજાને ખમાવવા લાગ્યા, માફી માગવા લાગ્યા, સર્વની આંખોમાં હર્ષનાં આંસું આવી ગયાં અને જાણે સર્વ એક બીજાના સગા ભાઇઓથી પણ વધારે હોય તેવા થઇ ગયા.

## મધુવારણ વિગેરેને આનંદ.

હવે તે વખતે કોઇ મારફત મારા પિતાશ્રી મધુવારણ રાજાને સર્વ હકીકતની ખબર પડતાં તેઓ પણ ત્યાં (આહ્લાદમંદિર બગિચામાં) આવી પહોંચ્યા. તેઓને દૂરથી આવતા જોઇ હું ઊભો થયો, મારી સાથે સર્વ વિદ્યાધરો પણ તેમને માન આપવા ઊભા થયા, મેં અને મદનમંજરીએ પિતાજીનાં ચરણકમળમાં નમસ્કાર કર્યાં. તે વખતે મારી માતાજી વિગેરે આખું અંતઃપુર પણ ત્યાં આવી પહોંચ્યું, મંત્રીમંડળ પણ આવી પહોંચ્યું અને બીજા પણ ઘણા નગરવાસીઓ આવી પહોંચ્યા. તેમને સર્વને યથાયોગ્ય પ્રણામ વિગેરે અમે કર્યા, ખેચરોએ પણ સર્વનું યોગ્ય સન્માન કર્યું અને સર્વને ઘણો આનંદ થયો.

મારા પિતાજીને આનંદથી આખે શરીરે રોમાંચ વિકસ્વર થઇ ગયા, આંખોમાં આનંદનાં આંસું આવી ગયાં અને તેઓ અત્યંત હર્ષમાં આવી જઇ મને ભેટી પડ્યા. મિત્ર કુલંધરે તે વખતે આખો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે હકીકત બની હતી તે સર્વ ટુંકામાં પણ મુદ્દામ રીતે જણાવી દીધી, એટલે પિતાશ્રી વિગેરે સર્વને શું બન્યું હતું તે જાણવામાં આવી ગયું. તે વખતે સર્વ વિદ્યાધરો હાથ જોડી મારા પિતાશ્રીને કહેવા લાગ્યા "પ્રભુ! આ (ગુણધારણ કુમાર) અમારો દેવ છે! અમારો સ્વામી છે! તમારો આ ચિરંજીવી પુત્ર અમને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવિતદાન આપનાર છે! એ ખરેખર ધન્ય છે, કૃતાર્થ છે, મહા ભાગ્યવાન્ છે! એણે આ પૃથ્વીને ખરેખરી દીપાવી છે, શોભાવી છે! એનામાં કલ્પનામાં પણ ન આવે તેવી અદ્ભુત શક્તિ છે! એના જેવો ગુણવાન્ મનુષ્ય હાલ આ દુનિયામાં અમારા જાણવા પ્રમાણે બીજો કોઇ નથી!”

નગર પ્રવેશ. અને આનંદ.

વિદ્યાધરોને મારી આ પ્રમાણે સ્તુતિ કરતાં જોઇને મારા પિતાજી અત્યંત રાજી થયા, તેમજ મારી માતા સુમાલિની પણ બહુ પ્રસન્ન થયા, આખું અંતઃપુર તે વખતે બહુ હર્ષમાં આવી ગયું, નગરવાસીઓ બહુ જ રાજી થયા, આખું પિતાશ્રીનું લશ્કર ખુશી થઇ ગયું અને બાળકો તેમજ વૃદ્ધો સર્વ આનંદમગ્ન થયા. જેને આપણે આપણા માનતા હોઇએ તેને જ્યારે ઋદ્ધિ સમૃદ્ધિ કે માન મળે ત્યારે તે જોઇને જરૂર આનંદ થાય તેમાં કાંઇ નવાઇ નથી; એમાં પણ જ્યારે આપણી કલ્પનાથી પણ વધારે ઋદ્ધિ સિદ્ધિ કે માન આપણા પ્રેમીજનને મળતું જોવામાં આવે ત્યારે તો પછી હર્ષનું માપ રહેતું નથી. ત્યાર પછી અતિ આનંદભરમાં આવેલા તે લોકોએ અમારો સપ્રમોદનગરનો પ્રવેશ-મહોત્સવ કર્યો. પ્રસન્ન થયેલ મનુષ્યો શું શું નથી કરતા! હવે તે પ્રવેશ-મહોત્સવ કેવા પ્રકારનો થયો તે સાંભળો:—

JAINSITE.com जैन साईट

गगनचारिगणे वियति स्थिते, मयि च तातयुते जयकुञ्जरे ।
करिवरान्तरवर्तिकुलंधरे, करिणिकानिहिते दयिताजने ॥

विविधलासविलासपरायणे,
प्रमदनिर्भरगायनबन्धुरे ।
वरविभूषणमाल्यमनोहरे,
विबुधवृन्दसमे निखिले जने ॥

ननु परिस्फुटमेव तदा नरैः, प्रमुदिताशयसौख्यभरोद्धुरैः ।
अमरलोकसमानमिदं वनं, पुरवरं च मुदेति विनिश्चितम् ॥

पृथुनितम्बपयोधरचारुभिः
प्रमदनृत्तपरैः प्रमदाजनैः ।
इति विलासशतैर्वरलोचने !,
प्रविशति स्म च सर्वजनः पुरे ॥

[1] ઘણા સુંદર લાગવાથી આ શ્લોકો અત્ર મૂકયા છે. દ્રુતવિલંબિત છંદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" વિદ્યાધરો આકાશમાં ચાલવા લાગ્યા, હું પિતાશ્રીની સાથે તેમની પડખે જયકુંજર નામના મોટા પટ્ટહાથી પર અંબાડીમાં બેઠો, પછવાડે એક બીજા હાથી પર કુલંધર બેઠો, હાથણીઓ ઉપર માતાજી વિગેરે સ્ત્રીવર્ગ બેઠો, અમારી અગાઉ લોકોનું મોટું ટોળું ચાલવા લાગ્યું, તેઓમાં કેટલાક અનેક પ્રકારના નાચ્ય કરતા હતા, કોઇ વિલાસ કરતા હતા, કોઇ અતિ હર્ષના આવેશમાં ઊંચા સ્વરથી મનોહર ગાયન લલકારતા હતા, કેટલાકે પોતાના કંઠમાં સુંદર માળાઓ પહેરી હતી, કેટલાકે ઉત્તમ પ્રકારનાં આભૂષણો પહેરી લીધાં હતાં. આથી સઘળાં મનુષ્યો દેવતા સમાન શોભી રહ્યા હતા. અત્યંત પ્રમોદના કારણે અને થયેલાં માનસિક સુખના ભારથી તે વખતે એ ઉદ્યાન જાણે નંદનવન હોય અને નગર જાણે દેવલોક હોય તેવું લાગતું હતું. અહો સુંદરલોચના! અત્યંત વિશાળ નિતંબ અને પયોધરથી સુંદર લાગતી લલિત લલનાઓ તે વખત અત્યંત હર્ષપૂર્વક નાચ કરવા લાગી, ગાન કરવા લાગી. એવા સેંકડો પ્રકારના વિલાસો સાથે અમારો નગરમાં પ્રવેશ થયો."

મોટા હાથી પર હું અને પિતાજી! પછવાડે કુલંધર! પછી માતાજી અને બીજાઓ! આગળ નાચ કરતાં અને ગીતગાનના તાનમાં મસ્ત બનેલા નગરજનો અને આબાળવૃદ્ધ સર્વ આનંદમાં ચકચુર. આવે વખતે અમારા આનંદની પણ પરિસિમા થાય તેમાં કાંઇ નવાઇ નથી.

વિદ્યાધરોનો સત્કાર.

મારા પિતાશ્રીએ કનકોદરરાજાનો સર્વ વિદ્યાધરોનો અને બન્ને લશ્કરના સેનાનીઓનો સારી રીતે સત્કાર કર્યો. ભદ્રે અગૃહીતસંકેતા! તે દિવસ જાણે આખો રત્નમય હોય! અથવા તો જાણે અમૃતનો જ રચેલો હોય! અથવા તો સુખરસથી ભરેલો હોય! અથવા તો વિશેષ શું કહું? જેનું વર્ણન જ કરવું અશક્ય હોય! તેવો પસાર થયો. એ દિવસે મને અત્યંત આહ્લાદ થયો, સર્વ મનોરથોની સિદ્ધિ થઇ, કામદેવનું સર્વસ્વ મને તે દિવસે પ્રાપ્ત થયું, કેમકે મદનમંજરી તે દિવસે મારી થઇ અને મહામૂલ્યવાળાં રત્નોનો મને લાભ થયો! જેથી અર્થસંબંધી પણ મારી કલ્પનામાં પણ ન આવે તેવા મારા મનોરથો સિદ્ધ થઇ ગયા. વળી મારા માતાપિતાને મનમાં તે દિવસે મેં ઘણો સંતોષ ઉપજાવ્યો, બંધુવર્ગમાં હર્ષ પેદા કર્યો, નાગરિકોને ઉત્સવ કરાવ્યો અને શત્રુઓ મારે વશ થઇ ગયા, તેથી પણ મારા મનમાં મોટો ઉત્સવ થયો. આખો દિવસ ઘણા આનંદમાં ગયો, બહુ ઉન્નત દશા અનુભવી અને રાત્રિના પ્રથમ પ્રહર સુધી પિતાશ્રી પાસે રહીને અમે બહુ મજા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી સર્વ સામગ્રિથી ભરેલાં મંદિરમાં મદનમંજરી સાથે રાત્રીનો વખત ગાળ્યો. દેવતાઓ દેવલોકમાં સુખ ભોગવે તેવો લાભ તે રાત્રીએ લીધો. આનંદસુખનો-પ્રેમસાગરમાં ઉછાળા મારવાનો અનુભવ કર્યો; માત્ર મારી કોઇ પણ બાબતને અંગે અત્યંત લોલુપતા ન હોતી તેથી અત્યંત આસક્ત ન થઇ ગયો.

સુરતસુખનો અનુભવ કરીને અમે નિદ્રા લીધી, મદનમંજરી સાથે પ્રભાતે ઉઠ્યો, ઉઠીને તેની સાથે જ માતપિતા પાસે જઇ તેમને વંદન કર્યું અને ત્યાર પછી પ્રભાતયોગ્ય સર્વ કર્તવ્યો કર્યાં.

# પ્રકરણ ૪ થું.

## કંદમુનિ. રાજ્યપ્રાપ્તિ. ગૃહસ્થધર્મ.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

ગુણધારણકુમાર તરીકે મેં આખી રાત બહુ સુખનો અનુભવ કર્યો, મદનમંજરીના પ્રેમનું પાન કર્યું, મનુષ્યલોકમાં દેવસુખનો સાક્ષાત્કાર કર્યો અને અંતરદૃષ્ટિ કાંઇક આત્માસમીપ રાખી લોલુપતા વગર આનંદસાગરમાં ડૂબકીઓ મારી. મારો મિત્ર કુલંધર પ્રભાતે મારી પાસે આવ્યો અને મને જણાવ્યું કે તેણે રાત્રીના એક સુંદર સ્વપ્ન જોયું છે. મેં તે સ્વપ્નનું વર્ણન કરવાનું જણાવતાં તેણે તેનો નીચે પ્રમાણે હેવાલ કહ્યો અને તે વખતે અમારી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇઃ-

### કુલંધર સ્વપ્ન.

કુલંધર—"ભાઇ ગુણધારણ! રાત્રે મેં સ્વપ્નમાં પાંચ મનુષ્યોને જોયાં-તેમાં ત્રણ પુરૂષો હતા અને બે સ્ત્રીઓ હતી. તેઓએ મને કહ્યું 'કુલંધર! ગુણધારણના સંબંધમાં અત્યારે જે સુખસમુદ્ર ઉછળી રહ્યો છે તે અમોએ જ તેને માટે બનાવેલો છે એમાં જરા પણ શંકા જેવું નથી. વળી એને ભૂતકાળમાં જે જે સારૂં થયું છે અને ભવિષ્યમાં તેને જે જે સારૂં થવાનું છે તે તે સર્વ અમારૂં કરેલું છે અને થશે.' ભાઇ ગુણધારણ! એ પ્રમાણે બોલીને એ પાંચે મનુષ્યો તુરત જ મારાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અદૃશ્ય થઇ ગયા, મારી પાસેથી ચાલ્યા ગયા, ત્યાર પછી તુરત જ હું જાગ્યો અને જોઉં છું તો ન મળે કોઇ મનુષ્ય કે ન સંભળાય તેમની ભાષા! ભાઇ! એ પાંચ મનુષ્યો કોણ હતા અને તેઓ તારાં સર્વ કાર્યોની યોજના કેવી રીતે કરે છે તે વાત હું કાંઇ પણ સમજતો નથી."

ગુણધારણ (હું પોતે)—"ભાઇ કુલંધર! આ સ્વપ્ન સંબંધી હકીકત તું પિતાશ્રી વિગેરે પાસે કહી સંભળાવ કે જેથી એનો અંદરનો ખરેખરો ભાવાર્થ શો છે તે આપણા સમજવામાં આવી જાય."

મારો બુદ્ધિમાન્ મિત્ર કુલંધર ત્યાર પછી રાજ્યસભામાં ગયો. મારા પિતાશ્રીની રાજ્ય સભામાં અનેક વિદ્વાનો હતા. પિતાશ્રી સમક્ષ આખી રાજસભામાં કુલંધરે પોતાને આવેલાં સ્વપ્નની હકીકત વિગતવાર કહી સંભળાવી. મારા પિતાશ્રીએ તેમજ મોટા વિદ્વાનોએ પોતાની બુદ્ધિથી અંદર અંદર સ્વપ્નના અર્થપર વિચારણા ચલાવી અને ત્યાર પછી સર્વેએ એકમત થઇ સ્વપ્નનો ભાવાર્થ નીચે પ્રમાણે જણાવ્યો—

સ્વપ્નાર્થપર વિચારણા.

"એમ જણાય છે કે અમુક દેવો ગુણધારણને અનુકૂળ થયા છે અને તેઓએ જ કુમારના સંબંધમાં આટલી બધી કલ્યાણમાળાઓ રચી આપી છે. કુમારને જે સુંદર અનુકૂળતાઓ થઇ છે તે તેઓનો પ્રતાપ છે. વળી તેઓએ જ પ્રસન્ન થઇને કુમારના મિત્રને (કુલંધરને) સ્વપ્નમાં આવી કહ્યું જણાય છે કે એ સર્વ કલ્યાણપરંપરા તેઓએ કરેલી છે."

પિતાશ્રીએ અને વિદ્વદ્રાજસભાએ સ્વપ્નનો જે નિર્ણય આપ્યો તે મેં પણ સાંભળ્યો, હું રાજસભામાં તે વખતે હાજર હતો. અગાઉ કામલતાએ મને વાત કરી હતી કે[1] તેના પતિ અને મારા સાસરા કનકોદરને સ્વપ્નમાં ચાર મનુષ્યો આવ્યા હતા અને તેમણે રાજાને ઉંઘતાં જગાડી જણાવ્યું હતું કે તેની દીકરી મદનમંજરી માટે તેમણે વર શોધી રાખ્યો છે, તેથી રાજા કનકોદરે તે સંબંધમાં ચિંતા કરવી નહિ. આ વાત મને બરાબર યાદ હતી તેથી મારા મનમાં સંદેહ થયો કે— કનકોદરરાજાએ અગાઉ ચાર મનુષ્યોને જોયા હતા તે શું? અને કુલંધરે પાંચ મનુષ્યોને સ્વપ્નમાં જોયા તે શું! ક્યા દેવરૂપો મારા કામની આટલી બધી ચિંતા રાખે છે અને તેમ કરવાનું કારણ શું હશે? મને તો આ સર્વ બાબતમાં કાંઇ ઊંડું કારણ ભાસે છે પણ તે શું હશે તેનો હાલ તો ખ્યાલ આવતો નથી, તેનું રહસ્ય માલૂમ

વિચારણાપર વિચારણા.

૧ જુઓ પૃષ્ઠ ૧૮૬૬ (ચાલુ પ્રસ્તાવનું પ્રકરણ બીજું).



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

પડતું નથી, તેનો ભેદ ખુલ્લો જણાતો નથી. આ પ્રમાણે હકીકત હોવાથી જ્યારે કોઇ અંતીદ્રિય વિષયના જાણકાર મુનિમહારાજનો યોગ થશે ત્યારે તેમને આ સંબંધી વિગતવાર ખુલાસો પૂછીને નિર્ણય કરીશ, એ વગર આ બાબતનો સંતોષકારક ખુલાસો થાય એમ લાગતું નથી. આ પ્રમાણે મારા મનમાં સંદેહ થયો છતાં પિતાશ્રી વિગેરેએ સ્વપ્નનો અર્થ જણાવ્યો તેમાં ઉઘાડી રીતે મેં કાંઇ દૂષણ કાઢ્યું નહિ, મેં તે વાત માન્ય કરી અને મનમાં કરેલો નિશ્ચય મનમાં ધારી રાખ્યો[1].

### વિદ્યાધરોનો સત્કાર અને વિસર્જન.

જે ખેચરો કનકોદર સાથે લડવા આવ્યા હતા અને જેઓ આખરે મારા સંબંધી થયા હતા તેઓ રાજા કનકોદર સાથે મારા મંદિરમાં કેટલાક દિવસ રહ્યા. તેઓનો અત્યંત આદરસત્કાર કરી મેં તેઓને ઘણો આનંદ ઉપજાવ્યો. એ આનંદામૃતમાં સ્નાન કરી મારા પ્રત્યે સેવકપણું અંગીકાર કરી તેઓ સર્વ પોતપોતાને સ્થાનકે સીધાવ્યા.

### મૃત્યુલોકમાં દેવ સુખાનુભવ.
### નિશ્ચિન્તાવસ્થામાં નિર્દોષ પ્રેમ.
### સુખસાગરમાં અલિપ્તાવસ્થા.

મદનમંજરી સાથે સુખસાગરમાં હું ડૂબ્યો અને લીલામાં મારા દિવસો ત્યાર પછી પસાર થવા લાગ્યા, દેવતાઓ દેવલોકમાં સુખો અનુભવે તેવા સુખનો હું મૃત્યુલોકમાં અનુભવ કરવા લાગ્યો, દિવસે દિવસે તેના પ્રેમરસનું પાન વધારે વધારે કરવા લાગ્યો, આનંદરસામૃત દરરોજ વધતો જ ચાલ્યો અને સુંદર ભાવપૂર્વક તેનું મીલન મને વધારે વધારે સુખ આપતું ગયું. અમારો પ્રેમ વધારે જામતો ગયો, અમારા આહ્લાદમાં નિરંતર વિકાસ થતો ગયો અને અમારી ગોષ્ઠિ વિશેષ દૃઢ થતી ચાલી. રાજ્યકાર્યની ચિંતા પિતાજી કરતા હતા, અનેક રાજાઓ મને નમસ્કાર પ્રણામ કર્યા કરતા હતા. એવા સુંદર સંયોગોમાં અહો વિશાલાક્ષિ! મને ચિંતાની ગંધ પણ આવતી ન હોતી, મારા દિવસો સુખમાં પસાર થતા હતા.[2] વળી વિદ્યાધરો અનેક સુગંધી ફૂલોની માળાઓ લઇ આવતા હતા, સુંદર આભૂષણાદિ સર્વ વસ્તુઓ લઇ આવતા હતા અને એવી રીતે અમારી સર્વ ઇચ્છાઓ પૂરી થતી

---

૧ આ ગુણધારણ કુમારનો વિનયગુણ બતાવે છે.

૨ ઉત્તરરામચરિત્રમાં ભવભૂતિ રામના મુખમાં મૂકે છે તે સરખાવો: जीवत्सु तातपादेषु, नवे दारपरिग्रहे, मातृभिश्चिन्त्यमानानां, ते हि नो दिवसा गताः અહીં એને મળતો ભાવ સુંદર રીતે મૂક્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી મને સંપૂર્ણ સુખની તૃપ્તિ થયા કરતી હતી. જો કે હું એ સુખસાગરમાં અવગાહન કરતો હતો છતાં મારો આત્મા એ (સુખ-સાગર)માં જરા પણ લીન થઇ જતો ન હોતો, એમાં આસક્ત થઇ જતો ન હોતો, એના રસમાં લદબદ થઇ જતો ન હોતો. એવી રીતે મારી સુંદર ભાર્યા મદનમંજરી અને સન્મિત્ર કુલંધર સાથે આનંદ. અને-ગોષ્ટિ કરતો હું તે વખતે રહેતો હતો.

### કંદમુનિ સાથે થયેલો પ્રસંગ.
### સદાગમ સમ્યગદર્શનનો આદર.
### સાતે રાજેંદ્રો સાથે સંબંધ.
### સુખાસિકામાં થયેલી વૃદ્ધિ.

ત્યાર પછી એક દિવસ હું મારા મિત્ર કુલંધર અને પત્ની મદન મંજરી સાથે આહ્લાદમંદિરે ગયો, તે વખતે ત્યાં મેં કન્દ નામના એક અતિ પવિત્ર મુનીશ્વરને જોયા. એ મહા ઓજસ્વી સાધુમહાત્માને જોતાં અત્યંત વિનયથી હું ઘણો નમ્ર બની ગયો, તેમને યોગ્ય રીતે નમસ્કાર કરી ધર્મ સાંભળવાની અને પ્રાપ્ત કરવાની બુદ્ધિથી શુદ્ધ જમીન શોધીને તે પર હું તેમની સામે બેઠો. મુનિમહારાજ શ્રી કન્દ-મુનિએ તે વખતે હૃદયને અતિ આહ્લાદ ઉત્પન્ન કરનારી અને કર્ણને અત્યંત પ્રિય ધર્મદેશના આપી.

મુનિમહારાજે આપેલી દેશના મેં અત્યંત આદરપૂર્વક સાંભળી. તે વખતે તે જગ્યોએ જ (અંતરમાં) પેલા મારા અગાઉના બે બંધુઓ ખડા થઇ ગયા, મેં તેમને બરાબર જોયા અને તુરત ઓળખી લીધા. તેઓમાંનો એક બંધુ તે મારો અગાઉનો જાણીતો સ્નેહી સદાગમ હતો અને બીજો મારો પરમ મિત્ર સમ્યગદર્શન હતો[1]. ગુરૂમહારાજના વચનથી પ્રબોધ પામી એ બન્નેને મેં મારા હિત કરનાર તરીકે ઓળખ્યા અને તેમને તે ભાવે મેં ગુરૂવચનથી જાગ્રત થઇને સ્વીકાર્યા.—

અગાઉ હું જ્યારે વિબુધાલયમાં હતો ત્યારે વેદનીય[2] રાજાના

---

૧ **સદાગમ સમ્યગદર્શન**ની મિત્રતા સાતમા પ્રસ્તાવમાં બહુ પ્રસંગે વ્યક્ત કરી છે, તે હોય અને ન હોય ત્યારે શું થાય તે પણ જોઇ ગયા છીએ. ખાસ કરીને જુઓ પ્રકરણ ૧૬ મું પૃ. ૧૮૨૩-૪ વિગેરે. સદાગમની અસરમાટે અને અસરની ગેરહાજરી માટે જુઓ પૃ. ૧૮૨૩.

૨ **સાતરાજા**. વેદનીયકર્મ. સુખનો-તંદુરસ્તીનો અનુભવ કરાવે ત્યારે શાતાનું જોર હોય છે, દુઃખનો અનુભવ કરાવે ત્યારે અશાતાનું જોર હોય છે. આ સાત રાજા તે સુખનો-શારિરીક તંદુરસ્તીનો અનુભવ કરાવનાર છે. (જુઓ પ્ર. ૪. પ્ર. ૧૮).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખ્ય ભાયાત સાત ( સાતા ) નામના રાજાનો મારે બહુ પ્રસંગ થયો હતો. તે મારી ઉપર ઘણો સ્નેહ રાખતો હતો, મારી તરફ ઘણો પક્ષપાત રાખતો હતો અને મારા ઉપર બહુ આસક્ત રહેતો હતો. મારી સાથે વિબુધાલયમાં થયેલી મિત્રતા યાદ કરીને એ સાત નામનો રાજા મારી સાથે સપ્રમોદપુર નગરે આવ્યો હતો, પરંતુ એ અત્યાર સુધી છૂપો રહીને મને સુખનો સ્વાદ લેવરાવ્યા કરતો હતો. હવે જ્યારે મારા પેલા બે મિત્રોનો બંધુ તરીકે મારે સંબંધ થયો ત્યારે એ સાત રાજા પણ ઉઘાડી રીતે મને ભેટી પડ્યો અને ત્યાર પછી સુખ મળવાની મારી જે યોગ્યતા હતી તેમાં અનંતગણો વધારો ગુરૂમહારાજ સમક્ષ જ થઇ ગયો અને ત્યાર પછી સાત રાજાની સહાય અને મૈત્રીથી મને સ્ત્રી અને રત્નસમૂહની પ્રાપ્તિથી ઉત્પન્ન થયેલ સુખમાં અનંતગણો વધારો થયો[1]

મેં જેવી રીતે પેલા સદાગમ અને સમ્યગ્દર્શનને મારા મિત્ર તરીકે સ્વીકાર્યા તેવી જ રીતે તે જ વખતે મારી પત્ની મદનમંજરી અને મિત્ર કુલંધરે પણ તે બન્નેને મિત્ર તરીકે ગુરુરાજ સમક્ષ સ્વીકાર્યા. આવો સુંદર બનાવ જોઇને એ પવિત્ર મહાત્મા મુનિરાજ વધારે રાજી થયા અને ફરીવાર વધારે વધારે વિશુદ્ધ ધર્મદેશના દેવા લાગ્યા.

### ચિત્તવૃત્તિ અટવીમાં નવો બનાવ.
### મહામોહની સભામાં મોટો ખળભળાટ.
### ચારિત્રરાજની અવસર સાધવાની વિશાળેચ્છા.

સપ્રમોદપુરના આહ્લાદમંદિર ઉદ્યાનમાં ઉપર પ્રમાણે સુંદર બનાવો બનતા હતા તે વખતે વળી એક તદ્દન નવીન ઘટના બની આવી; હકીકત એવી બની કે ચિત્તવૃત્તિ અટવીમાં મહામોહ રાજા વિગેરે ઘેરો ઘાલીને પડ્યા હતા તેઓ કાંઇક પાતળા પડતા ગયા, નરમ થતા ગયા, ધ્રૂજતા ગયા અને ભયથી ઘેરો છોડી દઇને જરા દૂર જઇને બેઠા.

બહેન અગૃહીતસંકેતા ! તે વખતે ચારિત્રધર્મરાજને પોતાના મનમાં કાંઇક સંતોષ થયો હોય તેમ જણાયું અને તે સંતોષ જાહેર કરતાં તેઓએ પોતાના મંત્રી સદ્બોધને કહ્યું-"મંત્રીવર ! અત્યારે અવસર સારો પ્રાપ્ત થઇ ગયો હોય એમ મને જણાય છે, ઘણી વાતની અનુકૂળતા વધતી જતી હોય એમ દેખાય છે, તેથી અત્યારે તું પુત્રી

૧ શુદ્ધ માર્ગે જનારને શાતા વધારે થાય છે, માર્ગો સરળ થાય છે, પ્રમોદ વધે છે અને આનંદ આનંદ થાય છે. જ્ઞાન અને દર્શનના વધારા સાથે પુણ્ય પ્રકૃતિમાં વધારો થાય છે તેનું અત્ર દિગ્દર્શન થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્યાને લઇને ત્યાં પહોંચી જા. અત્યારે વખત બરાબર સાધી શકાશે એમ લાગે છે. અત્યારે તું સંસારીજીવ પાસે વિદ્યાને લઇને જઇશ તો ઘણો લાભ થવો સંભવે છેઃ એનું કારણ એ છે કે અત્યારે ચિત્ત-વૃત્તિ મહાઅટવી કાંઇક વધારે ઉજ્જવળ થઇ હોય એમ જણાય છે, આપણા ઉપર જે ઘેરો ઘાલવામાં આવ્યો હતો તે કાંઇક ઓછો થયો જણાય છે, આપણા શત્રુઓ જરા છેટા ગયા હોય એમ જણાય છે; આટલા માટે કર્મપરિણામ મહારાજાને પૂછીને તે જો રજા આપે તો દીકરી વિદ્યાને સાથે લઇને તું સંસારીજીવ પાસે જલ્દી જા. આપણા જાસુસોથી મને હમણા જ ખબર મળી છે કે કુમાર ગુણધારણ (સંસારીજીવ) અત્યારે કંદમુનિ સમક્ષ બેઠેલ છે, તેથી મને એમ લાગે છે કે બરાબર જો તું અત્યારે દીકરીને સાથે લઇને પહોંચી જઇશ તો તે તારો સ્વીકાર કરશે.”

### સદ્બોધ મંત્રીની યોગ્ય સલાહ.
### ગૃહિધર્મને ભાર્યા સાથે મોકલવાનો વિચાર.
### દ્રવ્ય અને ભાવધર્મ પર ઉપયોગી વિવેચન.

JAINSITE

મહા વિચારશીળ સદ્બોધ મંત્રીએ રાજાના વિચારો સાંભળ્યા, એટલે તેણે પોતાના મનમાં વિચારણા કરી લીધી, હકીકત પર લક્ષ્ય આપી દીધું અને યોગ્ય નિર્ણય કરી લીધો. પછી ચારિત્રરાજને જવાબ આપતાં નમ્ર ભાવે કહ્યું:-

“દેવ! આપશ્રીએ કહ્યું તે બરાબર છે. એમાં જરા પણ શંકા “જેવું નથી, પણ મારા ધ્યાનમાં એમ આવે છે કે આ બાબતમાં “હજુ પણ થોડો વખત પસાર કરી દેવો, બરાબર તકની રાહ જોવી “અને વાત જરા ઢીલમાં નાખવી. એનું કારણ હું આપશ્રીને જણાવું તે “પર આપ વિચાર કરો, પછી આપનો હુકમ થશે તેવી વ્યવસ્થા કરવામાં “આવશે. હકીકત એમ છે કે એ સંસારીજીવની પાસે હજુ કેટલાક “વખત તેના બે મિત્રો રહેનાર છેઃ એક તો પુણ્યોદય નામનો મિત્ર છે “અને બીજો સાત નામના રાજા તેના પર બહુ સ્નેહ રાખે છે અને “હજુ કેટલાક વખત સુધી એ બન્ને સ્નેહીઓ એને (સંસારીજીવને) “ભોગફળ આપશે, એ સંસારીજીવને પુણ્ય ઉદય હજુ ઘણો ભોગ-“વવાનો છે અને સાથે શબ્દાદિ સુખના લાભ મેળવવાનો છે. વળી “વાત એવી છે કે એ બન્ને મિત્રોને કુમાર ઉપર ઘણો પ્રેમ છે, તેથી “તેઓ શબ્દાદિ વિષયોનાં ઘણાં સુખો તેને ચખાડવા માગે છે અને તેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" ફરીને તેને તે બન્ને મિત્રો હજુ આગ્રહથી ઘરમાં રાખશે.[1] આ પ્રમાણે
" હકીકત હોવાથી જ્યાં સુધી એ બન્ને મિત્રોના કહેવા પ્રમાણે આચરણા
" અને વર્તના કરી સંસારીજીવ ઘરમાં રહે અને વળી શબ્દ વિગેરે સ્થૂળ
" વિષયોને સુખના હેતુભૂત સમજે ત્યાં સુધી મારે વિદ્યાને સાથે લઇ
" તેની પાસે જવું યોગ્ય લાગતું નથી. મારી સલાહ પ્રમાણે તો હાલ
" તુરત કુમાર ગૃહિધર્મને તેની ભાર્યા સાથે સંસારીજીવ (ગુણધારણ)
" પાસે જલ્દી મોકલી આપવો યોગ્ય છે. અત્યારનો સંસારીજીવનો વખત
" અને તેની આજુબાજુના સંયોગો જોતાં જો કુમારશ્રીને મોકલવામાં
" આવે તો તે ઘણું યોગ્ય થઇ પડશે અને જે કાર્ય સાધવાની આપ-
" શ્રીની ઇચ્છા છે તેને મદદ કરનાર (સાધક) પણ એ જ બાબત
" આગળ ઉપર થઇ આવશે. વળી તેમની ભાર્યા સદ્ગુણરક્તતા છે
" તે તો સંસારીજીવને બહુ ઇષ્ટ થઇ પડશે. મને તો લાગે છે કે કુ
" માર જો હાલ ત્યાં જાય તો તેના જવામાત્રથી જ ભાવપૂર્વક તેને પેલો
" ગુણધારણ આદરી લેશે, વધાવી લેશે અને સંબંધી કરી લેશે.

" એ પ્રમાણે બનવાનું કારણ મને એમ જણાય છે કે અગાઉ
" પણ જ્યારે જ્યારે પેલો સદાગમ એ સંસારીજીવની પાસે હતો ત્યારે
" ત્યારે તેણે આપણા કુમારશ્રીને દ્રવ્યથી ઘણીવાર જોયેલ છે, વળી
" અગાઉ પણ જ્યારે જ્યારે એ સંસારીજીવની પાસે સમ્યગ્દર્શન સે-
" નાપતિ હતો તે વખતે તે પણ આ આપણા કુમારશ્રીને સાથે લઇ
" જતો હતો કારણ કે એ આપણા સેનાપતિને કુમારશ્રી ગૃહિધર્મ
" ઉપર ઘણો વત્સળભાવ છે. સમ્યગ્દર્શન સંસારીજીવ પાસે ગયા પછી
" એથી નવ પલ્યોપમ[2] જાય ત્યારે અગાઉ પણ સંસારીજીવ ભાવપૂર્વક
" ગૃહિધર્મ કુમારને પોતાની સોબતમાં રાખવાનું સ્વીકારતો હતો.[3] વળી
" અગાઉ જ્યારે જ્યારે એ સંસારીજીવે સદાગમ અને સેનાપતિ(સમ્ય-
" ગ્દર્શન)ને ફરીવાર જોયા હતા ત્યારે ત્યારે તેણે આ કુમારશ્રી ગૃહિ-
" ધર્મને સ્વીકારેલ છે અને તેવી હકીકત અસંખ્ય વાર બની ગઇ છે.

---

૧ ભોગાવળી કર્મનો ઉદય એને સંસારમાં રાખશે. શુભ કર્મ પણ ભોગવ્યા વગર ચાલતું નથી એ બાબત પર અત્ર વિવેચન છે, એ બેડી સોનાની છે પણ આખરે તે બેડી જ છે.

૨ પલ્યોપમના પ્રમાણ માટે જુઓ ચતુર્થ કર્મગ્રંથ. અસંખ્ય વર્ષે એક પલ્યોપમ થાય છે.

૩ પલ્યોપમ પૃથકત્વ કાળ સમ્યગ્દર્શન રહ્યા પછી ગૃહસ્થધર્મ જરૂર આવે. એક વાર વિકાસ થયા પછી પાછો પડે તો પણ તેટલે ચઢવાના પ્રસંગ બહુધા જરૂર પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વળી હાલમાં એ ગુણધારણ મારી વધારે પાસે આવતો જાય છે તો "આ કુમારશ્રીને તેની પાસે જવાની વિશેષ અનુકૂળતા થશે. માટે "મારી સલાહ પ્રમાણે તો કુમારશ્રી ગૃહિધર્મ હાલ તેની પાસે જાય, "તેને પોતાના ગુણોથી વિશેષ રાજી કરે અને જ્યારે એને રંજનતા "થઇ જશે ત્યારે મારે અને મારા જેવા બીજાએ પણ ત્યાં જવાનો "વખત આવી લાગશે.[1]

"વળી એક બીજી હકીકત પણ વિચારવા જેવી છે અને તે એ "છે કે અત્યારે કુમારશ્રી ગૃહિધર્મ ત્યાં જશે તો મહામોહ વિગેરે આ-"પણા શત્રુઓને વધારે ત્રાસનું કારણ જરૂર થઇ પડશે અને ચિત્ત-"વૃત્તિ અટવી વધારે વિશુદ્ધ થશે. આ ગૃહિધર્મ કુમારશ્રી ત્યાં હોવાથી "તે બાજુમાં રહી સંસારીજીવને તેમ કરવા વારંવાર પ્રેરણા કર્યા કરશે "અને તેથી સંસારીજીવ આપણને જોવાની ઇચ્છાથી આપણી સન્મુખ "થતો જશે. વળી એ કારણોને લઇને એના આત્માને વધારે વધારે "શાંતિ અને સુખ થતાં જશે, એના મનમાં વધારે વધારે સંતોષ થતો "જશે, એનાં કર્મો પાતળાં પડતાં જશે અને એને સંસાર ચકરાવાનો "ભય મટી જશે. ગૃહિધર્મના એ ચારે મોટા ગુણો છે.[2] આ પ્રમાણે

---

૧ આ આખી હકીકત બહુ વિચારવા યોગ્ય છે. એકલા જ્ઞાનથી ગૃહિધર્મ દ્રવ્યથી આવે છે, **સમ્યગ્દર્શનના** સહયોગથી થોડો વખત અવિરતિ ભાવ રહે છે અને પછી દ્રવ્ય શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. જ્ઞાનદર્શનનાં સામાન્ય યોગથી ગૃહિ-ધર્મ અસંખ્યવાર આવે છે અને જાય છે. જ્યારે આદરપૂર્વક ગૃહિધર્મ સ્વીકારાય, સદ્બોધપર પ્રેમ થાય, એમાં આત્મરંજન થાય, એમાં વિશ્રામ થાય, ત્યારે પછી ખરો બોધ થાય છે અને પછી ભાવથી ગૃહિધર્મ સ્વીકારાય છે. આ સર્વ વાત અત્યંત અસરકારક રીતે વાર્તાના રૂપમાં કહી નાખી છે.

૨ આ ચારે ગુણો ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે:—

(૧) **ચેતનની સુખાસિકા:** આત્મા સ્વગુણમાં રમણતા કરે ત્યારે તેને અદ્ભુત આનંદ થાય છે, તે મહાસુખ અનુભવે છે-આ આત્માને અંગે વાત થઇ.

(૨) **મનમાં સંતોષ:** મૂર્છા વગરનું અથવા અલ્પ મૂર્છાવાળું મન બહુ નિ-રાતમાં હોય છે, એની દોડાદોડી ઘટતી જતી હોય છે-આ મનને અંગે વાત થઇ.

(૩) **કર્મની પાતળાશ:** સંસારમાં રખડાવનાર કર્મો છે, એ દરેક સમયે પ્રાણી એકઠાં કરે છે, એમાં જ્યારે આવક ઘટે ત્યારે હોય તે કર્મો પાતળાં પડતાં જાય છે અને સંસાર ઘટવાને અંગે મહાન્ લાભ પ્રાપ્ત થાય છે.

(૪) **ભવભીતિનો અભાવ:** સંસાર વૃદ્ધિની બીક ભારે જબરી છે, સર્વ દુ:ખો સંસારને લઇને છે અને સમજુને તેનો ભય બહુ લાગે છે. માર્ગે આવી ભાવથી ગૃહિધર્મ આદરનારને પછી સંસારની બીક રહેતી નથી.

ગૃહિધર્મના આ ચારે ગુણો બહુ મનન કરવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" હકીકત હોવાથી હાલ ગૃહિધર્મને ત્યાં મોકલી આપો, ત્યાર પછી " અવસર જોઇને આપણે સર્વે તેની પાસે જશું."

## ગૃહિધર્મ આદર.

મંત્રીનું એવું વચન સાંભળીને રાજાએ વિચાર કર્યો, તેમને મંત્રીની સલાહ ઘણી યોગ્ય અને વખતસરની લાગી, એ વિચારમાં તેમણે નિર્મળતા જોઇ અને પછી તુરત વ્યવસ્થા કરીને પોતાના નાના પુત્ર ગૃહિધર્મને મોકલી આપ્યો. ગૃહિધર્મના જવાની બાબતમાં પ્રથમ કર્મપરિણામ રાજાની રજા મેળવવામાં આવી અને તેના હુકમથી ગૃહિધર્મ મારી ( **સંસારજીવ-ગુણધારણની** ) પાસે આવવા નીકળ્યો. જે વખતે આહ્લાદમંદિરમાં હું કુંદમુનિ સમક્ષ બેસીને વ્યાખ્યાન સાંભળતો હતો તે જ વખતે તે મારી પાસે આવી પહોંચ્યો અને મુનિરાજે તેને પ્રગટ કર્યો.[1] ગુણરક્તતા ભાર્યા પણ તેની સાથે હતી, વળી બીજા બાર મનુષ્યો[2] પણ તેની સાથે હતા અને એ સર્વેને મેં તે જ વખત મુનિમહારાજ સમક્ષ સ્વીકાર્યા, વધાવ્યા, આદર્યા. વળી તે જ વખતે કુલંધરે પણ એ ગૃહિધર્મ કુમારને, તેની પત્ની ગુણરક્તતાને અને તેના બારે મનુષ્યોને સ્વીકાર્યા. અમને તે વખતે ઘણો આનંદ થયો.

---

૧ મને શ્રાવકધર્મ સંભળાવ્યો.

૨ હકીકતનો ભાવાર્થ એ છે કે તે વખતે ગુણધારણ કુમારે **ગૃહસ્થધર્મ** આદર્યો. ગૃહસ્થધર્મમાં **બાર વ્રત** આદરવાનાં હોય છે તે બાર મનુષ્યો **સમજવાં. એ** બાર વ્રતનું સ્વરૂપ બહુ વિસ્તારથી **સમજવા** યોગ્ય છે તે માટે **જુઓ બાર વ્રતની** ટીપ, શ્રાદ્ધવિધિ વિગેરે ગ્રંથો. અત્ર માત્ર તેનો ખ્યાલ લાવવા માટે **સંક્ષેપમાં** તેનું સ્વરૂપ આપ્યું છે. કાંઇક વિવેચન પ્રસ્તાવ ૪ પ્રકરણ ૩૫ માં પણ થઇ ગયું છે.

૧ **સ્થૂળ પ્રાણાતિપાતવિરમણ**—સ્થૂળ હિંસાનો ત્યાગ. શ્રાવક **સર્વથા** હિંસાનો ત્યાગ કરી શકતો નથી, પણ નિરપરાધી ત્રસ જીવને **સંકલ્પ** પૂર્વક નિરપેક્ષપણે મારવાનો નિષેધ અંગીકાર કરી શકે છે અને બની શકે તેટલો વધારે ત્યાગ કરવાની ભાવના રાખે છે.

૨ **સ્થૂળ મૃષાવાદવિરમણ**—અસત્ય બોલવાનો ત્યાગ. આ પણ સ્થૂળથી બને છે, પાંચ મોટાં જુઠાં, ખોટી સાક્ષી, ખોટા દસ્તાવેજ બનાવવા વિગેરે સર્વનો શ્રાવકને ત્યાગ હોય છે.

૩ **સ્થૂળ અદત્તાદાનવિરમણ**—કોઇ પણ વસ્તુને ધણીની રજા વગર ઉપાડવી લઇ લેવી તેને ચોરી કહે છે. દાણચોરી, ક્રયવિક્રયમાં ઓછા તોલ, અલ્પ માન વિગેરે સર્વનો સમાવેશ આ વ્રતમાં થાય છે.

૪ **સ્વદારાસંતોષ**—પરસ્ત્રી ગમન વિરમણ-વિધવા, વેશ્યા, પરસ્ત્રી. કુમારિકા એ સર્વ સાથે વિષયસંબંધ કરવાનો અત્ર નિષેધ થાય છે, તેમજ

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર પ્રમાણે ગૃહિધર્મનો સ્વીકાર કર્યા પછી મેં અગાઉ વિચાર કરી રાખ્યો હતો તે સ્વપ્નમાં આવેલ ચાર અને પાંચ મનુષ્યો સંબંધી મારો સંદેહ કંદમુનિને પૂછયો. મેં ગુરૂમહારાજને સ્વપ્નસંબંધી સર્વ હકીકત જણાવી, કનકોદરને અને કુલંધરને સ્વપ્ન આવ્યાં તેમાં ફેર

સ્વપ્ન વિચાર. કેવળી ગમ્ય.

---

સ્વસ્ત્રી સંબંધી પણ નિયમ કરી શકે છે. ઉચ્ચ વર્તન રાખવાની અત્ર ખાસ સૂચના છે અને નિર્ણય છે.

૫ **પરિગ્રહપ્રમાણ**—ધન, ધાન્ય, સ્થાવર મિલ્કત, ફરનીચર, ઠામ વાસણ વિગેરેનું પરિમાણ કરવું, હદ બાંધવી, વધારે મેળવવા ઇચ્છા ન કરવી, પ્રયાસ ન કરવો, મળી જાય તો યોગ્ય ધર્મક્ષેત્રમાં દેશકાળ જોઇ વાપરવા એ પંચમ વ્રત છે. આ **પાંચ અણુવ્રત** કહેવાય છે.

૬ **દિગ્પરિમાણ**—ચારે દિશાએ ઉપર અને નીચે કેટલી હદ સુધી જવું, મુસાફરી કરવી તેનો નિર્ણય કરવો એ છઠ્ઠું વ્રત છે.

૭ **ભોગોપભોગપરિમાણ**—ખાવા પીવા વાપરવાની વસ્તુઓમાં જીવવ્યાપ્ત, અતિ જીવવ્યાપ્ત, અનંત જીવવ્યાપ્ત વસ્તુઓનો વિવેક કરવો, અનંત જીવાકુળ વસ્તુઓનો ત્યાગ કરવો, વાશી દ્વિદળ વિગેરેનો ત્યાગ કરવો, રાત્રીભોજન ન કરવું. ઉપરાંત મહા આરંભના કર્માદાનના વ્યાપારો ન કરવા, તુચ્છ વ્યાપાર ન કરવા, જીવ વ્યાપાર ન કરવા એ સર્વ બાબતોનો અત્ર સમાવેશ થાય છે.

૮ **અનર્થદંડવિરમણ**—નકામાં પાપો ન કરવાં, નાટક સીનેમા જોવાં નહિ, ખોટી સલાહ આપવી નહિ, લોકોને અંદર અંદર ભળાવી મારવા નહિ, આળસ કરવું નહિ, રાજકથા દેશકથા કુથળી કરવી નહિ વિગેરે. આ વિનાકારણનાં પાપો છે. છેલ્લા **ત્રણને ગુણવ્રત** કહેવામાં આવે છે.

૯ **સામાયિકવ્રત**—બે ઘડિ સુધી શાંત ચિત્તે જ્ઞાન ધ્યાનમાં મગ્ન રહી સંસારને ભૂલી જવો, પરમાત્મ તત્ત્વ વિચારણા કરવી, શાંતિનો અનુભવ કરવો, સાધુધર્મની વાનકી ચાખવી.

૧૦ **દેશાવગાસિકવ્રત**—અમુક દિવસને માટે દિગપરિણામ કરેલ હોય તેમાં પણ સંકોચ કરવો અને દશ સામાયિક કરવા.

૧૧ **પૌષધવ્રત**—અર્ધો કે આખો દિવસ સામાયિક ( જુઓ ઉપર નં. ૯ ) કરવું, આત્મસાક્ષાત્કાર કરવો, અનુભવની જાગ્રતિ કરવી, સાધુધર્મની ભાવના ભાવવી અને વિશેષ સ્વાદ લેવો, સંસારપ્રપંચનો ટુંક વખત માટે ત્યાગ કરવો, યથાશક્તિ તપ કરવો, આહાર પૌષધ, શરીર સત્કાર ત્યાગ પૌષધ, અવ્યાપાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ એ ચાર પ્રકારે પૌષધ થાય છે. એ ચારે પ્રકારો અંગીકાર કરી ધર્મધ્યાનમાં મશગૂલ રહેવું.

૧૨ **અતિથિસંવિભાગવ્રત**—ભોજનકાળે પોતાને ઘેર આવેલ મહાત્મા સાધુઓનો ભોજન, વસ્ત્ર, પાત્રાદિવડે સત્કાર કરવો, શ્રાવકોને ભોજનાદિ સહાય કરવી, આદરાતિથ્ય કરવાં. છેલ્લા **ચાર** વ્રતને **શિક્ષાવ્રત** કહે છે.

૫૫

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડ્યો હતો તે જણાવ્યો અને તેની અંતર્ગત રહેલ ભાવાર્થ જાણવાની મારી જિજ્ઞાસા ગુરૂમહારાજ સમક્ષ રજુ કરી. કંદમુનિએ મારી સર્વ હકીકત સાંભળી મને કહ્યું "ભાઇ ગુણધારણ ! તારાં સ્વપ્નનો ભાવાર્થ અતીંદ્રિય જ્ઞાની ગુરૂ વગર બીજો કોઇ કહી શકે એમ નથી. મારા ગુરૂમહારાજ નિર્મળસૂરિ નામના પોતાના કેવળજ્ઞાન રૂપ પ્રકાશથી સૂર્ય સમાન છે, પણ અત્યારે તેઓશ્રી દૂર દેશમાં વિહાર કરે છે. જ્યારે તેઓશ્રીના પાદવંદન કરવા હું જઇશ ત્યારે તારો સંદેહ તેમને પૂછીશ. મારી ખાત્રી છે કે બન્ને સ્વપ્નને અંગે તારા મનમાં જે સંદેહ થયો છે તેનો તેઓશ્રી બરાબર ખુલાસો કરી આપશે, તેઓ મહા જ્ઞાની હોવાથી સ્વપ્નનો અંદરનો આશય બરાબર સમજાવશે."

મેં જવાબમાં કહ્યું "ભગવન્! જો આપના ગુરૂમહારાજશ્રી નિર્મલાચાર્ય જાતે જ અહીં કોઇ પણ રીતે પધારે તો કેવું સારૂં થાય!"

પ્રેરણા અને વિહાર.

કંદમુનિએ મને જવાબ આપતાં કહ્યું "હું તારાં વચનથી ગુરૂમહારાજ પાસે જઇશ અને તેઓશ્રીને અહીં પધારવા ખાસ વિજ્ઞપ્તિ કરીશ અને મારી ખાત્રી છે કે તેઓશ્રી જાતે અહીં પધારીને તારા મનોરથો પૂરા કરશે. અથવા તો મને એમ પણ લાગે છે કે તેઓશ્રીનો આત્મા કેવળજ્ઞાનના પ્રકાશથી સર્વ ભાવનો જાણકાર હોવાથી તારા મનના ભાવ જાણીને મારી વિજ્ઞપ્તિ વગર જ જાતે અહીં ચાલ્યા આવશે. તેઓશ્રી પધારે દરમ્યાન તારે હાલ તુરત સદાગમ ઉપર સમ્યગ્દર્શન ઉપર અને તે બન્ને સાથે આ ગૃહિધર્મકુમાર ઉપર બહુ આદર રાખવો."

ગુરૂ મહારાજનાં એ છેલ્લાં સુંદર વચનોને મેં અત્યંત આદરથી વધાવી લીધાં અને મુખેથી કહ્યું 'ભગવન્! બહુ કૃપા થઇ.' મારી સ્ત્રીએ પણ ભગવાનનાં વચનને સ્વીકાર્યું. ગુરૂમહારાજને વારંવાર વંદન કરીને હું અને મારી સ્ત્રી ત્યાર પછી ઉદ્યાનમાંથી અમારા રાજભુવને ગયા.

મહાત્મા કંદમુનિ પણ બીજા અનેક મુનિવરો સાથે પોતાના ગુરૂ શ્રીનિર્મળાચાર્યને વંદન કરવા સારૂ ત્યાંથી વિહાર કરી ગયા.

### ગુણધારણનું રાજ્ય.

ભદ્રે અગૃહીતસંકેતા ! ત્યાર બાદ કેટલોક વખત ગયા પછી ધર્મનું આસેવન કરી સમાધિમરણે મારા પિતા મધુવારણ પરલોક સીધાવ્યા. ત્યાર પછી મારા ભાયાતો મંત્રી અને સેનાપતિએ સાથે મળી અત્યંત હોંસથી અને મહા આનંદથી મારો રાજ્યાભિષેક કર્યો, તે વખતને યોગ્ય સર્વ ધામધૂમો કરવામાં આવી અને સર્વે ઘણા રાજી થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી રીતે મને રાજ્ય પ્રાપ્ત થયું, આખું રાજ્યમંડળ મારૂં પ્રેમી થયું, મારા શત્રુઓ સર્વ મારા દાસ થઇ ગયા અને વિદ્યાધરો મારે વશ થયા. વાત એટલે સુધી થઇ કે દેવતાઓ પણ માથું નમાવીને મારી આજ્ઞામાં વર્તવા લાગ્યા અને મારો ખજાનો અને મારી આજ્ઞા તેમજ મારી સંપતિઓ સર્વ પ્રકારે વધતી ચાલી. એક પણ વખત મારે ધનુષ્યને વાળવું ન પડ્યું, એક પણ વખત આંખોને ક્રોધથી લાલ કરવી ન પડી, છતાં પણ મારૂં રાજ્ય નિષ્કંટક થઇ ગયું. આવી રીતે અત્યંત સુખસમૂહનાં કારણ પ્રાપ્ત થયાં છતાં પણ મારૂં મન એમાં જરા પણ આકુળ થયું નહિ, એમાં જરા પણ આસક્ત થયું નહિ, એમાં જરા પણ રાચ્યું માચ્યું નહિ, હું તો સદાગમમાં અહોનિશ ઉદ્યોગ કરવા લાગ્યો, સમ્યગ્દર્શન તરફ નિરંતર તૈયાર રહેવા લાગ્યો, પુણ્યોદયને સાથે રાખીને ગૃહિધર્મમિત્રનો આદર વખતોવખત કરવા લાગ્યો અને સાત રાજા મને વારંવાર આહ્લાદ કરતા ગયા. એવી રીતે પત્ની મદનમંજરી અને મિત્ર કુલંધર સાથે ઉપરના ઉદ્યમ અને તત્પરતા દાખવતાં દેવો જેમ સ્વર્ગમાં સુખ ભોગવે તેમ મેં અનેક સુખો અનુભવ્યાં. આનંદસાગરસામ્રાજ્યમાં ડૂબકી મારતાં મારો ઘણો કાળ પસાર થઇ ગયો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
જૈન સાઇટ

# પ્રકરણ ૫ મું.

## નિર્મળાચાર્ય-સ્વપ્નવિચાર.

એક દિવસ કલ્યાણ[1] નામનો મારો સેવક મારી પાસે આવ્યો, મને નમ્યો અને પછી વિનયપૂર્વક બોલ્યો 'દેવ! નમ્યો દેવ અને દાનવોથી પૂજિત અચિંત્ય મહિમાવાળા મહાભાગ્ય **નિર્મળ** નામના આચાર્યમહારાજા આહ્લાદમંદિર ઉદ્યાનમાં પધાર્યા છે અને તે બાબતના સમાચાર આપશ્રીને કહેવા હું અત્ર હાજર થયો છું.

૧ આ **કલ્યાણ મિત્રનો** (ધર્મનો) યોગ સમજાય છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

### સૂરિ આગમન સમાચારથી આનંદ.
### સમાચાર આપનારને મોટું ઇનામ.
### સૂરિ દર્શને રાજા, વિધિપૂર્વક વંદન.

દાસનું આ વચન સાંભળી મને વર્ણવી ન શકાય તેટલો આનંદ થયો, એના કલ્લોલથી હું જાણે મારા શરીરમાં સમાતો ન હોઉં, મારા રાજમંદિરમાં સમાતો ન હોઉં, મારા નગરમાં સમાતો ન હોઉં, અરે આખા ત્રણ જગતમાં સમાઇ શકતો ન હોઉં તેમ હર્ષથી વધવા લાગ્યો. મારા મનમાં આનંદ આનંદ થઇ રહ્યો. આવા સુંદર સમાચાર આપનાર એ મારા સેવકને એક લાખ સોના મહોર અને મારા શરીર પરનાં સર્વ આભૂષણો ઇનામમાં આપી દીધાં અને તેને રાજી કરી વિદાય કર્યો.

પછી અત્યંત આદરપૂર્વક મારા મિત્ર કુલંધરને અને ભાર્યા મદનમંજરીને સાથે લઇને સૂરિમહારાજને વંદન કરવા સારૂં હું નગર બહાર તુરત નીકળ્યો.

સુંદર સોનાથી ઝગઝગાયમાન થઇ રહેલા દેવતાઓએ બનાવેલા એક અતિ સુંદર કમળ ઉપર બેઠેલા એ સૂરિમહારાજને મેં જોયા. વળી તે મહાત્મા મહાભાગ્યવાન્ સૂરિમહારાજની આજુબાજુ અનેક મુનિઓ, અનેક દેવો, અનેક દાનવો અને અનેક વિદ્યાધરો મર્યાદા પૂર્વક બેઠા છે, સર્વનાં મસ્તક નમી રહ્યાં છે અને તે સર્વને કેવળી ભગવંત સુંદર ધર્મદેશના આપી રહ્યાં છે-એ પ્રમાણે મેં દીઠું.

સૂરિમહારાજના દૂરથી દર્શન થતાં અત્યંત આનંદથી મને આખે શરીરે રોમાંચ વિકસ્વર થઇ આવ્યાં, મારી સાથે બીજા નાના પટાવત, રાજાઓ હતા તેમણે અને મેં અત્યંત ભક્તિપૂર્વક રાજ્યનાં પાંચ ચિહ્નો છોડી દીધાં: એટલે કે અમે છત્ર, તરવાર, મુગટપરનું મોડિયું, વાહન અને ચામરને મૂકી દીધાં,[1] ઉત્તરાસંગ[2] ધારણ કર્યું અને સૂરિમહારાજના

---

૧ **પાંચ રાજ્યચિહ્ન:** શ્રીદેવવંદન ભાષ્યમાં દેવવંદન પ્રસંગે પાંચ ચિહ્નો વર્જવાની વાત કરી છે ત્યાં વાહનને સ્થાને ઉપાનહ કહેલ છે. ( જુઓ દેવવંદન ભાષ્ય ગાથા ૨૧ મી. ) દેવ કે ગુરૂ પાસે જાય ત્યારે રાજાનો આચાર છે કે એણે રાજ્યચિહ્નો તજી દેવાં જોઇએ. પાંચ અભિગમ જાળવવાના પ્રસંગે આ વાત કરી છે અને વિવેકસરની તે વાત લાગે છે. એમાં મુગટ સંબંધી જરા ખુલાસો કરવા યોગ્ય છે. મુગટ ઉતારી રાજા ઉઘાડે માથે જતાં હોય એમ લાગતું નથી, પણ મુગટની ઉપર મોડિયું હોય છે તે ઉતારી નાખે છે. ખરૂં રાજ્યચિહ્ન એ મોડિયું છે.

૨ **ઉત્તરાસંગ:** એકપટું વસ્ત્ર લઇ આખા વસ્ત્રને ડાબા ખભા પર વીંટાળવું [ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]અવગ્રહમાં હું દાખલ થયો. મારી સાથે આવેલાં સર્વ પણ અવગ્રહમાં આવ્યા. પછી મેં વિધિપૂર્વક સૂરિમહારાજને [2]દ્વાદશાવર્ત્ત વંદન કર્યું અને યોગ્ય ક્રમ[3] પ્રમાણે બીજા મુનિઓને મેં વંદના કરી. કેવળી મહારાજ અને સાધુઓ પાસેથી 'ધર્મલાભ'નો આશિર્વાદ મેળવીને વળી ફરીવાર

---

જમણો હાથ ઉઘાડો રાખવો તેને ઉત્તરાસંગ કરવું કહેવાય છે. પાંચ અભિગમમાં એ ચોથું અભિગમ છે.

આ પ્રસંગે **પાંચ અભિગમ**નાં નામ જણાવી દેવા પ્રાસંગિક છે. તે નીચે પ્રમાણે છેઃ—

૧ મંદિરે જતાં સચિત્ત દ્રવ્ય હોય તેનો ત્યાગ કરવો.
૨ મંદિરે જતાં પૈસા વસ્ત્રાદિ અચિત્ત દ્રવ્ય હોય તે પાસે રાખવાની અનુજ્ઞા.
૩ મંદિરે જતાં ચિત્તની એકાગ્રતા કરવી, બીજા વ્યાપારમાં પડી જવું નહિ.
૪ એક સાડી ઉત્તરાસંગ કરવું.
૫ જીનેશ્વરને દૂરથી જોતાં બે હાથ જોડી મસ્તકે લગાડવા-અંજલિબદ્ધ પ્રણામ કરવા.

૧ **અવગ્રહ:** હદ. બે પ્રકારનો હોય છેઃ સાડા ત્રણ હાથ અને તેર હાથ. સ્વ-પક્ષ અને પરપક્ષને અંગે આ વિભાગ છે. સાધુ સાધુમાં અને સાધુ શ્રાવકનો એક પક્ષ છે, સાધ્વી સાધ્વીમાં અને સાધ્વી શ્રાવિકાનો બીજો પક્ષ છે. અંદર અંદર એ સ્વપક્ષ છે અને એક બીજાની અપેક્ષાએ પરપક્ષ છે. સ્વપક્ષનો અવગ્રહ સાડા ત્રણ હાથનો છે, પરપક્ષનો અવગ્રહ તેર હાથનો છે. સાધુ પાસે શ્રાવક જાય તો તેણે સાડા ત્રણ હાથ દૂર રહી વંદન કરવું, રજા મળે તો અંદર જવું, શ્રાવિકા સાધુ પાસે જાય તો તેર હાથ દૂર રહેવું. આવી રીતે શ્રાવક સાધ્વી પાસે જાય તો તેને પણ તેર હાથનો અવગ્રહ છે. (જુઓ ગુરૂવંદન ભાષ્ય. ગાથા ૩૧).

૨ **દ્વાદશાવર્ત્ત વંદન:** દ્વાદશાવર્ત્ત વંદન સર્વથી ઉત્કૃષ્ટ વંદન ગણાય છે એ વંદન આચાર્ય ઉપાધ્યાય વિગેરે પદપ્રતિષ્ઠિતને હોયછે. એ વંદન કરતાં પચ્ચીશ આવશ્યક જાળવવાનાં છે, શરીરવ્યાપારને બહુ ચોક્કસ રીતે નિયમિત કરવાનો છે, ત્રણ ગુપ્તિઓ જાળવવાની છે, બે વાર અંદર પ્રવેશ કરવાનો છે અને એક વાર બહાર નીકળવાનું છે, ગુરૂમહારાજને અમુક છ સવાલો પૂછવાના છે અને તેના ગુરૂમહારાજ પાસેથી ઉત્તર મેળવવાના છે. એકંદર જોઇએ તો મોટી વિધિથી ગુરૂ-વંદન કરવાનું છે. એનો આખો વિસ્તાર શ્રીગુરૂવંદન ભાષ્યમાં કરેલો છે, તે બહુ વિચાર કરીને સમજવા યોગ્ય છે. એની વ્યવસ્થામાં વપરાયેલ દીર્ઘદૃષ્ટિનો ખરો ખ્યાલ આવે તેવી તે બાબત છે.

૩ **યોગ્યક્રમ:** શાસ્ત્રમર્યાદા વિચારવા યોગ્ય છે. પદસ્થ સિવાય દીક્ષાપર્યાય પ્રમાણે વંદન કરવાનું હોય છે, વધારે સમય દીક્ષામાં ગાળેલ હોય તેને પ્રથમ વંદન કરવાનું હોય છે. નાના મોટા સર્વે સાધુને સાધ્વીએ નમવાનો ક્રમ છે. આ-જના દીક્ષિત સાધુને વર્ષો પહેલા દીક્ષા લેનાર સાધ્વીએ નમવું જ જોઇએ એવી આજ્ઞા છે. લઘુ વડીલ ક્રમ જાળવવામાં ગુણધારણે વિવેક વાપર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરીશ્વરમહારાજને નમીને આખા પરિવાર સાથે શુદ્ધ નિર્જીવ જમીન તપાસીને હું બેઠો, મારા મનમાં તે વખતે ઘણો આનંદ થયો અને મારો અંતરાત્મા પ્રસન્ન થયો. ગુરૂમહારાજ શ્રીનિર્મળાચાર્યે ભવ્ય જીવોના કર્મરૂપ વિષને ઉતારનાર અમૃતના ઝરણા સમાન દેશના આપવાનો આરંભ કર્યો.

## નિર્મળાચાર્યકૃત દેશના.
### ચક્રભ્રમણમાં અંતે દુઃખ.
### સાધુતામાં જ ખરૂં સુખ.

"ભવ્ય પ્રાણીઓ! આ સંસારચક્ર જે નિરંતર ભ્રમણ કર્યા જ "કરે છે અને જે અનેક પ્રકારનાં ભયંકર દુઃખોથી ભરપૂર છે, તેમાં "ધર્મ સિવાય બીજી કોઇ વસ્તુ શરણયોગ્ય નથી, આધારભૂત નથી, "વિશ્રામસ્થાન આપે તેવી નથી. [1]એ સંસારચક્રમાં જન્મ થાય છે "તે મરણ માટે થાય છે, એમાં શરીર પ્રાપ્ત થાય છે તે રોગોનું કા-"રણ હોય છે, એમાં જુવાની આવે છે તે વૃદ્ધાવસ્થાની કારણભૂત "હોય છે અને એમાં જે કાંઇ મેળાપ-સમાગમ થાય છે તે આખરે "વિયોગને માટે જ હોય છે-વિયોગમાં જ પરિસમાપ્તિ પામે છે, "એમાં અનેક પ્રકારની સંપત્તિઓ (સ્થૂળ) મળે છે તે સર્વ વિપ-"ત્તિઓની-દુઃખોની નિમિત્તભૂત છે. સંસારમાં આવી રીતે જે શરીર, "યુવાવસ્થા, મેળાપ અને સંપત્તિઓની મોટી કિંમત અંકાય છે તે સર્વ "દુઃખને માટે થાય છે તેથી એમ જણાય છે કે પ્રાણીઓના સંબંધમાં "આવતી સાંસારિક એક પણ વસ્તુ એવી નથી કે જે [2]એનાં દુઃખને "માટે થતી ન હોય, એ સંસારચક્રમાં જે જે સ્થૂળ વસ્તુઓ છે તે "તે સર્વ પ્રાણીઓને દુઃખનું જ કારણ છે. આ પ્રમાણે હકીકત હોવાથી "સંસારના પદાર્થોમાં સુખ મેળવવાનો પ્રયત્ન કરવો એ માત્ર ઝાંઝ-"વામાંથી જળ મેળવવાની આશા જેવું છે. ત્યારે સુખ ક્યાં છે અને "સુખી કોણ છે? સંસારનો પાર પામી જે મહાત્માઓ અમૂર્ત્ત દશામાં[3] "આવી ગયેલા છે, જેઓ સર્વ ભાવને જાણી રહ્યા છે, જેઓ ત્રણ "લોક (ઉર્દ્ધ, અધો અને તિર્યગ્ લોક)થી ઉપર ચાલ્યા ગયા છે, જે-"ઓએ સર્વ સંગનો ત્યાગ કર્યો છે, તેઓ જ માત્ર સુખનો અનુભવ "કરી રહ્યા છે, એ મહાત્માઓને રાગદ્વેષ અજ્ઞાન મૂર્છા વિગેરે બધે-

૧ मरणाय भवेज्जन्म, कायो रोगनिबन्धनम्। तारुण्यं जरसो हेतु वियोगाय समागमः॥

૨ અહીં એ. સો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૧૧૨૬ શરૂ થાય છે.

૩ અમૂર્તઃ આ સર્વ સિદ્ધ જીવોનું વર્ણન છે, કર્મક્ષય કરી પરમાત્મ દશાને પ્રાપ્ત કરનાર મહાત્માઓનું વર્ણન છે. અમૂર્ત્તઃ એટલે અરૂપી, મૂર્ત્તિ-આકાર વગરના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ડાઓ નાશ પામી ગયેલા હોય છે, એમને સર્વ પ્રકારની બાધા પીડા
"નાશ પામી ગયેલ હોય છે અને એમનાં સર્વ સત્કાર્યો સિદ્ધ થઇ
"ગયેલાં હોય છે. આવા મહાત્માઓને કેવું સુખ હોય છે એનું શું વર્ણન
"કરી શકાય? એના પર કેટલું વિવેચન થાય?

"આ પ્રમાણે સંસાર ચક્ર-સંસાર લોક અને સિદ્ધ લોકની હકી-
"કત છે. હવે જરા વધારે વિચાર કરો તો તમને જણાશે કે જો
"પ્રાણીનો આ સંસારમાં જન્મ જ ન થાય તો પછી જરા અને મરણ
"પણ વગર કહ્યે જ અટકી જાય, કારણ કે જન્મનાર પ્રાણી જ વૃદ્ધ
"થાય છે કે મરે છે પણ જન્મરૂપ કારણનો જ નાશ થઇ જાય તો
"પછી દુઃખદાયી પરવશપણું અને ત્રાસ ઉત્પન્ન કરનાર જરા અને
"મરણનો પણ અભાવ થઇ જાય, અને જરા તથા મરણનો અભાવ
"થઇ જાય એટલે પછી સર્વ દુઃખોનો પણ અભાવ જ થઇ જાય.
"જ્યારે સર્વ દુઃખોનો અભાવ થઇ જાય ત્યારે શાશ્વત પરમાનંદ-નિરં-
"તરનું આંતરા વગરનું સુખ પ્રાપ્ત થાય. એટલા માટે સિદ્ધ જીવોને
"કોઇ પણ પ્રકારની બાધા પીડા અટકાયત વગરનું ચાલુ સુખ હમે-
"શને માટે રહ્યા કરે છે.

"આ તો સંસારથી પાર ગયેલાની વાત થઇ. સંસારમાં જોઇએ
"તો જે પુરૂષોએ બાહ્ય અને અંદરની ધન મિલ્કતનો ત્યાગ કર્યો છે,
"જેઓને આ સંસારરૂપ બંદિખાનામાં કોઇ પણ પ્રકારની કે કોઇની
"સ્પૃહા રહી નથી, જેઓ સર્વ પ્રકારનો સંતોષ રાખી-ધારીને બેસી
"ગયા છે અને પોતાના ધ્યાનયોગમાં મસ્ત રહે છે, જેઓ અહોનિશ
"સમતારૂપ અમૃતરસનું પાન કર્યા કરે છે, જેઓને કોઇ પણ વસ્તુ કે
"પ્રાણીનો સંગ ઇષ્ટ નથી, જેઓનો અહંભાવ તદ્દન નાશ પામી ગયો
"છે, જેઓનું અંતઃકરણ તદ્દન નિર્મળ થઇ ગયું છે, તેવા સાધુપુરૂષો
"જો કે શરીર ધારણ કરે છે તો પણ સુખી હોય છે-તેઓ જ માત્ર
"સંસારમાં સુખી છે, તે સિવાય બીજા કોઇ સુખી દેખાતા નથી.
"એક ખરેખરી ખૂબિની વાત તો એ છે કે આ સંસારમાં સર્વ પ્રા-
"ણીઓ સુખ મેળવવાની વાંછા કરે છે, હોંસ રાખ્યા કરે છે પરંતુ
"નિઃસ્પૃહતાની ભૂમિરૂપ એક સાધુપણા સિવાય બીજી કોઇ પણ જગ્યાએ
"તે સુખ છે નહિ, એટલે પછી જ્યાં સુખ છે જ નહિ ત્યાં તેને શોધવા
"પ્રયત્ન કરવો એમાં કાંઇ લાભ મળે એ ફોકટની આશા છે.

"તેટલા માટે હે સત્ત્વવાન્ પ્રાણીઓ! તમે વિચાર કરો, તપાસ
"કરો, નિર્ણય કરો, તમને જણાશે કે આ સંસારમાં સુખ હોય તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"સાધુપણામાં જ છે અને એ વાતની તમને પ્રતીતિ થતી હોય તો "આ અસાર સંસાર છોડી દઇ સાધુતા આદરો-સાધુતા પ્રાપ્ત કરો-"સાધુતા સ્વીકારો."

લઘુકર્મીનો આત્મનિર્ણય.

ભદ્રે! અગૃહીતસંકેતા! મેં નિર્મળકેવળીની દેશના સાંભળી. મારાં કર્મો તે વખતે કાંઇક પાતળાં પડતાં જતાં હતાં તેથી ભગવાનની વાત મારા મનમાં રૂચિકર થઇ, મારી ઉપર તે વાતે ઘણી અસર કરી અને એ વાત સાંભળીને મારા મનમાં ઘણું સુખ થયું. મેં તે જ વખતે મારાં મનમાં નિશ્ચય કર્યો કે ભગવાને જે સુખનું કારણ કહ્યું છે તે હું બરાબર અંગીકાર કરૂં, આદરૂં, સ્વીકારૂં-આવા વિચારને પરિણામે મારૂં મન તે વખતે દીક્ષા લેવાની સન્મુખ ગયું.

## સંશય નિવેદન.

આ પ્રમાણે વચનામૃતનું સિંચન કરતી ભગવાન્ નિર્મળાચાર્યની પ્રમોદ કરાવનારી વાણી પૂર્ણ થવા આવી તે વખતે મહાત્મા કંદમુનિએ બે હાથ જોડ્યા અને તેને લલાટે લગાડી કેવળી ભગવાનને પ્રાર્થના કરતાં પોતાના ચિત્તની વાત કરી તે વખતે નીચેનો નોંધવા લાયક પ્રસંગ બની આવ્યો.

કંદમુનિ—"ભગવન્! આ સંસારમાં ક્યા પ્રાણીને વખત પસાર કરવો-ઢીલ કરવી દુઃશક્ય છે?"

નિર્મળાચાર્ય—"જે પ્રાણીનાં મનમાં કાંઇ સંદેહ થઇ આવ્યો હોય અને ગુરૂમહારાજ પાસે તે સંદેહ સંબંધી પૃચ્છા કરી વસ્તુતત્ત્વ જાણવાની જેને અભિલાષા હોય તેને કાળવિલંબ કરવો ફોકટ છે.

કંદમુનિ—"ભગવન્! જો એ પ્રમાણે હોય તો સાહેબ! ગુણધારણ રાજાના મનમાં જે સંદેહ છે તેનું નિવારણ કરવાને-તેનો ખુલાસો કરવાને આપ સર્વ રીતે યોગ્ય છો, તો આપ તેમ કરવા કૃપા કરો."

નિર્મળાચાર્ય—"બહુ સારૂ! એમના સંદેહનો ખુલાસો કરીએ.

ગુણધારણ (હું પોતે)—"ભગવન્! મારી ઉપર મોટી કૃપા કરી." (કંદમુનિ તરફ જોઇને) "સાહેબ! આવી રીતે યોગ્ય વિજ્ઞપ્તિપૂર્વક આપશ્રીએ મારો સંદેહ ગુરૂમહારાજશ્રીને પૂછીને આપે પણ મારા ઉપર મોટી કૃપા કરી છે!"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કંદમુનિ—"રાજન્! કેવળી ભગવાનની કૃપાને તમે સર્વ પ્રકારે યોગ્ય છો, હવે એ મહાત્મા કેવળજ્ઞાની મહારાજ તમને જે હકીકત કહે તે બરાબર લક્ષ્ય રાખીને સાંભળો."

તે વખત વધારે વિનયનમ્ર થઇ મસ્તક નમાવીને હું સ્થિરતાપૂર્વક કેવળી મહારાજ બોલે તે લક્ષ્યપૂર્વક સાંભળવા લાગ્યો. નિર્મળાચાર્યે કહેવાની શરૂઆત કરી.

નિર્મળાચાર્ય—"રાજન્! તારો સંદેહ આ પ્રમાણે છેઃ કનકોદર વિદ્યાધરપતિએ સ્વપ્નમાં ચાર મનુષ્યો જોયાં તે ચાર કોણ? અને તારા મિત્ર કુલંધરે સ્વપ્નમાં પાંચ મનુષ્યો જોયાં તે પાંચ કોણ? તેઓ પાંચે તારાં સર્વ કાર્યો કરનાર કેવી રીતે છે? વળી એકે ચાર રૂપ કેમ જોયાં અને બીજાએ પાંચ રૂપ કેમ જોયાં? તેમજ તે સર્વ દેવોનાં રૂપો હતાં? કે એ બન્ને બાબત તદ્દન અર્થ વગરની માત્ર સ્વપ્નરૂપ જ હતી? તારા મનમાં આવા પ્રકારના સંદેહ છે? કેમ બરાબર છે?"

ગુણધારણ—"હા સાહેબ! ખરેખર આપશ્રીએ જેમ ફરમાવ્યું તેવા પ્રકારના જ મારા મનમાં સંદેહો છે!"

નિર્મળાચાર્ય—"રાજા! એ તો ઘણી મોટી કથા છે-બહુ લાંબી વાર્તા છે, તેથી એ બધી કેમ કહી શકાય અને કેવી રીતે સાંભળી શકાય!"

ગુણધારણ—"ભગવન્! એમ હોય તો પણ મારા ઉપર મહેરબાની કરીને એ આખી કથા મને બરાબર સંભળાવો અને મારો સંદેહ દૂર કરો."

ભગવાન નિર્મળાચાર્યે તે વખતે અસંવ્યવહાર નગરથી માંડીને મારો આખો વૃત્તાંત બહુ સંક્ષેપમાં પણ મુદ્દાસરની દરેક વખતની રચનાના નિર્દેશપૂર્વક કહી સંભળાવ્યો.[1]

### ચાર મનુષ્યો અને પાંચ મનુષ્યો.
### કર્મપરિણામની પરમ અનુકૂળતા.
### રાજાદેશો પુણ્યોદયસહચરત્વ દર્શન.

વૃત્તાંત પૂર્ણ કર્યા પછી નિર્મળાચાર્યે સર્વ વાતનું રહસ્ય સમજાવ્યું તે બહુ ઉપયોગી છે, ખાસ મનન કરવા યોગ્ય છે, બહુ વિચાર કરવા

---

૧ આ આખો વૃત્તાંત બીજા પ્રસ્તાવથી શરૂ થાય છે. કથાની શરૂઆત પ્રસ્તાવ બીજાના પ્રકરણ ૬ ઠ્ઠાની આખરથી થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાયક છે. તેમણે મને જણાવ્યું કે "રાજન્! એવી રીતે તારી ચિત્તવૃત્તિમાં અનેક નગર અને ગામોથી ભરપૂર એક મોટું અંતરંગ રાજ્ય છે. એ અંતરંગ રાજ્યને અંગે અત્યાર સુધીમાં બહુ મોટી ખટપટ થયેલી છે: એ રાજ્યમાં તારૂં હિત કરવાના સ્વભાવવાળા ચારિત્રધર્મ વિગેરે રાજાઓ છે તેઓને મારી હઠાવી અને તને પોતાને પણ રાજ્યમાંથી બહાર ધકેલી કાઢી એના ઉપર મહામોહ વિગેરે રાજાઓ ધણીધોરી થઇ બેઠા હતા અને જાણે એ અંતરંગ રાજ્ય તેઓનું પોતાનું જ હોય એમ વર્તતા હતા. વળી કમનસીબે હકીકત એમ બની કે પેલો કર્મપરિણામ મહારાજા પણ અત્યાર સુધી તારી વિરૂદ્ધ રહીને તારાથી પ્રતિકૂળપણે કામ કરતો રહ્યો અને એ મહામોહરાજાના લશ્કરને પોષણ આપતો રહ્યો. હમણા હમણા થોડા વખતથી એ કર્મપરિણામ મહારાજા તને અનુકૂળપણે વર્તતો જણાય છે. વળી એ કર્મપરિણામ મહારાજાએ તને અનુકૂળ થવા માંડ્યા પછી પોતાની સ્ત્રી કાળપરિણતિ મહાદેવીને તારી સન્મુખ કરી છે, તારી પોતાની સ્ત્રી ભવિતવ્યતાને બહુ રાજી કરી છે, પોતાના ખાસ મદદનીશ અને હજુરીઆ સ્વભાવને તારી પાસે બોલાવ્યો છે, પોતાના સહચર પુણ્યોદયને ઉત્સાહ આપ્યો છે અને વળી એ ઉપરાંત એ મહારાજાએ પેલા મહામોહ વિગેરેનો તિરસ્કાર કરીને તેને કાંઇક દૂર કાઢ્યાં છે, ચારિત્રધર્મ વિગેરે રાજાઓને આશ્વાસન આપ્યું છે અને અત્યાર પહેલાં ઘણાં સુખનો માર્ગ તને બતાવ્યો છે. કર્મપરિણામરાજાની આ પ્રમાણે અનુકૂળતા થયા પછી તને સદાગમ સાથે સ્નેહ થયો, સમ્યગ્દર્શન નામનો સેનાપતિ તને વહાલો થયો અને એ સદાગમ અને સમ્યગ્દર્શન સાથેના તારા સ્નેહને પરિણામે મહારાજા કર્મપરિણામ તારી તરફ વધારે અનુકૂળ થતા ગયા. ત્યાર પછી જ્યારે તું વિબુધાલય (દેવલોક)માં ગયો ત્યારે તે મહારાજા પોતાના આખા પરિવાર સાથે તને વધારે અનુકૂળ થયો અને તેણે તને ત્યાં ઘણું સુખ નિયમસર લાંબા વખત સુધી આપ્યું. ત્યાર પછી તું મધુવારણ રાજાને ઘરે આવ્યો ત્યારે વળી તને વધારે સુખ આપવા સારૂ તે મહારાજાએ તારા મિત્ર પુણ્યોદયને ખાસ ઉત્સાહ આપ્યો, પ્રેરણા કરી અને જુસ્સો આપ્યો. પછી એ તારા ખાસ મિત્ર પુણ્યોદયે મદનમંજરીને તારા બહિરંગ રાજ્યની પત્ની તરીકે મેળવી આપી. એ પુણ્યોદય ઘણો ઉમદા ખવાસનો માણસ છે, બહુ ઉત્તમ પ્રકૃતિનો છે, મનમાં આવે તેવાં રૂપ ધારણ કરી શકનારો છે. તેણે એક વખત વિચાર કર્યો કે આવી સર્વ સુખપરંપરા તને પ્રાપ્ત કરાવી આપી એમાં પોતે તો કોણ માત્ર છે? એ સકળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્ય તો પેલા ચાર મહાપુરૂષો જ કરે છે-આવા વિચારને પરિણામે થયેલી માન્યતાને આધારે એ પુણ્યોદયમિત્રે કનકોદર રાજાને સ્વપ્નામાં ચાર મનુષ્યો બતાવ્યાં.[1] એ ચાર મનુષ્યો તે (૧) કર્મપરિણામ (૨) કાળપરિણતિ (૩) સ્વભાવ અને (૪) ભવિતવ્યતા હતાં. પુણ્યોદયે કનકોદરરાજાને તે ચાર મનુષ્યોદ્વારા સ્વપ્નમાં જણાવ્યું કે તેઓએ મદનમંજરી માટે વર શોધી રાખ્યો છે માટે રાજાએ વરશોધનની ચિંતા કરવી નહિ. આ પ્રમાણે એ ચાર મનુષ્યોએ સ્વપ્નમાં કનકોદર રાજાને હકીકત જણાવી એ સર્વ પુણ્યોદયમિત્રનું કાર્યરૂપે દર્શન જ હતું. વળી સર્વ વિદ્યાધરો ઉપર મદનમંજરીને વિરાગ થયો, કોઇ વિદ્યાધરને તે વરી નહિ અને સ્વયંવરમાં પણ તેણે સર્વને તરછોડી નાખ્યા[2] તે સર્વ બાબત કરાવી આપનાર એ તારો પુણ્યોદય મિત્ર હતો, છતાં એના વિશાળ હૃદય અને મહાનુભાવપણાને અંગે એ સર્વ હકીકત કર્મપરિણામરાજાએ કરી છે એમ સ્વપ્નમાં તેમને જ મ્હોઢે પુણ્યોદયે જણાવી. આ પ્રમાણે હકીકત બની હતી એ વાત જ્યારે કર્મપરિણામના જાણવામાં આવી ત્યારે તેણે જાતે પુણ્યોદયને કહ્યું 'ભાઇ પુણ્યોદય! ગુણધારણને સર્વ પ્રકારનું સુખ તો તેં કરી આપ્યું છે છતાં તારી જાતને તે બાબતનું માન ન આપતાં તેં એના કર્તા તરીકે અમને ચારને જણાવ્યા છે તે વાજબી નથી કર્યું!' પુણ્યોદયે જવાબમાં કહ્યું 'દેવ! પ્રભુ! આપ એ પ્રમાણે બોલો નહિ, હું તો આપના હુકમને ઉઠાવનાર નોકરમાત્ર છું, એ સર્વ બાબતને બજાવનારા તત્ત્વદૃષ્ટિએ જોતાં ખરેખરા તો તમે જ છો અને એજ સાચી પરમાર્થે સત્ય હકીકત મેં કનકોદર રાજાને સ્વપ્નમાં બતાવી છે, તેમાં મેં અનુચિત-ગેરવાજબી શું કર્યું છે?' કર્મપરિણામરાજા શાંતિપૂર્વક બોલ્યા 'આર્ય! તું કહે છે તે વાત સાચી છે, છતાં ગુણધારણને સુખ થવાની અને મદનમંજરી મળવાની બાબતનો પરમ હેતુ તો તું જ છે, કારણ કે તારા વગર સારાં કાર્યો કે સુખનાં સાધનો કરી આપવાને અમે બીલકુલ શક્તિમાન્ નથી, માટે તારે પણ તારી જાતને જાહેર તો કરવી જ જોઇએ. જ્યાં સુધી તું એમ કરે ત્યાં સુધી મારા હૃદયમાં શાંતિ નહીં થાય.' પુણ્યોદયે વડીલનો હુકમ માથે ચઢાવ્યો. પછી કુલંધરને સ્વપ્નમાં પાંચ મનુષ્યો[3] બતાવ્યાં તેમાં ચાર તો એ અસલ હતાં તે જ કર્મપરિણામ, કાળપરિણતિ, સ્વભાવ અને ભવિતવ્યતા બતાવ્યાં અને પુણ્યોદયે પો-

---

૧ જુઓ પ્ર. ૮. પ્ર. ૩ પૃ. ૧૮૬૬.

૨ જુઓ પૃ. ૧૮૬૪.

૩ જુઓ પ્રકરણ ૪ થું પૃષ્ઠ ૧૮૮૪ (ચાલુ પ્રસ્તાવ).

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

તાની જાતને પાંચમી બતાવી અને એમ બતાવ્યું કે ગુણધારણને જે સર્વ સુખો મળે છે અને અનુકૂળતાઓ થાય છે તે એ પાંચ મનુષ્યો કરી આપે છે.

"રાજન્! એ પ્રમાણે હકીકત હોવાથી ચાર કોણ હતાં અને પાંચ કોણ હતાં તે તારા સમજવામાં આવ્યું હશે. એ ચાર અથવા પાંચ મનુષ્યો તારાં કાર્યની યોજના કર્યા જ કરે છે. હવે એ સંબંધી સંદેહ કરવા જેવું કાંઇ રહ્યું નથી. હવે તારા સમજવામાં બધી હકીકત આવી ગઇ હશે." ઉપર પ્રમાણે ખુલાસો કરી નિર્મળાચાર્ય કેવળી મૌન રહ્યા.

## પ્રકરણ ૬ ઠું.

### કાર્યસાધક કારણસમાજ.

JAINSITE.com जैन साईट

જે વળીમહારાજ નિર્મળાચાર્યે વિસ્તારથી સ્વમદર્શનનું સ્વરૂપ સમજાવ્યું, ચાર મનુષ્યો અને પાંચ મનુષ્યોની વિગત જણાવી, ગુણધારણની સુખસંપત્તિ અને પ્રયોજકસ્વામીતા સ્પષ્ટ કરી બતાવી અને સામાન્ય નજરે ન સૂજ પડે તેવી પુણ્યોદયની મહાનુભાવતા દર્શાવી આપી. ગુણધારણ રાજાનો સંદેહ દૂર થયો, પરમાર્થ સત્ય સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગૃત થઇ અને આવા અપૂર્વ યોગનો લાભ લેવાનો પ્રસંગ હાથ ધરવાની નિર્મળ વૃત્તિ થઇ. ગુરૂમહારાજે લંબાણ વિવેચન પૂર્ણ કર્યું એટલે ગુણધારણે તે પર વિચાર કરી નાખ્યો અને પછી પ્રશ્નપરંપરા વિશેષ જિજ્ઞાસાપૂર્વક કરવા માંડી, ગુરૂમહારાજે તેના સવાલના જવાબ આપવા માંડ્યાઃ—

#### પુણ્યોદયનું કાર્ય.

ગુણધારણ—"મહારાજ! મદનમંજરીનો લાભ થયા પછી અને તેને આદરપૂર્વક પરણ્યા પછી મને જે અત્યંત સુખ થયું, હું ત્યાર પછી સુખસાગરમાં ડૂબકી મારતો રહ્યો અને જેને અન્યની ઉપમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપી ન શકાય તેવો આનંદ ભોગવતો રહ્યો તે સર્વ પણ **કર્મપરિણામ** વિગેરે ચાર મહામનુષ્યોની પ્રેરણાથી એ પુણ્યોદયે જ કર્યું ?"

**નિર્મળાચાર્ય**—"રાજન્ ! હા ! તે સર્વ કાર્ય તે પુણ્યોદયે જ કરી આપ્યું અને એટલું જ કામ પુણ્યોદયે તારે માટે કરી આપ્યું છે એમ નથી, અગાઉ પણ તારા સંબંધમાં એણે ઘણાં સારાં કામો કરી બતાવ્યાં છે અને તને સુખ આપ્યું છેઃ જો સાંભળ–જે વખતે તું **નંદિવર્ધન**[1] હતો તે વખતે એ પુણ્યોદયે તને **કનકમંજરી** સાથે સંબંધ કરાવી આપ્યો હતો; જે વખતે તું **રિપુદારણ**[2] હતો તે વખતે તેણે **નરસુંદરી** સાથે તારો સંબંધ કરાવી આપ્યો હતો; જ્યારે તું **વામદેવ**[3] હતો તે વખતે તને **વિમળકુમાર** જે સદ્‌ગુણોથી તદ્દન નિર્મળ હતો અને તારા ઉપર કોઇ પણ પ્રકારના બદલાની આશા વગર સાચો સ્નેહ રાખતો હતો તેની સાથે મૈત્રી કરાવી આપી હતી; જ્યારે તું **ધનશેખર**[4] હતો તે વખતે તેણે તને અનેક પ્રકારનાં રત્નો મેળવી આપ્યાં હતાં; અને જ્યારે તું **ઘનવાહન**[5] હતો તે વખતે કોઇ પણ પ્રકારના કપટ વગર સર્વ પ્રકારના કલંક–બટ્ટા–એબથી રહિત **અકલંક**નો તારા ઉપર ઉગ્ર પ્રેમ કરાવી આપ્યો હતો. તને એણે મહાન્ રાજ્ય અનેક વાર અપાવ્યું હતું અને સર્વ સ્થાનકે અનેક પ્રકારની સુખસગવડો કરાવી આપી હતી. વાત એમ બની કે એ કોઇ પણ જગ્યાએ પુણ્યોદયની ખરી શક્તિનો તને જરા પણ ખ્યાલ થયો નહિ, તેની કિંમત તને આવી નહિ, તેં એને બરાબર ઓળખ્યો નહિ, અને ઉલટી રીતે

---

૧ **નંદિવર્ધનઃ** ત્રીજા પ્રસ્તાવનો મુખ્ય પાત્ર. સર્વત્ર **સંસારીજીવ**પણે એ સામાન્ય છે. જૂદા જૂદા ભવમાં જૂદે જૂદે નામે એ પ્રગટ થાય છે તે આપણે અગાઉ જોઇ ગયા છીએ. **કનકમંજરી** એની ભાર્યા થાય.

૨ **રિપુદારણઃ** ચોથા પ્રસ્તાવનો આપણો મુખ્ય પાત્ર સંસારીજીવ. **નરસુંદરી** એની પત્ની થાય.

૩ **વામદેવઃ** પાંચમા પ્રસ્તાવનો સંસારીજીવપાત્ર. **વિમળ**કુમાર એનો મિત્ર થાય.

૪ **ધનશેખરઃ** છઠ્ઠા પ્રસ્તાવનો મુખ્ય પાત્ર સંસારીજીવ. એને ત્યાં રત્નદ્વીપમાંથી બહુ રત્નો મળે છે.

૫ **ઘનવાહનઃ** સાતમા પ્રસ્તાવનો આપણો મુખ્ય પાત્ર સંસારીજીવ. **પ્રધાનપુત્ર અકલંક** સાથે એને ગાઢ મૈત્રી હતી તે આપણે ગયા **પ્રસ્તાવમાં** વાંચી ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ દોષોના કેંદ્રસ્થાનીય પેલા [1]હિંસા, વૈશ્વાનર, મૃષાવાદ, શૈલરાજ, સ્તેય, બહુલિકા, મૈથુન, સાગર, પરિગ્રહ અને મહામોહ તરફ તારો પક્ષપાત રહ્યો, તને થતો લાભ તેં તેઓના સંબંધથી થતો માન્યો અને પુણ્યોદયને વગર ઓળખ્યે ગુણસમૂહની કલ્પના પેલા દોષોના દારૂણ સમુદાય ઉપર કરી!! તને ગુણ કરનારને તેં ઓળખ્યો નહિ અને ઉલટા દોષોના પાત્રોને ગુણ કરનાર માન્યા.”

### પરિભ્રમણનાં કારણો.
### કર્મપરિણામના બે સેનાપતિઓ.
### પાપોદયનું કાર્ય-વિસ્તારથી સમજણ.

ગુણધારણ—“સાહેબ! જ્યારે મને થતી સુખપરંપરાના હેતુમાં પુણ્યોદયનો મારી સાથે અગાઉ પણ સંબંધ હતો ત્યારે સાહેબ! મને આટલાં બધાં દુઃખો વચ્ચે વચ્ચે શા માટે થયાં! અને અનંતકાળ સુધી મારે અહીંથી તહીં અને તહીંથી અહીં આડાંઅવળાં પરિભ્રમણો શા માટે કરવાં પડ્યાં?”

**નિર્મળાચાર્ય**—“રાજન્! તારો સવાલ ઘણો વિશાળ છે, હવે તારે એનો ખુલાસો સમજવો જ છે તો પછી એ હકીકત તો તને મૂળથી માંડીને કહેવી પડશે કે જેથી તારો સંદેહ દૂર થઇ જાય.”

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ગુણધારણ—“સાહેબ! મારા ઉપર કૃપા કરીને એ સર્વ વાત સમજાય તેવી રીતે વિસ્તારથી કહેવા કૃપા કરો.”

**નિર્મળાચાર્ય**—“તું બરાબર યાદ કર: તને હમણા જ કહેવામાં આવ્યું હતું કે અસંવ્યવહારનગરમાં તું એક શહેરી-કુટુંબી તરીકે અગાઉ વસતો હતો. તે વખતે **સંસારીજીવ**[2] એવું તારૂં નામ આપવામાં આવ્યું હતું. તારી ચિત્તવૃત્તિમાં અનાદિ કાળથી અંતરંગ રાજ્ય ચાલુ રહેલું જ છે, તું **અસંવ્યવહાર** નગરમાં હતો ત્યારે પણ એ રાજ્ય ચાલુ જ હતું. વળી એ રાજ્યમાં એક ચારિત્રધર્મરાજનું મોટું લશ્કર

---

૧ **હિંસા વૈશ્વાનરનું** જોર ત્રીજા પ્રસ્તાવમાં, **મૃષાવાદ શૈલરાજનું** જોર ચોથા પ્રસ્તાવમાં, **સ્તેય બહુલિકાનું** જોર પાંચમા પ્રસ્તાવમાં, **મૈથુન સાગરનું** જોર છઠ્ઠા પ્રસ્તાવમાં, **પરિગ્રહ મહામોહનું** જોર સાતમા પ્રસ્તાવમાં. આ સર્વ બાબત અગાઉ આવી ગઇ છે.

૨ આ પાપોદય પુણ્યોદયનું તત્ત્વજ્ઞાન સર્વ જીવોને લાગુ પડે છે. બરાબર સમજીને વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતું અને બીજું મહામોહરાજાનું લશ્કર હતું. એ લશ્કરો બન્ને એક બીજાથી વિરૂદ્ધ હતા, સામાવડીઆ હતાં, છતાં તારા અંતરંગ રાજ્યમાં એ બન્ને લશ્કરો અનાદિ કાળથી રહેલાં હતાં અને એક બીજાની વિરૂદ્ધ પક્ષે આખો વખત તારા રાજ્યમાં રહ્યા હતાં. એ કર્મપરિણામમહારાજાને મહામોહ તરફ વધારે પ્રેમ છે કારણકે એ બન્ને એક જ કુટુંબના એક જ જાતિના છે, છતાં પણ એ મહારાજા ( કર્મપરિણામ ) તારૂં વીર્ય ( શક્તિ ) કેટલું છે તેના ઉપર બારીક નજર રાખ્યા કરતો આવ્યો છે અને તારા બન્ને લશ્કરમાં જાણે પોતે સાધારણ હોય ( Common factor હોય ) એવી રીતે પોતાની જાતને બતાવતો રહ્યો છે. એ કર્મપરિણામમહારાજ અસલ સ્વરૂપે બળતા અગ્નિ જેવો છે તેથી પેલા બન્ને લશ્કરમાંથી જે લશ્કરનું જોર જુએ છે તેને તે સંકોરી આપતો રહ્યો છે, તેને તે ગરમ કરતો રહ્યો છે. પોતે બન્નેમાં સામાન્ય-સાધારણ રહી જેનું જોર થાય તેને ગરમી આપતો રહ્યો છે. અનાદિ કાળથી આ પ્રમાણે સ્થિતિ ચાલ્યા કરે છે.

કર્મપરિણામ સાધારણત્વ.

"હવે એ કર્મપરિણામ મહારાજાને બે સેનાપતિઓ છે: એકનું નામ પાપોદય છે અને બીજાનું નામ પુણ્યોદય છે. એ બીજો સેનાપતિ પુણ્યોદય તે જેના સંબંધમાં હમણા તને વાત કરી તે જ તે છે.[1] પેલો પાપોદય સેનાપતિ છે તે એના અસલ સ્વરૂપે ઘણો જ ભયંકર છે અને તારી તરફ ઘણો જ પ્રતિકૂળપણે વર્તનારો છે અને પરિણામ એનું એ થયું છે કે કર્મપરિણામના લશ્કરનો એક ભાગ જે ઘણો જ ખરાબ છે, મહા ભયંકર છે, અત્યંત ક્રૂર છે અને તારો દુશ્મન છે તેનો ઉપરી એ પાપોદય થઇ બેઠો છે. એ કર્મપરિણામનો બીજો સેનાપતિ પુણ્યોદય છે તે તને અનુકૂળ છે, અને તેનું પરિણામ એ થયું કે કર્મપરિણામના લશ્કરનો બીજો ભાગ જે બહુ સારો છે, તારા ઉપર સ્નેહ રાખનાર છે, તેનો ઉપરી એ પુણ્યોદય થયો છે. હવે વાત એમ બની છે કે તું અસંવ્યવહાર નગરમાં હતો ત્યાંથી જ અનાદિ કાળથી એ પાપોદય સારી રીતે દેખાય તેમ તારી સાથે ને સાથે રહ્યા કર્યો છે. એ એટલો વ્યક્ત રૂપે રહેતો હતો કે ભવિતવ્યતા(તારી ભાર્યા) એ તને તેને અત્યાર સુધી ખાસ ઓળખાવવાનો કદાપિ પણ વિશેષ પ્રયત્ન કર્યો નથી. ભાઇ ગુણધારણ! તને સંસારમાં અનાદિકાળથી જ્યાં

પુણ્યોદય પાપોદય રહસ્ય.

---

[1] કુલંધરના સ્વપ્નમાં આવનાર પાંચમો મનુષ્ય જુઓ પૃ. ૧૬૦૩.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ત્યાં ધકેલાવું પડે છે અને તારો આવડો બધો રખડપાટો થાય છે તેનું કારણ એ બીજો સેનાપતિ પાપોદય જ છે; તને અનેક પ્રકારનાં દુઃખો એક પછી એક નિયમસર થતાં ગયાં તેનું કારણ પણ એ પાપોદય જ છે; વળી હિંસા વિગેરે મહા અનર્થનાં કેંદ્રોને તેણે તારાં હિત કરનારાં મનાવ્યાં અને તને ખરૂં હિત કરનાર આ પુણ્યોદય જ છે એને ઓળખવા પણ ન દીધો—આ સર્વ સ્થિતિ કરનાર એ પાપોદય જ છે.

પાપોદયનાં પરાક્રમો.

"અને રાજા ગુણધારણ! વળી એક બીજું ઘણું જબરૂં કામ એ પાપોદયે તારા સંબંધમાં કર્યું: તારૂં પોતાનું અંતરંગ રાજ્ય તારી ચિત્તવૃત્તિમાં છે તે અગાઉ તને જણાવ્યું છે. તે ચિત્તવૃત્તિમાંથી તને પોતાને જ એ પાપોદયે હાંકી કાઢ્યો અને તારા પોતાના રાજ્યથી તને પદભ્રષ્ટ કર્યો; વળી તને એકાંત હિત કરનાર ચારિત્રરાજનું મોટું લશ્કર તારા અંતરંગ રાજ્યમાં હતું અને તે લશ્કર તારે તાબે હતું, તારા હુકમને અનુસરવા તૈયાર હતું તેને મારી હઠાવી ઢાંકી દીધું, ઊંચું ન આવવા દીધું. વળી એ પાપોદયે મહામોહનું આખું લશ્કર તને એકાન્ત નુકસાન કરનાર હતું છતાં જાણે તે તને બહુ સંતોષ આપનાર હોય અને તારૂં નજીકનું સગું હોય એમ તને તેણે બતાવ્યું, તેના તરફ તારામાં રાગ ઉત્પન્ન કર્યો અને પોતે છેતરપીંડી અને આત્મવિગોપનમાં અત્યંત કુશળ હોવાને લીધે પોતે પણ જાણે તારા ઉપર પ્રેમ રાખનાર—તારૂં હિત કરનાર હોય તેવી રીતે પોતાની જાતને બતાવી. હવે તે વખતે આ પુણ્યોદય પણ તારી પાસે તો રહેતો હતો પણ પાપોદયના પાસમાં તને પડેલો જોઇ તારૂં બહુ હિત કરી શકતો ન હોતો. વચ્ચે વચ્ચે એની ભલમનસાઇ પ્રમાણે એ તને સુખ તો આપ્યા કરતો હતો, છતાં કલ્યાણપરંપરા પ્રાપ્ત કરવાનો તે હેતુભૂત થઇ શકતો ન હોતો. અને એમ ન થયું એમાં બાપડા પુણ્યોદયનો જરા પણ દોષ નથી, પરંતુ એ આખો દોષ પેલા દુરાત્મા પાપોદયનો જ છે!!"

### પાપનું જોર અને તેમાં થયેલો
### સદાગમ સમ્યગ્દર્શનનો તોર.

ગુણધારણ—"ત્યારે સાહેબ! એ પાપોદય અત્યારે કેમ ચૂપચૂપ બેસી રહ્યો છે?"

**નિર્મળાચાર્ય**—"તારો પ્રશ્ન સુંદર છે. જો ભાઇ! એ પાપોદય તદ્દન સ્વતંત્ર નથી, પરંતુ એ કર્મપરિણામ કાળપરિણતિ સ્વભાવ ભવિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તવ્યતા વિગેરે પર આધાર રાખનારો છે અને એ ચારેએ મળીને પેલા પાપોદયને હમણા તારાથી દૂર કાઢ્યો છે. તું બરાબર સમજી લે. તે હકીકત આ પ્રમાણે બની છે: એ પેલા ચારે મહાપુરૂષોની રજા લઇને તારી પાસે સદાગમ આવ્યો છે ત્યારથી માંડીને એ પાપોદયનું જોર તેઓએ નરમ પાડી નાખ્યું. ત્યાર પછી એ પાપોદય તારાથી જરા દૂર બેઠો છે, જરા આઘે ખસી ગયો છે અને તને દુઃખો આપવાના કારણભૂત થતો મટી ગયો છે અને તેમ થવાને પરિણામે પુણ્યોદયને તારા સંબંધમાં વધારે અવકાશ મળ્યો છે, સારી તક મળી છે. વચ્ચે વચ્ચે જ્યારે જ્યારે આવું બન્યું હતું ત્યારે ત્યારે પણ તને સદાગમ ઉપર વધારે વધારે પ્રીતિ થતી હતી અને તે સદાગમના માહાત્મ્યથી તને વચ્ચે વચ્ચે સુખ પણ થતું હતું. વળી પેલા ચારે પુરૂષો પાપોદયને, તારી નજીક કરી આપે ત્યારે વળી તું સદાગમને છોડી દેતો હતો અને પાપોદયની અસરતળે અનેક પ્રકારનાં દુઃખો ભોગવતો હતો.

પાપોદય કિનારે.

"આવી રીતે એ ચારે પુરૂષો એકમત થઇને તારાં કાર્યો સંબંધી વિચાર કરતાં હતાં અને તારો કાર્યક્રમ ( Programme ) મુકરર કરતાં હતાં અને જે જે કરતાં હતાં તે અરસપરસ વિચારણા કરીને એક બીજાનો મત મેળવીને સર્વાનુમતે જ કરતાં હતાં. આ સંસારમાં તેમણે અનંત વાર પુણ્યોદયનો તારી સાથે મેળાપ કરાવ્યો, તેને અને તને સંબંધ કરાવ્યો અને તે વખતે પાપોદયને ઢાંકી દઇને સદાગમ સાથે પણ તારો મેળાપ કરાવ્યો. ત્યાર પછી જ્યારે એ ચારે મહાપુરૂષોએ તારી પાસે ગૃહિધર્મયુક્ત સમ્યગ્દર્શન નામના સરદારને પોતાના તેજથી આણ્યો ત્યારે પેલા પાપોદયને તારાથી વધારે દૂર કરી દીધો, તારી નજીક પાપોદયનું આખું લશ્કર હતું તે પણ તેને વધારે દૂર લઇ જવું પડ્યું અને તેથી તને વધારે સુખ થયું. ત્યાર પછી તને પુણ્યોદય સાથે વધારે મેળાપ થયો. તારો તેની સાથે સંબંધ વધારે ગાઢ થયો, પછી પેલા ચારે પુરૂષોએ તને પુણ્યોદયની સાથે વિબુધાલયમાં મોકલી આપ્યો, ત્યાંથી વળી માનવાવાસનગરમાં લઇ આવ્યા અને તને અનેક પ્રકારની કલ્યાણસુખપરંપરા કરી આપી. ત્યાર પછી વળી એ ચારે જણાએ એકઠા થઇને પાપોદયને તારી પાસે મોકલ્યો, તારી નજીક કર્યો અને તેનું આખું લશ્કર જે તારાથી દૂર મોકલવામાં આવ્યું હતું તેને પણ નજીક કર્યું અને તારા સંબંધીઓને પણ તારો ત્યાગ કરાવ્યો જેથી તારા

સુંદર અસુંદરનો વિરહ અને મેળાપ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધીઓ પણ તને છોડી ગયા અને તને મહા દુઃખપરંપરા પ્રાપ્ત થઇ. આવી રીતે અનેક વાર તને સુખ મળ્યું અને ગયું, અનેક વાર દુઃખ થયું અને વિસરાળ થયું. સુંદર અસુંદર વસ્તુઓના આવી રીતે અનેકવાર વિરહ અને મેળાપ તેમણે કરાવ્યા.

"રાજન્! તને આ રાજ્યમંદિરમાં (સપ્રમોદનગરે મધુવારણ રાજાને ઘરે) લાવવામાં આવ્યો તે પહેલાં આવી રીતે અનેક પ્રસંગે તને સુંદર અસુંદરનો વિરહ અને મેળાપ થઇ ગયો છે. હવે એ ચારે મહાપુરૂષોના હુકમથી અત્યારે પાપોદય તારાથી ઘણો દૂર થઇ ગયો છે, પણ આખા સૈન્ય સાથે દૂર પડાવ નાખીને ચૂપ ચાપ બેસી રહ્યો છે. અત્યારે એ કર્મપરિણામ વિગેરે ચારે મહાપુરૂષોએ સાત રાજાને અને પુણ્યોદય વિગેરેને તારી નજીક કર્યા છે અને તે ભાગ્યશાળીઓ (પુણ્યોદય અને શાતા) તારા ઉપર પોતાની સારી અસર નીપજાવે છે. પાપોદય ઉપર એમનો (કર્મપરિણામાદિનો) ખાસ આવુ પ્રેમ નથી અને તેથી જ હાલ પુણ્યોદય તને જાગૃત થયો છે. એ પુણ્યોદયે તને ઘણી સુખપરંપરા કરી આપી છે અને તેમાં ખાસ લોલુપતા વગરની શાંત સુંદર માનસિક સ્થિતિ તને પ્રાપ્ત કરાવી આપી છે.

પાપોદય વધારે દૂર.

"ટુંકામાં કહીએ તો તારાં સર્વ સુંદર અને ખરાબ કામોમાં એ ચારે મહાપુરૂષો (કર્મપરિણામ, કાળપરિણતિ, ભવિતવ્યતા અને સ્વભાવ) જે સ્વપ્નમાં જોવામાં આવ્યાં હતાં તેઓનો જ હાથ હોય છે અને તેઓથી જ સર્વ કાર્યો બની આવે છે એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી. જ્યારે એ મહાપુરૂષો તારાથી પ્રતિકૂળ હોય છે ત્યારે તેઓ પાપોદયને આગળ કરીને તને અનેક પ્રકારનાં દુઃખો, અનેક પ્રકારના ત્રાસો, અનેક પ્રકારની હેરાનગતિઓ કરે છે અને જ્યારે તેઓ તારી સાથે અનુકૂળ હોય છે ત્યારે પુણ્યોદયને આગળ કરીને જૂદાં જૂદાં કારણો દ્વારા અનેક બ્હાનાં નીચે તને અનેક પ્રકારનાં સુખો કરી આપે છે, તરેહ તરેહ વારની સગવડો કરી આપે છે અને ભાત ભાતના આનંદો ઉપજાવી આપે છે. એટલા માટે અત્યાર સુધીમાં તને સારૂં અથવા ખરાબ-શુભ યા અશુભ-સુંદર યા અસુંદર પ્રાપ્ત થયું છે અને હવે પછી થવાનું છે તે સર્વનાં કારણ એ ચારે મહાપુરૂષો છે. ચારે પુરૂષોની શક્તિ કેટલી છે અને તેઓનું સ્થાન તારે અંગે (સંસારીજીવને અંગે) શું છે તે હવે તારા સમજવામાં આવ્યું હશે, પુણ્યોદય પાપોદયનું રહસ્ય પણ તારા ખ્યાલમાં આવ્યું હશે અને સદાગમ તથા સમ્યગ્દર્શનનો ઉપયોગ પણ તારા સમજવામાં આવ્યો હશે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સ્વયોગ્યતા.

## નિજવીર્ય.

## પુરૂષાર્થ.

ગુણધારણને આ પ્રમાણેના જવાબો સાંભળતાં રસ વધતો ગયો, વાતમાં આનંદ આવ્યો. તત્ત્વજિજ્ઞાસા વધી, મળેલ તકનો ઉપયોગ કરવા-લાભ લેવા નિર્ણય થયો અને તેને પરિણામે એક ઘણો જ મહત્ત્વનો પ્રશ્ન તેણે પૂછ્યો, જેને પરિણામે પાછી પ્રશ્નોત્તરપરંપરા ચાલીઃ-

ગુણધારણ—"ભગવન્! આ શુભ અને અશુભ બાબતો મારે અંગે થયા કરે છે. મને સુખદુઃખનો અનુભવ થાય છે. તે બાબતમાં હું પોતે તદ્દન નકામો છું? કાંઇ પણ ન કરી શકું તેવો જ છું? શું હું તદ્દન અકિંચિત્કર જ છું?"

**નિર્મળાચાર્ય**—"નહિ રાજન્! એમ કદાપિ પણ માનવાનું કારણ જ નથી. અત્યારે જે મહાપુરૂષો અને સેનાપતિઓની વાર્તા કરી તે સર્વ તારો પોતાનો પરિવાર છે, તારૂં કુટુંબ છે અને તે સર્વનો ઉપરી-નાયક તો તું પોતે જ છે. એ હકીકત તું હવે બરાબર લક્ષ્યમાં રાખી લે. વાત એમ છે કે પેલા કર્મપરિણામ વિગેરે ચારે મહાપુરૂષો છે તે તારી યોગ્યતા તપાસીને બરાબર નિર્ણય કરે છે અને તે નિર્ણયને અનુસારે તારા શુભ અથવા અશુભના હેતૂભૂત થાય છે, તે પ્રમાણે તને સુખદુઃખ આપવાના ઠરાવપર આવે છે. એવી રીતે તારાં સર્વ કાર્યોમાં તારી પોતાની યોગ્યતાનો જ મુખ્ય આધાર લેવાય છે. આટલા ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે તને અત્યારે કે ભૂતકાળમાં જે સારા અથવા ખરાબ અનુભવો થાય છે કે થયા હતા તેનું મુખ્ય કારણ તો તારી પોતાની યોગ્યતા જ છે અને પેલા કર્મપરિણામ વિગેરે તો [1]સહકારી કારણો છે. રાજન્! અનાદિકાળથી એ યોગ્યતા તારી સાથે જોડાયલી રહે છે અને રહેલી છે અને એ યોગ્યતાએ જ આ આખા સંસારનો વિસ્તાર (પ્રપંચ) તારા સંબંધમાં ગોઠવ્યો છે. તારે માટે જેવો સંસારવિસ્તાર ગોઠવાયો છે, તેનો જે પ્રકાર તારે સંબંધે

૧ **સહકારી કારણઃ** એનો સમવાય સંબંધ રહે છે, આત્મા પોતે ઉપાદાન કારણ છે. કર્માદિ ચારે સમવાયી કારણ તરીકે રહે છે, પણ કર્માને ઉત્પન્ન કરનાર પણ આત્મા જ છે. આ વાત બહુ સુંદર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો છે તેનું કારણ તારી તેવા પ્રકારની યોગ્યતા છે.[1] એ તારી પોતાની યોગ્યતા વગર પેલા કર્મપરિણામ વિગેરે બાપડા કાંઇ કરી શકતા નથી, તેઓ સુંદર પરિણામો નીપજાવી શકતા નથી કે ખરાબ ફળો ચખાડી શકતા નથી-સુંદર કે અસુંદર ફળપ્રાપ્તિ આપવાનું કાર્ય એ ચારે મહાપુરૂષો કરે છે પણ એને મેળવી આપનાર પ્રાણીની પોતાની યોગ્યતા જ ખરૂં કામ કરે છે. તેટલા માટે તને પોતાને થતાં સારાં અથવા ખરાબ કાર્યોનું મુખ્ય કારણ તું પોતે જ છો અને તેથી કારણમાં તારી મુખ્યતા બતાવનારી વાત અનેક પ્રસંગે ગાવામાં આવે છે, કહેવામાં આવે છે."

**કાર્યોનું પરમ કારણ સુસ્થિતરાજ.**
**પ્રભુ પરમાત્માની સિદ્ધ આજ્ઞાઓ.**
**આજ્ઞા ઉલ્લંઘનનાં દૃશ્ય પરિણામો.**

ગુણધારણ—" નાથ ! મારા કાર્યની સાધના આપે કહ્યું તેવી રીતે થાય છે તો મારે આપને એક વધારે વાત પૂછવાની છે અને તે એ છે કે મારાં કાર્યોને અંગે ઉપર જણાવ્યાં તે જ કારણો કામ કરે છે કે હજુ કોઇ કારણ તેને અંગે જણાવવું બાકીમાં છે? બીજું પણ કોઇ કારણ[2] હોય તો મને જણાવવા કૃપા કરો."

**નિર્મળાચાર્ય**—" રાજન્ ! તું હવે એક વાત બરાબર સાંભળ " એટલે તારા છેલ્લા પ્રશ્નનો નિર્ણય તને બરાબર બેસી જશે. એક **નિર્વૃતિ**

---

૧ **યોગ્યતાઃ** દરેક પ્રાણીનો evolution વિકાસ જૂદા જૂદા પ્રકારનો હોય છે, તે તેની લાયકાત પર આધાર રાખે છે. શરૂઆતમાં આપણે સુસાધ્ય કષ્ટસાધ્ય જીવોનો હેવાલ વાંચ્યો હતો (પૃ. ૩૫), તે ઉપરાંત આપણે ચારે તરફ જોઇએ તો દરેક પ્રાણીની કાર્યપદ્ધતિ, માનસિક પરિસ્થિતિ, આગળ વધવાની રીતિ, સંસારભ્રમતા, આત્મપરિણતિ વિગેરે સર્વ બાબતોમાં ઘણો ફેરફાર જોવામાં આવે છે. એ ફેરફારને લઇને જેને માટે જેવો સંસાર ગોઠવાય તે તેના પૂરતો પ્રપંચ છે અને તે માટે તેની **યોગ્યતા** જ છેવટે જવાબદાર છે. આ યોગ્યતામાં અયોગ્યતાનો પણ સમાવેશ થાય છે. 'યોગ્યતા' એટલે સુંદર અસુંદર વસ્તુ એકઠી કરવા યોગ્ય આત્મવિકાસ.

૨ આ પ્રકરણમાં **કારણ** શબ્દ જૂદા જૂદા અર્થમાં વપરાયો છે. કર્મપરિણામ આદિ ચાર કારણોનો વિચાર કર્યો ત્યાં સમવાયી કારણોના અર્થમાં, આત્મા સાથે ઉપાદાન કારણના અર્થમાં તે શબ્દ વપરાયો છે. અને હવે **સુસ્થિતમહારાજને** લાવવામાં આવ્યા છે તે સૃષ્ટિકર્તૃત્વને અંગે જાહેર માન્યતા પર ન્યાયદૃષ્ટિએ ફટકો મારવા સાથે લોકમતને આઘાત ન થાય તેવી યુક્તિથી કારણ શબ્દને લઇ આવેલ છે. સુસ્થિત મહારાજની ઘટના સુંદર કરી છે, પણ એની યોજના ન્યાય કરતાં નીતિશાસ્ત્રને અંગે વધારે શોભતી આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" નામની ઘણી સુંદર નગરી છે. એમાં દરરોજ આનંદ આનંદ જ થયા " કરે છે, એ આનંદમાં વચ્ચે વચ્ચે જરા પણ અંતર કે અગવડ " પડતી નથી. એ નગરી ઘણી જ સુંદર છે, અત્યંત આકર્ષક છે, બહુ " મનોહર છે, વ્યાધિ આધિ ઉપાધિથી રહિત છે. એ નગરીના **સુસ્થિત** " નામના મહારાજા છેઃ એ અનંત મહાવીર્ય (શક્તિ)થી ભરપૂર છે, " સર્વ હકીકત જાણનાર છે, સર્વ બાબતો દેખનાર છે અને અનંત " આનંદથી[1] ભરપૂર છે. એ નગરીના તે **પરમેશ્વર** છે. એ મહારાજા " આખા જગતના પ્રભુ હોઇને આ દુનિયામાં પ્રાણીઓ જે કાંઇ " સુંદર અસુંદર કામ કરે છે તે સર્વનાં તેઓશ્રી (સુસ્થિતમહારાજ) " **પરમ કારણ** છે. એ મહારાજા [2]અનેક છતાં મહાન્ સૂરિવરો એને " એક રૂપે કથન કરે છે. કલ્પનામાં કે ચિંતવનમાં પણ આવી " ન શકે તેટલી તેની શક્તિ હોવાને લીધે મહાન્ આચાર્યો એને **પર-** " **માત્માના** નામથી પણ ઓળખે છે. એ [3]પરમાત્મા બુદ્ધ છે, એ જ " બ્રહ્મા છે, એ જ વિષ્ણુ છે, એ જ મહેશ્વર છે, એ જ નિઃશરીરી છે, " એ જ જિનેશ્વર છે અને એમને તત્ત્વદ્રષ્ટા મહાત્માઓ તે જ નામે ઓળખે " છે.[4] એ પરમાત્મા તારી કાર્યપરંપરા પોતાની ઇચ્છાથી કરતા નથી " કારણ કે એ તો વીતરાગ છે તેથી એમને રાગ નથી, દ્વેષ નથી અને " તેથી તે કોઇ પણ પ્રકારની ઇચ્છા વગરના છે. કોઇ કાર્ય ઇચ્છા વગર થાય " નહિ અને ઇચ્છા હોય ત્યાં રાગ દ્વેષ હોવા જ જોઇએ અને એ બન્ને " પરમાત્મા વીતરાગમાં છે જ નહિ અને છતાં તારી સર્વ પ્રકારની કાર્ય-

---

૧ એ સર્વજ્ઞ, સર્વદર્શી, અનંતવીર્યવાન્ છે, ઉપયોગના ભોક્તા છે અને સ્વરૂપે સચ્ચિદાનંદ રૂપ છે એ પર આ વિશેષણો છે. પ્રથમ પ્રસ્તાવમાં સુસ્થિત મહારાજા આવ્યા હતા તે આ જ છે.

૨ **અનેકઃ** અનંત સિદ્ધ જીવો છે, સ્વરૂપે એક છે, જ્ઞાનદર્શને સરખા છે તેથી એકરૂપે કહ્યા છે. આ ભેદાભેદ અથવા દ્વૈતાદ્વૈતવાદ થયો.

૩ **પરમાત્માઃ** પરમેશ્વર, સિદ્ધાત્મા. પરમદશાપ્રાપ્તના આ સર્વ વિશેષણો છે. પણ એને માટે પરમેશ્વર-પ્રભુ વિગેરે શબ્દો ખાસ હેતુસર વાપર્યા છે. સૃષ્ટિ-કર્તૃત્વનો સવાલ વિચારતાં એ વાત બેસી જશે.

૪ ભક્તામરમાં बुद्धस्त्वमेव વાળો ૨૫ મો શ્લોક તથા હરીભદ્રસૂરિનું પ્રથમ મહાદેવાષ્ટક આ બાબત બહુ સ્પષ્ટ રીતે બતાવે છે. અહીં આ હકીકત બતાવવાનો આશય એ છે કે સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું, જાળવવાનું, નાશ કરવાનું બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરનું કાર્ય, ઉપદેશ દેવાનું બુદ્ધ ભગવાનનું કાર્ય વિગેરે સર્વ કાર્ય આ પર-માત્મા કરે છે. એ કાર્ય કેવી રીતે કરે છે તે તેમની સિદ્ધ આજ્ઞાઓને અંગે આ-ગળ તુરતમાં જ જણાઇ આવશે. આખી યુક્તિ મનન કરીને વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"પરંપરા-સુંદર અથવા અસુંદર એ મહાત્મા કરે છે તે કેવી રીતે "થાય છે એ હકીકત હવે તને સ્પષ્ટ અક્ષરોમાં કહી સંભળાવું છું તે "ધ્યાન રાખી સમજ.

"એ સિદ્ધ ભગવાને સર્વ લોકોના નિયમન સારૂં ન ફેરવી શકાય "તેવી સુંદર આજ્ઞા આપેલી છે, જાહેર હુકમ ફરમાવેલ છે, ત્રીકાલ-"સ્પષ્ટ નિશ્ચળ આજ્ઞા આપેલી છે અને તે આખી આજ્ઞા લોકોને "પાળવા યોગ્ય છે. તે આજ્ઞા નીચે પ્રમાણે છેઃ—

તમારે તમારી ચિત્તવૃત્તિને તદ્દન અંધકાર વગરની કરવી "અને સુંદર પ્રકાશવાળી તેજ યુક્ત કરવી અને ગાયના "દૂધ, મોતીની માળા, પ્રભાતની ઝાકળનાં બિંદુ, ડોલ-"રનાં ફૂલ અથવા ચંદ્ર જેવી શુદ્ધ ચોખ્ખી કરવી.

"મહામોહ રાજા અને તેનું લશ્કર ભયંકર સંસારનું કારણ "હોવાથી તેને હમેશા તમારે શત્રુ તરીકે ઓળખવાં "અને પ્રત્યેક ક્ષણે તેને હણવાનો પ્રયત્ન કર્યા કરવો.

"ચારિત્રધર્મરાજા અને તેનું લશ્કર મહા કલ્યાણનું કારણ "હોઇને એને પોતાના સગા ભાઇ જેવું ગણવું અને હમેશા "તેને પોષણ આપ્યા કરવું."

"સર્વ લોકોના સંબંધમાં આ પ્રમાણે સિદ્ધ આજ્ઞા છે. એ મહા-"રાજાની આજ્ઞા છે, વિધાતાનો હિત કરનારો હુકમ છે. આ ત્રણ કાળ "સિદ્ધ આજ્ઞા હોવાથી રાજસેવકની ફરજ છે કે પૂજન વડે, ધ્યાન વડે, "સ્તવન વડે અને વ્રતઆચરણ વડે એ આજ્ઞાઓનું પાલન અને તેનો "અમલ કરવો. આ બાબતની મહત્તા બરાબર સમજી તે આજ્ઞા "ઉઠાવવાનું કામ સેવકોએ બરાબર કરવું જ જોઇએ.

"જે આચરણોનો નિષેધ કરવામાં આવ્યો છે તે કરવાથી એ આ-"જ્ઞાઓનો ભંગ થાય છે, આજ્ઞાની વિરાધના થાય છે. એ મહારાજાના "બાર અંગોમાં ઘણી ઘણી વાતો કરી છે તે સર્વનો સાર ઉપર જણા-"વેલી આજ્ઞામાં આવી જાય છે. ઉપર જણાવેલી આજ્ઞાને જે પ્રાણી "જેટલે અંશે અનુસરે છે તેટલે અંશે, પછી તે આજ્ઞા કરનારને કે "આજ્ઞાને ઓળખતો હોય કે ન હોય તો પણ, સુખ મેળવી શકે છે "એવું એ આજ્ઞાનું માહાત્મ્ય છે. જે કોઇ પ્રાણી એ આજ્ઞાનું ઉલ્લંઘન "કરે છે અને તેથી ઉલટી રીતે વર્તન કરે છે તે આજ્ઞાનું સ્વરૂપ ન "જાણતો હોય તો પણ દુઃખી થાય છે, દુઃખ સહન કરે છે, હેરાન "થાય છે. મોહને લઇને જે પ્રાણી જેટલે અંશે એ આજ્ઞાનું ઉલ્લંઘન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કરે છે તેટલે અંશે તે પ્રાણી દુઃખી થાય છે અને તેવી જ રીતે "જેટલે અંશે એ આજ્ઞાનું પાલન કરવામાં આવે છે તેટલે અંશે પ્રા- "ણીને સુખ થાય છે.

"આ પ્રમાણે હકીકત હોવાથી એ આજ્ઞાના ઉલ્લંઘનથી દુઃખ "થાય છે અને એ આજ્ઞા પ્રમાણે આચરણ કરવાથી સુખ થાય છે "અને તે વાત સર્વ પ્રાણીઓના સંબંધમાં બન્યા જ કરે છે અને વળી "વાત એટલે સુધી ચોક્કસ છે કે આ ત્રણ ભુવનમાં એવી એક પણ "સારી કે ખરાબ બાબત નથી, એક અંશ માત્ર પણ સારો કે માઠો "બનાવ નથી કે જે સદરહુ આજ્ઞાની અપેક્ષા રાખ્યા વગર બની "શકતો હોય; આ દુનિયાની સર્વ ક્રિયા, પ્રાણીનાં સર્વ વર્તનોનાં પરિ- "ણામ, માનસિક વાચિક કાયિક પ્રવૃત્તિ વિગેરે સર્વ ઘટના એ સિદ્ધાજ્ઞાના "અપ્રતિહત નિયમાનુસાર બની આવે છે–આ પ્રમાણે હકીકત હોવાથી "એ મહારાજા (પરમાત્મા) રાગદ્વેષરહિત હોવા છતાં અને એટલે "બધે દૂર આવી રહેલી **નિર્વૃતિ** નગરીમાં રહેતા હોવા છતાં સર્વ "કાર્યોનાં પરમ કારણ છે એમ જાણવું.

"ગુણધારણ રાજા! તારાં સુંદર અને ખરાબ કાર્યોના પરમ હેતુ "એ જ મહાપુરૂષ છે એમ તારે ચોક્કસ સમજવું અને એ બાબતમાં "જરા પણ સંશય જેવું નથી. અગાઉ તેં એ મહાસત્ત્વશાળી પરમા- "ત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું તેથી તને અનેક પ્રકારનાં દુઃખો "થયાં હતાં, ત્યાર પછી કાંઇ કાંઇ તે આજ્ઞાનું તું પાલન કરવા લાગ્યો "તેથી તને થોડું થોડું સુખ [1]થતું જાય છે. જ્યારે એ મહાત્માની "આજ્ઞાને પૂરેપૂરી પાળીશ તે વખતે ખરેખરા સુખસમૂહનો રસ "કેવો છે તેનો તને બરાબર ખ્યાલ આવશે. તેટલા માટે તારાં સર્વ "કાર્યોમાં ઉપર જણાવેલાં કારણો પૈકી કોઇ પ્રધાનપણે અને કોઇ "ગૌણપણે કામ કરી રહ્યાં છે, એ સર્વને તારે તારાં કાર્યોનાં કારણ "તરીકે બરાબર ઓળખી લેવાં જોઇએ. રાજન્! એ કારણોમાંનું "એક પણ કારણ ગેરહાજર હોય તો તારા કાર્યની સિદ્ધિ ન થાય "એમ તું જાણજે. ટુંકામાં વાત એટલી છે કે આ પ્રકરણમાં જણા- "વેલ સર્વ હેતુઓને હેતુસમાજ તરીકે ઓળખવા અને એ આખો "હેતુસમાજ કાર્યસાધક છે એમ તારે લક્ષ્યમાં રાખવું."

ગુણધારણ—"સાહેબ! કાર્યને અંગે જેટલાં કારણો હોય છે તે "સર્વ આપે જણાવી દીધાં કે હજુ તેમાં કોઇ બાકી રહેલ છે?"

---

૧ **સુખલેશઃ** શબ્દ અહીં વાપર્યો છે. એના ઉપર આવતા પ્રકરણમાં એક સવાલ આવશે તેથી તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય શબ્દ છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**નિર્મળાચાર્ય**—"રાજન્! ઘણે ભાગે તો બધાં કારણો તને જણાવી દીધાં છે. એ સર્વ કારણો મળે ત્યારે કાર્ય થાય છે. એમાં બાકીના હેતુનો અંતર્ભાવ પણ થાય છે: દાખલા તરીકે ભવિતવ્યતામાં 'નિયતિ[1] અને યદૃચ્છાનો સમાવેશ થાય છે."

અગૃહીતસંકેતા! આવી રીતે રાજાને (મને) સ્વપ્રસંબંધી જે શંકાઓ થઇ હતી તે મેં ગુરૂમહારાજ શ્રી કેવળીને પૂછી અને તેમણે મને જવાબ આપ્યા તેથી મારી તમામ શંકા દૂર થઇ.

# પ્રકરણ ૭ મું.

## સંપૂર્ણ સુખ અને દશ કન્યાઓ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
जैन साईट

જિજ્ઞાસા[2] તૃપ્ત થવાનાં પ્રસંગો મળે ત્યારે એના ખપી જીવો એવી તકનો પૂરતો લાભ લેવાનું ચૂકતા નથી. ગુણધારણ રાજાનો (મારો) સંદેહ દૂર થયો, પણ તેણે નવા નવા સવાલો પૂછી હકીકત સમજવાનું ચાલુ રાખ્યું અને કેવળીમહારાજે પણ જીવની યોગ્યતા અને તે દ્વારા લાભનું કારણ વિચારી ઉત્તર આપવાનું ચાલુ રાખ્યું. તે વખતે નીચે પ્રમાણે પ્રશ્નોત્તરપરંપરા પાછી મારી અને કેવળીમહારાજની વચ્ચે ચાલી:—

---

૧ **નિયતિ:** નિર્ણય. અમુક બાબત આમ જ થવી જોઇએ એવો અપ્રતિહત નિયમ. એ ઈશ્વરેચ્છા ભાગ્ય અને દૈવના અર્થમાં પણ વપરાય છે.

**યદૃચ્છા:** પોતાની સ્વતંત્ર ઇચ્છા, કાર્ય સ્વતંત્રતા. સૃષ્ટિનિયમને અંગે આ પણ વપરાતો શબ્દ છે. એનો વિશેષાર્થ શાસ્ત્રવાર્તાસમુચ્ચય વિગેરે ગ્રંથમાં જણાશે.

૨ પાંચમા છઠ્ઠા અને સાતમા પ્રકરણનો સંબંધ ચાલુ છે. સગવડ ખાતર પ્રકરણ જૂદા પાડેલાં છે, હકીકતનો પ્રસંગ અને વિષય એક જ છે અને સ્થાન અને પાત્રો પણ તે જ છે. ત્રણે પ્રકરણને એક રીતે એક પ્રકરણના ત્રણ પેટા ભાગ ગણી શકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### સૈન્યના સ્તંભનનું કારણ.
### પુણ્યોદય પાપોદય પરમ કારણ.
### બાહ્ય નિમિત્તોનું માત્ર સાધનત્વ.

ગુણધારણ—"પ્રભુ! જ્યારે મારી સામે વિદ્યાધરનું લશ્કર ચઢી આવ્યું ત્યારે એક લશ્કર આકાશમાં સ્તંભી ગયું અને બીજું જમીન પર સ્તંભી ગયું, બન્નેની ગતિ એકદમ અટકી ગઇ, તે હકીકત કયા હેતુને લઇને બની હતી[1]?"

**નિર્મળાચાર્ય**—"એ બાબતમાં પણ છેવટનું પરમ કારણ તો એ પુણ્યોદય જ છે. એને બીજા કારણોએ પ્રેરણા કરી એટલે એ બહાર પડ્યો. પછી એની શક્તિથી વનદેવતા તારી ઉપર પ્રસન્ન થઇ અને એણે બન્ને લશ્કરને થંભાવી દીધાં. તારી ઇચ્છાથી એ ખેચરનાં મરણો અટકાવ્યાં, અંદર અંદર કાપાકાપી થવા ન દીધી. વળી તારી જ ઇચ્છાનુસાર તેમને છોડી દીધાં અને તારી સાથે તેમનો ભાઇઓ જેવો સંબંધ જોડી આપ્યો–આ સર્વમાં વનદેવતાએ જે કર્યું તે પણ ખરેખરી રીતે તો પુણ્યોદયે જ કર્યું છે, કારણ કે એ વનદેવતાને પ્રેરણા કરનાર પણ આખરે એ પુણ્યોદય જ હતો. એ પુણ્યોદયને અંગે એક હકીકત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છેઃ એ પુણ્યોદય બીજાંને પ્રેરણા કરીને સર્વ કાર્યો અન્યની મારફત જ કરાવી આપે છે, પોતે જાતે કાંઇ કરતો નથી, કામનો જસ (યશ) હમેશાં બીજાંને જ અપાવે છે, એનો સ્વભાવ જ એવો છે. એવી જ રીતે પેલો પાપોદય સેનાપતિ પણ અન્યદ્વારા જ કામ કરે છે, પોતાનાં માઠાં ફળ બીજાંને પ્રેરણા કરીને તે દ્વારા અપાવે છે અને તેના અપયશના ભાગી બીજાંને બનાવે છે. એ પાપોદય પણ જાતે કોઇ કામ કરતો નથી, પોતે કરે છે એવું દેખાડતો નથી. તને પોતાને જે કાર્યો થતાં લાગે છે તેમાં સારાં અથવા ખરાબ હેતુભૂત વચ્ચેનાં સાધનો કે સાધકો બીજાં જણાય છે પણ એ સર્વ ગૌણ હેતુઓ અને સાધનો છે–એ સર્વની પછવાડે મુખ્ય હેતુપણે તો કાં તો પુણ્યોદય હોય છે અથવા તો પાપોદય હોય છે.

"દાખલા તરીકે તું યાદ કરીશ તો તને ખ્યાલ થશે કે અગાઉ જૂદાં જૂદાં કારણો પ્રાપ્ત કરાવીને તને પાપોદયે ઘણાં દુઃખો ભોગવાવ્યાં છે, અનેક રીતે ત્રાસો આપ્યા છે, બહુ પ્રકારની વ્યથાઓ ઉત્પન્ન કરી છે. હવે પુણ્યોદયનો વારો આવ્યો છે, તેનું જોર થયું છે,

---

૧ જુઓ પૃ. ૧૮૮૦ (ચાલુ પ્રસ્તાવ પ્ર. ૩). લગ્ન થયા પછી તુરત જ આ બનાવ બને છે તે સ્મરણમાં તાજો કરવો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી તે બીજાં બીજાં સાધનો નિમિત્તો અને પ્રાણીઓ દ્વારા પોતાના જોરથી તને સુખ આપે છે. રાજા ગુણધારણ! એમાં બાહ્ય વસ્તુઓ તો નિમિત્તમાત્ર છે. ખરેખરૂં પરમ કારણ તો એ પુણ્યોદય જ છે."

**કારણોની વિચારણાની સ્પષ્ટ અવધારણા.**
**સુખલેશ અને સંપૂર્ણ સુખસ્થાન.**
**પરિપૂર્ણ સુખ પ્રાપ્ત કરવા સંબંધી પ્રશ્ન.**

ગુણધારણ—"મહારાજ! આપે વિસ્તારથી જે જવાબ આપ્યા તેથી મારા મનમાં જે સંદેહ થયા હતા તે તદ્દન દૂર થઇ ગયા છે. આપે જે હકીકત કહી તેનું રહસ્ય હું આ પ્રમાણે સમજ્યો છું: જ્યારે નિર્વૃતિનગરીના નાથ પરમેશ્વર શ્રીસુસ્થિતમહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરૂં, અજ્ઞાનતાથી તેની પૂરી કિંમત બરાબર સમજું નહિ, તેના પરિણામે મારી ચિત્તવૃત્તિને ભાવઅંધકારથી મેલી બનાવી દઉં અને જ્યારે મહામોહ વિગેરે શત્રુઓનાં લશ્કરનું પોષણ કરૂં ત્યારે મારૂં તેવા પ્રકારનું રૂપ જોઇને કર્મપરિણામ કાળપરિણતિ સ્વભાવ ભવિતવ્યતા વિગેરે મારે પ્રતિકૂળ થાય છે અને તે વખતે કર્મપરિણામરાજાનો પાપોદયસેનાપતિ પોતાની સાથે મારાથી વિપરિતપણે વર્તનારી આખી લશ્કરની ટૂકડીને લઇ આવીને મને અનેક પ્રકારનાં દુ:ખો શ્રેણીબંધ ઉત્પન્ન કરે છે અને તેમ કરવા માટે અનેક અંદરની તેમ જ બહારની વસ્તુઓને પ્રેરણા કરે છે અને તે દ્વારા મને દુ:ખો નીપજાવે છે; અને જ્યારે હું મારી યોગ્યતાનો ખરો ખ્યાલ કરીને અને તે જ સુસ્થિતમહારાજની કૃપાથી સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને તેઓની આજ્ઞામાં રહું, તેઓના હુકમ પ્રમાણે વર્તું, જ્યારે ભાવઅંધકારને ધોઇ નાખીને ચિત્તવૃત્તિને વધારે નિર્મળ બનાવું, અને ચારિત્રધર્મરાજના લશ્કરને પ્રસન્ન કરૂં, ત્યારે કર્મપરિણામ, કાળપરિણતિ, સ્વભાવ, ભવિતવ્યતા વિગેરે મારૂં વર્તન જોઇને અનુકૂળપણે વર્તે છે, તે વખતે કર્મપરિણામ રાજાના બીજા સેનાપતિ પુણ્યોદય તેની સાથે આવેલ અનુકૂળ સૈન્યવડે મને મોટું સુખ આપે છે અને તે માટે બાહ્ય તેમ જ આધ્યાત્મિક અંદરની વસ્તુઓને સાધન તરીકે સુખ આપવાની પ્રેરણા કરે છે અને તે દ્વારા સુખ નીપજાવે છે; તેટલા માટે એ સર્વનો ( કારણોનો) સમૂહ કાર્યને ઉત્પન્ન કરનાર છે, એમાંનો એક કાંઇ પણ કાર્ય ઉપજાવી શકતો નથી-આ પ્રમાણે આપના કહેવાનો ભાવાર્થ હું સમજ્યો છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હવે સાહેબ! એક બીજી વાત પૂછી લઉં: આપે હમણા વાત કરી ત્યારે જણાવ્યું કે મને થોડું થોડું સુખ[1] પુણ્યોદયે ઉત્પન્ન કરી આપ્યું છે, મને એણે સુખલેશ કરી આપેલ છે-આપના આ વચનથી મારા મનમાં જરા કુતૂહળ થયું છે, મારી જિજ્ઞાસામાં ઉમેરો થયો છે. મને એવો ખ્યાલ થાય છે કે જે દિવસે[2] મને મદનમંજરી મળી, જ્યારે મને અમૂલ્ય કિમતનાં બહુ રત્નો પ્રાપ્ત થયાં (મદનાના પિતા કનકોદર પાસેથી), જરા ચિંતવન કરતાં જ ખેચરો (વિદ્યાધરો)ની મોટી ખૂનાખરાબી બંધ થઇ, તે સર્વને પરસ્પર ભાઇચારો થઇ આવ્યો, વધારામાં વળી તેઓ સર્વેએ મારૂં દાસપણું સ્વીકાર્યું, મારા માતાપિતાને પૂર્ણ સંતોષ થઇ ગયો, મ્હોટો મહોત્સવ થઇ રહ્યો, અમારા સર્વ નગરવાસીઓને પણ ઘણો આનંદ થયો, વિદ્યાધરો સર્વે અમારે ઘરે આવ્યા, મારા માતપિતાએ તેઓનું યોગ્ય આતિથ્યપૂર્વક સન્માન કર્યું, તે સર્વેએ મારાં ઘણાં વખાણ કર્યાં, મારા યશનો ડંકો દેશમાં સર્વત્ર વાગી રહ્યો, તે વખત-તે દિવસ સુખથી ભરપૂર હોવાને લીધે મને તો અમૃત જેવો લાગતો હતો. ત્યાર પછી વળી મદન-મંજરીની સાથે મારો પ્રેમબંધ વધારે મજબૂત થતો ચાલ્યો, ત્યાર પછી વળી કુંદમુનિના[3] દર્શન થયા, ત્યાર પછી રાજા સાત અને સદાગમ સમ્યગ્દર્શન અને ગૃહિધર્મ સાથે મારે મિત્રતા થઇ, ત્યાર પછી વળી મને રાજ્યની પણ પ્રાપ્તિ થઇ અને મારી ઇચ્છામાં આવે તેટલાં અને તેવાં સુખોમાં હું વિલાસ કરવા લાગ્યો ત્યારે તો મને દેવલોકના સુખની પણ અવગણના થવા લાગી, મને એમ થયું કે આવું સુખ તો દેવલોકમાં પણ હશે જ નહિ. વળી ત્યાર પછી હાલમાં આપ મહાત્મા-શ્રીનાં દર્શન થયાં[4] વિનયપૂર્વક આપશ્રીને વંદના કરી, આપને પૂછેલ સંદેહ બરાબર દૂર થઇ ગયો અને આપશ્રીનાં મુખકમળને જોતાં અને આપકૃપાળુનાં વચનામૃત સાંભળતાં મને એવો આનંદ થાય છે, મારા મનમાં એટલું સુખ થાય છે કે વાણીમાં તેનું વર્ણન કરવું પણ અશક્ય છે-આટલી બધી હકીકત હોવા છતાં આપશ્રીએ એમ કેમ કહ્યું કે મને જરા જરા સુખ થયું છે? મને સુખલેશ થયો છે? અને

---

૧ સુખલેશ. જુઓ પૃ. ૧૯૧૫ આગલું પ્રકરણ.

૨ ચાલુ પ્રસ્તાવ. પ્રકરણ ૩ જું.

૩ ચાલુ પ્રસ્તાવ. પ્રકરણ ૪ થું.

૪ ચાલુ પ્રસ્તાવ. પ્રકરણ ૫ મું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પુણ્યોદયે કરી આપ્યો છે? મારા મનમાં અત્યારે જે તર્ક થઇ આવ્યો છે તે એ છે કે મારાં એટલાં બધાં સુખને જો આપ સુખલેશ કહો છો તો પછી સંપૂર્ણ સુખ કેવું હશે? માટે મહાત્મા! શરીરધારીને (પ્રાણીને) સંપૂર્ણ સુખ કેવા પ્રકારનું હોય તે સમજાવવા મારાપર કૃપા કરો."

### સંપૂર્ણ સુખપર વિવેચન.
### દશ કન્યા પરણવાની જરૂર.
### તે લગ્ન વગર પ્રવ્રજ્યા પણ નિષ્ફળ.

**નિર્મળાચાર્ય**—"મહારાજ ગુણધારણ! એ સંપૂર્ણ સુખનું સ્વરૂપ તારા પોતાના અનુભવથી જ તું જાણી શકીશ, એ હકીકત કહેવામાં શું વળે?"

ગુણધારણ—"તે સાહેબ! કેવી રીતે બનશે?"

**નિર્મળાચાર્ય**—"રાજન્! તું દશ કન્યાઓ પરણીશ. અત્યંત ભાવપૂર્વક તારો તેઓ સાથે સંબંધ થશે, પ્રેમ થશે, અત્યંત આનંદપૂર્વક જ્યારે તે દશ કન્યાઓ સાથે તું લીલા કરીશ, વિલાસ કરીશ, આનંદગોષ્ઠિ કરીશ તે વખતે તને જે સુખ થશે તેની સાથે સરખામણીમાં અત્યારે તને જે સુખ થાય છે તે ઘણું જ ઓછું છે, બહુ થોડું છે અને સુખલેશના નામને બરાબર યોગ્ય છે એમ તને જણાશે."

ગુણધારણ—"સાહેબ! મારી તો એવી ધારણા હતી કે આ એક મદનમંજરીને પરણ્યો છું તેને પણ છોડી દઇને આપશ્રીનાં ચરણકમળની સેવામાં હાજર થઇશ, આપશ્રીની પાસે દીક્ષા લઇશ. જ્યારે સાહેબ! પરણેલીને પણ તજવાનો મારો વિચાર છે તો પછી વળી દશ નવી કન્યા પરણવાની ખટપટમાં મારે શા માટે પડવું?"

**નિર્મળાચાર્ય**—"ભાઇ! તારે એ દશ કન્યાઓ સાથે તો અવશ્ય પરણવું. એ દશે કન્યાઓ સાથે તું જોડાયલો હોઇશ ત્યારે જ અમે તને પ્રવ્રજ્યા (દીક્ષા) આપશું. એનો હેતુ એ છે કે પ્રવ્રજ્યાને અને એ દશ કન્યાઓને જરા પણ વિરોધ નથી. અને વાત તો એમ છે કે એ દશ કન્યા વગર પ્રવ્રજ્યા લેવી તે પણ નકામી છે! એ દશ કુળવાન્ કન્યા વગર જો કોઇ પણ પ્રવ્રજ્યા લે તો તેનું કાંઇ વળતું નથી, તે આગળ વધી શકતો નથી, તેને સુખનો અનુભવ થતો નથી. તેટલા માટે તેની સાથે લગ્ન કરીને પછી જ તારે પ્રવ્રજ્યા લેવી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાનનાં આવાં વચન સાંભળીને મને મનમાં અત્યંત આશ્ચર્ય થયું કે ભગવાન્ પોતે વળી આ શી વાત કરે છે? એટલે કંદમુનિએ પાછો સવાલ ઉઠાવ્યો.

કંદમુનિ—"મહારાજ! એ કન્યા જે આ ગુણધારણે પરણવી જોઇએ એમ આપશ્રીએ હમણા જણાવ્યું તે કઇ કન્યાઓ છે? આપ તેઓની ઓળખાણ કરાવો."

નિર્મળાચાર્ય—"જ્યારે આ ઘણો જૂનો વૃત્તાંત મેં તને અગાઉ સંભળાવ્યો હતો તે વખતે જે દશ કન્યાઓ જણાવી હતી તે જ દશ કન્યાઓ સાથે લગ્ન કરવાના છે, બીજી કોઇ નહીં."

કંદમુનિ—"સાહેબ! હું તો તે વાત ભૂલી ગયો છું તેથી મારા પર કૃપા કરીને એ કન્યા કોની સંબંધવાળી છે? (કોના સગપણમાં છે?) તેઓનાં નામો કયાં કયાં છે? અને અત્યારે તેઓ ક્યાં રહે છે? એ સર્વ હકીકત વિગતવાર સમજાવો."

નિર્મળાચાર્ય—"સાંભળ.

દશકન્યાઓ.

"**ચિત્તસૌંદર્ય** નામનું નગર છે. તેનો **શુભપરિણામ** નામનો રાજા છે. તેની **નિષ્પ્રકંપતા** અને **ચારુતા** નામની બે રાણી છે. તેમની અનુક્રમે **ક્ષાન્તિ** અને **દયા** નામની બે કન્યાઓ છે.

"તથા એક **શુભ્રમાનસ** નામનું નગર છે. તેનો **શુભાભિસન્ધિ** નામનો રાજા છે. તેની **વરતા** અને **વર્યતા** નામની બે રાણીઓ છે. તેમની અનુક્રમે **મૃદુતા** અને **સત્યતા** નામની બે કન્યાઓ છે.

"વળી એક **વિશદમાનસ** નામનું નગર છે. તેનો **શુદ્ધાભિસન્ધિ** નામનો રાજા છે. તેની **શુદ્ધતા** અને **પાપભીરુતા** નામની બે રાણીઓ છે. તેમની અનુક્રમે **ઋજુતા** અને **અચોરતા** નામની બે કન્યાઓ છે.

"તેમ જ **શુભ્રચિત્તપુર** નામનું એક નગર છે. **સદાશય** નામનો તે નગરનો રાજા છે. તેની **વરેણ્યતા** નામની પત્ની છે. એ રાણીને બે કન્યાઓ છે. એકનું નામ **બ્રહ્મરતિ** અને બીજીનું નામ **મુક્તતા** છે.

"વળી પેલા **સમ્યગ્દર્શન** સેનાપતિએ પોતાના વીર્યથી એક **માનસીવિદ્યા** નામની કન્યા ઉત્પન્ન કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" અને ખુદ મહારાજા પોતે ચારિત્રરાજ અને મહાદેવી **વિરતિ**એ **નિરીહતા** નામની પુત્રી ઉત્પન્ન કરી છે.

" આવી રીતે ચિત્તસૌંદર્યના રાજા શુભપરિણામ અને રાણી નિષ્પ્રકંપતાથી **ક્ષાંતિ**[1] કન્યા થઇ છે. ચિત્તસૌંદર્યના રાજા શુભપરિણામ અને રાણી ચારૂતાથી **દયા**[2] કન્યા થઇ છે. શુભમાનસના રાજા શુભાભિસન્ધિ અને રાણી વરતાથી **મૃદુતા**[3] કન્યા થઇ છે. શુભમાનસના રાજા શુભાભિસન્ધિ અને રાણી વર્યતાથી **સત્યતા**[4] કન્યા થઇ છે. વિશદમાનસના રાજા શુદ્ધાભિસન્ધિ અને રાણી શુદ્ધતાથી **ઋજુતા**[5] કન્યા થઇ છે, વિશદમાનસના રાજા શુદ્ધાભિસન્ધિ અને રાણી પાપભીરૂતાથી **અચોરતા**[6] કન્યા થઇ છે. શુભ્રચિત્તપુરના રાજા સદાશય અને રાણી વરેણ્યતાથી **બ્રહ્મરતિ**[6] કન્યા થઇ છે. શુભ્રચિત્તપુરના રાજા સદાશય અને રાણી વરેણ્યતાથી **મુક્તતા**[6] કન્યા થઇ છે. સેનાપતિ સમ્યગ્દર્શનના પોતાના વીર્યથી **માનસીવિદ્યા**[7] કન્યા થઇ છે. મહારાજાધિરાજ અને મહાદેવી વિરતિથી **નિરીહતા**[7] કન્યા થઇ છે.

" કુંદમુનિ ! એ પ્રમાણે દશ કન્યાઓનાં રહેવાનાં સ્થાનો અને તેના માતપિતાનાં નામો તે કન્યાઓની ઓળખાણ માટે તને જણાવ્યાં."

**કુંદમુનિ**—" સાહેબ ! આપે ઘણી કૃપા કરી. હવે મહેરબાની કરીને મહારાજા ગુણધારણને એ કન્યાઓ કેવી રીતે મળશે તે હકીકત પણ આપશ્રી જણાવો."

## કન્યાઓ અને તત્પ્રાપ્તિ ઉપાય.

**નિર્મળાચાર્ય**—" કર્મપરિણામ રાજા પોતે જ કાળપરિણતિ મહાદેવી વિગેરે સાથે વિચાર કરીને અને તે સર્વની સંમતિ મેળવીને પુણ્યોદયને આગળ કરશે અને પછી તે બધાઓ ઉપરના નગરો જ-

૧ જુઓ પ્ર. ૩. પ્ર. ૨.
૨ જુઓ પ્ર. ૩. પ્ર. ૨૭.
૩ જુઓ પ્ર. ૪. પ્ર. ૩૯.
૪ જુઓ પ્ર. ૪. પ્ર. ૩૯.
૫ જુઓ પ્ર. ૫. પ્ર. ૨૧.
૬ જુઓ પ્ર. ૬. પ્ર. ૯.
૭ જુઓ પ્ર. ૭. પ્ર. ૧૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ણાવ્યાં છે ત્યાં જશે, ત્યાં જઇને તેઓ એ દશે કન્યાઓના માતપિતાને અનુકૂળ કરશે અને તેમ કરીને એ કર્મપરિણામ મહારાજા પોતે જ એ દશે કન્યાઓ ગુણધારણ રાજાને અપાવશે-દેવરાવશે. હવે એમાં એક હકીકત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે આ ગુણધારણે બધા 'સદ્-ગુણો'નો સારી રીતે અભ્યાસ પાડવો, એ કન્યાઓને મેળવવા યોગ્ય પોતાના આત્માનો વિકાસ કરવો, જાતે એ કન્યાને લાયક થવું-જેને પરિણામે પેલો કર્મપરિણામ રાજા ગુણધારણને અનુકૂળ થશે અને એ રાજા એક વાર અનુકૂળ થયો એટલે પેલી કન્યાના માબાપો પોતાની મેળે જ કન્યાદાન દેવા તત્પર બની જશે અને પેલી કન્યાઓ જાતે જ ચાલી ચલવીને ગુણધારણની અત્યંત રાગી થઇ જશે. ત્યાર પછી રાજા ગુણધારણ અને એ કન્યાઓ વચ્ચે સ્વાભાવિક પ્રેમબંધ થશે. તે પ્રેમ-સંબંધ એવો સુઘટિત થશે કે એ કોઇનાથી ત્રૂટી શકશે નહીં.

કંદમુનિ—"એ બાબતમાં તો કહેવા જેવું જ શું છે! ભગવાનના વચનથી-આપશ્રીના હુકમથી જેવું આ જીવ ગુણધારણ નામ ધારણ કરે છે તેવા જ સાચા અર્થવાળો તે થઇ જશે. આપશ્રી હુકમ કરશો તે પ્રમાણે જ તે કરશે. મારી હવે એક વધારે વિજ્ઞપ્તિ છે. આપે કન્યા-પ્રાપ્તિના ઉપાયમાં સદ્ગુણોનો સારી રીતે અભ્યાસ પાડવા જણાવ્યું અને એ ગુણોને સેવવાની સૂચના કરી તો એ ગુણો કયા કયા છે તે જરા વિગતવાર જણાવવા કૃપા કરો."

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રત્યેક કન્યાને વરવાની યોગ્યતા મેળવવાના અનુશીલનીય ગુણો.

નિર્મળાચાર્ય—"બરાબર લક્ષ્ય દઇને સાંભળો:—

૧ ક્ષાંતિ. "જે પ્રાણી 'ક્ષાંતિ' [1]કન્યા સાથે લગ્ન કરવા ઇચ્છતો "હોય તેણે સર્વ પ્રાણીઓ તરફ મૈત્રીભાવ રાખવો, "સર્વ નાના મોટા જીવો પોતાના સંબંધી છે-મિત્ર છે- "દોસ્તદાર છે એમ વિચારવું; અન્ય માણસ ગમે તેટલા "પરાભવ-અપમાન કરે તે સર્વ સહન કરવા; તે દ્વારા "પારકાની સાથેના પ્રીતિસંબંધની અનુમોદના કરવી; "એવા પ્રકારના પ્રીતિયોગ સંપાદન થવાથી પોતાના "(આત્મા) ઉપર એક પ્રકારનો અનુગ્રહ થાય છે એમ "વિચારવું; આત્મા પરાભવ કરી દુર્ગતિએ જવા યોગ્ય "બને છે તેથી તેવા આત્માની નિંદા કરવી; જે મુક્ત "આત્માઓ પારકાને કોપ કરાવવાનું કદિ કારણ જ થતા

૧ આ **વૈશ્વાનરનો** નાશ કરનારી કન્યા છે. વૈશ્વાનર તૃતીય પ્રસ્તાવનો પાત્ર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" નથી તેઓ ખરા ભાગ્યશાળી છે, તે માટે તેવા આ-
" ત્માની અંતઃકરણપૂર્વક પ્રશંસા કરવી; પોતાનો તિર-
" સ્કાર કરનાર એક રીતે જોતાં પોતાનાં કર્મની નિર્જ-
" રાના હેતુભૂત થાય છે તેથી તેઓ હિત કરનારા છે
" એમ સમજવું; ખરેખરી રીતે સંસારનું અસારપણું
" તેઓ બતાવનાર છે તેથી તેઓને પોતાના ગુરૂ સમજવા
" અને હમેશા પોતાના અંતઃકરણને નિશ્ચળ બનાવવું-
" એવી રીતે સદરહુ ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી
" **ક્ષાંતિ** કન્યાને વરવા યોગ્ય બને છે.

**૨ દયા.** " જે પ્રાણી 'દયા' કન્યા[1] સાથે લગ્ન કરવા ઇચ્છતો હોય
" તેણે અન્યને જરા પણ સંતાપ થાય એવી હકીકતથી
" તદ્દન દૂર રહેવું; સર્વ પ્રાણીઓ પોતાના સગા ભાઇઓ
" છે એમ સમજી તેઓ સાથે વર્તવું; અન્ય ઉપર બને
" તેટલો ઉપકાર કરવો; બીજાને આધિ વ્યાધિ કે દુઃખમાં
" પડેલા જોઇ તે તરફ ઉદાસી ભાવ-બેદરકારી ન રા-
" ખવી અને હમેશા આખા જગતને આનંદ ઉપજાવે
" તેવા સુંદર સમપણાના આશયને ધારણ કરનારા થવું-
" આવા પ્રકારના સદ્‌ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી
" **દયા** કન્યાને વરવા યોગ્ય બને છે.

**૩ મૃદુતા.** " જે પ્રાણી 'મૃદુતા' કન્યા[2] સાથે લગ્ન કરવા ઇચ્છતો
" હોય તેણે પોતે અમુક ઊંચી જાતનો છે એ હકીકત
" કે એ વાતનો ગર્વ ન કરવો (૧. જાતિમદ); પોતે
" ખાનદાન છે કુળવાન્ છે મોટાના ઘરનો છે એ હકી-
" કતનો ગર્વ ન કરવો (૨. કુળમદ); પોતામાં ઘણું
" બળ છે, મોટા પર્વત જેવાને પણ હઠાવી દે તેવો છે,
" સેન્ડો છે વિગેરે શક્તિનું અભિમાન ન કરવું
" (૩. બળમદ); પોતે ઘણો રૂપાળો છે, આકર્ષક છે, મન-

---

૧ **દયાઃ** કુમારી એ હિંસાની વિરોધી છે, પ્રથમ અવ્રતની મહા વિરોધી છે. હિંસા કુમારીની હકીકત ત્રીજા **પ્રસ્તાવ**માં આવી ગઇ. એની સાથે **નંદિવર્ધન**ના લગ્ન થયા હતા. (**પ્ર.** ૩. પ્ર. ૨૧).

૨ **મૃદુતાઃ** એ માનને ભેદી નાખનાર છે. ચોથા **પ્રસ્તાવ**ના પાત્ર **શૈલરાજ**ની એ ખાસ વિરોધી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" મોહક છે એ હકીકતનો ગર્વ છાંડવો ( ૪. રૂપમદ );
" પોતે ઘણા છઠ્ઠ અઠ્ઠમ આદિ તપો કરે છે, કર્યા છે,
" પોતાના જેવી તપસ્યા અન્ય કોઇ કરી શકતું નથી
" એવો તપના ગર્વનો પરિહાર કરવો ( ૫. તપગર્વ );
" પોતાની પાસે ઘણો પૈસો છે, પોતે જેટલો પૈસો ધરાવે
" છે તેટલો બીજા પાસે નથી અને પોતે મોટો કુબેર
" ભંડારી થઇ ગયો છે, બીજા સર્વે તો પોતાની પાસે
" ભીખારી જેવા છે અને પોતાની પાસે ઊભા રહેવાને
" પણ લાયક નથી વિગેરે પૈસાસંબંધી અભિમાન વર્જવું
" ( ૬. ધનગર્વ ); પોતે ઘણો વિદ્વાન છે, પોતે બહુ થોડા
" વખતમાં સેંકડો શ્લોકો યાદ કરી શકે છે, પોતાની
" દલીલની પદ્ધતિ અપ્રતિહત છે, પોતાની ભાષણકળા
" સચોટ છે-વિગેરે બાબતનો ગર્વ તદ્દન તજવો
" ( ૭. શ્રુતગર્વ ); પોતે જાતમહેનતથી ધન મેળવ્યું છે
" ભીખારીપણામાંથી મોટો ધનેશ્વરી બન્યો છે, વ્યાપા-
" રમાં પોતાની કળા નિરવધિ છે, ઘરાક સમજાવતાં
" પોતાને બહુ સારાં આવડે છે વિગેરે પૈસા મેળવવાની
" બાબતોનો ગર્વ કદિ ન કરવો ( ૮. લાભમદ ); અન્ય
" ઉપર પ્રેમ-વત્સળતા રાખવાની કે કરવાની બાબતનું
" અને અન્ય પોતા તરફ વત્સળભાવ રાખે છે તે સંબંધી
" અભિમાન તજી દેવું; નમ્રતા ધારણ કરવી; વિનયનો
" વધારે વધારે અભ્યાસ પાડવો; અને હમેશા પોતાના
" હૃદયને માખણ જેવું સુકોમળ બનાવવું-આવા પ્રકા-
" રના સદ્દગુણોનું અનુશીલન કરનાર પ્રાણી મૃદુતાકન્યાને
" વરવા યોગ્ય બને છે.

૪ સત્યતા. " જે પ્રાણી 'સત્યતા' કન્યા[1] સાથે લગ્ન કરવા ઇચ્છતો
" હોય તેણે અન્ય પ્રાણીના મર્મો-ગુપ્ત વાતો ઉઘાડી
" પાડવાની ટેવ તદ્દન છોડી દેવી; ચાડીચૂગલી કરવાની
" પદ્ધતિ તદ્દન વર્જવી; પારકાના અવર્ણવાદ બોલવાની
" કે નિંદા કરવાની બાબતનો સર્વથા ત્યાગ કરવો; વાતો
" કરતાં કે સાધારણ રીતે બોલવાની બાબતમાં વચનની

૧ સત્યતાઃ મૃષાવાદની વિરોધી છે. મૃષાવાદ ચોથા પ્રસ્તાવનો મુખ્ય પાત્ર અને રિપુદારણનો મિત્ર હતો.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

" કડવાશ તદ્દન છોડી દેવી; એકને કહી બીજાને સંભ-
" ળાવવું-આડુંઅવળું બોલી કપટાશય બતાવવો વિગેરે
" વક્રોક્તિ-વાંકા ભાષણની પદ્ધતિ છોડી દેવી; ઠઠ્ઠા મશ્કરીની
" રીતિ તદ્દન તજી દેવી; ખોટી વાત કે ભળતી વાત
" કે અર્ધસત્ય વાત કદિ ઉચ્ચારવી નહિ; નકામું બોલ
" બોલ કરવાની ટેવનો કે બહુબોલાપણાનો ત્યાગ કરવો;
" અને જે વાત જેમ બની હોય તેમ તેને તે સ્વરૂપે
" અતિશયોક્તિ કે અર્ધ હકીકત વિગોપન વગર તથાપ્રકારે
" કહેવાની રીતિ રાખવી-આવા પ્રકારના સદ્ગુણોનું
" અનુશીલન કરનાર પ્રાણી સત્યતાકન્યાને વરવા યોગ્ય
" થાય છે અથવા તો એવા પ્રાણી તરફ તે કન્યા
" આપોઆપ ઘણી અનુરક્ત બની જાય છે.

૫ ઋજુતા. " જે પ્રાણી 'ઋજુતા' કન્યા[1] સાથે લગ્ન કરવા ઇ-
" ચ્છતો હોય તેણે કુટિલપણાની તો ઝાટકણી જ કરી
" નાખવી; પોતાના વર્તનમાં કાંઇ પણ વાંકાચુંકાપણું
" રાખવું નહિ; સર્વ જગ્યોએ સરળ ભાવ રાખવો અને
" દેખાડવો, અન્યની છેતરપીંડી કરવાનો વિચાર પણ
" કદિ ન કરવો અને છેતરવાની વાત પણ ન જ કરવી;
" પોતાના મનને મેલ વગરનું ચોખ્ખું રાખવું; પોતાનું
" વર્તન તદ્દન જાહેર રાખવું; બાહ્ય દેખાવમાં અને અંદ-
" રના વર્તનમાં જૂદો ભાવ ન રાખવો; પોતાના વિચા-
" રોમાં ઉચ્ચ ભાવોને જ મુખ્યતા આપવી; અને પોતાના
" અંતઃકરણને સીધા દંડ જેવું બનાવવું; મનમાં કાંઇ પણ
" ઘુંચ, ગોટા, વાંકાઇ કે ગાંઠ ન રાખવાં-આવા પ્રકારના
" સદ્ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી ઋજુતાકન્યાને
" વરવા યોગ્ય બને છે અથવા એમ કરવાથી તે કન્યા
" વશ થઇ જાય છે.

૬ અચોરતા. " જે પ્રાણી 'અચોરતા' કન્યા સાથે[2] લગ્ન કરવા ઇચ્છતો
" હોય તે અન્ય પ્રાણીને થતી પીડાથી બ્હી જાય છે;
" અન્યને થનારી પીડાનો ખ્યાલ જ તેને થથરાવી

---

૧ ઋજુતાઃ એ માયા (બહુલિકા)ની વિરોધી કન્યા છે. પાંચમા પ્રસ્તાવમાં વામદેવ સાથે એનો વિલાસ જોઇ ગયા છીએ. સરળતા બહુ સુંદર સદ્ગુણ છે.

૨ અચોરતાઃ સ્તેયની વિરોધી છે. વામદેવે સ્તેયની મિત્રતા કરી કેવાં ફળ મેળવ્યાં તે આપણે પાંચમા પ્રસ્તાવમાં જોઇ ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" નાખે છે; પારકાનો જરા પણ દ્રોહ (ખરાબ) કરવાની
" બુદ્ધિ એનામાંથી સર્વથા નાશ પામે છે; પારકાના
" પૈસા લઇ લેવાની કે પડાવી લેવાની બુદ્ધિને તે દૂર
" કરે છે; એવાં કાર્યો કરવાથી કેટલી મુશ્કેલી ઊભી
" થાય છે, કેવા ત્રાસ થાય છે, કેટલું દુઃખ થાય છે
" તેનો બરાબર ખ્યાલ કરે છે; છેવટે એવાં અકાર્યોથી
" દુર્ગતિમાં જવાનો ભય તેના ખ્યાલમાં વારંવાર આવ્યા
" કરે છે–આવા પ્રકારના સદ્‍ગુણોનું અનુશીલન કર-
" નાર પ્રાણી ઉપર અચોરતાકન્યા ખાસ હેત કરે છે
" અને પોતાની જાતે ચાલી ચલાવીને તેની પાસે આવી
" તેને વરે છે.

**૭ મુક્તતા.** " જે પ્રાણી 'મુક્તતા' કન્યા[1] સાથે લગ્ન કરવા ઇચ્છતો
"હોય તેણે વિવેકને પોતામય–એકસ્વરૂપ કરી દેવો;
" પોતાનો આત્મા કોઇ પણ પ્રકારની બાહ્ય ( સ્થૂળ ) અને
" અંતરંગ મિલ્કતથી ( ગ્રંથથી ) તદ્દન અલગ છે–જૂદો
" છે–ભિન્ન છે એવી ભાવના કરવી; એ બાહ્ય અભ્યંતર
" મિલ્કતની પિપાસા ( મેળવવાની ઇચ્છા ) જેટલી બને
" તેટલી દબાવી દેવી; પોતાના અંતઃકરણને અંદર કે
" બહાર કોઇ પણ વસ્તુ સાથે ન લગાડવું, એનાથી તેને
" તદ્દન અલગું જ રાખવું અને જેમ કાદવ અને પાણીથી
" કમળ તદ્દન દૂર રહે છે તેવી રીતે પોતાનો અંતર
" ભાવ અર્થ ( ધન ) અને કામથી તદ્દન અલગ કરી
" નાખવો–આવા પ્રકારના સદ્‍ગુણોનું અનુશીલન કર-
" નાર પ્રાણી મુક્તતાકન્યાને વરવા યોગ્ય થાય છે.

**૮ બ્રહ્મરતિ.** " જે પ્રાણી 'બ્રહ્મરતિ' કન્યા[2] સાથે લગ્ન કરવા ઇચ્છતો
" હોય તેણે દેવતા મનુષ્ય અને તિર્યંચની સર્વ સ્ત્રીઓને
" પોતાની માતા સમાન ગણવી; (૧) જે સ્થાનમાં એ
" સ્ત્રીઓ રહેલી હોય તેવાં સ્થાનમાં તેણે જરા વખત
" પણ રહેવું નહિ; (૨) તેઓના સંબંધી કથા–વાતચીત કે
" વર્ણન કરવાં નહિ; (૩) જે સ્થાન કે શય્યા પર તેઓ

૧ **મુક્તતાઃ** એ લોભ–**સાગર**નો ત્યાગ છે. એ **સાગર** સંસારીજીવ **ધનશેખ**રનો મિત્ર થાય.

૨ **બ્રહ્મરતિઃ** એ મૈથુનની વિરોધી છે. મૈથુનનો ધનશેખર સાથેનો સંબંધ પ્રસ્તાવ છઠ્ઠામાં જોયો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" બેઠેલ હોય ત્યાં (બેઘડિ સુધી) બેસવું નહિ; (૪) એ સ્ત્રી-
" ઓની ઇંદ્રિયો કે શરીરના કોઇ પણ ભાગ ઉપર ટીકી
" ટીકીને જોવું નહિ; (૫) ભીંતને આંતરે આનંદકલ્લોલ કરતું
" કોઇ જોડલું રહેતું હોય તો તેની પડખેનાં મકાનમાં
" વાસો કરવો નહીં; (૬) અગાઉ પોતે આનંદ વિલાસો
" કર્યા હોય તેનું સ્મરણ કરવું નહિ; (૭) જે ભોજન
" કરવાથી ઇંદ્રિય વિષય તરફ ઢળે કે વિષય જાગ્રત થાય
" તેવા વૃત્તિને ઉશ્કેરનારા માદક કે ભારે આહારનો
" ત્યાગ કરવો; (૮) પ્રમાણથી અધિક આહાર ન કરવો;
" (૯) પોતાના શરીરની કોઇ પણ પ્રકારની શોભા વિભૂષા
" કરવી નહિ;[1] ઇંદ્રિયોના વિષય ભોગવવાની ઇચ્છા
" થાય તો તેને એકદમ દબાવી દેવી—આવા પ્રકારના
" સદ્ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી બ્રહ્મરતિ કન્યાને
" વરવા યોગ્ય થાય છે.

૯ વિદ્યા. " જે પ્રાણી 'વિદ્યા' કન્યા[2] સાથે લગ્ન કરવા ઇચ્છતો
" હોય તેણે સૌથી પ્રથમ તો વિચારવું કે સર્વ પૌદ્ગલિક
" પદાર્થો અનિત્ય છે, થોડો વખત રહેનારા છે, આખરે
" નાશ પામનારા છે; તેવી જ રીતે સર્વ ધન પણ અ-
" નિત્ય છે, વિષયો પણ અનિત્ય છે અને પોતાનું શરીર
" પણ અનિત્ય છે; પોતે વિચાર કરે કે એ વિષયો,
" દેહ વિગેરે વાસ્તવિક રીતે અશુચિથી ( અપવિત્ર
" પદાર્થોથી ) ભરેલા છે, એમાં આખરે દુઃખ જ છે અને
" એનો છેડો દુઃખમાં જ આવે છે—એવી વિચારણા પર
" સ્થિરતા કરે; પોતાનો આત્મા પોતે જાતે એ સર્વ
" પદાર્થો—ભોગો અને શરીરથી તદ્દન અલગ છે એ સ્વ-
" ભાવ પર ખાસ વિચારણા કરે, અનેક પ્રકારના સાચા

૧ બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાવાળાને તે મતરૂપ ઉગતા ધાન્યના રક્ષણ સારુ તે ખેતરના રક્ષણ સારૂં નવ વાડ બતાવી છે. અહીં બ્રહ્મરતિને અંગે વારોની હકીકત બતાવી છે. નવ વાડનું સ્વરૂપ પ્રસ્તાવ ત્રીજામાં પૃ. ૫૦૪ ની નોટમાં લખ્યું છે તે જુઓ. તેઓનાં પારિભાષિક નામો અનુક્રમે નીચે પ્રમાણે છેઃ—

(૧) વસતિ. (૨) કથા. (૩) નિષિદ્યા. (૪) ઇંદ્રિયનિરીક્ષણ. (૫) કુડ્યંતર (૬) પૂર્વક્રીડિત. (૭) પ્રણિતાહાર. (૮) અતિમાત્રાહાર. (૯) વિભૂષા.

૨ વિદ્યાઃ એ સદ્બોધની કન્યા છે, અજ્ઞાનને દૂર કરનાર છે, સાતમા પ્રસ્તાવનું પાત્ર છે. એને સમ્યગ્દર્શન અને ચારિત્રરાજ ઉત્પન્ન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" ખોટા કુતર્કો થયા કરતાં હોય તેનાં જાળાઓને તોડી
" પાડે, ભાંગી નાખે, દૂર ફેંકી દે; સર્વ વસ્તુની અંદર
" રહેલા સાચા તત્ત્વ પર પૂર્ણ વિચાર અને મનન કરે–
" આવા પ્રકારના સદ્‌ગુણો ધારણ કરે તેને જાતે બો-
" લાવીને મંત્રી સદ્‌બોધ સમ્યગ્‌દર્શન સેનાપતિની કન્યા
" વિદ્યાને આપે છે.

**૧૦ નિરીહતા.** " જે પ્રાણી 'નિરીહતા' કન્યા[1] સાથે લગ્ન કરવા
" ઇચ્છતો હોય તેણે હમેશા વિચાર કરવો કે આ સં-
" સારમાં ઇચ્છાઓ થાય છે તે મનના સંતાપને બહુ
" વધારી મૂકનારી છે; ઇંદ્રિયના ભોગો ભોગવવાની
" અભિલાષાઓ મનનાં દુઃખ માટે થાય છે; સંસારમાં
" જન્મ થાય છે તે મરણ માટે થાય છે; પ્રિય વસ્તુ કે
" જન સાથે મેળાપ થાય છે તે આખરે વિયોગ માટે
" થાય છે અને વિયોગમાં પરિણમે છે; આ સંસારની
" સર્વ રચના પ્રાણી કરે છે તે રેશમીઆ કીડા જેમ
" પોતાના શરીર આસપાસ રેશમને વીંટાળે છે તેના
" જેવી છે અને કીડાને જેમ તેની પોતાની જ બનાવેલી
" રચના આકરા બંધનમાં નાખે છે તેમ સંસારની રચના
" પ્રાણીને પોતાને જ (રચના કરનારને જ) તીવ્ર બંધ-
" નમાં નાખે છે; વસ્તુઓનો સંગ્રહ કરી રાખવાની ટેવ
" ક્લેશને વધારનાર થાય છે, સર્વ પ્રકારના સંગો સં-
" બંધો હેરાનગતિ માટે થાય છે; પ્રવૃત્તિ દુઃખરૂપ છે,
" નિવૃત્તિ સુખરૂપ છે–આવા વિચારો–આવી ભાવનાઓ
" જેઓ નિરંતર કર્યા જ કરે છે તેનામાં **નિરીહતા**
" કન્યા ઘણી આસક્ત થાય છે અને આખરે આવીને
" જાતે વરે છે.

" રાજન્! તારે પેલી દશ કન્યાઓ મેળવવી છે તો તેટલા સારૂ તારે ઉપર જણાવેલા સર્વ સદ્‌ગુણોનો વારંવાર અભ્યાસ પાડવો જોઇએ.[2] આવી રીતે જ્યારે તું લાંબા વખત સુધી કરીશ ત્યારે પછી

---

૧ **નિરીહતા:** એ ચારિત્રરાજની વિરતિથી ઉત્પન્ન થયેલી કન્યા છે. સાતમા પ્રસ્તાવનું પાત્ર છે. પરિગ્રહની મહા વિરોધી છે.

૨ દશ યતિધર્મો પર અગાઉ વિવેચન થયું છે (જુઓ પ્રસ્તાવ ચોથો પ્ર. ૩૫ મું.) ત્યાં ચારિત્રરાજના યુવરાજ પુત્ર તરીકે યતિધર્મને બતાવ્યો છે અને તે

[ ચાલુ.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

અવસર જોઇને જ્યારે બરાબર વખત તે માટે આવી લાગશે ત્યારે કર્મપરિણામમહારાજા ચારિત્રરાજનું આખું લશ્કર તને બતાવશે, તારે પછી એ દરેક સેનાની અને લશ્કરીઓને અનુકૂળ જે જે સદ્ગુણો હોય તેનો બરાબર અભ્યાસ અને અમલ કરીને તેઓ દરેકનો તારા તરફ અનુરાગ-પ્રેમ આકર્ષાય તેમ કરવું. એ જે સેનાનીઓ અને સુભટો છે તેઓ સર્વે પોતાના ઉપરી શેઠ ચારિત્રધર્મ તરફ ઘણા વફાદાર છે, તેના ઉપર બહુ પ્રીતિ રાખનારા છે, તેથી જેવા તેઓ તારી સાથે અનુકૂળ થશે એટલે પોતાના ઉપરી શેઠના દુશ્મન મહામોહના

---

દશ મનુષ્યના પરિવાર સાથે છે. એ દશ યતિધર્મોની સાથે આ દશ કન્યાઓનો મેળ મળતો નથી. કાંઇ કાંઇ ફેર પડી જાય છે. મને એમ લાગે છે કે આ ગુણો 'પૂર્વ સેવા' તરીકે મેળવવાના છે તેથી સર્વનો મેળ મેળવવાની ખાસ જરૂર જણાતી નથી. મેં નીચે મેળ મેળવવા પ્રયત્ન કર્યો છે પણ તેમાં જરા ફેર પડે છે. દશ યતિધર્મો બતાવનાર ગાથા આ પ્રમાણે છે.

> खंति मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
> सच्चं सोअं आकिं, च्चणं च बंभं च जइधम्मो ॥

૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ મુક્તિ (નિર્લોભતા), ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચનત્વ અને ૧૦ બ્રહ્મ.

| દશ કન્યા. | યતિધર્મ પૈકી. |
|---|---|
| ૧ ક્ષાંતિ. | ૬ સંયમ. |
| ૨ દયા. | ૧ ક્ષાંતિ. |
| ૩ મૃદુતા. | ૨ માર્દવ. |
| ૪ સત્યતા. | ૭ સત્ય. |
| ૫ ઋજુતા. | ૩ આર્જવ. |
| ૬ અચોરતા. | ૮ શૌચ. |
| ૭ બ્રહ્મરતિ. | ૧૦ બ્રહ્મ. |
| ૮ મુક્તતા. | ૪ મુક્તિ |
| ૯ માનસી વિદ્યા. | ૫ તપ. |
| ૧૦ નિરીહતા. | ૯ અકિંચનત્વ. |

આ તો માત્ર મેળ મેળવવા પ્રયત્ન કર્યો છે. બાકી વાસ્તવિક વિચારીએ તો 'તપ' અને 'સંયમ' યતિધર્મ સામે કન્યા આવતી નથી, શ્રીસિદ્ધર્ષિ ગણિની વ્યાખ્યામાં યતિધર્મો તો એક જ પ્રકારના છે, તેમની સંખ્યા કે વ્યાખ્યામાં શાસ્ત્ર સાથે ફેર પડતો નથી તે આપણે ચોથા પ્રસ્તાવથી જાણીએ છીએ, તેથી મને તો આ બાબતનો એક જ ખુલાસો લાગે છે અને તે એ છે કે અહીં જે સદ્ગુણો પર વિવેચન કરવામાં આવ્યું છે તે યતિધર્મ પ્રાપ્ત કરતાં પહેલાં 'પૂર્વસેવા' જેવા

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખા લશ્કરની સામા પડી જશે અને તેને હઠાવી દેશે. આવી રીતે જ્યારે તને ભાવરાજ્ય પ્રાપ્ત થશે, તારા પોતાના બળની ચોક્કસ ખાતરી થશે અને પેલા ભાવ શત્રુઓ પર વિજય થશે એટલે પછી એ સુંદર લલિત લલનાઓ સાથે આનંદ ભોગવતો તું મજા કરીશ અને ઘણો સુખી થઇશ. તેટલા માટે તારે (ગુણધારણે) આ સર્વ ગુણોનું અનુષ્ઠાન કરવા યોગ્ય છે.”

---

ગુણો છે અને તેમાં પ્રવેશ થાય તો પછી યતિધર્મો પ્રાપ્ત થાય. નિર્મળાચાર્યનું વિવેચન એ હકીકત સ્પષ્ટ કરે છે અને ગુણોનો વિસ્તાર અને તે માટે વાપરેલી ભાષામાં રહેલ સચોટતા પણ એ જ બાબતને સવિશેષપણે બતાવે છે. યતિધર્મોનો અર્થ નીચે લખ્યો છે તે મનન કરવો.

૧ **ક્ષમા**—ક્રોધનો ત્યાગ.
૨ **માર્દવ**—માનનો ત્યાગ. નમ્રતા.
૩ **આર્જવ**—માયાનો ત્યાગ. સરળતા.
૪ **મુક્તિ**—લોભનો ત્યાગ. અંતરંગ અને બાહ્ય નિઃસંગપણું.
૫ **તપ**—ઇચ્છાનો રોધ-બાહ્ય અને અભ્યંતર. નિઃસ્પૃહપણું અને ત્યાગ.
૬ **સંયમ**—પાંચ આશ્રવ ત્યાગ, પાંચ ઇંદ્રિયનો રોધ, ચાર કષાયનો વિજય અને ત્રણ યોગ પર અંકુશ. આમાં અહિંસાની મુખ્યતા છે.
૭ **સત્ય**—હિત મિત અને પ્રિય એવું સત્ય સંભાષણ.
૮ **શૌચ**—આહાર શુદ્ધિ વિગેરે બાહ્ય શૌચ અને શુદ્ધ પરિણામની વૃદ્ધિ તે અંતર શૌચ.

અથવા મન વચન કાયાને પવિત્ર રાખવા, સંયમમાં દોષ ન લગાડવો અને અદત્ત કોઇ પ્રકારનું ન લેવું.

૯ **આકિંચનત્વ**—પરિગ્રહ વસ્તુ આદિ માલેકીની ચીજો રાખવી નહિ, તેમનાપર મૂર્છા કરવી નહિ.

૧૦ **બ્રહ્મ**—કોઇ પણ દેવ મનુષ્ય તિર્યંચ સ્ત્રી સાથે વિષય સુખ ભોગવવું નહિ વિગેરે. આ પ્રસંગ વિગતવાર વિચારવા યોગ્ય છે. એમાં ઘણું આંતર રહસ્ય હોય તેમ લાગે છે. વિચારકોને સ્વતંત્ર વિચાર કરવા યોગ્ય આ પ્રસંગ છે.

ઉપરની નોટ લખાયા પછી આ પ્રસંગપર ઘણો વિચાર કર્યો અને પછી આખા ગ્રંથનો વિસ્તીર્ણ વિચાર કર્યો ત્યારે વધારે સ્પષ્ટતા થતી હોય એમ લાગ્યું. એ વિચારણાનું પરિણામ એ આવ્યું કે આ દશે કન્યાઓ પાંચ અવ્રતનો સ્થૂળ ત્યાગ સૂચવે છે, ચાર કષાયોને નરમ પાડી દાબી દેવાનું કહે છે અને જ્ઞાનદર્શન ચારિત્રમાં રમણ કરવાનું શીખવે છે. એ દશે કન્યાનો દશ યતિધર્મ સાથે કાંઇ પણ સંબંધ નથી. વિકાસક્રમમાં વધતાં પ્રથમ આ પ્રમાણે પ્રગતિ કરવી ખાસ જરૂરી છે. ત્યાર પછી યતિધર્મોની પ્રાપ્તિ થાય છે. આ રીતે વિચારતાં અને ખાસ કરીને એ દશે કન્યાનું ત્રીજાથી સાતમા પ્રસ્તાવમાં જૂદે જૂદે પ્રસંગે વર્ણન આવી ગયું છે તે પર ખ્યાલ આપતાં વાત બરાબર બેસી જાય છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## ભાવલિંગની ઉમેદવારી.
## દશ કન્યા સાથેના લગ્નસંબંધી ઉપાય ચિંતવન.
## સદ્બોધની સહાયકપણે જરૂર.

**કંદમુનિ**—"સાહેબ! ગુણધારણ રાજાના મનમાં અત્યારે જે અભિલાષા છે તે કેટલે વખતે સિદ્ધ થશે?"

**નિર્મળાચાર્ય**—"આર્ય! માત્ર છ માસમાં."

કંદમુનિને આચાર્યશ્રીએ આવો જવાબ આપ્યો એટલે હું (ગુણધારણ-સંસારીજીવ) બોલી ઉઠ્યો—"નાથ! ઉતાવળ કરો. એ દીક્ષા લેવાને મારૂં મન ઘણું તલપાપડ થઇ ગયું છે. મને તો હમણા જ દીક્ષા આપો. આપે છ માસની વાત કરી એ તો બહુ લાંબો વખત થઇ જાય, એટલો વખત મારે બેસી રહેવું નથી અને એટલી ઢીલ મારાથી ખમાય તેમ નથી. માટે હવે ઢીલ કરવાની શી જરૂર છે?"

**નિર્મળાચાર્ય**—"રાજન્! આ બાબતમાં ઉતાવળ કરવાની કાંઇ પણ જરૂર નથી. મેં જે અનુષ્ઠાનો કરવાનો અને સદ્ગુણો આચરવાનો તને હમણા જ ઉપદેશ આપ્યો છે તે અનુષ્ઠાનો અને આચરણો પરમાર્થથી તો દીક્ષા જ છે. અરે ભાઇ! [1]દ્રવ્યલિંગ (સાધુનો વેશ) તો અગાઉ પણ અનેક વાર લીધેલ છે, પરંતુ અગાઉ મેં જે સદ્ગુણોની આચરણા જણાવી તે તે અગાઉ યથાસ્થિત કરી નથી અને જ્યાં સુધી સદ્ગુણોનું પૂર્ણપણે આચરણ ન હોય ત્યાંસુધી માત્ર દ્રવ્યલિંગ ધારણ કરવાથી ખાસ વિશેષ ગુણ થતો નથી, મોટો લાભ મળતો નથી, ધારેલી મુરાદ બર આવતી નથી. તને પણ એમ જ થયું છે. માટે તારે હવે જ્યારે તે જ વસ્તુ પ્રાપ્ત કરવી છે અને તે માટે તું તૈયાર થઇ ગયો છે તો મેં જે અનુશીલનીય ગુણોનું વર્ણન કર્યું છે તે સર્વનો બરાબર અમલ કર. અત્યારે તો એટલું બસ છે."

**કંદમુનિ**—"સાહેબ! કન્યાઓ તો દશ છે, તો પછી એ દશને કયા અનુક્રમ પ્રમાણે પરણવી? પહેલી કોને પરણવી અને પછી કોને? એ પણ આપશ્રી જણાવવા કૃપા કરો."

---

૧ દ્રવ્યલિંગ અનેક કર્યાં તે વાત વિચારવા યોગ્ય છે. દીક્ષા લેવામાં થતી ઉતાવળ જેમ ખેદાસ્પદ છે તેમ સંસારભાવના ઊઠયા પછી સંસારમાં સબડ્યા કરવાનો ઉપદેશ પણ અગ્રાહ્ય છે. આત્મોત્થાન કરવા ભાવના થાય ત્યારે ઐહિક સંબંધ ખ્યાલમાં લાવવાનો જ નથી અને વસ્તુતઃ તે સંબંધમાં કાંઇ દમ પણ નથી. અનુભવ અને અધિકારના આ વિષયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્મળાચાર્ય—"તારો સવાલ ઘણો મહત્વનો છે. તેનો ઉત્તર સાંભળ. ગુણધારણ રાજા મારા ઉપદેશ પ્રમાણે વર્તન અને અનુષ્ઠાન કરશે, ગુણોનું અનુશીલન કરશે અને અનુષ્ઠાનોનું આચરણ કરશે એટલે થોડા વખતમાં સદ્‌બોધમંત્રી વિદ્યાકન્યાને સાથે લઇને જાતે જ આ રાજા પાસે આવશે, અને પોતે જાતે જ એ વિદ્યાના લગ્ન આ રાજા સાથે કરી આપશે. પછી પોતે પણ રાજાની સમીપ જ રહેશે. એ સદ્‌બોધ મંત્રી બહુ કુશળ છે, ઘણો અનુભવી છે અને અવસરે અવસરે શું કરવું એ બાબત બહુ સારી રીતે સમજે છે. જ્યારે તે જાતે જ પાસે આવીને રહે ત્યાર પછી તેને ઉપદેશ દેવાની જરૂર પણ રહેતી નથી એટલો બધો એ ભરોંસો મૂકવા લાયક યોગ્ય વીર છે. જ્યારે એ રાજાની પાસે આવે ત્યાર પછી સર્વ બાબતમાં એ જે સલાહ આપે તે રાજાએ કબૂલ રાખવી યોગ્ય છે. એટલે તમને બધો માર્ગ તે બતાવી દેશે, સુજાડી આપશે."

હું (ગુણધારણ)—"મહારાજ ઘણી કૃપા થઇ! હવે આપના હુકમની રાહ જોઉં છું."

આમ કહી ભગવાનને વંદન કરી પોતાના આખા પરિવાર સાથે હું (ગુણધારણરાજા-સંસારીજીવ) નગરમાં પાછો ફર્યો.

जैन साईट
JAINSITE.com
જૈનં જયતિ શાસનમ્

# પ્રકરણ ૮ મું.

## ભીષણ આંતર યુદ્ધ-વિદ્યા સાથે લગ્ન.

હું નગરમાં આવ્યો ત્યારે મને મનમાં ઘણો આનંદ થતો હતો, અંતઃકરણમાં હર્ષના ઉભરા આવતા હતા અને આખા શરીરમાં અને મગજમાં શાંતિ વ્યાપી ગઇ હતી. ત્યાર પછી તે જ દિવસથી ભગવાન્ શ્રીનિર્મળાચાર્યે આપેલ ઉપદેશ પ્રમાણે તેમણે બતાવેલા સદ્‌ગુણોનો અમલ કરવા માંડ્યો અને ખાસ કરીને ભગવાનની સેવામાં દિવસો પસાર કરવા માંડ્યા. આવી રીતે કેટલાક દિવસો વ્યતીત થયા.

૬૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિદ્યા સાથે લગ્ન અને આનંદ.

સદ્બોધ આગમન.

ભગવાને મને જે ભાવના ભાવવાનું ખાસ બતાવ્યું હતું તે ભાવના ભાવતાં ભાવતાં એક વખત મને નિદ્રા[1] આવી ગઇ અને જે વાસનામાં ઉંઘી ગયો હતો તે જ વાસના સાથે મોડી રાતે જાગૃત થયો. તે વખતે વળી એ જ ભાવનાઓ અત્યંત વધારે જોસ સાથે વૃદ્ધિ પામવા લાગી. તે વખતે મને એ ભાવના ભાવતાં ભાવતાં ઘણો પ્રમોદ થઇ આવ્યો, અત્યંત હર્ષ થઇ આવ્યો, ભાવના સાથે તદ્રુપતા થતી ચાલી અને એ પ્રમોદ શેનો હશે? એમ હું વિચાર કરતો હતો ત્યાં તો વિસ્મયપૂર્વક મને જણાયું કે મારી સામે સદ્બોધમંત્રી હાજર થઇ ગયો છે.[2] મેં ધારી ધારીને એની સામે જોયું. વળી તે વખતે આંખો વધારે ઉઘાડતાં વિસ્મિત નજરે તેની બાજુમાં વિદ્યા કુમારીને પણ જોઇ: તે કુમારી આંખોને બહુ આનંદ આપે તેવી હતી, એનાં સર્વ અવયવો ઘણાં સુંદર હતાં, એનું આખું શરીર ઘણું રમણીક હતું, ઘાટસર હતું, નમણું હતું, એને આસ્તિકતારૂપ સુંદર મુખડું હતું, એની આંખો ઉજ્જવળ અને નિર્મળ હતી, તત્ત્વાવગમ અને સંવેગ નામનાં બે ગોળમટોળ સ્તનો હતાં, પ્રશમ નામના મનહર નિતંબને એ ધારણ કરતી હતી,[3] સ્પૃહા

---

૧ નિદ્રાઃ ઉંઘ. આ નિદ્રા કેવા પ્રકારની હશે તે વિચારી લેવું.

૨ દશ કન્યાનો અને સદ્બોધ મંત્રીનો પ્રસંગ ખાસ વિચારવા યોગ્ય છે, રાત્રે સુતાં કેવી ભાવના હોવી જોઇએ, એથી કેવા લાભ થાય, દશ કન્યા કોણ છે, સદ્બોધ ક્યારે આવે, ઉપદેશની જરૂર કોને અને ક્યારે ન રહે તે સર્વ બહુ મનન કરી વિચારવા યોગ્ય છે. આખો પ્રસંગ અદ્ભુત છે.

૩ વિદ્યાનું આખું શરીરવર્ણન વિચારવા યોગ્ય છે. વિદ્યા એટલે સદ્જ્ઞાન સમજવું. એની શરીરની નમણાશ અને રમણીયતા અત્યંત આકર્ષક હોય તે બરાબર બંધ બેસે તેવું છે, એનું શરીર જોતાં જ આંખોને આનંદ થવો જ જોઇએ કારણ કે વિદ્યાની શોભા અદ્ભુત જ હોવી જોઇએ, એના મુખ પર આસ્તિકતા છવાઇ રહી હતી, સદ્જ્ઞાનમાં આસ્તિક્ય લક્ષણ જરૂર હોવું જ જોઇએ એટલે એ ભાવ સ્પષ્ટ થાય છે. એની છાતીપર તત્ત્વાવગમ ( તત્ત્વબોધ ) એક બાજુએ અને બીજી બાજુએ સંવેગ ( સંસાર પર ઉદાસીનતા ) લખાયલા હતા, ચોંટેલા હતા. સત્ય જ્ઞાનમાં એકલું જ્ઞાન જાણવા માત્ર થતું નથી પણ એની સાથે જ વિવેકસર ઉદાસીન ભાવ આવે છે અને એની પછવાડે ( background માં ) અસ્ખલિત શાંત-પ્રશમ હોય છે. સન્મુખમાં મુખમંડળપર આસ્તિકતા, સામે છાતી પર તત્ત્વબોધ અને સંવેગ અને પછવાડે પ્રશમ-આખું વર્ણન વિદ્યાને બરાબર શોભતું છે, શોભાવનારૂં છે, ઇચ્છા કરાય તેવા સર્વ ગુણો તેનામાં છે અને ચિત્તનિર્વાણનું પ્રબળ કારણ એ (વિદ્યા) છે. આ આખું વર્ણન બરાબર વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા યોગ્ય સર્વ ગુણોથી તે સુંદરી યુક્ત હતી, જોતાં જ મનને તદ્દન શાંતિ આપનારી અને તેનું નિર્વાણ કરાવે તેવી હતી. આમ હોવાથી સ્થિર દષ્ટિથી લાંબા વખત સુધી હું એ કુમારીને જોઇ રહ્યો ! !

તે જ રાત્રીએ તે જ વખતે એ પવિત્ર કન્યાને સદ્‌બોધે મારી સાથે પરણાવી. સદાગમ વિગેરે જે લગ્નના સાક્ષી તરીકે હાજર હતા તેમને બહુ જ આનંદ થયો. ત્યાર પછીની રાત્રી આનંદમાં પસાર થઇ ગઇ.

સૂરિ પાસે ખુલાસો.

પ્રભાતે હું ઉઠ્યો, મારા પરિવાર સાથે હું આચાર્ય મહારાજ શ્રી-નિર્મળાચાર્ય પાસે ગયો, તેમને વંદન કર્યું, તેમની સાથેના સર્વ સાધુઓને વંદન કર્યું. ત્યાર પછી અત્યંત વિનયપૂર્વક હાથ જોડીને મેં સૂરિમહારાજને ગઇ રાત્રે બનેલો આંખો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી આચાર્ય મહારાજને સવાલ કર્યો–" સાહેબ ! કાલે રાત્રે મને એવી સુંદર ભાવના થઇ આવી અને ઘણો મજાનો હર્ષનો ઉલ્લાસ થઇ આવ્યો–એ સર્વ શું થયું અને કેમ થયું ? તે આપ સમજાવો."

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

### સદ્‌બોધને થયેલો પ્રયાણનો હુકમ.
### મહામોહરાજના સૈન્યમાં ખળભળાટ.
### જ્ઞાનસંવરણ રાજા રણાંગણે.

આચાર્યશ્રીએ રાજાનો સવાલ સાંભળ્યો એટલે વિગતવાર હકીકત સમજાવવા સારૂ તેઓ બોલ્યા–" રાજન્ ! બરાબર ધ્યાન દઇને સાંભળ. તારે આ હકીકત બહુ જ વિચાર કરીને સમજવા લાયક છે. તારાં સારાં કૃત્યોથી પેલો કર્મપરિણામ મહારાજા તારા ઉપર રાજી થઇ ગયો એટલે તેણે જાતે તસ્દી લઇને પ્રયાણ કર્યું અને સદ્‌બોધને અને વિદ્યાને પ્રેરણા કરી કે તેમણે બન્નેએ તારી પાસે આવવું. સદ્‌બોધે પોતાના રાજા [1]ચારિત્રરાજ સાથે સલાહ કરી અને તેમનો અભિપ્રાય જાણી તે પોતે ( સદ્‌બોધ ) વિદ્યાને લઇને તારી સમીપ આવવા સારૂ નીકળી પડ્યો.

---

૧ પૃ. ૧૯૯૦ માં સદ્‌બોધે થોડો વખત વિલંબ કરવા જણાવ્યું હતું. તે વખતે તેણે ગૃહિધર્મને અને તેની સ્ત્રી સદ્‌ગુણરક્તતાને મોકલવાની સલાહ આપી હતી. ત્યાર પછી ગુરૂપરિચયથી જ્યારે ગુણપ્રાપ્તિ થઇ એટલે ધારેલો વખત આવી લાગ્યો ત્યારે સદ્‌બોધ અને વિદ્યા આવી મળે છે. આ સર્વ યોજના બહુ વિચારવા યોગ્ય છે. સદ્‌બોધ ઘણો કુશળ મંત્રી છે, છતાં રાજાની આજ્ઞા લઇને જ આવે છે એ આજ્ઞાંકિતપણાનો ઉમદા ગુણ બતાવે છે.

www.jainsite.com      For Private & Personal Use Only      info@jainsite.com

"સદ્‌બોધ મંત્રી પોતે વિદ્યાકુમારીને લઇને તારી પાસે આવે છે એવા સમાચાર જેવા મહામોહરાજાની છાવણીમાં પહોંચ્યા કે ત્યાં તો મોટો ખળભળાટ થઇ ગયો, સર્વ ગભરામણમાં પડી ગયા અને બધાએ પાપોદયને આગળ કરીને અંદર અંદર ગુફતેગો કરવા માંડી, અભિપ્રાયની આપલે કરવા માંડી અને શું કરવું તે પર ખ્યાલ દોડાવવા માંડ્યો. વિષયાભિલાષ મંત્રીએ પ્રથમ વાત ઉપાડી–'અરે પેલો હરામખોર લુચ્ચો ઠગારો સદ્‌બોધ સંસારીજીવની પાસે જાય તો તમે તો બધા મરી જ ગયા એમ સમજજો. એ સદ્‌બોધ તો બહુ ભયંકર છે, ભારે ખટપટી છે અને સંસારીજીવને આપણી વિરૂદ્ધ ઉશ્કેરી મૂકે તેવો છે; માટે હવે તો તમે તમારાથી બને તેટલો પ્રયત્ન કરો અને એના રસ્તામાં આડા પડીને એ સંસારીજીવની પાસે ન જાય તેવી અડચણો નાખો, એને માર્ગમાં સ્ખલનાઓ કરો અને એને આગળ વધતો અટકાવો.' વિષયાભિલાષના આવા વિચારો સાંભળીને પાપોદય સેનાની બોલ્યો 'અરે ભાઇઓ! જ્યારે આપણો પોતાનો જ સ્વામી (કર્મપરિણામ રાજા) એના પક્ષમાં જઇ બેઠો છે, એ આપણો ઉપરી હોવા છતાં સામી બાજુએ જઇ બેઠો છે ત્યારે આપણે તે શું કરીએ? આપણાથી શું થઇ શકે? તમે સર્વ યાદ કરો: જ્યારે એ કર્મપરિણામ મહારાજ અત્યાર સુધી આપણા પક્ષમાં હતા ત્યારે આપણે સર્વ ઘણા બળવાન હતા. એ મહારાજા ત્રાહિત (તટસ્થ) તરીકે બન્ને લશ્કરમાં હોય છે ત્યાં સુધી તો આપણે જોર વાપરીને લડીએ છીએ અને તેમ કરવું તે આપણી ફરજ છે, પરંતુ અત્યારે તો એ સદ્‌બોધમંત્રી મહારાજા કર્મપરિણામના હુકમથી જ આવે છે અને પૂરતા વેગ સાથે આવે છે તેથી તેના માર્ગમાં સ્ખલના નાખવાનું કામ બની શકે તેમ નથી. જો મહારાજા કર્મપરિણામ અગાઉની માફક ઉદાસીન રહ્યા હોત તો તો આપણે આપણું જોર બતાવી શકત. વળી જ્યારે જ્યારે લડવા જવાનું હોય છે ત્યારે મહારાજા (કર્મપરિણામ) તરફથી મને ફરમાન થાય છે, હુકમ આવે છે, પણ આ વખતે મારા ઉપર કાંઇ હુકમ પણ આવ્યો નથી તેથી આપણે તો હાલ દૂર જ બેઠા છીએ. અત્યારે આપણી એવી પરિસ્થિતિ છે, સદ્‌બોધ સંસારીજીવ પાસે જાય છે અને આપણે જોયા કરવાનું છે, મારી સલાહ પ્રમાણે તો આગળ ઉપર આપણો લાગ આવે ત્યારે જોઇ લેશું, હમણા તો સદ્‌બોધને જવા દો.'

"પાપોદય સેનાનીનાં આવાં વચન સાંભળતાં જ્ઞાનસંવરણ રાજા એકદમ ગુસ્સામાં આવી ગયા, ક્રોધથી એના હોઠ ધ્રુજવા લાગ્યા અને આવેશમાં આવી જઇ લડવા માટે તે એકદમ તૈયાર થઇ ગયા. ચાલતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલતાં તેણે કહ્યું 'અરે! સદ્બોધ મારો મોટો દુશ્મન છે, આકરો શત્રુ છે અને તે સંસારીજીવ પાસે જાય, નિર્ભય ચાલ્યો જાય અને હું ઊભો ઊભો જોયા કરૂં એ વાત તે કદિ બની શકે? અને મારા એવા માલ વગરના જીવતરનું ફળ પણ શું? એ તો ખાલી માતાને કલેશ કરાવનારૂં હીનસત્ત્વ જીવન ગણાય!! તમારા સાંધાઓ બ્હીકથી નરમ પડી ગયા હોય તો તમારી મરજીની વાત છે, તમારે આવવું હોય તો આવો, ન આવવું હોય તો તમારી ઇચ્છા! હું તો સદ્બોધના માર્ગમાં અડચણો નાખવા અને તેને સ્ખલના કરવા આ ચાલ્યો!'

બન્ને મોટા સૈન્યનું મહા યુદ્ધ.
સંશયારૂઢ કર્મપરિણામની વિચારણા.
ભાવના અને જ્ઞાનસંવરણની હાર.

( નિર્મળાચાર્ય ગુણધારણ પાસે આગળ વાત કરે છેઃ— )

"ઉપર પ્રમાણે આવેશપૂર્વક ભાષણ કરીને જ્ઞાનસંવરણરાજાએ તો તુરત પ્રયાણ કર્યું, અંદર અંદરની સલાહ કર્યા વગર એ તો જુસ્સામાં ઉપડ્યો એટલે શરમના માર્યા પાપોદય વિગેરે બીજા સેનાનીઓ પણ તેની પછવાડે ગયા. તેઓ સર્વએ સદ્બોધને આવવાનો રસ્તો રોકી પાડ્યો, છતાં તે વખતે હવે પછી શું થશે એ સંબંધમાં સર્વના મનમાં શંકા હતી.[1] હવે તે વખતે સદ્બોધ મંત્રી અને તેની પછવાડે ચારિત્રરાજનું આખું લશ્કર ચાલતું ચાલતું જ્યાં જ્ઞાનસંવરણ રાજા માર્ગ રોકીને પડ્યો હતો ત્યાં આવી પહોંચ્યું. બન્ને લશ્કરોએ એક બીજા સામે મોટેથી બૂમો પાડવા માંડી અને તે વખતે બન્ને વચ્ચે મોટું ભયંકર યુદ્ધ થયું. એક બાજુએ અત્યંત સફેત સુંદર શંખ જેવું ધોળું[2] લશ્કર લડી રહ્યું છે અને બીજી બાજુએ કાળા ભમરાઓના જેવા રંગવાળું લશ્કર લડી રહ્યું છે-એ બન્ને લશ્કરોનો ભેટો ગંગા-યમુનાના સંયોગ જેવો લાગે છે. ગંગાનો શ્વેત રંગ અને જમનાનો કાળો રંગ પ્રયાગ પાસે મળે છે ત્યાં જેવો દેખાવ આપે છે તેવો દેખાવ બન્ને લશ્કરનો થઇ રહ્યો છે, મહારથી યોદ્ધાઓ[3] રથવાળાઓની સામે લાગી

૧ અહીં બે વાત નુકસાન કરનારી જણાય છેઃ એકસંપ અને અકૃતનિશ્ચય વગર આગળ ધસારો અને બીજું સંશયાત્મા વિનશ્યતિ વાળો નિયમ. આ બન્ને હકીકત સાથે આદરેલ કાર્યનું પરિણામ સારૂં આવતું નથી એવો વૃદ્ધ સંપ્રદાય છે અને તે અનુભવ સિદ્ધ છે.

૨ ધોળું અને કાળું લશ્કર કઇ બાજુનું હશે તે વાંચનારની કલ્પના પર ગ્રંથકર્ત્તાએ છોડ્યું છે. ગંગાયમુનાના સંયોગની ઘટના બહુ મનની કરી છે.

૩ **મહારથીઃ** ૧૧૦૦૦ ધનુર્ધર સાથે યુદ્ધ કરી શકે એવો શસ્ત્રવિદ્યામાં કુશળ યોદ્ધો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડ્યા છે, હાથીઓની ઘટાઓની સામે હાથીવાળાઓ ચારે બાજુએથી લાગી પડ્યા છે, ઘોડાઓનું સૈન્ય ઘોડાવાળાઓને ઘેરી રહ્યું છે અને પાળાઓ બીજા પાળાઓને જમીન પર પટકી રહ્યા છે, સેંકડો યોદ્ધાઓ જમીન પર પડી ગયા છે અને યોગી પુરૂષોને પણ વિસ્મય પમાડનારૂં અત્યંત ઉદ્‌ભટ પુરૂષાર્થને બતાવનારૂં મહા ભયંકર, અનેક જનોથી સંકીર્ણ બન્ને લશ્કરનું તુમુળ યુદ્ધ ચાલી રહ્યું છે.[1]

"આવું ભયંકર અને સંશયકારક યુદ્ધ બન્ને પક્ષ વચ્ચે ચાલી રહ્યું છે તે વખતે કર્મપરિણામ મહારાજા એ હકીકતનું પ્રયોજન વિચારવા લાગ્યા તેને મનમાં શંકા થઇ આવી અને તે ઊંડા ચિંતવનમાં પડી ગયા: તે વિચારે છે કે-અરે! અત્યારે મારે ખુલ્લી રીતે એક બાજુનો પક્ષ કરવો સારો નથી, એમ પક્ષ કરવાથી મન જૂદાં પડી જાય છે અને હું તો બન્ને પક્ષનો સામાન્ય (common) છું તેથી અત્યારે ઉઘાડી રીતે મારે એક બાજુએ ઢળી જવું ઠીક નથી. બીજું કારણ એ પણ છે કે જો હું ખુલ્લી રીતે સદ્‌બોધ કે ચારિત્રરાજનો પક્ષ કરીશ તો પેલા મારા મહામોહ વિગેરે સગાઓ મારાથી તદ્દન નારાજ થઇ જશે અને મારાથી અળગા થઇ જશે અને એવો પ્રસંગ ઊભો થવા દેવો એ પણ મારે માટે સારૂં નથી. અત્યારે તો મને ચારિત્રરાજનું સૈન્ય વહાલું થઇ પડ્યું છે અને સંસારીજીવના ગુણો સારા લાગે છે, પણ એ સંસારીજીવ ઠેકાણા વગરનો છે. હવે પછી વળી કદાચ એ ભાઇસાહેબ દોષમાં દાખલ થઇ જાય તો મારે તો અસલની રીત પ્રમાણે અંતે મારા બંધુઓ મહામોહ વિગેરે ઉપર જ આધાર રાખવો પડે, માટે અત્યારે મારે ચારિત્રરાજના લશ્કરની પોષણા તો કરવી પણ [2]ખાનગી રીતે જ કરવી જેથી ભવિષ્યમાં વાંધો ન આવે. અત્યારે તે

---

૧ આ લડાઇના સંબંધમાં મૂળ ગ્રંથમાં આપેલ ત્રણ દ્રુતવિલંબિતો સુંદર છે. એનું અક્ષરશઃ ભાષાંતર થવું અશક્ય છે. તે સંબંધના નીચેના શ્લોકો જરૂર વાંચવા યોગ્ય છે.

विशदशङ्खसमप्रभमेकतो, मधुकरच्छविसन्निभमन्यतः ।
त्रिपथगायमुनाजलवत्तदाऽमिलदलं प्रविभाति बलद्वयम् ॥
रथविलग्नरथयोधमहारथं, गजघटापतितापरवारणम् ।
हयनिरुद्धलसद्धरिसाधनं, वरपदातिनिपातितपत्तिकम् ॥
अथ विपाटितयोधशतोत्कटं, प्रकटविस्मयकार्यपि योगिनाम् ।
अभवदुद्भटपौरुषशालिनोस्तदिति सङ्कुलयुद्धमनीकयोः ॥

૨ ખાનગી મદદ કરવાનો રસ્તો પણ ભારે મજાનો બતાવ્યો. ભાવના અંદરથી ચાલે છે, તેનો અચિંત્ય પ્રભાવ છે અને સામાને ખબર પડે તેમ નથી. આ યુક્તિ કરીને ભાવનાનું માહાત્મ્ય બતાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લશ્કર સંસારીજીવને હિત કરનારૂં છે તો પણ અંદર રહીને ગુપ્ત રીતે તેને મદદ કરવી જેથી કદાચ એ લશ્કર વડે પાપોદય વિગેરે જીતાઇ જાય તો પણ મહામોહ વિગેરે મારા બંધુઓ મારી વિરૂદ્ધ ન પડી જાય, મારી સામા ન થઇ જાય. કર્મપરિણામે બહુ વિચાર કરીને પોતાના મનમાં આવો નિર્ણય કર્યો અને પછી મેં દર્શાવેલી શુભ ભાવનાઓ તેણે તારા હૃદયમાં વધારી, તું ભાવના ઉપર ચઢ્યો અને જેમ જેમ તું ભાવના ઉપર ચઢતો ગયો તેમ તેમ સદ્‌બોધની સાથે આવેલું લશ્કર વધારે વધારે બળવાન થતું ગયું. કારણ કે:-

मणिमंत्रौषधादीनां भावनानां विशेषतः ।
अचिन्त्यमिह विज्ञेयं वीर्यमाश्चर्यकारकम् ॥

"ચિંતામણિ વિગેરે મણિઓનો, દૈવાધિષ્ઠિત મંત્રોનો, સિદ્ધ થયેલ ઔષધિનો અને ખાસ કરીને ભાવનાનો પ્રભાવ અજબ છે, તેની શક્તિ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી હોય છે. રાજન્! જેમ જેમ તારી ભાવનાઓ વધતી ગઇ તેમ તેમ મહામોહ વિગેરે લડાઇમાં નરમ પડતા ગયા, પાછા હઠતા ગયા, હાર પામતા ગયા, સદ્‌બોધનું સૈન્ય વધારે જોર પકડતું ગયું અને તે લશ્કરે પાપોદય વિગેરે આખા લશ્કરને ક્ષણવારમાં જીતી લીધું અને મહામોહ વિગેરે શત્રુઓને લોહીલુહાણ કરી મૂક્યા અને ખાસ કરીને જ્ઞાનસંવરણ રાજાના તો ચૂરેચૂરા કરી નાખ્યા. તે વખતે પાપોદય વિગેરે તદ્દન મંદા પડી ગયા, હારીને હેઠા બેઠા અને સદ્‌બોધ અને વિદ્યાનો આખા લશ્કર સાથે જય થયો, તેઓ વધારે નજીક આવ્યા અને ચારે તરફ એ લડાઇનું શુભ પરિણામ દેખાવા લાગ્યું. તું પણ તે જ વખતે સદ્‌બોધ મંત્રીની વધારે નજીક ગયો, તને મનમાં ઘણો હરખ થઇ આવ્યો, ઉલ્લાસ થયો, આનંદ થયો. પછી સદ્‌બોધમંત્રી તને મળ્યા, તું એને ભેટ્યો, એણે તને વિદ્યા કન્યા પરણાવી તે વખતે અને ત્યાર પછી શું થયું તે સર્વ તો રાજન્! તું સારી રીતે જાણે છે. ગઇ રાત્રે તને શુભ ભાવનામાં વધારો થયો અને ઘણો હર્ષ તથા ઉલ્લાસ થઇ આવ્યો તેનું આ જ કારણ છે તે હવે તારા સમજવામાં આવ્યું હશે."

ભાવના: હર્ષ. ઉલ્લાસ. લગ્ન.

આ પ્રમાણે હકીકત નિર્મળાચાર્ય કેવળીએ ગુણધારણરાજાને જણાવી.

## અંતરશત્રુની વર્તમાન અને ભવિષ્યત્ સ્થિતિ.

ગુણધારણ (હું)—"ત્યારે સાહેબ! એ પેલા અંતરંગ શત્રુઓ (પાપોદય-જ્ઞાનસંવરણ-મહામોહ વિગેરે) હાલ શું કરે છે?"

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**નિર્મળાચાર્ય**—"રાજન્! હાલ તો તેઓ શું કરે? તેઓ અત્યારે તો વખત પસાર કરે છે, પોતાની તક આવવાની રાહ જોઇને બેઠા છે અને લાગ જોયા કરે છે. અત્યારે તો તેઓમાંના જે ખેંચાઇ ખેંચાઇને બહાર આવ્યા તેટલા નાશ પામી ગયા છે[1], કેટલાક અંદર શાંત થઇને પડી રહ્યા છે અને સર્વે તારી ચિત્તવૃત્તિમાં લપાઇ છૂપાઇને પાતળા થઇને પડી રહ્યા છે; પણ તેઓનાં મનમાં હજુ ખાર ઘણો છે, દ્વેષ ઘણો છે, તેથી જ્યારે તેમને પ્રસ્તાવ મળી આવશે ત્યારે બધા એકી સાથે એકઠા થઇને ધસારો કરશે અને લડાઇ કરવા માટે એકદમ તૈયાર થઇ જશે. એવું જ્યારે બની આવે ત્યારે સદ્બોધના કહેવા પ્રમાણે તારે કરવું અને તેની મદદથી ચારિત્રરાજના એકે એક સેનાનીને લઇને તારે સામા લશ્કરના દરેક સેનાનીને જૂદા જૂદા વારવા, જૂદા જૂદા દાબી દેવા.[2]"

ગુણધારણ—"જેવી મહારાજની આજ્ઞા!"

ત્યાર બાદ માસકલ્પ[3] પૂરો થવાથી આચાર્યશ્રી **નિર્મળસૂરિ** વિહાર કરીને બીજી જગ્યાએ ચાલ્યા ગયા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૯ મું.

### નવ કન્યા સાથે લગ્ન. ઉત્થાન. પ્રગતિ.

નિર્મળાચાર્યે મારી સર્વ શંકાઓ દૂર કરી, **વિદ્યા** સાથે મારો પરિચય વધતો ચાલ્યો, મારો આનંદ અવિચ્છિન્નપણે વધતો રહ્યો અને એના આખા વિદ્વત્તા ભરેલા શરીરનો ઉપભોગ અહોનિશ થતો ચાલ્યો. આચાર્યશ્રીના ઉપદેશ પ્રમાણે મેં અનુષ્ઠાનો કરવા માંડ્યા,

૧ **ઉદીરણા** દ્વારા **ઉદય** આવ્યાં તે ભોગવાઇ ખરી ગયાં છે, બીજાં **ઉપશમભાવને** પામ્યાં છે પણ અંદર **સત્તામાં** રહ્યાં છે.

૨ અહીં રા. એ. સોસાયટિવાળા છાપેલ પુસ્તકનું પૃ. ૧૧૫૧ શરૂ થાય છે.

૩ **માસકલ્પ**—સાધુઓ આઠ માસમાં એક સ્થાનકે વધારેમાં વધારે એક મહિનો રહે છે તેને માસકલ્પ કહે છે, વર્ષાદના ચાતુર્માસમાં એક સ્થાનકે ચાર માસ રહે છે. આવી રીતે નવકલ્પી વિહાર કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા અંતઃકરણને વધારે વધારે પ્રસાદવાળું બનાવ્યું, શરીરને પણ સારી રીતે કસોટિમાં મૂક્યું અને મારી ચિત્તવૃત્તિમાં સદ્બોધમંત્રીને પ્રવેશ કરાવ્યો.

### ધર્મ શુકલ ધવલ પુરૂષો.
### પીતા પદ્મા શુક્લા પરિચારિકાઓ.
### વિદ્યાવિલાસ અને સદ્બોધ સાથે સલાહ.

સદ્બોધમંત્રીએ ત્યાર પછી મને સમાધિ નામના બે પુરૂષો બતાવ્યાઃ બન્નેના સામાન્ય નામ ( અટક ) સમાધિ હતા, તેઓનો રંગ શ્વેત હતો, તેઓનું દર્શન બહુ સુંદર હતું અને સ્વરૂપે તેઓ બહુ સુખદાયી હતા.

એ બન્ને પુરૂષોના સંબંધમાં ઓળખાણ આપતાં સદ્બોધે મને કહ્યું "આ બન્ને પુરૂષોનું સામાન્ય નામ સમાધિ છે અને બન્નેનાં ખાસ નામો અનુક્રમે ધર્મ અને શુકલ છે. એ બન્ને પુરૂષો તમારા અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરનારા છે. તેઓ ઘણા જ ઉપયોગી અને સદ્ગુણી છે. તમારે તેમનો સારી રીતે આદર સત્કાર કરવો." મેં સદ્બોધના વચનનો સ્વીકાર કરતાં માથું નમાવ્યું.

તે જ વખતે સદ્બોધે ત્રણ નારીઓ બતાવીઃ તેઓમાંની એકનો રંગ વીજળી જેવો બીજીનો રાતા કમળ જેવો અને ત્રીજીનો સ્ફટિક રત્ન જેવો તદ્દન શ્વેત હતો, તેઓનાં શરીરનો આકાર ઘણો સુંદર હતો અને તેઓનું સ્વરૂપ જોતાં તેઓ પણ બહુ સુખ આપનાર હોય એમ લાગતું હતું. મને જણાવવામાં આવ્યું કે એ ત્રણે સ્ત્રીઓનું ગોત્ર લેશ્યા નામનું છે અને ત્રણે અનુક્રમે પીતા પદ્મા અને શુક્લા નામથી દુનિયામાં સારી રીતે પ્રસિદ્ધ થયેલ છે. પછી તેમની વધારે ઓળખાણ આપતાં સદ્બોધે મને જણાવ્યું કે "રાજન્! ઉપર જે ધર્મ અને શુકલ (બે) મહા પુરૂષોનો તમને પરિચય કરાવ્યો તેમાંના પ્રથમ ધર્મ નામના મહાપુરૂષની આ ત્રણે સ્ત્રીઓ નોકર છે, દાસીઓ છે અને એ ત્રણેમાં છેલ્લી શુક્લા નામની છે તે એક જ માત્ર શુકલ નામના બીજા મહાપુરૂષનું સવિશેષપણે પોષણ કરનારી છે. એ ત્રણે નારીઓ બહુ ઉપયોગી છે, ઘણી લાયક છે અને બહુ લાભ કરનારી છે. આપે એ ત્રણેની સાથે બહુ સારી રીતે વર્તવું. વળી એ ત્રણે સ્ત્રીઓ ન હોય તો તમારા ઉપર પરમ ઉપકાર કરનાર પેલા બે પુરૂષો તમારી પાસે રહી શકે નહિ અને તમારે જે રાજ્ય પ્રાપ્ત કરવાનું છે તેમાં મુખ્ય આધાર એ બન્ને મહા પુરૂષોનો છે. તેથી આ ત્રણે નારીઓનું આપે સારી રીતે પોષણ કરવું. એના પોષણથી પેલા પુરૂષો તમારા ઉપર ઉપકાર કરશે ત્યારે



જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમને મહારાજ્ય પ્રાપ્ત થશે એવી હકીકત છે."[1] મેં આનંદથી જવાબ આપ્યો "બહુ સારૂં, હું સારી રીતે એ નારીઓનું પોષણ કરીશ."

પાંચ માસ પસાર. લ શ્ર લી ધા.

ત્યાર પછી હું તો એ નારીઓ કહે તે પ્રમાણે કરવા લાગ્યો જ્યારે જ્યારે બને ત્યારે ત્યારે વારંવાર હું તો ચિત્તવૃત્તિમાં પેસું, વિદ્યા પત્ની સાથે વિલાસ કરૂં, સદ્બોધની સાથે વારંવાર વિચારણા કરૂં, અને સદાગમને, સમ્યગ્દર્શનને અને ગૃહિધર્મને સારી રીતે સન્માન આપ્યા કરૂં. આ પ્રમાણે કરતાં ભગવાનશ્રી નિર્મળાચાર્યને ત્યાંથી ગયાને સહજ ઉણા પાંચ મહિના થયા. પાંચ માસની આખરે મારા ગુણોથી કર્મપરિણામ રાજા મને ઘણા અનુકૂળ થઇ ગયા, તેઓનું હૃદય મેં હરણ કરી લીધું અને તેઓ મારા તરફ વધારે પ્રેમ દાખવતા થયા. પછી તો તે જાતે જ મારા સંબંધમાં સારા ખ્યાલ સાથે પેલા નગરોએ (ચિત્તસૌંદર્ય, શુભ્રમાનસ, વિશદમાનસ અને શુભ્રચિત્તપુર[3]) ગયા અને ત્યાંના રાજાઓ (શુભપરિણામ, શુભાભિસન્ધિ, શુદ્ધાભિસન્ધિ અને સદાશય)ને મળ્યા અને એ દરેક રાજાઓ પોતાની કન્યાઓ મને આપવા તત્પર થાય એવા સાનુકૂળ સર્વને બનાવી દીધા. એ પ્રમાણે બધી સગવડ કરીને કર્મપરિણામ રાજા મારી પાસે પાછા આવ્યા. પછી એણે પુણ્યોદય સેનાપતિને આગળ કર્યો, પોતાની પ્રેમી ભાર્યા કાળપરિણતિને સાથે લીધી અને એવા પોતાના ખાસ પરિવાર સાથે પેલી કન્યાઓના વિવાહ માટે મારી ચિત્તવૃત્તિમાં એ કર્મપરિણામ રાજાએ મને પ્રવેશ કરાવ્યો. કર્મપરિણામે ચિત્તવૃત્તિમાં દાખલ કરાવીને પછી તુરત જ પેલા શુભપરિણામ વિગેરે ચારે રાજાઓને કહેણ મોકલ્યું કે તેઓએ સર્વેએ સાત્વિક માનસપુરમાં[4] આવેલા વિવેકપર્વ

JAINSITE.com જૈન સાઈટ જયતિ શાસનમ્

---

૧ આ લેશ્યાના સ્વરૂપ અને વિગત માટે જુઓ પ્રસ્તાવ સાતમો. પ્ર. ૯ મું. (પૃ. ૧૭૫૨-૬) અને તે પર લખેલી નોટ.

૨ ધર્મ-શુકલઃ ધ્યાનના આ ઉત્તમ ભેદો છે. એના પાછા ચાર ચાર પ એ જૈન નજરે સમાધિ છે અને સમાધિમાં જ પ્રાણીનો મોક્ષ થાય છે. એના ચન માટે જુઓ જૈનદૃષ્ટિએ યોગ પૃ. ૧૪૪-૧૮૨. આત્માના અધ્યવસાયને કહેવામાં આવે છે. એ પર ખાસ વિવેચન અન્યત્ર લખવા યોગ્ય છે. પ્ર ત્રણ કૃષ્ણ નીલ કાપોત ખરાબ છે. બાકીની ત્રણ તેજો પદ્મ અને શુકલ સારી અને આત્માના અધ્યવસાય પર ધ્યાનનો આધાર છે. ધર્મધ્યાનમાં તેજો, પદ્મ શુકલ ત્રણે લેશ્યા વર્તે છે પણ શુકલધ્યાનમાં તો છેલ્લી શુકલ લેશ્યા જ વર્તે

૩ એના નામ વિગેરે માટે જુઓ પૃ. ૧૯૨૧.

૪ સાત્વિકપુરને માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૩૩. વિવેકપર્વત માટે જુ જ પ્રકરણ (પૃ. ૧૦૪૭) અને જૈનનગર માટે જુઓ પ્ર. ૪. પ્ર. ૩૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તના શિખરપરના જૈનનગરમાં પધારવું. તે ચારે રાજાઓ તેના કહેણને માન આપીને પોતાના આખા પરિવાર સાથે તે નગરે આવી પહોંચ્યા. તેઓ સર્વે પધાર્યા ત્યારે તેમની પદવીને યોગ્ય માન સન્માન સર્વને આપવામાં આવ્યું. લગ્નનો દિવસ સર્વેએ સાથે મળીને મુકરર કર્યો.

### મહામોહના સૈન્યમાં ખળભળાટ.
### વિષયાભિલાષનું વક્તવ્ય.
### ભવિતવ્યતાની સલાહ.

આ પ્રમાણે જૈનનગરમાં તૈયારી ચાલતી હતી ત્યારે તે જ વખતે મહામોહના લશ્કરમાં આખો સમુદાય એકઠો થયો. તેઓએ અંદર અંદર સલાહ કરવા માંડી. વિષયાભિલાષ મંત્રીએ પ્રથમ વાત ઉપાડી –"દેવ! મારા પ્રભુ! મારૂં માનવું છે કે જો સંસારીજીવ પેલી ક્ષાંતિ વિગેરે કન્યાઓ પરણશે તો આપણે તો સર્વ ઠાર મુઆ સમજવા! મને તો પ્રસંગ ઘણો ગંભીર જણાય છે તેથી આપણે આ બાબતમાં ગફલતી રાખવા જેવું નથી, આપણે તો તેની સામે સર્વ પ્રકારના પ્રયત્નો કરવાની અત્યારે જરૂર છે, આપણે સાહસ કરવું જોઇએ અને કોઇ પણ પ્રકારની નાઉમેદી છોડી દેવી જોઇએ. એ તો જાણીતી વાત છે કે જ્યાં સુધી આપણા કામનો છેડો ન દેખાય ત્યાં સુધી જ બીક રાખવી, પણ જો એક વખત પ્રયોજન જ પ્રાપ્ત થઇ જાય તો તો પછી જરા પણ બીક રાખ્યા વગર પ્રહાર કરી નાખવો અને પ્રયોજન સાધવું."

મહામોહ રાજાએ પોતાના મંત્રીનું વચન સ્વીકારી લીધું અને આખા લશ્કરે એના વિચારને ટેકો આપ્યો. તુરત જ બધી સામગ્રીઓ તૈયાર કરાવવામાં આવી, લશ્કરને તૈયાર થવાનો હુકમ અપાયો અને થોડા વખતમાં તો આખું લશ્કર તૈયાર થઇને આવી પહોંચ્યું. આખા લશ્કરમાં લડવાનો પૂરતો ઉત્સાહ હતો પણ તે વખતે મહારાજા કર્મપરિણામ તેમની વિરૂદ્ધ થઇ ગયા હતા તે બાબતનો દરેકનાં મનમાં અંદર ખાનેથી ભય હતો, તેથી તેઓ અંદર અંદર વાતો કરતા હતા, તેઓના મનમાં કાંઇક આકુળતા હતી, તેઓને પરિણામ માટે શંકા હતી, તેથી આખરે વિચાર કરીને તેમણે દેવી ભવિતવ્યતાને અમારે શું કરવું? એમ પૂછ્યું. દેવીએ તુરત જ જવાબ આપ્યો "ભાઇઓ! અત્યારે તમારે લડવાનો સમારંભ કરવાનો વખત નથી. અત્યારે મારો પતિ સારી રીતે આદરભાવ પામ્યો છે, ઠીક થઇ ગયો છે, કર્મપરિણામનો એને માટે બહુ ઊંચો મત હાલ તુરત થઇ ગયો છે, વળી અત્યારે એની પાસે શુભપરિણામ વિગેરે ચાર મોટા રાજાઓ આવી ગયા છે અને તે તેને મળી ગયા છે, આવી એવડી મદદ અને ટેકાથી

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

આર્યપુત્રને પોતાના લશ્કરને તપાસ કરવાની હોંસ થઇ આવી છે[1] અને બધા સંયોગોજોતાં કર્મપરિણામમહારાજા એને (એનું પોતાનું-સંસારી-જીવનું) લશ્કર જરૂર બતાવશે એમ લાગે છે અને આર્યપુત્ર તેનું પોષણ કરશે તેથી જો અત્યારે તમે રણે ચઢશો તો તમારો સર્વનો પ્રલય થઇ જશે. તેથી મારી સલાહ તો એમ છે કે હાલ તુરત તમે બધા વખત કાઢી નાખો, હાલનો મામલો જરા ટાઢો પડવા દો, તમને કોઇ ન જુએ તેમ જરા બાજુ ઉપર બેસી જાઓ અને રાહ જુઓ. જ્યારે તમારે ઘા કરવાનો વખત આવી પહોંચશે ત્યારે હું જ તમને સર્વને ચેતાવીશ. તમે સર્વ સારી રીતે જાણો છો કે તમારા સર્વના કામમાં હું ખાસ ધ્યાન રાખું છું અને ચીવટપૂર્વક યોગ્ય વખતની ખબર તમને આપ્યા કરૂં છું. તો તમારે આ બાબતમાં ખાસ ચિંતા કરવાની શી જરૂર છે?"

ભવિતવ્યતાની આવી સલાહ સાંભળી એટલે તેઓએ ઉઘાડી લડાઇ કરવાનો જે નિર્ણય કર્યો હતો તે વિચાર પડતો મૂક્યો અને તે વાત તુરતને માટે મુલતવી રાખી.

### મોહના કલ્લોલો અને સદ્બોધ.

મહામોહના સૈનિકોએ લડવાનો વિચાર તો બંધ રાખ્યો પણ તેઓ સર્વ જાતે ઘણા લુચ્ચા હતા, બહુ પક્કા હતા, તેથી તેઓ ચિત્તવૃત્તિની અંદર ગુપ્તપણે આડાઅવળા ભરાઇ રહ્યા અને છાની છાની પોતાની યોગશક્તિઓ મારા ઉપર ચલાવતા રહ્યા. એ યોગશક્તિના પ્રભાવથી મારા મનમાં નવા નવા તુરંગો આવતા રહ્યા તે આ પ્રમાણે:-

આચાર્ય મહારાજે જણાવ્યું કે જ્યારે કન્યાઓ સાથે મારૂં લગ્ન થઇ જશે ત્યાર પછી તેઓ મને દીક્ષા આપશે; પણ અહાહા! એ દીક્ષા તો ઘણી દુષ્કર છે! એ તો બે હાથ વડે આખા સ્વયંભૂરમણ[2] સમુદ્રને તરવા જેવી વાત છે! અને યતિઓની ક્રિયા તો મરણ સુધી પાળવાની છે! અને મારૂં શરીર તો સુખથી લાલનપાલન કરાયલું

મોહના ઉછાળા. તુચ્છ કલ્લોલો.

---

૧ To review the Army અત્યારે શહેનશાહ લશ્કરની રવી કરાવે છે, તેને તપાસે છે તે હકીકતને મળતી આ વાત છે.

૨ **સ્વયંભૂરમણ:** સર્વથી છેલ્લો સમુદ્ર. ઘણો જ મોટો છે, એનો પાર પામવો અશક્ય છે, એને બે હાથવડે તરવા પ્રયત્ન કરવો એ ધૃષ્ટતા જ છે. અસંખ્ય દ્વીપ સમુદ્ર પછી એ છેલ્લો આવે છે. પ્રથમ જંબુદ્વીપ એક લાખ યોજનનો છે. પછી તેની ફરતો સમુદ્ર બમણો, ત્યાર પછીનો દ્વીપ બમણો એમ ઠામબમણા થતાં છેવટે સદરહુ સમુદ્ર અસંખ્ય દ્વીપ સમુદ્ર મૂકયા પછી આવે છે તેથી તે કેટલો મોટો હશે તેનો સહજ ખ્યાલ આવશે. તેણે અરધું રાજલોક રોકેલું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. શરીરે રોગો અને સંતાપો પણ થઇ આવે ખરા! વળી એટલા લાંબા વખત સુધી તદ્દન લુખુંસુક્કું ખાવાનું મારાથી કેમ બની શકે? અને બિચારી મદનમંજરી હજુ ઘણી કાચી છે, પોચી છે. એને જો જીવે ત્યાં સુધીને માટે મારો હમેશનો વિયોગ થાય તો તો એને બહુ ક્લેશ થાય, ઘણું દુઃખ લાગે!! વિગેરે વિગેરે.

સદ્બોધનો વખતસરનો સપાટો.

આવા આવા તુરંગોને પરિણામે મારા હૃદયમાં કાંઇક ભગ્ન પરિણામ થયા, મેં વિચાર કર્યો કે ત્યારે શું હવે પેલી કન્યાઓને પરણવાનો વિચાર માંડી વાળું? તો તો પછી નિરાંતે સુખે રહેવાય. હાલ તો જુવાનીનો વખત છે, જરા મજા ભોગવી લઉં. એ સ્ત્રીઓ સર્વે આખરે તો મારે આધીન જ છે. જુવાની પૂરી થશે ત્યારે એને વખતસર પરણી લઇશ અને પરણીને તુરત દીક્ષા લઇશ.—સદ્બોધમંત્રી દૂર હતો તે વખતે મને આવો વિચાર થઇ આવ્યો અને તે મારા મનમાં જ રહ્યો. એ તુરંગો અને વિચારો ચાલતા હતા ત્યાં સંયોગબળે સદ્બોધમંત્રી આવી પહોંચ્યો એટલે મેં એને મારો અંદરનો સાચો અભિપ્રાય જણાવી દીધો.

સદ્બોધ તો મારા વિચાર સાંભળીને સડક થઇ ગયો. તુરત બોલી ઉઠ્યો "દેવ! આપે જે નિર્ણય કર્યો છે તે બરાબર નથી. તમારો એ નિર્ણય તમારા આત્માને ઘણો નુકસાન કરનારો છે, તમારા પરમ સુખની આડે આવનારો છે અને અજ્ઞપણાનો વાવટો છે. હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે તમારો જે આ અભિપ્રાય થયો છે તે તમારો પોતાનો અભિપ્રાય નથી, સ્વાધીન મત નથી, સ્વાભાવિક નિર્ણય નથી, પણ પેલા દુરાત્મા મહામોહનો વિલાસ છે, એના પરિવાર અને સેનાનીઓનો વૈભવ છે, એના આશ્રિતોએ કરેલી પ્રેરણાનું પરિણામ છે. (મહા વિદ્યાસાધન કરીને) જ્યારે નિધાન (ભંડાર) હાથ ધરવાનો વખત આવે ત્યારે બરાબર છેલ્લી વખતે વૈતાળો[1] આડા આવીને ઊભા રહે તેમ તેઓ સર્વ દુષ્ટો અંદરખાને ગૂપચૂપ રહીને બરાબર વખતે આપને વિઘ્ન કરવા આવી પહોંચેલા છે. પણ આપે એ પાપીઓથી આત્માની જરા પણ વંચના (છેતરપીંડી) થવા દેવી નહિ."

સદ્બોધે જે વાત કરી તે મારા ચિત્તમાં બરાબર લાગી ગઇ. પછી મારી અને તેની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇઃ—

---

૧ **વૈતાળઃ** એક જાતના અધમ રાક્ષસો. મંત્રસાધના કરી રહેવા આવે ત્યારે આ દુષ્ટો છેલ્લી ઘડિએ છળ કરવા આવે છે અને જે સાધ્ય પ્રાપ્ત કરવાનું હોય છે તેમાં આડા આવે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણધારણ (હું)—" આર્યે ! ત્યારે મારે એ સર્વને કેવી રીતે પાછા હઠાવવા ?"

સદ્બોધ—"દેવ ! તમારે એમને તમારા પોતાના બળથી જ[1] હઠાવવા ! "

ગુણધારણ—" તો મને મારું બળ બતાવો."

સદ્બોધ—"દેવ ! હું તો તમારું બળ બતાવવા તૈયાર છું, પણ એ બતાવવાનો અધિકાર મહારાજાધિરાજ કર્મપરિણામનો છે."

કર્મપરિણામ રાજા તે વખતે ત્યાં હાજર હતા. તેમણે આ વાતચીત સાંભળી હતી. સદ્બોધનો જવાબ સાંભળી તે બોલી ઉઠ્યા- " મારા હુકમથી તું પોતે એનું બળ એને બતાવીશ તો પરમાર્થથી મેં જ તે બતાવેલું ગણાશે, તેથી હું તને આદેશ કરું છું કે તું એને (ગુણધારણને) એનું બળ બતાવી આપ."

સદ્બોધ—" જેવો મહારાજા સાહેબનો હુકમ !"

**ચિત્તસમાધાન મંડપ.**
**આજ્ઞાકરણ, સન્માન.**
**શત્રુની બગવૃત્તિ.**

સદ્બોધે તો તુરત જ કામ ઉપાડ્યું. તે ચાલ્યો અને મને પોતાની સાથે [2]ચિત્તસમાધાન મંડપમાં પ્રવેશ કરાવ્યો. સદ્બોધ આગળ ચાલ્યો અને હું તેની પછવાડે ચાલ્યો. ત્યાં તેણે ચારિત્રરાજને અને બીજા તેના આખા લશ્કરને બતાવ્યું. તેઓએ મને પ્રણામ કર્યા. મેં એ દરેકનું સારી રીતે સન્માન કર્યું. તેઓ પણ સર્વ મારા સેનાનીઓ હોય તેમ જણાયું, તેઓએ સર્વેએ તે સ્થાન સ્વીકાર્યું અને ચતુરંગ સેના તૈયાર કરીને શત્રુઓને મારી હઠાવવા માટે તેઓની ગોઠવણ તુરત જ કરી નાખવામાં આવી. તે વખતે તેઓ સર્વે લડવા માટે ઘણા ઉદ્યુક્ત થઇ ગયા અને તેઓનો લડવાનો ઉત્સાહ જોઇને રાજાએ પણ દરેકને સન્માન આપ્યું અને રાજી કર્યા.

આ બધી તૈયારીઓ અને ધમાલ જોઇને મહામોહ વિગેરે દુશ્મન રાજાઓ તો અત્યંત ભયભીત થઇ ગયા, ગાંડા જેવા થઇ ગયા. તેઓ બધા પાપોદયને મોખરે કરીને ઉપરની તૈયારીઓ જોઇને એકદમ ના-

---

૧ બળનો અહીં બેવડો અર્થ છે. (૧) શક્તિ, પુરૂષાર્થ અને (૨) લશ્કર. પોતાનું લશ્કર તે ચારિત્રરાજનું લશ્કર-આત્મબળ સમજવું.

૨ ચિત્તસમાધાનમંડપનું વિસ્તારથી વર્ણન ચોથા પ્રસ્તાવમાં આવી ગયું છે. જુઓ પ્ર. ૪. પ્ર. ૩૩ (પૃ. ૧૦૫૫).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સવા જ મંડી ગયા, સર્વે ત્યાંથી પલાયન કરી ગયા. તેઓને એટલી બધી બીક લાગી કે જો તેઓ ત્યાં હાજર રહેશે તો જરૂર તેઓ માર્યા જવાના! ચારિત્રરાજના સેનાનીઓએ પણ પેલા દુશ્મનોને રહેવાનાં મુકામો બધાં ભાંગી નાખ્યાં અને આખી મહા અટવીને બરાબર સાફ કરાવી, શોધાવી અને એ રીતે શત્રુઓનો નાશ કરવાને પરિણામે તેઓને જયધ્વજ[1] પ્રાપ્ત થયો.

વાત એમ બની કે શત્રુઓ નાસી તો ગયા, પણ માત્ર તેમાંના થોડાકનો જ ક્ષય થયો, કેટલાક [2]શાંત થઇને પડી રહ્યા અને બગવૃત્તિ ધારણ કરીને ગૂપચૂપ થઇ ગયા.[3]

## લગ્ન સમારંભ.

અત્યંત આનંદથી મહામહોત્સવપૂર્વક સુંદર વિવાહનો આરંભ કરવામાં આવ્યો. મારો એ સમારંભ જોઇને મારા અંતર બંધુઓ ઘણા ખુશી થયા.

માતૃકા સ્થાપન.

પ્રથમ તો આઠ માતાઓનું[4] સ્થાપન કરવામાં આવ્યું અને યથાવિધિ એ આઠે માતાઓની પૂજા યોગ્ય રીતે મેં કરી. સદ્બોધે એ આઠ માતાઓની જૂદી જૂદી શક્તિ કેટલી છે તેનું વિવેચન કરી બતાવ્યું. તે વર્ણન ખાસ સાંભળવા જેવું અને તદ્દન અભિનવ હોવાથી અગૃહીતસંકેતા![5] તને તે બરાબર કહી સંભળાવું છું તે તું લક્ષ્યમાં રાખજે.[6]

---

૧ Banner of success.

૨ કેટલાંક કર્મોનો ક્ષય થયો અને કેટલાંક ઉપશમ ભાવ પામ્યાં. **ઉપશમભાવ**માં જે કર્મો રહે છે તે ઢાંકેલ અગ્નિ જેવાં રહે છે, અમુક વખત ગૂપચૂપ પડી રહે છે, પ્રસંગ મળતાં ભડકો થઇ આવે છે. **ઉપશમભાવ** અને **ક્ષયોપશમ** ભાવમાં આ મોટો તફાવત છે.

૩ **બગવૃત્તિ:** બગલો માછલાને પકડવા પહેલા ઊંચી ડોક રાખી ભગતની જેમ બેસી રહે છે, માછલું પકડવાનો લાગ મળતાં ડોક નમાવી માછલું પકડી ગળપ કરતો ગળી જાય છે, કેટલાંક કર્મો હાલ તો બગભગત થઇ ગયાં, પણ લાગ જોતાં રહ્યાં.

૪ **જૈન** લગ્નવિધિમાં લગ્નની પહેલાં આઠ માતાની સ્થાપના કરવામાં આવે છે. જુઓ જૈન લગ્નવિધિ અથવા આચારદિનકરમાં તત્સંબંધી વિસ્તાર. આ વિધિને 'માઇથાપના' એમ ભાષામાં કહેવામાં આવે છે.

૫ **સંસારીજીવ:** પોતાનું ચરિત્ર **અગૃહીતસંકેતા** અને **પ્રજ્ઞાવિશાળા** પાસે **સદાગમ** સમક્ષ કહી બતાવે છે અને **સુમતિ–ભવ્યપુરૂષ** તે સાંભળે છે તે વાત હવે તાજી કરો. એનો સંબંધ મળવાનો હવે વખત નજીક આવે છે.

૬ **અષ્ટ પ્રવચનમાતા** માટે જુઓ **પ્રસ્તાવ** ત્રીજો પ્ર. ૧૪ (પૃ. ૫૦૫)માં કરેલી મારી નોટ. અહીં મુળમાં તેને લગતી હકીકત આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ "પ્રથમની માતા સાડા ત્રણ હાથ નજર આગળ કરાવે છે
"અને જ્યારે જૈનપુરમાં મુનિરાજ ચાલે છે ત્યારે ખાસ કરીને
"તેઓને કોઇ પણ બીજી બાબતમાં આક્ષેપ (ખેંચાણ) ન
"થાય તે બાબત પર ખાસ ધ્યાન આપે છે.[1]

૨ "બીજી માતામાં એવી શક્તિ છે કે એ મુનિજન પાસે સદ્-
"બુદ્ધિથી પવિત્ર થયેલ વાક્યો જ બોલાવે છે, જેવી વાત બની
"હોય તેવાં જ વાક્યોમાં બોલાવે છે, સાંભળનારને હિત કરે
"તેવી જ વાત બોલાવે છે, ગણ્યાગાંઠ્યા જરૂરી શબ્દોમાં જ
"બોલાવે છે અને તે પ્રમાણે તે સર્વદા વર્તે છે.

૩ "ત્રીજી માતામાં એવી શક્તિ છે કે ખાવાનું કારણ પ્રાપ્ત
"થાય ત્યારે તેઓ (યતિલોકો પાસે) એ સર્વ પ્રકારના
"દોષોથી રહિત આહારની શોધ કરાવે છે અને તે પણ વ્યા-
"જબી રીતે જ ખવરાવે છે.

૪ "ચોથી માતામાં એવી શક્તિ છે કે મુનિરાજ જ્યારે વસ્તુ
"પાત્ર કે ટુંકામાં કહીએ તો કોઇ પણ ચીજ લે અથવા મૂકે
"ત્યારે તેને બરાબર જુએ છે, તેની સારી રીતે પ્રમાર્જના[2]
"કરે છે અને કોઇ પણ સૂક્ષ્મ જીવનો વિનાશ ન થાય તેની
"ખાસ સંભાળ રાખે છે.

૫ "પાંચમી માતાની એવી શક્તિ છે કે તેના વડે એક બહુ
"સુંદર કામ થાય છે. કોઇ વખત વધારાનો આહાર તજી
"દેવો-ફેંકી દેવો પડતો હોય, શરીરને તજવું પડે તેવું હોય,
"શરીરના મળનો ત્યાગ કરવો હોય, વડીનીતિ દ્વારા કચરો
"કાઢવો હોય, ટુંકમાં કોઇ પણ વસ્તુનો ત્યાગ કરવો હોય ત્યારે

---

૧ પ્રત્યેકના વર્ણન સાથે અનુક્રમે નીચેના નામો ધારશો અને વિચારશો.

૧ ઇર્યાસમિતિ.
૨ ભાષાસમિતિ.
૩ એષણાસમિતિ.
૪ આદાનભંડમતનિક્ષેપણાસમિતિ.
૫ પારિષ્ઠાપનિકાસમિતિ.
૬ મનોગુપ્તિ.
૭ વચનગુપ્તિ.
૮ કાયગુપ્તિ.

૨ પ્રમાર્જના: વસ્તુને સુંવાળા પદાર્થથી-રજોહરણ વિગેરેથી સાફ કરવી, બહુ ધીમેથી તે પર રહેલ ન દેખાય તેવા નાના જંતુઓને દૂર કરવા તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"એ શાસ્ત્રમાં બતાવેલી રીત પ્રમાણે શુદ્ધ નિર્જીવ ભૂમિમાં "તેનો ત્યાગ કરાવે છે, કોઇ જીવને દુઃખ ન થાય તે માટે "બનતો પ્રયાસ કરાવે છે.

૬ "છઠ્ઠી માતા સાધુ મહારાજનાં મનને નિરંતર આકુળવ્યાકુ- "ળતા વગરનું રાખે છે અને છતાં તેમનામાં જે કાંઇ દોષો "થઇ ગયા હોય તે સર્વને બહુ જોસ સાથે ખપાવી દે છે, "તેને રદ કરાવી દે છે.

૭ "સાતમી માતા ખાસ કારણની ગેરહાજરીમાં સાધુઓ પાસે "મૌન પળાવે છે, ખાસ લાભ ન હોય ત્યાંસુધી તેમને બોલ- "વાની મનાઇ કરે છે અને કોઇ કારણ પ્રાપ્ત થાય અને તે- "મને બોલવાની જરૂર જ પડે તો બોલવામાં કોઇ પણ પ્રકા- "રનો દોષ ન થાય તેટલું જ બોલાવવા સર્વદા તત્પર રહે છે.

૮ "આઠમી માતા વળી એક ઘણું જ નવીન પ્રકારનું કાર્ય બજાવે "છે. જ્યાં સુધી કાંઇ ખાસ કારણ ન હોય ત્યાં સુધી તે સાધુ- "ઓને કાચબાની પેઠે તદ્દન સંકોચાવીને રાખે છે. ખાસ "કારણ પડે અને મુનિલોકને ચલન કરવું પડે તો શરીરથી "ઉત્પન્ન થતા દોષોને અટકાવે છે.

પહેલે દિવસે એ જૈનપુરની સુંદર મેનાઓ-સારભૂત મીઠી માવડીઓનું સ્થાપન કરવામાં આવ્યું અને તેમનું પૂજન કરવામાં આવ્યું.

*વેદી-કુંડ તૈયારીઓ.*

ત્યાર પછી ચિત્તસમાધાન અંતરંગ મંડપ (માંડવા)માં આવી રહેલી **નિઃસ્પૃહતા** વેદીને સારી રીતે વાળી ઝૂડીને સાફ કરવામાં આવી. ચારિત્રધર્મમહારાજાએ પોતાના તેજથી તે વખતે મોટો વિસ્તારવાળો અગ્નિકુંડ સળગાવ્યો, વધારે ચેતાવ્યો અને લગ્ન વખતે જે જે ઉચિત ક્રિયાઓ કરવી જોઇએ, જે જે તૈયારીઓ પ્રથમથી કરી રાખવી જોઇએ તે સર્વ યથોચિત કરી. તૈજસી પદ્મા અને શુકલા માતાઓએ અત્યંત આદરપૂર્વક વધૂકર્મ કર્યું, મતલબ સ્નાન, શરીરે વિલેપન અને આભૂષણધારણ વિગેરે સર્વ ક્રિયાઓ કરી લીધી. એ માવડીઓએ અને બીજા મારા આખા સામંતવર્ગે અને રાજાઓએ મને સ્નાન કરાવ્યું, વિલેપન કર્યું, ઘરેણાં પહેરાવ્યાં અને સુંદર વસ્ત્રો ધારણ કરાવ્યાં.

*લગ્ન.*

ત્યાર પછી વિવાહ થવાની શરૂઆત થઇ. સદ્બોધમંત્રી પોતે જ પુરોહિત (ગોર) થયા. એણે કર્મ નામનાં લાકડાં અગ્નિમાં નાખવા માંડ્યાં, યજ્ઞ આદરી દીધો, એમાં સદ્ભાવનાની આહુતિઓ આપવા માંડી, કુવાસના



JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામની શાળો અંજળી ભરી ભરીને અગ્નિકુંડમાં નાખવામાં આવી. એવી રીતે મહા તૈયારીઓ અને સમારંભો થઇ રહ્યા. **સદાગમ** પોતે જોશી થયા અને તેમની હાજરીમાં વૃષ લગ્નના અમુક અંશમાં **ક્ષાંતિ** કન્યા સાથે મારાં લગ્ન થયાં. મેં તેનું પાણિગ્રહણ કર્યું તે વખતે **શુભ-પરિણામ** વિગેરે રાજાઓ ઘણા હર્ષમાં આવી ગયા, **નિષ્પ્રકંપતા** વિગેરે મહારાણીઓ પણ બહુ જ વિલાસમાં આવી ગઇ, તેમને બહુ આનંદ થઇ ગયો અને આખાં મંડળો ગાંડાઘેલાં જેવાં થઇ ગયાં. તે જ વૃષ લગ્નમાં દયા વિગેરે બીજી આઠ કન્યાઓનાં પણ મારી સાથે લગ્ન થયાં.

જીવવીર્ય સિંહાસને.

**જીવવીર્ય** નામનું મોટું વિસ્તારવાળું સિંહાસન હતું તેની ઉપર હું તે સર્વ પત્નીઓ સાથે બેઠો. ચારિત્ર-ધર્મ રાજા વિગેરેને બહુ આનંદ થયો અને તેઓએ પણ અનેક પ્રકારના વિલાસો તે વખતે કર્યા, બતાવ્યા.

**વૈશ્વાનરાદિ ઉપશાંત.**
**અન્ય કન્યાઓ સાથે લગ્ન.**
**સુખ સંદોહાનુભવ.**

JAINSITE .com जैन साईट जैनम् जयति शासनम्

હવે જરા મોહરાજાની વાત કરી લઉં. **અગૃહીતસંકેતા!** જ્યારે હું વિદ્યાની સાથે પરણ્યો હતો ત્યારથી જ પરમાર્થથી તો મોહરાજા ઘણો નરમ પડી ગયો હતો, પરંતુ એ રાજા હિંમત હારે તેવો ન હોતો, વળી એ એના આખા લશ્કરનો સમુદાયઆત્મા હતો, સર્વનો જીવને-શ્વર હતો અને સર્વનો સારભૂત હતો તેથી બળેલી દોરડી જેવો આકાર ધારણ કરીને પણ તે ત્યાં પડી રહ્યો હતો, એને ઘણો ત્રાસ થયો તો પણ ત્યાંથી નાસી ગયો નહોતો. ત્યાર પછી ક્ષાંતિ વિગેરે નવ કન્યાઓને હું પરણ્યો, તે કન્યાઓ વૈશ્વાનર વિગેરેની ખાસ દુશ્મન હતી તે તો તારા સમજવામાં આવી ગયું હશે. હવે ચારિત્રધર્મરાજાએ મોહરાજાના આખા લશ્કરને નસાડી મૂક્યું અને એનો પાપોદય સેના-પતિ તો મોરચેથી નાસી જ ગયો અને તેમ થતાં એ મહામોહરાજા નરમ થઇ ગયો હતો પરંતુ છૂપાઇને છાનોમાનો બેસી રહ્યો હતો તે હવે તેથી પણ વધારે નરમ પડ્યો અને ત્રાસ પામતો હિંસા વૈશ્વાનર વિગેરે નવે જણને પોતાની સાથે લઇને બને તેટલો વધારે દૂર ચાલ્યો ગયો. આવી રીતે મારા દુશ્મનોનો નાશ તો ન થયો પણ અત્યારે તેઓ દૂર નાસી ગયા.

એ પ્રમાણે હકીકત બની એટલે મારી દશ પત્નીઓ સાથે વિ-લાસમાં હું પડ્યો, તેઓના પ્રેમમાં પડ્યો, તેઓને ભેટ્યો, તેઓની

સાથે મેં આનંદ કર્યો, તેમના સંગમાં રહી શાંત જીવન ગાળ્યું, પીડા બાધા વગરની સ્થિતિ અનુભવી, અનેક પ્રકારના પ્રમોદને પીછાન્યો—વળી તે વખતે મારૂં પોતાનું આખું લશ્કર પણ મને ઘેરીને બેસી રહ્યું અને અંતરંગ વિલાસોમાં ઊંચા પ્રકારની લીલા કરતાં સ્વસંવેદન[1] સુખ અનુભવ્યું, મુનિ નિર્મળાચાર્ય કહી ગયા હતા તે સર્વ બાબતોનો સાક્ષાત્કાર કર્યો અને તેમનાં વચનની સત્યતા મને બરાબર સમજાણી.

હવે એ **શુભપરિણામ** રાજાને **નિષ્પ્રકંપતા** રાણીથી બીજી પણ ઘણી દીકરીઓ થઇ હતી. તેઓ અનુક્રમે [2]**ધૃતિ, શ્રદ્ધા, મેધા, વિવિદિષા, સુખા, મૈત્રી, પ્રમુદિતા, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ, કરૂણા** વિગેરે અનેક હતી. એ સર્વ કન્યાઓને હું પરણ્યો. એ સર્વ નવીન સ્ત્રીઓ અને અગાઉની દશે સ્ત્રીઓ સાથે આખો વખત વિલાસ કરતો રહ્યો, આનંદ અનુભવતો ગયો, મજાઓ ઉડાવતો રહ્યો. એ સર્વ સ્ત્રીઓ મારી પાસે જ

---

૧ **સ્વસંવેદનઃ** આત્મસાક્ષાત્કાર. જાતે અનુભવ કરવો તે. ચોથી દષ્ટિની આખરે વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી સ્વસંવેદન શરૂ થાય છે. એ અદ્ભુત અપૂર્વ આત્મદશા છે, યોગ પ્રગતિની નિશાની છે, આત્માનું ઉત્થાન બતાવનાર છે. એનો વિસ્તાર યોગદૃષ્ટિસમુચ્ચયમાં જોવામાં આવશે. સામાન્ય માહિતી માટે જુઓ જૈ. દ. યોગ પૃ. ૩૭.

૨ **ધૃતિઃ** ધૈર્ય, ધીરજ, શાંતિ, આત્મબળ.

**શ્રદ્ધાઃ** આપ્ત પુરૂષ પર વિશ્વાસ, આત્મબળ પર વિશ્વાસ, આત્માનો પુરૂષાર્થ મોક્ષ લઈ શકે એવો નિર્ણય.

**મેધાઃ** દલીલ કરવાની સમજવાની પચાવવાની બુદ્ધિ.

**વિવિદિષાઃ** ધર્મવાદ કરવાની ઇચ્છા. એથી સામો મનુષ્ય યોગ્ય ધર્મ પામી આત્મકલ્યાણ કરી શકે છે.

**સુખાઃ** સુખનો અનુભવ, વાસ્તવિક સુખનો સ્વાદ.

**મૈત્રીઃ** સર્વ જીવોને પોતાના બંધુ ગણી તેમને શરીરનું કે મનનું દુઃખ ન થાય તેવું વર્તન તેમની સાથે કરવું.

**પ્રમુદિતાઃ** ગુણ ઉપર, ગુણવાન્ ઉપર, ગુણવાન્ સાથે સંબંધ કરનાર ઉપર ખાસ પ્રેમ, તેમના તરફ આકર્ષણ.

**ઉપેક્ષાઃ** દોષ અને દોષવાળા તરફ બેદરકારી, તેઓની કર્માધીન સ્થિતિ પર વિચારણા.

**વિજ્ઞપ્તિઃ** વિશેષ જ્ઞાન, સમજણ, જિજ્ઞાસા અને જ્ઞાનવ્યય.

**કરૂણાઃ** પાપનાં પરિણામો અત્યારે સહન કરતાં હોય તેઓ પર દયા, પ્રેમ, તેમને દુઃખમાંથી તારવાની તીવ્ર ઇચ્છા.

Jain Education International www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે, તેઓનાં ટોળાં વચ્ચે હું બેસું, તેઓ મારી સાથે વિલાસ કરે-આવી રીતે મને સુખનો અનુભવ થયો, અત્યંત આનંદ થયો, સંપૂર્ણ રસના પ્રમોદમાં મેં ડૂબકીઓ મારી.

મેં એ વખત ચિંતવના કરી કે અહો! મહાત્મા ભગવાન્ નિર્મળાચાર્યે જે સુખાનુભવની મને અગાઉ સૂચના કરી હતી તેનો અત્યારે મને સાક્ષાત્કાર થાય છે!! આવી રીતે અત્યંત પ્રમોદનો અનુભવ કરતો હું સપ્રમોદપુરમાં રહ્યો હતો તે વખતે મહાનુભાવ શ્રીનિર્મળાચાર્ય ફરતાં ફરતાં પાછા તે જ નગરે આવી પહોંચ્યા, પોતાનો આખો પરિવાર તેમની સાથે હતો અને તે જ આહ્લાદમંદિર બગિચામાં આવીને તેઓશ્રી ઉતર્યા. મને જેવા તેઓશ્રીના આગમનનાં સમાચાર મળ્યાં કે તુરત જ અત્યંત આદરપૂર્વક હું આહ્લાદમંદિર તરફ ગયો, બહુ પ્રેમભક્તિપૂર્વક મેં તેઓશ્રીને વંદન કર્યું.

નિર્મળાચાર્ય આગમન.

### વ્યવહાર-દ્રવ્યભાવ લિંગ.
### મહાપૂજાની તૈયારી.
### દ્રવ્ય દીક્ષા ગ્રહણ.

પછી મારા લલાટે બન્ને હાથ જોડીને અત્યંત વિનયભાવથી નમન કરીને બહેન અગૃહીતસંકેતા! મેં આચાર્યમહારાજને વિજ્ઞપ્તિ કરી-"ભગવન્! આપશ્રીએ આદેશ આપ્યો હતો તે પ્રમાણે અત્યાર સુધી સર્વ વ્યવસ્થા મેં કરી છે. નાથ! હવે કૃપા કરીને મને દીક્ષા આપો." મહા વિચક્ષણ નિર્મળસૂરિમહારાજે જવાબ આપ્યો "રાજન્! તને ભાવથી ભાગવતી દીક્ષા આપોઆપ જ પ્રાપ્ત થઇ ગઇ છે તો હવે દીક્ષા આપવાની તો ક્યાં રહી? જો ભાઇ! હકીકત એમ છે કે હાલ છેલ્લા થોડા વખતથી તું ઘરમાં રહ્યો ત્યારે તારા સંબંધમાં જે બન્યું છે અથવા તેં જે બનાવ્યું છે તે ખાસ સવિશેષપણે સાધુપણામાં કરવાનું છે; તેથી ભાવદીક્ષા તો તેં વસ્તુતઃ લઇ લીધી જ છે. છતાં ડાહ્યા માણસોએ આ બાબતમાં [1]વ્યવહારનું ઉલ્લંઘન કરવું ન જોઇએ તેથી દ્રવ્યલિંગ ( બાહ્ય વેશ ) તને આપવામાં આવશે. કેમકે ભાવલિંગમાં બાહ્ય ચિહ્ન પણ હેતુ તરીકે ખાસ પસંદ કરવા યોગ્ય છે તેથી તને

૧ **વ્યવહારઃ** બાહ્ય નજરે જોનારને પ્રતીતિ ઉપજવાનું કારણ. વસ્તુતત્ત્વે તો નિશ્ચય માર્ગ જ લાભ આપે છે પણ વ્યવહારનો લોપ કરવાથી અવ્યવસ્થા થઇ જાય તેથી સમુદાયકારણે વ્યવહારને ખાસ ઇષ્ટ માન્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]બાહ્ય લિંગ હવે આપવામાં આવે છે." તે સાંભળી અત્યંત વિનયપૂર્વક "બહુ કૃપા કરી! મારા નાથ!" એટલા શબ્દો હું ઉદ્ગારરૂપે બોલ્યો.

ત્યાર પછી આઠ દિવસ સુધી શ્રીજિનેશ્વર દેવની પૂજા રચવામાં આવી (અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો), મુનિઓની આઠે દિવસ પૂજા કરી, આખા નગરના સર્વ શહેરીઓને આનંદ કરાવ્યો, બંધુવર્ગને યોગ્ય ભરભળામણ કરી દીધી, યાચક અને ઇચ્છકની માગણીઓ પૂરતી રીતે સંતોષી, મારા પુત્ર જનતારણને રાજ્યગાદી પર સ્થાપન કર્યો અને તે કાળને યોગ્ય સર્વ પ્રકારની જરૂરી ક્રિયાઓની વિધિઓ સંપૂર્ણ કરી દીધી; પછી મદનમંજરી, કુળંધર અને પ્રધાન સેવકવર્ગસહિત નિર્મળસૂરિ પાસે યોગ્ય વિધાનપૂર્વક દીક્ષા અંગીકાર કરી, સંસારગૃહથી બહાર નીકળ્યો, [2]અર્થાત્ દ્રવ્યથી દીક્ષા ગ્રહણ કરી, મુનિવેશ ધારણ કર્યો.

## અભ્યાસ. વિહાર.
## સંલેખના. અનશન.
## પ્રથમ ગ્રૈવેયકે.

સૂરિપાદે આવ્યા પછી હું સાધુનો સર્વ ક્રિયામાર્ગ બરાબર શીખ્યો. ત્યાં આવ્યા પછી સદાગમ મારા પર વધારે પ્રેમી થયો. તેણે મને જે પ્રમાણે સૂચના આપી તે પ્રમાણે મેં અગીઆર અંગનો અભ્યાસ કર્યો, [3]કાળિક અને ઉત્કાળિક સૂત્રો ભણ્યો. વળી સમ્યગ્દર્શન ઉપર તો બહુ પ્રેમી થઇ ગયો. તે ઉપરાંત ચારિત્રધર્મ ઉપર તો હૃદયનો પ્રેમ વધતો જ ચાલ્યો. સૂરિપાદે આવ્યા પછી એના લશ્કરને બહુ સારી રીતે ઓળખ્યું, તેમનાં દરેકનાં કાર્યની કિંમત થઇ, પરીક્ષા આવી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ ભાવ લિંગને અંગે બાહ્ય ચિહ્ન ઘણી વાર ઉપયોગી સાધન બને છે, કેટલીક વાર અમુક વેશ કે કીર્તિ પતિત થતાં અટકાવે છે અને વ્યવહારને અંગે તેની ઉપર જણાવેલી જરૂર છે.

અહીં વિચારવા જેવી વાત છે કે અંતરંગ શુદ્ધિ થયા પછી પૂર્ણ યોગ્યતા જોયા પછી અને યોગ્ય સમય ઉમેદવારી કરાવ્યા પછી દ્રવ્યદીક્ષા આપવામાં આવે છે. આ નિયમ સાર્વજનિક જણાતો નથી. એમ લાગે છે કે વ્યક્તિવિકાસ ઉપર દીક્ષાકાળનો નિર્ણય કરવામાં આવતો હશે. એ બાબત ગમે તે હોય પણ નિર્મળસૂરિએ જે માર્ગ સ્વીકાર્યો છે તે ખાસ વિચારવા યોગ્ય તો છે જ.

૨ મતલબ એ છે કે બાહ્ય વિધિપૂર્વક મને દીક્ષા આપવામાં આવી અને સ્થવીર તરીકે હું સૂરિ પાસે રહ્યો.

૩ **કાળિક સૂત્ર-ઉત્કાળિક સૂત્રઃ** દિવસ અને રાત્રિના પ્રથમ અને અંત્ય પહોરમાં જ જેનું અધ્યયન થઇ શકે તે 'કાળિક સૂત્રો' અને માત્ર કાળવેળા છોડી કર કોઇ અવસરે જેનું અધ્યયન થઇ શકે તે 'ઉત્કાળિક સૂત્રો.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમજ સૂરિપાદે આવ્યા પછી સંયમયોગ અને તપયોગનું સારી રીતે પાલન કર્યું. પછી પ્રમત્તતા નદી વિગેરે દુશ્મનોને ક્રીડા કરવાનાં સ્થાનો હતાં તે ભાંગી નાખ્યાં, ચિત્તવૃત્તિ અટવીને વાળી ઝૂડીને વધારે સાફ કરી. આવી રીતે સંયમયોગ સાધતાં અને ગુરૂમહારાજનાં ચરણની સેવા કરતાં સાધુપણામાં હું ઘણો કાળ વિચર્યો, આખરે સંલેખના[1] કરી, અનશન[2] કર્યું. આ બધી બાબત જોઇને મારી ઉપર દેવી ભવિતવ્યતા તુષ્ટમાન થયા. તેણે મને એક બીજી ગોળી આપી. એના તેજથી વિબુધાલય વિભાગના [3]કલ્પાતીત વિબુધોમાં મને લઇ જવામાં આવ્યો. પ્રથમ ગ્રૈવેયકે[4] મારી સ્થાપના કરવામાં આવી. મને ત્યાં દેવપણે ઉત્પન્ન કર્યો.

* * * *

* * *

## પ્રથમ ગ્રૈવેયકે.

પ્રથમ ગ્રૈવેયકમાં ત્રેવીશ સાગરોપમ કાળ સુધી હું રહ્યો. ત્યાં અત્યંત મનોહર દીવ્ય પલંગ પર અતી સુંદર કિંમતી વસ્ત્ર પાથરવામાં આવ્યાં હતાં. ત્યાં અત્યંત નિર્મળ આકારને ધારણ કરીને હું બહુ સુખમાં રહ્યો. આખો વખત શાંત જીવન ગાળ્યું, સર્વ પ્રકારની બાધા પીડાના અભાવવાળું સુખી જીવતર વ્યતીત કર્યું અને સુખામૃતનો સાક્ષાત્ અનુભવ કર્યો.

* * * *

* * *

## સિંહપુરે ગંગાધર.
## દીક્ષા. ચારિત્ર.
## પાંચે ગ્રૈવેયકે.

---

૧ **સંલેખનાઃ** મરણ નજીક જાણી જરૂરી વસ્તુ સિવાય સર્વ સંયોગનો ત્યાગ કરવામાં આવે છે. એનો વિધિ આઉર પચ્ચખ્ખાણ પયન્નામાં બતાવ્યો છે. દરેકે બહુ જ વિચારવા યોગ્ય છે.

૨ **અનશનઃ** ચારે આહારનો ત્યાગ. સર્વ ભોજનનો ત્યાગ કરી મરણ નજીકને સમયે ધ્યાનગ્રસ્ત થવું એ અંત સંલેખનાનો એક પ્રકાર છે.

૩ **કલ્પાતીતઃ** જુઓ નોટ પ્રસ્તાવ ૭ મો, પ્રકરણ ૧૬ મું. (પૃ. ૧૮૨૦-૧).

૪ **ગ્રૈવેયકઃ** બારમા દેવલોકની ઉપર મહર્દ્ધિસંપન્ન નવ ગ્રૈવેયકના દેવો રહે છે. તેઓ અત્યંત સુખી હોય છે. વૈમાનિક કલ્પાતીત દેવનો એ એક પ્રકાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રેવીશ સાગરોપમને અંતે **મનુજગતિ** નગરીના એક **ઐરવત**[1] નામના સુંદર નાના પેટા વિભાગીય પાડામાં મારી ભાર્યા **ભવિતવ્યતા**ના સંબંધથી હું આવી પહોંચ્યો. એ **ઐરવત** પાડામાં એક **સિંહપુર** નામનું નગર હતું. ત્યાં **વીણા** અને **મહેંદ્ર** નામના સ્ત્રીપુરૂષ રહેતા હતા. તેઓ જાતે ક્ષત્રિય હતા. તેમનો હું પુત્ર થયો. મારૂં ગંગાધર નામ રાખવામાં આવ્યું. પરાક્રમની બાબતમાં ત્યાં મારી સારી વિખ્યાતિ થઇ.

યોગ્ય વય થયા પછી અને સારી આબરૂ જમાવ્યા પછી મને જાતિસ્મરણ[2] જ્ઞાન થયું. મેં દીક્ષા લીધી. સુઘોષ નામના અતિ વિદ્વાન અને આત્માનુભવ કરનાર મહાત્મા આચાર્યના હાથ નીચે અગાઉની પેઠે મેં સર્વ કૃત્યો કર્યાં અને અંતે અગાઉ જણાવેલાં ક્રમ પ્રમાણે મેં સંલેખના અનશનાદિ કર્યાં. આખરે મારી ભાર્યાના યોગથી હું બીજે ગ્રૈવેયકે ગયો.

* * *

આવી રીતે અનુક્રમે મનુષ્ય થયો, દીક્ષા લીધી, તેનું વિધિપૂર્વક પાલન કર્યું, અંતે સંલેખના કરી અને ત્રીજે ગ્રૈવેયકે ગયો-એમ કુલ પાંચ વાર જવાનું થયું અને પાંચે ગ્રૈવેયકે હું ગયો. મનુષ્યભવમાં દીક્ષા લઇને ઉપર ચઢતો ગયો અને ગ્રૈવેયકમાં એક એકનો વધારો કરતો ગયો. બહેન અગૃહીતસંકેતા ! આવી રીતે મારી સ્થિતિ વધતી ચાલી. છેલ્લે પાંચમા ગ્રૈવેયકમાં સતાવીશ સાગરોપમની સ્થિતિ ભોગવી. ત્યાં મને સુંદર, ચિત્તને તદ્દન શાંત કરનારી અને સુખસમૂહને આપનારી અત્યંત પવિત્ર કલ્યાણમાળા પ્રાપ્ત થઇ.

---

૧ **ઐરવતઃ** જંબુદ્વીપમાં ભરત ઐરવત અને મહાવિદેહ ત્રણ ક્ષેત્રો છે. એમાં ભરત ઐરવતમાં છ છ આરા ક્રમે સારા અને ખરાબ વર્તે છે. મહાવિદેહમાં હમેશા ચોથા આરાના ભાવ વર્તે છે. જંબુદ્વીપ ફરતો લવણ સમુદ્ર છે. તેની ફરતો ધાતકી ખંડ દ્વીપ છે, તેમાં બે બે ભરત ઐરવત મહાવિદેહ છે અને તેની ફરતો કાળોદધિ સમુદ્ર છે. ત્યાર પછી પુષ્કર દ્વીપ આવે છે. તેમાં પણ બે બે ભરત ઐરવત મહાવિદેહ છે. અત્ર પાંચમાના કોઇ પણ ઐરવતમાં સંસારીજીવ ગયો હોય એમ જણાય છે. જૈન પૃથ્વી સંબંધી હકીકત અઢીદ્વીપના નકશાની હકીકતમાં મળશે.

૨ **જાતીસ્મરણજ્ઞાનઃ** પોતે પૂર્વ ભવમાં કોણ હતો તે યાદ આવે. આ જ્ઞાન મતિજ્ઞાનનો ભેદ છે. કેટલા ભવ યાદ આવે તે ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે. આ કાળમાં પણ એ જ્ઞાન થઇ શકે છે, એનો નિષેધ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૦ મું.

## ગૌરવોથી અધઃપાત.

પાંચમા ગ્રૈવેયક સુધી જઇ ત્યાંની અદ્દભુત સમૃદ્ધિનો આનંદ ભોગવ્યો, બહુ લાંબા વખત સુધી ચિત્તનિર્વાણનો અનુભવ કર્યો અને શારીરિક સુખો અતિ ઉત્કૃષ્ટ પ્રકારનાં અનુભવ્યાં–છઠ્ઠી વાર ત્યાર પછી મનુજગતિના ધાતકી ખંડ નામના વિભાગમાં ભરતક્ષેત્રમાં શંખ નામના નગરમાં હું ભદ્રા અને મહાગિરિનો સુંદર રૂપવાન્ પુત્ર થયો, મારૂં સિંહ નામ રાખવામાં આવ્યું. રાજાના વંશમાં મારો જન્મ થયો તેથી સુંદર ભોગને યોગ્ય સઘળી સામગ્રીઓ પ્રાપ્ત થઇ. મારૂં રૂપ પણ સારૂં થયું.

### સિંહની દીક્ષા.

અનુક્રમે હું યૌવન વય પામ્યો. ત્યારે તે વખતે ધર્મબંધુ નામના એક વિદ્વાન્ મુનિમહારાજનો યોગ થયો. તેમના ઉપદેશથી ભગવાનના મતની મેં દીક્ષા લીધી, રાજવૈભવ છોડી દીધો. ભદ્રે અગૃહીતસંકેતે! તે વખતે મેં સાધુઓની સર્વ ક્રિયાઓ કરી, ચરણ કરણ ક્રિયામાં સારી રીતે ઉધુક્ત રહ્યો, ઉગ્ર વિહાર કર્યા અને પ્રેમપૂર્વક સૂત્ર અને અર્થનો અભ્યાસ કરવામાં બહુ ઉદ્યમ કર્યો.

**દ્વાદશાંગી અને ચૌદ પૂર્વનો અભ્યાસ.**
**આચાર્યપદે મને આપવામાં આવેલું સ્થાન.**
**માન, વાદ, યશ, સ્તુતિ, સેવા, વિખ્યાતિ.**

થોડા વખતમાં મેં બારે અંગનો અભ્યાસ કર્યો, ચૌદે પૂર્વસહિત* મને દ્વાદશાંગી પ્રાપ્ત થઇ. સદાગમ અતિશય પ્રેમપૂર્વક મારી પાસે

---

* પૂર્વઃ શાસ્ત્ર ગ્રંથો. બહુ વિસ્તારવાળા છે. લખવા માંડ્યા હોય તો પાર આવે નહિ. એ ચૌદ ગણવામાં આવતા હતા. અત્યારે એ સર્વ વિચ્છેદ ગયા છે. દ્વાદશાંગીમાં અગીઆર અંગોના અવશેષો મળે છે. બારમું દૃષ્ટિવાદ અંગ વિચ્છેદ ગયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે વધારે રહેતો ગયો અને જાણે મારો ખાસ સગો ભાઇ હોય તેમ મારી સાથે વર્તવા લાગ્યો. અગાઉ પણ મને અનેક વાર ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું હતું પણ કોઇ પણ વખતે મેં પૂરેપૂરા ચૌદે પૂર્વ પૂરા કર્યા ન હોતા, અને આ વખતે તો બહુ થોડા વખતમાં અને રમત માત્રમાં ચૌદે પૂર્વ પૂરેપૂરા હું ભણી ગયો, તેની રચના મને બહુ સારી થઇ ગઇ. આવી રીતે સદાગમના સંબંધથી મને ઉત્કૃષ્ટ પ્રકારે જ્ઞાનપ્રાપ્તિ થઇ.

મારા ધર્મબંધુ ગુરૂએ જોયું કે મેં સર્વ સૂત્ર અને અર્થનો સારો અને પૂરો અભ્યાસ કર્યો હતો એટલે તેઓશ્રીએ શ્રીસંઘ સમક્ષ મને પોતાને સ્થાને (આચાર્ય સ્થાને) સ્થાપન કર્યો. જે વખતે મને આચાર્ય અને ગચ્છાધિપતિને સ્થાનકે બેસાડ્યો તે વખતે દેવતાઓ પણ આવ્યા, દાનવો પણ દાખલ થયા અને મનુષ્યોસહિત તે સઘળાઓએ મોટો ચમત્કાર ઉપજાવે તેવો આનંદોત્સવ કર્યો. લોકોએ મારી ઘણી પ્રશંસા કરી, દેવતાઓ પણ વખાણ કરવા લાગ્યા, ખૂદ આચાર્યગુરૂએ પણ વારંવાર શ્લાઘા કરી અને સર્વે મારા સાંભળતાં કહેવા લાગ્યા કે 'અહો! આટલી નાની વયમાં તમે આટલો બધો જ્ઞાનનો અભ્યાસ કર્યો અને જ્ઞાનને ગ્રહણ કર્યું! તમને ધન્ય છે, તમારો અવતાર સફળ છે વિગેરે વિગેરે.' મને આચાર્યપદની સ્થાપનાને પ્રસંગે લોકબંધુની[1] વસ્ત્ર, આભૂષણો અને માળાઓથી સારી રીતે પૂજા કરવામાં આવી અને વળી આખા સંઘની ભોજનથી તેમ જ વસ્ત્રાદિની પ્રભાવનાથી વિધિપૂર્વક પૂજા કરવામાં આવી.

ધીમે ધીમે મારી ખ્યાતિ એટલી બધી વધી ગઇ કે એ સર્વ દેવો, એ મહાભાગ મુનિઓ અને એ સજ્જન પુરૂષો મારા ગુણોથી અને ખાસ કરીને મારા જ્ઞાનમહિમાથી મારા તરફ વધારે વધારે આકર્ષણ પામતા ગયા, મને નમતા ગયા અને સર્વે મારા સેવક થઇ ગયા, તે ઉપરાંત અનેક મહાવિદ્વાન્ અંતેવાસીઓ (શિષ્યો) પણ સર્વે મારો વિનય કરવા લાગ્યા, મારા પોતાના ગચ્છના સાધુઓ તો શું પણ બીજા ગચ્છના મોટા ધુરંધર પંડિતો પણ મારી પાસે આવી રહ્યા-આવી રીતે મારી પ્રશંસા વધતી ચાલી, મારૂં કામ પણ વધતું જ ચાલ્યું.

ત્યાર પછી હું પણ નવાં નવાં જૂદાં જૂદાં ગામોમાં, શહેરોમાં અને રાજધાનીઓમાં વિહાર કરતો ચાલ્યો અને દરેક જગ્યાએ વિદ્વતાપૂર્ણ ઘણાં સુંદર વ્યાખ્યાનો આપતો રહ્યો, અનેક જગ્યાએ સભાઓને રંજન કરતો ચાલ્યો અને પ્રશંસાના ડંકા વગડાવતો રહ્યો.

---

૧ લોકબંધુઃ જિનેશ્વર મહારાજ.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મોટા મોટા વાદીઓના અખાડા રૂપ અટવીઓમાં મેં સામે આવતા કુતીર્થીઓના વાદી રૂપ મસ્ત હાથીઓનાં ટોળાંઓનાં કુંભસ્થળો મારી ભાષારૂપ અંકુશથી તોડી નાખ્યાં, ભાંગી નાખ્યાં, વિદારી નાખ્યાં અને જ્યારે સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રમાં રહેલા ઊંડા રહસ્યજ્ઞાનની મેં વાતો વિસ્તારથી કરવા માંડી-સમજાવવા માંડી ત્યારે મોટા મોટા સેનાપતિઓ સામંતો અને મહારાજાઓ પણ ઊંચા સ્વરે અત્યંત સુંદર શબ્દોમાં મારી કીર્તિ ગાવા મંડી ગયા, મારા યશની ધ્વજા ફરકાવવા લાગ્યા અને મારી આબરૂનો મહાન્ પડહો વગાડતા રહ્યા. તેઓ એટલી સારી રીતે અને એટલા મીઠા શબ્દોમાં મારી પ્રશંસા કરતા હતા કે તેનું વર્ણન કરવું ઘણું મુશ્કેલ છે. દાખલા તરીકે તેઓ બોલતા કે 'હે નાથ! ખરેખર તમે ધન્ય છો, નસીબદાર છો, તમારૂં જીવતર સફળ છે, તમે આ દુનિયા પર અવતાર લઇને પૃથ્વીને શોભાવી છે, દીપાવી છે, અલંકરી છે, તમે ખરેખર પરમ બ્રહ્મરૂપ છો, પૃથ્વીના શણગાર છો, ધર્મના દીપક છો, અપવાદ રહિત તમે સાચા સિંહ છો. આપનું સિંહ નામ યથાર્થ છે.' આવી રીતે અનેક તીર્થીઓ, વાદીઓ અને નાસ્તિકો પણ મારી સ્તુતિ કરતા રહ્યા, મને આસમાન પર ચઢાવતા ગયા અને માથાં ઝુકાવીને મારી સમક્ષ ખડા રહેતા ચાલ્યા. છેવટે સર્વે મારી સ્તુતિ તો કરતા પણ આખરે સેવાચાકરી પણ કરવા લાગ્યા અને પૂજા પણ કરવા લાગ્યા. આવી રીતે દિન પ્રતિદિન મારૂં કામ વધતું જ ચાલ્યું.

## ભવિતવ્યતાની ઉશ્કેરણી.

આવી રીતે આચાર્ય તરીકે સર્વ લોકમાં હું મોટો અગ્રેસર બની ગયો, સર્વમાં અત્યંત આકર્ષક બની ગયો અને સર્વે મને નમવા લાગ્યા તે વખતે એક ખાસ બનાવ મારા સંબંધમાં બન્યો તે બરાબર ધ્યાન દઇને ભદ્રે અગૃહિતસંકેતે! તું હવે સાંભળ: વાત એમ બની કે મારી આવી અદ્ભુત પ્રકારની ઋદ્ધિસિદ્ધિ જોઇને મારી પાપી ભાર્યા ભવિતવ્યતાને ઘણી અદેખાઇ થઇ આવી એ તો મારા ઉપર રૂષ્ટમાન થઇ ગઇ અને મને હેરાન કરવાનો ધંધો આદરી બેઠી. તેણે વિચાર કર્યો કે અગાઉ જ્યારે મહામોહરાયના લશ્કરીઓએ મારી સલાહ પૂછી હતી ત્યારે મેં તેમને જણાવ્યું હતું કે[1] 'તેઓએ હમણા થોડો વખત કાઢી નાખવો, અને રાહ જોવી-જ્યારે તેઓને યોગ્ય વખત આવશે ત્યારે તક જોઇને તેમને મારી તરફથી ખબર આપવામાં આવશે. તેઓ મારા ઉપર આધાર રાખીને તે વખતથી નરમ પડી ગયા છે. મને હવે એમ લાગે છે કે અત્યારે તેઓનો વખત બરાબર આવી લાગ્યો

૧ જુઓ પૃ. ૧૯૪૩-૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એ બિચારા મારી આશાએ પડી રહેલા છે, મારા વચન ઉપર વિશ્વાસ રાખીને ઘણા વખતથી ચૂપ બેસી રહ્યા છે, તો હવે તેમનો અવસર આવી પહોંચ્યો છે એમ મારે તેમને જણાવવું જોઇએ. જો હું એ પ્રમાણે કરીશ તો એ બાપડા પોતાની શક્તિ વાપરી જોર બતાવી સુખી થઇ જશે!

આ પ્રમાણે વિચાર કરીને ભવિતવ્યતાએ મહામોહના સૈન્યમાંથી પાપોદય વિગેરે સર્વને બોલાવ્યા અને તેમને અત્યારનો અવસર સાધવા યોગ્ય છે એમ વાત કરી. આવી રીતે મારૂં ઘર ફૂટ્યું અને ઘર ફૂટયે ઘર જાય એ પ્રસિદ્ધ વાત છે. પછી તો એ લુચ્ચી સ્ત્રીએ પોતાની શક્તિથી પેલા કર્મપરિણામ વિગેરે નિર્દોષ બંધુપણે મારે અનુકૂળ થઇ ગયા હતા તે સર્વેને પણ પોતાની શક્તિથી નિર્માલ્ય બનાવી દીધા, ચેષ્ટા વગરના મૂઢ જેવા બનાવી દીધા, ઘણા નરમ પાડી દીધા.

### પાપોદય લશ્કરને મોખરે.
### વિષયાભિલાષની સલાહ.
### કાર્ય દિશાનો ચોક્કસ નિર્ણય.

ત્યાર પછી તુરત જ મહામોહરાજાએ પોતાના સૈન્યના મોખરા ઉપર પાપોદયને રાખી ફરી વાર સૈન્યની રચના કરી અને આખું લશ્કર મારી સન્મુખ આવવા નીકળી પડ્યું. મારી સ્ત્રીની સલાહથી તેઓ મારી સન્મુખ આવવા નીકળ્યા તો ખરા, પણ તેઓને અગાઉ ઘણી આપદા પડી હતી તેથી તેમનાં મનમાંથી ભય ખસ્યો ન હોતો એટલે પોતાના વિજય માટે તેમનાં મનમાં ઘણી શંકાઓ થયા કરતી હતી. પછી જીત મેળવવાના વિચાર ઉપર તેઓ અંદર અંદર વિચારણા કરવા લાગ્યા, સલાહ મેળવવા લાગ્યા અને અભિપ્રાયની આપલે કરવા મંડી ગયા.

કેટલીક વાતચીત થઇ રહ્યા પછી મંત્રી વિષયાભિલાષ બોલ્યો: "ભાઇઓ! અત્યારનો અવસર જોઇને મને તો એમ લાગે છે કે આપણી કાર્યસિદ્ધિ કરવા માટે જ્ઞાનસંવરણરાજા પોતાની સાથે મિથ્યાદર્શનને લઇને તેની (સંસારીજીવની) નજીક જાય, પ્રથમ તે એને પડખે ચઢે, પછી [1]શૈલરાજ પોતાના [2]ગૌરવ નામના ત્રણે મનુષ્યો

---

[1] **શૈલરાજ:** અભિમાન. ચોથા પ્રસ્તાવનો પ્રસિદ્ધ પાત્ર.

[2] **ગૌરવ:** અભિમાનના પ્રકાર. ઋદ્ધિ, રસ અને શાતા આ ત્રણ તેના પ્રકાર છે. પોતાની ઋદ્ધિ માટે, ખાવાના પદાર્થો માટે અને સુખ તંદુરસ્તી માટે અભિમાન કરવું. અભિમાનના આઠ પ્રકાર પણ છે. જૂદાં જૂદાં દૃષ્ટિબિન્દુથી જૂદા પાડ્યા છે, બાકી મુદ્દો એક જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે એની વધારે નજીક જાય, ત્યાર પછી તુરત જ તેની પછવાડે આર્ત્તાશય અને રૌદ્રાભિસન્ધિ[1] નામના આપણા બન્ને પુરૂષોને મોકલી આપવા. એમની સાથે કૃષ્ણ નીલ અને કાપોત નામની લેશ્યા ગોત્રથી પ્રસિદ્ધ ત્રણે દાસીઓ તો જરૂર આપોઆપ જ જશે. આપણે સર્વેએ પ્રમત્તતા નદીના કાંઠા ઉપર પડાવ નાખવો. એ નદીને બરાબર કરીને એમાં પાણીનો પ્રવાહ જમાવવો, વહેવડાવવો અને આપણાં મંડપ વિગેરે ભાંગી ગયાં છે તેને પાછા (રિપેર કરીને) સમારવાં. આવી રીતે આપણું આખું લશ્કર નદી કાંઠે કેંપમાં રહેશે અને સર્વે પોતપોતાને યોગ્ય કામ સંભાળી લેશે તો વગર મહેનતે આપણો પ્રભાવ જામી જશે અને આપણો વિજય થશે એવો મારો મત છે."

મંત્રીનાં આવાં વચન મોહરાય અને આખી સભાને ધ્યાનમાં આવી ગયાં. સર્વેએ મંત્રીની સલાહને ટેકો આપ્યો, અનુમોદન આપ્યું અને તુરત જ તે પ્રમાણે અમલ કરવાનો આરંભ કરી દીધો.

## અભિમાન ગજારૂઢ.

સુંદરિ! એ સર્વ જ્યારે મારી બાજુમાં આવ્યા, મારી નજીક આવ્યા ત્યારે મારા સંબંધમાં શું બન્યું તે તું ધ્યાન રાખીને સાંભળ:—

મારૂં અત્યંત સન્માન થતું જોઇને તેમ જ મારી વધતી જતી પૂજા થતી જોઇને મારા મનમાં કલ્લોલો ઉઠવા લાગ્યા તે જાણવા જેવા છે. મારા મનમાં નીચે પ્રમાણે તુરંગો થવા માંડ્યા:—

અહંકારીના તુરંગો.

અહો! મારૂં તેજ જબરૂં છે! અને મારૂં ગૌરવ પણ ઘણું મોટું છે! અને જગતમાં મારા જેવી પંડિતાઇ ક્યાં છે! મારી વિદ્વત્તા અસાધારણ છે! અન્યત્ર એવી વિદ્વત્તા કોઇ જગ્યાએ છે જ નહિ! અને ખરેખર હું તો [2]યુગપ્રધાન જ છું! ભૂતકાળમાં મારા જેવા કોઇ પુરૂષો થયા હોય એમ જણાતું નથી અને ભવિષ્યમાં મારા જેવો જબરો કોઇ થાય એમ પણ લાગતું નથી! અરે સર્વે વિદ્યાઓ, સર્વે કળાઓ અને સર્વે અતિશયો બીજા ભુવનો (સ્થાનો–સ્વર્ગ મર્ત્યાદિ) છોડી દઇને

---

૧ **આર્ત્તાશય-રૌદ્રાભિસન્ધિ.** આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન. આ બન્ને દુર્ધ્યાન છે. સાંસારિક પદાર્થોને અંગે થતાં અજ્ઞાનજન્ય મનનાં પરિણામો છે, અતિ અનિષ્ટ છે. આર્ત્ત અને રૌદ્રધ્યાનનું સ્વરૂપ જૈન. દ. યોગમાં પૃ. ૧૩૧ થી ૧૩૮ માં લખેલ છે. આ સ્વરૂપ બહુ સારી રીતે વિચારવા યોગ્ય છે.

૨ **યુગપ્રધાનઃ** અત્યંત ઉચ્ચ ચારિત્રશાળી મુખ્ય પુરૂષ. તુરતમાં મોક્ષ જનાર પ્રતાપી. તત્કાળાપેક્ષયા મહા પુરૂષ. તે કાળે વર્તતા તમામ શ્રુતના પારંગામી હોય તે યુગપ્રધાન કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારામાં જ આવીને રહેલા છે, મારામાં જ ઘર કરી ગયેલા છે! અરે! પ્રથમ તો હું રાજા હતો, મનુષ્યોમાં શ્રેષ્ઠ હતો અને તે વખતે સુંદર રૂપવાળો હોઇને ભોગથી લાલિતપાલિત થતો હતો અને હવે આવો જબરો આચાર્ય થયો છું! ખરેખર! હું કાંઇ નાનોસૂનો માણુસ નથી. મારૂં કુળ મોટું છે! મારૂં તેજ મોટું છે! મારી લક્ષ્મી મોટી છે! મારૂં તપ મોટું છે! મારૂં જ્ઞાન મોટું છે! અને મારી બુદ્ધિ પણ મોટી છે! ખરેખર, મોટાનું સર્વ મોટું જ હોય છે!!!

**અધ:પાતની સંકળના.**

**જાણતા છતાં ભૂલ્યો.**
**સમજ્યો પણ ન સમજ્યો.**
**ભણેલું ભૂલતો ગયો.**

અહંકારપૂર્વક ઉપર પ્રમાણે મારા મનમાં વિકલ્પો ચાલતા થયા, મારા મનમાં ઉછાળા આવતા ગયા અને તુરંગો વધતા જ ગયા, તે વખતે શૈલરાજ વખત જોઇને પુલકિત થયો, ઉછળ્યો અને અનંતાનુબંધપૂર્વક બહાર આવ્યો.

હકીકત એમ છે કે જ્યાં અનંતાનુબંધી શૈલરાજ હોય ત્યાં મિથ્યાદર્શન તો અવશ્ય હોય જ છે અને વળી જ્ઞાનસંવરણરાજાને પણ એ શૈલરાજ સાથે વિલાસ કરવાનું બહુ જ ગમે છે, તેથી તે પણ શૈલરાજની ચોક્કસ મુલાકાત લીધા કરે છે. શૈલરાજ આવ્યા પછી એ બન્ને (મિથ્યાદર્શન અને જ્ઞાનસંવરણ) પણ મારી પાસે આવતા રહ્યા, મુલાકાત કરતા રહ્યા અને આખરે હું તેમને પણ વશ થયો, તેથી મારૂં મન મલીન થતું ગયું-થઇ ગયું અને તેથી શાસ્ત્રનો અંદરનો અર્થ જાણતો હોઉં છતાં તેનું રહસ્ય જાણે ન જ જાણતો હોઉં તેવો હું થઇ ગયો. શાસ્ત્રના પાઠોનાં પાઠો હું પોતે વાંચી જતો, ભણી જતો, બીજાને ભણાવતો અને તે પર વ્યાખ્યાન કરતો, છતાં પેલાં બેને (મિ. અને જ્ઞા.) વશ પડી જવાથી એનો ભાવાર્થ બરાબર જાણી શકતો નહિ. ઉપર ઉપરથી જ્ઞાન સરી જતું ગયું, આખરે ઉપરના સાહાચાર પૂર્વો હું ભૂલી ગયો, મારા જ્ઞાનમાંથી એ તો તદ્દન ચાલ્યા ગયા. માત્ર બાકીનું જ્ઞાન તદ્દન વિસરી ગયો ન હોતો.

**પ્રમત્તતાના પ્રવાહમાં.**

આ વખતે વળી એક બીજો ઘણો જ અસાધારણ બનાવ બન્યો. મારા દુશ્મનોએ એ વખતે મારી ચિત્તવૃત્તિમાં આવેલી પ્રમત્તતા નદીમાં મોટું પૂર આણ્યું. જેવું એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નદીમાં પૂર આવ્યું એટલે તેની અંદર પેલા ત્રણે ગૌરવ મનુષ્યો પોતાના વીર્યથી નાચવા લાગ્યા, ઉભરાવા લાગ્યા અને વિશેષ ઉછળવા લાગ્યા. તે આવી રીતેઃ—

**ઋદ્ધિગૌરવ.** અરે મારે આવડો મોટો શિષ્ય સમુદાય છે! મારે વસ્ત્ર પાત્રોની આવી સુંદર પ્રાપ્તિ છે! લોકો મારી પૂજા કરે છે! અરે! દેવતાઓ અને દાનવો મને વંદન કરે છે! મારી પાસે [1]અણિમા વિગેરે વિભૂતિઓ છે-આવા આવા અભિમાનમાં વળી વધારે સિદ્ધિઓ પ્રાપ્ત કરવાના વિચારો કરતો રહ્યો.

**રસગૌરવ.** વળી મને જે જે રસો (રસવાળા પદાર્થો) મળતા ગયા તેમાં મને ઘણો જ આનંદ થવા લાગ્યો, બહુ પ્રેમ થવા લાગ્યો, મારૂં જીવનસાફલ્ય તેમાં સમજવા લાગ્યો અને તેના ઉપર અત્યંત લોલુપતા થતાં મને જે રસો મળતાં નહિ તેને માટે મેં માગણીઓ પણ શરૂ કરી દીધી, તેની ઉપરના પ્રેમને લીધે મારો સાધુધર્મ મૂકી મેં તેની ભીક્ષા પણ માગવા માંડી.

**શાતાગૌરવ.** મને જ્યારે જ્યારે સુંદર શય્યા મળે ત્યારે તેમાં નિરાંતે ઉંઘ આવવા માંડી, સુંદર પોચાં નરમ આસનો મળે ત્યારે તે પર બેસવાનું મન થવા માંડ્યું, સુંદર ઝીણાં રેશમી વસ્ત્રો મળે તે પહેરવાનું મન થવા માંડ્યું, નવા નવા આહારના પદાર્થો ખાવાનો શોખ થવા લાગ્યો-એ વસ્તુઓને જોતાં મને સુખ થવા લાગ્યું, એ વસ્તુઓ મળતાં મને આનંદ થવા લાગ્યો અને ભવિષ્યમાં એવી વસ્તુઓ વધારે વધારે મેળવવાની ઇચ્છાઓ—અભિલાષાઓ થવા લાગી અને એ સર્વમાં રક્તતા—લોલુપતા વધતી જ ચાલી.

**શિથિળતા.** આવી રીતે પેલા ત્રણે મનુષ્યને હું બરાબર વશ પડી ગયો, તદ્દન તેને તાબે થઇ ગયો અને એના વિશેષ પરિચયથી પ્રથમ તો મેં ઉગ્ર વિહાર[2] કરવો બંધ કર્યો, મારામાં શિથિ-

---

૧ **અણિમાઃ** આઠ સિદ્ધિમાંની એક છે. એથી બહુ નાનું રૂપ ધારણ કરી શકાય છે.

૨ **ઉગ્ર વિહાર.** સાધુએ એક સ્થાને શેષકાળે એક માસ રહેવું જોઇએ, ચોમાસામાં ચાર માસ રહેવાનું ફરમાન છે. પ્રેમબંધન ન થઇ જાય તે સારૂ આવું ફરમાન છે. એવી રીતે ગામેગામ ઉપકાર કરવા ફરવાના કાર્યને **વિહાર** કહેવામાં આવે છે-તેમાં પણ ઘણી જગ્યા પર ફરે તે કાર્યને 'ઉગ્ર વિહાર' કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ળતા વધતી ચાલી. આવી રીતે ત્રણે ગૌરવોએ મારા મનને ઘણું હરણ કરી લીધું તે જ વખતે વળી **આર્ત્તાશય**[1] મિત્રે પણ બાકી ન રાખી. એણે વળી મારા મનમાં અનેક પ્રકારના દુષ્ટ સંકલ્પો કરાવ્યા, અનેક જાતના આગળ પાછળની બાબતમાં સાચા ખોટા ખ્યાલો કરાવ્યા અને નવા નવા બુટ્ટાઓ ઉઠાવ્યા. હજુ એટલું બાકી રહ્યું કે હું સાધુના વેશમાં હોવાથી તેની સાથે આવેલો બીજો પુરૂષ **રૌદ્રાભિસન્ધિ** મને બહુ નુકસાન કરનારો ન થયો, એ હાજર તો રહ્યો, પણ એ આર્ત્તાશયની બાજુએ પડી રહ્યો અને શું થાય છે તે તેણે માત્ર જોયા કર્યું. એ બન્ને પુરૂષોની સાથે[2] વળી ત્રણ દાસીઓ આવેલી હતી[3] તેઓ પણ પોતાના સ્વામીને તેના કામમાં ઘણી મદદ કરવા લાગી, તેને સારી રીતે વધારવા લાગી અને જેટલું બને તેટલું મારૂં દુ:શીળ (ખરાબ વર્તન) કરવા લાગી, મને અધમ માર્ગે ધકેલવા લાગી.

હવે આ બાજુએ ચિત્તવૃત્તિ અટવીમાં ચિત્તવિક્ષેપ મંડપને બાંધી લેવામાં આવ્યો, તેના ઉપર તૃષ્ણાવેદિકાને સજ્જ કરવામાં આવી અને તેના ઉપર વિપર્યાસ સિંહાસનને પણ બરાબર તૈયાર કરી દીધું. પેલા ચારિત્રધર્મરાજ વિગેરે રાજાઓ અને તેમનો આખો પરિવાર ચિત્તવૃત્તિમાં છૂપાઇ ગયા અને આખરે મારો વેશ તો સાધુનો રહ્યો પણ ખરેખરી રીતે હું મિથ્યાદૃષ્ટિ થઇ ગયો. આવી રીતે મારો અધ:પાત થતો ચાલ્યો.

JAINSITE.com જૈન સાઈટ નમો નાણસ્સ

---

૧ એ **આર્ત્તાશય** અને રૌદ્રાભિસન્ધિ પુરૂષો એ ગૌરવોની પછવાડે રહે એવી ગોઠવણ અગાઉ થઇ ગઇ છે. જુઓ પૃ. ૧૯૬૦.

૨ શિથિળતા આવી રીતે ક્રમસર આવતી જાય છે, પ્રથમ એક બાબત નરમ પડે, પછી તેનો બચાવ કરવા મન થાય, પછી તર્કવિતર્કો ચાલે, પછી ખોટા અધ્યવસાય થાય, પછી મન આહટ્ટદોહટ્ટમાં પડી જાય. કોઇ પણ પતીત થતા જીવને જોશું તો આ ક્રમ બરાબર જણાઇ આવશે. સાધુધર્મથી ભ્રષ્ટ થયા પછી પાત ઘણો આકરો થાય છે.

૩ એ ત્રણે દાસીઓ-પરિચારિકાઓ તે કૃષ્ણ નીલ કાપોત લેશ્યા છે. વિષયાભિલાષે તેની સંકળના પણ પૃ. ૧૯૬૦ માં હમણા જ કરી તે ધ્યાનમાં હશે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

# પ્રકરણ ૧૧ મું.

## રખડપાટો.

ગૌરવ, આર્તાશય અને ત્રણ ક્રુટ લેશ્યાઓના સમુચ્ચયકાર્યથી મારામાં શિથિળતા વધતી ચાલી, હું સાધુના વેષમાં રહી મિથ્યાદૃષ્ટિ થઇ ગયો અને દિવસાનુદિવસ મારામાં દુ:શીળ આવતું ગયું, મારો અધ:પાત થતો ગયો અને મારા ઉત્તમ મિત્રો અને શુભાકાંક્ષીઓ મારાથી વધારે વધારે દૂર જતા ચાલ્યા. તે વખતે મારા સંબંધમાં એક ઘણો ભયંકર બનાવ બન્યો. સુંદરી અગૃહીતસંકેતા! મારી વાતનો હવે લગભગ છેડો આવતો જાય છે. ટુંક વખતમાં વાત પૂરી થશે. આ બાકીનો વિભાગ તું જરા લક્ષ્ય દઇને સમજી લે.

जैन साईट
JAINSITE.com

**આયુષ્યરાજ અને ભવિતવ્યતાનો સંકેત.**
**ચારિત્રમાં શિથિળતા. મહા અધ:પાત.**

जैनम् जयति शासनम्

અગાઉ જણાવ્યું તેમ મારા આખા દુશ્મન વર્ગને હવે ઘણો અવકાશ મળી ગયો, તેઓ સર્વ એક સાથે જોરમાં આવી ગયા અને એક સાથે મારા સંબંધમાં પોતપોતાને યોગ્ય મારૂં દુશ્મનકાર્ય કરવા મંડી ગયા. તેઓ સર્વેએ એકઠા થઇને મારી સ્ત્રી ભવિતવ્યતા સાથે વિચાર કર્યો અને પછી તેને આયુષ્યરાજની પાસે સંદેશો આપીને મોકલી. આયુષ્યરાજ અને મારી ભાર્યા ભવિતવ્યતા વચ્ચે નીચે પ્રમાણે વાતચીતદ્વારા સંકેત થયો:–

**ભવિતવ્યતા**—"ભદ્ર! મારા નાથને હવે કોઇ સારે ઠેકાણે મોકલી આપો, એનાં જેવાં કર્મો કરે તેમને રહેવા યોગ્ય જે કોઇ સારૂં (?) સ્થાન હોય તે આને માટે મને બતાવી આપો."

**આયુષ્યરાજ**—"દેવી! એનું સ્થાન તો બતાવી આપેલું જ છે! તમે મને એમાં શું પૂછો છો? જુઓ. એ તમારા પતિના અત્યારના ચરિત્રથી નારાજ થઇને મહારાજા કર્મપરિણામ પણ હાલ તો મોહરાજાના પક્ષમાં જઇ બેઠા છે. વળી એ મહારાજે ઓછામાં પૂરૂં પેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાપોદય સેનાપતિને આગળ કર્યો છે. વળી એ મહારાજાએ મને (આયુષ્યને) એકાક્ષનિવાસ[1] નગરે સ્થાપન કર્યો છે અને પેલા **તીવ્રમોહોદય** સરસુબાને અને **અત્યંતઅબોધ** સેનાપતિને બોલાવ્યા છે. વળી એ મહારાજા કર્મપરિણામ હાલમાં કોઇ કારણથી સાત વેદનીય ઉપર ગુસ્સે થઇ ગયા છે તેથી તેનું સર્વસ્વ હરણ કરીને તેને તદ્દન નિર્માલ્ય બનાવી દીધો છે, એ કાંઇ પણ કરી ન શકે એવી ખરાબ હાલતમાં તેને મૂકી દીધો છે.[2] છેવટે એવો હુકમ નીકળ્યો છે કે આ **સંસારીજીવને** સાથે લઇને એના આખા પરિવાર સંગાતે આપણે બન્નેએ પેલા **તીવ્રમોહોદય** અને **અત્યંતઅબોધ** સાથે **એકાક્ષનિવાસ** નગરમાં જઇને વસવું. હાલ તુરતને માટે આ પ્રમાણે ઠરાવ થયો છે. અને ભગવતી! તમે કહો છો કે મારે પેલા જીવને (તમારા પતિને) વસવાનું સ્થાન બતાવવું! તો એમાં મારે બતાવવાનું શું છે? આપ પોતે એ હકીકત જાતે સારી રીતે જાણો છો!! મારા ઉપર ખાસ પ્રેમ લાવીને મારી પાસે એ વાત આપ બોલાવો છો! બાકી એમાં નવું અથવા નહિ જાણેલું તમારે માટે શું છે?"

**ભવિતવ્યતા**—"ભદ્ર આયુષ્ય! તારી વાત તો સાચી છે! જ્યાં તારે જવાનો નિયોગ થયો હોય ત્યાં મારે આર્યપુત્રની સાથે બધાઓને લઇને અવશ્ય વસવાનું જ છે; પરંતુ હજુ એમાં એક વાત છે તે ખાસ વિચારવાની છે. હજુ મારા આર્યપુત્ર [3]ત્રણ ભાગ જેટલો કાળ હાલ અહીં રહેશે. એટલો વખત પૂરો થઇ જશે એટલે પછી અમે સર્વે રમતમાત્રમાં ત્યાં (એકાક્ષનિવાસ નગરે) આવી પહોંચશું.

**આયુષ્યરાજ**—"ભગવતી! આપ જ આ સર્વ બાબત જાણો

---

૧ એના વર્ણન માટે જુઓ પ્રસ્તાવ. ૨ પ્રકરણ ૮ મું. પૃ. ૩૧૩ થી.

૨ આ સર્વ બાબત મારા (સંસારી) જીવને આશ્રયીને છે. અમુક રાજા આ જીવ પ્રત્યે કેવી રીતે વર્ત્યાં તેનું આ વર્ણન છે. પ્રત્યેક જીવનાં અંતરંગ રાજ્યો જૂદાં છે તે ખાસ લક્ષ્યમાં રાખવું. સામાન્ય રીતે ખટપટની નજરે જોઇએ તો રાજ્યક્રાન્તિ થવાની હોય ત્યારે આવી અનેક પ્રકારની ખટપટો થાય છે.

૩ આયુષ્યના જેટલાં વર્ષ હોય તેના ત્રણ ભાગ કરવા, તેમાંથી $\frac{2}{3}$ પસાર થયા પછી બાકીના છેવટના $\frac{1}{3}$ ભાગમાં આયુષ્યનો બંધ પડે છે. ૧૨૦ વર્ષનું આયુષ્ય હોય તો ૮૦ વર્ષની વય પછી અને બાકી રહેલાં ૪૦ વર્ષમાં આયુષ્યનો બંધ પડે છે. આયુષ્યનો બંધ પડે એટલે તે જવાની ગતિમાં જાય છે, ભવિતવ્યતા સર્વ પરિવારને લઇ પતિ સાથે આયુષ્ય પૂર્ણ થયે તે ગતિમાં જાય છે. નિયોગ માટે તન્નિયોગ દૂત આવી ગયો છે (જુઓ પૃ. ૩૦૨).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છો! એમાં મારા જેવાનાં તે શાં ગજાં? હવે તો સિંહ (હું પોતે-સંસારીજીવ) ત્યાં જવાને યોગ્ય થઇ જાય એવી સર્વ સામગ્રીઓ તૈયાર કરે એ વધારે સારૂં છે."

બ્હેન અગૃહીતસંકેતા! પછી તો એ સર્વે ઘણા બળવાન્ થયા, મારા ઉપર સર્વે પોતાની શક્તિ પૂરા જોસથી અજમાવવા લાગ્યા, મને પૂરતી રીતે પોતાના કાબુમાં લેવા લાગ્યા અને પરિણામે તેમણે મને મારા સાધુમાર્ગમાં ઘણો શિથિળ બનાવ્યો, બહુ રીતે ભ્રષ્ટ કરાવ્યો અને મને સુખમાં લંપટ કરી દીધો, પછી તો મને એવું થવા લાગ્યું કે જરા ગરમ પણ ન ગમે, જરા ઠંડું પણ ન ગમે, જરા બાધા પીડા પરીષહ થઇ જાય તો તે પણ ન ગમે અને સર્વ પ્રકારે સુખ કેમ મળે, સ્થૂળ આનંદ કેમ પ્રાપ્ત થાય, પૌદ્ગલિક રસોમાં કેમ આસક્ત થવાય એવા જ વિચારો આવવા લાગ્યા અને એવી રીતે સુખ મેળવવાની આશા અને ઇચ્છામાં મારો સાચો માર્ગ મેં તદ્દન છોડી દીધો અને હું ખોટે રસ્તે ચઢી ગયો.

जैन साईट JAINSITE .com जनम् जयति शासनम्

## એકાક્ષનિવાસે. પંચાક્ષપશુસંસ્થાને. વિબુધાલયે. માનવાવાસે.

આવી રીતે મારો જીવનક્રમ બદલાઇ ગયો, મારો માર્ગ પલટાઇ ગયો, મારો રસ્તો ફરી ગયો. સાધુજીવનના આખર ભાગમાં મેં વિધાનો (rituals) પણ છોડી દીધાં, મારી ચેતના પણ લગભગ મૂઢ થઇ ગઇ, મને શરીરે અનેક પ્રકારના વ્યાધિઓ અને દોષો થઇ આવ્યા અને એવી બાહ્ય તેમજ આંતરિક તુચ્છ દશામાં મારા આત્માને તો હું તદ્દન લક્ષ્યમાંથી વિસરી જ ગયો. આવી અવસ્થામાં મને આપવામાં આવેલી ગોળી જીર્ણ થઇ ગઇ. * *

**એકાક્ષ નિવાસના પાડાઓમાં.**

તુરત જ મને નવી ગોળી આપવામાં આવી તેનો સ્વાદ લેતો હું એકાક્ષનિવાસ નગરે ગયો[1]! ત્યાં અગાઉ જણાવેલ પ્રાસાદ અને ઓરડાવાળા વનસ્પતિ નામના પાડામાં મને સ્થાપન કરવામાં આવ્યો. નવી નવી ગોળીઓ ખાતાં ત્યાં કેટલોક કાળ રહ્યો. ત્યાર પછી મને વળી

---

૧ પાત થાય છે ત્યારે કેવો જબરો થાય છે તે વિચારશો. આમાં અતિશયોક્તિ નથી. અગીઆરમે ગુણસ્થાનકેથી પડનારામાંના ઘણાખરા ચોથે પણ રહી શકતા નથી, તદ્દન પહેલે જ આવી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ જ નગરના જૂદા જૂદા [1]પાડાઓમાં લઇ જવામાં આવ્યો અને એવી રીતે ત્યાં મને સારી રીતે રખડાવવામાં આવ્યો.

*　　　*　　　*

પંચાક્ષપશુ-સંસ્થાનમાં.

ત્યાર પછી મને પંચાક્ષપશુસંસ્થાનમાં લઇ જવામાં આવ્યો. ત્યાં મને કાંઇક વિશુદ્ધ ભાવના થઇ તેથી મારી સ્થિતિમાં સહજ ફેરફાર થયો અને મને સુખ મેળવવાની લાલસા પૂર્ણ થાય તેવી રીતે આગળ ચલાવવામાં આવ્યો.

*　　　*　　　*

વિબુધાલયે.

વિબુધાલયમાં ગયા પછી વળી કેટલીક વાર પંચાક્ષપશુસંસ્થાને જઇ આવ્યો અને ત્યાંથી વિબુધાલયમાં ગયો. એમ એ બન્ને નગરોમાં અવારનવાર મારો આવરો જાવરો થતો રહ્યો. એ પંચાક્ષપશુસંસ્થાનમાંથી અનેક વાર હું વ્યંતર વિગેરે દાનવ જાતિમાં જઇ આવ્યો અને વળી પાછો પંચાક્ષપશુસંસ્થાનમાં આવ્યો. એક વાર વ્યંતર થાઉં અને વળી નવી ગોળી મળતાં પશુ થાઉં-એમ એ બન્ને પાડાઓમાં ઘણું ફર્યો. મારી સ્ત્રીના સહયોગમાં આવી રીતે ઘણું રખડ્યો. એનું કારણ એમ બન્યું કે કોઇ પ્રસંગ પ્રાપ્ત થતાં મને એક વાર અકામનિર્જરા થઇ આવે. વગર ઇચ્છાએ વગર ઇરાદાએ કષ્ટો સહન કરતાં પાપો ખરી જવાના પ્રસંગો બને તેને અકામનિર્જરા કહેવામાં આવે છે. એ અકામનિર્જરાના પ્રતાપે કાંઇક શુભ ભાવના થાય અને શુભ ભાવનાના બળે હું વ્યંતર જાતિનો દેવતા થાઉં. આવી રીતે એ બન્ને સ્થાનો વચ્ચે અવારનવાર ફરતો જ રહ્યો.

વળી કેટલીક વાર કાંઇ ખાસ વિશેષ સારા ભાવ થઇ આવવાથી સૌધર્મ વિગેરે દેવલોકે જઇ આવ્યો. એક વાર દેવ થાઉં અને એક વાર પંચાક્ષપશુસંસ્થાને આવી જાઉં એમ વારા ફરતી થતું ચાલ્યું. એ બાર દેવલોકના દેવો કલ્પોપન્ન કહેવાય છે, જિનજન્માદિ કલ્યાણકઅવસરે મોટો ઉત્સવ કરે છે. એ ગમનાગમનમાં મને ગૃહિધર્મ અને સમ્યગ્દર્શન મિત્રોનો પાછો યોગ થયો, તેમના સંબંધથી પૂર્વ પ્રેમ યાદ કરી મેં દર્શન ચારિત્રમાં સારી રમણતા કરી તેથી બાર દેવલોકમાંથી આઠ સુધી હું જઇ આવ્યો.

*　　　*　　　*

---

૧ વર્ણન માટે જુઓ પ્રસ્તાવ બીજો પ્રકરણ ૮ મું. (પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુમાં).

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

માનવાવાસે.

ત્યાર પછી હે સુલોચના! હું અનેક વખત માનવાવાસમાં જઇ આવ્યો: ત્યાં કર્મભૂમિમાં અકર્મભૂમિમાં અને અંતરદ્વીપમાં મનુષ્ય થઇ આવ્યો અને ત્યાં નરાકાર ધારણ કરીને હું ઘણો કાળ રહ્યો. તેમાં અકર્મભૂમિમાં ગયો ત્યાં મરજી પ્રમાણે આનંદથી કોઇક વાર એક પલ્યોપમ રહ્યો, કોઇ વાર બે પલ્યોપમ રહ્યો અને કોઇ વાર ત્રણ પલ્યોપમ પણ રહ્યો અને વળી કલ્પવૃક્ષથી મનોવાંછના પૂરી કરી મજા કરી. ત્યાં આગળ જેટલાં પલ્યોપમનું આયુષ્ય તેટલા જ કોસનું[1] મોટું શરીર પણ મેળવ્યું અને વળી અનેક પ્રકારના ભોગો ભોગવી મજા કરી. ત્યાં સુખે આહાર કર્યો, અને આશય ઇરાદામાં વિશુદ્ધતા પણ આણી. એ [2]માનવાવાસમાં મેં

---

૧ કોસઃ મૂળમાં ગવ્યુત શબ્દ વાપર્યો છે. કોસ અથવા ગવ્યુત એટલે આઠ હજાર હાથ. અકર્મભૂમિનાં શરીરો મોટાં હોય છે. નીચેની નોટ જુઓ.

૨ માનવાવાસઃ મનુષ્યના મુખ્ય ત્રણ ભેદ છેઃ કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતરદ્વીપભૂમિજ. જ્યાં વ્યાપાર ખેતી નામાં ધંધો હોય તેને કર્મભૂમિ કહેવામાં આવે છે. જંબુદ્વીપમાં ભરત, ઐરવત અને મહાવિદેહ નામે ત્રણ કર્મભૂમિઓ છે, ધાતકીખંડમાં બે બે ભરત ઐરવત મહાવિદેહ છે, પુષ્કરાર્ધમાં પણ બે બે છે; એટલે કુલ પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ મળી પંદર કર્મભૂમિઓ થઇ. એ પંદર કર્મભૂમિમાં અસિ મસિ કૃષિનો ઉપયોગ થાય છે અને તેમાં ઉત્પન્ન થનાર મનુષ્યો કર્મભૂમિજ કહેવાય છે.

જંબુદ્વીપના મધ્યમાં મેરૂપર્વત છે, તેની દક્ષિણે ભરતક્ષેત્ર છે જેમાં આપણે રહીએ છીએ. એને ઉત્તરને છેડે હેમવંત નામનો પર્વત છે, તેની ઉત્તરે હેમવંત નામનું યુગળીઆનું ક્ષેત્ર છે, તેવી જ રીતે સામે ઐરવતને દક્ષિણ છેડે શિખરી નામનો પર્વત છે તેની દક્ષિણે હિરણ્યવંત નામનું યુગળીઆનું ક્ષેત્ર છે. એ બન્ને ક્ષેત્રમાં યુગળીઆ રહે છે, કલ્પવૃક્ષ તેમની ઇચ્છા પૂરી પાડે છે, એક કોસનું તેમનું શરીર હોય છે અને એક પલ્યોપમનું આયુષ્ય હોય છે. અવસર્પિણીના ત્રીજા આરાના ભાવ ત્યાં સદા વર્તે છે. આ બે અકર્મભૂમિ થઇ. હેમવંતક્ષેત્રની ઉત્તરે મહાહિમવંતપર્વત છે તેની ઉત્તરે હરિવર્ષ નામનું ક્ષેત્ર છે, તેમજ હિરણ્યવંત ક્ષેત્રની દક્ષિણે રૂપી નામનો પર્વત છે તેની દક્ષિણે રમ્યક નામનું યુગળીઆનું ક્ષેત્ર છે. આ બન્ને ક્ષેત્રમાં યુગળીઆ રહે છે, કલ્પવૃક્ષ પર જીવન ગાળે છે, બે કોસનું શરીર, બે પલ્યોપમનું આયુષ્ય અને ત્યાં અવસર્પિણીના બીજા આરાના ભાવ વર્તે છે. આ બીજી બે અકર્મભૂમિ થઇ. એ હરિવર્ષક્ષેત્રની ઉત્તરે નિષધ નામનો પર્વત છે તેની ઉત્તરે દેવકુરૂ નામનું યુગળીઆનું ક્ષેત્ર છે, તેમજ ઐરવતની બાજુએ રમ્યક ક્ષેત્ર ઉપર બતાવ્યું તેની દક્ષિણે નીલવંત નામનો પર્વત છે તેની દક્ષિણે ઉત્તરકુરૂ નામનું યુગલિક ક્ષેત્ર છે. આ બન્ને ક્ષેત્રમાં યુગળીઆ

[ ચાલુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુ મજા કરી. ત્યાર પછી જ્યારે મારી ગોળી પૂરી થઇ ત્યારે વળી મને નવી ગોળી આપવામાં આવી અને અગાઉની વિધિપ્રમાણે હું વિબુધાલયમાં જઇ આવ્યો. વળી ત્યાર પછી અનેક વાર અંતરદ્વીપોમાં જઇ આવ્યો અને પાછો વિબુધાલયમાં જઇ આવ્યો.[1] અંતરદ્વીપમાં મારૂં અસંખ્ય વર્ષોનું આયુષ્ય થયું અને આવી રીતે મારૂં કામ ચાલતું જ રહ્યું. કર્મભૂમિમાં જ્યારે હું હતો ત્યારે મેં જળમાં અને અગ્નિમાં ઝંપાપાત કર્યા, મોટા પર્વત ઉપરથી ઝંપાપાત કર્યો અને ઝેર ખાધું, મારી ચારે તરફ અગ્નિની આતાપના અને માથે સૂર્યની આતાપના લીધી (પંચાગ્નિ તપ કર્યો) અને દોરડા સાથે ઉંધે માથે લટક્યો—આવાં આવાં હઠયોગનાં અનેક કર્મો ધર્મબુદ્ધિથી કે બીજી બુદ્ધિથી મેં કર્યાં પણ તે સર્વમાં મારો ભાવ શુદ્ધ હતો તેથી વળી હું વિબુધાલયમાં તો ગયો

અજ્ઞાન કર્મો.

---

રહે છે, કલ્પવૃક્ષ તેમની ઇચ્છા પૂરી પાડે છે, ત્રણ કોસનું શરીર, ત્રણ પલ્યોપમનું આયુષ્ય અને અવસર્પિણીના પ્રથમ આરાના ભાવ વર્તે છે. આવી રીતે હેમવંત, હિરણ્યવંત, હરિવર્ષ, રમ્યક, દેવકુરૂ અને ઉત્તરકુરૂ એ છ **અકર્મભૂમિઓ** જંબુદ્વીપમાં આવી. ત્યાર પછી ધાતકી ખંડ અને પુષ્કર અર્ધદ્વીપમાં બે બે મેરૂ બે બે ભરત ઐરવત છે, બે બે મહાવિદેહ છે અને તેમની જ ગણતરીએ બાર બાર અકર્મભૂમિઓ છે, આવી રીતે કુલ **ત્રીશ અકર્મભૂમિ** થાય છે. ત્યાંના જીવોને તદ્દન સુખ જ હોય છે, વ્યવસાય નથી, જીવો ભદ્રક હોય છે અને આનંદ કરતા રહે છે, મોટું પુણ્ય પણ બાંધી શકતા નથી અને પાપવ્યાપાર પણ કરતા નથી.

જંબુદ્વીપના ભરતક્ષેત્રની ઉત્તરે હેમવંત પર્વત છે તે પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર સુધી લંબાય છે. સમુદ્રમાં તેની બે બે દાઢાઓ બન્ને દિશાએ નીકળે છે, પ્રત્યેક દાઢામાં સાત સાત અંતરદ્વીપો છે. ચાર દાઢામાં મળી ૨૮ દ્વીપ થયાં. તેમાં યુગળીઆ રહે છે, એકાંતરે આહાર કરે છે, આઠસો ધનુષ્યની તેમની ઊંચાઇ હોય છે અને પલ્યોપમના અસંખ્યતમા ભાગે (અસંખ્ય વર્ષનું) આયુષ્ય હોય છે. તેવી જ રીતે જંબુદ્વીપના ઐરવતક્ષેત્રની દક્ષિણે શિખરીપર્વતની ચાર દાઢાઓ લવણસમુદ્રમાં જાય છે તે પ્રત્યેકમાં સાત સાત ક્ષેત્ર ઉપર વર્ણવ્યાં તેવાં જ હોય છે અને તેમાં પણ યુગળીઆ રહે છે. એ **છપ્પન અંતરદ્વીપ** છે. કર્મભૂમિના, અકર્મભૂમિના અને અંતરદ્વીપના મનુષ્યો સર્વ માનવાવાસમાં આવીને રહેલા છે.

૧ **ગમનાગમનઃ** એકની એક ગતિમાં ફરી વાર આવવાનો નિયમ એવો છે કે પંચેંદ્રિય તિર્યંચ (પંચાક્ષપશુસંસ્થાનવાળા જીવો) ફરી ફરીને સાત કે આઠ ભવ તે જ ગતિમાં કરી શકે છે, પછી અન્ય ગતિમાં જરૂર એક વાર જઇ આવે છે, તેવી જ રીતે મનુષ્ય પણ મનુષ્ય તરીકે સાત કે આઠ વાર થાય છે. જુગળીઆ તો મરીને દેવગતિમાં જ જાય છે. નારકી અને દેવો મરીને નારક કે દેવ થતા નથી. અન્યત્ર એક ભવ કરી પછી નારક કે દેવ થઇ શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ત્યાં કિલ્બિષિક દેવતા[1] થયો અને વળી મનુષ્ય થઇને વ્યંતરના પાડામાં પણ જઇ આવ્યો. ત્યાર પછી વળી મનુજગતિમાં ઘોર બાળ તપ ( અજ્ઞાન તપ ) કર્યાં પણ મનમાં ક્રોધનો ધમધમાટ બહુ આવવાથી તેમ જ તપનો ગૌરવ પણ બહુ જ રહ્યો તેથી ભુવનપતિમાં જઇ આવ્યો. આવી રીતે દેવગતિની અધમ જાતિઓમાં રખડ્યા કર્યાં. વળી પાછા મેં અજ્ઞાનપૂર્વક તાપસનાં વ્રતો લીધાં, ત્યાંથી જ્યોતિષ્ દેવોમાં અનેક વાર ફરી આવ્યો—આવી રીતે મારી ભાર્યા અનેક વાર નીચા પ્રકારના દેવોમાં લઇ ગઇ. એક વાર માનવાવાસમાં લઇ આવે અને પાછી દેવગતિમાં લઇ જાય. એમ કરતાં જૈની (દ્રવ્ય) દીક્ષા પણ લીધી, તપથી દેહ ને તપવા પણ માંડ્યો અને ક્રિયાની ધમાલ પણ કરવા માંડી અને ધ્યાનના અભ્યાસમાં પણ પડ્યો, પરંતુ હું અંદરથી હજુ તદ્દન મૂઢ હોવાથી સમ્યગ્દર્શનથી રહિત જ રહ્યો અને સર્વજ્ઞમહારાજે ભાષેલા એક પદ ઉપર વાક્ય ઉપર કે અક્ષર ઉપર ખરી શ્રદ્ધા રાખતો નહિ, એના ઉપર પ્રતીતિ રાખતો નહિ અને એમાં મનને પરોવતો નહિ. ભદ્રે ! અગૃહીતસંકેતે ! દ્રવ્ય દીક્ષાને પરિણામે હું અનેક વાર નવ ગ્રૈવેયકે પણ જઇ આવ્યો અને વળી વચ્ચે વચ્ચે માનવાવાસમાં પણ આવતો રહ્યો. સુંદરિ ! મારે આટલા બધા રખડપાટા શા માટે કરવા પડ્યા તેનું મુદ્દામ કારણ છે તે પણ તને કહી દઉં, કારણ કે હવે મારી વાતનો છેડો આવે છે. એનું કારણ એ છે કે 'સિંહ' નામથી જ્યારે હું આચાર્ય થયો હતો તે વખતે હમણા જ મેં તને જણાવી તેવી શિથિળતા કરી હતી તેને લઇને મારો આવડો મોટો રખડપાટો થયો. જો તે વખતે જ મારી ચિત્તવૃત્તિને નિર્મળ કરીને અને શત્રુવર્ગનો નાશ કરીને પ્રગત થયો હોત તો રાજ્ય પર બેસી જાત અને અત્યાર પહેલાં ક્યારનોએ નિર્વૃતિનગરીમાં પહોંચી ગયો હોત; પરંતુ મારૂં ભ્રમણ થઇ ગયું, મારો આવડો મોટો રખડપાટો થયો તે મારી પોતાની દુષ્ટ ચેષ્ટાનું જ પરિણામ હતું એમાં બીજું કોઇ કારણ નથી, બીજા કોઇનો વાંક નથી."""

દ્રવ્ય દીક્ષા.

ભ્રમણ કારણ.

---

૧ કિલ્બિષિક દેવઃ પ્રથમ અને બીજા દેવલોકની નીચે ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ત્રીજા અને ચોથા દેવલોકની નીચે ત્રણ સાગરોપમના આયુષ્યવાળા અને પાંચમા અને છઠ્ઠા દેવલોકની નીચે તેર સાગરોપમના આયુષ્યવાળા અધમ દેવો હોય છે, દેવલોકમાં ચંડાળ જેવા ગણાય છે, હલકા દેવો ગણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]આ પ્રમાણે હકીકત કહીને સંસારીજીવ અટક્યો.

**આજ્ઞાવિરાધન અને શ્રુતાદિમહફળદર્શન અત્ર કરાવ્યું.**

*    *    *    *

*    *    *

*    *

**સંસારીજીવ કથા સંપૂર્ણ.**

---

૧ બીજા **પ્રસ્તાવના** સાતમા પ્રકરણમાં (પૃ. ૩૦૦ થી) **સંસારીજીવે** પોતાની વાર્તા **સદાગમ** ગુરૂ સમક્ષ **અગૃહીતસંકેતા** અને **પ્રજ્ઞાવિશાળા**ની હાજરીમાં **ભવ્યપુરૂષ** સાંભળે તેમ કહેવા માંડી હતી તે અત્ર પૂરી થઇ. હવે વાતોનો મેળ મેળવશે, શંકાનું સમાધાન કરશે અને પાત્રોની ઓળખાણ કરાવશે. વાર્તા તાજી કરવા બીજા પ્રસ્તાવનાં ૩ થી ૬ પ્રકરણો જરા તાજાં કરી જવા વિજ્ઞપ્તિ છે. એમ કરવાથી હવે પછીની વાત બરાબર લક્ષ્યમાં આવશે.

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

# પ્રકરણ ૧૨ મું.

## અનુસુંદર.

### સર્વ સંમીલન અને આત્મહિત વિધાન.
### તસ્કરાકાર ધારણનું કારણ દર્શન.
### ઉત્થાન. પ્રગતિ. ઇષ્ટ સિદ્ધિની શરૂઆત.

અગૃહીતસંકેતા આખી વાત બરાબર સાંભળી રહી, સંસારીજીવની પ્રગતિ વિકાસ અને અધઃપાતના પ્રસંગો સમજતી ગઇ અને સિંહાચાર્ય થયા પછી ઉન્નતિના શિખર પરથી છેક નીચે આવી પડેલ પ્રાણી રગદોળાતાં તેના રખડપાટાઓ સાંભળ્યાં વિચાર્યાં. છેવટે સંસારભ્રમણનાં કારણમાં સંસારીજીવે પોતે સાધુધર્મમાં કરેલી શિથિળતા દર્શાવી એ સર્વ હકીકત સાંભળી લક્ષ્યમાં લીધી. એ સંબંધમાં પોતાનો અભિપ્રાય બતાવતાં છેવટે તેણે (અગૃહીસંકેતાએ) જણાવ્યું:—

**સંકેતદર્શન-આજ્ઞાવિરાધન**

"ભાઇ સંસારીજીવ! તેં હમણા જણાવ્યું કે તારા રખડપાટાનું કારણ તારી પોતાની દુષ્ટ ચેષ્ટાઓ—ખરાબ વર્તનો જ છે તે સંબંધમાં મારા વિચાર શા છે તે તું સાંભળ. મને એમ લાગે છે કે તારા રખડપાટાનું તે એકલું જ કારણ નથી. મને એમ જણાય છે કે મહારાજાધિરાજ સુસ્થિતરાજની આજ્ઞાને સ્થિર આશય રાખીને પાળી હોત, તેમના હુકમ પ્રમાણે વર્ત્યો હોત તો તને આવી અનર્થપરંપરા ન થાત. તને થયેલાં દુઃખો અને પડેલી આપત્તિઓ જાતે જ ઘણી ભયંકર છે અને સાંભળતા પણ ઘણો ત્રાસ ઉપજાવે તેવી છે. તેં જો એ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તન કર્યું હોત તો તારે ભ્રમણ કરવાનો વખત આવત નહિ. તેટલા માટે તારા રખડપાટાના હેતુમાં તારા પોતાનાં વર્તન (કર્મો) ઉપરાંત આજ્ઞાવિરાધનનું કારણ પણ મને તો પ્રબળ જણાય છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવો સુંદર વિચાર સાંભળી સંસારીજીવ ચકિત થઇ ગયો, તેને અગૃહીતસંકેતા માટે માન થઇ આવ્યું અને તે વાત સ્પષ્ટ કરતાં તેણે જણાવ્યું "બહેન અગૃહીતસંકેતા! તેં બહુ સારી અને સાચી તેમ જ મુદ્દાસરની વાત કરી, અત્યાર સુધી તારૂં નામ અગૃહીતસંકેતા કહેવામાં આવતું હતું, તને વાતની અંદરનો ઊંડો ભેદ (સંકેત) જણાયો નથી એમ લાગતું હતું, તું રહસ્ય ગ્રહણ કરી શકી નથી એમ દેખાતું હતું, પણ હવે તારી આ છેલ્લી વાત પરથી તો તું નામમાત્રથી અગૃહીતસંકેતા છે પરંતુ ભાવથી-તત્ત્વથી તું વિચક્ષણા છે અર્થાત્ કાબેલ (હુશિયાર) થઇ ગઇ છે એમ ચોખ્ખું જણાઇ આવે છે. હવે હું આવો ચોરનો આકાર ધારણ કરનારો કયા હેતુને લઇને થયો તે અંદરનો હેતુ પણ તને વિસ્તારથી કહી દેવા માગું છું, તેથી તને મારી પોતાની વર્તમાન સ્થિતિનો ખ્યાલ આવશે. તો મારી અત્યારની અવસ્થા સંબંધી હકીકત હવે સાંભળી લે."

## અનુસુંદર પરિચય.

**મહાવિદેહ બજારમાં.**
**સુકચ્છવિજય-ક્ષેમપુરી.**
**અનુસુંદર જન્મ. ચક્રવર્તી.**

અગૃહીતસંકેતાને તો એ હકીકત જાણવાનું ખાસ કુતૂહળ જ હતું તેમાં એ બાબતની દરખાસ્ત જ જ્યારે સંસારીજીવે કરી એટલે તે તો બહુ રાજી થઇ ગઇ અને જણાવ્યું કે "જરૂર મને એ વાર્તા વિગતવાર જણાવ."

અગૃહીતસંકેતાની ઇચ્છા જાણી સંસારીજીવે વાત કરવા માંડી:[1]—

"છેલ્લા નવમા ગ્રૈવેયકથી મારી સ્ત્રી ભવિતવ્યતા મને ઉપાડીને મનુજગતિ નગરીમાં આવી રહેલી ક્ષેમપુરી નામની નગરીમાં લઇ આવી. સુંદરી! તને યાદ હશે કે મનુજગતિમાં આવી રહેલો આ મહાવિદેહ રૂપ બજાર ઘણો મોટો છે, અતિ વિસ્તારવાળો છે અને બહુ સુંદર છે. તેમાં

ક્ષેમપુરી.

1 અહીં હકીકત કહેવા માંડી છે તે પ્રકરણ પંદરમાના અંત સુધી ચાલશે. આ ચારે પ્રકરણો તસ્કર (ચોર)નો આકાર ધારણ કરવાનું કારણ બતાવે છે. અહીંથી શરૂ થતો ભાગ હવે સર્વ બાબતનો મેળ મેળવે છે, બધા પાત્રોને સ્પષ્ટ બતાવે છે, છેવટે તેમની પ્રગતિ અને મોક્ષ પ્રાપ્તિ બતાવે છે. શરૂઆતમાં પૃ. ૧૦ માં જણાવ્યું હતું કે સર્વનો મેળ આઠમા પ્રસ્તાવમાં મળશે તે પ્રસંગ હવે શરૂ થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક નાની મોટી દુકાનો હારબંધ આવી રહેલી છે, એ બજારમાં વચ્ચે વચ્ચે નાનાં મોટાં સુંદર નગરો છે તે પણ તું જાણે છે. એ બજારમાં બરાબર વચ્ચેના ભાગમાં **ક્ષેમપુરી** છે. એના સ્થાનકને **સુકચ્છવિજય**[1] એવું નામ આપવામાં આવેલું છે. આપણે અત્યારે એ સુકચ્છવિજયમાં બેઠેલા છીએ, તું પણ એ જ સુકચ્છવિજયમાં છે અને મનોહર ક્ષેમપુરી પણ એ વિજયમાં જ આવી રહેલી છે.

અવતરણ. એ ક્ષેમપુરીમાં શત્રુરૂપ અંધકારનો નાશ કરનાર અને તેજના ભંડાર સૂર્ય સમાન યુગંધર નામનો રાજા રાજ્ય કરતો હતો, મહા પ્રતાપવાળો હતો, દીવ્ય કાંતિવાળો હતો, કીર્તિવાળો હતો. એ રાજાની અત્યંત વહાલી **નલિની** નામની પ્રસિદ્ધ પટ્ટરાણી હતી, રાજાના દર્શનમાત્રથી એનું મુખકમળ વિકાસ પામતું હતું, જાતે બહુ ભલી શાંત સુશીલ અને નમ્ર હતી, સૂર્યના દેખવાથી કમલિની જે ભાવ ધારણ કરે તેને અનુસરનારી હતી, બહેન અગૃહીતસંકેતા ! મારી સ્ત્રીએ મારી સાથે પુણ્યોદયને જોડીને મને એ નલિની રાણીની કુખમાં મૂક્યો.

સ્વપ્ન ફળ. જે રાત્રીએ હું એ રાણીની કુખમાં આવ્યો તે જ રાત્રીએ સુખશય્યામાં સુતાં સુતાં રાણીએ ચૌદ મહા સ્વપ્ન[2] જોયાં. એ ચૌદ સ્વપ્ન જોઇને રાણી જાગ્યા અને અત્યંત આનંદપૂર્વક એ સ્વપ્નસંબંધી હકીકત તેમણે પોતાના પતિ રાજા યુગંધરને કહી સંભળાવી. યુગંધર રાજાએ ધ્યાન રાખીને શાંત ચિત્તે બધી હકીકત સાંભળી પછી દેવીને જણાવ્યું કે 'દેવી! તમને સ્વપ્ન ઘણાં સારાં આવ્યાં છે. એનાં ફળ તરીકે એક કુળદીપક પુત્ર

---

૧ **વિજયઃ** મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિભાગ છે તેને 'વિજય' કહેવામાં આવે છે. સુકચ્છ એક વિજયનું નામ છે. મહાવિદેહમાં સર્વદા અવસર્પિણીના ચોથા આરાના ભાવો વર્ત્યા કરે છે. પાંચે મહાવિદેહમાં થઇ જઘન્ય કાળે વીશ અને ઉત્કૃષ્ટ કાળે ૧૬૦ તીર્થંકરો વિચારતા હોય છે. આ સુકચ્છવિજય જંબૂદ્વીપના મહાવિદેહનો છે કે અન્યનો તેની સ્પષ્ટતા કરી નથી.

૨ **સ્વપ્નઃ** સ્વપ્ન પર આખાં શાસ્ત્રો છે. એના વખત અને બીજી વિધિ પર ફળાદેશ બતાવેલ છે. આ ચૌદ મહા સ્વપ્ન ગણાય છેઃ ૧ ગજ. ૨ વૃષભ. ૩ સિંહ. ૪ લક્ષ્મી. ૫ પુષ્પમાળા. ૬ ચંદ્ર. ૭ સૂર્ય. ૮ મહાધ્વજ. ૯ કળશ. ૧૦ પદ્મસરોવર. ૧૧ રત્નાકર. ૧૨ વિમાન. ૧૩ રત્નનો પુંજ. ૧૪ નિર્ધૂમ અગ્નિ. આ ચૌદ સ્વપ્ન ચક્રવર્તી અથવા તીર્થંકરની માતાઓ જુએ છે. એ સ્વપ્ન અત્યંત પવિત્ર ગણાય છે અને બહુ શુભસૂચક છે. સ્વપ્નસંબંધી ઘણી હકીકત કલ્પસૂત્રમાં આવે છે તે જુઓ. એનો વધારે વિસ્તાર આદીશ્વર ચરિત્રના દ્વિતીય સર્ગમાં છે. જુઓ શ્લોક ૨૦૭-૨૨૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થશે, એ દેવ અને દાનવને પૂજનીક થશે અને મોટો ચક્રવર્તી થશે.' નલિની રાણી આ હકીકત સાંભળીને બહુ રાજી થયા, પતિનાં મીઠાં વચન સાંભળી તેનાં નેત્રો પુલકીત થયાં અને તે વાતને સ્વીકારી ગર્ભનું પ્રેમથી પોષણ કરવા લાગ્યા. સંપૂર્ણ સમય થતાં માતાએ મને પુણ્યોદય સાથે જન્મ આપ્યો, મારો સુંદર આકાર જોઇને એ ઘણી રાજી થઇ અને તેના મનમાં ઘણો આનંદ વ્યાપી ગયો.

વધામણી.

**પ્રિયંકરી** નામની દાસી તુરત જ મારા પિતા પાસે ગઇ. અત્યંત હર્ષના આવેશથી ગદ્ ગદ્ સ્વરે અને વિકાસ પામતી આંખોના ઉલ્લાસપૂર્વક તેણે મારા પિતાશ્રીને મારા જન્મની વધામણી આપી. મારા પિતાને આ હર્ષ-સમાચાર મળતાં તેઓ બહુ આનંદ પામ્યા, આખે શરીરે તેમને રોમ-વિકાસ થયો અને ખબર લાવનાર દાસીને તેની ઇચ્છા પ્રમાણે રાજી થાય તેટલું મોટું ઇનામ તેણે આપ્યું. પછી મારા જન્મનો મહોત્સવ કરવા તેઓશ્રીએ હુકમ આપી દીધો. તે વખતે ચારે તરફ લોકો તહેવાર પાળવા નીકળી પડ્યા, સુંદર કપડાં અને ઘરેણાં ધારણ કરવા મંડી ગયા, ચારે તરફ રમ્ય સૌંદર્યના દર્શન થવા લાગ્યા, રસપૂર્વક લોકો નાચવા લાગ્યા, વાજીંત્રો વગાડવા લાગ્યા, ગાવા લાગ્યા અને મદમાં આવી જઇને એક બીજાની હરીફાઇ કરી હર્ષપ્રસંગમાં એકથી એક વધવા લાગ્યા, કેટલાકો ગાયન સાંભળવા લાગ્યા, કઇક મોટી ઉજાણીએ નીકળી પડ્યા, કોઇ સારાં ભોજન કે મુખવાસ વિગેરથી સાથે લઇ બગિ-ચાઓમાં લહેર કરવા નીકળી પડ્યા, કોઇ પોતાના માનમાં વધારો થાય તેવા હર્ષના ઉદ્ગારો કાઢવા લાગ્યા, કોઇ સારો પ્રસંગ વિચારી દાન આપવા મંડી ગયા, કોઇ કામદેવને આદર આપવા લાગી ગયા. આવા પ્રકારનો આખા નગરમાં આનંદોત્સવ થઇ રહ્યો. આખું નગર અને આખું રાજ્ય હર્ષમાં હળીમળી ગયું. મારા જન્મનો દિવસ તથા ત્યાર પછીના પાંચ દિવસ એવા આનંદમાં ગયા, કુલ છ દિવસનો મોટો મહોત્સવ થયો, છએ દિવસ લોકોએ અનેક પ્રકારની લીલા કરી, આનંદો કર્યા અને મોજો ઉડાવી.

નામકરણ.

છઠ્ઠા દિવસની રાત્રે મારાં પિતા માતા તથા સગાસંબંધીઓ એકત્ર મળ્યા, સર્વેએ રાત્રિજાગરણનો મહોત્સવ કર્યો. એ મહોત્સવ એવો તો સુંદર કર્યો કે એના આનંદ-પ્રસંગોમાં મર્ત્યલોકમાં સ્વર્ગ હોય એવો જોના-રાને ભ્રમ થાય. એક માસ બરોબર પૂર્ણ થયા પછી શુભ પ્રસંગ જોઇ મારૂં **અનુસુંદર** નામ પાડવામાં આવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ ધાવો મને ઉછેરવા લાગી, દિવસાનુદિવસ હું મોટો થવા લાગ્યો. માતપિતાની ખાસ સંભાળથી શરીર તંદુરસ્ત રહ્યું અને વધતું ગયું. સમજણો થયા પછી તુરત જ મને કળાઅભ્યાસની સર્વ સગવડો કરી આપવામાં આવી અને તે સર્વ સગવડોનો પૂરતો લાભ લઇને મેં કળાઓનો અભ્યાસ કર્યો, પુરૂષયોગ્ય સર્વ કળાઓમાં હું કાબેલ થઇ ગયો. ત્યાર પછી હું યુવાવસ્થા પામ્યો એટલે યુવરાજપદે મારી સ્થાપના કરવામાં આવી. યુવરાજપદનો મહોત્સવ કરતી વખતે પિતાશ્રીને ઘણો આનંદ થયો અને લોકોએ પણ એ પ્રસંગે ઘણો હર્ષ બતાવ્યો. સૂર્યનો આકાર ધારણ કરનારા પિતાશ્રી યુગંધર ત્યાર પછી થોડે કાળે અસ્ત પામી ગયા અને માતા નલિનીનો વિકાસ પણ સૂર્યના અસ્ત સાથે અસ્ત પામી ગયો, અર્થાત્ એ મારી પવિત્ર માતા પણ ભાસ્કર પછવાડે ચાલી ગઇ. ત્યાર પછી જ્યારે મારા રાજ્યાભિષેકનો પ્રસંગ ચાલતો હતો ત્યારે આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થવાના સમાચાર મળ્યા. તે વખતે વળી બીજા સુંદર તેર રત્નો[1] પણ ઉત્પન્ન થયાં અને વળી

ચક્રવર્તિત્વ.

---

1 ચૌદરત્ન: ચક્રવર્તીને ચૌદ રત્નો ઉત્પન્ન થાય છે. તેનાં નામાદિ નીચે પ્રમાણે છે.

1 ચક્રરત્ન (જેને લઇને તે ચક્રવર્તી કહેવાય છે,) ચક્ર સેનાની આગળ ચાલે છે અને જરૂર પડે તો દુશ્મનનું ગળું ઉડાડી દે છે. એ રત્નો દેવાધિષ્ઠિત હોય છે.
2 કુંજર-રત્ન (ઉત્તમ હસ્તિ).
3 દંડરત્ન (રાજ્યદંડ-વૈતાઢ્યની ગુફાનાં દ્વાર ઉઘાડનાર).
4 સેનાનીરત્ન (સેનાપતિ).
5 અશ્વરત્ન (અતિ ઉત્તમ ઘોડો).
6 પુરોહિતરત્ન (વ્યવહારિક વિધિમાં અગ્રગામી).
7 ગૃહપતિરત્ન (સૈન્યને દરેક સ્થાન પર ભોજન-ખોરાકી પૂરી પાડનાર રત્ન).
8 વાર્ધિકી રત્ન (પડાવની તૈયારી કરનાર કેંપ-તંબુ વિગેરે ગોઠવનાર).
9 ચર્મરત્ન (વિસ્તારવાળા સૈન્યને ધારણ કરનાર).
10 છત્રરત્ન (વિસ્તારવાળા સૈન્યને છાયા કરનાર).
11 મણિરત્ન (અતુલ્ય કાંતિવાળો મોટા કદનો કોહિનુરથી પણ ભારે હીરો, સૂર્ય પેઠે અંધકારનો નાશ કરનાર).
12 કાંકિણીરત્ન (ચંદ્ર પેઠે અંધકારનો નાશ કરનાર. નામ લખનાર).
13 ખડ્ગરત્ન (જબરી તરવાર. અમોઘ).
14 સ્ત્રીરત્ન (ચક્રવર્તીનું વીર્ય ઝીલી શકે તેવી વેગવાળી સ્ત્રી-પત્ની).
એ દરેક રત્ન ચક્રવર્તીને ઘણા ઉપયોગી છે. એનો ઉપયોગ આદીશ્વર ચરિત્રના પ્રથમ પર્વમાં છૂટો છૂટો જોઇ શકાશે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યક્ષોથી સારી રીતે રક્ષણ કરાતાં નવ નિધાનો[1] પણ ઉત્પન્ન થયા. હું ચક્રવર્તી છું એમ માનીને સુકચ્છવિજયના સર્વ રાજાઓ મારે વશ થયા, મારા તાબેદાર થયા, મારૂં ઉપરીપણું તેમણે સર્વેએ સ્વીકાર્યું. મારા પ્રતાપના જોરથી મેં ક્ષેમપુરીમાં જ રહીને છ ખંડ પૃથ્વી સાધી લીધી, જીતી લીધી અને મારો વિજય આખા[2] વિજયમાં ફેલાયો-વિસ્તર્યો. પછી બત્રીશ હજાર મુગટબંધ રાજાઓએ એકઠા થઈને બાર વર્ષ સુધી મારો ચક્રી તરીકેનો અભિષેકમહોચ્છવ કર્યો. પ્રફુલ્લિત થયેલા કમળ જેવી સુંદર આંખોવાળી ચોસઠ હજાર સ્ત્રીઓ સાથે મેં ભોગ ભોગવ્યા, મારી આખી પ્રજાને ઘણો આનંદ આપ્યો અને મોટી સંપત્તિના માલેક તરીકે અને ચક્રવર્તીના બિરૂદ સાથે મેં ઘણો કાળ એવી રીતે આનંદમાં નિર્ગમન કર્યો. મનુષ્ય તરીકે સ્થૂળ સુખની

---

૧ **નવ નિધાનઃ** ચક્રવર્તીના પુણ્ય પ્રાગ્ભારથી નવ વિધાન પ્રગટ થાય છે. એ નવે નિધાનનું વર્ણન શ્રીત્રિષષ્ઠીશલાકા પુરૂષ ચરિત્રના પ્રથમ પર્વમાં નીચે પ્રમાણે કર્યું છે. ( જુઓ પ્રથમ પર્વ-સર્ગ ૪ થો. શ્લોક-૫૭૪-૫૮૭ ).

૧ **નૈસર્ગ.** તેનાથી છાવણી, શહેર, ગ્રામ, ખાણ, દ્રોણમુખ ( અલ્પજન સ્થાન ), મંડપ અને પત્તન વિગેરે સ્થાનોનું નિર્માણ થાય છે.

૨ **પાંડુક.** માન, ઉન્માન, પ્રમાણ વિગેરેનું ગણિત અને ધાન્ય તથા બીજનો સંભવ તેનાથી થાય છે.

૩ **પિંગળ.** તેથી નર નારી હાથી ઘોડાનાં સર્વ પ્રકારનાં આભૂષણોનો વિધિ જાણી શકાય છે.

૪ **સર્વરત્નક.** એનાથી સાત એકેંદ્રિય અને સાત પંચેંદ્રિય રત્નો ઉત્પન્ન થાય છે. ઉપરની નોટમાં ૧૪ રત્નો બતાવ્યાં તે પૈકીનાં ૧-૩-૯-૧૦-૧૧-૧૨-૧૩ એકેંદ્રિય છે. અને ૨-૪-૫-૬-૭-૮-૧૪ પંચેંદ્રિય છે તે લક્ષ્યમાં લેવું.

૫ **મહાપદ્મ.** એનાથી સર્વ પ્રકારના શુદ્ધ અને રંગીત વસ્ત્રો ઉત્પન્ન થાય છે.

૬ **કાલ.** એનાથી વર્તમાન ભૂત ભવિષ્ય જ્ઞાન, ખેતી અને શિલ્પનું વૈજ્ઞાનીક જ્ઞાન થાય છે.

૭ **મહાકાલ.** એનાથી પરવાળાં, રૂપું, સોનું, મુક્તાફળ, લોઢું વિગેરે ધાતુઓની ખાણો ઉત્પન્ન થાય છે.

૮ **માણવ.** તેથી યોદ્ધા, હથિયારો અને બખ્તરોની સંપત્તિ મળે છે અને યુદ્ધનીતિ દંડનીતિનું સર્વ પ્રકારનું જ્ઞાન થાય છે.

૯ **શંખ.** એથી ચારે પ્રકારના કાવ્યોની સિદ્ધિ થાય છે, નાટ્યવિધિ પ્રાપ્ત થાય છે અને સર્વ પ્રકારનાં વાજિત્રોની નિષ્પત્તિ થાય છે.

૨ **મહાવિદેહના** દરેક વિજયમાં ચક્રી જૂદા જૂદા થાય છે, દરેક ચક્રી પોતાના વિજયના છ ખંડો સાધે છે. દરેક વિજયમાં ૯૦ ખંડ હોય છે (ભરતની પેઠે).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિસીમા ચક્રીને હોય છે, મનુષ્યમાં તે વ્યવહારનજરે સર્વોત્તમ ગણાય છે, સર્વે રાજાના પણ રાજા ગણાય છે અને એમની સુખ-સગવડો અવર્ણનીય હોય છે. એ સર્વનો મેં ઘણો સારી રીતે ઉપભોગ કર્યો અને સ્થૂળ સુખની પરિસીમાએ પહોંચી ગયો. મારાં સુખ સગવડોનું વર્ણન તને કેટલું આપવું? તું ટુંકામાં સમજી લેજે કે મેં ઉત્કૃષ્ટ પ્રકારનું સ્થૂળ સુખ ભોગવ્યું અને સારસાર પ્રકારના આનંદોનો અનુભવ દુનિયાની નજરે કરી લીધો.

## શંખપુરના ચિત્તરમ ઉદ્યાનમાં.

અગૃહીતસંકેતા! એવી રીતે ચોરાશી લાખ પૂર્વ[1] કાળ સુધી ભોગો ભોગવ્યાં, રાજ્ય કર્યું અને આનંદ કર્યો. છેવટના ભાગમાં મારી ક્ષેમપુરીમાંથી હું મારૂં રાજ્ય જોવા સારૂ અને આનંદ કરવા સારૂ ફરવા નીકળી પડ્યો. મારૂં રાજ્ય કેવું વિશાળ છે અને લોકોની સ્થિતિ કેવી છે તે જોવા સારૂ હું મારી રાજધાનીથી ચાલ્યો. આ સુકચ્છવિજયની ભૂમિ અનેક નગરો અને ગામોથી ભરપૂર છે, તેમાં ઘણી જગ્યોએ ફરી આવ્યો. ફરતો ફરતો હું આ શંખ નામના નગરમાં આવી પહોંચ્યો. ત્યાર પછી રાજવલ્લભને[2] સાથે લઇને હું આ નંદનવન જેવા ચિત્તરમ ઉદ્યાનમાં આવ્યો, મારા આખા લશ્કરને મેં પછવાડે રાખ્યું.

અગૃહીતસંકેતા! આટલી વાત તારા ધ્યાનમાં બરાબર આવી હશે. હજુ મારે તને કેટલીક વિગતવાર વાત કરવાની છે તે આગળ કહું છું એ બરાબર વિચારતી જજે.

JAINSITE
જૈન જયતિ શાસનમ્

૧ પૂર્વ: ચોરાસી લાખને ચોરાશી લાખ વર્ષે ગુણતાં એક પૂર્વ થાય. એટલે ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષનું એક પૂર્વ થાય. એવા ચોરાશી લાખ પૂર્વકાળ અનુસુંદરે જીવન ભોગવ્યું.

૨ આ અનુસુંદર ચક્રવર્તીનો પુત્ર છે, તેનું નામ પુરંદર છે તે આગળ જણાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૩ મું.

## સુલલિતા અને મહાભદ્રા.

સંસારીજીવની પૂર્વ કથા પૂરી કર્યા પછી તે જ સંસારીજીવ અગૃહીતસંકેતા આગળ પોતાને ચોરનો આકાર ધારણ કરવાનાં કારણો જણાવતાં અનુસુંદર ચક્રવર્તી તરીકે પોતાનો જન્મ અને પોતાની ઋદ્ધિ અને ભોગવિલાસનું વર્ણન કરી ગયા તે આપણે ઉપરના પ્રકરણમાં જોયું. ત્યારપછી વાર્તા આગળ ચલાવતાં પ્રજ્ઞાવિશાળા અને અગૃહીતસંકેતા કોણ છે તેની ઓળખાણ આપતાં તેણે જ હકીકત કહેવા માંડી.[1]

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

### મહાભદ્રા પરિચય.

કંદમુનિ અને માયા.
મહાભદ્રા અને સમંતભદ્ર.
પ્રવર્તિની અને આચાર્ય.

ચોરનો આકાર ધારણ કરનાર સંસારીજીવ ખુલાસાઓ આપતાં અગૃહીતસંકેતાને ઉદ્દેશીને આગળ કહે છે:—

બહેન અગૃહીતસંકેતા! તને યાદ હશે કે જ્યારે હું ગુણધારણ કુમાર હતો તે વખતે કંદ નામના આચાર્યે મને ઉપદેશ આપ્યો હતો. તને યાદ કરાવવા માટે ધ્યાન ખેંચું છું કે તે વખતે મારો મિત્ર કુલંધર હતો અને મારી સ્ત્રી મદનમંજરી હતી.[2] એ મારા મિત્ર અને સ્ત્રીને

---

૧ આની સાથે બીજા પ્રસ્તાવના પ્રકરણ ૩-૬ વાંચવાં. હવે બધી બાબતનો મેળ મળતો જાય છે તેથી હકીકત બરાબર લક્ષ્યપૂર્વક વાંચવી.

૨ જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ચોથું. કંદમુનિ ઉપદેશક હતા અને તે વખતે ખુલાસા નિર્મળાચાર્યે કર્યા હતા તે લક્ષ્યમાં રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ **ભવિતવ્યતાએ** સંસારમાં રખડાવ્યા અને અનેક સારાં ખરાબ રૂપો કરી બતાવ્યાં. ત્યાર પછી એમ હકીકત બની કે એ કુંદમુનિએ એક વાર માયાકપટ કર્યું એટલે ભવિતવ્યતાએ કુંદમુનિના જીવને આ સુકચ્છવિજયની અંદર આવી રહેલા **હરિપુર** નામના નગરમાં લઇ આવી.

હવે એ હરિપુરમાં **ભીમરથ** નામના રાજા રાજ્ય કરતા હતા. તેમને **સુભદ્રા** નામની મહારાણી હતી. એ રાજારાણીને **સમંતભદ્ર** નામનો એક પુત્ર હતો. એ સુભદ્રા રાણીની કુખમાં કુંદમુનિના જીવને **ભવિતવ્યતાએ** મૂકયો, પણ માયાકપટ કરેલ હતું તેથી તેને સ્રીનું રૂપ આપ્યું. અનુક્રમે પુત્રીપણે કુંદમુનિના જીવનો જન્મ થયો. તેનું માતપિતાએ **મહાભદ્રા**[1] નામ સ્થાપન કર્યું.

હવે સમંતભદ્ર રાજપુત્રને એક વખત સુઘોષ નામના મુનિરાજનો યોગ થયો. તેમની ધર્મદેશના સાંભળીને તેને વૈરાગ્ય થયો, માતપિતાને સમજાવીને તેણે દીક્ષા લીધી, અભ્યાસ કર્યો અને થોડા વખતમાં દ્વાદશાંગી જાણનાર-ધારણ કરનાર મહાજ્ઞાની ગીતાર્થ થયા. યોગ્ય જાણીને ગુરૂમહારાજે તેને આચાર્યપદે સ્થાપન કર્યો અને ત્યાર પછી તે જગતમાં **સમંતભદ્રાચાર્યના** નામથી ઓળખાવા લાગ્યા.

રાજપુત્રી મહાભદ્રા પણ અનુક્રમે યૌવનવય પામી. એને માતપિતાએ ગંધપુર નગરના રાજા **રવિપ્રભ** અને રાણી **પદ્માવતીના** પુત્ર **દિવાકર** સાથે પરણાવી. એ **દિવાકર** કાળવશ પડીને અસ્ત પામી ગયો ( મરણ પામ્યો ). પ્રસંગ જોઇને સમંતભદ્રાચાર્યે પોતાની સંસારીપણાની બહેન મહાભદ્રાને યોગ્ય ઉપદેશ આપ્યો, સંસારની અસ્થિરતા બતાવી અને આત્મહિત કરનાર મોક્ષમાર્ગના સાચા રસ્તાઓ દાખવ્યા. સત્ય જ્ઞાનનો ઝળકાટ થતાં **મહાભદ્રાએ** દીક્ષા લીધી. એ વિદ્વાન્ ભાઇની બહેન પણ ઘણી વિદ્વાન્ નીવડી, એણે અભ્યાસ ઘણો કર્યો, થોડા વખતમાં એ પણ અગીઆર અંગ ધારણ કરનારી થઇ, ગીતાર્થ થઇ, શક્તિવાળી સાધ્વી થઇ. એની યોગ્યતા જોઇ આચાર્યશ્રીએ એ ગીતાર્થા સાધ્વીને પ્રવર્તિની[2] પદે સ્થાપન કરી.

---

૧ **મહાભદ્રાઃ** તે આપણી **પ્રજ્ઞાવિશાળા** છે તે આગળ જણાશે. અને **સમંતભદ્ર** એ **સદાગમ** છે તે પણ હમણા જ જોવામાં આવશે. બહુ લક્ષ્યપૂર્વક વાંચવા વિજ્ઞપ્તિ છે. વાતમાં જરા પણ ગોટાળો નથી. પણ લક્ષ્ય નહિ રહે તો વાત સમજાશે નહીં.

૨ **પ્રવર્તિનીઃ** સાધ્વીની ઉપરી, સાધ્વીઓની નિયંત્રણા કરનાર.

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

<u>સુલલિતા પરિચય.</u>

**રત્નપુરે સુલલિતાનો જન્મ.**
**પુરૂષદ્વેષ. મહાભદ્રાપર પ્રેમ.**
**ગૃહસ્થિની તરીકે પ્રવર્તિની સેવા.**

મહાભદ્રા સાધ્વી ફરતાં ફરતાં ( વિહાર કરતાં ) એક વખત પોતાની સાથેની અનેક સાધ્વીઓ સાથે રત્નપુરે આવી પહોંચ્યા.

એ રત્નપુરમાં મગધસેન નામનો રાજા રાજ્ય કરતો હતો, એને **સુમંગળા** નામની મહારાણી હતી. હવે ભવિતવ્યતાએ **મદનમંજરી**ના જીવને[1] એ મગધસેનરાજા અને સુમંગળારાણીની દીકરી તરીકે જન્મ આપ્યો. એનું **સુલલિતા**[2] નામ પાડવામાં આવ્યું. અનુક્રમે એ યૌવન વય પામી, પરંતુ એને પુરૂષ પર દ્વેષ થયો. પુરૂષનું એને નામ પણ ગમે નહિ, પુરૂષનો પરિચય ગમે નહિ, પુરૂષનો ઓળો પણ ગમે નહિ. એવી રીતે અને એ અવસ્થામાં એનો ઘણો કાળ ગયો. એને પતિ ( વર-ધણી )ની ગંધ પણ ઇષ્ટ લાગતી ન હોતી તેથી સ્વાભાવિક રીતે એના સંબંધમાં એના માતપિતાને ચિંતા થયા કરતી હતી. એના લગ્ન કેવી રીતે થશે અને એ કોને વરશે એ સંબંધમાં જનની જનક મુંઝાયા કરતા હતા.

ઉપર કહ્યું છે તેમ એ રત્નપુરમાં મહાભદ્રા પ્રવર્તિની પધાર્યા. તેમને વંદન કરવા સારૂ મગધસેનરાજા તથા સુમંગળારાણી ઉપાશ્રયે ગયા. તેમણે વંદન કરવા જતી વખત પોતાની વહાલી પુત્રી સુલલિતાને સાથે લીધી. ભગવતી મહાભદ્રાને તેઓએ વંદન કર્યું. મોક્ષપદ રૂપ કલ્પવૃક્ષને ચોક્કસ ઉગાડનાર બીજ જેવો ધર્મલાભ સાધ્વીશ્રીએ તેમને આપ્યો અને ત્યાર પછી અમૃતપ્રવાહ જેવી શુદ્ધ ધર્મની દેશના તેમણે આપી.

ભગવતીની દેશના ઘણી સ્પષ્ટ હતી પણ સુલલિતા ઘણી મુગ્ધ હોવાથી તેનો ભાવાર્થ સમજી શકી નહિ, તેનો અંદરનો આશય વિચારી શકી નહિ, છતાં એના મનમાં પૂર્વભવના રાગથી સાધ્વીશ્રી (પ્રવર્તિની) તરફ ઘણું ખેંચાણ થયું, અગાઉના પરિચયથી તેમના ઉપર ઘણો સ્નેહ થયો અને તે ભગવતી સિવાય બીજી તરફ પોતાના ચક્ષુઓને ફેરવવાને

૧ **મદનમંજરી** આપણો કથાનાયક **સંસારીજીવ** જ્યારે **ગુણધારણ** હતો તે વખતે તેની સ્ત્રી હતી. જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ બીજું.

૨ **સુલલિતાઃ** તે અગૃહીતસંકેતા છે તે હમણા જણાશે. હવેની વાત સાથે બીજા પ્રસ્તાવનું પ્રકરણ ચોથું સરખાવતાં જવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સમર્થ થઇ શકી નહિ. એ તો એકી ટસે (નજરે) પ્રવર્તિની સામું જ જોઇ રહી. પછી તેણે પોતાના પિતાને કહ્યું ‘મારે તો આ ભગવતીના ચરણકમળની ઉપાસના કરવી છે, માટે આપ જો રજા આપો તો હું પણ તેઓશ્રીની સાથે સર્વત્ર વિચરૂં-હરૂં ફરૂં.’ દીકરીની આવી માગણી સાંભળીને માતા સુમંગળા તો રડવા મંડી ગયા પરંતુ રાજાએ એને રોતાં વારી અને કહ્યું ‘દેવી! રૂદન કરવામાં શો લાભ છે? દીકરીને જેમ હોંસ થાય અને એનું મન વધે તેમ એને કરવા દે. એને વિનોદ ઉપજાવવાનો આ જ ઉપાય છે અને એ માર્ગે જ એ ઠેકાણે આવશે. મારો મત એવો છે કે એ સાધ્વીશ્રીની સાથે સર્વ સામગ્રી લઇને ભલે રહે, ગૃહસ્થ તરીકે રહે અને સાધ્વીશ્રી જ્યાં જાય ત્યાં તે પણ સાથે હરે ફરે, પણ આપણને પૂછ્યા વગર એણે દીક્ષા લેવાનું નામ લેવું નહિ.’

પિતાશ્રીનો એ હુકમ સુલલિતાએ માન્ય કર્યો. પછી પિતાની રજાથી એ તો પ્રવર્તિનીની સાથે રહી. પિતામાતા ઘરે ગયા. સુલલિતા પ્રવર્તિની મહાભદ્રા સાથે અનેક દેશોમાં ફરી. એને એટલો આકરો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હતો કે એક પાઠ પણ એને મ્હોઢે ચઢે નહિ, સાધુ સાધ્વીના આચાર કે શ્રાવકના આવશ્યકોનો ક્રમ એ બાપડીને આવડે નહિ, એને આગમના પાઠો સમજાવવામાં આવે પણ એનો ભાવાર્થ એને જરા પણ સમજાય નહિ.

ભગવતી મહાભદ્રા ફરતા ફરતા આ શંખપુર નગરમાં આવી પહોંચ્યા. ગૃહસ્થના વેશમાં તેમની સાથે સુલલિતા પણ અહીં આવી. તેઓ નંદશેઠના ઘરમાં ઘંઘશાળામાં[1] ઉતર્યા.[2]

---

૧ ઘંઘશાળાઃ ઘંઘશાળા એટલે ગૃહશાળા. ઘરમાં શ્રાવકો સામાયક પોષધ કરવા ખાનગી ઉપાશ્રય જેવું રાખે છે, ત્યાં સાધુધર્મની ભાવના કરે છે અને આત્મચિંતવન કરે છે. એવી ઘરથી અલગ પણ ખાનગી શાળાઓને ઘંઘશાળા કહેવાય છે.

૨ સર્વ સંમીલન કરવા સારૂ હકીકત સ્પષ્ટ કરવા સંસારીજીવે જે હકીકત પ્રકરણ ૧૨ માં શરૂ કરી છે તે હજુ ચાલુ છે. આ પ્રકરણમાં અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાળાની ઓળખાણ આપી. હવે આવતા પ્રકરણમાં ભવ્યપુરુષ અને સદાગમનો પરિચય થશે. બરાબર લક્ષ્યપૂર્વક વાંચવા વિજ્ઞપ્તિ છે. યોગ્ય વખતમાં બધી વાતના ખુલાસા થઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૪ મું.

## પુંડરીક અને સમંતભદ્ર.

સવે બાબતનો મેળ મેળવવા માટે પોતાની વાર્તા પૂરી કર્યા પછી સંસારીજીવે પોતાના તે વખતના સ્વરૂપના સંબંધમાં અનુસુંદરચક્રવર્તી તરીકેની હકીકત કહી અને તેઓ ફરતા ફરતા શંખપુરના ચિત્તરમ ઉદ્યાનમાં આવી પહોંચ્યા સુધી વાત કરી, તેણે જ સુલલિતા અને મહાભદ્રાને ગૃહસ્થિની અને પ્રવર્તિની તરીકે શંખપુરનગરના નંદશેઠના ઘરસુધી આવવાની હકીકત આગલા પ્રકરણમાં કહી. હવે આ પ્રકરણમાં તત્રસ્થ બીજા પાત્રોની વાત કરે છેઃ—

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### પુંડરીક પરિચય.

કમલિનીને સ્વપ્ન આગાહી.
કુલંધરનો જીવ કુક્ષીમાં.
કુશળકર્મ. મનોરથ પૂર્તિ.

આ શંખપુર નગરમાં શ્રીગર્ભ નામનો રાજા છે, તે મારો (અનુસુંદર ચક્રવર્તીનો) મામો થાય છે. તેમને કમલિની નામની રાણી છે, તે મહાભદ્રા પ્રવર્તિની થયા તેમની માસી થાય છે. એ રાજારાણીને એક પણ સંતાન થયું નહિ.[1] રાણી કમલિનીએ તેટલા માટે અનેક પ્રકારની માનતાઓ માની, દાનો આપ્યાં, કોઇ જે માંગે તે આપી યાચકના મનોરથો પૂરવા માંડ્યા અને અનેક ઔષધિઓ અને મૂળીઆઓ લોકો કહે તે પીધાં. ત્યાર પછી ભવિતવ્યતાએ એક ઘટના કરી આપી. તને યાદ હશે કે ગુણધારણના ભવમાં મારો મિત્ર [2]કુલંધર હતો. એણે ત્યાર

1 જુઓ પ્રસ્તાવ ૨. પ્રકરણ ૩. પૃષ્ઠ ૨૭૧ થી ૨૭૪.
2 જુઓ પ્રસ્તાવ આઠ. પ્રકરણ પહેલું. પૃ. ૧૮૫૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછીના ભવમાં અનેક પ્રકારનાં શુભ કાર્યોનો સારી રીતે અભ્યાસ કર્યો. એ કુલંધરના જીવને લઇને ભવિતવ્યતાએ કમલિની રાણીની કુખમાં મૂક્યો. જે રાત્રીએ એને કુખમાં મૂક્યો તે રાત્રીએ રાણીએ સ્વપ્નમાં[1] જોયું કે સર્વ અંગે બહુ સુંદર એક પુરૂષ પોતાના મુખ વાટે શરીરમાં પેઠો, વળી બહાર નીકળ્યો અને પછી તુરત જ કોઇ માણસની સાથે તે ચાલ્યો ગયો. આ પ્રમાણે આવેલાં સ્વપ્નની હકીકત રાણીએ પોતાના પતિ શ્રીગર્ભ રાજાને કહી સંભળાવી.

પતિએ સ્વપ્નસંબંધી હકીકત સાંભળી, એમને ઘણો આનંદ થયો અને સહજ ખેદ પણ થયો. રાણીને કહ્યું 'દેવી! તમારે એક પુત્ર થશે, પણ તમારા સ્વપ્નપરથી એમ જણાય છે કે થોડા વખત પછી એને કોઇ ગુરૂ મળી આવશે તેના ઉપદેશથી બોધ પામીને એ દીક્ષા લેશે.' દેવીને પુત્રપ્રાપ્તિની બહુ જ અભિલાષા હતી તેથી તેને મનમાં ઘણો આનંદ થયો. બાકીની વાત તરફ તેણે બહુ દરકાર પણ ન કરી. ત્રીજે મહિને દેવી કમલિનીને બહુ કુશળ કાર્યો કરવાના મનોરથો થયા. એને જે જે સારાં કામો કરવાનું મન થયું તે સર્વ રાજાએ પૂર્ણ કર્યું. વખત પૂરો થતાં રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાને સંતોષ થયો.

જન્મનો મહોત્સવ.
સમંતભદ્રની આગાહી.
પુંડરીકની પ્રગતિ.

રાજાએ તે વખતે આખા નગરમાં અને રાજ્યમાં પુત્રજન્મનો મહોત્સવ કરાવ્યો. તે વખતે સર્વ લોકોને જૂદા જૂદા પ્રકારનો આનંદ થયો.

હવે સમંતભદ્રઆચાર્યને નિર્મળ કેવળજ્ઞાન થયું. તે કેવળી આચાર્ય ફરતાં ફરતાં શંખનગરે આવી પહોંચ્યા અને આ ચિત્તરમ ઉદ્યાનમાં જ સ્થિત થયા. મહાભદ્રા સાધ્વી ( પ્રવર્તિની ) જે નંદશેઠની શાળામાં ઉતર્યા હતા તેમને ખબર પડતાં તેઓ કેવળીમહારાજને વંદન કરવા ઉદ્યાનમાં આવી પહોંચ્યા. હકીકત એમ બની કે કેવળીમહારાજ ત્યાં પધાર્યા છે એ વાતની ખબર સુલલિતાને પડી ન હોતી અને મહાભદ્રા તેને વાંદવા ગયા છે એ હકીકત પણ તેના જાણવામાં ન આવી. મહાભદ્રા પ્રવર્તિની સમંતભદ્રાચાર્ય પાસે આવ્યા તે વખતે કોઇએ રાજાને પુત્ર થયો છે એવી વાત કરી.

---

૧ જુઓ પૃ. ૨૭૨. તે હકીકત સરખાવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રજન્મની વાત કેવળી પાસે નીકળતાં સમંતભદ્ર પોતે જ બોલી ઉઠ્યા "આ રાજપુત્રે અગાઉ ઘણાં સારાં કાર્યોનો અભ્યાસ કર્યો છે, એ રાજાને ત્યાં જન્મ્યો તો છે, પણ એ રાજભુવનમાં લાંબો વખત ટકશે નહિ, એ આગળ જતાં દીક્ષા લેશે અને સર્વજ્ઞમહારાજના આગમનો ધારણ કરનારો થશે." આ હકીકત સાંભળીને મહાભદ્રા સાધ્વી પોતે ઉતર્યાં હતા તે સ્થાન પર પાછા પધાર્યાં.

ત્યાર પછી તે રાજપુત્રનું પુંડરીક નામ પાડવામાં આવ્યું. નામ પાડતી વખતે યોગ્ય મહોત્સવ કરવામાં આવ્યો.

## સુલલિતા સંદેહ-નિર્ણય.
## સદાગમનો વધારે પરિચય.
## પુંડરીક માટે ગોઠવણ અને વિહાર.

[1]હવે સુલલિતા રાજપુત્રી ફરતી ફરતી અનેક પ્રકારનાં કુતૂહળો જોતી અને હોંસો પૂરી પાડતી એ ચિત્તરમ ઉદ્યાનમાં આવી પહોંચી. એણે જોયું તો શ્રીસંઘની વચ્ચે બેસીને સમંતભદ્રસૂરિ રાજાને ત્યાં જન્મેલા નવા બાળકના [2]ગુણોનું વર્ણન કરતા હતા. કેવળી આચાર્ય બોલ્યા—"એ પુંડરીકને શુભ (સાનુકૂળ થયેલા) કર્મપરિણામરાજાએ અને અનુકૂળ થયેલી કાળપરિણતિએ આ મનુજગતિ નગરીમાં ઉત્પન્ન કર્યો છે તેથી એ ઉત્તમ પ્રકારના ગુણવાળો થશે. ભવ્યપુરુષ જ્યારે સુમતિ (સારી બુદ્ધિવાળો) થઇ જાય છે ત્યારે એવા જ પ્રકારના ગુણવાળો થાય છે એમાં શક શો છે?" આટલું વચન સમંતભદ્રાચાર્ય કેવળી બોલ્યા તે સુલલિતાએ બરાબર સાંભળ્યું હતું, ઘણા લોકોની સમક્ષ તે વાત થઇ હતી અને વાત ચાલતી હતી ત્યારે આચાર્ય અને લોકોમાં આનંદ ઘણો દેખાતો હતો.

સુલલિતાએ આ વાત સાંભળી ત્યારે તેના મનમાં સંદેહ થયો કે આ રાજપુત્રના કર્મપરિણામ અને કાળપરિણતિ તે જનક (પિતા) અને જનની (માતા) કેમ હોઇ શકે? તેઓ વળી મનુજગતિમાં ઉત્પન્ન કેમ કરી શકે? અને આ આચાર્ય વળી ભવિષ્યમાં થનારા ગુણોની હકીકત શી રીતે જાણીને કહી શકે?—આવી શંકા તેના મનમાં થઇ તે જાઇને તેણે પ્રવર્તિની મહાભદ્રાને જણાવી. મહાભદ્રાને વિચાર થયો કે આ સુલલિતા તો તદ્દન ભોળી જ રહી! એને પ્રતિબોધ કરવાનો આ જ

---

૧ અહીં બે. રો. એ. સોસાયટિવાળા મૂળ ગ્રંથનું પૃ. ૧૯૭૬ શરૂ થાય છે.

૨ જુઓ પૃ. ૨૭૯. ગુણોનું વર્ણન ત્યાં વિસ્તારથી કરવામાં આવ્યું છે તે સરખાવો.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાય છે–એમ વિચારીને તેણે ' કર્મપરિણામ અને કાળપરિણતિ પિતા-માતા છે, તેઓ એને ઉત્પન્ન કરનાર છે અને સર્વ જીવના માતાપિતા છે' એ વાતને યુક્તિપૂર્વક બરાબર સમજાવી. વળી એમને એવો ખ્યાલ આવ્યો કે એ સુલલિતાને સદાગમ ઉપર પ્રીતિ ઉત્પન્ન કરવી. આવો વિચાર કરીને તેને જાગૃત કરવાની શુદ્ધ ભાવનાથી મહાભદ્રા બોલ્યા

સદાગમ પરિચય.

" બહેન ! લોકોની વચ્ચે રહીને જે વાત કરતા હતા અને જેની વાત લોકો ધ્યાનથી સાંભળતા હતા તે સદાગમ હતા. તેં એને બરાબર ધ્યાનપૂર્વક જોઇ લીધો એ સારૂં કર્યું. એ મહાત્મા બહુ જબરજસ્ત છે, ઘણા વિદ્વાન્ છે અને બની ગયેલા બનતા અને બનનારા સર્વ ભાવોને સારી રીતે જાણનારા છે. એ બાબતમાં જરા પણ સંદેહ વગરની વાત છે. મને જે આ વાતની બધી ખબર પડી છે તે એ મહાત્માની કૃપાથી જ પડી છે. મારે એ મહાત્મા પુરૂષની સાથે ઘણા વખતનો પરિચય છે. તેઓ બહુ મોટા પ્રભાવવાળા છે[1]". આ પ્રમાણે વિગતવાર વાત કરીને સદાગમનું મહાત્મ્ય તેણે વિસ્તારથી સુલલિતાને કહી સંભળાવ્યું ( જુઓ પૃ. ૨૮૪ ). વળી સદાગમને ઘણો આનંદ તે રાજપુત્રના જન્મથી થયો હતો તેનું કારણ પણ તેણે કહી સંભળાવ્યું અને તે હકીકત પણ વિસ્તારથી સમજાવી. ( પૃ. ૨૮૩ ).

આટલી વિસ્તારથી હકીકત સાંભળ્યા પછી ભોળી સુલલિતાએ કહ્યું ' મહારાજ ! આપને જે મહાત્મા સદાગમ સાથે આટલો બધો પરિચય છે તેમનું મને પણ ઓળખાણ કરાવો.' મહાભદ્રાએ તે વાતનો ઘણી ખુશી સાથે સ્વીકાર કર્યો. ( પૃ. ૨૯૨ ).

[2]પછી પ્રવર્તિની મહાભદ્રા ચાલ્યા, સાથે સુલલિતાને લઇ લીધી અને બન્ને જણા સમંતભદ્રસૂરિ સમક્ષ આવ્યા. સુલલિતાએ જેવા એ આચાર્યને જોયા કે તુરત જ તેને ઘણો આનંદ થયો, બહુ પ્રમોદ થયો અને જેવા ગુણો એના સંબંધમાં સાધ્વીએ કહ્યા હતા તેવા ગુણો એમનામાં હોવાની એને પ્રતીતિ થઇ ગઇ, પછી પ્રમોદના આવેશમાં ઉદ્ગારરૂપે સુલલિતા બોલી " હે ભગવતિ ! આવા મહાત્મા પુરૂષના આપશ્રીએ મને અત્યાર સુધી દર્શન પણ કદિ કરાવ્યા નહિ તેથી હું

---

૧ આ હકીકત સાથે પ્રસ્તાવ બીજાનું પ્રકરણ પાંચમું મેળવતા જણે, વાત બરાબર મળતી ચાલી આવે છે.

૨ અહીં પ્રકરણ છઠ્ઠામાં ( પ્રસ્તાવ બીજો ) લખેલી વાતનો સંબંધ મળતો લય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો અત્યાર સુધી ઘણી કમનસીબ રહી, બહુ છેતરાયલી રહી! અરે ખરેખર! તમે તો ઘણા સ્વાર્થી જણાઓ છો! હવે ભગવતિ! મારા પર કૃપા કરીને આ ભગવાનના મને દરરોજ દર્શન કરાવજો જેથી હું પણ આપશ્રી જેવી પંડિતા બની જઉં." મહાભદ્રાપ્રવર્તિનીએ એ માગણીનો સ્વીકાર કર્યો.

હવે તે દિવસથી બન્નેએ સમંતભદ્રાચાર્ય પાસે દરરોજ આવીને તેમની સેવા કરવા માંડી. એ પ્રમાણે એક માસ પૂરો થયો, એટલે સમયજ્ઞ ભગવાન્ સમંતભદ્ર બોલ્યા "મહાભદ્રા! અત્યારે તમારૂં જંઘાબળ ક્ષીણ થવાથી તમે વિહાર કરવાને અશક્ત છો, માટે શંખપુરે જ રહો. અમે તો હવે અહીંથી વિહાર[1] કરી જઇશું, વળી આગળ ઉપર કોઇ વખત અમે અહીં આવશું. તમને ખાસ હિત થાય અને જાગૃતિ રહે તેટલા માટે અમે આ સ્થાનકે પૂરેપૂરો એક માસ રહ્યા, નહિતર તો જે ક્ષેત્રમાં સાધ્વી હોય ત્યાં સાધુને માસકલ્પ[2] કરવાનો પણ અધિકાર નથી;[3] પણ માંદા માણસને સહાય કરવી-સ્થીર કરવા એ પુષ્ટ અવલંબન છે અને એવા અવલંબનને કારણે અમારી અહીં એક માસપર્યંત સ્થિતિ થઇ. હવે તમારે અહીં રહીને એક બાબતમાં ખાસ ઉપયોગ રાખવો. તમારે પેલા રાજપુત્ર પુંડરીક ઉપર ખાસ નજર રાખ્યા કરવી અને એને અનુકૂળ કર્યા કરવો. એ યોગ્ય વયનો થશે ત્યારે તે મારો શિષ્ય થશે."

વિહાર.

આ પ્રમાણેનું ભગવાન્ કેવળી સમંતભદ્રનું વચન મહાભદ્રા પ્રવર્તિનીએ સ્વીકાર્યું. પછી તે ભગવાન્ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

સાધુપુરૂષોનું જીવન પરોપકાર માટે જ હોય છે. પોતાના આત્માને નુકસાન ન થાય તે વાતનો વિચાર રાખી તેઓ બને તેટલો

---

૧ **વિહારઃ** સાધુ એક સ્થાનેથી બીજે સ્થાને જાય, ફરે, તેને 'વિહાર' કર્યો કહેવાય છે. એ જૈન પારિભાષિક શબ્દ છે.

૨ **માસકલ્પઃ** સાધુઓનો કલ્પ એવો છે કે શારીરિક અથવા ખાસ મહા લાભના કારણ વગર કોઇ પણ ક્ષેત્રમાં તેઓએ શેષ કાળે એક માસથી વધારે રહેવું નહિ, ચોમાસામાં ચાર માસ રહેવું. ઉગ્ર વિહાર કરવો એ ખાસ જરૂરી ગણાય છે, એક સ્થાનકે રહેવાથી પ્રતિબંધ રાગ મમતા બંધાય છે. સ્થાન તરફ, ગૃહસ્થ તરફ, વૈયાવચ્ચ કરનાર તરફ, વંદન કરવા આવનાર તરફ આદિ અનેક તરફ મમતા થાય તો સંસાર વધે છે. આથી સાધુને વિહાર કરવાની આજ્ઞા છે. આ કલ્પ વીરશાસનમાં ચોક્કસ છે, જુઓ કલ્પસૂત્ર સુબોધિકા ટીકા પ્રથમ વ્યાખ્યાન.

૩ ઉપરની બાબતમાં એક એવો આદેશ છે કે જ્યાં સાધ્વીઓ રહેતી હોય ત્યાં સાધુઓએ વધારે વખત રહેવું નહિ. જો રહે તો તેમને સાધ્વી સાથે કાંઇ સંબંધ હશે એવો લોકાપવાદ થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરોપકાર જ કર્યા કરે છે, ખાસ પ્રસંગોએ અપવાદમાર્ગનું ઉત્તર ગુણને અંગે સેવન કરવું પડે છે તો તેવે વખતે પણ બનતી રીતે તેમાંથી સાર ખેંચવાનો પ્રયત્ન કરે છે અને પ્રસંગ શોધે છે, બને ત્યાં સુધી તો અપવાદમાર્ગનો ખ્યાલ જ કરતા નથી, તે માર્ગે જવાનો વિચાર પણ કરતા નથી અને ખાસ કારણ જુએ તો તે માર્ગે ચાલીને પણ લાભ લઇ આવે છે. પરોપકારી સાદા જીવનની બલિહારી છે!

## સમંતભદ્ર પરિચય.

### પુંડરીક સમંતભદ્ર પરિચય.
### પુંડરીકનો આચાર્ય પર પ્રેમ.
### પુંડરીકનો આગમ અભ્યાસ.

ત્યાર પછી ધીમે ધીમે પુંડરીક ઉમરે વધતો ચાલ્યો. એનો બાળભાવ પૂરો થયો અને કુમારભાવ શરૂ થયો. એનામાં સમજણ સાથે અગાઉ જણાવ્યા હતા તે ગુણો એક પછી એક ખીલવા લાગ્યા, વધવા લાગ્યા અને એને મહાભદ્રા પર અત્યંત સ્નેહ થયો. મહાભદ્રાનો સંબંધ તેની સાથે દરરોજ વધતો ચાલ્યો.

હવે એક વખત સ્થાને સ્થાને વિહાર કરતાં શ્રીસમંતભદ્રસૂરિ કેવળી ફરી વાર એ જ શંખપુરનગરના ચિત્તરમઉદ્યાનમાં પધાર્યા. મહાભદ્રા પ્રવર્તિનીને એ હકીકતની ખબર પડતાં પોતે પુંડરીકને ભગવાન્ પાસે લઇ ગઇ. પુંડરીક ભાવીભદ્રાત્મા હતો તેથી જેવી તેણે ભગવાનની મૂર્તિ દૂરથી જોઇ તેવો જ તેને મનમાં ઘણો હર્ષ થયો, એમના ગુણસમૂહ પર આંતર રંજન થયું અને જ્યારે એણે કેવળીમહારાજનાં વચનો સાંભળ્યાં ત્યારે તેના ઉપર ઘણી પ્રીતિ થઇ. એની બુદ્ધિ શુદ્ધ હતી પણ એનામાં હજુ વિશેષ જ્ઞાન ન હોતું, એનામાં મુગ્ધપણું હતું તેથી એણે ખુલ્લા દીલે મહાભદ્રા સાધ્વીને પૂછ્યું "ભગવતિ! આ મહાત્મા કોણ છે? એમનું નામ શું છે?"

મહાભદ્રાએ આ સવાલ સાંભળ્યો એટલે પોતે વિચક્ષણા હોવાથી વસ્તુસ્થિતિ બરાબર સમજી ગઇ અને મનમાં વિચાર કર્યો કે અહો! આ રાજપુત્ર ( પુંડરીક ) ઘણો સરળ હૃદયનો છે અને અત્યારે ભગવાનના ગુણથી રંગાઇ ગયો હોય એમ એની ચેષ્ટાપરથી જણાય છે. તો અત્યારની એની સ્થિતિનો લાભ લઇને એ દ્વારા જ એને ભગવાનના આગમ ઉપર પ્રીતિ ઉત્પન્ન કરૂં અને તેના પર ભક્તિ પણ તેનામાં જાગૃત કરૂં-આવો વિચાર કરી પ્રવર્તિનીશ્રી બોલ્યા "ભાઇ! એમનું નામ સદાગમ છે." આવો જવાબ સાંભળી વળી પુંડરીકે પૂછ્યું "દેવી!

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો માતાપિતાની આજ્ઞા હોય તો તેઓશ્રી પાસે જ હું આગમના અર્થો ગ્રહણ કરું, વિચારી લઉં, સમજી લઉં." આ બીજા સવાલના જવાબમાં મહાભદ્રાએ જવાબ આપ્યો "એ વાત તદ્દન યોગ્ય છે."

ત્યાર પછી પુંડરીકના મનમાં જે વિચારનિર્ણય થયો હતો તે મહાભદ્રાસાધ્વીએ તેના માતપિતા કમલિનીદેવી અને શ્રીગર્ભરાજાને જણાવ્યો. તેઓએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમને પણ ઘણો આનંદ થયો, તેઓએ ઘણા ઉત્સાહ અને પ્રેમથી પુત્રની ઇચ્છાને સ્વીકારી લીધી અને અત્યંત આનંદપૂર્વક તેઓએ પોતાના પુત્રને અભ્યાસ કરાવવા સારૂ ભગવાનને અર્પણ કર્યો. ત્યારથી ભગવાનની પાસે રહીને પુંડરીક આગમનો અભ્યાસ કરવા લાગ્યો.

(આ પ્રમાણે હકીકત સંસારીજીવે અગૃહીતસંકેતા પાસે કહી. બાકીની હકીકત આવતા પ્રકરણમાં પૂરી કરશે.)

જૈનમ્ સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૧૫ મું.

## ચક્રવર્તી-ચોર.

છેલ્લાં ત્રણ પ્રકરણોમાં સંસારીજીવે (અનુસુંદરચક્રીએ) પોતાની તે ભવની હકીકત કહેવા માંડી છે તેમાં પોતાના સંબંધની તેમ જ મહાભદ્રા અને સુલલિતા સંબંધી મુદ્દાની વાત કરી દીધી અને આચાર્ય સમંતભદ્રનો હેવાલ જણાવ્યો. હવે સંસારીજીવે ચોરનું રૂપ શા માટે ધારણ કર્યું હતું તેનો હેવાલ વિગતવાર જણાવી તે પોતાની કથા આ પ્રકરણમાં પૂરી કરશે. આ સર્વસંમેલનનો બાકીનો ભાગ પણ લક્ષ્યપૂર્વક વિચારવા યોગ્ય છે. અનુસુંદર-સંસારીજીવ પોતાની વાતનો બાકીનો ભાગ પૂર્ણ કરતાં કહે છે:[1]—

૧ બીજા પ્રસ્તાવના છઠ્ઠા પ્રકરણ સાથે આ વાતનો સંબંધ મેળવતા જવો. બરાબર સંબંધ મળતો જશે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અનુસુંદર પરિચય.

ચક્રવર્તીની સેનાનો કોળાહળ.
કોળાહળનું કારણ અને વિચાર.
સુલલિતાની શંકા અને પ્રશ્ન.
'અગૃહીતસંકેતા' નામકરણ.

હવે આ જ ચિત્તરમ ઉદ્યાનમાં, આ જ મનોનંદન નામના ચૈત્યમાં આચાર્ય કેવળી સમંતભદ્ર સંઘસમુદાયની વચ્ચે બેઠા છે, ધર્મની દેશના આપી રહ્યા છે, તેમની સામે મહાભદ્રા પ્રવર્તિની બેઠા છે અને ધર્મદેશના સાંભળે છે, તેની પડખે જરા દૂર પુંડરિક રાજકુમાર બેઠો બેઠો ગુરુવક્તવ્ય સાંભળે છે, સુલલિતા પણ તે જ વખતે ત્યાં આવી પહોંચી છે, ભવ્ય પ્રાણીઓનાં ચિત્ત કેવળીમહારાજની ધર્મદેશનામાં એકતાન થઇ ગયાં છે અને એકી રસે, સર્વ ભગવદ્વચનરસ ઝીલી રહ્યા છે, તેવે વખતે મારા લશ્કરનો મોટો અવાજ રસ્તા ઉપર થવા લાગ્યો.[1] અવાજ વધતો જ ચાલ્યો અને ગડબડાટ વધવા લાગ્યો એટલે આખી મંડળીના કાન ઊંચા થઇ ગયા.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

એ વખતે સુલલિતાએ મહાભદ્રાને પૂછ્યું "ભગવતિ! આ આવડો મોટો અવાજ શેનો છે? આટલી ગડબડ શેની છે?" એટલે મહાભદ્રા સાધ્વીએ ભગવાનના મુખ તરફ નજર કરી સુલલિતાને જવાબ આપ્યો કે "મને એ બાબતની ખબર નથી. હું તે વાત જાણતી નથી." સમંતભદ્રાચાર્યે આ પ્રસંગ હાથમાં લઇ લીધો, તેમણે જોયું કે સુલલિતા રાજપુત્રીને અને પુંડરીક રાજકુંવરને પ્રતિબોધ કરવાનો આ યોગ્ય પ્રસંગ પ્રાપ્ત થયો છે, એટલે તેઓ બોલ્યા "અરે મહાભદ્રા! તને ખબર નથી કે આ તો મનુજગતિ નામની પ્રસિદ્ધ નગરી છે અને જેમાં આપણે બેઠા છીએ તે તે નગરીમાં આવેલો મહાવિદેહ નામનો બજાર છે. વાત એમ બની છે કે સંસારીજીવ નામનો એક મોટો ચોર છે તે આજે ચોરીના મુદ્દામાલ સાથે પકડાઇ ગયો. એને દુષ્ટાશય વિગેરે સિપાઇઓએ પકડી જકડીને તુરત જ કર્મપરિણામ મહારાજા સમક્ષ મુદ્દામાલ સાથે રજુ કર્યો. ન્યાય ચૂકવવા બેઠેલા મહારાજાએ તે જ વખતે કાળપરિણતિ સ્વભાવ વિગેરે પોતાના સંબંધીવર્ગને પૂછી તેમની સલાહ અનુસાર એ ચોરને દેહાંતદંડની સજા કરી, એને ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો. અત્યારે એ સંસારીજીવની આસપાસ અનેક રાજપુરુષો ફરી વળેલા છે, બજારમાં થઇને મોટા કલકલ અવાજ-

[1] જુઓ પૃ. ૨૯૭. પં. ૧૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વક એને નગરીની બહાર કાઢવામાં આવે છે અને પાપીપંજર[1] નામને સ્થાને ફાંસીએ ચઢાવવાની જગ્યા છે ત્યાં તેને લઇ જવામાં આવે છે, ત્યાં લઇ ગયા પછી એને ખૂબ માર મારીને પ્રાણરહિત કરવામાં આવશે. અત્યારે એને વધસ્થાનકે લઇ જવામાં આવે છે તેનો આ અવાજ છે."

સુલલિતા તો ભગવાનનો આવો વિચિત્ર ખુલાસો સાંભળીને સડક જ બની ગઇ. એને એ દરેક બાબત ઘણી આશ્ચર્યજનક લાગી. ભોળી હોવાથી તુરત જ મહાભદ્રા તરફ મુખ રાખી બોલી "ભગવતિ! અરે આપણે તો અત્યારે શંખપુર નગરમાં છીએ, આ કાંઇ મનુજગતિ નગરી નથી અને આપણે તો ચિત્તરમ ઉદ્યાનમાં છીએ, આ કાંઇ મહાવિદેહ બજાર નથી; વળી અહીં શ્રીગર્ભરાજા છે, અહીં કાંઇ કર્મપરિણામ રાજા નથી!! છતાં મહારાજશ્રી આ શું બોલે છે?"

તે સાંભળી આચાર્ય કેવળી બોલ્યા "ધર્મશીલ સુલલિતા! તું અગૃહીતસંકેતા છો,[2] તને આ વાતનો અંદરનો ભાવાર્થ (સંકેત) પ્રાપ્ત થયો નથી તેથી જ તું મારી વાતનો પરમાર્થ જાણતી નથી."

સુલલિતાએ મહારાજનાં એવાં વચન સાંભળી વિચાર કર્યો કે કેવળી ભગવાને તો મારૂં નવું નામ પાડ્યું! પછી એ તો મૌન બેસી રહી પણ એના ચહેરા પર આશ્ચર્યના ભાવો અને ભોળપણનાં ચિહ્નો સ્પષ્ટ દેખાવા લાગ્યાં અને ભગવાને કરેલી વાત તે જરા પણ સમજી ન હોય તેમ લાગ્યું.

### વધમોચનનો ઉપાય.
### દુઃખીશરણ ભગવાન.
### કથાઉપર સંપ્રત્યય.

વિચક્ષણ મહાભદ્રા તો વાતનો સાર તુરત જ પામી ગઇ. ભગવાને જે ગૂઢ શબ્દમાં વાત કરી તેની અંદર રહેલ રહસ્ય તેના સમજવામાં આવી ગયું. એણે વિચાર કર્યો કે ભગવાને કોઇ પાપ કરનાર અને તેને પરિણામે નરકગતિમાં જનાર જીવનો નિર્દેશ કર્યો હોય એમ સ્પષ્ટ જણાય છે. આવા વિચારથી મહાભદ્રા જે દયાની તીવ્ર લાગણીવાળી હતી તેને બહુ કરૂણા આવી. તેથી નીચે પ્રમાણેની વાતચીતનો પ્રસંગ ઉપસ્થિત થયોઃ—

૧ પાપીપંજરઃ પ્ર. ૪ પ્ર. ૨૭.

૨ આ વિશેષણ છે. न गृहीतं संकेतं यया सा अगृहीतसंकेता.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાભદ્રા—"ભગવન્! ચોરને મારી નાખવાને સ્થાનકે લઇ જવામાં આવે છે એમ આપશ્રીએ જણાવ્યું, તો સાહેબ! એ ચોર કોઇ રીતે છૂટી શકે ખરો કે નહિ? તે જણાવવા કૃપા કરો."

આચાર્ય કેવળી—"એને તારૂં દર્શન થશે અને એ અમારી સમક્ષ આવશે ત્યારે એનો [1]મોક્ષ-છૂટકારો થશે."

મહાભદ્રા—"તો ભગવન્! હું એની સામે જઉં?"

આચાર્ય કેવળી—"હા જાઓ. એમાં જરા પણ વાંધા જેવું નથી."

પછી અત્યંત કરૂણાથી ભરપૂર હૃદયવાળી મહાભદ્રા મારી સન્મુખ આવી, મારી નજીક આવી અને મને કહેવા લાગી "ભદ્ર! ભગવાન્ સદાગમ મહાત્માનું શરણ લે." આ પ્રમાણે કહેવાની સાથે જ એ મહાભદ્રા પ્રવર્ત્તિની મને ભગવાનની સમક્ષ લઇ આવ્યા. આખી પરિષદે મને મારવાને સ્થાનકે લઇ જવાતાં ચોરના આકારમાં અને વેશમાં જોયો. જે વખતે મેં ભગવાનને દૂરથી જોયા તે વખતે મુખેથી વર્ણવી ન શકાય તેવા સુખના રસમાં હું પડી ગયો, લદબદ થઇ ગયો અને એ રસની સુંદર અસરને લઇને મને મૂર્છા આવી ગઇ.

જ્યારે પાછો હું તુરતમાં સાવધાન થયો ત્યારે મેં ભગવાનનું શરણ લઇ લીધું, ભગવાનનો આશ્રય સ્વીકારી લીધો અને ભગવાને પણ 'બીશ નહિ' એટલું વચન બોલીને મને આશ્વાસન આપ્યું. ભગવાનના વચનથી મને અભયદાન મળી ગયું. પેલા રાજપુરૂષો (દુષ્ટાશય વિગેરે) જેઓ મને વધ કરવાને સ્થાનકે લઇ જવા સારૂ આવ્યા હતા અને મારી સાથે હતા તેઓ તો ભગવાનના ભયથી દૂર જ નાસી ગયા. મને પકડનારા તેઓ દૂર થઇ ગયા અને ભગવાનની શાંત મુદ્રા મારી સન્મુખ રહી એટલે થોડા વખતમાં જ હું સાવધાન થઇ ગયો. પછી તેં મને મારો વૃતાંત પૂછ્યો અને મેં પણ આ ભગવાન્ સમંતભદ્રનો, મહાભદ્રાનો, પુંડરિકનો અને તારો પોતાનો આખો હેવાલ વિસ્તારથી કહી સંભળાવ્યો. જો કે તારો પોતાનો હેવાલ તો તારા ખાસ જાણવામાં છે, તેં અનુભવેલો છે, છતાં તારી પોતાની ચોક્કસ ખાતરી કરવા માટે અને તને લાભ થાય તેટલા સારૂ મેં તને ફરીથી કહી સંભળાવ્યો છે, એનો ખાસ હેતુ એ છે કે તને બરાબર પ્રતીતિ થાય કે આ પ્રાણી (પોતે-સંસારીજીવ) જે વાત કરે છે તે ચોક્કસ નિર્ણય થયેલી વાત જ કહે છે અને તેમ થાય ત્યારે જ તને બીજી સર્વ બાબતો ઉપર પણ પાકો ભરોસો બેસે. કહે, હવે તને મારી વાત ઉપર ભરોસો બેઠો?

---

૧ મોક્ષઃ શબ્દ અત્ર બેવડા અર્થમાં વપરાયલો છે તે સમજી લેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આટલું બોલી સંસારીજીવ-અનુસુંદરચક્રી ચૂપ રહ્યો. છેલ્લા ચાર પ્રકરણથી જે વાર્તા ચલાવી હતી અને રહસ્ય સમજાવવું હતું તેની આ પ્રમાણે પીઠિકા કરીને એ મૌન રહ્યો.

*　　*　　*　　*

### શંકાનું સમાધાન.
### ચોર સ્વરૂપ ધારણ.
### તેમ કરવાનાં કારણો.

મુદ્દાસરના સવાલ સીધી રીતે સુલલિતાને પૂછવાની જરૂર એ હતી કે એ વાતનું રહસ્ય જરા પણ પામી છે કે નહિ તે બાબતનો ખ્યાલ આવે. ભોળી સુલલિતા તુરત જ બોલી ઉઠી “મારે આત્મગોચર એવી એ હકીકતનો ખરેખરો ભરોસો મને બેઠો છે. પણ હવે મારા મનમાં એક જ સંદેહ છે તે વાતનો ખુલાસો હું સમજી શકતી નથી. તે સંદેહ આ છે કે જો તું પોતે જ અનુસુંદર નામનો ચક્રવર્તી છે તો અત્યારે આવું ચોરનું સ્વરૂપ અને ચોરનો આકાર તેં શા માટે ધારણ કર્યો છે? આ મારી શંકાનું તું સમાધાન કર.”

સંસારીજીવે તેનો સવાલ બરાબર સાંભળી લીધો અને પછી તુરત જ તેનો જવાબ આ પ્રમાણે આપ્યો.-“ભદ્રે! તને પ્રતિબોધ આપવા માટે મેં આવું બહારથી ચોરનું રૂપ ધારણ કર્યું છે. એ વાત તને જરૂરી વિગતો સાથે જણાવું એટલે તારા ખ્યાલમાં આવી જશે. જો, યાદ કર. પ્રથમ તને એમ કહેવામાં આવ્યું હતું કે સંસારીજીવ નામનો ચોર જે ચોરીના મુદ્દામાલ સાથે પકડાઇ ગયો છે તેને કર્મપરિણામ રાજાએ ન્યાય આપ્યો છે અને અત્યારે તેને વધ કરવાને સ્થાનકે લઇ જવામાં આવે છે તેનો એ અવાજ છે. ( પૃ. ૧૯૯૦-૧ ) એ પ્રમાણે તને અહીં વાત કર્યા પછી મહાભદ્રા પ્રવર્તિની મારી પાસે આવ્યા, તેના દર્શનની કૃપાથી મને પ્રતિબોધ થયો, એટલે તે જ વખતે મેં મારા મનમાં વિચાર કર્યો કે એ અત્યંત વિશાળ પ્રજ્ઞા (બુદ્ધિ)વાળી મહાભદ્રા ( પ્રજ્ઞાવિશાળા ) ભગવાને જણાવેલું મારૂં અંતરંગ ચોરીનું સ્વરૂપ બરાબર સમજી ગઇ છે અને તેથી ઉપર ઉપરથી મારૂં ગમે તેવું રૂપ હોય પણ અંદરખાનેથી મારૂં ચોરપણું છે તે તે બરાબર જાણી ગઇ છે, પરંતુ પેલી સુલલિતા વાતની અંદરનો સંકેત જરા પણ ગ્રહણ કરી શકી નથી ( અગૃહીતસંકેતા છે ), એને એ બાબતનો સહજ પણ ખ્યાલ આવ્યો નથી તેથી જો અત્યારે હું ચક્રવર્તીનું રૂપ ધારણ કરીને ગુરૂમહારાજ પાસે જઇશ તો જરૂર એ બાપડીને (તને) ગુરૂમહાજના વચનપરથી વિશ્વાસ ઉઠી જશે, જરૂર એને એ બાબતમાં શક પડી જશે, કારણ કે એ બાપડી જરા પણ શુદ્ધ આગમ ( સદાગમ ) જા-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ણતી નથી અને તેથી એને ખબર નથી કે આ પ્રાણી ચક્રવર્તી છે તેને જ એ શુદ્ધ આગમે ચોર તરીકે વર્ણવ્યો છે, વાસ્તવિક રીતે તસ્કર તરીકે તેને ઓળખાવ્યો છે. વળી મને તે વખતે એમ પણ જણાયું કે રાજકુમાર પુંડરીકને પણ એ જ દ્વારાએ પ્રતિબોધ થશે, કારણ કે એ ભવ્યપુરૂષ છે અને સારી મતિ (બુદ્ધિ)વાળો (સુમતિ) છે[1] તેથી જ્યારે એ મારો આખો હેવાલ અથથી તે ઇતિ સુધી સાંભળશે ત્યારે તેનો અંદરનો ભાવાર્થ તે પણ બરાબર સમજી જશે અને ત્યાર પછી તેને પણ આ સર્વ હકીકત અને તેની અંદરનો અભિપ્રાય બરાબર સમજાશે. એને પરિણામે એ રાજકુમારને પણ પ્રતિબોધ થશે–આવા વિચારને પરિણામે વૈક્રિય લબ્ધિના[2] જોરથી મારા અંતરંગ વર્તનને સૂચવનારૂં બહારનું ચોરનું રૂપ મેં કરી લીધું અને ચોરનો સર્વ આકાર ધારણ કરી લીધો."

## અંતરંગ ચૌર્યસ્વરૂપ.

ચોરસ્વરૂપધારી અનુસુંદરચક્રી આટલો ખુલાસો કરી ચૂપ રહ્યા એટલે વળી સુલલિતાના મનમાં બીજા ઘણા સંદેહો એકી સાથે થઇ આવ્યા એટલે તેણે પણ બરાબર વખત જોઇ ખુલાસા પૂછી લીધા. ભોળા માણસો પોતાના મનમાં જે શંકા થાય તે તુરત બોલી નાખે છે. સુલલિતાએ પૂછ્યું–" અરે, અંતરંગ ચોરી જે તમે કરી કહો છો તે કેવા પ્રકારની છે? એ ચોરી માટે આટલી બધી પીડાઓ અને ત્રાસો શા માટે થાય છે? આ તમારો પોતાનો આત્મગત અને બીજાનો આટલો બધો લાંબો હેવાલ તમે પોતે કેવી રીતે જાણ્યો? આ સર્વ બાબતો મને ખુલાસા સાથે વિગતવાર જણાવવા કૃપા કરો. તમારી વાત તદ્દન નવીન પ્રકારની છે, સાંભળતાં કુતૂહળ ઉત્પન્ન કરે તેવી છે અને જેમ વધારે બોલો છો તેમ તેમાં રસ પડતો જાય તેવી છે."

JAINSITE.com જૈન સાહિત્ય

૧ ચારે પાત્રોનાં નીચે પ્રમાણે નામો થયાં હતાં.

| | |
|---|---|
| મહાભદ્રા: | પ્રજ્ઞાવિશાળા. |
| સુલલિતા: | અગૃહીતસંકેતા. |
| સમંતભદ્ર: | સદાગમ. |
| પુંડરીક: | ભવ્યપુરૂષ. |
| | યાને સુમતિ. |

આ સર્વનાં કારણો પણ આ ખુલાસામાં જણાવી દીધાં તે રહસ્ય સમજી લેવું.

૨ **વૈક્રિય લબ્ધિ:** એ એક જાતની શક્તિ છે. એનાથી મનમાં આવે તેવાં નવાં નવાં બહારનાં રૂપો ધારણ કરી શકાય છે. દેવતાઓને આ શક્તિ જન્મસિદ્ધ હોય છે, મનુષ્ય આ શક્તિ તપના કે મંત્રના જોરથી મેળવી શકે છે એમ શાસ્ત્ર અને યોગ ગ્રંથોથી જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુસુંદરે સર્વે સવાલો ધારી લીધા અને પછી પોતાની વાતનો બાકીનો ભાગ સંપૂર્ણ કરવાના હેતુથી અને અગૃહીતસંકેતા( સુલલિતા )ને બોધ કરવા સારૂ તેણે જણાવ્યું "વાત એમ બની કે છેલ્લા ગ્રૈવેયકથી હું ચવ્યો અને સુકચ્છવિજયમાં ક્ષેમપુરી નગરીમાં યુગંધર રાજા અને નલિની રાણીના પુત્ર તરીકે હું ઉત્પન્ન થયો.[1] મારૂં અનુસુંદર નામ પાડવામાં આવ્યું. જે વખતે મારા નામકરણનો વિધિ ચાલતો હતો તે વખતે દેવી ભવિતવ્યતાએ મહામોહ વિગેરે રાજાઓને ઉત્સાહ[2] આપતાં કહ્યું 'ભાઇઓ ! આ અનુસુંદરથી સમ્યગ્દર્શન અત્યારે ઘણો દૂર છે, ત્યાં સુધીમાં તમારો સ્વાર્થ સાધવા માટે તમારે જે જે પ્રયત્નો કરવા હોય તે તે સર્વે કરી લો. જો એક વખત કોઇ પણ પ્રકારે એ ( અનુસુંદર ) એને ( સમ્યગ્દર્શનને ) મળી જશે--પ્રાપ્ત કરશે તો પછી પેલો એકદમ પોતાના વર્ગનું જોર વધારી મૂકશે અને પછી તો અગાઉની માફક તે ( સમ્યગ્દર્શન ) તમને વચ્ચે નડ્યા જ કરશે અને આ અનુસુંદર પણ પીડા કરનારો થઇ પડશે. અત્યારે તો એ તમને બહુ ઓછી મહેનતે વશ થઇ જશે, તમારા કબજામાં બહુ ઓછા પ્રયત્ને આવી જશે, પણ જો એક વખત સદ્બોધ વિગેરે એની સહાયમાં એની આસપાસ ફરી વળ્યા તો પછી એને ગ્રહણ કરવો ઘણો મુશ્કેલ થઇ પડશે; માટે હાલ તમે લોકો ગમે તેમ કરીને એને તમારે વશ કરી લો અને તેમ કરીને નિરાકુળપણે ચિત્તવૃત્તિનું સામ્રાજ્ય તમારા હાથમાં લઇ લો. આ બાબતમાં ગફલતી કરશો તો પસ્તાશો.'

ભવિતવ્યતા મર્મદર્શન.

"ભવિતવ્યતાની સૂચના મહામોહના આખા સૈન્યે સ્વીકારી લીધી, ઉપાડી લીધી અને તેને અમલમાં મૂકવાનો આરંભ કરી દીધો. એને લઇને હું તદ્દન અણસમજુ બાળક હતો ત્યારથી જ તેઓ સર્વ મને વીંટાઇને બેઠા અને ચારે બાજુએથી મને વળગવા લાગ્યા. મને પોતાને વશ રાખવાના અનેક યત્નો અને યુક્તિઓ ચાલુપણે કરતા રહ્યા. તેઓએ મારી બુદ્ધિને અને મારી ચેતનાને એટલી બધી અંધ બનાવી દીધી

બાલ્યકાળથી મોહપરાયણ.

---

૧ જુઓ પ્રકરણ ૧૨ ( ચાલુ પ્રસ્તાવ ).

૨ ભવિતવ્યતાએ પૃ. ૧૯૪૩-૪ માં તક આવ્યે જણાવવા વચન આપ્યું હતું તે કામ તેણે એક વાર તો ચાલુ પ્રસ્તાવના પ્રકરણ દશમાં પૃ. ૧૯૫૯ માં કર્યું અને હવે તે કાળથી શરૂ થયેલી હાનિ ફરી વાર કરી લે છે. બહુ સમજવા યોગ્ય આ પરિસ્થિતિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે હું તો આખો વખત એ મહામોહના પરિવારની વચ્ચે બેસી રહ્યું અને મારા ખરા બંધુઓ કોણ છે તેઓને ઓળખવાનો કે મળવાનો પ્રયત્ન પણ કરું જ નહિ-એવી રીતે હું તો એ મહામોહ અને તેની સેના સાથે તન્મય થઇ ગયો, એકાકાર થઇ ગયો, એકસ્વરૂપ થઇ ગયો.

પાપાર્જન પરાયણ.

"પછી તો એ મોહરાજે અને એના સર્વ પાપી ટોળાએ પોતાનું જોર બરાબર એકઠું કર્યું અને મારા ઉપર પોતાની શક્તિ બરાબર અજમાવી, પરિણામે હું ફરીવાર પાછો પાપ એકઠું કરવામાં તત્પર બની ગયો, પાપનો પરિચય વધારતો ચાલ્યો અને પાપમાં રચી પચી રહ્યો, ટુંકામાં કહું તો હું 'પાપાર્જન પરાયણ' થઇ ગયો: જ્યારે હું કુમારઅવસ્થામાં હતો તે વખતે માંસભક્ષણ કરવા લાગ્યો, મદ્યપાન (દારૂનું પીવું) કરવા લાગ્યો, જુગટું રમવા લાગ્યો અને પ્રાણીઓને અનેક પ્રકારની પીડાઓ આપવાનાં કામમાં હોંસથી ભાગ લેવા લાગ્યો; જ્યારે હું યૌવનઅવસ્થામાં આવ્યો ત્યારે લોકોની સ્ત્રીઓને, કન્યાઓને અને વિધવાઓને તેમ જ વેશ્યાઓને સતાવતો રહ્યો અને એવા એવા જુવાનીમાં અનેક ગુન્હાઓ કરતો ચાલ્યો; જ્યારે હું ચક્રવર્તીપણું પામ્યો ત્યારે મેં મોટા મોટા આરંભો કરવા માંડ્યા, હું મહાપરિગ્રહમાં આસક્ત થયો અને શિકાર કરવામાં નિરંતર આસક્ત રહેવા લાગ્યો; આવી રીતે સર્વ બાજુએ અને સર્વ સ્થાનકે ધનદોલતસંપત્તિમાં અને ઇંદ્રિયના વિષયોમાં હું મૂર્છા પામ્યો, અત્યંત આસક્ત થયો અને બાહ્ય નજરે હું ઘણો સુખી હોઉં એમ તેની આસક્તિઓને લીધે દેખાયા કર્યું-આવા વાતાવરણને અંગે પેલા મહામોહ વિગેરે મારા ભાવશત્રુઓ હતા તેઓને મેં મારા ખરા બંધુઓ માન્યા અને મારો અગાઉનો વૃત્તાંત થોડા વખતને માટે તો હું તદ્દન જ વિસરી ગયો.

પાપોનાં પરિણામ.

"આવી રીતે પેલા પાપમિત્રોનો પ્રસાર મારા સંબંધમાં વધતો ચાલ્યો એને પરિણામે મેં મારી ચિત્તવૃત્તિ અટવીને ઘણી જ મલીન બનાવી દીધી, ચારિત્રરાજના આખા લશ્કરને હાર પામેલાની સ્થિતિમાં દબાયલું જ રાખ્યું, એ આખા લશ્કરને ચોતરફથી ઘેરાયેલી હાલતમાં અંદર જ રાખી મૂક્યું, ક્ષાંતિ વિગેરે અંતરંગ અંતઃપુરની સ્ત્રીઓને અણમાનીતી કરી તદ્દન ઉવેખી મૂકી, મોટા રાજા તરીકે અને પ્રભુ તરીકે બહારના ભાગમાં હું વિકાસ પામતો ચાલ્યો, કર્મપરિણામ રાજાનું રાજ્ય વધારે પ્રકાશમાં આવવા લાગ્યું, પાપોદય વધારે બળવાન્ થતો ચાલ્યો, મહામોહરાજાનું આખું લશ્કર વધારે જોરમાં આવી કૂદાકૂદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા લાગ્યું. તેઓએ તો વળી પોતાનાં નગરો વિગેરે પણ ફરી વાર સ્થાપન કરી દીધાં, વળી તેઓએ [1]પ્રમત્તતા નદીમાં મોટું પૂર આણી તેને બે કાંઠે કરી મૂકી,[2] એ નદીમાં જે તદ્દલસિત બેટ હતો તેનો વિસ્તાર પણ વધારી મૂકયો ચિત્તવિક્ષેપમંડપને શોધીને વધારે સ્વચ્છ બનાવી દીધો, તે મંડપમાં તૃષ્ણા નામની વેદિકા હતી તેને સમારી તૈયાર કરી દીધી, તેનો ઉપર વિપર્યાસ નામનું સિંહાસન હતું તેને નવીન સંસ્કાર આપી તૈયાર કરી દીધું, મહામોહરાજે પોતાના અવિદ્યા નામના શરીરને પોષણ કરીને પુષ્ટ બનાવી દીધું અને આવી રીતે સર્વ સામગ્રીઓ હાજર તો હતી જ તેને સમારીને-રિપેર કરી કરાવીને બરાબર નવી કરી દીધી.

મંત્રીની પ્રેરણા.

"એ પ્રમાણે સર્વ સામગ્રી તૈયાર થઇ ગયા પછી અંદર અંદર વિચારણા ચાલી, પર્યાલોચ થયો, અભિપ્રાયની આપલે થવા લાગી. કેટલીક ચર્ચા થયા પછી વિષયાભિલાષમંત્રીએ પોતાનો અભિપ્રાય જણાવતાં કહ્યું: 'અરે રાજાઓ! મિત્રો! તમે સર્વ મારા વચન પર પૂરતો વિચાર કરજો. અગાઉ તમે એક વાર સજ્જડ હાર ખાઇ બેઠા હતા, ધોળે દિવસે તમે અગ્નિના ભડકા જોયા હતા, એ સર્વ તમને યાદ હશે; તેથી મારે શા માટે ફરી વાર તે વાત તમને યાદ આપવી પડે! તમે અગાઉ આ બાબતમાં જરા ઓછી દરકાર કરી હતી તેના પરિણામે તમારો લગભગ નાશ થઇ ગયો હતો, તેથી આવી મહત્ત્વની બાબતમાં જરા પણ ગફલતી કરવી કે મંદ આદર કરવો એ કોઇ પણ રીતે યોગ્ય નથી. મને ખાતરી છે કે તમે હવે આ બાબતમાં ઓછી કાળજી તો નહિ જ રાખો. તમે હવે તો બરાબર એવી રીતે પ્રયત્ન કરવા લાગી જાઓ કે જેથી આપણું રાજ્ય કોઇ પણ પ્રકારના કંટક વગર હમેશને માટે સ્થાપન થઇ જાય અને આપણી સ્થિતિ ચોક્કસ થઇ જાય.' વિષયાભિલાષમંત્રીએ જે વિચાર બતાવ્યો તે મહામોહના આખા સૈન્યને પસંદ આવ્યો. તેઓએ સવાલ કર્યો કે 'એ પ્રસંગે તેઓએ ખાસ કરીને શું શું કરવું પ્રાસંગિક ગણાય?' જેના જવાબમાં વિષયાભિલાષમંત્રીએ તત્કાળકર્તવ્યકાર્યો જણાવી દીધાં. આ રીતે તેઓની અંદર અંદરની સલાહ પૂરી થઇ.

જૈન સાઈટ JAINSITE

૧ આ પ્રમત્તતા નદી બેટ વિગેરે સર્વ નામો ચોથા પ્રસ્તાવમાં આવી ગયાં છે, વાચનારાઓને તે નામનો પરિચય સ્મરણમાં હશે જ.

૨ નદીમાં મોટું પૂર આવે ત્યારે નદી 'બે કાંઠે થઇ' કહેવાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોરી-સજા. વધસ્થાનકે.

"ત્યાર પછી હું ઉત્સાહમાં આવ્યો અને તેઓના જ ઉપદેશથી તે જ ક્ષેત્રમાં રહેલું કાર્મણ વર્ગણાનું બનેલું કર્મપરિણામ રાજા સંબંધી અકુશળ (પાપ) નામનું દ્રવ્ય[1] હતું તે મેં પુષ્કળ ગ્રહણ કર્યું-ઉપાડ્યું, તેઓએ તે મારી પાસે ગ્રહણ કરાવ્યું-ઉપડાવ્યું અને પાછો તેઓએ જ મને કર્મપરિણામ રાજા પાસે ચોર તરીકે જાહેર કર્યો. કર્મપરિણામ રાજાએ તુરત જ હુકમ કર્યો કે 'એને અનેક પ્રકારની વિડંબના આપતાં આપતાં પાપિપંજરમાં લઇ જાઓ અને ત્યાં એને સારી રીતે હેરાન કરો, ત્રાસ આપો અને અતિ માર મારી મારી નાંખો.' રાજાનો આવો હુકમ સાંભળીને તેના અધમ સેવકો ઘણા રાજી થયા. ત્યાર પછી તેઓએ કર્મ નામની ભસ્મ-રાખ મારા આખા શરીરે લગાડી,[2] રાજસી સોનાગેરૂના થાપા મારી ચામડી પર લગાવવામાં (છાપવામાં) આવ્યા, તામસી ઘાસની મશના (કાળા) ચાંડલાઓ મારા આખા શરીર પર કરવામાં આવ્યા, મારી ડોકમાં પ્રબળરાગકલ્લોલપરંપરા નામની કણેરના બોડકાની માળા પહેરાવવામાં આવી, વળી કુવિકલ્પસંતતિ રૂપ એક રામપાતર (કાડીઆ)ની બીજી મોટી માળા મારા હૃદય સુધી

---

૧ અકુશળદ્રવ્યઃ આ ઘણું સુંદર રૂપક છે. અકુશળ દ્રવ્ય એટલે 'પાપકર્મ.' કર્મની પૌદ્ગલિક વર્ગણા હોય છે, ઘણી જ સૂક્ષ્મ હોય છે, આખા ક્ષેત્રમાં તે ભરેલી હોય છે. પ્રાણી દરેક સમયે કર્મ બાંધે ત્યારે આત્મા એ વર્ગણા ગ્રહણ કરે છે અને તે વખતે તેનાં પ્રકૃતિ સ્થિતિ રસ અને પ્રદેશ નિર્ણિત થાય છે. એ કર્મવર્ગણા કર્મરાજાની જ હોય છે અને તે જ પ્રાણીને સંસારમાં અનેક પ્રકારના અનુભવો કરાવે છે અને રખડાવે છે. એ કર્મરાજાનું ધન છે અને એના પરિણામે પ્રાણી કર્મની જ સજા ભોગવે છે. આ અકુશળદ્રવ્યને પ્રાણી કર્મરાજાના માણસોની પ્રેરણા-ઉપદેશથી જ ગ્રહણ કરે છે અને તે એકઠા કરવાનું કાર્ય તે જ તેની ચોરી છે. એ ચોરીને પરિણામે એ મુદ્દામાલ સાથે પકડાય છે અને એને સજા થાય છે તે કર્મનો ઉદય સમજવો. આમાં સૃષ્ટિક્રમ, વિકાસક્રમ અને સૃષ્ટિકર્તૃત્વ આદિ સર્વ બાબતોનો નિકાલ થઇ જાય છે.

૨ કર્મ નામે ભસ્મ-રાખ આખા શરીરે ચોળી, રાજસી અને તામસી વૃત્તિ બતાવનાર હાથાઓ અને ચાંડલાઓ મારા આખા શરીર પર કરવામાં આવ્યા (એમાં સાત્વિક ભાવનો અભાવ છે તે ખાસ લક્ષ્યમાં લેવા યોગ્ય છે), ડોકમાં ગુલાબ ચંબેલીની નહિ પણ કણેરના તુચ્છ ખોટા ફૂલની માળા પહેરાવી તે પ્રબળ રાગકલ્લોલ-રાગના-મોહના ઉછાળાને બતાવનારી હોય તેવી બનાવી દીધી હતી, અનેક કુવિકલ્પોને બતાવનાર શરાવળાની-કોડીઆ-રામપાતરની બીજી લાંબી માળા અર્થસૂચક રીતે બનાવી દીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લટકાવી દેવામાં આવી.[1] [2]મારા માથા ઉપર પાપાતિરેક નામની ખોખરી-બોદી ઠીબ ધારણ કરવામાં આવી, મારા સ્વરૂપ ગળામાં ચોરેલ ધન ( અકુશળ નામનું ) લટકાવવામાં આવ્યું, અસદાચાર નામના મોટા ગધેડા ઉપર મને બેસાડવામાં આવ્યો, મારી ચારે બાજુએ જમ જેવા દુષ્ટાશય વિગેરે મોહરાજાના રાજપુરૂષો ફરી વળ્યા, વિવેકી લોકો મારી નિંદા કરવા લાગ્યા, કષાય નામના છોકરાઓ મારી ચારે બાજુએ કળકળાટ અને અવાજ કરી રહ્યા હતા, હું મારી પડખે શબ્દ વિગેરે ઇંદ્રિયના સંભોગ નામનો અત્યંત ખરાબ નગારાનો અવાજ સાંભળી રહ્યો હતો, બહિરંગ પ્રદેશમાં રહેલા લોકોના વિલાસ રૂપ તોફાની માણસો અટ્ટહાસના અવાજ સાથે મારી મશ્કરી અને ઉશ્કેરણી કરી રહ્યા હતા-એવા આકારમાં મને જાણે મારો આખો દેશ બતાવવામાં આવતો હોય તેવા બ્હાના તળે મહામોહ વિગેરે રાજાઓએ મહાવિદેહના બજારમાર્ગમાં મને બહાર કાઢ્યો અને મને વધ કરવાના સ્થાનની સન્મુખ લઇ જવા માંડ્યો. આવા આકારમાં મને આ સ્થાન ( ચિત્તરમ ઉદ્યાન )ની નજીક આણવામાં આવ્યો.[3]

---

૧ અગાઉ કોઇ પ્રાણીને ફાંસી કે શૂળિએ ચઢાવવો હોય ત્યારે તેના શરીરે અત્ર લખી છે તેવી શોભા કરી તેને ગધેડા પર બેસાડી નગરમાં ફેરવી વધસ્થાનકે લઇ જવાનો નિયમ હતો. પાપિપંજરમાં મોકલવા પહેલા સંસારીજીવના પણ એવા હાલ કરવામાં આવે છે. આખું રૂપક બહુ વિચારવા યોગ્ય છે. પોતાના ઉપર લાગુ પાડવા જેવું છે. આપણા ઘણા શણગારો નારકીમાં જવાના રસ્તાપરના જ હોય છે તે વિચારવા. શરીરપરની ભસ્મ, કોડીની માળા, માથે ઠીબ, શરીરે મસના ચાંડલા, ગળામાં ચોરીનો મુદ્દામાલ અને ગધેડા પર સ્વારી-આ સર્વ પ્રત્યેક પ્રાણીને લાગુ પડે છે તે ખાસ સમજવા યોગ્ય છે.

૨ છત્રને સ્થાનકે પાપનું બાહુલ્ય બતાવનાર ખોખરી ઠીબ-માટીના ગોળાનો ખોખરો નીચેનો ભાગ (તળિયું) રાખવામાં આવ્યો. ફાંસીએ જતાં ચોરને માથે પણ એવીજ ખોખરી ઠીબ રાખવામાં આવતી હતી.

૩ પ્રસ્તાવ બીજાના છઠ્ઠા પ્રકરણમાં પૃષ્ઠ ૨૯૭ માં જે વાક્ય છે તેનો અત્ર આશય સમજાવ્યો. ચક્રીરાજા પોતાના દેશમાં ફરવા નીકળ્યો છે, મોટા શહેનશાહો અને વાઇસરોયો ગવર્નરો તેવી જ રીતે નીકળે છે. તે અંદરખાનેથી પાપિપંજર તરફ પ્રયાણ હતું તે અત્ર બહુ અસરકારક રીતે સમજાવ્યું છે. પૈસાની ધમાલમાં ગાજતા વ્યાપારીઓ, મોટા કેસો લડી રહેતા વકીલો, વીઝીટો પર જતા ડાક્તરો, મોટા કામો બાંધવા પર દેખરેખ રાખવા જતા ઈજનેરો, શેઠની નોકરી કરવા જતા નાના મોટા નોકરો, દલાલી કરતા દલાલો અને બૂમ પાડતા સટોડીઆઓ ક્યાં અને કેવા આકારમાં જાય છે, ત્યાં જવામાં અંદરખાનેથી તેમને કોણ પ્રેરે છે-તે સર્વ અત્ર વિચારી લેવું. સમજુને માટે-વિચારવાનને માટે-ભાવીભદ્રાત્માઓ માટે આટલો વિચાર સ્થિર ચિત્તે થાય તો આખા ગ્રંથનો આશય જળવાઇ રહેશે અને સમજાઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મહાભદ્રાને કરૂણા.**

"આવી રીતે જ્યારે મને વધસ્થાનકે ગધેડાપર બેસાડી લઇ જવામાં આવતો હતો અને મારી આસપાસ ચોકી માટે રાજપુરૂષો ફરી વળેલા હતા અને છોકરાઓ ગડબડ મચાવી રહ્યા હતા તે વખતે તમે લોકોએ (મહાભદ્રાએ અને સુલલિતાએ) મારા મોટા લશ્કરની ગડબડનો અવાજ સાંભળ્યો. તમારામાંથી સાધ્વી મહાભદ્રા મારી સામે આવ્યા. હવે તે વખતે મારા પોતાના આખા લશ્કરને પછવાડે મૂકીને હું આ ચિત્તરમ ઉદ્યાનમાં લીલામાત્રથી આવ્યો અને મારી સાથે રાજવલ્લભ-ખાસ પુરૂસો અને રાજપુત્રોને જ રાખ્યા. મારા સુંદર હાથી ઉપરથી હું રાતા અશોકના ઝાડ તળે ઉતર્યો અને આખા ઉદ્યાનને ચારે તરફ જોતાં તે ઘણું સુંદર જણાયું. એ ઉદ્યાન સારી રીતે જોવાની મારા મનમાં ઇચ્છા થઇ અને મેં તે માટે ચાલવાનો વિચાર કર્યો. મારી સાથેના રાજપુત્રો મને 'દેવ દેવ' એમ કહીને સુંદર ભાષામાં ચિત્તરમ ઉદ્યાનની શોભા બતાવી રહ્યા હતા તે વખતે દૂરથી આ ભાગ્યશાળી શ્રીમહાભદ્રાને આવતા મેં જોયા. તેઓએ ગુરૂમહારાજ પાસે વધસ્થાનકે લઇ જવાના પુરૂષનો વૃત્તાંત સાંભળ્યો હતો અને મારી પર કરૂણા લાવીને મારા તરફ આવતા હતા તે વાત મેં હમણા જ જણાવી છે. હું અનેક વસ્તુઓ જોઇ રહ્યો હતો ત્યાંથી મારી આંખ મેં પાછી ખેંચી લીધી. તેમના ઉપર મારી આંખો ખીલાની જેમ બંધાઇ ગઇ, તેમના તરફ જોવામાં રક્ત થઇ ગઇ, તેમના દેખાવ પર સ્થિર થઇ ગઇ. એ સાધ્વી જો કે જાતે તદ્દન નિઃસ્પૃહી હતા અને મહા ભાગ્યવાન્ ઉચ્ચઆશી મહાસત્ત્વશાળી હતા છતાં પૂર્વકાળના અભ્યાસને યોગે મારા તરફ પ્રેમાળ થયા, સ્નેહથી ખેંચાયા અને મને જોઇને ગુરૂમહારાજનું વચન વિચારતાં મારી નજીક આવ્યા અને હું નરકગામી જીવ છું એ વિચારથી અત્યંત કરૂણાપૂર્વક મારી સામું સ્થિર નજરે જોઇ રહ્યા.

**મહાભદ્રાને જાતિસ્મરણ.**

"[1]હવે કંદમુનિના સહવાસમાં જ્યારે હું ગુણધારણ હતો ત્યારે વારંવાર એના સંબંધમાં આવવાનું બનેલું અને એ પરિચયને અંગે એનું બહુમાન કરવાનો વારંવાર અભ્યાસ કરેલો હોવાથી, વિનયની અસર અને નિયંત્રણા

૧ આ પ્રસ્તાવનું પ્રકરણ ચોથું જુઓ. જ્યારે **સંસારીજીવ ગુણધારણ** હતો તે વખતે તેણે સ્વપ્નના અર્થ કંદમુનિને **આહ્લાદમંદિર** બગિચામાં પૂછ્યા હતા અને કેવળી નિર્મળાચાર્યે ખુલાસા કર્યા હતા તે જ **કંદમુનિનો જીવ મહાભદ્રા** થયેલ છે તે હકીકત પ્રકરણ ૧૩ માં આવી ગઇ છે આ **મહાભદ્રા** તે **પ્રજ્ઞાવિશાળા** છે અને અસલનો કંદમુનિનો જીવ છે. તે જ પ્રમાણે **સુલલિતા** તે **ગુણધારણની પત્ની મદનમંજરી** છે. આ વાત બરાબર લક્ષ્યમાં રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેણે તદ્દા કરેલી જાગૃતિ.

મારા પર મજબૂત હોવાથી, હૃદયમાં અંગીકારપણું દૃઢ થઇ ગયેલ હોવાથી, ગૌરવથી અત્યંત ભાવિત હૃદય હોવાથી, પ્રેમભાવનું અનુષ્ઠાન કરેલ હોવાથી મારા મનમાં વિચાર ઉત્પન્ન થયો કે-અહો ! આ ભગવતી સાધ્વી તે કોણ હશે ! એને જોઉં છું ત્યારે મારા હૃદયને આટલો બધો આહ્લાદ થાય છે, આંખો શીતળ થઇ જાય છે, શરીરને શાંત ભાવ પ્રાપ્ત થઇ જાય છે અને એ જાણે મને આખોને આખો અમૃતના કુંડમાં ઝબોળી દેતા હોય તેમ ઠંડો શાંત કરે છે. મેં તે જ વખતે તે જ વિચારની સાથે ભગવતી સાધ્વીને પ્રણામ કર્યા. તેમણે પણ મને 'ધર્મ-લાભ'નો આશીર્વાદ આપ્યો અને પછી બોલ્યા 'નરોત્તમ (ઉત્તમ મનુષ્ય)! આ મનુષ્યપણું મોક્ષને પ્રાપ્ત કરાવી આપે તેવું છે. તેવું મનુષ્યપણું પ્રાપ્ત કરીને આવે ઉન્માર્ગે ઉતરી ગયા છો તે ઠીક નથી; તમારે તો બીજે રસ્તે જ જવું જોઇએ. તમારા શા હાલ થાય છે તે જુઓઃ તમારાં પોતાનાં કર્મના અપરાધને લઇને તમે ચોરનો આકાર ધારણ કર્યો છે, તમને વધ કરવાને સ્થાનકે અત્યારે લઇ જવામાં આવે છે અને તમને અત્યારે પણ ઘણી ભાવવિડંબનાઓ કરવામાં આવે છે. ત્યારે મહારાજ !! આમાં તે રાજ્ય શું? અને વિલાસો શા? ભોગો ક્યા અને વિભૂતિઓ કઇ? અને એમાં નિરાંત કે સ્વસ્થતા ક્યાં જણાય છે? મહારાજ! મનમાં જરા વિચારો.' આટલું બોલતાં અને મને વધારે ધારીને જોતાં મહાભદ્રા સાધ્વીને પણ વિચાર થઇ ગયો અને વિચારને પરિણામે તેમને જાતિસ્મરણ[1] જ્ઞાન થયું. કંદ-મુનિના સમયથી માંડીને અત્યાર સુધીનો બધો સંબંધ અને તેને અંગેના પોતાના સર્વ પૂર્વ ભાવો તેમને તે વખતે સ્મરણમાં આવી ગયા. વળી તે જ વખતે શુભ અધ્યવસાયોને પરિણામે તેમને (મહા-ભદ્રાને) અવધિજ્ઞાન[2] પણ ઉત્પન્ન થયું. એટલે એણે અવધિજ્ઞાનના

પૂર્વસ્મરણો.

જોરથી મારું પૂર્વ ચરિત્ર પણ જોઇ લીધું. પછી તેમણે (મહાભદ્રા સાધ્વીએ) મને કહ્યું 'અરે રાજન્! યાદ કરો, જ્યારે તમે ગુણધારણ હતા ત્યારે મારી

---

૧ **જાતિસ્મરણ જ્ઞાનઃ** પોતે પૂર્વ કાળમાં કોણ હતા અને ક્યાં હતા તેનું સ્મરણ. એ મતિજ્ઞાનનો વિષય છે.

૨ **અવધિજ્ઞાનઃ** આ આત્મગોચર જ્ઞાન છે. એનાથી અમુક કાળથી અને અમુક હદ સુધીમાં બનેલા પૂર્વ કાળના બનાવો યાદ આવે છે, અન્ય સંબંધી હોય તે જોઇ શકાય છે. અવધિજ્ઞાનના અસંખ્ય પ્રકાર છે. એની હદ વધતી ઓછી હોય છે. 'અવધિ' એટલે હદ. એનો વિસ્તાર સાધારણ જિજ્ઞાસા માટે પ્રથમ કર્મગ્રંથની ગાથા છઠ્ઠીમાં જોઇ લેશો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે ઊંચા પ્રકારની ધાર્મિક લીલાઓ કરી રહ્યા હતા તે શું ભૂલી ગયા? પછી [1]ક્ષાંતિ વિગેરે કન્યાઓનું અંતઃપુર પ્રાપ્ત કરીને સુખની સગવડોથી ભરપૂર થઇ ગયા હતા અને આખરે ભાવરાજ્ય પર પણ ચઢી ગયા હતા તે વાત પણ વિસરી ગયા? અરે નિર્મળસૂરિએ તમને ઘણાં વચનો કહ્યાં હતાં, આખો અનંત ભવપ્રપંચ સમજાવ્યો હતો અને કાર્યસાધક કારણોની વિચારણા જણાવી દીધી હતી તે વાત પણ યાદિમાંથી ચાલી ગઇ? અરે ભાઇ! તમને ગ્રૈવેયક વિગેરેમાં જે ઘણાં સુખો મળ્યાં તે સર્વ પેલા સદાગમના શરણનો જ પ્રભાવ હતો તે વાત પણ ભૂલી ગયા? અરે રાજા! હવે મુઝાઓ મા, બુઝો! બુઝો! તમારા ઉપર કરૂણા લાવીને બોધ કરવા સારૂ-તમને સાચી વાત સમજાવવા માટે જ હું અત્યારે તમારી પાસે આવી છું.'

જીવવીર્ય સિંહાસને.

"મહાસાધ્વી મહાભદ્રા આ પ્રમાણે બોલી રહ્યા તે વખતે પોતાનો વખત જોઇને સદ્બોધમંત્રી પોતાની સાથે સમ્યગ્દર્શનને લઇને ફરી વાર પ્રવૃત્તિ કરવા લાગ્યા, હીલચાલ કરવા લાગ્યા, પરંતુ એ બાપડા તે વખતે પેલા હરામખોર અંતરંગ દુશ્મનોથી રોકાઇ ગયેલા હતા તેથી તેને જો કે મારી પાસે આવવાનું થયું મન થતું હતું પણ તે આખા રસ્તામાં તમસ (અંધકાર) હોવાથી મારી પાસે આવી શકતા નહોતા. તે વખતે ભગવતી મહાભદ્રાના વાક્યરૂપ સૂર્યના કિરણના સમુદાયથી પ્રેરાયેલ જીવવીર્ય નામનું શ્રેષ્ઠ સિંહાસન સૂર્યકાંત સમાન પ્રકાશિત થઇ ગયું. જેવું એ જીવવીર્ય સિંહાસન પ્રકાશિત થયું કે તેના પ્રકાશથી પેલો અંધકાર નાશ પામી ગયો અને એકદમ ચિત્તવૃત્તિ અટવીમાં બન્ને સૈન્યની મોટી લડાઇ શરૂ થઇ ગઇ. પેલા સદ્બોધ અને સમ્યગ્દર્શન તો તુરત જ પ્રકાશ જોઇને ઉપડ્યા, લડવા મંડી ગયા અને તેને ઘેરી લેનાર શત્રુવર્ગને ઝપાટામાં મારી હઠાવી મારી પાસે દોડ્યા આવ્યા.

ચારને જાતિસ્મરણ તથા અવધિજ્ઞાન.

"ઉપરની હકીકત બહુ જ થોડા વખતમાં બની ગઇ. તેઓ બન્ને (સદ્બોધ અને સમ્યગ્દર્શન) મારી પાસે આવ્યા અને હું તેઓને જોઉં છું ત્યાં તો મને વિચાર થઇ આવ્યો, મારા મનમાં તર્કવિતર્ક થવા માંડ્યા અને એમ કરતાં કરતાં આ ભગવતી શું બોલી રહ્યા છો તેનો મેં ખ્યાલ કર્યો. એમ ઉહાપોહ કરતાં અને અંતરને

---

[1] જુઓ પ્રસ્તાવ-પ્રકરણ સાત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોધતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે તે જ વખતે હું ગુણધારણ હતો તે વખતની અવસ્થા બરાબર યાદ આવી ગઇ. તે વખતે સદ્બોધમંત્રી જે મારી પાસે હમણા જ લડાઇ કરીને આવ્યા હતા તેણે પાછી પોતાની લડાઇ તો અંદર ચાલુ જ રાખી હતી. મારા મનના અધ્યવસાય ઊંચા પ્રકારના થતા જતા હતા તે જ વખતે એ સદ્બોધનો મિત્ર અવધિજ્ઞાન પોતાના દુશ્મનને[1] જીતીને મારી પાસે આવ્યો. એના બળથી તો મેં સંખ્યતા દ્વીપો અને સંખ્યાતા સમુદ્રો જોયા, સંસારનો મોટો પ્રપંચ હું જોઇ રહ્યો, જ્યારે હું સિંહાચાર્ય[2] હતો તે વખતે પૂર્વના જ્ઞાનનો મેં અભ્યાસ કર્યો હતો અને જે જ્ઞાન ત્યાર પછી વિસરાઇ–અવરાઇ ગયું હતું તે પણ પાછું યાદ આવ્યું, તે પરનું આવરણ ખસી ગયું, જ્ઞાન સાથે જ્ઞાનનો અને અભ્યાસનો અતિશય પણ જાગ્રત થઇ ગયો અને નિર્મળસૂરિએ અગાઉ મને જે આત્મસંસારવિસ્તાર વિગતવાર જણાવ્યો હતો[3] તે મારી નજર આગળ તરવરવા લાગ્યો, પ્રત્યક્ષ દેખાવા લાગ્યો. એ હકીકત ઉપર વધારે વિચાર કરતાં કરતાં મારો પોતાનો અસંખ્ય ભવથી પરિભ્રમણ કરવાનો આખો વૃત્તાંત યાદ આવ્યો. આ બધી હકીકત જોતાં અને ઉપર જે કારણો બોધ કરવાને અંગે જણાવ્યાં તેથી પ્રેરાઇને સુલલિતાને સત્ય દર્શન કરાવવા અને પુંડરીકને વસ્તુજ્ઞાન કરાવવા આવું ચોરનું રૂપ કરીને હું અહીં આવ્યો, અંદરથી તો વિડંબનાઓ ચાલુ જ હતી અને સદરહુ કારણસર બાહ્ય વિડંબનાની રચના કરીને મહાભદ્રા સાથે આવ્યો. ત્યાર પછી મારા સંબંધમાં શું બન્યું તે હે સુલલિતા! તું સારી રીતે જાણે છે! તેં મને જે જે પ્રશ્નો [4]ઉપર પૂછ્યા હતા તે સર્વના જવાબ આમાં આવી ગયા. સુલલિતા! તું મદનમંજરી પોતે જ છો તેથી મારા મનમાં

---

૧ અવધિ જ્ઞાનનો દુશ્મન અવધિજ્ઞાનાવરણીય કર્મ. તેને હઠાવે ત્યારે અવધિજ્ઞાન થાય. જ્ઞાન આત્માનો ગુણ છે, આવરિત હોય છે, આવરણ દૂર થયે પ્રગટ થઇ જાય છે.

૨ જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ૧૦ મું. સિંહ નામના સાધુ–આચાર્ય થયા ત્યાર પછી ગૌરવોથી અધઃપાત થયો હતો તે યાદ કરવું.

૩ જુઓ પ્રકરણ છઠ્ઠું ( ચાલુ પ્રસ્તાવ ). ત્યાં નિર્મળાચાર્ય કારણો પર વિવેચન વિસ્તારથી કરે છે અને સંસારનો પ્રપંચ બતાવે છે.

૪ આ પ્રકરણની શરૂઆતમાં ( પૃ. ૧૯૯૪ ) કરેલ સવાલોના જવાબ ટુંકામાં થઇ ગયા, અત્ર તે સંક્ષેપે છે અને સર્વ સંમીલનનો અધિકાર પ્રકરણ બારથી શરૂ થયો તે પણ અત્ર પૂરો થયો.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ચોરાકાર ધારણ કરવાનું કારણ.

સ્નેહનો તાતણો વધારે મજબૂત બંધાયો તે કારણથી તેમજ આ બાપડી ( તું પોતે ) હજુ પણ પરમાર્થ-રહસ્ય સમજી શકી નથી અને અત્યંત ભોળી છે એ વિચારથી મારા મનમાં કરૂણા પણ ઉત્પન્ન થઇ તે કારણથી સર્વજ્ઞ મહારાજના આગમમાં બહુમાન ઉત્પન્ન થવાને પરિણામે ક્લિષ્ટ કર્મોનો નાશ થતાં તને પણ પ્રતિબોધ થશે એ ખ્યાલથી આ સદાગમ મહાત્માની કૃપાથી જે મારો ઘણો લાંબો હેવાલ મારા જાણવામાં આવી ગયો હતો તે તને પણ સદાગમ ઉપર બહુમાન ઉત્પન્ન કરે તેવી રીતે અને સંક્ષેપમાં કહેવા છતાં પણ તેના અનંત-પણાને લઇને છ મહિને પણ મહા મુશીબતે પૂરો કરી શકાય તેવો મારો હેવાલ સંક્ષેપમાં આ મહાત્મા સદાગમની કૃપાથી[1] ત્રણ પહોરમાં તને કહી દીધો અને તે આખા હેવાલના વર્ણન દરમ્યાન તને અગૃ-હીતસંકેતાના નામથી સંબોધી. આવી રીતે સંવેગને ઉત્પન્ન કરનાર મારો હેવાલ અને મારો આખો ભવપ્રપંચ તારા કુતૂહળને પૂરો પાડવા માટે કહી બતાવ્યો અને તે કહેતાં કહેતાં મારામાં પણ સંવેગ વધારે જામતો ગયો. ભદ્રે ! આવા પ્રકારની મારી અંતરંગ ચોરી હતી, આવા પ્રકારની મારી વિડંબનાઓ હતી અને છે. મેં મારો અને પારકો હેવાલ ઉપર જણાવ્યું તે રીતે જાણ્યો અને તને કહી સંભળાવ્યો."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૧ ત્રણ પહોર. આખી વાર્તા નવ કલાકમાં કહી છે તે ધ્યાન રાખો. બીજા પ્રસ્તાવના પ્રકરણ ૭થી અહીં સુધી વાત કહેતાં સંસારીજીવને નવ કલાક થયા. તે છ માસ ચાલે તેટલી કથા છે, પણ નવ કલાકમાં સદાગમના માહાત્મ્યથી પૂરી થઇ છે. આને માટે ઉપોદ્ઘાત જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મુખ્ય પાત્રોની સંપૂર્ણ પ્રગતિ.

## પ્રકરણ ૧૬ મું.

### અનુસુંદર (ચક્રવર્તી–ચોર)નું ઉત્થાન.

અનુસુંદર ચક્રવર્તી જે સુલલિતા, મહાભદ્રા અને આચાર્યશ્રી તથા કુમાર પુંડરીક સમક્ષ ચોરનું સ્વરૂપ લઇ હાજર થયા હતા તેણે પોતાનો આખો હેવાલ ત્રણ પહોરમાં કહી સંભળાવ્યો, ચોરનું રૂપ ધારણ કરવાનું કારણ સમજાવ્યું, પોતાને ભવસ્વરૂપ કેવી રીતે અને આરે જણાયું હતું તેની વિગતો પણ જણાવી દીધી અને સુલલિતાના સર્વ સંદેહો દૂર કર્યા, શંકાઓનું સમાધાન કર્યું અને સર્વને પ્રતિબોધ થાય તેવી રીતે પોતાનું લંબાણ કાર્ય પૂરૂં કર્યું. સર્વ વાતનું આવી રીતે સંમિલન થયું. હવે તે સર્વ પાત્રોની પ્રગતિ કેવી રીતે થઇ તેની વિગત ગ્રંથકર્ત્તા જણાવે છે.[1]

સુલલિતા ભોળી હતી અને સહૃદયા હતી. તેના મન ઉપર આ આખી વાર્તાએ બહુ અસર કરી, એના હૃદય પર ચક્રવર્તીના હેવાલે ખાસ છાપ પાડી અને એના હૃદયમાં સુંદર ભાવના ઊઠી. કુમાર પુંડરીક પણ વાતનો ભાવાર્થ થોડો થોડો સમજી ગયો અને બહુ પ્રસન્ન થયો. તે અત્યાર સુધી તદ્દન ચૂપ રહ્યો હતો. તેણે હવે અનુસુંદર ચક્રી જે હજુ પણ ચોરનો આકાર ધારણ કરી રહ્યો હતો તેને પૂછ્યું. "આર્ય! અત્યારે હવે તમારા હૃદયમાં શો ભાવ વર્તે છે? તમારી ચિત્તવૃત્તિનો પ્રવાહ હાલ કઇ દિશાએ વહન કરે છે?"

---

૧ આ આઠમા પ્રસ્તાવના ચાર વિભાગ પડે છે. પ્રથમમાં **ગુણધારણના** ભવથી અનુસુંદર ચક્રવર્તી થાય છે ત્યાં સુધીનું **સંસારી**જીવનું ચરિત્ર (પ્રકરણ ૧–૧૧). બીજામાં સર્વનું સંમિલન, ચોરાકાર ધારણ ખુલાસા (પ્રકરણ ૧૨–૧૫). ત્રીજામાં એ સર્વ મુખ્ય પાત્રોનો મોક્ષ (પ્રકરણ ૧૬–૨૨) અને ચોથામાં ગ્રંથનું રહસ્ય, પ્રશસ્તિ વિગેરે (પ્રકરણ ૨૩).



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### અનુસુંદરની ચિત્તવૃત્તિ.
### સર્વત્ર પરિતોષ વર્ણન.
### યુદ્ધમાં ચારિત્રરાજનો જય.
### દીક્ષા લેવાના ચઢતા ભાવ.

કુમારનો પ્રશ્ન ઘણો મુદ્દાસરનો હતો. ચક્રવર્તીની અંતરંગ ચિત્તવૃત્તિ ઉપર આખા બનાવે કેવી અસર કરી હતી તે જાણવા યોગ્ય હતું, એની જિજ્ઞાસા બરાબર સ્થાને અને યોગ્ય રીતે થઇ હતી. અનુસુંદરે તુરત જવાબ આપ્યો જે એની ચિત્તવૃત્તિનું ખરૂં ચિત્ર રજુ કરનાર હતો. તેણે જવાબ આપતાં કહ્યું "ભદ્ર! સાંભળો:—

"જ્યારે અત્યંત સંવેગમાં આવી જઇને મેં તમારી પાસે મારો હેવાલ કહેવા માંડ્યો તે વખતે ચારિત્રરાજે પોતાના મનમાં વિચાર કર્યો કે હવે તેનો વખત બરાબર આવી લાગ્યો છે. બરાબર અવસર જોઇને જ્યારે મેં વાર્તા કહેવા માંડી ત્યારે તે રાજરાજેશ્વર પોતાના આખા સૈન્યને લઇને મારી નજીક આવ્યા. આવતાં આવતાં એ રાજેશ્વરે પ્રથમ તો તેના રસ્તામાં [1]સાત્વિકમાનસ નગર આવ્યું તેને પોતાના વીર્યથી આનંદિત કરી દીધું, વિવેકપર્વતને તદ્દન ઉજ્જવળ બનાવી દીધો, વળી એ પર્વત પર આવેલા અપ્રમત્તત્વ શીખરને ઘણું જ રોનકદાર બનાવી દીધું અને તે શિખર ઉપર જૈનપુરને વસાવી દીધું, ફરી વાર વસ્તીવાળું સુંદર કરી દીધું, વળી એણે એ જૈનપુરમાં અગાઉ જે ચિત્તસમાધાનમંડપ બનાવેલો હતો અને જે વચ્ચે વીંખાઇ ગયો હતો તેને પાછો સાફસુફ કરી દીધો, ફરી વાર તૈયાર કરી દીધો અને બહુ આકર્ષક બનાવી દીધો, તે મંડપમાં નિઃસ્પૃહતા વેદીને ફરી વાર ગોઠવીને બરાબર તૈયાર કરી દીધી, તે વેદી ઉપર સુંદર કિરણોથી શોભતું જીવવીર્ય સિંહાસન ગોઠવી દીધું અને પોતાના આખા લશ્કરને સર્વ પ્રકારે

---

૧ આ સાત્વિકમાનસપુર વિવેકપર્વત વિગેરે ચોથા પ્રસ્તાવમાં બહુ વિસ્તારથી વર્ણવાઇ ગયા છે.

**સાત્વિકમાનસપુરઃ** પ્ર. ૪. પ્ર. ૩૩ (પૃ. ૧૦૪૪).
**વિવેકપર્વતઃ** સદર પૃ. ૧૦૪૭.
**અપ્રમત્તત્વશિખરઃ** સદર પૃ. ૧૦૪૮.
**જૈનપુરઃ** પ્ર. ૪. પ્ર. ૩૨ (પૃ. ૧૦૩૬) અને પ્ર. ૪ પ્ર. ૩૩ પૃ. ૧૦૪૯.
**ચિત્તસમાધાનમંડપઃ** પ્ર. ૪. પ્ર. ૩૪. પૃ. ૧૦૫૫.
**નિઃસ્પૃહતાવેદીઃ** પ્ર. ૪ પ્ર. ૩૪ (પૃ. ૧૦૫૫).
**નિજવીર્યસિંહાસનઃ** સદર (પૃ. ૧૦૫૬).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંતોષ ઉપજે તેવી ચોમેર વ્યવસ્થા કરી દીધી. આખા લશ્કરને તૈયાર કરીને અને પોતાના કિલ્લાઓને મજબૂત કરીને તે ચારિત્રરાજ મારી સન્મુખ આવવા લાગ્યો.

સંપૂર્ણ સામગ્રી સાથે મારી તરફ આવતાં એ રાજેશ્વરને રસ્તામાં મહામોહ રાજાના લશ્કર સાથે ભેટો થઇ ગયો. મારી ચિત્તવૃત્તિના એક સુંદર છેડા ઉપર બન્ને લશ્કર વચ્ચે મોટી લડાઇ થઇ. મેં તે લડાઇ જોઇ. એવું મહાયુદ્ધ થયું કે તેનું વર્ણન થઇ શકે નહિ. તે વખતે સમ્યગ્દર્શન અને સદ્બોધમંત્રીની સાથે મેં એ રાજેશ્વર ચારિત્રરાજને ટેકો આપ્યો એટલે છેવટે એ ચારિત્રરાજની જીત થઇ. એણે પોતાની લીલાથી સામાના લશ્કરમાંથી ઘણાને હઠાવી દીધા અને જયલક્ષ્મી પ્રાપ્ત કરી. પછી એણે શત્રુસમૂહને સારી રીતે પીડીને મારા અંતઃપુરને પોતાના કબજામાં લીધું, મારા અંતરમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું અને ત્યાર પછી તે પોતે મારી નજીક આવ્યા. મહામોહ રાજાના સેવકોનું તો બધું લુંટાઇ ગયું, તેઓ બિચારા બાપડા થઇ ગયા અને જેમતેમ જીવતા તો રહ્યા પણ અંદર ચોરી છૂપાઇને સંતાઇ ગયા. ભદ્ર પુંડરીક! મારી ચિત્તવૃત્તિમાં અત્યારે આ ભાવ વર્તે છેઃ શત્રુઓ હાલ પલાયન કરી ગયા છે અને મારા ખરા બંધુઓ હર્ષમાં આવી ગયા છે. વળી મારા મનમાં એમ પણ આવ્યું છે કે સર્વજ્ઞ મહારાજે બતાવેલું મુનિલિંગ ગ્રહણ કરીને અને એ ત્રણ જગતને વંદનીય મહા આત્મદાન કરીને મારા આ અંતરંગ બંધુઓનું સારી રીતે પોષણ કરવું."

## અનુસુંદર દીક્ષા—મહોત્સવ.

પોતાની ચિત્તવૃત્તિના અંતરભાવો આવી રીતે અનુસુંદર ચોરે બતાવ્યા, વિગતવાર સમજાવ્યા, અલૌકિક અંતર સ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું અને એ પ્રમાણે બોલતાં બોલતાં પોતે જે ચોરનું સ્વરૂપ વૈક્રિયશક્તિથી ધારણ કર્યું હતું તે પાછું ખેંચવા માંડ્યું, વાત પૂરી થતાં તો પોતે અસલ સ્વરૂપે-ચક્રવર્તી રૂપે ખડા થઇ ગયા અને તે વખતે પોતે નિશાની કરી એટલે સંકેત પ્રમાણે ચોરની જે સામગ્રી સાથે હતી (માળા-ગધેડો-કપડા-છત્ર વિગેરે) તે સર્વ વિસરાળ થઇ ગઇ, ચોરને વિડંબના કરવાનાં સાધનો દૂર થઇ ગયાં અને તે જ વખતે એના મંત્રી, સેનાપતિ અને સેના-સર્વ હાજર થઇ ગયા. ચક્રવર્તીની સર્વ નિશાનીઓ તેના શરીરપર અને તેની આસપાસ ગોઠવાઇ ગઇ.

પરંતુ અનુસુંદરને તો એ સર્વ ત્યાજ્ય થઇ ગયું હતું, એને તે પર પ્રેમ કે સ્નેહ રહ્યો ન હતો, એના મનમંદિરમાં ચારિત્રરાજની પધરામણી

जैन साईट JAINSITE जैन जगतने वंदनीय સામાન્ય

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

થઇ ચૂકી હતી અને એના ભાવ એ સામગ્રીને પોષવાના હતા. એણે પોતાના મંત્રી સેનાપતિ અને સેનાને પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો. સર્વને અવસરયોગ્ય તે હકીકત લાગી.

તે જ વખતે અનુસુંદર ચક્રવર્તીએ પોતાના પુત્ર પુરંદરરાયને સર્વે રાજ્યચિહ્નો આપી દીધાં અને સર્વ રાજાઓને અને સામંત શ્રેષ્ઠી મંત્રી સેનાપતિને જણાવી દીધું કે હવે પછી પુરંદરરાય તેઓનો રાજા છે. સર્વેએ એ હકીકત બહુ માન સાથે સ્વીકારી લીધી. તે વખતે ભગવાનની પૂજા વિગેરે યોગ્ય ધર્મક્રિયાઓ કરવામાં આવી.

[1]શ્રીગર્ભ રાજા તે વખતે પોતાના અંતઃપુર સાથે બહાર નીકળ્યા હતા તે ત્યાં આવી પહોંચ્યા. એણે સર્વનો યથાયોગ્ય વિનય કર્યો, સર્વને પ્રણામ કર્યા. ત્યાર પછી આખી પરિષદ્ ફરી વાર મળી અને સર્વત્ર આનંદ આનંદ થઇ ગયો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૧૭ મું.

### [2]સુલલિતાને પ્રતિબોધ.

આરે તરફ આનંદ પ્રવર્તી રહ્યો. તે વખતે એવો અતિ ઉત્તમ અને અદ્ભુત બનાવ જોઇને ભોળી સુલલિતાના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન થયો. આખા બનાવથી તેને ઘણી નવાઇ લાગી. વળી કુમાર પુંડરીકને પણ ઘણો સંતોષ થયો અને તેની આંખો આનંદથી મંદ મંદ સ્ફુરવા લાગી. અનુસુંદર જેવા મહાન્ ચક્રવર્તી પોતાની અતુળ રાજ્ય-

---

૧ **શ્રીગર્ભ-શંખપુરના** રાજા અને પુંડરીકના પિતા. આ આખો બનાવ **શંખપુરની** બહાર **ચિત્તરમ** ઉદ્યાનમાં બન્યો છે. **શ્રીગર્ભ** રાજા આખી વાર્તા દરમ્યાન હાજર નથી–તે હવે ત્યાં આવે છે તે લક્ષ્યમાં રાખવું.

૨ આ પ્રકરણ દરેક વાંચનારે પોતા ઉપર વિચારવાનું છે. જેટલી વાત **સુલલિતાએ** સાંભળી તેટલી જ આપણે પણ વાંચી કે સાંભળી છે–તે માત્ર વાર્તા રૂપે જ રહે છે કે તે ચિત્તવૃત્તિ પર અસર કરે છે તે દરેકે વિચારવા યોગ્ય છે. આવો સુંદર ગ્રંથ અસર ન કરે તો પોતાનું કર્મજાળ **સુલલિતાથી** પણ વધારે ગાઢ છે એમ વિચારવું; વિચારીને બેસી ન રહેવું પણ **સુલલિતાનો** અથવા તેના જેવો કોઇ માર્ગ લેવો યોગ્ય છે. આ ગ્રંથ વાર્તા કહેવા માટે યોજાયલો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋદ્ધિ છોડી દઇને દીક્ષા લેવા તત્પર થઇ ગયા એ બનાવે સુલલિતાને આશ્ચર્ય ઉપજાવ્યું અને પુંડરીકને સંતોષ પમાડ્યો.

## અગૃહીતસંકેતા ( સુલલિતા )ને ઉદ્દેશીને.

હવે તે વખતે અનુસુંદર ચક્રીએ આચાર્યશ્રી સમંતભદ્રને વિજ્ઞપ્તિ કરી તેથી તેઓ ચક્રવર્તીને દીક્ષા દેવાને તૈયાર થઇ ગયા. તે વખતે વળી અનુસુંદરને મનમાં કરૂણા ઉત્પન્ન થઇ તેથી રાજપુત્રી સુલલિતાને ઉદ્દેશીને તેણે એક વાર છેવટનું કહી નાખ્યું. તેઓ બોલ્યા:—

"સુલલિતા! તું આશ્ચર્યચકિત નજરે આમ તેમ જોયા કરે છે તો તને શું હજુ પણ બોધ થયો નથી? તને થોડો થોડો ભાવાર્થ સમજાયો હોય તેમ તો લાગે છે, પરંતુ તારૂં ચિત્ત હજુ પણ દોલાયમાન થતું હોય-સત્ય અને દેખાવ વચ્ચે ઝોળા ખાતું હોય એમ જણાય છે. ત્યારે શું તું હજુ સાચા તત્ત્વનો નિર્ણય કરી શકી નથી? જો ભદ્રે! તને બોધ કરવાના હેતુથી મારા આખા ભવનો પ્રપંચ-મારૂં પ્રથમથી અત્યાર સુધીનું વિગતવાર ચરિત્ર તને મેં કહી સંભળાવ્યું. એ આખું ચરિત્ર સંસારપર અત્યંત ઉદાસી ઉત્પન્ન કરે તેવું છે તે તો તારા સમજવામાં-જાણવામાં આવ્યું હશે. ત્યારે શું આવડું અને આવું ચરિત્ર સાંભળવા છતાં આ સંસારબંદીખાનું જેમાં અનંત દુઃખનો વિસ્તાર ભરેલો છે તેના ઉપર તને વૈરાગ્ય આવતો નથી? તને તેના પર કંટાળો થતો નથી? તને તેના તરફ ઉદાસી ઉત્પન્ન થતી નથી? તું વિચાર કર! મેં ઉપમાનદ્વારા [1]અસંવ્યવહાર નગરમાં જીવોને કેવી વેદના થાય છે તે તને વિસ્તારથી મારા પોતાના અનુભવદ્વારા કહી સંભળાવી. અરે ભોળી! તે પીડા તારા જાણવામાં આવી નહિ? કે તારા હૃદયમાં તેની મહત્તા હજુ બરાબર ઠસી નહિ? અરે અત્યારે તું કાળજી અને ફીકર વગરની થઇને સંસારકારાગ્રહમાં શું જોઇને આનંદ માને છે? કેમ પડી રહે છે? તને હજુ ખરી વસ્તુસ્થિતિનું અને તારા પોતાના સાચા સ્થાનનું ભાન કેમ થતું નથી? તને એવી ભયંકર અસહ્ય પીડાઓ ઉપર કંટાળો કેમ આવતો નથી? [2]એકેંદ્રિય અને વિકલેંદ્રિય ભવોમાં તથા તિર્યંચ ગતિમાં હું ઘણો કાળ ભમ્યો ત્યારે મારે માથે કેવાં કેવાં દુઃખો પડ્યાં તેનું

આત્મવિડંબનાનું પુનઃવર્ણન.

---

૧ બીજા પ્રસ્તાવના સાતમા પ્રકરણમાં તે વર્ણન આવી ગયું.

૨ એકેંદ્રિય દુઃખવર્ણન બીજા પ્રસ્તાવના આઠમા પ્રકરણમાં, વિકલેંદ્રિય માટે તે જ પ્રસ્તાવના નવમા પ્રકરણમાં અને તિર્યંચગતિ માટે પછીના દશમા પ્રકરણમાં વર્ણન થઇ ગયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ફુટ વિવેચન પણ તારી પાસે કરી ગયો—ત્યારે શું તેનો ભાવાર્થ તારા મનમાં જરા પણ બેઠો જ નથી? ત્યારે તું તે શું જોઇને આમ ચિંતા વગરની થઇને વિલંબ કરી રહી છે? તને અંદરથી દુઃખો માટે ખરો ત્રાસ કેમ થતો નથી? અરે મુગ્ધે! મનુષ્યપણું પ્રાપ્ત કરીને હિંસા અને ક્રોધમાં [1]આસક્ત રહીને મેં જે દુઃખપરંપરા અનુભવી તે તેં તારા હૃદયમાં ધારી લીધી? તેનો અંદરનો ભાવાર્થ તારા મનમાં જરાએ ઉતર્યો? કે માત્ર મેં તારી આગળ જે વાર્તા કહી છે તેને તેં કલ્પિત કથા તરીકે જ જાણી છે? તને એ બાબતમાં વાર્તા ઉપરાંત અંદરનો ભાવ કાંઇ સમજાયો છે કે માત્ર નવી કલ્પિત વાર્તા[2] સાંભળતાં સાનંદાશ્ચર્ય થાય તેમ જ થયું છે? વળી માન અને મૃષાવાદથી[3] મને કેવી પીડા થઇ, ચોરી અને માયાથી[4] કેવી હેરાનગતીઓ થઇ તેમજ લોભ અને મૈથુનના દોષથી અંધ થયેલા[5] મારે કેટલી યાતનાઓ સહન કરવી પડી તે સર્વ તેં સાંભળ્યું છતાં પણ તારૂં મન જરાએ ઢીલું પડ્યું નથી? પોચું પડ્યું નથી? પીગળ્યું નથી? જો એમ જ હોય તો તો ખરેખર તારૂં મન કાળસર્પથી ડસાયલું[6] અને વજ્રનું બનાવેલું જ હોવું જોઇએ. વળી મેં તને મારા અનુભવથી જણાવ્યું હતું કે પેલા મહામોહ અને પરિગ્રહ[7] મહા અનર્થના હેતુ છે અને તેમનામાં સર્વ દોષો એક સાથે આવીને રહ્યા છે. આટલી વાતો કહેવા છતાં અને તે પણ ખાસ મારા અનુભવથી સિદ્ધ થયેલી તને બતાવવા છતાં પણ તું તો હજુ આશ્ચર્યમાં ગરકાવ થઇને પડેલી છે અને તે વાતથી કાંઇ પણ બોધ પામતી નથી, અંદરનો આશય સમજતી નથી, તેથી ખરેખર તું **અગૃહીતસંકેતા** જ છો, તારૂં નામ ખરેખરૂં પાડ્યું છે અને તે તેં સાચું બતાવી આપ્યું છે.

---

૧ **નંદિવર્ધનના** ભવમાં. આ ત્રીજા પ્રસ્તાવનો મુખ્ય પાત્ર છે. એનાં દુઃખોનું વર્ણન સદર પ્રસ્તાવના પ્રકરણ ૨૯ અને ૩૪ માં આવ્યું છે.

૨ નોવેલ અથવા રોમાન્સ.

૩ **રિપુદારૂણ** તરીકે. ચોથો પ્રસ્તાવ જુઓ. પીડા માટે સદર પ્રસ્તાવનું પ્રકરણ ૪૦ મું છે.

૪ **વામદેવ** તરીકે. પાંચમો પ્રસ્તાવ જુઓ. એની હેરાનગતિ માટે તે પ્રસ્તાવનું પ્રકરણ ૨૨ મું છે.

૫ **ધનશેખર** તરીકે. છઠ્ઠો પ્રસ્તાવ જુઓ. યાતનાની હકીકત ત્યાં પ્રકરણ ૧૬ માં આવે છે.

૬ કાળસર્પથી **ડસાયલું** એટલે ઝેરી થયેલું.

૭ **ધનવાહન** તરીકે. સાતમો પ્રસ્તાવ જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વળી ભદ્રે! તું યાદ કર. સ્પર્શ વિગેરે ઇંદ્રિયોનાં પરિણામ કેવાં ભયંકર છે તે મેં તને અનુક્રમે[1] બાળના સંબંધમાં, જડના સંબંધમાં, મંદના સંબંધમાં, અધમના સંબંધમાં અને બાલિશના સંબંધમાં જણાવી આપ્યું, વિસ્તારથી જણાવી આપ્યું છતાં તે વાત પણ તારા હૃદયમાં જરા પણ બેઠી ન હોય, તે વાત તું જરા પણ સમજી શકી ન હોય તો તો પછી તું તદ્દન મુર્ખી જ છો, અજાણી જ છો, લાકડાની બનાવેલી મૂર્ત્તિ જેવી જ છો એમ કહી શકાય. અને વળી ઇંદ્રિયોને વશ કરવાને અંગે [2]મનીષીએ આચરણો કર્યાં, વિચક્ષણે જે વચન કહ્યાં, બુધસૂરિએ જે દેશના આપી, ઉત્તમ કુમારે જે ચેષ્ટા કરી અને કોવિદાચાર્યે જે વિજ્ઞાન બતાવ્યું તે સર્વ જાણી સાંભળીને સંસાર ઉપરથી કોણ વિરાગ ન પામે? કોણ એનાથી ઊંચો ન આવે? કોણ એનાથી દૂર નાસવા તત્પર બની ન જાય? વળી ભદ્રે! તને બોધ થાય તેટલા સારૂ અંતરંગમાં બે લશ્કરનું સ્વરૂપ કહ્યું, બન્ને લશ્કર પૈકી એક દુશ્મનનું કામ કરે છે અને એક બંધુનું કાર્ય કરે છે, એ બન્ને લશ્કરનાં કાર્ય લડાઇ અને સરસાઇનો હેવાલ તને ઘણા વિસ્તારથી કહી બતાવ્યો—એ સાંભળીને પણ તને પ્રતિબોધ ન થયો તો

પૂર્વ સ્મરણોનાં રહસ્યો.

---

૧ બાળ-સ્પર્શેંદ્રિયને અંગે ત્રીજે પ્રસ્તાવમાં. જડ-રસેંદ્રિયને અંગે ચોથા પ્રસ્તાવમાં. મંદ-ઘ્રાણેંદ્રિયને અંગે પાંચમા પ્રસ્તાવમાં. અધમ-ચક્ષુરિંદ્રિયને અંગે છઠ્ઠા પ્રસ્તાવમાં. બાલિશ-શ્રોત્રેંદ્રિયને અંગે સાતમા પ્રસ્તાવમાં. આ પાંચે અંતરકથાઓ છે. બહુ વિસ્તારથી જણાવાઇ ગઇ છે.

૨ સ્પર્શેંદ્રિયને અંગે મનીષી છેવટે દીક્ષા લે છે તેનો મહાન્ મહોત્સવ અને છેવટનો એનો ત્યાગ ત્રીજા પ્રસ્તાવના પ્રકરણ ૧૫ થી ૧૭ માં જોવા.

રસેંદ્રિયને અંગે વિચક્ષણસૂરિએ પ્રકર્ષ વિમર્શની ભવચક્રનગરની ભેટનું અને રસનાના મુળનું વર્ણન ચોથા પ્રસ્તાવમાં કર્યું તે અતિ અદ્ભુત છે, પોતાને દીક્ષાના પ્રસંગની વાત તેમણે પ્રકરણ છઠ્ઠાથી શરૂ કરી તે પ્રકરણ ૩૮ સુધી ચાલે છે.

ઘ્રાણેંદ્રિયને અંગે પાંચમા પ્રસ્તાવમાં મંદનું ચરિત્ર કહેતાં બુધસૂરિએ નવમા પ્રકરણમાં હકીકત કહી અને દેશના આપી. જુઓ પ્રકરણ ૧૭ થી શરૂ થતો વિભાગ.

ચક્ષુરિંદ્રિયને અંગે છઠ્ઠા પ્રસ્તાવમાં ઉત્તમકુમારનું ચરિત્ર નવમા પ્રકરણથી શરૂ થાય છે, તેમાં પાંચમા પુરૂષ ઉત્તમની ચેષ્ટા પ્રકરણ ૧૪ માં બતાવી તે વિભાગ વિચારવો.

શ્રોત્રેંદ્રિને અંગે કોવિદાચાર્યનું વિજ્ઞાન સાતમા પ્રસ્તાવના પ્રકરણ બારમામાં બતાવવામાં આવ્યું છે તે અત્ર નિર્દિષ્ટ કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો પછી તને ચેતવવાનો-ઠેકાણે લાવવાનો બીજો કાંઇ ઉપાય નથી. અને તેં [1]કનકશેખરનો વિસ્તારથી હેવાલ (ત્રીજા પ્રસ્તાવમાં) સાંભળ્યો, [2]નરવાહનની સજ્જનતા વિચારવાની તને આટલી બધી તક મળી, મેલ-પાપ વગરના [3]વિમળ કુમારની શુદ્ધ વર્તનાઓ તારા સાંભળવામાં આવી, અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો [4]હરિકુમાર-રાજાનો વિસ્મયકારક ત્યાગ તારા સમજવામાં આવ્યો, [5]અકલંકનો સુંદર વિવેક તારા સાંભળવામાં આવ્યો અને મુનિઓના વૈરાગ્ય થવાના અનેક [6]રૂપો તારા જાણવામાં આવ્યા છતાં પણ બાળા! જો તારા હૃદયમાં જરા પણ અસર થઇ ન હોય, તારૂં હૃદય જરા પણ પીગળ્યું ન હોય, જરા ભીનું પણ થયું ન હોય, તો તો ખરેખર તે [7]કોરડું મગ જેવું જ છે એમ જાણવું; એ બાબતમાં જરા પણ શક નથી. આટલા માટે મારા જેવા કે બીજા કોઇ તને અગૃહીતસંકેતા કહે-કહેલ હકીકતનો અંદરનો આશય ન સમજનારનું ઉપમાન તને આપે-તો તેના ઉપર તારે જરા પણ ગુસ્સે થવાનું કારણ નથી, તું ખરેખર તે નામને યોગ્ય જ છે એમ તારા અત્યારના વર્તનપરથી જણાય છે.

---

૧ **કનકશેખરઃ** ત્રીજા પ્રસ્તાવમાં નંદિવર્ધનનો પવિત્ર મિત્ર. એનો પ્રસંગ તે પ્રસ્તાવના પ્રકરણ ૧૮-૧૯-૨૦ માં આવે છે. અને છેલ્લો પ્રસંગ પ્ર. ૨૯ માં આવે છે.

૨ **નરવાહન.** ચોથા પ્રસ્તાવના નાયક રિપુદારણના પિતા થાય. એમણે પુત્રનું અભિમાન જાણ્યા છતાં પોતાની સજ્જનતા ન છોડી. જુઓ પ્રકરણ ૩. ખાસ કરીને કળાચાર્ય સાથેનો પ્રસંગ અને નરસુંદરીના વિવાહનો પ્રસંગ.

૩ **વિમળકુમાર**-પાંચમા પ્રસ્તાવમાં વામદેવ નાયકનો રાજપુત્ર મિત્ર વિમળકુમાર પવિત્રતાની મૂર્તિ છે. એણે રત્નચૂડને ઘણી મદદ કરી હતી. ચોરી કરનાર અને છેતરનાર વામદેવને પણ એ બચાવી લે છે. જુઓ (પ્ર. ૫. પ્ર. ૪).

૪ **હરિકુમાર**-છઠ્ઠા પ્રસ્તાવમાં ધનશેખરને રત્નદ્વીપમાં હરિકુમારરાજાનો મેળાપ થાય છે-તેને છળથી સમુદ્રમાં નાખી દે છે પણ હરિરાજા પોતાની ઉત્તમતા છોડતો નથી (પ્ર. ૬. પ્ર. ૭).

૫ **અકલંક.** સાતમા પ્રસ્તાવમાં ઘનવાહનનો મિત્ર. અત્યંત વિવેકી કુમાર અને મહાસત્ત્વશાળી જીવ (પ્ર. ૭. પ્ર. ૧).

૬ સાતમાં પ્રસ્તાવમાં મુનિઓ પોતાના **વૈરાગ્યપ્રસંગો** કહે છે. જુઓ સાતમા પ્રસ્તાવના પ્રકરણ ૨ થી ૯. લોકોદરમાં આગ, મદિરાશાળા વિગેરે.

૭ **કોરડું મગઃ** મગમાં કોઇ કોઇ કોરડું મગ હોય છે જેને ગમે તેટલા ગરમ પાણીમાં બહુ વખત રાંધવામાં આવે પણ તે ચડતા જ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વળી બાળા! તને યાદ આવતું નથી કે તું પોતે જ **મદનમંજરી** હતી અને વળી જે વખતે પુણ્યોદય વિગેરે તને મારી પાસે લઇ આવ્યા હતા, તે વખતે [1]પુણ્યોદયે તને કેટલો લાભ કરી આપ્યો હતો તે શું તું ભૂલી ગઇ? અરે તે પ્રસંગે તેં અનુભવેલા અને તને સમજાવેલા સર્વ પ્રસંગો શું તારા ખ્યાલ બહાર જ ચાલ્યા ગયા છે? તે વખતનું રાજ્ય, તે વખતનું સુખ, તે સર્વ મનોહર વિલાસો અને તે વખતના આનંદો તું સંભાર! તેમાં પુણ્યોદયનો વિચાર કર, કારણ-સમૂહનો ખ્યાલ કર અને જુની વાતોને સ્મરણમાં ફરી વાર લાવ—તું તે સંભારઃ કુંદમુનિનો પ્રસંગ[2] જ્યારે આપણને થયો ત્યારે તને જૈનશાસન ઉપર જાગૃતિ આવી, તું પ્રબુદ્ધ થઇ અને તારા ઉત્થાનની તે વખતે શરૂઆત થઇ. વળી ત્યાર પછી કેવળી ભગવાન્ શ્રી **નિર્મળાચાર્યે** તારી પાસે અને મારી સમક્ષ આખો સંસારનો પ્રપંચ ચોખ્ખા શબ્દોમાં સમજાવ્યો તે વાત પણ તું ભૂલી ગઇ? શું તને તે વખતે કાંઇ બોધ થયો ન હોતો? અથવા તારા ધ્યાનમાં તે વખતે બધી વાતો આવી ન હોતી? તને આ બધી વાત ફરી વાર યાદ આપું છું છતાં મૂઢની જેમ આમ તદ્દન ગુપચૂપ કેમ બેસી રહી છે? બાળા! તને બોધ કરવા માટે, તને જાગૃત કરવા માટે, તને સત્ય સ્વરૂપ સમજાવવા માટે મેં આ આખો સંસારવિસ્તાર તને ફરીને કહી સંભળાવ્યો છે. મેં તને બતાવ્યું છે કે જેમ એક મુસાફર પોતે એકનો એક છતાં અન્ય અન્ય સ્થળે અન્ય અન્ય મકાનોમાં વાસ કરે છે તેની પેઠે, મારૂં અસલ રૂપ એક છતાં અનેક પ્રકારના ઘણા ભવો મને પ્રાપ્ત થયા છેઃ મુસાફરની જેમ હું જાણે એક સંસારીજીવ છું, ખરી રીતે (ભાવથી) એક રૂપવાળો છું અને સંસારનાટકમાં મેં નવાં નવાં રૂપો ધારણ કરી અનેક પ્રકારનાં નવાં નવાં નાટકો કર્યાં, પાઠો ભજવ્યા એ મેં તને વિસ્તારથી બતાવ્યું. એ સર્વ હકીકત સાંભળવા છતાં પણ તને સંસારકારાગ્રહ પર વૈરાગ્ય થતો ન હોય તો તો પછી હવે અમારે શું કરવું?

તું પોતે જ મદનમંજરી.

નાટક બોધ.

---

૧ પુણ્યોદયે ભજવેલો ભાગ સ્વપ્રવિચાર કહેતાં નિર્મળાચાર્યે કહે છે. જુઓ પ્રકરણ પાંચમું અને છઠ્ઠું (ચાલુ પ્રસ્તાવ).

૨ ચાલુ પ્રસ્તાવ, પ્રકરણ ચોથું—વાંચનારે આ વાત પોતા માટે પણ સમજી લેવાની છે. એના ગર્ભમાં આક્ષેપ સાથે ઊંડો બોધ છે. આપણે પણ એ સર્વ વાતો યાદ કરવાની છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કન્યા માતા સ્મરણો.

"વળી ભદ્રે ! તને અનેક અંતરંગ નગરો સૂચવ્યાં, તેમાં અનેક રાજાઓ અને તેમની રાણીઓનાં નામો બતાવ્યાં અને તેમની દશ કન્યાઓનાં[1] નામ કામ અને સંબંધો વિગતવાર બતાવ્યાં. એ કન્યા પૈકી પ્રત્યેકના ગુણો કયા કયા છે, તે કેટલા દિવ્ય છે, અદ્દ્ભુત છે, અન્યત્ર અપ્રાપ્ય છે તે પણ તને બતાવી આપ્યું, તેના વિવાહનું પણ વર્ણન કર્યું અને વ્યુત્પત્તિ માટે [2]આઠ માતાઓને પણ વિગતવાર નિવેદન કરવામાં આવી—આટલી આટલી વાતો કરી છતાં બાળા ! જો તને જરા પણ બોધ થયો ન હોય, તારા દીલમાં જાગૃતિ આવી ન હોય, તને સંસાર પર નિર્વેદ થયો ન હોય તો તો ખરેખર તું પાષાણ જેવી જ છે. એથી વધારે તને કહી પણ શું શકાય ?

"વળી બાળા ! મારા ઉપર સ્નેહ લાવીને તેં પણ શ્રીનિર્મળાચાર્ય પાસે દીક્ષા લીધી હતી, ત્યાં તપ કરીને તું પણ સ્વર્ગે ગઇ હતી અને ત્યાં તેં અનેક પ્રકારનાં સુખો ભોગવ્યાં હતાં અને પછી ભવચક્રમાં ફરીને છેવટે તું અહીં આવી છે તે વાત પણ ભૂલી ગઇ ? કેમ તે બધું હજુ પણ તારા સ્મરણમાં આવતું નથી ?

રખડવાનું કારણ.

"વળી તું વિચાર તો કર. સમ્યગ્દર્શનને દૂષણ આપનાર આશાતના[3] કરીને, તીર્થંકર મહારાજના હુકમોનું અપમાન કરીને હું બહુ દુઃખી થયો, અર્ધપુદ્ગલપરાવર્તથી કાંઇક ઓછા કાળ સુધી હું સંસારમાં રખડ્યો અને આટલો બધો વખત હેરાન થયો—એ સર્વ વાર્તા તારામાં સંવેગ ઉત્પન્ન થાય તેટલા સારૂ મેં તને કહી બતાવી તે પણ તેં લક્ષ્યમાં લીધી નહિ ? તે હકીકત પણ તારા ધ્યાનમાં ન આવી ! તું યાદ તો કર કે હું એક વખત તો ચૌદ પૂર્વ ભણી ગયો હતો, પણ ત્યાર પછી મદ-અભિમાનના દોષથી (ગૌરવોથી) ફરી વાર અનંતકાળ

---

૧ આ દશ કન્યાઓનું અને તેનાં નગરોનું તથા તેના માતપિતાનું વર્ણન આ પ્રસ્તાવના નવમા પ્રકરણમાં આવી ગયું છે. એનાં સર્વ નામો વિગેરે પ્રસ્તાવની શરૂઆતમાં પાત્રોના લિસ્ટમાં એક સાથે આપ્યાં છે. તે માટે જુઓ પૃ. ૧૮૪૯-૫૦ તથા જુઓ પૃ. ૧૯૨૧-૨૨.

૨ દશ કન્યા પૈકી નવ સાથે લગ્ન થાય છે ત્યારે જે આઠ માતાઓની સ્થાપના કરી છે તે અષ્ટ પ્રવચનમાતા છે. જુઓ ચાલુ પ્રસ્તાવ પ્રકરણ ૯ મું. (પૃ. ૧૯૪૮-૪૯.)

૩ **આશાતના**. જિન આજ્ઞાનું વિરાધન—ન પાળવું તે. જુઓ પ્ર. ૮. પ્ર. ૧૦ (પૃ. ૧૯૬૨-૬૩.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિગેરેમાં પણ ઘણી વાર ઘણા વખત સુધી જઇ આવ્યો[1]! આવી વિદ્વત્તા છતાં આટલો રખડપાટો થયો તે વાત તો તું વિચાર! એવી આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી હકીકત સાંભળવા છતાં તારા મનમાં જરાએ ચમત્કાર જ ન થયો? અરે આવી આવી સાચી બનેલી અને સાક્ષાત્ અનુભવેલી વાતો તને સંભળાવી અને તેમાંની કેટલીક તો તેં જાતે અનુભવી હતી, છતાં પણ અત્યારે તું સંવેગ વગરની બેઠી છે, વૈરાગ્ય વગરની નિશ્ચિંત પડેલી છે, એ તો ભારે નવાઇની વાત કહેવાય!! મેં તને અગાઉ જે જે વાતો કરી હતી અને વચનો કહ્યાં હતાં તે તે સર્વ સૂક્ષ્મ બોધપૂર્વક તું વિચાર, તે પર તારૂં મન લગાડ અને તેના પર પૂરેપૂરો વિચાર કર. અને ખાસ કરીને એની અંદરનો ભાવાર્થ સમજી, તે પર લક્ષ્ય લગાડ અને તેના પર ઊંડો ખ્યાલ બાંધ. તું જરા પણ મુંઝાઇ જા મા, જરા પણ મોહમાં પડી જા મા, તું સાચો ખરો સાર વિચાર, અને હવે ધર્મારાધનમાં જરા પણ વિલંબ કર નહિ! જ્યારે તું એમ કરીશ ત્યારે જ મારો સર્વ પ્રયત્ન સફળ થશે અને આખી વાર્તા કહેવામાં મેં જે પરિશ્રમ લીધો છે તેને ફળ બેસશે."

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### પુંડરીકની જાગૃતિ.
### માતાને થતો શોક.
### ત્રણેનો દિક્ષાનિર્ણય.

અનુસુંદર ચક્રવર્તી દીક્ષા લેવા તૈયાર થઇ ગયા હતા. દીક્ષા લેતાં લેતાં અગૃહીતસંકેતા(સુલલિતા)ને ઉદ્દેશીને સકારણ આટલું બોલ્યા, તેને યોગ્ય શબ્દોમાં અસર કરીને પછી પ્રેરણા કરી અને છેવટે ચૂપ રહ્યા. તેમણે પોતાનું બોલવું લગભગ પૂરૂં કર્યું તે વખતે પુંડરીક રાજકુમાર જે પાસે બેઠો બેઠો સર્વ હકીકત સાંભળતો હતો તેને એકદમ મૂર્છા આવી ગઇ અને તે જમીનપર પડી ગયો. આ વખતે એકાએક આ શું થઇ ગયું? એવા ખ્યાલમાં આખી મંડળી સંભ્રમમાં પડી ગઇ અને તેના પિતા શ્રીગર્ભરાજા તો પુત્રની મૂર્છા જોઇ અને જમીનપર પડવાનો અવાજ સાંભળીને આકુળવ્યાકુળ થઇ ગયા. વળી એ કુમારની માતા કમલિની તો 'અરે પુત્ર! અરે પુત્ર! તને આ શું થઇ ગયું?' એમ બોલતી ધ્રૂજવા લાગી ગઇ. પછી પુંડરીક કુમારને પવન નાખવામાં આવ્યો એટલે ધીમે ધીમે એની મૂર્છા વળતી ગઇ, આખરે બહુ થોડા વખતમાં તે સાવધ થઇ ગયો.

---

૧ ચાલુ પ્રસ્તાવ-પ્રકરણ ૧૧ મું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સાવધ થતાં જ એની આંખો ઘણી વિકસ્વર થઇ ગઇ. તેણે તેના પિતા શ્રીગર્ભ રાજાને કહ્યું "પિતાજી! આપશ્રી અહીં આવ્યા તે પહેલાં આ અનુસુંદર ચક્રીએ પોતાની સ્થિતિથી અત્યંત વિરૂદ્ધ ચોરનું રૂપ ધારણ કર્યું હતું અને ચોર તરીકે પોતાનો આખો હેવાલ કહી સંભળાવ્યો હતો, તેમાં તેમને પોતાને કેવી રીતે અને શાં શાં કારણોથી સંસારમાં રખડવું પડ્યું હતું તે સર્વ જણાવ્યું હતું. તે હકીકત સાંભળીને પણ મને બોધ થયો નહોતો, મેં તો તે વખતે વિચાર કર્યો હતો કે એ સર્વ વાતનો અંદરનો ભાવાર્થ વિશાળ બુદ્ધિગૌરવવાળી દેવીશ્રી મહાભદ્રા સાથે વિચારીને તેને પૂછીને બધી હકીકતનો અંદરનો સાર સમજીશ. પણ વાત ત્યાં અટકી નહિ. આપ ત્યાર પછી અત્રે પધાર્યા,[1] આખી પરિષદ્ મળી. ત્યાર પછી અનુસુંદરચક્રીએ સુલલિતાને ( આ પ્રકરણમાં ) પ્રેરણા કરવા માંડી, વાતનો અંદરનો ભાવાર્થ કેટલોક જણાવ્યો અને તેને કેટલીક મુદ્દાની વાત ટુંકામાં કરી—એ હકીકત સાંભળતાં મારા મનમાં ઘણો પ્રમોદ થયો. એ પ્રમોદ એટલો સરસ હતો કે એનું વર્ણન થઇ શકે નહિ. એને લઇને મને અસહિષ્ણુ ભાવ પ્રાપ્ત થયો, અંદરથી ચૈતન્યે ઉછાળો માર્યો, એટલે મને મૂર્છા આવી, પણ તે જ વખતે મને જાતિસ્મરણ જ્ઞાન થયું, મને બધું યાદ આવ્યું–મેં સાક્ષાત્ જોયું કે અહો પૂર્વે હું પોતે જ કુલંધર હતો, સંસારીજીવનો ( ગુણધારણનો ) મિત્ર હતો, અને તે વખતે નિર્મળસૂરિએ આ અનુસુંદર ચક્રવર્તીનો જે વિસ્તારથી ભવપ્રપંચ કહ્યો હતો તે આખો મેં સાંભળ્યો હતો[2] અને અહો! આ ( અનુસુંદર ચક્રવર્તી ) જે હેવાલ કહી ગયા તે તે જ હતો એ સર્વ વાત મને સાક્ષાત્ યાદ આવતાં મારા મનમાં જે સંદેહ થયો હતો તે સર્વ તૂટી ગયો, દૂર થઇ ગયો. સંસારીજીવ તરીકે જે લંબાણ હકીકત અનુસુંદરે કહી હતી તે સર્વ નિર્મળાચાર્યે કહેલી હતી તે બરાબર બેસી ગઇ, મનમાં વસી ગઇ અને તે જ વખતે સંસારબંદિખાનાપરથી મારૂં મન ઊઠી ગયું, સંસારપર વિરાગ થઇ ગયો, પરમ સંવેગ આવી ગયો. પિતાજી! હવે મને આપ રજા આપો એટલે હું એમની ( અનુસુંદરની ) સાથે જ દીક્ષા લઇ લઉં."

શ્રીગર્ભરાજા પાસે દીક્ષા લેવાની રજા માગતા પુત્રને જોઇને દેવી કમલિની તો એકદમ રોવા લાગ્યા. શ્રીગર્ભરાજા પત્નીને ઉદ્દેશીને

---

૧ જુઓ ચાલુ પ્રસ્તાવ–પ્રકરણ ૧૬ નો છેડો.

૨ ચાલુ પ્રસ્તાવ–પ્રકરણ પાંચમું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલ્યા "દેવી ! તમે રૂદન કરો નહિ. તમે યાદ કરો. તમને સ્વપ્ન[1] આવ્યું હતું કે એક પુરૂષ મુખદ્વારા શરીરમાં પેઠો અને પછી બહાર નીકળી ગયો, એ સ્વપ્નમાં જણાયો હતો તે જ આ પુંડરીક મહાત્મા પુરૂષ છે, મહા ઉત્તમ ગુણસંપન્ન વીર છે, શુદ્ધ ધર્મનો પ્રકાશક થનારો છે અને મંગળકલ્યાણનું સ્થાન છે, એનું ભવિષ્યમાં ઉત્કૃષ્ટ મંગળ થનાર છે, માટે એને અટકાવવો એ વાત મને કોઇ રીતે ઉચિત લાગતી નથી, ઉલટું મારા વિચાર પ્રમાણે તો એના ઉપરનો આપણો સાચો રાગ બતાવવા માટે–સત્ય સ્નેહ સૂચવવા માટે–નિષ્કામ પ્રેમની નિશાની તરીકે આપણે પણ દીક્ષા લેવી જોઇએ. દેવી તમે વિચાર તો કરો—એ હજુ તો બાળક છે, નાની ઉમરનો છે, ભોગ સુખ ભોગવવાને યોગ્ય છે, લાયક છે, છતાં એ ધર્મ કરવા માગે છે, તો આપણા જેવા વૃદ્ધોએ સંસારબંદિખાનામાં પડ્યા રહેવું એ કઇ રીતે ઉચિત ગણાય?" રાજાનો આવો વિચાર સાંભળી દેવી કમલિની બહુ રાજી થયા, ઘણા પ્રસન્ન થયા અને હર્ષના આવેશમાં ગદગદ થતી વાણીએ ધ્રૂજતે સ્વરે બોલ્યા 'આર્યપુત્ર ! આપે ઘણું સારૂં કહ્યું, મને એ વાત બહુ ગમી !' આ પ્રમાણે કહી રાણીએ પુંડરીકને અનુમતિ આપી અને તેની સાથે દીક્ષા લેવા માટે રાજા અને રાણી (શ્રીગર્ભરાજા અને રાણી કમલિની) પણ તૈયાર થઇ ગયા. તેઓએ પુત્રને રજા આપતી વખત જ મનમાં તે સંબંધી નિશ્ચય કરી લીધો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સુલલિતાને શોક. પ્રશ્ન.

અનુસુંદરના હૃદયવેધી ભાષણથી સુલલિતાનું હૃદય વીંધાણું, પુંડરીક તેમજ તેના માતાપિતાના વર્તનથી એ રાજબાળા ભ્રમમાં પડી ગઇ, ઘણી મુંઝવણમાં પડી ગઇ અને સંવેગ પામવાથી હાથ જોડી અત્યંત ખેદ સાથે મહાભદ્રા સાધ્વીને ઉદ્દેશીને બોલવા લાગી "દેવી ! મેં અગાઉ એવું તે શું પાપ કર્યું છે કે જેને પરિણામે હું આવી થઇ ગઇ છું !! તમે જુઓ તો ખરા, આ રાજપુત્ર પુંડરીક તો પ્રસંગે હાજર હતો તેથી હકીકત માત્ર સાંભળ્યા કરતો હતો, થયેલી વાત માત્ર પોતાના કાનસુધી પહોંચાડતો હતો, કથા તેને ઉદ્દેશીને કે તેના બોધ સારૂ કહેવામાં આવતી ન હોતી, છતાં એ વાતનો ભાવાર્થ સમજી ગયો. ખરેખર એ રાજકુમાર (પુંડરીક)ને ધન્ય છે; અને આ મહા ભાગ્યવાન્ પુરૂષ અનુસુંદરે અત્યંત આદરપૂર્વક મને ઉદ્દેશીને કથા કરી,

૧ જુઓ પ્ર. ૮ પ્ર. ૧૪. (પૃ. ૧૯૮૪.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા વિસ્તારપૂર્વક આખી કથા મને સંભળાવી, છતાં મને કમભાગ્ય બાળાને જાણે કથાનો ખરો ભાવ બેસતો જ નથી, મને બોધ પ્રાપ્ત કરવાની હોંસ છે છતાં જાણે હું પશુ જેવી જ હોઉં નહિ તેમ વચનનો ભાવાર્થ બરાબર અંદર બેસતો જ નથી. અનુસુંદરના એક વાક્યથી એ ત્રણે ભાગ્યવાનોનો (શ્રીગર્ભ, કમલિની અને પુંડરીકનો) સંસાર સાથે સંબંધ છૂટી ગયો અને વળી તેઓનો ભેદ જ્ઞાનપૂર્વક થઇ આવ્યો અને હું તો જાણે તદ્દન ગામડીઆ જેવી રહી, તદ્દન અંધ જેવી રહી, તદ્દન શૂન્ય જેવી રહી અને સ્પષ્ટ બોધનો ખરો લાભ મને હજુ સુધી મળ્યો નહિ! દેવી એ તો ખરેખરી નવાઇની વાત છે કે મારી ખાતર સર્વ પ્રયાસ થયો અને મને તેનો લાભ મળતો નથી, તો તેમાં મને લાગે છે કે કાંઇ ખાસ ઊંડું કારણ હોવું જોઇએ; તો દેવી! તમે જાતે એ કારણ જાણતા હો તો તેમ, નહીં તો સદાગમને પૂછો અને પછી મને કહો કે મારા કયા પાપના ઉદયથી મને બોધ જ થતો નથી અને હું તદ્દન ભોઠ જેવી કેમ રહ્યા કરૂં છું?"

### વૈરાગ્ય ન થવાનાં કારણ.
### જ્ઞાનની લઘુ આશાતના.
### પૂર્વભવ અભ્યાસ અને વર્તન.

આટલું બોલતાં બોલતાં સુલલિતાની આંખમાં આંસુ આવી ગયાં, એની આંખો પાણીથી ભરાઇ ગઇ. એના હૃદયની એ અવસ્થા જોઇને અનુસુંદરને એના પર ઘણી દયા આવી ગઇ અને તેઓશ્રી રાજપુત્રીને ઉદ્દેશીને મોટેથી બોલવા લાગ્યા "અરે ભોળી સુલલિતા! તારા અગાઉના પાપને જાણવાની તને ખાસ જિજ્ઞાસા થઇ હોય તો તે હું તને પૂરેપૂરૂં જણાવી દઉં, તારે એ બાબતમાં દેવી(મહાભદ્રા)ને તસ્દી આપવાની જરૂર નથી."

સુલલિતા—"આર્ય! જો એમ કરો તો તો બહુ કૃપા થાય! મારા પાપનું વર્ણન આપ મને કરી બતાવો."

અનુસુંદર—"સાંભળ! જ્યારે હું ગુણધારણ[1] હતો ત્યારે મેં દીક્ષા લીધી હતી. તે વખતે તું મદનમંજરી હતી. તને વૈરાગ્ય થવાથી મારી સાથે તેં પણ તે વખતે દીક્ષા લીધી હતી.[2] દીક્ષા લીધા પછી તેં ક્રિયા-

---

૧ જુઓ ચાલુ પ્રસ્તાવનું પ્રકરણ ૧-૨.
૨ જુઓ પ્ર. ૮ પ્ર. ૯ (પૃ. ૧૯૫૩.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનો અભ્યાસ કર્યો, અનેક પ્રકારનાં તપો તપ્યાં, પણ પછી તને એક દુર્બુદ્ધિ થઇ આવી, કે એ તો જે કાંઇ કરવાનું હોય તે કર્યા કરવું, એમાં ઝાઝી ધમાલ ન રાખવી, એને માટે મોટો રોળો કરવો નહિ–પછી સ્વાધ્યાય ( અભ્યાસ ) કરતાં જે કોળાહળ–અવાજ થાય તે તને ગમે નહિ, વાચના (પાઠ) લેવા ઉપર રૂચિ થાય નહિ, અનેક સવાલો પૂછવા (પૃચ્છના)ની બાબત તને પસંદ પડે નહિ, વાંચેલ ભણેલ બાબત વારંવાર યાદ કરી જવી ( પરાવર્તના ) ધ્યાનમાં આવે નહિ, અભ્યાસની બાબતમાં અંદર અંદર ચર્ચા ( અનુપ્રેક્ષા ) કરવી ઠીક લાગે નહિ, ધર્મદેશના આપવી કે સાંભળવી નજરમાં આવે નહિ; અને વળી તને પ્રચલા[1] ઉપર રાગ થયો, અભ્યાસ તરફ ઉદ્વેગ હોવાને કારણે તને મૌન ( ચૂપ રહેવું ) ઉપર વધારે પ્રેમ થયો, પરંતુ એમાં એટલું સારૂ થયું કે તને તે હકીકત ઉપર ખાસ તીવ્ર અભિનિવેશ[2] ન થયો કારણ કે જ્ઞાન–અભ્યાસવાળાની તરફ તું વિરોધીની નજરે જોતી ન હોતી, કોઇ બીજો શાસ્ત્રનો અભ્યાસ કરવા ઇચ્છતો હોય તેના માર્ગમાં તું કોઇ પ્રકારનાં વિઘ્ન નાખતી નહિ, અભ્યાસ કરનારાઓને કોઇ વખત હેરાન કરતી કે ત્રાસ પમાડતી નહિ, તેઓના તરફ કોઇ પ્રકારનો ખાસ દ્વેષ કરતી નહિ, ધર્મશાસ્ત્રો ભણાવનાર ગુરૂને ઓળવતી નહિ, તેમનું નામ છૂપાવતી નહિ, તે કાંઇ મોટી આશાતના[3] કરી નહીં પણ કુબુદ્ધિએ કરી જ્ઞાન તરફ એટલી શિથિળતા આવી અને ખાસ કરીને પ્રમાદ ( આળસ )ને તાબે થવાની તારી વૃત્તિને પરિણામે તેં જ્ઞાનની લઘુ આશાતના કરી તેને લઇને તેં એવું કર્મ બાંધ્યું કે જેના પરિણામે તું સંસારચક્રમાં અસંખ્ય કાળ સુધી રખડી અને આવી તદ્દન જડ બુદ્ધિવાળી–ઓછી સમજણવાળી થઇ. જે જે કર્મો કરવામાં આવે છે તેને તેને અંગે કર્મ બંધાય છે, બેદરકારી કે ઉપેક્ષાનું પણ ફળ મળે છે અને ઘણુંખરૂં પ્રાણીને પૂર્વ ભવના અભ્યાસને અનુરૂપ ભાવો આ ભવમાં થયા કરે છે, વર્ત્યા કરે છે. આ ભવના ભાવોને પૂર્વના અભ્યાસ સાથે કેટલો ગાઢ સંબંધ હોય છે તે તું તારા પોતાના સંબંધ પરથી જ જોઇ

---

૧ **પ્રચલા.** બેઠા બેઠા નિદ્રા આવે તે ત્રીજા પ્રકારની નિદ્રા.

૨ **અભિનિવેશ:** દુરાગ્રહ. વિચાર વગરની મતપુસ્તતા.

૩ **આશાતના:** આ જૈનનો પારિભાષિક શબ્દ છે, કોઇ પણ પ્રકારનો દેવનો કે જ્ઞાનનો દોષ થાય, તેના તરફ અનાદર કે ઉપેક્ષા થાય તેને આશાતના કહેવામાં આવે છે. એના પ્રકાર સમજવા જુઓ દેવવંદન ભાષ્ય ગાથા ૬૧ મી. તથા ગુરૂવંદન ભાષ્ય ગાથા ૩૫–૩૭ મી. એ મોટી હોય તો બહુ પાપ બંધાય છે. લઘુ (નાની) હોય તો અલ્પ પાપ બંધાય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકીશ: જ્યારે તું મદનમંજરી હતી ત્યારે તને પુરૂષપર દ્વેષ હતો તું પુરૂષદ્વેષિણી હતી.[1] તે પ્રમાણે આ વખતે પણ તને પુરૂષોપર દ્વેષ થયેલો છે.[2] સખીઓએ જોયું કે તું બ્રહ્મચર્ય ઉપર વધારે પ્રેમવાળી છે તેથી આનંદ મેળવવા સારૂ તને તેઓ બ્રાહ્મણી[3] કહે છે. કેમ હવે આ સર્વ બાબતનો તારા મનમાં કાંઇ મેળ મળે છે?"

સુલલિતા—"આર્ય! તમારાં વચનમાં તો એવું શું હોય કે જેનો મેળ ન મળે? વળી આપ સૂર્યના પ્રકાશ જેવી સ્પષ્ટ વાત કરો છો. છતાં હું તો મંદભાગ્યવાળી હોવાથી ઘુવડની જેમ આમ તદ્દન બણુચક જેવી જ ઊભી છું—આપની વાત ઘણી ઉઘાડી છે છતાં મને દુર્ભાગીને તે જરા પણ અસર કરતી નથી."

આ પ્રમાણે બોલીને સુલલિતા પોતાની આંખમાંથી સ્થૂળ મોતીઓના સમૂહની માફક આંસુઓનાં બિંદુઓ વરસાવવા લાગી. સુલલિતા ઘણું રડી, તેણે બહુ પશ્ચાત્તાપ કર્યો અને તેને ઘણી લાગણી થઇ આવતી હોય તેમ દેખાઇ આવ્યું.

### સદાગમને ચરણે.
### ભક્તિથી જાતિસ્મરણ.
### ગુરૂસહકારી-અન્ય હેતુઓ.
### મુશ્કેલી કે ઢીલનો ખુલાસો.

સુલલિતાના મનની આવી દશા જોઇને અનુસુંદર બોલ્યા—"રાજપુત્રિ! હવે તું દીલગીરી છોડી દે; તેં અગાઉ લઘુ આશાતના કરીને જે કર્મ બાંધ્યું હતું તે હવે લગભગ ક્ષીણ થઇ ગયું છે. હવે ભગવાન્ સદાગમની બને તેટલી ભક્તિ કર, એને શરણે જા. પ્રાણીઓને તત્ત્વજ્ઞાન થાય છે તેનું મૂળ એની આરાધનામાં છે, જેમ જેમ એ ભગવાનની આરાધના વધારે વધારે થાય છે તેમ તેમ તત્ત્વજ્ઞાનમાં વધારો થતો જાય છે. અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરવામાં એ ભગવાન્ સાચા સૂર્ય જેવા છે. તું એ ભગવાનના પાદ સન્મુખ આવી શકી છો તેથી તું ખરેખર ભાગ્યશાળી છે!"

---

૧ જુઓ પ્ર. ૮. પ્ર. ૨.

૨ જુઓ પ્ર. ૮ પ્ર. ૧૩.

૩ અગૃહીતસંકેતાને પ્રસ્તાવ બીજા પૃ. ૨૭ માં બ્રાહ્મણી કહી છે તે વાતનો અત્ર ખુલાસો થાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુસુંદર મહાશયનાં આ વચનો સાંભળ્યાં એટલે પવનવડે જેમ અગ્નિ સંકોરાય તેમ સુલલિતામાં તીવ્ર સંવેગ રૂપ અગ્નિ વધારે જાગ્રત થયો અને ભગવાન્ સમંતભદ્ર પોતે જ સદાગમ છે એમ જાણતી હોવાથી તે સૂરિમહાત્માને ચરણે પડી અને અત્યંત લાગણીપૂર્વક બોલી કે "અહો જગતના નાથ! મહાત્મા! સદાગમ! અજ્ઞાન કાદવમાં ડૂબી ગયેલી મને બહાર કાઢવાને આપ જ સમર્થ છો! હું મંદભાગ્યવાળી છું તેને આપ ખરેખરૂં શરણ આપનારા છો! અહો મહાભાગ્યવાન્ મહાશય! આપ મારા સ્વામી છો! આપ મારા પિતા છો! આપ મારા સર્વસ્વ છો! હે નાથ! આ સેવકને હવે શુદ્ધ કરો, મેલ વગરની કરો."

સમંતભદ્રસૂરિ તે જ સદાગમ.

સદાગમનું બહુમાન કરવાનો મહા પ્રભાવ હોવાથી, તેનામાં (સુલલિતામાં) સંવેગનો રંગ ઘણો ભારે થયેલો હોવાથી, તેણીનું હૃદય ઘણું સરલ હોવાથી, ભગવાનની નજીક રહેવાનું કાર્ય મહા કલ્યાણ કરનાર હોવાથી અને એ ભોળી સ્ત્રીનો મોક્ષકાળ નજીક આવેલો હોવાથી એનું કર્મનું મોટું જાળું તે વખતે પશ્ચાત્તાપના પ્રવાહવડે તૂટી ગયું અને એ સમંતભદ્રસૂરિને પગે પડેલી હતી અને આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં તે જ વખતે પગમાં પડ્યા પડ્યા એને જાતિસ્મરણ જ્ઞાન થયું. મદનમંજરી વિગેરે ભવોમાં જે બનાવો બન્યા હતા અને જેના સંબંધમાં અનુસુંદર મહાશયે હમણા જ વર્ણન કર્યું હતું તે સર્વ તેને નજરે દેખાયા, પ્રત્યક્ષ થઇ ગયા અને તેનું જ્ઞાન થતાં જ તેના મનમાં વધારે પ્રમોદ જાગ્રત થઇ આવ્યો અને તે તુરત જ ત્યાંથી ઉઠીને અનુસુંદરના પગમાં પડી.

પશ્ચાત્તાપ તપથી આખરે કલ્યાણ.

અનુસુંદર—"સુલલિતા! આ શું?"

સુલલિતા—"આર્ય! ભગવાનની કૃપાથી જે વાત તમને બની આવી હતી તે અત્યારે મને પણ બની આવી છે. વાત એમ છે કે મને પણ જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું છે અને તેથી તમે અત્યારે જે જે વાતો કહી તે સર્વનો અત્યારે મને નિર્ણય થયો છે, તે સર્વ વાતોની મને ખાતરી થઇ છે અને તેને પરિણામે સંસારબંદિખાનામાંથી મારૂં ચિત્ત ઊઠી ગયું છે, પાછું હઠી ગયું છે. અહો! આ કમનસીબ બાળા ઉપર આપમહાશયે અને ભગવાન્ સદાગમે (સમંતભદ્રે) આજે ખરેખરો ઉપકાર કર્યો છે."

અનુસુંદર—"બાળા! આ મહાત્મા સદાગમ પોતાના ભક્તના ઉપર જરૂર ઉપકાર કરે છે એ બાબતમાં જરા પણ સંદેહ નથી. તું



JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચાર કરીશ તો તને જણાશે કે ભાવચોરી કરવાથી સપડાઇ ગયેલો હું નરક તરફ જતો હતો અને તે માર્ગે આગળ ચાલતો હતો તેને સાક્ષાત્ એ ભગવાને છોડાવ્યો એ તો હજુ હમણા જ બનેલી બાબત તારા જોવામાં આવી છે! વાત એવી છે કે [1]પાપી પ્રાણીઓ પણ જો સદાગમને પ્રાપ્ત કરી તેની બરાબર ભક્તિ કરે છે તો જરૂર પાપથી છોડાય છે, છૂટા થાય છે એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી. વળી એક બીજી વાત તને કહું: તને પોતાને ઘણી મુશ્કેલીએ બોધ થયો તે હકીકતથી તારે જરા પણ દુર્ધ્યાન કરવું નહિ, મનમાં મુંઝાવું નહિ, ખેદ કરવો નહિ, તારે એમ ન ધારવું કે તું મંદભાગ્યવાળી છો અથવા દુર્ભાગી છો-તારે એ બાબતને અંગે અંદરની ચિંતા ન કરવી. તું વિચાર કર. અગાઉ જ્યારે મારામાં ઘણાં પાપો ભરેલાં હતાં અને હું ઉલટે માર્ગે ચાલતો હતો ત્યારે અકલંક વિગેરેએ મને સીધે રસ્તે લઇ આવવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો પણ તેની મારા ઉપર જરા પણ અસર થઇ ન હોતી. જ્યારે મારાં પાપકર્મો ઓછાં અને આછાં થઇ ગયાં અને હું સ્વયોગ્યતા પામ્યો, ત્યારે હું જૈનશાસનમાં બોધ પામ્યો, તેના તરફ આદરવાળો થયો અને ઠેકાણે આવ્યો, તેમ થવામાં તારા કરતાં પણ મને વધારે મુશ્કેલી થઇ હતી તે તેં મારી વાત ઉપરથી ધ્યાનમાં લીધું હશે. બધી વાતનો સાર એ છે કે કાળ વિગેરે હેતુને પ્રાપ્ત કરીને જ્યારે પ્રાણીનાં પાપો નાશ પામે છે ત્યારે જ તેને બોધ થાય છે, તે માર્ગ પર આવતો જાય છે અને ગુરૂ તો તેમાં માત્ર સહકારી કારણ બને છે, નિમિત્ત માત્ર બને છે.

સુલલિતા—"આર્ય! આપ કહો છો તે સર્વ સાચે સાચી વાત છે. મારા મનમાં જે ખોટી ભાવના થઇ આવી હતી અને મને જે શંકા પડી હતી તે સર્વનો હવે નાશ થયો છે. હવે એક જ બાબત બાકી રહે છે અને તે એ છે કે મેં અગાઉ એવો નિર્ણય કર્યો હતો કે માતપિતાની રજા વગર હું દીક્ષા લેવાનું નામ પણ નહિ લઉં. હવે મારે એ બાબતનું શું કરવું?"

અનુસુંદર—"સુંદરી! તું ગભરા નહિ. જો, તારા માતપિતા પણ અહીં આવી પહોંચ્યા છે!"

---

૧ અહીં જે વાત કરી છે તેને માટે નંદિસૂત્ર વિગેરે ગ્રંથોમાં બહુ મોટો ઉલ્લેખ છે. જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં જેટલાં કર્મોનો નાશ કરે છે તેટલો પૂર્વ કોટિ વર્ષોના કષ્ટથી અજ્ઞાની કરી શકતો નથી. અને તેનું કારણ સમજાય તેવું છે. બાહ્યાચાર અને અંતર સમજણ એમાં બહુ તફાવત છે. કર્મની ચીકાશ જેમ અંતરંગ રાગ પર આધાર રાખે છે તેમ જ તેને બાળવાના ઉપાયોમાં અભ્યંતર તપ ઘણું કામ કરે છે. આથી સદાગમ-શુદ્ધ જ્ઞાનની ભક્તિ પાપથી છોડાવે તેમાં નવાઇ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૮ મું.

## સાતની દીક્ષા. અનુસુંદરની પ્રગતિ.

સુલલિતાને જાતિસ્મરણ જ્ઞાન થયું, ગત ભવોમાં કરેલાં પાપ નજર આગળ તરી આવ્યાં, સંસારના પડદા ઉચકાતા ગયા, તીવ્ર સંવેગ અગ્નિ બળવા લાગ્યો અને પ્રવ્રજ્યા લેવાના ભાવ થતાં સાથે જ માતપિતાની રજા વગર દીક્ષા ન લેવાનો પોતાનો જાહેર કરેલો નિશ્ચય યાદ આવ્યો. પોતાની છેલ્લી મુશ્કેલી અનુસુંદર પાસે તે બતાવતી હતી તે વખતે બરાબર તાકડો બની આવ્યો અને તેને પરિણામે અભિલાષાનાં વૃક્ષને ફૂલો બેઠાં.

### સુલલિતાના માતપિતાનું આગમન. તેમનો પ્રેમ. દીક્ષા માટે રજાની માગણી. સાથે માતપિતાને પણ યોગ્ય નિમંત્રણ.

તે વખતે બહારના ભાગમાં મોટો કોળાહળ ઉઠ્યો. થોડા વખતમાં તો તે જ મનોનંદન નામના જિનભુવનમાં સુલલિતાના પિતા મગધસેન રાજા અને માતા સુમંગળાએ પોતાના આખા પરિવાર સાથે પ્રવેશ કર્યો. મગધસેન રાજાએ જિનેશ્વર દેવને નમસ્કાર કર્યા અને આચાર્ય મહારાજ અને સાધુવર્ગને વંદન કર્યું. એ અવસરે સુલલિતાએ પણ ઉઠીને માતપિતાનો આદર કરી તેમને પ્રણામ કર્યા. ત્યાર પછી મગધસેનરાજા અનુસુંદરચક્રવર્તીને પ્રણામ કરીને તેની પાસે બેઠા. સુમંગળાએ પણ સર્વને નમસ્કાર વંદન પ્રણામ કર્યા, દીકરી સુલલિતાને ભેટી અને તેનું માથું સુંઘી તેની બાજુમાં બેઠી. પછી આનંદમાં આવી જઇ ગદ્‌ગદ્ વાણીથી ઘણે દિવસે મળેલી દીકરીને ઉદ્દેશીને બોલી "દીકરી! ઘણા દિવસથી તને જોઇ નહોતી તેથી તારા દર્શનની લાલસાથી રાજ્ય છોડીને અમે બન્ને અહીં આવ્યા છીએ. તારા બાપને તારા વિના જરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ચેન પડતું નથી અને મને તો તારા વગર તારા સ્નેહને લઇને હૃદયમાં નિરંતર બળાપો થયા કરે છે. અને દીકરી! તારૂં હૃદય તે કેવું કઠોર છે અને તું કેટલી નિર્દય છે કે આટલા વખતથી તેં તારી તબીઅતના અમને જરા સમાચાર પણ કહેવરાવ્યા નહિ? કોઇની સાથે જરા સંદેશો પણ મોકલ્યો નહિ?”

સુલલિતા—“માતા! બહુ વાત કરવાથી શું? બહુ બોલવાથી શું! તમારો મારા પર કેટલો અને કેવો સ્નેહ છે તે હમણા જ જણાઇ આવશે. તમારી રજા લઇને હું હમણા પરમ ઐશ્વર્યવાળી જૈનમતની દીક્ષા લેવા ઇચ્છું છું. એ દીક્ષા અદ્ભુત લાભને આપનારી છે, સંસારનો પાર ઉતારનારી છે. હવે જો એ દીક્ષા લેવામાં તમે મને કોઈ જાતની અટકાયત નહિ કરો, બલ્કે મારી સાથે તમે પણ દીક્ષા લેશો તો તમારો મારી ઉપર સાચો સ્નેહ છે એમ મને અને આ સર્વ લોકોને પ્રતીતિપૂર્વક જણાશે. તમારો સાચો પ્રેમ બતાવી આપવાનો અત્યારે પ્રસંગ આવ્યો છે અને મને ખાતરી છે કે તમે તમારા હેતને વ્યક્ત માર્ગે આપશો જ.”

## મગધસેન સુમંગળાના ભાવની વૃદ્ધિ.

મગધસેન રાજા આવો અલૌકિક જવાબ ભોળી સુલલિતાના મુખમાંથી સાંભળીને બહુ રાજી થયા, ઘણા વિચારમાં પડી ગયા, પણ ચતુર હોઇ તુરત જ નિર્ણયપર આવી ગયા અને દેવી સુમંગળાને ઉદ્દેશીને બોલ્યા—“દેવિ! દીકરીએ તો આપણાં મ્હોઢાં બંધ કરી દીધાં! એણે તો પ્રથમથી જ આપણને નિરૂત્તર કરી દીધાં! એ દીકરી અગાઉ તો તદ્દન ભોળી હતી, પણ અત્યારે એની નજરમાં પરમાર્થ આવી ગયો હોય તેમ લાગે છે, એ અત્યારે ઘણી સમજણી થઇ ગઇ હોય એમ એના બોલવા પરથી લાગે છે! નહિ તો આવી રીતનાં બરાબર સમયોચિત વચન બોલવાનું ક્યાંથી બને! તેથી એ જે કાંઇ કામ અત્યારે કરતી હશે તે જરા પણ અયોગ્ય નહિ હોય એમ મારૂં માનવું છે. અને એણે અત્યારે આપણને યોગ્ય જ કહ્યું છે! આપણે એની સાથે દીક્ષા લેવી એ સર્વથા યોગ્ય હોય એમ મને પણ ભાસે છે. એમ કરવાથી આપણો એના પરનો સાચો સ્નેહ સૂચવી શકાશે અને ખાસ કરીને આપણે તો અત્યારે કાંઠે આવી પહોંચ્યા છીએ, આપણે હવે દીક્ષા લેવી જ જોઇએ. અત્યારે આપણે તેમ કરવાનો સમય આવી પહોંચ્યો છે.”

મગધસેનનો નિર્ણય, સુમંગળાની સંમતિ.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સુમંગળા—"જેવો દેવનો હુકમ!"

માતપિતાને આ પ્રમાણે બોલતાં સાંભળીને સુલલિતાને ઘણો આનંદ થયો અને પોતાના ઉપર ઘણો પાડ કર્યો—એવા શબ્દો બોલતી તે પિતામાતાને પગે પડી. પછી એણે માતપિતાને અનુસુંદર ચક્રવર્તી વિગેરેનો વૃત્તાંત ટુંકામાં કહી સંભળાવ્યો અને પોતાને કેવી રીતે દીક્ષા લેવાનું મન થયું હતું તે પણ મુદ્દાસર જણાવ્યું. એ હકીકત સાંભળી મગધસેન રાજા અને રાણી સુમંગળાને ઘણો જ આનંદ થયો અને ખરા ભાવથી બન્નેને દીક્ષા લેવાનાં પરિણામ થઇ આવ્યાં. સૂરિમહારાજ પાસે બન્નેએ દીક્ષા લેવાની યાચના કરી. આચાર્યે બન્નેના વિચારને મજબૂત ટેકો આપ્યો.

**સાતની દીક્ષા.**

૧ અનુસુંદર.
૨ શ્રીગર્ભ.
૩ કમલિની.
૪ પુંડરીક.
૫ મગધસેન.
૬ સુમંગળા.
૭ સુલલિતા.

**મનોનંદન ઉદ્યાન.**[1]

અનુસુંદર વિગેરેના દીક્ષા અવસરે મનોનંદન ઉદ્યાન અનેક ભવ્ય પ્રાણીઓથી અને મુનિમહાત્માઓના સમુદાયથી ભરપૂર થઇ ગયું હતું, મહાન આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો તેથી તે બહુ સુંદર થઇ ગયું હતું, આકાશમાંથી ઉતરી આવતાં અનેક દેવતાઓના સમુદાયોથી એની સર્વ દિશામાં ચારે તરફ ઉદ્યોત થઇ રહ્યો હતો, સુરના ડોલ કરતા અવાજથી વિલાસ કરતી શરણાઇઓ અને વાજીંત્રોના નાદથી જાણે આખા ભુવનનો અંદરનો ભાગ સાંકડો થઇ ગયો હતો, અનંત અને મોટા વિસ્તારવાળી પૂજા અને સત્કારથી ઉદ્યાન બહુ શોભાયમાન લાગતું હતું અને ઉપર જણાવેલા ભવ્ય પ્રાણીઓ અનેક પ્રકારનાં દાનો આપતા હતા, પરસ્પર સન્માન કરતા હતા, સુંદર ગાયનો ગાતા હતા અને વિદ્યાનો આનંદ મેળવતા હતા, તે સર્વથી તે ખીચોખીચ ભરાઇ ગયું હતું. દીક્ષા અવસરે મનોનંદન બગિચો ક્ષણમાત્ર આવી અદ્ભુત શોભા

---

૧ **મનોનંદન:** મનને આનંદ આપનાર, મનનો જ આનંદ. આ આખો બનાવ એના આંતર હાર્દને અંગે સમજવાનો છે. મનોનંદન ઉદ્યાન અંતરંગ રાજ્યમાં છે તે વાંચનાર સમજી શકશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધરી રહ્યો હતો. તે[1] વખતે મગધસેનરાજાએ રત્નપુરનું રાજ્ય અને શ્રીગર્ભરાજાએ શંખપુરનું રાજ્ય પણ અનુસુંદરના પુત્ર પુરંદરને જ આપી દીધું અને તે રાજ્યના વાલી તરીકે સર્વ તજવીજ કરવાની ભલામણ કરી દીધી. એ ઉપરાંત તે વખતને યોગ્ય બાકીનાં સર્વ કર્તવ્યો તુરતમાં આટોપવામાં આવ્યાં.

આચાર્યશ્રીએ પછી તુરતમાં જ સાતેને વિધિપૂર્વક દીક્ષા આપી.

ગુરૂમહારાજાએ સર્વને સંયમમાં સ્થિર કરવા સારૂ તે વખતે અત્યંત મધુરભાષામાં સુંદર દેશના આપી. એ આખી દેશના અમૃતના સ્વાદનું ભાન કરાવનારી હતી અને મનને સ્થીર કરવાનું કાર્ય બરાબર કરી આપે તેવી હતી. સર્વ લોકોને તે સાંભળી ઘણો આનંદ થયો અને મનમાં શુભ ભાવ વૃદ્ધિ પામ્યો, પછી સર્વ પોતપોતાને સ્થાનકે ગયા અને દેવો પણ સ્વર્ગમાં ગયા.

## રાત્રિ, અનુસુંદર ધ્યાનમાં.
## સમાધિ. ઉપશમશ્રેણિ.
## સર્વાર્થસિદ્ધે ગમન.

યોગ્ય ઉપદેશ થઇ રહ્યા પછી ગુરૂમહારાજની રજા લઇને મહાભદ્રા વિગેરે સાધ્વીઓ પોતાને સ્થાને સીધાવી. ( ઉપાશ્રયે ગઇ. )

હવે સૂર્યને પણ આ સઘળો મહોત્સવ વિગેરે જોઇને અને ગુરૂમહારાજની દેશના સાંભળીને મનમાં નિશ્ચય થયો કે પોતે એ કાર્ય કરવાને જરા પણ શક્તિમાન્ નથી-એ વિચારના ખેદમાં બીજા દ્વીપમાં ચાલ્યો ગયો, પોતાની અશક્તિના પ્રાયશ્ચિત તરીકે પોતાની જાતે જ દેશનિકાલની સજા પોતા ઉપર કરી.[2]

તે વખતે સર્વ સાધુઓ [3]આવશ્યક ક્રિયા કરવા લાગ્યા અને ત્યાર પછી સ્વાધ્યાય અને ધ્યાનમાં મશગૂલ થઇ ગયા. રાત્રિનો પ્રથમનો ભાગ આવી રીતે ઘણોખરો પસાર થઇ ગયો.

---

૧ અહીં રો. એ. સો. ( બેંગાળ)વાળી બુકનું પૃ. ૧૨૦૧ શરૂ થાય છે.

૨ મતલબ ઉપરની સર્વ વાત બની અને હવે સૂર્ય અસ્ત થયો.

૩ **આવશ્યકઃ** સાધુ શ્રાવકને અવશ્ય કરવાની ક્રિયાને આવશ્યક કહે છે. એના છ પ્રકાર છેઃ સામાયક, ચોવીશ પ્રભુની સ્તુતિ, વંદન, દિવસના પાપની આલોચનારૂપ પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. આ છ આવશ્યકનું સ્વરૂપ સમજવા જેવું છે. એ ચરણ કરણાનુયોગની અતિ અગત્યની બાબત છે અને તેના પર આવશ્યકસૂત્ર, ભાષ્ય વિગેરે અનેક ગ્રંથો યોજાયલા છે. અનુસુંદર આવશ્યક ચૂકયા નથી તે ખાસ લક્ષ્યમાં લેવા યોગ્ય હકીકત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુસુંદર રાજર્ષિને તે વખતે મનમાં ઘણો જ સંતોષ થયો, અત્યંત શાંતિ થઇ, કર્તવ્યપૂર્ણતાના માર્ગપર આવવાની સુંદર સ્થિતિનું ભાન થયું અને પોતાની જાતને અહોભાગ્ય માનતાં એકાંતમાં રાત્રે તે ધ્યાનપર ચઢી ગયા. એમની લેશ્યાઓ વધારે શુદ્ધ થતાં તે [1]ઉપશમ શ્રેણિએ ચઢી ગયા અને ઉપશાંતમોહ ગુણસ્થાનકે આરૂઢ થયા. આચાર્ય ભગવાનના કહેવાથી બીજા મુનિઓને જણાયું કે અનુસુંદરનો મરણસમય નજીક આવ્યો છે એટલે તેઓ સર્વ તેની નજીક આવી તેને સમાધિ ઉપજાવવા લાગ્યા, તેને યોગ્ય રીતે જાગ્રત કરવા લાગ્યા, તેને નિઝામણા[2] કરાવવા લાગ્યા. તે વખતે તેનું આયુષ્ય પૂર્ણ થયું. આ શરીરરૂપ પાંજરૂં મૂકી અનુસુંદર [3]સર્વાર્થસિદ્ધ વિમાને ગયા અને ત્યાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા મોટી ઋદ્ધિવાળા દેવ થયા. સવારે એ હકીકતની ખબર પડતાં ચતુર્વિધ શ્રમણસંઘ એકઠો થયો. વિધિપૂર્વક મુનિમહારાજ રાજર્ષિ અનુસુંદરના મૃત શરીરનો તેઓએ સંસ્કાર કર્યો અને મનુષ્યોએ તથા દેવોએ તેની પૂજા કરી.

*　*　*　*
*　*　*

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧ **ઉપશમ શ્રેણિઃ** ભોગ કર્મો બાકી રહે છતાં આત્મા જ્યારે પ્રગત થાય છે ત્યારે તે ઉપશમ શ્રેણિ માંડે છે. ભોગવવાનાં કર્મોને દાબી દઇને આગળ વધે છે, ત્યાંથી બાકીનાં કર્મો ભોગવવાં પાછા તો ઉતરવું પડે છે પણ એક વાર ઉચ્ચ દશાનો સ્વાદ લઇ આવે છે. આવી ઉપશમ શ્રેણિ એક ભવમાં બેવાર કેટલાક પ્રાણી માંડે છે અને આખી સંસારયાત્રામાં ચાર વાર થાય છે. અગીઆરમાં ગુણ-સ્થાનકેથી પાછો પડી જાય છે ને સાતાવેદની ભોગવે છે. અંતે જરૂર મોક્ષ જાય છે. કેટલાક સીધી **ક્ષપક** શ્રેણિ જ માંડે છે તે તો આગળ વધતા જ જાય છે, તેને પાછા હઠવાની જરૂર પડતી નથી. આ ઉપશમ શ્રેણિની હકીકત બીજા કર્મગ્રંથમાંથી જોઇ લેવી.

૨ **નિઝામણા** અંત્ય સમયની આરાધના.

૩ **સર્વાર્થસિદ્ધઃ** ભોગ કર્મો ભોગવવાં જ્ઞાનાનંદમાં કાળ ગાળવા માટે આ પાંચમું વૈમાનિક દેવોનું સ્થાન છે. ત્યાં સુખશય્યામાં પડ્યા પડ્યા તેત્રીશ સાગરો-પમ સુધી જ્ઞાનનો આનંદ કરે છે. ત્યાંથી ચ્યવન થયા પછી મનુષ્યનો ભવ પામીને તે જ મનુષ્યના ભવેથી મોક્ષ જાય છે. પુણ્યના વધારાનો સરખો હિસાબ કરવા જ આ સ્થિતિ થાય છે. ત્યાં ઉપાધિ કોઇ પ્રકારની નથી, છતાં સોનાની બેડી જેવી સ્થિતિ છે. મોક્ષનો આનંદ આત્મિક છે, અદ્ભુત છે; તેના પ્રમાણમાં આ આનંદ કાંઇ નથી.

## સુલલિતાને થયેલ શોક અને આચાર્યે કરેલ શાંત્વન. કોના મરણનો શોક કરવો અને કોનું જીવન સફળ? અનુસુંદરનું ભવિષ્ય—અમૃતસાર થઇ આખરે મોક્ષ.

સુલલિતાને અનુસુંદર ઉપર એક દિવસમાં ઘણો રાગ થયો હતો, પોતાને વિશુદ્ધ ધર્મનો સાચો બોધ આપનાર તે મહા પુરૂષ હતો તેને ગુણ હજુ હૃદયમાં જામતો જતો હતો અને પૂર્વકાળના દીર્ઘ અભ્યાસથી હજુ સ્નેહતંતુઓનાં જાળાં ત્રુટ્યાં નહોતાં. વળી અનુસુંદરનો મરણનો બનાવ એકદમ બની ગયો, જેથી ઉપકારના ભાર તળે દબાયલી અને સંસારથી હજુ તાજી વિરક્ત થએલી સુલલિતાના મનમાં અનુસુંદરના ઓચીંતા મરણસમાચારથી કાંઇક ખેદ થયો અને તેની પીડા પણ થવા લાગી.

સમંતભદ્રસૂરિ આ બનાવ જોઇ ગયા, તેથી સુલલિતાને વધારે સ્થીર કરવા માટે અને તેનો શોક દૂર કરવા માટે તેઓ સર્વની સમક્ષ સુલલિતાને ઉદ્દેશીને નીચે પ્રમાણે બોલ્યાઃ—

"આર્યે! બાળા! જે મહાત્મા પુરૂષે એક દિવસમાં પોતાનું કામ "કાઢી લીધું છે, સાધ્યને માર્ગે કૂચ કરી દીધી છે અને જે કૃતકૃત્ય "થઇ ગયા છે તે મહાત્માને માટે જરા પણ શોક કરવો યોગ્ય ન "ગણાય. એણે તો જબરૂં કામ કરી લીધું કહેવાય. જો એણે ખૂબ "પાપો કર્યા હોત અને એના ભારથી એ સંસારસમુદ્રમાં ડૂબી ગયા "હોત અને એણે અહીંથી નરક તરફ પ્રયાણ કર્યું હોત તો તો એને "માટે દીલગીરિ કરવી યોગ્ય ગણાત, તો તો એના સંબંધમાં શોક "કરવો વાજબી ગણાત; પણ જે પ્રાણી વિશુદ્ધ ધર્મને પ્રાપ્ત કરીને "પોતાનાં પાપરૂપ કચરાને ધોઇને સર્વાર્થસિદ્ધ વિમાને જાય તેને માટે "શોક ઘટે નહિ, તેના સંબંધમાં દીલગીર થવું યોગ્ય ગણાય નહિ, "તેને માટે ખેદ કરવો સ્થાને ગણાય નહિ. જે પ્રાણીને સંયમધર્મ "અતિ દુર્લભ્ય હોય અને તેથી તે દુઃખના ભાર સાથે સંસારમાં "ચારે તરફ રખડે તેવું હોય તેવા પ્રકારના પ્રાણીને માટે શોક કરવો "ઉત્તમ પ્રાણીને યોગ્ય છે; જે પ્રાણી સંયમવાન્ હોઇ મરણ પામે "તેના સંબંધમાં તો જરા પણ શોક કરવો યોગ્ય ગણાય જ નહિ, "તે કદાચ સંસારચક્રમાં રહ્યો હોય તો પણ તે જ્યાં હોય ત્યાં "તેને આનંદ જ છે, મજા જ છે, આંતર લ્હેરની છોળો જ છે અને "તેથી તેને માટે શોક કરવો કદી ન જ ગણાય. જે પ્રાણીએ પર- "લોકમાં સુખને આપનાર ધર્મનું આચરણ બરાબર કર્યું ન હોય

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તે જ્યારે મરણ સામું આવીને ઊભું રહે છે ત્યારે તેનાથી ગભ-
"રાઇ જાય છે, બ્હી જાય છે, ડરી જાય છે. જે પ્રાણી વિશુદ્ધ
"ધર્મનું ભાતુ બાંધીને રહેલો છે અને તેની રાહ જુએ છે તેને
"મરણ નજીક આવે ત્યારે જરા પણ બ્હીક લાગતી નથી પણ
"ઉલટો તેને મન તો એ જાણે મોટો ઉત્સવ બની રહે છે, તેને મન
"તો એ જાણે મોટો આનંદનો પ્રસંગ થઇ આવે છે. જ્ઞાન દર્શન
"ચારિત્ર તપ રૂપ ચાર થાંભલાઓના ટેકાથી મજબૂત બનેલી
"અને પાપોનો નાશ કરનારી આરાધના જે પ્રાણીએ કરી હોય
"તેને મરવાથી શું? તેના સંબંધમાં મરણ એ શું ચીજ છે? તેને
"મરણ જ શું છે? જે મહાત્મા મુનીશ્વરો પાપસમૂહને ધોઇ નાખીને
"આરાધના કરીને પંડિતમૃત્યુએ[1] મરે છે તેઓ તો ખરેખર આનંદ
"ઉત્પન્ન કરનારા છે, આનંદ દેનારા છે, આનંદ વધારનારા છે,
"આનંદ સ્વરૂપ છે. હે બાળા! અનુસુંદર રાજર્ષિ તો અનાર્ય કાર્યથી નિ-
"વૃત થઇ કામ સાધી ગયા છે, સિદ્ધકાર્ય થઇ ગયા છે, કૃતકૃત્ય
"થઇ ગયા છે, તેના મરણ માટે તે વળી શોક કેવો? તે કેમ ઘટે?
"અને તે વાજબી પણ કેમ ગણાય?

જૈન સાઈટ JAINSITE.com

પછી મનુષ્ય થઇ મોક્ષે.

"વળી તું જરા સાંભળી લે. એ અનુસુંદર રાજર્ષિ અત્યારે કામ કરીને સર્વાર્થસિદ્ધ વિમાને ગયેલ છે. ત્યાં જ્યારે એની તેત્રીશ સાગરોપમની આયુષ્યની સ્થિતિ પૂરી થશે, ત્યારે ત્યાંથી ચ્યવીને[2] પુષ્કરવર દ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરી છે ત્યાં જશે. ત્યાં તે વખતે એક ગાંધારરાજ નામના રાજા હશે. તેને પદ્મિની નામની રાણી હશે. એ ગાંધારરાજ અને પદ્મિનીના પુત્ર તરીકે એ રાજર્ષિ જન્મશે. એનું ત્યાં અમૃતસાર નામ પાડવામાં આવશે. એને મહાવિભૂતિ પ્રાપ્ત થશે. દેવ જેવી તેની સમૃદ્ધિ થશે અને મનુષ્યપણામાં દેવનાં સુખોનું

---

૧ સર્વવિરતિનું મરણ **પંડિતમરણ** કહેવાય છે.
દેશવિરતિનું મરણ **બાળપંડિતમરણ** કહેવાય છે.
અવિરતિનું મરણ **બાળમરણ** કહેવાય છે.
શાસ્ત્રમાં બતાવેલી આરાધના કરતાં, સર્વ જીવોને ખમાવતાં, સર્વ વૈર વિરોધને માટે ક્ષમા માગતાં, શુદ્ધ ભાવના ભાવતાં, સંસારનું અસારપણું વિચારતાં, પોતાનાં શુભ કાર્યો યાદ કરતાં, નમસ્કાર મહામંત્રનો જપ કરતાં મરણ થાય તેને જૈન પરિભાષામાં **પંડિતમરણ** કહે છે. આરાધના વિધિ માટે આઉરપચ્ચખાણ-ભત્તપચ્ચખ્ખાણ પયન્ના જુઓ.

૨ **ચ્યવીને:** દેવ કાળ કરી અન્ય ગતિમાં જાય તેને 'ચ્યવવું' કહેવામાં આવે છે.



www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

વાતાવરણ થશે. ઉછર્યા પછી યૌવન પ્રાપ્ત થશે ત્યારે તે અનેક કળાઓમાં કુશળતા મેળવશે. ત્યાર પછી એમને વિપુળાશય નામના આચાર્યનો યોગ થશે. તેની પાસેથી બોધ થયા પછી એ યુક્તિપૂર્વક માતપિતાને સમજાવીને દીક્ષા લેશે, એનો આત્મા ઘણો વિશુદ્ધ થતો જશે અને એ સાધુ તરીકે રહી બહુ વખત સુધી મહા તપ તપશે. આખરે એ પોતાનાં કર્મજાળને કાપી નાખીને સમાધિપૂર્વક આગળ વધશે, સંસારનો પ્રપંચ છોડી દઇ આખરે શિવાલયે ( મોક્ષે ) જશે.

"આ પ્રમાણે હકીકત હોવાથી ભવ્યપ્રાણીઓને એ **અનુસુંદર** રાજર્ષિ અત્યંત પ્રમોદનું કારણ છે, એ મહાપુરૂષના પ્રસંગને લઇને કોઇ પ્રકારનો શોક થવો ન જોઇએ, કરવો ન જોઇએ, સંતાપ થવો ન જોઇએ, બનવો ન જોઇએ. એ મહાપુરૂષની વિભૂતિ ઓર છે, એની પ્રગતિ જ્યારે થઇ ત્યારે એકદમ વધારે થઇ આવી છે અને એનો વિકાસ આદર્શયુક્ત છે."

### ભાવીભદ્ર મહાત્માની ચિત્તવૃત્તિ.
### ભવિતવ્યતાનો ન સમજવા માટે ખેદ.
### અનુસુંદરની ભાવી અંતર ચેષ્ટા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઇટ

આચાર્ય મહારાજે અનુસુંદર રાજર્ષિનું ભવિષ્ય વિસ્તારથી કહી બતાવ્યું, તેનો આખરે મોક્ષ જણાવ્યો અને સુલલિતાને શાંત કરી તે વખતે પુંડરિક મુનિએ આચાર્યને પ્રણામ કરી સવાલ પૂછ્યો: "એ મહાત્મા રાજર્ષિનો ભવિષ્યમાં બનવાનો બનાવ આપશ્રીએ વિગતવાર કહી સંભળાવ્યો તે મેં સાંભળ્યો. હું હવે આપશ્રીને એક બીજી જ બાબત પૂછવા ઇચ્છુંછું અને તે એ છે કે તેની ચિત્તવૃત્તિમાં સુંદર લોકો હતા અને ખરાબ લોકો હતા જેનું વર્ણન ઘણીવાર અગાઉ તેના વૃત્તાંતમાં સાંભળવામાં આવ્યું હતું તેઓનો આગળ વૃત્તાંત કેવો બનશે તે પણ આપ કહી બતાવો-સુંદર અને ખરાબ લોકો તેની ચિત્તવૃત્તિમાં હતા, તેઓનું શું થશે તે જણાવવા કૃપા કરો."

**સમંતભદ્ર**સૂરિ જવાબ આપતાં બોલ્યા-"પુંડરિક! તમારો સવાલ ઘણો મજાનો છે. જુઓ, સાંભળો: સર્વાર્થસિદ્ધ વિમાનેથી મનુષ્ય તરીકે ઉપર જણાવ્યું તેમ જ્યારે એ અમૃતસાર થશે ત્યારે થોડા વખતમાં એ સર્વસંગનો ત્યાગ કરશે અને ભાવદીક્ષા ગ્રહણ કરશે, તે વખતે તેની સ્ત્રીઓ-ક્ષાંતિ અને દયા, તથા મૃદુતા અને **અસત્યતા**, તેમ જ **ઋજુતા** અને **અચૌર્યતા**, તથા **બ્રહ્મરતિ** અને **મુક્તતા** અને

પ્રગતિના વિશાળ માર્ગે.

વિદ્યા અને **નિરીહતા**[1] જે તે વખત સુધી જરા લીન થઇને દબાઇને રહેલી હશે તે બહાર પડશે, તેની સાથે ચારિત્રરાજનું આખું સૈન્ય પણ બહાર પડશે. વળી તે વખતે તેના અંતરંગ રાજ્યમાં [2]ધૃતિ, **શ્રદ્ધા, મેધા, વિવિદિષા, સુખા, મૈત્રી, પ્રમુદિતા, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ,** કરૂણા વિગેરે સ્ત્રીઓ પણ અગાઉની માફક તેને બહુ વધારે સુખ આપનાર થઇ

સુંદર લોક.

પડશે. આવી રીતે એ મહાત્માને અત્યંત આનંદથી ભરપૂર અંતરંગ રાજ્ય પ્રાપ્ત થશે, બહુ સુંદર રાજ્યનો એ ભોગવનાર થશે અને એ રાજ્યનો ભોગવટો કરતાં એ પોતાના અંતર શત્રુઓને મૂળમાંથી ઉખેડી નાખશે. એ મહા બળવાન્ પુરૂષ ત્યાર પછી અમૃતસાર મુનિ તરીકે અંતરંગ રાજ્યમાં વિજય મેળવતાં મેળવતાં આખરે [3]ક્ષપકશ્રેણીએ ચઢશે અને એ વિશુદ્ધ શ્રેણીપર રહી **ચાર ઘાતીકર્મ**[4] નામના દુશ્મનોનો સર્વથા નાશ કરશે, તેમના ચૂરેચૂરા કરી નાખશે. ત્યાર પછી [5]કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તે જગત્ ઉપર અનેક પ્રકારના [6]અનુગ્રહો (ઉ-

---

૧ આ દશે કન્યાપર વિસ્તારથી વિવેચન **પ્ર. ૮. પ્ર. ૯** માં થયું છે.

૨ આ બીજી દશ સ્ત્રીઓ છે તેનાં નામો વિગેરેનો નિર્દેશ અને તેના જરૂરી અર્થ ચાલુ પ્રસ્તાવના પ્રકરણ ૯ માં આવી ગયા છે તે માટે જુઓ પૃ. ૧૯૫૧.

૩ **ક્ષપકશ્રેણિઃ** સાતમા ગુણસ્થાનકથી સીધા રસ્તે વધતાં કર્મોનો ક્ષય કરતો-નાશ કરતો જીવ આગળ વધે છે. પછી તો એનો કર્મનો નાશ જ થાય છે. એટલે એનો ઉપશમ શ્રેણિની પેઠે પાત થતો નથી.

૪ **ચાર ઘાતીઃ** કર્મના મોટા ભેદ આઠ છે, તેમાં ચાર કર્મ ઘાતી કહેવાય છે તે કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાતચારિત્ર તથા અનંતા વીર્યને રોકનાર હોવાથી તેને ઘાતી કર્મો કહેવામાં આવે છે. ૧. જ્ઞાનને આવરણ કરનાર તે જ્ઞાનાવરણીય; ૨. દર્શનને અટકાવનાર દર્શનાવરણીય; ૩. સંસારમાં રખડાવનાર મોહનીય અને ૪. વીર્યશક્તિમાં અડચણ નાખનાર અંતરાય. આ ચાર કર્મોને **ઘાતી** કર્મો કહેવામાં આવે છે. એ ચારે જ્યારે ઉદય અને સત્તામાંથી સર્વથા જાય ત્યારે પ્રાણીને કેવળજ્ઞાન થાય છે. ચારે ઘાતી કર્મોનું વિસ્તારથી સ્વરૂપ પ્રથમ કર્મગ્રંથમાં આપવામાં આવ્યું છે.

૫ **કેવળજ્ઞાનઃ** ચાર ઘાતી કર્મોનો નાશ થતાં પ્રાણીને કેવળજ્ઞાન-સંપૂર્ણજ્ઞાન થાય છે. તેનાથી એ ભૂત ભાવી પદાર્થો જાણે છે. દ્રવ્યગુણપર્યાય સમજે છે અને સર્વ ભાવો પ્રત્યક્ષ કરે છે. એવી દુનિયામાં કોઇ પણ જ્ઞેય વસ્તુ રહેતી નથી જે કેવળજ્ઞાનનો વિષય ન થઇ શકે. સર્વ જ્ઞેયનું સંપૂર્ણ જ્ઞાન એટલે કેવળ જ્ઞાન.

૬ **અનુગ્રહઃ** કેવળજ્ઞાની દેશના દઈ જગતનો ઉદ્ધાર કરે છે, અનેક પ્રાણીઓને સાચો માર્ગ બતાવી રસ્તે લઇ આવે છે, ખોટા માર્ગથી મૂકાવે છે અને વિશુદ્ધ બનાવે છે. આ કાર્ય તેમનો જગતપરનો અનુગ્રહ બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પકારો) કરશે, પછી એ કેવળી સમુદ્ઘાત[1] કરી, સર્વ યોગોનો નિરોધ[2] કરી છેવટે આયુષ્યના તદ્દન છેવટના ભાગમાં [3]શૈલેશી નામની સુંદર ક્રિયા કરીને તે બાકીના [4]દુશ્મનોનો પણ ચૂરો કરી નાખશે. તે વખતે એનાં સર્વ કામો પૂરાં થશે, એની સર્વ ક્રિયાઓનો છેડો આવશે, એના સુંદર કાર્યોનું સુંદર પરિણામ આવશે અને એ પોતાના સર્વ બાંધવો સહિત નિર્વૃતિ નામની સુંદર નગરીમાં જઇને એના સુરાજ્યનાં સુંદર ફળો તે ચાખશે. ત્યાર પછી એ અનંત આનંદમાં મગ્ન થશે, અનંત જ્ઞાનથી પૂર્ણ થશે, અનંત વીર્યથી ભરપૂર થશે, અનંત દર્શનથી યુક્ત થશે, એની સઘળી બાધા પીડાઓનો નાશ થશે અને એના એ સર્વ ભાવો સર્વ કાળને માટે હમેશના થશે. આ એના એક અંતરંગ કુટુંબની વાત થઇ.

"હવે એના બીજા અંતર કુટુંબની વાત કરીએ. રાજર્ષિની કુ-

---

૧ **સમુદ્ઘાતઃ** આયુષ્યકાળ સાથે કર્મોની વિષમતા ઘણા ખરા કેવળીઓને હોય છે, બધાનો મેળ મળે નહિ તેથી કેવળી વધારાનાં કર્મોનો જોસથી ક્ષય કરી બાકીનાને સરખાઇમાં આણે છે. એ સારૂં મરણ પહેલાં છ માસ અગાઉ તેઓ આ સમુદ્ઘાત કરે છે. એનો વખત આઠ સમયનો છે. પ્રથમ સમયે આત્મપ્રદેશને સીધી એક પ્રદેશની સ્થિતિએ ઉપર નીચે ગોઠવે છે એને 'દંડ' કર્યો કહે છે, બીજે સમયે એને ચૌદ રાજમાં 'કપાટ'રૂપે ગોઠવે છે, ત્રીજે સમયે મંથાન કરી બધી દિશા પૂરે છે, ચોથે સમયે વચ્ચેના આંતરા પૂરે છે અને તેજ વખતે એ કર્મોને વેદી નાખે છે, આયુથી વધારે બાકીનાં કર્મોનાં દળ હોય તેને આત્માથી છૂટાં કરી દે છે. પાંચમા છઠ્ઠા અને સાતમા સમયમાં સર્વ વિખરે છે એટલે અનુક્રમે મંથાન, કપાટ અને દંડ કરે છે અને આઠમા સમયે શરીરમાં સમાઇ જાય છે. ચોથે સમયે જ્યારે સર્વ આંતરા પૂરે છે ત્યારે તેમનો આત્મા ચૌદ રાજલોકના પ્રત્યેક પ્રદેશ પર આવી જાય છે. પ્રત્યેક આકાશપ્રદેશે આત્મપ્રદેશ મૂકાય છે. આ સમુદ્ઘાતની હકીકત ખાસ સમજવા માટે જુઓ સમુદ્ઘાત સ્થાનક-ઠાણાંગ સૂત્ર.

૨ **યોગનિરોધઃ** શુક્લધ્યાનના ત્રીજા પાયામાં યોગનો નિરોધ થાય છે. તેરમા ગુણસ્થાનકને અંતે આ હકીકત બને છે. એ પાયાનું નામ સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ. એ વિભાગમાં મુખ્યતા માત્ર કાયયોગની જ છે. જુઓ જૈ. દ. યોગ પૃ. ૧૮૦.

૩ **શૈલેશીઃ** આ ચૌદમે ગુણસ્થાનકે થાય છે. એ શુક્લધ્યાનનો ચોથો પાયો છે. એનું નામ સમુચ્છિન્નક્રિયાઅનિવૃત્તિ કહેવાય છે. એનો કાળ પાંચ હ્રસ્વાક્ષર બોલવા જેટલો છે.

૪ **બાકીના દુશ્મનોઃ** એટલો ચાર **અઘાતિ કર્મોઃ** વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. વેદનીય સુખદુઃખ આપે છે, આયુષ્ય જીવનકાળ નિર્માણ કરે છે, નામ વિવિધતા કરે છે અને ગોત્ર ઉચ્ચનીચ્ચપણું આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવિતવ્યતાની વિચારણા.

અસુંદર લોક.

ભાર્યા ભવિતવ્યતા નામની તેની સાથે ઘણા કાળથી હતી તેનો તે ત્યાગ કરશે. તે મહામોહરાજાનું બળ નરમ પડી જવાથી ઘણો શોક કરવા લાગશે, તે વિચારશે કે 'અરેરે! મેં મહામોહરાજના સૈન્યનો પક્ષપાત કરીને મોટી દુર્બુદ્ધિ કરી અને તેને પરિણામે આજે મારા મનોરથો ભાંગીને ચૂરેચૂરા થઇ ગયા. અરેરે! હું તો બધુંએ જાણવાનો દાવો કરૂં છું છતાં લોકોમાં ઉઘાડી રીતે જાણીતી વાત કહેવાય છે, બાળકો પણ જે બોલ્યા કરે છે તે જ મેં જાણી નહિ! સર્વ સારી રીતે જાણે છે કે—

ध्रुवाणि यः परित्यज्य अध्रुवाणि निषेवते।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥

**જે ચોક્કસ સ્થીર પદાર્થોને છોડી દઇને અનિશ્ચળ પદાર્થોને સેવે છે તેને સ્થિર પદાર્થો નાશ પામે છે અને અનિશ્ચળ પદાર્થો તો નાશ પામેલા જ છે.**[1] મેં સ્થિર પદાર્થોને–ભાવોને ઓળખ્યા વિચાર્યા નહિ! અથવા તો એમાં મારો પણ શો દોષ! આ માર્ગ રૂઢ થઇ ગયો છે કે સર્વ માણસો પોતાના ખરા સાચા પ્રયોજનમાં મુઝાય છે ત્યાં તે માર્ગે ઉપર હું પણ મુઝાઇ છું. આવો વિચાર અને નિશ્ચય કરીને એ તો કુભાર્યા હતી એટલે બીજા લોકોના કામમાં જોડાઇ ગઇ અને દીલગીરિ છોડી દઇને ચૂપ થઇ ગઇ.

હે પુંડરિક મુનિ! અનુસુંદર રાજર્ષિના અંતરંગ રાજ્યના લોકોમાં ભવિષ્યમાં કેવી ચેષ્ટા થશે તેનો હેવાલ તમને ટુંકામાં જણાવી દીધો."

**સમંતભદ્ર** આચાર્ય પાસેથી આટલો વિસ્તારથી હેવાલ સાંભળ્યા પછી પુંડરિક વિગેરે સાધુઓ ઘણા રાજી થયા અને સુલલિતાનો શોક દૂર થયો.

૧ આ એક મહા સત્ય છે. વ્યવહારમાં અને ધર્મસાધનામાં બહુ ઉપયોગી છે. લોકો ઘણીવાર ચોક્કસ લાભને ગૌણ કરીને અચોક્કસને વળગવા જાય છે, સાચા દીર્ઘકાળના સ્નેહીઓને છોડી નવા નવાને પકડવા જાય છે, તેમાં સાચા છૂટી જાય છે અને ઉપરઉપરના તો અંતે છૂટવાના જ છે. અંતરંગરાજ્યે પણ એજ ઘટના ચાલે છે. વિચારવાથી સ્પષ્ટ થઈ જશે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

# પ્રકરણ ૧૯ મું.

## આગમનો સાર.

સુલલિતાનું મન ત્યાર પછી ઘણું સંવેગમાં આવી ગયું. એને વિચાર થયો કે પોતાને બોધ થતાં ઘણો વખત થયો હતો, બહુ મહેનત પડી હતી, તેથી પોતે ભારેકર્મી તો ખરી જ! એવો પોતાનો જીવરત્ન માત્ર સંવેગરૂપ પવનથી શુદ્ધ નહિ થાય; તેને શુદ્ધ કરવા માટે તીવ્ર તપરૂપ અગ્નિની ખાસ જરૂર ગણાય. આવો વિચાર કરીને પછી એણે ગુરૂમહારાજની રજા લીધી અને તેમની સૂચના અનુસાર પોતે ખાસ ઉદ્યમ કરીને [1]મહાકષ્ટદાયી તપ વડે આત્મરત્નને શુદ્ધ કરવા લાગી. જે બાળા એક વખત ધર્મનું સ્વરૂપ કે વાત સમજતી ન હોતી તે જ અત્યારે જાતિવિચારણા કરીને અંતરશુદ્ધિના માર્ગો શોધવા લાગી અને દરેક પ્રસંગે ગુરૂમહારાજની અનુજ્ઞા લેવા લાગી. એણે જે મહા તપસ્યા કરી તેનો સહજ ખ્યાલ આપવો અત્ર યોગ્ય ગણાશે.

### સુલલિતાનો મહા તપ.[2]

એક બે ચાર પાંચ વિગેરે ઉપવાસો રૂપ અનેક પ્રકારનાં રત્નોની માળાવાળા[3] **રત્નાવળી** તપથી તે રાગમુક્ત રાજકન્યા સુલલિતા સાધ્વી

---

૧ શુભ ધ્યાનપૂર્વક કષ્ટ સહન કરવાથી અત્યંત નિર્જરા થાય છે, કર્મનો ક્ષય થાય છે.

૨ શાસ્ત્રમાં અનેક પ્રકારનાં તપો વર્ણવ્યાં છે તેનો સમુચ્ચય **તપોરત્ન-મહોદધિ** નામના ગ્રંથમાં શ્રી ભક્તિવિજયજીએ કર્યો છે અને તે ગ્રંથ શ્રીઆત્માનંદજૈનસભા (ભાવનગર) એ બહાર પાડ્યો છે. નીચેની નોટ સદરહુ ગ્રંથને આધારે લખેલી છે.

૩ **રત્નાવલી**-કનકાવળીની પેઠે આ તપ જાણવો, માત્ર કનકાવળીમાં જ્યાં આઠ, આઠ અને ચોત્રીસ છઠ તે સ્થળે આઠ, આઠ અને ચોત્રીસ અઠ્ઠમ જાણવા-આ તપોરત્ન મહોદધિને આધારે લખવામાં આવ્યું છે, પ્રાચીન સામાચારી અને **ઉવવાઇ** સૂત્રની ટીકામાં **કનકાવળીમાં** આઠ, આઠ અને ચોત્રીસ અઠ્ઠમ લખ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુશોભિત બની. ત્યાર પછી અનેક પ્રકારની ચર્યારૂપ સુવર્ણની ચાર લતા-વાળી સુંદર કનકાવળીથી[1] વિભૂષિત થઇ. એ મહાભાગ્યવતી ત્યાર પછી એક ઉપવાસ વિગેરે રૂપ મનોહર મોતીઓથી વિભૂષિત [2]મુક્તાવળી નામના તપથી શોભી રહી. એ મહાદેવીની ક્રિડા કરવાની ઇચ્છા નિ-વૃત્ત થઇ ગઇ હતી તો પણ સિંહપરાક્રમી રાજપુત્રીએ સિંહની ક્રી-ડાની લીલા માફક લઘુ અને બૃહત્ સિંહવિક્રીડિત[3] તપ કર્યાં. એના

---

૧ **કનકાવળી:** ઉક્ત ગ્રંથમાં એનો નંબર **૨૧** મો છે. એની ગોઠવણ હારની છે. **પ્રથમ** એક બે ત્રણ ઉપવાસથી એક દાઢમની કાહલિકા (ચીર) થાય છે. પછી આઠ છઠ (બે ઉપવાસ)થી દાઢમ પૂરૂં થાય છે. પછી એક બે ત્રણ યાવત્ સોળ સુધી ઉપવાસ કરવાથી હારની એક સેર થાય છે. પછી ચોત્રીસ છઠ કરવાથી નીચેનું પદક થાય છે. પછી સોળ પંદર ચૌદ યાવત્ એક સુધી ઉપવાસ કરીને હારની બીજી સેર કરવાની છે. ઉપર આઠ છઠ કરીને બીજું દાઢમ કરવું. પછી ત્રણ બે અને એક ઉપવાસ કરીને બીજી કાહલિકા તૈયાર કરવી. કુલ ઉપવાસ ૩૮૪ થાય છે અને પારણા ૮૮ થાય છે. આખો તપ સંલગ્ન કરવાનો છે અને પારણે વિધિ કરવાની છે. વિશેષ વિધિ પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં જોવી. આમા ચાર લતાની વાત કરી છે તે ચાર ગણો તપ કરતાં ૫ વર્ષ ૨ માસ ૨૮ દિવસ થાય છે.

૨ **મુક્તાવલી:** ઉક્ત ગ્રંથમાં આનો નંબર **૨૨** મો છે. આ ત્રણે પ્રકારના હારો-રત્ન, સોના અને મોતીના ઘાટ વિચારવા. મુક્તાવલી તપમાં ઉપવાસનો ક્રમ આ પ્રમાણે છે: ૧. ૨. ૧. ૩. ૧. ૪. ૧. ૫. ૧. ૬. ૧. ૭. ૧. ૮. ૧. ૯. ૧. ૧૦. ૧. ૧૧. ૧. ૧૨. ૧. ૧૩. ૧. ૧૪. ૧. ૧૫. ૧. ૧૬. ૧. ૨. ૧. ૩. ૧. ૪. ૧. ૫. ૧. ૬. ૧. ૭. ૧. ૮. ૧. ૯. ૧. ૧૦. ૧. ૧૧. ૧. ૧૨. ૧. ૧૩. ૧. ૧૪. ૧. ૧૫. ૧. તેમાં તપના દિવસ ૨૮૪, પારણાં ૫૯.

૩ **સિંહવિક્રીડિત:** આ મહા તપ છે. સિંહ જેમ ચાલતા પાછળનો ભાગ જોતો જાય છે તેવો આ તપ છે. એના બે પ્રકાર છે: એકને લઘુ કહેવામાં આવે છે, બીજાને બૃહત્ કહેવામાં આવે છે. ફેર ઉપવાસ સંખ્યામાં છે. ઉપવાસ ઉપર પારણાં કરવાનાં છે.

**લઘુમાં** ઉપવાસસંખ્યા નીચે પ્રમાણે છે. ૧. ૨. ૧. ૩. ૨. ૪. ૩. ૫. ૪. ૬. ૫. ૭. ૬. ૮. ૭. ૯. ૮. પછી પશ્ચાનુપૂર્વી એટલે ૯. ૭. ૮. ૬. ૭. ૫. ૬. ૪. ૫. ૩. ૪. ૨. ૩. ૧. ૨. ૧ (ઉપવાસ દિવસ ૧૫૪. પારણાં ૩૩) એને ચોવડા કરવાનો પણ મત છે.

બૃહતમાં ઉપવાસસંખ્યા નીચે પ્રમાણે.

૧. ૨. ૧. ૩. ૨. ૪. ૩. ૫. ૪. ૬. ૫. ૭. ૬. ૮. ૭. ૯. ૮. ૧૦. ૯. ૧૧. ૧૦. ૧૨. ૧૧. ૧૩. ૧૨. ૧૪. ૧૩. ૧૫. ૧૪. ૧૬. ૧૫. પછી પશ્ચાનુપૂર્વી એટલે ૧૬. ૧૪. ૧૫. ૧૩. ૧૪. ૧૨. ૧૩. ૧૧. ૧૨. ૧૦. ૧૧. ૯. ૧૦. ૮. ૯. ૭. ૮. ૬. ૭. ૫. ૬. ૭. ૫. ૬. ૪. ૫. ૩. ૪. ૨. ૩. ૧. ૨. ૧ (ઉપવાસ ૪૯૭. પારણાં ૬૧).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરને ભૂષણ રૂપ ત્યાર પછી એણે [1]ભદ્રા પ્રતિમા વહન કરી, મહાભદ્રા[2] પ્રતિમા વહન કરી, સર્વતોભદ્રા[3] પ્રતિમા વહન કરી અને [4]ભદ્રો-

---

૧ **ભદ્રા.** ભદ્રતપ. ઉક્ત ગ્રંથમાં આ તપનો નંબર ૨૬ છે. એ કલ્યાણકારક હોવાથી ભદ્ર તપ કહેવાય છે. એની પાંચ શ્રેણીઓ છે. તેમાં ઉપવાસ નીચે પ્રમાણે.

પ્રથમ શ્રેણી: ૧. ૨. ૩. ૪. ૫.
બીજી શ્રેણી. ૩. ૪. ૫. ૧. ૨.
ત્રીજી શ્રેણી. ૫. ૧. ૨. ૩. ૪.
ચોથી શ્રેણી. ૨. ૩. ૪. ૫. ૧.
પાંચમી શ્રેણી. ૪ ૫. ૧. ૨. ૩.
એમાં ૭૫ ઉપવાસ અને ૨૫ પારણાં.

૨ **મહાભદ્રા:** તપ ઉપરની જાતનો છે પણ ઉપવાસસંખ્યા વધારે છે. એના ઉપવાસો નીચે પ્રમાણે છે. ઉક્ત ગ્રંથમાં આ તપનો નં. ૨૭ છે.

પ્રથમ શ્રેણી. ૧. ૨. ૩. ૪. ૫. ૬. ૭.
બીજી શ્રેણી. ૪. ૫. ૬. ૭. ૧. ૨. ૩.
ત્રીજી શ્રેણી. ૭. ૧. ૨. ૩. ૪. ૫. ૬.
ચોથી શ્રેણી. ૩. ૪. ૫. ૬. ૭. ૧. ૨.
પાંચમી શ્રેણી. ૬. ૭. ૧. ૨, ૩. ૪. ૫.
છઠ્ઠી શ્રેણી. ૨. ૩. ૪. ૫. ૬. ૭. ૧.
સાતમ શ્રેણી. ૫. ૬. ૭. ૧. ૨. ૩. ૪.
ઉપવાસ ૧૯૬ અને પારણાં ૪૯.

૩ **સર્વતોભદ્ર:** તપ ઉપરના જેવો છે, પણ ઉપવાસસંખ્યામાં ફેર છે. ઉક્ત ગ્રંથમાં એનો નંબર ૨૯ છે. એના ઉપવાસ નીચે પ્રમાણે છે:

પહેલી શ્રેણી. ૫. ૬. ૭, ૮. ૯. ૧૦. ૧૧.
બીજી શ્રેણી. ૮. ૯. ૧૦. ૧૧. ૫. ૬. ૭.
ત્રીજી શ્રેણી. ૧૧. ૫. ૬. ૭. ૮. ૯. ૧૦.
ચોથી શ્રેણી. ૭. ૮. ૯. ૧૦. ૧૧. ૫. ૬.
પાંચમી શ્રેણી. ૧૦. ૧૧. ૫. ૬. ૭. ૮. ૯.
છઠ્ઠી શ્રેણી. ૬. ૭. ૮. ૯. ૧૦. ૧૧. ૫.
સાતમી શ્રેણી. ૯. ૧૦. ૧૧. ૫. ૬. ૭. ૮.
કુલ તપના દિવસ ૩૯૨ અને પારણાં ૪૯.
કુલ દિવસ ૪૪૧.

૪ **ભદ્રોત્તર:** તપ ઉપરના તપ જેવો જ છે. પણ ઉપવાસ સંખ્યામાં ફેર છે. ઉપરના ગ્રંથમાં એનો નં. ૨૮ છે. એમાં ઉપવાસ નીચે પ્રમાણે છે.

પહેલી શ્રેણી. ૫. ૬. ૭. ૮. ૯.
બીજી શ્રેણી. ૭. ૮. ૯. ૫. ૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરા પ્રતિમા વહન કરી. પછી એ મહાદેવી જેનાં પાપ નાશ પામી ગયાં હતાં તે [1]વર્ધમાન આંબેલ તપ કરીને પ્રતિક્ષણે વધતી ગઇ અને એનું જ્ઞાન પણ વધતું ચાલ્યું. ત્યાર પછી એણે [2]ચાંદ્રાયણ તપ તપીને

---

ત્રીજી શ્રેણી ૯. ૫. ૬. ૭. ૮.

ચોથી શ્રેણી. ૬. ૭. ૮. ૯. ૫.

પાંચમી શ્રેણી. ૮. ૯. ૫. ૬. ૭.

ઉપવાસ ૧૭૫ અને પારણાં ૨૫.

ઉપર જે તપ લખ્યાં છે તે સદર ગ્રંથને આધારે લખ્યાં છે. વળી શાસ્ત્રમાં ગ્રંથકર્તાએ કહી તેવી પ્રતિમાઓ પણ બતાવી છે, તેના ત્રણ પ્રકાર છે.

**ભદ્રા પ્રતિમાઃ** પૂર્વ દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર દિશા સન્મુખ રહી દરેક દિશામાં ચાર ચાર પહોર સુધી કાઉસગ્ગ કરે. એ પ્રમાણે કરતાં સંપૂર્ણ બે દિવસે આ પ્રતિમા પૂરી થાય.

**મહાભદ્રા પ્રતિમાઃ** આ પ્રતિમા ઉપરોક્ત ભદ્રાપ્રતિમા જેવી જ છે, પરંતુ એમાં દરેક દિશામાં આઠ આઠ પહોર કાઉસગ્ગ કરવાનો છે એટલે એ પ્રતિમા ચાર દિવસે પૂરી થાય.

**સર્વતોભદ્રા પ્રતિમાઃ** આ પ્રતિમામાં ચાર દિશા ચાર વિદિશા અને ઉપર નીચે થઈ દશે દિશામાં એક એક દિવસ પર્યંત કાયોત્સર્ગ કરે અને દશ દિવસે પ્રતિમા પૂરી કરે.

આવી રીતે ત્રણ પ્રકારે પ્રતિમા બતાવી છે. ઉપપાતિ સૂત્રની ટીકામાં ત્રીજી સર્વતોભદ્રા પ્રતિમા બે પ્રકારી કહી છેઃ એક નાની અને એક મોટી. પણ તેની વિગત ભદ્રા અને મહાભદ્રા પ્રતિમા જેવી જ છે. આગળ ટીકામાં ભદ્રોત્તરા ટીકા કહી છે તે ભદ્રોત્તર તપને બરાબર મળતી આવે છે.

પ્રાચીન સમાચારી જે હાલમાં શ્રી આગમોદય સમિતિ તરફથી બહાર પડી છે તેમાં સર્વતોભદ્રને સ્થાને ભદ્રોત્તર છે અને ભદ્રોત્તરને સ્થાને સર્વતોભદ્ર છે.

૧ **વર્ધમાન આંબેલ તપઃ** તપોરત્ન મહોદધિમાં આ તપને નં. ૫૯ માં વર્ણવ્યો છે. તેમાં એક આંબેલ ઉપર ઉપવાસ, બે આંબેલ ઉપર ઉપવાસ, ત્રણ ઉપર ઉપવાસ-યાવત્ સો આંબેલ ઉપર ઉપવાસ. એમાં વચ્ચે કાંઇ આંતરો ન પાડવો. આ મહાન્ તપ છે, ચૌદ વર્ષ ત્રણ માસ અને વીશ દીવસે પૂરો થાય છે, મહા ભાગ્યવંત હોય તે જ પૂરો કરી શકે છે. શ્રીચંદ કેવળીએ આ તપ પૂર્વ ભવે કર્યો હતો તેમ તેમના ચરિત્ર પરથી જણાય છે. સાધુ શ્રાવકને કરવાનો આ આગાઢ તપ છે.

૨ **ચાંદ્રાયણઃ** આ તપ બે પ્રકારે કરવાનો છે. એનો અર્થ ચંદ્રનું જવું (અયન) તે; એટલે ચંદ્રમાસ અનુસાર થાય છે. પ્રથમ પ્રકાર યવમધ્યનો છે, બીજો વજ્રમધ્યનો છે. જવનો મધ્ય ભાગ જાડો અને બન્ને છેડા પાતળા હોય છે. વજ્રનો

[ ચાલુ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના કુળરૂપ આકાશને ચંદ્રલેખાની જેમ દીપાવ્યું. એણે યવમધ્ય અને વજ્રમધ્ય એ બન્ને પ્રકારની આસેવના કરી અને એ દ્વારા એ દેવી સંસારબંદિખાનાપર તદ્દન નિઃસ્પૃહ વૃત્તિવાળી થઇ. એ મહાદેવીને બહુ શક્તિ આવી ગઇ, એણે ઉપર જણાવ્યાં તે અને બીજાં અનેક તપો કર્યાં અને તેથી પોતાનાં પાપોને તેણે ધોઇ નાખ્યાં. એમ તે આગળ વધતી ચાલી.

## ગીતાર્થ શ્રી પુંડરીક.
## આગમનો સાર-સવાલ.
## ધ્યાનયોગનો મહિમા.
## તીર્થીઓ. ધ્યેયનાનાત્વ.

હવે પુંડરીક મુનિ પણ બને તેટલો જ્ઞાનાભ્યાસ કરવા લાગ્યા અને વખતના વહેવા સાથે તે પણ જિતેંદ્રિય ગીતાર્થ[1] થયા. ત્યાર પછી આગમનો સુવિશુદ્ધ સંપૂર્ણ સાર-અંદરનો આશય જાણવાની અભિલાષાથી યોગ્ય વિનયપૂર્વક એણે ગુરૂમહારાજને સવાલ પૂછ્યો "સાહેબ! દ્વાદશાંગી[2] તો મોટા દરિયા જેવી છે, એ ભગવાને ભાષેલી છે, એનો ટુંકામાં સાર શો છે તે આપ કહી બતાવો."

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

વચ્ચેનો ભાગ પાતળો હોય છે અને બન્ને છેડા જાડા હોય છે. અહીં ગ્રાસ (કોળીઆ) અને દત્તિનો આધાર સ્થૂળતાહીનતા પર છે. અમુક કોળીઆ ખાવા તે શ્રાવક માટે છે અને અમુક વખત વહોરાવેલ લેવું તે તેટલી દત્તિ સાધુ માટે છે. એકવાર હાથમાં કે કડછીમાં લઇ વહોરાવે તે એક દત્તિ કહેવાય છે. યવમધ્ય ચાંદ્રાયણ તપ કરે તો શુકલ પક્ષની એકમને દિવસે એક ગ્રાસ અથવા એક દત્તિ કરે છે, બીજે બે, ત્રીજે ત્રણ, એમ પુનમ સુધી પંદર; પછી કૃષ્ણ પક્ષના પડવાને દિવસે પંદર, બીજે ચૌદ, એમ અમાસે એક ગ્રાસ અથવા એકદત્તિ આવે. આમાં છેડા પાતળા આવે છે તેથી તેને યવમધ્ય કહે છે. વજ્રમધ્ય કૃષ્ણપક્ષની એકમથી શરૂ થાય છે. એકમે પંદર ગ્રાસ અથવા દત્તિ, બીજે ચૌદ, એમ અમાસે એક, શુકલ પક્ષની એકમે એક એમ ચડાવીને પુનમે પંદર કરી તપ પૂરો કરવો. આવી રીતે બે માસે યવમધ્ય અને વજ્રમધ્ય ચાંદ્રાયણ તપ પૂરો થાય છે. આ તપ પણ સાધુ તથા શ્રાવકને માટે આગાઢ તપ ગણાય છે.

૧ **ગીતાર્થઃ** શાસ્ત્રના રહસ્યને-ઊંડા ભાવોને સમજનાર. સૂત્ર અને અર્થ ઉભયના જાણકાર.

૨ **દ્વાદશાંગીઃ** બાર અંગ-મૂળ સૂત્રો. એનો વિસ્તાર ઘણો છે. એની કેટલીક હકીકત માટે જુઓ પ્રથમ પ્રસ્તાવ પૃ. ૮૯-૯૦ માં આપેલી નોટ નં. ૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમંતભદ્ર**—"આર્ય ! આખા જૈન આગમનો સાર તદ્દન નિર્મળ "**ધ્યાનયોગ** છે. બધી વાતનું રહસ્ય એ એક શબ્દમાં "આવી જાય છે. એનો હેતુ એ છે કે જૈન શાસ્ત્રમાં "નીતિ વિભાગને અંગે શ્રાવકોના અને સાધુઓના જે "અનેક મૂળગુણો બતાવ્યા છે, જે ઉત્તરગુણો બ-"તાવ્યા છે, જે જે બાહ્ય ક્રિયાઓ કહી છે, તે સર્વનો અંતીમ ભાવ, "સર્વનું લક્ષ્ય ધ્યાનયોગ છે, એ સર્વ[1] ગુણો અને ક્રિયાનો હેતુ ધ્યા-"નયોગ સાધવાનો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે મુક્તિને માટે ધ્યાન સિ-"દ્ધિની જરૂર છે અને તે ધ્યાનની સિદ્ધિ માટે મનઃપ્રસાદ સાધવો "જોઇએ અને તે અહિંસા વિગેરે શુદ્ધ અનુષ્ઠાનથી સાધી શકાય "છે. આવી રીતે સર્વ અનુષ્ઠાનોનું અંતિમ સાધ્ય મનઃપ્રસાદ થયું એ "તારા સમજવામાં આવ્યું હશે. એટલા ઉપરથી તારા જાણવામાં આવ્યું "હશે કે સર્વ અનુષ્ઠાનો ચિત્તશુદ્ધિ માટે કરવાનાં છે. હવે વિશેષ પ્રકારે "શુદ્ધ ( વિશુદ્ધ ) અને એકાગ્ર મન તે સર્વથી ઉત્તમ પ્રકારનું ધ્યાન "છે. તેટલા માટે ભાઈ ! આખી દ્વાદશાંગીનો સાર શુદ્ધ ધ્યાનયોગ "છે અને જે પ્રાણી મોક્ષ મેળવવાની ઇચ્છા રાખતો હોય તેણે તેને "સાધવો જોઇએ, ધ્યાનયોગને સિદ્ધ કરવો જોઇએ. બાકીના સર્વ "અનુષ્ઠાનો છે અને બીજા જે જે મૂળ અને ઉત્તર ગુણો છે તે સર્વ "એ ધ્યાનયોગનાં અંગ જેવાં છે, એના પેટામાં આવી જાય છે અને "તેટલા માટે એ ધ્યાનયોગને સર્વનો સાર કહેવામાં આવ્યો છે."

ધ્યાનયોગ ચિત્તશુદ્ધિ.

ગુરૂમહારાજનાં આવાં વચન સાંભળીને શાંતાત્મા પુંડરીક મુનિ લલાટે હાથ જોડી ગંભીર સ્વરે બોલ્યા "ભગવન્ ! જ્યારે હું બાળક હતો ત્યારે પણ મોક્ષમાર્ગના સંબંધમાં મારા દીલમાં ઘણું કૌતુક હતું, તે રસ્તો કેવો હશે તે જાણવાની મને નાની વયમાં પણ ઘણી જિજ્ઞાસા હતી અને તેથી એ બાબતમાં અનેક તીર્થીઓને મેં સવાલ પૂછ્યા હતા. હું તેઓને પૂછતો હતો કે 'મહાત્મન્ ! ભાગ્યશાળી ! સર્વ બાબતનો સાર-રહસ્ય હોય તેવું અને મોક્ષને આપે તેવું પરમ તત્ત્વ શું છે ? જે વાત સર્વથી મહત્વની હોય તે મને સમજાવો-જણાવો.' મારા આવા સવાલના જવાબમાં તેઓ મને જે અભિપ્રાય આપતા હતા તે આ પ્રમાણે:-

"એક એમ કહેતા હતા કે તમે હિંસા કરો-બીજું ગમે તે કરો તેમાં વાંધો નથી, માત્ર મુમુક્ષુ પ્રાણીએ પોતાની બુદ્ધિને લેપ કોઇ પણ બાબતમાં લાગવા દેવો ન જોઇએ. તેઓ કહેતાં કે:-

---

૧ સર્વ મૂળ ઉત્તર ગુણો-શ્રાવકના અને સાધુના તેમજ સર્વ બાહ્ય ક્રિયાનો વિષય ચરણકરણાનુયોગને અંગે છે. એ જૈનનું Ethics, ritualistic portion છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यस्य बुद्धिर्न लिप्येत हत्वा सर्वमिदं जगत् ।
आकाशमिव पङ्केन नासौ पापेन लिप्यते ॥

આખી દુનિયાને મારીને પણ જેની બુદ્ધિ લેપ પામતી નથી, આકાશ જેમ કાદવથી કદિ ખરડાય નહિ તેમ જેની બુદ્ધિ એ સંહારના કાર્યથી લેપાઈ જતી નથી તેના ઉપર પાપનો લેપ પણ થતો નથી.

"બીજા વળી એમ કહેતા કે જે પ્રાણીઓ સર્વ પાપો કરીને પણ પછી મહેશ્વરનું સ્મરણ કરે તે એક ક્ષણમાત્રમાં પાપથી મૂકાય છે. જેમકે:—

छित्वा भित्वा च भूतानि कृत्वा पापशतानि च ।
स्मरेदेकं[1] विरूपाक्षं सर्वपापैः प्रमुच्यते ॥

પ્રાણીઓને છેદીને અથવા ભેદીને અથવા તો સેંકડો પાપો કરીને પછી જો તે શીવને સ્મરણ કરે તો તે પ્રાણી સર્વ પાપથી મૂકાય છે.

"બીજાઓ પાપની શુદ્ધિમાટે વિષ્ણુભગવાનનું ધ્યાન કરવાનું કહે છે, તેના ધ્યાનને સર્વ પ્રકારના પાપનો નાશ કરનાર કહેવામાં આવ્યું છે. તેઓ કહે છે કે:—

अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपि वा ।
यः स्मरेत्पुण्डरीकाक्षं स बाह्याभ्यन्तरः शुचिः ॥

પોતે અપવિત્ર હોય કે પવિત્ર હોય કે બીજી ગમે તેવી અવસ્થામાં હોય પણ જો તે વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરે તો તે બાહ્યથી અને અંદરથી પવિત્ર છે, રહે છે, થઇ જાય છે,

"કેટલાકો પાપાશન મંત્રને પાપનો વિનાશક કહે છે.

"બીજા વળી વાયુ ઉપર જપ કરવાના કાર્યને મોક્ષનું સાધન કહે છે. જેમકે:—'હૃદયમાં રહેલ પુંડરિક (કમળ) ધ્યાનથી ઉઘડે છે, એ પુંડરિક દળમાં જાડું હોય છે, સુંદર હોય છે અને મનભ્રમરને સુખ આપનાર હોય છે. એ માર્ગે મનભ્રમર પરમ પદમાં સ્થાપિત થાય છે—તેવા પ્રકારના મનનો જે નાદ લક્ષ્યમાં આવે છે તે ખરૂં તત્ત્વ છે એમ તેઓ કહે છે.'

"કેટલાક પૂરક કુંભક અને રેચક પવનને એ પુંડરિક વિકસ્વર કરવાનું સાધન અને પરમ તત્ત્વ કહે છે.

"બીજાઓ એમ કહે છે કે મોગરાનાં ફૂલ ચંદ્ર અથવા તો સ્ફટિક જેવું જે બિંદુ હૃદયમાં છે, તે ઉપર નીચે અને આડુંઅવળું જાય છે, તે જ્ઞાનનું કારણ છે.

---

૧ स्मरन्देवं પાઠાંતર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વળી કોઇ એમ છે કે પ્રણવ અક્ષર જે હ્રૂઁ છે તેની ઉપર અને નીચે લેપ કરેલી અગ્નિની શીખા ચાલે તેની જે માત્રા થાય તે અમૃતકળા કહેવાય છે.

"વળી બીજાઓ કહે છે કે નાસિકાના અગ્રભાગમાં અથવા બે ભ્રમરની વચ્ચેના ભાગમાં બરફ અથવા મોતીના હાર જેવું ચોકખું બિંદુ પડે છે જે બે પ્રકારનું હોય છેઃ ચળ અને સ્થિર. તે બિંદુને ધ્યાનનો વિષય કહે છે. એ બિંદુ જ્યારે અગ્નિના મંડપમાં મળે છે ત્યારે લાલ રંગનું થાય છે, પૂર્વ દિશાએ સ્થપાય ત્યારે એ પીળું થાય છે, વાયુ ખુણામાં હોય ત્યારે કાળું થાય છે, પશ્ચિમ દિશાએ સફેત થાય છે, જ્યારે ચિત્ત સુંદર દશામાં હોય ત્યારે પીળું થાય છે અને ક્રોધના તાપમાં હોય ત્યારે લાલ થઈ જાય છે, શત્રુનાશના કાર્યવખતે તે કાળું થઇ જાય છે અને તે ધવળ હોય ત્યારે પુષ્ટિ કરનાર થાય છે.

"બીજાઓ વળી કહે છે કે જેઓ મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હોય તેમણે નાડીમાર્ગ સાધવો જોઇએ, તેઓએ ઇડા અને પિંગળા બન્ને નાડીઓનો સંચાર કેવી રીતે થાય છે અને તે પ્રત્યેકનું કામ શું છે તે જાણવું જોઇએ. નાડીચક્રનો પ્રચાર જમણી તરફ અને ડાબી તરફ કેવી રીતે થાય છે તે પ્રાણીએ બરાબર વૈજ્ઞાનિક રીતે જાણવું જોઇએ અને તે દ્વારાએ–તે જ્ઞાનની મારફત–તે જ્ઞાનથી કાળનું અને બળનું જ્ઞાન બરાબર મેળવવું જોઇએ (આ બાહ્ય જ્ઞાન છે) અને બહુ સારી રીતે પદ્માસન કરીને સુંદર ઘંટાનાદ સાંભળવો જોઇએ (આ અંતરંગ બાબત છે).

"કેટલાકો ઓંકારના ઉચ્ચારને પરમ શાંતિ આપનાર માને છે.

"કેટલાક કહે છે કે નાભિ(ડુંટી)માંથી જે સરળ પ્રાણ (વાયુ) નીકળે છે અને જે કમળના તાતણા જેવો આકાર ધારણ કરે છે તે ધીમી ગતિએ માથાના અંતભાગ સુધી જાય છે, તે માથે તાળવામાં રહેલ બ્રહ્મરંધ્રમાંથી બહાર નીકળી જાય છે તેની બરાબર ચિંતવના કરવી જોઇએ અને તેવી ધીમી ગતિએ વાયુનો સંચાર કરાવવો જોઇએ.

"કેટલાકો વળી એમ કહે છે કે સૂર્યમંડળમાં જે આદિપુરૂષ છે (મૂળપુરૂષ છે) અને જે મૂળપુરૂષ છાતીમાં અથવા કમળમાં આવી રહેલ છે તેનું ધ્યાન કરવું જોઇએ. તેને ધ્યેય તરીકે ઓળખવો જોઇએ.

"કેટલાક બુદ્ધિમાનો હૃદયમાં અથવા આકાશમાં રહેલ નિત્ય (eternal) પરમ પુરૂષ જે અત્યંત શોભાયમાન સેંકડો કિરણોથી ભરપૂર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તેને ધ્યાન કરવા યોગ્ય કહે છે, તેને ધ્યેય તરીકે બરાબર ઓળખવા કહે છે.

"કેટલાક આકાશમાત્રને ધ્યેય તરીકે ઓળખવા અને આદરવા કહે છે.

"કેટલાક ચર અને સ્થિર આખા વિશ્વને ધ્યેય તરીકે ઓળખવા અને આદરવા કહે છે.

"કેટલાક આત્મામાં રહેલ ચિત્તને ધ્યેય તરીકે ઓળખવા અને આદરવા કહે છે.

"કેટલાક શાશ્વત બ્રહ્મને ધ્યેય તરીકે ઓળખવા અને આદરવા કહે છે.[1]

* * *

મુદ્દાનો સવાલ.

"તો મહાત્મન્! આપશ્રીએ દ્વાદશાંગીના સાર તરીકે ધ્યાનયોગ બતાવ્યો તેવી રીતે તીર્થીઓએ પણ એને એ જ જૂદા જૂદા આકારમાં સાર તરીકે પ્રતિપાદન કર્યો છે. ત્યારે સાહેબ! એ સર્વનો છેવટનો સાર તો ધ્યાનયોગ જ આવ્યો. ત્યારે શું એ સર્વ તીર્થીઓ પણ મોક્ષના સાધક છે? મોક્ષને માર્ગે છે? અને એક મોક્ષ જ સાધવાનો છે, સર્વનું સાધ્ય મોક્ષ જ છે તો પછી જૂદા જૂદા યોગીઓ ધ્યેય (ધ્યાનના વિષય) જૂદા જૂદા બતાવે છે તે શું? આ સંબંધમાં મારા મનમાં ઘણો મજબૂત સંશય છે. નાથ! હું તો સંદેહવૃક્ષ પર આવી રીતે ચઢી ગયો છું તો આપ એ વૃક્ષને આપના વાક્યરૂપ હાથીના જોરથી મૂળમાંથી ઉખેડી નાખો—આપ મારા સંશયનો સંતોષકારક ખુલાસો આપો."

**સમંતભદ્ર**—"તારો સવાલ ઠીક છે. તું હજુ જૈનાગમમાં માત્ર સામાન્ય ગીતાર્થ છે, પરંતુ જૈન આગમનું અંદરનું રહસ્ય હજુ તેં જાણ્યું નથી તેથી તું આવા પ્રકારનો સવાલ કરે છે! વાત એમ છે કે એ સર્વ તીર્થીઓ ખોટા (ઊંટ) વૈદ જેવા છે, જૈન ધર્મજ્ઞ સાચા વૈદ્યના શાસ્ત્ર રૂપ મહાવૃક્ષની એક એક શાખા પકડનારા છે અને તેને લઇને તારા મનમાં પ્રશ્ન થયેલો છે. એનો ખુલાસો તને કરી બતાવું છું તે સમજ."

ગુરૂમહારાજ કથા કહીને આ વિશાળ સવાલનો વિસ્તારથી ખુલાસો કરે છે તે આવતા પ્રકરણમાં બહુ લક્ષ્ય રાખીને વિચારવા યોગ્ય છે.

---

૧ આ દર્શનકારોની બાબતમાં વધારે તપાસ કરી દરેકના મત પર વિચાર કરવા જેવો છે. મેં એના સંબંધમાં શોધ કરવા પ્રયત્ન કર્યો છે. તેનું પરિણામ આગામી આવૃત્તિમાં જણાવી શકાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૦ મું.

## વૈદ્ય કથાનક-ઉપનય.

પુંડરિક મુનિએ ધ્યાનયોગની મહત્તા જાણી, તેને દ્વાદશાંગીના સારરૂપ જાણ્યો એટલે અન્ય તીર્થીઓ પણ જૂદા જૂદા આકારમાં ધ્યાનયોગની મહત્તા કહે છે તો તેઓ પણ મોક્ષસાધક કહેવાય કે નહિ? અને ધ્યેયની વિચિત્રતા હોવાનું કારણ શું હશે? એ પ્રશ્ન પૂછતાં ગુરૂમહારાજે તીર્થીઓને પલ્લવગ્રાહી કહ્યા અને વૈદ્યના બે પ્રકાર પાડી તેમને કૂટ વૈદ્યો કહ્યા. એ હકીકત સ્પષ્ટ રીતે જણાવવા તેઓએ વૈદ્યની નાની કથા કહી સંભળાવી અને તેના અંદરનો ભાવાર્થ પણ જણાવ્યો તે આપણે હવે વાંચી લઇએ. ગ્રંથનો છેડો હવે નજીકમાં આવે છે, પણ આ છેવટના ભાગમાં હૃદયની ઉર્મિઓ છે, વાતનું રહસ્ય છે અને તરંગના ઉછાળા છે. સમંતભદ્રનો આ આખો ખુલાસો બહુ વિશાળ નજરે સમજવા યોગ્ય છે. આચાર્યશ્રી બોલ્યાઃ—

### વૈદ્ય કથાનક. શાળા. સંહિતા.

"એક નગરમાં રહેલા સર્વે લોકો અનેક પ્રકારના મહાવ્યાધિ-
"ઓના ભોગ થઇ પડેલા હતા. તે નગરમાં એક સાચો વૈદ્ય[1] હતો.
"એને દિવ્ય જ્ઞાન ઉત્પન્ન થયેલું હતું, સર્વે[2] સંહિતાઓનો એ બના-
"વનાર હતો, સર્વ રોગોનો નાશ કરનાર હતો અને લોકો ઉપર ઉપ-
"કાર કરવાની વિશુદ્ધ ભાવનાવાળો હતો. છતાં વાત એવી બનતી કે

---

૧ **સાચો વૈદ્યઃ** ગ્રંથકાર એને મહાવૈદ્ય કહે છે. એક નિયમ પ્રમાણે શંખ, તેલ, માંસ, વૈદ્ય, જ્યોતિષી, બ્રાહ્મણ, યાત્રા, પંથ અને નિદ્રા સાથે 'મહાન્' શબ્દ આવે ત્યારે ખરાબ અર્થ થાય છે. આ નિયમ સાર્વત્રિક છે કે કેમ તે હું જાણતો નથી પણ મહાવૈદ્ય એટલે great physicianના આ અર્થમાં મેં સાચો વૈદ્ય, શબ્દ વાપર્યો છે.

૨ **સંહિતાઃ** કોઇ પણ વિષયનું સર્વ મુદ્દાસરથી એક જ ગ્રંથમાં જ્ઞાન થાય તેવો સમુચ્ચયસંગ્રહ. ધર્મસંહિતા, રોગસંહિતા, મનુસંહિતા વિગેરે એક એક વિષયના સંગ્રહો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" લોકો નિષ્પુણ્ય હોવાથી એ સાચા વૈદ્યની વાત માનતા નહિ, એનું વચન
" સ્વીકારતા નહિ અને એની સૂચના પ્રમાણે વર્તન કરતા નહિ. કેટલાક
" ભાગ્યશાળી પ્રાણી એ સાચા વૈદ્યનું વચન સ્વીકારતા હતા. હવે એ
" સાચો વૈદ્ય તો નિરંતર પોતાના શિષ્યોને વ્યાખ્યાન આપ્યા જ કરતો
" હતો. એ સાચો વૈદ્ય જે વ્યાખ્યાન કરતો તે ઉપશ્રુતિદ્વારા જેમણે
" સાંભળ્યું હોય તેમની પાસેથી સાંભળીને પ્રસંગથી પરંપરા ઉતરી
" આવેલ તેને બીજા કેટલાક ધૂતારાઓ સાંભળીને ધારી રાખતા. આવા
" થોડું થોડું શ્રુતિદ્વારા સાંભળીને પોતાને તૈયાર થઇ ગયેલા માનનારા-
" માત્ર એક સુંઠને ગાંઠીએ ગાંધી બની ગયેલા એ ધુતારાઓ વૈદુ
" કરવા મંડી ગયા અને પેલા લોકોના કમનસીબે એવા નવા વૈદ્યો
" વધારે પ્રકાશમાં આવવા લાગ્યા. હવે એ નવા વૈદ્યો પણ પોતાની
" જાતને પંડિત માનતા હતા અને પછી તો તેઓ વળી પોતપોતાની
" સંહિતાઓ પણ રચવા લાગ્યા. એમાંના કેટલાકોએ અન્ય પાસેથી
" સાંભળેલાં સાચા વૈદ્યનાં વચનોને અનુસરીને તે સાચા વૈદ્યના કેટ-
" લાંક વચનો પોતાની સંહિતામાં ગુંથ્યાં અને કેટલાકોએ પોતાની
" પંડિતાઈના ઘમંડમાં સાચા વૈદ્યનાં વચનથી તદ્દન વિપરીત વચનો જ
" પોતાની સંહિતામાં ગુંથ્યાં. વાત એવી બની કે એ નગરના રોગી
" લોકો પણ જૂદા જૂદા પ્રકારની રૂચિવાળા હતા. એનું પરિણામ એ
" થયું કે એ નગરના લોકોમાં કોઇને અમુક વૈદ્ય પસંદ આવે, કોઇને
" બીજો પસંદ આવે-એવી રીતે જૂદા જૂદા લોકો જૂદા જૂદા વૈદ્યને
" પસંદ કરતા હતા. એથી એ દરેક ઊંટવૈદ્યની શાળા જાહેરાતમાં
" આવી ગઇ અને સર્વે ઊંટવૈદ્યોએ પોતપોતાની સંહિતા પોતપોતાના
" શિષ્યોને પોતાની શાળામાં શીખવવા માંડી અને શીખવતી વખતે
" એટલું બધું વાચાળપણું બતાવવા માંડ્યું અને એ પર એવા એવા
" બડાશ સાથેનાં વ્યાખ્યાનો કરવા માંડ્યાં કે દુનિયામાં તે ઊંટવૈદ્યો
" પણ મહાવૈદ્ય તરીકે ઓળખાવા લાગ્યા. આચંદે અસલી સાચો
" વૈદ્ય હતો તેને ઘણા લોકો વિસારવા લાગ્યા, તેની ઉપેક્ષા કરવા
" લાગ્યા અને તેનો અનાદર પણ થતો ચાલ્યો.

**નિદાન ચિકિત્સા.**

" હવે પેલો અસલી સાચો વૈદ્ય રોગોને અંગે જે જે દવા અને
" કરી બતાવે છે તે તે જે રોગીઓ કરે છે, વિધિ-
" પૂર્વક તેમના કહેવા પ્રમાણે ક્રિયા કરે છે તેઓ
" જરૂર નિરોગી થાય છે. વળી એ અસલી સાચા
" વૈદ્ય જીવતા હતા તે વખતે જેમ તેણે અનેક લો-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કોને રોગથી મૂકાવ્યા હતા તેમ તેના મરણ બાદ તેની જે શાળા "ચાલી તેમાં તેની સંહિતા પ્રમાણે ઉપાયો કરીને તેના શિષ્યોએ પણ "અનેક લોકોને રોગનો છેડો અપાવ્યો, એમની શાળા રોગનો નાશ "કરાવનારી બની.

"હવે કેટલાક રોગીઓ પેલા ઊંટવૈદ્યો પાસે દવા લેવા ગયા, "તેઓ તો બાપડા રોગની પિડાઓમાં ઘેરાઇ ગયા અને હમેશા રો-"ગમાં સબડતા રહ્યા. તે વૈદ્યો જીવતા હતા ત્યારે જેમ તેમની શાળા "લોકો ઉપર અપકાર કરવાનું કારણ બની હતી તેમજ તેમના મરણ "પછી તેમની શાળા અને તેમના શિષ્યો પણ લોકોને નુકસાન કરનાર "થયા. હવે આ વૈદ્યશાળામાં કોઇ કોઇ વાર રોગો ઓછા થવાના પ્રસંગો "બની આવતા અને વળી કોઇ વાર દૈવયોગે એ વૈદ્યશાળામાં રોગનો "તદ્દન નાશ થવાનું પણ બની આવતું તેનું કારણ પેલા સાચા વૈદ્યે જે "સાચાં વચનો કહ્યાં હતાં તેમાંનાં કેટલાંક આ લોકોએ સ્વીકારી લીધાં "હતાં તે વચનોનું અનુસરણ હતું. જ્યારે જ્યારે સાચા વૈદ્યે બતાવેલાં "વચનો જે ઊંટવૈદ્યોએ ગ્રહણ કર્યાં હતાં તેને અનુસરવામાં આવતું "ત્યારે રોગો ઓછા થતા અથવા સર્વથા નાશ પણ પામી જતા.

"હવે કેટલાક દુર્બુદ્ધિઓ તો પોતાની બુદ્ધિ ઉપર જ ચાલ્યા "અને સાચા વૈદ્યનાં વચનો સમજ્યાં જ નહિ તેઓ તો એકાંતે "વ્યાધિને વધારનાર જ થયા.

"ટુંકામાં કહીએ તો પેલા સાચા વૈદ્યની શાળા જ માત્ર રોગ "ઉપર અંકુશ મૂકનારી હતી અને તેને અનુસારે થયેલી તેની સંહિ-"તામાં બતાવેલી બાબતને અનુસરનારી શાળાઓ કદાચ થોડે અંશે "વ્યાધિઓને ઓછા કરનારી થતી હતી.

"આ પ્રમાણે થવાનું કારણ એ હતું કે સાચો વૈદ્ય બરાબર "જાણતો હતો કે સર્વે વ્યાધિઓ વાત પિત્ત અને કફથી થાય છે. એ "ત્રણે દોષોને તે જાણતો હતો અને તેનું ઔષધ પણ જાણતો હતો. "કુટ વૈદ્યો પોતે એ વાતને જાણતા નહોતા, તત્ત્વની બાબતમાં-"મુદ્દાની વાતમાં વિરોધ હોવાને લીધે તેઓના સમજવામાં એ વાત "આવતી નહોતી. હવે તેમની પાસે કોઇ ભાગ્યવાન્ રોગીને ફાયદો "થઇ જતો હો તે માત્ર ઘુણાક્ષર[1] ન્યાયે જ થતો, કોઇ વાર ત્રણે દો-

---

[1] **ઘુણાક્ષર ન્યાયઃ** લાકડામાં જીવાતો લીંટા પાડે છે તેના અક્ષર કોઇક વાર થઇ જાય છે અથવા પાંદડાંમાં અક્ષરો પાડી દે છે. અસલ ઇરાદો અક્ષરને પાડવાનો ન હોય પણ અકસ્માત્ થઇ આવે તેને ઘુણાક્ષર ન્યાય કહે છે.



જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“ ષેનો નાશ થઇ આવે તેથી એમ બની આવતું. બાકી રોગોની
“ ચિકિત્સા[1] કરનાર તો એ એક સાચો વૈદ્ય જ હતો.

### ઉપનય.

**સદ્વૈદ્ય.**

“ પુંડરીક! તારી પાસે વૈદ્યની કથા ટુંકામાં કહી સંભળાવી, તારા
“ મનમાં જે સંદેહ થઇ આવ્યો હતો તેને દૂર કરવા માટે તે પૂરતી
“ છે. તે બાબત તું હવે બરાબર સમજી લેઃ–

“ ઉપરની કથામાં જે 'નગર' કહેવામાં આવ્યું હતું તે **સંસાર**
“ સમજવો, એ આખો સંસાર (સંસારના જીવો) સર્વ પ્રકારના રો-
“ ગોથી પીડાતો છે એમ સમજવું.

“ એ નગરમાં એક 'સાચો વૈદ્ય' હતો એમ કહેવામાં આવ્યું
“ હતું તે **પરમાત્મા સર્વજ્ઞ** સમજવા. એ પરમાત્માને કેવળજ્ઞાન થયેલું
“ હોય છે, શુદ્ધ સિદ્ધાન્તના આગમરૂપ તેમની સંહિતા બનેલી હોય
“ છે, એ સર્વ લોકો ઉપર ઉપકાર કરવાની બુદ્ધિવાળા હોય છે અને
“ કર્મ રૂપ ભયંકર રોગને એ મટાડનાર હોય છે. છતાં કમનસીબે વાત
“ એવી બને છે કે ઘણા ખરા સંસારમાં રહેનારા અને સંસારમાં ફર-
“ નારા જીવો ભારેકર્મી હોવાને લીધે તેને પરમેશ્વર તરીકે સ્વીકારતા
“ નથી. કેટલાક લઘુકર્મી ભાગ્યશાળી પ્રાણીઓ (ભવ્યો) એ સંસા-
“ રમાં હોય છે તેઓ એ સર્વજ્ઞ સાચા વૈદ્યને પરમેશ્વર તરીકે આદરે
“ છે–સ્વીકારે છે. એ સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે દેવ અને મનુષ્યોની
“ સભામાં પોતાના શિષ્યવર્ગને મોક્ષમાર્ગ અસરકારક રીતે બતાવે છે
“ ત્યારે ત્યાં બીજા પણ કેટલાક માણસો હાજર હોય છે, કેટલાક દેવો
“ અને મનુષ્યો ત્યાં પ્રસંગે આવી ચઢેલા હોય છે, તેમાંના કેટલાક
“ દોષિત આશયવાળા પણ હોય છે તેઓ પણ સર્વજ્ઞ મહારાજની
“ દેશના સાંભળે છે.

**વૈદ્યશાળાઓનું ઉત્થાન.**

“ એવે પ્રસંગે સર્વજ્ઞ મહારાજ જે દેશના આપે છે તે અનેક
“ પ્રકારના દૃષ્ટિબિંદુઓ (નયો)થી ભરપૂર હોય છે. એ દેશના સાં-

---

૧ **ચિકિત્સાઃ** વૈદકમાં નિદાન અને ચિકિત્સા બે વિભાગ છે. વ્યાધિ કયો છે તે લક્ષણ પરથી કહેવામાં આવે તેને નિદાન કહેછે, તેની દવાને ચિકિત્સા કહેવામાં આવે છે. નિદાન જાણવું વધારે મુશ્કેલ છે. વ્યાધિ જાણ્યા પછી તેની દવા કરવી પ્રમાણમાં સહેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભળીને કેટલાક મંદબુદ્ધિવાળા જીવો જેઓની ચેતના મિથ્યાત્વથી "ભરાઇ ગયેલી હોય છે તેઓ ઉલટા પ્રકારની કલ્પનાઓ કરે છે અને "ત્યાર પછી ત્યાંથી બહાર નીકળીને પોતે જે વાત સાંભળી હોય છે "તેનો કાંઇક ભાગ પકડી લઇને પોતાનાં શાસ્ત્રો બનાવે છે. આવા "મંદબુદ્ધિ પ્રાણીઓ ઊંટવૈદ્ય સમાન સમજવા.

"એમાં કેટલાક સાંખ્ય વિગેરે આસ્તિક તીર્થીઓ છે તેમણે પો-"તાના ગ્રંથોમાં કેટલીક વાત જિનવાક્ય પ્રમાણે લખી, અને કેટલીક "પોતાની કલ્પના પ્રમાણે લખી દીધી, પણ એને પોતાના પાંડિત્યનું "અભિમાન તો આખા ગ્રંથ માટે રહ્યું-એમને ઊંટવૈદ્ય સાથે સર-"ખાવવા. ત્યાર પછી એમનાં શાસ્ત્રો પણ સર્વજ્ઞનાં વચનથી ભૂષિત "હોવાને લીધે પૃથ્વી ઉપર સારી પ્રસિદ્ધિને પામ્યા.

"વળી બીજા [1]બૃહસ્પતિ સુત વિગેરે દુષ્ટો હતા તે તો તદ્દન "નાસ્તિક જ થયા અને એમણે જૈન મતથી તદ્દન વિપરીત જ કલ્પ-"નાઓ ઉપાડી બહુ મોટી મોટી વાતો કરી પોતાની વાચાળતાથી "લોકોમાં પ્રસિદ્ધિમાં આવ્યા. કહેવાય છે કે 'આ દુનિયામાં ચોરો "પ્રસિદ્ધિ વિશેષ પામે છે, કેમકે પ્રગલ્ભપણું (ઉદ્ધતપણું) એ ભારે "મોટી વાત છે.'

"લોકો જૂદા જૂદા પ્રકારની રૂચિવાળા હોવાથી તેઓના જેવો "આશય હતો તે અનુસાર કેટલાક લોકોને તે તીર્થીકોમાનાં કેટલાક "રૂચિકર હતા અને કેટલાકને અન્ય રૂચિકર હતા અને કેટલાકને "સર્વજ્ઞ મહારાજા અને તેમના શિષ્યો રૂચિકર હતા.

"વળી [2]વૈશેષિક સૂત્રકાર કણાદમુનિ તેમજ [3]ન્યાયસૂત્ર પ્રણેતા "ગૌતમ વિગેરે જે તીર્થીઓ થયા તેમણે શાસ્ત્રો પોતાનાં બનાવ્યાં અને "પોતાના શિષ્યોને કહી બતાવ્યાં, તેમણે પોતાનાં તીર્થો પ્રવર્તાવ્યાં "અને પોતાના શિષ્યોએ કેવાં અનુષ્ઠાનો કરવાં તેની એક મોટી અ-"નુષ્ઠાનમાળા પણ બતાવી. આવી રીતે જૂદી જૂદી વૈદ્યશાળાઓ "ઊભી થઇ.

---

૧ **બૃહસ્પતિ.** નાસ્તિક મતના સ્થાપનાર ચાર્વાક મતના એ પ્રણેતા છે. જુઓ **પ્ર.** ૪. પ્ર. ૩૧ અને તે જ પ્રસ્તાવનું પરિશિષ્ટ નં ૩ (ખાસ કરીને પૃ. ૧૩૮૪-૮૬). 'સુત' કોને માટે વાપરેલ છે તેનો પત્તો મળ્યો નથી.

૨ વૈશેષિક સૂત્રકારના મત માટે જુઓ **પ્રસ્તાવ** ૪ થો. પ્ર. ૩૧ (પૃ. ૧૦૨૮).

૩ ન્યાય સૂત્ર (નૈયાયિક) દર્શનના અભિપ્રાય માટે જુઓ **પ્રસ્તાવ** ૪ થો પ્ર. ૩૧. પૃ. ૧૦૨૬. આ સર્વ બાબત સદર પરિશિષ્ટમાં પણ આવી ગઇ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોગીઓ.

"આ પ્રમાણે હકીકત હોવાથી જે કર્મ રોગીઓની ચિકિત્સા સર્વ-
"જ્ઞની મહા વૈદ્યશાળામાં થતી હતી તેઓ તો ખરેખરા ભાગ્યશાળી
"હતા કારણ કે તેથી તેઓ તો ચોક્કસ વ્યાધિ વગરના થતા હતા.

"જે પ્રાણીઓ આસ્તિક તીર્થીઓ પાસે ઔષધ કરાવવા ગયા
"તેમના કર્મવ્યાધિઓ જરા નરમ તો પડતા હતા અને એની દવા
"કરનાર રોગીઓનો કોઇ કોઇ વાર રોગથી મોક્ષ (છૂટકારો) પણ
"સંભળાતો હતો. એમને કોઇ કોઇ વાર એટલો પણ ફાયદો થઇ
"આવતો હતો તે સર્વજ્ઞ મહાવૈદ્યનાં વાક્યનું ફળ હતું, કારણ કે આસ્તિક
"તીર્થીઓએ સર્વજ્ઞનાં કોઇ કોઇ વચન પોતાનાં શાસ્ત્રોમાં અવાર-
"નવાર ગુંથી દીધાં હતાં. અથવા તેઓમાંથી કોઇ કોઇને [1]જાતિસ્મરણ
"આદિ કારણોથી સર્વજ્ઞનું વચન હૃદયમાં સ્થાન પામી જતું હતું અને
"તે કારણને લઇને કર્મરોગ ઓછો થવાનું કે નાશ પામવાનું પણ
"બની આવતું હતું.

"જેવી રીતે વૈદ્યો શરીરમાં રહેલાં વાત પીત્ત અને કફના ત્રણ
"દોષોને ઓળખી તેની ચિકિત્સા કરે છે તેવી રીતે સર્વજ્ઞ મહાવૈદ્ય
"રાગદ્વેષ અને મહામોહના ત્રણ દોષોની ચિકિત્સા કરે છે, તેટલા માટે
"સર્વજ્ઞશાળાની બહાર અને એનાં શાસ્ત્રોથી જે તદ્દન બહાર રહેલા છે
"તેમને ત્યાં કર્મરોગની ચિકિત્સા થતી જ નથી.

"વળી જે લોકો પોતે નાસ્તિક હોઇ જૈનશાસ્ત્રથી તદ્દન વિપ-
"રીત જ કહેવાવાળા છે તેઓ તો જરૂર સંસારને લાંબો કરનારા જ
"છે, વધારનારા જ છે; છતાં અર્થ અને કામમાં આસક્ત લોકો જે-
"ઓની નજર વર્તમાન ઉપર જ વધારે સ્થિર થયેલી હોય છે તેઓને
"એ નાસ્તિકો બહુ સારા લાગે છે.

જૈનદર્શન.

"તેટલા માટે આર્ય પુંડરીક! બીજાં તીર્થો તીર્થંકર મહારાજનાં
"વચનમાંથી જ નીકળેલાં છે અને તેમ હોવાને કારણે જિનદર્શન
"વ્યાપક છે, સર્વની ઉપર અને સર્વમાં આવી રહેલું છે.

"આ પ્રમાણે હોવાથી રાગદ્વેષ અને મહામોહની સામે પડેલા
"તેના દુશ્મનો જેવા કે સત્ય, પ્રાણીઓ ઉપરની દયા, બ્રહ્મચર્ય, શૌચ
"(બાહ્ય અને આંતર પવિત્રતા), ઇંદ્રિયનિગ્રહ, ઔદાર્ય, સુંદર વીર્ય

૧ જાતિસ્મરણ. પૂર્વ ભવોમાં પોતે કોણ હતા તેની યાદ. આ મતિજ્ઞાનનો વિષય છે. એથી સ્થિરતા થાય છે અને માર્ગ સૂઝી આવે છે. અન્ય તીર્થીને પણ જાતિસ્મરણ જ્ઞાન થઇ આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“(શક્તિ), અકિંચનતા (ધનત્યાગ), અલોભતા (લોભત્યાગ), ગુરૂભક્તિ, “તપ, જ્ઞાન, ધ્યાન અને બીજાઓ જે તેવા જ પ્રકારનાં છે તે જાતે “સુંદર હોઇને આસ્તિક તીર્થીઓનાં સારાં તો લાગે છે પણ માગેલાં “ઘરેણાંની પેઠે તે તેમને શોભતાં નથી. એનું કારણ એ છે કે તેઓ “સત્ય પ્રાણીદયા બ્રહ્મચર્ય વિગેરેને પાછા પોતાની કલ્પનામાંથી કાઢેલાં “બીજાં વચનો સાથે ભેળવી નાખે છે, એને યજ્ઞ હોમ વિગેરે સાથે “જોડી દે છે, એમની સર્વજ્ઞ વચનની બહારની વસ્તુઓ સાથે મેળવણી “કરી નાખે છે અને તેથી તે શોભતાં નથી. સર્વ પ્રકારની ઉપાધિ-“ઓથી રહિત ગુણોનું જ પ્રતિપાદન કરનાર સર્વજ્ઞદર્શન સર્વ તીર્થોમાં “તે તે અંશે રહેલું છે. આ રીતે સદ્ભાવનાવાળું સર્વ ગુણોથી ભરપૂર “જૈન તીર્થ સર્વત્ર રહેલું છે. માત્ર બહારનું લિંગ ધર્મનું કારણ નથી.

“હવે તેં સવાલ કર્યો હતો કે એવા પ્રકારના ધ્યાનયોગના બળે “એ સર્વ તીર્થીઓ મોક્ષના સાધક છે કે નહિ તેનો જવાબ ખાસ “ધ્યાન આપીને સમજવા યોગ્ય છે. હું તે હકીકત સ્પષ્ટ કરૂં છું તે “પર તું ચોક્કસ લક્ષ્ય આપજે:—

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**બાહ્યલિંગ. વેશ.**

“કેટલાક પ્રાણીઓનું વર્તન દુષ્ટ હોય છે અને તેઓ જાતે શુદ્ધ “અનુષ્ઠાન વગરના હોય છે. દુનિયામાં આવી ઉપર ઉપરની વાતો કર-“નારા પણ વર્તન કે અનુષ્ઠાન વગરના પ્રાણીઓ બહુ હોય છે. એવા “લોકો ધ્યાન કરે તે કહેવા માત્ર છે, ઉપર ઉપરનો દેખાવ છે. એવા “ઉપર ઉપરના દેખાવ ઉપર વિવેકી પ્રાણીઓએ જરા પણ આસ્થા “કરવી યોગ્ય નથી. જેમ ફોતરાંવાળાં ચોખા (તંદુલ) ઉપરથી ફો-“તરાં પ્રથમ કાઢી નાખવામાં આવે ત્યાર પછી જ તે ચોખા ઉપર જે “કાંઇ મેલ હોય તે શોધી શકાય છે તેમ જીવને અંગે પણ આરંભાદિ “મળને પ્રથમ કાઢી નાખવામાં આવે ત્યાર પછી જ તેના ઉપરના “અન્ય મળની શુદ્ધિ કરી શકાય છે. ફોતરાંવાળાં તંદુલના ફોતરાં દૂર “કર્યા વગર તેની અંદરનો મેલ શોધી શકાતો નથી તેમ જે મલીના-“રંભી હોય છે તેઓની શુદ્ધિ માત્ર બાહ્ય ધ્યાનથી થતી નથી. જેઓ “તુચ્છ બાબતોનો-સાંસારિક બાબતોનો આરંભ સમારંભ કરનાર “હોઇને બાહ્ય ધ્યાન કરવામાં તત્પરતા દેખાડે છે તેવા પ્રાણી ધ્યાન “કરવાથી શુદ્ધ થઇ શકતા નથી. જેવી રીતે ફોતરાંવાળા ચોખા શુદ્ધ “થઇ શકતા જ નથી તેવી રીતે વર્તન અને અનુષ્ઠાન વગરના માણ-“સોનો ધ્યાન સાથે સંબંધ સમજવો.

"એટલા માટે જે પ્રાણી સર્વ પ્રકારની ઉપાધિથી વિશુદ્ધ થયેલ "હોય છે તે મોક્ષ મેળવી આપનાર ઊંચા પ્રકારના ધ્યાનયોગને સારી "રીતે સાધે છે અને તેથી તે પ્રાણી મોક્ષનો સાધક થાય છે. જે કોઇ "પ્રાણી આવા પ્રકારનો થાય-ઉપાધિરહિત હોઇને ધ્યાનયોગને માર્ગે "ચઢતો જાય તેવો નિર્મળ આત્મા તીર્થી હોય કે ગમે તે હોય પરંતુ "તે વાસ્તવિક રીતે જૈનશાસનમાં વર્તે છે એમ સમજવું.

"તેટલા માટે એક જ જૈનશાસન ખરેખર સંસારનો નાશ કર-"નાર છે અને જે તીર્થીઓ એ જૈનશાસનમાં રહેલા હોય છે અથવા "સર્વ ઉપાધિથી વિશુદ્ધ થયેલા હોય છે તેઓ બાહ્યમાત્રથી ભલે પો-"તાનાં તીર્થમાં રહેલા હોય તો પણ સંસારનો છેદ કરનારા થાય છે.

"તને ટુંકામાં વાત કહું કે સર્વ વાતનો સાર એ છે, કે જેવી રીતે "સર્વ રોગોની ઉત્પત્તિનું કારણ વાત પિત્ત અને કફ હોઇને એ વાત "પિત્ત અને કફનું જે ઓષધથી શમન થાય અને પ્રાણીને જેથી આ-"રોગ્ય પ્રાપ્ત થાય તે લોકમાં ઉત્તમ ઔષધ કહેવાય છે, તેવી રીતે "કેટલીક વાર ઊંટવૈદ્યથી કરેલી દવા પણ જો તે પરમાર્થથી સાચા "વૈદ્યની દવા સાથે સંમત હોય અને તેમની કરેલી હોય તો ઘુણાક્ષર "ન્યાયે આરોગ્યને લાવનાર થઇ આવે છે. તેટલા માટે જે જે અનુ-"ષ્ઠાનો રાગ દ્વેષ મોહ રૂપ વ્યાધિઓનો નાશ કરનારાં થાય છે, સર્વ "મળથી ભરપૂર આત્માઓને નિર્મળ કરનાર થાય છે તે જૈન મતમાં "હોય કે અન્ય તીર્થોમાં હોય, ગમે ત્યાં હોય, ત્યાં તે સર્વજ્ઞના મતને "સમ્મત છે અને અનુકૂળ છે એમ સમજવું.

"એક બાબત અહીં વિચારવા યોગ્ય છે. જે અનુષ્ઠાન ચિત્તને "મલીન કરનાર અને તેથી મોક્ષને અટકાવનાર હોય તે કરનાર પછી "ગમે તો તે મુનિ હોય કે શ્રાવક હોય પણ તે અનુષ્ઠાન જૈનમતથી "બહાર છે. આ વાત શંકા વગરની છે. તો પછી તીર્થીકો ચિત્તને "મલીન કરનાર આરંભાદિયુક્ત અનુષ્ઠાનો કરે અને જે અનુષ્ઠાનો "બહારથી પણ દોષયુક્ત દેખાય તેને માટે તો કહેવું જ શું? તેટલા "માટે ભાવપૂર્વક આ વિશુદ્ધ ભાવતીર્થમાં ઉતરીને. પ્રાણીઓ સંસાર-"સમુદ્રને તરી જાય છે. એમાં બાહ્ય વેશની ચિંતા કરવાનું જરા પણ "કારણ નથી.[1]

---

૧ શુદ્ધ અનુષ્ઠાન, વિશુદ્ધ વર્તન અને ચિત્તની નિર્મળતા જ્યાં હોય ત્યાં તે મોક્ષને સન્મુખ લાવનાર બને છે. દુષ્ટ વર્તન સાથેનો ધ્યાનયોગ ગમે તે તીર્થમાં તદ્દન નકામો છે અને શુદ્ધ વર્તન સાથે ઉપાધિરહિત પુરૂષની અને ચિત્તની નિ-ર્મળતા સાથે સાચા અનુષ્ઠાનની જરૂર એકાંતે સ્વીકારવામાં આવી છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધ્યેયનાનાત્વ–માધ્યસ્થ્ય.**

"વિકાસક્રમમાં માત્ર બાહ્ય વેશને ખાસ સ્થાન નથી તે તારા સ-
"મજવામાં આવ્યું હશે. ત્યાર પછી તેં એક એવી [1]શંકા ઉઠાવી હતી:
"ધ્યેય જૂદા જૂદા પ્રકારનું છે અને મોક્ષ તો સર્વને સાધવો છે તો એ
"સંબંધમાં જે ખરો પરમાર્થ રહેલો છે તે તું બરાબર સમજી લે.
"આ ઘણી મુદ્દાની વાત છે અને બરાબર વિચાર કરીને હૃદયમાં
"ઉતારવા જેવી છે.

"આત્મા દુષ્ટ વિચારકલ્લોલને પરિણામે પાપ એકઠું કરે છે,
"બાંધે છે અને સુંદર વિચારવાળા ચિત્તને અંગે પુણ્ય એકઠું કરે છે,
"બાંધે છે. જ્યારે એનું ચિત્ત દુષ્ટપણા તરફ અને સારાપણા તરફ
"ઉદાસી થાય–એને સારા તરફ રાગ ન થાય ખરાબ તરફ દ્વેષ ન
"થાય ત્યારે તે પુણ્ય અને પાપ બન્નેથી મૂકાય છે. જીવનો એ સ્વ-
"ભાવ છે અને તે સ્વભાવને લઇને એ ખરાબ કલ્લોલથી પાપ સાથે
"બંધાય છે અને સુંદર કલ્લોલથી પુણ્ય સાથે બંધાય છે અને એને
"એનાં પરિણામો પછી અવશ્ય ભોગવવાં પડે છે. એ બન્ને પ્રકાર તરફ
"જો એ મધ્યસ્થ રહે છે તો તે પાપ અને પુણ્ય બન્નેથી મુક્ત રહે
"છે, છૂટો રહે છે. આ મુખ્ય મુદ્દો ખાસ ધ્યાનમાં રાખજે.

"હવે વિચાર કરીશ તો તને જણાશે કે જેવી રીતે ન પચે તેવો
"ખોરાક ( અપથ્ય ) ખાવાથી શરીરમાં વ્યાધિઓ થઇ આવે છે તેવી
"રીતે ભ્રમને ઉત્પન્ન કરનાર તથા મનને મલીન કરનાર [2]હિંસામય
"અનુષ્ઠાનો કરવાથી મનમાં ખરાબ કલ્લોલો થઇ આવે છે.

"તેવી જ રીતે તને જણાશે કે સ્થિરતા અને નિર્મળતાને ઉત્પન્ન
"કરનાર અહિંસામય અનુષ્ઠાનો કરવાથી ચિત્તમાં સારા કલ્લોલો થાય
"છે. જેમ પચે તેવો અને તેટલો ખોરાક સુખ આપે છે, તંદુરસ્તી
"વધારે છે, તે પ્રમાણે એવાં અનુષ્ઠાનો સારા કલ્લોલોને ઉત્પન્ન કરે છે.

"હવે એક ત્રીજા પ્રકારનું ધ્યાન છે જે ચિત્તની અંદર થતાં સર્વ
"જાળાંઓને દબાવી દે છે, તેનો છેડો આણી મૂકે છે. તે ધ્યાનમાં બન્ને
"પ્રકારો ઉપર જણાવ્યાં તે તરફ ઉદાસીનતા રહે છે–આવી ઉદાસી-
"નતા ખાસ કર્મનિર્જરાનું કારણ થાય છે અને તે આત્મા સાથે
"લાગેલાં શુભ અશુભ કર્મોને ખેરવનારી થાય છે.

---

૧ જુઓ પૃ. ૨૦૪૨.

૨ હિંસાની મુખ્યતા ખાસ કરી છે, બાકી એ સર્વ પાપને નિર્દેશ કરે છે. હિંસા ઉપર મુખ્ય ભાર છે તે જિનાજ્ઞા પ્રમાણે યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હવે જે પ્રાણીને મોક્ષ મેળવવો હોય-કર્મથી છૂટાપણું પ્રાપ્ત "કરવું હોય તેમણે ચિત્તના અનેક સંકલ્પવિકલ્પ રૂપ જાળાંનો "નિરોધ કરવો અને તેમ કરવા માટે રાગદ્વેષ વિગેરેનો વિચ્છેદ "કરનાર નાના પ્રકારના ઉપાયોનો સતત ઉપયોગ કરવો.

"આ પ્રકારનો ઉપાય તીર્થંકિઓએ બતાવ્યો હોય અથવા જિન-"શાસનમાં કથન કર્યો હોય તેમાં વાંધો નથી, તેવો ઉપાય ભાવતીર્થમાં "રહેલ હોવાથી ધ્યેયનો ભેદ દૂષણ યોગ્ય નથી. ધ્યેયનો આગ્રહ નથી, "ઉપાય ભાવતીર્થમાં રહેલ હોવો જોઇએ. મતલબ ઉપાય એવા પ્રકા-"રનો હોવો જોઇએ કે તેનાથી રાગદ્વેષનો વિચ્છેદ થઇ ચિત્તના સંકલ્પ "વિકલ્પો દબાઇ જતા હોવા જોઇએ. આ હકીકત જરા વિચાર કર-"વાથી બેસી જશે તે તું હમણા જ જોઇશ. એમ કહ્યું છે કે બહારથી "વિશુદ્ધ કર્તવ્ય કરનારા મોક્ષ સાધવાની ઇચ્છાવાળા પ્રાણીઓ "નાનાપ્રકારનાં ધ્યેયનો આશ્રય કરીને મોક્ષને સાધે છે તેનું કા-"રણ માધ્યસ્થ્ય છે. પરંતુ એમાં વાત એ છે કે પરમાત્મા વિગેરે ધ્યેય "તરીકે હોય છે તે જેવો સંવેગ કરે છે, પ્રાણીનાં ચિત્તપર જે અસર "ઉપજાવી શકે છે, તેવી અસર બિંદુ વિગેરે (ધ્યેયો)[1] ઉપજાવી શકતા "નથી. ચિત્તને જો સુંદર આલંબન મળે તો તેનું સ્વરૂપ તેવું થાય છે "અને ખરાબ આલંબન મળે તો તેનું સ્વરૂપ તેવું થાય છે. આ બાબ-"બત સ્વઅનુભવથી સિદ્ધ છે.

"છતાં વાત એમ છે કે જૂદા જૂદા જીવોની રૂચિ જૂદા જૂદા "પ્રકારની હોય છે જેથી કોઇના ચિત્તની શુદ્ધિ કોઇ આલંબને થાય "અને કોઇની શુદ્ધિ બીજાં આલંબને થાય, તેટલા માટે અંતઃકરણની "વિશુદ્ધિ કરનારી જિનમાર્ગની દેશના અનેક પ્રકારના આશયોથી "ભરપૂર અનેક પ્રકારની છે. આથી કોઇ શુદ્ધ માધ્યસ્થ્યભાવ ધારણ "કરનાર વિશુદ્ધ અંતઃકરણશાળી પુન્યાત્માને બિન્દુ વિગેરે (ધ્યેય "તરીકે) પણ ચિત્તની વિશુદ્ધિ કરનાર થઇ પડે એ બનવા જોગ છે.

"વિશુદ્ધ અંતઃકરણ અને માધ્યસ્થ્યના અભાવે કેટલાએ મૂઢ "પ્રાણીઓ તત્ત્વને જાણે છે છતાં પણ તે તેને વિપરિતપણે પરિણમે "છે જેથી તેઓ અર્થ અને કામમાં પ્રવૃત્તિ કરે છે અને અમે "યોગીઓ એ જ તત્ત્વજ્ઞાનને પરિણામે તદ્દન નિશ્ચિન્ત થઇને ફરીએ "છીએ. આવા રાગદ્વેષના પારવશ્યમાં સપડાયલા અને મલીન અંત-

1 પૃ. ૨૦૩૯-૨૦૪૨ સુધી પુંડરીક બિંદુઓ વિગેરેની ધ્યેયતા બતાવી છે તે જૈનમતને સંમત છે, પણ પરમાત્માની ધ્યેયતા સર્વોત્કૃષ્ટ છે. ધર્મધ્યાન શુકલધ્યાનના ભેદો વિચારવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"કરણવાળા પ્રાણીઓનું જ્ઞાન વિપરીત ફળને આપનાર હોય છે. "સ્પષ્ટ સૂર્યોદય થાય તે અવસરે નિર્ભાગી ઘુવડ કોટરના અંધકારમાં "લીન થાય છે તેમ જ્ઞાન પામી વૈરાગ્યનો લાભ ન મેળવતાં આવા "પ્રકારના પ્રાણીઓ યોગ્ય દૃષ્ટિને અભાવે અજ્ઞાન રૂપી અંધકારથી "લેવાઇ ઘુવડની માફક સંસાર રૂપી કોટરમાં લીન થાય છે એમ સમ-"જવું. એ પ્રમાણે કહેવાનો આશય એ છે કે જ્ઞાનનાં કિરણથી દિપ્ત "થયેલ યોગ રૂપ સૂર્ય હૃદયમાં ઝળહળતો ઊગેલો હોય તે વખતે "અર્થ અને કામની સ્પૃહા રૂપ અંધકારનો સંભવ જ ન ઘટે. તેટલા "માટે નિર્મળ ચિત્તવાળા તથા વૈરાગ્ય અને અભ્યાસના રસીલા જી-"વોનાં આલંબનો અનેક પ્રકારનાં સંભવે, કારણ કે એ આલંબનો "છેવટે એને માધ્યસ્થ્ય તરફ લેતાં જાય છે. તેટલા માટે કુતીર્થીઓએ "જે ધ્યેયના અનેક ભેદો કહ્યા છે તે જિનમત રૂપ [1]સમુદ્રના ઝરેલા "એક બિંદુ માત્ર જેટલાં સમજવાં. એ અન્ય દર્શનોની શ્રેણીઓ "ઊંટવૈદ્યની શાળા પેઠે સ્વરૂપે તો કર્મરોગને વધારનારી જ સમજવી; "પરંતુ એમાં રહેનારનો કોઇ કોઇ વાર કર્મરોગ નાશ થતો જોવામાં "આવે—કર્મરૂપ વ્યાધિ ઘટતો જતો જોવામાં આવે—તો તે ગુણ સર્વ-"જ્ઞનાં વચનો જે તેમાં કિંચિત્ કિંચિત્ રહેલાં છે તે વચનોનો છે "એમ સમજવું.

"સાચા વૈદ્યની શાળાની પેઠે આ સર્વજ્ઞ મતની શાળા છે. એની "દ્વાદશાંગી રૂપ સુંદર સંહિતા (વૈદક ગ્રંથ) છે તે કર્મરોગને હણ-"નારી જાણવી.

"હવે લોકોમાં કોઇ કોઇ વચન એવાં હોય કે જે જાતે સુંદર "હોય અને દોષ (વ્યાધિ)નો નાશ કરનાર હોય તે સર્વ ગુણોની "ખાણભૂત આ દ્વાદશાંગીમાં રહેલાં વચનોમાંનાં જ છે એમ જાણવું. "કારણ કે એ દ્વાદશાંગી ગુણોની ખાણ છે અને એવાં સુંદર અને "દોષ દૂર કરનાર વચનો એમાં રહેલાં છે.

"બાકી કેટલાક તીર્થીઓ બુદ્ધિ વિના હિંસા કરવાનું સારૂં પરિ-"ણામ જણાવે છે અને દેવ દેવીના સ્મરણમાત્રથી સર્વ પાપનો "નાશ બતાવે છે તે સર્વ તીર્થીઓ તત્ત્વથી તદ્દન બહાર જ ચરનારા "છે, તેઓનું વચન યુક્તિ વગરનું છે અને વિવેકી માણસોને હાસ્ય "ઉપજાવે તેવું છે.

---

૧ સંખ્યાતીત નયવાદ જૈન દર્શનમાં દર્શાવ્યા છે.



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# પ્રકરણ ૨૧ મું.

## વ્યાપક જૈન દર્શન.

સમંતભદ્ર સૂરિએ જણાવ્યું કે દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે એટલે પુંડરીકે સવાલ કર્યો કે અન્ય તીર્થીઓ પણ એ જ વાત કરે છે તો તેમાં વિશેષતા શી? એટલે આચાર્ય મહારાજે ઉપર લખેલી એક સાચા વૈદ્યની અને બીજા ઊંટવૈદ્યોની કથા કહી તેનો આશય સમજાવતાં વિશેષમાં કહ્યું કે સુંદર અનુષ્ઠાન અને શુદ્ધ વર્તન સાથે ધ્યેયની પવિત્રતા પ્રાણીને કર્મરોગથી મૂકાવે છે, અન્યત્ર ધ્યેયની કલ્પનામાં જ્યાં સામ્ય જણાય ત્યાં સર્વજ્ઞ વચનની હાજરી સમજવી અને ધ્યાનનો પરમ હેતુ માધ્યસ્થ્ય છે એ લક્ષ્યમાં રાખવું. અન્યત્ર પણ જ્યાં શુદ્ધ તત્ત્વનાં અંશો જોવામાં આવે ત્યાં તે તેટલા પૂરતા શુદ્ધ છે એમ સમજવું, બાકી હિંસામય અનુષ્ઠાન કરવાથી અથવા દેવીદેવાદિના સ્મરણમાત્રથી વ્યાધિનો નાશ થાય એવાં કથનો છે તે અસત્ છે એમ સમજવું. ઉપરના પ્રકરણમાં આટલો ભાવ અનેક યુક્તિ સાથે સમજાવ્યો છે.

ત્યાર પછી તત્ત્વની–મુદ્દાની બાબતને વધારે સ્પષ્ટ કરવાના આશયથી પુંડરીકમુનિએ એક વધારે [1]સવાલ પૂછયો તે નીચે પ્રમાણે.—

### તત્ત્વજિજ્ઞાસા.

“ નાથ! આપણે જેમ કહીએ છીએ કે જૈનદર્શન વ્યાપક છે તેમ અન્ય તીર્થીઓ પણ એમજ કહે છે કે તેઓનું દર્શન પણ વ્યાપક છે! ત્યારે એનો ઉત્તર શો? એ સર્વ તીર્થીઓ પોતાની બુદ્ધિથી એ તીર્થના સ્થાપનારાને સર્વજ્ઞ કહીને ઓળખાવે છે! બીજા તીર્થનો તિરસ્કાર કરે છે અને પોતાના મતનો ગર્વ રાખે છે, પોતે જેને દેવ માને છે,

૧ આ સવાલ ઘણો સ્વાભાવિક છે અને ઘણાને થાય તેવો છે. ઉત્તર બરાબર વિચારવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતે જેને ધર્મ માને છે, પોતે જેને તત્ત્વ માને છે અને પોતે જેને મોક્ષ માને છે તેમાં બરાબર આગ્રહી રહે છે, તે બાબતમાં આવેશ રાખે છે, જુસ્સો રાખે છે, ઝનુન દાખવે છે અને પોતાના શિવાય બીજું કોઇ દર્શન સાચું હોય અથવા હોઇ શકે એમ સ્વપ્નમાં પણ માનતા કે સ્વીકારતા નથી. આ પ્રમાણે હકીકત હોવાથી એ તીર્થીઓ જેમ પોતાના દર્શન(મત)ની બાબતમાં ગર્વવાળા છે તેમ આપણે આપણા દર્શનથી ગર્વવાળા છીએ, તો પછી આમાં પરસ્પર તફાવત શો રહ્યો? નાથ! આ બાબતનો ખુલાસો આપો એટલે મારૂં મન સુમેરૂ પર્વતના શિખર જેટલું ઊંચું થઇ જાય!"

પુંડરીક મુનિનો પ્રશ્ન ઘણો વિશાળ, જાણવા જેવો અને સામાન્ય રીતે મધ્યસ્થ જીવને ઊઠે તેવો હતો. તેના ઉત્તરમાં વિશુદ્ધ દાંતની પંક્તિમાંથી નીકળતાં કિરણો વડે હોઠને શોભાવતા પુંડરીકના મનને નિરધાર થાય, એણે ઉઠાવેલી શંકાનો ખુલાસો મળે અને એને નિર્ણય થાય તેવી રીતે ગુરૂમહારાજ બોલ્યા:-

૨૦ જૈન દર્શનની વ્યાપકતા.

**વ્યાપક દર્શનનાં કારણો.**
**એનું દેવતત્ત્વ.**
**પરમાર્થે એક ધર્મ.**
**મોક્ષમાર્ગ પણ એક.**
**સત્ત્વ-વીર્ય-શક્તિ.**
**લેશ્યાશુદ્ધિ તે મોક્ષ.**
**શબ્દમાટે વિવાદ નથી.**
**વ્યાપકતામાં ભેદબુદ્ધિ નથી.**
**મલક્ષયે આત્મા ગમે ત્યાં હોય ત્યાં તેનો મોક્ષ છે.**
**મત્સરના અભાવમાં વ્યાપકતા છે.**
**દૃષ્ટિવાદ આગમમાં આ ભલામણ છે.**

"[1]મેં તને હમણાં જણાવ્યું હતું કે જૈન દર્શન વ્યાપક છે તે વિ-
"ચાર સમ્યગ્દષ્ટિનો છે, સાચી નજર કરીને દેખનારાઓનો છે અને
"ઘણા વિચાર અને તત્ત્વચિંતવનને પરિણામે થયેલા
"નિશ્ચયરૂપ છે. ભેદબુદ્ધિ તે ટુંકી નજરનું પરિ-
"ણામ છે, તે મળથી ( રોગથી કે કચરાથી ) ઉત્પન્ન
"થાય છે અને પ્રાણીને મોહમાં પાડી દે છે. હવે જે

ભેદબુદ્ધિ.
સુનિશ્ચય.

1 અહીં જે વિચારો આચાર્યશ્રીને બતાવ્યા છે તે બહુ વિશાળ છે. હરિભદ્રસૂરિના મહાદેવાષ્ટક સાથે એ વિચારો સરખાવવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" પ્રાણીઓ તત્ત્વ જાણી શકે છે, એ વિશાળ-વ્યાપક દર્શનમાં આવે છે " તેનામાંથી એવા પ્રકારની મુંઝાવનારી ભેદબુદ્ધિ ચાલી જાય છે અને " ભેદબુદ્ધિ ચાલી ગઇ એટલે પછી કોઇ પણ પ્રકારની મુંચ રહેતી " નથી. એવા પ્રાણીને દેવ એક જ દેખાય છેઃ એ દેવ સર્વજ્ઞ હોય છે, " સર્વદર્શી હોય છે. વીતરાગ ( રાગવિનાના ) હોય છે, દ્વેષ વગરના હોય " છે, મહામોહનો નાશ કરનાર હોય છે, અને એ શરીરવાળા હોય છે " ત્યારે આખા ભુવનના ભરતાર દેખાય છે અને શરીર વગરના થઇ " મોક્ષ પ્રાપ્ત કરે ત્યારે ભુવનના પ્રભુ લાગે છે. એ એક જ દેવ છે.

" આવું સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ ગતદ્વેષી અને મહામોહપર સા- " મ્રાજ્યકારીનું સ્વરૂપ પોતાના મનમાં બરાબર ધારી નિશ્ચય કરે છે-દૃઢ " કરે છે તેવા પ્રાણીને પછી નાના પ્રકારના શબ્દો જરાએ ભેદબુદ્ધિ " ઉત્પન્ન કરતા નથી, એ તો પછી સ્વરૂપ ઉપર જ નજર રાખે છે, " નામ ઉપર એને મોહ થતો નથી. પછી એને લોકો બુદ્ધ કહો કે " બ્રહ્મ કહો, વિષ્ણુ કહો કે મહેશ્વર કહો, જિનેશ્વર કહો કે બીજું કોઇ " નામ આપો તેની એ સાચી દૃષ્ટિવાળાને પરવા હોતી નથી, એનામાં " એ સંબંધે શબ્દના ભેદોથી કાંઇ અર્થભેદ થતો નથી.[1] જે એને " એવા ( ઉપર જણાવેલા ) સ્વરૂપે ઓળખીને ભજે છે તેના તે પ્રભુ " છે અને આ મારા છે અને તારા નથી એ સર્વ મત્સર છે, ખોટો

---

૧ આવા જ વિચાર શાસ્ત્રમાં શાંત યોગીઓએ વારંવાર બતાવ્યા છે. જરા વિચારીએ.

पक्षपातो न मे वीरे, न द्वेषो कपिलादिषु
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।

તેમજ—

भवबीजांकुरजनना रागाद्याक्षयमुपागता यस्य;
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मैः ।

અને યોગી આનંદઘન કહે છે કે—

રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રે;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રે. રામ.
ભાજન ભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપરી,
તૈસે ખંડ કલ્પના રોપિત, આપ અખંડ સરૂપરી. રામ.
નિજપદ રમે રામ સો કહીએ, રહિમ કરે રહેમાનરી;
કરશે કરમ કાન સો કહીએ, મહાદેવ નિર્વાણરી. રામ.
પરસે રૂપ પારસ સો કહીએ, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મરી;
ઇહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મરી. રામ.

અને આવા અનેક દાખલાઓ અન્યત્ર છે. એ આપણો સહિષ્ણુતા ભાવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભ્રમ છે. જે એને ભાવથી સાધે છે, ભાવથી એની ઇચ્છા કરે છે "તેનું તે કલ્યાણ કરે છે. શીંગડાથી કાંઇ ચંડાળનું પાણી અટકાવી "શકાતું નથી!! એ દેવના તો સર્વ પ્રકારના કલેશો નાશ પામી ગયા "હોય છે તેથી તે સર્વ પ્રાણીઓને સરખા છે. એને જે બરાબર જાણે "છે તેવા યોગ્ય જીવોનો એ મોક્ષ કરે છે. ગંગા કાંઇ કોઇના બાપની "છે? સંસારી આત્માઓમાં તો કર્મને લઇને જૂદા જૂદા પ્રકાર થાય "છે, અનેક ભેદો પડે છે, ઉચ્ચનીચતા પ્રાપ્ત થાય છે, પરંતુ પરમાત્મા "તો કર્મના પ્રપંચથી તદ્દન રહિત હોવાને કારણે તેનામાં કોઇ પણ "પ્રકારનો ભેદ પડતો નથી, પ્રકાર થતો નથી કે ઉચ્ચનીચપણું સંભ- "વતું નથી.

એક દેવ.

"એવી રીતે સર્વજ્ઞ સર્વદર્શી આદિ વિશેષણોથી યુક્ત હોય તે "દેવ છે, શુદ્ધ બોધના પ્રભાવક છે અને એને શરીર "હોતું નથી છતાં અનંત શક્તિના જોરે એ સંસારથી "મૂકાવનાર થાય છે.

"હવે જે મહાભાગ્યવાન્ પ્રાણીઓએ એવા પરમાત્માને બરાબર "પીછાન્યા હોય અને એને ભાવથી આદર્યા હોય તેઓના મનમાં એનું "સત્ય સ્વરૂપ બરાબર જામી ગયેલું હોય છે, બરાબર નિર્ણીત થઇ ગયેલું "હોય છે; તેમને પછી એના સંબંધમાં વાદવિવાદ તકરાર કે મતભેદ "પડવાનું કાંઇ કારણ રહેતું નથી. માત્ર એમાં વાત એટલી બને છે "કે કેટલાક મૂર્ખ અથવા અલ્પજ્ઞ લોકો એ પરમાત્માની રાગ દ્વેષ રૂપ "મળથી યુક્ત તરીકે કલ્પના કરે છે, પરમાત્મામાં રાગદ્વેષ રૂપ મળ "હોય એવો બુટ્ટો ઉઠાવે છે તેને એવા તત્ત્વ જાણનાર મહાપુરૂષો "વારે છે અને તેમ વારવામાં પણ એમની કરૂણાબુદ્ધિ જ હોય છે.

"આ પ્રમાણે તારી પાસે તત્ત્વથી દેવ કોણ હોય તેનું વર્ણન "કર્યું. એ દેવ પ્રમાણોથી બરાબર સિદ્ધ હોવાથી સર્વ પ્રવાદિના મત "પ્રમાણે એ એક જ છે. ટુંકામાં કહીએ તો **સર્વજ્ઞ સર્વદર્શી રાગ દ્વેષ "રહિત અને મહામોહને દળનાર એક જ દેવ છે.**

"પરમાર્થ દૃષ્ટિએ જોતાં આ દુનિયામાં [1]ધર્મ પણ એક જ છે, એ

૧ ધર્મની બાબતમાં ઘણો ગોટો ચાલે છે. ધર્મના બાહ્ય રૂપો-ક્રિયાકાંડ જોઇને ધર્મને મુખ્યતા અપાય નહિ. આનંદઘન મહારાજ કહે છે કે—ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર; ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જિનેશ્વર—અને પછી ધરમની દોડાદોડની વાત એમણે કરી છે, ધર્મ તો પોતામાં જ છે, પોતા પાસે છે એની પ્રતીતિ કરવી પડે. ધર્મનાં લક્ષણ માટે જુઓ આ ગ્રન્થ પ્રસ્તાવનું સાતમું પ્રકરણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" કલ્યાણપરંપરાનો હેતુ છે, જાતે શુદ્ધ છે અને શુદ્ધ ગુણથી ભરેલો " છે. એમાં જે શુદ્ધ ગુણની વાત કરવામાં આવી " તે દશ પ્રકારના હોય છે અને તે આ પ્રમાણે હોય " છે: ક્ષમા, માર્દવ (નમ્રતા), શૌચ (બાહ્ય આંતર " નિર્મળતા-પવિત્રતા ), તપ ( બાહ્ય અને અભ્યંતર ), સંયમ ( સત્તર " પ્રકારે ), મુક્તિ ( લોભ ત્યાગ ), સત્ય, બ્રહ્મચર્ય, આર્જવ ( સરળતા ) " અને ત્યાગ ( પરિગ્રહ મુક્તિ ). પંડિતો જ્યારે એ દશ લક્ષણયુક્ત " ધર્મને જાણે છે ત્યારે એને સ્વર્ગ અને મોક્ષ આપનાર તરીકે પીછાને " છે અને એની તે શક્તિના સંબંધમાં જરા પણ વાદવિવાદ કરતા " નથી, એની સ્વર્ગ મોક્ષ આપવાની તાકાત સ્વીકારી લે છે. કેટલાક " મૂઢ પ્રાણીઓ ધર્મની આથી ઉલટી રીતે અથવા વિપરીત રીતે " કલ્પના કરે છે, કરવા પ્રયત્ન કરે છે તેઓના ઉપર કરૂણાયુક્ત હૃદય- " વાળા પંડિત પુરૂષો તેમને તેમ કરતાં વારે છે-અટકાવે છે. આવા " પ્રમાણથી સિદ્ધ થઇ શકે એવો એક જ ધર્મ છે તેનું વર્ણન પુંડરીક! " મેં તારી પાસે કરી બતાવ્યું છે.

એક ધર્મ.

" હવે એક બીજી વાત કરૂં. તારી પાસે મેં તત્ત્વસંજ્ઞાવાળા મો- " ક્ષમાર્ગની વાત કરી તે પણ પરમાર્થે એક જ છે અને પંડિતો તેને " એક તરીકે જ પીછાની શકે છે. આ વાત બરાબર ધ્યાન રાખીને તું " સમજી લે એટલે તારા પ્રશ્નનો નીકાલ થઇ જશે. " કોઇ એ મોક્ષને સત્ત્વ[1] નામ આપે છે, બીજા એને " લેશ્યાશુદ્ધિ કહે છે. એકંદરે જોતાં કોઇ એને શક્તિ " કહે છે અને કેટલાક યોગીઓએ પ્રાપ્ત કરવા યોગ્ય " એ પરમ વીર્ય છે એમ કહે છે. એમાં જો ભેદ પડે છે તો તે નામ- " માત્ર જ છે, એમાં અર્થનો ભેદ જરા પણ પડતો નથી તથા એના " આચરણમાં પણ ધ્વનિ ભેદ સંભળાય છે તે આ પ્રમાણે:-કોઇ એને " અદૃષ્ટ કહે છે, કોઇ એને કર્મસંસ્કાર કહે છે, કોઇ " એને પુણ્ય અપુણ્ય(પાપ) કહે છે, કોઇ શુભ અ- " શુભ કહે છે, કોઇ ધર્મ અધર્મ કહે છે, કોઇ પાશ[2] " કહે છે-એ સર્વે જૂદા જૂદા પર્યાયો છે, એકાર્થે

મોક્ષ માર્ગ પણ એકજ.

સત્ત્વ-વીર્ય-નો ખુલાસો.

---

૧ મોક્ષને માટે 'સત્વ' વિગેરે શબ્દ જૂદા જૂદા દર્શનકારો વાપરે છે તે માટે જુઓ સર્વદર્શનસંગ્રહ.

૨ પાશ. અચિત્ પદાર્થ. એ શૈવ મતનો શબ્દ છે. એ પશુ, પતિ અને પાશ એવા ભેદ પાડે છે. એનું વર્ણન શૈવમતના વિવરણમાં સર્વદર્શનસંગ્રહ ગ્રંથમાં જોવું.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" સૂચવનાર જૂદા જૂદા શબ્દો છે. એની હાનિ અથવા વૃદ્ધિ અનુક્રમે
" સંસાર અને મોક્ષનું કારણ બને છે, એટલે કે એ પુણ્ય પાપ પૈકી
" પુણ્યની હાનિથી અને પાપની વૃદ્ધિથી સંસાર વધે છે વિગેરે સર્વ
" માટે સમજવું. એ જ્યારે ઘટી જાય ( પુણ્યાદિ ઘટે ) ત્યારે આ
" સંસારમાં સર્વ વિપત્તિઓ આવી પડે છે અને એ જ્યારે વધી પડે-
" વધતું ચાલે ત્યારે સર્વ પ્રકારની વિભૂતિઓ સંભવે છે.

" વળી બીજાઓ વિશુદ્ધિની ચાર કોટિઓ કહે છે: ઐશ્વર્ય, જ્ઞાન,
" વૈરાગ્ય અને ધર્મ—એ પણ એની એ જ વાત છે. રજસ્ અને તમ-
" સ્થી જ્યારે સત્ત્વ ઘેરાઇ જાય—અવરાઇ જાય ત્યારે તે પ્રકાશતું
" નથી અને તે વખતે તેના ઉપર જણાવેલા ઐશ્વર્ય જ્ઞાન વૈરાગ્ય અને
" ધર્મ રૂપ ગુણો ઉલટાઇ જાય છે-વિપરીત થઇ જાય છે. એમાં રજ-
" સ્ના આવરણથી વૈરાગ્યને બદલે અવૈરાગ્ય થઇ જાય છે, તમસ્ના
" આવરણથી ઐશ્વર્યને બદલે અનૈશ્વર્ય થઇ જાય છે અને એ જ તમ-
" સ્ના આવરણથી ધ્યાન અને અધર્મનો સંભવ ઉત્પન્ન થાય છે. એ
" રજસ્ અને તમસ્માંથી એક હોય ત્યાં બીજો જરૂર હોય છે કારણ કે
" રજસ્ અને તમસ્ હમેશા એક બીજાની સાથે રહે છે. સત્ત્વ જ્યારે
" મેલવાળું હોય છે, રજસ્ તમસ્થી આવરણ પામેલું હોય છે ત્યારે તે
" સર્વથા સંસાર અને દુઃખનો હેતુ થાય છે અને તે જ્યારે મેલ વગરનું
" હોય છે, શક્તિથી ભરપૂર હોય છે ત્યારે તે સુખ અને મોક્ષનું કારણ
" બને છે. એ સત્ત્વને એના મેલ વગરના નિર્મળ આકારમાં પ્રાપ્ત
" કરવા માટે તપ ધ્યાન વ્રત વિગેરે અનેક પ્રકારના હેતુભૂત અનુષ્ઠાનો
" બતાવવામાં આવેલાં છે અને પરમ દૈવી તત્ત્વ પણ એ શુદ્ધ સત્ત્વ જ
" છે. એ સત્ત્વને ગોચર જે જ્ઞાન હોય તે સાચું જ્ઞાન છે, એના આશ્ર-
" યમાં રહીને જે શ્રદ્ધાન પાળવામાં આવે તે સાચી શ્રદ્ધા છે. તેને વધા-
" રનાર ક્રિયાને સાચી ક્રિયા કહેવામાં આવે છે અને તેને માર્ગે ગમન
" કરવું તે સાચો મોક્ષમાર્ગ છે. જે પ્રાણીઓ--જે મહાન્ સત્ત્વો શુદ્ધ
" બુદ્ધિપૂર્વક તત્ત્વને બરાબર જાણી ગયા છે તેઓ તો પછી મેરૂની
" પેઠે ન હલાવી શકાય તેવા નિશ્ચળ ચિત્તવાળા થાય છે અને તેમને કોઇ
" પણ પ્રકારની ભ્રાન્તિ થતી નથી, શંકા થતી નથી, મુંઝવણ થતી
" નથી. એવા શુદ્ધ બુદ્ધિવાળા મહાન્ સત્ત્વો લોકો ઉપર મહા કૃપા
" લાવીને જે લોકો શુદ્ધ તત્ત્વમાર્ગથી ભ્રષ્ટ થઇ જ્યાં ત્યાં ભ્રમણ કરતાં
" હોય છે, આડા અવળા ફેરા મારતા હોય છે તેમને વારે છે, રોકે
" છે, સત્ય માર્ગ બતાવે છે. આવી રીતે મેં તારી પાસે અત્યંત સુંદર

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

" સાચા સત્ત્વનું વર્ણન કરી બતાવ્યું. એ સત્ત્વનો નિર્ણય કરીને મહા
" યોગીઓ પોતાનાં વિશાળ કાર્યની ઘટના કરે છે.

" એ શુદ્ધ સત્ત્વ લોકોમાં અવિચળ છે, એક છે, પ્રમાણથી સિદ્ધ
" છે અને તેવી જ રીતે મોક્ષ પણ અવિચળ છે, એક છે, પ્રમાણથી
" સિદ્ધ છે; અત્યંત આહ્લાદ કરનાર હોવાથી સુંદર છે
મોક્ષ. " અને સુસાધ્ય છે. અનંત શુદ્ધ બોધ (જ્ઞાન),
" અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય-
" વાળા અમૂર્ત અને ત્રણ રૂપ વગરના ( એકજ રૂપવાળા ) આત્માનું
" પોતાના સ્વરૂપમાં રહેવું તે મોક્ષનું લક્ષણ છે એટલે કે અનંત જ્ઞાન
" દર્શન આનંદ અને વીર્યવાળો અમૂર્ત એક સ્વરૂપવાળો આત્મા
" પોતાના અસલ ગુણોમાં રહે તેનું નામ મોક્ષ છે. એ મોક્ષનું લક્ષણ
" છે. પછી એવું નામ સંસિદ્ધિ કહો કે નિર્વૃતિ કહો, શાંતિ કહો કે
" શિવ કહો, અક્ષય કહો કે અવ્યય કહો, અમૃત કહો, બ્રહ્મ કહો કે
" નિર્વાણ કહો એ સર્વ બીજા બીજા શબ્દો છે, પણ એ સર્વ મો-
" ક્ષને જ બતાવનારા ધ્વનિઓ છે.[1]

" આ સર્વ પ્રકારનાં જે કર્તવ્યો બતાવવામાં આવ્યાં છે તે લેશ્યા-
" શુદ્ધિને માટે જ છે, લેશ્યાશુદ્ધિ મોક્ષ માટે જ છે અને તે મોક્ષ
" ઉપર જણાવ્યું તેવા પ્રકારનો છે. એટલે જેમાં આત્મા સ્વરૂપસ્થિતિ
" પામે તે જ તેનો મોક્ષ છે અને તેવા પ્રકારની લેશ્યાશુદ્ધિ તે મોક્ષનું
" કારણ છે.

" લેશ્યાશુદ્ધિની વિશેષતા કે અલ્પતાના કારણે દેવગતિમાં અ-
" થવા મનુષ્યપણામાં જે સંયોગબળે સુખ મળી જાય છે તેને ત્યાગ
" કરવા યોગ્ય વસ્તુઓના વિભાગમાં મૂકવામાં આવે છે.

---

૧ આની સાથે સરખાવો:—

મહાનંદ અમૃતપદ નમો, સિદ્ધિ કૈવલ્ય નામ;
અપુનર્ભવ બ્રહ્મપદ વળી, અક્ષય સુખ વિસરામ.
સિદ્ધ જગતશિર શોભતા.
સંશ્રેય નિઃશ્રેય અક્ષરા. દુઃખ સમસ્તની હાણ;
નિરવરતી અપવર્ગતા, મોક્ષ મુગતિ નિરવાણ.
સિદ્ધ જગતશિર શોભતા.
અચલ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ;
નિજનિજ રૂપેરે જુજુઆ, વીંત્યા કરમ તે આઠ.
સિદ્ધ જગતશિર શોભતા.

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"એવી રીતે સદ્ દેવ અને સદ્ ધર્મને નિવેદન કરનાર ઉત્તમ શાસ્ત્ર "એવા પ્રકારના જ મોક્ષને બરાબર પ્રતિપાદન કરનાર હોય છે. જે "શાસ્ત્ર દૃષ્ટ તથા ઇષ્ટથી[1] અવ્યાહત છે-હણાતું નથી અને સર્વ પ્રમા- "ણોથી પ્રતિષ્ઠિત છે તેવું એક જ શાસ્ત્ર સર્વત્ર વ્યાપક છે અને તેવા "શાસ્ત્રને જ વ્યાપક તરીકે ઓળખવામાં આવે છે. આ તેનો ભાવાર્થ "કહેવામાં આવ્યો છે એમાં વિશેષ પ્રકારે ભાવ રહેલો છે તે જાણીને "એનો પોતાની મરજીમાં આવે તેવા વિવિધ પ્રકારના શબ્દથી વ્યવ- "ધાન કરેલ છે. એને કોઇ વૈષ્ણવ કહે, કોઇ બ્રાહ્મણ નામ આપે, કોઇ "માહેશ્વર નામ આપે, કોઇ બૌધ નામ આપે અને કોઇ એને "જૈનેંદ્ર નામ આપે તેમાં કાંઇ વાંધો નથી. **જો એનો મૂળ ભાવ નાશ "પામતો ન હોય, ઉડી જતો ન હોય તો શબ્દભેદમાં કાંઇ દૂષણ "આવતું નથી.** ડાહ્યા માણસો તો અર્થ જોઇને તેના ઉપર પ્રસન્ન "થાય છે, તેનો અંદરનો ભાવાર્થ વિચારે છે, તેઓ માત્ર શબ્દ ઉપર "કે નામ ઉપર રાચી જતા નથી કે તેમાં મુંઝાઇ જતા નથી. કોઇ "મનુષ્યને 'દેવ' કહેવામાં આવે અને તેનામાં ગુણ તો કાંઇ હોય નહિ "છતાં એ ગુણવિનાના માત્ર બે અક્ષરના સમુદાય 'દેવ' શબ્દથી "રાજી થઇ જાય તો તેને મૂર્ખ જ સમજવો.

"આ પ્રમાણે હોવાથી કદાચ અન્ય તીર્થીઓ પોતપોતાના તી- "ર્થને વ્યાપક કહી બેસે તો તેમની સાથે તકરાર કરવાની જરૂર નથી.

JAINSITE.com જૈન જયતિ શાસનમ્

વિવાદ નથી આગ્રહ નથી.

"આ બાબત બહુ ગંભીર છે અને ઊંડા ઉતરીને "સમજવા જેવી છે. પુંડરીક મુનિ! બુદ્ધિ ઉપર "આવરણ આવી જવાને પરિણામે થતી વિકાર દૃષ્ટિ "જેમને હોય તેમને જ બહુ દર્શનો છે[2] એવો મોહ "થાય છે, પણ એ ખરેખર ખોટો મોહ છે. **જ્યારે પ્રાણીને એ "આચ્છાદન ઊડી જાય છે, જ્યારે એને સર્વ વસ્તુઓ બુદ્ધિગોચર "થાય છે અને જ્યારે એને સાચા દર્શનનું ભાન થાય છે ત્યારે "ખરેખર એનામાં ભેદબુદ્ધિ જરા પણ રહેતી નથી. આ શુદ્ધ "દર્શનમાં ભેદબુદ્ધિને સ્થાન જ નથી.**

"આ પ્રમાણે કહેવાનો એક ખાસ હેતુ પણ છે તે તું સમજી લે. "સર્વ વાદીઓના વિચારમાં આત્મા તો સાધારણ છે, એટલે કે સર્વ

---

૧ **દૃષ્ટ અને ઇષ્ટઃ** પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી અબાધિત વચન તે 'દૃષ્ટ'. પોતે અંગીકાર કરેલ આગમથી અબાધિત વચન તે 'ઇષ્ટ.'

૨ વાસ્તવિક રીતે દર્શન તો એક જ છે.

૭૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે.[1] હવે એ આત્મા પૈકી જે આત્મા "મોહનીય કર્મરૂપ મેલવાળો હોય તે મોક્ષમાર્ગને જોઇ કે જાણી શકતો "નથી. જેમ આંખમાં મેલ હોય ત્યારે વસ્તુદર્શન બરાબર થતું નથી "તે પ્રમાણે સમજવું. એ કર્મમેલનો જ્યારે ક્ષય થઇ જાય, નાશ થઇ "જાય, ત્યારે એ આત્મા યથાસ્થિત મોક્ષમાર્ગને જોઇ જાણી શકે છે; "પછી એ આત્મા ગમે ત્યાં રહ્યો હોય તો પણ આપોઆપ એના "લક્ષ્યમાં મોક્ષમાર્ગ બરાબર આવી જાય છે, એ માર્ગ એની નજર "સન્મુખ પોતાના બળથી આવી જાય છે. આવી સ્થિતિ થયા પછી "પ્રાણી પરમાર્થને બતાવનાર સાચા દર્શનને બરાબર જોઇ શકે છે, "પછી તે પોતાનો ખોટો આગ્રહ મૂકી દે છે-આવી સ્થિતિ માર્ગપર "આવનારની થાય છે એમ ઘણા ડાહ્યા વૈજ્ઞાનિકો કહી ગયા છે. વળી "સુજ્ઞો કહી ગયા છે કે જે પ્રાણી તદ્દન મૂઢ હોય-શૂન્ય હોય અને જે "ગુણદોષ જોઇ શકતો ન હોય, જેને ગુણદોષની પરીક્ષા ન હોય "તેવો પ્રાણી સિદ્ધાન્ત રૂપ વિષમ (આકરા) જ્ઞાનને કેમ મેળવી "શકે? કેમ ઝીલી શકે? બાકી 'હું સારો! તું ખરાબ! મારૂં દર્શન "સુંદર! તારૂં દર્શન ખરાબ!' એવું બોલવું, માનવું કે એવી વાતો "કરવી એ તો ઉઘાડી રીતે મત્સર છે, દ્વેષ છે, અદેખાઇ છે.

"આ લોકમાં જે જે પ્રાણીઓ યથાયોગ્ય દૃષ્ટિવાળા છે તે સઘ-"ળાઓ આ તાત્ત્વિક શુદ્ધ દર્શનમાં જ રહેલા છે.[2] આવા વિશાળ

*વ્યાપકતાનો હેતુ.*

"દર્શનમાં રહેનારને 'મારૂં મારૂં'-એવો પ્રકાર તો "નાશ જ પામી ગયેલો હોય છે તેથી તેઓ વાદ-"વિવાદ કરતા નથી અને કદાચ કરે છે તો સર્વને "એકરૂપતા (સમાન રૂપપણું) આપે છે, સર્વની "અંદર ઊંડાણમાં એકવાક્યતા (તુલ્ય સમાનતા) છે તેનું ભાન કરાવે "છે. હવે કેટલાક પ્રાણીઓ એવા હોય છે કે જેઓનાં મળ નાશી "પામી ગયેલાં ન હોવાને કારણે જેઓ વિપરીત નજરે જોનારા હોય "છે તેઓ મત્સર કે અભિમાનમાં આવી જઇને પોતાનાં તીર્થને જ "વ્યાપક કહે છે, તેને સર્વવ્યાપક કહેવરાવવાનો દાવો કરે છે. એવા

---

૧ અહીં મૂળ ગ્રંથ રૉ. એ. સો. વાળા પુસ્તકનું પૃ. ૧૨૨૬ શરૂ થાય છે.

૨ આ **નયજ્ઞાનનો** પાયો છે. દૃષ્ટિબિન્દુઓમાં અંશ સત્ય છે. નય જૂદાં જૂદાં દૃષ્ટિબિંદુઓ છે, તેમને જાણવા, તેટલા પૂરતા તેમને સત્ય તરીકે સ્વીકારવા અને તેમનું દૃષ્ટિબિન્દુ સમજવું એ નયજ્ઞાન છે. નયજ્ઞાનના સિદ્ધાન્તપર જૈનદર્શનની વ્યાપકતા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" જન્માંધ માણસોને ઉત્તર જ ન આપવો સારો અને બની શકે તો
" તેઓને તત્ત્વ માર્ગપર લઇ આવવાનો બોધ આપવો. આ દુનિ-
" યામાં મોહનો વિનાશ કરવા સમાન અન્ય બીજો ખરેખરો
" મહાન ઉપકાર એક પણ નથી.

" પુંડરીક! તેં સવાલ પૂછ્યો કે અન્ય તીર્થીઓ પોતાનાં તીર્થને
" વ્યાપક કહે–વ્યાપક હોવાનો દાવો કરે તો તેનો
" ઉત્તર શો? તે સંબંધમાં જે ઉત્તરની સામે કોઇ
" પણ પ્રતિઘાત ન કરી શકે એવો જે ઉત્તર હતો તે
" તને જણાવ્યો. વાત એમ છે કે દૃષ્ટિવાદ[1] નામનું બારમું અંગ છે તે
" મોટા દરિયા જેવું છે, તે સઘળા નયોના સાગર જેવું છે, તે સાગ-
" રમાં કુદૃષ્ટિરૂપ સર્વે નદીઓ આવી મળે છે એ સઘળું તું સ્ફુટ જોઇ
" શકીશ. જ્યારે તું એનો અભ્યાસ બરાબર કરીશ ત્યારે તારા સર્વે
" સંદેહો દૂર થઇ જશે અને તે વખતે તને પાકી ખાતરી થશે કે
" સર્વજ્ઞ મહારાજનાં વચનથી વધારે શ્રેષ્ઠ કોઇ પણ વચન નથી."

તેટલા માટે.

સમંતભદ્રાચાર્યે આ પ્રમાણે વિસ્તારથી ખુલાસાઓ પુંડરીક મુનિના પ્રશ્નને અંગે કર્યા.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રકરણ ૨૨ મું.

## અનુસુંદર પુંડરીક મહાભદ્રા સુલલિતાનો મોક્ષ.

મહાત્મા સમંતભદ્ર આચાર્યે જૈનદર્શનની વ્યાપકતા પ્રમાણથી બતાવી, તેનું વિશાળ તત્ત્વ બતાવતાં દેવ ધર્મ અને મોક્ષની એકવાક્યતા સિદ્ધ કરી, અન્ય તીર્થીઓમાં રહેલા અંશ સત્યને યોગ્ય સ્થાન આપ્યું, જૂદાં જૂદાં દૃષ્ટિબિન્દુઓને સમજવા સૂચના કરી, અંશ સત્ય અને સાર્વત્રિક સત્યના ખુલાસા કર્યા, એકવાક્યતામાં વિવાદને કે આગ્રહને સ્થાન નથી એમ બતાવ્યું, ધર્મવિચારણામાં મત્સરનો ત્યાગ કર-

૧ **દૃષ્ટિવાદઃ** આ બારમું અંગ હતું, ઘણું વિશાળ હતું. અગિઆર અંગના કાંઇક વિભાગો હાલ લભ્ય છે ( જુઓ નોટ પૃ. ૮૯ ). દૃષ્ટિવાદ અંગ વિચ્છેદ ગયું છે.

વાની જરૂરીઆત સમજાવી અને સર્વજ્ઞ વચનમાં અનેક દૃષ્ટિઓ મળી જાય છે તે સૂચવ્યું. સૂરિમહારાજનું એ વિસ્તારવાળું ભાષણ સાંભળીને પુંડરીકના મનનું સંપૂર્ણ સમાધાન થયું, ગુરૂમહારાજે છેવટે જણાવ્યું કે એ સર્વ બાબતોનો મેળ બારમા દૃષ્ટિવાદ અંગના અભ્યાસથી મળશે તેથી પુંડરીકને આગમનો વિશેષ અભ્યાસ કરવાની તીવ્ર જિજ્ઞાસા થઇ આવી અને તે વખતથી વિશેષ અભ્યાસ તેણે શરૂ કરી દીધો. ધીમે ધીમે ત્યાર પછી તે દ્વાદશાંગી વિગેરે સર્વ આગમના ધારણ કરનાર થઇ ગયા. આગમની અનેક કુંચીઓ ( અનંત ગમ અને પર્યાય યુક્ત ) સમંતભદ્રાચાર્યે કૃપા કરીને વિગતવાર પુંડરીકને બતાવી દીધી અને પુંડરીકે તે સર્વને ગ્રહણ કરી લીધી.

**સમંતભદ્રમોક્ષ.**

**પુંડરીક આગમ રહસ્યજ્ઞ.**
**તેની આચાર્યપદે સ્થાપના.**
**અને સૂરિમહારાજનું નિર્વાણ.**

સિદ્ધાન્તના રહસ્યને જાણનારા આચાર્યમહારાજશ્રીની કૃપાથી આગમમાં રહેલા સર્વ ભાવોને ઘણા વિસ્તારથી પુંડરીકમુનિ પામી ગયા, એના ઊંડાણમાં સારી રીતે તેઓ ઉતરી ગયા અને એ રહસ્યજ્ઞાન એણે પચાવ્યું, જેને પરિણામે સર્વજ્ઞ મહારાજનાં આગમનો સુંદર ભાવ એના મનમાં જામી ગયો. પછી આચાર્યશ્રીએ એને દ્વાદશાંગીનો અનુયોગ[1] અને ગચ્છની અનુજ્ઞા આપી. પોતાની આચાર્ય પદવીનું સ્થાન તેને આપતાં આચાર્યશ્રી સમંતભદ્ર ઘણા રાજી થયા, પોતાની પાછળ શાસનના રક્ષકની સ્થાપના કરી પોતે અનૃણી થયા અને યોગ્યને યોગ્ય પદવી આપવાથી પોતાના મનમાં સંતોષ પામ્યા. જે વખતે પુંડરીક મહામુનિને આચાર્યપદે સ્થાપવામાં આવ્યા તે દિવસથી આઠ દિવસ સુધી દેવોએ અને મનુષ્યોએ વિધિપૂર્વક અને ઘણા આનંદ સાથે દેવની અને સંઘની પૂજા ભક્તિ કરી અને સર્વ બહુ રાજી થયા.

**પુંડરીક મોક્ષ.**

**પુંડરીક આચાર્યની વિભૂતિ.**
**વિહાર, ઉપદેશ, નિયંત્રણા.**
**છેવટે ધનેશ્વરને આચાર્યપદ.**

પુંડરીક આચાર્ય ત્યાર પછી ઘણા પ્રગત થતા ગયા. એમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. આગળ જતાં એમને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.

1 અનુયોગઃ સૂત્રની વ્યાખ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુંડરીક સૂરિ શાસનને ઘણા દીપાવનાર નીવડ્યા. તેઓશ્રીએ દેશનારૂપ કિરણોવડે સૂર્યની પેઠે ભવ્ય પુંડરીકોની (કમળોની) મહામોહના તમસ્ રૂપ નિદ્રાને ઉડાડી દીધી એટલે સૂર્ય જેમ નિદ્રાને ઉડાડે છે અને કમળને વિકસ્વર કરે છે તેમ એ સૂર્ય જેવા પ્રતાપી આચાર્યે ભવ્ય પ્રાણીઓના મોહના અંધકાર રૂપ નિદ્રાને ઉડાડી દીધી અને પોતાની દેશના રૂપ કિરણો વડે સર્વ ભવ્યકમળોને જાગૃત કર્યા-વિકસ્વર કર્યાં. તે કારણને અંગે અને તે હેતુ ધ્યાનમાં રાખીને તેઓએ વિહાર કર્યો, તેઓ એક દેશથી બીજે દેશ ગયા અને દરમ્યાન પોતાની સાધુચર્યામાં બરાબર સ્થિત રહ્યા, તેમણે નિરતિચાર ચારિત્ર પાળ્યું અને અનેક ગુણ-વિભૂષિત મોટો શિષ્યસમુદાય એકઠો કર્યો. તેઓએ દાન શીળ તપ અને ભાવ રૂપ ચારે ધર્મના પાયાને અનુક્રમે પાળ્યા-જીવનના પ્રથમ પહોરમાં ત્યાગ (દાન) ધર્મ સ્વીકાર્યો, બીજા જીવનકાળમાં શીળ પાળ્યું, વિશિષ્ટ વર્તન આદર્યું, ત્રીજા કાળમાં ઊંચા પ્રકારનો તપ આદર્યો અને ચોથા વિભાગમાં ભાવધર્મનો આદર કર્યો. આવી રીતે ધર્મજીવનના ચારે પહોરોમાં યોગ્ય આચરણા કરી આખા દિવસના આકારને ધારણ કરનારા જીવનને સુંદર રીતે વ્યતિત કરી તેને અંતે જિનશાસનને સારી રીતે પ્રકાશિત કર્યું. છેવટે એ પુંડરીક સૂરિરૂપ સૂર્યે જ્યારે જીવન દિવસનો છેડો નજીક જોયો, તેનો સંધ્યાસમય નજીક આવતો અનુભવ્યો એટલે સાયંકાળને યોગ્ય સંલેખના[1] આદરી.

એ અંત આરાધના કરવાનો પ્રસંગ જાણી પ્રથમ તો ધનેશ્વર નામના પોતાના શિષ્યરત્નને આચાર્યસ્થાને સ્થાપન કર્યા. એ ધનેશ્વરમુનિએ ઉચ્ચ ક્રિયાનો અભ્યાસ કર્યો હતો, યોગ ક્રિયાઓ આદરી હતી અને વળી તેઓશ્રી સર્વ આગમનો પાર પામી ગયા હતા. આવી રીતે ક્રિયા અને જ્ઞાનના પારંગામી શિષ્યરત્નને આચાર્યસ્થાન આપી કૃતકૃત્ય થયા.

### ધનેશ્વરને અનુશાસન.
### શિષ્યવર્ગને નિયંત્રણા.

ત્યાર પછી આચાર્ય પુંડરીકે ધનેશ્વરને સૌથી આગળ કરી તેમના પર ગચ્છનો ભાર મૂક્યો અને તેમને નીચે પ્રમાણે અનુજ્ઞા કરી:—

" અહો મહા ભાગ્યશાળી ! આ જિનાગમ (તીર્થંકર મહારાજનાં
" શાસ્ત્રો ) સંસારરૂપ મહાપર્વતોને ભેદી નાખવાને વજ્ર જેવાં છે, પણ તે
" દુઃખે કરીને મેળવી શકાય તેવાં છે. તેને તમે જાણ્યાં છે, તેથી તમે
" ધન્ય છો.

---

૧ **સંલેખના:** મરણ સમય નજીક જાણી આરાધના કરવી તે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ જયતિ શાસનમ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વળી આજે તમારા પર જે પદનું આરોપણ કરવામાં આવે "છે તે આ દુનિયામાં સર્વથી ઉત્તમ સંપત્તિઓનું પદ છે, મહાસ્થાન "છે; એ સ્થાને મહાસત્ત્વ ધીર વીર પુરૂષો અગાઉ આવી ગયા છે "અને એ આત્મસંપત્તિઓનું અતિ પવિત્ર સ્થાન છે. ભાઇ! એ પદ "ભાગ્યશાળીઓને જ અપાય છે. જે મહાસત્ત્વો એ પદનો પાર પામે "છે તેઓ ખરેખર ધન્ય છે. એવા ભાગ્યવાન્ રત્નાધિકો એ પદનો "પાર પામીને સંસારનો પણ પાર પામે છે.

"આ સર્વ મહાત્મા સાધુઓનો સમુદાય સંસારઅટવીથી ભય "પામીને મુંઝાઇ ગયેલો છે તે અત્યારથી તારે શરણે છે, તું તેઓને "સંસારઅટવી ઓળંઘાવી શકે તેવો શક્તિમાન્ છે અને તેટલા માટે "એ મુનિસમુદાય તારે શરણે આવ્યો છે.

"પોતે પરમ ઐશ્વર્યયુક્ત (પરમેશ્વરના) નિર્મળ ગુણોને પ્રાપ્ત કરીને "ભાગ્યશાળી પ્રાણીઓ સંસારથી ભય પામેલા પ્રાણીઓનું રક્ષણ કરે "છે, તેમને સંસારભયથી મુક્ત કરે છે. હવે એ સંસારીજીવો ખરેખરા "ભાવરોગથી પીડાતા છે અને તું સાચો ભાવ વૈદ્ય છે; તો તારે એવા "ઉત્તમ સંસારી જીવોને ભાવવ્યાધિના દુઃખથી પ્રયત્નપૂર્વક છોડાવવા "પ્રયાસ કરવો જોઇએ. જે ગુરૂ પોતે ચારિત્ર ક્રિયામાં અપ્રમત્ત હોય "છે, પારકાનું હિત કરવામાં ઉદ્યમવાળા હોય છે, મોક્ષ ઉપર દૃઢ "લક્ષ્યવાળા હોય છે અને સંસારકેદખાના તરફ તદ્દન નિઃસ્પૃહ હોય "છે તેઓ પ્રાણીઓને દુઃખ અને વ્યાધિથી મૂકાવી શકે છે.

"તું આ સ્થાનને યોગ્ય છે અને તને આવા પ્રકારે પ્રેરણા કરવી "એ કલ્પ છે (શાસ્ત્રની આજ્ઞા છે) તેથી મેં તને આટલી પ્રેરણા "કરી છે. ટુંકામાં તારે તારા ગચ્છાધિપતિના સ્થાનને અનુરૂપ પ્રયત્ન "સર્વદા કરવો."

આ પ્રમાણે ધનેશ્વરસૂરિને આચાર્ય પુંડરીકે અનુશાસન કર્યું તે વખતે સર્વ હકીકત ધનેશ્વરસૂરિ માથું નીચું નમાવીને વિનયપૂર્વક સાંભળી રહ્યા. ત્યાર પછી આચાર્યશ્રીએ શિષ્યવર્ગ તરફ નજર ફેરવીને નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો:—

"હે શિષ્યો! તમારે સર્વેએ લક્ષ્યમાં રાખવું કે આ ધનેશ્વરસૂરિ "એક ખરેખર સંસારસાગરને ઉતારી આપનાર મજબૂત વહાણ "જેવા છે અને તમારે એ સાગરનો પાર પામવો છે-તો તમારે એ "વહાણને કદિ પણ છોડવું નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તમારે એની તરફ હમેશા અનુકૂળ થઇને રહેવું અને કદિ પણ "એને પ્રતિકૂળ થઇને કાંઇ કરવું નહિ, એના હુકમમાં સર્વદા રહેવું જેથી "તમે તમારાં ઘરબારનો ત્યાગ કરી આટલો મોટો ભોગ આપ્યો છે તે "સર્વ સફળ થાય. જો તમે એમ નહિ કરો અને એને પ્રતિકૂળ થઇને "રહેશો તો આ આખા જગતના બંધુ શ્રીતીર્થંકરદેવની આજ્ઞાનો "તમે લોપ કરેલો ગણાશે અને ભગવાનની આજ્ઞાનો લોપ કરવાથી "આ ભવમાં અને પરભવમાં તમને અનેક પ્રકારની વિડંબનાઓ "ઉત્પન્ન થશે તે તો તમે સમજો છો—તેથી તમારે એની આજ્ઞામાં "સર્વદા અનુકૂળપણે રહેવું. એક કુળવધૂ હોય અને કોઇ કાર્યને અંગે "સ્ખલના થવાથી સાસુ સસરા પતિ આદિથી કદાચ તિરસ્કાર પામી "હોય અથવા તેને ગમે તેમ કહેવામાં આવ્યું હોય તો પણ જેમ તે "સસરાના ઘરને અને પતિના પાદસેવનને છોડતી નથી તેવી રીતે "તમારાં કાર્યને અંગે તમને નિયંત્રણા કરવામાં આવે કે તમને તર- "છોડવામાં આવે તો પણ તમારે તેઓશ્રીનાં પાદમૂળને જીંદગીપર્યંત "છોડવાં નહિ, તેના તરફ જરા માત્ર પણ અનાદર કરવો નહિ.

"જેઓ ગુરૂમહારાજની સેવના સર્વદા ઉઠાવી રહેછે તેઓ જ "ખરા જ્ઞાનને યોગ્ય છે, તેઓનું જ દર્શન નિર્મળ છે અને તેઓનું "જ ચારિત્ર સ્થિર (નિષ્પ્રકંપ-ન હાલે ચાલે તેવું) છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

### પુંડરીક પ્રણિધાન.

આ પ્રમાણે શિષ્યો સમક્ષ પુંડરીક આચાર્યે સંભાષણ કર્યું, શિષ્યોએ એ વચનોને નમન કરી અંગીકાર કર્યું અને પુનઃ ગુરૂ મહારાજને વંદના કરી. આ પ્રમાણે પોતાનું કર્તવ્ય બજાવીને પુંડરીકસૂરિએ ગણને છોડી દીધો અને પોતે કોઇ ગિરિગુફા તરફ પ્રયાણ કર્યું.

ગિરિગુફામાં જઇને તેઓ સ્થીર થયા. મહાતપના અનુષ્ઠાનથી તેમના શરીરમાંથી લોહીમાંસ વિગેરે સુકાઇ જઇને માત્ર હાડકાં અને ચામડાં રહ્યાં છતાં એ ધીર મનસ્વી મહર્ષિ પરીષહ સહન કરવા માટે એક શુદ્ધ શિલાતલ ઉપર સ્થિત થઇ ગયા.

ત્યાર પછી તેઓશ્રીએ ભાવપૂર્વક પંચનમસ્કાર મંત્રનું સ્મરણ કરવા માંડ્યું, એના ઉપર ચિત્તને લગાડીને હૃદયમાં સિદ્ધજીવોને સ્થાપન કરીને અને અન્યત્ર નજર કરવાનું પણ દૂર કરીને તેમણે પ્રણિધાન (એકાગ્રપણું) આદર્યું. એવા પ્રકારનું પ્રણિધાન ધર્મ અને શુકલ ધ્યાનનું કારણ છે તેથી મહા ભાગ્યવંત સત્ત્વે અત્યંત વિશુધ્ધ બુદ્ધિપૂર્વક અને તીવ્ર સંવેગ સાથે એનો આદર કર્યો. એ પ્રણિધાન[1] એમણે નીચે પ્રમાણે કર્યું:—

૧ **પ્રણિધાનઃ** યોગશાસ્ત્રપ્રસિદ્ધ ચિંતનવિશેષ રૂપ એક પ્રકારની સમાધિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્યને મેળવવા તત્પર બનેલો "મારો અંતરાત્મા એક જ છે, એ જ મારો છે, એના સિવાયની "બાકીની સર્વ ચીજોનો મેં ત્યાગ કરી દીધો છે, મેં સર્વ વસ્તુઓને "છોડી દીધી છે. રાગ દ્વેષ મહામોહ અને કષાય રૂપ ભયંકર "આકરા મેલોને ધોઇ નાખીને હું અત્યારે વિશુદ્ધ થયો છું અને "ખરો સ્નાતક[1] થયો છું. હે સર્વ જીવો ! તમે મને ક્ષમા કરજો ! "મારે સર્વ જીવો તરફ ક્ષમા છે, સર્વ સાથે હું ખમાવું છું, મારો "આત્મા અત્યારે વૈર વિરોધ રહિત હોઇ તદ્દન શાંત થઇ ગયો "છે. અત્યાર સુધી કોઇ પણ બહારની (પરભાવની) ચીજ કે "જે જરા પણ આંતરિક ન હોવા છતાં જેને મેં આંતરિક "ચીજ તરીકે-પોતાની તરીકે માનવાની ભૂલ કરી હોય-માની "લીધી હોય તે સર્વ અત્યારે ત્યજી દઉં છું, વોસરાવી દઉં છું.

"મહાત્મા તીર્થંકર ભગવાનો, ગતપાપ સિદ્ધો, વિશુદ્ધ "ધર્મ અને સાધુઓ મને મંગળ કરનારા થાઓ.[2] આખા ત્રણ "ભુવનમાં એ ચારને જ (અરિહંત, સિદ્ધ, સાધુ અને સદ્ધ- "ર્મને જ) હું ઉત્તમ તરીકે-ઉચ્ચ નાયક તરીકે સ્વીકારું છું અને "સંસારથી ભય પામીને એ ચારને શરણે જાઉં છું.

"હું અત્યારે સર્વ કામોથી નિવૃત્ત થાઉં છું, મારા મનનાં "વિકલ્પજાળોનો તદ્દન નિરોધ કરું છું. હું અત્યારે સર્વ "જંતુઓનો બંધુ છું અને સર્વ સ્ત્રીઓનો પુત્ર છું. સર્વ પ્રકારના "મન વચન કાયાના યોગોનો નિરોધ કરનાર શુદ્ધ સામાયકમાં હું "અત્યારે વર્તું છું.—સઘળી મન વચન અને કાયાની ચેષ્ટાઓનો મેં "ત્યાગ કર્યો છે અને હે પરમેશ્વર મહા ઉદાર સિદ્ધસત્ત્વો ! તમે "કૃપા કરી મારી સામુ જુઓ ! મારા પર તમારી કરૂણા નજર "નાખો ! મારામાં અત્યારે સંવેગનો રંગ બરાબર જામ્યો છે. હે

---

૧ સ્નાતકઃ એના ઘણા અર્થ થાય છે. બ્રહ્મચર્યાવસ્થા પૂરી કરી ગૃહસ્થાશ્રમ માંડે તે વખતે તે 'સ્નાતક' કહેવાય છે. ભીક્ષા ઉપર આધાર રાખનાર બ્રાહ્મણને પણ કોશકાર સ્નાતક કહે છે. મળ ધોઇ સાફ થનાર આત્માને અત્ર સ્નાતક તરીકે ઉદ્દેશેલ હોય એવી મતલબ જણાય છે.

૨ અંત આરાધનામાં આ નીચે લખેલાં ચાર શરણ કહ્યાં છેઃ—

અરિહંત શરણમ્.
સિદ્ધ શરણમ્.
સાહુ શરણમ્.
કેવળીપન્નતો ધમ્મ શરણમ્.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"પ્રભો! મેં કોઇ પણ ખરાબ આચરણ આ ભવમાં કે અન્યત્ર "કર્યું હોય, મારાથી થઇ ગયું હોય તે સર્વને હું નિંદું છું, વારંવાર "નિંદું છું.

"હું સર્વ ઉપાધિથી વિશુદ્ધ થયેલો છું. મારી અત્યારે આવી "મતિ વર્તે છે. બાકી એનું ખરૂં તત્ત્વ તો કેવળી ભગવાન્ જાણે છે.

"હું સંસારપ્રપંચથી તદ્દન અળગો થઇ ગયો છું, તેના તરફ "તદ્દન પ્રેમ વગરનો થઇ ગયો છું, મને અત્યારે તો માત્ર એક "મોક્ષની જ લગની લાગી છે અને મેં અત્યારે જન્મમરણનો "સર્વથા નાશ કરનાર મહાત્મા જિનેશ્વરોને મારી જાત અર્પણ "કરી દીધી છે, મારો આત્મા તેમને સમર્પણ કર્યો છે, એ મહા- "ત્માઓને સદ્ભાવપૂર્વક મારૂં ચિત્ત અર્પણ કર્યું છે, તેઓ હવે "પોતાની શક્તિથી મારાં બાકીનાં કર્મોનો છેદ કરો."

**પાદપોપગમ.** એ પ્રમાણે પ્રણિધાન કરીને એ મહાત્મા શરીરને વોસરાવીને એક શિલાતળ પર બેઠા અને સર્વથા નિઃસંગ થઇ તેઓશ્રીએ પાદપોપગમ[1] અણુશણુ આદર્યું.

**ઉપસર્ગો.** ત્યાં તેઓશ્રીને દેવોના અને અસુરોના અનેક ઉપ- સર્ગો થયા તે સર્વ તેઓશ્રીએ ઘણી શાંતિથી પો- તાનાં તેજથી અને બળથી સહન કર્યા. તેઓશ્રીએ તીર્યંચોના તેમજ મનુષ્યોના ઉપસર્ગો પણ તેટલા જ ધૈર્યથી સહન કર્યા.

---

૧ **પાદપોપગમ.** એ અણુશણુનો એક પ્રકાર છે. ખાવું નહિ તે. આહાર- ત્યાગ. એના બે ભેદ છેઃ (૧) ઈત્વર અને (૨) યાવત્કથિક. ઉપવાસથી માંડીને છ માસ સુધી ભોજનત્યાગ તે ઈત્વર અને યાવત્જીવ ત્યાગ તે યાવત્કથિક. એ બીજા યાવત્કથિકના ત્રણ વિભાગ છેઃ પાદપોપગમ, ઇંગિતમરણ અને ત્રીજું ભક્ત પચ્ચ- ક્ખાણ. એ ત્રણે વળી નિહારિમ અને અનિહારિમ હોય છે. અણુશણ પછી શરી- રને હલાવવું પડે, બહાર કાઢવું પડે તે નિહારિમ અને તે જ સ્થાનકે રહેવાનું તે અનિહારિમ. 'પાદપોપગમ' એટલે વૃક્ષની માફક એક જ સ્થળે નિશ્ચળ રહેવું. ચારે આહારનો ત્યાગ કરીને જે સ્થાને અણુશણ કર્યું હોય ત્યાં જ નિશ્ચળપણે રહે, પરંતુ પોતાની મેળે હાલે ચાલે નહિ, શરીરની કોઈ પણ પ્રકારે શુશ્રૂષા કરે કરાવે નહિ એ એનો ભાવ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શુક્લધ્યાન.** તેઓશ્રીએ ત્યાર પછી ધર્મધ્યાન ધ્યાવતાં પોતાનાં અનેક કર્મોનો નાશ કરી નાખ્યો. ત્યાર પછી તેઓશ્રીએ શુક્લધ્યાન આદર્યું. પોતાના વીર્યરૂપ અગ્નિના જોરથી તેઓશ્રીએ કર્મનાં જાળાંઓને બાળવા માંડ્યાં.

**ક્ષપકશ્રેણિ.**[1] આખરે તેઓએ શુભ ધ્યાનમાં વધતાં વધતાં ક્ષપકશ્રેણિ આદરી અને ક્રમપૂર્વક કર્મોને બાળી નાંખ્યાં.

**કૈવલ્ય.** ત્યાર પછી જ્યારે તેઓશ્રીએ પોતાના મહાન્ વીર્યથી ચારે ઘાતીકર્મોને ભસ્મીભૂત કર્યાં ત્યારે તેઓશ્રીને અનંત વસ્તુઓને ગોચર કરનાર કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, પ્રકટ થયું.

**મહોત્સવ.** તે વખતે ચારે પ્રકારના દેવતાઓ[2] તેઓશ્રીના ગુણોથી ખેંચાઇને તેમની પૂજા કરવા માટે ત્યાં એકઠા થયા. કિન્નરો તે વખતે મધુર સ્વરે ગાવા લાગ્યા, આકાશમાં દેવદુંદુભિઓ વગાડવા લાગ્યા અને દેવીઓ નાચવા લાગી. તેઓએ ચારે તરફથી નજીકના પ્રદેશમાંથી રજ-કચરો દૂર કર્યા, સુગંધી પાણીનો વરસાદ વરસાવ્યો અને મનોહર પુષ્પોની વૃષ્ટિ કરી. એ પ્રદેશમાં થયેલી સુગંધી પાણીની વૃષ્ટિથી અને ફૂલોની ગંધથી તેમજ ચારે તરફ દૂર દૂર ફેલાતા દિવ્ય ગંધની સુવાસથી ત્યાં ખેંચાઇને આવેલા અનેક ભમરાઓએ પોતાનો સુંદર ઝંકારનો અવાજ કરીને આખા પ્રદેશને રમ્ય બનાવી દીધો. અત્યંત ભક્તિરસમાં લીન થયેલા દેવતાઓએ ચંદનથી કેવળીનું આખું શરીર લેપ્યું, દિવ્ય ધૂપથી વધારે સુવાસિત બનાવ્યું, તેજસ્વી દેદીપ્યમાન મુગટ સાથે તેઓ મુનીશ્વરને પગે પડી સ્તુતિ કરવા લાગ્યા અને પોતાની પાપશુદ્ધિ માટે તેમના પગની પવિત્ર રજ પોતાના માથાપર લઇને પોતાને અહોભાગ્ય માનવા લાગ્યા.

---

૧ **ક્ષપકશ્રેણિ:** મોટી પ્રગતિ પછી જેનો પાત થવાનો હોય તે ઉપશમશ્રેણિ માંડે છે. સીધી પ્રગતિ કરનાર 'ક્ષપક' માંડે છે. જુઓ પ્ર. ૮ પ્ર. ૧૮ નોટ. (પૃ. ૨૦૨૭).

૨ અહીં ચાર પ્રકારનો દેવસંઘ આવ્યો જણાય છે તેમાં ચાર પ્રકારના ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકનો સમાવેશ થાય છે. મનુષ્યો ત્યાં આવ્યા હોય તેમ સંબંધપરથી જણાતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમુદ્દ્ઘાત.** આવી રીતે દેવતાઓ પ્રમોદથી ભરપૂર થઇ મુનીશ્વરની બાજુમાં ખડા થઇ રહ્યા હતા તે વખતે તેઓશ્રીને સમુદ્દ્ઘાત[1] અવસ્થા પ્રાપ્ત થઇ.

**યોગનિરોધ.** સમુદ્દ્ઘાતથી સર્વ કર્મોનું સમીકરણ કર્યા પછી તેઓશ્રીએ ત્રણે યોગનો નિરોધ કરવા માંડ્યો.[2]

**શૈલેશીકરણ.** એવી રીતે અનુક્રમે યોગનો નિરોધ કરતાં તેઓશ્રીને શૈલેશી ક્રિયા પ્રાપ્ત થઇ.[3]

**પરમપદ.** શૈલેશીકરણ પ્રાપ્ત કરી અંતમુહૂર્ત્તમાં તેઓશ્રીએ ત્રણેપ્રકારના દેહ( યોગ )ને મૂકીને પરમપદ-મોક્ષ પ્રાપ્ત કર્યું.

દેવોએ તે વખતે તેમની મહાપૂજા વિશેષ પ્રકારે કરી અને પોતાની ફરજ બજાવ્યાના ઊંચા ખ્યાલ સાથે અત્યંત આનંદપૂર્વક તેઓ પોતાના પાપસમૂહને ખપાવી પોતપોતાને સ્થાનકે ગયા.

## મહાભદ્રા મોક્ષ.

મહાભદ્રા મોક્ષ.
સુલલિતા મોક્ષ.
શ્રીગર્ભ દેવલોકે.
સામાન્ય પ્રગતિ.

૧ **સમુદ્દ્ઘાતઃ** સમ્ એટલે એકીસાથે ઉત્ એટલે પ્રબળપણે ઘાત એટલે કર્મનો વિનાશ કરવો તે સમુદ્ઘાત. આત્માના પ્રદેશો મૂળ શરીરથી બહાર જે જે કારણે નીકળે તેને 'સમુદ્દ્ઘાત' કહે છે. 'જીવ સમુદ્દ્ઘાત' સાત પ્રકારની છે. વેદના, કષાય, મરણ, વૈક્રિયશરીરકરણાવસર, તૈજસલેશ્યા ફેરવવા અવસર, આહારકશરીર કરણાવસર અને કૈવલ્ય સમુદ્દ્ઘાત. છેલ્લીમાં કર્મની સરખાઈ થાય છે. એનો વખત આઠ સમયનો છે. જુઓ નોટ પ્ર. ૮. પ્ર. ૧૮ ( પૃ. ૨૦૨૭)

૨ અહીં શુક્લધ્યાનના પ્રથમના બન્ને પાયા હોય છે. યોગનો નિરોધ તેરમા ગુણસ્થાનકની આખરે થાય છે.

૩ તેરમા ગુણસ્થાનકને અંતે મનોયોગ તથા વચનયોગ રૂંધ્યા પછી કાયયોગ રૂંધતા હોય તે વખતે શુક્લધ્યાનનો ત્રીજો પાયો પ્રાપ્ત થાય છે અને ચૌદમે ગુણસ્થાનકે ચોથો પાયો પ્રાપ્ત થાય તે શૈલેશી કરણ છે. એ ચોથો પાયો યોગના અભાવે પ્રાપ્ત થાય તે 'શૈલેશીકરણ' છે. એ ચોથો પાયો યોગના અભાવે પ્રાપ્ત થાય છે અને ધ્યાનપૂર્વક કરેલા પ્રયોગને પરિણામે થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે દેવી મહાભદ્રા સાધ્વી પણ પ્રવર્તિની યોગ્ય પોતાની ફરજ બજાવી પોતાને યોગ્ય ક્રમપૂર્વક આગળ વધતાં ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઇ સર્વ કર્મોને ભસ્મીભૂત કરી મોક્ષે ગયા; પણ એના સંબંધમાં એટલો ફેર પડ્યો કે એ ભક્તપરિજ્ઞા[1] અણુશણુ પૂર્વક મોક્ષે ગયા.

## સુલલિતા મોક્ષ.

સુલલિતા સાધ્વીએ ઉપર જણાવ્યાં તે તપો બહુ પ્રકારે આદર્યાં તેને પરિણામે રત્ન જેમ ખારથી નિર્મળ થાય છે તેમ તેનું ચિત્તરત્ન વધારે નિર્મળ થતું ગયું. આખરે શરીરરૂપ પાંજરાને છોડી કર્મોનો ક્ષય કરી ભક્તપરિજ્ઞા અણુશણુ વડે તેઓ મોક્ષે ગયા.

* * *

શ્રીગર્ભરાજા અને બીજા સાધુઓ પણ અનેક તપોનું આરાધન કરી દેવલોકે ગયા તથા સુમંગળા વિગેરે બીજી સાધ્વીઓ પણ દેવલોકે ગઇ. ટુંકામાં કહીએ તો એ મનોનંદન ઉદ્યાનમાં જે જે પ્રાણીઓ શ્રીસમંતભદ્રસૂરિ મહારાજની પાસે આવ્યા હતા અને જેમણે એમનું ચરિત્ર સાંભળ્યું હતું તે સર્વની પ્રગતિ થઇ. જેઓએ દૂર રહીને કૌતુકથી પણ દેશના સાંભળી હતી તેમનું પણ કલ્યાણ થયું. જેઓએ એ વાર્તા સાંભળી તેઓનું મન પણ ભવપ્રપંચથી વિરક્ત થયું, દૂર થયું, ઓછે વધતે અંશે તેમાંથી આઘું ગયું. એને પરિણામે કેટલાક શ્રોતાઓએ દીક્ષા લીધી, કેટલાકે ગૃહસ્થધર્મ આદર્યો, કેટલાક સમકિત પામ્યા અને કેટલાકને સંવેગનો રંગ લાગ્યો.

---

૧ ભક્તપરિજ્ઞાઃ એમાં ચાર અથવા ત્રણ આહારનો ત્યાગ હોય છે, પણ એમાં હાલવા ચાલવા વિગેરે ચેષ્ટાનો ત્યાગ હોતો નથી. જુઓ નોટ પૃ. ૨૦૬૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૨૩ મું.

## તેટલા માટે.[1]

ભવ્યપુરૂષો! મહાત્મા પુરૂષોનો આ વૃત્તાંત મેં તમને કહી બતાવ્યો, તે ભાવાર્થ સાથે તમે સાંભળ્યો—જાણ્યો, તો હવે એને બરાબર જાણ્યો હોય તો તેને મળતું (તદ્યોગ્ય) અનુષ્ઠાન કરો, જેથી મેં તત્સંબંધી કરેલ પરિશ્રમ (મહેનત) સફળ થાય. મારે તમને એક વાત અહીં ખાસ કહી દેવાની છે કે મેં અહીં (આ ગ્રંથમાં) જે વૃત્તાંત રજુ કર્યો છે તે લગભગ સર્વ સંસારીજીવોને સરખી રીતે મળતો આવે તેવો છે, સર્વ સંસારીજીવોના સંબંધમાં પ્રાયે બને તેવો છે; તો પછી પોતાના ચરિત્રને લગભગ મળતું આવતું ચરિત્ર સાંભળીને પછી પણ તેના તરફ વિલંબ કરવો બેદરકારી કરવી કે તેના તરફ ઉપેક્ષા કરવી એ યોગ્ય ન ગણાય, એ તમને ઘટે નહિ. જુઓઃ—

### ઉપસંહાર.

પુંડરીક કુમાર આ જંબુદ્વીપમાં આવેલા પૂર્વ મહાવિદેહના સુકચ્છ વિજયમાં શંખપુર નગરે શ્રીગર્ભ રાજા અને રાણી કમલિનીનો રાજપુત્ર થયો હતો. ભગવાન્ સમંતભદ્રસૂરિ જેઓ એ જ શંખપુરની પાસે આવેલા ચિતરમ નામના ઉદ્યાનની અંદર આવેલા મનોનંદન નામના ચૈત્યમાં રહેલા હતા તેઓને એ બાળકનું પાત્રપણું જોઇને યોગ્ય પક્ષપાત તેના તરફ થયો હતો અને તેને અંગે તેઓ અનેક ભવ્યપુરૂષોને જણાવતા રહ્યા કે 'મનુજગતિ નગરીમાં અનુકૂળ થયેલા રાજા કર્મપરિણામ અને મહાદેવી કાળપરિણતિએ સુમતિ અથવા ભવ્યપુરૂષ નામના બાળકને જન્મ આપ્યો છે;' વળી

---

૧ આ આખું પ્રકરણ શાંતિને વખતે સ્થીરતાથી વિચારપૂર્વક એકી સાથે વાંચવું. ઈરાદાપૂર્વક એમાં હેડ નોટ કે સાઈડ નોટ કરી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જ વખતે તેઓ જણાવતા રહ્યા કે ‘ એ બાળક મોટો થશે ત્યારે સર્વ ગુણોનો આધાર-સર્વ ગુણોને ધારણ કરનારો થશે’-એ વાત તમારા ધ્યાનમાં હશે ( જુઓ પ્ર. ૨. પ્ર. ૫. )- આ સર્વ હકીકત લઘુકર્મી ભવ્ય પુરૂષોને બરાબર બંધબેસતી આવે છે તે આ પ્રમાણેઃ—

મનુષ્યો ગમે તે જૂદાં જૂદાં ક્ષેત્રમાં જન્મે, ગમે તે સ્થાને જન્મે પણ તે સર્વ મનુજગતિ નામની નગરીમાં જ વર્તે છે, બહારની નજરે એના ગમે તે માતા પિતા હોય અને ગમે તે જૂદાં જૂદાં નામો તેઓ ધારણ કરતા હોય પરંતુ વસ્તુતઃ તેઓ સર્વ કર્મપરિણામ રાજા અને કાળપરિણતિ મહાદેવીના જ પુત્રો છે અને તેઓનાં ગમે તે જૂદાં જૂદાં નામ પાડવામાં આવે પણ તેઓનું સામાન્ય નામ તો ભવ્યપુરૂષ યોગ્ય છે અને તેઓની સારી બુદ્ધિ હોવાથી તેમને **સુમતિ** નામ આપવું તે પણ યોગ્ય છે. આથી એમને સર્વને ‘ભવ્યપુરૂષ’ કહેવા એમાં કોઇ પણ પ્રકારનો વાંધો નથી એમ સદાગમ ( સંત પ્રણિત આગમશાસ્ત્રગ્રંથો ) કહે છે અને તેટલા માટે સદાગમને પુરૂષાકારે બતાવનાર મહાત્માશ્રી સમંતભદ્રે તેમને સુમતિ-ભવ્યપુરૂષ તરીકે મનુજગતિમાં રહેનારને ઉપનામે સર્વગુણાધાર તરીકે વર્ણવ્યા છે. એવા લઘુકર્મી જીવોનું સુમતિપણું કે ભવ્યત્વ જરા પણ વ્યભિચાર પામતું નથી (એમાં કોઇ જાતનો દોષ આવતો નથી એમ સદાગમ કહે છે.)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

* * *

વળી જેવી રીતે પેલી **મહાભદ્રા** સમંતભદ્રસૂરિ મહારાજનું વચન સાંભળીને પ્રથમથી જ પ્રતિબોધ પામી ગઇ અને પરિણામે તેણે દીક્ષા લીધી અને પ્રજ્ઞાવિશાળા થઇ તે જ પ્રમાણે આ સંસારમાં જે ઉત્તમ પુરૂષો હોય છે તેઓ જ્યારે સર્વજ્ઞ મહારાજના આગમનો ઉપદેશ સાંભળે છે ત્યારે તેઓને તત્ત્વનો સમ્યગ્ બોધ થાય છે અને એમ બને છે એટલે તુરત જ તેઓ સાધુ થઇ જાય છે. આવા પ્રકારના પુરૂષો પરમાર્થથી પ્રજ્ઞાવિશાળ ( વિશાળ બુદ્ધિ વૈભવવાળા ) કહેવાય છે એમ તમારે સમજવું.

હવે પેલી સુલલિતા( અગૃહીતસંકેતા )ને પૂર્વ ભવના અભ્યાસને લીધે મહાભદ્રા સાથે સ્નેહસંબંધ થયો તે પ્રમાણે આ સંસારમાં કેટલાક ભારેકર્મી જીવો હોય છે પણ જેઓનું ભવિષ્ય સારૂં થવાનું હોય છે તેવા ભવ્ય પ્રાણીઓને પણ કોઇ પણ પ્રકારે સુસાધુ સાથે અવશ્ય સંબંધ થાય છે અને તે સંબંધ તેઓને ગુણ કરનાર થઇ પડે છે, કારણ કે કલ્યાણ મિત્રનો યોગ સંપત્તિને મેળવી આપનાર છે,

યોગ્યતાને ઉત્પન્ન કરનાર છે, ગુણરત્નોની ખાણ છે, ભવિષ્યમાં થનારી કલ્યાણપરંપરાને સૂચવનાર છે અને અમૃતનો યોગ જેમ ઝેરનો નાશ કરનાર છે તેમ તે કર્મના ઝેર રૂપ મહા આકરા વિષનો નાશ કરનાર છે.

જેવી રીતે એ મહાભદ્રા સાધ્વીએ પોતાનાં વચનદ્વારા પેલી સુલલિતામાં સદાગમ ઉપર ભક્તિ ઉત્પન્ન કરી અને પુંડરીકની ધાવમાતા તરીકે કાર્ય બજાવી તેનો ભગવાન્ સાથે પરિચય કરાવી આપ્યો તેમ હાલ પણ સુસાધુઓ પારકાનું હિત કરવામાં જ તત્પર હોવાના સ્વભાવવાળા થઇને ભારેકર્મી ભવ્યપ્રાણીઓ તરફ નિષ્કૃત્રિમ સ્નેહભાવને દેખાડતાં ગમે તે પ્રકારે તેઓમાં સર્વજ્ઞ ભગવાનનાં આગમ ઉપર ભક્તિ ઉત્પન્ન કરે છે. વાત એમ છે કે સર્વજ્ઞનાં આગમ ઉપર ગમે તે પ્રકારે એકવાર ભક્તિ જાગૃત થઇ હોય-ઉત્પન્ન થઇ હોય તો પછી તે કર્મરૂપ કચરાને ધોઇ સાફ કરનારી થાય છે, જીવરત્નને શોધનારી ( વિશુદ્ધ બનાવનારી ) થાય છે, સંસારપ્રપંચને મૂકાવનારી થાય છે, તત્ત્વમાર્ગને બતાવનારી થાય છે અને પરમપદને સાધનારી થાય છે.

* * * *
* * *

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

અનુસુંદર ચક્રવર્તીએ પોતાને જ્ઞાન ઉત્પન્ન થયા પછી સુલલિતા અને પુંડરીકને સંવેગ ઉત્પન્ન કરવા માટે પોતાના સંસારભ્રમણનું આખું ચરિત્ર ઉપમા વડે વિસ્તારથી તેઓ સમક્ષ કરી સંભળાવ્યું તે ઘણે ભાગે ( પ્રાયે ) સર્વ જીવોને સમાન વર્તે છે તે આવી રીતેઃ—

જ્યારે કેટલાક જીવો કોઈ વાર[1] મોક્ષ જાય છે ત્યારે લોકસ્થિતિના સાર્વજનિક નિયોગ[2] અનુસારે કર્મપરિણામના હુકમથી જ હોય તેમ ભવિતવ્યતાને વશે કેટલાક ( તેટલા જ ) જીવો અસાંવ્યાવહારિક રાશિમાંથી બહાર નીકળે છે, ત્યાર પછી તેઓ જૂદે જૂદે પ્રકારે અનંત ભવભ્રમણ કરે છે, એમ કરતાં મહા મુશ્કેલીએ કોઇ વાર મનુષ્યનો ભવ તેમને પ્રાપ્ત થઇ જાય છે ત્યારે વળી ક્રોધ વિગેરે દોષો સેવીને તેઓ મનુષ્યનો ભવ હારી જાય છે અને એવી રીતે મોક્ષસાધન કરવાની મળેલી દુર્લભ તક ગુમાવી બેસે છે, એમ કરતાં કરતાં વળી કોઇ વાર

---

૧ મોક્ષ નિરંતર વહે છે.

૨ જુઓ નોટ પૃ. ૩૦૩.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

સદ્ગુણો પ્રાપ્ત કરવાનાં પ્રસંગો હાથ લાગી જાય છે ત્યારે વળી કાંઇક સદ્ગુણો પ્રાપ્તિદ્વારા પ્રગતિ કરે છે અને જો કે દોષો સેવવાને પરિણામે તેઓની સામગ્રીઓ તો નરકમાં લઈ જવાને જ યોગ્ય હોય છે તો પણ વચ્ચે તેઓને ઘર્ષણઘૂર્ણન ન્યાયે સદ્ગુણપ્રાપ્તિને અંગે અને સર્વજ્ઞ મહારાજે આગમોમાં બતાવેલાં અનુષ્ઠાનોનાં સંબંધે કરીને સમ્યગ્ જ્ઞાન ( સાચો બોધ ) મળી જાય છે તે વખતે તેઓ જુએ છે અને બીજાને સમજાવે પણ છે કે "આ આખો સંસારનો પ્રપંચ એક "નાટક જેવો છે, પ્રાણીઓના સંબંધમાં વિચાર કરીએ તો એ એક ખરે- "ખરો નાટકનો તમાસો જ છેઃ જેમ નાટકીઆઓ જૂદા જૂદા વેશ "ધારણ કરે છે તેમ આ પ્રાણી નવાં નવાં શરીર ધારણ કરે છે, "જેમ નાટકીઆઓ અનેક જગ્યોએ નાચ કરે છે તેમ આ પ્રાણી "અનેક યોનિઓમાં વખતો વખત પ્રવેશ કર્યા કરે છે, જેમ નાટકમાં "નાના પ્રકારનાં રહેવાનાં ઝુંપડાંઓ (સીનરી) આવે છે તેમ આ "સંસારમાં અનેક પ્રકારનાં દેવવિમાનો ભવનો અને સ્થાનો હોય છે "અને નટનાં ટોળાંની જેમ આ સંસારમાં બંધુ અને કુટુંબીઓ હોય "છે. આટલા ઉપરથી આ આખો ભવપ્રપંચ નાટક જેવો લાગે છે. "દ્રવ્યની અપેક્ષાએ જોઇએ તો આ આત્મા ( મારો પોતાનો આત્મા) "એક જ છે, એકલો જ છે અને મનુષ્ય વિગેરે ગતિમાં એને બીજાં "બીજાં નામો પર્યાયરૂપે મળે છે તે સર્વ કૃત્રિમ છે, જૂઠાં છે, બના- "વટી છે, થોડા વખત માટેનાં છે અને વિવેકી માણસોએ એ પર્યા- "યનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. આ ભવપ્રપંચ લોકસ્થિતિના નિય- "માનુસાર થયેલો છે, એને કાળપરિણતિએ બતાવેલો છે, એના પર "કર્મપરિણામે પોતાની સત્તા જમાવેલી છે તેનું એ પરિણામ છે, એનો "એ જ સ્વભાવ છે, ભવિતવ્યતા એની એ પ્રકારની છે અને પોતાની "(નિજ) ભવ્યતા એમાં એ ભાવે રહે છે અને એ પ્રમાણે એ લોક- "સ્થિતિ, કાળ, કર્મ, સ્વભાવ, ભવિતવ્યતા અને નિજભવ્યતા એક "બીજાની અપેક્ષાએ પણ એક બીજાની અપેક્ષા ભાવ પામી કારણ- "સમુદાય રૂપે એકઠા થાય છે અને આખા ભવપ્રપંચને ઉત્પન્ન કરે "છે. એ ભવપ્રપંચનાં કારણોનો પરિપાક (પાકવું, પૂર્ણતા) થઇ "આવે ત્યારે એ જ પ્રપંચના ઉચ્છેદ કરનાર પરમેશ્વરની કૃપા "( અનુગ્રહ ) થાય છે. એ પરમેશ્વરનો અનુગ્રહ નિર્મળ જ્ઞાનનું કારણ "બને છે. એ વિશુદ્ધ જ્ઞાનના બળથી જ આત્મા જાણે છે કે-'મને "અત્યારે જે સુખદુઃખ થાય છે અથવા અત્યારે મારે સંસારમાં "રહેવું પડે છે અથવા પરિણામે મારો મોક્ષ થઇ શકે છે તે સર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"પરમેશ્વરની આજ્ઞાનું આરાધન ન કરવાને કે કરવાને પરિણામે થાય
"છે અને થશે; (પરમેશ્વરની આજ્ઞાથી એટલે કે તેમના કહેલા નિય-
"માનુસાર થાય છે;) લેશ્યાઓને શોધવી-સુધારવી તે તેઓની આજ્ઞામાં
"રહેવું છે અને લેશ્યા(આત્મપરિણતિ)ને મલીન કરવી એ તેઓની
"આજ્ઞાનું વિરાધન છે'—આવા વિચાર અને નિર્ણયને પરિણામે તે
"આત્મપરિણતિ(લેશ્યા)ને શુદ્ધ કરનાર ગુણોમાં પ્રવૃત્તિ કરે છે અને
"જે જે દોષો લેશ્યાને મલીન કરનાર હોય તેનાથી દૂર ખસતો જાય
"છે. આવી રીતે આત્મપરિણતિને-લેશ્યાને શોધી શોધીને-શુદ્ધ કરીને
"છેવટે તેના ઉપર પણ વિજય મેળવીને પોતે અલેશી-લેશ્યા વગરનો
"થઇ જાય છે. પછી એ પોતાના અસલ રૂપ(સ્વરૂપ)માં સ્થિત થઇ
"જાય છે અને પોતે જાતે જ પરમેશ્વર થઇ જાય છે, પરમાત્મા થઇ
"જાય છે"—આવા પ્રકારનું સત્ય સ્વરૂપ એને નિર્મળ જ્ઞાનને પરિણામે
જણાય છે અને તે સ્વરૂપને તેઓ અન્ય પાસે પ્રતિપાદન કરે છે.

* * * *

* * *

એ સંસારીજીવનું ચરિત્ર (અનુસુંદર ચક્રવર્તીનું ચરિત્ર) સમંતભદ્ર સૂરિમહારાજને પોતાને પ્રત્યક્ષ થઇ ગયું હતું અને મહાભદ્રાએ તેમના કહેવાથી જાણ્યું હતું તેવી જ રીતે સર્વ સંસારીજીવોનું ચરિત્ર ભગવાનના આગમને પ્રત્યક્ષ છે અને સુસાધુઓ જ્યારે તે બીજાને જણાવે છે ત્યારે તેમાંથી જેઓ વિશાળ બુદ્ધિવાળા (પ્રજ્ઞાવિશાળો) હોય છે તેઓ પોતાને મેળે જ તે સમજી લે છે, જાણી જાય છે અને વળી તે ચરિત્ર બીજા પાસે પ્રતિપાદન કરવાને પણ જાતે શક્તિમાન્ થાય છે.

તમે જાણો છો કે આ આખું ચરિત્ર સુલલિતા(અગ્રહીતસંકેતા)ને ઉદ્દેશીને કહેવામાં આવ્યું હતું અને પુંડરીકે તો માત્ર પ્રસંગથી જ સાંભળ્યું હતું તો પણ તે જાતે લઘુકર્મી હોવાથી તેણે તેને અનુસારે પોતાની વ્યવસ્થા કરી લીધી તેવી રીતે—

"ભો ભવ્યો! આગમ અને અનુભવથી સિદ્ધ આ સંસારીજીવનું
"ચરિત્ર તમે બરાબર સમજો, સમજી જાણીને તે પ્રમાણે આચરણ
"કરો, કષાયોને છોડી દો, આશ્રવ(કર્મ આવવાના માર્ગો)નાં દ્વારો
"બંધ કરી દો, ઇંદ્રિયસમૂહપર જય કરો, માનસિક મેલની જાળોને
"તોડી નાખો, સાચા ગુણસમુદાયનું પોષણ કરો, સંસારનો પ્રપંચ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" છોડી દો અને જલ્દી શિવાલયે (મોક્ષે) જાઓ, જેથી તમે પણ સુમતિ " ( ભવ્યપુરૂષ ) થાઓ.

" કદાચ તમારામાં એ પુંડરીક ( ભવ્યપુરૂષ ) જેટલી લઘુકર્મતા " ન હોય તો પછી જેવી રીતે એ સુલલિતાને વારંવાર પ્રેરણા કર- " વામાં આવી, વારંવાર પ્રેમપૂર્વક એની તર્જના કરવામાં આવી, અનેક " પ્રકારે એને ઠપકો આપવામાં આવ્યો અને વારંવાર એને પૂર્વભવની " યાદિઓ આપી જાગૃત કરવામાં આવી ત્યારે એ ભારેકર્મી હોવા " છતાં પણ આખરે બોધ પામી તેવી રીતે તમે પણ હવે જાગો, " બોધ પામો; માત્ર એમાં એક વાત છે કે એવી રીતે તમે બોધ " પામશો તો તમે અગૃહીતસંકેત કહેવાશો-ગણાશો, તમે સમજુની " કોટિમાં નહિ આવો અને તમારી ખાતર ગુરૂમહારાજને ઘણું ઘણું " ખેંચવું પડશે તેટલા પૂરતા તમે તમને તસ્દી આપનારા થશો, પણ " એની સાથે એક વાત તો ચોક્કસ છે કે તમને ગુરૂમહારાજ પ્રતિબોધ " તો જરૂર આપનારા થશે અને તમારે પ્રતિબોધ તો છેવટે જરૂર " પામવો જ છે. હવે તમારે મહાભદ્રા જેવા થવું કે સુલલિતા જેવા " થવું એ તમારી ઇચ્છાનો વિષય છે.

" જેવી રીતે સુલલિતાને સદાગમ ઉપર બહુમાન થયું અને તે " બહુમાનને પ્રતાપે એને પોતાના ખરાબ ચરિત્ર ઉપર પશ્ચાત્તાપ " થયો, ગુણ ઉપર પક્ષપાત થઇ આવ્યો અને તેથી એના સર્વ કર્મ- " મળનો વિનાશ થયો, તેવી રીતે તમારે પણ સદ્આગમ ઉપર એવું " જ બહુમાન અંતઃકરણપૂર્વક રાખવું કે જેથી પરિણામે તમને પણ " સાથે તત્ત્વનો બોધ થાય.

* * * *

* * *

<u>ખુલાસો.</u>

જેવી રીતે **શ્રેયાંસ**[1] કુમાર અને **બ્રહ્મદત્ત**[2] ચક્રવર્તીને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું તેવી રીતે **અનુસુંદર** ચક્રવર્તીને જાતિ સ્મરણ જ્ઞાન થયું

૧ **શ્રેયાંસઃ** આદીશ્વર ભગવાનના પૌત્ર. શેરડીના રસથી ભગવાનને-દાદાને પારણું કરાવનાર. પૂર્વભવ દેખીને સાધુને શું ખપે તે શોધનારા ચોથા આરાના પ્રથમ દાનવીર.

૨ **બ્રહ્મદત્તઃ** આ અવસર્પિણી કાળના ૧૨ મા ચક્રવર્તી. એને પણ જાતિ- સ્મરણ જ્ઞાન થયું હતું. એના ચરિત્ર માટે જુઓ ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ નવમું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતું અને તેથી જાતિસ્મરણ જ્ઞાનને પરિણામે આ આખી વાર્તા તેના મુખમાં મૂકવામાં આવી તે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે અને યુક્તિસર છે, કારણ કે આગમમાં મતિજ્ઞાનની વાસનાનો કાળ અસંખ્ય કહ્યો છે અને અસંખ્ય કાળસુધી એવી વાસના ન રહી શકે એવું શાસ્ત્રમાં એક પણ વચન નથી. ત્યાર પછી અનેક ભવો થાય તો પણ એ વાસના રહી શકે છે તેથી અનુસુંદરના મુખમાં આ વાત મૂકી છે તેમાં કાંઈ વિરોધ નથી.[1]

* * * *

* * *

## ભાવાર્થ.

શરૂઆતથી માંડીને આખા ગ્રંથનો ભાવાર્થ નીચે પ્રમાણે છે:—

આખા ગ્રંથમાં મુદ્દાની વાત એ છે કે:—

**कुशलकर्मविपाकवशादहो जगति किञ्चिदिहास्ति न दुर्लभम् ।**
**सकलभोगसुखाधिकमुच्चकैः शमसुखं प्रतिभाति च धीमताम् ॥**
**परमकोटिगतोऽपि पुनर्नरः प्रबलतामुपगम्य निपात्यते ।**
**खलमलैरतिभीमभवोदधौ यदि न वेत्ति स तां तदरातिताम् ॥**
**नरकयोग्यकृताशुभकर्मकः पुनरुपैति शिवं गतकल्मषः ।**
**यदि सदागमबोधपरायणः क्षणमपि प्रकरोति शुभं नरः ॥**
**इदमवेत्य मनोमलवर्जनं लघु विधाय सदागमसेवनम् ।**
**कुरुत तेन हि याथ शिवं यथाऽऽगमवशादनुसुन्दरपार्थिवः ॥**

"આ સંસારમાં કુશળ કર્મ(પુણ્ય)ના વિપાક (ફળ) ને પરિ-
"ણામે એવી કોઇ પણ વસ્તુ નથી કે જે મળવી દુર્લભ હોય; એથી
"સર્વ પ્રકારના ભોગો અને સુખો મળી શકે છે; છતાં બુદ્ધિમાન્ મા-
"ણસોને તો **શમસુખ જે શાંતિનું સામ્રાજ્ય છે તે જ મેળવવું**
"**યોગ્ય લાગે છે.**

---

૧ આટલો ખુલાસો કરવાનું કારણ એમ જણાય છે કે કોઇએ **શ્રીસિદ્ધર્ષિગણિને પ્રશ્ન** કર્યો હશે કે આટલા ભવોની વાત **સંસારીજીવ** કેમ કહી શકે? કોઇ કેવળીના મુખમાં આ વાત મૂકી હોત તો સવાલ ન થાત. એ શંકાનો ખુલાસો શાસ્ત્રાધારે કર્તાએ અત્ર કર્યો જણાય છે. જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને તેની વાસના અસંખ્ય કાળ સુધી રહી શકે છે. પ્રાચીન પુરૂષોની આ વિશિષ્ટતા છે કે શાસ્ત્રમર્યાદા જરા પણ ઉલ્લંઘન ન થાય તે માટે તેઓ બહુ ચીવટ રાખે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" મનુષ્ય પ્રાણી ગમે તેટલી મોટી પદવીએ ચઢી ગયો હોય પણ " જો એ પાપી કર્મોનું દુશ્મનપણું સમજતો ન હોય તો જ્યારે તેનું " (પાપ કર્મોનું) જોર થઈ આવે છે ત્યારે તે પ્રાણીને ભયંકર સંસાર- " સમુદ્રમાં જોરથી ફેંકી દે છે, પાડી નાખે છે, ધક્કેલી મૂકે છે.

" પ્રાણીએ નરકમાં જવા યોગ્ય ભયંકર કર્મો એકઠાં કર્યાં હોય " છતાં જો એને સદાગમનો બોધ થાય અને એ બોધપર એનું ચિત્ત " ક્ષણભર પણ લાગે તો એનાં પાપો નાશ પામી શકે છે અને ક્ષણ- " વાર પણ જો એ સારૂં કરે તો એ છેવટે પાપરહિત થઇને મોક્ષે પણ " જાય છે.

" એ હકીકત જાણીને જેમ બને તેમ જલ્દી મનના મેલને દૂર " ફેંકી દેવાનું કરો, મનનો મેલ કાઢી નાખો, ફેંકી નાખો, દૂર કરો " અને સદાગમની સેવના કરો, જેથી આગમને આધારે તમે પણ અ- " નુસુંદર ચક્રવર્તીની પેઠે મોક્ષે જાઓ.

વળી એક બીજી પણ એટલી જ અગત્યની વાત છેઃ—

इदमनन्तभवभ्रमसूचकं, मलवशादनुसुन्दरचेष्टितम् ।
यदिह जातमतः परिकीर्तितं, मतिविकासनकारि सुदेहिनाम् ॥
न च नियोगत एव भवेदियं, गदितपद्धतिरत्र नरे नरे ।
सकृदवाप्य जिनेन्द्रमतं यतः, शिवमितः प्रगता बहवो नराः ॥
त्रिचतुरेषु भवेषु तथापरे, बहुमताः पुनरन्यविधानतः ।
विविधभव्यतया भवदारणं, निजनिजक्रमतो दधिरे जनाः ॥
तदिदमत्र सुगुह्यमहोजना, हृदि विधत्त परं परमाक्षरम् ।
मलविशोधनमेव सुमेधसा, लघु विधेयमिहाप्य जिनागमम् ॥

" અનુસુંદર ચક્રવર્તી મલને વશ પડ્યો તેથી તેને અનંત ભવ- " ભ્રમણ કરવું પડ્યું તેનો વૃત્તાંત આ કથામાં બતાવવામાં આવ્યો છે " તે પ્રાણીઓની બુદ્ધિના વિકાસને માટે છે અને વસ્તુસ્થિતિનો ખ્યાલ " આપવા માટે છે.

" પણ તમારે એમાં ખાસ ધ્યાનમાં રાખવાનું એ છે કે જે પદ્ધ- " તિએ અનુસુંદરને ભવો કરવા પડ્યા તે જ પદ્ધતિએ દરેક પ્રાણીને " ભવો કરવા પડે એમ સમજવું નહિ, કારણ કે એક જ વખત જૈનેંદ્ર " મતને પ્રાપ્ત કરીને તે જ ભવમાં ઘણા પ્રાણીઓ મોક્ષે ગયેલા છે અને " કેટલાએ પ્રાણીઓ એવી રીતે જૈન મતની પ્રાપ્તિ થયા પછી ત્રીજે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" કે ચોથે ભવે મોક્ષે ગયા છે. વળી જે વિધાનો અનુસુંદરે કર્યાં તે જૂદાં
" જૂદાં વિધાનો કરીને પણ અનેક જીવો મોક્ષે ગયા છે.

" જૂદા જૂદા પ્રાણીઓની ભવ્યતા જૂદા જૂદા પ્રકારની હોય છે
" તેથી પોત પોતાના ક્રમ પ્રમાણે-યોગ્યતા પ્રમાણે તેઓ સંસારને કાપે
" છે. એ બાબતનો આધાર પોતાની ભવ્યતા ઉપર રહે છે.

" ભવ્યો! તમારે બધી વાતનો ઊંડો ભાવાર્થ મનમાં ધારી રા-
" ખવો હોય અને આખી વાતનું રહસ્ય સમજી લેવું હોય તો ટુંકામાં
" એક વાત તમારાં હૃદય પર કોરી રાખો કે—

**" આ સંસારમાં જિન માર્ગની પ્રાપ્તિ કરીને જેમ બને તેમ
" અને જેટલું બને તેટલું દરેક માણસોએ મલવિશોધન ( મેલ-
" પાપને શોધી કાઢવાનું અને શોધીને કાપી નાખવાનું કાર્ય )
" કરવું.**

* * * *
* *

जैन साईट JAINSITE.com जिनम् जयति शासनम्

## પ્રસ્તાવ ઉપસંહાર.

**एतन्निःशेषमत्र प्रकटितमखिलैर्युक्तिगर्भैर्वचोभिः
प्रस्तावे भावसारं तदखिलमधुना शुद्धबुद्ध्या विचिन्त्य ।
भो भव्या ! भाति चित्ते यदि हितमनघं चेदमुच्चैस्तरां व-
स्तत्तूर्णं मेऽनुरोधाद्विहितफलमिदं स्वार्थसिद्ध्यै कुरुध्वम् ॥**

" આ પ્રસ્તાવમાં યુક્તિયુક્ત વચનો વડે જે જે હકીકતો કહે-
" વામાં આવી છે તે તે સર્વ ભાવાર્થથી ભરપૂર છે-એ સર્વ બાબતો
" પર શુદ્ધ બુદ્ધિવડે વિચાર કરીને પછી તે વિચારને પરિણામે
" ભવ્ય પ્રાણીઓ! જો તમને તે સર્વ બાબતો તદ્દન નિષ્પાપ લાગે
" અને તે તમને તમારૂં ઘણું હિત કરનારી જણાય તો પછી મારા
" ઉપર કૃપા કરીને એ જાણીતા ફળવાળી અથવા જણાવેલાં સારાં
" પરિણામવાળી બાબતો આદરી લો, જલ્દી સ્વીકારી લો. કારણ કે
" એમ કરવું એમાં તમારા સ્વાર્થની પરમ સિદ્ધિ છે.

* * * *
* * *

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્ષમાયાચના.**

**उत्सूत्रमेव रचितं मतिमान्द्यभाजा**
**किञ्चिद्यदीदृशि मयात्र कथानिबन्धे ।**
**संसारसागरमनेन तरीतुकामै-**
**स्तत्साधुभिः कृतकृपैर्मयि शोधनीयम् ॥**

" આવી (ઉપરની) કથા રચવામાં મારી ભાવના સંસારસાગર
" તરવાની છે છતાં તેમ કરતાં મારી બુદ્ધિની અલ્પતાને લઇને કાંઇ
" પણ સૂત્ર સિદ્ધાંત વિરૂદ્ધ લખાઇ ગયું હોય તો સજ્જન પુરૂષોએ-
" સાધુ મહાશયોએ મારી ઉપર કૃપા કરીને શોધી-સુધારી લેવું."

**इत्युपमितिभवप्रपञ्चायां कथायां पूर्वसूचित-**
**मीलकवर्णनो नामाष्टमः प्रस्तावः**

ઉપમિતિ ભવ પ્રપંચા કથામાં અગાઉના પ્રસ્તાવોમાં
કહેલી વાતોનો મેળ મેળવે તેવો (પૂર્વસૂચિત મીલક
વર્ણન નામનો) આઠમો પ્રસ્તાવ પૂર્ણ થયો.

**समाप्तेयमुपमितिभवप्रपञ्चा कथा.**

ઉપમિતિ ભવપ્રપંચા કથા ગ્રંથ
અવતરણ સમાપ્ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગ્રંથકર્ત્તાની પ્રશસ્તિ.

( આ પ્રશસ્તિપર ગ્રંથકર્ત્તાના સમયને અંગે મોટો સવાલ હોવાથી મૂળ અને ભાષાંતર બન્ને આપ્યા છે. )

द्योतिताखिलभावार्थः सद्भव्याब्जप्रबोधकः ।
सूरा ( र्या ? ) चार्योऽभवद्दीप्तः साक्षादिव दिवाकरः ॥ १ ॥
स निवृत्तिकुलोद्भूतो लाटदेशविभूषणः ।
आचारपञ्चकोद्युक्तः प्रसिद्धो जगतीतले ॥ २ ॥
अभूद्भूतहितो धीरस्ततो देल्लमहत्तरः ।
ज्योतिर्निमित्तशास्त्रज्ञः प्रसिद्धो देशविस्तरे ॥ ३ ॥

प्रसिद्धदेशविस्तरः ( प्रत्यंतरे )

ततोऽभूदुल्लसत्कीर्तिर्ब्रह्मगोत्रविभूषणः ।
दुर्गस्वामी महाभागः प्रख्यातः पृथिवीतले ॥ ४ ॥

સર્વ ભાવાર્થોને પ્રકાશ કરનાર અને ભવ્ય પ્રાણી રૂપ કમળને જાગૃત કરનાર અને વિકસાવનાર સાક્ષાત્ સૂર્ય જેવા તેજસ્વી શ્રી **સૂરાચાર્ય** થયા. ૧.

તેઓશ્રી લાટ દેશના ( ભરૂચ નજીકનો પ્રદેશ ) આભૂષણ ભૂત હતા, નિવૃત્તિ કુળમાં ઉત્પન્ન થયેલા હતા, પંચાચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર ) પાળવામાં સર્વદા તત્પર હતા અને જગતમાં સારી રીતે પ્રસિદ્ધિને પામેલા હતા. ૨.

ત્યાર પછી **દેલ્લમહત્તર** થયા. તેઓ પ્રાણીઓને હિત કરનાર હતા, ધીરવીર હતા, જ્યોતિષ અને નિમિત્તશાસ્ત્રના જાણકાર હતા અને દેશના મોટા ભાગમાં પ્રસિદ્ધ હતા ( અથવા ફલાદેશ નામના જ્યોતિષ્ના વિષયમાં નિષ્ણાત હતા—પાઠાંતરે ) ૩.

ત્યાર પછી બ્રાહ્મણ ગોત્રના આભૂષણભૂત મહાભાગ્યવાન્ અને વિસ્તરતી—વધતી જતી કીર્તિવાળા **દુર્ગસ્વામી** થયા; તે પૃથ્વીતળ ઉપર ખ્યાત કીર્તિવાળા થયા. ૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रव्रज्या गृह्णता येन गृहं सज्जनपूरितम् ।
हित्वा सद्धर्ममाहात्म्यं क्रिययैव प्रकाशितम् ॥ ५ ॥
यस्य तच्चरितं वीक्ष्य शशाङ्ककरनिर्मलम् ।
बुद्धास्तत्प्रत्ययादेव भूयांसो जन्तवस्तदा ॥ ६ ॥
मद्दीक्षादायकं तस्य स्वस्य चाहं गुरूत्तमम् ।
नमस्यामि महाभागं गर्गर्षिमुनिपुङ्गवम् ॥ ७ ॥
क्लिष्टेऽपि दुःषमाकाले यः पूर्वमुनिचर्यया ।
विजहारेव निःसङ्गो दुर्गस्वामी धरातले ॥ ८ ॥
सद्देशनांशुभिर्लोके द्योतित्वा भास्करोपमः ।
श्रीभिल्लमाले यो धीरः गतोऽस्तं सद्विधानतः ॥ ९ ॥
तस्मादतुलोपशमः सिद्ध (सद्) र्षिरभूदनाविलमनस्कः ।
परहितनिरतैकमतिः सिद्धान्तनिधि(रति)र्महाभागः ॥ १० ॥

जैनम् जयति शासनम्

તેઓશ્રીએ દીક્ષા લેતી વખતે સુંદર વિશાળ દ્રવ્યથી ભરપૂર પોતાનું ઘર છોડીને સાક્રિય સ્વરૂપે વિશુદ્ધ ધર્મનું માહાત્મ્ય બતાવી આપ્યું, પ્રકાશમાન કર્યું. ૫.

તેઓશ્રીનું ચંદ્રકિરણ જેવું નિર્મળ ચરિત્ર જોઇને તેને આધારે અનેક પ્રાણીઓ તે વખતે બોધ પામ્યા, સંસારથી ઉદ્વિગ્ન થયા. ૬.

તે દુર્ગસ્વામીને અને મને પોતાને દીક્ષા આપનાર મહાભાગ્યશાળી મહાત્મા શ્રી ગર્ગર્ષિને હું નમસ્કાર કરૂં છું. ૭.

એ દુર્ગસ્વામી આવા અત્યંત હીન દુઃષમ કાળ ( હુંડા અવસર્પિણિના પાંચમા આરા )માં પણ તદ્દન નિઃસંગ થઇને પૂર્વ કાળના ( ચોથા આરાના ) મુનિ મહાત્માઓ માફક પૃથ્વીપર વિહાર કરતા હતા. ૮.

સૂર્યની ઉપમાને યોગ્ય તેઓશ્રીએ સુંદર દેશના રૂપ કિરણોથી લોકમાં ઉદ્યોત કર્યો અને છેવટે સુંદર વિધાન પૂર્વક તેઓશ્રી ધીરવીર હોઇ શ્રીભિલ્લમાલ નગરમાં અસ્ત પામી ગયા. ૯.

તેમનાથી સિદ્ધર્ષિ ( પ્રત્યંતરે-સદ્દર્ષિ ) થયા: એ અતુળ ઉપશમવાળા હતા, સ્ફટિક જેવા નિર્મળ મનવાળા હતા, પારકાનું હિત કરવામાં સદૈવ બુદ્ધિનો વ્યય કરનારા હતા, આગમના દરિયા હતા અને મહા ભાગ્યશાળી હતા. ૧૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*विषमभवगर्तनिपातितजन्तुशतालम्बदानदुर्ललितः ।*
*दलिताखिलदोषकुलोऽपि सततकरुणापरीतमनाः ॥ ११ ॥*

*यः सङ्ग्रहकरणरतः सदुपग्रहनिरतबुद्धिरनवरतम् ।*
*आत्मन्यतुलगुणगणैर्गणधरबुद्धिं विधापयति ॥ १२ ॥*

*बहुविधमपि यस्य मनो निरीक्ष्य कुन्देन्दुविशदमद्यतनाः ।*
*मन्यन्ते विमलधियः सुसाधुगुणवर्णकं सत्यम् ॥ १३ ॥*

*उपमितिभवप्रपञ्चा कथेति तच्चरणरेणुकल्पेन ।*
*गीर्देवतया विहिताभिहिता सिद्धाभिधानेन ॥ १४ ॥*

સંસારના વિષમ ખાડામાં પડેલા સેંકડો જંતુઓને અવલંબન (ટેકા)નું દાન આપીને એ તો લાડપાડમાં ઉછરેલ હતા અને એણે સર્વ દોષોને દળી નાખ્યા હતા છતાં એનું મન હમેશાં કરૂણા-દયાને આધીન રહેતું હતું. ૧૧.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

તેઓ સંગ્રહ[1] કરવાની બુદ્ધિવાળા છે, અન્ય ઉપર સારો અને ઉપકાર નિરંતર કરે છે અને પોતાનામાં અતુલ ગુણસમુદાય હોવાને લીધે જાણે તેઓ તીર્થંકરના ગણધર જ હોય એવી બુદ્ધિ અન્યમાં ઉત્પન્ન કરે છે. ૧૨.

તેઓશ્રીનું એવું બહુ પ્રકારનું મન મોગરાનાં ફૂલ અથવા ચંદ્રના બિંબ જેવું નિર્મળ જોઇને આજકાલના નવયુવકો જેમની બુદ્ધિ વિમળ થઇ હોય છે તે અસલના ગ્રંથોમાં સુસાધુના ગુણોનાં વર્ણનને સાચાં માને છે. (જેવું આદર્શસાધુનું શાસ્ત્રમાં વર્ણન છે તેનો આ જીવતો દાખલો છે.) ૧૩.

આ ઉપમિતિ ભવપ્રપંચા કથા સરસ્વતી દેવીએ બનાવી અને તેઓશ્રીના ચરણરજ સમાન સિદ્ધ નામના માણસે કહી બતાવી. ૧૪.

---

૧ **સંગ્રહઃ** સંક્ષેપ. સૂત્ર અને ભાષ્યમાં જે વાત ઘણા વિસ્તારથી કહી હોય તેને ટુંકામાં કહી દેવી તેને વિદ્વાનો 'સંગ્રહ' કહે છે સંગ્રહનું કામ ઘણું મુશ્કેલ છે વળી સંગ્રહનો અર્થ 'વસ્તુઓ એકઠી કરી રાખવી' એ રૂઢ અર્થ પણ થઇ શકે. આચાર્યને 'સંગ્રહશીલ' શાસ્ત્રકારોએ કહ્યા છે. શીષ્ય સંગ્રહશીલ હોય તો તે તેનો દોષ છે, આચાર્ય સંગ્રહશીલ ન હોય તો તે તેનો દોષ છે અને આ વિરોધ સમજવો એ જૈનશાસ્ત્રની વિશાળતા છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अथवा—

आचार्यहरिभद्रो मे धर्मबोधकरो गुरुः ।
प्रस्तावे भावतो हन्त स एवाद्ये निवेदितः ॥ १५ ॥
विषं विनिर्धूय कुवासनामयं, व्यचीचरद्यः कृपया मदाशये ।
अचिन्त्यवीर्येण सुवासनासुधां, नमोऽस्तु तस्मै हरिभद्रसूरये ॥ १६ ॥
अनागतं परिज्ञाय चैत्यवन्दनसंश्रया ।
मदर्थैव कृता येन वृत्तिर्ललितविस्तरा ॥ १७ ॥
यत्रातुलरथयात्राधिकमिदमिति लब्धवरजयपताकम् ।
निखिलसुरभुवनमध्ये सततं प्रमदं जिनेन्द्रगृहम् ॥ १८ ॥
यत्रार्थष्टङ्कशालायां धर्मः सदेवधामसु ।
कामो लीलावतीलोके सदास्ते त्रिगुणो मुदा ॥ १९ ॥
तत्रेयं तेन कथा कविना निःशेषगुणगणाधारे ।
श्रीभिल्लमालनगरे गदिताग्रिममण्डपस्थेन ॥ २० ॥

અથવા–

આચાર્ય હરિભદ્ર મારા ધર્મનો બોધ કરનાર ગુરૂ ભાવથી છે અને તે વાત મેં પ્રથમ પ્રસ્તાવમાં જણાવેલી છે. ૧૫.

જે હરિભદ્રસૂરિએ કુવાસનાથી ભરેલ ઝેરને ધોઇ સાફ કરીને મારે માટે ન ચીંતવી શકાય તેવા વીર્યના પ્રયોગથી કૃપાપૂર્વક સુવાસનાનું અમૃત વિચારી કાઢ્યું-ચીંતવી કાઢ્યું, તેઓશ્રીને નમસ્કાર હો. ૧૬.

જેઓએ નહિ આવેલો ( કાળ ) પ્રથમથી જાણી લઇને મારે માટે જ ચૈત્યવંદનની હકીકત સંબંધીવાળી લલિતવિસ્તરા નામની વૃત્તિ બનાવી. ૧૭.

જે નગરમાં આખા દેવભુવન-સુરલોકની અંદર પણ અતુલ રથયાત્રાથી[1] વધી જતું, ઉત્તમ જયપતાકાથી વિભૂષિત અને નિરંતર પ્રમોદને કરાવતું જિનેંદ્ર ભગવાનનું ચૈત્ય આવી રહેલું છે; જેની ટંકશાળોમાં અર્થ-ધન છે, જેના સદ્દેવ ( અરિહંત )નાં ધામોમાં ધર્મ છે અને જેના આનંદ આપનાર સ્રીવર્ગમાં કામ છે. જ્યાં આવી રીતે ( ધર્મ અર્થ કામ રૂપ ) ત્રણ ગણો આનંદ સદા જામી રહેલો છે એવા સર્વ ગુણગણના આધારભૂત ભિલ્લમાલ નામના નગરમાં કવિશ્રીએ આ કથા અગાડીના મંડપમાં રહીને કહી બતાવી. ૧૮, ૧૯, ૨૦.

૧ એ મંદિર દેવભુવન જેવું છે છતાં તેનાથી ચઢી જાય છે કારણ કે દેવભુવનમાં રથયાત્રા હોતી નથી, આ મંદિરમાં થાય છે તેથી તેની તેટલે અંશે વિશેષતા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*प्रथमादर्शे लिखिता साध्व्या श्रुतदेवतानुकारिण्या ।*
*दुर्गस्वामिगुरूणां शिष्यिकयेयं गणाभिधया ॥ २१ ॥*
*संवत्सरशतनवके द्विषष्टिसंहितेऽतिलङ्घिते चास्याः ।*
*ज्येष्ठे सितपञ्चम्यां पुनर्वसौ गुरुदिने समाप्तिरभूत् ॥ २२ ॥*
*ग्रन्थाग्रमस्या विज्ञाय कीर्तयन्ति मनीषिणः ।*
*अनुष्टुभां सहस्राणि प्रायशः सन्ति षोडश ॥ २३ ॥*

અસલ પુસ્તકમાંથી એની પહેલી કોપી દુર્ગસ્વામીની શિષ્યા અને શ્રુત દેવતાનું અનુકરણ કરનારી ગણા નામની સાધ્વીએ લખી. ૨૧.

સંવત્ ૯૬૨ ( નવશેને બાસઠ )નો સંવત્સર લગભગ પૂરો થતાં જેઠ શુદ ૫ (પાંચમ)ને દિવસે ગુરૂવારે પુનર્વસુ નક્ષત્રે આ ગ્રંથની સમાપ્તિ થઇ. ૨૨.

બુદ્ધિવાળા લોકો આ પુસ્તકનો ગ્રંથાગ્ર[1] જાણીને કહે છે કે એ લગભગ અનુષ્ટુભની રીતે સોળ હજાર છે. ૨૩.

**ઇતિ ગ્રંથકર્ત્તાની પ્રશસ્તિ.**

ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ગુજરાતી
ભાષામાં અવતરણ સમાપ્ત.

---

[1] **ગ્રંથાગ્રઃ** ૩૨ અક્ષરનો એક શ્લોક થાય. તે રીતે આ ગ્રંથ સોળ હજાર ગ્રંથાગ્ર-શ્લોકનો છે એમ લગભગ ગણતરી આપી છે. **ગ્રંથ** એટલે શ્લોક ૩૨ અક્ષરનો. **અગ્ર** એટલે પ્રમાણ. ગ્રંથાગ્ર એટલે શ્લોકનું પ્રમાણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઉપમિતિ ભવપ્રપંચા કથા.

## ગુર્જર ભાષા અવતરણ

સંપૂર્ણ.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com